"આથી ઠરાવવામાં આવે છે કે શ્રીમતી એન. એચ. એલ. મ્યુનિસિપલ મેડિકલ કૉલેજ, અમદાવાદ નીચે જણાવેલ શરતોનું પાલન સિન્ડિકેટને સંતોષ થાય તે રીતે તા ૧૫-૬-૧૯૭૨

સુધીમાં કરે તો તેને ફાઈનલ એમ.બી.,બી.એસ. સુધીના અભ્યાસક્રમો શીખવવા માટે તા. ૧૫-૬-૧૯૭૨થી કાયમી જોડાણ આપવા સિન્ડિકેટને તથા સેનેટને ભલામણ કરવી :

૧. કૉલેજનું સ્વતંત્ર મકાન તા. ૧૫-૬-૧૯૭૪ સુધીમાં તૈયાર કરવામાં આવશે તેની બાંયધરી આપવામાં આવે;

૨. ગ્રંથાલય માટે સેનેટે અત્યાર સુધી વખતોવખત મૂકેલી શરતો પ્રમાણે ગ્રંથાલય પાછળ પૂરેપૂરો ખર્ચ કરવામાં આવ્યો છે તેનું વર્ષવાર આંકડા સાથેનું જરૂરી પ્રમાણપત્ર આપવામાં આવે, અને જો તે અંગે અત્યાર સુધીની શરતોના સંદર્ભમાં ખર્ચ કરવામાં ઊણપ રહેલી હોય તો તેટલી રકમનાં પુસ્તકોની ખરીદી કરીને તેમ કર્યાની જાણ કરવામાં આવે;

૩. પુસ્તકો અને સામયિકો માટે પ્રતિવર્ષ રૂ. ૩,૦૦૦નો આવર્તક ખર્ચ કરવામાં આવે;

૪. યુનિવર્સિટીનાં ધારાધોરણ મુજબ શિક્ષકોને પગારધોરણ, મોંઘવારી ભથ્થું અને ઘરભાડા ભથ્થું આપવામાં આવે. તથા તેમને તેમ જ છૂટા થયેલા શિક્ષકોને વેતન, વળતર કે અન્ય જે કંઈ લેણું ચૂકવવાનું બાકી હોય તો તે ચૂકવી આપવામાં આવે; અને

૫. પ્રોવિડંટ ફંડ અંગે સંચાલકમંડળના ફાળા અને ટ્રસ્ટની રચના સહિતનાં યુનિવર્સિટીનાં તમામ ધારાધોરણોનું પાલન કરવામાં આવે."

આથી ઠરાવવામાં આવે છે કે એકેડેમિક કાઉન્સિલની ઉપર જણાવેલ ભલામણ સાથે સિન્ડિકેટ સંમત છે એમ સેનેટને રિપોર્ટ કરવો.

૩૨. શ્રેયસ એજ્યુકેશન ટ્રસ્ટ, બાલાસિનોર તરફથી જૂન ૧૯૭૨થી બાલાસિનોર ખાતે શરૂ કરાનાર નવી શિક્ષણની કૉલેજને બી.એડ.ના અભ્યાસક્રમો શીખવવા જોડાણ મેળવવા માટેની અરજી.

એકેડેમિક કાઉન્સિલની ભલામણ

"આથી ઠરાવવામાં આવે છે કે શ્રેયસ એજ્યુકેશન ટ્રસ્ટ, બાલાસિનોર તરફથી બાલાસિનોરમાં જૂન ૧૯૭૨થી શરૂ કરાનાર શિક્ષણની કૉલેજને જોડાણ આપવું નહીં, એમ સિન્ડિકેટને તથા સેનેટને ભલામણ કરવી."

આથી ઠરાવવામાં આવે છે કે ગુજરાત યુનિવર્સિટી ધારાની કલમ ૩૩(૧)(એ)માં નિર્દિષ્ટ જરૂરિયાતો સંતોષાતી ન હોવાથી શ્રેયસ એજ્યુકેશન ટ્રસ્ટ, બાલાસિનોર તરફથી બાલાસિનોર ખાતે શરૂ કરાનાર શિક્ષણની કૉલેજને જોડાણ આપવું નહીં એમ સેનેટને ભલામણ કરવી.

૩૩. શ્રી પ્રાંતિજ તાલુકા કેળવણી મંડળ, તાજપુર તરફથી જૂન ૧૯૭૨થી પ્રાંતિજ ખાતે શરૂ કરાનાર નવી શિક્ષણની કૉલેજને બી.એડ.ના અભ્યાસક્રમો શીખવવા માટે જોડાણ માટેની અરજી.

એકેડેમિક કાઉન્સિલની ભલામણ

"આથી ઠરાવવામાં આવે છે કે શ્રી પ્રાંતિજ તાલુકા કેળવણી ટ્રસ્ટ, તાજપુર તરફથી પ્રાંતિજમાં જૂન ૧૯૭૨થી શરૂ કરાનાર શિક્ષણની કૉલેજને જોડાણ આપવું નહીં, એમ સિન્ડિકેટને તથા સેનેટને ભલામણ કરવી."

આથી ઠરાવવામાં આવે છે કે ગુજરાત યુનિવર્સિટી ધારાની કલમ ૩૩ (૧) (ચ) માં નિર્દિષ્ટ જરૂરિયાતો સંતોષાતી ન હોવાથી શ્રી પ્રાંતિજ તાલુકા કેળવણી મંડળ, તાજપુર તરફથી પ્રાંતિજ ખાતે શરૂ કરાનાર શિક્ષણની કૉલેજને જોડાણ આપવું નહીં એમ સેનેટને જલાવવું કરવા.

૩૪. યુનિવર્સિટીના પ્રકાશન વિભાગમાં જુનિયર કલાર્ક-ટાઇપિસ્ટ તરીકે કામ કરતા શ્રી. કે. કે. બૅંકર તા. ૨૯-૧૧-૧૯૭૧ના રોજ રાજીનામું આપી છૂટા થયા હોઈ તેમને ખાતે નીકળતી પ્રૉવિડંટ ફંડની રકમ પરત કરવા અંગેની તેઓની તા. ૩૦-૧૧-૧૯૭૧ની અરજી ઉપર વિચારણા કરવા બાબત.

(નોંધ.—તેઓ આ કાર્યાલયમાં તા. ૧૬-૩-૧૯૬૮ના રોજ જોડાયા હતા **અને** તા. ૨૯-૧૧-૧૯૭૧ના રોજ રાજીનામું આપી છૂટા થયા હતા.)

આથી ઠરાવવામાં આવે છે કે યુનિવર્સિટીના પ્રકાશન વિભાગના છૂટા થયેલા જુનિયર કલાર્ક-ટાઇપિસ્ટ શ્રી. કે. કે. બૅંકરને તેમના ખાતે નીકળતી પ્રૉવિડન્ટ ફંડની રકમ યુનિવર્સિટીનાં ધારાધોરણ મુજબ પરત કરવી.

૩૫. સિન્ડિકેટની તા. ૧૩-૧૧-૧૯૭૧ની સભાની મંજૂર થયેલી નોંધમાં ઑ. ૬૨-બી અને ૬૨-ડી હેઠળ નીચેની બાબત છાપવામાં રહી ગયેલી હતી તે ઉમેરી લેવા કુલપતિશ્રીએ મંજૂરી આપી તેની નોંધ લેવા બાબત :

In case of reports of the research papers the Director may sanction expenditure up to Rs. 500/- without inviting tenders or quotations

(8) A committee consisting of the Librarian only to sanction all normal expenditure pertaining to the library up to Rs. 100/- without inviting tenders and up to Rs. 500/- after inviting tenders or quotations.

(9) A committee consisting of the Press Manager only to sanction all normal expenditure pertaining to the Press up to Rs. 50/- without inviting tenders and up to Rs. 200/- after inviting tenders or quotations.

(10) A committee consisting of the Resident Professor of the University Hostels to sanction all normal expenditure pertaining to University Hostels upto Rs. 50/- without inviting tenders and up to Rs. 100/- after inviting tenders or quotations.

(11) A committee consisting of the Chief Medical Officer only to sanction all normal expenditure pertaining to the Health Centre upto Rs. 100/- without inviting tenders and upto Rs. 500/- after inviting tenders or quotations.

Note.— The powers delegated to the committee mentioned at serial No. 6, 9, 10 and 11 to sanction expenditure is for normal expenditure of the department excluding expenditure for any repairs to buildings, electrical installations and repairs, furniture, water supply, roads and gardens and such other expenditure pertaining to the Estate Department.

However, the Director of the University School and the Librarian may, subject to relevant rules in this behalf, sanction the above-mentioned expenditure upto Rs. 500/- on any one occasion.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બાબતની નોંધ લેવી.

૩૬. સિન્ડિકેટે તેની તા. ૧૧/૧૨-૪-૧૯૬૮ની સભામાં પ્રોફેસર ઑફ લેબર વેલ્ફેરની જગ્યાની વરણીસમિતિના સભ્ય તરીકે શ્રી. એસ. જે. શાહ, કમિશનર ઑફ લેબર વેલ્ફેર, ગુજરાત રાજ્યની નિમણૂક કરેલી, પરંતુ હવે તેઓની બદલી થવાથી તેમની જગ્યાએ બીજા સભ્ય આવવાથી શ્રી. એસ. જે. શાહ આ જગ્યા ઉપર સમિતિના સભ્ય તરીકે ચાલુ રહે કે કમિશનર ઑફ લેબર વેલ્ફેર તરીકે જેઓ કામગીરી સંભાળે તેઓ આ સમિતિ પર આવે તે અંગે સ્પષ્ટતા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ સમિતિના સભ્ય તરીકે શ્રી. એસ. જે. શાહ ચાલુ રહે છે એમ સ્પષ્ટતા કરવી.

૩૭. વિજ્ઞાન વિદ્યાભવનના અધ્યક્ષ ડૉ. જે. જે. ચિનોય તા. ૧૭-૨-૧૯૭૨ના રોજ ૬૩ વર્ષ પૂરાં કરે છે. તેમની સેવાઓ લંબાવવા અંગે તેઓના તા. ૨૭-૧૨-૧૯૭૧ના પત્રથી આવેલી વિનંતી પર વિચારણા કરવા બાબત.

(નોંધ. – (૧) નિવૃત્તિ વયમર્યાદા અંગે સિન્ડિકેટે તેની તા. ૪-૯-૧૯૬૫ની સભામાં બાબત નં. ૨૨થી નીચે પ્રમાણે ઠરાવ્યું છે :

"આથી ઠરાવવામાં આવે છે કે યુનિવર્સિટીના વહીવટી અને શિક્ષકવર્ગના કર્મચારીઓની નિવૃત્તિ-વયમર્યાદા ૬૦ વર્ષની રાખવી, પણ આ મર્યાદા સિન્ડિકેટને યોગ્ય લાગે તે કેસોમાં જરૂરી તબીબી તપાસ કરાવીને પ્રત્યેક વર્ષે એક વર્ષ સુધી એમ ૬૫ વર્ષ સુધી લંબાવી શકાશે. કોઈ પણ કર્મચારીને ૬૫ વર્ષ પૂરાં કર્યા પછી તેને કોઈ પણ સંજોગોમાં યુનિવર્સિટીની સેવાઓમાં રાખી શકાશે નહીં."

(૨) સિન્ડિકેટે તેની તા. ૧૧/૧૨-૨-૧૯૭૧ની ડૉ. જે. જે. ચિનોયની નિવૃત્તિ-વયમર્યાદા વધુ એક વર્ષ એટલે કે તા. ૧૭-૨-૧૯૭૨ સુધી લંબાવવાનું ઠરાવ્યું હતું. પ્રો. ચિનોયને તા. ૧૮-૨-૧૯૭૨ના રોજ ૬૩ વર્ષ પૂરાં થાય છે.)

આથી ઠરાવવામાં આવે છે કે વિજ્ઞાન વિદ્યાભવનના અધ્યક્ષ ડૉ. જે. જે. ચિનોયની તબીબી તપાસ માટે ડૉ. છોટુભાઈ નાયકની નિમણૂક કરવી અને તેમનો હેવાલ આવ્યેથી આ સભાગૃહ સમક્ષ રજૂ કરવો.

૩૮. સિન્ડિકેટે તેની તા. ૧૨/૧૩-૪-૧૯૧૯ની સભામાં જે જગ્યાઓનાં પગારધોરણ રૂ. ૩૦૦ કે તેથી ઓછી રકમથી શરૂ થતા હોય તે જગ્યાઓ ઉપર નિમણૂક કરવાની કુલપતિશ્રીને સત્તા આપેલી છે, પરંતુ હવે મૂળ પગારમાં મોંઘવારી ભથ્થાનો કેટલોક ભાગ ભેળવતાં રૂ. ૩૦૮નો પગાર હવે રૂ. ૪૪૭ થશે તે હકીકતના સંદર્ભમાં ઘટતી વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે આ યુનિવર્સિટીમાં રૂ ૩૦૦ સુધીના મૂળ માસિક પગારથી શરૂ થતી જગ્યાઓ પૂરવા માટે કુલપતિશ્રીને જે સત્તા આપવામાં આવી છે તે સત્તા હવે મૂળ માસિક પગાર રૂ. ૪૫૦ સુધીની શરૂ થતી જગ્યાઓ પૂરવા માટે વિસ્તારવી.

૩૯. યુનિવર્સિટીમાં ડી.પી.ઈ. વિભાગમાં કોચ તરીકે કામ કરતા શ્રી. જલાવરસિંગ ગ્રેવાલ તા. ૧૦-૯-૧૯૭૧થી રાજીનામું આપી છૂટા થયા હોવાથી તેમના ખાતે નીકળતી પ્રોવિડંટ ફંડની રકમ પરત કરવા અંગેની તેમની તા. ૧૫-૧૨-૧૯૭૧ની અરજી ઉપર વિચારણા કરવા બાબત.

(નોંધ.—તેઓ યુનિવર્સિટી કાર્યાલયમાં તા. ૧-૫-૧૯૭૧થી કાયમી જગ્યા ઉપર જોડાયા હતા અને તા. ૧૦-૯-૧૯૭૧ના રોજ રાજીનામું આપી છૂટા થયા છે.)

આથી ઠરાવવામાં આવે છે કે રમતગમત વિભાગમાંથી કોચ તરીકે છૂટા થયેલ શ્રી જલાવરસિંગ ગ્રેવાલને તેમના ખાતે નીકળતી પ્રોવિડન્ટ ફંડની રકમ પરત કરવી.

૪૦. યુનિવર્સિટીના ડેટા પ્રોસેસિંગ વિભાગમાં મદદનીશ નિયામક તરીકે કામ કરતા શ્રી. એ. એ દેસાઈ તા. ૧૮-૧૧-૧૯૭૧ ના રોજ રાજીનામું આપી છૂટા થયા હોઈ તેમને ખાતે નીકળતી પ્રોવિડંટ ફંડની રકમ પરત કરવા અંગેની તેઓની તા. ૧૭-૧૨-૧૯૭૧ની અરજી ઉપર વિચારણા કરવા બાબત.

(નોંધ. — તેઓ આ કાર્યાલયમાં તા. ૧૯-૧-૧૯૭૧ના રોજ જોડાયા હતા અને તા. ૧૮-૧૧-૧૯૭૧ના રોજ રાજીનામું આપી છૂટા થયા હતા.)

આથી ઠરાવવામાં આવે છે કે યુનિવર્સિટીના ડેટા પ્રોસેસિંગ વિભાગમાંથી છૂટા થયેલા મદદનીશ નિયામક શ્રી એ. એ. દેસાઈને તેમના ખાતે નીકળતી પ્રોવિડંટ ફંડની રકમ પરત કરવી.

૪૧. કટક (ઓરિસ્સા) મુકામે તા. ૨૨-૧-૧૯૭૨થી તા. ૨૫-૧-૧૯૭૨ના સમય દરમ્યાન મળનાર ૩૨મા ઑલ-ઇન્ડિયા ઓરિયેન્ટલ કૉન્ફરન્સમાં યુનિવર્સિટીના પ્રતિનિધિ મોકલવા માટેના સદરહુ સંસ્થાના માનદ સામાન્ય મંત્રીશ્રીના તા. ૨૩-૧૨-૧૯૭૧ના પત્રાંક ૭૧-૧૨-૪૯૪૨-૫૨ વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ પરિષદમાં આ યુનિવર્સિટીના પ્રતિનિધિ તરીકે ડૉ. આર. પી. ઢાંઢાને મોકલવા; અને તેઓ આ નિમણૂક સ્વીકારી શકે નહીં તો તેમની જગ્યાએ ડૉ. આર. એલ. દ્વાંધયાને મોકલવા.

૪૨. નવજીવન આર્ટ્સ એન્ડ કૉમર્સ કૉલેજ, ડાહોદમાં માનસશાસ્ત્રનો વિષય ગૌણ કક્ષાએ શીખવાય છે તેમ છતાં એ. ૧૨૦-એ અનુસાર પૂરા સમયના વ્યાખ્યાતાને બદલે ખંડ સમયના વ્યાખ્યાતાથી ચલાવ્યું છે તે વ્યવસ્થા વિશિષ્ટ સંજોગોને અનુલક્ષીને ચાલુ વર્ષ પૂરતી ચલાવી લેવાની સદરહુ કૉલેજના આચાર્યશ્રીની વિનંતી પર વિચારણા કરવા બાબત.

નોંધ. — કૉલેજ જણાવે છે કે—

(૧) કૉલેજના પૂરા સમયના વ્યાખ્યાતા શ્રી. અંતાણીને ક્ષયરોગ હોવાથી તેમને તા. ૫-૭-૧૯૭૧ના રોજ રાજીનામું આપ્યું હતું અને તેમને છૂટા કરવામાં આવ્યા હતા. તેમની જગાએ સત્રના અધવચ્ચે પૂરા સમયના વ્યાખ્યાતા ન મળવાથી ખંડ સમયના વ્યાખ્યાતા નીમ્યા છે.

(૨) ચાલુ વર્ષે કેવળ દ્વિતીય વર્ષ બી એ.માં માનસશાસ્ત્રના વિષય માટે વિદ્યાર્થીઓ છે)

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ કૉલેજમાં માનસશાસ્ત્રનો વિષય ગૌણ કક્ષાએ શીખવવા માટે ખંડ સમયના વ્યાખ્યાતાની જે વ્યવસ્થા કરવી પડે છે તે ચાલુ શૈક્ષણિક વર્ષ માટે ગ્રાહ્ય ગણવી અને સદરહુ કૉલેજને જણાવવું કે જૂન ૧૯૭૨થી યોગ્ય લાયકાત ધરાવતા વ્યાખ્યાતાની નિમણૂક કરવી આવશ્યક રહેશે.

૪૩. ભવન્સ કૉલેજ, ડાકોર, જે. એન્ડ જે. કૉલેજ ઑફ સાયન્સ નડિયાદ અને આર્ટ્સ એન્ડ સાયન્સ કૉલેજ, પેટલાદમાં એમ.એસસી., પાર્ટ ૧ના રસાયણવિજ્ઞાનના અનુસ્નાતક કેન્દ્રમાં અનુક્રમે ૨૦, ૧૦ અને ૨૦ વિદ્યાર્થીઓને દાખલ કરવાની પરવાનગી યુનિવર્સિટીએ આપી હોવા છતાં તે કૉલેજોએ તેમના તે વિષયના અનુસ્નાતક વર્ગમાં નિયત કરેલ સંખ્યા કરતાં વધુ વિદ્યાર્થીઓને પ્રવેશ આપેલો હોવાથી તે અંગે વિચારણા કરવા બાબત.

(નોંધ. — આ કૉલેજોએ અનુક્રમે ૬૭, ૬૭ અને ૪૫ વિદ્યાર્થીઓને ચાલુ સાલે દાખલ કર્યા છે.

ભવન્સ કૉલેજ, ડાકોર અને આર્ટ્સ એન્ડ સાયન્સ કૉલેજ, પેટલાદ અંગે કુલપતિશ્રીએ નીમેલી સ્થાનિક તપાસસમિતિએ નીચે મુજબ ભલામણ કરી છે :

ભવન્સ કૉલેજ, ડાકોર : ત્યાંનો લેબોરેટરી અને લાઇબ્રેરીની વ્યવસ્થા જોતાં આ કેન્દ્રમાં એમ.એસસી. પાર્ટ ૧ માં વધારેમાં વધારે ૪૫ વિદ્યાર્થીઓને પ્રવેશ આપવાની મંજૂરી આપવા ભલામણ કરે છે.

આર્ટ્સ એન્ડ સાયન્સ કૉલેજ, પેટલાદ : લાઇબ્રેરી માટે ટેકસ્ટ બુકના પાંચ સેટની વ્યવસ્થા કરવાની શરતે ૩૦ વિદ્યાર્થીઓને પ્રવેશ આપવા મંજૂરી આપવા ભલામણ કરે છે.

સામાન્ય ભલામણમાં તેઓ જણાવે છે કે દરેક કેન્દ્રમાં વિદ્યાર્થીઓની પ્રવેશસંખ્યા અંગે ફરી વિચારણા કરવી.)

લંબાણ ચર્ચાવિચારણાને અંતે સદરહુ કૉલેજોનાં અનુસ્નાતક કેન્દ્રોમાં મંજૂરી કરતાં વધુ વિદ્યાર્થીઓ લેવામાં આવેલા છે તે ચાલુ વર્ષ પૂરતા ગ્રાહ્ય ગણવાનું રાખવું.

વધુમાં ઠરાવવામાં આવે છે કે યુનિવર્સિટીના રસાયણવિજ્ઞાનના પ્રત્યેક કેન્દ્રમાં જેટલા વિદ્યાર્થીઓ દાખલ કરવા જોઈએ તે માટે નવેસરથી વિચારણા કરીને પોતાનો સુચિંતિત અહેવાલ રજૂ કરવા માટે નીચે જણાવેલા સભ્યોની સમિતિ રચવી :

(૧) પ્રો. આર. ડી. પટેલ
(૨) પ્રો. સી. એમ. દેસાઈ.

આ તબક્કે કુલપતિશ્રીને બહાર જવાનું થતાં સભાગૃહનું અધ્યક્ષસ્થાન સભાગૃહની વિનંતીથી શ્રી. ઝીણાભાઈ ૨. દેસાઈએ સંભાળ્યું.

૪૪. સિન્ડિકેટે નીમેલી સમિતિની ભલામણ મુજબનો સને ૧૯૭૮–૭૯ના વર્ષના એકવીસમા વાર્ષિક અહેવાલનો મુસદ્દો મંજૂર કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે ૧૯૭૮–૭૯ના વર્ષના વાર્ષિક અહેવાલનો મુસદ્દો કેટલાક સુધારા-વધારા સાથે મંજૂર કરવો.

(સદરહુ વાર્ષિક અહેવાલનો મુસદ્દો સામેલ કરવામાં આવ્યો નથી.)

૪૫. કુલપતિશ્રીનાં નીચેનાં કાર્યોની નોંધ લેવા બાબત :

(૧) ભાષા-સાહિત્ય ભવનમાં એમ.એ. ભાગ ૧ ના વિદ્યાર્થી શ્રી. કે. એમ. ઠાકુરનું દુઃખદ અવસાન થયેલ હોઈ, ચાલુ વર્ષના પ્રથમ સત્રની પૂરેપૂરી ટ્યૂશન ફી તેમના વારસોને પરત કર્યાના;

(૨) ઈન્ડિયન એકેડેમી ઑફ એપ્લાઈડ સાયકોલોજીના વડોદરા ખાતેના અધિવેશનમાં મનોવિજ્ઞાન વિદ્યાભવનના શિક્ષકો ડૉ. સી. ટી. ભોપટકર અને કુ. કે. કે. ભટ્ટને ભવનના પ્રતિનિધિ તરીકે મોકલવાની મંજૂરી આપ્યાના.

આથી ઠરાવવામાં આવે છે કે કુલપતિશ્રીનાં ઉપરનાં કાર્યોની નોંધ લેવી.

૪૬. વિજ્ઞાન વિદ્યાભવનમાં ભૌતિકવિજ્ઞાનના રીડરની ખાલી પડેલી જગ્યા પર ઑર્ડિ. ૬૬ પ્રમાણે વરણીસમિતિ પર ત્રણ સભ્યોની નિમણૂક કરવા અંગે વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ વરણી સમિતિ પર સિન્ડિકેટના પ્રતિનિધિઓ તરીકે નીચેના સભ્યોની નિમણૂક કરવી :

(૧) ડૉ. એચ. એસ. હન્સ, પંજાબ યુનિવર્સિટી
(૨) ડૉ. કે. વેંકટેસ્વરલુ, કેરાલા યુનિવર્સિટી
(૩) ડૉ. એ. એન. મિત્ર, દિલ્હી યુનિવર્સિટી.

તે પછી કુલપતિશ્રી સભાગૃહમાં પાછા આવતાં તેઓશ્રીએ શ્રી. ઝીણાભાઈ ૨. દેસાઈ પાસેથી અધ્યક્ષપદ સંભાળ્યું.

૪૭. વિજ્ઞાન વિદ્યાભવનના રસાયણવિભાગના ઉપક્રમે ઑક્ટોબર ૧૯૬૮માં યોજવામાં આવેલ ઇન્ડિયન કેમિકલ સોસાયટીના છઠ્ઠા આંધ્રવેશન માટે ઑડિટ કામ અંગે વધારાનું મહેનતાણું રૂ. ૫૦ (અંકે રૂપિયા પચાસ) શ્રી. એ. એચ. શાહને આપવા માટે રસાયણ-વિભાગના વડા તરફથી આવેલ તા. ૨૧-૧૨-૧૯૭૧ના પત્ર પરત્વે વિચારણા કરવા બાબત.

(નોંધ.—શ્રી એ એચ. શાહનો બેઝિક પગાર ઑક્ટોબર ૧૯૬૮માં રૂ. ૧૦૮ હતો અને આ પહેલાં તેમને ચાલુ નાણાકીય વર્ષમાં વધારાના રૂ. ૭૫નું વેતન સ્વીકારવા માટે પરવાનગી આપવામાં આવેલી છે.)

આથી ઠરાવવામાં આવે છે કે શ્રી. એ. એચ. શાહને સદરહુ કામગીરી કરવા માટે વધુ રૂ. ૫૦નું વેતન સ્વીકારવા માટે પરવાનગી આપવી.

૪૮. તા. ૨૯ ૪-૧૯૭૧ના રોજ મળેલ પરીક્ષા સુધારણા સમિતિની ભલામણો પૈકીની 'પ્રશ્નપત્ર તૈયાર કરવાની પ્રથા' અંગે સૂચવેલ નીચેની ભલામણ મંજૂર કરવા બાબત :

"2. While providing the internal options in a question-paper, it should be seen that the question-paper is so designed that while it contains a larger number of questions on an average, the length of the answers expected for a question or questions is reduced.

For information and guidance of the Paper-setters the practice now followed at the M.Ed. Examination is briefly described herebelow :

'In each question-paper at the M.Ed. Examination, there are four questions. In the first question there are two options and the candidates are required to attempt one of them. Each option is an essay type question. In the second question there are three options and candidates are required to attempt two out of these three. That implies that the answer expected of one of the options of the second question will be nearly half in length of that of the first question. In the third question there are six options, and candidates are required to attempt four out of them. Lastly, in the fourth question there are eight options and candidates are required to attempt six out of them. This gives a larger number of questions with shorter answers.'

Under this pattern both types of questions, namely (1) questions requiring answers in about a thousand words, and (2) questions to be answered in say about hundred and fifty or two hundred words can be incorporated.

By designing the question-paper in a similar way the entire syllabii as well as all the topics which are required to be studied can, it is felt, be covered conveniently."

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ સમિતિની ઉપરની ભલામણ જુદી જુદી વિદ્યાશાખાઓની વિચારણા માટે મોકલવી.

૪૯. યુનિવર્સિટી ગ્રાન્ટસ કમિશનની આર્થિક સહાયથી પ્રકાશિત થનાર મહાનિબંધ કે સંશોધનના કામ અંગે કોપીરાઈટ હક મેળવવા જે તે લેખક સાથે કરવાના કરારનામાના મુસદ્દાને મંજૂર કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ કરારનામાનો મુસદ્દો મંજૂર કરવો.

(મંજૂર કરવામાં આવેલો કરારનામાનો મુસ્દો પરિશિષ્ટ "ક" તરીકે સામેલ છે.)

૫૦. આંકડાશાસ્ત્રની અભ્યાસસમિતિની તા. ૩૦-૭-૧૯૭૧ની સભાની નીચેની ભલામણ એકેડેમિક કાઉન્સિલે તેની તા. ૨-૧૨-૧૯૭૧ની સભામાં મંજૂર કરેલ હોઈ તે પર વિચારણા કરવા બાબત :

"વિનયનના ત્રણ વર્ષના પદવી અભ્યાસક્રમમાં પહેલા, બીજા અને ત્રીજા વર્ષ બી.એ.માં સ્ટેટિસ્ટિક્સ વિષયના પ્રશ્નપત્રો છે તેને બદલે બીજા વર્ષ બી.એ.માં ત્રણ પ્રશ્નપત્રો તથા ત્રીજા વર્ષ બી.એ.માં પાંચ પ્રશ્નપત્રોનો અભ્યાસક્રમ વિજ્ઞાનની જેમ રાખવા અને આ વિષય પહેલા વર્ષ બી.એ.માં મેથેમેટિક્સ વિષય લેનાર વિદ્યાર્થીઓ લઈ શકે તેવી વ્યવસ્થા કરવા એકેડેમિક કાઉન્સિલને ભલામણ કરવી."

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બાબત વિનયન વિદ્યાશાખાની વિચારણા માટે મોકલવી.

૫૧. તા. ૭-૧-૧૯૭૨ના રોજ મળનાર ફાઈનાન્સ સમિતિની સભાની ભલામણો ઉપર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ સમિતિની તા. ૭-૧ ૧૯૭૨ની સભાની ભલામણો મંજૂર કરવી.

(સદરહુ સમિતિની તા. ૭-૧-૧૯૭૨ની સભાની કાર્યવાહીની નોંધ પરિશિષ્ટ "ખ" તરીકે સામેલ છે.)

૫૨. પ્રો. એ. એમ. રાવળની યુનિવર્સિટીના ભાષા-સાહિત્ય ભવનમાં ગુજરાતીના પ્રાધ્યાપક તરીકે તા. ૧૪-૧૧-૧૯૭૦થી રૂ. ૧,૪૦૦ના મૂળ માસિક પગારથી નિમણૂક થયેલ

છે તેના સંદર્ભમાં તેઓ ગુજરાત રાજ્યના નિવૃત્ત સરકારી કર્મચારી હોઈ તેઓને રાજ્ય-સરકાર તરફથી પેન્શન અને ગ્રેચ્યુઈટીની રકમ મળેલ છે તે અંગે આસિ. એકઝામિનર, લોકલ ફંડ એકાઉન્ટસના પત્રાંક એલ.એ.એમ.ડી. ૧૮૧૪-૨૫૩૩, તા. ૧૪-૭-૧૯૭૧ના મંતવ્ય ઉપર સિન્ડિકેટની તારીખ ૧૩/૧૬-૧૦-૧૯૭૧ની સભામાં થયેલા ઠરાવ અન્વયે રાજ્ય સરકાર તરફથી આવેલ માહિતી ઉપર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે પ્રો. એ. એમ. રાવળને ગુજરાતીના પ્રાધ્યાપક તરીકે નીમવામાં આવ્યા ત્યારે જે પગાર આપવાનું નક્કી કરવામાં આવ્યું છે તેમાં કશો ફેરફાર કરવાની જરૂર જણાતી નથી, અને તે માટે રાજ્ય સરકારને સભાગૃહમાં થયેલી ચર્ચાને અનુલક્ષીને ઘટતો પત્ર લખવો.

૫૩. સંલગ્ન કૉલેજો અને માન્ય સંસ્થાઓમાં કામ કરતા ગ્રંથપાલોના મોંઘવારી ભથ્થાને અંશતઃ તેમના મૂળ પગારમાં ભેળવીને તેમના પગારધોરણ અને મોંઘવારી ભથ્થાનું ધોરણ તા. ૧૫મી જૂન ૧૯૭૨થી અમલમાં મૂકવા માટે સિન્ડિકેટની તા. ૧૩-૧૧-૧૯૭૧ની સભામાં થયેલા ઠરાવ અનુસાર કોઠો તૈયાર કરવામાં આવ્યો હોઈ તે પર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સંલગ્ન કૉલેજો અને માન્ય સંસ્થાઓમાં કામ કરતા ગ્રંથપાલોના મૂળ પગારોમાં અંશતઃ મોંઘવારી ભથ્થું ભેળવીને તેમનું સુધારેલું પગારધોરણ નીચે મુજબ રાખવું :

(અ) નિયત કરેલી લાયકાત ધરાવતા ગ્રંથપાલનું પગારધોરણ રૂ. ૧૫૦-૧૦-૨૫૦ ઈ.બી ૧૦-૩૦૦.

ક્રમાંક	પગાર	મોંઘવારી ભથ્થું	કુલ વેતન	પગાર	મર્જ્ડ મોંઘવારી ભથ્થું	કુલ વેતન	નોંધ
૧.	૧૫૦	૧૭૦	૩૨૦	૧૯૦	૧૩૦	૩૨૦	—
૨.	૧૬૦	૧૭૫	૩૩૫	૨૧૦	૧૫૩	૩૬૩	+૨૮
૩.	૧૭૦	૧૯૮	૩૬૮	૨૨૦	૧૫૩	૩૭૩	+ ૫
૪.	૧૮૦	૧૯૮	૩૭૮	૨૩૦	૧૫૩	૩૮૩	+ ૫
૫.	૧૯૦	૧૯૮	૩૮૮	૨૪૦	૧૫૩	૩૯૩	+ ૫
૬.	૨૦૦	૧૯૮	૩૯૮	૨૫૦	૧૫૩	૪૦૩	+ ૫
૭.	૨૧૦	૧૯૮	૪૦૮	૨૬૦	૧૫૩	૪૧૩	+ ૫
૮.	૨૨૦	૧૯૮	૪૧૮	૨૭૦	૧૫૩	૪૨૩	+ ૫
૯.	૨૩૦	૧૯૮	૪૨૮	૨૮૦	૧૫૩	૪૩૩	+ ૫
૧૦.	૨૪૦	૧૯૮	૪૩૮	૨૯૦	૧૫૩	૪૪૩	+ ૫
૧૧.	૨૫૦	૧૯૮	૪૪૮	૩૦૦	૧૫૩	૪૫૩	+ ૫
૧૨.	૨૬૦	૨૨૩	૪૮૩	૩૦૦	૧૫૩	૪૫૩	−૩૦
૧૩.	૨૭૦	૨૨૩	૪૯૩	૩૦૦	૧૫૩	૪૫૩	−૪૦
૧૪.	૨૮૦	૨૨૩	૫૦૩	૩૦૦	૧૫૩	૪૫૩	−૫૦
૧૫.	૨૯૦	૨૨૩	૫૧૩	૩૦૦	૧૫૩	૪૫૩	−૬૦
૧૬.	૩૦૦	૨૨૩	૫૨૩	૩૦૦	૧૫૩	૪૫૩	−૭૦

(બ) નિયત કરેલી લાયકાત ન ધરાવતા ગ્રંથપાલનું પગારધોરણ રૂ. ૧૨૦-૧૦-૨૫૦.

પગાર	મોંઘવારી ભથ્થું	કુલ વેતન	પગાર	મર્જ્ડ મોંઘવારી ભથ્થું	કુલ રકમ	નોંધ
૧૨૦	૧૭૦	૨૯૦	૧૬૦	૧૩૦	૨૯૦	—
૧૩૦	૧૭૦	૩૦૦	૧૭૦	૧૩૦	૩૦૦	—
૧૪૦	૧૭૦	૩૧૦	૧૮૦	૧૩૦	૩૧૦	—
૧૫૦	૧૭૦	૩૨૦	૧૯૦	૧૩૦	૩૨૦	—
૧૬૦	૧૭૫	૩૩૫	૨૧૦	૧૫૩	૩૬૩	+૨૮
૧૭૦	૧૯૮	૩૬૮	૨૨૦	૧૫૩	૩૭૩	+ ૫
૧૮૦	૧૯૮	૩૭૮	૨૩૦	૧૫૩	૩૮૩	+ ૫
૧૯૦	૧૯૮	૩૮૮	૨૪૦	૧૫૩	૩૯૩	+ ૫
૨૦૦	૧૯૮	૩૯૮	૨૫૦	૧૫૩	૪૦૩	+ ૫
૨૧૦	૧૯૮	૪૦૮	૨૫૦	૧૫૩	૪૦૩	— ૫
૨૨૦	૧૯૮	૪૧૮	૨૫૦	૧૫૩	૪૦૩	--૧૫
૨૩૦	૧૯૮	૪૨૮	૨૫૦	૧૫૩	૪૦૩	—૨૫
૨૪૦	૧૯૮	૪૩૮	૨૫૦	૧૫૩	૪૦૩	—૩૫
૨૫૦	૧૯૮	૪૪૮	૨૫૦	૧૫૩	૪૦૩	- ૪૫

વધુમાં ઠરાવવામાં આવે છે કે ઉપરના ઠરાવ નં. ૧ને કારણે કોઈ પણ વ્યક્તિને વિપરીત (adverse) અસર થાય નહીં તે દૃષ્ટિ ખ્યાલમાં રાખીને કોઈ કેસમાં તેમને મળતા કુલ વેતનમાં જો કશો વધારો થતો હોય તો તે વધારો ભવિષ્યના તેમના પગારમાં ભેળવી દેવામાં આવે તે સ્પષ્ટતા સાથે અને તે શરતે આપવા માટે જે તે કૉલેજો/સંસ્થાઓને જણાવવું.

૫૪. માર્ચ-એપ્રિલ ૧૯૭૩ની પરીક્ષાથી જનરલ એજ્યુકેશન વિષયની પરીક્ષા યુનિવર્સિટીએ લેવા તથા તેના ગુણ, વર્ગ આપતી વખતે ગણતરીમાં લેવા અંગે થયેલ નિર્ણયના સંદર્ભમાં પ્રથમ તથા દ્વિતીય વર્ષ બી.એ.,બી.એસસી. અને બી.કૉમ. પરીક્ષાઓમાં વર્ગ આપવાને લગતા સુધારેલા રેગ્યુ. આર્ટ્સ-૩, રેગ્યુ. આર્ટ્સ-૮, રે. સાયન્સ-૪, રે. સાયન્સ-૯, રે. કૉમ. ૪ અને રે. કૉમ. ૯ મંજૂર કરવાની તથા તેને તાત્કાલિક અમલમાં મૂકવાની ઍકેડેમિક કાઉન્સિલની તા. ૨-૧૨-૧૯૭૧ની સભાની ભલામણ પર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સુધારેલા રેગ્યુલેશન આર્ટ્સ-૩, રે. આર્ટ્સ-૮, રે. સાયન્સ-૪, રે. સાયન્સ-૯, રે. કૉમ.-૪ અને રે. કૉમ.-૯ને મંજૂર કરવા તથા તેનો અમલ જૂન ૧૯૭૨થી, એટલે કે માર્ચ-એપ્રિલ ૧૯૭૩ની પરીક્ષાઓમાં, કરવાનું રાખવું.

(સુધારવામાં આવેલા સદરહુ રેગ્યુ. આર્ટ્સ-૩, રે. આર્ટ્સ-૮, રે. સાયન્સ-૪, રે. સાયન્સ-૯, રે. કૉમ.-૪, અને રે. કૉમ.-૯ની નકલ **પરિશિષ્ટ** "ગ" તરીકે સામેલ છે.)

૫૫. તા. ૧૬-૧૧-૧૯૭૧ના રોજ મળેલ સિન્ડિકેટે કરેલા નીચેના ઠરાવ અંગે આચાર્યશ્રી એન. કે. દવે તરફથી આવેલ તા. ૯-૧૨-૧૯૭૧ના પત્ર પર વિચારણા કરવા બાબત :

ઠરાવ

" મેડરેટર શ્રી. એન. કે. દવેએ યુનિવર્સિટીના પરીક્ષકોને અપાતી સામાન્ય સૂચના પ૧થી નિયત કરેલી મર્યાદા સાથે સુસંગત ન હોય તેવા પરીક્ષકોને આપેલ ગુણમાં વધારો કે ઘટાડો કરતાં પહેલાં યુનિવર્સિટી કાર્યાલયનું ધ્યાન દોરવું જોઈતું હતું, પણ તેમ થયું નથી તેની આ સભા ગંભીર નોંધ લે છે તે તેમને યોગ્ય પત્ર દ્વારા જણાવવું અને શ્રી. એન. કે. દવેને આગામી બે વરસ સુધી કોઈ પણ પરીક્ષામાં મેડરેટર તરીકેની કામગીરી સોંપવી નહીં "

કેટલીક ચર્ચાવિચારણા બાદ ઠરાવવામાં આવ્યું કે આચાર્ય એન. કે. દવેની બાબતમાં સિન્ડિકેટે તેની તા. ૧૪-૧૨-૧૯૭૧ની સભામાં બાબત નં. ૫૦થી કરેલો ઠરાવ રદ કરવો અને પરીક્ષાના મેડરેશનના કામકાજ અંગે નિયમોનો ભંગ કરવા માટે તેમને ચેતવણી આપીને જણાવવું કે ભવિષ્યમાં યુનિવર્સિટીનાં ધારાધોરણોનું પાલન કરવું આવશ્યક રહેશે.

૫૬. સદરહુ બાબતની વિચારણા દવે પછી બાબત નં. ૭૮ની સાથે કરવામાં આવેલી હોઈ તેની નોંધ તે ક્રમમાં દર્શાવવામાં આવી છે.

૫૭. ભૌતિકવિજ્ઞાનની અભ્યાસસમિતિની તા. ૮-૧૦-૧૯૭૧ની સભાની નીચેની ભલામણો પર વિચારણા કરવા બાબત :

" ૧. થિયરી પરીક્ષાઓ માટે પેપર-સેટરને અપાતા મહેનતાણાનો ચાલુ દર ઘણો જ ઓછો છે તેથી ભૌતિકશાસ્ત્રની અભ્યાસસમિતિની આ સભા પેપર-સેટિંગના મહેનતાણાનો દર નીચે પ્રમાણે રાખવા ભલામણ કરે છે :

વર્ગ	દરેક પેપર દીઠ મહેનતાણાનો દર
૧. એસ.વાય.બી.એસસી.	રૂ. ૧૨૦
૨. ટી.વાય.બી.એસસી.	રૂ. ૧૫૦
૩. એમ.એસસી.	રૂ. ૨૮૦

૨. પ્રવર્તમાન પરીક્ષણ (Assessment) કાર્યનું મહેનતાણું પણ ઘણું જ ઓછું છે તો તેને પણ વધારવાની આ સભા ભલામણ કરે છે."

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ સમિતિની ઉપરની ભલામણ મંજૂર કરવી નહીં.

૫૮. સરકારી આર્ટ્સ એન્ડ કૉમર્સ કૉલેજ, ગાંધીનગરના આચાર્યશ્રી તરફથી તેમની કૉલેજમાં જૂન ૧૯૭૨ થી અર્થશાસ્ત્ર જૂથ 'સી' અને 'ડી' વિષયમાં અનુસ્નાતક શિક્ષણ કેન્દ્ર સ્થાપવા માટેની અરજી પર વિચારણા કરવા બાબત.

[નોંધ.—સ્થાનિક શિક્ષકગણ અંગે માહિતી :

(૧) આચાર્યશ્રી આઈ જે. ધ્રુવ (અનુ. શિક્ષક) ઇતિહાસ-અર્થશાસ્ત્ર—જૂથ 'એ' અને 'સી'

(૨) પ્રો. બી. એમ. ભટ્ટ (અનુ. શિક્ષક)—જૂથ 'સી' અને 'ડી'

(૩) પ્રો. વી. એન. જોશી (અનુ. શિક્ષક)—જૂથ 'સી' અને 'ડી']

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બાબતની વિચારણા હાલ મોકૂફ રાખવી અને ચાલુ સત્ર પૂરું થયેથી તે આ સભાગૃહ સમક્ષ ફરીથી રજૂ કરવી.

૫૯. બોરસદ સાયન્સ એન્ડ લૉ કૉલેજ, બોરસદના આચાર્યશ્રી તરફથી તેમની કૉલેજમાં ભૌતિકશાસ્ત્ર વિષયમાં અનુસ્નાતક શિક્ષણ માટે જૂન ૧૯૭૨થી કેન્દ્રો સ્થાપવા માટેની અરજી પર વિચારણા કરવા બાબત.

[નોંધ.—સ્થાનિક શિક્ષકગણ અંગે માહિતી :

(૧) આચાર્યશ્રી જે જી. પટેલ —અનુ. શિક્ષક

(૨) શ્રી. એમ. સી. શાહ — ,,

(૩) શ્રી. ટી. સી. ભાલજા — મદદનીશ શિક્ષક

શ્રી. ભાલજા જૂન ૧૯૭૨થી અનુ.શિક્ષક તરીકે માન્યતા મેળવવાને પાત્ર થાય છે.]

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બાબતની વિચારણા હાલ મોકૂફ રાખવી અને ચાલુ સત્ર પૂરું થયેથી તે આ સભાગૃહ સમક્ષ ફરીથી રજૂ કરવી.

૬૦. આર્ટ્સ એન્ડ સાયન્સ કૉલેજ, પાટણના આચાર્યશ્રી તરફથી તેમની કૉલેજમાં જૂન ૧૯૭૨થી ગુજરાતી વિષયમાં અનુસ્નાતક શિક્ષણ માટે કેન્દ્ર સ્થાપવા માટેની અરજી પર વિચારણા કરવા બાબત.

[નોંધ.— સ્થાનિક શિક્ષકગણ અંગે માહિતી :

(૧) પ્રો. એન. સી. શાહ —અનુ. શિક્ષક

(૨) શ્રી. જે. કે. વ્યાસ —અનુ. શિક્ષક

(૩) શ્રી. એસ. સી. પટેલ —અનુ. શિક્ષક.]

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બાબતની વિચારણા હાલ મોકૂફ રાખવી અને ચાલુ સત્ર પૂરું થયેથી તે આ સભાગૃહ સમક્ષ ફરીથી રજૂ કરવી.

૬૧. Scheme of Visiting Studentships for 1971-72 અંગે યુનિ. ગ્રાન્ટસ કમિશને તેમના તા. ૧૭-૧૨-૧૯૭૧ના પત્રાંક F./3371 (G) થી રૂ. ૫,૦૦૦ (પાંચ હજાર)નું અનુદાન મંજૂર કર્યાની નોંધ લેવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બાબતની નોંધ લેવી.

૬૨. સને ૧૯૭૧-૭૨ના વર્ષના યુનિવર્સિટીના પુનર્નિર્ચિત અંદાજપત્ર અને ૧૯૭૨-૭૩ના વર્ષના અંદાજપત્ર અંગે સિન્ડિકેટે નીમેલી અંદાજપત્ર સમિતિની તા. ૪-૧-૧૯૭૨ની સભાની ભલામણ ઉપર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે ૧૯૭૧-૭૨ના વર્ષનું યુનિવર્સિટીનું પુનર્નિર્મિત અંદાજપત્ર અને ૧૯૭૨-૭૩ના વર્ષનું અંદાજપત્ર મંજૂર કરવું.

(સદરહુ અંદાજપત્રની નકલ સામેલ કરવામાં આવી નથી.)

તે પછી સભાગૃહની સંમતિથી યુનિવર્સિટીની કેટલીક પરીક્ષાઓ માટેનાં પ્રશ્નપત્રો છાપવા અંગેનો પ્રશ્ન સભાગૃહ સમક્ષ રજૂ કરવામાં આવ્યો. તે પછી ઠરાવવામાં આવ્યું કે સદરહુ બાબતમાં યોગ્ય નિર્ણય કરવા માટે તથા તે અંગે જરૂરી વ્યવસ્થા અને ખર્ચ કરવા માટે કુલપતિશ્રીને સત્તા આપવી.

૬૩. તા. ૧૭-૫-૧૯૭૧થી તા. ૩૦-૫-૧૯૭૧ના રોજ શારદાગ્રામ ખાતે વિદ્યાર્થીઓ માટે યોજાયેલ નાટ્ય તાલીમ શિબિર માટે સિન્ડિકેટની તા. ૬-૩-૧૯૭૧ અને તા. ૬-૫-૧૯૭૧ની સભામાં રૂ. ૬,૧૯૦ નો અંદાજી ખર્ચ ૩૦ વિદ્યાર્થીઓના શિબિર માટે મંજૂર થયેલ હતો, પરંતુ શિબિરમાં વધુ ૭ વિદ્યાર્થીઓને કુલપતિશ્રીની મંજૂરીથી પ્રવેશ અપાતાં તે અંગેનો તથા યુનિવર્સિટીના ત્રણ કર્મચારીઓ અંગેનો એમ કુલ ૧૦ વ્યક્તિઓ અંગે થયેલ રૂ. ૧,૦૭૩-૦૪ પૈસાનો વધારાનો ખર્ચ મંજૂર કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બાબત અંગે રૂ. ૧,૦૭૩-૦૪ પૈસાનો ખર્ચ મંજૂર કરવો.

૬૪. યુનિવર્સિટીના વિજ્ઞાનવિદ્યા ભવનના ભૂતપૂર્વ રીડર ડૉ. કે. એ. ઠાકરના માર્ગદર્શન હેઠળ પીએચ.ડી. પદવી માટે નોંધાયેલા શ્રી. એ. એમ. હુજરીનો મહાનિબંધ તપાસવા માટે નિમાયેલા રેફરીઓ વચ્ચે મતભેદ (tie) પડતાં ઑર્ડિ. ૩૨૧ (૨) અનુસાર ચોથા રેફરીની નિમણૂક કરવાના પ્રશ્ન પરત્વે વિચારણા કરવા બાબત.

(૧) ડૉ. આર્કુસ — મહાનિબંધ સ્વીકારવા ભલામણ કરતા નથી.

(૨) ડૉ. સુરેશ શેઠના — મહાનિબંધ સ્વીકારવા ભલામણ કરે છે.

(૩) ડૉ. કે. એ. ઠાકર — ડૉ. આર્કુસના અહેવાલ સાથે સંમત થતા નથી. (માર્ગદર્શક શિક્ષક)

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ મહાનિબંધ તપાસવા માટે ચોથા રેફરી તરીકે નીચેની વ્યક્તિઓ પૈકી એકની ક્રમાનુવર્તી નિમણૂક કરવી :

(૧) પ્રો. જી. જે. ગ્રામ

(૨) ડૉ. ઈ. એલ. ઈલાયલ.

૬૫. રાજ્યનીતિશાસ્ત્રની અભ્યાસસમિતિની તા. ૨૭-૯-૧૯૭૧ની સભાની નીચેની ભલામણ ઉપર વિચારણા કરવા બાબત :

"આ અભ્યાસસમિતિ માને છે કે પૂર્વસ્નાતક અને અનુસ્નાતક કક્ષાએ ભણાવાતા વિષયોમાં જે અનેક નવા પ્રવાહો વિકસી રહ્યા છે તેમને સમયસર સારી રીતે સમજવા અને

વિદ્યાર્થીઓ સમક્ષ રજૂ કરવા માટે અને અધ્યાપકો સતત સુપાત્ર બની રહે તે માટે રિફ્રેશર (ઓપવર્ગ) કોર્સ દર વર્ષે બેથી ત્રણ દિવસના રાખવા ભલામણ કરવામાં આવે છે."

આથી ઠરાવવામાં આવે છે કે રાજ્યનીતિશાસ્ત્રના શિક્ષકોને માટે એક ઓપવર્ગ (રિફ્રેશર કોર્સ) બોલાવવો અને તે માટે સમાજવિદ્યા ભવનના રાજ્યનીતિશાસ્ત્રના અધ્યક્ષને પોતાનો પ્રસ્તાવ રજૂ કરવા માટે જણાવવું, અને તે પ્રસ્તાવ આવ્યેથી યુનિવર્સિટી ગ્રાન્ટ્સ કમિશનને આર્થિક સહાય આપવા માટે વિનંતી કરવી.

વધુમાં ઠરાવવામાં આવે છે કે યુનિવર્સિટી ગ્રાન્ટ્સ કમિશન તરફથી આ ઓપવર્ગ કે બીજા વિષયોના ઓપવર્ગ માટે આર્થિક સહાય મળી શકે તેમ ન હોય ત્યારે તે ઓપવર્ગો યુનિવર્સિટીએ યોજવાનું વિચારવું અને તેના ખર્ચ અંગે નીચેનાં ધોરણો રાખવાં :

(૧) પ્રત્યેક કૉલેજને પોતપોતાના પ્રાધ્યાપકોના પ્રવાસનું તથા રહેવા-જમવાનું ખર્ચ ભોગવવાનું રહેશે; અને

(૨) યુનિવર્સિટીએ ઓપવર્ગની વ્યવસ્થા કરવાની રહેશે તથા ચાપાણી અને પરચૂરણ ખર્ચ ભોગવવાનું રહેશે.

૬૬. યુનિવર્સિટી મુદ્રણાલયમાં ગેલીમેન તરીકે કામ કરતા શ્રી. બી. બી. ઉપાધ્યાયની સ્ટે. ૧૯૩-એ પ્રમાણે ગ્રેચ્યુઇટી આપવા અંગેની તા. ૨૧-૧૧-૧૯૭૧ની અરજી ઉપર વિચારણા કરવા બાબત.

[**નોંધ.**—સ્ટે. ૧૯૩-એ પ્રમાણે, Gratuity shall be paid on the death, retirement, resignation or termination of service, at the rate of ½ month's basic salary (excluding all allowances) for each completed year of service on completion of 7 years' service.

શ્રી ઉપાધ્યાય તા. ૨૩ ૬-'૬૪થી તા. ૭-૯-'૭૧ના સમય દરમિયાન ૧૯૭ દિવસ ગેરહાજર (બિનપગારી રજા ઉપર) હોઈ તેમના રજાના દિવસો બાદ કરતાં ૬ વર્ષ અને ૧૮૩ દિવસની active service થઈ કહેવાય.]

આથી ઠરાવવામાં આવે છે કે શ્રી. બી. બી. ઉપાધ્યાયને તેમના મૂળ પગાર (ભથ્થાં સિવાયના) વર્ષના પચાસ ટકા લેખે સાત વર્ષની તેમની સક્રિય સેવાઓ ગણીને ગ્રેચ્યુઇટીનો લાભ આપવો.

૬૭. બોર્ડ ઑફ યુનિવર્સિટી ટીચિંગની તા. ૨૯-૧૨-૧૯૭૧ના રોજ મળેલી સભાની ભલામણો પર વિચારણા કરવા બાબત.

(**નોંધ.**— બાબત નં. ૫, ૭-અ અને ૧૩ અંગે સદરહુ બોર્ડની ભલામણો એકેડેમિક કાઉન્સિલની તા. ૫/૬-૧-૧૯૭૨ની સભા સમક્ષ વિચારણા માટે રજૂ કરવામાં આવેલ છે.)

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બોર્ડની તા. ૨૯-૧૨-૧૯૭૧ની સભામાં બાબત નં. ૨, ૩, ૪, ૧૨ (૧), ૨૭ (અ, બ, ક, અને ડ), ૨૯ અને ૩૮ની ભલામણો મંજૂર કરવી. તે સિવાયની ભલામણો અંગેની વિચારણા મોકૂફ રાખવી.

(મંજૂર કરવામાં આવેલી ભલામણોની નકલ પરિશિષ્ટ "ઘ" તરીકે સામેલ છે.)

૬૮. ઑક્ટોબર ૧૯૭૧માં લેવાયેલ આ યુનિવર્સિટીની જુદી જુદી પરીક્ષાઓમાં પ્રાશ્નિક-પરીક્ષકો તથા કાર્યાલયના સભ્યોના હસ્તક થયેલ ભૂલો અંગેના કેસો પર તેમ જ વિદ્યાર્થીઓએ અજમાવેલ ગેરવાજબી ઇલાજો અંગેના કેસો પર વિચારણા કરવા તા. ૩-૧-૧૯૭૨ના રોજ મળેલ પરીક્ષાશુદ્ધિ સમિતિની પ્રથમ સભાની ભલામણો પર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ સમિતિની પ્રથમ સભાની ભલામણો મંજૂર કરવી.

(મંજૂર કરવામાં આવેલી ભલામણો સામેલ કરવામાં આવી નથી.)

૬૯. માર્ચ-એપ્રિલ ૧૯૭૨માં લેવાનાર બિનજનેરી વિદ્યાશાખાની જુદી જુદી પરીક્ષાઓ શરૂ કરવાની તારીખ અંગેના કાર્યાલયના સૂચન પર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બાબત અંગે કાર્યાલયનું સૂચન મંજૂર કરવું.

(માર્ચ-એપ્રિલ ૧૯૭૨ની પરીક્ષાઓ શરૂ કરવા અંગેના સમયપત્રકની નકલ પરિશિષ્ટ "ચ" તરીકે સામેલ છે.)

૭૦. બાંધકામ સમિતિની તા. ૭-૧-૧૯૭૨ની સભાની ભલામણો પર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ સમિતિની તા. ૭-૧-૧૯૭૨ની સભાની ભલામણો મંજૂર કરવી)

(સદરહુ સમિતિની તા. ૭-૧-૧૯૭૨ની ભલામણોની નકલ પરિશિષ્ટ "છ" તરીકે સામેલ છે.)

૭૧. ચાલુ વર્ષે રાષ્ટ્રીય સામાજિક સેવાની યોજના હેઠળ વધુ ૩૦૦ વિદ્યાર્થીઓને આવરી લેવા માટે ભારત સરકારે મંજૂરી આપતાં નીચેની કૉલેજોમાં તે યોજના હેઠળ જે નવા એકમો સ્થાપવામાં આવ્યા છે તેના પ્રોફેસર-ઇન-ચાર્જ તરીકે નીચેના અધ્યાપકોની નિમણૂકો કર્યાના કુલપતિશ્રીના કાર્યની નોંધ લેવા બાબત :

ક્રમાંક	કૉલેજનું નામ	એકમના વિદ્યાર્થીઓની સંખ્યા	પ્રોફેસર ઇન-ચાર્જ
૧.	બી. ડી. કૉલેજ ફૉર ગર્લ્સ, અમદાવાદ	૫૦	પ્રો. જે. કે. દેસાઈ
૨.	અમદાવાદ આર્ટ્સ કૉલેજ, અમદાવાદ	૫૦	શ્રી. વી. પી. ત્રિવેદી
૩.	આર્ટ્સ ઍન્ડ કૉમર્સ કૉલેજ, હિંમતનગર.	૫૦	શ્રી એ. એચ. પટેલ

આથી ઠરાવવામાં આવે છે કે કુલપતિશ્રીના સદરહુ કાર્યની નોંધ લેવી.

૭૨. યુનિવર્સિટી કાર્યાલયના પ્રકાશન વિભાગમાં ભાષાંતરકાર તરીકે કામ કરતા શ્રી. જે. પી. ગજ્જર તા. ૩૧-૧૨-૧૯૭૧ના રોજ રાજીનામું આપી છૂટા થયા હોઈ (અ) તેઓના ખાતે નીકળતી પ્રોવિડંટ ફંડની રકમ, તથા (બ) રૂલ. ૧૯૬-એ પ્રમાણે ગ્રેચ્યુઇટીની રકમ આપવા અંગે વિચારણા કરવા બાબત.

(નોંધ.— શ્રી. જે. પી ગજ્જર તા. ૯-૫-૧૯૬૩ના રોજ યુનિવર્સિટીમાં જોડાયા હતા અને તા. ૩૧-૧૨-૧૯૭૧ના રોજ રાજીનામું આપી છૂટા થયા છે.)

આથી ઠરાવવામાં આવે છે કે યુનિવર્સિટી કાર્યાલયના પ્રકાશન વિભાગમાંથી ભાષાંતરકાર તરીકે છૂટા થયેલા શ્રી. જે. પી. ગજ્જરને (૧) તેમના ખાતે નીકળતી પ્રોવિડન્ટ ફંડની રકમ યુનિવર્સિટીનાં ધારાધોરણ અનુસાર ચૂકવી આપવી, તથા (૨) યુનિવર્સિટીનાં ધારાધોરણ અનુસાર ગ્રેચ્યુઇટીની રકમ ચૂકવી આપવી.

૭૩. માર્ચ-એપ્રિલ ૧૯૭૧થી લેવામાં આવતી એમ.ઈ. (સી., એમ. એન્ડ ઈ.)ની સેમેસ્ટર પરીક્ષાઓના પરીક્ષકોને પ્રાયોગિક તથા ટર્મ-વર્ક પરીક્ષાના મહેનતાણાના દરો નક્કી કરવા વિચારણા કરવા બાબત :

[નોંધ.—(૧) એમ.ઈ. (જૂનો કોર્સ) —નવ કલાકના પ્રાયોગિકનો દર વિદ્યાર્થી દીઠ રૂ. ૧૦
(૨) સેમેસ્ટર પરીક્ષાઓમાં પ્રાયોગિકનો સમય ૧૧થી ૨ કલાકનો હોય છે.
(૩) એમ. એસ. યુનિવર્સિટી, વડોદરામાં સેમેસ્ટર પદ્ધતિથી ચાલતા પ્રાયોગિકના પરીક્ષકોનો દર

			Per candidate Two fees are payable
For Practical	..	..	Rs. 3/-
For Term work	..	..	Rs. 2/-]

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ પરીક્ષાઓ માટે પરીક્ષકોના પ્રાયોગિક તથા સત્રકાર્ય માટે પુરસ્કારના દરનું ઉપર જણાવેલ ધોરણ મંજૂર કરવું.

૭૪. બી.ઈ. એન્જિનિયરિંગની ૧થી ૫ પરીક્ષાઓ સેમેસ્ટર પદ્ધતિથી લેવાતી હોવાથી તેના પ્રશ્નપત્રો કાઢવાના તથા તપાસવાના દર નક્કી કરવા અંગે વિચારણા કરવા બાબત.

[નોંધ.— ૧. હાલના બી ઈ.(જૂનો કોર્સ)નો દર નીચે મુજબ છે :

Drawing a question-paper of 4 hours	..	Rs 75/-
Drawing a question-paper of 3 hours	..	Rs. 60/-
Drawing a question-paper of 2 hours	..	Rs. 40/-
Examining an answer-paper of 4 hours	..	Rs. 1·50
Examining an answer-paper of 2 or 3 hours	..	Rs. 1·00

૨. બી.ઈ. (ઓલ્ડ) અને બી.ઈ. (ન્યૂ સેમેસ્ટર ૧થી ૧૦) સમકક્ષ પરીક્ષાઓ છે. ફક્ત નામાભિધાનમાં ફેર છે.]

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ પરીક્ષાઓ માટે પરીક્ષકોના પ્રશ્નપત્રો કાઢવા તથા તપાસવા માટે પુરસ્કારના દરનું ઉપર જણાવેલ ધોરણ મંજૂર કરવું.

૭૫. અર્થશાસ્ત્રના પ્રાધ્યાપક અને તે વિભાગના પ્રોફેસર ઇન ચાર્જ તરીકે નિમાયેલા ડૉ. કિશોર થાણાવાલાએ આ નિમણૂક સ્વીકારવા માટે અશક્તિ દર્શાવેલ હોઈ તે અંગે જરૂરી વિચારણા કરવા બાબત.

[નોંધ.—સમાજવિદ્યા ભવનમાં અર્થશાસ્ત્રના પ્રાધ્યાપકની બે જગ્યા માટે તા. ૧૩-૭-૧૯૭૨ના રોજ મળેલી વરણીસમિતિની ભલામણો અંગે સિન્ડિકેટે તેની તા. ૭/૮-૮-૧૯૭૧ની સભામાં ઠરાવેલ કે આ બે જગ્યા પૈકી એક જગ્યા પર અર્થશાસ્ત્રના પ્રાધ્યાપક અને અર્થશાસ્ત્ર વિભાગના વડા તરીકે નીચે જણાવેલી બે વ્યક્તિઓ પૈકી એકની ક્રમાનુવર્તી નિમણૂક બે વર્ષના અજમાયશી ધોરણે કરવી અને તેમનો પગાર નક્કી કરવા માટે કુલપતિશ્રીને સત્તા આપવી :

(૧) ડૉ. કિશોર થાણાવાલા
(૨) ડૉ. વી. સી. શાહ.

ઉપરોક્ત ઠરાવ પર સિન્ડિકેટની તા. ૧૩/૧૬-૧૦-૧૯૭૧ની સભાએ પુનર્વિચારણા કર્યા પછી નીચે પ્રમાણે ઠરાવ્યું છે :

"ડૉ. કિશોર થાણાવાલાને યુનિવર્સિટીના સમાજવિદ્યા ભવનમાં અર્થશાસ્ત્રના પ્રાધ્યાપક અને અર્થશાસ્ત્ર વિભાગના પ્રોફેસર ઇન ચાર્જ તરીકે રૂા. ૧,૧૦૦-૫૦-૧,૩૦૦-૬૦-૧,૬૦૦ના પગારધોરણમાં બે વર્ષના અજમાયશી ધોરણે નીમવા અને તેમનો પગાર નક્કી કરવા કુલપતિશ્રીને સત્તા આપવી.]

આથી ઠરાવવામાં આવે છે કે અર્થશાસ્ત્રના પ્રોફેસરની ખાલી રહેલી જગ્યા પૂરવા માટે જાહેરખબર આપીને નવેસરથી અરજીઓ મંગાવવી.

૭૬. સિન્ડિકેટની તા. ૧૬/૧૭-૧-૧૯૭૧ની સભાએ બાબત ક્રમાંક ૩૨થીનીચેની બાબત વિજ્ઞાન વિદ્યાશાખાને પુનર્વિચારણા માટે મોકલેલી તે અંગે વિજ્ઞાન વિદ્યાશાખાની તા. ૩૦-૮-૧૯૭૧ની સભાએ કરેલ નીચેની ભલામણ ઉપર વિચારણા કરવા બાબત :

(1) The dissertation be assessed jointly by two Examiners one of whom should be the guide under whom the candidate has worked.

(2) Marks are assigned from 150 and should be assigned after viva.

વિજ્ઞાન વિદ્યાશાખાનો ઠરાવ

આ સભા સિન્ડિકેટને ભલામણ કરે છે કે—

(1) The dissertation be assessed jointly by two Examiners from amongst the Board of Examiners.

(2) Marks are assigned according to schedule and should be assigned after viva.

આથી ઠરાવવામાં આવે છે કે વિજ્ઞાન વિદ્યાશાખામાં ડેઝર્ટેશન તપાસવા અંગે નીચેના નિયમો મંજૂર કરવા :

(1) The dissertation be assessed jointly by two examiners both of them being external, from amongst the Board of Examiners; and

(2) Marks be assigned according to schedule and should be assigned after viva.

૬૭. સિન્ડિકેટે તેની તા. ૩/૪-૧૦-૧૯૭૦ની સભામાં નીમેલ પરીક્ષા સુધારણા સમિતિના તા. ૨૯-૧૧-૧૯૭૧ના રોજ મળેલ (ચોથી) સભાના રિપોર્ટ પર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ સમિતિની નીચેની ભલામણો સ્વીકારવી તથા તે અંગે આગળ પગલાં લેવા માટે જરૂરી કાર્યવાહી હાથ ધરવી :

(૨) પ્રી-યુનિવર્સિટી વિજ્ઞાન, ફર્સ્ટ બી.એસસી. અને ફાર્મસીના જુદી જુદી પ્રાયોગિક પરીક્ષાની પદ્ધતિ માટે તા. ૭-૭-૧૯૭૧ની સભામાં નીમેલી સમિતિના સભ્યો તરફથી રજૂ થયેલ નમૂનાના પ્રશ્નપત્રો અંગે વિચારણા કરી નીચે મુજબ ઠરાવવામાં આવ્યું :

"રસાયણવિજ્ઞાન વિષયના નમૂનાના પ્રશ્નપત્રો આવ્યા છે તે અભ્યાસસમિતિ સમક્ષ રજૂ કરીને જરૂર લાગે તો વિજ્ઞાનની કૉલેજોમાં શિક્ષકોની જાણકારી માટે પરિપત્રિત કરવા. બાયોલોજી, ફિઝિકસ અને ફાર્મસી વિષયોની અભ્યાસસમિતિઓના સભ્યો દ્વારા જાણવા મળેલ કે આ વિષયોના મોડેલ પ્રશ્નપત્રોની જરૂર નથી, કેમ કે અભ્યાસક્રમ એવી રીતે ઘડ્યો છે કે જેથી પ્રશ્નપત્રો કાઢનારને સંપૂર્ણ સ્પષ્ટ ચિત્ર મળી રહે. આ જોતાં આ વિષયોના નમૂનાઓના પ્રશ્નપત્રો તૈયાર કરવાના રહેતા નથી.

(૩) હન્ટર યુનિવર્સિટી બોર્ડ ઑફ ઇન્ડિયા ઍન્ડ સિલોન દ્વારા પ્રસિદ્ધ થયેલ ઉચ્ચ શિક્ષણ અંગેના અહેવાલોની પુસ્તિકા, જે સદરહુ સમિતિના સભાસદોને અભ્યાસ અર્થે મોકલાવી હતી, તે અંગે સભ્યોનો સર્વસામાન્ય મત એવો હતો કે તેમાં થયેલ કેટલાંક સૂચનો એક યા બીજી રીતે આપણે ત્યાં અમલમાં છે જ, અને પ્રશ્નપત્ર રિડિઝાઈન કરવા અંગે તથા પરીક્ષા કેન્દ્રોના નિરીક્ષણ અંગે તથા Exam. cell કાઢવા અંગે કેટલાંક સૂચનો આ સમિતિએ કરેલાં જ છે એટલું આ બાબતમાં હાલ પર્યાપ્ત જણાય છે."

(૪) પરીક્ષા-સંચાલનમાં વહીવટી દૃષ્ટિએ ઉપસ્થિત થતાં પાસાંઓની વિચારણા કરતાં નીચે મુજબ ભલામણ કરવાનું ઠરાવવામાં આવ્યું :

(૧) પરીક્ષા-સંચાલન કોઈ પણ જાતની અગવડ વિના કાર્યદક્ષતાથી પરીક્ષાની પવિત્રતા જોખમાય નહીં તે રીતે થાય તે અત્યંત જરૂરી હોઈ આ સમિતિ ભલામણ કરે છે કે યુનિવર્સિટીની પરીક્ષાઓ માટે હાલ જે કેન્દ્રો નક્કી કરવામાં આવ્યાં છે તેની સંખ્યામાં ઘટાડો કરવો જોઈએ, અને ક્રમશઃ તે ઘટાડો કેમ કરવો તે અંગે સિન્ડિકેટ વિચારી કાઢે અને નવાં કોઈ કેન્દ્રો ઉઘાડવાં ન જોઈએ એવી સિન્ડિકેટને આ સભા ભલામણ કરે છે.

(૨) સ્નાતક કક્ષાની પરીક્ષાઓના જુદા જુદા વિષયો માટે પ્રશ્નપત્ર તૈયાર કરવામાં પ્રાધ્યિકોને પૂરતો સમય મળી રહે તે જરૂરી છે અને તેથી આ સભા ભલામણ કરે છે કે ઓછામાં ઓ.છા ૭ મહિના અગાઉ પ્રાધ્યિકોની નિમણૂકો થઈ જાય તે રીતે પગલાં લઈ પ્રશ્નપત્રો કઢાવી રાખવાની વ્યવસ્થા કરવી અને તે માટે હાલના નિમણૂક કરવાના ક્રમપત્રકમાં તથા પદ્ધતિમાં ઘટતા ફેરફાર કરવા.

(૩) ઉપર જણાવેલ બાબત (૨)ની ભલામણ સ્વીકારવામાં આવે તો જે વિષયમાં એક કે તેથી વધુ પ્રાધ્યિકો હોય ત્યાં પ્રત્યેક પ્રાધ્યિક પાસેથી તે વિષયના પ્રશ્નપત્ર જુદી જુદી રીતે (સ્વતંત્ર) તૈયાર કરાવી ત્રણ કે ચાર પ્રશ્નપત્રો દરેક પ્રાધ્યિક પાસેથી સીલબંધ પરબીડિયામાં યુનિવર્સિટીએ લેવાનું રાખવું. આ પ્રકારે મેળવેલ પ્રશ્નપત્રો પૈકી કોઈ એક પ્રશ્નપત્ર પરીક્ષામાં ઉપયોગમાં લેવામાં આવે તેમ કરવું અને આ અંગે ઘટતી વહીવટી કાર્યવાહી અને વિગતો ઊભી કરી તેનું સંચાલન યુનિવર્સિટી અધિકારી હસ્તક રાખવું.

(૪) પ્રાયોગિક પરીક્ષાના ગુણપત્રકો પરીક્ષાના દિવસે જ યુનિવર્સિટી કાર્યાલયને મોકલવાની હાલ જે પ્રથા છે તે ચાલુ રાખવી, પરંતુ તેને વધુ કાર્યક્ષમ બનાવવા માટે સૂચવવામાં આવે છે કે બહારગામનાં કેન્દ્રો પર પરીક્ષા પૂરી થાય પછી ગુણપત્રકનું પરબીડિયું તરત જ સીલ કરી તે પર તારીખ તથા સમય નાંખવાની સૂચના પરીક્ષકોને આપવી અને બને તો તે જ દિવસે રજિસ્ટર્ડ પોસ્ટથી તે ટપાલમાં રવાના કરવાનું રાખવા જણાવવું. અમદાવાદ કેન્દ્રના પરીક્ષકો તે જ દિવસે યુનિવર્સિટી કાર્યાલયમાં રૂબરૂમાં ગુણપત્રકો સુપરત કરી જાય તે પણ જોવું.

(૫) અમદાવાદ કેન્દ્ર પર પ્રાયોગિક પરીક્ષાના સંચાલનની વ્યવસ્થા ઊભી કરવાનું વિચારતાં એમ ભલામણ કરવામાં આવે છે કે સને ૧૯૭૨ના વરસ માટે પ્રાયોગિક ધોરણે આ પ્રથા પ્રી-યુનિવર્સિટી વિજ્ઞાનની પરીક્ષામાં દાખલ કરવી. આ પ્રથા અન્વયે અમદાવાદ કેન્દ્રનાં જુદાં જુદાં પ્રાયોગિક પરીક્ષાનાં સ્થાનો પર કયા પરીક્ષકોને જવાનું છે તે અગાઉથી તેઓને ખબર ન આપતાં રોજબરોજ પ્રાયોગિક સ્થાનો પર જે તે પરીક્ષકોને બીજા દિવસની તેમની કામગીરી અંગે માહિતી પહોંચાડવાની વ્યવસ્થા કાર્યાલયે ઊભી કરવી.

વધુમાં ઠરાવવામાં આવે છે કે નીચેની ભલામણ નં. ૪ (૬)ની નોંધ લેવી.

૪ (૬) ઇજનેરી વિદ્યાશાખામાં સેમેસ્ટર પદ્ધતિથી પરીક્ષા લેવાની જે વ્યવસ્થા ઊભી કરી છે તે જોતાં તથા કુલપતિશ્રીઓની સંયુક્ત સભાના ઠરાવ અંગે વિચાર કરતાં આ સભાને લાગે છે કે પરીક્ષા પદ્ધતિમાં ક્રમે ક્રમે કૉલેજની ભાગીદારી વધે અને વિદ્યાર્થીઓના રોજબરોજના અધ્યયન અંગે વખતોવખત ચકાસણી થાય તે બાબતને સૈદ્ધાંતિક રીતે સ્વીકારવી. હાલ પૂરતું વિજ્ઞાન વિદ્યાશાખામાં સત્રઘટક પરીક્ષા પદ્ધતિ ક્રમશઃ દાખલ કરી શકાય કે કેમ તે તપાસવા ભલામણ કરવી.

નોંધ.—ઉપરની ભલામણો પૈકી ભલામણ નં. ૪ (૧) વધુમતે મંજૂર કરવામાં આવી હતી.

૫૬. એમ.બી. કૉલેજ ઑફ કૉમર્સ એન્ડ જી.એમ. નવલલાલજી આર્ટ્સ કૉલેજ, ફલેગામના ગુજરાતીના ટ્યૂટર શ્રી. એમ. એન. મહેતાને કૉલેજે ઓ. ૧૨૦-ડીમાં જણાવેલ કારણો પૈકી કોઈ પણ કારણ દર્શાવ્યા સિવાય છૂટા કર્યા હોવાથી શ્રી. એમ. એન. મહેતાને નોકરીનું સાતત્ય જળવાય તેવી રીતે તાકીદે પાછા રાખીને મોડામાં મોડું બીજા સત્રની શરૂઆત સુધીમાં જાણ કરવા અંગે સિન્ડિકેટની તા. ૧૩/૧૬--૧૦-૧૯૭૧ની સભાના ઠરાવની કૉલેજને જાણ કર્યા છતાં હજુ સુધી કૉલેજે તેનું પાલન કર્યું ન હોવાથી તે પર વિચારણા કરવા બાબત.

અને

૭૮. ભવન્સ આર્ટ્સ એન્ડ સાયન્સ કૉલેજ, ડાકોરમાંથી ફારેગ કરવામાં આવેલા શિક્ષક શ્રી. બી. બી. પટેલના કેસ અંગે વિચારણા કરવા બાબત.

બાબત નં. ૫૬ અને ૭૮ની વિચારણા એકસાથે કરવામાં આવી અને તે પછી ઠરાવવામાં આવ્યું કે સદરહુ બાબતો અંગે તપાસ કરીને પોતાનો સુચિંતિત અહેવાલ રજૂ કરવા માટે નીચે જણાવેલા સભ્યોની સમિતિ રચવી :

(૧) આચાર્ય ગિરીશભાઈ પટેલ

(૨) ડૉ. એમ એન. દેસાઈ

(૩) શ્રી. ઇન્દ્રવદન અં. મોદી.

૭૯. તા. ૧૩/૧૬-૧૦-૧૯૭૧ના રોજ મળેલ સિન્ડિકેટની સભાના બાબત ક્રમાંક ૨૫, ૨૬ અને ૨૭ના ઠરાવ અન્વયે માર્ચ-એપ્રિલ ૧૯૭૧માં જુદાં જુદાં કેન્દ્રો પર લેવાયેલ પરીક્ષાઓ દરમ્યાન થયેલ ગેરરીતિઓ-અવ્યવસ્થા અંગે પરીક્ષાશુદ્ધિ જાળવવા કેન્દ્રો પર તકેદારી માટે પોલીસ વ્યવસ્થા કેન્દ્રો તરફથી કરવામાં આવે છે તે અંગે નિયમો ઘડવા તથા પ્રશ્નપત્રોના છાપકામનો બોજ કેટલાંક કેન્દ્રોનાં પ્રેસો ઉપાડી શકતાં નથી તે અંગે સુગ્રથિત અહેવાલ તૈયાર કરવા સિન્ડિકેટે નીમેલી સમિતિની તા. ૩૦-૧૧-૧૯૭૧ની સમિતિની ભલામણો પર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ સમિતિની ભલામણ નં. ૧ની નોંધ લેવી, અને ભલામણ નં. ૨ અને ૩ મંજૂર કરવી.

(સદરહુ સમિતિની ભલામણો આ સાથે પરિશિષ્ટ "જ" તરીકે સામેલ છે.)

૮૦. કુલપતિશ્રીએ મંજૂર કરેલ નીચેનાં કાર્યોની નોંધ લેવા બાબત :

(૧) ભાષા-સાહિત્ય ભવનના ગુજરાતીના પ્રાધ્યાપક શ્રી. એ. એમ. રાવળને તા. ૧-૧-૧૯૭૨ના રોજ ૬૦ વર્ષ પૂરાં થતાં હોઈ તેમની સેવાની મુદત લંબાવવાની બાબત સિન્ડિકેટ સમક્ષ વિચારણા માટે હોઈ તા. ૧-૧-૧૯૭૨થી તા. ૯-૧-૧૯૭૨ સુધીના વચગાળાના સમય માટે તેમની સેવાઓ ચાલુ રાખ્યાના કુલપતિશ્રીના કાર્યની નોંધ લેવા બાબત.

(૨) સંલગ્ન કૉલેજોમાં કાર્ય કરતા શિક્ષકોની શૈક્ષણિક પાત્રતા અંગે સિન્ડિકેટે તેની તા. ૪-૧૨-૧૯૭૧ની સભામાં કરેલા નીચેના ઠરાવમાં "thereat" શબ્દને બદલે "in the Pre-Uni. Classes" શબ્દો જોઈએ, તેથી ઠરાવમાં તે પ્રમાણે સુધારો કર્યાના :

"આથી ઠરાવવામાં આવે છે કે સંલગ્ન કૉલેજોમાં શિક્ષકોની ઓછામાં ઓછી લાયકાતનાં ધોરણોમાં નીચે મુજબની કલમ ઉમેરવી અને તેને તાત્કાલિક અમલમાં મૂકવી :

'Notwithstanding anything contained in the rules governing the minimum qualifications for appointment as a teacher of any category (Professor or Lecturer or Tutor) a person holding Master's Degree shall be eligible to hold an appointment as a Professor, Lecturer or Tutor, as the case may be, and to teach any subject other than English thereat provided he has offered in his Master's Degree Course at least two papers in that subject.'"

(૩) સિન્ડિકેટે તેની તા. ૧૩-૧૧-૧૯૭૧ની સભામાં સુધારેલા ઓ. ૧૨૦ના પાઠમાં રહેલી ભૂલ સુધાર્યાના.

(૪) માર્ચ-એપ્રિલ ૧૯૭૨માં લેવાનાર સેકન્ડ બી.કૉમ. અને થર્ડ બી.કૉમ.ની પરીક્ષાઓ અનુક્રમે તા. ૧૩-૪-૧૯૭૨ અને તા. ૨૯-૩-૧૯૭૨થી શરૂ કરવાનું મંજૂર કર્યાના.

આથી ઠરાવવામાં આવે છે કે કુલપતિશ્રીનાં સદરહુ કાર્યોની નોંધ લેવી.

(સુધારેલા ઑર્ડિ. ૧૨૦ની નકલ **પરિશિષ્ટ "ઝ"** તરીકે સામેલ છે.)

૮૧. નીચે જણાવેલ જુદી જુદી અભ્યાસસમિતિઓની ભલામણ અનુસાર નીચે જણાવેલ વિદ્યાર્થીઓનાં નામ સામે જણાવેલ વિષય સંબંધી પીએચ.ડી. પદવી માટે આવેલા મહાનિબંધ તપાસવા માટે તે સામે જણાવેલ રેફરીઓની ક્રમાનુવર્તી નિમણૂક કરવાની ઍકૅડેમિક કાઉન્સિલની તા. ૫/૬-૧-૧૯૭૨ની સભાની ભલામણ પર વિચારણા કરવા બાબત :

ગુજરાતીની અભ્યાસસમિતિની ભલામણ

ક્રમાંક	વિદ્યાર્થીનું નામ	વિષય	ઇન્ટર્નલ રેફરી	સૂચિત રેફરીઓ
૧.	મિસ પેરીન એમ. કાપડિયા	"સતરમા શતકમાં પારસી કવિતાઓએ રચેલી ગુજરાતા કવિતા"	પ્રિ. ય. પા. શુકલ	૧. ડૉ. ભોગીલાલ સાંડેસરા (મૌખિક માટે પણ) ૨. ડૉ. એફ. સી. દાવર, અમદાવાદ ૩. શ્રી. જમશેદજી કાવસજી કાત્રક ૪. ડૉ. મિનોચર ૫. ડૉ. રતન માર્શલ

ક્રમાંક	વિદ્યાર્થીનું નામ	વિષય	ઈન્ટર્નલ રેફરી	સૂચિત રેફરીઓ
૨.	શ્રી. એ. એચ. વ્યાસ	"મહાત્મા ગાંધીની ગુજરાતી સાહિત્ય પર અસર"	પ્રો. એ. એમ. રાવલ	૧. શ્રી. મનુભાઈ પંચોલી (દર્શક) (મૌખિક માટે) ૨. પ્રો. વિષ્ણુપ્રસાદ આર. ત્રિવેદી મૈત્રી, આદર્શ સોસાયટી, સુરત-૧. ૩. પ્રો. મનસુખલાલ ઝવેરી, ૪-સી, સુરેશ કૉલોની, વિવેકાનંદ રોડ, વિલે પારલે-પશ્ચિમ, મુંબઈ-૫૬. ૪. પ્રો. હીરાબહેન પાઠક, ૪-સી, સુરેશ કૉલોની, વિવેકાનંદ રોડ, વિલે પારલે પશ્ચિમ, મુંબઈ-૫૬.
૩.	શ્રી. પી. એચ. દરજી	"ગુજરાતી નિબંધ અને વિકાસ"	પ્રિ. ડી. પી. ઠાકર	**ચૂચત રેફરીઓ** ૧. શ્રી. કાકાસાહેબ કાલેલકર (મૌખિક માટે) ૨. શ્રી. સુંદરમ્ ૩. ડૉ. સુરેશ જોશી ૪. શ્રી. જ્યોતીન્દ્ર દવે. ૫. શ્રી. વિજયરાય વૈદ્ય.

અંગ્રેજીની અભ્યાસસમિતિની ભલામણ

Name of student	*Subject*	*Internal Referee*	*Suggested Referees*
Shri B. J. Pandya	"Characteristics of Indo-Anglian Faction after Independence"	Prof. K. R. Chandrashekhran	1. D. J. Enright 2. M. Collis. *For Viva-voce* 1. Dr. K. R. S. Iyanger, Aurobindo Ashram, Aurobindo Marg, Delhi-16.

Name of student	*Subject*	*Internal Referee*	*Suggested Referees*
			2 Shri V. K. K. Gokak, Retired Vice-Chancellor, Banglore University, Banglore.
			3. Shri C. D. Narsinhmahia, Mysore University, Mysore.
			4. Shri B. K Narayan Menon, Delhi University, Delhi.

ભૌતિકવિજ્ઞાનની અભ્યાસસમિતિની ભલામણ

Name of the student	*Subject*	*Internal Referee*	*Suggested Referees (External)*
શ્રી. જે. એમ. ત્રિવેદી	"સ્ટડીઝ ઇન ક્રિસ્ટલ ફિઝિક્સ"	પ્રો. પી. ડી. પાઠક	1. Prof. A. Halperin, Head, Physics Dept., The Helrew University, Jerusalem, Israel.
			2. Prof. James H. Drawford Jr., Chairman, Dept. of Physics, University of North Carolina, Chapel Hill, N C. 27514, U.S.A.

Name of the student	*Subject*	*Internal Referee*	*Suggested Referees (External)*
			For Viva-voce also 1. Dr. M. H. Patel, Physics Dept., Faculty of Science, M. S. University, Barod -2. 2. Dr R. V. Joshi, Professor of Physics, Faculty of Engineering and Technology, Baroda-2.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ વિદ્યાર્થીઓના ઉપર જણાવેલ મહાનિબંધો તપાસવા માટે તેમનાં નામ સામે જણાવેલ રેફરીઓની ક્રમાનુવર્તી નિમણૂક કરવી.

૮૨. કજનેરી વિદ્યાશાખાની તા. ૪-૧-૧૯૭૨ની સભાએ કરેલ નીચેની ભલામણ અંગે વિચારણા કરવા બાબત :

"This faculty recommends that the minimum remuneration should be paid to Post-graduate Examiners/Paper-setters subject-wise."

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ વિદ્યાશાખાની ઉપરની ભલામણ મંજૂર કરવી નહિ.

૮૩. એમ.એ. ભાગ ૧ના અર્થશાસ્ત્ર વિષયના ગ્રુપ 'ડી'માં જૂન ૧૯૭૨થી નવો અભ્યાસક્રમ અમલમાં આવેલો હોવાથી માર્ચ-એપ્રિલ ૧૯૭૨ની પરીક્ષામાં ગ્રુપ 'ડી'માંના અભ્યાસક્રમની પરીક્ષામાં નપાસ થયેલા અથવા સદરહુ અભ્યાસક્રમ મુજબ અગાઉ સત્રો ભર્યાં હોય અને પરીક્ષામાં બેઠા ન હોય તેવા વિદ્યાર્થીઓને જૂના અભ્યાસક્રમ મુજબ પરીક્ષા આપવા દેવા માટે પરવાનગી આપવાની એકેડેમિક કાઉન્સિલની તા. ૫/૬-૧-૧૯૭૨ની સભાની ભલામણ ઉપર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે એમ.એ. પાર્ટ ૧ની પરીક્ષા માટે અર્થશાસ્ત્રના વિષયના ગ્રુપ 'બી'માં જૂના અભ્યાસક્રમ મુજબની પરીક્ષા પણ માર્ચ—એપ્રલ ૧૯૭૨માં લેવાનું રાખવું.

૮૪. માઇક્રોબાયોલોજીની અભ્યાસસમિતિની તા. ૮-૧૦-૧૯૭૦ની સભાની નીચેની ભલામણ, જે વિજ્ઞાન વિદ્યાશાખાએ તેની તા. ૩૦-૮-૧૯૭૧ની સભામાં મંજૂર કરી છે,

તે મંજૂર કરવાની એકેડેમિક કાઉન્સિલની તા. ૫/૬-૧-૧૯૭૨ની સભાની ભલામણ ઉપર વિચારણા કરવા બાબત :

"માઇક્રોબાયોલોજીની ત્રીજા વર્ષ બી.એસસી.ની પ્રાયોગિક પરીક્ષા હાલ જે ત્રણ દિવસની છે તે ચાર દિવસની રાખવી અને બીજા વર્ષ બી.એસસી. (મુખ્ય)ની પરીક્ષા ત્રણ દિવસની રાખવી."

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ અભ્યાસસમિતિની ઉપરની ભલામણ મંજૂર કરવા માટેની એકેડેમિક કાઉન્સિલની ભલામણ મંજૂર કરવી.

૮૫. પ્રી-મેડિકલના અભ્યાસક્રમમાં પ્રવેશના નિયમો તથા તેને લગતી બાબતોની વિચારણા કરવા સારુ નીમેલા સમિતિનો ભલામણો ઉપર વિચારણા કરી એકેડમિક કાઉન્સિલની તા. ૫/૬-૧-૧૯૭૨નો સભાએ કરેલી નીચેનો ભલામણો ઉપર વિચારણા કરવા બાબત :

(૧) એમ.બી.,બી.એસ.ના અભ્યારાક્રમો માટે પ્રી-મેડિકલના અભ્યાસક્રમમાં જૂન ૧૯૭૨ના શૈક્ષણિક વર્ષથી અભ્યાસક્રમમાં પ્રવેશ આપવા નિર્ણય લેવામાં આવ્યો છે તે મુજબ બી.ડી.એસ.ના અભ્ય.સક્રમોમાં પણ જૂન ૧૯૭૨થી પ્રવેશ આપવાનું રાખવું અને તે બેઉ અભ્યાસક્રમોના પ્રવેશ માટે ઓછામાં ઓછી લાયકાતનું ધોરણ પ્રી-યુનિ. વિજ્ઞાન કે તેની સમકક્ષ પરીક્ષા પાસ કરેલી હોવી જોઈએ અને તે માટે જરૂરી અખબારી યાદી બહાર પાડવી એમ સિન્ડિકેટને ભલામણ કરવી.

પ્રથમ વર્ષ બી.એસસી.ની માર્ચ-એપ્રિલ ૧૯૭૨ની પરીક્ષામાં ઉત્તીર્ણ થયેલા વિદ્યાર્થીઓને પ્રથમ વર્ષ એમ.બી.,બી.એસ.ના અભ્યાસક્રમમાં પ્રવેશ પ્રતિવર્ષની જેમ આપવાનું ચાલુ રાખવા માટે સંબંધકર્તા કૉલેજોને જણાવવા સિન્ડિકેટને ભલામણ કરવી.

(૨) એમ.બી.,બી.એસ. અને બી.ડી.એસ.ના અભ્યાસક્રમમાં તેમ જ પ્રી-મેડિકલ અને પ્રી-મેડિકલ (ડેન્ટલ)ના વર્ષમાં પ્રવેશ માટે અખબારી જાહેરાતો સંબંધકર્તા કૉલેજો આપે અને પોતે કૉલેજો માટે પોતાની નિયત જગ્યાઓ પૂરતો પ્રવેશ આપી વિદ્યાર્થીઓને ગુજરાત કૉલેજમાં જૂન ૧૯૭૨થી શીખવવામાં આવનાર પ્રી-મેડિકલના વર્ગોમાં મોકલવાના રહેશે.

(૩) પ્રી-મેડિકલ અને પ્રી-મેડિકલ (ડેન્ટલ)ના અભ્યાસક્રમમાં પ્રવેશ આપવા માટે સંબંધકર્તા કૉલેજોને ભલામણ કરવી કે પ્રી-યુનિ. વિજ્ઞાનના પરીક્ષાના બધા વિષયોના કુલ ગુણ પૈકી વિદ્યાર્થીને મળેલા આંતરિક ગુણ ગણતરીમાં ન લેતાં માત્ર યુનિવર્સિટીએ લીધેલી પરીક્ષામાં મેળવેલા ગુણના આધારે પાત્રતાના ધોરણે પ્રવેશ આપવો.

લંબાણ ચર્ચાવિચારણાને અંતે નીચે મુજબ ઠરાવવામાં આવ્યું :

એમ.બી.,બી.એસ.ના અભ્યાસક્રમ માટે પ્રી-મેડિકલના વર્ગો તથા બી.ડી.એસ.ના અભ્યાસક્રમ માટે પ્રી-મેડિકલ (ડેન્ટલ)ના વર્ગો જૂન ૧૯૭૨થી ગુજરાત કૉલેજમાં શરૂ કરવામાં આવે. આ માટે પ્રવેશ-પાત્રતાની ઓછામાં ઓછી લાયકાતનું ધોરણ પ્રી-યુનિવર્સિટી વિજ્ઞાન કે તેની સમકક્ષ પરીક્ષામાં પાસ થવાનું રાખવામાં આવ્યું છે તેના સંદર્ભમાં પ્રી-મેડિકલ અને પ્રી-મેડિકલ (ડેન્ટલ)ના અભ્યાસક્રમમાં

પ્રવેશ માટે પ્રી-યુનિવર્સિટી વિજ્ઞાનની પરીક્ષામાં વિદ્યાર્થીને મળેલા આંતરિક ગુણને ગણતરીમાં ન લેતાં માત્ર યુનિવર્સિટીએ લીધેલી પરીક્ષામાં જ મળેલા ગુણના આધારે પાત્રતાનું ધોરણ રાખવા માટે કૉલેજોને સૂચવવું. તે માટે અમદાવાદ આતેની બી. જે. મેડિકલ કૉલેજ તથા એન. એચ. એલ. મ્યુનિસિપલ મેડિકલ કૉલેજ અને ગવર્નમેન્ટ ડેન્ટલ કૉલેજને પોતપોતાની નિયત જગ્યાઓ પૂરતો પ્રવેશ આપીને વિદ્યાર્થીઓને ગુજરાત કૉલેજમાં શીખવવામાં આવનાર પ્રી-મેડિકલના વર્ગોમાં પ્રવેશ આપવાનો રહેશે, તેમ જણાવવું.

૮૬. એ. જી. ટીચર્સ કૉલેજ, અમદાવાદમાં શૈક્ષણિક કાર્ય કરતા શ્રી. પી. જે. પ્રજાપતિ શિક્ષણના ટ્યૂટર તરીકેની જરૂરી શૈક્ષણિક પાત્રતા ધરાવતા નહીં હોવાથી તેમની ટ્યૂટર તરીકેની નિમણૂક ખાસ કેસ તરીકે માન્ય કરવાની સદરહુ કૉલેજના આચાર્યશ્રીની વિનંતી પર વિચારણા કરવા બાબત.

(**નોંધ.**—શ્રી. પી. જે. પ્રજાપ્રતિ બી.એસસી. પદવી પ્રથમ વર્ગમાં, એમ.એસસી. પદવી બીજા વર્ગમાં અને બી.એડ.ની પદવી ડિસ્ટિંકશન સાથે પ્રથમ વર્ગ ધરાવે છે. નિયમ મુજબ બી.એડ. પછીનો બે વર્ષનો હાઈસ્કૂલનો અનુભવ ધરાવતા નથી.)

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ કૉલેજમાં શ્રી. પી. જે. પ્રજાપતિની ટ્યૂટર તરીકેની નિમણૂક ચાલુ વર્ષ પૂરતી અપવાદ તરીકે ગ્રાહ્ય ગણવી અને જૂન ૧૯૭૨થી યુનિવર્સિટીનાં ધારાધોરણ મુજબ ટ્યૂટરની નિમણૂક કરવા માટે સદરહુ કૉલેજને જણાવવું.

૮૭. ક્લિનિકલ વિષયોની અભ્યાસસમિતિનો નીચેનો ભલામણ સ્વીકારવાની એકેડેમિક કાઉન્સિલની તા. ૫/૬-૧-૧૯૭૨ની સભાની ભલામણ ઉપર વિચારણા કરવા બાબત :

"એમ.ડી.ના અભ્યાસક્રમમાં સાયકોલોજિકલ મેડિસિનનો અભ્યાસક્રમ તૈયાર કરી સૂચવવા નીમેલી સમિતિની તા. ૧૨-૧૦-૧૯૭૧ની સભાની ભલામણો પર વિચારણા કરવા બાબત :

(૧) આથી ઠરાવવામાં આવે છે કે ઑ.ડ. ૨૭૩માં ક્રમાન્ક ૧૨ તરીકે સાયકોલોજિકલ મેડિસિન ઉમેરવી તથા રેગ્યુ. ૧૮૫માં તે માટેના પ્રશ્નપત્રો તથા અભ્યાસની વિગતોનો આ સાથે આપેલા પરિશિષ્ટ મુજબ ઉમેરો કરવો.

(૨) વધુમાં ભલામણ કરવામાં આવે છે કે અનુસ્નાતક શિક્ષકને માન્યતા આપવા માટે નીચે મુજબની ભલામણ નિયત કરવા ભલામણ કરવામાં આવે છે :

'A teacher with Post-graduate Diploma in Psychiatric Medicine and with teaching experience of 7 years, will be recognised as a Post-graduate Teacher for M.D.'"

૧. આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ અભ્યાસસમિતિની ઉપરની ભલામણ નં. (૧) મંજૂર કરવાની એકેડેમિક કાઉન્સિલની ભલામણ મંજૂર કરવી, અને તે મુજબ ઑર્ડિ. ૨૭૩ અને રેગ્યુ. ૧૮૫ સુધારીને મંજૂર કરવા તથા તેને જૂન ૧૯૭૨થી અમલમાં મૂકવા.

(સુધારેલા ઑર્ડિ. ૨૭૩ અને રેગ્યુ. ૧૮૫ની નકલ **પરિશિષ્ટ "૮"** તરીકે સામેલ છે.)

૨. સદરહુ અભ્યાસસમિતિની ઉપરની ભલામણ નં. (૨) બૉર્ડ ઑફ યુનિવર્સિટી ટીચિંગની વિચારણા માટે મોકલવી.

૮૮. ઇજનેરી વિદ્યાશાખાની તા. ૪-૧-૧૯૭૨ની સભાએ કરેલ ભલામણ અનુસાર પોસ્ટ-ડિપ્લોમા ડિગ્રી કોર્સ (સિવિલ) સેમેસ્ટર ૬ અને સેમેસ્ટર ૭નો ટીચિંગ અને એકઝામિનેશન સ્કીમ આ સાથે આપેલ પરિશિષ્ટ મુજબ રાખવા અને તેને લગતો સંબંધકર્તા રેગ્યુ. આર.પી. એન્જિ. ૧૫ સુધારી તેને માર્ચ-એપ્રિલ ૧૯૭૨ની પરીક્ષા માટે લાગુ પાડવા એકેડેમિક કાઉન્સિલની તા. ૫/૬-૧-૧૯૬૧ની સભાનો ભલામણ ઉપર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ વિદ્યાશાખામાં પોસ્ટ-ડિપ્લોમા ડિગ્રી કોર્સ (સિવિલ) સેમેસ્ટર ૬ અને સેમેસ્ટર ૭ માટે શિક્ષણ અને પરીક્ષણની યોજના મંજૂર કરવી તથા તે મુજબ રેગ્યુ. આર.પી. એન્જિ. ૧૫ સુધારીને તેને માર્ચ-એપ્રિલ ૧૯૭૨ની પરીક્ષાને લાગુ પડે તે રીતે મંજૂર કરવો.

(સદરહુ યોજના અને રેગ્યુ. આર.પી. એન્જિ. ૧૫ની નકલ પરિશિષ્ટ "ઠ" તરીકે સામેલ છે.)

૮૯. ગુજરાત સરકારના તથા આ યુનિવર્સિટીના બિનશિક્ષકવર્ગના કર્મચારીઓ માટે આકસ્મિક રજાઓ વર્ષ દરમિયાન ૧૫ હતી તે હવે ૧૨ કરવામાં આવેલી છે તે જોતાં સંલગ્ન કૉલેજો અને અન્ય સંસ્થાઓ તથા યુનિવર્સિટીનાં વિદ્યાભવનોના શિક્ષકો માટે વાર્ષિક આકસ્મિક રજાઓ હાલ ૧૫ છે તેમાં ફેરફાર કરવો કે કેમ તે અંગે વિચારીને ઘટતો નિર્ણય કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બાબતની વિચારણા મોકૂફ રાખવી.

૯૦. આ સાથે યુનિવર્સિટીના સમાજવિદ્યા ભવનના અધ્યક્ષશ્રીના પત્રમાં જણાવ્યા મુજબ એન.એસ.એસ.નું કામ સંભાળનાર અધ્યાપકોના પ્રશિક્ષણ તાલીમવર્ગ જાન્યુઆરી ૧૯૭૨માં યોજનાર છે તેમાં સમાજવિદ્યા ભવનના મજૂર કલ્યાણ વિભાગના અધ્યાપકોના રૂ. ૨૫૦ તથા ઑફિસ કર્મચારીઓને રૂ. ૨૫૦ મળી કુલ રૂ. ૫૦૦ના પુરસ્કાર મંજૂર કરવા અંગે વિચારણા કરવા બાબત :

	નં.	સભ્યનું નામ	પુરસ્કારની રકમ
(અ)	૧.	ડૉ. પી. એમ. મજમુદાર (રીડર ઇન લેબર વેલ્ફેર)	રૂ. ૧૦૦
	૨.	શ્રી. વી. કે. ચાવડા (લેકચરર ઇન લેબર વેલ્ફેર)	રૂ. ૭૫
	૩.	શ્રીમતી જે. બી. ઠાકોર (લેકચરર ઇન લેબર વેલ્ફેર)	રૂ. ૭૫
(બ)	૧.	શ્રી. જી. એફ. પટેલ (સ્ટેનો)	રૂ. ૫૦
	૨.	શ્રી ડબલ્યુ. એચ. ક્રિશ્ચયન (ક્લાર્ક)	રૂ. ૫૦
	૩.	શ્રી. એસ. એન. શાહ (ક્લાર્ક-ટાઇપિસ્ટ)	રૂ. ૩૫
	૪.	શ્રી. આર. એચ. પટેલ (,,)	રૂ. ૩૫
	૫.	શ્રી. જે. પી. ચૌહાણ (,,)	રૂ. ૩૫

નં.	સભ્યનું નામ	પુરસ્કારની રકમ
૬.	શ્રી. સી. કે. વાઘેલા (પટાવાળા)	રૂ. ૧૦
૭.	શ્રા. એસ. કે. વાઘેલા (,,)	રૂ. ૧૦
૮.	શ્રી. કે. ડી. વાઘેલા (,,)	રૂ. ૧૦
૯.	શ્રી. આઈ. એ. વાઘેલા (,,)	રૂ. ૧૦
૧૦.	શ્રી. કે. પી. દોડિયા (,,)	રૂ. ૧૦

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ સભ્યોને ઉપરની કામગીરી માટે તેમનાં નામ સામે જણાવેલ વેતન સ્વીકારવા માટે પરવાનગી આપવી.

૯૧. કાયદાની અભ્યાસસમિતિઓની સંયુક્ત સભાની તા. ૧૨-૧૦-૧૯૭૦ની સભાની ભલામણને અનુલક્ષીને એલએલ.બી.ના જૂના અભ્યાસક્રમ મુજબની પરીક્ષામાં નાપાસ થયેલા વિદ્યાર્થીઓને જો તેમણે જૂના અભ્યાસક્રમની પરીક્ષાના વિષયમાં મુક્તિ મેળવી હોય તો સદરહુ પરીક્ષાના નવા અભ્યાસક્રમના વિષયોમાં મુક્તિ આપવા અંગેની ઍકેડેમિક કાઉન્સિલની તા. ૧૯/૨૦-૧૧-૧૯૭૦ની સભાની ભલામણ પર વિચારણા કરવા બાબત :

આથી ઠરાવવામાં આવે છે કે એલએલ.બી.ના જૂના અભ્યાસક્રમ મુજબની પરીક્ષામાં નાપાસ થયેલા વિદ્યાર્થીઓને, જે તેમણે જૂના અભ્યાસક્રમ મુજબની પરીક્ષામાં કોઈ પ્રશ્નપત્ર કે પ્રશ્નપત્રોમાં મુક્તિ મેળવી હોય તો તે માટે નવા અભ્યાસક્રમમાં નીચે મુજબ મુક્તિ ગ્રાહ્ય ગણવી :

જૂનો અભ્યાસક્રમ	નવો અભ્યાસક્રમ
1. Hindu Law	1. Hindu Law & Mohamedan Law
"આપણી કૉલેજો હાલમાં માત્ર ચાર કલાક ચાલે છે અને તેથી પ્રાધ્યાપકો અને વિદ્યાર્થીઓ માત્ર ચાર કલાક કાર્ય કરે છે. ઉચ્ચ શિક્ષણમાં ઉચ્ચ ધોરણો સ્થાપવા માટે આવશ્યક છે કે Academic Community નું સર્જન થાય. આ ત્યારે જ શકય બને કે જ્યારે વિદ્યાર્થીઓ, પ્રાધ્યાપકો અને આચાર્યો દિવસમાં વધુ વખત કૉલેજ ઉપર રહે. આ અંગે સિન્ડિકેટે યોગ્ય વિચારણા કરવી જોઈએ."

અને

૫૬. આચાર્ય ગિરીશભાઈ પટેલના નીચેના પ્રસ્તાવ પર વિચારણા કરવા બાબત :

"આપણી કૉલેજોમાં વારંવાર થોડા થોડા સમયે આવતી રજાઓને કારણે અભ્યાસમાં સાતત્ય જળવાતું નથી તેમ જ વર્ષમાં માત્ર ૨૦૦થી પણ ઓછા દિવસો કૉલેજો કામ કરે છે. કામકાજના દિવસો વધારવાની જરૂર છે, માટે મોટા ભાગની રજાઓ બંધ કરવી જોઈએ. નાતાલની રજાઓ દરમ્યાન ભરાતી કૉન્ફરન્સોમાં જે કોઈ પ્રાધ્યાપકને જવું હોય તેને ચઢતા પગારની રજા કૉલેજોએ અને યુનિવર્સિટી ભવનોએ આપવાનો પ્રબંધ કરવો જોઈએ."

બાબત નં. ૫૫ અને ૫૬ની વિચારણા સાથે કરવામાં આવી.

તે પછી ઠરાવવામાં આવ્યું કે સદરહુ બાબતો અંગે સમગ્ર રીતે વિચારણા કરીને પોતાનો સુચિંતિત અહેવાલ રજૂ કરવા માટે નીચે જણાવેલા સભ્યોની સમિતિ રચવી :

(૧) પ્રો. કે. આર. ચંદ્રશેખરન
(૨) આચાર્ય એમ. સી. શાહ
(૩) આચાર્ય ગિરીશભાઈ પટેલ
(૪) આચાર્ય એચ. ટી. દવે
(૫) આચાર્ય ડૉ. ધીરુભાઈ દાકર
(૬) પ્રો. કૃષ્ણશંકર શાસ્ત્રી.

તે પછી સભાગૃહનું કામકાજ તા. ૫-૨-૧૯૭૨ના રોજ બંધ રાખવામાં આવ્યું અને રવિવાર, તા. ૬-૨-૧૯૭૨ના રોજ બપોરના ૧૨-૩૦ વાગ્યે ફરી મળતાં યાદી પરની બાકીની બાબતો વિચારણા માટે હાથ ધરવામાં આવી.

૫૭. આચાર્ય ગિરીશભાઈ પટેલના નીચેના પ્રસ્તાવ પર વિચારણા કરવા બાબત :

"આપણી યુનિવર્સિટી સંલગ્ન કૉલેજોની બનેલી છે એટલે સ્નાતક કક્ષા સુધી શિક્ષણ કૉલેજોમાં અપાય છે. આ કૉલેજો વચ્ચે જુદા જુદા સ્તરે અને વિવિધ હેતુઓ માટે જે સંકલન અને સહકાર હોવો જોઈએ તે જણાતો નથી અને પરિણામે શિક્ષણનાં ધોરણો લઘુતમ સપાટીએ ઊતરી ગયેલાં છે. આ પરિસ્થિતિમાં (૧) શહેરની કૉલેજો અને બહારના જુદા જુદા વિભાગોની કૉલેજોના શ્રેષ્ઠ વિદ્યાર્થીઓને સંગઠિત કરી તેમને ઉચ્ચ કક્ષાનું જ્ઞાન મળી શકે એ માટે જુદા જુદા વિષયોનાં વ્યાખ્યાનો વગેરે ગોઠવવાં જરૂરી છે અને આ વિદ્યાર્થીઓ વચ્ચે વધુ અભ્યાસલક્ષી સહકાર સ્થાપવો જરૂરી છે. આ અંગે સિન્ડિકેટે વિચારવાની જરૂર લાગે છે. આ માટે શ્રેષ્ઠ પ્રાધ્યાપકોનો પુલ બનાવવો જરૂરી છે."

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ રૂરલ બોર્ડ ઑફ એક્સ્ટ્રામ્યુરલ સ્ટડીઝની વિચારણા માટે મોકલવું.

૫૮. આચાર્ય ગિરીશભાઈ પટેલના નીચેના પ્રસ્તાવ પર વિચારણા કરવા બાબત :

"દર વર્ષે દેશમાં યોજવામાં આવતા પરિસંવાદો, કૉન્ફરન્સો વગેરેમાં પ્રતિનિધિઓ મોકલવા માટે યોગ્ય અને ચોક્કસ ધોરણો ઊભાં કરવાં જરૂરી છે. આને માટે આપણી યુનિવર્સિટીમાં તેમ જ કૉલેજોમાં કાર્ય કરતા શિક્ષકોએ દર વર્ષે કરેલા કાર્યની માહિતી ભેગી કરવી આવશ્યક જણાય છે. આ દિશામાં સિન્ડિકેટે યોગ્ય વિચાર કરવો જોઈએ."

આથી ઠરાવવામાં આવે છે કે જુદા જુદા વિષયો અંગે યોજવામાં આવતાં પરિષદો, પરિસંવાદો, વાર્ષિક સભાઓ ઇત્યાદિ પૈકી કયા કયા પરિસંવાદો, પરિષદો, વાર્ષિક સભાઓમાં યુનિવર્સિટીએ પ્રતિનિધિઓ મોકલવા જરૂરી છે, તથા તે પ્રતિનિધિઓની પસંદગી તથા તે અંગે ભાડા-ભથ્થાના ખર્ચ અંગે શાં ધોરણો રાખવાં તે બાબતમાં સમગ્ર રીતે વિચારણા કરીને પોતાનો સુચિંતિત અહેવાલ રજૂ કરવા માટે નીચેના સભ્યોની સમિતિ નીમવી :

(૧) પ્રો. કે. આર. ચન્દ્રશેખરન
(૨) આચાર્ય ગિરીશભાઈ પટેલ
(૩) શ્રી. ઇન્દ્રવદન મોદી
(૪) પ્રો. કે. એસ. શાસ્ત્રી
(૫) આચાર્ય એલ. ડી. દવે.

૫૯. આચાર્ય ગિરીશભાઈ પટેલના નીચેના પ્રસ્તાવ પર વિચારણા કરવા બાબત :

"કૉલેજોના અધ્યાપનકાર્યમાં દરેક ક્લાસના શ્રેષ્ઠ વિદ્યાર્થીઓનો ઉપયોગ કરી શકાય એમ હોય છે. દા.ત. ત્રીજા વર્ષ બી.કૉમ.નો શ્રેષ્ઠ વિદ્યાર્થી પ્રી-કૉમર્સ કે પ્રથમ વર્ષ કૉમર્સના વર્ગમાં ઉપયોગી થઈ શકે. આ દિશામાં વ્યવસ્થિત યોજના ઘડવાની આવશ્યકતા જણાય છે અને સિન્ડિકેટે આ અંગે યોગ્ય વિચારણા કરવી જોઈએ."

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ પ્રસ્તાવની નોંધ લેવી.

૬૦. Leave Vacancyમાં નિમાયેલ શિક્ષકને purely temporary રાહે નીમવામાં આવે તેમ જ તેવા શિક્ષકને નિમણૂકપત્રમાં જ આ અંગે સ્પષ્ટતા કરીને નીમવામાં આવે તો તેમને ઑર્ડિ. ૧૨૦-ડીના સંદર્ભમાં બે વર્ષની સેવા પછી આપોઆપ કાયમી થયેલા ગણવામાં આવશે નહિ એમ તોલાણી કૉલેજ ઑફ આર્ટ્સ ઍન્ડ સાયન્સ, આદિપુરના આચાર્યને માર્ગદર્શન આપ્યાના કુલપતિશ્રીના કાર્યની નોંધ લેવા બાબત; તથા ભવિષ્ય માટે ઑર્ડિ. ૧૨૦-ડીના સંદર્ભમાં જરૂરી સ્પષ્ટતા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બાબત અંગે કુલપતિશ્રીના સદરહુ કાર્યની નોંધ લેવી.

વધુમાં ઠરાવવામાં આવે છે કે ઑર્ડિ. ૧૨૦-ડીમાં નીચેનો પ્રોવિઝો ઉમેરવો અને તે રીતે સુધારેલા ઑ. ૧૨૦-ડી ને તાત્કાલિક અમલમાં મૂકવો :

Notwithstanding anything contained in the foregoing provisions, it shall be competent for a college or a recognised institution to appoint, in the event of a vacancy occurring on account of study leave and only on that account granted to a confirmed teacher holding a substantive appointment, a person as a temporary teacher for a period not exceeding three years, provided that — (*i*) the person holding this substantive appointment to whom study leave has been granted has been given lien of his post in his college or institution, as the case may be, and (*ii*) in the appointment letter issued to the incumbant appointed temporarily in the leave vacancy it has been expressly stated that his appointment is purely on a temporary character and is in a leave vacancy.

૬૧. કૉલેજ ઑફ એજ્યુકેશન, મુન્દ્રામાં ૧૯૭૧-૭૨ના વર્ષ દરમ્યાન યુનિવર્સિટીના નિ . અનુસ્નાતકની પાત્રતા ધરાવતા ગ્રંથપાલ નથી તે અંગે વિચારણા કરવા બાબત.

[નોંધ.—(૧) કૉલેજના ચાલુ ગ્રંથપાલને યુનિવર્સિટી ગ્રંથાલયમાં અભ્યાસક્રમ કરવા મોકલ્યા હ

(૨) કૉલેજે વારંવાર જાહેરખબર આપ્યા છતાં પાત્રતા ધરાવતા ગ્રંથપાલ મળી શક્યા નથી.]

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ કૉલેજમાં, ઉપરની હકીકત જોતાં, ચાલુ-વર્ષે ગ્રંથાલયની નિમણૂક ગ્રાહ્ય રાખવી.

૬૨. ભાદરણ આર્ટ્સ ઍન્ડ સાયન્સ કૉલેજ, ભાદરણમાં રસાયણવિજ્ઞાનના વ્યાખ્યાતા તરીકે ૧૯૬૯-૭૦ના શૈક્ષણિક વર્ષમાં બીજા સત્રમાં નોકરી સ્વીકાર્યા પછી તે કૉલેજમાં નોકરીમાં ન જોડાનાર શ્રી. ડી. જે. પટેલના કેસમાં શિક્ષકોની સેવાઓના તત્કાલીન નિયમો પૈકી નિયમ ૧૦ (૫) લાગુ પાડવા માટેના સદરહુ કૉલેજના આચાર્યશ્રીના પત્ર અંગે વિચારણા કરવા બાબત.

(નોંધ.—(૧) નિયમ ૧૦ (૫) નીચે ટાંકયો છે :

10. (5) A teacher including a Principal who has accepted an appointment in an affiliated college shall be bound to join and serve for at least one academic term and if he fails to do so without reasonable cause he shall not be considered as a recognised teacher for appointment in an affiliated college.

(૨) શ્રી. ડી. જે. પટેલને તા. ૯-૧૧-૧૯૭૧થી છૂટા થવા માટે યુ. પી. આર્ટ્સ અને શ્રીમતી એમ. જી. પંચાલ સાયન્સ કૉલેજ, પિલવાઈ તરફથી નોટિસ આપવામાં આવી હતી. વચગાળાના સમયમાં યુનિવર્સિટી

કાર્યાલયની દરમ્યાનગીરીથી પિલવાઈ કૉલેજે છૂટા કરાયેલા શિક્ષકોને નોકરીમાં પાછા રાખવાનું ઠરાવ્યું હોવાથી શ્રી. ડી. જે. પટેલ ભાદરણ કૉલેજમાં જોડાયા ન હતા.]

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બાબતની વિચારણા મોકૂફ રાખવી.

૬૩. ગુજરાત યુનિવર્સિટી ધારાની કલમ ૧૬ (૧) કલાસ (*ii*) (એ) (*iii*) (બી) હેઠળ સેનેટ પર ચૂંટાયેલ પ્રો. એન. જે. પટેલને ગુજરાત યુનિવર્સિટી ધારાની કલમ ૨૫ (૨) મુજબ તેઓએ ઇચ્છયા પ્રમાણે વિજ્ઞાન વિદ્યાશાખા હેઠળ આવતી "ભૌતિકવિજ્ઞાન" વિષયની અભ્યાસસમિતિ એનાયત કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે પ્રો. એન. જે. પટેલને ભૌતિકવિજ્ઞાનની અભ્યાસસમિતિનું સભ્યપદ આપવું.

૬૪. અમદાવાદની એમ. પી. શાહ કેન્સર હૉસ્પિટલ તા. ૧૫–૨–૧૯૬૬થી સરકાર હસ્તક લેવાતાં તે સિવિલ હૉસ્પિટલના એક ભાગરૂપ બનેલ હોઈ તેના સંદર્ભમાં સદરહુ હૉસ્પિટલના શિક્ષકગણને માન્યતા આપવા અંગે બી. જે. મેડિકલ કૉલેજના આચાર્યશ્રી તરફથી આવેલ તા. ૧–૧૨–૧૯૭૧ના પત્રાંક ૪–પી. જી. ૨૭–૧૮૭૧૩ પર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બાબત અંગે નીચે જણાવેલા સભ્યોની સ્થાનિક તપાસ-સમિતિ નીમવી :

(૧) ડૉ. જયંત હરિભક્તિ
(૨) ડૉ. સૌદામિનીબહેન પંડ્યા.

૬૫. રસાયણવિજ્ઞાનની અભ્યાસસમિતિની તા. ૮–૧૦–૧૯૭૧ની સભાની નીચેની ભલામણ પર વિચારણા કરવા બાબત :

"વધુમાં ઠરાવવામાં આવે છે કે પ્રથમ વર્ષ બી.એસસી.ના રસાયણવિજ્ઞાનની માર્ચ ૧૯૭૧ની પરીક્ષાના અહેવાલ ઉપર વિચારણા કરી વિદ્યાર્થીઓના જવાબપત્રો એકસરખી રીતે તપાસાય તે હેતુથી પ્રાધ્યિકો, અધ્યક્ષ તથા પરીક્ષકોની એક સભા જવાબપત્રો તપાસાય તે પહેલાં બોલાવવા માટે સિન્ડિકેટને ભલામણ કરવી."

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ ભલામણ મંજૂર કરવી નહીં.

૬૬. યુવરાજ શુભગસિંહજી આર્ટ્સ એન્ડ કૉ. કે. એસ. શાહ કૉમર્સ કૉલેજ, દેવગઢબારિયા તરફથી જૂન ૧૯૭૨થી બી.એ.(પ્રિન્સિ.)માં અર્થશાસ્ત્ર, ગુજરાતી અને બી.એ.(સબો.)માં સંસ્કૃત, મનોવિજ્ઞાન અને ઇતિહાસના અભ્યાસક્રમો શીખવવા માટે કાયમી જોડાણ માટેની અરજી.

એકેડેમિક કાઉન્સિલની ભલામણ

"આથી ઠરાવવામાં આવે છે કે યુવરાજ શુભગસિંહજી આર્ટ્સ એન્ડ કૉ. કે. એસ. શાહ કૉમર્સ કૉલેજ, દેવગઢબારિયા, શિક્ષકગણની નિમણૂકો અંગેની શરત સહિતની નીચે જણાવેલ શરતોનું પાલન સિન્ડિકેટને સંતોષ થાય તે રીતે તા. ૧૫–૫–૧૯૭૨ સુધીમાં કરે તો તેને બી.એ.(પ્રિન્સિ.)માં અર્થશાસ્ત્ર, ગુજરાતી; બી.એ.(સબો.)માં સંસ્કૃત, મનોવિજ્ઞાન અને ઇતિહાસના અભ્યાસક્રમો શીખવવા માટે તા. ૧૫–૬–૧૯૭૨થી તા. ૧૪–૬–૧૯૭૭ સુધીનું ચાલુ જોડાણ આપવા સિન્ડિકેટને તથા સેનેટને ભલામણ કરવી :

૧. વાણિજ્યના પ્રાધ્યાપકની નિમણૂક કરવામાં આવે;
૨. વાંચનાલય અને પુસ્તકાલય માટે મોટા ખંડની વ્યવસ્થા કરવામાં આવે;

૩. ગ્રંથાલય માટે સેનેટે અત્યાર સુધી વખતોવખત મૂકેલી શરતો પ્રમાણે ગ્રંથાલય પાછળ પૂરેપૂરો ખર્ચ કરવામાં આવ્યો છે તેનું વર્ષવાર આંકડા સાથેનું જરૂરી પ્રમાણપત્ર આપવામાં આવે અને જો તે અંગે અત્યાર સુધીની શરતોના સંદર્ભમાં ખર્ચ કરવામાં ઊણપ રહેલી હોય તો તેટલી રકમનાં પુસ્તકોની ખરીદી કરીને તેમ કર્યાની જાણ કરવામાં આવે;

૪. પુસ્તકો અને સામયિકો માટે પ્રત્યેક વિદ્યાશાખા દીઠ પ્રતિવર્ષ રૂ. ૩,૦૦૦નો આવર્તક ખર્ચ કરવામાં આવે;

૫. યુનિવર્સિટીનાં ધારાધોરણો મુજબ શિક્ષકોને પગારધોરણ, મોંઘવારી ભથ્થું અને ઘરભાડા ભથ્થું આપવામાં આવે તથા તેમને તેમ જ છૂટા થયેલા શિક્ષકોને વેતન, વળતર કે અન્ય જે કાંઈ લેણું ચૂકવવાનું બાકી હોય તો તે ચૂકવી આપવામાં આવે; અને

૬. પ્રૉવિડંટ ફંડ અંગે સંચાલકમંડળના ફાળા અને ટ્રસ્ટની રચના સહિતનાં યુનિવર્સિટીનાં તમામ ધારાધોરણોનું પાલન કરવામાં આવે."

આથી ઠરાવવામાં આવે છે કે ઍકેડેમિક કાઉન્સિલની ઉપરની ભલામણ સાથે સિન્ડિકેટ સંમત છે એમ સેનેટને રિપોર્ટ કરવો.

૬૭. શ્રી કિશનદાસ કીકાણી આર્ટ્સ ઍન્ડ કૉમર્સ કૉલેજ, ધાંધુકા તરફથી જૂન ૧૯૭૨થી બી.કૉમ.માં આંકડાશાસ્ત્રના અભ્યાસક્રમો શીખવવા માટે ચાલુ જોડાણ માટેની અરજી.

ઍકેડેમિક કાઉન્સિલની ભલામણ

"આથી ઠરાવવામાં આવે છે કે શ્રી. કિશનદાસ કીકાણી આર્ટ્સ ઍન્ડ કૉમર્સ કૉલેજ, ધાંધુકા નીચે જણાવેલ શરતોનું પાલન સિન્ડિકેટને સંતોષ થાય તે રીતે તા. ૧૫--૫--૧૯૭૨ સુધીમાં કરે તો તેને બી.કૉમ.માં આંકડાશાસ્ત્રના અભ્યાસક્રમો શીખવવા માટે તા. ૧૫--૬--૧૯૭૨થી તા. ૧૪--૬--૧૯૭૪ સુધીનું ચાલુ જોડાણ આપવા સિન્ડિકેટને તથા સેનેટને ભલામણ કરવી :

૧. યોગ્ય લાયકાત ધરાવતા ગ્રંથપાલની નિમણૂક કરવામાં આવે;

૨. ગ્રંથાલય માટે સેનેટે અત્યાર સુધી વખતોવખત મૂકેલી શરતો પ્રમાણે ગ્રંથાલય પાછળ પૂરેપૂરો ખર્ચ કરવામાં આવ્યો છે તેનું વર્ષવાર આંકડા સાથેનું જરૂરી પ્રમાણપત્ર આપવામાં આવે અને જો તે અંગે અત્યાર સુધીની શરતોના સંદર્ભમાં ખર્ચ કરવામાં ઊણપ રહેલી હોય તો તેટલી રકમનાં પુસ્તકોની ખરીદી કરીને તેમ કર્યાની જાણ કરવામાં આવે;

૩. પુસ્તકો અને સામયિકો માટે પ્રત્યેક વિદ્યાશાખા દીઠ પ્રતિવર્ષ રૂ. ૩,૦૦૦નો આવર્તક ખર્ચ કરવામાં આવે;

૪. યુનિવર્સિટીનાં ધારાધોરણ મુજબ શિક્ષકોને પગારધોરણ, મોંઘવારી ભથ્થું અને ઘરભાડા ભથ્થું આપવામાં આવે તથા તેમને તેમ જ છૂટા થયેલા શિક્ષકોને વેતન, વળતર કે અન્ય જે કાંઈ લેણું ચૂકવવાનું બાકી હોય તો તે ચૂકવી આપવામાં આવે; અને

૫. પ્રૉવિડંટ ફંડ અંગે સંચાલકમંડળના ફાળા અને ટ્રસ્ટની રચના સહિતનાં યુનિવર્સિટીનાં તમામ ધારાધોરણોનું પાલન કરવામાં આવે."

આથી ઠરાવવામાં આવે છે કે ઍકેડેમિક કાઉન્સિલની ઉપરની ભલામણ સાથે સિન્ડિકેટ સંમત છે એમ સેનેટને રિપોર્ટ કરવો.

૬૮. શ્રીમતી એચ. સી. પટેલ (કંડારી) આર્ટ્સ એન્ડ કૉમર્સ કૉલેજ, મિયાગામ-કરજણ તરફથી જૂન ૧૯૭૨થી બી.એ.(સબૉ.)માં અંગ્રેજીના અભ્યાસક્રમો શીખવવા માટે ચાલુ જોડાણ માટેની અરજી.

એકૅડેમિક કાઉન્સિલની ભલામણ

"આથી ઠરાવવામાં આવે છે કે શ્રીમતી એચ. સી. પટેલ (કંડારી) આર્ટ્સ એન્ડ કૉમર્સ કૉલેજ, મિયાગામ-કરજણ નીચે જણાવેલ શરતોનું પાલન સિન્ડિકેટને સંતોષ થાય તે રીતે તા. ૧૫--૫--૧૯૭૨ સુધીમાં કરે તો તેને બી.એ.(સબૉ.)માં અંગ્રેજીના અભ્યાસક્રમો શીખવવા માટે તા. ૧૫--૬--૧૯૭૨થી તા. ૧૪--૬--૧૯૭૫ સુધીનું ચાલુ જોડાણ આપવા સિન્ડિકેટને તથા સેનેટને ભલામણ કરવી :

૧. ગ્રંથાલય માટે સેનેટે અત્યાર સુધી વખતોવખત મૂકેલી શરતો પ્રમાણે ગ્રંથાલય પાછળ પૂરેપૂરો ખર્ચ કરવામાં આવ્યો છે તેનું વર્ષવાર આંકડા સાથેનું જરૂરી પ્રમાણપત્ર આપવામાં આવે અને જો તે અંગે અત્યાર સુધીની શરતોના સંદર્ભમાં ખર્ચ કરવામાં ઊણપ રહેલી હોય તો તેટલી રકમનાં પુસ્તકોની ખરીદી કરીને તેમ કર્યાની જાણ કરવામાં આવે;

૨. પુસ્તકો અને સામયિકો માટે પ્રત્યેક વિદ્યાશાખા દીઠ પ્રતિવર્ષ રૂ. ૩,૦૦૦નો આવર્તક ખર્ચ કરવામાં આવે;

૩. યુનિવર્સિટીનાં ધારાધોરણ મુજબ શિક્ષકોને પગારધોરણ, મોંઘવારી ભથ્થું અને ઘરભાડા ભથ્થું આપવામાં આવે તથા તેમને તેમ જ છૂટા થયેલા શિક્ષકોને વેતન, વળતર કે અન્ય જે કાંઈ લેણું ચૂકવવાનું બાકી હોય તો તે ચૂકવી આપવામાં આવે; અને

૪. પ્રૉવિડંટ ફંડ અંગે સંચાલકમંડળના ફાળા અને ટ્રસ્ટની રચના સહિતનાં યુનિવર્સિટીનાં તમામ ધારાધોરણોનું પાલન કરવામાં આવે."

આથી ઠરાવવામાં આવે છે કે એકૅડેમિક કાઉન્સિલની ઉપરની ભલામણ સાથે સિન્ડિકેટ સંમત છે એમ સેનેટને રિપોર્ટ કરવો.

૬૯. કૉલેજ ઑફ નર્સિંગ, અમદાવાદ તરફથી દ્વિતીય વર્ષ પોસ્ટ-બેઝિક બી.એસસી. (નર્સિંગ) સુધીના અભ્યાસક્રમો શીખવવા માટે ચાલુ જોડાણ માટેની અરજી.

એકૅડેમિક કાઉન્સિલની ભલામણ

"આથી ઠરાવવામાં આવે છે કે કૉલેજ ઑફ નર્સિંગ, અમદાવાદ શિક્ષકગણની નિમણૂકો અંગેની શરત સહિતની નીચે જણાવેલ શરતોનું પાલન સિન્ડિકેટને સંતોષ થાય તે રીતે તા. ૧૫--૫--૧૯૭૨ સુધીમાં કરે તો તેને દ્વિતીય વર્ષ બી.એસસી. (નર્સિંગ)ના અભ્યાસક્રમો શીખવવા માટે તા. ૧૫--૬--૧૯૭૨થી તા. ૧૪--૬--૧૯૭૩ સુધીનું ચાલુ જોડાણ આપવા સિન્ડિકેટને તથા સેનેટને ભલામણ કરવી :

૧. નીચે જણાવેલ નિમણૂકો કરવામાં આવે :

(૧) પબ્લિક હેલ્થના વ્યાખ્યાતા

(૨) જનરલ એજ્યુકેશનના વ્યાખ્યાતા;

૨. ગ્રંથાલય માટે સેનેટે અત્યાર સુધી વખતોવખત મૂકેલી શરતો પ્રમાણે ગ્રંથાલય પાછળ પૂરેપૂરો ખર્ચ કરવામાં આવ્યો છે તેનું વર્ષવાર આંકડા સાથેનું જરૂરી પ્રમાણપત્ર આપવામાં આવે અને જો તે અંગે

અત્યાર સુધીની શરતોના સંદર્ભમાં ખર્ચ કરવામાં ઊણપ રહેલી હોય તો તેટલી રકમનાં પુસ્તકોની ખરીદી કરીને તેમ કર્યાની જાણ કરવામાં આવે;

૩. પુસ્તકો અને સામયિકો માટે પ્રતિવર્ષ રૂ. ૩,૦૦૦નો આવર્તક ખર્ચ કરવામાં આવે;

૪. યુનિવર્સિટીનાં ધારાધોરણ મુજબ શિક્ષકોને પગારધોરણ, મોંઘવારી ભથ્થું અને ઘરભાડા ભથ્થું આપવામાં આવે તથા તેમને તેમ જ છૂટા થયેલા શિક્ષકોને વેતન, વળતર કે અન્ય જે કાંઈ લેણું ચૂકવવાનું બાકી હોય તો તે ચૂકવી આપવામાં આવે; અને

૫. પ્રૉવિડંટ ફંડ અંગે સંચાલકમંડળના ફાળા અને ટ્રસ્ટની રચના સહિતનાં યુનિવર્સિટીનાં તમામ ધારાધોરણોનું પાલન કરવામાં આવે."

આથી ઠરાવવામાં આવે છે કે એકેડેમિક કાઉન્સિલની ઉપરની ભલામણ સાથે સિન્ડિકેટ સંમત છે એમ સેનેટને રિપોર્ટ કરવો.

૭૦. શ્રી સહજાનંદ આર્ટ્સ એન્ડ કૉમર્સ કૉલેજ, અમદાવાદ તરફથી જૂન ૧૯૭૨થી બી.એ.(પ્રિન્સિ.)માં અંગ્રેજીના અભ્યાસક્રમો શીખવવા માટે ચાલુ જોડાણ માટેની અરજી.

એકેડેમિક કાઉન્સિલની ભલામણ

"આથી ઠરાવવામાં આવે છે કે સહજાનંદ આર્ટ્સ એન્ડ કૉમર્સ કૉલેજ, અમદાવાદ નીચે જણાવેલ શરતોનું પાલન સિન્ડિકેટને સંતોષ થાય તે રીતે તા. ૧૫-૫-૧૯૭૨ સુધીમાં કરે તો તેને બી.એ.(પ્રિન્સિ.)માં અંગ્રેજીના અભ્યાસક્રમો શીખવવા માટે તા. ૧૫-૬-૧૯૭૨થી તા. ૧૪-૬-૧૯૭૪ સુધીનું ચાલુ જોડાણ આપવા સિન્ડિકેટને તથા સેનેટને ભલામણ કરવી :

૧. અંગ્રેજી વિષયનાં પુસ્તકો માટે રૂ. ૨,૦૦૦નો અનાવર્તક ખર્ચ કરવામાં આવે;

૨. ગ્રંથાલય માટે સેનેટે અત્યાર સુધી વખતોવખત મૂકેલી શરતો પ્રમાણે ગ્રંથાલય પાછળ પૂરેપૂરો ખર્ચ કરવામાં આવ્યો છે તેનું વર્ષવાર આંકડા સાથેનું જરૂરી પ્રમાણપત્ર આપવામાં આવે અને જે તે અંગે અત્યાર સુધીની શરતોના સંદર્ભમાં ખર્ચ કરવામાં ઊણપ રહેલી હોય તો તેટલી રકમનાં પુસ્તકોની ખરીદી કરીને તેમ કર્યાની જાણ કરવામાં આવે;

૩. પુસ્તકો અને સામયિકો માટે પ્રત્યેક વિદ્યાશાખા દીઠ પ્રતિવર્ષ રૂ. ૩,૦૦૦નો આવર્તક ખર્ચ કરવામાં આવે;

૪. યુનિવર્સિટીનાં ધારાધોરણ મુજબ શિક્ષકોને પગારધોરણ, મોંઘવારી ભથ્થું અને ઘરભાડા ભથ્થું આપવામાં આવે તથા તેમને તેમ જ છૂટા થયેલા શિક્ષકોને વેતન, વળતર કે અન્ય જે કાંઈ લેણું ચૂકવવાનું બાકી હોય તો તે ચૂકવી આપવામાં આવે; અને

૫. પ્રૉવિડંટ ફંડ અંગે સંચાલકમંડળના ફાળા અને ટ્રસ્ટના ફાળાની રચના સહિતનાં યુનિવર્સિટીનાં તમામ ધારાધોરણોનું પાલન કરવામાં આવે."

આથી ઠરાવવામાં આવે છે કે એકેડેમિક કાઉન્સિલની ઉપરની ભલામણ સાથે સિન્ડિકેટ સંમત છે એમ સેનેટને રિપોર્ટ કરવો.

૭૧. બી. ડી. સાયન્સ કૉલેજ, અમદાવાદ તરફથી જૂન ૧૯૭૨થી પ્રથમ વર્ષ બી.એસસી.માં જીવવિજ્ઞાન; બી.એસસી.(રૂપે.)માં રસાયણવિજ્ઞાન; તથા બી.એસસી.(જન.)માં ભૌતિકવિજ્ઞાનના અભ્યાસક્રમો શીખવવા માટે ચાલુ જોડાણ માટેની અરજી.

એકેડેમિક કાઉન્સિલની ભલામણ

"આથી ઠરાવવામાં આવે છે કે બી. ડી. સાયન્સ કૉલેજ, અમદાવાદ નીચે જણાવેલ શરતોનું પાલન સિન્ડિકેટને સંતોષ થાય તે રીતે તા. ૧૫—૫—૧૯૭૨ સુધીમાં કરે તો તેને પ્રથમ વર્ષ બી.એસસી.માં જીવવિજ્ઞાન; તથા બી.એસસી.(રૂપે.)માં રસાયણવિજ્ઞાન અને બી.એસસી (જન.)માં ભૌતિકવિજ્ઞાનના અભ્યાસક્રમો શીખવવા માટે તા. ૧૫—૬—૧૯૭૨થી તા. ૧૪—૬—૧૯૭૩ સુધીનું ચાલુ જોડાણ આપવા સિન્ડિકેટને તથા સેનેટને ભલામણ કરવી:

૧. હાલના મકાનમાં પ્લાન મુજબ બાંધકામ કરવામાં આવે;

૨. રૂ. ૫,૦૦૦નાં પુસ્તકો માટે અનાવર્તક ખર્ચ કરવામાં આવે;

૩. નીચેનાં સાધનો સહિત જરૂરી સાધનો ખરીદવામાં આવે:

(૧) Orset gas analysis apparatus
(૨) pH meter
(૩) Potentiometer
(૪) Thermostat;

૪. ગ્રંથાલય માટે સેનેટે અત્યાર સુધી વખતોવખત મૂકેલી શરતો પ્રમાણે ગ્રંથાલય પાછળ પૂરેપૂરો ખર્ચ કરવામાં આવ્યો છે તેનું વર્ષવાર આંકડા સાથેનું જરૂરી પ્રમાણપત્ર આપવામાં આવે અને જો તે અંગે અત્યાર સુધીની શરતોના સંદર્ભમાં ખર્ચ કરવામાં ઊણપ રહેવી હોય તો તેટલી રકમનાં પુસ્તકોની ખરીદી કરીને તેમ કર્યાની જાણ કરવામાં આવે;

૫. પુસ્તકો અને સામયિકો માટે પ્રત્યેક વિદ્યાશાખા દીઠ પ્રતિવર્ષ રૂ. ૩,૦૦૦નો આવર્તક ખર્ચ કરવામાં આવે;

૬. યુનિવર્સિટીનાં ધારાધોરણ મુજબ શિક્ષકોને પગારધોરણ, મોંઘવારી ભથ્થું અને ઘરભાડા ભથ્થું આપવામાં આવે તથા તેમને તેમ જ છૂટા થયેલા શિક્ષકોને વેતન, વળતર કે અન્ય જે કાંઈ હોય તે ચૂકવવાનું બાકી હોય તો તે ચૂકવી આપવામાં આવે; અને

૭. પ્રૉવિડંટ ફંડ અંગે સંચાલકમંડળના ફાળા અને ટ્રસ્ટની રચના સહિતનાં યુનિવર્સિટીનાં તમામ ધારાધોરણોનું પાલન કરવામાં આવે."

આથી ઠરાવવામાં આવે છે કે એકેડેમિક કાઉન્સિલની ઉપરની ભલામણમાં નીચેની શરતોને ઉમેરી સદરહુ સુધારા સાથે એકેડેમિક કાઉન્સિલની ઉપર જણાવેલ ભલામણ મંજૂર કરવામાં આવે:

"૮. તા. ૧૫મી મે ૧૯૭૨ સુધીમાં પ્લાન મુજબ કૉલેજનું મકાન તૈયાર ન થાય તો કેવળ બહેનોને જ પ્રવેશ આપી શકાશે, અને ૫૦થી વધુ વિદ્યાર્થિનીઓને પ્રવેશ આપી શકાશે નહીં;

૯. તા. ૧૫મી મે ૧૯૭૨ સુધીમાં પ્લાન મુજબ પૂરતી સુવિધાવાળું મકાન તૈયાર થાય તો ભાઈઓ અને બહેનો બન્નેને પ્રવેશ આપી શકાશે, અને ૩૦૦ની સંખ્યા સુધી વિદ્યાર્થીઓને પ્રવેશ

આપી શકાશે; પરંતુ મકાનની તપાસ માટે જે સમિતિ નીમવામાં આવે તેના અહેવાલના સંદર્ભમાં ચોક્કસ સંખ્યા મુકરર કરવામાં આવશે."

૭૧-અ. તે પછી સભાગૃહની સંમતિથી નીચેની બાબત રજૂ કરવામાં આવી, અને ઠરાવવામાં આવ્યું કે "સંલગ્ન કૉલેજો"માં યુનિવર્સિટીનાં ધારાધોરણોનું યથાર્થ પરિપાલન થાય તે જોવા માટે નીચે જણાવેલા સભ્યોની બનેલી એક તકેદારી સમિતિ (Vigilance Committee) નીમવી :

(૧) શ્રી. ઈન્દ્રવદન અં. મોદી

(૨) આચાર્ય એમ. સી. શાહ

(૩) આચાર્ય ગિરીશભાઈ પટેલ

(૪) ડૉ. ધીરુભાઈ ઠાકર

(૫) ડૉ. એમ. એન. દેસાઈ.

૭૨. અમદાવાદ કૉમર્સ કૉલેજ, અમદાવાદ તરફથી જૂન ૧૯૭૨થી બી.કૉમ.માં આંકડાશાસ્ત્રના અભ્યાસક્રમો શીખવવા માટે ચાલુ જોડાણ માટેની અરજી.

એકેડેમિક કાઉન્સિલની ભલામણ

"આથી ઠરાવવામાં આવે છે કે અમદાવાદ કૉમર્સ કૉલેજ, અમદાવાદ નીચે જણાવેલ શરતોનું પાલન સિન્ડિકેટને સંતોષ થાય તે રીતે તા. ૧૫-૫-૧૯૭૨ સુધીમાં કરે તો તેને બી.કૉમ.માં આંકડાશાસ્ત્રના અભ્યાસક્રમો શીખવવા માટે તા. ૧૫-૬-૧૯૭૨થી તા. ૧૪-૬-૧૯૭૪ સુધીનું ચાલુ જોડાણ આપવા સિન્ડિકેટને તથા સેનેટને ભલામણ કરવી :

૧. આંકડાશાસ્ત્ર વિષયનાં પુસ્તકો ખરીદવા પાછળ રૂ. ૨,૦૦૦નો અનાવર્તક ખર્ચ કરવામાં આવે;

૨. ગ્રંથાલય માટે સેનેટે અત્યાર સુધી વખતોવખત મૂકેલી શરતો પ્રમાણે ગ્રંથાલય પાછળ પૂરેપૂરો ખર્ચ કરવામાં આવ્યો છે તેનું વર્ષવાર આંકડા સાથેનું જરૂરી પ્રમાણપત્ર આપવામાં આવે અને જો તે અંગે અત્યાર સુધીની શરતોના સંદર્ભમાં ખર્ચ કરવામાં ઊણપ રહેલી હોય તો તેટલી રકમનાં પુસ્તકોની ખરીદી કરીને તેમ કર્યાની જાણ કરવામાં આવે;

૩. પુસ્તકો અને સામયિકો માટે પ્રત્યેક વિદ્યાશાખા દીઠ પ્રતિવર્ષ રૂ. ૩,૦૦૦નો આવર્તક ખર્ચ કરવામાં આવે;

૪. યુનિવર્સિટીનાં ધારાધોરણ મુજબ શિક્ષકોને પગારધોરણ, મોંઘવારી ભથ્થું અને ઘરભાડા ભથ્થું આપવામાં આવે તથા તેમને તેમ જ છૂટા થયેલા શિક્ષકોને વેતન, વળતર કે અન્ય જે કાંઈ લેણું ચૂકવવાનું બાકી હોય તો તે ચૂકવી આપવામાં આવે; અને

૫. પ્રૉવિડંટ ફંડ અંગે સંચાલકમંડળના ફાળા અને ટ્રસ્ટની રચના સહિતનાં યુનિવર્સિટીનાં તમામ ધારાધોરણોનું પાલન કરવામાં આવે."

આથી ઠરાવવામાં આવે છે કે એકેડેમિક કાઉન્સિલની ઉપરની ભલામણ સાથે સિન્ડિકેટ સંમત છે એમ સેનેટને રિપોર્ટ કરવો.

૭૩. ભવન્સ જશોદાબહેન કૉમર્સ કૉલેજ, ડાકોર તરફથી જૂન ૧૯૭૨થી બી.કૉમ.માં એડવાન્સ્ડ એકાઉન્ટિંગ ઍન્ડ ઑડિટિંગ અને બૅંકિંગના અભ્યાસક્રમો શીખવવા માટે ચાલુ જોડાણ માટેની અરજી.

ઍકૅડેમિક કાઉન્સિલની ભલામણ

"આથી ઠરાવવામાં આવે છે કે ભવન્સ જશોદાબહેન કૉમર્સ કૉલેજ, ડાકોર, શિક્ષકગણની નિમણૂકો અંગેની શરત સહિતની નીચે જણાવેલ શરતોનું પાલન સિન્ડિકેટને સંતોષ થાય તે રીતે તા. ૧૫--૫--૧૯૭૨ સુધીમાં કરે તો તેને બી.કૉમ.માં એડવાન્સ્ડ એકાઉન્ટિંગ ઍન્ડ ઑડિટિંગના અભ્યાસક્રમો શીખવવા માટે તા. ૧૫--૬--૧૯૭૨થી તા. ૧૪--૬--૧૯૭૪ સુધીનું ચાલુ જોડાણ આપવા સિન્ડિકેટને તથા સેનેટને ભલામણ કરવી :

૧. નીચે પ્રમાણે નિમણૂકો કરવામાં આવે :

(૧) વાણિજ્યના એક પ્રાધ્યાપક

(૨) એકાઉન્ટન્સીના એક પ્રાધ્યાપક

(૩) અંગ્રેજીના ખંડ સમયના વ્યાખ્યાતા

(૪) વાણિજ્ય કાયદાના ખંડ સમયના વ્યાખ્યાતા;

૨. ગ્રંથાલય માટે સેનેટે અત્યાર સુધી વખતોવખત મૂકેલી શરતો પ્રમાણે ગ્રંથાલય પાછળ પૂરેપૂરો ખર્ચ કરવામાં આવ્યો છે તેનું વર્ષવાર આંકડા સાથેનું જરૂરી પ્રમાણપત્ર આપવામાં આવે અને જો તે અંગે અત્યાર સુધીની શરતોના સંદર્ભમાં ખર્ચ કરવામાં ઊણપ રહેલી હોય તો તેટલી રકમનાં પુસ્તકોની ખરીદી કરીને તેમ કર્યાની જાણ કરવામાં આવે;

૩. પુસ્તકો અને સામયિકો માટે પ્રત્યેક વિદ્યાશાખા દીઠ પ્રતિવર્ષ રૂ. ૩,૦૦૦નો આવર્તક ખર્ચ કરવામાં આવે;

૪. યુનિવર્સિટીનાં ધારાધોરણ મુજબ શિક્ષકોને પગારધોરણ, મોંઘવારી ભથ્થું અને ઘરભાડા ભથ્થું આપવામાં આવે તથા તેમને તેમ જ છૂટા થયેલા શિક્ષકોને વેતન, વળતર કે અન્ય જે કાંઈ લેણું ચૂકવવાનું બાકી હોય તો તે ચૂકવી આપવામાં આવે; અને

૫. પ્રૉવિડંટ ફંડ અંગે સંચાલકમંડળના ફાળા અને ટ્રસ્ટની રચના સહિતનાં યુનિવર્સિટીનાં તમામ ધારાધોરણોનું પાલન કરવામાં આવે.

આથી ઠરાવવામાં આવે છે કે ઍકૅડેમિક કાઉન્સિલની ઉપરની ભલામણ સાથે સિન્ડિકેટ સંમત છે એમ સેનેટને રિપોર્ટ કરવો.

૭૪. તા. ૨૯/૩૦–૯–૧૯૭૧ અને તા. ૮–૧–૧૯૭૨ના રોજ મળેલ સેનેટની વિશેષ સભામાં મંજૂર થયેલ નીચેના ઠરાવ પર આગળ ઘટતાં પગલાં લેવા અંગે વિચારણા કરવા બાબત :

"સેનેટની આ સભા સંબદ્ધ સત્તામંડળોને ભલામણ કરે છે કે વ્યાખ્યાતા તરીકે લાયક હોવા છતાં ટ્યૂટર તરીકે કામ કરતી વ્યકિતઓનો શૈક્ષણિક અનુભવ પ્રાધ્યાપક તરીકે બઢતી અને અનુસ્નાતક શિક્ષકપદની યોગ્યતા માટે ગણતરીમાં લેવા અંગેના સુયોગ્ય નિયમો ઘડવા."

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બાબત ઍકૅડેમિક કાઉન્સિલની વિચારણા માટે મોકલવી.

૭૫. તા. ૨૯/૩૦-૯-૧૯૭૧ તથા ૮-૧-૧૯૭૨ના રોજ મળેલી સેનેટની વિશેષ સભામાં પસાર થયેલ નીચેના ઠરાવ પર આગળ ઘટતાં પગલાં લેવા અંગે વિચારણા કરવા બાબત :

"ગ્રંથાલયશાસ્ત્રમાં લાયકાત ધરાવતા હોય તેવા ગ્રંથપાલ સંલગ્ન કૉલેજોમાં નિયુકત થાય એવા નિયમો ઘડીને તે નિયમો પળાવવાનો યુનિવર્સિટી એક તરફ આગ્રહ રાખે છે અને બીજી તરફ તેમનાં પગારધોરણો સૂચવવા કે સુધારવા તરફ યુનિવર્સિટી ધારાને આગળ ધરીને દુર્લક્ષ સેવે છે, તેની આ સભા સખેદ નોંધ લે છે. વળી યુ.જી.સી. સૂચિત નવાં પગારધોરણો અધ્યાપકો માટે સૂચવાયાં તેમાં કેન્દ્ર સરકારે ગ્રંથપાલોને પણ તા. ૧-૪-૧૯૬૬થી નવાં પગારધોરણો આપવાની ભલામણ સ્વીકારી છે. પરંતુ ગુજરાત સરકારે તે વાજબી ભલામણને પણ ધ્યાનમાં લીધી નથી અને ગુજરાત યુનિવર્સિટીએ પણ તે અંગે કોઈ સક્રિય રજૂઆત કરી નથી તેની આ સભા નોંધ લે છે અને યુનિવર્સિટી આ બાબતમાં સક્રિય બની ગ્રંથપાલોનાં પગારધોરણો ગુજરાત સરકાર સ્વીકારે તે માટે નક્કર રજૂઆત કરે તેવી આ સભા યુનિવર્સિટીને આગ્રહભરી વિનંતી કરે છે."

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બાબત અંગે રાજ્ય સરકારને ઘટતો પત્ર લખીને તે અંગે પોતાનો નિર્ણય ત્વરિત કરવા માટે વિનંતી કરવી.

૭૫-અ. તે પછી સભાગૃહની સંમતિથી ઠરાવવામાં આવ્યું કે ખંભાતની કૉલેજોમાં શિક્ષકોના પગારની ચુકવણી, વિદ્યાર્થીઓના પ્રવેશ તથા છાત્રાલયનાં મકાન, રસોડું અને ફર્નિચર અંગેના પ્રશ્નો ઉપર, ઉપર બાબત નં. ૭૧-અ માં જણાવેલ તકેદારી સમિતિને વિચારણા કરવા માટે જણાવવું.

૭૬. તા. ૨૯/૩૦-૯-૧૯૭૧ અને તા. ૮-૧-૧૯૭૨ના રોજ મળેલી સેનેટની વિશેષ સભામાં મંજૂર થયેલ નીચેના ઠરાવ પર આગળ ઘટતાં પગલાં લેવા અંગે વિચારણા કરવા બાબત :

"આજની આ સભા સિન્ડિકેટને તથા સંબંધિત મંડળોને વિનંતી કરે છે કે યુનિવર્સિટીની વિનયન, વાણિજ્ય અને વિજ્ઞાનની પરીક્ષાઓમાં તેજસ્વી વિદ્યાર્થીઓ માટે અલગ ઑનર્સ કોર્સની જોગવાઈ કરે."

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બાબત એકેડેમિક કાઉન્સિલની વિચારણા માટે મોકલવી.

૭૭. વિજ્ઞાન વિદ્યાભવનમાં લેકચરર-ઈન-બોટેની અને લેકચરર-ઈન-ઝૂલોજીની જગ્યા માટેની સિન્ડિકેટની બનેલી વરણીસમિતિની તા. ૨૪-૧-૧૯૭૨ની ભલામણ ઉપર વિચારણા કરવા બાબત :

આથી ઠરાવવામાં આવે છે કે—

(૧) લેકચરર-ઈન-બોટાનીની નિમણૂક અંગેની વરણીસમિતિની ભલામણ સ્વીકારવી અને તે પ્રમાણે તે જગ્યા માટે ફરીથી જાહેરખબર આપીને નવેસરથી અરજીઓ મગાવવી.

(૨) લેકચરર-ઈન-ઝૂલોજીની નિમણૂક અંગેની વરણીસમિતિની ભલામણ સ્વીકારવી, અને તે પ્રમાણે ડૉ. એસ. સી. લખોટિયાને લેકચરર-ઈન-ઝૂલોજીની જગ્યા પર રૂ. ૪૦૦-૪૮-૮૦૮-૫૦-૯૫૦ના પગારધોરણમાં ગૂળ માસિક પગાર રૂ. ૬૪૦-૦૦ના પગારથી બે વર્ષના અજમાયશી ધોરણે તા. ૧૫મી જૂન ૧૯૭૨થી નિમણૂક કરવી.

(સદરહુ વરણીસમિતિની નોંધ આ સાથે **પરિશિષ્ટ "ક"** તરીકે સામેલ છે.)

તે પછી બાબત નં. ૧૧૮ વિચારણા માટે હાથ ધરવામાં આવી.

૧૧૮. સમાજવિદ્યા ભવનના અર્થશાસ્ત્રના વ્યાખ્યાતા ડૉ. એમ. એસ. ત્રિવેદીને તા. ૧૫-૮-૧૯૬૮થી તા. ૧૪-૮-૧૯૬૯ સુધીની બિનપગારી અભ્યાસ-રજાઓ તેઓ યુનિવર્સિટીને ત્રણ વર્ષની સેવાઓ આપે તે શરતે સિન્ડિકેટે મંજૂર કરેલી હતી, પરંતુ તેઓ હાજર થયેલા નહિ તેથી શરત પ્રમાણે ત્રણ માસનો નોટિસ-પે ભરપાઈ કરવાનો થાય તેમાંથી તેઓને મુક્તિ આપવાની તેઓની તા. ૩૧-૧૨-૧૯૭૦ની અરજી ઉપર વિચારણા કરવા બાબત.

કેટલીક ચર્ચાવિચારણા બાદ ઠરાવવામાં આવ્યું કે શ્રી. એમ. એસ. ત્રિવેદીને ગ્રંથાલયનાં પુસ્તકો અંદાજી કિંમત રૂ. ૪૫૫-૫૦ પૈસાનાં પાછાં સોંપી દેવા અગર તો તેની કિંમત ભરપાઈ કરવા માટે જણાવવું.

વધુમાં શ્રી. ત્રિવેદી પાસેથી સદરહુ કરાર અન્વયે તેમને આપવાની થતી રૂ. ૧,૮૫૧ની રકમને બદલે તેમને પચાસ ટકા જેટલી રાહત આપીને રૂ. ૯૨૫-૫૦ પૈસાની રકમ ભરપાઈ કરવા જણાવવું.

૭૮. સમાજવિદ્યા ભવનમાં રીડર-ઈન-ઈકોનોમિક્સની બે જગાઓ માટેની વરણીસમિતિની તા. ૨૨-૧-૧૯૭૨ની ભલામણ ઉપર વિચારણા કરવા બાબત.

કેટલીક ચર્ચાવિચારણાને અંતે વધુમતે ઠરાવવામાં આવ્યું કે સદરહુ વરણીસમિતિની ભલામણ મંજૂર કરવી અને તે પ્રમાણે સર્વશ્રી એમ. એસ. ત્રિવેદી અને જે. આઈ લાલીવાલાને પ્રત્યેકને મૂળ માસિક પગાર રૂ. ૭૫૦-૦૦થી તા. ૧૫મી જૂન ૧૯૭૨થી સમાજવિદ્યા ભવનમાં અર્થશાસ્ત્રના રીડરની બે જગ્યાઓ ઉપર બે વર્ષના અજમાયશી ધોરણે રૂ. ૭૦૦-૫૦-૧,૨૫૦ના પગારધોરણમાં નીમવા.

(સદરહુ વરણીસમિતિની નોંધ આ સાથે **પરિશિષ્ટ "બ"** તરીકે સામેલ છે.)

૭૯. તા. ૨૯/૩૦-૯-૧૯૭૧ તથા તા. ૮-૧-૧૯૭૨ના રોજ મળેલી સેનેટની વિશેષ સભામાં પસાર થયેલ નીચેના ઠરાવ પરત્વે આગળ ઘટતાં પગલાં લેવા અંગે વિચારણા કરવા બાબત :

"કૉલેજોમાં ટ્યુટોરિયલ પ્રથા દાખલ કરી છે ત્યારથી આજ દિન સુધીમાં ટ્યુટોરિયલ વર્ગમાં શું કરવું તે અંગે યુનિવર્સિટીએ કૉલેજોને કોઈ નક્કર માર્ગદર્શન આપ્યું નથી અને કદાચ તેને કારણે જ આ એક સુંદર પ્રયોગ નિષ્ફળ પુરવાર થવાની દિશામાં છે.

તો હજી પણ તેમાં મોડું થાય તે પહેલાં યુનિવર્સિટીની દરેક ફેકલ્ટીએ બેથી ત્રણ દિવસનો સેમિનાર યોજીને ટ્યુટોરિયલ કાર્યનું એક સામાન્ય માળખું ઘડી કાઢી વિષયના બોર્ડને મોકલી આપે અને વિષયનું બોર્ડ તે સામાન્ય માળખાને લક્ષમાં રાખીને, છતાં પોતાના વિષયની જરૂરિયાતોને ઉમેરીને, દરેક વિષયનો ટ્યુટોરિયલ કાર્યનો એક આખરી નકશો તૈયાર કરે તે માટે યુનિવર્સિટી સક્રિય બને તેવી આ સભા યુનિવર્સિટીને ભલામણ કરે છે."

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બાબતની વિચારણા મોકૂફ રાખવી.

૮૦. તા. ૨૯/૩૦-૯-૧૯૭૧ની તથા તા. ૮-૧-૯૭૨ના રોજ મળેલ સેનેટની વિશેષ સભામાં મંજૂર થયેલ નીચેના ઠરાવ પરત્વે આગળ ઘટતાં પગલાં લેવા અંગે વિચારણા કરવા બાબત :

"ગુજરાત રાજ્યના ફેકટરી એકટ અન્વયે યુનિવર્સિટી પ્રેસના જે કર્મચારીઓની પ્રોવિડંટ ફંડની કપાત થતી હોય તેવા યુનિવર્સિટી પ્રેસના હંગામી કર્મચારીઓને જે તે જગ્યા પર પ્રોવિડંટ ફંડ કપાતની આરંભ તારીખથી યુનિવર્સિટી પ્રેસનાં ધારાધોરણ અનુસાર કાયમ કરવા સેનેટની આ સભા સિન્ડિકેટને વિનંતી કરે છે."

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બાબતની વિચારણા મોકૂફ રાખવી.

૮૧. તા. ૨૯/૩૦-૯-૧૯૭૧ અને તા. ૮-૧-૧૯૭૨ના રોજ મળેલી સેનેટની વિશેષ સભામાં મંજૂર થયેલ નીચેના ઠરાવ પર આગળ ઘટતાં પગલાં લેવા અંગે વિચારણા કરવા બાબત :

"જૂન ૧૯૭૧થી સંલગ્ન કૉલેજોના ખંડ સમયના અધ્યાપકો માટે નવાં પગારધોરણો અમલી બનાવ્યાં છે ત્યારે ટીચિંગ અને પ્રોફેશનલ એવા બે વર્ગો ઊભા કરીને એ બંને વર્ગો માટે જુદાં જુદાં પગારધોરણો અમલી બનાવ્યાં છે તેની આ સભા સખેદ નોંધ લે છે અને તે ભેદ તાત્કાલિક નિવારવા અને જૂન ૧૯૭૧થી તેઓને સમાન પગારધોરણ આપવા આ સભા યુનિવર્સિટીને આગ્રહભરી વિનંતી કરે છે."

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બાબતની વિચારણા મોકૂફ રાખવી.

૮૨. તા. ૨૯/૩૦-૯-૧૯૭૧ તથા તા. ૮-૧-૧૯૭૨ના રોજ મળેલી સેનેટની વિશેષ સભામાં મંજૂર થયેલા નીચેના ઠરાવ પર આગળ ઘટતાં પગલાં લેવા અંગે વિચારણા કરવા બાબત :

"ગુજરાત સરકારે તેના તા. ૯-૩-૧૯૭૦ના ઠરાવથી સંલગ્ન કૉલેજોમાં પ્રાધ્યાપકોના ૨૫ ટકાને રૂ. ૭૦૦-૪૦-૧,૧૦૦ના પગારધોરણમાં મુકવાનું ઠરાવેલું છે અને અધ્યાપકોનાં નામ નક્કી કરીને સરકારે તે નામો સૂચવવાનું કામ યુનિવર્સિટી પર છોડ્યું છે. પરંતુ આ ઠરાવ થયે લગભગ દોઢ વર્ષ થવા આવ્યું છતાં નક્કર નિર્ણયશક્તિના અભાવે તે કામ યુનિવર્સિટીએ હજી સુધી પાર પાડ્યું નથી, તેની આ સભા નોંધ લે છે.

કૉલેજોના અધ્યાપકોને આ પગારધોરણ તા. ૧-૪-૧૯૬૬થી લાગુ પડે તે રીતે અમલી બનાવવાની કાર્યવાહી યુનિવર્સિટી હવે સત્વરે પૂરી કરી લે તેવી આ સભા યુનિવર્સિટીનાં લાગતાંવળગતાં મંડળોને વિનંતી કરે છે."

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બાબતની વિચારણા મોકૂફ રાખવી.

૮૩. તા. ૨૯/૩૦-૯-૧૯૭૧ તથા તા. ૮-૧-૧૯૭૨ના રોજ મળેલ સેનેટની વિશેષ સભામાં મંજૂર થયેલ નીચેના ઠરાવ પર આગળ ઘટતાં પગલાં લેવા અંગે વિચારણા કરવા બાબત :

"સેનેટની આ સભા સંબદ્ધ સત્તામંડળોને ભલામણ કરે છે કે અનુસ્નાતક અધ્યાપકોને આપવામાં આવતા વેતનના દરોમાં યોગ્ય સુધારો કરવો."

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બાબતની વિચારણા મોકૂફ રાખવી.

૮૪. તા. ૨૯/૩૦-૯-૧૯૭૧ અને તા. ૮-૧-૧૯૭૨ના રોજ મળેલ સેનેટની વિશેષ સભામાં પસાર થયેલ નીચેના ઠરાવ પર આગળ ઘટતાં પગલાં લેવા અંગે વિચારણા કરવા બાબત :

"પ્રાધ્યાપકોને પોતાના વિષયનાં પુસ્તકો ખરીદવા અંગે મેચિંગ ગ્રાન્ટ આપવા અંગેની નીતિ ઘડી કાઢવા માટે સંબંધકર્તા સત્તામંડળને આ સભા વિનંતી કરે છે."

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બાબતની વિચારણા મોકૂફ રાખવી.

૮૫. તા. ૨૯/૩૦–૯–૧૯૭૧ તથા તા. ૮–૧–૧૯૭૨ના રોજ મળેલી સેનેટની વિશેષ સભામાં મંજૂર થયેલ નીચેના ઠરાવ પર આગળ ઘટતાં પગલાં લેવા અંગે વિચારણા કરવા બાબત :

"ગુજરાત યુનિવર્સિટીની પરીક્ષાઓના પ્રશ્નપત્રોની સમીક્ષા કરાવવા માટે પ્રત્યેક પરીક્ષા પછી છ માસના સમયગાળા દરમિયાન ઘટિત કરાવવા સંબંધકર્તા સત્તામંડળોને વિનંતી કરે છે."

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બાબતની વિચારણા મોકૂફ રાખવી.

૮૬. તા. ૨૯/૩૦–૯–૧૯૭૧ તથા તા. ૮–૧–૧૯૭૨ના રોજ મળેલ સેનેટની વિશેષ સભામાં મંજૂર થયેલ નીચેના ઠરાવ પર આગળ ઘટતાં પગલાં લેવા અંગે વિચારણા કરવા બાબત :

"કૉલેજ કક્ષાએ લેવાની પરીક્ષાઓની ઉત્તરવહીઓ પરીક્ષા બાદ વિદ્યાર્થીઓને કોઈ પણ જાતની ફી લીધા વિના જોવા દેવાની છૂટ આપવા અંગે યોગ્ય નિયમો ઘડવા સંબંધકર્તા સત્તામંડળોને આ સભા વિનંતી કરે છે."

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બાબતની વિચારણા મોકૂફ રાખવી.

૮૭. તા. ૨૯/૩૦–૯–૧૯૭૧ તથા તા. ૮–૧–૧૯૭૨ના રોજ મળેલ સેનેટની વિશેષ સભામાં પસાર થયેલો નીચેના ઠરાવ પરત્વે આગળ ઘટતાં પગલાં લેવા અંગે વિચારણા કરવા બાબત :

"યુનિવર્સિટીની સમિતિઓને જુદાં જુદાં સત્તામંડળોને તેમ જ યુનિવર્સિટીની અન્ય કાર્યવાહી માટે કૉલેજો પાસેથી જરૂરી માહિતી માગવામાં આવે છે ત્યારે કૉલેજો તે માહિતી સમયસર પૂરી પાડતી નથી અને કેટલીક સંસ્થાઓ તો તે પત્રોના જવાબ આપવાની પણ દરકાર લેતી નથી. ગઈ સેનેટની સભા માટે જરૂરી માહિતી આ કારણે મળી શકી ન હતી. આ બાબતની આ સભા સખેદ નોંધ લે છે અને આવી કૉલેજો સામે પગલાં લેવા યુનિવર્સિટી સિન્ડિકેટને આ સભા વિનંતી કરે છે."

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બાબતની વિચારણા મોકૂફ રાખવી.

૮૮. તા. ૨૯/૩૦–૯–૧૯૭૧ તથા તા. ૮–૧–૧૯૭૨ના રોજ મળેલ સેનેટની વિશેષ સભામાં મંજૂર થયેલ નીચેના ઠરાવ પર આગળ ઘટતાં પગલાં લેવા વિચારણા કરવા બાબત :

"આથી ઠરાવવામાં આવે છે કે યુનિવર્સિટી શિક્ષણ વિદ્યાર્થીઓમાં આત્મવિશ્વાસ પ્રેરી શકે, તેમની કાર્યક્ષમતા વધારી શકે અને બેકારીમાંથી એમને ઉગારી શકે એ માટે કોઠારી શિક્ષણ પંચે વર્ક એક્સ્પરિયન્સનું તત્ત્વ દાખલ કરવાની જે ભલામણ કરી છે એનો અમલ થાય એ માટે ચાલુ અભ્યાસક્રમોમાં કયા કયા તબક્કે શા શા ફેરફારો કરવા ઘટે અગર તો કૉલેજના સમયની અંદર કે બહાર બીજા કયા કયા કાર્યક્રમો યોજવા ઘટે તે અંગે વ્યવહારુ વિગતો સાથે ચોક્કસ કાર્યક્રમ તૈયાર કરવા માટેની એક કમિટી એકેડેમિક કાઉન્સિલ અને સિન્ડિકેટ નીમે એવી ભલામણ સેનેટની આ સભા કરે છે.

એ કમિટીમાં જરૂર જણાય તો અન્ય કેળવણીકારો, ઉદ્યોગનિષ્ણાતો, વિકાસ અધિકારીઓ, સમાજસેવકો અને દૃષ્ટિવંત કુશળ ખેડૂતોનો પણ સમાવેશ થાય એ ઇષ્ટ છે. સદરહુ કમિટી પોતાનો હેવાલ નિયુક્તિ પછી ત્રણ મહિનામાં યુનિવર્સિટી કાર્યાલયમાં પહોંચાડે એ અપેક્ષિત છે, જેથી એનો અમલ કરવાની તજવીજ તરત જ થઈ શકે."

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બાબતની વિચારણા મોકૂફ રાખવી.

૮૯. તા. ૨૯/૩૦-૯-૧૯૭૧ તથા તા. ૮-૧-૧૯૭૨ના રોજ મળેલ સેનેટની વિશેષ સભામાં મંજૂર થયેલ નીચેના ઠરાવ પર આગળ ઘટતાં પગલાં લેવા અંગે વિચારણા કરવા બાબત :

"ગુજરાત રાજ્યના ફેકટરી એકટ અન્વયે યુનિવર્સિટી પ્રેસના જે જે હંગામી કર્મચારીઓ ભારત સરકારના એકટ હેઠળ પ્રોવિડંટ ફંડનો લાભ મેળવવા પાત્ર થતા હોય તેમને યુનિવર્સિટી પ્રેસના કાયમી કર્મચારીઓને મળતા કેજ્યુઅલ રજા, માંદગીની રજા, તહેવારોની રજા ઇત્યાદિ લાભો આપીને પ્રેસના કર્મચારીઓની બાબતમાં હાલ પ્રવર્તતાં બેવડાં ધોરણો નાબૂદ કરવા સેનેટની આ સભા સિન્ડિકેટને વિનંતી કરે છે."

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બાબતની વિચારણા મોકૂફ રાખવી.

૯૦. માર્ચ-એપ્રિલ ૧૯૭૨માં લેવાનાર જુદી જુદી પરીક્ષાઓમાં જુદાં જુદાં કેન્દ્રો પર મુખ્ય નિરીક્ષકો નીમવા માટે આચાર્યો મારફતે આવેલ નામોની ભલામણો પર વિચારણા કરી જરૂરી મંજૂરી આપવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે માર્ચ-એપ્રિલ ૧૯૭૨માં લેવાનાર યુનિવર્સિટીની પરીક્ષાઓ માટે જુદાં જુદાં કેન્દ્રો પર મુખ્ય નિરીક્ષકો(Senior Supervisors)ની યાદી મંજૂર કરવી અને તે યાદીમાંથી જરૂર પ્રમાણે નિમણૂકો કરવા માટે કુલપતિશ્રીને સત્તા આપવી.

૯૧. સને ૧૯૭૧-૭૨(એપ્રિલ ૧૯૭૧થી માર્ચ ૧૯૭૨)ના વર્ષ માટે ગુજરાત યુનિવર્સિટીના કર્મચારીઓના પ્રોવિડંટ ફંડ ખાતામાં કયા દરે વ્યાજ આપવું તે ઑર્ડિ. ૧૧૭ મુજબ નક્કી કરવા બાબત.

[નોંધ.-(૧) સને ૧૯૭૦-૭૧ના વર્ષ માટે પ્રોવિડંટ ફંડની ઊઘડતી બાકી ઉપર ૫.૫૦ ટકાના દરે વ્યાજ આપ્યું હતું, તથા

(૨) વર્ષ દરમિયાન શરૂઆતના છ માસના ફાળા ઉપર ૨.૭૫ ટકાના દરે વ્યાજ આપ્યું હતું.

(૩) સને ૧૯૭૧-૭૨ના વર્ષ માટે ગુજરાત રાજ્ય સરકારે ૫.૬૫ ટકાના દરે વ્યાજ આપવાનું નક્કી કરેલ છે.

વ્યાજની ઊપજ જોતાં ઉપરના દરે વ્યાજ આપી શકાશે.]

આથી ઠરાવવામાં આવે છે કે સને ૧૯૭૧-૭૨ના વર્ષ માટે ગુજરાત યુનિવર્સિટીના કર્મચારીઓના પ્રોવિડંટ ફંડ ખાતામાં ઊઘડતી બાકી ઉપર ૫.૬૫ ટકાના દરે અને વર્ષની શરૂઆતના છ માસ દરમિયાન ભેગી થયેલી રકમ ઉપર ૨.૮૨ ટકાના દરે વ્યાજ આપવું.

૯૨. તોલાણી કૉલેજ ઑફ આર્ટ્સ એન્ડ સાયન્સ, આદિપુરમાં સંસ્કૃતના પ્રાધ્યાપક તરીકે કામ કરી છૂટા થયેલા શ્રી રામકૃષ્ણ શાસ્ત્રીના કેસ અંગે વિચારણા કરવા બાબત.

[નોંધ.-(૧) કૉલેજે તેમને યુનિવર્સિટીના નિયમો પ્રમાણે પગારધોરણ અને નિયમિત ઇજાફા ન આપ્યા અંગેની ફરિયાદ આવેલી છે.

(૨) કૉલેજના આચાર્યશ્રી જણાવે છે કે તેમની નિમણૂક કરારથી થયેલી હતી. હવે તેમણે કાનૂની રસ્તો લીધો છે એટલે નિર્ણયની રાહ જોવા સૂચન કર્યું છે અને સિન્ડિકેટમાં રિપોર્ટ થાય તો બંને પક્ષને રૂબરૂમાં રજૂઆત કરવાની તક આપવા વિનંતી કરી છે.]

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બાબતની વિચારણા મોકૂફ રાખવી.

૯૩. શેઠ સી. એન. કૉમર્સ ઍન્ડ લૉ કૉલેજ, વીસનગરમાં જૂન ૧૯૭૨થી કાયદાની વિદ્યાશાખા બંધ કરવાની પરવાનગી આપવા માટેના સદરહુ કૉલેજના આચાર્યશ્રી તરફથી આવેલ પત્ર પર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બાબતની વિચારણા મોકૂફ રાખવી.

૯૪. સેનેટની સભામાં રજૂ કરવા માટે જે પ્રસ્તાવો આવે છે તે સિન્ડિકેટના અભિપ્રાય સાથે સેનેટ સમક્ષ મૂકવાની પ્રથા સેનેટની તા. ૮–૧–૧૯૭૨ની સભામાં થયેલી ચર્ચાના સંદર્ભમાં ચાલુ રાખવા કે કેમ તે અંગે વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સેનેટની સભાઓ સમક્ષ રજૂ કરવા માટે જે પ્રસ્તાવો આવે તે પ્રસ્તાવો પર સિન્ડિકેટના અભિપ્રાય આપવાનું હવે પછી બંધ કરવું.

(નોંધ.—તે પ્રસ્તાવો અંગે કોઈ માહિતી તૈયાર રાખવા જેવી હોય તો તે કાર્યાલયે તૈયાર રાખવી.)

૯૫. સદરહુ બાબતની વિચારણા આગળ બાબત નં. ૩૪ સાથે કરવામાં આવેલી હોઈ તેની નોંધ તે ક્રમમાં દર્શાવવામાં આવી છે.

૯૬. બોર્ડ ઑફ યુનિવર્સિટી ટીચિંગની તા. ૨૯–૧૨–૧૯૭૧ના રોજ મળેલી સભાની ભલામણો પર વિચારણા કરવા બાબત :

[નોંધ.—બાબત ૫, ૭ અને ૧૩ની ભલામણો ઍકેડેમિક કાઉન્સિલને વિચારણા માટે મોકલી હોવાથી તે પર હાલ વિચારણા કરવાની જરૂર નથી.

બાબત નં. ૨, ૩, ૪, ૧૨ (૧), ૨૭-આ, બ, ક, ડ, ૨૯ અને ૩૮ની વિચારણા તા. ૯–૧–૧૯૭૨ની સિન્ડિકેટમાં થઈ ગઈ હોવાથી તે પર વિચારણા કરવાનું હવે રહેતું નથી.]

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બાબતની વિચારણા મોકૂફ રાખવી.

૯૭. યુનિવર્સિટીના અભિપ્રાય માટે રાજ્ય સરકારની રૂ. ૧૬,૬૬૭ની મંજૂર થયેલ લોનના હપતા તથા વ્યાજ અંગેની શરતો જે શિક્ષણ નિયામકશ્રીએ તેમના તા. ૩–૧–૧૯૭૨ના પત્ર ક્રમાંક એસ. ૯૭–૧૯–૭૦–૭૧થી જણાવેલ છે તેની નોંધ લેવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બાબતની નોંધ લેવી.

૯૮. ઑકટોબર ૧૯૭૧માં લેવાયેલ જુદી જુદી પરીક્ષાઓમાં પ્રાધ્યિક–પરીક્ષકો તથા કાર્યાલયના સભ્યોના હસ્તક થયેલી ભૂલો અંગેના કેસો પર તેમ જ વિદ્યાર્થીઓએ અજમાવેલ ગેરવાજબી ઈલાજો અંગેના કેસો પર વિચારણા કરવા તા. ૨૫–૧–૧૯૭૨ના રોજ મળેલ પરીક્ષા શુદ્ધિસમિતિની બીજી સભાની ભલામણો પર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ સમિતિની તા. ૨૫–૧—૧૯૭૨ની ભલામણો મંજૂર કરવી.

(મંજૂર કરવામાં આવેલી ભલામણોની નોંધ અત્રે સામેલ નથી.)

૯૯. એચ. એ. કૉલેજ ઑફ કૉમર્સ, અમદાવાદને જૂન ૧૯૭૨થી પ્રથમ વર્ષ બી.કૉમ.માં એડવાન્સ્ડ ઇકોનોમિકસ અને બિઝનેસ મૅથેમેટિકસ શીખવવાની પરવાનગી આપવા અંગે વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બાબતની વિચારણા મોકૂફ રાખવી.

૧૦૦. ઈજનેરી વિદ્યાશાખામાં (૧) Instrumentation and control on engineering તથા (૨) Communication and electronics engg.ના નવા અભ્યાસક્રમો દાખલ કરવા અને એપ્રિલ ૧૯૭૨થી એડ-હૉક ધોરણે દરેક અભ્યાસક્રમમાં ૨૦ વિદ્યાર્થીઓને દાખલ કરવાની પરવાનગી માટેના એલ. ડી. કૉલેજ ઑફ એન્જિનિયરિંગ, અમદાવાદના આચાર્યશ્રીના તા. ૧૧-૧-૧૯૭૨ના પત્રાંક એસ.ટી.યુ. ૬૫૧૭ પર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે ઈજનેરી વિદ્યાશાખામાં સદરહુ અભ્યાસક્રમો જૂન ૧૯૭૨થી તદર્થ (ad-hoc) ધોરણે શીખવવા માટે એલ. ડી. એન્જિનિયરિંગ કૉલેજને પરવાનગી આપવી.

૧૦૧. જૂન ૧૯૭૩થી નવી કૉલેજોને માટે નીચે જણાવેલ સંસ્થાઓ તરફથી આવેલ જોડાણઅરજીઓ અંગે સ્થાનિક તપાસસમિતિઓ નીમવા બાબત:

ક્રમાંક	સંસ્થાનું નામ અને સરનામું	સ્થળ	અભ્યાસક્રમો
૧.	શ્રી લુણાવાડા વિભાગ ઉચ્ચ વિદ્યોત્તેજક મંડળ, લુણાવાડા	લુણાવાડા	વાણિજ્ય
૨.	પંચમહાલ શિક્ષણ પ્રચારક મંડળ, ગોધરા	ગોધરા	,,
૩.	તોરાની કૉલેજ ઑફ આર્ટ્સ ઍન્ડ સાયન્સ, આદિપુર	આદિપુર	,,
૪.	દાહોદ અનાજ મહાજન સાર્વજનિક એજ્યુકેશન સોસાયટી, દાહોદ	દાહોદ	વિજ્ઞાન
૫.	પેટલાદ એજ્યુકેશન ટ્રસ્ટ, પેટલાદ	પેટલાદ	કાયદો
૬.	પંચમહાલ શિક્ષણ પ્રચારક મંડળ, ગોધરા	ગોધરા	,,
૭.	નૉર્થ ગુજરાત એજ્યુકેશન સોસાયટી, મુંબઈ	પાટણ	,,
૮.	શ્રી. સી. વી. દવે, કેળવણી ટ્રસ્ટ, દહેગામ	દહેગામ નગર બહાર	શિક્ષણ
૯.	શ્રી. આર. જે. દવે, આદર્શ કેળવણી ટ્રસ્ટ, નડિયાદ	નડિયાદ, કપડવંજ રોડ	,,
૧૦.	શ્રી. ક્ષત્રિય કેળવણી મંડળ, નડિયાદ	નડિયાદ રોડ	,,

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બાબતની વિચારણા મોકૂફ રાખવી.

૧૦૨. જૂન ૧૯૭૩થી વિનયન સાથે વિજ્ઞાન વિદ્યાશાખા તથા વિનયન સાથે વાણિજ્ય વિદ્યાશાખા સિવાયની સંલગ્ન કૉલેજોનું વિભાગીકરણ કરવા માટેના, સિન્ડિકેટની તા. ૧૪/૧૧-૨-૧૯૭૦ની સભાના ઠરાવના સંદર્ભમાં બોરસદ સાયન્સ ઍન્ડ લૉ કૉલેજ, બોરસદના આચાર્યશ્રી તરફથી આવેલ વિભાગીકરણની અરજી પર સ્થાનિક તપાસ-સમિતિ નીમવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બાબતની વિચારણા મોકૂફ રાખવી.

૧૦૩. સંલગ્ન કૉલેજોના શિક્ષકો અંગેની નીચે પ્રમાણેની યાદીઓની નોંધ લેવા બાબત :

(૧) સંલગ્ન કૉલેજોમાં જે શિક્ષકોની નિમણૂક કુલપતિશ્રીએ માન્ય રાખી છે તેની યાદી;

(૨) સંલગ્ન કૉલેજોમાં જે શિક્ષકોની નિમણૂકો કુલપતિશ્રીએ અમાન્ય રાખી છે અને જે શિક્ષકો છૂટા થયા છે તેની યાદી;

(૩) અગાઉ માન્ય થયેલ શિક્ષકો જેઓ એક સંલગ્ન કૉલેજમાંથી બીજી કૉલેજમાં જોડાયા છે તેની યાદી;

(૪) જોડાણના સંદર્ભમાં જે શિક્ષકોની નિમણૂકો માન્ય કરાઈ છે તેની યાદી.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ યાદીઓની નોંધ લેવી.

(સદરહુ યાદીઓની નકલ **પરિશિષ્ટ "ગ"** તરીકે સામેલ છે.)

૧૦૪. ડિપ્લોમા-ઈન-ક્લાસિકલ પેથોલોજી (ડી. સી. પી.)ના વિષયના અનુસ્નાતક કેન્દ્ર માટે ડીન, બી. જે. મેડિકલ કૉલેજ, અમદાવાદ તરફથી આવેલી અરજી અંગે સ્થાનિક તપાસસમિતિ નીમવા અંગે વિચારણા કરવા બાબત.

[નોંધ.—નિયમાનુસાર સ્થાનિક શિક્ષકગણ નીચે મુજબ છે :

(૧) ડૉ. સી. આઈ. ઝાવેરી (અનુ. શિક્ષક)

(૨) ડૉ. પી. વી. પ્રભુને (અનુ. શિક્ષક)]

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બાબત અંગે નીચે જણાવેલા સભ્યોની બનેલી સ્થાનિક તપાસ-સમિતિ નીમવી :

(૧) ડૉ. જયંત હરિભક્તિ

(૨) ડૉ. એમ. એસ. કાન્વિન્દે.

૧૦૫. રાજ્ય સરકારના તા. ૭-૧-૧૯૭૨ના ઠરાવ ક્રમાંક એમ.આઈ.એસ. ૧૦૭૦-૧૪૪૦૩૭-એલ.માં જણાવેલ નીચેની બાબતની નોંધ લેવા બાબત :

" ..the teachers in non-Government affiliated colleges who did not get the benefit of weightage under the Gujarat University circular of 23rd April 1964 in the shape of increments should be allowed to count the period of service rendered in the scale between 1-10 1961 and 1-4-1966 for purposes of weightage."

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બાબતની નોંધ લેવી.

૧૦૬. જૂન ૧૯૭૩થી શેઠ એમ. એન. સાયન્સ ઍન્ડ શ્રી ઍન્ડ શ્રીમતી પી. કે. કોટાવાલા આર્ટ્સ કૉલેજ, પાટણનું વિભાગીકરણ કરીને વિનયન વિદ્યાશાખાને શ્રીમતી તારાબહેન સુંદરલાલ રાયચંદ કૉમર્સ કૉલેજ, પાટણ સાથે

સંયોજિત કરવા માટે નૉર્થ ગુજરાત એજ્યુકેશન સોસાયટી, મુંબઈના મંત્રીશ્રી તરફથી આવેલ અરજી પર સ્થાનિક તપાસસમિતિ નીમવા અંગે વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બાબતની વિચારણા મોકૂફ રાખવી.

૧૦૭. યુનેસ્કોની સામાન્ય સભાના ૧૯૭૨ના વર્ષને "આંતરરાષ્ટ્રીય પુસ્તક વર્ષ" તરીકે ઊજવવાના સૂચનને લક્ષમાં લઈ તા. ૧૦-૧૧-૧૨, મે એમ ૩ દિવસ સંલગ્ન કૉલેજોના ગ્રંથપાલોનો પરિસંવાદ જુલાઈ, ૧૯૭૨થી ડિસેંબર, ૧૯૭૨ સુધી દર મહિને પ્રસંગને અનુલક્ષીને એક વ્યાખ્યાન અને તા. ૧-૮-૧૯૭૨થી તા. ૧૫-૮-૧૯૭૨ સુધી એક પુસ્તક પ્રદર્શન યોજવા અંગે ગુજરાત યુનિવર્સિટી ગ્રંથાલયના તા. ૨૦-૧-૧૯૭૨ના પત્રાંક ૭૧૦૧થી આવેલા પ્રસ્તાવ પર વિચારણા કરવા બાબત.

(નોંધ.—આ અંગે રૂ. ૪,૫૦૦નો ખર્ચ અંદાજવામાં આવેલ છે.)

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બાબતનો વિચારણા મોકૂફ રાખવી.

૧૦૮. ફેબ્રુઆરી ૧૧થી ૧૪, ૧૯૭૨ દરમ્યાન મુંબઈ મુકામે યોજાનાર ઈન્સ્ટિટ્યૂટ ઑફ એન્જિનિયર્સના પર મા વાર્ષિક કન્વેન્શનમાં હાજરી આપવા પ્રિ. ટી. એમ. પરીખને યુનિવર્સિટીના પ્રતિનિધિ તરીકે મોકલ્યાના કુલપતિશ્રીના કાર્યની નોંધ લેવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે કલપતિશ્રીના સદરહુ કાર્યની નોંધ લેવી.

૧૦૯. ભારત સરકારની એન.એસ.ઓ. યોજના હેઠળ યુ.જી.સી. તરફથી યુનિવર્સિટી વિસ્તારમાં સ્ટાન્ડર્ડ સાઈઝ ૧૨૦' × ૮૦' × ૩૦'નો જિમ્નેશિયમ હૉલ બાંધવા માટે વધુમાં વધુ રૂ. ૨,૫૦,૦૦૦ની ૭૫ ટકા ગ્રાન્ટ પ્રમાણે રૂ. ૧,૮૭,૫૦૦ની ગ્રાન્ટ મંજૂર થયેલ છે, પરંતુ ઉપરોકત સાઈઝનું જિમ્નેશિયમ બાંધવાનો ખર્ચ રૂ. ૩,૪૮,૦૦૦ થાય છે તો ગ્રાન્ટથી વધારાનું ખર્ચ આશરે રૂ. ૯૮,૦૦૦ મંજૂર કરવા અંગે વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બાબતની વિચારણા મોકૂફ રાખવી.

૧૧૦. વિજ્ઞાન વિદ્યાભવનમાં કલાર્ક-ટાઈપિસ્ટ તરીકે કામ કરતા શ્રી. બી. એમ. ઠાકરને સિન્ડિકેટે તેની તા. ૧૩-૧૧-૧૯૭૧ની સભામાં નવા પગારધોરણમાં રૂ. ૨૪૩ પછીનો કાર્યક્ષમતા અંતરાય ઓળંગવાની પરવાનગી આપેલ નથી તેથી તેઓને જૂના પગારધોરણમાં જે કુલ વેતન મળતું હતું તેના કરતાં નવા પગારધોરણના કાર્યક્ષમતા અંતરાયના પગથિયામાં કુલ વેતન ઓછું મળે છે તે સંજોગોમાં તેઓનો પગાર નક્કી કરવા અંગે વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે વિજ્ઞાન વિદ્યાભવનના કલાર્ક-ટાઈપિસ્ટ શ્રી. બી. એમ. ઠાકરને રૂ. ૧૫૩-૧૫-૧૮૩-૧૦-૨૪૩ ઈ.બી. ૧૫-૪૦૮-૨૦-૪૪૮ના ડી.એ. મર્જ્ડ સાથેના નવા પગારધોરણમાં તેમનો મૂળ માસિક પગાર તા. ૧૩-૬-૧૯૭૧ના રોજ રૂ. ૨૮૮-૦૦નો થતો હોઈ તેમને તે પગથિયે મૂકવા અને તેમ થતાં તેમને માટે રૂ. ૨૪૩ પછીનો કાર્યક્ષમતા અંતરાય ઓળંગવાની મંજૂરી આપવાની જરૂર રહેતી નથી એમ સ્પષ્ટતા કરવી.

૧૧૧. "યુનિવર્સિટીનાં અનુસ્નાતક વિદ્યાભવનમાં લેકચરર-ઈન-એજ્યુકેશનની નિમણૂક માટે, યુનિવર્સિટીનાં વિદ્યાભવનોમાં શિક્ષકની નિમણૂક માટેનાં હાલનાં જે ધારાધોરણો છે તેમાં ફેરફાર કરવાની જરૂર નથી," એ મુજબ બોર્ડ ઑફ યુનિવર્સિટી ટીચિંગની ભલામણ પર એકેડેમિક કાઉન્સિલની તા. ૨૪/૨૫-૭-૧૯૭૦ની સભાના નીચેના ઠરાવ અંગે વિચારણા કરવા બાબત :

"સદરહુ બોર્ડની ઉપરની ભલામણ સાથે આ સભા સંમત છે એમ સિન્ડિકેટને જણાવવું."

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બાબત અંગે એકેડેમિક કાઉન્સિલની ભલામણ સ્વીકારવી.

૧૧૨. યુનિવર્સિટી ગ્રાન્ટ્સ કમિશનના કાયદાની પેટાકલમ ૨ (એફ) હેઠળની બાદીમાં કૉલેજોનાં નામ ઉમેરવા માટે યુનિવર્સિટી ગ્રાન્ટ્સ કમિશનના તા. ૧-૯-૧૯૭૧ના પત્રાંક એફ-૩૩-૩૪-૬૫-સીડી-પીટી IIથી સૂચવેલા નવા નિયમો અંગે વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બાબતની વિચારણા મોકૂફ રાખવી.

૧૧૩. સને ૧૯૭૨-૭૩ના વર્ષમાં આપણી યુનિવર્સિટીના ઉપક્રમે ક્રમાનુવર્તી જલસ્પર્ધા અથવા બાસ્કેટ-બૉલ (બહેનો) અથવા બાસ્કેટબૉલ (ભાઈઓ) અથવા વૉલીબૉલ (ભાઈઓ)ની રમતની આંતર-યુનિવર્સિટી હરીફાઈઓ યોજવાનું આમંત્રણ આંતર-યુનિવર્સિટી સ્પોર્ટ્સ બોર્ડ ઑફ ઇન્ડિયા ઍન્ડ સિલોન, ન્યૂ દિલ્હીને પાઠવવા અંગે વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બાબતની વિચારણા મોકૂફ રાખવી.

૧૧૪. યુનિવર્સિટી પ્રેસમાં ક્લાર્ક-ટાઈપિસ્ટ તરીકે કામ કરતા શ્રી. કે. બી. પંડ્યાનો એક વર્ષનો અજમાયશી સમય તા. ૯-૩-૧૯૭૨ના રોજ પૂરો થતો હોઈ તેમને તા. ૧૦-૩-૧૯૭૨થી કાયમ કરવા અંગે વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બાબતની વિચારણા મોકૂફ રાખવી.

૧૧૫. યુનિવર્સિટી ગ્રંથાલયમાં ટેકનિકલ આસિસ્ટન્ટ તરીકે કામ કરતા શ્રી. એમ. એમ. શાહનો એક વર્ષનો અજમાયશી સમય તા. ૧૬-૩-૧૯૭૨ના રોજ પૂરો થતો હોઈ તેમને તા. ૧૭-૩-૧૯૭૨થી કાયમ કરવા અંગે વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બાબતની વિચારણા મોકૂફ રાખવી.

૧૧૬. સિન્ડિકેટના તા. ૧૪-૧૨-૧૯૭૧ની સભાના ઘરભાડા ભથ્થા અંગેના નીચેના ઠરાવ પર પુનર્વિચારણા કરવા બાબત :

"..... વધુમાં ઠરાવવામાં આવે છે કે, યુનિવર્સિટીના બિનશિક્ષકવર્ગના કર્મચારીઓનું મોંઘવારી ભથ્થું સિન્ડિકેટના તા. ૧૩/૧૬-૧૦-૧૯૭૧ના ઠરાવથી અંશતઃ તેમના મૂળ પગારમાં તા. ૧-૪-૧૯૭૧થી ભેળવવામાં આવ્યું છે, તેના સંદર્ભમાં તા. ૧-૪-૧૯૭૧થી તા. ૩૧-૩-૧૯૭૨ સુધીના સમયગાળા દરમ્યાન જે કર્મચારીઓને ઘરભાડા ભથ્થું આપવામાં આવેલ છે કે આ પછી આપવામાં આવશે તેમને ઘરભાડા ભથ્થાના હેતુ માટે જે મોંઘવારી ભથ્થું અંશતઃ તેમના મૂળ પગારમાં ભેળવવામાં આવેલું છે તે વૈચારિક રીતે (notionally) મૂળ પગારમાં ભેળવાયેલું ગણવું નહીં, એટલે કે તા. ૩૧-૩-૧૯૭૧ના રોજ તેમનો જે મૂળ પગાર હતો તેમાં ફક્ત તેમનો વાર્ષિક ઈજાફો સામાન્ય ક્રમે વધતો હોય તે તેમાં ઉમેરીને તે જ તેમનો મૂળ પગાર તેમને મળવાપાત્ર થતા ભાડા-ભથ્થાના હેતુ માટે તા. ૧-૪-૧૯૭૧થી તા. ૩૧-૩-૧૯૭૨ના વર્ષ માટે વૈચારિક રીતે (notionally) ગણવાનું રાખવું."

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બાબતની વિચારણા મોકૂફ રાખવી.

૧૧૭. સ્ટાફના વહીવટી પ્રશ્નો ઉપર વિચારણા કરવા માટે સિન્ડિકેટે નીમેલી સ્ટાફ અંગેની સ્થાયી સમિતિની તા. ૨૯-૧-૧૯૭૨ના રોજ મળેલી ભલામણો ઉપર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ સમિતિની તા. ૨૯-૧-૧૯૭૨ની સભાની ભલામણો મંજૂર કરવી.

(મંજૂર કરવામાં આવેલી સદરહુ સમિતિની તા. ૨૯-૧-૧૯૭૨ની કાર્યવાહીની નકલ **પરિશિષ્ટ "ઘ"** તરીકે સામેલ છે.)

૧૧૮. સદરહુ બાબતની વિચારણા આગળ બાબત નં. ૭૭ પછી કરવામાં આવેલી હોઈ તેની નોંધ તે ક્રમમાં દર્શાવવામાં આવી છે.

૧૧૯. સ્વામિનારાયણ આર્ટ્સ કૉલેજ, અમદાવાદના હાલના ગ્રંથપાલ યુનિવર્સિટીનાં ધારાધોરણ અનુસાર પૂરતી લાયકાત ધરાવતા નથી, પરંતુ તેમની ઉંમર જોતાં અન્યત્ર નોકરી મેળવવા મુશ્કેલી પડે તે પરિસ્થિતિ લક્ષમાં લઈ માનવતાની દૃષ્ટિએ તેમને કાયમી ધોરણે માન્યતા આપવાની સદરહુ કૉલેજના આચાર્યશ્રીની વિનંતી પર વિચારણા કરવા બાબત.

[**નોંધ**—(૧) હાલ જે ગ્રંથપાલ છે તે બી.ઓ. પાસ છે અને મુંબઈ યુનિવર્સિટીનું ગ્રંથાલયશાસ્ત્રના ત્રણ માસના અભ્યાસક્રમનું સર્ટિફિકેટ ધરાવે છે, પરંતુ ગ્રંથાલયશાસ્ત્રની પદવી ધરાવતા નથી.

(૨) લાયકાતના બીજા નિયમ પ્રમાણે ૧૧ જૂન '૬૯ સુધીમાં ૪૧ વર્ષની ઉંમર અને ૧૫ વર્ષનો અનુભવ હોવો જરૂરી છે. જ્યારે આ ભાઈ અત્યારે આશરે ૩૫ વર્ષની ઉંમર અને ૧૨ વર્ષનો અનુભવ ધરાવતા હતા. અત્યારે અનુભવ ૧૫ વર્ષ જેટલો થાય છે. ઉંમર ૩૮ વરસ અને ૭ માસ છે.]

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બાબતની વિચારણા મોકૂફ રાખવી.

૧૨૦. યુનિવર્સિટી સાથે સંલગ્ન કૉલેજોમાં ટી.વાય.બી.એ.-બી.એસસી.માં ગણિત શીખવતા શિક્ષકો માટે તા. ૨૪-૫-૧૯૭૨થી તા. ૧૩-૬-૧૯૭૨ દરમ્યાન વિજ્ઞાન વિદ્યાભવનના ગણિત વિભાગમાં વૅકેશન વર્ગો યોજવા માટે પ્રો. એચ. એન. રાવળ તરફથી આવેલ દરખાસ્ત ઉપર વિચારણા કરવા બાબત.

(**નોંધ**—આ અંગે રૂ. ૬,૬૧૦ના ખર્ચ અંદાજવામાં આવ્યો છે.)

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બાબતની વિચારણા મોકૂફ રાખવી.

૧૨૧. પ્રકાશન બોર્ડની તા. ૨૧-૧-૧૯૭૨ની સભાની ભલામણો ઉપર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બોર્ડની તા. ૨૧-૧-૧૯૭૨ની ભલામણો મંજૂર કરવી.

(મંજૂર કરવામાં આવેલી સદરહુ બોર્ડની તા. ૨૧-૧-૧૯૭૨ની સભાની કાર્યવાહીની નોંધ **પરિશિષ્ટ "ચ"** તરીકે સામેલ છે.)

૧૨૨. ઇજનેરી વિદ્યાશાખાની ભલામણ અન્વયે બી.ઈ. (ઇલેક્ટ્રોનિકસ ઍન્ડ કૉમ્યુનિકેશન) અને બી.ઈ. (ઇન્સ્ટ્રૂમેન્ટ્સ ઍન્ડ ઑટોકન્ટ્રોલ)ની પદવી સ્થાપવા માટે સિન્ડિકેટ તથા સેનેટને ભલામણ કરવા તથા તે અંગેની શિક્ષણ અને પરીક્ષણની યોજના મંજૂર કરવા તથા તે અંગેના વિસ્તૃત અભ્યાસક્રમો મંજૂર કરવા તથા નવા ઘડવામાં આવેલા રેગ્યુ. એન્જ. ૧૭ને મંજૂર કરવા તથા જૂન ૧૯૭૨થી અમલમાં મૂકવા માટેની ઍકેડેમિક કાઉન્સિલની તા. ૫/૬-૧-૧૯૭૨ની સભાની ભલામણ ઉપર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે—

(૧) બી.ઈ. (ઇલેક્ટ્રોનિકસ એન્ડ કોમ્યુનિકેયન) અને બી.ઈ.(ઇન્સ્ટ્રુમેન્ટ્સ અને ઓટો-કન્ટ્રોલ)ની પદવીઓ સ્થાપવા માટે સેનેટને ભલામણ કરવી.

(૨) સ્ટે. ૯૯(૩) નીચે મુજબ વંચાય તે રીતે સુધારવા માટે સેનેટને ભલામણ કરવી :

St. 99 :

3. *Faculty of Technology including Engineering :*

Engineering Technology
Civil Engineering
Mechanical Engineering
Electrical Engineering
Sanitary Engineering
Tele-communications
Chemical Engineering
Automobile Engineering
Aeronautical Engineering
Textile Engineering
Town-planning and Architecture
Mathematics
Geology
Electronics and Communication
Instruments and Auto-control.

(૩) ઉપર જણાવેલ અભ્યાસક્રમોના શિક્ષણ અને પરીક્ષણ અંગેની યોજના અને વિસ્તૃત અભ્યાસક્રમો મંજૂર કરવા અને તે અંગે નવો ઘડવામાં આવેલો રેગ્યુ. એન્જ. ૧૭ જૂન ૧૯૭૨થી અમલમાં મૂકવો.

(સદરહુ યોજના, અભ્યાસક્રમો વગેરેની નકલ પરિશિષ્ટ "છ" તરીકે સામેલ છે.)

૧૨૩. (૧) ભાષા-સાહિત્ય ભવનને રોજબરોજના ખર્ચ માટે પેટી કેશ તરીકે રૂ. ૨૦૦ આપવામાં આવેલ છે તેને બદલે રૂ. ૫૦૦ આપવા, તથા (૨) ઓર્ડિ. ૬૨-ડી (૭) હેઠળ ભવનના અધ્યક્ષશ્રીની બનેલી સમિતિને ભાવતાલ મંગાવ્યા સિવાય રૂ. ૨૦૦ સુધીનો ખર્ચ કરવાની સત્તા આપી છે તેને બદલે રૂ. ૫૦૦ સુધીનો ખર્ચ કરવાની સત્તા આપવાનું જણાવતા ભાષા-સાહિત્ય ભવનના કાર્યકારી અધ્યક્ષશ્રીના તા. ૨૯-૧૧-૧૯૭૧ના પત્ર પર વિચારણા કરવા બાબત.

(૧) આથી ઠરાવવામાં આવે છે કે ભાષા-સાહિત્ય ભવનમાં રોજબરોજના ખર્ચ માટે પેટી કેશ તરીકે એડવાન્સની રકમ રૂ. ૨૦૦ને બદલે રૂ. ૫૦૦ની કરવી.

(૨) આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બાબતની વિચારણા મોકૂફ રાખવી.

૧૨૪. યુનિવર્સિટી બોર્ડ ઑફ સ્પોર્ટ્સે રમતોના શિબિરો યોજવા માટે નિયુક્ત કરેલ ઉપસમિતિએ તેની તા. ૧૨-૧-૧૯૭૨ની સભામાં વ્યાયામશિક્ષકો તેમ જ વિદ્યાર્થીઓ માટેના શિબિરો યોજવા માટે નીચે પ્રમાણે ભલામણ કરી છે તે અંગે વિચારણા કરવા બાબત :

૧. યુનિવર્સિટી સાથે સંલગ્ન કૉલેજોના વ્યાયામશિક્ષકો કે રમતમાં રસ ધરાવતા અધ્યાપકો માટે તા. ૨૭-૨-૧૯૭૨થી તા. ૧૦-૩-૧૯૭૨ દરમ્યાન નીચેની ત્રણ રમતોના રાહબર તરીકેના તેમ જ પંચ તરીકે સારી કામગીરી કરી શકે તે માટેના "ઑફિશિયેટિંગ અને કોચિંગ કૅમ્પ" રાખવા :

(૧) બાસ્કેટબૉલ, (૨) હૉકી, (૩) ખેલકૂદ.

૨. આગામી ઉનાળાની રજાઓમાં વિદ્યાર્થીઓ માટે બાસ્કેટબૉલ, હૉકી, ખેલકૂદ વગેરેમાંથી કોઈ એક રમતનો શિબિર યોજવાનું રાખવું અને તે માટે સ્થળ, તારીખો અને અન્ય વિગતો નક્કી કરવા માટે યુનિવર્સિટી બોર્ડ ઑફ સ્પોર્ટ્સના મંત્રી અને પ્રમુખશ્રીને સત્તા આપવી.

૩. આ શિબિરો માટેનું પરિશિષ્ટ "આ"માં જણાવ્યા પ્રમાણેનું ખર્ચ "શિબિરો(કોચિંગ કૅમ્પ)"ના મથાળા હેઠળની જોગવાઈમાંથી કરવાનું મંજૂર કરવા સિન્ડિકેટને ભલામણ કરવી.

(નોંધ.—પ્રથમ પ્રસ્તાવનો ખર્ચ ચાલુ વર્ષના અંદાજી ખર્ચમાંથી અને બીજા પ્રસ્તાવનો ખર્ચ આવતા વર્ષના બજેટમાંથી કરવાનો રહેશે.)

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બોર્ડની ઉપરની ભલામણ મંજૂર કરવી.

૧૨૫. ભારત સરકારની એન.એસ.ઓ. યોજના હેઠળ યુ.જી.સી. તરફથી પ્રથમ તબક્કે યુનિવર્સિટીની સંલગ્ન કૉલેજોની કુલ સંખ્યાના ૨૦ ટકા જેટલી કૉલેજોને મેદાનોના વિકાસ અર્થે તથા જરૂરી સાધનો ખરીદવા માટે રૂ. ૧૦,૦૦૦ના ખર્ચ પેટે ૭૫ ટકા ગ્રાન્ટ આપવાની જે જોગવાઈ યુનિવર્સિટી ગ્રાન્ટ્સ કમિશનની તે અંગેની યોજના હેઠળ છે તેના સંદર્ભમાં કૉલેજોની પસંદગી કરવા અંગે વિચારણા કરવા બાબત.

(નોંધ.—આ માટે કુલ ૬૨ કૉલેજોએ ૨૫ ટકા ખર્ચ કરવાની તૈયારી સાથે પ્રસ્તાવો મોકલેલ છે.)

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બાબતની વિચારણા મોકૂફ રાખવી.

૧૨૬. મનોવિજ્ઞાન વિદ્યાભવનના શિક્ષણશાસ્ત્ર વિભાગના વિકાસ અંગેની યોજના મંજૂર કરીને યુનિવર્સિટી ગ્રાન્ટ્સ કમિશને તેમના તા. ૨૭-૧૨-૧૯૭૧ના પત્ર ક્રમાંક એફ. ૨૫-૧૭-૬૯(એચ-૨)થી ચોથી પંચવર્ષીય યોજનાની ફાળવણી (એલોકેશન) ઉપરાંત નીચે મુજબ સહાય આપવાનું ૧૯૭૩-૭૪ સુધીના ગાળા માટે મંજૂર કર્યું તેની નોંધ લઈને આગળ જરૂરી પગલાં લેવા અંગે વિચારણા કરવા બાબત :

Guidance and Counselling :

Professor	... One
Lecturer	... One
Non-recurring grant for furniture, equipment and test materials	... Rs. 35,000

Research in Examinations :

Statistician	... One
Recurring grant	... Rs. 10,000/- p.a.

Instructional Material and Other Research Programme :

Research Assistant	... Three
Recurring grant	... Rs. 10,000/- p.a.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બાબતની વિચારણા મોકૂફ રાખવી.

૧૨૭. સદરહુ બાબતની વિચારણા આગળ બાબત નં. ૨૪ સાથે કરવામાં આવી હતી, તેથી તેની નોંધ તે ક્રમમાં દર્શાવવામાં આવી છે.

૧૨૮. (૧) એમ. બી. કૉલેજ ઑફ કૉમર્સ ઍન્ડ જી. એન. નવલલાલજી આર્ટ્સ કૉલેજ, દહેગામના ગુજરાતીના ટ્યૂટર શ્રી. એમ. એન. મહેતાને, તથા (૨) ભવન્સ આર્ટ્સ અને સાયન્સ કૉલેજ, ડાકોરના ભૌતિક-વિજ્ઞાનના ડેમોન્સ્ટ્રેટર શ્રી. બી. બી. પટેલને છૂટા કરવામાં આવેલા, તે બાબતો અંગે તપાસ કરીને અહેવાલ રજૂ કરવા સિન્ડિકેટે તેની તા. ૯/૧૬-૧-૧૯૭૨ની સભામાં નીમેલ સમિતિના અહેવાલ પર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બાબતની વિચારણા મોકૂફ રાખવી.

તે પછી પ્રમુખસ્થાનેથી નીચેની બાબત સભાગૃહ સમક્ષ રજૂ કરવામાં આવી :

૧૨૯. સંસ્કૃત વિષયમાં પીએચ.ડી. પદવી માટે ડૉ. ઈ. એ. સોઢોમનના માર્ગદર્શન હેઠળ નોંધાયેલા શ્રી. આર. એસ. પાંડેની મૌખિક પરીક્ષા માટેના પરીક્ષક શ્રી. બળદેવ ઉપાધ્યાય નાદુરસ્ત તબિયતને કારણે તે કામ સ્વીકારી શકે તેમ નથી તો તે અંગે વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે શ્રી. આર. એસ. પાંડેના મહાનિબંધ અંગે મૌખિક પરીક્ષા લેવા માટે ડૉ. બલદેવ ઉપાધ્યાયને બદલે ડૉ. એમ. વી. પટવર્ધનને નીમવા.

ત્યાર બાદ સભાનું કામકાજ પૂરું થયું હતું.

ન. સિ./૪૭૪૭૮/૧૯૭૨
ગુજરાત યુનિવર્સિટી કાર્યાલય,
અમદાવાદ-૯.
તા. ૨-૩-૧૯૭૨

ક. ચં. પરીખ
કુલસચિવ.

પરિશિષ્ટ "ક"
કામકાજ ક્રમાંક ૭૭

યુનિવર્સિટી વિજ્ઞાન વિદ્યાભવનમાં લેકચરર--ઇન--બોટેની તથા લેકચરર--ઇન--ઝૂલોજીની જગ્યા માટે ઉમેદવારોની મુલાકાત લેવા માટે વરણી સમિતિની એક સભા સોમવાર, તા. ૨૪--૧--૧૯૭૨ના રોજ અનુક્રમે ૧૧-૩૦ કલાકે અને ૩-૩૦ કલાકે કુલપતિશ્રી ઉમાશંકર જે. જોશીના પ્રમુખપદે મળી હતી. સભ્યોની હાજરી નીચે પ્રમાણે હતી :

૧. શ્રી. ઉમાશંકર જેઠાલાલ જોશી, કુલપતિ	હાજર	હાજર
૨. શ્રી. શિક્ષણસંચાલક, ગુજરાત રાજ્ય	ગેરહાજર	ગેરહાજર
૩. શ્રી. ઝીણાભાઈ રતનજી દેસાઈ	ગેરહાજર	ગેરહાજર
૪. શ્રી. રણજિતરાય ગં. શાસ્ત્રી	ગેરહાજર	ગેરહાજર
૫. શ્રી. જયંત ભગવાનદાસ હરિભક્તિ	ગેરહાજર	ગેરહાજર
૬. શ્રી. ઇન્દ્રવદન અંબાલાલ મોદી	ગેરહાજર	ગેરહાજર
૭. શ્રી. બટુભાઈ હરિભાઈ દેસાઈ	ગેરહાજર	ગેરહાજર
૮. શ્રી. સત્યેન્દ્ર કાળિદાસ ઝવેરી	ગેરહાજર	ગેરહાજર
૯. શ્રી. હીરાલાલ એચ. ભગવતી	હાજર	ગેરહાજર
૧૦. શ્રી. પ્રફુલ્લચંદ્ર સી. શાહ	ગેરહાજર	ગેરહાજર
૨૪. સેકન્ડ બી.એ. અને થર્ડ બી.એ.ની પરીક્ષાઓમાં ભૂગોળના વિષયની પ્રાયોગિક પરીક્ષા માટે નીચે મુજબના નિયમો મંજૂર કરવા માટેની એકેડેમિક કાઉન્સિલની તા. ૫/૬-૧-૧૯૭૨ની સભાની ભલામણ પર વિચારણા કરવા બાબત (એ.કા.બા.ક. ૩૨) :

"(૧) સેકન્ડ બી.એ. અને થર્ડ બી.એ. કક્ષાએ વધુમાં વધુ ત્રણ કલાકની પ્રયોગ-પરીક્ષા હોય એવા ત્રણ કલાકના બે પ્રયોગો દરેક દિવસે યોજી શકાય, પરંતુ ત્રણ કલાકથી વધુ મોટા ગાળાનો પ્રેક્ટિકલ હોય તો દરરોજ એક જ પ્રયોગ-પરીક્ષા યોજવી.

(૨) વિદ્યાર્થીઓની સંખ્યા એક "બૅચ"માં ૨૦થી વધુ રાખવી નહિ અને પ્રાયોગિક પરીક્ષામાં ૧૦થી ઓછા વિદ્યાર્થીઓ હોય તે પરીક્ષકને ઓછામાં ઓછું રૂ. ૨૫/--નું વેતન આપવું.

(૩) પ્રાયોગિક પરીક્ષા સમયે જર્નલ તપાસવા માટે વિદ્યાર્થી દીઠ ૦--૭૫ પૈસાનું મહેનતાણું દરેક પરીક્ષકને આપવું."

આથી ઠરાવવામાં આવે છે કે એકેડેમિક કાઉન્સિલની ઉપરની ભલામણ મંજૂર કરવી.

૨૫. શિક્ષણની અભ્યાસસમિતિની તા. ૭-૧૦-૧૯૭૧ની સભાની ભલામણ અનુસાર એમ.એડ.ની પરીક્ષામાં પાસ થવાનું ધોરણ ૩૬ ટકા ગુણનું દાખલ કરવા તથા તે અંગેનો રેગ્યુ. ૧૬ નીચે પ્રમાણે વંચાય તે રીતે સુધારવા માટેની તથા તેનો તાત્કાલિક અમલ કરવાની એકેડેમિક કાઉન્સિલની તા. ૫/૬--૧--૧૯૭૨ની સભાની ભલામણ મંજૂર કરવા બાબત (એ.કા.બા.ક. ૨૭) :

Standard of Passing for M.Ed. Examination

Edu. R. 16.

"To pass the M.Ed. Examination a candidate must obtain at least 36% of the marks separately each in (*a*) each paper and (*b*) dissertation at the M.Ed. Examination.

Awarded of classes shall be as under :

1. A successful candidate obtaining 60% or more of the total marks will be placed in the First Class.

2. A successful candidate obtaining 48% or more but less than 60% of the total marks will be placed in the Second Class.
3. The remaining candidates passing the examination will be placed in Pass Class."

આથી ઠરાવવામાં આવે છે કે એકેડેમિક કાઉન્સિલની ઉપરની ભલામણ મુજબ એજ્યુ. રેગ્યુ. ૧૬ ઉપર મુજબ સુધારવો તથા તેને તાત્કાલિક અમલમાં મૂકવો.

૨૬. સેનેટે તેની તા. ૨૯/૩૦--૯--૧૯૭૧ની ખાસ સભામાં ઓ. ૧૨૦-બી તથા આચાર્યશ્રી ડી. એચ વેલવણ તરફથી ઓ. ૧૨૦-બી સુધારવા માટે રજૂ કરવામાં આવેલ પ્રસ્તાવ બન્ને સિન્ડિકેટની તા. ૧૩/૧૬--૧૦--૧૯૭૧ની સભાએ એકેડેમિક કાઉન્સિલની વિચારણા માટે મોકલેલ તે અંગે સદરહુ ઓર્ડિ. ૧૨૦-બીમાં કશો ફેરફાર નહિ કરવા માટેની એકેડેમિક કાઉન્સિલની તા. ૫/૬--૧--૧૯૭૨ની સભાની ભલામણ ઉપર વિચારણા કરવા બાબત (એ.કા.બા.ક. ૧૯).

આથી ઠરાવવામાં આવે છે કે એકેડેમિક કાઉન્સિલની ઉપરની ભલામણ મંજૂર કરવી.

૨૭. ભાષાવિજ્ઞાનની ઍડહૉક સમિતિની તા. ૨૨--૧૧--૧૯૭૧ની સભાની ભલામણ અનુસાર એમ.એ.-ની પરીક્ષા કોઈ પણ ભાષાજૂથ સાથે પાસ થયેલા વિદ્યાર્થીઓ માટે બે વર્ષના ગાળાના અનુસ્નાતક ડિપ્લોમા ઇન લિંગ્વિસ્ટિકસના અભ્યાસક્રમ અંગેના ઓર્ડિ. ૩૭૯ અને ૩૭૯--એ મંજૂર કરવાની એકેડેમિક કાઉન્સિલની તા. ૫/૬--૧--૧૯૭૨ની સભાની ભલામણ પર વિચારણા કરવા બાબત (એ.કા.બા.ક. ૮૧).

આથી ઠરાવવામાં આવે છે કે એકેડેમિક કાઉન્સિલની ઉપરની ભલામણ મુજબ ઓર્ડિ. ૩૭૯ અને ૩૭૯--એ મંજૂર કરવા તથા તેને જૂન ૧૯૭૨થી અમલમાં મૂકવા.

(મંજૂર કરવામાં આવેલા ઓર્ડિ. ૩૭૯ અને ૩૭૯--એ અને રેગ્યુ. ૨૬૪, ૨૬૪એ, ૨૬૪બી અને ૨૬૪સીની નકલ **પરિશિષ્ટ "ગ"** તરીકે સામેલ છે.)

૨૮. ભૂગોળની અભ્યાસસમિતિની તા. ૧૫--૧૦--૧૯૭૧ની સભાની ભલામણ મુજબ રેગ્યુ. આર્ટ્સ--૧૨ સુધારવા તથા તેને જૂન ૧૯૭૨થી અમલમાં મૂકવા માટેની એકેડેમિક કાઉન્સિલની તા. ૫/૬--૧--૧૯૭૨ની સભાની ભલામણ પર વિચારણા કરવા બાબત (એ.કા.બા.ક. ૮૦).

આથી ઠરાવવામાં આવે છે કે એકેડેમિક કાઉન્સિલની ઉપરની ભલામણ મુજબ રેગ્યુ. આર્ટ્સ--૧૨ સુધારવો તથા તેને જૂન ૧૯૭૨થી અમલમાં મૂકવો.

(સુધારેલા રેગ્યુ. આર્ટ્સ--૧૨ની નકલ **પરિશિષ્ટ "ઘ"** તરીકે સામેલ છે.)

૨૯. એકાઉન્ટિંગની અભ્યાસસમિતિની તા. ૩--૧--૧૯૭૨ની સભાની ભલામણ મુજબ રેગ્યુ. કૉમ.--૨ સુધારવા તથા તેને જૂન ૧૯૭૨થી અમલમાં મૂકવા માટેની એકેડેમિક કાઉન્સિલની તા. ૫/૬--૧--૧૯૭૨ની સભાની ભલામણ પર વિચારણા કરવા બાબત (એ.કા.બા.ક. ૭૯).

આથી ઠરાવવામાં આવે છે કે એકેડેમિક કાઉન્સિલની ઉપરની ભલામણ મુજબ રેગ્યુ. કૉમ.--૨ સુધારવો તથા તેને જૂન ૧૯૭૨થી અમલમાં મૂકવો.

(સુધારેલા રેગ્યુ. કૉમ.--૨ની નકલ **પરિશિષ્ટ "ચ"** તરીકે સામેલ છે.)

૩૦. ફારસી, અરબી અને ઉર્દૂની અભ્યાસસમિતિની તા. ૭-૧૦-૧૯૭૧ની સભાની ભલામણ અનુસાર રેગ્યુ. પ્રી-આર્ટ્સ-૨, પહેલા વર્ષ બી.એ.ના રેગ્યુ. આર્ટ્સ-૨ તથા બીજા વર્ષ બી.એ.ના રેગ્યુ. આર્ટ્સ-૭ તથા ત્રીજા વર્ષ બી.એના રેગ્યુ. આર્ટ્સ-૧૨, અને એમ.એ.ના રેગ્યુ. એમ.એ.-૪ અને રેગ્યુ. એમ.એ.-૭ના સંબંધકર્તા ભાગ સુધારવા માટે તથા તેને જૂન ૧૯૭૨થી અમલમાં મૂકવા માટેની ઍકેડેમિક કાઉન્સિલની તા. ૫/૬-૧-૧૯૭૨ની સભાની ભલામણ પર વિચારણા કરવા બાબત (ઑ.કા.બા.ક. ૭૮).

આથી ઠરાવવામાં આવે છે કે ઍકેડેમિક કાઉન્સિલની ઉપરની ભલામણ મુજબ રેગ્યુ. પ્રી-આર્ટ્સ-૨, રેગ્યુ. આર્ટ્સ-૨, રેગ્યુ. આર્ટ્સ-૭, રેગ્યુ. આર્ટ્સ-૧૨, રેગ્યુ. એમ.એ.-૪ અને રેગ્યુ. એમ.એ.-૭નો સંબંધકર્તા ભાગ સુધારવો તથા તેને જૂન ૧૯૭૨થી અમલમાં મૂકવો.

(સુધારેલા રેગ્યુ. પ્રી-આર્ટ્સ-૨, આર્ટ્સ-૨, આર્ટ્સ-૭, આર્ટ્સ-૧૨, એમ.એ.-૪ અને એમ.એ.-૭ની નકલ **પરિશિષ્ટ "છ"** તરીકે સામેલ છે.)

૩૧. પ્રથમ વર્ષ બી.કૉમ. અને દ્વિતીય વર્ષ બી.કૉમ.માં અર્થશાસ્ત્રના વિષયને લગતા અભ્યાસક્રમ સુધારવા અને તેને લગતા સંબંધકર્તા રેગ્યુ. કૉમ.-૨ અને રેગ્યુ. કૉમ.-૮ સુધારીને તેને અનુક્રમે જૂન ૧૯૭૨થી અને જૂન ૧૯૭૩થી અમલમાં મૂકવા માટેની ઍકેડેમિક કાઉન્સિલની તા. ૫/૬-૧-૧૯૭૨ની સભાની ભલામણ પર વિચારણા કરવા બાબત (ઑ.કા.બા.ક. ૬૯).

આથી ઠરાવવામાં આવે છે કે ઍકેડેમિક કાઉન્સિલની ઉપરની ભલામણ મુજબ રેગ્યુ. કૉમ.-૨ અને રેગ્યુ.કૉમ.-૮નો સંબંધકર્તા ભાગ સુધારવો તથા તેને અનુક્રમે જૂન ૧૯૭૨થી અને જૂન ૧૯૭૩થી અમલમાં મૂકવો.

(સુધારેલા રેગ્યુ. કૉમ.-૨ અને કૉમ.-૮ની નકલ **પરિશિષ્ટ "જ"** તરીકે સામેલ છે.)

૩૨. એમ.એસસી. ભાગ ૨ના રસાયણવિજ્ઞાનના અભ્યાસક્રમમાં બ્રાન્ચ 'ઈ'-પેટ્રોકેમિકલ્સનો અભ્યાસક્રમ સુધારવા તથા તે માટે રેગ્યુ. એમ.એસસી.-૬ સુધારીને મંજૂર કરવા માટેની ઍકેડેમિક કાઉન્સિલની તા. ૫/૬-૧-૧૯૭૨ની સભાની ભલામણ પર વિચારણા કરવા બાબત (ઑ.કા.બા.ક. ૯૭).

આથી ઠરાવવામાં આવે છે કે ઍકેડેમિક કાઉન્સિલની ઉપરની ભલામણ મુજબ રેગ્યુ. એમ.એસસી.-૬નો સંબંધકર્તા ભાગ સુધારવો તથા તેને જૂન ૧૯૭૨થી અમલમાં મૂકવો.

(સુધારેલા રેગ્યુ. એમ.એસસી.-૬ની નકલ **પરિશિષ્ટ "ઝ"** તરીકે સામેલ છે.)

૩૩. ઇજનેરી વિદ્યાશાખામાં મિકેનિકલ એન્જિનિયરિંગના એમ. ૧૦૦-૩-૧ રેફ્રિજરેશન અને એમ. ૧૦૦-૪-૧ એરકન્ડિશનિંગનો સુધારેલો રેગ્યુલેશન મંજૂર કરવા તથા તે માટે સુધારેલા રેગ્યુ. એન્જિ. ૧૮ મંજૂર કરવા તથા તેને જૂન ૧૯૭૨થી અમલમાં મૂકવા માટેની ઍકેડેમિક કાઉન્સિલની તા. ૫/૬-૧-૧૯૭૨ની સભાની ભલામણ પર વિચારણા કરવા બાબત (ઑ.કા.બા.ક. ૧૦૦).

આથી ઠરાવવામાં આવે છે કે ઍકેડેમિક કાઉન્સિલની ઉપરની ભલામણ મુજબ રેગ્યુ. એન્જિ. ૧૮નો સંબંધકર્તા ભાગ સુધારવો તથા તેને જૂન ૧૯૭૨થી અમલમાં મૂકવો.

(સુધારેલા રેગ્યુ. એન્જિ. ૧૮ની નકલ **પરિશિષ્ટ "ટ"** તરીકે સામેલ છે.)

૩૪. ઇજનેરી વિદ્યાશાખામાં કેમિકલ એન્જિનિયરિંગના પાંચમા વર્ષ સેમેસ્ટર ૯ અને સેમેસ્ટર ૧૦ના અભ્યાસક્રમ અંગેની શિક્ષણ અને પરીક્ષણ માટેની યોજના મંજૂર કરવા તથા તેને લગતા વિસ્તૃત અભ્યાસક્રમ

અંગેના સુધારેલા રેગ્યુ. ૧૮ને મંજૂર કરવા તથા તેને જૂન ૧૯૭૨થી અમલમાં મૂકવા માટેની એકેડેમિક કાઉન્સિલની તા. ૫/૬--૧--૧૯૭૨ની સભાની ભલામણ ઉપર વિચારણા કરવા બાબત (એ.કા.બા.ક. ૧૦૧).

આથી ઠરાવવામાં આવે છે કે એકેડેમિક કાઉન્સિલની ઉપરની ભલામણ મુજબ મંજૂર કરેલ અને તે મુજબ સુધારેલા રેગ્યુ. ૧૮ને મંજૂર કરવો તથા તેને જૂન ૧૯૭૨થી અમલમાં મૂકવો.

(સુધારેલા રેગ્યુ. ૧૮ની નકલ **પરિશિષ્ટ "ઠ"** તરીકે સામેલ છે.)

૩૫. બિઝનેસ મૅનેજમેન્ટની અભ્યાસસમિતિની તા. ૪--૧૨--૧૯૭૧ની સભાની ભલામણ મુજબ રેગ્યુ. કૉમ.--૨ ને જૂન ૧૯૭૨થી અમલમાં મૂકવા માટેની એકેડેમિક કાઉન્સિલની તા. ૫/૬--૧--૧૯૭૨ની સભાની ભલામણ પર વિચારણા કરવા બાબત (એ.કા.બા.ક. ૮૩).

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બાબતની વિચારણા મોકૂફ રાખવી.

૩૬. અર્થશાસ્ત્રની અભ્યાસસમિતિની તા. ૨૬/૨૭--૧૧--૧૯૭૧ની સભાની ભલામણ અનુસાર એમ.એ. પાર્ટ ૨ના અર્થશાસ્ત્ર ઑપ્શનલ (એડવાન્સ્ડ ગ્રુપ 'ડી') પ્રશ્નપત્ર ૨--ઈકોનોમિકસ ઑફ ડેવલપમેન્ટનો નવો અભ્યાસક્રમ મંજૂર કરવા તથા તે મુજબ રેગ્યુ. એમ.એ.--૮ને સુધારવા તથા તેને જૂન ૧૯૭૨થી અમલમાં મૂકવા માટેની એકેડેમિક કાઉન્સિલની તા. ૫/૬--૧--૧૯૭૨ની સભાની ભલામણ પર વિચારણા કરવા બાબત (એ.કા.બા.ક. ૮૪).

આથી ઠરાવવામાં આવે છે કે એકેડેમિક કાઉન્સિલની ઉપરની ભલામણ મંજૂર કરવી તથા તે મુજબ રેગ્યુ. એમ.એ. સુધારવો તથા તેને જૂન ૧૯૭૨થી અમલમાં મૂકવો.

(સુધારેલા રેગ્યુ. એમ.એ.--૮ની નકલ **પરિશિષ્ટ "ડ"** તરીકે સામેલ છે.)

૩૭. ત્રીજા વર્ષ બી.એસસી.ના અભ્યાસક્રમમાં ભૌતિકવિજ્ઞાનના વિષયનો અભ્યાસક્રમ સુધારવા તથા તે અંગે રેગ્યુ. સાયન્સ--૧૫માં જરૂરી સુધારો કરીને તેને માર્ચ/એપ્રિલ ૧૯૭૩ની પરીક્ષાથી અમલમાં મૂકવાની એકેડેમિક કાઉન્સિલની તા. ૫/૬--૧--૧૯૭૨ની સભાની ભલામણ પર વિચારણા કરવા બાબત (એ.કા.બા.ક. ૭૬).

આથી ઠરાવવામાં આવે છે કે એકેડેમિક કાઉન્સિલની ઉપરની ભલામણ મંજૂર કરવી તથા તે મુજબ રેગ્યુ. સાયન્સ ૧૫ સુધારવો તથા તેને જૂન ૧૯૭૨થી અમલમાં મૂકવો.

(સુધારેલા રેગ્યુ. સાયન્સ--૧૫ની નકલ **પરિશિષ્ટ "ઢ"** તરીકે સામેલ છે.)

૩૮. મનોવિજ્ઞાનની અભ્યાસસમિતિની તા. ૨૮--૬--૧૯૭૧ની સભાની ભલામણને અનુલક્ષીને (૧) રેગ્યુ. આર્ટ્સ-૨ને મંજૂર કરવા તથા તેને જૂન ૧૯૭૨થી અમલમાં મૂકવા અને (૨) રેગ્યુ. આર્ટ્સ--૭ને મંજૂર કરવા તથા તેને જૂન ૧૯૭૩થી અમલમાં મૂકવા માટેની (૩) રેગ્યુ. આર્ટ્સ--૧૨ને મંજૂર કરવા તથા તેને જૂન ૧૯૭૪થી અમલમાં મૂકવા માટેની એકેડેમિક કાઉન્સિલની તા. ૫/૬--૧--૧૯૭૨ની સભાની ભલામણ પર વિચારણા કરવા બાબત (એ.કા.બા.ક. ૮૨).

આથી ઠરાવવામાં આવે છે કે એકેડેમિક કાઉન્સિલની ઉપરની ભલામણ મંજૂર કરવી તથા તે મુજબ રેગ્યુ. આર્ટ્સ ૨, આર્ટ્સ--૭ અને આર્ટ્સ--૧૨ સુધારવા તથા તેને અનુક્રમે જૂન ૧૯૭૨, જૂન ૧૯૭૩ અને જૂન ૧૯૭૪થી અમલમાં મૂકવા.

(સુધારેલા રેગ્યુ. આર્ટ્સ--૨, આર્ટ્સ--૭ અને આર્ટ્સ--૧૨ની નકલ **પરિશિષ્ટ "ત"** તરીકે સામેલ છે.)

૩૯. એચ. એ. કૉલેજ ઑફ કૉમર્સ, અમદાવાદને જૂન ૧૯૭૨થી પ્રથમ વર્ષ બી.કૉમ.માં એડવાન્સ્ડ ઇકોનોમિક્સ અને બિઝનેસ મૅથેમેટિક્સ શીખવવાની પરવાનગી આપવા અંગે વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે એચ. એ. કૉલેજ ઑફ કૉમર્સ, અમદાવાદને પ્રથમ વર્ષ બી.કૉમ.માં "એડવાન્સ્ડ ઇકોનોમિક્સ" અને "બિઝનેસ મૅથેમેટિક્સ"ના વિષયો તદર્થ (ad-hoc) ધોરણે જૂન ૧૯૭૨થી શીખવવા માટે પરવાનગી આપવી.

૪૦. નેશનલ બુક ટ્રસ્ટ ઈન્ડિયા તરફથી ન્યૂ દિલ્હી મુકામે તા. ૧૮મી માર્ચથી ૨ એપ્રિલ ૧૯૭૨ સુધી યોજનાર વર્લ્ડ બુક ફેરમાં યુનિવર્સિટીના પ્રતિનિધિ મોકલવા વિચારણા કરવા બાબત :

(નોંધ.—સિન્ડિકેટે તેની તા. ૧૩/૧૬--૧૦--૧૯૭૧ની સભામાં નીમેલ શ્રી. પી. એફ. પટેલે અશક્તિ દર્શાવી છે. અન્ય પ્રતિનિધિઓ શ્રી. કે. ડી. પંડ્યા અને શ્રી. જે. એમ. પુરોહિત છે.)

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ કાર્યક્રમમાં ગ્રંથપાલ શ્રી. પી. એફ. પટેલને બદલે મદદનીશ ગ્રંથપાલ શ્રી. ડી. એન. શુકલને મોકલવા.

૪૧. આંકડાશાસ્ત્રના વિષય પર જુદી પરિભાષાની પુસ્તિકા તૈયાર કરવા અંગે ડૉ. સી. જી. ખત્રીના સૂચન પર વિચારણા કરવા બાબત :

આથી ઠરાવવામાં આવે છે કે આંકડાશાસ્ત્રના વિષય અંગે વૈજ્ઞાનિક પરિભાષા તૈયાર કરવા માટે નીચે જણાવેલા સભ્યોની સમિતિ રચવી :

૧. ડૉ. સી. જી. ખત્રી
૨. ડૉ. એમ. સી. જયસ્વાલ
૩. આચાર્ય ડી. એન. વશી
૪. ડૉ. એન. એમ. ભટ્ટ
૫. શ્રીમતી ઈન્દિરાબહેન ભણોત
૬. આચાર્ય કે. એમ. તલાટી.

૪૨. ગિરધરનગરની આર્ટ્સ કૉલેજના જે વિદ્યાર્થીઓ ચાલુ બીજા સત્રથી અન્ય કૉલેજમાં જોડાયેલા હોય તેવા વિદ્યાર્થીઓના પ્રથમ સત્રના આંતરિક મૂલ્યાંકન અંગે વિચારણા કરવા બાબત :

(નોંધ.— એલ. ડી. આર્ટ્સ કૉલેજમાં કેટલાક વિદ્યાર્થીઓ જોડાયેલ છે તેમના પ્રથમ સત્રના ટેસ્ટ કૉલેજ તરફથી મળતા નથી.)

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ વિદ્યાર્થીઓના વિશિષ્ટ સંજોગો જોતાં જે વિદ્યાર્થીઓના પ્રથમ સત્રના આંતરિક મૂલ્યાંકનના ગુણાંક ઉપલબ્ધ થઈ શકે તેમ ન હોય તો તે વિદ્યાર્થીઓ ચાલુ વર્ષે બીજા સત્રમાં જે કૉલેજમાં જોડાયા હોય તે કૉલેજમાં લેવાયેલી તમામ કસોટીઓમાં તેમને મળેલા ગુણાંકને આધારે તેમના આંતરિક ગુણાંક પ્રમાણસર "pro-rata" ગણવાનું રાખવું.

૪૩. યુનિવર્સિટી ગ્રંથ નિર્માણ બોર્ડના અધ્યક્ષશ્રીના પત્રાંક ૧૦/૪૦૬૬, તા. ૨--૧૨--૧૯૭૧ મુજબ બોર્ડે નીમેલી પેટાસમિતિની નોંધ અંગે તથા ગુજરાત સરકારની યુનિવર્સિટીની બ્લૉક મેઈન્ટેનન્સ ગ્રાન્ટ હેઠળ ઊભી થતી પરિસ્થિતિમાં યુનિવર્સિટીનાં પ્રકાશનો યુનિવર્સિટી ગ્રંથ નિર્માણ બોર્ડને આપવા અંગે વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે તા. ૧--૪--૧૯૭૨ પછી યુનિવર્સિટીનાં પ્રકાશનો માટે ગુજરાત રાજ્યના ગ્રંથ નિર્માણ બોર્ડની યોજના હેઠળ પ્રકાશિત કરવાનું બંધ કરવું.

૪૪. ગુજરાત યુનિવર્સિટીના સમાજવિદ્યા ભવનના અધ્યક્ષ પ્રો. ડી. એન. પાઠકની સંશોધન યોજના "પોલિટિકલ બીહેવિયર ઇન ગુજરાત" અંગે ઇન્ડિયન કાઉન્સિલ ઑફ સોશિયલ સાયન્સ રિસર્ચ, ન્યૂ દિલ્હી તરફથી તેમના પત્રાંક એફ. ૧--૩૪૯--૭૧--જી, તા. ૨૧--૧--૧૯૭૨થી સંશોધન અનુદાનની રકમ રૂ. ૨૫,૩૦૦ મંજૂર કર્યાની નોંધ લેવા બાબત તથા તે અંગે જરૂરી આગળ પગલાં લેવા અંગે વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બાબતની નોંધ લેવી તથા તે અંગે જરૂરી પગલાં લેવા પ્રો. ડી. એન. પાઠકને જણાવવું.

૪૫. તા. ૧૪--૧૨--૧૯૭૧ની સભામાં સુધારેલા ઑર્ડિ. કૉમ.--૫(બી) તાત્કાલિક અમલમાં લાવવાને બદલે વાણિજ્ય વિદ્યાશાખાના અધ્યક્ષના મંતવ્ય પ્રમાણે તે જૂન ૧૯૭૨થી અમલમાં મૂકવા તથા જે વિદ્યાર્થીઓનાં અગાઉ સત્રો મંજૂર કરવામાં આવેલાં હોય તેમને થર્ડ બી.કૉમ. પરીક્ષાના અંગ્રેજીના વિષયમાં જૂના નિયમ પ્રમાણે મુકિતનો લાભ આપવા અંગે વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે ઑર્ડિ. કૉમ.--૫(બી)ને જૂન ૧૯૭૨થી અમલમાં મૂકવો અને તે પ્રમાણે જે વિદ્યાર્થીઓનાં સત્રો તે અગાઉ મંજૂર થયેલાં હોય તેમને થર્ડ બી.કૉમ.ની પરીક્ષામાં અંગ્રેજીના વિષયમાં જૂના નિયમો પ્રમાણે મુકિત આપવી.

૪૬. યુનિવર્સિટી વિજ્ઞાન વિદ્યાભવનના વનસ્પતિવિજ્ઞાનના રીડર ડૉ. સી. કે. શાહની નીચેનાં કામો સ્વીકારવાની તથા તે અંગેનું મહેનતાણું સ્વીકારવાની તા. ૨--૨--૧૯૭૨ની અરજી ઉપર વિચારણા કરવા બાબત :

નં.	વિષય	સંસ્થા	સહલેખક	કેટલું વેતન મળશે
૧	વનસ્પતિ-ગર્ભવિદ્યા	યુનિ. ગ્રંથ નિર્માણ બોર્ડ	ડૉ. આર. ડી. આડતિયા ...	આ બંને પુસ્તકોનાં આશરે ૪૦૦ પાનાં થશે અને એક પાના દીઠ રૂ. ૧૫ ગણતાં રૂ. ૬,૦૦૦ થાય તે પ્રમાણે ડૉ. શાહને રૂ. ૩૦૦૦ મળે.
૨.	વનસ્પતિ-વર્ગીકરણ	,,	ડૉ. જી. એલ. શાહ	
૩.	સામાન્યવિજ્ઞાન (ધો. ૮ માટે)	ગુજરાત રાજ્ય	પેનલ આશરે ૮ વ્યકિતઓ વચ્ચે ...	આ પુસ્તકનાં ૫૦ પાનાં થશે, અને એક પાના દીઠ રૂ. ૭૫ ગણતાં રૂ. ૩,૭૫૦ થાય જે રકમ ૮ વ્યકિતઓ વચ્ચે વહેંચાતાં ડૉ. શાહને આશરે રૂ. ૪૭૦ મળે. કુલ વેતન રૂ. ૩,૪૭૦

(નોંધ.—૧૯૭૧--૭૨ના ચાલુ વર્ષ દરમ્યાન તેઓને અન્ય કામગીરી માટે રૂ. ૪૦૦ મળ્યા છે.)

(૧) આથી ઠરાવવામાં આવે છે કે ડૉ. સી. કે. શાહને સદરહુ કામ તથા તે અંગેનો ઉપર મુજબ પુરસ્કાર સ્વીકારવા માટે પરવાનગી આપવી.

(૨) તે પછી સામાન્ય ધોરણે જે ચર્ચા ચાલી તેના અંતે વધુમાં ઠરાવવામાં આવ્યું કે યુનિવર્સિટીના કર્મચારીઓ—શિક્ષકવર્ગના તેમ જ બિનશિક્ષકવર્ગના—માટે બહારનું કામ અને/અથવા તે અંગેનો પુરસ્કાર સ્વીકારવા માટે નીચે મુજબ નિયમો કરવા :

(ક) પુસ્તકોના લેખન કે અનુવાદ કે સંપાદનનું કામ અને તે અંગેનું વેતન સ્વીકારવા માટે તેમ જ ઑલ ઇન્ડિયા રેડિયો પરથી કાર્યક્રમોમાં ભાગ લેવા માટે અને તે અંગેનું વેતન સ્વીકારવા માટે યુનિવર્સિટીનાં

કોઈ પણ કર્મચારીને માટે હવે પછી પરવાનગી લેવી આવશ્યક રહેશે નહિ, પરંતુ તે અંગેની માહિતી યુનિવર્સિટી કાર્યાલયને જે તે સભ્યે પૂરી પાડવી આવશ્યક રહેશે.

(ખ) યુનિવર્સિટીના કર્મચારીઓ માટે યુનિવર્સિટી સિવાયની અન્ય સંસ્થાઓનું કે બહારનું ઉપર (ક)માં જણાવ્યા સિવાયનું અન્ય કોઈ કામ, સવેતન હોય કે અવેતન, સિન્ડિકેટની પૂર્વસંમતિ સિવાય સ્વીકારી શકાશે નહિ.

૪૭. યુનિવર્સિટી ગ્રંથ નિર્માણ બોર્ડ દ્વારા પ્રકાશિત થતી શ્રી. ચંદ્રવદન મહેતાનાં નાટ્યવિષયક યુનિવર્સિટી વ્યાખ્યાનોનો એક સંગ્રહ "નાટ્યરંગ"ની હસ્તપ્રતને ભાષાકીય દૃષ્ટિએ જોઈ જવા અંગેની કામગીરી તથા તે અંગેનું બદલામાં રૂ. ૧૫૦નું માનદ વેતન સ્વીકારવા અંગેની ભાષા-સાહિત્ય ભવનના ગુજરાતીના લેક્ચરર શ્રી. એ. એલ. બ્રહ્મભટ્ટની તા. ૨૯-૧૨-૧૯૭૧ની અરજી ઉપર વિચારણા કરવા બાબત.

(નોંધ.—શ્રી. બ્રહ્મભટ્ટને ૧૯૭૧-૭૨ના નાણાકીય વર્ષ દરમ્યાન રૂ. ૫૦૩નું માનદ વેતન મળેલું છે.)

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ કામગીરી તથા તે અંગેનો ઉપર મુજબ પુરસ્કાર સ્વીકારવા માટે **શ્રી. એ. એન. બ્રહ્મભટ્ટને** પરવાનગી આપવી.

૪૮. સિન્ડિકેટના તા. ૧૪-૧૨-૧૯૭૧ની સભાના ઘરભાડા ભથ્થા અંગેના નીચેના ઠરાવ પર પુનર્વિચારણા કરવા બાબત :

"વધુમાં ઠરાવવામાં આવે છે કે યુનિવર્સિટીના બિનશિક્ષકવર્ગના કર્મચારીઓનું મોંઘવારી ભથ્થું સિન્ડિકેટના તા. ૧૩/૧૬-૧૦-૧૯૭૧ના ઠરાવથી અંશતઃ તેમના મૂળ પગારમાં તા. ૧-૪-૧૯૭૧થી ભેળવવામાં આવ્યું છે. તેના સંદર્ભમાં તા. ૧-૪-૧૯૭૧થી તા. ૩૧-૩-૧૯૭૨ સુધીના સમયગાળા દરમ્યાન જે કર્મચારીઓને ઘરભાડા ભથ્થું આપવામાં આવેલ છે કે આ પછી આપવામાં આવશે તેમને ઘરભાડા ભથ્થાના હેતુ માટે જે મોંઘવારી ભથ્થું અંશતઃ તેમના મૂળ પગારમાં ભેળવવામાં આવેલું છે તે વૈચારિક રીતે (નોશનલી) મૂળ પગારમાં ભેળવાયેલું ગણવું નહિ. એટલે કે તા. ૩૧-૩-૧૯૭૧ના રોજ તેમનો જે મૂળ પગાર હતો તેમાં તેમનો ફક્ત વાર્ષિક ઈજાફો સામાન્ય ક્રમે વધતો હોય તે તેમાં ઉમેરીને તે જ તેમનો મૂળ પગાર તેમને મળવા પાત્ર થતા ભાડાભથ્થાના હેતુ માટે તા. ૧-૪-૧૯૭૧થી તા. ૩૧-૩-૧૯૭૨ના વર્ષ માટે વૈચારિક રીતે (નોશનલી) ગણવાનું રાખવું."

આથી ઠરાવવામાં આવે છે કે યુનિવર્સિટીના કર્મચારીઓ (શિક્ષકવર્ગ તેમ જ બિનશિક્ષકવર્ગના કર્મચારીઓ) માટે ભાડાભથ્થા અંગેનો સિન્ડિકેટે તેની તા. ૧૪-૧૨-૧૯૭૧ની સભામાં મંજૂર કરેલા ઠરાવની પેરાકલમ (૨) (ક) નીચે મુજબ વંચાય તે રીતે સુધારવી :

(૨) (ક) મકાનભાડા ભથ્થા અંગેના હાલના નિયમો અને દર જેમ છે તેમ ચાલુ રાખવા; પરંતુ પોતાના મકાનમાં રહેતા હોય અથવા ભાડે રહેતા હોય તેવા કર્મચારીઓ તરફથી ઉપરોક્ત નિયમો પ્રમાણેની ભાડાની પાવતી, મ્યુ. ટેક્સનું બિલ રજૂ કરવામાં આવે નહીં કે ભાડા-ભથ્થા અંગેની બીજી કોઈ પણ શરત પૂરી કરી શકે નહીં તેમને તા. ૧-૪-૧૯૭૨થી નીચેના દરે ઉચ્ચક મકાન ભથ્થું આપવું :

(૧) રૂ. ૩૫૦થી ઓછી રકમનો મૂળ પગાર મેળવતા કર્મચારીઓ માટે	... મૂળ પગારના ૧૨½ ટકા, વધુમાં વધુ રૂ. ૪૦.
(૨) રૂ. ૩૫૦ કે તેથી વધુ મૂળ પગાર મેળવતા કર્મચારીઓ માટે	... મૂળ પગારના ૧૦ ટકા, વધુમાં વધુ રૂ. ૨૦૦.

વધુમાં ઠરાવવામાં આવે છે કે યુનિવર્સિટીના બિનશિક્ષકવર્ગના કર્મચારીઓનું મોંઘવારી ભથ્થું સિન્ડિકેટના તા. ૧૩/૧૬--૧૦--૧૯૭૧ના ઠરાવથી અંશત: તેમના મૂળ પગારમાં તા. ૧--૪--૧૯૭૧થી ભેળવવામાં આવ્યું છે તેના સંદર્ભમાં જે કર્મચારીઓનો જૂના (unmerged) પગારધોરણમાં મૂળ માસિક પગાર રૂ. ૧૮૦થી રૂ. ૩૦૦ વચ્ચે મોંઘવારી ભથ્થું ભેળવતાં પહેલાં હતો તેવા કર્મચારીઓને ઘરભાડા ભથ્થું આપવામાં આવેલ છે કે આ પછી આપવામાં આવશે તેમને ઘરભાડા ભથ્થાના હેતુ માટે તા. ૧--૪--૧૯૭૧થી તા. ૩૧--૩--૧૯૭૨ સુધીના સમયગાળા દરમિયાન નવા (merged) પગારથી જો તેમને વિપરીત અસર (adverse effect) થતી હોય તો જે મોંઘવારી ભથ્થું અંશત: તેમના મૂળ પગારમાં વાસ્તવિક ભેળવવામાં આવ્યું છે તે વૈચારિક રીતે (notionally) મૂળ પગારમાં ભેળવાયેલું ગણવું, એટલે કે તા. ૩૧--૩--૧૯૭૧ ના રોજ તેમનો મૂળ માસિક પગાર હતો તેમાં ફક્ત તેમનો વાર્ષિક ઇજાફો સામાન્ય ક્રમે વધતો હોય તે તેમાં ઉમેરીને તે જ તેમનો મૂળ પગાર તેમને મળવા પાત્ર થતા ભાડા ભથ્થાના હેતુ માટે તા. ૧--૪--૧૯૭૧થી તા. ૩૧--૩--૧૯૭૨ના વર્ષ માટે વૈચારિક રીતે (notionally) ગણવાનું રાખવું.

૪૯. યુનિવર્સિટી સાથે જોડાયેલી કૉલેજો/સંસ્થાઓ કે જ્યાં જુદા જુદા વિષયનાં અનુસ્નાતક કેન્દ્રો સ્થાપવામાં આવ્યાં છે તેમાં વિદ્યાર્થીઓ તરફથી લેવામાં આવતી સત્ર ફી, શિક્ષકોને આપવામાં આવતાં માનદ વેતન, તેમનાં મુસાફરી ભથ્થાં, વિદ્યાર્થીઓને આપવામાં આવતી શિષ્યવૃત્તિઓ વગેરે અંગે કાર્યાલયનાં નીચેનાં સૂચન અંગે વિચારણા કરવા બાબત :

"સૂચન.—૧ : ટ્યૂશન ફી અંગેની બધી જ રકમ કેન્દ્રો તરફથી યુનિવર્સિટીમાં જમા કરાવવામાં આવે.

સૂચન.—૨ : શિક્ષકોનું માનદ વેતન, મુસાફરી ભથ્થાં, શિષ્યવૃત્તિઓ તથા બીજા ખર્ચા અંગેનાં બિલો, પ્રોફેસર ઇન ચાર્જ પાસ કરીને યુનિવર્સિટીને મોકલી આપે, જેના ચેક લખી હિસાબ વિભાગ પેમેન્ટ કરે.

સૂચન.—૩ : વ્યાખ્યાનો આપવા માટે જે શિક્ષકો આવે તેઓને ચૂકવવા માટે મુસાફરી ભથ્થા તથા બીજા ખર્ચ અંગે યુનિવર્સિટી તરફથી પ્રત્યેક કેન્દ્રમાં વર્ષની શરૂઆતમાં રૂ. ૧,૦૦૦ તથા તે પછી વખતોવખત જરૂર પડે તે મુજબની રકમ ઍડવાન્સ પેટે આપે."

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બાબતની વિચારણા મોકૂફ રાખવી.

૫૦. યુનિવર્સિટી સંશોધન ગ્રાન્ટ અંગેની સમિતિ (ગ્રાન્ટ્સ યુટિલાઇઝેશન કમિટી) પર ડૉ. એ. એમ. ત્રિવેદીના અવસાનથી ખાલી પડેલી જગ્યા પર તા. ૧૬--૧૧--૧૯૭૨ સુધીના સમય માટે અન્ય સભ્યની નિમણૂક કરવા અંગે વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ સમિતિ પર ડૉ. એ. એમ. ત્રિવેદીના અવસાનથી ખાલી પડેલી જગ્યા પર ડૉ. એમ. એન. દેસાઈને તા. ૧૬--૧૧--૧૯૭૨ સુધી નીમવા.

૫૧. સને ૧૯૭૨--૭૩ના વર્ષમાં આપણી યુનિવર્સિટીના ઉપક્રમે ક્રમાનુવર્તી જલસ્પર્ધા અથવા બાસ્કેટબૉલ (બહેનો) અથવા બાસ્કેટબૉલ (ભાઈઓ) અથવા વૉલીબૉલ (ભાઈઓ)ની રમતની આંતર-યુનિવર્સિટી હરીફાઈઓ યોજવાનું આમંત્રણ આંતર-યુનિવર્સિટી સ્પોર્ટ્સ બોર્ડ ઑફ ઇન્ડિયા ઍન્ડ સિલોન, ન્યૂ દિલ્હીને પાઠવવા અંગે વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બાબતની વિચારણા મોકૂફ રાખવી.

૫૨. બોર્ડ ઑફ યુનિવર્સિટી ટીચિંગની તા. ૨૯--૧૨--૧૯૭૧ના રોજ મળેલી સભાની ભલામણો પર વિચારણા કરવા બાબત.

(નોંધ.— બાબત નં. ૫, ૭ અને ૧૩ની ભલામણો એકેડેમિક કાઉન્સિલને વિચારણા માટે મોકલી હોવાથી તે પર હાલ વિચારણા કરવાની જરૂર નથી. બાબત નં. ૨, ૩, ૪, ૧૨ (૧), ૨૭ (અ) (બ) (ક) (ડ), ૨૯ અને ૩૮ની વિચારણા તા. ૯--૧--૧૯૭૨ની સિન્ડિકેટમાં થઈ ગઈ હોવાથી તે પર વિચારણા કરવાનું હવે રહેતું નથી.)

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બોર્ડની તા. ૨૯--૧૨--૧૯૭૧ની સભાની નીચેની ભલામણો મંજૂર કરવી :

નં. ૬, ૮, ૯, ૧૦, ૧૬, ૧૭, ૧૮, ૨૦, ૨૧, ૨૨, ૨૩, ૨૪, ૨૫, ૨૬, ૨૮, ૩૨, ૩૩, ૩૪, ૩૫, ૩૬, ૩૭, ૪૦ અને ૪૧.

(સદરહુ બોર્ડની તા. ૨૯--૧૨--૧૯૭૧ની સભાની નોંધ **પરિશિષ્ટ "થ"** તરીકે સામેલ છે.)

૫૩. ઑર્ડિ. ૬૨--ડી (૭) હેઠળ ભવનના અધ્યક્ષશ્રીની બનેલી સમિતિને ભાવતાલ મંગાવ્યા સિવાય રૂ.૨૦૦ સુધીનો ખર્ચ કરવાની સત્તા આપી છે, તેને બદલે રૂ. ૫૦૦ સુધીનો ખર્ચ કરવાની સત્તા આપવાનું જણાવતા ભાષા-સાહિત્ય ભવનના કાર્યકારી અધ્યક્ષશ્રીના તા. ૨૯--૧૧--૧૯૭૧ના પત્ર પર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બાબત ફાઇનાન્સ સમિતિની વિચારણા માટે મોકલવી.

૫૪. ભારત સરકારની એન. એસ. ઓ. યોજના હેઠળ યુ.જી.સી. તરફથી યુનિવર્સિટી વિસ્તારમાં સ્ટાન્ડર્ડ સાઈઝ ૧૨૦ × ૮૦ × ૩૦'નો જિમ્નેશિયમ હૉલ બાંધવા માટે વધુમાં વધુ રૂ. ૨,૫૦,૦૦૦ના ૭૫ ટકા ગ્રાન્ટ પ્રમાણે રૂ. ૧,૮૭,૫૦૦ની ગ્રાન્ટ મંજૂર થયેલ છે. પરંતુ ઉપરની સાઈઝનું જિમ્નેશિયમ બાંધવાનો ખર્ચ રૂ. ૩,૪૮,૦૦૦ થાય છે તો ગ્રાન્ટથી વધારાનું ખર્ચ આશરે રૂ. ૯૮,૦૦૦ મંજૂર કરવા વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ પ્રસ્તાવ અને તે અંગેનો રૂ. ૩,૪૮,૦૦૦--૦૦નો અંદાજી ખર્ચ મંજૂર કરવો તથા તે માટે જરૂર પડયે રૂ. ૯૮,૦૦૦ સુધીનું વધારાનું ખર્ચ યુનિવર્સિટી ભોગવે તે સૂચન મંજૂર કરવું.

૫૫. યુનેસ્કોની સામાન્ય સભાના ૧૯૭૨ના વર્ષને 'આંતરરાષ્ટ્રીય પુસ્તક વર્ષ' તરીકે ઊજવવાના સૂચનને લક્ષમાં લઈ તા. ૧૦, ૧૧, ૧૨ મે એમ ૩ દિવસ સંલગ્ન કૉલેજોના ગ્રંથપાલોનો પરિસંવાદ જુલાઈ ૧૯૭૨થી ડિસેંબર ૧૯૭૨ સુધી દર મહિને પ્રસંગને અનુલક્ષીને એક વ્યાખ્યાન અને તા. ૧--૮--૧૯૭૨થી તા. ૧૫--૮--૧૯૭૨ સુધી એક પુસ્તકપ્રદર્શન યોજવા અંગે ગુજરાત યુનિવર્સિટીના ગ્રંથાલયના તેના તા. ૨૦--૧--૧૯૭૨ના પત્રાંક ૭૧૦૧થી આવેલા પ્રસ્તાવ પર વિચારણા કરવા બાબત.

(નોંધ.—આ અંગે રૂ. ૪,૫૦૦ નો ખર્ચ અંદાજવામાં આવેલ છે.)

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બાબતની વિચારણા મોકૂફ રાખવી.

૫૬. યુનિવર્સિટી સાથે સંલગ્ન કૉલેજોમાં ટી.વાય.બી.એ.,બી.એસસી.માં ગણિત શીખવતા શિક્ષકો માટે તા. ૨૪--૫--૧૯૭૨થી તા. ૧૩--૬--૧૯૭૨ દરમ્યાન વિજ્ઞાન વિદ્યાભવનના ગણિત વિભાગમાં વૅકેશન વર્ગો યોજવા માટે પ્રો. એચ. એન. રાવલ તરફથી આવેલ દરખાસ્ત ઉપર વિચારણા કરવા બાબત.

(નોંધ.—આ અંગે રૂ. ૬,૬૧૦નો ખર્ચ અંદાજવામાં આવ્યો છે.)

આથી ઠરાવવામાં આવે છે કે સંલગ્ન કૉલેજોના ગણિતના શિક્ષકો માટે યુનિવર્સિટીના વિજ્ઞાન વિદ્યાભવનમાં વૅકેશન વર્ગો ઉપર મુજબ યોજવાનો પ્રસ્તાવ તથા તે અંગેનું રૂ. ૬,૬૧૦નું અંદાજી ખર્ચ મંજૂર કરવું.

૫૭. સિન્ડિકેટની તેની તા. ૯/૧૬--૧--૧૯૭૨ની સભામાં બાબત નં. ૭૪થી ઈજનેરી વિદ્યાશાખાની લેખિત પરીક્ષાના પરીક્ષકોના મહેનતાણાના દર મંજૂર થયેલ છે, તેમાં નીચે જણાવ્યા મુજબનો સુધારો કરવા અંગે વિચારણા કરવા બાબત :

"મંજૂર થયેલ દર :

Examining an Answer-paper of 2 or 3 hours .. Re. 1–00

સુધારો :

1. Examining an Answer-paper of 2 hours .. Re. 1–00
(Semester 1 to 8)
2. Examining an Answer-paper of 3 hours .. Rs. 1–25"
(Semester 9 to 10th)

(નોંધ.—બી.ઈ. જૂના કોર્સની છેલ્લા વર્ષની પરીક્ષાની ઉત્તરવહીઓ તપાસવાના દર રૂ. ૧--૨૫ છે.)

આથી ઠરાવવામાં આવે છે કે ઈજનેરી વિદ્યાશાખાની લેખિત પરીક્ષાના પરીક્ષકો માટે પુરસ્કારના દર ઉપર મુજબ મંજૂર કરવા.

૫૮. મનોવિજ્ઞાન વિદ્યાભવનના શિક્ષણશાસ્ત્ર વિભાગના વિકાસ અંગેની યોજના મંજૂર કરીને યુનિવર્સિટી ગ્રાન્ટ્સ કમિશને તેના તા. ૨૭--૧૨--૧૯૭૧ના પત્ર ક્રમાંક એફ. ૨૫--૧૭--૬૯ (એચ. ૨)થી ચોથી પંચવર્ષીય યોજનાની ફાળવણી (Allocation) ઉપરાંત નીચે મુજબ સહાય આપવાનું ૧૯૭૩–૭૪ સુધીના ગાળા માટે મંજૂર કર્યું તેની નોંધ લઈને આગળ જરૂરી પગલાં લેવા અંગે વિચારણા કરવા બાબત :

"Guidance and counselling :

Professor	..	one	
Lecturer	..	one	
Non-recurring grant for furniture, equipment and test material	..		Rs. 35,000/–
Research in Examinations :			
Statistician	..	one	Rs. 10,000/– p.a.
Instructional Material and Other Research Programme :			
Research Assistant Recurring grant	..	Three	Rs. 10,000/– p.a."

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બાબતની નોંધ લેવી તથા તે અંગે યુનિવર્સિટીનાં ધારાધોરણ અનુસાર જરૂરી કાર્યવાહી કરવી.

૫૯. યુનિવર્સિટી દ્વારા લેવાતી જુદી જુદી પરીક્ષાઓના સંચાલન અંગે આર્ટ્સ એન્ડ કૉમર્સ કૉલેજ, કડીના આચાર્યશ્રીના તા. ૨૫–૧–૧૯૭૨ના પત્રમાં સૂચવવામાં આવેલ સૂચનો અંગે વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બાબતની વિચારણા મોકૂફ રાખવી.

૬૦. તા. ૨૯/૩૦–૯–૧૯૭૧ તથા તા. ૮–૧–૧૯૭૨ના રોજ મળેલી સેનેટની સભામાં મંજૂર થયેલ નીચેના ઠરાવ ઉપર આગળ ઘટતાં પગલાં લેવા અંગે વિચારણા કરવા બાબત:

"ગુજરાત સરકારે તેના તા. ૯–૩–૧૯૭૦ના ઠરાવથી સંલગ્ન કૉલેજોમાં પ્રાધ્યાપકોના ૨૫ ટકાને રૂ. ૭૦૦–૪૦–૧,૧૦૦ના પગારધોરણમાં મૂકવાનું ઠરાવેલું છે, અને અધ્યાપકોનાં નામ નક્કી કરીને સરકારે તે નામો સૂચવવાનું કામ યુનિવર્સિટી પર છોડ્યું છે. પરંતુ આ ઠરાવ થયે લગભગ દોઢ વર્ષ થવા આવ્યું છતાં નક્કર નિર્ણયશક્તિના અભાવે તે કામ યુનિવર્સિટીએ હજી સુધી પાર પાડ્યું નથી તેની આ સભા નોંધ લે છે.

કૉલેજોના અધ્યાપકોને આ પગારધોરણ તા. ૧–૪–૧૯૬૬થી લાગુ પડે તે રીતે અમલી બનાવવાની કાર્યવાહી યુનિવર્સિટી હવે સત્વરે પૂરી કરી લે તેવી આ સભા યુનિવર્સિટીનાં લાગતાવળગતાં મંડળોને વિનંતી કરે છે."

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બાબતની વિચારણા મોકૂફ રાખવી.

૬૧. તા. ૨૯/૩૦–૯–૧૯૭૧ તથા તા. ૮–૧–૧૯૭૨ના રોજ મળેલ સેનેટની વિશેષ સભામાં મંજૂર થયેલ નીચેના ઠરાવ પર આગળ ઘટતાં પગલાં લેવા અંગે વિચારણા કરવા બાબત :

"સેનેટની આ સભા સંબદ્ધ સત્તામંડળોને ભલામણ કરે છે કે અનુસ્નાતક અધ્યાપકોને આપવામાં આવતા વેતનના દરોમાં યોગ્ય સુધારો કરવો."

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બાબતની વિચારણા મોકૂફ રાખવી.

૬૨. તા. ૨૯/૩૦–૯–૧૯૭૧ અને તા. ૮–૧–૧૯૭૨ના રોજ મળેલ સેનેટની વિશેષ સભામાં પસાર થયેલ નીચેના ઠરાવ પર આગળ ઘટતાં પગલાં લેવા અંગે વિચારણા કરવા બાબત:

"પ્રાધ્યાપકોને પોતાના વિષયનાં પુસ્તકો ખરીદવા અંગે મૅચિંગ ગ્રાન્ટ આપવા અંગેની નીતિ ઘડી કાઢવા માટે સંબંધકર્તા સત્તામંડળને આ સભા વિનંતી કરે છે."

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બાબતની વિચારણા મોકૂફ રાખવી.

૬૩. તા. ૨૯/૩૦–૯–૧૯૭૧ તથા તા. ૮–૧–૧૯૭૨ના રોજ મળેલી સેનેટની વિશેષ સભામાં મંજૂર થયેલ નીચેના ઠરાવ પર આગળ ઘટતાં પગલાં લેવા અંગે વિચારણા કરવા બાબત:

"ગુજરાત યુનિવર્સિટીની પરીક્ષાઓના પ્રશ્નપત્રોની સમીક્ષા કરાવવા માટે પ્રત્યેક પરીક્ષા પછી છ માસના સમયગાળા દરમિયાન ઘટિત કરાવવા સંબંધકર્તા સત્તામંડળોને આ સભા વિનંતી કરે છે."

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બાબતની વિચારણા મોકૂફ રાખવી.

૬૪. તા. ૨૯/૩૦–૯–૧૯૭૧ તથા તા. ૮–૧–૧૯૭૨ના રોજ મળેલ સેનેટની વિશેષ સભામાં મંજૂર થયેલ નીચેના ઠરાવ પર આગળ ઘટતાં પગલાં લેવા અંગે વિચારણા કરવા બાબત:

"કૉલેજ-કક્ષાએ લેવાતી પરીક્ષાઓની ઉત્તરવહીઓ પરીક્ષા બાદ વિદ્યાર્થીઓને કોઈ પણ જાતની ફી લીધા વિના જોવા દેવાની છૂટ આપવા અંગે યોગ્ય નિયમો ઘડવા સંબંધકર્તા સત્તામંડળોને આ સભા વિનંતી કરે છે."

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બાબતની વિચારણા મોકૂફ રાખવી.

૬૫. તા. ૨૯/૩૦-૯-૧૯૭૧ તથા તા. ૮-૧-૧૯૭૨ના રોજ મળેલ સેનેટની વિશેષ સભામાં પસાર થયેલા નીચેના ઠરાવ પરત્વે આગળ ઘટતાં પગલાં લેવા અંગે વિચારણા કરવા બાબત :

"યુનિવર્સિટીની સમિતિઓને, જુદાં જુદાં સત્તામંડળોને તેમ જ યુનિવર્સિટીની અન્ય કાર્યવાહી માટે કૉલેજો પાસેથી જરૂરી માહિતી માગવામાં આવે છે ત્યારે કૉલેજો તે માહિતી સમયસર પૂરી પાડતી નથી અને કેટલીક સંસ્થાઓ તો તે પત્રોના જવાબ આપવાની પણ દરકાર લેતી નથી. ગઈ સેનેટની સભા માટે જરૂરી માહિતી આ કારણે મળી શકી ન હતી. આ બાબતની આ સભા સખેદ નોંધ લે છે અને આવી કૉલેજો સામે પગલાં લેવા યુનિવર્સિટી સિન્ડિકેટને આ સભા વિનંતી કરે છે."

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બાબતની વિચારણા મોકૂફ રાખવી.

૬૬. તા. ૨૯/૩૦-૯-૧૯૭૧ તથા તા. ૮-૧-૧૯૭૨ના રોજ મળેલ સેનેટની વિશેષ સભામાં મંજૂર થયેલ નીચેના ઠરાવ પર આગળ ઘટતાં પગલાં લેવા વિચારણા કરવા બાબત :

"આથી ઠરાવવામાં આવે છે કે યુનિવર્સિટી શિક્ષણ, વિદ્યાર્થીઓમાં આત્મવિશ્વાસ પ્રેરી શકે, તેમની કાર્યક્ષમતા વધારી શકે અને બેકારીમાંથી એમને ઉગારી શકે એ માટે કોઠારી શિક્ષણપંચે વર્ક એક્સ-પીરિયન્સનું તત્ત્વ દાખલ કરવાની જે ભલામણ કરી છે એનો અમલ થાય એ માટે ચાલુ અભ્યાસક્રમોમાં કયા કયા તબક્કે શા શા ફેરફારો કરવા ઘટે અગર તો કૉલેજના સમયની અંદર કે બહાર બીજા કયા કયા કાર્યક્રમો યોજવા ઘટે એ અંગે વ્યવહારુ વિગતો સાથે ચોક્કસ કાર્યક્રમ તૈયાર કરવા માટેની એક કમિટી એકેડેમિક કાઉન્સિલ અને સિન્ડિકેટ નીમે એવી ભલામણ સેનેટની આ સભા કરે છે.

એ કમિટીમાં જરૂર જણાય તો અન્ય કેળવણીકારો, ઉદ્યોગ નિષ્ણાતો, વિકાસ અધિકારીઓ, સમાજસેવકો અને દૃષ્ટિવંત કુશળ ખેડૂતોનો પણ સમાવેશ થાય એ ઇષ્ટ છે. સદરહુ કમિટી પોતાનો હેવાલ નિયુક્તિ પછી ત્રણ મહિનામાં યુનિવર્સિટી કાર્યાલયમાં પહોંચાડે એ અપેક્ષિત છે, જેથી એનો અમલ કરવાની તજવીજ તરત જ થઈ શકે."

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બાબતની વિચારણા મોકૂફ રાખવી.

૬૭. તા. ૨૯/૩૦-૯-૧૯૭૧ તથા તા. ૮-૧-૧૯૭૨ના રોજ મળેલી સેનેટની વિશેષ સભામાં પસાર થયેલ નીચેના ઠરાવ પરત્વે આગળ ઘટતાં પગલાં લેવા અંગે વિચારણા કરવા બાબત :

"કૉલેજોમાં ટ્યૂટોરિયલ પ્રથા દાખલ કરી છે ત્યારથી આજ દિન સુધીમાં ટ્યૂટોરિયલ વર્ગમાં શું કરવું તે અંગે યુનિવર્સિટીએ કૉલેજોને કોઈ નક્કર માર્ગદર્શન આપ્યું નથી અને કદાચ તેને કારણે જ આ એક સુંદર પ્રયોગ નિષ્ફળ પુરવાર થવાની દિશામાં છે.

તો હજી પણ તેમાં મોડું થાય તે પહેલાં યુનિવર્સિટીની દરેક ફેકલ્ટીએ બેથી ત્રણ દિવસનો સેમિનાર યોજીને ટ્યૂટોરિયલ કાર્યનું એક સામાન્ય માળખું ઘડી કાઢી વિષયના બોર્ડને મોકલી આપે અને વિષયનું બોર્ડ તે સામાન્ય માળખાને લક્ષમાં રાખીને, છતાં પોતાના વિષયની જરૂરિયાતોને ઉમેરીને, દરેક વિષયનો ટ્યૂટોરિયલ કાર્યનો એક આખરી નકશો તૈયાર કરે તે માટે યુનિવર્સિટી સક્રિય બને તેવી આ સભા યુનિવર્સિટીને ભલામણ કરે છે."

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બાબતની વિચારણા મોકૂફ રાખવી.

૬૮. તા. ૨૯/૩૦--૯--૧૯૭૧ તથા તા. ૮--૧--૧૯૭૨ના રોજ મળેલ સેનેટની વિશેષ સભામાં મંજૂર થયેલ નીચેના ઠરાવ પરત્વે આગળ ઘટતાં પગલાં લેવા અંગે વિચારણા કરવા બાબત :

"ગુજરાત રાજ્યના ફેક્ટરી એક્ટ અન્વયે યુનિવર્સિટી પ્રેસના જે કર્મચારીઓની પ્રૉવિડંટ ફંડની કપાત થતી હોય તેવા યુનિવર્સિટી પ્રેસના હંગામી કર્મચારીઓને જે તે જગ્યા પર પ્રૉવિડંટ ફંડ કપાતની આરંભ તારીખથી યુનિવર્સિટી પ્રેસનાં ધારાધોરણ અનુસાર કાયમ કરવા સેનેટની આ સભા સિન્ડિકેટને વિનંતી કરે છે."

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બાબતની વિચારણા મોકૂફ રાખવી.

૬૯. તા. ૨૯/૩૦--૯--૧૯૭૧ તથા તા. ૮--૧--૧૯૭૨ના રોજ મળેલ સેનેટની વિશેષ સભામાં મંજૂર થયેલ નીચેના ઠરાવ પર આગળ ઘટતાં પગલાં લેવા અંગે વિચારણા કરવા બાબત :

"ગુજરાત રાજ્યના ફેક્ટરી એક્ટ અન્વયે યુનિવર્સિટી પ્રેસના જે જે હંગામી કર્મચારીઓ ભારત સરકારના એક્ટ હેઠળ પ્રૉવિડંટ ફંડનો લાભ મેળવવા પાત્ર થતા હોય તેમને યુનિવર્સિટી પ્રેસના કાયમી કર્મચારીઓને મળતા કેજ્યુઅલ રજા, માંદગીની રજા, તહેવારોની રજા ઇત્યાદિ લાભો આપીને પ્રેસના કર્મચારીઓની બાબતમાં હાલ પ્રવર્તતાં બેવડાં ધોરણો નાબૂદ કરવા સેનેટની આ સભા સિન્ડિકેટને વિનંતી કરે છે."

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બાબતની વિચારણા મોકૂફ રાખવી.

૭૦. ખંડ સમયના અધ્યાપકો માટેની નોકરીની શરતો અને અન્ય લાભ આપવાની બાબતમાં ચર્ચા વિચારણા કરીને અહેવાલ રજૂ કરવા માટે સિન્ડિકેટની તા. ૧૪--૧૨--૧૯૭૧ની સભામાં નિયુક્ત થયેલી સમિતિની તા. ૨૫--૧--૧૯૭૨ની સભાની ભલામણો પર વિચારણા કરવા બાબત :

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બાબતની વિચારણા મોકૂફ રાખવી.

૭૧. તા. ૨૯/૩૦--૯--૧૯૭૧ તથા તા. ૮--૧--૧૯૭૨ના રોજ મળેલી સેનેટની વિશેષ સભામાં મંજૂર થયેલ નીચેના ઠરાવ પર આગળ ઘટતાં પગલાં લેવા અંગે વિચારણા કરવા બાબત :

"જૂન ૧૯૭૧થી સંલગ્ન કૉલેજોના ખંડ સમયના અધ્યાપકો માટે નવાં પગારધોરણો અમલી બનાવ્યાં છે ત્યારે ટીચિંગ અને પ્રોફેશનલ એવા બે વર્ગો ઊભા કરીને એ બન્ને વર્ગો માટે જુદાં જુદાં પગારધોરણો અમલી બનાવ્યાં છે તેની આ સભા સખેદ નોંધ લે છે અને તે ભેદ તાત્કાલિક નિવારવા અને જૂન ૧૯૭૧થી તેઓને સમાન પગારધોરણ આપવા આ સભા યુનિવર્સિટીને આગ્રહભરી વિનંતી કરે છે."

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બાબતની વિચારણા મોકૂફ રાખવી.

૭૨. સિન્ડિકેટે તેની તા. ૯/૧૬--૧--૧૯૭૨ની સભામાં વિજ્ઞાન વિદ્યાભવનના અધ્યક્ષશ્રી પ્રો. જે. જે. ચિનોયની તબીબી તપાસ માટે ડૉ. સી. એચ. નાયકની નિમણૂક કરેલ તેના સંદર્ભમાં તબીબી તપાસ અંગેના ડૉ. સી. એચ. નાયકના તા. ૯--૨--૧૯૭૨ના રિપોર્ટને અનુલક્ષીને પ્રો. જે. જે. ચિનોયની સેવાઓ વધુ એક વર્ષ માટે લંબાવવા અંગે વિચારણા કરવા બાબત :

[**નોંધ.**—(૧) નિવૃત્તિ વયમર્યાદા અંગે સિન્ડિકેટે તેની તા. ૪--૯--૧૯૬૫ની સભામાં નીચે પ્રમાણે ઠરાવ્યું છે:

"આથી ઠરાવવામાં આવે છે કે યુનિવર્સિટીના વહીવટી અને શિક્ષકવર્ગના કર્મચારીઓની નિવૃત્તિ વયમર્યાદા ૬૦ વર્ષની રાખવી, પણ આ વયમર્યાદા સિન્ડિકેટને યોગ્ય લાગે તે કેસોમાં

જરૂરી તબીબી તપાસ કરાવીને પ્રત્યેક વર્ષે એક વર્ષ સુધી એમ ૬૫ વર્ષ સુધી લંબાવી શકાશે. કોઈ પણ કર્મચારીને ૬૫ વર્ષ પૂરાં કર્યા પછી તેને કોઈ પણ સંજોગોમાં યુનિવર્સિટીની સેવામાં રાખી શકાશે નહિ."

(૨) સિન્ડિકેટે તેની તા. ૧૧/૧૨--૨--૧૯૭૧ની સભામાં ડૉ. જે. જે. ચિનોયની નિવૃત્તિ વયમર્યાદા વધુ એક વર્ષ એટલે કે તા. ૧૭--૨--૧૯૭૨ સુધી લંબાવવાનું ઠરાવ્યું હતું.]

પ્રો. જે. જે. ચિનોયની તબીબી તપાસ અંગેનો અહેવાલ સભાગૃહ સમક્ષ રજૂ કરવામાં આવ્યો.

તે પછી ઠરાવવામાં આવ્યું કે વિજ્ઞાન વિદ્યાભવનના અધ્યક્ષશ્રી તથા વનસ્પતિવિજ્ઞાનના પ્રાધ્યાપક પ્રો. જે. જે. ચિનોયની સેવાઓની મુદત વધુ એક વર્ષ એટલે કે તા. ૧૭--૩--૧૯૭૩ સુધી લંબાવવી.

૭૩. જૂન ૧૯૭૩થી શેઠ એમ. એન. સાયન્સ ઍન્ડ શ્રી. ઍન્ડ શ્રીમતી પી. કે. કોટાવાલા આર્ટ્સ કૉલેજ, પાટણનું વિભાગીકરણ કરીને વિનયન વિદ્યાશાખાને શ્રીમતી તારાબહેન સુંદરલાલ રાયચંદ કૉમર્સ કૉલેજ, પાટણ સાથે સંયોજિત કરવા માટે નૉર્થ ગુજરાત એજ્યુકેશન સોસાયટી, મુંબઈના મંત્રીશ્રી તરફથી આવેલ અરજી પર સ્થાનિક તપાસસમિતિ નીમવા અંગે વિચારણા કરવા બાબત :

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બાબતની વિચારણા મોકૂફ રાખવી.

૭૪. જૂન ૧૯૭૩થી નવી કૉલેજો માટે નીચે જણાવેલ સંસ્થાઓ તરફથી આવેલ જોડાણ અરજીઓ અંગે સ્થાનિક તપાસસમિતિઓ નીમવા બાબત :

ક્રમાંક	સંસ્થાનું નામ અને સરનામું	સ્થળ	અભ્યાસક્રમો
૧.	શ્રી લુણાવાડા વિભાગ ઉચ્ચ વિદ્યોત્તેજક મંડળ, લુણાવાડા	લુણાવાડા	વાણિજ્ય
૨.	પંચમહાલ શિક્ષણ પ્રચારક મંડળ, ગોધરા	ગોધરા	,,
૩.	તોલાની કૉલેજ ઑફ આર્ટ્સ ઍન્ડ સાયન્સ, આદિપુર	આદિપુર	,,
૪.	દાહોદ અનાજ મહાજન સાર્વજનિક એજ્યુકેશન સોસાયટી, દાહોદ	દાહોદ	વિજ્ઞાન
૫.	પેટલાદ એજ્યુકેશન ટ્રસ્ટ, પેટલાદ	પેટલાદ	કાયદો
૬.	પંચમહાલ શિક્ષણ પ્રચારક મંડળ, ગોધરા	ગોધરા	,,
૭.	નૉર્થ ગુજરાત એજ્યુકેશન સોસાયટી, મુંબઈ	પાટણ	,,
૮.	શ્રી સી. વી. દવે કેળવણી ટ્રસ્ટ, દહેગામ	દહેગામ નગર બહાર	શિક્ષણ
૯.	શ્રી. આર. જે. દવે આદર્શ કેળવણી ટ્રસ્ટ, નડિયાદ	કપડવંજ રોડ નડિયાદ	,,
૧૦.	શ્રી. ક્ષત્રિય કેળવણી મંડળ, નડિયાદ	નડિયાદ	,,

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બાબતની વિચારણા મોકૂફ રાખવી.

૭૫. જૂન ૧૯૭૩થી વિનયન સાથે વિજ્ઞાન વિદ્યાશાખા તથા વિનયન સાથે વાણિજ્ય વિદ્યાશાખા સિવાયની સંલગ્ન કૉલેજોનું વિભાગીકરણ કરવા માટેના, સિન્ડિકેટની તા. ૧૪/૧૫–૨–૧૯૭૦ની સભાના ઠરાવના સંદર્ભમાં બોરસદ સાયન્સ ઍન્ડ લૉ કૉલેજ, બોરસદના આચાર્યશ્રી તરફથી આવેલ વિભાગીકરણ અરજી પર સ્થાનિક તપાસ-સમિતિ નીમવા બાબત :

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બાબતની વિચારણા મોકૂફ રાખવી.

૭૬. જૂન ૧૯૭૩થી વિનયન સાથે વિજ્ઞાન વિદ્યાશાખા તથા વિનયન સાથે વાણિજ્ય વિદ્યાશાખા સિવાયની સંલગ્ન કૉલેજોનું વિભાગીકરણ કરવા માટેની સિન્ડિકેટની તા. ૧૪/૧૫–૨–૧૯૭૦ની સભાના ઠરાવના સંદર્ભમાં વિવેકાનંદ કૉલેજ ઑફ કૉમર્સ ઍન્ડ લૉ, અમદાવાદના આચાર્યશ્રી તરફથી આવેલ વિભાગીકરણની અરજી પર સ્થાનિક તપાસસમિતિ નીમવા બાબત :

(નોંધ.—ઑ. ૧૨૦ મુજબ જોડાણઅરજી મુદત બહાર આવી છે.)

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બાબતની વિચારણા મોકૂફ રાખવી.

૭૭. જૂન ૧૯૭૩થી વિનયન સાથે વિજ્ઞાન વિદ્યાશાખા તથા વિનયન સાથે વાણિજ્ય વિદ્યાશાખા સિવાયની સંલગ્ન કૉલેજોનું વિભાગીકરણ કરવા માટેની સિન્ડિકેટની તા. ૧૪/૧૫–૨–૧૯૭૦ની સભાના ઠરાવના સંદર્ભમાં વિવેકાનંદ કૉલેજ ઑફ એજ્યુકેશન ઍન્ડ લૉ, મહેસાણાના આચાર્યશ્રી તરફથી આવેલ વિભાગીકરણની અરજી પર સ્થાનિક તપાસસમિતિ નીમવા બાબત :

(નોંધ.—ઑડિ. ૧૨૦ મુજબ જોડાણઅરજી મુદત બહાર આવી છે.)

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બાબતની વિચારણા મોકૂફ રાખવી.

૭૮. હિમતનગર કેળવણી મંડળ, હિમતનગર સંચાલિત આર્ટ્સ ઍન્ડ કૉમર્સ કૉલેજની કમિટીમાં યુનિવર્સિટીના પ્રતિનિધિની નિમણૂક કરવા માટેના સદરહુ સંસ્થાના માનદ મંત્રીના તા. ૯–૧–૧૯૭૧ના ક્રમાંક ૭૨૦ પર વિચારણા કરવા બાબત :

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ સમિતિ પર યુનિવર્સિટીના પ્રતિનિધિ તરીકે શ્રી. પુરુષોત્તમ ગ. માવળંકરની નિમણૂક કરવી.

૭૯. સંલગ્ન કૉલેજોની જોડાણઅરજી અંગે નિમાતી સ્થાનિક તપાસસમિતિએ આપવાના અહેવાલ માટેનું નિયત પત્રક તૈયાર કરવા અંગે વિચારણા કરવા બાબત :

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બાબત અંગે નીચે જણાવેલા સભ્યોની સમિતિ રચવી :

૧. આચાર્ય ગિરીશભાઈ સી. પટેલ
૨. પ્રો. કે. એસ. શાસ્ત્રી
૩. આચાર્ય ય. પ્રા. શુક્લ
૪. આચાર્ય કે. એન. શાહ
૫. આચાર્ય જે. સી. ત્રિવેદી
૬. આચાર્ય બી. એમ. પીરજાદા,

૮૦. શેઠ સી. એન. કૉમર્સ ઍન્ડ સૉ કૉલેજ, વીસનગરમાં જૂન ૧૯૭૩થી કાયદાની વિદ્યાશાખા બંધ કરવાની પરવાનગી આપવા માટેના સદરહુ કૉલેજના આચાર્ય તરફથી આવેલ પત્ર પર વિચારણા કરવા બાબત :

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બાબત અંગે નીચે જણાવેલા સભ્યોની બનેલી સ્થાનિક તપાસ-સમિતિ નીમવી:

(૧) શ્રી. સત્યેંદ્ર કાળિદાસ ઝવેરી

(૨) આચાર્ય એમ. એસ. પંડિત

(૩) આચાર્ય વી. આર. રણદીવે.

૮૧. સ્વામિનારાયણ આર્ટ્સ કૉલેજ, અમદાવાદના હાલના ગ્રંથપાલ યુનિવર્સિટીનાં ધારાધોરણ અનુસાર પૂરતી લાયકાત ધરાવતા નથી, પરંતુ તેમની ઉંમર જોતાં અન્યત્ર નોકરી મેળવવા મુશ્કેલી પડે તે પરિસ્થિતિ લક્ષમાં લઈ માનવતાની દૃષ્ટિએ તેમને કાયમી ધોરણે માન્યતા આપવાની સદરહુ કૉલેજના આચાર્યશ્રીની વિનંતી પર વિચારણા કરવા બાબત :

[નોંધ.—(૧) હાલ જે ગ્રંથપાલ છે તે બી.એ. પાસ છે અને મુંબઈ યુનિવર્સિટીના ગ્રંથાલયશાસ્ત્રના ત્રણ માસના અભ્યાસક્રમનું સર્ટિફિકેટ ધરાવે છે પરંતુ ગ્રંથાલયશાસ્ત્રની પદવી ધરાવતા નથી.

(૨) લાયકાતના બીજા નિયમ પ્રમાણે ૧૫મી જૂન ૧૯૬૯ સુધીમાં ૪૫ વર્ષની ઉંમર અને ૧૫ વર્ષનો અનુભવ હોવાં જરૂરી છે. જ્યારે આ ભાઈ ત્યારે આશરે ૩૫ વર્ષની ઉંમર અને ૧૨ વર્ષનો અનુભવ ધરાવતા હતા. અત્યારે અનુભવ ૧૫ વર્ષ જેટલો થાય છે. ઉંમર ૩૮ વર્ષ ૭ માસ છે.]

આથી ઠરાવવામાં આવે છે કે સ્વામિનારાયણ આર્ટ્સ કૉલેજમાં ગ્રંથપાલ તરીકે શ્રી. સુધાકર ડી. શાહની નિમણૂક અપવાદ તરીકે માન્ય કરવી.

૮૨. સેનેટની તા. ૨૪/૨૫/૨૬ માર્ચ, ૧૯૭૨ના રોજ મળેલ વાર્ષિક સભા સમક્ષ રજૂ થનારા પ્રસ્તાવો.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ પ્રસ્તાવોની નોંધ લેવી.

૮૩. તોલાણી કૉલેજ ઑફ આર્ટ્સ ઍન્ડ સાયન્સ, આદિપુરમાં સંસ્કૃતના પ્રાધ્યાપક તરીકે કામ કરી છૂટા થયેલા શ્રી. રામકૃષ્ણ શાસ્ત્રીના કેસ અંગે વિચારણા કરવા બાબત :

[નોંધ.— (૧) કૉલેજે તેમને યુનિવર્સિટીના નિયમો પ્રમાણે પગારધોરણ અને નિયમિત ઇજાફા ન આપ્યા અંગેની ફરિયાદ આવેલી છે.

(૨) કૉલેજના આચાર્યશ્રી જણાવે છે કે તેમની નિમણૂક કરારથી થયેલી હતી. હવે તેમણે કાનૂની રસ્તો લીધો છે એટલે નિર્ણયની રાહ જોવા સૂચન કર્યું છે અને સિન્ડિકેટમાં રિપોર્ટ થાય તો બંને પક્ષને રૂબરૂમાં રજૂઆત કરવાની તક આપવા વિનંતી કરી છે.]

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બાબતની વિચારણા મોકૂફ રાખવી.

૮૪. શ્રી. લુણાવાડા આર્ટ્સ એન્ડ સાયન્સ કૉલેજ, લુણાવાડામાં અંગ્રેજીના લેક્ચરરને બદલે ટ્યૂટર તરીકે શ્રી. એમ. કે. કેન્દુરકરની નિમણૂક ચાલુ રાખીને ચાલુ વર્ષ પ્રથમ સત્ર દરમ્યાન કામ ચલાવ્યું તે અંગે વિચારણા કરવા બાબત :

(**નોંધ.**—અંગ્રેજીના વ્યાખ્યાતા શ્રી. એમ. કે. કેન્દુરકર સ્નાતક તથા અનુસ્નાતક કક્ષાએ પાસ વર્ગ છે તથા ટ્યૂટર તરીકેનો સાડા ચાર વર્ષનો શૈક્ષણિક અનુભવ પ્રથમ સત્રના પ્રારંભમાં હતો. હવે તેઓ જરૂરી લાયકાત ધરાવતા હોઈ તેમને માન્ય કરવા આચાર્યશ્રીએ વિનંતી કરી છે.)

આથી ઠરાવવામાં આવે છે કે ચાલુ વર્ષના પ્રથમ સત્ર દરમ્યાન શ્રી લુણાવાડા આર્ટ્સ એન્ડ સાયન્સ કૉલેજ, લુણાવાડામાં અંગ્રેજીના લેક્ચરરને બદલે ટ્યૂટર તરીકે શ્રી. એમ. કે. કેન્દુરકરની નિમણૂક, તેઓ હવે લેક્ચરર તરીકે જરૂરી પાત્રતા ધરાવતા થયા હોઈ, ગ્રાહ્ય ગણવી.

૮૫. સિન્ડિકેટની તારીખ ૯/૧૬–૧–૧૯૭૨ની સભાની બાબત ક્રમાંક ૬૭થી બોર્ડ ઑફ યુનિવર્સિટી ટીચિંગની તા. ૨૯–૧૨–૧૯૭૨ની જે ભલામણો મંજૂર રાખવામાં આવી તેના પરિશિષ્ટ "છ" ક્રમાંક ૪માં છાપભૂલ હોવાથી નીચે મુજબ વંચાય તે રીતે સુધારવા બાબત :

"(૪) એસ. વી. આર્ટ્સ કૉલેજ, અમદાવાદના વ્યાખ્યાતા શ્રી. શુકલ દિનેશ મૂળશંકરને રાજ્યનીતિશાસ્ત્ર-ના વિષયમાં મદદનીશ શિક્ષક તરીકેની માન્યતા આપવા અંગે વિચારણા કરવા બાબત.

શ્રી. શુકલની શૈક્ષણિક લાયકાત અને અનુભવ નીચે મુજબ છે :

બી.એ. બીજો વર્ગ, ૧૯૫૯ (અર્થશાસ્ત્ર-રાજ્યનીતિશાસ્ત્ર)	ટ્યૂટર--૧૫ જૂન ૧૯૬૪થી જૂન ૧૯૬૭
બી.કૉમ. ૧૯૬૦ (બૅન્કિંગ)	લેક્ચરર--૧૫ જૂન ૧૯૬૭થી આજ સુધી
એમ.એ. ત્રીજો વર્ગ, ૧૯૬૨, ૪૯.૨૫ ટકા રાજ્યનીતિશાસ્ત્ર	૪ વર્ષ

આથી સિન્ડિકેટને ભલામણ કરવામાં આવે છે કે સૂચિત સુધારવામાં આવનાર ઑર્ડિ--૬૫--એમમાં ૪૮ ટકા કે તેથી વધુ ગુણ મેળવનાર શિક્ષકની બાબતમાં 'ડીમ્ડ સેકન્ડ ક્લાસ' ગણવા એમ નક્કી કરવામાં આવ્યું હોવા છતાં શ્રી. શુકલ દિનેશ મૂળશંકર જરૂરી પાત્રતા ધરાવતા નહિ હોવાથી મદદનીશ શિક્ષક તરીકેની માન્યતા આપવી નહિ."

આથી ઠરાવવામાં આવે છે કે બોર્ડ ઑફ યુનિવર્સિટી ટીચિંગની તા. ૨૯--૧૨--૧૯૭૧ની જે ભલામણ મંજૂર રાખવામાં આવી છે તેના પરિશિષ્ટ "છ" ક્રમાંક ૪માં છાપભૂલ સુધારીને ઉપર મુજબ વંચાય તે રીતે તે બાબત સુધારવી.

૮૬. દેસાઈ સી. એમ. આર્ટ્સ એન્ડ કૉમર્સ કૉલેજ, વીરમગામે ૧૯૭૧--૭૨ના વર્ષમાં યુનિવર્સિટીનાં ધારા-ધોરણ અનુસાર યોગ્ય લાયકાત ધરાવતા વાણિજ્યના પ્રાધ્યાપકની નિમણૂક કર્યા સિવાય શૈક્ષણિક કામ ચલાવ્યું તે અંગે સિન્ડિકેટે તેની તા. ૧૪–૧૨–૧૯૭૧ની સભાના ઠરાવ પ્રમાણે જાન્યુઆરી ૧૯૭૨ના અંત સુધીમાં પાત્રતા ધરાવતા વાણિજ્યના પ્રાધ્યાપકની નિમણૂક કરી તેની જાણ કરવા જણાવતાં પાત્રતા ધરાવતા વાણિજ્યના પ્રાધ્યાપક પ્રાપ્ત નહિ હોવાથી શ્રી. જે. પી. શાહની વાણિજ્યના પ્રાધ્યાપક તરીકેની નિમણૂક ચાલુ વર્ષ પૂરતી ગ્રાહ્ય ગણવાની સદરહુ કૉલેજના આચાર્યની વિનંતી પર વિચારણા કરવા બાબત :

(**નોંધ.**—શ્રી. જે. પી. શાહ બી.કૉમ. ત્રીજો વર્ગ, એમ.કૉમ. બીજો વર્ગ છે અને ચાલુ વર્ષના બીજા સત્રથી પાંચ વર્ષનો વ્યાખ્યાતાનો અનુભવ પૂરો થતો હોવાથી આપણા નિયમ અનુસાર પ્રાધ્યાપક તરીકેની માન્યતા ધરાવતા બને છે.)

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ કૉલેજમાં ચાલુ વર્ષ દરમ્યાન વાણિજ્યના પ્રાધ્યાપકની કરેલી નિમણૂક ચાલુ વર્ષ પૂરતી ગ્રાહ્ય ગણવી અને જૂન ૧૯૭૨થી યોગ્ય લાયકાત ધરાવતા વાણિજ્યના પ્રાધ્યાપકની નિમણૂક કરવા માટે તેને જણાવવું.

૮૭. **એકેડેમિક કાઉન્સિલની તા. ૫/૬--૧--૧૯૭૨ની સભાની ભલામણ અનુસાર બીજા વર્ષ બી.એસસી.ના અભ્યાસક્રમમાં ભૌતિકવિજ્ઞાનના વિષયનો અભ્યાસક્રમ સુધારવા તથા તે માટે રેગ્યુ. સાયન્સ--૮માં જરૂરી સુધારો કરીને તેને માર્ચ/એપ્રિલ ૧૯૭૨ની પરીક્ષાથી અમલમાં મૂકવાને બદલે જૂન ૧૯૭૨થી અમલમાં મૂકવા અંગે વિચારણા કરવા બાબત. (એ. કા. બા. ક. ૭૫)**

આથી ઠરાવવામાં આવે છે કે એકેડેમિક કાઉન્સિલની ઉપરની ભલામણ મુજબ રેગ્યુ. સાયન્સ--૮ સુધારવો તથા તેને જૂન ૧૯૭૨થી અમલમાં મૂકવો.

(સુધારેલા રેગ્યુ. સાયન્સ--૮ની નકલ પરિશિષ્ટ "દ" તરીકે સામેલ છે.)

૮૮. **ભારત સરકારની આર્થિક સહાય વડે યુનિવર્સિટીના ઉપક્રમે "Inservice Training Course in Educational Statistics"નો વર્ગ સંલગ્ન કૉલેજોમાં કામ કરતા કર્મચારીઓ માટે સને ૧૯૬૭--૬૮ના વર્ષમાં યોજવામાં આવેલો. આ અંગે સિન્ડિકેટે તેની તા. ૧૩--૮--૧૯૬૬ની સભામાં કુલ રૂ. ૪,૦૦૦નો ખર્ચ મંજૂર કરેલો તે અંગે ઑડિટરોની નોંધના સંદર્ભમાં સદરહુ વર્ગમાં ભાગ લેનાર કૉલેજોના કર્મચારીઓને રૂ. ૫/--ના દરે દૈનિક ભથ્થું ચૂકવવાનું મંજૂર કરવા અંગે વિચારણા કરવા બાબત:**

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ તાલીમવર્ગમાં ભાગ લેનાર કૉલેજોના કર્મચારીઓને રૂ. ૫-૦૦ નો દૈનિક ભથ્થાનો દર મંજૂર રાખવો.

૮૯. **ભાદરણ આર્ટ્સ એન્ડ સાયન્સ કૉલેજ, ભાદરણમાં રસાયણવિજ્ઞાનના વ્યાખ્યાતા તરીકે ૧૯૬૯--૭૦ના શૈક્ષણિક વર્ષના બીજા સત્રમાં નોકરી સ્વીકારી પછી તે કૉલેજમાં નોકરીમાં ન જોડાનાર શ્રી. ડી. જે. પટેલના કેસમાં શિક્ષકોની સેવાઓના તત્કાલીન નિયમો પૈકી નિયમ ૧૦ (૫) લાગુ પાડવા માટે સદરહુ કૉલેજના આચાર્યશ્રીના પત્ર અંગે વિચારણા કરવા બાબત:**

[**નોંધ.**—(૧) નિયમ ૧૦ (૫) નીચે ટાંકયો છે :

10(5) A teacher including a Principal who was accepted an appointment in an affiliated college shall be bound to join and serve for at least one academic term and if he fails to do so without reasonable cause he shall not be considered as a recognised teacher for appointment in an affiliated college.

(૨) શ્રી. ડી. જે. પટેલને તા. ૯--૧૧--૧૯૭૧થી છૂટા થવા માટે યુ.પી. આર્ટ્સ અને શ્રીમતી એમ. જી. પંચાલ સાયન્સ કૉલેજ, પિલવાઈ તરફથી નોટિસ આપવામાં આવી હતી. વચગાળાના સમયમાં યુનિવર્સિટી કાર્યાલયની દરમ્યાનગીરીથી પિલવાઈ કૉલેજે છૂટા કરેલા શિક્ષકોને નોકરીમાં પાછા રાખવાનું ઠરાવ્યું હોવાથી શ્રી. ડી. જે. પટેલ ભાદરણ કૉલેજમાં જોડાયા ન હતા.]

આથી ઠરાવવામાં આવે છે કે શ્રી. ડી. જે. પટેલ, ભાદરણ આર્ટ્સ એન્ડ સાયન્સ કૉલેજ, ભાદરણમાં ૧૯૬૯-૭૦ના શૈક્ષણિક વર્ષના બીજા સત્રમાં નિમણૂક સ્વીકાર્યા પછી જોડાયા નહિ તે, તેમના કેસના વિશિષ્ટ સંજોગો જોતાં ક્ષંતવ્ય ગણવો.

૯૦. (૧) એમ. બી. કૉલેજ ઑફ કૉમર્સ એન્ડ જી. એન. નવલલાલજી આર્ટ્સ કૉલેજ, દહેગામના ગુજરાતીના ટ્યૂટર શ્રી. એમ. એન. મહેતાને, તથા (૨) ભવન્સ આર્ટ્સ એન્ડ સાયન્સ કૉલેજ, ડાકોરના ભૌતિક-વિજ્ઞાનના ડેમોન્સ્ટ્રેટર શ્રી. બી. બી. પટેલને છૂટા કરવામાં આવેલા તે બાબતો અંગે તપાસ કરીને અહેવાલ રજૂ કરવા સિન્ડિકેટે તેની તા. ૯/૧૬-૧-૧૯૭૨ની સભામાં નીમેલ સમિતિના અહેવાલ પર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બાબતની વિચારણા મોકૂફ રાખવી.

૯૧. ઇન્ટર્નલ ઑડિટર્સ મેસર્સ લાખિયા-દેસાઈ એન્ડ કું.ની સને ૧૯૭૦-૭૧ના યુનિવર્સિટીના હિસાબો પરની તા. ૧૦-૧૦-૧૯૭૧ની ઑડિટ નોંધ તથા તે ઉપર કાર્યાલયે ઘડેલા જવાબો પર વિચારણા કરવા બાબત:

આથી ઠરાવવામાં આવે છે કે ૧૯૭૦-૭૧ના વર્ષના હિસાબો પરના ઇન્ટર્નલ ઑડિટર્સ મેસર્સ લાખિયા-દેસાઈ એન્ડ કું.ના ઑડિટ રિપોર્ટની નોંધ લેવી તથા તે અંગે કાર્યાલયે ઘડેલા જવાબો મંજૂર કરવા.

૯૨. યુનિવર્સિટી ગ્રાન્ટ્સ કમિશનના કાયદાની પેટાકલમ ૨ (એફ) હેઠળની યાદીમાં કૉલેજોનાં નામ ઉમેરવા માટે યુનિવર્સિટી ગ્રાન્ટ્સ કમિશનના તા. ૧-૯-૧૯૭૧ના પત્રાંક એફ. ૩૩-૩૪-૬૫ સીડી. પી.ટી. થી સૂચવેલા નવા નિયમો તથા તેના અનુસંધાનમાં યુનિવર્સિટી ગ્રાન્ટ્સ કમિશન તરફથી આવેલા તા. ૬-૧૧-૧૯૭૧ના પત્રાંક એફ. ૩૩-૩૪-૬૫ સીડી-પી.ટી. અને તા. ૧૧-૨-૧૯૭૨ના પત્રાંક એફ. ૩૩-૩૪-૬૫-સીડી પી.ટી. ના પત્રો પર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બાબતની વિચારણા મોકૂફ રાખવી.

૯૩. ગુજરાત યુનિવર્સિટી વિસ્તાર અધ્યાપક મંડળની તા. ૩૦-૧-૧૯૭૨ના રોજ મળેલી સભાએ પ્રૉવિડંટ ફંડના નિયમોમાં ફેરફાર કરવા માટે કરેલાં સૂચનો પર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બાબતની વિચારણા મોકૂફ રાખવી.

૯૪. આચાર્ય એલ. ડી. દવેએ નીચેના બે ઠરાવો સિન્ડિકેટની વિચારણા માટે મોકલેલ હોઈ તે પર વિચારણા કરવા બાબત :

"(૧) ગુજરાત યુનિવર્સિટીએ છેલ્લાં કેટલાંક વર્ષોથી શિક્ષકોની સલામતી, તેમનો કાર્યભાર, તેમનો પગાર, વિદ્યાર્થી-ઓએ ભરવાની ફી વગેરે અંગે પોતાની પાસે રહેલી સત્તાનો સદુપયોગ કરીને ઘણા સ્તુત્ય નિર્ણયો લીધા છે, પરંતુ શિક્ષકોને ગૌરવભર્યું સ્થાન સમાજમાં મળે તે માટે હજુ ઘણું કરવાનું બાકી રહે છે. જેમ કે શિક્ષકોને પેન્શન, તેમના આરોગ્ય અંગે આર્થિક રાહત, તેમનાં બાળકોનો અભ્યાસ વગેરે.

સાથે સાથે યુનિવર્સિટીના નિર્ણયોથી કૉલેજોનું આર્થિક સ્વાસ્થ્ય પણ કથળ્યું છે તે હકીકત છે. હવે વધુ કૉલેજોની સ્થિતિ ગિરધરનગર કૉલેજ જેવી ન થાય અને વધુ શિક્ષકો બેકાર ન બને તે હેતુથી

આ યુનિવર્સિટી સ્વીકારે છે કે કૉલેજોની આર્થિક સ્થિતિ જળવાઈ રહે તે જોવાની પોતાની નૈતિક ફરજ છે.

તેથી સરકારી ગ્રાન્ટ વગેરે મળી ગયા બાદ જે ખોટ કોઈ કૉલેજને રહે તેના ૫૦ ટકા યુનિવર્સિટી ગ્રાન્ટ તરીકે આપશે. વળી શિક્ષક-સમાજથી ચાલતી કૉલેજોની પૂરી ખોટ (૧૦૦ ટકા) ગુજરાત યુનિવર્સિટી ભરપાઈ કરવા ઠરાવે છે.

(૨) ગુજરાત યુનિવર્સિટીની સંલગ્ન કૉલેજોના શિક્ષકોને પેન્શન મળવું જોઈએ.''

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બાબતની વિચારણા મોકૂફ રાખવી.

૯૫. શેઠ પી. ટી. આર્ટ્સ એન્ડ સાયન્સ કૉલેજ, ગોધરાના ભૂતપૂર્વ આચાર્યશ્રી ટી. એન. મહેતાને યુનિવર્સિટીનાં ધારાધોરણ અનુસાર ૬ માસના વેતન જેટલું વળતર ચૂકવવા અંગેના સિન્ડિકેટની તા. ૧૬/૧૭–૧–૧૯૭૧ની સભાના ઠરાવની કૉલેજને જાણ કરી અને તે રકમ ત્વરિત ચૂકવવાનું જણાવ્યા છતાં હજુ સુધી કૉલેજે તે કર્યાની જાણ કરી નથી તો તે અંગે વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બાબતની વિચારણા મોકૂફ રાખવી.

૯૬. પ્રવર્તમાન ઑર્ડિ. ૧૨૦–ડીના સંદર્ભમાં સંલગ્ન કૉલેજો તથા માન્ય સંસ્થાઓના શિક્ષકોની સેવાઓની કેટલીક શરતો નીચે જણાવ્યા પ્રમાણે વંચાય તે રીતે સુધારવા અને કેટલીક શરતો રદ કરવા અંગે વિચારણા કરવા બાબત :

"(૧) શરત ક્રમાંક ૪ નીચે પ્રમાણે વંચાય તે રીતે સુધારવાની રહેશે :

4. During the probation period he shall be entitled to a yearly increment of his salary.

અન્ય જોગવાઈ ઑર્ડિ. ૧૨૦–ડી પેરા–૧ની સમજૂતીમાં આવરી લેવાઈ છે.

(૨) શરત ક્રમાંક ૮માંથી

'(i) without three months' notice if he has been confirmed or'

રદ કરી તે નીચે પ્રમાણે વંચાય તે રીતે સુધારવાની રહેશે :

8. The service of a member of the teaching staff shall not be terminated in the midst of any term and without one month's notice if he is temporary or on probation, provided that such notice shall end with the end of a vacation. In case, however, when such notice is not given the college authorities shall pay to him an amount equal to the salary payable to him for the period of notice; provided that this clause will not be applicable and no notice will be necessary in case of a dismissal.

(૩) શરત ક્રમાંક ૧૦ (૧)માં 'Who has been confirmed' શબ્દો રદ કરી તે નીચે પ્રમાણે વંચાય તે રીતે સુધારવાની રહેશે :

10 (1) The services of a Principal, who has put in more than one year of service in an affiliated college or a recognised institution shall not be terminated without giving him six months' notice with the end of an academic term, provided, however, that the services of a Principal can be terminated without giving aforesaid notice with the previous permission of the Syndicate.

(૪) શરત ક્રમાંક ૯, ૧૦ (૫), ૧૧, ૧૨ અને ૧૩નો ઑર્ડિ. ૧૨૦--ડી.ની અનુક્રમે પેરા ૨૧, ૨૨, ૨૩, ૨૪ અને ૨૫માં સમાવેશ કરવામાં આવેલ હોવાથી અને શરત ક્રમાંક ૧૦ (૨), ૧૦(૩) અને ૧૦ (૪) અપ્રસ્તુત હોઈ રદ કરવાની થાય છે."

આથી ઠરાવવામાં આવે છે કે ઑર્ડિ.૧૨૦--ડીના સંદર્ભમાં સંલગ્ન કૉલેજો તથા માન્ય સંસ્થાઓના શિક્ષકોની સેવાઓની શરતો પૈકીની ઉપર જણાવેલી શરતો ઉપર મુજબ વંચાય તે રીતે સુધારવી.

૯૭. દિલ્હી મુકામે તા. ૧૮--૩--૧૯૭૨થી તા. ૨--૪--૧૯૭૨ના અરસામાં યોજનાર "વર્લ્ડ બુક ફેર" સેમિનારમાં ગ્રંથપાલ શ્રી. પી. એફ. પટેલ જઈ શકે તેમ નથી તેથી તેમને બદલે મદદનીશ ગ્રંથપાલ શ્રી. ડી. એન. શુકલને મોકલવા અંગેના ગ્રંથપાલશ્રીના તા. ૯--૨--૧૯૭૨ના સૂચન પર વિચારણા કરવા બાબત.

(નોંધ.—સિન્ડિકેટે તેની તા. ૧૩/૧૬--૧૦--૧૯૭૧ની સભામાં આ સેમિનારમાં સર્વશ્રી કે. ડી. પંડ્યા—પ્રકાશન અધિકારી, જે. એમ. પુરોહિત—પ્રેસ-મૅનેજર તથા પી. એફ. પટેલ—ગ્રંથપાલશ્રીને મોકલવાનું ઠરાવ્યું છે.)

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બાબતની વિચારણા આગળ બાબત નં. ૪૦ હેઠળ થઈ ગયેલી હોઈ તે અંગે વિશેષ કરવાપણું રહેતું નથી.

૯૮. યુનિવર્સિટી પ્રેસના મશીનમૅન શ્રી. પી. ડી. ભટ્ટની લંબાવવામાં આવેલી એક વર્ષની નિવૃત્તિ વય-મર્યાદા તા. ૧૨--૪--૧૯૭૨ના રોજ પૂરી થતી હોઈ નોકરીની એક વર્ષની મુદત વધારી આપવા માટે તેમની તા. ૧૫--૨--૧૯૭૨ની અરજી ઉપર વિચારણા કરવા બાબત :

(નોંધ.—સિન્ડિકેટે તેની તા. ૧૭/૧૮--૪--૧૯૭૧ની સભામાં તેમની નિવૃત્તિ વય--મર્યાદામાં એક વર્ષનો વધારો કર્યો છે. શ્રી. ભટ્ટને તા. ૧૨--૪--૧૯૭૨ના રોજ ૬૩ વર્ષ પૂરાં થાય છે.)

આથી ઠરાવવામાં આવે છે કે યુનિવર્સિટી પ્રેસના મશીનમૅન શ્રી. પી. ડી. ભટ્ટને પોતાની તબીબી તપાસ યુનિવર્સિટીના ચીફ મેડિકલ ઑફિસર પાસે કરાવવા માટે જણાવવું.

૯૯. વિનયન અને વિજ્ઞાન કે વિનયન અને વાણિજ્યની વિદ્યાશાખાઓ સિવાયની સંયુક્ત વિદ્યાશાખાઓ-વાળી કૉલેજોનું મોડામાં મોડું જૂન ૧૯૭૩થી વિભાગીકરણ કરવા અંગેના સિન્ડિકેટની તા. ૧૪/૧૫–૨–૧૯૭૦ની સભાના ઠરાવ અન્વયે નહેરુ લૉ ઍન્ડ કૉમર્સ કૉલેજ, અમદાવાદ તરફથી જૂન ૧૯૭૩થી વિભાગીકરણ કરવા માટેની અરજી હજુ સુધી આવી નથી તો તે અંગે વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ કૉલેજને યુનિ.ના ધારાધોરણ મુજબ પોતાના વિભાગીકરણ માટેની અરજી ત્વરિત મોકલી આપવા માટે જણાવવું.

૧૦૦. વિજ્ઞાન વિદ્યાભવનના રસાયણવિજ્ઞાનના પ્રાધ્યાપક ડૉ. એ. એમ. ત્રિવેદીના અવસાન બાદ તા. ૧૫–૯–૧૯૭૧થી રસાયણવિજ્ઞાન વિભાગના વડાની કામગીરી સંભાળતા ડૉ. એમ. એન. દેસાઈને યોગ્ય ભથ્થું આપવા અંગેના અધ્યક્ષશ્રીના તા. ૧૫–૨–૧૯૭૨ના પત્ર ઉપર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બાબતની વિચારણા મોકૂફ રાખવી.

૧૦૧. યુનિવર્સિટી કાર્યાલયના સિન્ડિકેટ વિભાગમાં સિનિયર ક્લાર્ક તરીકે કામ કરતા શ્રી. એસ. ડી. ભટ્ટને સ્કૂટર ખરીદવા અંગે રૂ. ૩,૫૫૦ની લોન આપવા અંગેની તા. ૯–૨–૧૯૭૨ની અરજી ઉપર વિચારણા કરવા બાબત.

(નોંધ.– (૧) સિન્ડિકેટે તેની તા. ૩૦–૧૧–૧૯૬૮ની સભામાં ઠરાવ્યા અનુસાર વાહનની કિંમતના ૮૦ ટકાની રકમ લોન તરીકે તથા તેના ૬૦ ટકાની રકમ ઍડવાન્સ તરીકે આપવાની રહેશે. લોન લેનારે આ લોન ૫૦ હપતામાં અને યુનિવર્સિટી નક્કી કરે તે દરના વ્યાજ સાથે પરત કરવાની રહેશે, તથા સ્કૂટર યુનિવર્સિટીને ગીરો લખી આપવાનું રહેશે.

(૨) સિન્ડિકેટના નિયમો પ્રમાણે રૂ. ૩૫૦ના મૂળ માસિક પગારવાળાને આ લોન આપી શકાય. શ્રી. ભટ્ટનો મૂળ માસિક પગાર હાલ રૂ. ૩૩૫ છે જે તા. ૩–૭–૧૯૭૨ના રોજ રૂ. ૩૫૦નો થશે.

(૩) શ્રી. ભટ્ટને નવું સ્કૂટર માર્ચ-એપ્રિલ ૧૯૭૨માં મળનાર છે તેમ તેઓ જણાવે છે.)

આથી ઠરાવવામાં આવે છે કે યુનિવર્સિટી કાર્યાલયના સિનિયર ક્લાર્ક શ્રી. એસ. ડી. ભટ્ટનો મૂળ માસિક પગાર રૂ. ૩૫૦–૦૦ તા. ૩–૭–૧૯૭૨ના રોજ થશે તે હકીકત લક્ષમાં લઈને તેમને યુનિવર્સિટીનાં ધારાધોરણ મુજબ સ્કૂટર ખરીદવા માટે જરૂરી લોન આપવી.

૧૦૨. "ટીચર્સ હૉસ્ટેલ"ના બાંધકામ માટે રાજ્ય સરકાર તરફથી મંજૂર થયેલ લોન રૂ. ૪૦,૦૦૦ શિક્ષણ-સંચાલકશ્રીના તા. ૧૧–૨–૧૯૭૨ના પત્ર ક્રમાંક એસ: ૪૭–૧૯–૭૦–૭૧–ઓથી મળ્યાની નોંધ લેવા બાબત:

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બાબતની નોંધ લેવી.

૧૦૩. સ્ટેટ યુનિવર્સિટી ઑફ ન્યૂ યૉર્ક, બફેલો તરફથી તેમની યુનિવર્સિટીના ૨૦ અમેરિકન ગ્રૅજ્યુએટ વિદ્યાર્થી-ઓને ભારતીય સંસ્કૃતિ, ભારતના શૈક્ષણિક કાર્યક્રમો ચાર માસ માટે ગુજરાત યુનિવર્સિટીના મુલાકાતે આવ્યા હતા તે

અંગેના પુનર્નિર્મિત અંદાજને મંજૂર કરવા બાબત તથા નીચે જણાવેલ કર્મચારીઓને તે અંગેની કામગીરી બજાવી તે અંગે વેતન સ્વીકારવા અંગેની પરવાનગી આપવા અંગે વિચારણા કરવા બાબત :

ક્રમાંક	કર્મચારીનું નામ	મૂળ પગાર રૂપિયા	સુથવેલ વેતનની રકમ રૂપિયા
૧.	પ્રો. ડી. એન. પાઠક (કોઓર્ડિનેટર તરીકે)	૧,૩૬૦	૭,૦૦૦
૨.	શ્રી. ટી. એ. ભાસ્કર	૪૬૫	૩૦૦
૩.	શ્રી. એસ. એન. શાહ	૧૦૦ (અનમર્જ્ડ)	૩૦૦
૪.	શ્રી. ડબલ્યુ. એન. ક્રિશ્ચિયન	૨૪૩	૫૦૦
૫.	શ્રી. આર. એચ. પટેલ	૨૧૩	૧૦૦
૬.	શ્રી. જે. પી. ચૌહાણ, પટાવાળા	૧૫૩	૬૦
૭.	શ્રી. ચિમનલાલ કે. વાઘેલા	૧૫૩	૨૦
૮.	શ્રી. કાંતિલાલ પી. ડોડિયા	૧૫૩	૨૦
૯.	શ્રી. કાંતિલાલ ડી. વાઘેલા	૧૨૧	૨૦
૧૦.	શ્રી. નાનજી ડી. વાઘેલા	૯૪	૧૦૦
૧૧.	શ્રી. અમૃતલાલ વી. વાલેન્દ્ર	૯૪	૨૦
૧૨.	શ્રી. કાલિદાસ સી. સોલંકી	૯૪	૨૦

રહેવા તથા જાળવણીની વ્યવસ્થા માટે :

૧.	ડૉ. એચ. વી. સુથાર		૧૦૦૦
૨.	શ્રી. પી. ડી. મીઝી (એસ્ટેટ સુપરિન્ટેન્ડન્ટ)	૬૮૨	૩૦૦
૩.	શ્રી. ડી. બી. સુતરિયા (બિલ્ડિંગ સુપરવાઇઝર)	૨૪૮ (અનમર્જ્ડ)	૧૫૦
૪.	શ્રી. એન. પી. બારોટ (વર્કમેન)	૧૫૩	૭૫
૫.	શ્રી. ડી. એન. વ્યાસ (વાયરમેન)	૨૧૨	૭૫
૬.	શ્રી. જે. વી. સુથાર (સુથાર)	૨૧૯	૭૫

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બાબતની વિચારણા મોકૂફ રાખવી.

૧૦૪. બોર્ડ ઓફ એકાઉન્ટ્સના સને ૧૯૭૦–૭૧ના વાર્ષિક અહેવાલ પર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે બોર્ડ ઓફ એકાઉન્ટ્સના સને ૧૯૭૦–૭૧ના વાર્ષિક અહેવાલની નોંધ લેવી અને સદરહુ અહેવાલ સેનેટની વિચારણા માટે મોકલવો.

૧૦૫. તા. ૧૮--૨--૧૯૭૨ ને શુક્રવારના રોજ મળેલ મધ્યસ્થ યુવક કલ્યાણ સમિતિની સભાની નીચેની ભલામણો પર વિચારણા કરવા બાબત :

"(૧) આગામી ઉનાળાની રજાઓમાં વધુમાં વધુ ૫૦ વિદ્યાર્થીઓ ધરાવતી એક એવી ત્રણ ટુકડીઓને માઉન્ટ આબુ ખાતે રાજ્ય સરકાર સંચાલિત પર્વતારોહણની તાલીમ શિબિરોમાં તાલીમ માટે મોકલી આપવાનો પ્રસ્તાવ સ્વીકારવો તથા તે માટે રૂ. ૧૧,૪૫૦નો અંદાજી ખર્ચ આ સાથે જોડેલ પરિશિષ્ટ મુજબ મંજૂર કરવો અને તેમાં જણાવ્યા પ્રમાણે ખર્ચ કરવાની સત્તા તથા અંદાજપત્રમાં ફાળવેલ રકમને જરૂર પડે તો એક મથાળેથી બીજે મથાળે ફેરફાર કરવાની સત્તા યુવક કલ્યાણ સમિતિના મંત્રીને આપવા સિન્ડિકેટને ભલામણ કરવી.

(૨) આ ઉનાળાની રજાઓમાં યોજવા ધારેલ અધ્યાપકોના નાટયશિબિર માટે રૂ. ૬,૦૦૦નો અંદાજી ખર્ચ સાથે જોડેલ પરિશિષ્ટ મુજબ મંજૂર કરવો તથા તેમાં જણાવ્યા પ્રમાણે ખર્ચ કરવાની સત્તા મંત્રી, યુવક કલ્યાણ સમિતિને આપવા સિન્ડિકેટને ભલામણ કરવી."

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ સમિતિની ઉપરની ભલામણો મંજૂર કરવી.

૧૦૬. એમ.ડી.એસ. ભાગ ૨ના (૧) ઑર્થોડોન્શિયા અને (૨) ઓરલ સર્જરી વિષયોની પ્રાયોગિક પરીક્ષા જે એપ્રિલ ૧૯૭૨માં પ્રથમ વાર લેવાનાર છે તે અંગેના લેબોરેટરી સ્ટાફની નિમણૂક આ કાર્યાલયના તા. ૨૨--૧--૧૯૭૨ના પત્રાંક પરીક્ષા--અ / ૪૧--૪૪૦૬૭માં જણાવ્યા મુજબની સંખ્યામાં કરવા અંગેની મંજૂરી આપ્યાના કુલપતિશ્રીના કાર્યની નોંધ લેવા બાબત તેમ જ સદરહુ બંને વિષયોના લેબોરેટરી સ્ટાફની નિમણૂક કાયમી ધોરણે કરવા ઘટતી વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે કુલપતિશ્રીના સદરહુ કાર્યની નોંધ લેવી, તથા ભવિષ્યમાં એમ.ડી.એસ. ભાગ ૨ માં (૧) ઑર્થોડોન્શિયા, અને (૨) ઓરલ સર્જરીના વિષયોની પ્રાયોગિક પરીક્ષા માટે લેબોરેટરી સ્ટાફ અંગેની નિમણૂક અંગેનું ધોરણ નીચે મુજબ મંજૂર કરવું :

Sub.	*No. of Exp Asst.*	*No of Hamal*	*No. of Dental Mech.*	*No of Elet. Mech.*	*No. of Store Keeper*	*No. of Staff Nurses*	*Days of Preparation*	*Days of Cleaning up*
Ortho-dontia	1	1	1	1	1	—	1	1
Oral Surgery	1	1	—	1	1	3	1	1

૧૦૭. ગુજરાત રાજ્યના નાણાખાતાના ઠરાવ નં. વી.આઈ.બી. ૧૧૭૨--૪૭૩૯--જે, તા. ૭--૨--૧૯૭૨થી સરકારી કર્મચારીઓને અપાતા મોંઘવારી ભથ્થાના દરમાં તા. ૧--૧--૧૯૭૨થી વધારો આપવાનું ઠરાવ્યું હોવાથી આ મોંઘવારી ભથ્થાના દરમાં વધારાનો લાભ યુનિવર્સિટી કર્મચારીઓને આપવા અંગે વિચારણા કરવા બાબત.

(નોંધ.—આ અંગેનો અંદાજી વાર્ષિક ખર્ચ રૂ. ૬૫,૦૦૦ જેટલો થશે.)

આથી ઠરાવવામાં આવે છે કે રાજ્ય સરકારે તેના કર્મચારીઓને માટે તા. ૧--૧--૧૯૭૨થી મોંઘવારી ભથ્થાના દરમાં જે ધોરણે સુધારો કર્યો છે તે ધોરણે ગુજરાત યુનિવર્સિટીના કર્મચારીઓ(શિક્ષકવર્ગ અને બિનશિક્ષકવર્ગ)ના મોંઘવારી ભથ્થાના દરમાં વધારો કરવો.

(**નોંધ.**—ગુજરાત યુનિવર્સિટીના શિક્ષકવર્ગના કર્મચારીઓ અને બિનશિક્ષકવર્ગના કર્મચારીઓને તા. ૧--૧--૧૯૭૨થી લાગુ પાડવામાં આવેલા મોંઘવારી ભથ્થાના આ પ્રમાણે સુધારેલા દર આ સાથે જોડેલા **પરિશિષ્ટ "ધ"** પ્રમાણે રહેશે.)

૧૦૭—અ. ઉપર બાબત નં. ૧૦૭ના સંદર્ભમાં ઠરાવવામાં આવ્યું કે સંલગ્ન કૉલેજો અને માન્ય સંસ્થાઓના શિક્ષકોને પણ તા. ૧--૧--૧૯૭૨થી ઉપર બાબત નં. ૧૦૭માં જણાવેલા ધોરણે મોંઘવારી ભથ્થાના દરમાં વધારો કરી આપવા માટે સંલગ્ન કૉલેજો અને માન્ય સંસ્થાઓને જણાવવું.

(**નોંધ.**—આ પ્રમાણે સુધારેલા મોંઘવારી ભથ્થાના દર **પરિશિષ્ટ "ધ"** મુજબ રહેશે.)

૧૦૮. ગુજરાત યુનિવર્સિટી એમ્પ્લોયીઝ ગ્રૅચ્યુઈટી ટ્રસ્ટના ટ્રસ્ટીઓની તા. ૭--૨--૧૯૭૨ની સભાની ભલામણ અનુસાર ટ્રસ્ટનું કામ સંભાળવા શ્રી. એમ. આર. શાહને વાર્ષિક રૂ. ૧૨૦નું વેતન તથા શ્રીમતી રેણુકાબહેન ચોકસીને ટ્રસ્ટના હિસાબોનું કામ સંભાળવા માટે વાર્ષિક રૂ. ૬૦નું વેતન સ્વીકારવા પરવાનગી આપવા અંગે વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે યુનિવર્સિટીના કર્મચારીઓ શ્રી. એમ. આર. શાહને અને શ્રીમતી રેણુકાબહેન ચોકસીને સદરહુ કામગીરી તથા તે માટેનું વાર્ષિક વેતન અનુક્રમે રૂ. ૧૨૦--૦૦ અને રૂ. ૬૦--૦૦ સ્વીકારવા માટે પરવાનગી આપવી.

૧૦૯. કુલપતિશ્રીએ મંજૂર કરેલાં નીચેનાં કાર્યોની નોંધ લેવા બાબત:

(૧) વિદ્યાર્થી વિનિમય યોજના હેઠળ ગુજરાત યુનિવર્સિટીની મુલાકાતે આવેલ ઓટેમોન ગેકુઈન યુનિવર્સિટીના વિદ્યાર્થી શ્રી. ટી. સાટોને ભારત–પાકિસ્તાન સંઘર્ષના સંદર્ભમાં અધવચ્ચે પાછા જવાનું તેમ જ ફરીથી અહીં મોકલવાનું તે યુનિવર્સિટીનું સૂચન સ્વીકાર્યાના તથા તે યુનિવર્સિટીના પ્રમુખે આપણી યુનિવર્સિટીની મુલાકાત માટે ઇચ્છા વ્યકત કરતાં તેઓને તથા શ્રીમતી એમેનોને આમંત્રણ આપવાની મંજૂરી આપ્યાના;

[**નોંધ.**—(૧) ભારતની આપણી યુનિવર્સિટી અને જાપાનની ઇબારકી સિટીની ઓટેમોન ગેકુઈન યુનિવર્સિટી વચ્ચેના બીજા વિદ્યાર્થી વિનિમય કાર્યક્રમ નીચે શ્રી. ટી. સાટો તા. ૨૫--૧૨--૧૯૭૧થી તા. ૧૫--૧--૧૯૭૨ સુધી આપણી યુનિવર્સિટીમાં રોકાવાના હતા.

(૨) શ્રીમાન અને શ્રીમતી એમેનો એક માસની મુલાકાતે આવતાં તેમનો રહેવા-જમવાનો અંદાજી ખર્ચ રૂ. ૧,૫૦૦ જેટલો થશે.]

(૨) રાષ્ટ્રીય સંરક્ષણ સેવાઓમાં કામ કરતા શ્રી. વ્યાસ મનુપ્રસાદ ભોગીલાલ રાષ્ટ્રીય કટોકટીને કારણે ઑક્ટોબર ૧૯૭૧ની ફર્સ્ટ બી.એ. એકસ્ટર્નલ પરીક્ષામાં પરીક્ષા પૂરી ન કરી શકવાથી તેમની પરીક્ષા ફી પરત કરવાના.

આથી ઠરાવવામાં આવે છે કે કુલપતિશ્રીનાં સદરહુ કાર્યોની નોંધ લેવી.

૧૧૦. વિજ્ઞાન વિદ્યાભવનના વનસ્પતિવિજ્ઞાન વિભાગના ઉપક્રમે "Cell Physiology"ના વિષયમાં કૉલેજોના શિક્ષકો માટે યોજવામાં આવનાર ગ્રીષ્મવર્ગ માટે યુનિવર્સિટી ગ્રાન્ટ્સ કમિશને તેમના પત્રાંક F9-4/72

(SI), dated 22-2-'72થી On account grant રૂ. ૨૫,૦૦૦ (પચ્ચીસ હજાર) મંજૂર કર્યાની નોંધ લેવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બાબતની નોંધ લેવી.

૧૧૧. કુલપતિશ્રીના નીચેનાં કાર્યોની નોંધ લેવા બાબત :

(૧) એમ.એ., ભાગ ૨ સમાજશાસ્ત્ર ગ્રુપ 'એફ' પ્રશ્નપત્ર ૧ (રિસર્ચ મેથડ્સ)ની માર્ચ-એપ્રિલ ૧૯૭૨ના વર્ષમાં લેવાનારી પરીક્ષા માટે એમ.એ., ભાગ ૧ સમાજશાસ્ત્ર ગ્રુપ 'ઈ' પ્રશ્નપત્ર ૩ના નવા અભ્યાસક્રમ મુજબના રિસર્ચ મેથડ્સ એન્ડ સ્ટેટિસ્ટિકલ એનાલિસિસ ઈન સોશિયોલોજીના પ્રશ્નપત્ર નિયત કર્યાના;

(૨) ભારત સરકારની એન.એસ.ઓ. યોજના હેઠળ યુ.જી.સી. તરફથી પ્રથમ તબક્કે યુનિવર્સિટીની સંલગ્ન કૉલેજોની કુલ સંખ્યાના ૨૦ ટકા જેટલી કૉલેજોને મેદાનોના વિકાસ માટે તથા જરૂરી સાધનો ખરીદવા માટે રૂ. ૧૦,૦૦૦ના ખર્ચ પેટે ૭૫ ટકા ગ્રાન્ટ આપવાની જેમાં જોગવાઈ છે તે યોજના હેઠળ કુલ ૩૨ કૉલેજોની તે માટે ભલામણ કર્યાના.

આથી ઠરાવવામાં આવે છે કે કુલપતિશ્રીનાં ઉપરનાં કાર્યોની નોંધ લેવી.

૧૧૨. માર્ચ-એપ્રિલ ૧૯૭૧ તથા ઑક્ટોબર ૧૯૭૧માં લેવાયેલ જુદી જુદી પરીક્ષાઓ દરમ્યાન પ્રાન્તિક-પરીક્ષકો, નિરીક્ષકો તથા કાર્યાલયના સભ્યોના ધ્યાનમાં થયેલ ભૂલો અંગેના કેસો ઉપર તેમ જ વિદ્યાર્થીઓએ અજમાવેલ ગેરવાજબી ઈલાજો અંગેના કેસો પર વિચારણા કરવા તા. ૨૨-૨-૧૯૭૨ના રોજ મળેલ પરીક્ષા શુદ્ધિસમિતિની ત્રીજી સભાની ભલામણો પર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ સમિતિની તા. ૨૨-૨-૧૯૭૨ની સભાની ભલામણો મંજૂર કરવી.

(મંજૂર કરવામાં આવેલી ભલામણોની નોંધ સામેલ કરવામાં આવી નથી.)

૧૧૩. સિન્ડિકેટે તેની તા. ૪-૯-૧૯૭૧ની સભામાં સંલગ્ન કૉલેજો અને માન્ય સંસ્થાઓનાં ગવર્નિંગ બૉડીની રચના અંગેના કરેલા નિયમો સરકારી કૉલેજો અને મ્યુનિસિપલ કૉર્પોરેશન સંચાલિત કૉલેજ/સંસ્થાને લાગુ પાડવા અંગે વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બાબતની વિચારણા મોકૂફ રાખવી.

૧૧૪. ઈજનેરી વિદ્યાશાખામાં સેમેસ્ટર પદ્ધતિનો નવો અભ્યાસક્રમ શરૂ થયો છે તેના સંદર્ભમાં યુનિવર્સિટી પારિતોષિક આપવા અંગેના નિયમો મંજૂર કર્યાના કુલપતિશ્રીના કાર્યની નોંધ લેવા બાબત :

૧. હવે પછી જૂના અભ્યાસક્રમની કોઈ પણ પરીક્ષામાં પારિતોષિક આપવું નહિ.

૨. એમ.ઈ. નવા અભ્યાસક્રમની પરીક્ષા હવે શરૂ થઈ હોઈ જૂના અભ્યાસક્રમની એમ.ઈ. પરીક્ષા માટે પારિતોષિક આપવું નહિ.

૩. એમ.ઈ. પરીક્ષામાં દરેક વિભાગ જેવા કે સિવિલ, મિકેનિકલ અને ઈલેક્ટ્રિકલ માટે અલગ અલગ પારિતોષિક આપવાં નહિ.

૪. એમ.ઈ. પરીક્ષામાં દરેક વિભાગમાં અનુક્રમે સિવિલ, મિકેનિકલ અને ઈલેક્ટ્રિકલમાં દર વર્ષે વારા-ફરતી પારિતોષિક આપવાનું રાખવું.

૫. પોસ્ટ-ડિપ્લોમા ડિગ્રી અભ્યાસક્રમ કે સેન્ડવિચ અભ્યાસક્રમની પરીક્ષાઓમાં પારિતોષિક આપવાં નહિ

આથી ઠરાવવામાં આવે છે કે કુલપતિશ્રીના સદરહુ કાર્યની નોંધ લેવી.

૧૧૫. આર્ટ્સ એન્ડ સાયન્સ કૉલેજ, ભાદરણમાંથી છૂટા થયેલા શ્રી. કે. ડી. પટેલના કેસ અંગે વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બાબતની વિચારણા મોકૂફ રાખવી.

૧૧૬. સમાજવિદ્યા ભવનના અધ્યક્ષશ્રીના સૂચન અન્વયે એપ્રિલ ૨૮થી ૩૦, ૧૯૭૨ના સમય દરમિયાન અમદાવાદ મુકામે યોજનાર અખિલ ભારતીય સમાજશાસ્ત્રના ૧૧મા અધિવેશનમાં યુનિવર્સિટીના પ્રતિનિધિ તરીકે નીચે જણાવેલા ત્રણ વધારાના સભ્યોની નિમણૂક કરવા અંગે વિચારણા કરવા બાબત :

(૧) શ્રી. ઈ. જે. મશિહી

(૨) શ્રીમતી ઉષાબહેન કન્હારે

(૩) શ્રી. ડી. બી. દેસાઈ.

આથી ઠરાવવામાં આવે છે કે અખિલ ભારતીય સમાજશાસ્ત્રનું આગામી અધિવેશન આ યુનિવર્સિટીના ઉપક્રમે મળતું હોઈ ઉપર જણાવેલા સભ્યોને વધારાના પ્રતિનિધિઓ તરીકે નીમવા.

૧૧૭. ડાયટોન (ઓહિયો) યુ.એસ.એ. ખાતે તા. ૧૯થી ૨૪મી જૂન, ૧૯૭૨ દરમ્યાન યોજનાર ત્રીજા ઈન્ટરનેશનલ સિમ્પોઝિયમ ઑન મલ્ટિવેરિયેટ એનાલિસિસ ઉપરના ત્રીજા આંતરરાષ્ટ્રીય સિમ્પોઝિયમમાં હાજરી આપવા ટ્રાવેલ ગ્રાન્ટ અંગે વિજ્ઞાન ભવનના પ્રોફેસર ઑફ સ્ટેટિસ્ટિક્સના શ્રી. સી. જી. ખત્રીની તા. ૨૪--૨--૧૯૭૨ની અરજી પર વિચારણા કરવા બાબત.

(નોંધ.—અમદાવાદથી ડાયટોન (અમેરિકા) જવાઆવવાનું ઈકોનોમિક એર ટ્રાવેલ રૂ. ૫,૫૪૬ થાય. ૫૦ ટકા ખર્ચ યુ.જી.સી. આપે તો રૂ. ૨,૨૭૮ યુનિવર્સિટીએ ભોગવવાના થાય.)

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બાબતની વિચારણા મોકૂફ રાખવી.

૧૧૮. આચાર્યશ્રી ગિરીશ પટેલના નીચેના ઠરાવ પરત્વે વિચારણા કરવા બાબત :

"ચોથી પંચવર્ષીય યોજનાના સમય દરમ્યાન યુ.જી.સી.નાં નવાં પગારધોરણ અમલમાં મુકાયા પછી અને ખાસ કરીને પી.જી. શિક્ષકોના રૂ. ૭૦૦--૪૦--૧,૧૦૦નું નવું પગારધોરણ અમલમાં આવ્યા પછી કૉલેજોના આચાર્યોનાં પગારધોરણ અત્યંત અસંતોષકારક બની ગયાં છે અને વિચિત્ર પરિસ્થિતિ ઉપસ્થિત થઈ છે. સંલગ્ન કૉલેજોના આચાર્યનું સ્થાન આપણી યુનિવર્સિટીમાં આગવું હોવાને કારણે તેમનાં પગારધોરણ તા. ૧૫--૬--૧૯૭૨થી યોગ્ય રીતે સુધારવા પગલાં ભરવામાં આવે."

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બાબતની વિચારણા મોકૂફ રાખવી.

૧૧૯. ૧૯૭૧--૭૨ની સાલમાં જે કૉલેજોને અડધો યુનિટ આપવામાં આવ્યો છે તે પૈકી છોટાઉદેપુર, આર્ટ્સ એન્ડ સાયન્સ કૉલેજ અને અમદાવાદ આર્ટ્સ કૉલેજમાંથી તેઓ આચાર્યશ્રી તરફથી સૂચવવામાં આવેલ અધ્યાપક-ઈન-ચાર્જનાં નીચે મુજબનાં નામો કુલપતિશ્રીએ મંજૂર કર્યાના કાર્યની નોંધ લેવા બાબત. આ નિમણૂક

તા. ૨૨--૧૨--૧૯૭૧થી ગણવામાં આવશે.

ક્રમાંક	કૉલેજનું નામ	એકમના વિદ્યાર્થીની સંખ્યા	પ્રોફેસર-ઈન-ચાર્જ
૧.	છોટાઉદેપુર આર્ટ્સ ઍન્ડ રાયન્સ કૉલેજ, છોટાઉદેપુર	૫૦	શ્રી. એમ. જી. પાઠક
૨.	અમદાવાદ આર્ટ્સ કૉલેજ, અમદાવાદ	૫૦	આચાર્ય વી. પી. ત્રિવેદીને બદલે પ્રો. એસ. એમ. મહેતા

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બાબતની નોંધ લેવી.

૧૨૦. યુનિવર્સિટી કાર્યાલયમાં કોચ તરીકે કામ કરતા શ્રી. નિહાલસિંગનો એક વર્ષનો અજમાયશી સમય તા. ૩૦--૪--૧૯૭૨ના રોજ પૂરો થતો હોઈ તેમને તા. ૧--૫--૧૯૭૨થી કાયમ કરવા અંગે વિચારણા કરવા બાબત.

રમતગમતના તાલીમી શિક્ષક (કોચ) શ્રી. નિહાલસિંગની કામગીરી અંગેનો ખાનગી અહેવાલ સભાગૃહ સમક્ષ રજૂ કરવામાં આવ્યો.

તે પછી ઠરાવવામાં આવ્યું કે શ્રી. નિહાલસિંગને કોચની જગ્યા પર તા. ૧--૫--૧૯૭૨થી કાયમ કરવા.

૧૨૧. એમ.એસસી.ના વનસ્પતિવિજ્ઞાનની પરીક્ષાના ડેઝર્ટેશન તપાસવા માટે પરીક્ષકોને આપવાના મહેનતાણાનો દર નક્કી કરવા માટે વિજ્ઞાન વિદ્યાભવનના અધ્યક્ષશ્રીના તા. ૨૩--૨--૧૯૭૨ના પત્ર ઉપર વિચારણા કરવા બાબત.

(નોંધ.—એમ.એસસી. Geologyનો નક્કી થયેલ દર નીચે મુજબ છે :

Examining a dissertation or research work in Geology at M.Sc. per candidate Rs. 25/-.)

આથી ઠરાવવામાં આવે છે કે વનસ્પતિવિજ્ઞાનની પરીક્ષામાં ડેઝર્ટેશન તપાસવા માટે બાહ્ય પરીક્ષકો માટેના પુરસ્કારના દરનું ધોરણ પ્રત્યેક ડેઝર્ટેશન દીઠ રૂ. ૨૫નું રાખવું.

૧૨૨. ધી કેમ્બે એજ્યુકેશન સોસાયટી, ખંભાત દ્વારા એસ.એન.ડી.ટી. યુનિવર્સિટી સાથે સંલગ્ન કૉલેજ શરૂ કરવા માટે તે યુનિવર્સિટીએ સૂચવ્યા મુજબ ગુજરાત યુનિવર્સિટીનું "નો ઓબ્જેકશન" સર્ટિફિકેટ આપવા સારુ સદરહુ સોસાયટીના માનદ મંત્રીશ્રીની તા. ૨૨--૨--૧૯૭૨ની વિનંતી પર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ સૂચિત કૉલેજ એસ.એન.ડી.ટી. યુનિવર્સિટી સાથે સંલગ્ન થાય તેમાં ગુજરાત યુનિવર્સિટીને વાંધો નથી એમ જણાવવું.

૧૨૩. ૧૯૭૨--૭૩ના વર્ષના પહેલા સત્રમાં પ્રત્યેક કૉલેજમાંથી ગુજરાતી વિભાગના એક એક પ્રતિનિધિ બોલાવીને ગુજરાતીની પ્રી-યુનિવર્સિટીની પરીક્ષાથી ત્રીજા વર્ષ બી.એ.ની પરીક્ષાઓ માટેના જુદા જુદા નમૂનાઓ પ્રશ્નપત્રોની સમીક્ષા કરાવવા અને તે માટે બે દિવસનો વર્કશોપ યોજવાની ગુજરાતીની અભ્યાસસમિતિની તા. ૯--૧--૧૯૭૨ની સભાની ભલામણ ઉપર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બાબતની વિચારણા મોકૂફ રાખવી.

૧૨૪. નર્સિંગ કૉલેજની વિદ્યાર્થિનીઓ કુ. પી. સરેફ, ઇન્દોર યુનિવર્સિટીની એમ.એ. પરીક્ષા સોશિયોલોજી (મુખ્ય) વિષય સાથે ૧૯૬૫માં અને શ્રીમતી એસ. એન. તિલકે, પૂના યુનિવર્સિટીની એમ.એ.ની પરીક્ષા અંગ્રેજી (મુખ્ય) વિષય સાથે જૂન ૧૯૭૧માં પાસ કરેલ છે તે આધારે તેઓને અનુક્રમે બી.એસસી. નર્સિંગ ૧માં સોશિયોલોજી વિષયમાં, બી.એસસી. નર્સિંગ ૧ અને ૨માં અંગ્રેજી વિષયમાં મુક્તિ આપવા તા. ૩૦-૮-૧૯૭૧ના રોજ મળેલ તબીબી વિદ્યાશાખાની સભાએ કરેલ ભલામણ ઉપર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે તબીબી વિદ્યાશાખાની ઉપરની ભલામણ માર્ચ ૧૯૭૨ની પરીક્ષાને લાગુ પડે તે રીતે મંજૂર કરવી.

૧૨૫. ઑક્ટોબર ૧૯૭૧માં લેવાયેલ બી.ઈ. (ઑલ્ડ) પરીક્ષામાં બેકેલ વિદ્યાર્થી નં. ૧ને સિન્ડિકેટે તેની તા. ૯-૧-૧૯૭૨ની સભામાં તા. ૩૦-૬-૧૯૭૨ સુધી પરીક્ષામાં બેસવાની મનાઈ ફરમાવી છે તે અંગે આ પરીક્ષા માર્ચ-એપ્રિલ ૧૯૭૨માં છેલ્લી વાર લેવાવાની છે તેના સંદર્ભમાં પુનર્વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ વિદ્યાર્થીને માર્ચ-એપ્રિલ ૧૯૭૨ની પરીક્ષામાં બેસવા માટે પરવાનગી આપવી, પરંતુ તેનું પરિણામ ઑક્ટોબર ૧૯૭૨માં જાહેર કરવું.

૧૨૬. યુનિવર્સિટી વિજ્ઞાન વિદ્યાભવનમાં સફાઈ કામદાર તરીકે કામ કરતા શ્રી. નાનુ મોતીનું તા. ૧૦-૨-૧૯૭૨ના રોજ દુ:ખદ અવસાન થયું હોઈ (અ) તેઓના ખાતે નીકળતી પ્રોવિડંટ ફંડની રકમ, તથા (બ) સ્ટે. ૧૯૩-એ પ્રમાણે ગ્રૅચ્યુઈટીની રકમ આપવા અંગે વિચારણા કરવા બાબત.

(નોંધ.—શ્રી. નાનુ મોતી તા. ૨૯-૫-૧૯૬૫માં જોડાયા હતા. તેઓનું તા. ૧૦-૨-૧૯૭૨ના રોજ અવસાન થયું હતું.)

આથી ઠરાવવામાં આવે છે કે :

(અ) સ્વ. શ્રી. નાનુ મોતીના ખાતે નીકળતી પ્રૉવિડન્ટ ફંડની રકમ તેમના વારસદારોને સરખે હિસ્સે યુનિવર્સિટીનાં ધારાધોરણ મુજબ ચૂકવી આપવી.

(બ) સ્વ. શ્રી. નાનુ મોતીની ગ્રૅચ્યુઈટીની રકમ યુનિવર્સિટીનાં ધારાધોરણ અનુસાર તેની વિધવા શ્રીમતી કલુ નાનુને ચૂકવી આપવી.

૧૨૭. ગુજરાત યુનિવર્સિટી અને એલ.ડી. એન્જિનિયરિંગ કૉલેજના સંયુક્ત ઉપક્રમે તા. ૧૧/૧૨-૩-૧૯૭૨-ના રોજ પ્રો. એસ. બી. કુમતાના અધ્યક્ષપણા હેઠળ યોજાનાર પરિસંવાદ ઑન એન્વિરોમેન્ટલ હેલ્થ પ્રોબ્લેમ્સ ઈન અમદાવાદ અંગે થનાર ખર્ચ પેટે રૂ. ૩,૦૦૦ (અંકે રૂપિયા ત્રણ હજાર) ઑડ-હૉક ધોરણે મંજૂર કરતા યુનિવર્સિટી ગ્રાન્ટ્સ કમિશનના પત્રાંક એફ. ૩-૧૩-૧૯૭૧ (એસ.આઈ.)ના તા. ૨૨-૨-૧૯૭૨ના પત્રની નોંધ લેવા બાબત તથા આ કાર્યક્રમ ગુજરાત યુનિવર્સિટી અને એલ. ડી. એન્જિનિયરિંગ કૉલેજના સંયુક્ત ઉપક્રમે યોજવા માટે જરૂરી મંજૂરી આપવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ પરિસંવાદ ગુજરાત યુનિવર્સિટી અને એલ. ડી. એન્જિનિયરિંગ કૉલેજના સંયુક્ત ઉપક્રમે યોજવા માટેનો પ્રસ્તાવ મંજૂર કરવો.

૧૨૮. માર્ચ--એપ્રિલ ૧૯૭૨માં લેવાયેલ એમ.કૉમ. ભાગ ૨ની પરીક્ષાના બિઝનેસ મૅનેજમેન્ટ વિષયના પ્રાધ્યિક--પરીક્ષક શ્રી. એચ. સી. પરીખ તરફથી આવેલ તા. ૨૪--૨--૧૯૭૨ના પત્ર પર વિચારણા કરવા બાબત.

(નોંધ.--તા. ૧૩--૧૧--૧૯૭૧ની સિન્ડિકેટે તેની બાબત નં. ૭૧થી શ્રી. એચ. સી. પરીખને પાંચ વરસ માટે ડિબાર્ડ કરેલ છે અને તેમના સહપ્રાધ્યિક--પરીક્ષક શ્રી. આર. એમ. દવેને કાયમ માટે ડિબાર્ડ કરેલ છે.)

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બાબતની વિચારણા મોકૂફ રાખવી.

૧૨૯. છાત્રાલય સલાહકાર સમિતિની મુદત પૂરી થયેલી હોઈ ઑ. ૧૦૯--સી મુજબ તેની પુનરૂચ્ચના કરવા બાબત.

[નોંધ.—ઑ. ૧૦૯--સીનો પાઠ નીચે મુજબ છે :

O. 109-C :

There shall be an Advisory Committee for the management of University Hostels and Welfare of the inmates consisting of the following members :

(*a*) (*i*) The Vice-Chancellor (Chairman)

(*ii*) The Rector, if any

(*iii*) The Resident Professor (Member-Secretary)

(*iv*) Three members to be nominated by the Syndicate.

(*b*) The Vice-Chancellor, and in his absence the Rector, or in the absence of both a member elected by the meeting shall preside at the meeting of the committee.

(*c*) The members of the committee shall hold office for three years and may be re-appointed.

(*d*) The committee shall meet once in each term and also at other time as convened by the Chairman.

(*e*) The committee shall, subject to the control of Syndicate, frame rules and regulations, regarding admission, discipline, mess administration and penalty.]

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ સમિતિ પર નીચેના ત્રણ સભ્યોની નિમણૂક કરવી :

(૧) શ્રી. ઇન્દ્રવદન અંબાલાલ મોદી

(૨) આચાર્ય ગિરીશભાઈ સી. પટેલ

(૩) ડૉ. એમ. એન. દેસાઈ.

૧૩૦. જાપાનમાં ક્યોટો ખાતે તા. ૨૧થી ૨૬ ઑગસ્ટ, ૧૯૭૨ દરમ્યાન યોજનાર ચોથી ઇન્ટરનેશનલ કૉંગ્રેસ ઑફ હિસ્ટો--કેમિસ્ટ્રી અને સાયટો--કેમિસ્ટ્રીમાં હાજરી આપવા જવા માટે પરવાનગી આપવા માટે તથા ક્યોટો જવાઆવવા મુસાફરી અને બીજા ખર્ચ અંગે યુનિવર્સિટીના વિજ્ઞાન ભવનનાં પ્રાણીશાસ્ત્ર વિજ્ઞાન વિભાગના વ્યાખ્યાતા બહેન ડૉ. એન. જે. ચિનોયની અરજી પર વિચારણા કરવા બાબત.

(નોંધ.—બીજા વર્ગના હવાઈ ભાડાના ૫૦ ટકા મોકલનાર સંસ્થા ભોગવે તો બાકીના ૫૦ ટકા ખર્ચ યુનિવર્સિટીને મળતી યુ.જી.સી.ની "અનએસાઈન્ડ ગ્રાન્ટ" ખાતે તે ખર્ચની જોગવાઈ કરી શકાય. આ સિવાય બીજો કોઈ ખર્ચ મળી શકે નહિ. મુંબઈથી જાપાન આવવાજવાનો હવાઈ ભાડાનો ખર્ચ રૂ. ૬,૫૦૩ અંદાજેલ છે.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બાબતની વિચારણા મોકૂફ રાખવી.

૧૩૧. કૌ. સત્યેન્દ્ર કા. ઝવેરીના નીચેના ઠરાવ પર વિચારણા કરવા બાબત :

"સંલગ્ન કૉલેજના આચાર્યનો કાર્યબોજ નક્કી કરવાની અત્યંત આવશ્યકતા છે. તેમાં દર અઠવાડિયે ૧૬ લેક્ચર ૩ ટયુટોરિયલથી વધારે કામ આપી શકાય નહિ તેમ ઠરાવવું."

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બાબત એકેડેમિક કાઉન્સિલની વિચારણા માટે મોકલવી.

૧૩૨. સદરહુ બાબતની વિચારણા તા. ૪--૩--૧૯૭૨ના રોજ મોકૂફ રાખવામાં આવી, અને તા. ૧૦--૩--૧૯૭૨ના રોજ કરવામાં આવી, પરંતુ તેની વિચારણા બાબત નં. ૧૫૬ સાથે કરવામાં આવેલી હોઈ તેની નોંધ તે ક્રમમાં દર્શાવવામાં આવી છે.

૧૩૩. સેનેટે તેની તા. ૨૮--૯--૧૯૭૧ની સભામાં પસાર કરેલ નીચેના ઠરાવના અનુસંધાનમાં ગુજરાત રાજ્યના સંયુકત શિક્ષણનિયામકશ્રીની કચેરીના તા. ૭--૨--૧૯૭૨ના પત્રાંક એસ. ૧૦૬--ક પરત્વે વિચારણા કરવા બાબત :

"As per section 40 of Gujarat University Act, 1949 :

The Senate hereby resolves that all instructions, teaching and training beyord the stage of Intermediate examination within the area of the City of Ahmedabad be conducted by the University and shall be imparted by the teachers of the University.

This Senate authorises and directs the Registrar to communicate this decision to the Government."

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બાબતની વિચારણા મોકૂફ રાખવી.

૧૩૪. College Science Improvement Programme—University Leadership project in Maths.—કૉલેજોમાં ગણિતના વિષયનું શિક્ષણ સુધારવા અંગેની યોજના હેઠળ વિજ્ઞાન વિદ્યાભવનના ગણિત વિભાગમાં ૨ વર્ષ માટે (૧૫મી જૂન ૧૯૭૨થી ૧૪મી જૂન ૧૯૭૪) રીડરની કામચલાઉ એક જગ્યા ઊભી

કરવા તથા તે માટે વધારાના અંદાજી ખર્ચ રૂ. ૨૩,૮૫૯ને પણ યુનિવર્સિટી ગ્રાન્ટ્સ કમિશને તેમના તા. ૨૪--૧--૧૯૭૨ના પત્રાંક એફ્. ૨૦--૧૨૯--૭૦ (એસ.સી. ૩)થી મંજૂરી આપી તેની નોંધ લેવા બાબત તથા તે અંગે જરૂરી પગલાં લેવા અંગે વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બાબતની નોંધ લેવી તથા તે અંગે યુનિવર્સિટીનાં ધારાધોરણ અનુસાર જરૂરી કાર્યવાહી કરવી.

૧૩૫. એપ્રિલ ૧૯૭૨માં લેવાનાર ફર્સ્ટ ઈયર અને સેકન્ડ ઈયર ડ્રામા (ડિપ્લોમા)ની પરીક્ષાના અભ્યાસક્રમમાં વિનયન અને વિજ્ઞાનની પૂર્વસ્નાતક પરીક્ષામાં બેસનાર વિદ્યાર્થીઓ હોઈ તેમની અન્યોન્ય પરીક્ષાઓમાં અંતરાય ન આવે માટે તા. ૬--૪--૧૯૭૨ના રોજ શરૂ કરવાના ગુજરાત કૉલેજના નાટ્ય વિભાગના વડાના સૂચન પર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે ચાલુ વર્ષે નાટ્યવિદ્યાની પહેલા અને બીજા વર્ષની પરીક્ષાઓ તા. ૬--૪--૧૯૭૨થી શરૂ કરવાનું સૂચન મંજૂર કરવું.

૧૩૬. ફર્સ્ટ બી.કૉમ.ના વર્ગમાં ચાલુ શૈક્ષણિક વર્ષ દરમિયાન અભ્યાસ કરતા વિદ્યાર્થી શ્રી. હાન્ડા સુશીલકુમારના કેસ અંગે વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે શ્રી. સુશીલકુમાર હાન્ડાને, તેમના કેસના વિશિષ્ટ સંજોગો લક્ષમાં લઈને ફર્સ્ટ બી.કૉમ.ના વર્ગમાં પ્રવેશ માટેનું પાકું પ્રમાણપત્ર કાઢી આપવું તથા તેમને માર્ચ--એપ્રિલ ૧૯૭૨ની ફર્સ્ટ બી.કૉમ.ની પરીક્ષામાં બેસવા માટે પરવાનગી આપવી.

૧૩૭. યુનિવર્સિટીનાં દશ વર્ષના વિકાસ કાર્યક્રમ અંગેનો પ્રસ્તાવ કુલપતિશ્રીએ મંજૂર કર્યો તેની નોંધ લેવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બાબતની નોંધ લેવી.

૧૩૮. યુનિવર્સિટીના આશ્રયે એપ્રિલ ૧૯૭૨માં યોજનાર ૧૧મા "ઑલ ઈન્ડિયા સોશિયોલોજિકલ કૉન્ફરન્સ" માટે રાજ્ય સરકારના મંજૂર અને શિક્ષણ વિભાગે તેમના પત્રાંક યુ.એસ.જી.--૧૧૭૧--૧૦૧૮૭૭--કે.એચ. તા. ૩૧--૧--૧૯૭૨થી અનુદાનની રકમ રૂ. ૧,૦૦૦ (એક હજાર)મંજૂર કર્યાની નોંધ લેવા બાબત તથા સિન્ડિકેટે તેની તા. ૧૨--૬--૧૯૭૧ની સભામાં નીમેલ ઍડ-હૉક સમિતિએ સદરહુ અધિવેશન અંગે તૈયાર કરેલ અંદાજપત્ર મંજૂર કરવા અંગે વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બાબતની નોંધ લેવી તથા રાજ્ય સરકારને અગાઉ યોજવામાં આવેલી પરિષદો માટે ગ્રાન્ટનું જે ધોરણ રાખવામાં આવેલું છે તે ચાલુ રાખવા માટે ઘટતો પત્ર લખીને વિનંતી કરવી.

વધુમાં ઠરાવવામાં આવે છે કે સદરહુ અધિવેશનમાં અંદાજપત્રમાં કુલપતિશ્રીને યોગ્ય લાગે તે ફેરફાર સાથે મંજૂર કરવા તેઓશ્રીને સત્તા આપવી.

૧૩૯. યુનિવર્સિટી ગ્રંથાલયના તા. ૨--૩--૧૯૭૨ના પત્રાંક મુજબ સને ૧૯૭૧--૭૨ના પુનર્નિર્મિત અંદાજમાં પુસ્તક--ખરીદીની હાલની જે જોગવાઈ રૂ. ૧,૫૦,૦૦૦ છે તેમાં રૂ. ૫૦,૦૦૦નો વધારો કરી કુલ જોગવાઈ રૂ. ૨,૦૦,૦૦૦ની કરવા અંગે વિચારણા કરવા બાબત. (ચોથી પંચવર્ષીય યોજનાના યુ.જી.સી.ની ગ્રાન્ટમાંથી આ ખર્ચ કરવાનો છે).

આથી ઠરાવવામાં આવે છે કે યુનિવર્સિટીના ગ્રંથાલયના ચાલુ વર્ષના અંદાજપત્રમાં રૂ. ૫૦,૦૦૦ની વધારાના ખર્ચની જોગવાઈ મંજૂર કરીને કુલ જોગવાઈ રૂ. બે લાખની કરવી.

૧૪૦. રાષ્ટ્રીય સેવા યોજના અંગે સિન્ડિકેટે નીમેલ સલાહકાર સમિતિની તા. ૨૩--૨--૧૯૭૨ના રોજ મળેલ સભાએ કરેલ નીચેની ભલામણો ઉપર વિચારણા કરવા બાબત :

"રાષ્ટ્રીય સેવા યોજનાના ઉપક્રમે ઉનાળાની રજાઓમાં યોજાતા વિવિધ શિબિરોના અંદાજી ખર્ચ રૂ. ૯૧,૨૫૦ પરિશિષ્ટમાં દર્શાવ્યા પ્રમાણે મંજૂર કરવા સિન્ડિકેટને ભલામણ કરવી."

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ સમિતિની ઉપરની ભલામણ તથા તેમાં દર્શાવ્યા પ્રમાણે રૂ. ૯૧,૨૫૦નું અંદાજી ખર્ચ મંજૂર કરવું.

તે પછી ઠરાવવામાં આવ્યું કે આ સભા શુક્રવાર, તા. ૧૦--૩--૧૯૭૨ના રોજ સાંજના ૪--૦૦ વાગ્યા પર મોકૂફ રાખવી.

ઉપરના ઠરાવ અન્વયે સિન્ડિકેટની મોકૂફ રાખવામાં આવેલી આ સભા શુક્રવાર, તા. ૧૦--૩--૧૯૭૨ના રોજ કુલપતિશ્રી ઉમાશંકર જેઠાલાલ જોશીના પ્રમુખપદે મળી હતી. તે દિવસની સભ્યોની હાજરી પણ આ નોંધના પ્રારંભમાં દર્શાવવામાં આવી છે.

૧૪૧. ગુજરાત યુનિવર્સિટી અને એલ. ડી. એન્જિનિયરિંગ કૉલેજ, અમદાવાદના ઉપક્રમે તા. ૧૧/૧૨--૩--૭૨ના રોજ યોજવામાં આવનાર Environmental Health Problems of Ahmedabad અંગે યુનિવર્સિટી ગ્રાન્ટ્સ કમિશને તેમના પત્રાંક F.--3-13/71 (S.I.), તા. ૨૨--૨--૧૯૭૨થી રૂ. ૩,૦૦૦નો એડહોક ગ્રાન્ટ મંજૂર કર્યાની નોંધ લેવા બાબત તથા તે અંગે જરૂરી પગલાં લેવા અંગે વિચારણા કરવા બાબત.

અને

૧૫૩. તા. ૧૧/૧૨--૩--૧૯૭૨ના રોજ પ્રો. એસ. બી. કુમટાના અધ્યક્ષસ્થાને યોજાનાર "એન્વીરોમેન્ટલ હેલ્થ પ્રોબ્લેમ્સ ઑફ અમદાવાદ"ના બે દિવસના સેમિનાર અંગે યુનિવર્સિટી ગ્રાન્ટ્સ કમિશનના નૉર્મ્સના આધારે હિસાબ વિભાગે તૈયાર કરેલ રૂ. ૩,૦૦૦ના ખર્ચના બજેટ એસ્ટિમેટ્સને મંજૂરી આપવા તથા આ ખર્ચ કરવા માટે સેમિનારના અધ્યક્ષશ્રી એસ. બી. કુમટાને સત્તા આપવા અંગે વિચારણા કરવા બાબત.

(નોંધ.--યુનિવર્સિટી ગ્રાન્ટ્સ કમિશને રૂ. ૩,૦૦૦ એડહોક ગ્રાન્ટ તરીકે તેમના પત્રાંક એફ. ૩--૧૩/(એસ.આઈ.) તા. ૨૨--૨--૧૯૭૨થી મંજૂર કરેલ છે.)

બાબત નં. ૧૪૧ અને ૧૫૩ની વિચારણા સાથે કરવામાં આવી.

તે પછી ઠરાવવામાં આવ્યું કે સદરહુ બાબતોની નોંધ લેવી, તથા તે અંગે જરૂરી ખર્ચ કરવાની તથા બીલો મંજૂર કરવાની સત્તા સદરહુ પરિષદના સંચાલક શ્રી. એસ. બી. કુમટાને આપવી.

૧૪૨. શ્રીમતી બી. સી. જે. સાયન્સ કૉલેજ, ખંભાતને યુ. જી. સી. તરફથી અનુસ્નાતક કેન્દ્રના વિકાસ માટે મળનાર અનુદાન સારૂ વર્ષ ૧૯૬૮--૬૯ની બચત રૂ. ૨૨,૭૦૭--૨૦ પૈસામાંથી રૂ. ૧૦,૫૮૯--૬૪ પૈસા

તેમ જ વર્ષ ૧૯૭૦-૭૧ ની બચત રૂ. ૨૪,૨૧૦-૯૦માંથી રૂ. ૧૪,૪૧૦-૩૬ પૈસા મૉચિંગ શૅર તરીકે આપવા અંગે વિચારણા કરવા બાબત.

(નોંધ.—(૧) કુલ મૉચિંગ શૅર રૂ. ૫૦,૦૦૦નો આપવાનો છે.

(૨) વર્ષ ૧૯૬૭--૬૮ તેમ જ વર્ષ ૧૯૬૮--૬૯ની બચતમાંથી બે હપ્તે રૂ. ૨૫,૦૦૦ ચૂકવવામાં આવ્યા છે.

(૩) અનુસ્નાતક નિયમ ૨ પ્રમાણે માગણીના અગાઉના વર્ષની બચત ગણવાની હોવાથી વર્ષ ૧૯૬૯--૭૦ની બચતના ગણતા વર્ષ ૧૯૭૦-૭૧ની બચત ગણવામાં આવી છે.)

આથી ઠરાવવામાં આવે છે કે શ્રીમતી બી. સી. જે. સાયન્સ કૉલેજ, ખંભાતને યુનિવર્સિટી ગ્રાન્ટ્સ કમિશન તરફથી અનુસ્નાતક કેન્દ્રના વિકાસ માટે ૧૯૬૮--૬૯ તથા ૧૯૭૦--૭૧નાં વર્ષો દરમિયાન તેની બચતમાંથી "મેચિંગ શૅર" તરીકે અગાઉ રૂ. ૨૫,૦૦૦ની જે આર્થિક સહાય મંજૂર કરવામાં આવી હતી તેની ગણતરીમાં સમજફેરને કારણે ઓછી અપાઈ હતી તે હકીકત લક્ષમાં લઈને તેને વધુ આર્થિક સહાય નીચે મુજબ મંજૂર કરવી :

સને ૧૯૬૮--૬૯ની બચતમાંથી રૂ. ૧૦,૫૮૯--૮૪
સને ૧૯૭૦--૭૧ની બચતમાંથી રૂ. ૧૪,૪૧૦--૩૬

૧૪૩. આર્ટ્સ ઍન્ડ સાયન્સ કૉલેજ, પાટણના વર્ષ ૧૯૭૧-૭૨ માટે એમ.એ. પાર્ટ ૨ ના મનોવિજ્ઞાન વિષયના અનુસ્નાતક કેન્દ્રના પ્રોફેસર-ઇન-ચાર્જ શ્રી. આર. એચ. ત્રિવેદીનું અવસાન થતાં તેમની ખાલી પડેલ જગ્યાએ તે કૉલેજના શ્રી. એમ. એમ. પટેલ (અનુ. શિક્ષક)ની પ્રોફેસર ઇન ચાર્જ તરીકે કામચલાઉ નિમણૂક કરવાની આચાર્યશ્રી તરફથી આવેલ વિનંતી ઉપર વિચારણા કરવા બાબત.

(નોંધ.—સ્થાનિક સ્ટાફ પર શ્રી. એમ. એમ. પટેલ એક જ અનુસ્નાતક શિક્ષક રહે છે.)

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ અનુસ્નાતક કેન્દ્રના પ્રોફેસર--ઇન--ચાર્જ તરીકે પ્રો. એમ. એમ. પટેલની નિમણૂક કરવી.

૧૪૪. કેલિફોર્નિયામાં સાનફ્રાન્સિસ્કો ખાતે તા. ૨૩-૭-૧૯૭૨ થી ૨૮-૭-૧૯૭૨ દરમિયાન યોજાનાર ફાર્માકોલોજીના પાંચમા આંતરરાષ્ટ્રીય અધિવેશનમાં હાજરી આપવા આર્થિક સહાય માટે બી. જે. મેડિકલ કૉલેજના સિનિયર પ્રોફેસર ઑફ ફાર્માકોલોજી ડૉ. એમ. એન. જિન્દાલની તા. ૨૧-૨-૧૯૭૨ની અરજી પર વિચારણા કરવા બાબત.

(નોંધ.—બીજા વર્ગના હવાઈ ભાડાના ૫૦ ટકા મોકલનાર સંસ્થા ભોગવે તો બાકીના ૫૦ ટકા ખર્ચ યુનિવર્સિટીને મળતી યુ. જી. સી. ની અનએસાઈન્ડ ગ્રાન્ટ ખાતે તે ખર્ચની જોગવાઈ કરવી પડે. આ સિવાય બીજા કોઈ ખર્ચ મળી શકે નહીં. અત્રેથી કેલિફોર્નિયામાં સાનફ્રાન્સિસ્કો જવા અને આવવાનો હવાઈ ભાડાનો ખર્ચ રૂ. ૫,૦૦૦ અંદાજેલ છે.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બાબતની વિચારણા મોકૂફ રાખવી.

૧૪૫. ગુજરાત યુનિવર્સિટી સેન્ટ્રલ કન્ઝ્યુમર્સ કો-ઑપરેટિવ સ્ટોર્સ લિમિટેડના મૅનેજિંગ ડિરેક્ટર તરીકે યુનિવર્સિટી શિક્ષણશાસ્ત્રના રીડર ડૉ. રમણભાઈ જી. ભટ્ટની નિમણૂક કરવામાં આવી છે; તે માટે સદરહુ સ્ટોર્સના પેટાનિયમ ૨૦ (અ) (૫) પ્રમાણે મંજૂરી આપવા અંગે વિચારણા કરવા બાબત.

(**નોંધ.**— સ્ટોર્સના બાયલોઝ પ્રમાણે યુનિવર્સિટીની મંજૂરીની જરૂર રહે છે.)

આથી ઠરાવવામાં આવે છે કે ગુજરાત યુનિવર્સિટી સેન્ટ્રલ કન્ઝ્યુમર્સ કો-ઑપરેટિવ સ્ટોર્સના મૅનેજિંગ ડિરેક્ટર તરીકે ડૉ. રમણભાઈ જી. ભટ્ટની નિમણૂક મંજૂર કરવી.

૧૪૬. ગુજરાત લૉ સોસાયટી સંચાલિત જી. એલ. એસ. આર્ટ્સ કૉલેજ ફૉર ગર્લ્સ, અમદાવાદમાં મનોવિજ્ઞાનના પ્રાધ્યાપક તરીકે કાર્ય કરતા શ્રી. એમ. એમ. દવે બીજા સત્રની શરૂઆતથી છૂટા થતાં સદરહુ વિષયનું શિક્ષણકાર્ય ચલાવવા જી. એલ. એસ. આર્ટ્સ કૉલેજના પ્રાધ્યાપક શ્રી. એમ. વી. બક્ષી દ્વારા ચલાવવા ચાલુ સત્ર પૂરતી મંજૂરી આપવાની જી. એલ. એસ. આર્ટ્સ કૉલેજ ફૉર ગર્લ્સ, અમદાવાદના આચાર્યશ્રીની વિનંતી પર વિચારણા કરવા બાબત.

(નોંધ.—કાર્યબોજની વહેચણી ઓ. ૧૨૦–એના નિયમ મુજબ છે.)

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ કૉલેજમાં મનોવિજ્ઞાનના વિષયમાં પ્રાધ્યાપક કક્ષાએ શિક્ષણકાર્ય કરવા માટે પોતાની ભગિની સંસ્થાના પ્રાધ્યાપક શ્રી. એમ. વી. બક્ષીને બોલાવવાની જે વ્યવસ્થા કરવામાં આવી છે તે ચાલુ શૈક્ષણિક વર્ષ પૂરતી ગ્રાહ્ય ગણવી, અને તે કૉલેજને જૂન ૧૯૭૨થી જરૂરી લાયકાત ધરાવતા મનોવિજ્ઞાનના પ્રાધ્યાપકની નિમણૂક કરવા જણાવવું.

૧૪૭. રાજ્ય સરકાર તરફથી બહાર પાડવામાં આવેલ મોંઘવારી ભથ્થાનો વધારો સંલગ્ન કૉલેજોના બિનશૈક્ષણિક કર્મચારીઓને અપાવવા કૉલેજોને ભલામણ કરવા અંગે વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે રાજ્ય સરકારે તેના કર્મચારીઓના મોંઘવારી ભથ્થામાં તા. ૧–૧–૧૯૭૨થી જે ધોરણે સુધારો કર્યો છે તે ધોરણે સંલગ્ન કૉલેજો અને માન્ય સંસ્થાઓના કર્મચારીઓના મોંઘવારી ભથ્થામાં પણ સુધારો કરવા માટે સંલગ્ન કૉલેજો અને માન્ય સંસ્થાઓને આગ્રહપૂર્વક ભલામણ કરવી.

૧૪૮. સંલગ્ન કૉલેજોમાં લેવાતી સત્ર ફી કયા સંજોગોમાં કેટલી રિફંડ કરવી તે માટે તા. ૧૪–૧૨–૭૧ની સિન્ડિકેટ સભાના ઠરાવ અનુસાર કાર્યાલયે તૈયાર કરેલા નિયમો પર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બાબતની વિચારણા મોકૂફ રાખવી.

૧૪૯. યુનિવર્સિટીની જુદી જુદી પરીક્ષાઓમાં તેના પરિણામને આધારે ચંદ્રકો, પારિતોષિકો કે શિષ્યવૃત્તિઓ કે અન્ય પ્રદાનો આપવા માટે આંતરિક ગુણાંકન ગણતરીમાં ન લેતાં ફક્ત યુનિવર્સિટીની જ પરીક્ષાઓમાં મેળવેલા ગુણાંકને ગણતરીમાં લેવાનું રાખવા માટેની ઍકેડેમિક કાઉન્સિલની તા. ૫/૬–૧–૧૯૭૨ની સભાની ભલામણ પર વિચારણા કરવા બાબત (એ.કા.બા.ક. ૨૦).

આથી ઠરાવવામાં આવે છે કે યુનિવર્સિટીની જુદી જુદી પરીક્ષાઓમાં તેના પરિણામને આધારે ચંદ્રકો, પારિતોષિકો કે શિષ્યવૃત્તિઓ કે અન્ય પ્રદાનો આપવા માટે આંતરિક ગુણાંકન ગણતરીમાં ન લેતાં ફક્ત યુનિવર્સિટીની જ પરીક્ષાઓમાં વિદ્યાર્થીઓએ મેળવેલ ગુણાંકને ગણતરીમાં લેવાનું રાખવા માટેની ઍકેડેમિક કાઉન્સિલની ભલામણ મંજૂર કરવી અને તે પ્રમાણે જે તે ચંદ્રક, પારિતોષિક, શિષ્યવૃત્તિ કે અન્ય પ્રદાનના સંબંધકર્તા નિયમોમાં જરૂરી સુધારાવધારા કરીને તે નિયમો માર્ચ–એપ્રિલ ૧૯૭૩ની અને તે પછીની પરીક્ષાઓમાં બેસતા વિદ્યાર્થીઓને લાગુ પાડવા.'

૧૫૦. એમ. ડી. બ્રાન્ચ ૧૧ ડર્મેટોલોજી વિષયનું અનુસ્નાતક કેન્દ્ર સ્થાપવા માટે બી. જે. મેડિકલ કૉલેજ, અમદાવાદના ડીન તરફથી આવેલી અરજી પરથી તપાસસમિતિ નીમવા અંગે વિચારણા કરવા બાબત.

(નોંધ.—(૧) માંગેલ કેન્દ્ર માટે નિયમાનુસાર પૂરતો સ્થાનિક શિક્ષકગણ છે.

(૨) આ કૉલેજ તરફથી ડી. વી. ઍન્ડ ડી. ના અનુસ્નાતક કેન્દ્રની અરજી આવતાં તે કેન્દ્રની તપાસાર્થે નીચેના બે સભ્યોની સમિતિ નીમવામાં આવી છે. તે સમિતિ હજી તે કૉલેજની તપાસાર્થે ગયેલ નથી :

૧. ડૉ. શરદભાઈ દેસાઈ, મુંબઈ

૨. ડૉ. સી. એફ. શાહ, અમદાવાદ.]

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બાબત અંગે સ્થાનિક તપાસ કરવા માટે સિન્ડિકેટે તેની તા. ૫/૬-૨-૧૯૭૨ ની સભામાં નીમેલી સમિતિને જણાવવું.

૧૫૧. આર. આર. લાલન કૉલેજ, ભૂજમાં સ્થાપવામાં આવેલા ઈતિહાસ-અર્થશાસ્ત્ર (જૂથ 'એ' અને 'સી')ના વિષયનાં અનુસ્નાતક કેન્દ્રના પ્રોફેસર-ઈન-ચાર્જ તરીકે શ્રી. આર. કે. ગુપ્તાની ખાલી પડેલી જગ્યાએ પ્રો. જી. આર. ત્રિવેદીની નિમણૂક કરવાની તે કૉલેજના આચાર્યશ્રીની વિનંતી પર વિચારણા કરવા બાબત.

(નોંધ.—શ્રી. ત્રિવેદી જુલાઈ ૧૯૭૧ થી પ્રોફેસર-ઈન-ચાર્જ તરીકેની ફરજ બજાવે છે.)

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ અનુસ્નાતક કેન્દ્રના પ્રોફેસર-ઈન-ચાર્જ તરીકે શ્રી. જી. આર. ત્રિવેદીની નિમણૂક કરવી.

૧૫૨. શેઠ પી. ટી. આર્ટ્સ ઍન્ડ સાયન્સ કૉલેજ, ગોધરામાં સ્થાપવામાં આવેલા અનુસ્નાતક કેન્દ્રના વિકાસ માટે યુ. જી. સી. તરફથી મળનાર અનુદાન માટે વર્ષ ૧૯૭૦-૭૧ ની બચત રૂ. ૧૨,૧૬૧-૨૨ પૈસા વિજ્ઞાનનાં સાધનો વસાવવા માટે ચૂકવવા પરવાનગી આપવા વિચારણા કરવા બાબત.

(નોંધ.—(૧) વર્ષ ૧૯૬૯-૭૦ની બચતમાંથી રૂ. ૨,૭૫૦ આપવામાં આવ્યા છે.

(૨) વિજ્ઞાનનાં સાધનો માટે કુલ મેચિંગ શૅરની રકમ રૂ. ૨૫,૦૦૦ આપવાના છે.])

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ કૉલેજને તેના રસાયણવિજ્ઞાનના અનુસ્નાતક કેન્દ્રની સને ૧૯૭૦-૭૧ના વર્ષની બચતમાંથી રૂ. ૧૨,૦૦૦ની આર્થિક સહાય વૈજ્ઞાનિક સાધનોની ખરીદી માટે યુનિવર્સિટી ગ્રાન્ટ્સ કમિશન તરફથી મળનાર ગ્રાન્ટ પેટે મેચિંગ શૅર તરીકે મંજૂર કરવી.

૧૫૩. સદરહુ બાબતની વિચારણા આગળ બાબત નં. ૧૪૧ સાથે કરવામાં આવેલી હોઈ તેની નોંધ તે ક્રમમાં દર્શાવવામાં આવી છે.

૧૫૪. યુનિવર્સિટી કાર્યાલયના પરીક્ષા વિભાગમાં સિનિયર ક્લાર્ક તરીકે કામ કરતા શ્રી. ડી. એન. પંચાસરા યુનિવર્સિટી સાથે સંકળાયેલ સ્થાનિક કૉલેજમાં પૂરા સમયના વ્યાખ્યાતા તરીકે પસંદ થયેલા હોઈ તા. ૧૫-૬-૧૯૭૨ થી એક વર્ષનો પદાધિકાર (lien) આપવા અંગેની તેઓની તા. ૬-૩-૧૯૭૨ ની અરજી પર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે શ્રી. ડી. એન. પંચાસરાને, સંલગ્ન કૉલેજમાં પૂરા સમયના લેક્ચરરની નિમણૂક મળેલી છે તે હકીકત લક્ષમાં તેમને તા. ૧૫-૬-૧૯૭૨ થી એક વર્ષ માટે પદાધિકાર (lien) આપવો.

૧૫૫. મનોવિજ્ઞાન વિદ્યાભવનમાં શિક્ષણશાસ્ત્ર વિભાગમાં પ્રૌઢશિક્ષણ માટે ૧ કો-ઑર્ડિનેટરની જગ્યા રૂ. ૭૦૦-૧,૨૫૦ના પગારધોરણમાં ઊભી કરવા અંગે તથા તે માટે લાયકાતો નક્કી કરવા અંગે વિચારણા કરવા બાબત.

(નોંધ.—યુનિવર્સિટી ગ્રાન્ટ્સ કમિશને આ જગ્યા માટે તે કાયમી ઊભી કરવાની શરતે ૧૯૭૩-૭૪ સુધીના ગાળા માટે આર્થિક સહાય આપવાનું મંજૂર કર્યું છે.)

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બાબતની વિચારણા મોકૂફ રાખવી.

૧૫૬. જિનુ ભગત વિદ્યોત્તેજક ટ્રસ્ટ સંચાલિત ભક્ત વલ્લભ ધોળા આર્ટ્સ-એન્ડ કૉમર્સ કૉલેજના સંચાલનમાં ફેરફાર કરવા અંગે સિન્ડિકેટે નીમેલી સ્થાયી કાનૂનવિષયક (લીગલ) સમિતિની તા. ૯-૩-૧૯૭૨ની સભાની નીચેની ભલામણ ઉપર વિચારણા કરવા બાબત :

"સદરહુ કૉલેજનું સંચાલન હાલ હકીકતમાં (de-facto) અધ્યાપક મંડળને હસ્તક છે તે પરિસ્થિતિ ધ્યાનમાં લઈને સદરહુ કૉલેજનું આ યુનિવર્સિટી સાથેના જોડાણના હેતુઓ પૂરતું સંચાલક મંડળ તરીકે અધ્યાપક મંડળને માન્ય રાખવા ભલામણ છે."

લંબાણ ચર્ચાવિચારણાને અંતે નીચે મુજબ ઠરાવવામાં આવ્યું :

સદરહુ કૉલેજનું સંચાલન હાલ હકીકતમાં (de-facto) અધ્યાપક-સમાજને હસ્તક છે તે પરિસ્થિતિ ધ્યાનમાં લઈને, નાણાં, મેદાન, ગ્રન્થાલય, શિસ્ત, ઇત્યાદિ બાબતોમાં તા. ૧૧મી જૂન ૧૯૭૨ સુધીમાં સિન્ડિકેટને સંતોષ આપવામાં આવે તો સદરહુ કૉલેજના આ યુનિવર્સિટી સાથેના જોડાણના હેતુઓ માટે તે કૉલેજના સંચાલક-મંડળ તરીકે અધ્યાપક સમાજને માન્ય રાખવા માટે આ સભાગૃહ સંમત છે.

૧૫૭. તા. ૧૦-૩-૧૯૭૨ને શુક્રવારના રોજ મળનાર ફાઇનાન્સ સમિતિની સભાની ભલામણો ઉપર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ સમિતિની તા. ૧૦-૩-૧૯૭૨ની સભાની ભલામણો મંજૂર કરવી.

(મંજૂર કરવામાં આવેલી સદરહુ સમિતિની તા. ૧૦-૩-૧૯૭૨ની સભાની કાર્યવાહીની નોંધ **પરિશિષ્ટ "ન"** તરીકે સામેલ છે.)

૧૧૮. માર્ચ-એપ્રિલ અને ઑક્ટોબર ૧૯૭૧માં લેવાયેલ જુદી જુદી પરીક્ષાઓ દરમિયાન વિદ્યાર્થીઓએ અજમાવેલ ગેરવાજબી ઈલાજો અંગેના કેસો પર તેમ જ પ્રાધ્યાપક-પરીક્ષકોના અને કાર્યાલયના સભ્યોના હસ્તક થયેલ ભૂલો અંગેના કેસો પર વિચારણા કરવા મળેલ તા. ૭-૩-૧૯૭૨ની પરીક્ષા શુદ્ધિસમિતિની ભલામણો પર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ સમિતિની તા. ૭-૩-૧૯૭૨ની સભાની ભલામણો મંજૂર કરવી.

(સદરહુ સમિતિની કાર્યવાહીની નોંધ સામેલ કરવામાં આવી નથી.)

૧૫૯. બાંધકામ સમિતિની તા. ૬--૩--૧૯૭૨ની સભાની ભલામણો પર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ સમિતિની તા. ૬--૩--૧૯૭૨ની સભાની ભલામણો મંજૂર કરવી.

(સદરહુ સમિતિની તા. ૬--૩--૧૯૭૨ની કાર્યવાહીની નોંધ **પરિશિષ્ટ "૫"** તરીકે સામેલ છે.)

૧૬૦. યુનિવર્સિટી દ્વારા લેવાતી જુદી જુદી પરીક્ષાઓ માટેનાં આવેદનપત્રો કેટલીક વાર નિયત તારીખ પછી ઘણાં જ મોડાં આવતાં હોઈ આ અંગે ઓર્ડિનન્સ ૧૨૯ માં નીચેનો proviso ઉમેરવા બાબતના કાર્યાલયના સૂચન પર વિચારણા કરવા બાબત :

"It is further provided that the applications for admission to the various examinations received after the prescribed date will be accepted with late fees as under :

If application received within a period of 15 days from the date prescribed, the late fees of Rs. 10/- be charged together with the examination fees."

આથી ઠરાવવામાં આવે છે કે ઑર્ડિ. ૧૨૯ માં ઉપર મુજબ પ્રોવિઝો ઉમેરવો અને તે પ્રમાણે સુધારેલા ઑ. ૧૨૯ને તા. ૧૫--૬--૧૯૭૨ થી અમલમાં મૂકવો.

પ્રમુખશ્રીની પરવાનગીથી નીચેની બાબત ચર્ચા પર લેવામાં આવી :

૧૬૧. ચોથી પંચવર્ષીય યોજના હેઠળ સંલગ્ન કૉલેજોમાં કામ કરતા અનુસ્નાતક શિક્ષકોને તથા અનુસ્નાતક આચાર્યોને આપવાના અનુક્રમે રૂ. ૭૦૦થી ૧,૧૦૦ અને રૂ. ૮૦૦થી ૧,૨૫૦ના પગારધોરણ અંગે સિન્ડિકેટે તેની તા. ૧૪--૧૨--૧૯૭૧ની સભામાં નીમેલી સમિતિની તા. ૧૦--૩--૭૧ની સભાની નોંધ પર વિચારણા કરવા બાબત.

સદરહુ સમિતિના રિપોર્ટ પર લંબાણપૂર્વક ચર્ચાવિચારણાને અંતે ઠરાવવામાં આવ્યું કે નીચેના સભ્યોને, સભામાં થયેલ ચર્ચાવિચારણાને અનુલક્ષીને આ બાબતમાં શ્રી. શિક્ષણસંચાલક પાસે ઘટતી રજૂઆત કરવા માટે વિનંતી કરવી :

(૧) શ્રી. રણજિતરાય ગં. શાસ્ત્રી
(૨) આચાર્ય એલ. ડી. દવે
(૩) પ્રો. કે. આર. ચન્દ્રશેખરન
(૪) પ્રો. કે. એસ. શાસ્ત્રી
(૫) શ્રી. એસ. કે. ઝવેરી.

ત્યાર બાદ સભાનું કામકાજ પૂરું થયું હતું.

નં. સિ./૦૫૫૭/૧૯૭૨.
ગુજરાત યુનિવર્સિટી કાર્યાલય,
અમદાવાદ--૯.
એપ્રિલ ૧૦, ૧૯૭૨

કં. ચં. પરીખ
કુલસચિવ.

COURSE B.E. (Chemical)

SEMESTER VI (B.E. III, Ch. E. Part II) **R.Engg. O.17 : Appendix I**

Sr. No.	*Subject No.*	*Name of the subject*	*Teaching Scheme*		*Examination Scheme*				
			Periods of one hour		*Theory*		*Sessional marks &*	*Pract./Oral Sketching marks*	*Term-work marks*	*Total marks*
			Theory	*Lab./Practical Drg./Tutorial*	*Marks*	*Hours*				
1.	Ch.E.601	Chemical Engineering Mathematics–II	4	..	100	3	50	..	..	150
2.	Ch.E.602	Heat Power–II	3	..	100	3	50	..	..	150
3.	Ch.E.603	Organic Chemistry	4	5	100	3	50	25	25	200
4.	Ch.E.604	Electronics	3	2	100	3	50	25	25	200
5.	Ch.E.605	Equipment Design and Drawing	3	3	100	3	50	..	25	175
6.	Ch.E.606	Materials of Construction	3	..	100	3	50	..	..	150
7.	Ch.E.607	General	..	3	..	..	..	..	..	..
		Total	20	13	600		300	50	75	1025

विद्यापीठ (सामी) : नं. २/१०–३–१९७२

પરિશિષ્ટ "ક"
કામકાજ ક્રમાંક ૧૫

COURSE B.E. (Chemical)

SEMESTER V (B.E. III, Ch. E. Part I) **R.Engg. O.17 : Appendix I**

Sr. No.	*Subject No.*	*Name of the subject*	*Teaching Scheme*		*Examination Scheme*				
			Periods of one hour		*Theory*		*Sessional marks*	*Pract./Oral & Sketching marks*	*Term-work marks*	*Total marks*
			Theory	*Lab./Practical Drg./Tutorial*	*marks*	*Hours*				
1.	Ch.E.501	Chemical Engineering Mathematics-I	4	..	100	3	50	..	..	150
2.	Ch.E.502	Electrical Technology	4	2	100	3	50	25	25	200
3.	Ch.E.503	Theory of Machines	3	2	100	3	50	..	25	175
4.	Ch.E.504	Physical Chemistry	4	5	100	3	50	25	25	200
5.	Ch.E.505	Introduction to Chemical Engineering	3	3	100	3	50	..	..	150
6.	Ch.E.506	Basic strength of Materials	3	..	100	3	50	..	..	150
		Total	21	12	600		300	50	75	1025

COURSE B.E. (Chemical)

SEMESTER VIII (B.E. IV, Ch.E. Part II)

Sr. No.	*Subject No.*	*Name of the Subject*	*Teaching Scheme* — *Periods of one hour* — *Theory*	*Lab./Practical Drg./Tutorial*	*Examination Scheme* — *Theory* — *Marks*	*Hours*	*Sessional marks*	*Pract./Oral & Sketching marks*	*Term-work marks*	*Total marks*
1.	Ch.E.801	Chemical Engineering Thermodynamics–II	3	..	100	3	50	..	..	150
2.	Ch.E.802	Momentam Heat and Mass Transfer–II	3	6	100	3	50	..	..	150
3.	Ch.E.803	Momentum Heat and Mass Transfer–III	3	6	100	3	50	50	50	250
4.	Ch.E.804	General Chemical Technology–I	3	3	100	3	50	50	25	225
5.	Ch.E.805	Chemical Engineering Design and Drawing	3	3	100	4	50	50	25	225
		Total	15	18	500		250	150	100	1000

Note.— Practical examination and term-work shall be based on Ch.E. 802 and Ch.E. 803.

[महाराष्ट्र शासन राजपत्र (भाग एक) : दि. ४/१०-३-१९९२]

COURSE B.E. (Chemical) **R.Engg. O. 17 : Appendix**

SEMESTER VII (B.E. IV, Ch.E. Part-I)

Sr. No.	*Subject No.*	*Name of the Subject*	*Teaching Scheme*		*Examination Scheme*					
			Periods of one hour		*Theory*		*Sessional marks*	*Pract./Oral & Sketching marks*	*Term-work marks*	*Total marks*
			Theory	*Lab./Practical Drg./Tutorial*	*Marks*	*Hours*				
1.	Ch.E.701	Industrial Stoichiometry	3	1	100	3	50	..	..	150
2.	Ch.E.702	Chemical Engineering Thermodynamics–I	3	1	100	3	50	..	..	150
3.	Ch.E.703	Momentum, Heat and Mass Transfer–I	3	6	100	3	50	50	25	225
4.	Ch.E.704	Mechanical Operations	3	6	100	3	50	50	25	225
5.	Ch.E.705	Chem. Engg. Math. III	4	..	100	3	50	..	..	150
		Total	16	14	500		250	100	50	900

COURSE B.E. (CHEMICAL)

Proposal for Modification

I. (*a*) The examination scheme of the subject Ch.E.605, Introduction to Chemical Engineering is to be modified as follows :

Examination Scheme				
Theory		*Sessional*	*Practical/Oral and*	*Total*
Marks	*Hours*	*marks*	*Sketching marks*	*marks*
100	3	50	..	150

Introduction to Chemical Engineering.

Andersen and Wenzel, McGraw Hill Book Company Inc.

(*b*) In the detailed syllabus of the subject Ch.E.605.

Introduction to Chemical Engineering, delete the last sentence of the syllabus i.e., " Practicals and ..... Engineering ".

From June 1972 :

II. Change in B.E. (Chem. Engg.) V and VI semester.

(*a*) Ch.E. 505 Equipment Design and Drawing be replaced by Ch.E. 605 Introduction to Chemical Engineering.

(*b*) Ch.E. 605 Introduction to Chemical Engineering be replaced by Ch.E. 505 Equipment, Design and Drawing.

III. (*a*) Ch.E. 606 Chemical Engineering Drawing be deleted.

(*b*) Ch.E. 606 Materials of construction be introduced in place of the deleted subject " Chemical Engineering Drawing ".
The scheme of teaching and examination with daetiled syllabus is attached herewith Appendix 'A'.

(*c*) Ch.E. 607 'General' be introduced in semester VI as shwon in the R. Engg. O. 17, Appendix I.

IV. (*a*) Ch.E. 707 Fuels and Furnaces be deleted.

(*b*) Ch.E. 707 "Chemical Engineering Mathematics III" be introduced in place of the deleted subject " Fuels and Furnaces ".
The scheme of teaching and examination with detailed syllabus is attached herewith Appendix 'B'.

V. (*a*) Names of Text-book(s) and Reference book(s) for VIII and VIII semester be introduced as shown in Appendix II.

Appendix 'A'

Ch.E. 606. Materials of Construction

Teaching Scheme		*Examination Scheme*					
Theory	*Lab./Practical Drg./Tutorial*	*Theory*		*Sessional marks*	*Pract./Oral, etc.*	*Term work*	*Total marks*
		Marks	*Hours*				
3	Nil	100	3	50	Nil	Nil	150

I. 1. Factors that determine the choice of materials of construction for chemical plants.

2. Corrosion : Forms, mechanism, rate factors, inhibition, prevention and testing.

3. Corrosion behaviour of specific metals and their alloys.

4. Cast iron, carbon steel, stainless steel and alloys for high temperature applications.

5. Heat treatment and case hardening of steel.

6. Protective coatings on metals.

7. Cements, concrete, clay, glass and other ceremic materials, refractories, timber and plastics.

II. *Books recommended :*

1. Richards : " Engineering material Science ", Prentice Hall, India.
2. As recommended by the instructor.

(2) " Introduction to Chemical Engineering "

—Walter L. Badger and Julius To Banchero.

—McGraw Hill Book Company Inc.

Reference books :

(1) " Unit Operations "

—George Granger Brown, etc. al.

—Modern Asia Ed.—John Wiley & Sons Inc., N.Y.

Ch.E. 801. Chemical Engineering Thermodynamics-II

Text-book :

Chemical Process Principals, Part II. Hougen, Witson and Ragatz, John Wiley & Sons Inc.

Ch.E. 802. Momentum Heat & Mass Transfer-II

Text-books :

"Units operations of Chemical Engineering'
—Warrum L. McCabe and Julian C. Smith
—McGraw Hill Book Co., London.

Reference books :

(1) Heat and Mass Transfer
—E.R.G. Eckert and Robert M. Drake Jr.
—Mc.Graw Hill Book Com., Inc., London.

(2) Heat Transmission
—McAdams
—McGraw Hill Book Co.

Ch.E. 803. Momentum Heat & Mass Transfer-III

Text-books :

(1) "Unit operations of Chemical Engineering"
—Warren L. McCabe and Julian C. Smith
—McGraw Hill Book Co., Inc. London.

(1) "Mass Transfer Operations"
—Robert E. Treybal
—McGraw Hill Book Company.

Reference books :

Heat & Mass Transfer.

Books recommended for study

Ch.E. 701. Industrial Stoichiometry

Text-books :

(1) "Chemical Process Principles", Part I (Second Edition)
—Hougen, Waston and Ragatz—Asia Publishing House

(2) "Stoichiometry for Chemical Engineering"
—Edwin I. Williams, and R. Curtis Johnson
—McGraw Hill Book Company Inc.

Reference :

(1) Basic Principles and Calculations in Chemical Engineering-II Edn.
—David M. Himmelblan, Practice Hall Inc.

(2) Industrial Stoichiometry " (Second Edition)

—Warren K. Lewis, Arthur H. Radasch, H. Clay Lewis

—McGraw Hill Book Company Inc.

Ch.E. 702. Chemical Engineering Thermodynamics-II

Text-book :

(১) Chemical Engineering Thermodynamics (Second Edition)

—J. M. Smith and H. C. Van Ness

—McGraw Hill Book Company Inc.

Reference book :

(1) Chemical Process Principles, Part II (Second Edition)

—Hougen, Watson and Ragatz

—John Wiley & Sons Inc.

Ch.E. 703. Momentum Heat & Mass Transfer-I

Text-books :

(1) " Unit operations of Chemical Engineering "

—Waren L. McCabe & Julian C. Smith

—McGraw Hill.

(2) " Fluid Dynamics and Heat Transfer

—James G. Kundson and Donald L. Katz

—McGraw Hill Book Comapay Inc.

Reference book :

(1) " Principles of Unit Operations "

—Alan S. Foust et al

—Wiley International Edition, John Wiley & Sons, Inc.

Ch. E. 704. Mechanical Operations

Text-book :

(1) " Unit Operations of Chemical Engineering "

—Warren L. McGabe and Julian C. Smith

—McGraw Hill Book Company Inc.

Ch. E. 705. Chemical Engineering Mathematics--III

Teaching Scheme		Examination Scheme					
Theory Lab./Pract./Draw./ Tutorial		Theory		Sessional marks	Pract./Oral etc. marks	Term-work marks	Total marks
		Marks	Hours				
4	Nil	100	3	50	Nil	Nil	150

I 1. Matrices : Introduction to matrix algebra, addition and Multiplication, adjoint of a matrix, inverse of a matrix, special types of matrices, rank of a matrix, solution of linear algebraic equations. Characteristic equation. Eigenvectors, Orthogonal matrices. Complex matrices.

2. Laplace Transform : Definition, Laplace transform of elementary functions such as xn, eax, cosnx, sinnx with applications to the solutions of ordinary and linear differential equations.

3. Elements of complex integration: Cauchy's theorem, theorem of Laurent. Residues, Cauchy's residue theorem, singular points of an analytic function. Evaluation of residues.

4. Integral Transforms : Fourier and Laplace integral Transforms and their applications to partial differential equations.

5. Numerical Methods : Finite differences and Difference equations; finite difference, Interpolation, Newton's and Lagrange's formula. Difference equations. Solution by finite difference method of Ordinary and partial differential equations with boundary conditions.

6. Group Theory : Definitions, subgroups, classes, complexes, subgroups, Isomorphism and Homomorphism. Endomorphisms and automorphisms. Group representation. Orthogonality relation for irreducible representation. Reduction of a representation. The character of representation. The cyclic Group, The symmetric Group, The alternating Group, The unetary Group, The three dimensional group, the two dimensional rotation groups.

II. Books :

1. Advanced Engineering Mathematics by Erwin Kreyszig.
2. Mathematics of Physics and Modern Engineering by Sokolnikoff.

Ch. E. 804. General Chemical Technology

Text-books :

(1) Chemical Process Industries (Second Edition)

—R. Norris Shreve

—McGraw Hill Book Company Inc.

(2) Outlines of Chemical Technology

—Charles E. Dryden

—Affiliated East-West Press Pvt. Ltd.

Ch. 805. Chemical Engineering Design & Drawing

(1) Process Equipment Design

—Hesse, H. C. and Rushton, J. H.

—East-West Press Pvt. Ltd., New Delhi-13.

(2) Process Equipment Design

—Brownell and Young

—John Wiley.

પરિશિષ્ટ "ખ"
કામકાજ ક્રમાંક ૨૧

ECONOMICS

Topics for Essay Paper

1. Economics–Nature and Methodology.
2. Classical system and Keynesian system.
3. India's population problem and policy.
4. Planning and the market mechanism.
5. Demand analysis.
6. Evils of monopoly.
7. Inflation.
8. Theory of International Trade.
9. Burden of Public debt.
10. International Monetary System.
11. Strategy of planning in India.
12. Private and Public sectors with reference to India.
13. Evaluation of Land reforms in India.
14. Agricultural Finance in India since 1951.
15. Trends in money supply and its effects in India since 1951.
16. Foreign Trade Policy in a developing economy with reference to India.
17. Exchange Rate policy of India since independence.
18. Taxation in India.
19. National Income and its distribution in India since 1951.
20. Problem of Unemployment in India.
21. Economic ideas of Mahatma Gandhi—Evaluation.
22. Evaluation of co-operative movement in India.
23. The Great Depression in U.S.A. and the New Deal.
24. Economic Planning in Soviet Russia.
25. Lessons from the economic growth of Japan.

પરિશિષ્ટ "ગ"
કામકાજ ક્રમાંક ૨૭

DIPLOMA IN LINGUISTICS

O. 379 :

A candidate having passed M.A. degree examination with any Language group eligible for admission to the First Year of the Diploma in Linguistics course of two years' duration

R. 264 :

The following are the papers prescribed for study for the First Year of the Diploma in Linguistics :

1. Introduction to Linguistics
2. Indo-Aryan Linguistics.

PAPER I—INTRODUCTION TO LINGUISTICS (IN M.A.PART I) :

(*i*) Language as symbolic system and as a social institution. Two approaches–descriptive and historical. The subsystems of language–phonetic, phonology, morpho-phonology, grammar (Morphology and syntax), semantics.

(*ii*) Elements of articulatory phonetics : Organs of speech and their functions. Classification of consonants and vowels. Features of length, stress, pitch, IPA symbols.

(*iii*) Phonetic theory : Phoneme, phone and allophone. Principles of phonemic analysis. Components and distribution of a phoneme. Suprasegmental phonemes of coarticulation, length stress, pitch and juncture.

(*iv*) Morphology : Morpheme, morph and allomorph, Principles of morphamic analysis, construction and immediate constituents, Stem Formation, Composition and inflection, Grammatical categories.

(*v*) Relation of morphology to phonology–morphophonology.

(*vi*) Syntax–word, phrase, clause and sentence, Selection and formclasses. Expansion and immediate constituents. Types of constructions. Transformations.

(*vii*) Language Change: Language variation: Sound change, analogy, borrowing. Semantic change. The concept of a language family and genetic relationship. Language contact. Regional and Social variation in Language, dialects and standard language, colloquial and formal styles, dialect geography.

(*viii*) Practical applications of Linguistics : Language policy, Language Technology, Language Teaching.

Books recommended

1. Block and Trager : *Outline of Linguistics Analysis*
2. Gleason : *An Introduction to descriptive Linguistics* (IBS edition, New Delhi)
3. Hall : *Introductory Linguistics* (IBS edition, New Delhi)
4. Lehmann : *Historical Linguistics*

Books for Reference

5. Langacker : *Language and its Structure* (Harcourt, Brace and World)
. Hockett : *Course in Modern Linguistics* (Macmillan, New York)

PAPER II (*b*) — INDO-ARYAN LINGUISTICS (in M.A. PART II):

(*i*) Formulation of sound changes, internal reconstruction and comparative reconstruction.

(*ii*) The position of Indo-Aryan within Indo-Iranian, itself a sub-family within Indo-European. The problem of Dordic, Gypsy and Sinhalese.

(*iii*) The place of Indo-Aryan among the languages of the Indian sub-continent. Brief Survey: Iranian (Pashtu, Balochi), Dravidian, Munda, Other Austric (Khasi), Tibeto-Burman and unclassified (Burushaski, Andamanese)

(*iv*) Broad survey of OIA,MIA and NIA language in India and outside India.

(*v*) OIA : Historical Phonology of Vedic and Classical Sanskrit. The problem of varieties of Popular Sanskrit. The transition to MIA.

(*vi*) Salient features of Pali, Inscriptional Prakrits, Gandhari Prakrit, Literary Prakrits, Buddhist Hybrid Sanskrit. The Transition to NIA.

(*vii*) NIA : Sub-groupings; the problem of inner and outer groups; salient features of Gujarati, Hindi, Marathi, Punjabi, Bengali as representing different groups.

Books recommended

1. Jules Block : *Indo-Aryan* (English Translation by A. Master)
2. Ghatage : *Historical Linguistics and Indo-Aryan* (Chapters 4 to 6)
3. Chatterji : *Indo-Aryan and Hindi* (Also translated in Hindi and Gujarati)
4. Emeneau : *India as a Linguistic area Language* 32 (1956) (reprinted in collected papers)
5. Edgerton : *Sanskrit Historical Phonology* (Amrican Oriental Society)

Books for Reference

6. Grierson	:	*Linguistics Survey of India*, Volume I (also Hindi translated by Tiwari)
7. Turner	:	*Comparative Dictionary of the Indo-Aryan Languages*
8. T.Burrow	:	*The Sanskrit Language*
9. Pattanayak	:	*A Controlled Historical Reconstruction of Oriya, Assamese, Bengali and Hindi*
10. Chatterji	:	*Origin and development of the Bengali Language*, Volume I : Introduction
11. Sen	:	*Comparative Grammar of Middle Indo-Aryan*
12. J. Block	:	*Application del a cartographie a l'historie de L' Indo-Aryan'* (Especially the maps)

R.264-A : A student obtaining 36% of marks in each paper and 48% of the total marks obtainable in the Grand total will be declared to have passed the examination.

O.379-A : A candidate having passed First Year of the Diploma in Linguistics willbe eligible for admission to Second Year of the Diploma in Linguistics.

R.264-B : The following are the papers prescribed for study for the second year of the Diploma in Linguistics :

PAPER I (a) Language Teaching Methods, *or*
(b) Linguistic Field work.

PAPER II Language in Perspective (i.e. in relation to literature and to the wider social pattern)

(Details will be prescribed afterwards)

R.264-C : A student obtaining 36% marks in each paper and 48% of the total marks obtainable in the grand total will be declared to have passed the examination and will be placed in Second class and those students obtaining 60% or more marks of the total marks obtainable will be placed in First Class.

પરિશિષ્ટ "ધ"
કામકાજ ક્રમાંક ૨૮

GEOGRAPHY SYLLABUS

THIRD YEAR B.A.

(In force from June 1972)

SCHEME OF PAPERS :

PAPER VI : (*a*) Geographical Explorations and Discoveries, *OR*
(*b*) Geography of Soils and Agriculture, *OR*
(*c*) Geography of Human Population.

PAPER VII : General and Regional Geography of—
(*a*) South-East Asia, *OR*
(*b*) South-West Asia, *OR*
(*c*) Soviet Union.

PAPER VIII : General and Regional Geography of—
(*a*) Latin America, *OR*
(*b*) Africa, *OR*
(*c*) Australia and New Zealand.

PAPER IX : (*a*) Fundamentals of Political Geography, *OR*
(*b*) Geography of Economic Activities.

PAPER X : Practical Geography (Part II).

PAPER XI : Essays.

PAPER VI : (a) GEOGRAPHICAL EXPLORATIONS & DISCOVERIES

1. Early Exploration by Minoans And Phonicians :
Their exploration in Mediterranean and Atlantic Ocean.

2. Exploration in Greek & Roman Period :

(*a*) *Their exploration by sea :*
(*i*) Exploration in Indian Ocean; The work of Scylax, Nearchus, Eudexus, Hippalus; Explorations and Discoveries in " Periplus of the Erythrean Sea."
(*ii*) Exploration in Atlantic Ocean : The work of Midacritus, Himilco, Hanno, Pytheas, Sataspes.

(*b*) *Their exploration by land :*

Early exploration in Asia; The work of Ctesias, Alexander the Great, Magasthenes, Petrocals, Gallus; Greek and Roman explorations in Africa and Europe.

3. Exploration in Medieval Period :

(i) The effects of Pilgrims in Exploration : The work of Etheria, Theodosius or Antoninus, Cosmas, Isidor, Solinus, Arcluf, Willibar

(ii) The effects of crusades in Exploration: The work of Lancelot Malecello, Jayme, Ferrer, Gedifer de la salle and Jean de Bethencourt, Nicolo and Antonio Zeno, Rabbi Benjamin, Adarald and Abbot Danniel.

Marxian Analysis of capitalism—Theory of surplus value—Inevitability of crisis—Breakdown of Capitalism.

III. **Socialism :** Evolution of Socialism—Main features of Centralised Socialism and liberal Socialism—Problems of Socialism—Socialism and Freedom—allocation of resources—Price mechanism and incentives—Experiments of Socialism in various countries—Russia, East European countries and China.

IV. Mixed economy—Main features—Role of public and private sectors—Regulation in a mixed economy.

V. Co-operation as a form of economic organisation—Principles of co-operation—Problems of Co-operation—Conditions for success of co-operation—Experiments of co-operation in Israel and India.

VI. Gandhian economic thought—Concept off a decentralised economy—Self-reliant village communities—Concept of trusteeship—Machines and their limitations—Co-operative common wealth.

પાનગી

ગુજરાત યુનિવર્સિટી

ગુજરાત યુનિવર્સિટીની સિન્ડિકેટની એપ્રિલ માસની સભા, શનિવાર, તા. ૧૫-૪-૧૯૭૨ના રોજ બપોરના ૧૨-૩૦ વાગ્યે ગુજરાત યુનિવર્સિટી કાર્યાલયમાં મળી હતી. પ્રમુખસ્થાન કુલપતિ શ્રી. ઉમાશંકર જોશીએ સંભાળ્યું હતું. તે દિવસે સભામાં હાજરી નીચે પ્રમાણે હતી :

ક્રમાંક	સભ્યનું નામ	તા. ૧૫-૪-૧૯૭૨
૧.	શ્રી. ઉમાશંકર જોડાલાલ જોશી, કુલપતિ	હાજર
૨.	શ્રી. એ. કે. પ્રધાન, સંયુક્ત શિક્ષણસંચાલક, ગુજરાત રાજ્ય	હાજર
૩.	આચાર્ય સી. એસ. શાહ	હાજર
૪.	શ્રી. ઝીણાભાઈ રતનજી દેસાઈ	હાજર
૫.	શ્રી. રણજિતરાય ગંગાશંકર શાસ્ત્રી	હાજર
૬.	ડૉ. જયંત ભગવાનદાસ હરિભક્તિ	હાજર
૭.	શ્રી ઇન્દ્રવદન અંબાલાલ મોદી	હાજર
૮.	શ્રી. બાબુભાઈ હરિભાઈ દેસાઈ	ગેરહાજર
૯.	શ્રી. સત્યેન્દ્રભાઈ કાળિદાસ ઝવેરી	હાજર
૧૦.	શ્રી. હીરાલાલ એચ. ભગવતી	હાજર
૧૧.	શ્રી. પ્રફુલ્લચંદ્ર સી. શાહ	હાજર
૧૨.	ડૉ. મહેન્દ્ર નાનુભાઈ દેસાઈ	હાજર
૧૩.	શ્રી. કૃષ્ણચંદ્ર સોમનાથ શાસ્ત્રી	હાજર
૧૪.	પ્રોફેસર કે. આર. ચન્દ્રશેખરન	ગેરહાજર
૧૫.	આચાર્ય ડૉ. ધીરુભાઈ પ્રેમશંકર ઠાકર	હાજર
૧૬.	આચાર્ય ડૉ. લક્ષ્મીપ્રસાદ ધનશંકર દવે	હાજર
૧૭.	આચાર્ય ગિરીશભાઈ છોટાલાલ પટેલ	હાજર
૧૮.	આચાર્ય મહેન્દ્રલાલ ચંદુલાલ શાહ	હાજર.

૧. તા. ૪/૧૦-૩-૧૯૭૨ના રોજ મળેલી સિન્ડિકેટની સભાની નોંધને મંજૂર કરવા બાબત.

સિન્ડિકેટની તા. ૪/૧૦-૩-૧૯૭૨ના રોજ મળેલી સભાની નોંધને નીચેના સુધારા સાથે મંજૂર કરવામાં આવી, તથા તે પર કુલપતિશ્રીએ સહી કરી :

"બાબત નં. ૩૯ના ઠરાવમાં 'બિઝનેસ મેથેમેટિક્સ' એ શબ્દના બદલે 'બિઝનેસ મેનેજમેન્ટ' શબ્દો મૂકવા."

૨. કુલપતિશ્રીએ મંજૂર કરેલાં નીચેનાં કાર્યોની નોંધ લેવા બાબત :

(૧) પીએચ.ડી. પદવી માટે નીચેના વિદ્યાર્થીઓના મહાનિબંધ તેમનાં નામ સામે જણાવેલ વિષય માટે સ્વીકાર્ય જાહેર કર્યાના :

ક્રમાંક	વિદ્યાર્થીનું નામ	વિદ્યાશાખા	વિષય
૧.	શ્રી. જયંતીલાલ મફતલાલ પટેલ	વિજ્ઞાન	કેમિસ્ટ્રી
૨.	શ્રી. હસમુખ મણિલાલ રાવળ	મેથેમેટિક્સ	મેથેમેટિક્સ
૩.	શ્રી. જી. એચ. થાનકી	વિજ્ઞાન	કેમિસ્ટ્રી
૪.	શ્રી. રાજનાથ શિવમૂર્તિ પાંડે	વિનયન	સંસ્કૃત
૫.	શ્રી. બબાભાઈ મોહનલાલ પટેલ	વિજ્ઞાન	કેમિસ્ટ્રી
૬.	શ્રી. કમળકાન્ત કૃષ્ણપ્રસાદ	વિનયન	હિન્દી;

(૨) વિજ્ઞાન વિદ્યાભવનમાં પ્રાણીશાસ્ત્રના વ્યાખ્યાતા તરીકે કામ કરતાં ડૉ. મિસ એન. જે. ચિનોયને તા. ૧૩-૩-૧૯૭૨થી તા. ૧૫-૩-૧૯૭૨ સુધીની આકસ્મિક રજાઓને વેકેશન સાથે જોડવાની મંજૂરી આપ્યાના;

(૩) સમાજવિદ્યા ભવનના રીડર ડૉ. પરેશ મજમુદારને બેંક ઑફ બરોડાની સ્ટાફ ટ્રેનિંગ કૉલેજમાં વાર્તાલાપ આપવાની તથા તે અંગેનું રૂ. ૫૦નું માનદ વેતન સ્વીકારવાની પરવાનગી આપ્યાના;

(૪) એન.એસ.એસ.ના પ્રશિક્ષણ તાલીમવર્ગ માટે નીચેના વક્તાઓએ આપેલાં વ્યાખ્યાનો માટે તેમને નીચે મુજબ પુરસ્કાર સ્વીકારવા માટે પરવાનગી આપ્યાના :

ક્રમાંક	નામ	માનદ વેતનની રકમ
૧.	ડૉ. પરેશ મજમુદાર, રીડર ઇન લેબર વેલ્ફેર	રૂ. ૨૦
૨.	શ્રી. વી. કે. ચાવડા, લેકચરર ઇન લેબર વેલ્ફેર	રૂ. ૨૦
૩.	શ્રીમતી જે. બી. ઠાકોર, લેકચરર ઇન લેબર વેલ્ફેર	રૂ. ૨૦
૪.	શ્રી વી. પી. ભારદ્વાજ, લેકચરર ઇન ઇકોનોમિક્સ	રૂ. ૨૦
૫.	શ્રી. ડી. એમ. ધોળકિયા, ફિલ્ડવર્ક સુપરવાઇઝર ઇન લેબર વેલ્ફેર	રૂ. ૨૦
૬	શ્રી. એસ. પી. ભટ્ટ, ફિલ્ડવર્ક આસિ. ઇન લેબર વેલ્ફેર	રૂ. ૬૦

આથી ઠરાવવામાં આવે છે કે કુલપતિશ્રીનાં ઉપરનાં કાર્યોની નોંધ લેવી.

૩. રાજ્ય સરકારે તા. ૧-૫-૧૯૭૨થી મોંઘવારી ભથ્થાનો વધારો કર્યો તે અંગે ૧૯૭૧-૭૨ના વર્ષ માટે યુનિવર્સિટીએ કરેલ અર્થ સામે શિક્ષણ નિયામકશ્રી, ગુજરાત રાજ્ય, અમદાવાદે તેમના તા. ૨૪-૩-૧૯૭૨ના પત્ર ક્રમાંક એસ. ૯૫-ડી. એ.ગ્રાન્ટ ૭૧-૭૨-એ-થી આ યુનિવર્સિટીને રૂ. ૨૧,૩૦૦ની આર્થિક સહાય ચૂકવવાનું મંજૂર કર્યાની નોંધ લેવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બાબતની નોંધ લેવી.

૪. ગુજરાત યુનિવર્સિટી તરફથી એપ્રિલ-મે ૧૯૭૨માં માઉન્ટ આબુ મુકામે યોજવામાં આવેલ (Mountaineering Training Camp) અંગે ભારત સરકારના શિક્ષણ અને સમાજકલ્યાણ ખાતા તરફથી તેમના પત્રાંક એફ-૯-૧૨-૭૧ વાય.એસ (૨), તા. ૨૦-૩-૧૯૭૨થી અનુદાનની રકમ રૂ. ૩,૫૦૦ (ત્રણ હજાર પાંચસો) મંજૂર થયાની નોંધ લેવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બાબતની નોંધ લેવી.

૫. ઇન્ડસ્ટ્રીઝ કમિશનર, અમદાવાદ તરફથી તેમના પત્રાંક DW/Chem./SIRC/ 13th Meeting/ 1538, તા. ૧૨-૩-૧૯૭૨થી વિજ્ઞાન વિદ્યાભવનના રસાયણવિભાગના નીચે જણાવેલ શિક્ષકોની વધુ એક વર્ષ માટે સંશોધન-યોજનાઓ માટે આર્થિક સહાય મંજૂર કર્યાની નોંધ લેવા બાબત :

Sr. No.	*Name of the Sponsor*	*Name of Scheme*		*Sanctioned amount*
1.	Dr. J. C. Vora, Chemistry Department, Gujarat University, Ahmedabad-9	Studies in corrosion and methods to prevent it with special reference to problems of Gujarat State	Staff ..	7,800/-
			Cont. ..	4,000/-
			Equipment ..	2,000/-
				Rs. 13,800/-
2.	Dr. M. N. Desai, Chemistry Department, Gujarat University, Ahmedabad-9	Studies in corrosion of Aluminiums and Zinc Alloys and studies in corrosion inhibitor	Staff ..	4,500/-
			Cont. ..	3,600/-
				Rs. 8,100/-

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બાબતની નોંધ લેવી.

૬. વિજ્ઞાન વિદ્યાભવનના ગણિતશાસ્ત્ર વિભાગના પ્રો. સી. જી. ખત્રીના અધ્યક્ષપણા નીચે કૉલેજોના શિક્ષકો માટે ગણિતશાસ્ત્ર વિષયમાં ગ્રીષ્મસંસ્થા (સમર ઇન્સ્ટિટ્યૂટ ઇન મૅથેમેટિક્સ ફૉર કૉલેજ ટીચર્સ) ૧૯૭૨ના ઉનાળામાં યોજવા માટે યુનિવર્સિટી ગ્રાન્ટ્સ કમિશને તેમના તા. ૨૮-૨-૧૯૭૨ના પત્ર ક્રમાંક એફ. ૯. ૩૭-૭૨ (એસ.આઈ.)થી આર્થિક સહાય પેટે રૂ. ૨૫,૦૦૦નો "ઑન એકાઉન્ટ" પ્રથમ હપતો ચૂકવવાનું મંજૂર કર્યાની નોંધ લેવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બાબતની નોંધ લેવી.

૭. ચોથી પંચવર્ષીય યોજના હેઠળ સંલગ્ન કૉલેજોના શિક્ષકોનાં પગારધોરણ સુધારવાની બાબતમાં શિક્ષકોએ વિકલ્પ સ્વીકારવા અંગેની મુદત તા. ૩૧-૩-૧૯૭૨ સુધી લંબાવવાની જાણ કરતા રાજ્ય સરકારના તા. ૧૩-૩-૧૯૭૨ના સરકારી ઠરાવ ક્રમાંક એમ. આઈ. એસ. ૧૦૬૮-૧૧૮૪૯-એલ.ની નોંધ લેવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બાબતની નોંધ લેવી.

૮. સિન્ડિકેટની તા. ૧૭/૧૮/૨૫-૪-૧૯૭૧ની સભામાં મોંઘવારી ભથ્થાના દરમાં થયેલ વધારો મંજૂર કરેલો તેના સંદર્ભમાં કાર્યાલયે રજૂ કરેલ મોંઘવારી ભથ્થાના દરોના કોઠામાં નીચે દર્શાવેલ સ્લેબમાં રહેલ ભૂલ સુધારવા બાબત :

મંજૂર થયેલ દરો		સૂચિત સુધારો	
મૂળ પગાર	મોંઘવારી ભથ્થું	મૂળ પગાર	મોંઘવારી ભથ્થું
રૂ. ૩૩૦-૩૩૯	રૂ. ૨૩૦	રૂ. ૩૩૦-૩૩૯	રૂ. ૨૩૦
રૂ. ૩૪૦-૪૨૯	રૂ. ૨૩૮	રૂ. ૩૪૦-૩૭૯	રૂ. ૨૩૫
		રૂ. ૩૮૦-૪૨૯	રૂ. ૨૩૮

આથી ઠરાવવામાં આવે છે કે સિન્ડિકેટની તા. ૧૭/૧૮/૨૫-૪-૧૯૭૧ની સભામાં બાબત નં ૨૨ હેઠળ મંજૂર કરવામાં આવેલા મોંઘવારી ભથ્થાના દરના કોઠામાં રહેલી ભૂલ સુધારીને તે કોઠો નીચે મુજબ વંચાય તે રીતે મંજૂર કરવો :

મૂળ પગાર	મોંઘવારી ભથ્થું
રૂ. ૩૦૦-૩૩૯	રૂ. ૨૩૦
રૂ. ૩૪૦-૩૭૯	રૂ. ૨૩૫
રૂ. ૩૮૦-૪૨૦	રૂ. ૨૩૮.

૯. યુનિવર્સિટી કાર્યાલયમાં કામ કરતા નીચેના કર્મચારીઓનો એક વર્ષનો અજમાયશી સમય પૂરો થતો હોઈ તેમનાં નામ સામે બતાવેલ તારીખથી કાયમ કરવા અંગે વિચારણા કરવા બાબત :

ક્રમાંક	કર્મચારીનું નામ	હોદ્દો	અજમાયશી સમય પૂરો થયાની તારીખ	કાયમ કરવાની તારીખ
૧.	શ્રી. વી. એમ. વ્યાસ	કાર્યાલય નિયામક	તા. ૬-૫-૧૯૭૨	તા. ૭-૫-૧૯૭૨
૨.	શ્રી. એન. સી. ત્રવાડી	હેડકલાર્ક	તા. ૨૧-૫-૧૯૭૨	તા. ૨૨-૫-૧૯૭૨

સદરહુ સભ્યોની કામગીરી અંગેના ખાનગી અહેવાલો સભાગૃહ સમક્ષ રજૂ કરવામાં આવ્યા.

તે પછી ઠરાવવામાં આવ્યું કે તે બેઉ સભ્યોને તેમનાં નામ સામે જણાવેલ જગ્યા પર અને તારીખથી કાયમ કરવા.

૧૦. ભાષા-સાહિત્ય ભવનમાં કામ કરતા નીચેના શિક્ષકોનો બે વર્ષનો અજમાયશી સમય પૂરો થતો હોઈ તેમનાં નામ સામે બતાવેલ તારીખથી તેઓને કાયમ કરવા અંગે વિચારણા કરવા બાબત :

ક્રમાંક	શિક્ષકનું નામ	હોદ્દો	અજમાયશી સમય પૂરો થયાની તારીખ	કાયમ કરવાની તારીખ
૧.	શ્રી. ડી. એન. મહેતા	રીડર	તા. ૧૪-૬-૧૯૭૨	તા. ૧૫-૬-૧૯૭૨
૨.	શ્રી. એ. એલ. બ્રહ્મભટ્ટ	લેક્ચરર	તા. ૧૪-૬-૧૯૭૨	તા. ૧૫-૬-૧૯૭૨.

સદરહુ સભ્યોની કામગીરી અંગેના ખાનગી અહેવાલો સભાગૃહ સમક્ષ રજૂ કરવામાં આવ્યા.

તે પછી ઠરાવવામાં આવ્યું કે તે બેઉ સભ્યોને તેમનાં નામ સામે જણાવેલ જગ્યા પર અને તારીખથી કાયમ કરવા.

૧૧. મનોવિજ્ઞાન વિદ્યાભવનમાં લેક્ચરર તરીકે કામ કરતા શ્રી. એન. એમ. પરીખનો બે વર્ષનો અજમાયશી સમય પૂરો થતો હોઈ તેમને તા. ૧૫-૬-૧૯૭૨થી કાયમ કરવા અંગે વિચારણા કરવા બાબત.

શ્રી. એન. એમ. પરીખની કામગીરી અંગેનો ખાનગી અહેવાલ સભાગૃહ સમક્ષ રજૂ કરવામાં આવ્યો.

તે પછી ઠરાવવામાં આવ્યું કે શ્રી. એન. એમ. પરીખને મનોવિજ્ઞાન ભવનમાં મનોવિજ્ઞાનના લેક્ચરરની જગ્યા પર તા. ૧૫-૬-૧૯૭૨થી કાયમ કરવા.

૧૨. મનોવિજ્ઞાન વિદ્યાભવનમાં લેબોરેટરી આસિસ્ટન્ટ તરીકે કામ કરતા શ્રી. જી. ડી. નાયકનો એક વર્ષનો અજમાયશી સમય પૂરો થતો હોઈ તેમને તા. ૧૩-૫-૧૯૭૨થી કાયમ કરવા અંગે વિચારણા કરવા બાબત.

શ્રી. જી. ડી. નાયકની કામગીરી અંગેનો ખાનગી અહેવાલ સભાગૃહ સમક્ષ રજૂ કરવામાં આવ્યો.

તે પછી ઠરાવવામાં આવ્યું કે શ્રી. જી. ડી. નાયકને મનોવિજ્ઞાન ભવનમાં લેબોરેટરી આસિસ્ટન્ટની જગ્યા પર તા. ૧૩-૫-૧૯૭૨થી કાયમ કરવા.

૧૩. સમાજવિદ્યા ભવનમાં કામ કરતા નીચેના શિક્ષકોનો બે વર્ષનો અજમાયશી સમય પૂરો થતો હોઈ તેમનાં નામ સામે બતાવેલ તારીખથી તેમને કાયમ કરવા અંગે વિચારણા કરવા બાબત :

ક્રમાંક	શિક્ષકનું નામ	હોદ્દો	અજમાયશી સમય પૂરો થયાની તારીખ	કાયમ કરવાની તારીખ
૧.	શ્રી. પી. કે. દવે	લેક્ચરર	તા. ૧૪-૬-૧૯૭૨	તા. ૧૫-૬-૧૯૭૨
૨.	શ્રી. એચ. વી. સુથાર	લેક્ચરર	તા. ૧૪-૬-૧૯૭૨	તા. ૧૫-૬-૧૯૭૨
૩.	શ્રી. ડી. બી. દેસાઈ	લેક્ચરર	તા. ૧૪-૬-૧૯૭૨	તા. ૧૫-૬-૧૯૭૨.

સદરહુ સભ્યો પૈકી શ્રી. પી. કે. દવે અને શ્રી. એચ. વી. ચુથારની કામગીરી અંગેના ખાનગી અહેવાલ સમાજવિદ્યા ભવન તરફથી મળ્યા નથી, તેની સભાગૃહને જાણ કરવામાં આવી.

તે પછી ઠરાવવામાં આવ્યું કે તેમના ખાનગી અહેવાલો ત્વરિત મેળવી લેવાનું રાખવું અને સદરહુ ત્રણે સભ્યોને કાયમ કરવા અંગેના પ્રસ્તાવની વિચારણા મોકૂફ રાખવી.

૧૪. વિજ્ઞાન વિદ્યાભવનમાં કામ કરતા નીચેના શિક્ષકોનો બે વર્ષનો અજમાયશી સમય પૂરો થતો હોઈ તેમનાં નામ સામે બતાવેલ તારીખથી તેમને કાયમ કરવા અંગે વિચારણા કરવા બાબત :

ક્રમાંક	શિક્ષકનું નામ	હોદ્દો	અજમાયશી સમય પૂરો થયાની તારીખ	કાયમ કરવાની તારીખ
૧.	ડૉ. બી. એસ. વૈદ્ય	રીડર	તા. ૧૪-૬-૧૯૭૨	તા. ૧૫-૬-૧૯૭૨
૨.	ડૉ. કુમારી એચ. ડી. પટેલ	લેક્ચરર	તા. ૧૪-૬-૧૯૭૨	તા. ૧૫-૬-૧૯૭૨
૩.	શ્રી. એલ. કે. પટેલ	લેક્ચરર	તા. ૧૪-૬-૧૯૭૨	તા. ૧૫-૬-૧૯૭૨.

સદરહુ સભ્યોની કામગીરી અંગેના ખાનગી અહેવાલો સભાગૃહ સમક્ષ રજૂ કરવામાં આવ્યા.

તે પછી ઠરાવવામાં આવ્યું કે સદરહુ ત્રણે સભ્યોને તેમનાં નામ સામે જણાવેલ જગ્યા પર અને તારીખથી કાયમ કરવાં.

૧૫. ઑર્ડિ. ૨૨ અન્વયે ગ્રંથાલય સમિતિ પર સિન્ડિકેટે નિયુક્ત કરેલા સભ્યોની મુદ્દત તા. ૨-૩-૧૯૭૨ના રોજ પૂરી થઈ હોઈ તેમની જગ્યાએ અન્ય ત્રણ સભ્યોની નિમણૂક કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે ગ્રન્થાલય સમિતિ પર નીચેના ત્રણ સભ્યોને નિયુક્ત કરવા :

(૧) આચાર્ય ગિરીશભાઈ પટેલ

(૨) આચાર્ય ય. પ્રા. શુક્લ

(૩) આચાર્ય જે. સી. ત્રિવેદી.

૧૬. સને ૧૯૭૨-૭૩ના વર્ષમાં બોર્ડ ઑફ અકાઉન્ટ્સ પર ખાલી રહેલી એક જગ્યા પૂરવા અંગે વિચારણા કરવા બાબત.

[નોંધ.—સ્ટે. ૧૨૩ પ્રમાણે આ બોર્ડના સિન્ડિકેટના સભ્ય ન હોય તેવા ત્રણ સભ્યો હોવા જોઈએ જે પૈકી બે સભ્યો આચાર્ય વાસુદેવ ભટ્ટ અને આચાર્ય જશભાઈ પટેલ સેનેટમાંથી બિનહરીફ ચૂંટાઈ આવ્યા છે.

St. 123 :

The Board shall consist of three ordinary fellows of the University not being members of the Syndicate. They shall be elected annually by the Senate not later than 31st March.]

આથી ઠરાવવામાં આવે છે કે ૧૯૭૨-૭૩ના વર્ષમાં બોર્ડ ઑફ એકાઉન્ટ્સ પર ખાલી રહેલી એક જગ્યા પર આચાર્ય એન. કે. દવેને નિયુક્ત કરવા.

૧૭. સિન્ડિકેટે તેની તા. ૪-૧૨-૧૯૭૧ની સભામાં ફાઇનલ એલિજિબિલિટી સર્ટિફિકેટ કઢાવી લેવાની મુદ્દત તા. ૧૫-૩-૧૯૭૨ સુધી લંબાવી હતી, પરંતુ હજુ સુધી લગભગ ૩૦૦ જેટલા વિદ્યાર્થીઓએ ચાલુ સાલે ફાઇનલ એલિજિબિલિટી સર્ટિફિકેટ કઢાવ્યાં નહિ હોવાથી આ અંગે વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે ૧૯૭૧-૭૨ના શૈક્ષણિક વર્ષ દરમિયાન જે વિદ્યાર્થીઓએ હજુ સુધી પ્રવેશપાત્રતાનું પાકું પ્રમાણપત્ર (Final Eligibility Certificate) કઢાવ્યું નથી તેમને તે ત્વરિત કઢાવી લેવા માટે સૂચના આપવી. તે દરમિયાન તેમને યુનિવર્સિટીની જે તે પરીક્ષામાં કામચલાઉ ધોરણે (provisionally) બેસવા માટે પરવાનગી આપવી. પરંતુ પ્રવેશપાત્રતાનું પાકું પ્રમાણપત્ર (Final Eligibility Certificate) કઢાવી શકે નહીં તો તેમનો પરીક્ષાપ્રવેશ રદ કરવામાં આવશે એમ ઉમેરવું.

૧૮. જૂન ૧૯૭૩થી નવી કૉલેજો માટે નીચે જણાવેલ સંસ્થાઓ તરફથી આવેલ જોડાણઅરજીઓ અંગે સ્થાનિક તપાસસમિતિઓ નીમવા બાબત :

ક્રમાંક	સંસ્થાનું નામ અને સરનામું	સ્થળ	અભ્યાસક્રમો
૧.	શ્રી. લુણાવાડા વિભાગ ઉચ્ચ વિદ્યોત્તેજક મંડળ, લુણાવાડા	લુણાવાડા	વાણિજ્ય
૨.	પંચમહાલ શિક્ષણ પ્રચારક મંડળ, ગોધરા	ગોધરા	,,
૩.	તોલાની કૉલેજ ઑફ આર્ટ્સ ઍન્ડ સાયન્સ કૉલેજ, આદિપુર	આદિપુર	,,
૪.	દાહોદ અનાજ મહાજન સાર્વજનિક એજ્યુકેશન સોસાયટી, દાહોદ	દાહોદ	વિજ્ઞાન
૫.	પંચમહાલ શિક્ષણ પ્રચારક મંડળ, ગોધરા	ગોધરા	કાયદો
૬.	નૉર્થ ગુજરાત એજ્યુકેશન સોસાયટી, મુંબઈ	પાટણ	,,
૭.	શ્રી. સી. વી. દવે કેળવણી ટ્રસ્ટ, દહેગામ	દહેગામ નગર બહાર	શિક્ષણ
૮.	શ્રી. આર. જે. દવે આદર્શ કેળવણી ટ્રસ્ટ, નડિયાદ	નડિયાદ, કપડવંજ રોડ	,,
૯.	શ્રી. ક્ષત્રિય કેળવણી મંડળ, નડિયાદ	નડિયાદ	,,

આથી ઠરાવવામાં આવે છે કે નીચે જણાવેલ સંસ્થાઓ તરફથી આવેલ જોડાણઅરજીઓ અંગે તેમનાં નામ સામે જણાવ્યા પ્રમાણે સ્થાનિક તપાસસમિતિઓ નીમવી :

ક્રમાંક	**સંસ્થાનું નામ અને સરનામું**	**સ્થળ**	**અભ્યાસક્રમો**	**સ્થાનિક તપાસસમિતિના સભ્યોનાં નામ**
૧.	શ્રી. લુણાવાડા વિભાગ ઉચ્ચ વિદ્યોત્તેજક મંડળ, લુણાવાડા	લુણાવાડા	વાણિજ્ય	૧. આચાર્ય જે. સી. ત્રિવેદી ૨. શ્રી. ડી. ડી. ત્રિવેદી
૨.	પંચમહાલ શિક્ષણ પ્રચારક મંડળ, ગોધરા	ગોધરા	વાણિજ્ય	૧. આચાર્ય જે. સી. ત્રિવેદી ૨. શ્રી. ડી. ડી. ત્રિવેદી
૩.	તોલાની કૉલેજ ઑફ આર્ટ્સ ઍન્ડ સાયન્સ, આદિપુર	આદિપુર	વાણિજ્ય	૧. આચાર્ય આર. એલ. સંઘવી ૨. શ્રી જી. આર દેસાઈ
૪.	દાહોદ અનાજ મહાજન સાર્વજનિક એજ્યુકેશન સોસાયટી, દાહોદ	દાહોદ	વિજ્ઞાન	૧ આચાર્ય વી. એ. વ્યાસ ૨. આચાર્ય કે. એન. શાહ
૫.	પંચમહાલ શિક્ષણ પ્રચારક મંડળ, ગોધરા	ગોધરા	કાયદો	૧. આચાર્ય એમ. એસ. પંડિત ૨. આચાર્ય ગિરીશ પટેલ
૬.	નૉર્થ ગુજરાત એજ્યુકેશન સોસાયટી, મુંબઈ	પાટણ	કાયદો	૧. આચાર્ય વી. આર. રણઢીવે ૨. શ્રી. એમ. ડી. પંચોળી
૭.	શ્રી. સી. વી. દવે કેળવણી ટ્રસ્ટ, દહેગામ	દહેગામ નગર બહાર	શિક્ષણ	૧. ડૉ. કે. જી. દેસાઈ ૨. આચાર્ય સી. કે. અકુવાલા
૮.	શ્રી. આર. જે. દવે આદર્શ કેળવણી ટ્રસ્ટ, નડિયાદ	નડિયાદ કપડવંજ રોડ	શિક્ષણ	૧. આચાર્ય જી. બી. પરીખ ૨. આચાર્ય ડી. એમ. ભાવસાર
૯.	શ્રી. ક્ષત્રિય કેળવણી મંડળ, નડિયાદ	નડિયાદ	શિક્ષણ	૧. આચાર્ય દાઉદભાઈ ઘાંચી ૨. આચાર્ય નિરંજન યુ. ત્રિવેદી

૧૯. અમદાવાદ ટેક્સ્ટાઈલ ઇન્ડસ્ટ્રીઝ રિસર્ચ ઍસોસિયેશન, અમદાવાદ તરફથી જૂન ૧૯૭૨થી પીએચ.ડી. માટે ભૌતિકશાસ્ત્ર, રસાયણવિજ્ઞાન અને મનોવિજ્ઞાનના વિષયોમાં સંશોધન માટે ચાલુ માન્યતા મેળવવા આવેલ અરજી પર સ્થાનિક તપાસસમિતિ નીમવા અંગે વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બાબત અંગે નીચે જણાવેલા સભ્યોની સ્થાનિક તપાસ-સમિતિ નીમવા :

(૧) ડૉ. એન. એમ. દેસાઈ
(૨) ડૉ. વી. એ. વ્યાસ (વિજ્ઞાન વિદ્યાશાખાના ડીન)
(૩) પ્રો. પી. ડી. પાઠક.

૨૦. જૂન ૧૯૭૩થી શેઠ એમ. એન. સાયન્સ એન્ડ શ્રી એન્ડ શ્રીમતી પી. કે કોટાવાલા આર્ટસ કૉલેજ, પાટણનું વિભાગીકરણ કરીને વિનયન વિદ્યાશાખાને શ્રીમતી તારાબહેન સુંદરલાલ રાયચંદ કૉમર્સ કૉલેજ, પાટણ સાથે સંયોજિત કરવા માટે નૉર્થ ગુજરાત એજ્યુકેશન સોસાયટી, મુંબઈના મંત્રીશ્રી તરફથી આવેલ અરજી પર સ્થાનિક તપાસ-સમિતિ નીમવા અંગે વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બાબત અંગે નીચે જણાવેલા સભ્યોની સ્થાનિક તપાસ-સમિતિ નીમવી:

(૧) પ્રો. કે. એસ. શાસ્ત્રી

(૨) ડૉ. એલ. ડી. દવે

(૩) આચાર્ય એચ. કે. ત્રિવેદી.

૨૧. જૂન ૧૯૭૩થી વિનયન સાથે વિજ્ઞાન વિદ્યાશાખા તથા વિનયન સાથે વાણિજ્ય વિદ્યાશાખા સિવાયની સંલગ્ન કૉલેજોનું વિભાગીકરણ કરવા માટેની સિન્ડિકેટની તા. ૧૪/૧૫-૨-૧૯૭૦ની સભાના ઠરાવના સંદર્ભમાં વિવેકાનંદ કૉલેજ ઑફ એજ્યુકેશન એન્ડ લૉ, મહેસાણાના આચાર્યશ્રી તરફથી આવેલ વિભાગીકરણની અરજી પર સ્થાનિક તપાસસમિતિ નીમવા બાબત.

(નોંધ.—ઑર્ડિ. ૧૨૦ મુજબ જ્યેડાણઅરજી મુદત બહાર આવી છે.)

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બાબત અંગે નીચે જણાવેલા સભ્યોની સ્થાનિક તપાસ-સમિતિ નીમવી:

(૧) આચાર્ય ગિરીશભાઈ પટેલ

(૨) આચાર્ય દાઉદભાઈ ઘાંચી.

૨૨. જૂન ૧૯૭૩થી વિનયન સાથે વિજ્ઞાન વિદ્યાશાખા તથા વિનયન સાથે વાણિજ્ય વિદ્યાશાખા સિવાયની સંલગ્ન કૉલેજોનું વિભાગીકરણ કરવા માટેના સિન્ડિકેટની તા. ૧૪/૧૫-૨-૧૯૭૧ની સભાના ઠરાવના સંદર્ભમાં વિવેકાનંદ કૉલેજ ઑફ કૉમર્સ એન્ડ લૉ, અમદાવાદના આચાર્યશ્રી તરફથી આવેલ વિભાગીકરણની અરજી પર સ્થાનિક તપાસ-સમિતિ નીમવા બાબત:

(નોંધ.—ઑાડ. ૧૨૦ મુજબ જ્યેડાણઅરજી મુદત બહાર આવી છે.)

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બાબત અંગે નીચે જણાવેલા સભ્યોની સ્થાનિક તપાસ-સમિતિ નીમવી:

(૧) આચાર્ય વી. આર. રણદીવે

(૨) આચાર્ય બી એમ. પીરજાદા.

૨૩. જૂન ૧૯૭૩થી વિનયન સાથે વિજ્ઞાન વિદ્યાશાખા તથા વિનયન સાથે વાણિજ્ય વિદ્યાશાખા સિવાયની સંલગ્ન કૉલેજોનું વિભાગીકરણ કરવા માટેના સિન્ડિકેટની તા. ૧૪/૧૫-૨-૧૯૭૦ની સભાના ઠરાવના સંદર્ભમાં બોરસદ સાયન્સ ઍન્ડ લૉ કૉલેજ, બોરસદના આચાર્યશ્રી તરફથી આવેલ વિભાગીકરણની અરજી પર સ્થાનિક તપાસસમિતિ નીમવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બાબત અંગે નીચે જણાવેલા સભ્યોની સ્થાનિક તપાસ-સમિતિ નીમવી :

(૧) આચાર્ય જે. જે. ત્રિવેદી
(૨) આચાર્ય ડી. ડી. દેસાઈ.

૨૪. કૉલેજ ઑફ્ એજ્યુકેશન, દરામલીમાં જૂન ૧૯૭૨થી ૨૦ વધુ વિદ્યાર્થીઓને પ્રવેશ આપવાની પરવાનગી આપવા માટેની સદરહુ કૉલેજના આચાર્યશ્રીની વિનંતી પર વિચારણા કરવા બાબત.

(નોંધ.—હાલ કૉલેજને ૫૦ વિદ્યાર્થીઓ દાખલ કરવાની પરવાનગી છે.)

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ કૉલેજને જૂન ૧૯૭૨થી વધુ વીસ વિદ્યાર્થીઓ એટલે કે કુલ ૭૦ (સિત્તેર) વિદ્યાર્થીઓને, જોડાણની શરતોનું પરિપાલન થયેથી દાખલ કરવા માટે પરવાનગી આપવી.

૨૫. ઇન્ડિયન કાઉન્સિલ ઑફ્ એગ્રિકલ્ચરલ રિસર્ચની વરણીસમિતિ પર નિષ્ણાત તરીકે કામ કરવા તથા તે અંગેનો રૂ. ૧૫૦નો પુરસ્કાર સ્વીકારવા અંગેની પરવાનગી માગતા ડૉ. એમ. એમ. લાલોરિયા, રીડર-ઇન-બોટાની, વિજ્ઞાન વિદ્યાભવનના તા. ૨૧-૨-૧૯૭૨ના પત્ર ઉપર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે વિજ્ઞાન વિદ્યાભવનના વનસ્પતિ વિજ્ઞાનના રીડર ડૉ. એમ. એમ. લાલોરિયાને સદરહુ કામ તથા તે અંગેનો રૂ. ૧૫૦નો પુરસ્કાર સ્વીકારવા માટે પરવાનગી આપવી.

૨૬. ઑક્ટોબર ૧૯૭૧માં યોજાયેલ અંગ્રેજી વિષય માટેની ગ્રીષ્મ સંસ્થા માટે યુનિવર્સિટીના કર્મચારી શ્રી. શરદ એમ. પટેલે વધારાનું કામકાજ કર્યું તે અંગે રૂ. ૧૫૦નું વેતન તેમને સ્વીકારવા પરવાનગી આપવા અંગે તેમની તા. ૧૦-૩-૧૯૭૨ના પત્રથી કરેલી વિનંતી પર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે યુનિવર્સિટી કાર્યાલયના જુનિયર ક્લાર્ક શ્રી. શરદ એમ. પટેલને સદરહુ કામગીરી કરવા માટે રૂ. ૧૫૦નો પુરસ્કાર સ્વીકારવા માટે પરવાનગી આપવી.

૨૭. વિજ્ઞાન વિદ્યાભવનના રસાયણવિજ્ઞાનના પ્રાધ્યાપક ડૉ. એ. એમ. ત્રિવેદીના અવસાન બાદ તા. ૧૫-૮-૧૯૭૧થી રસાયણશાસ્ત્ર વિભાગના વડાની કામગીરી સંભાળતા ડૉ. એમ. એમ. દેસાઈને યોગ્ય ભથ્થું આપવા અંગના અધ્યક્ષશ્રીના તા. ૧૫-૨-૧૯૭૨ના પત્ર ઉપર વિચારણા કરવા બાબત.

(૧) આથી ઠરાવવામાં આવે છે કે વિજ્ઞાન વિદ્યાભવનમાં રસાયણવિજ્ઞાન વિભાગના કામકાજની દેખરેખ રાખવા માટે ડૉ. એમ. એન. દેસાઈને માસિક રૂ. ૮૦નું ભથ્થું (Personal allowance તરીકે) તા. ૧૬-૮-૧૯૭૧થી આપવાનું રાખવું.

(૨) આ બાબતના સંદર્ભમાં સ્ટે. ૨૦૬ તરફ સભાગૃહનું ધ્યાન ખેંચવામાં આવ્યું.

તે પછી ઠરાવવામાં આવ્યું કે સ્ટે. ૨૦૬ રદ કરવા માટે સેનેટને ભલામણ કરવી.

૨૮. યુનિવર્સિટી કાર્યાલયની માફક યુનિવર્સિટી ભવનોમાં પણ દરેક માસના બીજા અને ચોથા શનિવારે રજા રાખી બાકીના શનિવારોએ ભવનો આખો દિવસ ચાલુ રાખવાં કે કેમ તે અંગે વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે યુનિવર્સિટીનાં વિદ્યાભવનોમાં બિનશૈક્ષણિક કર્મચારીઓ માટે સિન્ડિકેટે તેની તા. ૧૩/૧૬-૧૦-૧૯૭૧ની સભામાં બાબત નં. ૧૬-૩૨-૬૬ની સાથે ઠરાવ્યા પ્રમાણે બીજા અને ચોથા શનિવારે રજા રાખીને બાકીના શનિવારોએ આખો દિવસ કામ કરવાનું ઠરાવવામાં આવ્યું છે તેને બદલે હવેથી બધા જ શનિવારોએ ભવનનાં કાર્યાલયો ૧૧-૦૦થી ૨-૩૦ સુધી ચાલુ રાખવાં.

૨૯. શેઠ કે. એમ. સ્કૂલ ઑફ પોસ્ટ-ગ્રેજ્યુએટ મેડિસિન ઍન્ડ રિસર્ચ અને શ્રીમતી એન. એચ. એલ. મ્યુનિ. મેડિકલ કોલેજને Amalgamate કરવાની વિચારણા ચાલે છે એટલે તેનો નિર્ણય લેવાય ત્યાં સુધી ડૉ. મિસ એસ. સી. પંડયા બન્ને સંસ્થાઓનું અધ્યક્ષપદ સંભાળે છે તે હાલની વ્યવસ્થા માન્ય રાખવા અંગે શેઠ કે. એમ. સ્કૂલ ઑફ પી-જી. મેડિસિન ઍન્ડ રિસર્ચના અધ્યક્ષના તા. ૨૫-૨-૧૯૭૨ના પત્ર પર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બેઉ સંસ્થાઓનું સંયોજન (Amalgamation) કરવાની કાર્યવાહી ત્વરિત કરવા માટે તેમને જણાવવું.

૩૦. મે તા. ૬ અને ૭, ૧૯૭૨ના સમય દરમ્યાન ઇન્ડિયન કૉંગ્રેસ ઑફ અમેરિકન હિસ્ટરીનું ૮મું વાર્ષિક સત્ર એમ. એસ. યુનિવર્સિટી, વડોદરા મુકામે યોજાનાર છે. તેમાં યુનિવર્સિટીના પ્રતિનિધિ મોકલવા અંગે મજકૂર કૉંગ્રેસના પ્રમુખશ્રીના તા. ૩-૨-૧૯૭૨ના પત્ર પર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ કૉંગ્રેસના આગામી અધિવેશનમાં આ યુનિવર્સિટીના પ્રતિનિધિ તરીકે નીચેના સભ્યોને નીમવા :

(૧) ડૉ. આર. કે ધારૈયા

(૨) શ્રી. આર. એલ. રાવલ

(૩) પ્રો એસ. એમ. શાહ

(૪) આચાર્ય આઈ. જે. ધ્રુવ.

૩૧. ડિસેંબર ૨૯થી ૩૧, ૧૯૭૨ના સમય દરમિયાન મુંબઈ મુકામે "India's Science Policy and the development uses of Indian Studies in Science and Technology"ના વિષય પર "અખિલ ભારતીય સ્કૉલર્સ"નું ત્રીજું અધિવેશન યોજનાર છે તેમાં યુનિવર્સિટીના પ્રતિનિધિ મોકલવા અંગે ઇન્ડિયન ઇન્સ્ટિટ્યૂટ ઑફ એશિયન સ્ટડીઝના અધ્યક્ષશ્રીના તા. ૮-૩-૧૯૭૨ના પત્ર પર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બાબતની વિચારણા મોકૂફ રાખવી.

૩૧-અ. મદ્રાસ ખાતે યોજાયેલી ગુજરાતી સાહિત્ય પરિષદના આગામી અધિવેશનમાં ભાગ લેવા માટે યુનિવર્સિટી તરફથી જે ત્રણ પ્રતિનિધિઓ સિન્ડિકેટે તેની તા. ૧૩-૧૧-૧૯૭૧ની સભામાં નીમ્યા હતા તે પૈકી આચાર્ય રામપ્રસાદ શુક્લે મદ્રાસ જવાની પોતાની અશક્તિ દર્શાવેલી હોઈ તે અંગે વિચારણા કરવાનો પ્રસ્તાવ સભાગૃહની સંમતિથી રજૂ કરવામાં આવ્યો.

તે પછી ઠરાવવામાં આવ્યું કે સદરહુ અધિવેશનમાં ભાગ લેવા માટે આ યુનિવર્સિટીના પ્રતિનિધિ તરીકે આચાર્ય રામપ્રસાદ શુક્લને બદલે આચાર્ય ય. પ્રા. શુક્લને નીમવા.

૩૨. લંડન ખાતે તા. ૧થી ૮ ઑગસ્ટ ૧૯૭૨ દરમિયાન યોજનાર વર્લ્ડ કૉન્ફરન્સ ઑફ ઑર્ગેનાઇઝેશન ઑફ ધી ટીચિંગ પ્રોફેશન(W.C.O.T.P.)માં હાજરી આપવા જવા માટે પરવાનગી આપવા તથા અત્રેથી લંડન જવાઆવવા અંગે હવાઈ મુસાફરી અને બીજા ખર્ચ અંગે મનોવિજ્ઞાન ભવનના અધ્યક્ષશ્રી કે. જી. દેસાઈના તા. ૩-૩-૧૯૭૨ના પત્રાંક એજ્યુ. કે.જી.ડો-૬૦૦૨ પર વિચારણા કરવા બાબત.

(નોંધ.—બીજા વર્ગના હવાઈ ભાડાના ૫૦ ટકા મોકલનાર સંસ્થા ભોગવે તો બાકીના ૫૦ ટકા ખર્ચ યુનિવર્સિટીને મળતી યુ.જી.સી.ની અનએસાઈન્ડ ગ્રાન્ટ ખાતેથી તે ખર્ચની જોગવાઈ કરી શકાય. અત્રેથી લંડન આવવાજવાનો હવાઈ ભાડાનો ખર્ચ રૂ. ૬,૦૭૦ અંદાજેલ છે, તે જોતાં ૫૦ ટકા રૂ. ૩,૦૩૫ અને તે ઉપરાંત ડૉ. દેસાઈએ જણાવેલ મેઈન્ટેનન્સ અને ઇન્સિડેન્ટલ રૂ. ૨,૫૦૦ મળી કુલ રૂ. ૫,૫૩૫ યુનિવર્સિટીને ભોગવવાના થાય.)

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ વિનંતી સ્વીકારી શકાય તેમ નથી એમ ડૉ. કે. જી. દેસાઈને જણાવવું.

૩૩. જાપાનમાં ક્યોટો ખાતે તા. ૨૧થી ૨૬ ઑગસ્ટ ૧૯૭૨ દરમ્યાન યોજનાર ચોથી ઇન્ટરનેશનલ કૉંગ્રેસ ઑફ હિસ્ટો-કેમિસ્ટ્રી અને સાયટો-કેમિસ્ટ્રીમાં હાજરી આપવા જવા માટે પરવાનગી આપવા માટે તથા ક્યોટો જવાઆવવા મુસાફરી અને બીજા ખર્ચ અંગે યુનિવર્સિટીના વિજ્ઞાન ભવનના પ્રાણીશાસ્ત્ર વિજ્ઞાનનાં વ્યાખ્યાતા બહેન ડૉ. એન. જે. ચિનોયની અરજી પર વિચારણા કરવા બાબત.

(નોંધ.—બીજા વર્ગના હવાઈ ભાડાના ૫૦ ટકા મોકલનાર સંસ્થા ભોગવે તો બાકીના ૫૦ ટકા ખર્ચ યુનિવર્સિટીને મળતી **યુ.જી.સી.ની** અનએસાઈન્ડ ગ્રાન્ટ ખાતે તે ખર્ચની જોગવાઈ કરી શકાય. આ સિવાય બીજો કોઈ ખર્ચ મળી શકે નહિ. મુંબઈથી જાપાન આવવા-જવાનો હવાઈ ભાડાનો ખર્ચ રૂ. ૬,૫૦૩ અંદાજેલ છે.)

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ વિનંતી સ્વીકારી શકાય તેમ નથી એમ ડૉ. એન. જે. ચિનોયને જણાવવું.

૩૪. ડાયટોન (ઓહિયો), યુ.એસ.એ. ખાતે તા. ૧૯ થી ૨૪મી જૂન ૧૯૭૨ દરમિયાન યોજાનાર ત્રીજા ઇન્ટરનેશનલ સિમ્પોઝિયમ ઓન "મલ્ટિવેરિયેટ એનાલિસિસમાં હાજરી આપવા ટ્રાવેલ ગ્રાન્ટ અંગે વિજ્ઞાન ભવનના પ્રોફેસર ઑફ સ્ટેટિસ્ટિક્સ, શ્રી. સી. જી. ખત્રીની તા. ૨૪-૨-૧૯૭૨ની અરજી પર વિચારણા કરવા બાબત.

(નોંધ.—અમદાવાદથી ડેટોન (અમેરિકા) જવાઆવવાનું ઇકોનોમિક એર ટ્રાવેલ રૂ. ૫,૫૪૬ થાય. ૫૦ ટકા ખર્ચ યુ.જી.સી. આપે તો રૂ. ૨,૨૭૮ યુનિવર્સિટીએ ભોગવવાના થાય.)

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ વિનંતી સ્વીકારી શકાય તેમ નથી એમ ડૉ. સી. જી. ખત્રીને જણાવવું.

૩૫. કેલિફોર્નિયામાં સાનફ્રાન્સિસ્કો ખાતે તા. ૨૩-૭-૧૯૭૨થી તા. ૨૮-૭-૧૯૭૨ દરમ્યાન યોજાનાર ફાર્માકોલોજીના પાંચમા આંતરરાષ્ટ્રીય અધિવેશનમાં હાજરી આપવા આર્થિક સહાય માટે બી. જે. મેડિકલ કૉલેજના સિનિયર પ્રોફેસર ઑફ ફાર્માકોલોજી, ડૉ. એમ. એન. જિન્દાલની તા. ૨૧-૨-૧૯૭૨ની અરજી પર વિચારણા કરવા બાબત.

(નોંધ.—બીજા વર્ગના હવાઈ ભાડાના ૫૦ ટકા મોકલનાર સંસ્થા ભોગવે તો બાકીના ૫૦ ટકા યુનિવર્સિટીને મળતી યુ.જી.સી.ની "અનએસાઇન્ડ ગ્રાન્ટ" ખાતે તે ખર્ચની જોગવાઈ કરવી પડે. આ સિવાય બીજો કોઈ ખર્ચ મળી શકે નહિ. અત્રેથી કેલિફોર્નિયામાં સાનફ્રાન્સિસ્કો જવા અને આવવાનો હવાઈ ભાડાનો ખર્ચ રૂ. ૫,૦૦૦ અંદાજેલ છે.)

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ વિનંતી સ્વીકારી શકાય તેમ નથી એમ ડૉ. એમ. એન. જિન્દાલને જણાવવું.

તે પછી બાબત નં. ૧૫૭ ચર્ચાવિચારણા માટે હાથ ધરવામાં આવી.

૧૫૭. "ક્યોટો" જાપાન મુકામે સપ્ટેમ્બર ૧૯થી ૨૩, ૧૯૭૨ના સમય દરમિયાન World Congress of Anesthesiologistsનું અધિવેશન યોજાનાર છે તો તેમાં યુનિવર્સિટીના પ્રતિનિધિ મોકલવા અંગે વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ વિનંતી સ્વીકારી શકાય એમ નથી એમ ડૉ. એમ. ટી. ભાટિયાને જણાવવું.

૩૬. ગુજરાત યુનિવર્સિટી ધારાની કલમ ૧૬ (૧), કલાસ ૧ સી (૩) હેઠળ સેનેટ પર હોદ્દાગત સભ્યપદે આવતા ડૉ. યોગીન્દર કે. અલઘને ગુજરાત યુનિવર્સિટી ધારાની કલમ ૨૫ (૨) મુજબ તેઓએ ઇચ્છયા પ્રમાણે વિનયન વિદ્યાશાખા હેઠળ આવતા "અર્થશાસ્ત્ર" વિષયની અભ્યાસસમિતિનું સભ્યપદ એનાયત કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે ડૉ. યોગીન્દર કે. અલઘને અર્થશાસ્ત્રની અભ્યાસસમિતિનું સભ્યપદ આપવું.

૩૭. કડી નગરપાલિકા હૉસ્પિટલ, કડીને ઑર્ડિ. ૨૭૨ અને ૨૭૨–એ મુજબ ફરજિયાત રોટેટિંગ હાઉસમૅનશિપ માટે માન્યતા આપવા અંગે સિન્ડિકેટે તેની તા. ૪–૯–૧૯૭૧ની સભામાં નીમેલી તપાસસમિતિની નીચેની ભલામણ પર વિચારણા કરવા બાબત :

"After fully considering all aspects, we feel that the Hospital may be recognised for rotating housemanship for two for the subject of Gyn.–Obst. only. Either both the male-internees or both the lady internees may please be posted."

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ હૉસ્પિટલને બે તબીબી સ્નાતકો(બેઉ ભાઈઓ અથવા બેઉ બહેનો)ને તાલીમ (ફરજિયાત રોટેટિંગ હાઉસમૅનશિપ) માટે માન્ય કરવી.

૩૮. સને ૧૯૭૨-૭૩ના વર્ષમાં આપણી યુનિવર્સિટીના ઉપક્રમે ક્રમાનુવર્તી જલ-સ્પર્ધા અથવા બાસ્કેટબૉલ (બહેનો) અથવા બાસ્કેટબૉલ (ભાઈઓ) અથવા વૉલીબૉલ-(ભાઈઓ)ની રમતની આંતર-યુનિવર્સિટી હરીફાઈઓ યોજવાનું આમંત્રણ આંતર-યુનિવર્સિટી સ્પોર્ટ્સ બોર્ડ ઑફ ઇન્ડિયા ઍન્ડ સિલોન, ન્યૂ દિલ્હીને પાઠવવા અંગે વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે ૧૯૭૨–૭૩ના વર્ષમાં ગુજરાત યુનિવર્સિટીના ઉપક્રમે ક્રમાનુવર્તી જલસ્પર્ધા અથવા બાસ્કેટબૉલ (બહેનો) અથવા બાસ્કેટબૉલ (ભાઈઓ) અથવા વૉલીબૉલ-(ભાઈઓ)ની રમતની આંતર-યુનિવર્સિટી હરીફાઈઓ યોજવાનું આમંત્રણ આંતર-યુનિવર્સિટી સ્પોર્ટ્સ બોર્ડ ઑફ ઇન્ડિયા અને સિલોન, ન્યૂ દિલ્હીને પાઠવવું.

૩૯. મનોવિજ્ઞાન ભવનમાં શિક્ષણશાસ્ત્ર વિભાગમાં પરીક્ષા અંગે સંશોધન માટે એક સ્ટેટિસ્ટિશિયન તથા ૩ રિસર્ચ આસિસ્ટન્ટોની જગ્યાઓ ઊભી કરવા અંગે તથા સ્ટેટિસ્ટિશિયનની જગ્યા માટેનું પગારધોરણ, લાયકાતો વગેરે નક્કી કરવા અંગે વિચારણા કરવા બાબત.

(નોંધ.— યુનિવર્સિટી ગ્રાન્ટ્સ કમિશને સ્ટેટિસ્ટિશિયનની જગ્યા વાર્ષિક રૂ. ૧૦,૦૦૮ની અને રિસર્ચ આસિસ્ટન્ટોની જગ્યાઓ માટે આર્થિક સહાય જગ્યા કાયમી ઊભી કરવાની શરતે ૧૯૭૩–૭૪ સુધીના ગાળા માટે સો ટકાના ધોરણે આપવાનું મંજૂર કર્યું છે.)

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બાબતની વિચારણા મોકૂફ રાખવી.

૪૦. મનોવિજ્ઞાન ભવનમાં શિક્ષણશાસ્ત્ર વિભાગમાં પ્રૌઢ શિક્ષણ માટે ૧ કો-ઑર્ડિનેટરની જગ્યા રૂ. ૭૦૦–૧,૨૫૦ના પગારધોરણમાં ઊભી કરવા અંગે તથા તે માટે લાયકાતો નક્કી કરવા અંગે વિચારણા કરવા બાબત.

(નોંધ.—યુનિવર્સિટી ગ્રાન્ટ્સ કમિશને આ જગ્યા માટે તે કાયમી ઊભી કરવાની શરતે ૧૯૭૩–૭૪ સુધીના ગાળા માટે આર્થિક સહાય આપવાનું મંજૂર કર્યું છે.)

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બાબતની વિચારણા મોકૂફ રાખવી.

૪૧. આર્ટ્સ એન્ડ કૉમર્સ કૉલેજ, બોરસદમાં ઇતિહાસ–અર્થશાસ્ત્રના વિષય-જૂથ માટે જૂન ૧૯૭૨થી અનુસ્નાતક કેન્દ્ર સ્થાપવા માટે આચાર્યશ્રી તરફથી આવેલ અરજી પર વિચારણા કરવા બાબત.

(**નોંધ.** – સ્થાનિક શિક્ષકગણ અંગે માહિતી નીચે મુજબ છે :

૧. શ્રી. એમ. એસ. રાજ —અનુસ્નાતક શિક્ષક, જૂથ "સી"

૨. પ્રો. એમ. આર. સોલંકી—હાલ મદદનીશ શિક્ષક તરીકે, જૂથ "એ" અને "બી"માં માન્યતા ધરાવે છે. આગામી જૂન માસથી અનુસ્નાતક શિક્ષક તરીકે માન્યતા મેળવવાને પાત્ર થાય છે.

૩. પ્રો. એમ. આર. પટેલ —અનુસ્નાતક શિક્ષક—જૂથ "એ"–"બી", આગામી જૂન માસથી જોડાશે. તેમનો સ્વીકૃતિપત્ર આવેલ છે.)

અને

૪૨. નીચેની કૉલેજોનાં નામ સામે જણાવેલ વિષયોમાં જૂન ૧૯૭૨થી અનુસ્નાતક કેન્દ્રો સ્થાપવા માટે જે તે કૉલેજના આચાર્યશ્રી તરફથી આવેલી અરજી પરથી તપાસ-સમિતિ નીમવા અંગે વિચારણા કરવા બાબત :

ક્રમાંક	કૉલેજનું નામ	અનુસ્નાતક કેન્દ્રનો વિષય	સ્થાનિક શિક્ષકગણ
૧.	સરકારી આર્ટ્સ અને કૉમર્સ કૉલેજ, ગાંધીનગર	અર્થશાસ્ત્ર. જૂથ "સી" અને "ડી"	૧. આચાર્યશ્રી આઈ. જે. ધ્રુવ, અનુ. શિક્ષક ઇતિહાસ, અર્થશાસ્ત્ર જૂથ "એ" અને "સી" ૨. પ્રો. બી. એમ. ભટ્ટ, અનુસ્નાતક શિક્ષક જૂથ "સી" અને "ડી" ૩. પ્રો. પી. એન. જોશી ,,
૨.	આર્ટ્સ એન્ડ સાયન્સ કૉલેજ, પાટણ	ગુજરાતી	૧. પ્રો. એન. સી. શાહ—અનુસ્નાતક શિક્ષક ૨. શ્રી. જે. કે. વ્યાસ ,, ૩. શ્રી. એસ. સી. પટેલ ,,
૩.	બોરસદ સાયન્સ એન્ડ લૉ કૉલેજ, બોરસદ	ભૌતિકશાસ્ત્ર	૧. આચાર્યશ્રી જે. જી. પટેલ—અનુસ્નાતક શિક્ષક ૨. શ્રી. એમ. સી. શાહ ,, ૩. શ્રી. ટી. સી. ભાલજા મદદનીશ શિક્ષક

(શ્રી. ભાલજા જૂન ૧૯૭૨થી અનુસ્નાતક શિક્ષક તરીકે માન્યતા મેળવવાને પાત્ર થાય છે.)

ક્રમાંક	કૉલેજનું નામ	અનુસ્નાતક કેન્દ્રનો વિષય	સ્થાનિક શિક્ષકગણ
૪.	કૉમર્સ કૉલેજ, ડભોઇ	એમ.કૉમ.ના વિષયો	૧. પ્રો. આર. જે. પરીખ – અનુસ્નાતક શિક્ષક ૨. શ્રી. એચ. એ. પટેલ મદદનીશ શિક્ષક ૩. શ્રી. આઈ. સી. મુલ્લા – જૂન માસથી મદદનીશ શિક્ષક માટે પાત્ર થાય છે. ૪. શ્રી. બી. કે. કાયસ્થ—જૂન માસથી જોડાવાના છે. અનુસ્નાતક શિક્ષક થવાને પાત્ર છે.

બાબત નં. ૪૧ અને ૪૨ની વિચારણા સાથે કરવામાં આવી.

તે પછી ઠરાવવામાં આવ્યું કે ૧૯૭૨-૭૩ના વર્ષ દરમ્યાન અનુસ્નાતક કેન્દ્ર ખોલવા માટે ઉપરની કૉલેજોની વિનંતી માન્ય કરવી નહીં.

૪૩. એમ. એન. કૉલેજ, વીસનગરમાં સ્થાપવામાં આવેલ ગણિતશાસ્ત્ર જૂથ "એ" અને "બી" વિષયના અનુસ્નાતક કેન્દ્રના પ્રોફેસર-ઇન-ચાર્જ શ્રી. બી. એમ. શાહની બદલી થતાં તેમની જગ્યાએ અનુસ્નાતક શિક્ષક તરીકે માન્યતા ધરાવતા શ્રી. એમ. એચ. પટેલની નિમણૂક કરવા અંગે વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ અનુસ્નાતક કેન્દ્રના પ્રોફેસર-ઇન-ચાર્જ તરીકે પ્રો. બી. એમ. શાહની જગ્યાએ પ્રો. એમ. એચ. પટેલની નિમણૂક કરવી.

૪૪. વિજ્ઞાન વિદ્યાશાખામાં શિક્ષકોનો કાર્યભાર નીચે મુજબ રાખવા અને તે માટે ઓ. ૧૨૦-એ માં જરૂરી સુધારો કરવા માટેની તથા પ્રી-યુનિવર્સિટી અને એફ. વાય. કક્ષામાં ફ્રેન્ચનો વિષય આધુનિક યુરોપીય ભાષા તરીકે જો કોઈ કૉલેજ શીખવવા માગતી હોય તો કાર્યભાર અંગે યુનિવર્સિટીના નિયમોને આધીન, બંડ સમયના શિક્ષકથી ચલાવી શકે તે માટે ઑર્ડિ. ૧૨૦-એ-૨ (એ)માં ફ્રેન્ચ વિષયનો ઉમેરો કરવા માટે એકેડેમિક કાઉન્સિલની તા. ૫/૬-૧-૧૯૬૨ની સભાની ભલામણો પર વિચારણા કરવા બાબત :

The maximum work-load per week for full time Professor or Lecturer or Tutor or Demonstrator teacher in the Faculty of Science shall be as under :

	Lectures		*Tutorials*		*Practicals*
Professor (Non P.-G.)	12	+	6	+	4
Professors (P.-G.)	11	+	5	+	4
Lecturers (Non P.-G.)	13	+	3	+	6
Lecturers (P.-G.)	11	+	3	+	6
Tutors	8	+	8	+	6
Demonstrators (M.Sc.)	6	or	6	+	19

Note.—1. Each period shall be of 45 (40 plus 5) minutes.

2. Tutorial and Practicals can be suitably readjusted keeping the total number of periods the same.

આથી ઠરાવવામાં આવે છે કે એફ. વાય. કક્ષાએ આધુનિક યુરોપીય ભાષા તરીકે ફ્રેન્ચના શિક્ષણ માટે, શિક્ષકોના કાર્યભાર અંગે, યુનિવર્સિટીના નિયમોને આધીન, ખંડ સમયના લેક્ચરરની નિમણૂકને પર્યાપ્ત ગણવી, અને તે માટે ઑર્ડિ. ૧૨૦-એ-૨(એ)માં ફ્રેન્ચ વિષયનો ઉમેરો કરીને સુધારેલો ઑર્ડિ. ૧૨૦-એ મંજૂર કરવો અને તેને તાત્કાલિક અમલમાં મૂકવો.

(૨) વિજ્ઞાન વિદ્યાશાખાની સંલગ્ન કૉલેજોમાં કામ કરતા શિક્ષકોના કાર્યભાર અંગે ઑર્ડિ. ૧૨૦-એ સુધારવા અંગેની ઍકેડેમિક કાઉન્સિલની ભલામણ વિજ્ઞાન વિદ્યાશાખાની પુનર્વિચારણા માટે મોકલવી.

૪૫. ખંડ સમયના અધ્યાપકો માટેની નોકરીની શરતો અને અન્ય લાભ આપવાની બાબતમાં ચર્ચાવિચારણા કરીને અહેવાલ રજૂ કરવા માટે સિન્ડિકેટની તા. ૧૪-૧૨-૧૯૭૧ની સભામાં નિયુક્ત થયેલી સમિતિની તા. ૨૫-૧-૧૯૭૨ની સભાની ભલામણો પર વિચારણા કરવા બાબત :

[નોંધ.— સંલગ્ન કૉલેજોના શિક્ષકોની સેવાઓની હાલની શરતો પૈકી કેવળ ખંડ સમયના શિક્ષકોને લાગુ પડતી શરત છે. ક્રમાંક ૨ (એ) અને (બી)માં ખંડ સમયના શિક્ષકોને સ્પર્શતો ભાગ ૨ (ડી), ૭ (ઈ) તથા તા. ૧૧/૧૨-૭-૧૯૭૦ની સિન્ડિકેટની સભાએ કરેલ સુધારા પૈકી ઠરાવ ૬ રદ કરવાનું પણ સાથોસાથ વિચારવાનું રહેશે.]

અને

૭૨. તા. ૨૯/૩૦-૯-૧૯૭૧ અને તા. ૮-૧-૧૯૭૨ના રોજ મળેલી સેનેટની વિશેષ સભામાં મંજૂર થયેલ નીચેના ઠરાવ પર આગળ ભરતાં પગલાં લેવા અંગે વિચારણા કરવા બાબત :

"જૂન ૧૯૭૧થી સંલગ્ન કૉલેજોના ખંડ સમયના અધ્યાપકો માટે નવાં પગારધોરણો અમલી બનાવ્યાં છે ત્યારે ટીચિંગ અને પ્રોફેશનલ એવા બે વર્ગો ઊભા કરીને એ બન્ને વર્ગો માટે જુદાં જુદાં પગારધોરણો અમલી બનાવ્યાં છે તેની આ સભા સખેદ નોંધ લે છે અને તે ભેદ તાત્કાલિક નિવારવા અને જૂન ૧૯૭૧થી તેઓને સમાન પગારધોરણ આપવા આ સભા યુનિવર્સિટીને આગ્રહભરી વિનંતી કરે છે."

બાબત નં. ૪૫ અને ૭૨ની વિચારણા સાથે કરવામાં આવી.

તે પછી ઠરાવવામાં આવ્યું કે સદરહુ બાબતો ખંડ સમયના અધ્યાપકોને નોકરીની શરતો અંગે સિન્ડિકેટે તેની તા. ૧૪-૧૨-૧૯૭૧ની સભામાં નીમેલી સમિતિની વિચારણા માટે મોકલવી.

૪૬. ૧૯૭૨-૭૩ના વર્ષના પહેલા સત્રમાં પ્રત્યેક કૉલેજમાંથી ગુજરાતી વિભાગના એક-એક પ્રતિનિધિ બોલાવીને ગુજરાતીની પ્રી-યુનિ.ની પરીક્ષાથી ત્રીજા વર્ષ બી.એ.ની પરીક્ષાઓ માટેના જુદા જુદા નમૂનાના પ્રશ્નપત્રોની સમીક્ષા કરાવવા અને તે માટે બે દિવસના વર્કશોપ યોજવાની ગુજરાતીની અભ્યાસસમિતિની તા. ૯-૧-૧૯૭૨ની સભાની ભલામણ ઉપર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ વર્કશોપ યોજવા અંગેનો પ્રસ્તાવ તૈયાર કરીને યુનિવર્સિટી ગ્રાન્ટ્સ કમિશનને મોકલી આપવો અને તે માટે જરૂરી આર્થિક સહાય મંજૂર કરવા તેને વિનંતી કરવી.

૪૭. સી. બી. પટેલ આર્ટ્સ કૉલેજ, નડિયાદમાં ૧૯૭૨ના જૂનથી સત્ર ફીના દર નીચે દર્શાવ્યા પ્રમાણે સુધારવા પરવાનગી માગતા સદરહુ કૉલેજના આચાર્યના તા. ૧-૯-૧૯૭૧-ના પત્ર પર વિચારણા કરવા બાબત :

	હાલ લેવાતી ફી	સુધારા પ્રમાણેની ફી	વધારો
૧. પ્રી-યુનિ. વિનયન ૨. પ્રથમ વર્ષ બી.એ.	૧૩૦	૧૫૫	૨૫
૩. દ્વિતીય વર્ષ બી.એ. ૪. તૃતીય વર્ષ બી.એ.	૧૪૦	૧૬૦	૨૦

અને

૪૮. જે. એન્ડ જે. કૉલેજ ઑફ સાયન્સ, નડિયાદના આચાર્યશ્રીએ ૧૯૭૨-૭૩ના વર્ષથી પ્રત્યેક વર્ગમાં રૂ. ૫૦ લેખે ફી વધારવા અંગે મંજૂરી માગેલી હોઈ તે પરત્વે વિચારણા કરવા બાબત.

અને

૪૯. એમ. એસ. ભગત એન્ડ સી. એસ. સોનાવાલા લૉ કૉલેજ, નડિયાદમાં જૂન ૧૯૭૨થી રૂ. ૧૧૦ ને બદલે રૂ. ૧૫૦ સત્ર ફી લેવા દેવા અંગે પરવાનગી માગતા સદરહુ કૉલેજના આચાર્યશ્રીના પત્ર પર વિચારણા કરવા બાબત.

અને

૧૬૫. તોલાણી કૉલેજ ઑફ આર્ટ્સ એન્ડ સાયન્સ કૉલેજ, આદિપુરમાં ૧૯૭૨ થી નીચે પ્રમાણે ક્રમિક રીતે ફી વધારવા અંગે આવેલી માગણી પર વિચારણા કરવા બાબત :

વર્ગ	ફીના હાલના દર		ફીના સુધારેલા દર		કયારથી
	ટયૂશન ફી	લેબોરેટરી ફી	ટયૂશન ફી	લેબોરેટરી ફી	અમલ
પ્રી-યુનિ આર્ટ્સ	૧૧૦	—	૧૪૦	—	૧૫-૬-૧૯૭૨
એફ.વાય.બી.એ.	૧૧૦	—	૧૪૦	—	૧૫-૬-૧૯૭૩
એસ.વાય.બી.એ.	૧૧૦	—	૧૪૦	—	૧૫-૬-૧૯૭૪
ટી.વાય.બી.એ.	૧૧૦	—	૧૪૦	—	૧૫-૬-૧૯૭૫
પ્રી-યુનિ. સાયન્સ	૧૨૫	૪૦	૧૭૦	૫૦	૧૫-૬-૧૯૭૨
એફ.વાય.બી એસસી.	૧૨૫	૪૫	૧૭૦	૫૦	૧૫-૬-૧૯૭૩
એસ.વાય.બી.એસસી.	૧૨૫	૫૦	૧૭૦	૬૦	૧૫-૬-૧૯૭૪
ટી.વાય.બી એસસી.	૧૨૫	૬૦	૧૭૦	૭૦	૧૫-૬-૧૯૭૫

સદરહુ બાબતોની વિચારણા સાથે કરવામાં આવી.

તે પછી ઠરાવવામાં આવ્યું કે રાજ્ય સરકારે નીમેલી કૉલેજ ફાઇનાન્સ સમિતિ(ન્યાયમૂર્તિ શેલત સમિતિ)નો રિપોર્ટ અને તે અંગે રાજ્ય સરકારનો નિર્ણય, તા. ૧૫-૫-૧૯૭૨ સુધીમાં ઉપલબ્ધ કરવા માટે રાજ્ય સરકારને વિનંતી કરવી.

દરમ્યાન સદરહુ કૉલેજોની ફી વધારવા માટે પરવાનગી અંગેની અરજી ઉપર વિચારણા મોકૂફ રાખવી.

૫૦. જૂન ૧૯૭૨થી સત્ર ફીના દર નીચે જણાવ્યા પ્રમાણે સુધારવાની પરવાનગી માગતા સાયન્સ કૉલેજ, કડીના આચાર્યશ્રીના પત્ર પર વિચારણા કરવા બાબત :

	હાલમાં લેવાતી ફી		સુધારા પછી થનાર ફી	
	સત્ર ફી	પ્રયોગશાળા ફી	સત્ર ફી	પ્રયોગશાળા ફી
પ્રી-યુનિ. સાયન્સ	૧૫૦	૪૦	૧૬૦	૩૦
એફ.વાય. બી.એસસી.	૧૫૦	૫૦	૧૭૦	૩૦
એસ.વાય બી.એસસી.	૧૫૦	૬૦	૧૭૦	૪૦
ટી.વાય. બી.એસસી.	૧૫૦	૬૦	૧૭૦	૪૦

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ કૉલેજને જૂન ૧૯૭૨થી નીચે મુજબ ફી રાખવા માટે પરવાનગી આપવી :

	સત્ર ફી	પ્રયોગશાળા ફી
પ્રી-યુનિ. સાયન્સ ...	૧૬૦-૦૦	૩૦-૦૦
એફ.વાય.બી.એસસી. ...	૧૭૦-૦૦	૩૦-૦૦
એસ.વાય.બી.એસસી. ...	૧૭૦-૦૦	૪૦-૦૦
ટી.વાય.બી.એસસી. ...	૧૭૦-૦૦	૪૦-૦૦

૫૧. યુનિવર્સિટી સાથે જોડાયેલી કૉલેજો/સંસ્થાઓ કે જ્યાં જુદા જુદા વિષયનાં અનુસ્નાતક કેન્દ્રો સ્થાપવામાં આવ્યાં છે તેમાં વિદ્યાર્થીઓ તરફથી લેવામાં આવતી સત્ર ફી, શિક્ષકોને આપવામાં આવતાં માનદ વેતન, તેમનાં મુસાફરી ભથ્થાં, વિદ્યાર્થીઓને આપવામાં આવતી શિષ્યવૃત્તિઓ વગેરે અંગે કાર્યાલયના નીચેના સૂચન અંગે વિચારણા કરવા બાબત :

સૂચન ૧ : ટ્યૂશન ફી અંગેની બધી જ રકમ કેન્દ્રો તરફથી યુનિવર્સિટીમાં જમા કરાવવામાં આવે.

સૂચન ૨ : શિક્ષકોનું માનદ વેતન, મુસાફરી ભથ્થાં, શિષ્યવૃત્તિઓ તથા બીજા ખર્ચા અંગેનાં બિલો પ્રોફેસર-ઇન-ચાર્જ પાસ કરીને યુનિવર્સિટીને મોકલી આપે, જેના ચેક લખી હિસાબ વિભાગ પેમેન્ટ કરે.

સૂચન ૩ : વ્યાખ્યાનો આપવા માટે જે શિક્ષકો આવે તેઓને ચૂકવવા માટે મુસાફરી ભથ્થાં તથા બીજા ખર્ચા અંગે યુનિવર્સિટી તરફથી પ્રત્યેક કેન્દ્રને વર્ષની શરૂઆતમાં રૂ. ૧,૦૦૦ તથા તે પછી વખતોવખત જરૂર પડે તે મુજબની રકમ એડવાન્સ તરીકે આપે.

કેટલીક ચર્ચાવિચારણા બાદ નીચે મુજબ ઠરાવવામાં આવ્યું :

(૧) અનુસ્નાતક કેન્દ્રોમાં વિદ્યાર્થીઓ તરફથી જે ટ્યૂશન ફી લેવામાં આવે તેની તમામ રકમ પહેલા સત્રમાં તા. ૨૦મી જુલાઇ અને બીજા સત્રમાં તા. ૧૦મી ડિસેંબર સુધીમાં મોડામાં મોડી યુનિવર્સિટી કાર્યાલયમાં જમા કરાવવા માટે અનુસ્નાતક કેન્દ્રોને જણાવવું.

(૨) અનુસ્નાતક કેન્દ્રોમાં કામ કરતા માન્ય અનુસ્નાતક ક્ષકો અને મદદનીશ શિશિક્ષકોનાં માનદ વેતન, વિદ્યાર્થીઓની શિષ્યવૃત્તિઓ તથા શિક્ષકોનાં મુસાફરી ભથ્થાં તથા દૈનિક

ભથ્થાના ખર્ચ સિવાયનાં અન્ય બિલો જે તે કેન્દ્રના પ્રોફેસર-ઇન-ચાર્જે પાસ કરીને યુનિવર્સિટી કાર્યાલયને મોકલી આપવા જણાવવું, અને તે બિલો આવ્યેથી તેની જરૂરી ચકાસણી કરીને યુનિવર્સિટી કાર્યાલયના હિસાબ વિભાગે તેની ચુકવણી કરવાનું રાખવું;

(૩) અનુસ્નાતક કેન્દ્રોમાં શિક્ષણકાર્ય કરવા માટે જે શિક્ષકોને બહારથી બોલાવવામાં આવે તેમને મુસાફરી ભથ્થું અને દૈનિક ભથ્થું ચૂકવવા માટે તથા કન્ટિન્જન્સી પ્રકારના ખર્ચ માટે પ્રત્યેક અનુસ્નાતક કેન્દ્રને વર્ષની શરૂઆતમાં અંદાજી ખર્ચની જરૂરિયાત મુજબ રૂ. ૩,૦૦૦ સુધીની રકમ એડવાન્સ તરીકે આપવી, અને તે પછી વખતોવખત જરૂર પડે તે મુજબ હિસાબ પેટે વધુ એડવાન્સ આપવા માટે કુલપતિશ્રીને સત્તા આપવી.

૫૨. સંલગ્ન કૉલેજોમાં લેવાની સત્ર ફી કયા સંજોગોમાં કેટલી રિફંડ કરવી તે માટે તા. ૧૪-૧૨-૧૯૭૧ની સિન્ડિકેટની સભાના ઠરાવ અનુસાર કાર્યાલયે તૈયાર કરેલા નિયમો પર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સંલગ્ન કૉલેજોમાં લેવાતી સત્ર ફી (tuition fee) વિદ્યાર્થીઓને પાછી આપવા અંગેના નિયમો મંજૂર કરવા, અને તેને તાત્કાલિક અમલમાં મૂકવા.

(મંજૂર કરવામાં આવેલા સદરહુ નિયમોની નકલ **પરિશિષ્ટ "ક"** તરીકે સામેલ છે.)

૫૩. વિનયન અને વાણિજ્યની વિદ્યાશાખાઓમાં પત્રવ્યવહારથી અભ્યાસક્રમો કોરસ્પોન્ડન્સ કોર્સીઝ દાખલ કરવા અંગે એકેડેમિક કાઉન્સિલની તથા સિન્ડિકેટની ભલામણ સેનેટે તેની તા. ૨૯/૩૦-૯-૧૯૭૧ની બાસ સભામાં સિન્ડિકેટની પુનર્વિચારણા માટે મોકલેલ હોઈ તે પરત્વે આગળ વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બાબત એકેડેમિક કાઉન્સિલની વિચારણા માટે મોકલવી.

૫૪. સેનેટે તેની ૨૮-૯-૧૯૭૧ની સભામાં પસાર કરેલ નીચેના ઠરાવના અનુસંધાનમાં ગુજરાત રાજ્યના સંયુક્ત શિક્ષણ નિયામકશ્રીની કચેરીના તા. ૬-૨-૧૯૭૨ના પત્રાંક એસ. ૧૯૬-ક પરત્વે વિચારણા કરવા બાબત :

As per section 40 of tne Gujarat University Act, 1949 :

"This Senate hereby resolves that all instruction, teaching and training beyond the stage of Intermediate examination within the area of the City of Ahmedabad be conducted by the University and shall be imparted by the teachers of the University.

This Senate authorises and directs the Registrar to communicate this decision to the Government."

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બાબત અંગે સમગ્ર રીતે વિચારણા કરીને પોતાનો સુચિંતિત અહેવાલ રજૂ કરવા માટે નીચે જણાવેલા સભ્યોની સમિતિ રચવી :

(૧) માનનીય શ્રી. બી. જે. દીવાન
(૨) શ્રી. ઈન્દ્રવદન એમ. નાણાવટી
(૩) શ્રી. રણજિતરાય ગંગાશંકર શાસ્ત્રી

(૪) આચાર્ય એમ. સી. શાહ
(૫) ડૉ. જયંત બી. હરિભક્તિ
(૬) શ્રી. ઇન્દ્રવદન અં. મોદી
(૭) પ્રો. કે એસ. શાસ્ત્રી
(૮) આચાર્ય વ પ્રા. શુક્લ
(૯) શ્રી. પુરુષોત્તમ ગ. માવળંકર
(૧૦) પ્રો. બળાભાઈ પટેલ
(૧૧) શ્રી. વી. એચ. ભણોત

૫૫. યુનેસ્કોની સામાન્ય સભાના ૧૯૭૨ના વર્ષને "આંતરરાષ્ટ્રીય પુસ્તક વર્ષ" તરીકે ઊજવવાના સૂચનને લક્ષમાં લઈ તા. ૧૦, ૧૧, ૧૨ મે એમ ૩ દિવસ સંલગ્ન કૉલેજોના ગ્રંથપાલોનો પરિસંવાદ, જુલાઈ ૧૯૭૨થી ડિસેંબર ૧૯૭૨ સુધી ૬ મહિને પ્રસંગને અનુલક્ષીને એક વ્યાખ્યાન અને તા. ૧-૮-૧૯૭૨થી તા. ૧૫-૮-૧૯૭૨ સુધી એક પુસ્તક પ્રદર્શન યોજવા અંગે ગુજરાત યુનિવર્સિટી ગ્રંથાલયના તા. ૨૦-૧-૧૯૭૨ના પત્રાંક ૭૧૦૧થી આવેલા પ્રસ્તાવ પર વિચારણા કરવા બાબત.

(નોંધ.— આ અંગે રૂ. ૪,૧૦૦નો ખર્ચ અંદાજવામાં આવેલ છે.)

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ પ્રસ્તાવ બોર્ડ ઑફ એક્સ્ટ્રામ્યુરલ સ્ટડીઝને વિચારણા માટે મોકલવો.

૫૬. શ્રી. કે. પી. સુંદરરાજના Effect of drought and pretreatment on Growth, Metabolism and yield on Barley grown under two pholo-periods એ શીર્ષક નીચે વનસ્પતિવિજ્ઞાનના વિષય પરનો પીએચ.ડી. પદવી માટેનો મહાનિબંધ તપાસવા માટે નીમવામાં આવેલા રેફરીઓ તથા મૌખિક પરીક્ષાના પરીક્ષકોના રિપોર્ટ પરથી તેમનું પારણામ જાહેર કરવા અંગે વિચારણા કરવા બાબત :

(સિન્ડિકેટે તેની તા. ૪-૧૨-૧૯૭૧ની સભામાં પ્રો. ઓ. કે. ગર્ગની ચોથા રેફરી તરીકે નિમણૂક કરી હતી)

૧. ડૉ. જે. જે. ચિનોય	માર્ગદર્શક શિક્ષક	—
૨. ડૉ. વોલ્ડર હેટેકર	બાહ્ય રેફરી	મહાનિબંધ સ્વીકાર્ય ગણે છે.
૩. ડૉ. એમ. એન સરીન	બાહ્ય રેફરી તેમજ મૌખિક પરીક્ષક	મહાનિબંધ સ્વીકાર્ય ગણે છે.
૪. પ્રા. ઓ કે. ગર્ગ	બાહ્ય રેફરી ચોથા રેફરી	મહાનિબંધ સ્વીકાર્ય ગણે છે.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ વિદ્યાર્થીનો ઉપરનો મહાનિબંધ પીએચ.ડી..ની પદવી માટે સ્વીકાર્ય ગણવો.

૫૭. યુનિવર્સિટી તથા કૉલેજોના શિક્ષકો માટે વ્યક્તિગત બઢતી(personal promotions)ની યોજનાની રાજ્ય સરકાર રાજ્યોની યુનિવર્સિટીઓને ભલામણ કરવાના યુનિવર્સિટી ગ્રાન્ટ્સ કમિશનના નિર્ણયની જાણ કરતા અને સદરહુ યોજનાઓના માર્ગ-

દર્શક સિદ્ધાંતો (guidelines) ઘડવા જે સમિતિ તેઓએ નીમેલ છે તેના નિર્ણયો હવે પછી ટૂંક સમયમાં યુનિવર્સિટીને મોકલી આપવામાં આવશે તે અંગેની જાણ કરતા યુનિવર્સિટી ગ્રાન્ટ્સ કમિશનના પત્રાંક એફ. ૧-૨૪-૭૨ (સી.ડી.), તા. ૪-૩-૧૯૭૨ પર વિચારણા કરવા બાબત.

(નોંધ.—આ અંગેના વધારાના ખર્ચ માટે યુનિવર્સિટી ગ્રાન્ટ્સ કમિશન તરફથી કોઈ આર્થિક સહાય મળશે નહિ તેવી સ્પષ્ટતા કરવામાં આવી છે.)

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બાબતની નોંધ લેવી.

૫૮. તોલાણી કૉલેજ ઑફ આર્ટ્સ એન્ડ સાયન્સ, આદિપુરમાં સંસ્કૃતના પ્રાધ્યાપક તરીકે કામ કરી છૂટા થયેલા શ્રી. રામકૃષ્ણ શાસ્ત્રીના કેસ અંગે વિચારણા કરવા બાબત.

[નોંધ.—(૧) કૉલેજે તેમને યુનિવર્સિટીના નિયમો પ્રમાણે પગારધોરણ અને નિયમિત ઇજાફા ન આપ્યા અંગેની ફરિયાદ આવેલી છે.

(૨) કૉલેજના આચાર્યશ્રી જણાવે છે કે તેમની નિમણૂક કરારથી થયેલી હતી. હવે તેમણે કાનૂની રસ્તો લીધો છે એટલે નિર્ણયની રાહ જોવા સૂચન કર્યું છે અને સિન્ડિકેટમાં રિપોર્ટ થાય તો બન્ને પક્ષને રૂબરૂમાં રજૂઆત કરવાની તક આપવા વિનંતી કરી છે.]

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ કૉલેજમાંથી ફારેગ થયેલા પ્રાધ્યાપક શ્રી. રામકૃષ્ણ શાસ્ત્રીને યુનિવર્સિટીનાં ધારાધોરણ મુજબના પગારધોરણમાં તેમને મળવાપાત્ર થતો પગાર તથા વાર્ષિક ઇજાફાની રકમ ચૂકવી આપીને યુનિવર્સિટી કાર્યાલયને જાણ કરવા માટે સદરહુ કૉલેજને જણાવવું.

૫૯. આર્ટ્સ અને સાયન્સ કૉલેજ, ભાદરણમાંથી છૂટા થયેલા શ્રી. કે. ડી. પટેલના કેસ અંગે વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે આર્ટ્સ અને સાયન્સ કૉલેજ, ભાદરણમાંથી ફારેગ થયેલા લેક્ચરર શ્રી. કે. ડી. પટેલને લેક્ચરર તરીકે છૂટા કરવા માટે તેમને મળવાપાત્ર થતી રકમ ત્વરિત ચૂકવીને યુનિવર્સિટી કાર્યાલયને જાણ કરવા માટે સદરહુ કૉલેજને જણાવવું.

૬૦. શેઠ પી. ટી. આર્ટ્સ અને સાયન્સ કૉલેજ, ગોધરાના ભૂતપૂર્વ આચાર્યશ્રી ટી. એન. મહેતાને યુનિવર્સિટીનાં ધારાધોરણ અનુસાર ૬ માસના વેતન જેટલું વળતર ચૂકવવા અંગેના સિન્ડિકેટની તા. ૧૬/૧૭-૧-૧૯૬૧ની સભાના ઠરાવની કૉલેજને જાણ કરી અને તે રકમ ત્વરિત ચૂકવવાનું જણાવ્યા છતાં હજુ સુધી કૉલેજે તેમ કર્યાની જાણ કરી નથી તો તે અંગે વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બાબતની વિચારણા મોકૂફ રાખવી.

૬૧. તા. ૨૯/૩૦-૯-૧૯૭૧ તથા તા. ૮-૧-૧૯૭૨ના રોજ મળેલ સેનેટની વિશેષ સભામાં પસાર થયેલા નીચેના ઠરાવ પરત્વે આગળ ભરતાં પગલાં લેવા અંગે વિચારણા કરવા બાબત :

"યુનિવર્સિટીની સમિતિઓને, જુદાં જુદાં સત્તામંડળોને તેમ જ યુનિવર્સિટીની અન્ય કાર્યવાહી માટે કૉલેજો પાસેથી જરૂરી માહિતી માગવામાં આવે છે ત્યારે કૉલેજો તે માહિતી સમયસર પૂરી પાડતી નથી અને કેટલીક સંસ્થાઓ તો તે પત્રોના જવાબ આપવાની પણ દરકાર લેતી નથી. ગઈ સેનેટની સભા માટે જરૂરી માહિતી આ કારણે મળી શકી ન હતી. આ બાબતની આ સભા સખેદ નોંધ લે છે અને આવી કૉલેજો સામે પગલાં લેવા યુનિવર્સિટી સિન્ડિકેટને આ સભા વિનંતી કરે છે."

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બાબતની વિચારણા મોકૂફ રાખવી.

૬૨. સેનેટની તા. ૨૪/૨૫/૨૬-૩-૧૯૭૨ની વાર્ષિક સભામાં પુછાયેલ પ્રશ્નોત્તરીના સંદર્ભમાં નીચેની કૉલેજો તરફથી સેનેટ સભાની તારીખ સુધીમાં પણ માહિતી આવી નથી તે અંગે વિચારણા કરવા બાબત :

૧. બી. ડી. કૉલેજ, અમદાવાદ (ફક્ત મહિલાઓ માટે)
૨. સ્વામિનારાયણ આર્ટ્સ કૉલેજ, અમદાવાદ
૩. સરદાર વલ્લભભાઈ આર્ટ્સ કૉલેજ, અમદાવાદ
૪. અમદાવાદ આર્ટ્સ કૉલેજ, અમદાવાદ
૫. આર. કે આર્ટ્સ એન્ડ સાયન્સ કૉલેજ, પેટલાદ
૬. આર. આર. લાલન કૉલેજ, ભૂજ-કચ્છ
૭. લુણાવાડા આર્ટ્સ અને સાયન્સ કૉલેજ, લુણાવાડા
૮. સરસપુર આર્ટ્સ અને કૉમર્સ કૉલેજ, અમદાવાદ
૯. શ્રી કે કે. આર્ટ્સ અને કૉમર્સ કૉલેજ, ધંધુકા
૧૦. શ્રીમતી એચ. સી. પટેલ (કંડારી) આર્ટ્સ એન્ડ કૉમર્સ કૉલેજ, કરજણ
૧૧. આર્ટ્સ એન્ડ કૉમર્સ કૉલેજ, ખેડા
૧૨. પ્રકાશ કૉલેજ ઑફ એજ્યુકેશન, અમદાવાદ
૧૩. સેકન્ડરી ટીચર્સ ટ્રેનિંગ કૉલેજ, ખેડા
૧૪. આર. બી. સાગર કૉલેજ ઑફ એજ્યુકેશન, અમદાવાદ
૧૫. કૉલેજ ઑફ એજ્યુકેશન, ડભોઈ
૧૬. સ્વામિનારાયણ સાયન્સ કૉલેજ, અમદાવાદ
૧૭. અમદાવાદ સાયન્સ કૉલેજ, અમદાવાદ
૧૮. સરદાર વલ્લભભાઈ કૉમર્સ કૉલેજ, અમદાવાદ
૧૯. અમદાવાદ કૉમર્સ કૉલેજ, અમદાવાદ
૨૦. કૉમર્સ કૉલેજ, પેટલાદ
૨૧. શ્રી. એચ. કે. કૉમર્સ કૉલેજ, અમદાવાદ
૨૨. શાહ સી. કે મ્યુનિ. કૉમર્સ કૉલેજ, કલોલ
૨૩ શેઠ સી. એન. કૉમર્સ એન્ડ લૉ કૉલેજ, વીસનગર
૨૪. મોતીલાલ નહેરુ લૉ એન્ડ કૉમર્સ કૉલેજ, અમદાવાદ.

(**નોંધ.**—નીચેની કૉલેજો તરફથી માહિતી તા. ૧૫-૩-૧૯૭૨ પછી આવેલી હોઈ આ માહિતી સેનેટની સુધારાવધારાવાળી કામકાજની યાદીમાં સામેલ કરવામાં આવી ન હતી :

૧. એલ. ડી. આર્ટ્સ કૉલેજ, અમદાવાદ
૨. શેઠ એચ. પી. આર્ટ્સ ઍન્ડ તલોદ એસ. એમ. કૉમર્સ કૉલેજ, તલોદ
૩. આર્ટ્સ ઍન્ડ કૉમર્સ કૉલેજ, ઈડર
૪. એ. જી. ટીચર્સ કૉલેજ, અમદાવાદ
૫. કૉલેજ ઑફ એજ્યુકેશન, મુંદ્રા, કચ્છ
૬. શ્રીમતી એસ. એમ. પંચાલ સાયન્સ કૉલેજ, તલોદ
૭. ગવર્મેન્ટ સાયન્સ કૉલેજ, ગાંધીનગર
૮. સિટી કૉમર્સ કૉલેજ, અમદાવાદ
૯. સાર્વજનિક કૉમર્સ કૉલેજ, ગોધરા
૧૦. પીપલ્સ એજ્યુકેશન સોસાયટી લો કૉલેજ, ભૂજ-કચ્છ
૧૧. બી. જે. મેડિકલ કૉલેજ, અમદાવાદ
૧૨. એલ. એમ. કૉલેજ ઑફ ફાર્મસી, અમદાવાદ
૧૩. શ્રીમતી એન. એચ. એલ. મ્યુનિ. મેડિકલ કૉલેજ, અમદાવાદ
૧૪. શેઠ આર. એ. કૉલેજ ઑફ આર્ટ્સ ઍન્ડ કૉમર્સ, અમદાવાદ-૧)

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બાબતની વિચારણા મોકૂફ રાખવી.

૬૩. આચાર્ય ગિરીશભાઈ પટેલના નીચેના ઠરાવ પરત્વે વિચારણા કરવા બાબત :

"ચોથી પંચવર્ષીય યોજનાના સમય દરમ્યાન યુ.જી.સી.નાં નવાં પગારધોરણ અમલમાં મુકાયા પછી અને ખાસ કરીને પી.-જી. શિક્ષકોના રૂ. ૭૦૦-૪૦-૧,૧૦૦નું નવું પગારધોરણ અમલમાં આવ્યા પછી કૉલેજોના આચાર્યોનાં પગારધોરણ અત્યંત અસંતોષકારક બની ગયાં છે અને વિચિત્ર પરિસ્થિતિ ઉપસ્થિત થઈ છે. સંલગ્ન કૉલેજોના આચાર્યનું સ્થાન આપણી યુનિવર્સિટીમાં આગવું હોવાના કારણે તેમનાં પગારધોરણ તા. ૧૫-૬-૧૯૭૨થી યોગ્ય રીતે સુધારવા પગલાં ભરવામાં આવે."

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બાબતની વિચારણા મોકૂફ રાખવી.

બાબત નં. ૬૪ અને ૧૪૯ની વિચારણા સાથે કરવામાં આવી.

૬૪. તા. ૨૯/૩૦-૯-૧૯૭૧ તથા તા. ૮-૧-૧૯૭૨ના રોજ મળેલી સેનેટની વિશેષ સભામાં મંજૂર થયેલ નીચેના ઠરાવ પર આગળ વધતાં પગલાં લેવા અંગે વિચારણા કરવા બાબત :

"ગુજરાત સરકારે તેના તા. ૯-૩-૧૯૭૦ના ઠરાવથી સંલગ્ન કૉલેજોમાં પ્રાધ્યાપકોના ૨૫ ટકાને રૂ. ૭૦૦-૪૦-૧,૧૦૦ના પગારધોરણમાં મૂકવાનું ઠરાવેલું છે, અને અધ્યાપકોનાં નામ નક્કી કરીને સરકારે તે નામો સૂચવવાનું કામ યુનિવર્સિટી પર છોડયું છે. પરંતુ આ ઠરાવ થયે લગભગ દોઢ વર્ષ થવા આવ્યું છતાં નક્કર નિર્ણયશક્તિના અભાવે તે કામ યુનિવર્સિટીએ હજી સુધી પાર પાડયું નથી, તેની આ સભા નોંધ લે છે.

કૉલેજોના અધ્યાપકોને આ પગારધોરણ તા. ૧-૪-૧૯૬૬થી લાગુ પડે તે રીતે અમલી બનાવવાની કાર્યવાહી યુનિવર્સિટી હવે સત્વરે પૂરી કરી લે તેવી આ સભા યુનિવર્સિટીનાં લાગતાંવળગતાં મંડળોને વિનંતી કરે છે."

૧૪૯. ચોથી પંચવર્ષીય યોજના હેઠળ સંલગ્ન કૉલેજોમાં કાર્ય કરતા અનુસ્નાતક શિક્ષકોને તથા આચાર્યોને આપવાના અનુક્રમે રૂ. ૭૦૦-૪૦-૧,૧૦૦ અને રૂ. ૮૦૦-૫૦-૧,૨૫૦ના પગારધોરણ અંગે સિન્ડિકેટે તેની તા. ૧૪-૨-૧૯૭૧ની સભામાં નીમેલ સમિતિની તા. ૧૦-૩-૧૯૭૨ની સભાની ભલામણો પર વિચારણા કરવા બાબત.

[નોંધ.—સદરહુ બાબત તા. ૧૦-૩-'૭૨ના રોજ સિન્ડિકેટની સભા સમક્ષ હતી. તે અંગે શિક્ષણ સંચાલકશ્રી સાથે વિચારવિનિમય કરવા સિન્ડિકેટે નીચેના સભ્યોની નિમણૂક કરી હતી :

૧. શ્રી. રણજિતરાય ગં. શાસ્ત્રી

૨. આચાર્ય એલ. ડી. દવે

૩. પ્રો. કે. એસ. શાસ્ત્રી

૪. શ્રી. એસ. કે. ઝવેરી

૫. પ્રો. ચંદ્રશેખરન.]

લંબાણ ચર્ચાવિચારણાને અંતે સભાગૃહમાં વ્યક્ત થયેલાં જુદાં જુદાં મંતવ્યોને લક્ષમાં લીધા પછી સભાગૃહની વિચારણા માટે નીચે મુજબનો પ્રસ્તાવ રજૂ કરવામાં આવ્યો :

" આથી ઠરાવવામાં આવે છે કે ચોથી પંચવર્ષીય યોજના હેઠળ આચાર્યોને તથા અનુસ્નાતક શિક્ષકોને આપવાના અનુક્રમે રૂ. ૮૦૦-૫૦-૧,૨૫૦ અને રૂ. ૭૦૦-૪૦-૧,૧૦૦ના પગારધોરણના સંદર્ભમાં , ૧) તા. ૧-૪-૧૯૬૬ના રોજ સંલગ્ન કૉલેજોના આચાર્ય હોય અને માન્ય અનુસ્નાતક શિક્ષક હોય તેવા આચાર્યો પૈકી ૨૫ (પચ્ચીસ) ટકાની, અને (૨) અનુસ્નાતક શિક્ષક તરીકે યુનિવર્સિટીએ માન્ય કર્યા હોય તેવા તથા તા. ૧-૪-૧૯૬૬ના રોજ ઓછામાં ઓછા એક વર્ષનો અનુસ્નાતક શિક્ષણનો અનુભવ ધરાવતા હોય તેવા વ્યાખ્યાતાઓ અને પ્રાધ્યાપકો પૈકી ૧૨½ (સાડા બાર) ટકાની અનુસ્નાતક શિક્ષક તરીકેના ' સ્ટેન્ડિંગ 'ના ધોરણે ' સીનિયોરિટી ' મુજબ યાદી તૈયાર કરવા માટે નીચેના સભ્યોની બનેલી સમિતિની નિમણૂક કરવી :

(૧) આચાર્ય ગિરીશભાઈ પટેલ

(૨) પ્રો. કે. એસ. શાસ્ત્રી

(૩) ડૉ. એમ. એન. દેસાઈ

(૪) શ્રી. ભૂપેન્દ્રભાઈ પટેલ.

તે પર શ્રી. રણજિતરાય ગં. શાસ્ત્રીએ નીચેનો સુધારો રજૂ કર્યો :

" પોસ્ટ-ગ્રેજ્યુએટ સ્કેલ આપવા માટે ગુજરાત સરકારે જુદાં જુદાં પ્રતિનિધિમંડળોનાં મંતવ્યોને ધ્યાનમાં લઈ વારંવાર જી.આર.માં સુધારા કર્યા છે. આ હકીકતને ધ્યાનમાં લઈ શૈક્ષણિક દૃષ્ટિએ સિન્ડિકેટે એવો નિર્ણય લઈ ગુજરાત સરકાર પાસે રૂ. ૭૦૦-૪૦-૧,૧૦૦ને પાત્ર

બનનારની યાદી મૂકવી જોઈએ કે જેઓએ તા. ૧-૪-૧૯૬૬ પહેલાં પી.જી. ટીચર તરીકે ઓછામાં ઓછું એક વર્ષ કામ કર્યું હોય અને તા. ૧-૪-૧૯૭૦ સુધીમાં વધુમાં વધુ અનુસ્નાતક શિક્ષણ કર્યું હોય અને આ અંગે ૭૨૨ પડચે રાજ્ય સરકાર પાસે યોગ્ય રજૂઆત કરવી અને શૈક્ષણિક વાતાવરણ રાખવા જી.આર.માં ૭૨૨ પડચે ફેરફાર કરાવવા ઘટતું કરવું.'

તે પછી કેટલીક ચર્ચાવિચારણા બાદ શ્રી રણજિતરાય ગં. શાસ્ત્રીનો ઉપરનો સુધારો સભાગૃહે નામંજૂર કર્યો.

તે પછી નીચેનો પ્રસ્તાવ બહુમતે મંજૂર કરવામાં આવ્યો :

"આથી ઠરાવવામાં આવે છે કે ચોથી પંચવર્ષીય યોજના હેઠળ આચાર્યોને તથા અનુસ્નાતક શિક્ષકોને આપવાના અનુક્રમે રૂ. ૮૦૦ ૫૦-૧,૨૫૦ અને રૂ. ૭૦૦-૪૦-૧,૧૦૦નાં પગારધોરણના સંદર્ભમાં (૧) તા ૧-૪-૧૯૬૬ના રોજ સંલગ્ન કૉલેજોના આચાર્ય હોય અને માન્ય અનુસ્નાતક શિક્ષક હોય તેવા આચાર્યો પૈકી ૨૫ (પચ્ચીસ) ટકાની અને (૨) અનુસ્નાતક શિક્ષક તરીકે યુનિવર્સિટીએ માન્ય કર્યા હોય તેવા તથા તા ૧-૪-૧૯૬૬ના રોજ ઓછામાં ઓછા એક વર્ષનો અનુસ્નાતક શિક્ષકનો અનુભવ ધરાવતા હોય તેવા વ્યાખ્યાતાઓ અને પ્રાધ્યાપકો પૈકી ૧૨½ (સાડા-બાર) ટકાની અનુસ્નાતક શિક્ષક તરીકેની 'સ્ટેન્ડિંગ'ના ધોરણે 'સીનિયોરિટી' મુજબ યાદી તૈયાર કરવા માટે નીચેના સભ્યોની બનેલી સમિતિની નિમણૂક કરવી :

(૧) આચાર્ય ગિરીશભાઈ પટેલ

(૨) પ્રો. કે. એસ. શાસ્ત્રી

(૩) ડો. એમ. એન. દેસાઈ

(૪) શ્રી. ભૂપેન્દ્રભાઈ પટેલ.

નીચેની બાબતો નં. ૬૫થી ૭૧ની વિચારણા મોકૂફ રાખવામાં આવી હતી :

૬૫. તા. ૨૯/૩૦-૯-૧૯૭૧ તથા તા. ૮-૧-૧૯૭૨ના રોજ મળેલ સેનેટની વિશેષ સભામાં મંજૂર થયેલ નીચેના ઠરાવ પર આગળ ઘટતાં પગલાં લેવા અંગે વિચારણા કરવા બાબત :

"સેનેટની આ સભા સંબદ્ધ સત્તામંડળોને ભલામણ કરે છે કે અનુસ્નાતક અધ્યાપકોને આપવામાં આવતા વેતનના દરોમાં યોગ્ય સુધારો કરવો."

૬૬. તા. ૨૯/૩૦-૯-૧૯૭૧ તથા તા. ૮-૧-૧૯૭૨ના રોજ મળેલ સેનેટની વિશેષ સભામાં મંજૂર થયેલ નીચેના ઠરાવ પરત્વે આગળ ઘટતાં પગલાં લેવા અંગે વિચારણા કરવા બાબત :

"ગુજરાત રાજ્યના ફેક્ટરી ઍક્ટ અન્વયે યુનિવર્સિટી પ્રેસના જે કર્મચારીઓની પ્રૉવિડંટ ફંડની કપાત થતી હોય તેવા યુનિવર્સિટી પ્રેસના હંગામી કર્મચારીઓને જે તે જગ્યા પર પ્રૉવિડંટ ફંડ કપાતની આરંભ તારીખથી યુનિવર્સિટી પ્રેસનાં ધારાધોરણ અનુસાર કાયમ કરવા સેનેટની આ સભા સિન્ડિકેટને વિનંતી કરે છે."

૬૭. તા. ૨૯/૩૦-૯-૧૯૭૧ તથા તા. ૮-૧-૧૯૭૨ના રોજ મળેલ સેનેટની વિશેષ સભામાં મંજૂર થયેલ નીચેના ઠરાવ પર આગળ ઘટતાં પગલાં લેવા અંગે વિચારણા કરવા બાબત:

"ગુજરાત રાજ્યના ફેક્ટરી એક્ટ અન્વયે યુનિવર્સિટી પ્રેસના જે જે હંગામી કર્મચારીઓ ભારત સરકારના એક્ટ હેઠળ પ્રોવિડંટ ફંડનો લાભ મેળવવા પાત્ર થતા હોય તેમને યુનિવર્સિટી પ્રેસના કાયમી કર્મચારીઓને મળતાં કેજ્યુઅલ રજા, માંદગીની રજા, તહેવારોની રજા ઇત્યાદિ લાભો આપીને પ્રેસના કર્મચારીઓની બાબતમાં હાલ પ્રવર્તતાં બેવડાં ધોરણો નાબૂદ કરવા સેનેટની આ સભા સિન્ડિકેટને વિનંતી કરે છે."

૬૮. શ્રી. ઇન્દ્રવદન એ. મોદી તરફથી આવેલ નીચેના સૂચન પર વિચારણા કરવા બાબત :

"The rules for internal examination be amended in such a way that not more than two tests are taken in a year, so that more time is available for teaching."

૬૯. તા. ૨૯/૩૦-૯-૧૯૭૧ તથા તા. ૮-૧-૧૯૭૨ના રોજ મળેલ સેનેટની વિશેષ સભામાં મંજૂર થયેલ નીચેના ઠરાવ પર આગળ ઘટતાં પગલાં લેવા અંગે વિચારણા કરવા બાબત :

"ગુજરાત યુનિવર્સિટીની પરીક્ષાઓનાં પ્રશ્નપત્રોની સમીક્ષા કરાવવા માટે પ્રત્યેક પરીક્ષા પછી છ માસના સમયગાળા દરમિયાન ઘટિત કરાવવા સંબંધકર્તા સત્તામંડળોને આ સભા વિનંતી કરે છે."

૭૦. તા. ૨૯/૩૦-૯-૧૯૭૧ તથા તા. ૮-૧-૧૯૭૨ના રોજ મળેલ સેનેટની વિશેષ સભામાં મંજૂર થયેલ નીચેના ઠરાવ પર આગળ ઘટતાં પગલાં લેવા અંગે વિચારણા કરવા બાબત:

"કોલેજ કક્ષાએ લેવાતી પરીક્ષાઓની ઉત્તરવહીઓ પરીક્ષા બાદ વિદ્યાર્થીઓને કોઈ પણ જાતની ફી લીધા વિના જોવા દેવાની છૂટ આપવા અંગે યોગ્ય નિયમો ઘડવા સંબંધકર્તા સત્તામંડળોને આ સભા વિનંતી કરે છે."

૭૧. તા. ૨૯/૩૦-૯-૧૯૭૧ તથા તા. ૮-૧-૧૯૭૨ના રોજ મળેલી સેનેટની વિશેષ સભામાં પસાર થયેલા નીચેના ઠરાવ પર આગળ ઘટતાં પગલાં લેવા અંગે વિચારણા કરવા બાબત:

"કોલેજોમાં ટ્યુટોરિયલ પ્રથા દાખલ કરી છે ત્યારથી આજ દિન સુધીમાં ટ્યુટોરિયલ વર્ગમાં શું કરવું તે અંગે યુનિવર્સિટીએ કોલેજોને કોઇ માર્ગદર્શન આપ્યું નથી અને કદાચ તેને કારણે જ આ એક સુંદર પ્રયોગ નિષ્ફળ પુરવાર થવાની દિશામાં છે.

તો હજી પણ તેમાં મોડું થાય તે પહેલાં યુનિવર્સિટીની દરેક ફેકલ્ટીએ બેથી ત્રણ દિવસનો સેમિનાર યોજીને ટ્યુટોરિયલ કાર્યનું એક સામાન્ય માળખું ઘડી કાઢી વિષયના બોર્ડને મોકલી આપે, અને વિષયનું બોર્ડ તે સામાન્ય માળખાને લક્ષમાં રાખીને, છતાં પોતાના વિષયની જરૂરિયાતોને ઉમેરીને, દરેક વિષયનો ટ્યુટોરિયલ કાર્યનો એક આખરી નકશો તૈયાર કરે તે માટે યુનિવર્સિટી સક્રિય બને તેવી આ સભા યુનિવર્સિટીને ભલામણ કરે છે."

૭૨. સદરહુ બાબતની વિચારણા આગળ બાબત નં. ૪૫ સાથે કરવામાં આવેલી હોઇ તેનો બોધ તે ક્રમમાં દર્શાવવામાં આવી છે :

નીચેની બાબતો નં ૭૩થી ૭૮નો વિચારણા મોકૂફ રાખવામાં આવી હતી :

૭૩. આચાર્ય એલ. ડી. દવેએ નીચેના ઠરાવો સિન્ડિકેટની વિચારણા માટે મોકલેલ હોઇ તે પર વિચારણા કરવા બાબત :

"ગુજરાત યુનિવર્સિટીએ છેલ્લાં કેટલાંક વર્ષોથી શિક્ષકોની સલામતી, તેમનો કાર્યભાર, તેમનો પગાર, વિદ્યાર્થીઓએ ભરવાની ફી વગેરે અંગે પોતાની પાસે રહેલી સત્તાનો સદુપયોગ કરીને ઘણા સ્તુત્ય નિર્ણયો લીધા છે. પરંતુ શિક્ષકને ગૌરવભર્યું સ્થાન સમાજમાં મળે તે માટે હજુ ઘણું કરવાનું બાકી રહે છે. જેમ કે શિક્ષકોને પેન્શન, તેમના આરોગ્ય અંગે આર્થિક રાહત, તેમનાં બાળકોનો અભ્યાસ વગેરે.

સાથે સાથે આ યુનિવર્સિટીના નિર્ણયોથી કૉલેજોનું આર્થિક સ્વાસ્થ્ય પણ કથળ્યું છે તે હકીકત છે. હવે વધુ કૉલેજોની સ્થિતિ ગિરધરનગર કૉલેજ જેવી ન થાય અને વધુ શિક્ષકો બેકાર ન બને તે હેતુથી આ યુનિવર્સિટી સ્વીકારે છે કે કૉલેજોની આર્થિક સ્થિતિ જળવાઈ રહે તે જોવાની પોતાની નૈતિક ફરજ છે.

તેથી સરકારી ગ્રાંટ વગેરે મળી ગયા બાદ જે ખોટ કોઈ કૉલેજને રહે તેના ૫૦ ટકા યુનિવર્સિટી ગ્રાંટ તરીકે આપશે. વળી શિક્ષક સમાજથી ચાલતી કૉલેજોની પૂરી ખોટ (૧૦૦ ટકા) ગુજરાત યુનિવર્સિટી ભરપાઈ કરવા ઠરાવે છે.

૨. ગુજરાત યુનિવર્સિટીને સંલગ્ન કૉલેજોના શિક્ષકોને પેન્શન મળવું જોઈએ."

૭૪. તા. ૨૯/૨૦-૯-૧૯૭૧ અને તા. ૮-૧-૧૯૭૨ના રોજ મળેલ સેનેટની વિશેષ સભામાં પસાર થયેલ નીચેના ઠરાવ પર આગળ ભરતાં પગલાં લેવા અંગે વિચારણા કરવા બાબત :

"પ્રાધ્યાપકોને પોતાના વિષયનાં પુસ્તકો ખરીદવા અંગે મેચિંગ ગ્રાન્ટ આપવા અંગેની નીતિ ઘડી કાઢવા માટે સંબંધકર્તા સત્તામંડળને આ સભા વિનંતી કરે છે."

૭૫. સંલગ્ન કૉલેજોના શિક્ષકોએ રાજકીય પ્રવૃત્તિમાં ભાગ લેવાની બાબતમાં તેઓની સેવાઓના નિયમોમાં યોગ્ય જોગવાઈ કરવાના શેઠ એચ. પી. આર્ટ્સ એન્ડ તલોદ એસ. એમ. કૉમર્સ કૉલેજના આચાર્યશ્રીના સૂચન પર વિચારણા કરવા બાબત.

૭૬. પંકજ કેળવણી મંડળ, અમદાવાદ તથા કમલા એજ્યુકેશન ટ્રસ્ટ, અમદાવાદ તરફથી જૂન ૧૯૭૧થી શરૂ કરવામાં આવેલ શિક્ષણશાસ્ત્રની કૉલેજોને જોડાણ નહિ આપવાના રાજ્ય સરકારના જાહેરનામાને રદ કરવા સદરહુ ટ્રસ્ટો તરફથી ગુજરાત હાઈકોર્ટમાં કરેલ રિટ અરજી હાઈકોર્ટે માન્ય રાખી હોઈ તે પરત્વે વિચારણા કરવા બાબત.

૭૭. ઈજનેરી વિદ્યાશાખાની અનુસ્નાતક કક્ષાની પરીક્ષા અંગેના પરીક્ષકોને લઘુતમ વેતન કયા ધોરણે ચૂકવવું તે અંગે સ્પષ્ટતા કરવા બાબત.

(નોંધ.—અગાઉ સિન્ડિકેટે તેની તા. ૧૩/૧૬--૧૦--૧૯૭૧ની સભામાં ઇજનેરી વિદ્યાશાખાની નીચેની ભલામણ મંજૂર કરવાની ઍકેડેમિક કાઉન્સિલની ભલામણ સ્વીકારવી તેમ ઠરાવ્યું છે :

This Faculty recommends that minimum remuneration should be paid in the group as Semesters 1 and 2, 3 and 4, 5 and 6, 7 and 8, 9 and 10. Post-graduate examinations should be considered separately.)

૭૮. સેનેટે તેની તા. ૨૪/૨૫/૨૬-૩-૧૯૭૨ની સભામાં રૂ. ૨૦૪ નીચે મુજબ વંચાય તે રીતે સુધારવા અંગેનો પ્રસ્તાવ સિન્ડિકેટની પુનર્વિચારણા માટે મોકલ્યો હોઈ તે અંગે જરૂરી વિચારણા કરવા બાબત :

St. 204 :

The scales of pay of the teachers in the University departments are fixed as under :

1.	Professor	Rs. 1,100–50–1,300–60–1,600
2.	Reader	Rs. 700–50–1,250
3.	Lecturer	Rs. 400–40–800–50–950
4.	Demonstrator	Rs. 250–15–400

In addition to the above scales of pay, the teachers shall be entitled to Dearness Allowance, if any, at the rates that may be sanctioned by the Syndicate on the basis of the Gujarat Government pay-scales, in which Dearness Allowance is merged and such other allowances, if any, that may be sanctioned by the Syndicate from time to time.

Provided that it shall be competent for the Syndicate in its discretion to sanction the pay-scale of Rs. 1,100–50–1,300–60–1,600–100–1,800 to not more than one-third of the total number of such posts of Professors as may have been filled

on 1–4–1972 if, in the opinion of the Syndicate any or all of these one-third of the total number of Professors, by *virtue of their distinctive achievements in teaching and research deserve this higher scale.*

(*Note.*—No person shall demand this higher pay-scales as a matter of right.)"

૭૯. ફાર્મસી પરીક્ષાઓ મોડી લેવા અંગની વિનંતી તથા વધારાની ફરિયાદ લેવાની આચાર્યશ્રી ના પાડે છે તે અંગની ફરિયાદની બાબતમાં એલ. એમ. કૉલેજ ઑફ ફાર્મસી, અમદાવાદના વિદ્યાર્થી સંઘના મંત્રીના તા. ૯-૩-૧૯૭૨ના પત્ર પર તે કૉલેજના આચાર્યશ્રીના તા. ૧૫-૩-૧૯૭૨ના પત્રથી આવેલ મંતવ્યો પર વિચારણા કરીને આ બાબતમાં શું થઈ શકે તે અંગે વિચારણા કરવા બાબત

કેટલીક ચર્ચાવિચારણાને અંતે ઠરાવવામાં આવ્યું કે સદરહુ બાબતની નોંધ લેવી.

નીચેની બાબતો નં. ૮૦થી ૮૬ની વિચારણા મોકૂફ રાખવામાં આવી હતી:

૮૦. ગુજરાત યુનિવર્સિટી વિસ્તાર અધ્યાપક મંડળની તા. ૩૦-૧-૧૯૭૨ના રોજ મળેલી સભાએ પ્રોવિડંટ ફંડના નિયમોમાં ફેરફાર કરવા માટે કરેલાં સૂચનો પર વિચારણા કરવા બાબત.

૮૧. યુનિવર્સિટી ગ્રાન્ટ્સ કમિશનના કાયદાની પેટાકલમ ૨ (એફ) હેઠળની યાદીમાં કૉલેજોનાં નામ ઉમેરવા માટે યુનિવર્સિટી ગ્રાન્ટ્સ કમિશનના તા. ૧-૯-૧૯૭૧ના પત્રાંક એફ. ૩૩ ૩૪-૬૫ (સીડી) પીટીથી સૂચવેલ નવા નિયમો તથા તેના અનુસંધાનમાં યુનિવર્સિટી ગ્રાન્ટ્સ કમિશન તરફથી આવેલા તા. ૬-૧૨-૧૯૭૧ના પત્રાંક એફ. ૩૩-૩૪-૬૫ (સીડી) પીટી અને તા. ૧૧-૨-૧૯૭૨ના પત્રાંક એફ. ૩૩-૩૪-૬૫ (સીડી) પીટી પર વિચારણા કરવા બાબત.

૮૨. યુનિવર્સિટી દ્વારા લેવાતી જુદી જુદી પરીક્ષાઓના સંચાલન અંગે આર્ટ્સ-કૉમર્સ કૉલેજ, કડીના આચાર્યશ્રીના તા. ૨૫-૨-૧૯૭૨ના પત્રમાં કરવામાં આવેલ સૂચનો અંગે વિચારણા કરવા બાબત.

૮૩. સિન્ડિકેટે નીમેલી સ્થાયી વિકાસ આયોજન સમિતિની તા. ૨૮-૨-૧૯૭૨ની સભાની ભલામણો પર વિચારણા કરવા બાબત.

(**નોંધ.** — દસ વર્ષના વિકાસ અંગેનો પ્રસ્તાવ સિન્ડિકેટની મંજૂરીની અપેક્ષાએ રાજ્યસરકારશ્રીને મોકલી આપવામાં આવ્યો હતો અને તે સિન્ડિકેટની જાણ માટે મૂકવામાં આવ્યો હતો.)

૮૪. એમ. પી. શાહ કેન્સર હૉસ્પિટલ, અમદાવાદને તા. ૧૫-૬-૧૯૬૬થી સરકાર હસ્તક સોંપાઈ હોવાથી, તે બી. જે. મેડિકલ કૉલેજ, અમદાવાદનો એક ભાગ બને છે અને તેથી તેના શિક્ષકોને યુનિવર્સિટીના નિયમો પ્રમાણે માન્યતા આપવાની બાબતમાં સિન્ડિકેટે તેની તા. ૫/૬-૨-૧૯૭૨ની સભામાં નીમેલી સમિતિના અહેવાલ પર વિચારણા કરવા બાબત.

૮૫. સંલગ્ન કૉલેજોના શિક્ષકોની નિવૃત્તિ-વયમર્યાદા અંગેના નિયમોની પુનર્વિચારણા માટે શ્રી. એચ. કે. આર્ટ્સ કૉલેજ, અમદાવાદના આચાર્યશ્રી તરફથી આવેલ તા. ૧-૬-૧૯૭૨ના પત્રાંક ૬૫૯ પર વિચારણા કરવા બાબત.

૮૬. તા. ૩/૪-૧૦-૧૯૭૦ની સભાએ નીમેલ "પરીક્ષા સુધારણા સમિતિ"ના અહેવાલ, તેની જુદી જુદી ચાર સભાઓમાં થયેલી ભલામણોના આધારે સંકલિત, પર વિચારણા કરવા બાબત.

૮૭. યુનિવર્સિટી ગ્રંથાલયમાં મદદનીશ ગ્રંથપાલ તરીકે કામ કરતા શ્રી. આર. એસ. ગાંધીને ગુજરાત પુસ્તકાલય મંડળ સંચાલિત તાલીમ વર્ગો લેવાની મંજૂરી આપ્યાના કુલપતિશ્રીના કાર્યની નોંધ લેવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે કુલપતિશ્રીના સદરહુ કાર્યની નોંધ લેવી.

૮૮. કર્મચારી રાજ્ય વીમા યોજના હેઠળની જનરલ હૉસ્પિટલ, બાપુનગર, અમદાવાદને ઑર્ડિ. ૨૭૨ અને ૨૭૨-એ મુજબ ફરજિયાત રેટેટિંગ હાઉસમૅનશિપ માટે માન્યતા આપવા અંગે સિન્ડિકેટે નીમેલી તપાસસમિતિની નીચેની ભલામણ ઉપર વિચારણા કરવા બાબત :

"We recommend five internees for Surgical and Medical Departments each."

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ હૉસ્પિટલને પાંચ તાલીમાર્થીઓની તાલીમ (ફરજિયાત રેટેટિંગ હાઉસમૅનશિપ) માટે માન્ય કરવી.

૮૯. યુનિવર્સિટી કાર્યાલયમાં ટાઇપિસ્ટ તરીકે કામ કરતા શ્રી. ડી. જે. બાવીશીને સ્ટે. ૧૮૮(૨) હેઠળ બાંધકામ માટે તેમના ખાતે નીકળતી લોન આપવા માટે તેઓની તા. ૧-૪-૧૯૭૨ની અરજી ઉપર વિચારણા કરવા બાબત.

(**નોંધ.**—તેઓના પ્રૉ. ફંડ ખાતે રૂ. ૩,૩૬૦ જમા છે અને તેમની પ્રૉ. ફંડની લોન તથા વ્યાજના મળીને રૂ. ૬૬૦-૧૫ પૈસા બાદ કરતાં તેઓને રૂ. ૨,૬૯૯-૪૫ પૈસાની લોન મળી શકે.)

આથી ઠરાવવામાં આવે છે કે યુનિવર્સિટી કાર્યાલયના ટાઇપિસ્ટ શ્રી. ડી. જે. બાવીશીને સ્ટે. ૧૮૮(૨) હેઠળ મકાનના બાંધકામ માટે તેમના પ્રૉવિડન્ટ ફંડ ખાતે યુનિવર્સિટીનાં ધારાધોરણ મુજબ રૂ ૩,૩૬૦ની લોન મંજૂર કરવી.

૯૦. યુનિવર્સિટી કાર્યાલયમાં જુનિયર ક્લાર્ક તરીકે કામ કરતા શ્રી. પી. ટી. પટેલને સ્ટે. ૧૮૮(૨) હેઠળ મકાન મરામત ખાતે તેમના ખાતે નીકળતી લોન આપવા અંગે તેઓની તા. ૧-૪-૧૯૭૨ની અરજી ઉપર વિચારણા કરવા બાબત.

(નોંધ.— તેઓના પ્રો. ફંડ ખાતે રૂ. ૩,૭૩૩ જમા છે અને તેમની પ્રો ફંડની લોનના તથા વ્યાજના મળીને રૂ. ૮૦૮-૨૭ પૈસા બાદ કરતાં તેઓને રૂ. ૨,૯૩૦-૭૩ પૈસાની લોન મળી શકે.)

આથી ઠરાવવામાં આવે છે કે યુનિવર્સિટી કાર્યાલયના જુનિયર ક્લાર્ક શ્રી. પી. ટી. પટેલને સ્ટે. ૧૮૮(૨) હેઠળ મકાનમરામત માટે તેમના પ્રોવિડન્ટ ફંડ ખાતે યુનિવર્સિટીનાં ધારાધોરણ મુજબ રૂ. ૩,૭૩૩ની લોન મંજૂર કરવી.

૯૧. રાષ્ટ્રીય સેવા યોજનાના અધ્યાપકોનો તાલીમ શિબિર વેડછી મુકામે જે પાંચ દિવસને બદલે સાત દિવસનો યોજવાનું કુલપતિશ્રીએ મંજૂર કર્યું છે તેથી બે દિવસનો રૂ. ૧,૦૦૦ જેટલો વધારાનો ખર્ચ મંજૂર કરવા અંગે વિચારણા કરવા બાબત.

(નોંધ.— સિન્ડિકેટની તા. ૧૦-૩-૧૯૭૨ની સભામાં આ અંગેનો રૂ. ૭,૩૦૦નો ખર્ચ મંજૂર થયેલ છે જે હવે અંદાજે રૂ ૮,૩૮૦ જેટલો થશે.)

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ તાલીમ શિબિર પાંચને બદલે સાત દિવસનો કરવા માટેના કુલપતિશ્રીના કાર્યની નોંધ લેવી તથા તે માટે રૂ. ૧,૦૦૦નો વધારાનો ખર્ચ મંજૂર કરવો.

૯૨. મધ્યસ્થ યુવક કલ્યાણ સમિતિની તા. ૧૮-૨-૧૯૭૨ની સભામાં આગામી ઉનાળાની રજાઓમાં ૧૫ થી ૨૦ વિદ્યાર્થીઓ માટે હિમાલયમાં પગપાળા પ્રવાસ યોજવાનું સૂચન મંજૂર કરવામાં આવેલું હોઈ તે અંગે રૂ. ૧૦,૦૦૦ જેટલો અંદાજી ખર્ચ મંજૂર કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે ચાલુ વર્ષે ઉનાળાની રજાઓ દરમિયાન ૧૫થી ૨૦ વિદ્યાર્થીઓ માટે હિમાલયમાં પગપાળા પ્રવાસ યોજવા માટે રૂ. ૧૦,૦૦૦નો અંદાજી ખર્ચ મંજૂર કરવો.

૯૩. સેનેટ-સભ્ય આચાર્ય મહેશભાઈ એમ. દવેને યુનિવર્સિટી ધારાની કલમ ૨૫(૨) અનુસાર શિક્ષણ સહિતની વિનયનની વિદ્યાશાખા હેઠળની અભ્યાસસમિતિનું સભ્યપદ એનાયત કરવા બાબત.

[નોંધ.—(૧) આચાર્ય મહેશભાઈ એમ. દવેના એમ એ.માં તત્ત્વજ્ઞાન તથા મનોવિજ્ઞા ના વિષયો હતા.

(૨) શ્રી દવેએ મનોવિજ્ઞાન વિષયની અભ્યાસસમિતિ પર કામ કરવા પસંદગી દર્શાવી છે.]

આથી ઠરાવવામાં આવે છે કે આચાર્ય મહેશભાઈ એમ. દવેને મનોવિજ્ઞાનની અભ્યાસસમિતિનું સભ્યપદ આપવું.

૯૪. એપ્રિલ ૧૯૭૨ના સમય દરમિયાન બરદવાન યુનિવર્સિટીના ઉપક્રમે વિદ્યાર્થીઓ, શિક્ષકો અને બુદ્ધિશાળીઓ(Intellectuals)નું એક અખિલ ભારતીય અધિવેશન બરદવાન મુકામે મળનાર છે તેમાં યુનિવર્સિટીના પ્રતિનિધિને મોકલવા અંગે વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ અધિવેશનમાં આ યુનિવર્સિટીના કોઈ પ્રતિનિધિને મોકલવાની જરૂર જણાતી નથી.

૯૫. યુનિવર્સિટી કાર્યાલયના ડેટા પ્રોસેસિંગ વિભાગનાં મશીનો પર ફાજલ સમય દરમ્યાન કાર્યાલય સિવાયનાં બહારનાં કામો સરળતાથી કરી શકાય તે માટે મશીન-વપરાશ-કાર્ય અને સ્ટેશનરી વગેરેના દરો નીચે જણાવ્યા મુજબ રાખવા વિચારણા કરવા બાબત :

Sr. No.	*Machine/Item*	*Rate*
1.	IBM 447 Accounting Machine	Rs. 45/- per hour (Excluding stationery)
2.	IBM 514 Reproducing Punch	Rs. 20/- per hour
3.	IBM 082 Card Sorter	Rs. 10/- per hour
4.	IBM 024 Card Punch	Rs. 6/- per hour (Operator not provided)
5.	80 Column punch cards	Rs. 20/- per 1000 cards
6.	Punching job between 60 to 80 columns to be punched	Rs. 45/- per 1000 cards (Including card cost, machine rental, labour, etc.)
7.	Continuous forms single part 60 GSM (10" × 12", 12" × 12" or 15" × 12")	Rs. 40/- per 1000 forms

(અગાઉ આ મશીનો માટે બહારથી કામ લેવાનું સિન્ડિકેટે તેની તા. ૧૩/૧૬-૧૦-૧૯૭૧ની સભામાં મંજૂર કર્યું છે.)

આથી ઠરાવવામાં આવે છે કે યુનિવર્સિટી કાર્યાલયના ડેટા પ્રોસેસિંગ વિભાગનાં મશીનો, કાર્ડ, સ્ટેશનરી, વગેરેનો ઉપયોગ કાર્યાલયના કામકાજ સિવાયનાં બહારનાં કામો માટે કરવામાં આવે તો તે માટેના ચાર્જના દર ઉપર મુજબ મંજૂર કરવા.

૯૬. રાષ્ટ્રીય સેવા યોજનાની ૧૯૭૧-૭૨ના વર્ષ માટેની સલાહકાર સમિતિની મુદત પૂરી થતાં તેની પુનરૂરચના અંગે વિચારણા કરવા બાબત.

(નોંધ.—(અ) ગયા વર્ષે નીચેના સભ્યો હતા, જેમની મુદત તા. ૧૪-૬-૧૯૭૨ના રોજ પૂરી થાય છે :

(૧) કુલપતિશ્રી
(૨) આચાર્ય વાય. પી. શુકલ
(૩) આચાર્ય ડી. પી. ઠાકર
(૪) આચાર્ય એસ. આર. મહેતા
(૫) આચાર્ય હરિહર શુકલ
(૬) આચાર્ય એમ. સી. શાહ
(૭) આચાર્ય વી. જે. ત્રિવેદી
(૮) પ્રા. ડી. એચ. સુતરિયા
(૯) પ્રા. રમેશભાઈ ભટ્ટ
(૧૦) ડૉ. પરેશભાઈ મજમુદાર
(૧૧) પ્રા. જે. જી. સોલંકી
(૧૨) પ્રા. બાલુભાઈ પટેલ
(૧૩) શ્રી. ડાહ્યાભાઈ નાયક
(૧૪) શ્રી. બબલભાઈ મહેતા.

(બ) સલાહકાર સમિતિની રચના અંગે ભારત સરકારના હેવાલમાં નીચે પ્રમાણે ભલામણ છે :

" The Committee at the University level should not be too unwidely (not more than 20) and should provide representation to Principals/Heads of Departments involved in NSS (by rotation if necessary). The respective schools at social work/other training institutions should also be associated with the committee at the University level, wherever possible. The committee may also co-opt or invite experts. ")

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બાબતની વિચારણા મોકૂફ રાખવી.

૯૭. ફેડરલ રિપબ્લિક ઑફ જર્મનીમાં બોચમ ખાતે તા. ૨૧ મી ઑગસ્ટથી ૨૫ મી ઑગસ્ટ ૧૯૭૨ દરમ્યાન યોજનાર ફોટોબાયોલોજી પરના છઠ્ઠા આંતરરાષ્ટ્રીય અધિવેશનમાં હાજરી આપવા જવા માટે પરવાનગી માટેની તથા બોચમ જવા-આવવા મુસાફરી ખાતે બીજા ખર્ચ અંગે આર્થિક સહાય માટેની યુનિવર્સિટીના વિજ્ઞાન ભવનના વનસ્પતિવિજ્ઞાનના શ્રી. એમ. એમ. લાલોરિયાની અરજી ઉપર વિચારણા કરવા બાબત.

(નોંધ.—બીજા વર્ગના હવાઈભાડાના ૫૦ ટકા મોકલનાર સંસ્થા ભોગવે તો બાકીના ૫૦ ટકા ખર્ચ યુનિવર્સિટીને મળતી યુ.જી.સી.ની અનએસાઇન્ડ ગ્રાન્ટ ખાતે તે ખર્ચની જોગવાઈ

કરવી પડે. આ સિવાય બીજો કોઈ ખર્ચ મળી શકે નહીં. અત્રેથી બોચમ હવાઈભાડાનો આવતા-જતાનો રૂ ૭,૦૧૦ ખર્ચ અંદાજેલ છે. આ ઉપરાંત બીજો વધારાનો ખર્ચ રૂ. ૯૦૦ આશરે દર્શાવેલ છે.)

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બાબતની વિચારણા મોકૂફ રાખવી.

૯૮. સ્ટેટ યુનિવર્સિટી ઑફ ન્યૂયૉર્ક, બફેલો તરફથી તેમની યુનિવર્સિટીના ૨૦ અમેરિકન ગ્રેજ્યુએટ વિદ્યાર્થીઓને ભારતીય સંસ્કૃતિ, ભારતના શૈક્ષણિક કાર્યક્રમો ચાર માસ માટે ગુજરાત યુનિવર્સિટીની મુલાકાતે આવ્યા હતા તે અંગેના રૂ. ૬૫,૪૨૦ના પુનર્નિર્મિત અંદાજને મંજૂર કરવા તથા નીચે જણાવેલ કર્મચારીઓને તે અંગેની કામગીરી બજાવી તે અંગે વેતન સ્વીકારવા અંગેની પરવાનગી આપવા અંગે વિચારણા કરવા બાબત :

ક્રમાંક	કર્મચારીનું નામ	મૂળ પગાર રકમ રૂ.	અગાઉ ચૂકવેલ રકમ રૂ.	હવે સૂચવેલ વેતનની રકમ રૂ.	કુલ વેતનની રકમ રૂ.
૧.	પ્રો. ડી. એન. પાઠક (કો-ઑર્ડિનેટર તરીકે)	૧,૩૬૦	—	૭,૦૦૦	૭,૦૦૦
૨.	શ્રી. ટી. એ. ભાસ્કર	૪૬૫	૩૦૦	૭૦૦	૧,૦૦૦
૩.	શ્રી. એસ. એન. શાહ	૧૦૦ (અનમર્જ્ડ)	૧૩૫	૩૦૦	૪૩૫
૪.	શ્રી. ડબ્લ્યુ. એસ. ક્રિશ્ચિયન	૨૪૩	૧૬૫	૫૦૦	૬૬૫
૫.	શ્રી. આર. એચ. પટેલ	૨૧૩	૪૦	૧૦૦	૧૪૦
૬.	શ્રી. જે. પી. ચૌહાણ	૧૫૩	૪૦	૬૦	૧૦૦
	પટાવાળા				
૧.	શ્રી. ચિમનલાલ કે વાઘેલા	૧૫૩	૨૦	૨૦	૪૦
૨.	શ્રી. કાંતિલાલ પી. ડોડિયા	૧૫૩	૨૦	૨૦	૪૦
૩.	શ્રી. કાંતિલાલ ડી. વાઘેલા	૧૨૧	—	૨૦	૨૦
૪.	શ્રી. નાનજી ડી. વાઘેલા	૯૪	૨૦	૧૦૦	૧૨૦
૫.	શ્રી રમણલાલ વી. બાલેન્દ્ર	૯૪	૨૦	૨૦	૪૦
૬.	શ્રી. કાલિદાસ સી. સોલંકી	૯૪	૨૦	૨૦	૪૦
			૭૮૦	૮,૮૬૦	૯,૬૪૦

ક્રમાંક	કર્મચારીનું નામ	મૂળ પગાર રકમ રૂ.	અગાઉ ચૂકવેલ રકમ રૂ.	હવે સૂચવેલ વેતનની રકમ રૂ.	કુલ વેતનની રકમ રૂ.
	રહેવા તથા જાળવણીની વ્યવસ્થા માટે				
૧.	ડૉ. એચ. વી. સુથાર	—	—	૧,૦૦૦	૧,૦૦૦
૨.	શ્રી. પી. ડી. મિસ્ત્રી (એસ્ટેટ સુપરિન્ટેન્ડન્ટ)	૬૮૨	—	૩૦૦	૩૦૦
૩.	શ્રી. ડી. બી. સુતરિયા (બિલ્ડિંગ સુપરવાઇઝર)	૨૪૮ (અનમર્જ્ડ)	—	૧૫૦	૧૫૦
૪.	શ્રી. એન. પી. બારોટ (વર્કમેન)	૧૫૩	—	૭૫	૭૫
૫.	શ્રી. ડી. એન. વ્યાસ (વાયરમેન)	૨૧૨	—	૭૫	૭૫
૬.	શ્રી. જે. વી. સુથાર	૨૧૯	—	૭૫	૭૫
				૧,૬૭૫	૧,૬૭૫

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બાબતની વિચારણા મોકૂફ રાખવી.

૯૯. બિઝનેસ મૅનેજમેન્ટની અભ્યાસસમિતિની તા. ૪-૧૨-૧૯૭૧ની સભાની ભલામણ મુજબ રેગ્યુ. કૉમ.-૨ ને સુધારવા તથા તેને જૂન ૧૯૭૨થી અમલમાં મૂકવા માટેની ઍકેડેમિક કાઉન્સિલની તા. ૫/૬-૧-૧૯૭૨ની સભાની ભલામણ ઉપર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે ઍકેડેમિક કાઉન્સિલની ભલામણ મુજબ રેગ્યુ. કૉમ.-૨ સુધારીને તેને જૂન ૧૯૭૨થી અમલમાં મૂકવો.

(સુધારેલા રેગ્યુ. કૉમ.-૨ ની નકલ **પરિશિષ્ટ "ખ"** તરીકે સામેલ છે.)

૧૦૦. આચાર્યશ્રી ધીરુભાઈ ઠાકર તરફથી આવેલ નીચેના પ્રસ્તાવ ઉપર વિચારણા કરવા બાબત :

"યુનિવર્સિટી ગ્રાન્ટ્સ કમિશન તરફથી સ્ટાફ ક્વાર્ટર્સ બાંધવા માટે કૉલેજોને ગ્રાન્ટ આપવાની જે યોજના છે તેનો લાભ બીજી યુનિવર્સિટીઓ આચાર્યો માટેનાં નિવાસસ્થાનો બાંધવા માટે લઈ શકે છે, પરંતુ ગુજરાત યુનિવર્સિટી સાથે સંલગ્ન કૉલેજો તે લાભ લઈ શકતી નથી તેને અંગે નડતી મુશ્કેલીઓ જેવી કે જોડાણની શરતો વગેરે ધ્યાનમાં લઈને સદરહુ યુનિવર્સિટી ગ્રાન્ટ્સ કમિશનની ગ્રાન્ટનો લાભ આ યુનિવર્સિટી સાથે સંકળાયેલી કૉલેજો મેળવી શકે તેવો પ્રબંધ કરવા વિચારણા કરવા બાબત."

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બાબત અંગે યુનિવર્સિટી ગ્રાન્ટ્સ કમિશન સમક્ષ ઘટતી રજૂઆત કરીને આચાર્યો માટેનાં નિવાસસ્થાનો બાંધવા માટેનો ખર્ચ ગ્રાન્ટને પાત્ર ગણવા વિનંતી કરવી.

નીચેની બાબતો નં. ૧૦૧થી ૧૧૧ની વિચારણા મોકૂફ રાખવામાં આવી હતી:

૧૦૧. આચાર્યશ્રી એલ. ડી. દ્વવે અને પ્રો. કે. એસ. શાસ્ત્રી તરફથી આવેલ નીચેના પ્રસ્તાવ પર વિચારણા કરવા બાબત:

"All college teachers should be paid House Rent Allowance at the rate of 10% of their basic salary."

૧૦૨. આચાર્યશ્રી એલ ડી. દ્વવે અને પ્રો. કે. એસ. શાસ્ત્રી તરફથી આવેલ નીચેના પ્રસ્તાવ પર વિચારણા કરવા બાબત:

"The Children of the college teachers should be provided totally free education in the college where the teacher is employed."

૧૦૩. તા. ૨૯/૩૦-૯-૧૯૭૧ તથા તા. ૮-૧-૧૯૭૨ના રોજ મળેલ સેનેટની વિશેષ સભાના મંજૂર થયેલ નીચેના ઠરાવ પર આગળ વધતાં પગલાં લેવા વિચારણા કરવા બાબત:

"આથી ઠરાવવામાં આવે છે કે યુનિવર્સિટી શિક્ષણ વિદ્યાર્થીઓમાં આત્મવિશ્વાસ પ્રેરી શકે, તેમની કાર્યક્ષમતા વધારી શકે અને બેકારીમાંથી એમને ઉગારી શકે એ માટે કોઠારી શિક્ષણપંચે વર્ક-એકસપિરિયન્સનું તત્ત્વ દાખલ કરવાની જે ભલામણ કરી છે, એનો અમલ થાય એ માટે ચાલુ અભ્યાસક્રમોમાં કયા કયા તબક્કે શા શા ફેરફારો કરવા ઘટે અગર તો કૉલેજના સમયની અંદર કે બહાર બીજા કયા કયા કાર્યક્રમો યોજવા ઘટે એ અંગે વ્યવહારુ વિગતો સાથે ચોક્કસ કાર્યક્રમ તૈયાર કરવા માટેની એક કમિટી ઍકેડેમિક કાઉન્સિલ અને સિન્ડિકેટ નીમે એવી ભલામણ સેનેટની આ સભા કરે છે.

એ કમિટીમાં જરૂર જણાય તો અન્ય કેળવણીકારો, ઉદ્યોગ નિષ્ણાતો, વિકાસ અધિકારીઓ, સમાજસેવકો અને દૃષ્ટિવંત કુશળ બેડૂતોનો પણ સમાવેશ થાય એ ઇષ્ટ છે. સદરહુ કમિટી પોતાનો હેવાલ નિયુક્તિ પછી ત્રણ મહિનામાં યુનિવર્સિટી કાર્યાલયમાં પહોંચાડે એ અપેક્ષિત છે, જેથી એનો અમલ કરવાની તજવીજ તરત જ થઈ શકે."

૧૦૪. સેનેટની તા. ૨૪/૨૫/૨૬-૩-૧૯૭૨ની સભામાં અંદાજપત્ર પરત્વે નીચેનો પ્રસ્તાવ મંજૂર થયેલ હોઈ સદરહુ ઠરાવ પર આગળ વધતાં પગલાં લેવા અંગે વિચારણા કરવા બાબત:

"માર્ચ, ૧૯૭૧ની યુનિવર્સિટી સેનેટની સભાએ સર્વાનુમતે ઠરાવ કરીને સિન્ડિકેટને વિનંતી કર્યા છતાં, યુનિવર્સિટી પ્રેસના કર્મચારીઓનું સાઇકલ ભથ્થું તેમના મૂળ પગારમાં ભેળવવા બાબતમાં યુનિવર્સિટીના અન્ય કર્મચારીઓ કરતાં ભિન્ન (કેવળ નોશનલી) વ્યવહાર દાખવવામાં આવ્યો છે, તેને આ સભા ઉચિત ગણતી નથી. તો યુનિવર્સિટીના અન્ય કર્મચારીઓની બાબતમાં બન્યું છે તેમ, યુનિવર્સિટી પ્રેસના કર્મચારીઓનું સાઇકલ ભથ્થું પણ તા. ૧-૭-૧૯૬૮થી ભેળવીને તેમ જ તેનો વાસ્તવિક (નોશનલી નહિ) અમલ કરીને સેનેટે એકી-અવાજે પસાર કરેલા ઠરાવની ભાવનાને મૂર્ત કરવા અને એ રીતે સેનેટના સર્વાનુમતે ઠરાવનું યથાતથ પરિપાલન કરી ગૌરવ જાળવવા સેનેટની આ સભા સિન્ડિકેટને ફરી વાર વિનંતી અને અનુરોધ કરે છે. આના

સંદર્ભમાં યુનિવર્સિટીના અંદાજપત્રના પૃષ્ઠ ૩ ઉપર ખર્ચના મથાળા નં. ૧૬, યુનિવર્સિટી મુદ્રણાલયનો ૧૯૭૧-૭૨નો પુનર્નિર્મિત અંદાજ રૂ. ૪,૮૯,૫૦૦ સુધારીને પ્રતીક તરીકે તેમાં રૂ ૧,૦૦૦ (રૂ. એક હજાર)ના વધુ ખર્ચની જોગવાઈ કરવા સિન્ડિકેટને વિનંતી છે."

૧૦૫. સેનેટની તા. ૨૪/૨૫/૨૬-૩-૧૯૭૨ની સભામાં અંદાજપત્ર પરત્વે નીચેનો પ્રસ્તાવ મંજૂર થયેલ હોઈ સદરહુ ઠરાવ પર આગળ ઘટતાં પગલાં લેવા અંગે વિચારણા કરવા બાબત :

"યુનિવર્સિટી પ્રેસમાં કરવામાં આવતાં કામોના બિલના દર બજારભાવ કરતાં નીચા હોવાને કારણે પ્રેસનું બજેટ ખાધવાળું બને છે, તેથી પ્રેસનાં કામોનાં બિલો ગુજરાત રાજ્યનાં સરકારી પ્રેસોના ધોરણે બનાવવાની પ્રથા અપનાવીને "નહિ નફો-નહિ નુકસાન"નું ધોરણ આગામી નાણાકીય વર્ષથી એટલે કે તા. ૧-૪-૧૯૭૨થી રાખવા સેનેટની આ સભા સિન્ડિકેટને વિનંતી કરે છે. આના સંદર્ભમાં સને ૧૯૭૨-૭૩ના અંદાજપત્રના પૃ. ૨ ઉપર મથાળા નં. ૧૨માં મુદ્રણાલયની આવક રૂ. ૪,૦૩,૦૮૦ અંદાજી છે તેમાં પ્રતીક તરીકે રૂ. ૧,૦૦૦ની વધુ આવક બતાવવી એમ સિન્ડિકેટને વિનંતી છે."

૧૦૬. સેનેટની તા. ૨૪/૨૫/૨૬-૩-૧૯૭૨ની સભામાં અંદાજપત્ર પરત્વે નીચેનો પ્રસ્તાવ મંજૂર થયેલ હોઈ સદરહુ ઠરાવ પર આગળ ઘટતાં પગલાં લેવા અંગે વિચારણા કરવા બાબત :

"યુનિવર્સિટી પ્રેસની સ્થાપના થયાને વર્ષો થયાં છતાં યુનિવર્સિટી પ્રેસના કર્મચારીઓનાં રહેઠાણો માટે યુનિવર્સિટી તરફથી હજી સુધી કોઈ જોગવાઈ થઈ નથી તેની નોંધ લઈને, તેમજ પ્રેસ-કર્મચારીઓ માટે રહેઠાણની વ્યવસ્થા કરવાની બાબતનો યુનિવર્સિટીએ અગાઉ સૈદ્ધાંતિક સ્વીકાર કર્યો છે તેને ધ્યાનમાં લઈને, યુનિવર્સિટીની સેનેટની આ સભા યુનિવર્સિટીના સને ૧૯૭૨-૭૩ના અંદાજપત્રના પૃષ્ઠ ૨૭ ઉપર મથાળા નં. ૨૩ અને ૨૪ (કર્મચારીવર્ગનાં મકાનો - "સી" અને "ડી" ટાઈપ)માં કુલ રૂ. ૧,૦૦,૦૦૦ (રૂ. એક લાખ)ની સૂચિત જોગવાઈ છે તેમાંથી રૂ. ૨૫,૦૦૦ અલગ કાઢવાને બદલે વધારાના રૂ. ૨૫,૦૦૦ ઉમેરીને એમ કુલ રૂ. ૫૦,૦૦૦ની રકમ યુનિવર્સિટી પ્રેસના કર્મચારીઓનાં રહેઠાણો માટે વાપરવાની જોગવાઈ કરવા સિન્ડિકેટને વિનંતી કરે છે."

૧૦૭. સંલગ્ન કૉલેજોના વ્યાયામશિક્ષકોના પગારધોરણની સુધારણાને અનુલક્ષીને સંલગ્ન કૉલેજો અને માન્ય સંસ્થાઓના ગ્રંથપાલને પણ રૂ. ૩૦૦-૨૫-૬૦૦ના પગારનો લાભ આપવા અંગેના શ્રી એચ. કે. આર્ટ્સ કૉલેજ, અમદાવાદના આચાર્યશ્રીના તેમના તા. ૧-૩-૧૯૭૨ના પત્રથી કરેલા સૂચન પર વિચારણા કરવા બાબત.

૧૦૮. સરકારી છાપકામ અને લેખનસામગ્રી, રાજકોટે એપ્રિલ ૧૯૬૬ અને એપ્રિલ ૧૯૬૭ના વર્ષમાં રાજકોટ કેન્દ્ર ઉપરનાં યુનિવર્સિટીની પરીક્ષાઓનાં પ્રશ્નપત્રો છાપેલાં, તેમાં તેમના ઓવરહેડમની ગણતરીના બિલ નં. ૪૬, તા. ૧-૫-૧૯૬૯ના રૂ. ૭૨૮ અને બિલ

નં. ૫૭, તા. ૩-૫-૧૯૬૯ના રૂ. ૧,૩૦૨-૫૫ પૈસા, જે અગાઉ સિન્ડિકેટે તેની તારીખ ૧૪/૧૫-૩-૧૯૭૦ની સભામાં ચૂકવવાનું મંજૂર કરેલું; પરંતુ સદરહુ બંને બિલોમાં ગણતરી-ભૂલના તેઓના પૂરા બિલ નં. ૧૧૧, તા. ૩૦-૯-૧૯૬૦ના રૂ. ૧,૬૨૧-૩૦ પૈસા અને બિલ નં. ૧૧૨, તા. ૩૦-૯-૧૯૭૦ના રૂ. ૨,૭૮૯-૬૦ પૈસા મળીને કુલ્લે રૂ. ૪,૪૧૦-૯૦ પૈસા ચૂકવવાની માગણી કરતા સરકારી છાપકામ અને લેખનસામગ્રી, રાજકોટના પત્રાંક નં. જી. ૫-બિલિંગ ૫૮૧૦, તા. ૨૦-૩-૧૯૭૨ના પત્ર ઉપર વિચારણા કરવા બાબત.

(નોંધ.—સિન્ડિકેટે તેની તા. ૧૪/૧૫-૩-૧૯૭૦ની સભામાં ખાસ કેસ તરીકે રાજકોટ પ્રેસને એપ્રિલ ૧૯૬૦થી ૧૯૬૮ સુધીનાં વર્ષોના ઓવરટાઇમના તફાવતના રૂ. ૩૨,૮૫૭-૯૮ પૈસા ચૂકવવા માટે ઠરાવ્યું છે તે જ સમયના ગાળાનાં ઉપર જણાવેલ પૂરક બિલો છે.)

૧૦૯. એ. જી. ટીચર્સ કૉલેજ, અમદાવાદમાં શૈક્ષણિક કાર્ય કરતા શ્રી. પી. જે. પ્રજાપતિ શિક્ષણના ટ્યૂટર તરીકેની જરૂરી શૈક્ષણિક પાત્રતા ધરાવતા નહીં હોવાથી, તેમની ટ્યૂટર તરીકેની નિમણૂક ખાસ કેસ તરીકે વધુ એક વર્ષ (૧૯૭૨-૭૩ના શૈક્ષણિક વર્ષ પૂરતા) માન્ય કરવાની સદરહુ કૉલેજના આચાર્યશ્રીએ કરેલી વિનંતી પર વિચારણા કરવા બાબત.

[નોંધ. (૧) શ્રી. પી. જે. પ્રજાપતિ બી.એસસી.ની પદવી પ્રથમ વર્ગમાં, એમ.એસસી.ની પદવી બીજા વર્ગમાં અને બી.એડ.ની પદવી ડિસ્ટિંક્શન સાથે પ્રથમ વર્ગમાં ધરાવે છે.

(૨) નિયમ મુજબ બી.એડ. પછીનો બે વર્ષનો હાઈસ્કૂલનો અનુભવ ધરાવતા નથી.

(૩) સિન્ડિકેટે તેની તા. ૯/૧૬-૧-૧૯૭૨ની સભામાં ચાલુ વર્ષ પૂરતી (એટલે કે ૧૯૭૧-૭૨ના શૈક્ષણિક વર્ષ પૂરતી) અપવાદ તરીકે માફી રાખવામાં આવી હતી.]

૧૧૦. યુનિવર્સિટીની સંલગ્ન કૉલેજોમાં અંગ્રેજી માધ્યમ દ્વારા શિક્ષણ આપવા માટે અલગ ફી ન લેવાવી જોઈએ એમ જણાવતા રાષ્ટ્રીય વિદ્યાર્થી સંઘના પ્રમુખ તરફથી આવેલા પત્ર પર વિચારણા કરવા બાબત.

૧૧૧. માર્ચ-એપ્રિલ ૧૯૭૨માં લેવાયેલ એમ.કૉમ. ભાગ ૨ની પરીક્ષાના "બિઝનેસ મૅનેજમેન્ટ" વિષયના પ્રાશ્નિક-પરીક્ષક શ્રી. એચ. સી. પરીખ તેમ જ શ્રી. આર. એમ. દવે તરફથી અનુક્રમે આવેલ તા. ૨૪-૨-૧૯૭૨ના તેમ જ તા. ૮-૩-૧૯૭૨ના પત્ર પર વિચારણા કરવા બાબત.

(નોંધ.—તા. ૧૩-૧૧-૧૯૭૧ની સિન્ડિકેટે બાબત નં. ૭૧થી શ્રી. એચ. સી. પરીખને પાંચ વરસ માટે ડિબાર્ડ કરેલ છે અને તેમના સહપ્રાશ્નિક-પરીક્ષક શ્રી. આર. એમ. દવેને કાયમ માટે ડિબાર્ડ કરેલ છે.)

૧૧૨ (૧) એમ. બી. કૉલેજ ઑફ કૉમર્સ એન્ડ જી. એમ. નવલલાલજી આર્ટ્સ કૉલેજ, ઢહેગામના ગુજરાતીના ટ્યૂટર શ્રી. એમ. એન. મહેતાને તથા (૨) ભવન્સ આર્ટ્સ એન્ડ સાયન્સ કૉલેજ, ડાકોરના ભૌતિકશાસ્ત્રના ડેમોન્સ્ટ્રેટર શ્રી. બી. બી. પટેલને છૂટા કરવામાં આવેલા તે બાબતો અંગે તપાસ કરીને અહેવાલ રજૂ કરવા સિન્ડિકેટે તેની તા. ૯/૧૬-૧-૧૯૭૨ની સભામાં નીમેલ સમિતિના અહેવાલ પર વિચારણા કરવા બાબત.

(**નોંધ.**—સદરહુ કૉલેજોએ તે બંને શિક્ષકોને પાછા રાખ્યાની જાણ કરી છે.)

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બાબતની નોંધ લેવી

૧૧૩. યુનિવર્સિટી કાર્યાલયમાં જુનિયર ક્લાર્ક તરીકે કામ કરતા શ્રી. આઈ. એસ. શાહને સ્ટે. ૧૮૮ (૨) હેઠળ મકાન બાંધવાની રૂ. ૩,૦૦૦ની લોન આપવા અંગે તેઓની તા. ૧-૪-૧૯૭૨ની અરજી ઉપર વિચારણા કરવા બાબત.

(**નોંધ.**—તેઓ તા. ૧૩-૧૯૬૦થી જોડાયા છે અને કાયમી કર્મચારી છે. તેઓના પ્રોવિડંટ ફંડ ખાતે રૂ. ૩,૦૫૭ ૦૧ પૈ. જમા છે.)

આથી ઠરાવવામાં આવે છે કે યુનિવર્સિટી કાર્યાલયના જુનિયર ક્લાર્ક શ્રી. આઈ. એસ. શાહને સ્ટે. ૧૮૮ (૨) હેઠળ મકાનના બાંધકામ માટે તેમના પ્રૉવિડન્ટ ફંડ ખાતે યુનિવર્સિટીનાં ધારાધોરણ અનુસાર રૂ. ૩,૦૦૦ની લોન મંજૂર કરવી.

૧૧૪. યુનિવર્સિટી કાર્યાલયમાં આસિ. કૅશિયર તરીકે કામ કરતા શ્રી. એન. એન. શુક્લને સ્ટે. ૧૮૮(૨) હેઠળ તેમના મકાન-મરામત માટે પ્રૉવિડંટ ફંડના ખાતામાંથી તેમના ખાતે નીકળતી રકમની લોન આપવા માટેની તેઓની તા. ૧-૪-૧૯૭૨ની અરજી ઉપર વિચારણા કરવા બાબત.

(**નોંધ.**—તેઓના પ્રૉ. ફંડ ખાતે તા. ૩૧-૩-૧૯૭૨ના રોજ રૂ. ૩,૧૧૬-૦૫ પૈસા જમા છે, અને તેમના પ્રૉ. ફંડની લોનના રૂ. ૧,૨૬૦-૦૦ તથા તે ઉપરના વ્યાજના રૂ. ૧૮-૭૮ પૈસા બાદ કરતાં તેઓને રૂ. ૧,૮૩૭ની લોન મળી શકે છે.)

આથી ઠરાવવામાં આવે છે કે યુનિવર્સિટી કાર્યાલયના આસિ. કૅશિયર શ્રી. એન. એન. શુક્લને સ્ટે. ૧૮૮ (૨) હેઠળ મકાન-મરામત માટે તેમના પ્રૉવિડન્ટ ફંડ ખાતે યુનિવર્સિટીનાં ધારાધોરણ મુજબ રૂ. ૩,૧૧૬-૦૫ પૈસાની લોન મંજૂર કરવી.

૧૧૫. યુનિવર્સિટી કાર્યાલયમાં જુનિયર ક્લાર્ક તરીકે કામ કરતા શ્રી. બી. જે. મકવાણાને સ્ટે. ૧૮૮(૨) પ્રમાણે મકાનના બાંધકામ માટે પ્રૉવિડંટ ફંડના ખાતામાં તેમના ખાતે નીકળતી રકમની લોન આપવા માટેની તેઓની તા. ૪ ૪ ૧૯૭૨ની અરજી ઉપર વિચારણા કરવા બાબત.

(**નોંધ.**—તેઓના પ્રૉ. ફંડ ખાતે તા. ૧-૪-૧૯૭૨ના રોજ રૂ. ૩,૦૩૭-૮૩ પૈસા જમા છે અને તે પર તેમની પ્રૉ. ફંડની લોનના રૂ. ૧,૦૮૪ તથા તે પરના વ્યાજના રૂ. ૨૮-૦૬ પૈસા બાદ કરતાં તેઓને રૂ. ૧,૮૨૫ની લોન મળી શકે.)

આથી ઠરાવવામાં આવે છે કે યુનિવર્સિટી કાર્યાલયના જુનિયર ક્લાર્ક શ્રી. બી. જે. મકવાણાને સ્ટે. ૧૮૮ (૨) હેઠળ મકાનના બાંધકામ માટે તેમના પ્રૉવિડન્ટ ફંડ ખાતે યુનિવર્સિટીનાં ધારાધોરણ મુજબ રૂ. ૩,૦૩૭-૮૩ પૈસાની લોન મંજૂર કરવી.

૧૧૬. યુનિવર્સિટી કાર્યાલયમાં જુનિ. ક્લાર્ક તરીકે કામ કરતા શ્રી. આર. જે. પટેલને સ્ટે. ૧૮૮ (૨) હેઠળ મકાન બાંધવા માટે રૂ. ૩,૨૭૦ની લોન આપવા અંગે તેઓની તા. ૧-૪-૧૯૭૨ની અરજી ઉપર વિચારણા કરવા બાબત.

(નોંધ.—તેઓના પ્રૉ. ફંડ ખાતે રૂ. ૩,૨૭૨-૯૨ પૈસા જમા છે.)

આથી ઠરાવવામાં આવે છે કે યુનિવર્સિટી કાર્યાલયના જુનિયર ક્લાર્ક શ્રી. આર. જે. પટેલને સ્ટે. ૧૮૮(૨) હેઠળ મકાનના બાંધકામ માટે તેમના પ્રૉવિડન્ટ ફંડ ખાતે યુનિવર્સિટીનાં ધારાધોરણ મુજબ રૂ. ૩,૨૭૦ની લોન મંજૂર કરવી.

૧૧૭. યુનિવર્સિટી ગ્રંથાલયમાં જુનિ. ક્લાર્ક તરીકે કામ કરતાં શ્રીમતી નિશાબહેન એ. દેસાઈને સ્ટે. ૧૮૮ (૨) પ્રમાણે ફ્લેટ ખરીદવા માટે પ્રૉવિડંટ ફંડના ખાતામાંથી રૂ. ૪,૧૯૦ની લોન આપવા અંગેની તેઓની તા. ૧-૪-૧૯૭૨ની અરજી ઉપર વિચારણા કરવા બાબત.

(નોંધ.—તેઓના પ્રૉ. ફંડ ખાતે તા. ૧-૪-૧૯૭૨ના રોજ રૂ. ૪,૧૯૦-૧૧ પૈસા જમા છે. તેઓને રૂ. ૪,૧૯૦ની લોન મળી શકે છે.)

અને

૧૨૫. યુનિવર્સિટી કાર્યાલયમાં સિનિયર ઑપરેટર તરીકે કામ કરતા શ્રી. અનિલ એન. દેસાઈને સ્ટે. ૧૮૮(૨) હેઠળ ફ્લેટ ખરીદવા માટે પ્રૉવિડન્ટ ફંડના ખાતામાંથી રૂ. ૫,૪૦૦ની લોન આપવા અંગેની તેઓની તા. ૧-૪-૧૯૭૨ની અરજી ઉપર વિચારણા કરવા બાબત.

(નોંધ.--તેઓના પ્રૉવિડંટ ફંડ ખાતે તા. ૧-૪-૧૯૭૨ના રોજ રૂ. ૫,૪૦૨-૨૮ પૈસા જમા છે. તેઓને રૂ. ૫,૪૦૦ની લોન મળી શકે છે.)

બાબત નં. ૧૧૭ અને ૧૨૫ની વિચારણા સાથે કરવામાં આવી, અને શ્રી. અનિલ એન. દેસાઈ અને શ્રીમતી નિશાબહેન એ. દેસાઈ પતિ-પત્ની છે તે હકીકત સભાગૃહના ધ્યાન પર લાવવામાં આવી.

તે પછી ઠરાવવામાં આવ્યું કે યુનિવર્સિટી ગ્રંથાલયનાં જુનિયર ક્લાર્ક શ્રીમતી નિશાબહેન એ. દેસાઈને અને યુનિવર્સિટી કાર્યાલયના સિનિયર ઑપરેટર શ્રી. અનિલ એન. દેસાઈને સ્ટે. ૧૮૮(૨) હેઠળ ફ્લેટ ખરીદવા માટે તેમના પ્રૉવિડન્ટ ફંડ ખાતે યુનિવર્સિટીનાં ધારાધોરણ મુજબ અનુક્રમે રૂ. ૪,૧૯૦ તથા રૂ. ૫,૪૦૦ની લોન મંજૂર કરવી.

૧૧૮. યુનિવર્સિટીના સમાજવિદ્યા ભવનમાં રીડર તરીકે કામ કરતા શ્રી. એમ. જી. પારેખને સ્ટે. ૧૮૮ (૨) પ્રમાણે મકાનના બાંધકામ માટે પ્રૉ. ફંડના ખાતામાંથી રૂ. ૧૮,૦૦૦ની લોન આપવા અંગેની તેઓની તા. ૫-૪-૧૯૭૨ની અરજી ઉપર વિચારણા કરવા બાબત.

(નોંધ.—તેઓના પ્રૉ. ફંડ ખાતે તા. ૩૧-૩-૧૯૭૨ના રોજ રૂ. ૧૮,૪૦૦-૧૬ પૈસા જમા છે. તેઓને રૂ. ૧૮,૦૦૦ની લોન મળી શકે છે.)

આથી ઠરાવવામાં આવે છે કે યુનિવર્સિટીના સમાજવિદ્યા ભવનના રીડર શ્રી. એમ. જી. પારેખને સ્ટે. ૧૮૮(૨) હેઠળ મકાનના બાંધકામ માટે તેમના પ્રૉવિડન્ટ ફંડ ખાતે યુનિવર્સિટીનાં ધારાધોરણ મુજબ રૂ. ૧૮,૦૦૦ની લોન મંજૂર કરવી.

૧૧૯. યુનિવર્સિટી લેડીઝ હૉસ્ટેલનાં સુપરિન્ટેન્ડન્ટ શ્રીમતી બી. એસ. જોશીને તેઓના રૂ. ૩૧૩-૧૫-૩૪૩-૨૦-૪૪૩ ઈ.બી. ૨૦-૫૬૩ના પગારધોરણમાં તા. ૧-૬-૧૯૭૨થી રૂ. ૪૪૩ પછીના કાર્યક્ષમતા અંતરાય (એફિસિયન્સી બાર) ઓળંગવા અંગેની પરવાનગી આપવા અંગે વિચારણા કરવા બાબત.

શ્રીમતી ભદ્રાબહેન એસ. જોશીની કામગીરી અંગેનો ખાનગી અહેવાલ સભાગૃહ સમક્ષ રજૂ કરવામાં આવ્યો.

તે પછી ઠરાવવામાં આવ્યું કે શ્રીમતી ભદ્રાબહેન એસ. જોશીને યુનિવર્સિટી લેડીઝ હૉસ્ટેલનાં સુપરિન્ટેન્ડન્ટની જગ્યા પર રૂ. ૩૧૩-૧૫-૩૪૩-૨૦-૪૪૩ ઈ.બી. ૨૦-૫૬૩ના પગારધોરણમાં રૂ. ૪૪૩થી આગળ તા. ૧-૬-૧૯૭૨થી કાર્યક્ષમતા અંતરાય ઓળંગવા માટે મંજૂરી આપવી.

૧૨૦. યુનિવર્સિટીના નીચેના કર્મચારીઓને તેઓનાં નામ સામે બતાવેલ પગાર-ધોરણમાં જણાવેલ તારીખથી કાર્યક્ષમતા અંતરાય (એફિસિયન્સી બાર) ઓળંગવાની મંજૂરી આપવા અંગે વિચારણા કરવા બાબત :

ક્રમાંક	નામ તથા હોદ્દો	પગારધોરણ	કઈ તારીખથી
૧.	શ્રી. એ. સી. ત્રિવેદી, જુ. ક્લાર્ક	૧૫૩-૫-૧૮૩-૧૦-૨૪૩ ઈ.બી. ૧૫-૪૦૮-૨૦-૪૪૮	૧-૬-૧૯૭૨
૨.	શ્રી. એ. ડી. ત્રિવેદી, જુ. ક્લાર્ક	,,	૧-૬-૧૯૭૨
૩.	શ્રી. આર. પી. દવે, જુ. ક્લાર્ક	,,	૧-૬-૧૯૭૨
૪.	શ્રી. કે. કે. શ્રોફ, જુ. ક્લાર્ક	,,	૧-૬-૧૯૭૨
૫.	શ્રી. આર. આર. ગાંધી, જુ. ક્લાર્ક	,,	૧-૬-૧૯૭૨.

સદરહુ સભ્યોની કામગીરી અંગેના ખાનગી અહેવાલો સભાગૃહ સમક્ષ રજૂ કરવામાં આવ્યા.

તે પછી ઠરાવવામાં આવ્યું કે સદરહુ સભ્યોને રૂ. ૧૫૩-૫-૧૮૩-૧૦-૨૪૩ ઈ.બી. ૧૫-૪૦૮-૨૦-૪૪૮ના પગારધોરણમાં રૂ. ૨૪૩થી આગળ તા. ૧-૬-૧૯૭૨થી કાર્યક્ષમતા અંતરાય ઓળંગવા માટે મંજૂરી આપવી.

૧૨૧. યુનિવર્સિટી પ્રેસના મશીનમૅન શ્રી. ચી. ડી. ભટ્ટને તા. ૧૨-૪-૧૯૭૨ના રોજ ૬૩ વર્ષ પૂરાં થતાં હોઈ તેમની સેવાની મુદત લંબાવવાની બાબત સિન્ડિકેટ સમક્ષ વિચારણા અર્થે હોઈ તા. ૧૩-૪-૧૯૭૨થી તા. ૩૧-૮-૧૯૭૨ સુધીના વચગાળાના સમય માટે તેમની સેવાઓ ચાલુ રાખવાના કુલપતિશ્રીના કાર્યની નોંધ લેવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે કુલપતિશ્રીના સદરહુ કાર્યની નોંધ લેવી.

૧૨૨. સિન્ડિકેટે તેની તા. ૪/૧૦-૩-૧૯૭૩ની સભામાં યુનિવર્સિટી પ્રેસના મશીનમૅન શ્રી. પી. ડી. ભટ્ટની તબીબી તપાસ યુનિવર્સિટી આરોગ્ય કેન્દ્રના ચીફ મેડિકલ ઑફિસર પાસે કરાવવા ઠરાવેલ તેના સંદર્ભમાં શ્રી. ભટ્ટની તબીબી તપાસ અંગેના ચીફ મેડિકલ ઑફિસર ડૉ. સી. આર. ત્રિવેદીના તા. ૩-૪-૧૯૭૨ના રિપોર્ટને અનુલક્ષીને શ્રી. ભટ્ટની સેવાઓ તા. ૧૩-૪-૧૯૭૨થી વધુ એક વર્ષ માટે લંબાવવા અંગે વિચારણા કરવા બાબત.

(**નોંધ.**—સિન્ડિકેટે તેની તા. ૧૭/૧૮-૪-૧૯૭૧ની સભામાં તેમની નિવૃત્તિ-વયમર્યાદામાં એક વર્ષનો વધારો કર્યો છે. શ્રી. ભટ્ટને તા ૧૨-૪-૧૯૭૨ના રોજ ૬૩ વર્ષ પૂરાં થાય છે.).

શ્રી. પી. ડી. ભટ્ટની તબીબી તપાસ અંગેનો ડૉ. સી. આર. ત્રિવેદીનો ખાનગી અહેવાલ સભાગૃહ સમક્ષ રજૂ કરવામાં આવ્યો.

તે પછી ઠરાવવામાં આવ્યું કે યુનિવર્સિટી પ્રેસના મશીનમૅન શ્રી. પી. ડી. ભટ્ટની મશીનમૅન તરીકેની નિમણૂક તા. ૧૩-૪-૧૯૭૨થી તા. ૧૨-૪-૧૯૭૩ સુધી લંબાવવી.

૧૨૩. યુનિવર્સિટીના આરોગ્યકેન્દ્રના વિકાસ અંગે યુનિવર્સિટી ગ્રાન્ટ્સ કમિશન તરફથી તેમના તા. ૨૯-૩-૧૯૭૨ના પત્રાંક એફ. ૧૩-૧-૭૦(એસ.એ. ૩)થી અનાવર્તક આર્થિક સહાય ૭૫ ટકાના ધોરણે રૂ. ૧,૫૦,૦૦૦ની મકાન તથા સાધનોની ખરીદી માટે તથા આવર્તક આર્થિક સહાય ૫૦ ટકાના ધોરણે વાર્ષિક રૂ. ૩૦,૦૦૦ના સ્ટાફના પગાર તથા બીજાં ભથ્થાં માટે મંજૂર કર્યાની નોંધ લેવા તથા તે માટે આગળ વધતાં પગલાં લેવા માટે વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બાબતની નોંધ લેવી અને તે મુજબ યુનિવર્સિટીના આરોગ્ય કેન્દ્રના વિકાસ અંગેની જરૂરી કાર્યવાહી હાથ ધરવી.

૧૨૪. એમ.ડી. બ્રાન્ચ ૯ (રેડિયોડાયગ્નોસિસ)ની પ્રાયોગિક પરીક્ષામાં લેબોરેટરી સ્ટાફની જરૂરિયાત નિયત કરવા અંગે વિચારણા કરવા બાબત.

(**નોંધ.**—ડીનનું સૂચન નીચે મુજબ છે:

પરીક્ષાનું નામ	પ્રેપરેશનના દિવસ	ક્લિનિકના દિવસ	એક્સપર્ટ આસિ.	લેબોરેટરી આસિ.	હમાલ	નોંધ
એમ.ડી. બ્રાન્ચ ૯	૧	એક દિવસ એક લેબોરેટરી આસિ. એક હમાલ	* ૧	૧	૨	* ૧૦ વિદ્યાર્થીઓમાં એક એક્સપર્ટ આસિ.)

આથી ઠરાવવામાં આવે છે કે એમ.ડી. બ્રાન્ચ ૯(રેડિયોડાયગ્નોસિસ)ની પ્રાયોગિક પરીક્ષા માટે ઉપર મુજબ લેબોરેટરી સ્ટાફ મંજૂર કરવો.

૧૨૫. સદરહુ બાબતની વિચારણા આગળ બાબત નં. ૧૧૭ સાથે કરવામાં આવેલી નોંધ તેની ક્રમમાં દર્શાવવામાં આવી છે.

૧૨૬. અંગ્રેજીની અભ્યાસસમિતિની તા. ૨–૩–૧૯૭૨ની સભાની ભલામણ અનુસાર—

(૧) ત્રીજા વર્ષ બી.એ., બી.એસસી.ના ફરજિયાત અંગ્રેજીના અભ્યાસક્રમ અંગેના રેગ્યુ. આર્ટ્સ–૧૨ અને રેગ્યુ. સાયન્સ–૧૫ આ સાથે આપેલા પરિશિષ્ટ મુજબ સુધારવા તથા સુધારેલા રેગ્યુલેશનો જૂન ૧૯૭૨થી અમલમાં મૂકવા;

(૨) પહેલા, બીજા અને ત્રીજા વર્ષ બી.એ.ના મરજિયાત અંગ્રેજી વિષયના અભ્યાસક્રમ અંગેના રેગ્યુ. આર્ટ્સ–૨, રેગ્યુ. આર્ટ્સ–૭ તથા રેગ્યુ. આર્ટ્સ–૧૨ તથા એમ.એ. ભાગ ૧ અને એમ.એ. ભાગ ૨ના અભ્યાસક્રમ અંગેના રેગ્યુ. એમ.એ.–૪ તથા રેગ્યુ. એમ.એ.–૭ સાથે આપેલા પરિશિષ્ટ મુજબ સુધારવા તથા સુધારેલા રેગ્યુલેશનો નીચે મુજબ અમલમાં મૂકવા :

રેગ્યુ. આર્ટ્સ–૨	... જૂન ૧૯૭૩
રેગ્યુ. આર્ટ્સ–૭	... જૂન ૧૯૭૪
રેગ્યુ. આર્ટ્સ–૧૨	... જૂન ૧૯૭૫
રેગ્યુ. એમ.એ.–૪	... જૂન ૧૯૭૩
રેગ્યુ. એમ.એ.–૭	... જૂન ૧૯૭૪

(૩) અંગ્રેજી(ફરજિયાત)ના અભ્યાસક્રમની નીચે પ્રમાણે પુનઃ ફાળવણી કરવા :

"(1) Section I– ... 35 marks

Language work

(Grammar and modern usage)

(2) Section II—Texts ... 35 marks

No poems or poetic plays to be prescribed for F.Y. to T.Y. classes, only Victorian and Post-Victorian Texts in Prose will be prescribed from Essays, Fiction, Plays, Biographies, Translation, etc. "

(૪) અંગ્રેજીની અભ્યાસસમિતિની નીચેની ભલામણ મંજૂર કરવા અંગેની તા. ૬/૭–૪–૧૯૭૨ની સભાની ભલામણો પર વિચારણા કરવા બાબત :

" For Additional English at Pre-University the Board is in favour of prescribing unabridged Modern text of about 200 pages. The question on essay should continue."

આથી ઠરાવવામાં આવે છે કે—

(૧) એકેડેમિક કાઉન્સિલની ભલામણ મુજબ રેગ્યુ. આર્ટ્સ–૧૨ અને રેગ્યુ. સાયન્સ–૧૫ ને સુધારવા અને તેને જૂન ૧૯૭૨થી અમલમાં મૂકવા.

(૨) સદરહુ રેગ્યુલેશન મંજૂર કરવા તથા તે રેગ્યુલેશનોને ઉપર મુજબ ક્રમિક ધોરણે અમલમાં મૂકવા.

(સુધારેલા રેગ્યુ. આર્ટ્સ–૨, આર્ટ્સ–૭, આર્ટ્સ–૧૨, એમ.એ.–૪ અને એમ.એ.–૭, અને સાયન્સ–૧૫ની નકલ **પરિશિષ્ટ "ગ"** તરીકે સામેલ છે.)

(૩) સદરહુ ભલામણ મંજૂર કરવી.

(૪) સદરહુ ભલામણ મંજૂર કરવી.

૧૨૭. સંલગ્ન કૉલેજમાં આચાર્યનો કુલ શૈક્ષણિક કાર્યભાર ટ્યુટોરિયલ સહિત વધુમાં વધુ નવ રાખવા તથા તે પ્રમાણે ઑર્ડિ. ૧૨૦-એ ૩(૭)માં નીચે પ્રમાણે ઉમેરવા તથા તેને જૂન ૧૯૭૨થી અમલમાં મૂકવા અંગેની ઍકેડેમિક કાઉન્સિલની તા. ૬/૭-૪-૧૯૭૨ની સભાની ભલામણ પર વિચારણા કરવા બાબત :

(*vii*) Principal : 9 periods of 45 minutes (40 plus 5 each or 6.45 hours)

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બાબતની વિચારણા મોકૂફ રાખવી.

૧૨૮. ગૃહવિજ્ઞાનની અભ્યાસસમિતિની તા. ૨૯-૩-૧૯૭૨ની સભાની ભલામણ અનુસાર ગૃહવિજ્ઞાનનો પ્રથમ, દ્વિતીય અને તૃતીય વર્ષ બી.એ.નો અભ્યાસક્રમ આ સાથે આપેલા પરિશિષ્ટ મુજબ મંજૂર કરવા તથા સંબંધકર્તા રેગ્યુ. આર્ટ્સ-૨, રેગ્યુ. આર્ટ્સ-૭ અને રેગ્યુ. આર્ટ્સ-૧૨ને જૂન ૧૯૭૨થી અમલમાં મૂકવા અંગેની ઍકેડેમિક કાઉન્સિલની તા. ૬/૭-૪-૧૯૭૨ની સભાની ભલામણ પર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે ઍકેડેમિક કાઉન્સિલની ભલામણ મુજબ રેગ્યુ. આર્ટ્સ-૨, રેગ્યુ. આર્ટ્સ-૭ અને રેગ્યુ. આર્ટ્સ-૧૨ સુધારવા તથા તેને જૂન ૧૯૭૨થી અમલમાં મૂકવા.

(સુધારેલા રેગ્યુ. આર્ટ્સ-૨, આર્ટ્સ-૭ અને આર્ટ્સ-૧૨ની નકલ **પરિશિષ્ટ "છ"** તરીકે સામેલ છે.)

૧૨૯. આંકડાશાસ્ત્રની અભ્યાસસમિતિની તા. ૮-૩-૧૯૭૨ની સભાની ભલામણ અનુસાર પ્રી-યુનિ. વિનયન તથા પહેલા અને બીજા વર્ષ બી.એ.ના સ્ટેટિસ્ટિકલ મેથડ્ઝનો અભ્યાસક્રમ આ સાથે આપેલા પરિશિષ્ટ મુજબ સુધારવા અને તે મુજબ સુધારેલા રેગ્યુલેશન પ્રી-આર્ટ્સ-૨ તથા રેગ્યુ. આર્ટ્સ-૨ને જૂન ૧૯૭૨થી અમલમાં મૂકવા અને બીજા વર્ષ બી.એ.ના અભ્યાસક્રમ અંગેના સુધારેલા રેગ્યુ. આર્ટ્સ-૭ને જૂન ૧૯૭૩થી અમલમાં મૂકવા અંગેની ઍકેડેમિક કાઉન્સિલની તા. ૬/૭-૪-૧૯૭૨ની સભાની ભલામણ પર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે ઍકેડેમિક કાઉન્સિલની ભલામણ મુજબ રેગ્યુ. પ્રી-આર્ટ્સ-૨ તથા રેગ્યુ. આર્ટ્સ-૨ ને સુધારવા તથા તેને જૂન ૧૯૭૨થી અમલમાં મૂકવા, તથા રેગ્યુ. આર્ટ્સ-૭ને સુધારવો તથા તેને જૂન ૧૯૭૩થી અમલમાં મૂકવો.

(સુધારેલા રેગ્યુ. પ્રી-આર્ટ્સ-૨, રેગ્યુ. આર્ટ્સ-૨ અને રેગ્યુ. આર્ટ્સ-૭ની નકલ **પરિશિષ્ટ "ચ"** તરીકે સામેલ છે.)

૧૩૦. આંકડાશાસ્ત્રની અભ્યાસસમિતિની તા. ૮-૩-૧૯૭૨ની સભાની ભલામણો અનુસાર—

(અ) એમ.એ. અને એમ.એસસી. ભાગ ૨ના સ્ટેટિસ્ટિક્સ વિષયના પ્રશ્નપત્ર ૭—ઇન્ડસ્ટ્રિયલ સ્ટેટિસ્ટિક્સ ઑપરેશન્સ રિસર્ચ ઍન્ડ કૉમ્પ્યુટર પ્રોગ્રામિંગમાં આ સાથે આપેલા પરિશિષ્ટ મુજબ સુધારો કરવા તથા તેને જૂન ૧૯૭૨થી અમલમાં મૂકવાની ઍકેડેમિક કાઉન્સિલની તા. ૬/૭-૪-૧૯૭૨ની સભાની ભલામણ પર વિચારણા કરવા બાબત.

(બ) એમ.એ. અને એમ.એસસી. ભાગ ૧ના સ્ટેટિસ્ટિક્સ વિષયના પ્રશ્નપત્ર ૨ના અભ્યાસક્રમની વિગતોમાંથી નીચેનો મુદ્દો રદ કરવો તથા તે મુદ્દો પ્રશ્નપત્ર ૩ના અભ્યાસક્રમની વિગતોમાં ઉમેરવા તથા તે સુધારો જૂન ૧૯૭૨થી અમલમાં મૂકવાની એકેડેમિક કાઉન્સિલની તા. ૬/૭-૪-૧૯૭૨ની સભાની ભલામણ પર વિચારણા કરવા બાબત :

(Multinomial and Multivariate normal distribution)

આથી ઠરાવવામાં આવે છે કે એકેડેમિક કાઉન્સિલની ભલામણ મુજબ—

(અ) એમ.એ. પાર્ટ ૨—રેગ્યુ. એમ.એ.-૮ અને એમ.એસસી. પાર્ટ ૨—રેગ્યુ. એમ.એસસી.-૬ મંજૂર કરવા તથા તેને જૂન ૧૯૭૨થી અમલમાં મૂકવા;

(બ) એમ.એ. પાર્ટ ૧—રેગ્યુ. એમ.એ. ૫ અને એમ.એસસી. પાર્ટ ૧—રેગ્યુ. એમ.એસસી.-૪ મંજૂર કરવા તથા તેને જૂન ૧૯૭૨થી અમલમાં મૂકવા.

(સુધારેલા રેગ્યુ. એમ.એ.-૮ અને એમ.એ.-૫ તથા એમ.એસસી.-૬ અને એમ.એસસી.-૪ની નકલ પરિશિષ્ટ "છ" તરીકે સામેલ છે.)

૧૩૧. એક્ચ્યુઅરિયલ સાયન્સ અને સ્ટેટિસ્ટિક્સ તથા સ્ટેટિસ્ટિક્સની અભ્યાસ-સમિતિની તા. ૮-૩-૧૯૭૨ની સંયુક્ત સભાની ભલામણ અનુસાર વાણિજ્યના નવા માળખા પ્રમાણે, પહેલા વર્ષ બી.કૉમ.ના, એક્ચ્યુઅરિયલ સાયન્સ અને સ્ટેટિસ્ટિક્સ વિષયોના અભ્યાસક્રમ તથા બીજા અને ત્રીજા વર્ષ બી.કૉમ.ના સ્ટેટિસ્ટિક્સ વિષયનો અભ્યાસક્રમ આ સાથે આપેલા પરિશિષ્ટ મુજબ સુધારવા અને તે માટે સુધારેલા રેગ્યુલેશનો નીચે મુજબ અમલમાં મૂકવાની એકેડેમિક કાઉન્સિલની તા. ૬/૭-૪-૧૯૭૨ની સભાની ભલામણ પર વિચારણા કરવા બાબત :

પ્રથમ વર્ષ બી.કૉમ.—રેગ્યુ. કૉમર્સ-૨	...	જૂન ૧૯૭૨ થી
બીજું વર્ષ બી.કૉમ.—રેગ્યુ. કૉમર્સ-૮	...	જૂન ૧૯૭૩ થી
ત્રીજું વર્ષ બી.કૉમ—રેગ્યુ. કૉમર્સ-૧૩	...	જૂન ૧૯૭૪ થી

આથી ઠરાવવામાં આવે છે કે એકેડેમિક કાઉન્સિલની ભલામણ મુજબ પહેલું વર્ષ બી.કૉમ.—રેગ્યુ. કૉમર્સ-૨, તથા બીજું વર્ષ બી.કૉમ.—રેગ્યુ. કૉમર્સ-૮ તથા ત્રીજું વર્ષ બી.કૉમ.—રેગ્યુ. કૉમર્સ-૧૩ને મંજૂર કરવા તથા તેને ક્રમશઃ જૂન ૧૯૭૨થી, જૂન ૧૯૭૩થી તથા જૂન ૧૯૭૪થી અમલમાં મૂકવા.

(સદરહુ સુધારેલા રેગ્યુલેશનોના સંબંધકર્તા ભાગની નકલ પરિશિષ્ટ "જ" તરીકે સામેલ છે.)

૧૩૨. જનરલ સ્ટડીઝના વગેરેની અભ્યાસસમિતિની તા. ૧૮-૪-૧૯૭૨ની સભાની ભલા-મણ અનુસાર જુનિયર ઓલ્ટરનેટ એમ.ના અભ્યાસક્રમ અંગેના લૉ: રેગ્યુલેશન્સ ૧૨(ન્યૂ)માં મુખ્ય ૧૦માં પબ્લિકેશન્સ ઇન્ટરનેશનલ લૉ—પ્રશ્નપત્ર ૩ અને ૪ અક્ષરશ: પ્રાઇવેટ ઇન્ટરનેશનલ લૉ—પ્રશ્નપત્ર ૩ અને ૪ છે તેના વિકલ્પમાં કૉન્સ્ટિટ્યૂશનલ લૉ—પ્રશ્નપત્ર ૩ અને ૪ ઉમેરવા

અને તેનો અભ્યાસક્રમ નીચે મુજબ રાખ્યો અને સુધારેલો લૉ રેગ્યુ. ૧૨ (ન્યૂ) જૂન ૧૯૭૨થી અમલમાં મૂકવાની એકેડેમિક કાઉન્સિલની તા. ૬/૭-૪-૧૯૭૨ની સભાની ભલામણ પર વિચારણા કરવા બાબત :

(અ) **Constitutional Law :**

Paper III—Comparative Federalism in India, U.S.A., Canada and Australia.

Paper IV—Parliamentary form of Government in the British Commonwealth.

(બ) સિનિયર એલએલ.એમ.ના અભ્યાસક્રમ અંગેના રેગ્યુ. ૧૨(ન્યૂ)માં ગ્રુપ ૧નો અભ્યાસક્રમ નીચે મુજબ સુધારવા અને સુધારેલા રેગ્યુ. ૧૨(ન્યૂ)ને જૂન ૧૯૭૨થી અમલમાં મૂકવાની એકેડેમિક કાઉન્સિલની તા. ૬/૭-૪-૧૯૭૨ની સભાની ભલામણ ઉપર વિચારણા કરવા બાબત :

Senior LL.M :

Group-I : Jurisprudence, International Law and Constitutional Law

Paper I : Legal Philosophy and Legal Institutions in a changing society with special reference to India.

Paper II : Legislation, Principles, Interpretations and Drafting.

Paper III : Law and the Economic System in India. Government Regulation of Private enterprise.

Paper IV : Administrative Law in India, U.K. and U.S.A.

આથી ઠરાવવામાં આવે છે કે એકેડેમિક કાઉન્સિલની ભલામણ મુજબ—

(અ) સુધારેલો લૉ રેગ્યુ. ૧૨ મંજૂર કરવો તથા તેને જૂન ૧૯૭૨થી અમલમાં મૂકવો; તથા

(બ) સુધારેલો રેગ્યુ. ૧૨ (ન્યૂ) મંજૂર કરવો તથા તેને જૂન ૧૯૭૩થી અમલમાં મૂકવો.

૧૩૩. કાયદાની વિદ્યાશાખાની તા. ૪-૪-૧૯૭૨ની સભાની ભલામણ અનુસાર ત્રીજી એલએલ.બી.ની પરીક્ષા માટે લૉ રેગ્યુ. ૧૭-એ (ન્યૂ) નીચે મુજબ ઉમેરવા તથા તે મુજબનો રેગ્યુલેશન જૂન ૧૯૭૨થી અમલમાં મૂકવા અંગેની એકેડેમિક કાઉન્સિલની તા. ૬/૭-૪-૧૯૭૨ની સભાની ભલામણ ઉપર વિચારણા કરવા બાબત.

Law R. 10-A (New) :

No candidate at the Third LL.B. Examination shall be allowed to appear in the examination unless :

(1) he obtains a certificate from a practising law teacher to the effect that he has attended 15 days in each term in the court of Law.

(2) he has attended at least three Civil and three Criminal matters, other original or appellate, under the guidance of the practising law teacher and produces certificate to the effect.

(3) he has attended at least one moot court in each term.

આથી ઠરાવવામાં આવે છે કે ઍકેડેમિક કાઉન્સિલની ભલામણ મુજબ લૉ. રેગ્યુ. ૧૦-એ માં ઉપર મુજબ ઉમેરો કરવો તથા તેને જૂન ૧૯૭૨થી અમલમાં મૂકવો.

૧૩૪. કાયદાની વિદ્યાશાખાની તા. ૪-૪-૧૯૭૨ની સભાની ભલામણો અનુસાર –

(૧) ત્રીજી એલએલ.બી.ની પરીક્ષામાં પ્રશ્નપત્ર ૬ તરીકે અંગ્રેજી વિષયનો નીચેનો પ્રશ્નપત્ર ઉમેરવા અને તે માટે લૉ રેગ્યુ. ૧૦ (ન્યૂ) સુધારવા અને તે સુધારેલો રેગ્યુ. જૂન ૧૯૭૨ થી અમલમાં મૂકવા બાબત :

Paper VI : **English for Lawyers**

1. 'Learning the Law' by G. Panwill Williams.
2. 'Rational Strength of English law'.

(૨) આ પ્રશ્નપત્ર શીખવવા માટે લાયકાતનું ધોરણ કાયદાના વિષયો શીખવવા માટેનાં ધોરણો મુજબ રાખવાની ઍકેડેમિક કાઉન્સિલની તા. ૬/૭-૪-૧૯૭૨ની સભાની ભલામણ પર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે—

(૧) લૉ. રેગ્યુ. ૧૦ (ન્યૂ)માં ઉપર મુજબ પ્રશ્નપત્ર ઉમેરવો તથા તેને જૂન ૧૯૭૨થી અમલમાં મૂકવો; તથા

(૨) સદરહુ ભલામણ મંજૂર કરવી.

૧૩૫. કાયદાની વિદ્યાશાખાની તા. ૪-૪-૧૯૭૨ની સભાની ભલામણ અનુસાર એલએલ.બી. (જનરલ) અને એલએલ.બી. (સ્પેશિયલ) અભ્યાસક્રમમાં સેમેસ્ટર પદ્ધતિ દાખલ કરવા અને તેને ક્રમશઃ જૂન ૧૯૭૨ થી અમલમાં મૂકવાની ઍકેડેમિક કાઉન્સિલની તા. ૬/૭-૪-૧૯૭૨ની સભાની ભલામણ ઉપર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે ઍકેડેમિક કાઉન્સિલની ભલામણ મુજબ લૉ સેમેસ્ટર ઑર્ડિ. ૧, ૨ અને ૩ તથા લૉ સેમેસ્ટર રેગ્યુ. ૧, ૩, ૩-એ, ૪, ૫, ૬, ૬-એ, ૧૦, ૧૦-એ અને ૧૧ સુધારવા તથા પહેલી અને બીજી એલએલ.બી.ના અભ્યાસક્રમ અંગેના સુધારેલા ઑર્ડિનન્સો અને રેગ્યુલેશનો તથા ત્રીજી એલએલ.બી.(સ્પેશિયલ)ના સુધારેલા ઑર્ડિનન્સો અને રેગ્યુલેશન ક્રમશઃ જૂન ૧૯૭૨થી અમલમાં મૂકવા.

(સુધારેલા રેગ્યુલેશનો તથા ઑર્ડિનન્સોની નકલ **પરિશિષ્ટ "ઝ"** તરીકે સામેલ છે.)

૧૩૬. ઇજનેરી વિદ્યાશાખાની તા. ૩૦-૩-૧૯૭૨ ની સભાએ કરેલ ભલામણ અનુસાર આર. એન્જિ. એસ. ૨, આર. એન્જિ. એસ. ૩, આર. એન્જિ. એસ. ૪, આર. એન્જિ. એસ. ૫, આર. એન્જિ. એસ. ૬, આર. એન્જિ. એસ. ૭ અને આર. એન્જિ. ૮, આર. એન્જિ. એસ. ૯, આર. એન્જિ. એસ. ૧૦ અને આર. એન્જિ. એસ. ૧૧ આ સાથે

આપેલ પરિશિષ્ટ મુજબ સુધારવા અને સુધારેલા રેગ્યુલેશનો જૂન ૧૯૭૨ના શૈક્ષણિક વર્ષથી અમલમાં મૂકવા અંગેની ઍકેડેમિક કાઉન્સિલની તા. ૬/૭-૪-૧૯૭૨ની સભાની ભલામણ અનુસાર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે ઍકેડેમિક કાઉન્સિલની ભલામણ મુજબ આર. એન્જિ. એસ. ૨થી આર. એન્જિ. એસ. ૧૧ મંજૂર કરવા તથા તેને જૂન ૧૯૭૨થી અમલમાં મૂકવા.

(સુધારેલા રેગ્યુ. એન્જિ એસ. ૨થી એન્જિ. એસ. ૧૧ની નકલ **પરિશિષ્ટ "૬"** તરીકે સામેલ છે)

૧૩૭. વાણિજ્યની અભ્યાસસમિતિની તા. ૫-૪-૧૯૭૨ની સભાની ભલામણો અનુસાર—

(૧) પ્રથમ વર્ષ બી.કૉમ.નો કૉમર્શિયલ કૉરસપોન્ડન્સ વિષયનો અભ્યાસક્રમ આ સાથે આપેલા પરિશિષ્ટ મુજબ રાખવા તથા સંબંધકર્તા રેગ્યુ. કૉમર્સ-૨ને સુધારી જૂન ૧૯૭૨થી અમલમાં મૂકવા,

(૨) પ્રથમ વર્ષ બી.કૉમ.નો બૅંકિંગ-૧નો અભ્યાસક્રમ આ સાથેના આપેલા પરિશિષ્ટ મુજબ રાખવા તથા સંબંધકર્તા રેગ્યુ. કૉમર્સ-૨ ને સુધારી જૂન ૧૯૭૨થી અમલમાં મૂકવા,

(૩) પ્રથમ વર્ષ બી.કૉમ.નો ઇકોનોમિક્સ ઑફ ટ્રાન્સપોર્ટ પેપર ૧નો હાલનો અભ્યાસક્રમ ચાલુ રાખવા, તથા

(૪ ઇકોનોમિક્સ ઑફ કૉટનનું પ્રથમ વર્ષ બી.કૉમ.નું પેપર ૧, બીજા વર્ષ બી.કૉમ.નું પેપર ૨ અને ત્રીજા વર્ષ બી.કૉમ નું પેપર ૩ અને ૪ના અભ્યાસક્રમો આ સાથે આપેલા પરિશિષ્ટ મુજબ રાખવા તથા તે અંગેના સંબંધકર્તા રેગ્યુ. કૉમર્સ-૨, રેગ્યુ. કૉમર્સ-૮ અને રેગ્યુ. કૉમર્સ-૧૩ સુધારી અનુક્રમે જૂન ૧૯૭૨, જૂન ૧૯૭૩ અને જૂન ૧૯૭૪થી અમલમાં મૂકવાની ઍકેડેમિક કાઉન્સિલની તા. ૬/૭-૪-૧૯૭૨ની સભાની ભલામણ ઉપર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે ઍકેડેમિક કાઉન્સિલની ભલામણ મુજબ—

(૧) રેગ્યુ. કૉમર્સ-૨ ને સુધારીને મંજૂર કરવો, અને તેને જૂન ૧૯૭૨થી અમલમાં મૂકવો; તથા

(૨) રેગ્યુ. કૉમર્સ-૨ ને મંજૂર કરવો, અને તેને જૂન ૧૯૭૨થી અમલમાં મૂકવો; તથા

(૩) સદરહુ ભલામણ મંજૂર કરવી; તથા

(૪) રેગ્યુ. કૉમર્સ-૨, કૉમર્સ-૮ અને કૉમર્સ-૧૩ને મંજૂર કરવા તથા તેને અનુક્રમે જૂન ૧૯૭૨, જૂન ૧૯૭૩ અને જૂન ૧૯૭૪થી અમલમાં મૂકવા.

(સદરહુ સુધારેલા રેગ્યુલેશનોની નકલ **પરિશિષ્ટ "૭"** તરીકે સામેલ છે.)

૧૩૮. પોસ્ટ-ડિપ્લોમા ડિગ્રી અભ્યાસક્રમ સેમેસ્ટર ૬ (મિકેનિકલ)ના ડાયનેમિક્સ ઑફ મશીનરી-૨ વિષય, સેમેસ્ટર ૯ (મિકેનિકલ)ના સદરહુ વિષયનો અભ્યાસક્રમ આ વિષયના અભ્યાસક્રમ જેવો હોઈ તે માટે શિક્ષણ-પરીક્ષણની સ્કીમ નીચે મુજબ સુધારવા અને તે માટે પી.ડી.ડી.સી.ના રેગ્યુ. એન્જિ.-૧૫નો સંબંધકર્તા ભાગ સુધારી સદરહુ

સુધારેા એપ્રિલ ૧૯૭૨ની પરીક્ષાથી અમલમાં આવે તે રીતે સુધારવાની એકેડેમિક કાઉન્સિલની તા. ૬/૭-૪-૧૯૭૨ ની સભાની ભલામણ ઉપર વિચારણા કરવા બાબત :

Teaching Scheme		Examination Scheme					
Periods of one hour		*Theory marks*	*Hrs.*	*Sessional marks*	*Practical and Sketching marks*	*Term Works marks*	*Total Marks*
Theory	*Lab./Pract. Drug./Tuto.*						
4	2	100	3	50	..	50	200

આથી ઠરાવવામાં આવે છે કે એકેડેમિક કાઉન્સિલની ભલામણ મુજબ સુધારેલેા રેગ્યુ. એન્જી-૧૫ મંજૂર કરવેા તથા તેને એપ્રિલ ૧૯૭૨ની પરીક્ષાથી અમલમાં મૂકવેા.

૧૩૯. બી.ઇ. સિવિલ, મિકેનિકલ, ઇલેકિટ્રકલ અને કેમિકલ એન્જિનિયરિંગ શાખાઓ. (સેમેસ્ટર પદ્ધતિ)ના અભ્યાસક્રમની પુસ્તિકાના પ્રથમ પાના ઉપર છાપવામાં આવેલ શુદ્ધિ-પત્રકના સંદર્ભમાં અભ્યાસક્રમની પુસ્તિકામાંની કેટલીક છાપભૂલેા નીચે પ્રમાણે સુધારવા તથા સંબંધકર્તા રેગ્યુલેશન આર. એન્જ. એસ.-૧૭ અને આર. એન્જ. એસ.-૧૮ સુધારવા તથા જૂન ૧૯૭૨થી અમલમાં મૂકવા અંગેની એકેડેમિક કાઉન્સિલની તા. ૬/૭-૪-૧૯૭૨ની સભાની ભલામણ ઉપર વિચારણા કરવા બાબત :

(૧) બી.ઇ. ૩ (એમ. એન્ડ ઇ.) સબજેક્ટ સેમેસ્ટર ૫ના એમ.ઇ. ૫૦૫ મશીન ડિઝાઇન ૧ માટેનેા અભ્યાસક્રમ પાના નં. ૬૫-૬૬ ઉપરથી એમ.ઇ. ૬૦૪ ઇલેકિટ્રકલ મશીન ૧ના મથાળા નીચે આપેલેા છે તે ગણવેા અને સેમેસ્ટર-૬ એમ.ઇ. ૬૦૪ ઇલેકિટ્રકલ મશીન ૧ માટેનેા અભ્યાસક્રમ પાના નં. ૬૦ ઉપરથી એમ.ઇ. ૫૦૫ મશીન ડિઝાઇન ૧ના મથાળા નીચે આપેલેા અભ્યાસક્રમ ગણવેા.

(૨) બી.ઇ. ૪ સબજેક્ટ સેમેસ્ટર ૮ના ૩ ઇ. ૮૦૪ ઇલેકિટ્રકલ મશીનરી-૨ માટેનેા અભ્યાસક્રમ પાના નં. ૭૮-૭૯ ઉપરથી ઇ. ૭૦૩ એલિમેન્ટ્સ ઑફ ઇલેકિટ્રકલ ડિઝાઇન-સના મથાળા નીચે આપેલેા છે તે ગણવેા અને સેમેસ્ટર ૭, ૭૦૩ એલિમેન્ટ્સ ઑફ ઇલેકિટ્રકલ ડિઝાઇન માટેનેા અભ્યાસક્રમ પાના નં. ૯૫-૯૬ ઉપરથી ઇ. ૮૦૪ ઇલેકિટ્રકલ મશીન્સ ૨ના મથાળા નીચે આપેલેા છે તે ગણવેા.

આથી ઠરાવવામાં આવે છે કે એકેડેમિક કાઉન્સિલની ઉપરની ભલામણ નં. ૧ અને ૨ મંજૂર કરવી.

૧૪૦. ફાર્મસીની અભ્યાસસમિતિની ભલામણ અનુસાર બી.ફાર્મ.ના જૂના અભ્યાસ-ક્રમમાં વર્ગ એનાયત કરવા માટે ત્રણેય પરીક્ષાના માર્કસ ગણતરીમાં લેવામાં આવે છે તે બાબતમાં નવા બી.ફાર્મ.ના અભ્યાસક્રમમાં વર્ગ આપવાની પ્રથા હાલ છે તે અપનાવવી

અને બી.ફાર્મ.માં પાસ થવા માટેના જૂના ધોરણ અંગેનો રેગ્યુ. ફાર્મસી-૩૭ આ સાથે આપેલા પરિશિષ્ટ મુજબ સુધારવા અને માર્ચ-એપ્રિલ ૧૯૭૨ની પરીક્ષાથી અમલમાં મૂકવાની એકેડેમિક કાઉન્સિલની તા. ૬/૭-૪-૧૯૭૨ની સભાની ભલામણ ઉપર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે એકેડેમિક કાઉન્સિલની ભલામણ મુજબ સુધારેલો રેગ્યુ. ફાર્મસી-૩૭ મંજૂર કરવો તથા તેને માર્ચ-એપ્રિલ ૧૯૭૨ની પરીક્ષાથી અમલમાં મૂકવો.

(મંજૂર કરવામાં આવેલા રેગ્યુ. ફાર્મસી-૩૭ની નકલ પરિશિષ્ટ "ડ" તરીકે સામેલ છે.)

૧૪૧. પ્રી-મેડિકલનો અભ્યાસક્રમ જૂન ૧૯૭૨થી અમલમાં આવતો હોવાથી તે અભ્યાસક્રમમાં સુધારો સૂચવવા માટે સિન્ડિકેટે તા. ૪-૯-૧૯૭૧ની સભામાં નીમેલ સમિતિની ભલામણ અનુસાર પ્રી-મેડિકલ અભ્યાસક્રમમાં ફિઝિક્સ અને કેમિસ્ટ્રીના અભ્યાસક્રમો સુધારવા અને તે માટે રેગ્યુ. પ્રી-મેડિકલ-૨ આ સાથે આપેલા પરિશિષ્ટ મુજબ સુધારવા અને સુધારેલા રેગ્યુ. પ્રી-મેડિકલ-૨ જૂન ૧૯૭૨થી અમલમાં મૂકવા અંગેની એકેડેમિક કાઉન્સિલની તા. ૬/૭-૪-૧૯૭૨ ની સભાની ભલામણ ઉપર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે એકેડેમિક કાઉન્સિલની ભલામણ મુજબ સુધારેલો રેગ્યુ. પ્રી-મેડિકલ-૨ મંજૂર કરવો તથા તેને જૂન ૧૯૭૨થી અમલમાં મૂકવો.

(પ્રી-મેડિકલના સમગ્ર અભ્યાસક્રમ અંગેના ઑર્ડિ. પ્રી-મેડિકલ ૧, ૨, ૩, ૪, ૫ અને રેગ્યુ. પ્રી-મેડિકલ ૧, ૨, ૩, ૪ અને ૫ની નકલ પરિશિષ્ટ "ણ" તરીકે સામેલ છે.)

૧૪૨. નીચે જણાવેલ જુદી જુદી અભ્યાસસમિતિઓની ભલામણ અનુસાર નીચે જણાવેલ વિદ્યાર્થીઓનાં નામ સામે જણાવેલ વિષય સંબંધી પીએચ.ડી. પદવી માટે આવેલા મહાનિબંધો તપાસવા માટે તે સામે જણાવેલ રેફરીઓની ક્રમાનુવર્તી નિમણૂક કરવાની એકેડેમિક કાઉન્સિલની તા. ૬/૭-૪-૧૯૭૨ની સભાની ભલામણ પર વિચારણા કરવા બાબત :

૧. સંસ્કૃતની અભ્યાસસમિતિ

નામ	વિષય	ઈન્ટર્નલ રેફરી	મૌખિક માટે
શ્રીમતી વી. ડી. જીવાની	Editing of an unpublished commentary in Sanskrit by Shubhviaygani 6th cent. A.D. on Tarkabhasha of Kesavmisra	ડૉ. જે. એસ. જેટલી (દ્વારકા)	૧. ડૉ. જી. કે. ભટ્ટ, એલ્ફિન્સ્ટન કૉલેજ, મુંબઈ ૨. ડૉ. વી. એમ. કુલકર્ણી, કોલ્હાપુર ગવર્નમેન્ટ કૉલેજ ૩. પ્રો. આર. બી. આડવલે

૨. ગુજરાતીની અભ્યાસસમિતિ

વિદ્યાર્થીનું નામ	વિષય	ઇન્ટર્નલ રેફરી	સૂચિત રેફરીઓ
શ્રી જયંત અંબાશંકર વ્યાસ	મુનશીની ઐતિહાસિક નવલકથાઓ—એક આલોચના	ડૉ. આઈ. આર. દવે	૧. શ્રી. જ્યોતિન્દ્ર દવે ૨. ડૉ. જયંત પાઠક ૩. ડૉ. સુરેશ જોષી ૪. શ્રી. ગુલાબદાસ બ્રોકર **(નોંધ.**—૨૩ સભ્યોમાંથી ૧૩ સભ્યોએ અનુમતિ આપી છે અને પ્રિ. બી. આર. પટેલે રેફરીની નિમણૂક અંગે નીચે મુજબનો ક્રમ સૂચવ્યો છે : ૧. ડૉ. સુરેશ જોષી ૨. ડૉ. જયંત પાઠક ૩. શ્રી. ગુલાબદાસ બ્રોકર)

૩. મનોવિજ્ઞાનની અભ્યાસસમિતિ

Name of student	*Subject*	*Referee* *Internal*
Mrs. J. B. Thakore	Psychological study of some factors associated with Truancy	Dr. H. D. Badami, Ahmedabad (*a*) *Foreign* Dr. Blodget Hareiet 2401, 34th Avenue 50 Miniopolis Minn 55406 *Reserves* Dr. Calliout Lantie T., Department of Psychology, University of Huston, Huston 4, Texas 77004. Dr. Mansson Helge H., Department of Psycho logy, University Hawaii, 9682.

Name of student	*Subject*	*Referee*
		(*b*) *Indian* (For Viva-voce also) Dr. B. Krishnan, Dept. of Psychology, University of Mysore, Mysore–5. *Reserves* 1. Dr. Ansari Anwar, Dept. of Psychology, Aligarh, Muslim University, Aligarh (U.P.). 2. Dr. Shanmugum T. E., Dept. of Psychology, Madras University, Madras–5.

૪. ભૌતિકવિજ્ઞાનની અભ્યાસસમિતિ

Name of the student	*Subject*	*Referee*
Kargathra Lalji Vithalji	Investigation of the anisotrophy of galactic Cosmic Rays with Scientillation Telescopes.	*Internal* Dr. U. R. Rao, P.R.L., Ahmedabad–9. *External* 1. Prof. K. G. Mcraclleen, Mineral Physics Spection, Mineral Research Laboratories, Post Box 136, North Ryde N.S.W. Australia, 2113. 2. Prof. H. Elliot, Physics Department, Imperial College of Science and Technology, South Kensington London S.W.–7, (U,K.)

Name of student	*Subject*	*Referee*
		For Viva-voce 1. Prof. R. R. Daniel, Tata Institute of Fundamental Research, Homi Bhabha Road, Bombay–5. 2. Dr. R. Ramanna, Director, Bhabha Atomic Research Centre, Physics Group Central Complex Tromby, Bombay–85.

૫. રસાયણવિજ્ઞાનની અભ્યાસસમિતિ

Name of student	*Subject*	*Referee*
1. Shri G. B. Joshi	Studies in Chelates of Hydroxy Onits	*Internal* Dr. V. M. Thakore *External* 1. Dr. Gilbert H. Ayres, Prof. of Chemistry, University of Texas Austin, Texas, U.S.A. 2. Dr. K. L. Cheng, Prof. of Chemistry, University of Texas, Austin, Texas, U.S.A. 3. Dr. A. J. Barnard, Manager, Research Section, J. T. Baker Chemical Co., Phillipsburg N. J., U.S.A., 08865 4. Prof. Dr. A. M. G., Mae Donald, Department of Chemistry, The University Edgbaston Birmingham--15, U.K.

Name of student	*Subject*	*Referee*
		Also for Viva-voce 1. Dr. N. C. Sogani, Chemistry Department, University of Rajasthan, Jaipur. 2. Dr. A. K. Dey, Chemistry Department, University of Allahabad, Allahabad
2. Shri D. R. Patel	Synthesis of Compounds of Medicinal Interest	*Internal* Dr. J. J. Trivedi *For Viva-voce* Dr. J. R. Merchant, Institute of Science, Madam Cama Road, Bombay–32. *OR* Dr. G. D. Shah, Industrial Training Institute, Powai, Bombay. *External* Dr. Arthur Bergar, Baxter Laboratories INC. Mortongrove Illinois, 60053, U.S.A *OR* Dr. Hans Zimmer, Chemistry Department, University of Cincinnati, Cincinnati OHIO 45221, U.S.A.

૬. વનસ્પતિવિજ્ઞાનની અભ્યાસસમિતિ

Name of student	*Subject*	*Referee*
Shri R. M. Oza	Studies on Ecology, Morphology and Life History of Gracilaries Corticata	*Internal* Dr. V. Krishnamurthy, Bhavnagar–2. *External* 1. Dr. W. E. Jonse, Marine Biological Station, Menai Bridge Anglesey, Wales (U.K.) 2. Dr. Richard Norri, Department of Botany, University of Washington Seattle (U.S.A.) 3. Prof. V. M. Taylor, Botany Department, Michigan University, Michigan (U.S.A.) *Indian* (*For Viva-voce*) 1. Dr. M. S. Balkrishnan, Botany Department, Poona University, Poona. 2. Prof. T. V. Desikachary, Botany Department, Madras University, Madras–5. 3. Dr. V. Krishnamurthy (Guide), Central Salt and Marine Chemical Research Institute, Mandapari S.Rly.

૭. પ્રાણીવિજ્ઞાનની અભ્યાસસમિતિ

Name of student	*Subject*	*Referee*
Shri H. S. Travadi	Studies in the feeding apparatus of Certain Mammele	*Internal* Dr. M. S. Duble, Ahmedabad. *External* (*Foreign Referee*) 1. Dr. W. J. Moore, Prof. of Anatomy, Department of Anatomy, The Medical School, The University of Birmingham, Birmingham–15. 2. Dr. Mrs. Nikolskoya, Scientific Secretary, Zoological Institute Academy of Sciences Leningard–b–164, U.S.S.R. (*Indian Referee*) (*For Viva-voce*) 1. Dr. D. R. Sharma, Head, Department of Post-graduate Studies and Research in Zoology, University of Jabalpur, Jabalpur. 2. Dr. C. J. George, Department of Zoology, Karnatak University, Dharwar (Mysore State).

આથી ફરાવવામાં આવે છે કે સદરહુ વિદ્યાર્થીઓના ઉપર જણાવેલા મહાનિબંધો માટે તેમનાં નામ સામે જણાવેલ રેફરીઓની ક્રમાનુવર્તી નિમણૂક કરવી.

૧૪૩. અર્થશાસ્ત્રની અભ્યાસસમિતિની તા. ૧૦/૧૧-૪-૧૯૭૨ની સભાએ કરેલી નીચેની ભલામણ અંગે વિચારણા કરવા બાબત :

"પ્રી-યુનિવર્સિટી વિનયનથી ત્રીજા વર્ષ બી.એ.ના અર્થશાસ્ત્ર વિષયના અભ્યાસક્રમ અંગે ત્રણ દિવસનો જુલાઈ-ઑગસ્ટ ૧૯૭૨માં એક પરિસંવાદ અમદાવાદ ખાતે યોજવા સિન્ડિકેટને ભલામણ કરવી.

આ પરિસંવાદમાં વિનયનનો અભ્યાસક્રમ શીખવતી કૉલેજમાંથી બે શિક્ષકોને બોલાવવા તેમ જ આ પરિસંવાદમાં અર્થશાસ્ત્રની અભ્યાસસમિતિના સભ્યોને આમંત્રણ આપવું."

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ પરિસંવાદની યોજના અંગેનો પ્રસ્તાવ યુનિવર્સિટી ગ્રાન્ટ્સ કમિશનને મોકલી આપવો અને તે માટે યુનિવર્સિટી ગ્રાન્ટ્સ કમિશનની આર્થિક સહાય મળ્યેથી આગળ વિચારણા કરવાનું રાખવું.

૧૪૪. જૂન ૧૮થી ૨૦, ૧૯૭૨ના સમય દરમિયાન ઇન્સ્ટિટ્યૂટ ઑફ એડવાન્સ્ડ સ્ટડીઝનો વનસ્પતિ વિભાગ મેરઠ મુકામે બાયોલોજી ઑફ ધી લૅન્ડ પ્લાન્ટ્સ પર એક પરિસંવાદ યોજે છે તેમાં યુનિવર્સિટીના પ્રતિનિધિ મોકલવા અંગે તે ઇન્સ્ટિટ્યૂટના અધ્યક્ષ-શ્રીના તા. ૨૦-૩-૧૯૭૨ના પત્ર પર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બાબતની વિચારણા મોકૂફ રાખવી.

૧૪૫. ફેબ્રુઆરી ૧૯ અને ૨૦, ૧૯૭૩ના સમય દરમિયાન "ઇન્ડિયન નેશનલ સાયન્સ એકેડેમીના ઉપક્રમે પ્રસિદ્ધ ખગોળશાસ્ત્રી "નિકોલસ કોપરનીસ"નો ૫૦૦મી જન્મજયંતી પ્રસંગે યોજાનાર પરિસંવાદમાં ભાગ લેવા માટે યુનિવર્સિટીના પ્રતિનિધિ મોકલવા અંગે વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બાબતની વિચારણા મોકૂફ રાખવી.

બાબત નં. ૧૪૬ અને ૧૫૦ની વિચારણા સાથે કરવામાં આવી.

૧૪૬. બોર્ડ ઑફ યુનિવર્સિટી ટીચિંગની તા. ૪-૪-૧૯૭૨ની સભાની બાબત ક્રમાંક ૨, ૫, ૬, ૭, ૮, ૯, ૧૦, ૧૧, ૧૩, ૧૪, ૧૫, ૧૬, ૧૭, ૧૮, ૨૧, ૨૩, ૨૪, ૨૫ અને ૨૭. ઉપર તે સભાએ કરેલી ભલામણો પર વિચારણા કરવા બાબત;

અને

૧૫૦. બોર્ડ ઑફ યુનિવર્સિટી ટીચિંગની ભલામણો પર એકેડેમિક કાઉન્સિલની તા. ૬/૭-૪-૧૯૭૨નો સભાએ કરેલી ભલામણો પર વિચારણા કરવા બાબત.

તે પછી ઠરાવવામાં આવ્યું કે સદરહુ બોર્ડની ઉપરની ભલામણો મંજૂર કરવી.

(*c*) Five years' research experience in a recognised institution and at least three published research papers other than Ph.D. work or three articles of high quality or a published monograph in a subject provided that their research papers, or articles or the monograph as the, case may be, as adjudged by a competent person to be of a sufficiently high quality.

Note.— (1) Teaching experience means experience of teaching to the last two years of degree classes or post-graduate classes in an affiliated college or a recognised institution as the case may be.

Note.— (2) Where no class is awarded in the Master's degree obtained by thesis or partly by thesis and partly by papers in a subject it will be considered equivalent to a Master's degree by papers in Second Class.

Note.— (3) Where no class is awarded in a subject the Master's degree obtained be considered equivalent to a Master's degree in Second Class.

Note.— (4) Where there is a separate system of reckoning that is grades in foreign Universities the degree grade should be converted into appropriate classes.

Note.— (5) Notwithstanding anything contained in the above rules.

(*i*) a teacher who has been recognised as a Post-graduate teacher either in Inorganic Chemistry or Physical Cehmistry will also be recognised as a Post-graduate teacher in the branches of Physical Chemistry and Inorganic Chemistry respectively;

(*ii*) a teacher may also be recognised for the M.Ed. Degree provided he is a Professor of Education and had at least five years' teaching experience in a Secondary Teachers' College;

(*iii*) (*a*) a chartered accountant with five years' teaching experience in accounting and auditing to degree classes or seven years' professional standing:

or

(*b*) a person holding qualification of a Professor in the Faculty of Commerce possessing B.Com. Degree in at least Second Class in Advanced Accounting and Audtiting and holding M.Com. Degree along with A.I.C.W.A. Diploma of the Indian Institute of Cost and Works Accountants, Calcutta, and possessing at least five years' experience of teaching the subject in a college;

or

(*c*) a person possessing the B.Com. Degree in at least Second Class in Advanced Accounting and Auditing and holding the A.I.C.W.A.

Diploma of the Indian Institute of Cost and Works Accountants, Calcutta, and has seven years' professional experience, will be recognised as a post-graduate teacher for Advanced Accounting, Costing and Industrial Administration for the M.Com. Degree.

Notwithstanding anything contained above, those teachers who have already been recognised as post-graduate teachers on or before 14th June 1972 shall continue to be recognised as post-graduate teachers in their respective subject or papers, as the case may be, for a period of two years during which period such teachers shall be required as a condition for further renewal of their recognition, to have published at least three research papers other than their Ph.D. work, if any, which research papers shall be adjudged by any expert.

O. 65-F (2) :

A teacher to be recognised as a P.G. teacher for the Master's degree (other than faculties of Arts including Education, Science, Commerce and Medicine) by papers must have the qualifications specified in any one of the categories shown below :

	Bachelor's degree		*Master's degree in the Subject*		*Doctorate degree*	*Teaching experience as a Lecturer or as an Assistant to P.G. teacher in the subject*
1.	First	and	First	..	..	Three years
2.	First	and	Second	..	..	Five years
3.	Second	and	First	..	..	Five years
4.	First	and	First	and	Ph.D.	Two years
5.	First	or	First	and	Ph.D.	Three years
6.	Second	and	Second	..	..	Seven years
7.	Second	and	Third	and	Ph.D.	Five years
8.	Third	and	Second	and	Ph.D.	Five years
9.	Second	and	Second	and	Ph.D.	Three years
10.	..	..	..	..	D.Sc. or D.Litt. on drop published work	Three years
11.	Third	and	Second	..	..	Nine years
12.	Second	and	Third	..	..	Twelve years
13.	Thrid	and	Third	..	..	Fifteen years
14.	First	and	Thrid	..	..	Ten years
15.	Third	and	First	..	..	Seven years
16.	Third	and	Third	and	Ph.D.	Six years

Note.— (1) Teaching experience means experience of teaching to the last two years of degree classes or post-graduate classes in an affiliated College or a recognised institution as the case may be.

(2) Where no class is awarded in the Master's degree contained by thesis or partly by thesis and partly by paper in a subject it will be considered equivalent to a Master's degree by papers in Second Class.

(3) Where no class is awarded in a subject, the Master's degree obtained be considered equivalent to a Master's degree in Second Class.

(4) (*a*) Where there is a separate system of reckoning merits that is grades in Foreign Universities the degree grade should be converted into appropriate classes.

(*b*) Notwithstanding anything contained in (*a*) above, a teacher may be also recognised for the LL.M. Degree provided that he has at least ten years' teaching experience to degree classes.

(*c*) Notwithstanding anything contained in (*a*) above, a teacher may also be recognised for M.E. Degree provided he has —

(*i*) a bachelor's degree in the First Class with Distinction with an approved record of research or five years' teaching experience or seven years' approved professional experience together with at least one year's teaching experience. Such teaching experience or professional experience will pertain to the subject in which recognition is sought;

or

(*ii*) a Bahcelor's degree in the Second Class with at least three original papers to his credit and five years' teaching experience;

or

(*iii*) a Ph.D. Degree or a Dr.Ing. with a B.E. Degree in the First Class in the same subject together with five years' professional and/or teaching experience in the subject either to degree classes or to postgraduate students as an assistant to a recognised Postgraduate teacher in an affiliated college or a recognised institution.

or

(*iv*) a Ph.D. Degree or Dr.Ing. with a B.E. Degree in Second Class in the same subject together with seven years' Professional and/or teaching experience in the subject as an assistant to a recognised Postgraduate teacher in an affiliated college or a recognised institution.

(*d*) (*i*) Notwithstanding anything contained in (*a*) above, a teacher with a post-graduate qualification will be recognised as a post-graduate teacher for M.Sc. degree in agriculture if he has five years' teaching experience in the subject.

(*ii*) A teacher with Bachelor's degree in agriculture or its equivalent may be recognised as a post-graduate teacher for Master's degree in Agriculture, if he is teaching the same subject for a period of ten years and if he has research and published work of eminence to his credit;

or

(*iii*) A teacher with Ph.D. degree in agriculture in the subject with three years, teaching experience in the subject may be recognised as a P.G. teacher in Agriculture.

(*iv*) Notwithstinading anything contained above, a person holding the academic qualifications mentioned under (*i*) (*ii*) or (*iii*) above, and holding the research experience (excluding extension work) shall be considered eligible for recognition as a Post-graduate teacher in the Faculty of Agriculture on the basis of the following formula :

3 years' research experience (excluding extension work)	..	1 year's teaching experience.
5 years' research experience (excluding extension work)	..	2 years' teaching experience.
10 years' research experience (excluding extension work)	..	5 years' teaching experience.

Amended O. 65-M will be read as under :

Rules relating recognition as an Assistant to P.G. Teacher

O. 65-M :

(1) A teacher to be recongised as an Assistant to P. G. Teacher for the Master's degree in the faculties of Arts including Education, Science and Commerce by papers must have the qualifications specified herein below :

(*a*) A Master's degree in First Class and five years' teaching experience as a Lecturer or Professor at the degree level.

or

(*b*) A Second Class (or deemed to have passed in Second Class) Master's degree in the subject and at least seven years, teaching experience in the subject to the degree class as a Lecturer or Professor.

or

(*c*) Three years' teaching experience in the subject to the degree class as a Lecturer or Professor after his obtaining the Ph.D. degree.

Note.—(1) Teaching experience means experience of teaching at an affiliated college or recognised institution.

Note.—(2) a teacher who has been recognised as an Assistant to Post-graduate teacher either in Inorganic or Physical Chemistry will also be recognised as an Assistant to Post-graduate teacher in the branches of Physical Chemistry and Inorganic Chemistry respectively.

Note.—(3) If an Assistant Teacher is an honorary worker, he shall be approved as an Assistant only if he puts in at least four periods of teaching work per week through out the year. Such an honorary Assistant shall not be considered as a regular teacher of that college or institution for the purpose of enrolment as a teacher.

(2) Notwithstanding anything contained in sub-clause (1) above —

(*a*) Those teachers who have been recognised as Assistants to recognised post-graduate teachers on or before 14th June 1972 shall continue to be recognised as Assistants to post-graduate teachers in their respective subjects or papers, as the case may be, for a period of two years, during which period such teachers shall be required, as a condition of renewal of their recognition, to have published at least three research papers other than his Ph.D. work, if any, which research papers shall be adjudged by an expert.

(*b*) (*i*) A Chartered Accountant with three years' teaching experience in Accounting and Auditing in degree class or five years' professional standing.

or

(*ii*) A person holding qualifications of a Lecturer in the faculty of Commerce, possessing B.Com. Degree in at least Second Class in Advanced Accounting and Auditing, and holding M.Com. Degree with A.I.C.W.A. Diploma of the Indian Institute of Cost and Works Accountants, Calcutta and possessing at least three years' experience of teaching the subject in a college.

or

(*iii*) A person possessing B.Com. Degree in at least Second Class in Advanced Accounting and Auditing and holding the A.I.C.W.A. Diploma of the

Indian Institute of Cost and Works Accountants, Calcutta and has five years' professional experience, will be recognised as an Assistant to a Post-graduate teacher for Advanced Accounting, Costing and Industrial Administration for the M.Com. Degree.

(*c*) For Shastris and Maulavis, i.e., Teachers in Sanskrit, Prakrit, Pali, Persian and Arabic, the above qualifications will not be insisted upon, but they must have qualifications of having passed special examination in these subjects which are equivalent to those mentioned above.

O. 65–M (2) :

A teacher to be recognised as an Assistant to P.G. Teacher for the Master's degree by papers in a Faculty other than the Faculties of Arts including Education, Science and Commerce must have the minimum qualification specified here in below :

	Bachelor's degree		*Master's degree in the subject*		*Doctorate degree*	*Teaching experience as a Lecturer in the subject*
1.	First	and	First	..	..	Two years
2.	First	and	Second	..	..	Three years
3.	Second	and	First	..	..	Three years
4.	First	and	First	and	Ph.D.	One year
5.	First	or	First	and	Ph.D.	Two years
6.	Second	and	Second	..	..	Five years
7.	Second	and	Third	and	Ph.D.	Three years
8.	Third	and	Second	and	Ph.D.	Three years
9.	Second	and	Second	and	Ph.D.	Two years
10.	..	..	..	..	D.Sc. or D.Litt. on published work.	Two years
11.	Third	and	Second	..	..	Eight years
12.	Second	and	Third	..	..	Ten years
13.	Third	and	Third	..	..	Twelve years
14.	First	and	Third	..	..	Seven years
15.	Third	and	First	..	..	Five years
16.	Third	and	Third	and	Ph.D.	Four years
17.	Second	and	First	and	Ph.D.	Two years
18.	First	and	Second	and	Ph.D.	Two years

Note.— Teaching experience means experience of teaching at an affiliated college or recognised institution.

(1) In the Medical Faculty, any one who holds the degree of M.D. or M.S. or its equivalent in the branch for which he is applying and has worked as a Registrar in the same branch for two years in a teaching institution where he is working in his own speciality, shall be considered for Assistant's post. In case he has not worked as a Registrar for the requisite period, he will be recognised as an Assistant to a recognised Post-graduate teacher only after he has filled up the whole or the remaining period in his post as an Assistant. The post of Junior Lecturer shall be considered at par with the post of Registrar in non-clinical subjects for the purpose of counting teaching experience required for recognition as an Assistant to a Post-graduate teacher for non-clinical subjects.

(2) Notwithstanding anything contained above, a teacher with Diploma qualification on the staff of a Medical College and attached to a specialist department and having an experience of a teaching in the subject of not less than 3 years also having worked as a Registrar in a teaching institution for two years in the same branch may be recognised as an Assistant to a post-graduate teacher in the subject for the Post-graduate degree courses concerned, provided that the subject is other than (*i*) Medicine, (*ii*) Surgery, and (*iii*) Midwifery and Gynaecology.

(3) The following shall be the minimum requirements for recognition as an Assistant to a Post-graduate teacher for a Diploma course in the Faculties of Medicine and Dental Surgery :

> " A post-graduate degree or diploma in the subject concerned and having at least two years' teaching experience as a Registrar or an equivalent post in a teaching college or institutions. "

For granting recognition for teaching of the subjects comprised under the Faculty of Medicine, teaching experience either as a Tutor or a Demonstrator, as the case may be, shall be counted towards teaching experience required under the above ordinance.

(4) In the Ayurvedic Faculty any one who is a Professor in an affiliated college in the subject with three years' teaching experience at a similar college.

or

• A Lecturer in an affiliated college in the subject with five years' teaching experience at a similar college shall be considered eligible for an Assistant's post.

(5) Notwithstanding anything contained above, a teacher with the necessary qualifications required under O. 65-M(2) above and holding the research experience (excluding extension works) shall be recognised as an Assistant to a recognised Post-graduate teacher under the Faculties of Agriculture on the basis of the following formula :

3 years' research experience	..	1 year's teaching experience (excluding extension work).
5 years' research experience	..	2 years' teaching experience (excluding extension work).
10 years' research experience	..	5 years' experience (excluding extension works).

પરિશિષ્ટ "૬"

કામકાજ ક્રમાંક ૧૫૮

સ્ટેન્ડિંગ કમિટી ઑન ઇક્વિવેલેન્સ ઑફ એકઝામિનેશન્સની એક સભા બુધવાર, તા. ૫-૪-૧૯૭૨ના રોજ બપોરે ૩-૦૦ વાગ્યે યુનિવર્સિટી કાર્યાલયમાં મળી હતી, જેમાં સભ્યોની હાજરી નીચે પ્રમાણે હતી :

૧.	શ્રી. ઉમાશંકર જોશી, કુલપતિશ્રી	હાજર
૨.	શ્રી. આર. વી. શાસ્ત્રી, ડીનશ્રી, વિનયન વિદ્યાશાખા	હાજર
૩.	શ્રી. વી એ. વ્યાસ, ડીનશ્રી, વિજ્ઞાન વિદ્યાશાખા	ગેરહાજર
૪.	શ્રી. એ. પી. ગુપ્તા, ડીનશ્રી, તબીબી વિદ્યાશાખા	હાજર
૫.	શ્રી. બી. એમ. પીરજાદા, ડીનશ્રી, વાણિજ્ય વિદ્યાશાખા	હાજર
૬.	શ્રી. સી. એસ. શાહ. ડીનશ્રી, ફાર્મસી વિદ્યાશાખા	હાજર
૭.	શ્રી. ડી. ડી. દેસાઈ, ડીનશ્રી, કાયદા વિદ્યાશાખા	હાજર
૮.	શ્રી. એસ. બી. પંડ્યા, ડીનશ્રી, આયુર્વેદિક વિદ્યાશાખા	ગેરહાજર
૯.	શ્રી. સી પી. ખોચાની, ડીનશ્રી, દંત વિદ્યાશાખા	હાજર
૧૦.	શ્રી એ. ઇ. ઝવેરી, ડીનશ્રી, કૃષિ વિદ્યાશાખા	ગેરહાજર
૧૧	શ્રી. ટી. એમ. પરીખ, ડીનશ્રી, ઇજનેરી વિદ્યાશાખા	હાજર.

૧. તા. ૮-૧૧-૧૯૭૧ના રોજ મળેલ સભાના કામકાજની નોંધને બહાલી આપવા બાબત.

તા. ૮-૧૧-૧૯૭૧ના રોજ મળેલ સભાના કામકાજની નોંધને મંજૂર કરવામાં આવી અને તે પર કુલપતિશ્રીએ સહી કરી.

૨. એમ. પી. બોર્ડ, ભોપાલ દ્વારા લેવામાં આવતી "હાયર સેકન્ડરી" પરીક્ષાને આપણી યુનિવર્સિટીની પ્રી-યુનિવર્સિટી પરીક્ષા તુલ્ય માન્ય કરવા અંગે વિચારણા કરવા બાબત.

વિજ્ઞાન વિદ્યાશાખાના ડીનશ્રીનો અભિપ્રાય

Higher Secondary Examination is not equivalent to our Pre-University Science Examination for the following reason :

In Group 'B' Diversified subjects, if at all, a student offers science Group, he has to offer only three subjects, so that out of the following four subjects:

(1) Physics
(2) Chemistry
(3) Biology
(4) Mathematics.

He can drop any one subject. While in our University all the four subjects are compulsory. So equivalence in general should not be given.

વિનયન વિદ્યાશાખાના ડીનશ્રીનો અભિપ્રાય

The Higher Secondary Examination of Bhopal cannot be given Equivalence to our Pre-University Arts, because either in Secondary Examination or Higher Secondary Exam. of the same Board no English is compulsory while our statutes demand English as compulsory.

વાણિજ્ય વિદ્યાશાખાના ડીનશ્રીનો અભિપ્રાય

Higher Secondary of M. P., Bhopal may be recognised as equivalent to our Pre-Uni. Commerce Exam. Provided following canditions are fulfilled :

(1) The candidate has passed with minimum of 36% marks in each paper.

(2) From the Commerce Group has offered Book-keeping and Accountancy, Elements of Commerce and either Commercial Geography or applied Economics.

આથી ઠરાવવામાં આવે છે કે આ અને અન્ય બોર્ડ દ્વારા લેવાતી હાયર સેકન્ડરી પરીક્ષાઓની માન્યતા અંગે જે તે બોર્ડ દ્વારા લેવાતી આ પરીક્ષાઓના અભ્યાસક્રમો, અભ્યાસક્રમનો ગાળો વગેરે વિચારી એક સુચિંતિત અહેવાલ રજૂ કરવા માટે વિનયન, વિજ્ઞાન અને વાણિજ્યની વિદ્યાશાખાઓના અધ્યક્ષોની એક સમિતિ નીમવી અને આ સમિતિ અહેવાલ રજૂ કરે તે દરમ્યાનના ગાળામાં જુદાં જુદાં રાજ્યોના બોર્ડોમાંથી હાયર સેકન્ડરી પરીક્ષામાં ઉત્તીર્ણ થઈને આવતા વિદ્યાર્થીઓના પ્રત્યેક કેસ તેની ગુણવત્તા જોઈતપાસી તદર્થ ચોરણે વિચારવાનું રાખવું એમ એકેડેમિક કાઉન્સિલને ભલામણ કરવી.

૩. શ્રી. ઈ. એન. ઓકાફારેને આલ્બર્ટા યુનિવર્સિટી, કેનેડાની બી.એસસી. પદવી પરીક્ષા તેમ જ બી એસસી. ઇન ફાર્મસીની પદવી પરીક્ષા પસાર કર્યાના આધારે આ યુનિવર્સિટીમાં ફર્સ્ટ એમ.બી.,બી.એસ.ના વર્ગ માટે પ્રવેશપાત્ર ગણવા અંગે વિચારણા કરવા જણાવ્યું.

વિજ્ઞાન વિદ્યાશાખા અને મેડિકલ વિદ્યાશાખાના ડીનશ્રીનો અભિપ્રાય

સદરહુ વિદ્યાર્થીએ પસાર કરેલ પરીક્ષાઓ જોતાં તેને ફર્સ્ટ બી.એસસી. પરીક્ષા સમકક્ષ ગણીને મેડિકલના ફર્સ્ટ એમ.બી.,બી.એસ. પરીક્ષા માટે પ્રવેશપાત્ર ગણી શકાય.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ વિદ્યાર્થીને સ્પષ્ટતા સાથે જણાવવું કે તેને ફર્સ્ટ એમ.બી.,બી.એસ.ના વર્ષ માટે પ્રવેશપાત્ર ગણવામાં આવે છે, પરંતુ યુનિવર્સિટી સાથે સંલગ્ન કૉલેજમાં પ્રવેશ આપવાનું કામ જે તે કૉલેજના સત્તાવાળાઓને હસ્તક હોઈ યુનિવર્સિટી સાથે સંલગ્ન તબીબી કૉલેજમાં પ્રવેશની ખાતરી યુનિવર્સિટી આપી શકે તેમ ન હોવાથી તેણે તબીબી કૉલેજમાં પ્રવેશ માટે જે તે કૉલેજના સત્તાવાળાઓનો સંપર્ક સાધવાનો રહેશે.

૪. સેન્ટ્રલ બોર્ડ ઑફ સેકન્ડરી એજ્યુકેશન, ન્યૂ દિલ્હી તરફથી લેવામાં આવતી ઑલ ઇન્ડિયા હાયર સેકન્ડરી એકઝામિનેશનની પરીક્ષામાં કૉમર્સ વિદ્યાશાખાના વિષય "બિઝનેસ મેથડ" ને બદલે "એલિમેન્ટ્સ ઑફ કૉમર્સ" એમ નામાભિધાન ૧૯૭૪ની પરીક્ષાઓથી કરેલ છે તે પ્રમાણે રેગ્યુ. ૭માં ઘટતો સુધારો કર્યાના કુલપતિશ્રીના કાર્યની નોંધ લેવા જણાવ્યું.

આથી ઠરાવવામાં આવે છે કે કુલપતિશ્રીના સદરહુ કાર્યની નોંધ લેવી.

૫. ગુજરાત યુનિવર્સિટીની ફર્સ્ટ બી.ડી.એસ., સેકન્ડ બી.ડી.એસ. અને થર્ડ બી.ડી.એસ. પરીક્ષાઓને મુંબઈ યુનિવર્સિટી, આગળ અભ્યાસ કરવા અંગે માન્ય કરતી નથી તેમ જણાવતા મુંબઈ યુનિવર્સિટીના તા ૨૭-૧૨-૧૯૭૨ના પત્રની નોંધ લેવા જણાવત.

(નોંધ— મુંબઈ યુનિવર્સિટીની ફર્સ્ટ બી.ડી.એસ., સેકન્ડ બી.ડી.એસ અને થર્ડ બી.ડી.એસ. પરીક્ષાઓ આપણે રેગ્યુ. ૭ મુજબ માન્ય કરેલ નથી તે જાણ સારુ.)

આથી ઠરાવવામાં આવે છે કે મુંબઈ યુનિવર્સિટીની ફર્સ્ટ બી.ડી.એસ., સેકન્ડ બી.ડી.એસ. અને થર્ડ બી.ડી.એસ. પરીક્ષાઓ કે સદરહુ પરીક્ષા માટે વિદ્યાર્થીએ ભરેલ સત્ર કે સત્રો તે યુનિવર્સિટી પરસ્પરના ધોરણે આપણી પરીક્ષા કે સત્ર માન્ય કરતી ન હોવાથી પારસ્પરિક ધોરણે માન્ય રાખવાં નહિ એમ એકેડેમિક કાઉન્સિલને ભલામણ કરવી.

૬. શ્રી બેની નારેઈન બાલકરાને લંડન યુનિવર્સિટીની જી.સી.ઈ. જનરલ સર્ટિફિકેટ ઑફ એજ્યુકેશનની પરીક્ષા પાસ કર્યા બાદ યુનિવર્સિટી ઑફ ગિયાનાની સેકન્ડ ઇયર બી.એસસી. પરીક્ષા પાસ કર્યાના આધારે આપણી યુનિવર્સિટીમાં ફર્સ્ટ એમ.બી.,બી.એસ.ના વર્ગ માટે પ્રવેશપાત્ર ગણવા કે કેમ તે અંગે વિચારણા કરવા જણાવત.

વિજ્ઞાન વિદ્યાશાખાના ડીનશ્રીનો અભિપ્રાય

The candidate has passed examination equivalent to First B.Sc. (F.Y.B.Sc.) and therefore ineligible for M.B.,B.S. course of our University.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ વિદ્યાર્થીને એ સ્પષ્ટતા સાથે જણાવવું કે તેને ફર્સ્ટ એમ.બી.,બી.એસ.ના વર્ગ માટે પ્રવેશપાત્ર ગણવામાં આવે છે. પરંતુ યુનિવર્સિટી સાથે સંલગ્ન કૉલેજમાં પ્રવેશ આપવાનું કામ જે તે કૉલેજના સત્તાવાળાઓને હસ્તક હોઈ યુનિવર્સિટી સાથે સંલગ્ન તબીબી કૉલેજમાં પ્રવેશની બાંહેધરી યુનિવર્સિટી આપી શકે તેમ ન હોવાથી તેણે તબીબી કૉલેજમાં પ્રવેશ માટે જે તે કૉલેજના સત્તાવાળાઓનો સંપર્ક સાધવાનો રહેશે.

૭. શ્રીમતી નલિની પી. કોરાએ જૂના અભ્યાસક્રમની બી.એ પદવી પરીક્ષા અંગ્રેજી ફરજિયાત વિષય સાથે એસ. એન. ડી. ટી. વિમેન્સ યુનિવર્સિટી, મુંબઈમાંથી સને ૧૯૬૦માં પસાર કર્યા પછી એમ.એ પરીક્ષા તે જ યુનિવર્સિટીની પસાર કરી છે તેઓને આપણી યુનિવર્સિટીના બી.એડ.ના વર્ગ માટે પ્રવેશપાત્ર ગણવાં કે કેમ તે અંગે વિચારણા કરવા જણાવત.

(નોંધ— શ્રીમતી નલિની પી. કોરાએ તેમ જ યુનિવર્સિટીમાંથી એમ.એ પદવી પરીક્ષા સોશિયોલોજી અને વિષય સાયકોલોજી સાથે ૧૯૬૨માં પાસ કરેલ છે.

રેગ્યુ. ૭ મુજબ એસ. એન. ડી. ટી. વિમેન્સ યુનિવર્સિટીની બી.એ પદવી પરીક્ષા અંગ્રેજી વિષય સાથે અને નવા ચાર વર્ષના અભ્યાસક્રમ મુજબ પાસ કરી હોય તો જ માન્ય કરેલ છે.)

વિનયન વિદ્યાશાખાના ડીનશ્રીનો અભિપ્રાય

વિદ્યાર્થિનીએ એસ. એન. ડી. ટી. વિમેન્સ યુનિવર્સિટીમાંથી બી.એ. પદવી પરીક્ષા ફરજિયાત અંગ્રેજી વિષય સાથે ઉત્તીર્ણ કરેલી હોય તો તે વિદ્યાર્થિનીને બી.એડ.ના વર્ગ માટે પ્રવેશપાત્ર ગણી શકાય.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ વિદ્યાર્થિનીને બી.એડ.ના વર્ગ માટે પ્રવેશપાત્ર ગણવી એમ એકેડેમિક કાઉન્સિલને ભલામણ કરવી.

૮. કુ વુન આઙ પેાહે કેમ્બ્રિજ યુનિ. સંલગ્ન (In collaboration with) મિનિસ્ટ્રા ઑફ એજ્યુકેશન, મલેરિયાની "મલયેશિયા સર્ટિફિકેટ ઑફ એજ્યુકેશન" ની પરીક્ષા નવેમ્બર-ડિસેમ્બર ૧૯૬૮માં પાસ કર્યા બદ કેમ્બ્રિજ હાયર સ્કૂલ સર્ટિફિકેટ પરીક્ષા ૧૯૭૦ માં પાસ કર્યાના આધારે આપણી યુનિવર્સિટીમાં પ્રી-મેડિકલના વર્ગ માટે પ્રવેશપાત્ર ગણવાં કે કેમ તે અંગે વિચારણા કરવા બાબત.

વિજ્ઞાન વિદ્યાશાખાના ડીનશ્રીનેા અભિપ્રાય

The student is eligible for pre-Medical standerd as regards admission.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ વિદ્યાર્થીને એ સ્પષ્ટતા સાથે જણાવવું કે ફિઝિકસ કેમિસ્ટ્રી, મેથેમેટિકસ અને બાયેાલેાજીના વિજ્ઞાનના વિષયેા રાખેલા હેાય તેા પ્રી-મેડિકલના વર્ગ માટે પ્રવેશપાત્ર ગણવામાં આવે છે, પરંતુ યુનિવર્સિટી સાથે સંલગ્ન કૉલેજમાં પ્રવેશ આપવાનું કામ જે તે કૉલેજના સત્તાવાળાઓ હસ્તક હેાઈ યુનિવર્સિટી સાથે સંલગ્ન તબીબી કૉલેજમાં પ્રવેશની ખાતરી યુનિવર્સિટી આપી શકે તેમ ન હેાવાથી તેણે તબીબી કૉલેજમાં પ્રવેશ માટે જે તે કૉલેજના સત્તા-વાળાઓનેા સંપર્ક સાધવાનેા રહેશે.

૯. દિલ્હી યુનિવર્સિટી દ્વારા લેવામાં આવતી બી.એસસી. (નર્સિંગ) પદવી પરીક્ષાને આ યુનિ-વર્સિટીની બી.એસસી. (નર્સિંગ) પદવી પરીક્ષા તુલ્ય માન્ય કરવા અંગે વિચારણા કરવા બાબત.

(**નોંધ**.— દિલ્હી યુનિવર્સિટીએ આ યુનિવર્સિટીની બી.એસસી. (નર્સિંગ) પદવી પરીક્ષા પારસ્પરિક ધેારણે માન્ય કરેલ છે.)

આથી ઠરાવવામાં આવે છે કે દિલ્હી યુનિવર્સિટી દ્વારા લેવામાં આવતી બી.એસસી. (નર્સિંગ) પદવી પરીક્ષાને ગુજરાત યુનિવર્સિટીની બી.એસસી. (નર્સિંગ) પદવી પરીક્ષા પારસ્પરિક ધેારણે માન્ય કરવી એમ એકેડેમિક કાઉન્સિલને ભલામણ કરવી.

૧૦. બહારની સ્ટેચ્યુટરી યુનિવર્સિટી કે બોર્ડમાંથી આ યુનિવર્સિટીમાં સત્રાન્તે કે શૈક્ષણિક વર્ષ દરમ્યાન આગળ અભ્યાસ માટે આવતા વિદ્યાર્થીઓના કેસેા ગુણવત્તાના ધેારણે વિચારી તાત્કાલિક નિર્ણય લઈ શકાય તે માટે રેગ્યુ. ૭માં નીચેની બાબત યેાગ્ય લાગે તેા ઉમેરવા અંગે વિચારણા કરવા બાબત :

Notwithstanding anything contained in these regulations, the Vice-Chancellor, shall have the power to recognise an examination or a term or terms kept by a student at any college affiliated to a statutory University on an ad-hoc basis.

આથી ઠરાવવામાં આવે છે કે રે. ૭ માં ઉપરનેા પ્રેાવિઝો ઉમેરવા એકેડેમિક કાઉન્સિલને ભલામણ કરવી.

૧૧. હિમાચલ પ્રદેશ યુનિવર્સિટી, સીમલા તરફથી લેવામાં આવતી પરીક્ષાઓને આ યુનિવર્સિટીની જે તે પરીક્ષાઓ તુલ્ય પારસ્પરિક ધોરણે માન્ય કરવા તે યુનિવર્સિટીના કુલસચિવશ્રી તરફથી આવેલ તા. ૧૬-૧૦-૧૯૭૧ના પત્રાંક ૧૨-૧૩-૭૧ એ.સી.ડી. એચપીયુ. પર વિચારણા કરવા બાબત.

(**નોંધ.**— હિમાચલ પ્રદેશ યુનિવર્સિટી પંજાબ યુનિવર્સિટી, ચંદીગઢમાંથી નવી અસ્તિત્વમાં આવી છે. તે પંજાબ યુનિવર્સિટી, ચંદીગઢના અભ્યાસક્રમ મુજબ હાલ પરીક્ષાઓ લે છે. પંજાબ યુનિવર્સિટી, ચંદીગઢની રેગ્યુ. ૭ મુજબ નીચેની પરીક્ષાઓ માન્ય કરેલ છે તે પરીક્ષાઓ અભ્યાસક્રમ બદલાય નહીં ત્યાં સુધી માન્ય કરવાની રહે.

પંજાબ યુનિવર્સિટીની નીચે મુજબની પરીક્ષાઓ રેગ્યુ. ૭ અન્વયે માન્ય કરવામાં આવેલ છે :

Higher Secondary Examination S.S.C.

Pre-University Examination, Pre-Medical, Pre-Engineering, Inter Arts, Inter Science, B.A., B.T., M.A., B.Sc. (Hons. School), M.Ed., M.B.,B.S., Diploma in Pharmacy & Dressers Course Dip. in Pharm. B.Pharm.

B.Sc. (Eng.)=B.E. (C., M. & E.)

B.A., B.Sc. (Three-year Degree Course) = First and Final Examination only

Pre-Eng. = First B.Sc.

હિમાચલ પ્રદેશ યુનિવર્સિટી, સીમલા જે પરીક્ષાઓ હાલ લે છે તે પૈકી કેટલીક પરીક્ષાઓનાં નામોની યાદી **પરિશિષ્ટ "અ"** તરીકે આ સાથે સામેલ છે. બાકીની પરીક્ષાઓ આપણે લેતા ન હોવાથી તે તે પરીક્ષાઓ માન્ય કરવાનો પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

આથી કરાવવામાં આવે છે કે હિમાચલ પ્રદેશ યુનિવર્સિટી તરફથી લેવામાં આવતી જે પરીક્ષાઓ પંજાબ યુનિવર્સિટીની રેગ્યુ. ૭ મુજબ માન્ય છે તે પરીક્ષાઓ તેના અભ્યાસક્રમ હાલ છે તે જ ચાલુ રહે ત્યાં સુધી માન્ય કરવા એકેડેમિક કાઉન્સિલને ભલામણ કરવી.

૧૨. કુરુક્ષેત્ર યુનિવર્સિટી, કુરુક્ષેત્રની નીચે જણાવેલ પરીક્ષાઓને પારસ્પરિક ધોરણે આ યુનિવર્સિટીની સમકક્ષ પરીક્ષાઓ તુલ્ય માન્ય કર્યાનું જણાવતા તે યુનિવર્સિટીના કુલસચિવશ્રી તરફથી આવેલ તા. ૨૬-૧૦-૧૯૭૧ના પત્રાંક એસી-૧-૭૧-૧૧-૪૬૭ પર વિચારણા કરવા બાબત :

૧. એલએલ.બી. (થ્રી યર) ૨. એમ.એસસી. (એન્જી.) ૩. બી. લાઇબ્રેરી સાયન્સ
૪. બી.એસસી. (એન્જી.) ૫. એમ.એડ.

કાયદાની વિદ્યાશાખાના ડીનશ્રીનો અભિપ્રાય

If one has passed Part-I, II, III Examinationsof LL.B. of Kurukshetra University, them it may be considered equivalent to LL.B. (3-year) Examination of our University.

એન્જિનિરિંગ વિદ્યાશાખાના ડીનશ્રીનો અભિપ્રાય

M.Sc. (Eng.) (C.,M. & E.) degree of Kurukshetra University can be considered as equivalent to M.E. (C.,M. & E.) Examination of Gujarat University.

ગુજરાત યુનિવર્સિટીના ગ્રંથપાલશ્રીનો અભિપ્રાય

There is no harm in recognising their B.Lib. Scienee Degrce, as equivalent to the B.Lib. Science degree of this University.

બી.એસસી એન્જિનિયરિંગ અને એમ.એડ. પરીક્ષાની માન્યતા બાબતમાં ઇક્વિવેલેન્સ સમિતિની તા. ૮-૧૧-૧૯૭૧ની સભામાં વિચારણા કરવામાં આવી હતી અને બંને પરીક્ષાઓ માન્ય કરેલ છે.

આથી ઠરાવવામાં આવે છે કે કુરુક્ષેત્ર યુનિવર્સિટી, કુરુક્ષેત્રની એલએલ.બી. થ્રી ઈયર એમ.એસસી. એન્જ. અને બૅચેલર ઑફ લાઇબ્રેરી સાયન્સ પદવી પરીક્ષાઓને આ યુનિવર્સિટીની જે તે સમકક્ષ પરીક્ષાઓ તુલ્ય પારસ્પરિક ધોરણે માન્ય કરવા એકેડેમિક કાઉન્સિલને ભલામણ કરવી.

૧૩. શ્રી. ઈસા નિઝામ એડિન કલુતેઇનેહે બી.એસસી. જનરલ પદવી પરીક્ષા કેમિસ્ટ્રી અને ન્યુમેરિકલ વિષય સાથે કેરો યુનિવર્સિટીમાંથી ઉત્તીર્ણ કરેલી છે. સદરહુ વિદ્યાર્થીને આપણી યુનિવર્સિટી સંલગ્ન ફાર્મસી કૉલેજમાં ફાર્મસીના અભ્યાસક્રમમાં પ્રવેશપાત્ર ગણવા કે કેમ તે અંગે વિચારણા કરવા બાબત.

ફાર્મસી વિદ્યાશાખાના ડીનશ્રીનો અભિપ્રાય

The candidate has not studied Physics and in my opinion he is not eligible for admission to First Year of the B. Pharm. Degree Course.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ વિદ્યાર્થીને જણાવવું કે ફાર્મસી અભ્યાસક્રમમાં દાખલ થતા વિદ્યાર્થીઓએ આ યુનિવર્સિટીની પ્રી-યુનિવર્સિટી વિજ્ઞાન વર્ગના પદાર્થ વિજ્ઞાનના વિષયોનો અભ્યાસ પૂર્ણ કરેલ હોય તે જરૂરી હોઈ તેમના કેસમાં પણ જો તેઓ આ જરૂરિયાત પૂર્ણ કરે તો ફાર્મસી અભ્યાસક્રમમાં પ્રવેશ માટે પાત્ર ગણી શકાય

૧૪. જે વિદ્યાર્થીઓએ એસ.એસ.સી. પરીક્ષા કે તેની સમકક્ષ પરીક્ષા અંગ્રેજી વિષય લીધા સિવાય ઉત્તીર્ણ થઈને દક્ષિણ ગુજરાત યુનિવર્સિટીમાં પ્રી-યુનિ. ના વર્ગમાં જોડાયા હોય અને તે પરીક્ષા પાસ કરીને આ યુનિવર્સિટીમાં આગળ અભ્યાસ કરવા ઇચ્છતા હોય તો તેવા વિદ્યાર્થીઓને આ યુનિવર્સિટીમાં આગળ અભ્યાસ માટે પ્રવેશપાત્ર ગણવા કે કેમ તે અંગે વિચારણા કરવા બાબત.

નોંધ.—દક્ષિણ ગુજરાત યુનિવર્સિટીના કુલસચિવશ્રી એસ. એન. ડી. ટી. યુનિવર્સિટીને જે રાહત આપી છે તે બાબત ધ્યાનમાં લઈને વિચારણા કરવા જણાવે છે.

આથી ઠરાવવામાં આવે છે કે આ બાબતમાં યથાવત્ સ્થિતિ ચાલુ રાખવા એકેડેમિક કાઉન્સિલને ભલામણ કરવી,

૧૫. ઇન્દોર યુનિવર્સિટી, ઇન્દોર તરફથી લેવામાં આવતી એમ.ડી., એમ.એસ. અને બી.એસસી. (નર્સિંગ) પદવી પરીક્ષાઓને ગુજરાત યુનિવર્સિટીની પરીક્ષાઓ તુલ્ય પારસ્પરિક ધોરણે માન્ય કરવા અંગે તે યુનિવર્સિટીના કુલસચિવશ્રી તરફથી આવેલ તા. ૨૧-૨-૧૯૭૨ના પત્રાંક એસીએમ ૧-૫-૭૨ પર વિચારણા કરવા બાબત.

મેડિકલ ફેકલ્ટીના ડીનશ્રીનો અભિપ્રાય

I feel the degrees of M.D. and M.S. between two Universities cannot be equated and hence it is not recommeded to recognise the M.D. and M.S. Degree of Indore University.

આચાર્યશ્રી નર્સિંગ કૉલેજ, અમદાવાદનો અભિપ્રાય

The degree given by this University is for post-basic students while the Indore course is for beginning students yet, for recognition it is found to be worthy, hence it may be granted the equivalence sought.

આથી ઠરાવવામાં આવે છે કે ઇન્દોર યુનિવર્સિટી, ઇન્દોર તરફથી લેવામાં આવતી એમ.ડી., એમ.એસ. અને બી.એસસી. (નર્સિંગ) પદવી પરીક્ષાઓને આ યુનિવર્સિની જે તે પરીક્ષાઓ તુલ્ય પારસ્પરિક ધોરણે માન્ય કરવા એકેડેમિક કાઉન્સિલને ભલામણ કરવી.

૧૬. શ્રી. જોશી હર્ષદરાય કાલિદાસે એમ. પી. બોર્ડ, ભોપાલની ઈન્ટર કૉમર્સ પરીક્ષા બાનગી વિદ્યાર્થી તરીકે પાસ કર્યાના આધારે આપણી યુનિ.માં સેકન્ડ બી.કૉમ.ના વર્ગમાં તેમને પ્રવેશ મેળવવા માટે પાત્ર ગણવા કે કેમ તે અંગે વિચારણા કરવા બાબત.

નોંધ.—રેગ્યુ. ૭ મુજબ એમ. પી. બોર્ડ, ભોપાલની ઈન્ટર કૉમર્સની પરીક્ષા વિદ્યાર્થીએ દરેક જૂનવા અભ્યાસક્રમ મુજબ તેમ જ દરેક વિષયમાં ૪૦ ટકા ગુણ સાથે અગર તો એગ્રીગેટ ૫૦ ટકા ગુણ સાથે પાસ કરી હોય તો તેવા વિદ્યાર્થીને સેકન્ડ બી.કૉમ.ના વર્ગ માટે પ્રવેશપાત્ર ગણી શકાય.

(1) We do not have external examinations in Commerce Faculties.

(2) The student concerned has passed Inter Commerce as external student, hence it is regretted that he cannot be admitted to our courses which admits students who have passed their examination as regular students.

આથી ઠરાવવામાં આવે છે કે અન્ય યુનિવર્સિટી કે બોર્ડની વાણિજ્યની એક્સ્ટર્નલ પરીક્ષાઓ માન્ય રાખવી નહિ અને આવી પરીક્ષાઓ બાનગી વિદ્યાર્થી તરીકે ઉત્તીર્ણ કરી આવનાર વિદ્યાર્થીઓને આપણી યુનિવર્સિટીમાં વાણિજ્ય વિદ્યાશાખાના કોઈ અભ્યાક્રમમાં પ્રવેશપાત્ર ગણવા નહીં એમ એકેડેમિક કાઉન્સિલને ભલામણ કરવી.

૧૭. જમ્મુ યુનિવર્સિટી જમ્મુ, તવાઇ તરફથી લેવામાં આવતી એલએલ.બી. પ્રોફેશનલ પરીક્ષાને ગુજરાત યુનિવર્સિટીની એલએલ.બી. સ્પેશિયલ પરીક્ષા તુલ્ય માન્ય કરવા અંગે વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે જમ્મુ યુનિવર્સિટી જમ્મુ, તવાઇની એલએલ.બી. પ્રોફેશનલ પરીક્ષાને આ યુનિવર્સિટીની એલએલ.બી. સ્પેશિયલ પરીક્ષા તુલ્ય પારસ્પરિક ધોરણે માન્ય કરવા એકેડેમિક કાઉન્સિલને ભલામણ કરવી.

ત્યાર બાદ સભાનું કામકાજ પૂરું થયું હતું.

એસ. વી. શાસ્ત્રી
કુલસચિવ વતી

Appendix 'A'

HIMACHAL PRADESH UNIVERSITY

List of Various Examinations Conducted by the Himachal Pradesh University

1. Pre-University (Humanities, Science, Commerce, Fine Arts, and Agriculture Groups)
2. Pre-Medical
3. Pre-Engineering
4. B.A. Part I
5. B.A. Part II
6. B.A. Part III
7. B.A. (Honours) Part II
8. B.A. (Honours) Part III } English, Mathematics, Geography, Psychology, Economics, Political Science, History, Sanskrit and Hindi.
9. B.Sc. Part I
10. B.Sc. Part II
11. B.Sc. Part III
12. M.A. Part I
13. M.A. Part II } English, Political Science, Hindi, Sanskrit, Economics, Music, Mathematics, and History.
14. Master of Business Administration.
15. M.Sc. Part I
16. M.Sc. Part II } Physics and Chemistry
17. B.Com. Part I
18. B.Com. Part II
19. B.Com. Part III
20. B.Ed.
21. M.Ed.
22. LL.B.
23. First Professional M.B.B.S.
24. Second Professional M.B.B.S.
25. Final Professional M.B.B.S.

Gujarat University Press, Ahmedabad–9.

ગુ. યુ. પ્રેસ ૨૩૪--૪૫૦--૧૧--૭૨

બાનગી

ગુજરાત યુનિવર્સિટી

ગુજરાત યુનિવર્સિટીની સિન્ડિકેટની મે માસની સભા, શનિવાર, તા. ૬--૫--૧૯૭૨ના રોજ બપોરના ૧૧--૦૦ વાગ્યે ગુજરાત યુનિવર્સિટી કાર્યાલયમાં મળી હતી. પ્રમુખસ્થાન કુલપતિ શ્રી. ઉમાશંકર જેઠાલાલ જોશીએ સંભાળ્યું હતું. તે દિવસે સભામાં હાજરી નીચે પ્રમાણે હતી :

ક્રમાંક	સભ્યનું નામ	તા. ૬--૫--૧૯૭૨
૧.	શ્રી. ઉમાશંકર જેઠાલાલ જોશી, કુલપતિ	હાજર
૨.	શિક્ષણસંચાલક, ગુજરાત રાજ્ય	ગેરહાજર
૩.	આચાર્ય સી. એસ. શાહ	હાજર
૪.	શ્રી. ઝીણાભાઈ રતનજી દેસાઈ	હાજર
૫.	શ્રી. રણજિતરાય ગંગાશંકર શાસ્ત્રી	હાજર
૬.	ડૉ. જયંત ભગવાનદાસ હરિભક્તિ	હાજર
૭.	શ્રી. ઇંદ્રવદન અંબાલાલ મોદી	હાજર
૮.	શ્રી. બટુભાઈ હરિભાઈ દેસાઈ	હાજર
૯.	શ્રી. સત્યેન્દ્ર કાળિદાસ ઝવેરી	હાજર
૧૦.	શ્રી. હીરાલાલ એચ. ભગવતી	ગેરહાજર
૧૧.	શ્રી. પ્રફુલ્લચંદ્ર સી. શાહ	હાજર
૧૨.	ડૉ. મહેન્દ્ર નાનુભાઈ દેસાઈ	હાજર
૧૩.	શ્રી. કૃષ્ણચંદ્ર સોમનાથ શાસ્ત્રી	હાજર
૧૪.	પ્રો. કે. આર. ચંદ્રશેખરન	હાજર
૧૫.	આચાર્ય ડૉ. ધીરુભાઈ પ્રેમશંકર ઠાકર	ગેરહાજર
૧૬.	આચાર્ય ડૉ. લક્ષ્મીપ્રસાદ ડી. દવે	હાજર
૧૭.	આચાર્ય ગિરીશભાઈ છોટાલાલ પટેલ	હાજર
૧૮.	આચાર્ય મહેન્દ્રલાલ ચંદુલાલ શાહ	હાજર.

૧. તા. ૧૫--૪--૧૯૭૨ના રોજ મળેલી સિન્ડિકેટની સભાની નોંધને મંજૂર કરવા બાબત.

સિન્ડિકેટની તા. ૧૫--૪--૧૯૭૨ના રોજ મળેલી સભાની નોંધને મંજૂર કરવામાં આવી તથા તે પર કુલપતિશ્રીએ સહી કરી.

૨. કુલપતિશ્રીએ મંજૂર કરેલાં નીચેનાં કાર્યોની નોંધ લેવા બાબત :

(૧) શ્રી. ભક્ત વલ્લભ ધોળા આર્ટ્સ અને કૉમર્સ કૉલેજ, અમદાવાદના સંચાલક મંડળમાં ફેરફારની બાબતમાં સિન્ડિકેટે તેની તા. ૧૦--૩--૧૯૭૨ની સભામાં જે ઠરાવ કરેલો છે તે અંગે મજકૂર કૉલેજના જૂના સંચાલક મંડળના મૅનેજિંગ ટ્રસ્ટી શ્રી જિતેન્દ્ર ચિમનલાલ ભટ્ટભટ્ટ (જિતુ ભગત) વગેરેએ અમદાવાદની સિટી સિવિલ કોર્ટમાં દાખલ કરેલ દાવાની બાબતમાં વકીલ તરીકે શ્રી. નિરંજન મહેતાને રોકયાના તથા યુનિવર્સિટી તરફથી સોગંદનામું રજૂ કરવા માટે શ્રી. કુલસચિવને સત્તા આપ્યાના;

(૨) વિજ્ઞાનવિદ્યા ભવનના અધ્યક્ષ ડૉ. જે. જે. ચિનોયને તેમના તા. ૧૨--૪--૧૯૭૨ના પત્રના સંદર્ભમાં નેશનલ સાયન્સ ટેલન્ટ રિસર્ચ સ્કીમ, દિલ્હીના ઇન્ટરવ્યુ બોર્ડનું અધ્યક્ષપદ સ્વીકારવાની અને દૈનિક રૂ. ૫૦ લેખે વેતન સ્વીકારવાની પરવાનગી આપ્યાના;

(૩) સી. યુ. શાહ કૉમર્સ કૉલેજ, અમદાવાદને જૂન ૧૯૭૨થી વાણિજ્ય વિદ્યાશાખાના અભ્યાસક્રમના નવા માળખાના સંદર્ભમાં પ્રથમ વર્ષ બી.કૉમ.માં "બિઝનેસ મૅનેજમેન્ટ"ના અભ્યાસક્રમ શીખવવા માટે તદર્થ (ઍડહૉક) ધોરણે પરવાનગી આપ્યાના.

આથી ઠરાવવામાં આવે છે કે કુલપતિશ્રીનાં સદરહુ કાર્યોની નોંધ લેવી.

૩. ઑલ--ઇન્ડિયા ઇંગ્લિશ ટીચર્સ કૉન્ફરન્સનું આગામી ૨૩મું અધિવેશન જે આગામી ડિસેમ્બર માસમાં ગુજરાત યુનિવર્સિટીના ઉપક્રમે અમદાવાદ મુકામે ભરાનાર છે તેના સ્થાનિક મંત્રી તરીકે પ્રોફેસર કે. આર. ચંદ્રશેખરનની નિમણૂક કર્યાના કુલપતિશ્રીના કાર્યની નોંધ લેવા બાબત તથા તે અંગે તદર્થ (ઍડહૉક) સમિતિ નીમવા અંગે વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે કુલપતિશ્રીના સદરહુ કાર્યની નોંધ લેવી, તથા સદરહુ પરિષદમાં આગામી અધિવેશનમાં નીચે મુજબ ઍડહૉક સમિતિની રચના કરવી :

(૧) કુલપતિશ્રી—અધ્યક્ષ
(૨) શ્રી. એસ. એમ. શાહ
(૩) આચાર્ય એસ. આર. ભટ્ટ
(૪) આચાર્ય વી. જે. ત્રિવેદી
(૫) આચાર્ય વી. પી. ત્રિવેદી
(૬) પ્રો. દુર્ગેશ મહેતા
(૭) શ્રી. બી. એસ. સિંગ
(૮) પ્રો. નિરંજન ભગત
(૯) શ્રીમતી ભારતીબહેન સારાભાઈ
(૧૦) પ્રો. ફાધર બ્રેગેન્ઝા જે. એ.

(૧૧) આચાર્ય વાય. ડી. ભાવે
(૧૨) પ્રો. એ. ડી. ઝાલા
(૧૩) પ્રો. વી. એન. જોશી
(૧૪) પ્રો. આર. બી. કુલશ્રેષ્ઠ
(૧૫) પ્રો. જી. આર. નિઝામી.

૪. સમાજવિદ્યા ભવનમાં કામ કરતા નીચેના શિક્ષકોનો બે વર્ષનો અજમાયશી સમય પૂરો થતો હોઈ તેમનાં નામ સામે બતાવેલ તારીખથી તેમને કાયમ કરવા અંગે વિચારણા કરવા બાબત :

ક્રમાંક	શિક્ષકનું નામ	હોદ્દો	અજમાયશી સમય પૂરો થવાની તારીખ	કાયમ કરવાની તારીખ
૧.	શ્રી. પી. કે. દવે	લેક્ચરર	૧૪--૬--૧૯૭૨	૧૫--૬--૧૯૭૨
૨.	શ્રી. એચ. વી. સુથાર	,,	,,	,,
૩.	શ્રી. ડી. બી. દેસાઈ	,,	,,	,,

સદરહુ સભ્યોની કામગીરી અંગેના ખાનગી અહેવાલો સભાગૃહ સમક્ષ રજૂ કરવામાં આવ્યા.

તે પછી ઠરાવવામાં આવ્યું કે ઉપરના ત્રણે સભ્યોને સમાજવિદ્યા ભવનમાં લેક્ચરર તરીકેની તેમની જગ્યા પર તા. ૧૫—૬—૧૯૭૨થી કાયમ કરવા.

૫. વિજ્ઞાન વિદ્યાભવનમાં પ્રોફેસર ઑફ઼ ઝૂલોજી તરીકે કામ કરતા ડૉ. વી. સી. શાહનો બે વર્ષનો અજમાયશી સમય તા. ૩૦—૬--૧૯૭૨ના રોજ પૂરો થતો હોઈ તેમને તા. ૧—૭--૧૯૭૨થી કાયમ કરવા અંગે વિચારણા કરવા બાબત.

ડૉ. વી. સી. શાહની કામગીરી અંગેનો ખાનગી અહેવાલ સભાગૃહ સમક્ષ રજૂ કરવામાં આવ્યો.

તે પછી ઠરાવવામાં આવ્યું કે ડૉ. વી. સી. શાહને વિજ્ઞાન વિદ્યાભવનમાં પ્રોફેસર ઑફ઼ ઝૂલોજીની જગ્યા પર તા. ૧—૭—૧૯૭૨થી કાયમ કરવા.

૬. સમાજવિદ્યા ભવનમાં લેક્ચરર ઈન ઈકોનોમેટ્રિક્સ ઍન્ડ સ્ટેટિસ્ટિક્સ તરીકે કામ કરતા શ્રી. વી. પી. ભારદ્વાજનો બે વર્ષનો અજમાયશી સમય તા. ૯--૭--૧૯૭૨ના રોજ પૂરો થતો હોઈ તેમને તા. ૧૦--૭--૧૯૭૨થી કાયમ કરવા અંગે વિચારણા કરવા બાબત.

શ્રી. વી. પી. ભારદ્વાજની કામગીરી અંગેનો ખાનગી અહેવાલ સભાગૃહ સમક્ષ રજૂ કરવામાં આવ્યો.

તે પછી ઠરાવવામાં આવ્યું કે શ્રી. વી. પી. ભારદ્વાજને સમાજવિદ્યા ભવનમાં લેક્ચરર ઈન ઈકોનોમેટ્રિક્સ ઍન્ડ સ્ટેટિસ્ટિક્સની જગ્યા પર તા. ૧૦—૭—૧૯૭૨થી કાયમ કરવા.

૭. વિજ્ઞાન વિદ્યાભવનમાં પટાવાળા તરીકે કામ કરતા શ્રી. પી. એસ. ચિત્રેનો એક વર્ષનો અજમાયશી સમય તા. ૩૦--૬--૧૯૭૨ના રોજ પૂરો થતો હોઈ તેમને તા. ૧--૭--૧૯૭૨થી કાયમ કરવા અંગે વિચારણા કરવા બાબત.

શ્રી. પી. એસ. ચિત્રેની કામગીરી અંગેનો ખાનગી અહેવાલ સભાગૃહ સમક્ષ રજૂ કરવામાં આવ્યો.

તે પછી ઠરાવવામાં આવ્યું કે શ્રી. પી. એસ. ચિત્રેને વિજ્ઞાન વિદ્યાભવનમાં પટાવાળાની જગ્યા પર તા. ૧–૭–૧૯૭૨થી કાયમ કરવા.

૮. સને ૧૯૭૧ના વર્ષ માટેનો "આચાર્ય ડૉ. કે. જી. નાયક સુવર્ણચંદ્રક" વિજ્ઞાન વિદ્યાશાખામાં ઉત્કૃષ્ટ સંશોધન કાર્ય કરવા બદલ ડૉ. મહેન્દ્રભાઈ નાનુભાઈ દેસાઈને એનાયત કરવામાં આવ્યો તેની નોંધ લેવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બાબતની નોંધ લેવી.

૯. સેનેટના હોદ્દાગત સભ્ય આચાર્ય એમ. પી. ભાટિયાને ગુજરાત યુનિવર્સિટી ધારાની કલમ ૨૧ (૨) અન્વયે વિનયનની વિદ્યાશાખા હેઠળ આવતી કોઈ એક વિષયની અભ્યાસસમિતિનું સભ્યપદ આપવા બાબત.

[નોંધ.—(૧) શ્રી. ભાટિયાએ અંગ્રેજીની અભ્યાસસમિતિ પર કામ કરવા પસંદગી દર્શાવી છે.
(૨) શ્રી. ભાટિયા સ્નાતક તેમ જ અનુસ્નાતક પદવી અંગ્રેજી વિષયમાં ધરાવે છે.]

આથી ઠરાવવામાં આવે છે કે આચાર્ય એમ. પી. ભાટિયાને અંગ્રેજી અભ્યાસસમિતિનું સભ્યપદ આપવું.

૧૦. ગુજરાત રાજ્ય સંચાલિત આઈ. એ. એસ. ટ્રેનિંગ કલાસીસમાં વિજ્ઞાન વિદ્યાભવનના નીચેના શિક્ષકોને તેમનાં નામ સામે જણાવેલ વ્યાખ્યાનો આપવા તથા તે અંગેનો પુરસ્કાર સ્વીકારવાની મંજૂરી આપવા અંગે વિચારણા કરવા બાબત.

ક્રમાંક	નામ	રકમ
		રૂ.
૧.	પ્રો. જે. જે. વિનોય	૨૫૦
૨.	ડૉ. સી. કે. શાહ	૨૫૦
૩.	ડૉ. બી. એસ. વૈદ્ય	૨૫૦
૪.	ડૉ. એમ. એમ. ત્રાલોરિયા	૨૫૦
૫.	ડૉ. યુ. એમ. આચાર્ય	૨૫૦
૬.	ડૉ. એ. બી. વોરા	૨૫૦
૭.	ડૉ. એચ. ડી. પટેલ	૨૫૦
૮.	ડૉ. ઓ. પી. સકસેના	૨૫૦

(નોંધ.—ઉપરોકત સભ્યોમાંથી કોઈને ૧૧ માર્ચ ૧૯૭૨ પછી કોઈ પણ જાતનું માનદ વેતન મળ્યું નથી. તેમ જ ૩૦ ટકાથી મૂળ પગાર કરતાં વાર્ષિક વેતન વધતું નથી.)

આથી ઠરાવવામાં આવે છે કે ઉપર જણાવેલા સભ્યોને સદરહુ કામગીરી તથા તે અંગેનો પુરસ્કાર સ્વીકારવા માટે પરવાનગી આપવી.

૧૧. લેકચરરોની નિમણૂકો અંગે વરણીસમિતિની તા. ૧૯/૨૦--૪--૧૯૭૨ના રોજ મળેલી સભાની નીચેની ભલામણો પર વિચારણા કરવા બાબત :

૧. શ્રી. ચંદ્રકાંત એચ. ઠાકર ... લેકચરર ઈન ઈકોનોમિકસ માટે—એક જગ્યા
૨. ડૉ. વાય. ડી. રાંગિ ... લેકચરર ઈન બોટેની માટે—એક જગ્યા

૩. ક્રમાનુવર્તી ... લેક્ચરર ઇન એજ્યુકેશન—માટે બે જગ્યા

(૧) ડૉ. જે. એચ. શાહ
(૨) શ્રી. પી. એ. ત્રિવેદી
(૩) ડૉ. એમ. બી. કણિક
(૪) શ્રીમતી શકુન્તલા બાંગા
(૫) શ્રી. કે. એસ. ઠાકર

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ જગ્યાઓ માટેની વરણીસમિતિની તા. ૧૯/૨૦–૪–૧૯૭૨ના રોજ મળેલી સભાની ભલામણો મંજૂર કરવી, અને તે મુજબ લેક્ચરરની જગ્યા પર રૂ. ૪૦૦–૪૦–૮૦૦–૫૦–૯૫૦ના પગારધોરણમાં બે વર્ષના અજમાયશી ધોરણે નીચે મુજબ નિમણૂકો કરવી :

(૧) શ્રી. ચંદ્રકાંત એચ. ઠક્કરને સમાજવિદ્યા ભવનમાં અર્થશાસ્ત્રના લેક્ચરરની જગ્યા પર માસિક રૂ. ૪૪૦ના મૂળ પગારથી;

(૨) ડૉ. વાય. ડી. સીંગને વિજ્ઞાનવિદ્યા ભવનમાં વનસ્પતિવિજ્ઞાનના લેક્ચરરની જગ્યા પર માસિક રૂ. ૪૦૦ ના મૂળ પગારથી;

(૩) ડૉ. જે. એચ. શાહને મનોવિજ્ઞાન, શિક્ષણ અને તત્ત્વજ્ઞાન વિદ્યાભવનમાં શિક્ષણશાસ્ત્રના લેક્ચરરની જગ્યા પર માસિક રૂ. ૫૬૦ ના મૂળ પગારથી; અને

(૪) શ્રી. પી. એ. ત્રિવેદીને મનોવિજ્ઞાન, શિક્ષણ અને તત્ત્વજ્ઞાન વિદ્યાભવનમાં શિક્ષણશાસ્ત્રના લેક્ચરરની જગ્યા પર માસિક રૂ. ૪૪૦ના મૂળ પગારથી.

(સદરહુ વરણીસમિતિની તા. ૧૯/૨૦--૪--૧૯૭૨ની સભાની ભલામણોની નોંધ **પરિશિષ્ટ "ક"** તરીકે સામેલ છે.)

૧૨. વિજ્ઞાનવિદ્યા ભવનના ગણિત વિભાગમાં એક રીડરની હંગામી જગ્યા સ્થાપવાની એકેડેમિક કાઉન્સિલની તા. ૬/૭–૪–૧૯૭૨ની સભાની ભલામણ પર વિચારણા કરવા બાબત :

[**નોંધ**. –College Science Improvement Programme—Uni. Leadership Project in Maths.ની યોજના હેઠળ યુનિવર્સિટી ગ્રાન્ટ્સ કમિશને ૨ વર્ષ (તા. ૧૫મી જૂન ૧૯૭૨થી તા. ૧૪મી જૂન ૧૯૭૪) માટે રીડરની જગ્યા અંગેના ખર્ચ માટે આર્થિક સહાય આપવાનું મંજૂર કર્યું છે.]

આથી ઠરાવવામાં આવે છે કે વિજ્ઞાનવિદ્યા ભવનમાં ગણિતશાસ્ત્રના વિભાગમાં ગણિતશાસ્ત્રના રીડરની એક જગ્યા હંગામી ધોરણે તા. ૧૪--૬--૧૯૭૪ સુધીના સમય માટે સ્થાપવા માટે સેનેટને ભલામણ કરવી.

બાબત નં. ૧૩ અને ૨૬ની વિચારણા સાથે કરવામાં આવી.

૧૩. મનોવિજ્ઞાન ભવનમાં શિક્ષણશાસ્ત્ર વિભાગમાં પ્રૌઢશિક્ષણ (Continuing Adult Education) માટે બે વ્યાખ્યાતાની જગ્યાઓ ઊભી કરવાની એકેડેમિક કાઉન્સિલની તા. ૬/૭--૪--૧૯૭૨ની સભાની ભલામણ પર વિચારણા કરવા બાબત :

(**નોંધ.**—યુનિવર્સિટી ગ્રાન્ટ્સ કમિશને આ જગ્યાઓ માટે તે કાયમી ઊભી કરવાની શરતે ૧૯૭૩-૭૪ સુધીના ગાળા માટે આર્થિક સહાય આપવાનું મંજૂર કર્યું છે.)

૨૬. મનોવિજ્ઞાન ભવનમાં શિક્ષણશાસ્ત્ર વિભાગમાં પ્રૌઢશિક્ષણ માટે એક કો--ઑર્ડિનેટરની જગ્યા રૂ. ૭૦૦--૧,૨૫૦ના પગારધોરણમાં ઊભી કરવા અંગે તથા તે માટે લાયકાતો નક્કી કરવા અંગે વિચારણા કરવા બાબત :

(**નોંધ.**-- યુનિવર્સિટી ગ્રાન્ટ્સ કમિશને આ જગ્યાઓ માટે, તે કાયમી ઊભી કરવાની શરતે, ૧૯૭૩-૭૪ સુધીના ગાળા માટે આર્થિક સહાય આપવાનું મંજૂર કર્યું છે.)

તે પછી ઠરાવવામાં આવ્યું કે સદરહુ બાબતોની વિચારણા મોકૂફ રાખવી.

દરમ્યાન પ્રૌઢશિક્ષણ (Continuing Adult Education) માટેની સૂચિત યોજના અને કાર્યક્ષેત્રને લગતી વિસ્તૃત નોંધ તથા શિક્ષણશાસ્ત્રના અધ્યાપકોના હાલના કાર્યભોજ અંગે માહિતી રજૂ કરવા માટે મનોવિજ્ઞાન, શિક્ષણ અને તત્ત્વજ્ઞાન વિદ્યાભવનના અધ્યક્ષને જણાવવું.

૧૪. સમાજવિદ્યા ભવનમાં પ્રોફેસર ઑફ લેબર વેલ્ફેરની જગ્યા માટે તા. ૩--૫--૧૯૭૨ના રોજ મળેલી વરણીસમિતિની ભલામણ ઉપર વિચારણા કરવા બાબત :

કેટલીક ચર્ચા--વિચારણા બાદ ઠરાવવામાં આવ્યું કે સદરહુ વરણીસમિતિની તા. ૩--૫--૧૯૭૨ના રોજ મળેલી સભાની ભલામણ મંજૂર કરવી અને તે મુજબ ડૉ. ગણેશ એમ. મજમુદારને રૂ. ૧,૧૦૦-૫૦-૧,૩૦૦ ૬૦-૧,૬૦૦ના પગારધોરણમાં મૂળ માસિક પગાર રૂ. ૧,૧૦૦થી બે વર્ષના અજમાયશી ધોરણે સમાજવિદ્યા ભવનમાં લેબર વેલ્ફેરના પ્રોફેસર તરીકે નીમવા.

(સદરહુ સમિતિની તા. ૩--૫--૧૯૭૨ની ભલામણોની નકલ **પરિશિષ્ટ "ખ"** તરીકે સામેલ છે.)

૧૫. સમાજવિદ્યા ભવનમાં ઇતિહાસના પ્રાધ્યાપક માટેની તા. ૨૮--૪--૧૯૭૨ના રોજ મળેલી વરણી-સમિતિની ભલામણ ઉપર વિચારણા કરવા બાબત :

સદરહુ વરણીસમિતિની તા. ૨૮--૪--૧૯૭૨ની સભાની ભલામણ પર કેટલીક ચર્ચા-વિચારણાને અંતે ઠરાવવામાં આવ્યું કે ઇતિહાસના પ્રાધ્યાપકની જગ્યા માટે એક કરતાં વધુ વખત જાહેરખબર આપ્યા છતાં યોગ્ય ઉમેદવાર મળી શકયા નથી તે હકીકત ધ્યાનમાં લઈને ઇતિહાસના પ્રોફેસરની જગ્યા રદ કરવા અને તેને બદલે ઇતિહાસના રીડરની જગ્યા સ્થાપવા માટે સેનેટને ભલામણ કરવી.

વધુમાં તે માટે યુનિવર્સિટી ગ્રાન્ટ્સ કમિશનની અનુમતિ પણ મેળવવી.

દરમ્યાન ઇતિહાસના રીડરની જગ્યા માટે જાહેરખબર આપીને તે માટે અરજીઓ મંગાવવી.

(સદરહુ વરણીસમિતિની તા. ૨૮--૪--૧૯૭૨ની ભલામણો **પરિશિષ્ટ "ગ"** તરીકે સામેલ છે.)

૧૬. યુનિવર્સિટી સાથે જોડાયેલી કૉલેજો / સંસ્થાઓ જ્યાં યુનિવર્સિટી દ્વારા શિક્ષણ આપવા માટે અનુ-સ્નાતક કેન્દ્રો સ્થાપવામાં આવ્યાં છે તે અનુસ્નાતક કેંદ્રોના પ્રોફેસર-ઇન-ચાર્જની મુદત તા. ૧૫--૬--૧૯૭૨થી તા. ૧૪--૬--૧૯૭૩ સુધી લંબાવી આપવાના કાર્યાલયના સૂચન પરત્વે વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે જુદાં જુદાં અનુસ્નાતક કેન્દ્રોના પ્રોફેસર-ઇન-ચાર્જની નિમણૂકની મુદત તા. ૧૫--૬--૧૯૭૨થી તા. ૧૪--૬--૧૯૭૩ સુધી લંબાવવી.

૧૭. ગુજરાત રાજ્ય ફર્ટિલાઇઝર્સ કંપની લિ., પોસ્ટ ફર્ટિલાઇઝર નગર, જિ. વડોદરા તરફથી કો--ઑપરેશન-ના વિષય માટે ગુજરાત યુનિવર્સિટીની બી.એ.ની ત્રિવાર્ષિક પદવી પરીક્ષામાં તથા બી.કૉમ.ની ત્રિવાર્ષિક પદવી પરીક્ષામાં

મુખ્ય વિષય અનુક્રમે "કો--ઑપરેશન" તથા "થિયરી ઍન્ડ પ્રૅક્ટિસ ઑફ કો--ઑપરેશન" લઈને દાખલ થનાર વિદ્યાર્થીને રૂ. ૩,૬૦૦નો શિષ્યવૃત્તિ આપવા અંગેના તેમના તા. ૭--૪--૧૯૭૨ના પત્ર નં. એમ.ડી. ૧૦૧--૩૩--૧૮૮૬ અંગે વિચારણા કરવા બાબત.

[**નોંધ.**—તે અંગેની શરતો વગેરે નીચે પ્રમાણે છે :

(૧) ઉપર જણાવેલ વિષય લઈને બી.એ., બી.કૉમ.ની પદવી પરીક્ષાના અભ્યાસક્રમમાં દાખલ થનાર વિદ્યાર્થીઓએ પ્રી-યુનિવર્સિટી આર્ટ્સ અને પ્રી-યુનિવર્સિટી કૉમર્સની પરીક્ષામાં ઓછામાં ઓછા ૫૫ ટકા ગુણ મેળવેલ હોવા જોઈએ અને તેવા વિદ્યાર્થીઓમાંથી નીચે જણાવેલ સભ્યોની સમિતિ પસંદગી કરશે :

૧. કુલપતિશ્રી તરફથી તે વિષયના નિયુક્ત થયેલ સિનિયર પ્રોફેસર

૨. ડિરેક્ટર ઑફ ગુજરાત સ્ટેટ ફર્ટિલાઈઝર કંપની લિ.

૩. ડિરેક્ટર, કો--ઑપરેટિવ ઓફિસર્સ ટ્રેનિંગ સેન્ટર, અમદાવાદ.

(૨) શિષ્યવૃત્તિની રકમ પ્રથમ વર્ષે રૂ. ૯૦૦, બીજે વર્ષે રૂ. ૧,૨૦૦ તથા ત્રીજે વર્ષ રૂ. ૧,૫૦૦ આપવાની રહેશે.

(૩) બીજા અને ત્રીજા શૈક્ષણિક વર્ષ માટે સદરહુ શિષ્યવૃત્તિ વિદ્યાર્થીઓના ચારિત્ર્ય તથા અભ્યાસ અંગે સંતોષકારક પ્રમાણપત્રને આધીન ચાલુ રાખવાની રહેશે.]

આથી વધુમતે ઠરાવવામાં આવે છે કે સદરહુ પ્રસ્તાવનો નીચેની શરતોએ સાભાર સ્વીકાર કરવો:

(૧) ઉપર જણાવેલ વિષય લઈને બી.એ., બી.કૉમ.ની પદવી પરીક્ષાના અભ્યાસક્રમમાં દાખલ થનાર વિદ્યાર્થીઓએ પ્રી-યુનિવર્સિટી આર્ટ્સ અને પ્રી-યુનિવર્સિટી કૉમર્સની પરીક્ષામાં ઓછામાં ઓછા ૫૫ ટકા ગુણ મેળવેલ હોવા જોઈએ અને તેવા વિદ્યાર્થીઓ પૈકી યોગ્ય વિદ્યાર્થીઓની આ શિષ્યવૃત્તિઓ માટે પસંદગી કરવા માટે નીચે જણાવ્યા મુજબની સમિતિ રચવી :

૧. કુલપતિશ્રી તરફથી નિયુક્ત થયેલ નિષ્ણાત

૨. ડિરેક્ટર ઑફ ગુજરાત સ્ટેટ ફર્ટિલાઈઝર કંપની લિ.

૩. ડિરેક્ટર, કો-ઑપરેટિવ એફિઝકયુટિવ ટ્રેનિંગ સેન્ટર, અમદાવાદ.

(૨) શિષ્યવૃત્તિની રકમ આ પ્રત્યેક વિદ્યાર્થીને પ્રથમ વર્ષે રૂ. ૯૦૦, બીજે વર્ષે રૂ. ૧,૨૦૦ તથા ત્રીજે વર્ષે રૂ. ૧,૫૦૦ આપવામાં આવશે.

(૩) બીજા અને ત્રીજા શૈક્ષણિક વર્ષ માટે સદરહુ શિષ્યવૃત્તિ વિદ્યાર્થીઓના ચારિત્ર્ય તથા અભ્યાસ અંગે સંતોષકારક પ્રગતિને આધીન ચાલુ રાખવામાં આવશે.

૧૮. યુનિવર્સિટી વિદ્યાભવનો, ગ્રંથાલય અને છાત્રાલયનાં કેટલાંક ખર્ચ ખાતાંઓમાં સને ૧૯૭૧–૭૨ના પુનર્નિર્મિત અંદાજપત્રમાં મંજૂર થયેલ જોગવાઈ કરતાં ખરેખર ખર્ચ તા. ૩૧–૩–૧૯૭૨ સુધીમાં ઓછો થવા પામ્યો હોઈ સને ૧૯૭૧–૭૨ના વર્ષની વણવપરાયેલી રકમ જેટલી રકમની વધુ જોગવાઈ સને ૧૯૭૨–૭૩ના ચાલુ વર્ષના અંદાજપત્રમાં કરવા વિચારણા કરવા બાબત.

બજેટ હેડ	૧૯૭૨–૭૩ની હાલની બજેટની જોગવાઈ	વણવપરાયેલી રકમ પ્રમાણે સૂચિત વધારાની જોગવાઈ	૧૯૭૨–૭૩ની એકંદર સૂચિત બજેટ જોગવાઈ
	રૂ.	રૂ.	રૂ.
ગ્રંથાલય—ફર્નિચર	૩૦,૦૦૦	૨,૦૦૦	૩૨,૦૦૦
સમાજવિદ્યા ભવન—ફર્નિચર	૧૦,૦૦૦	૧૨,૧૦૦	૨૨,૧૦૦
,, —ઇક્વિપમેન્ટ	...	૧૧,૦૦૦	૧૧,૦૦૦
ભાષા-સાહિત્ય ભવન—ફર્નિચર	૭,૫૦૦	૬,૧૦૦	૧૩,૬૦૦
મનોવિજ્ઞાન ભવન—ફર્નિચર	૨,૦૦૦	૬,૦૦૦	૮,૦૦૦
વિજ્ઞાન વિદ્યાભવન—ફર્નિચર	૧૮,૦૦૦	*૩૬,૦૦૦	૫૪,૦૦૦
છાત્રાલય—ફર્નિચર	૨૯,૦૦૦	૧૭,૯૦૦	૪૬,૯૦૦
છાત્રાલય—મરામત ફેરફાર ખર્ચ ખાતું	૨૬,૦૦૦	૬૩,૧૦૦	૮૯,૧૦૦
આતિથિગૃહ—ફર્નિચર	૧,૦૦૦	૨,૦૦૦	૩,૦૦૦

*રૂ.			
૧૮,૬૦૦	વિજ્ઞાન વિદ્યાભવન	ફર્નિચર	ફિઝિક્સ વિભાગ
૧,૦૦૦	,,	,,	કેમિસ્ટ્રી વિભાગ
૧૪,૧૦૦	,,	,,	ઝૂલોજી વિભાગ
૧,૯૦૦	,,	,,	મેથેમેટિક્સ વિભાગ
૩૬,૦૦૦			

આથી ઠરાવવામાં આવે છે કે ૧૯૭૨–૭૩ના અંદાજપત્રમાં યુનિવર્સિટીનાં સદરહુ ખર્ચ ખાતાંઓમાં ઉપર જણાવ્યા મુજબ વધારાના સૂચિત ખર્ચની જોગવાઈ કરવી.

૧૯. યુનિવર્સિટીનાં જુદાં જુદાં મકાનોના બાંધકામ ખર્ચ અંગે સને ૧૯૭૧--૭૨ના પુનર્નિર્મિત અંદાજપત્રમાં મંજૂર થયેલ જોગવાઈ કરતાં કામનો નિકાલ જોતાં ખરેખર ખર્ચ તા. ૩૧--૩--૧૯૭૨ સુધીમાં ઓછો થવા પામ્યો હોઈ સને ૧૯૭૧--૭૨ના વર્ષની વણવપરાયેલી રકમ જેટલી રકમની વધુ જોગવાઈ સને ૧૯૭૨--૭૩ના ચાલુ વર્ષના અંદાજપત્રમાં કરવા વિચારણા કરવા બાબત :

મકાનોની વિગત	૧૯૭૨--૭૩ની ચાલની જોગવાઈ	વણવપરાયેલી રકમ પ્રમાણે સૂચિત વધારાની જોગવાઈ	૧૯૭૨--૭૩ની એકંદર સૂચિત જોગવાઈ
	રૂ.	રૂ.	રૂ.
વિજ્ઞાનવિદ્યાભવનના મકાનનાં વિકાસ-કામો માટે (રિસ્ટિલ્ડ રૂમ સહિત)	૨,૦૦,૦૦૦	૧,૩૭,૬૦૦	૩,૩૭,૬૦૦
વિદ્યાર્થીઓના છાત્રાલયનું મકાન	૧,૩૦.૦૦૦	૨,૪૨,૦૦૦	૩,૭૨,૦૦૦
વિદ્યાર્થિનીઓના છાત્રાલયના મકાનના વિકાસ માટે	૧,૩૫,૦૦૦	૬૨,૧૦૦	૧,૯૭,૧૦૦
મનોવિજ્ઞાન વિદ્યાભવનનું મકાન	૪,૨૦,૦૦૦	૧,૨૩,૦૦૦	૫,૪૩,૦૦૦
ભાષા-સાહિત્ય ભવનના મકાનના વિકાસ માટે	૧.૪૨,૦૦૦	૯૮,૮૦૦	૨,૪૦,૮૦૦
સમાજવિદ્યા ભવનના મકાનના વિકાસ માટે	૧૩,૦૦૦	૧૭,૦૦૦	૩૦,૦૦૦
ગાંધી ભવનનું મકાન	૯૦,૦૦૦	૧૦,૦૦૦	૧,૦૦,૦૦૦
કર્મચારી વર્ગનાં મકાનો માટે	૨૦,૦૦૦	૧,૨૬,૮૦૦	૧,૪૬,૮૦૦
રીડર્સ કવાર્ટર્સ			
કર્મચારી વર્ગનાં મકાનો માટે	૧,૮૦,૦૦૦	૧,૬૩,૯૦૦	૩,૪૩,૯૦૦
લેક્ચરર્સ કવાર્ટર્સ			
યુનિવર્સિટી પ્રેસના મકાનના વિકાસ માટે	૧૫,૦૦૦	૨૦,૦૦૦	૩૫,૦૦૦
દુકાનો	૫૦,૦૦૦	૨,૫૦૦	૫૨,૫૦૦

આથી ઠરાવવામાં આવે છે કે ૧૯૭૨--૭૩ના અંદાજપત્રમાં યુનિવર્સિટીનાં સદરહુ ખર્ચ ખાતાંઓમાં ઉપર જણાવ્યા મુજબ વધારાના સૂચિત ખર્ચની જોગવાઈ કરવી.

૨૦. સિન્ડિકેટે તેની તા. ૪--૯--૧૯૭૧ની સભામાં સંલગ્ન કૉલેજો અને માન્ય સંસ્થાઓમાં ગવર્નિંગ બૉડીનો રચના અંગેના કરેલા નિયમો સરકારી કૉલેજો અને મ્યુનિસિપલ કૉર્પોરેશન સંચાલિત કૉલેજ/સંસ્થાને લાગુ પાડવા અંગે વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બાબતની નોંધ લેવી

૨૧. જૂન ૧૮ થી ૨૦, ૧૯૭૨ના સમય દરમિયાન ઇન્સ્ટિટ્યૂટ ઑફ્ એડવાન્સ્ડ સ્ટડીઝનો વનસ્પતિ વિભાગ મેરઠ મુકામે બાયોલોજી ઑફ્ ધી લૅન્ડ પ્લાન્ટ્સ પર એક પરિસંવાદ યોજે છે તેમાં યુનિવર્સિટીના પ્રતિનિધિ મોકલવા અંગે ઇન્સ્ટિટ્યૂટના અધ્યક્ષશ્રીના તા. ૨૦--૩--૧૯૭૨ના પત્ર પર વિચારણા કરવા બાબત :

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ પરિસંવાદમાં આ યુનિવર્સિટીના પ્રતિનિધિ તરીકે વનસ્પતિ વિજ્ઞાનના રીડર ડૉ. એમ. એમ. લાલોરિયાને મોકલવા.

૨૨. ડિસેમ્બર ૨૯થી ૩૧, ૧૯૭૨ના સમય દરમિયાન મુંબઈ મુકામે "ઇન્ડિયાઝ સાયન્સ પૉલિસી ઍન્ડ ધી ડેવલપમેન્ટ યુઝીસ ઑફ્ ઇન્ડિયન સ્ટડીઝ ઇન સાયન્સ ઍન્ડ ટેકનોલોજી"ના વિષય પર અખિલ ભારતીય સ્કૉલર્સનું ત્રીજું અધિવેશન યોજનાર છે, તેમાં યુનિવર્સિટીના પ્રતિનિધિ મોકલવા અંગે ઇન્ડિયન ઇન્સ્ટિટ્યૂટ ઑફ્ એશિયન સ્ટડીઝના અધ્યક્ષશ્રીના તા. ૮--૩--૧૯૭૨ના પત્ર પર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બાબતની વિચારણા મોકૂફ રાખવી.

૨૩. ફેબ્રુઆરી ૧૯ અને ૨૦, ૧૯૭૩ના સમય દરમિયાન "ઇન્ડિયન નેશનલ સાયન્સ ઍકેડેમી"ના ઉપક્રમે પ્રસિદ્ધ ખગોળશાસ્ત્રી "નિકોલસ કોપરનીસ"ની ૫૦૦મી જન્મજયંતી પ્રસંગે યોજનાર પરિસંવાદમાં ભાગ લેવા માટે યુનિવર્સિટીના પ્રતિનિધિ મોકલવા અંગે વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બાબતની વિચારણા મોકૂફ રાખવી.

૨૪. ૧૯૭૦--૭૧ના વર્ષ અંગે અર્થશાસ્ત્રના વિષયમાં "આચાર્યશ્રી એમ. સી. દેસાઈ સુવર્ણચંદ્રક" એનાયત કરવા અંગે નિષ્ણાત સમિતિના સભ્ય ડૉ. ડી. ટી. લાકડાવાળાના તા. ૬--૩--૧૯૭૨ના પત્ર પરત્વે વિચારણા કરવા બાબત.

(નોંધ.—૧૯૬૯--૭૦ના વર્ષમાં પણ કોઈ શિક્ષકની અરજી આવી ન હોવાથી સદરહુ સુવર્ણચંદ્રક એનાયત થઈ શકયો ન હતો.)

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બાબતની નોંધ લેવી.

૨૫. મનોવિજ્ઞાન ભવનમાં શિક્ષણશાસ્ત્ર વિભાગમાં પરીક્ષા અંગે સંશોધન માટે એક સ્ટેટિસ્ટિશિયન તથા ૩ રિસર્ચ આસિસ્ટન્ટોની જગ્યાઓ ઊભી કરવા અંગે તથા સ્ટેટિસ્ટિશિયનની જગ્યા માટેનું પગારધોરણ તથા લાયકાતો નક્કી કરવા અંગે વિચારણા કરવા બાબત.

(નોંધ.— યુ. ગ્રા. કમિશને સ્ટેટિસ્ટિશિયનની જગ્યા માટે વાર્ષિક રૂ. ૧૦,૦૦૦ની; અને રિસર્ચ આસિ.ની જગ્યા માટેની આર્થિક સહાય, જગ્યા કાયમી ઊભી કરવાની શરતે, ૧૯૭૩--૭૪ સુધીના ગાળા માટે સો ટકાના ધોરણે આપવાનું મંજૂર કર્યું છે.)

આથી ઠરાવવામાં આવે છે કે પરીક્ષા અંગે સંશોધનનું કામ એ શિક્ષણશાસ્ત્રના અનુસ્નાતક વિભાગનું રાબેતા મુજબનું કામ ગણાય એ હકીકત લક્ષમાં લઈને તે અંગે વિગતવાર યોજના સાથે પોતાનો પ્રસ્તાવ રજૂ કરવા માટે મનોવિજ્ઞાન, શિક્ષણ અને તત્ત્વજ્ઞાન વિદ્યાભવનના અધ્યક્ષશ્રીને જણાવવું.

૨૬. સદરહુ બાબતની વિચારણા આગળ બાબત નં. ૧૩ સાથે કરવામાં આવેલી હોઈ, તેની નોંધ તે ક્રમમાં દર્શાવવામાં આવેલી છે.

૨૭. યુનિવર્સિટી ગ્રંથનિર્માણ બોર્ડના અધ્યક્ષશ્રીના તા. ૧૨–૪–૧૯૭૨ના પત્રાંક ૧૦/૨૫૫ મુજબ સહયોગી પ્રકાશન શીર્ષક હેઠળ યુનિવર્સિટીનાં પ્રકાશનો સદરહુ બોર્ડને આપવા અંગે વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે યુનિવર્સિટી ગ્રંથનિર્માણ બોર્ડના અધ્યક્ષશ્રીના તા. ૧૨–૪–૧૯૭૨ના પત્રથી આવેલો પ્રસ્તાવ નીચેની શરતોએ મંજૂર કરવા અને તે પ્રસ્તાવમાં જણાવેલી યોજના હેઠળ કયાં પુસ્તકો યુનિવર્સિટી ગ્રંથનિર્માણ બોર્ડની આર્થિક સહાયથી વખતોવખત પ્રસિદ્ધ કરવાં, તે અંગે યથાસમયે નિર્ણય કરવા કુલપતિશ્રીને સત્તા આપવી :

(૧) સહયોગી પ્રકાશન પ્રવૃત્તિ ચાલુ રાખી કેન્દ્રીય મદદનો સર્વોત્તમ લાભ લેવો.

(૨) સહયોગી પ્રકાશનના પ્રતીક તરીકે બોર્ડનું નામ, પુસ્તકનાં જેકેટ અને મુખપૃષ્ઠ પર યોગ્ય રીતે મૂકવામાં આવે તથા પ્રકાશનમાં સદરહુ બોર્ડના અધ્યક્ષની પ્રસ્તાવના મૂકવામાં આવે.

(૩) પુસ્તકના તમામ કોપીરાઈટ હક ગુજરાત યુનિવર્સિટીના રહેશે.

(૪) પુસ્તકના પ્રકાશન અંગે સર્ટિફાઈડ વાઉચર પ્રમાણે થયેલો ખર્ચ તથા તે ઉપરાંત તે ખર્ચના ૧૫ ટકા વહીવટી ખર્ચ સાથેનું સઘળું ખર્ચ બોર્ડે ગુજરાત યુનિવર્સિટીને આપવાનું રહેશે અને તેની સામે પ્રત્યેક પુસ્તકની ૯૫૦ નકલ ગુજરાત યુનિવર્સિટી સદરહુ બોર્ડને સોંપશે.

(૫) પ્રકાશનના વિતરણ, પ્રચાર તથા પ્રસારણની જવાબદારી બોર્ડની રહેશે.

(૬) પ્રકાશનના રૂપરંગ તથા બાંધણી, વેચાણ કિંમત વગેરે નિયત કરવા ગુજરાત યુનિવર્સિટી સ્વતંત્ર રહેશે.

૨૮. આચાર્યશ્રી ગિરીશભાઈ પટેલના નીચેના ઠરાવ પરત્વે વિચારણા કરવા બાબત :

"ચોથી પંચવર્ષીય યોજનાના સમય દરમ્યાન યુ જી. સી.નાં નવાં પગારધોરણ અમલમાં મુકાયા પછી અને ખાસ કરીને પી.જી. શિક્ષકોનું ૭૦૦–૪૦–૧,૧૦૦નું નવું પગારધોરણ અમલમાં આવ્યા પછી કૉલેજોના આચાર્યોનાં પગારધોરણ અત્યંત અસંતોષકારક બની ગયાં છે અને વિચિત્ર પરિસ્થિતિ ઉપસ્થિત થઈ છે. સંલગ્ન કૉલેજોના આચાર્યનું સ્થાન આપણી યુનિવર્સિટીમાં આગવું હોવાને કારણે તેમનાં પગાર-ધોરણ તા. ૧૧–૬–૧૯૭૨થી યોગ્ય રીતે સુધારવા પગલાં ભરવામાં આવે."

સદરહુ પ્રસ્તાવ ચર્ચા–વિચારણા માટે હાથ ધરવામાં આવ્યો ત્યારે આચાર્ય ગિરીશભાઈ પટેલે સૂભાગૂહની સંમતિથી તે પાછો ખેંચી લીધો. આથી તે પરત્વે વિશેષ કરવાપણું રહ્યું નહીં.

૨૯. પંકજ કેળવણી મંડળ, અમદાવાદ તથા કમલા એજ્યુકેશન ટ્રસ્ટ, અમદાવાદ તરફથી જૂન ૧૯૭૧થી શરૂ કરવામાં આવેલ શિક્ષણશાસ્ત્રની કૉલેજોને જોડાણ નહિ આપવાના રાજ્ય સરકારના જાહેરનામાને રદ કરવા સદરહુ ટ્રસ્ટો તરફથી ગુજરાત હાઈકોર્ટમાં કરેલ રિટ અરજી હાઈકોર્ટે માન્ય રાખી હોઈ તે પરત્વે વિચારણા કરવા બાબત.

સદરહુ બાબત અંગે લંબાણ ચર્ચા-વિચારણાને અંતે ઠરાવવામાં આવ્યું કે, રાજ્ય સરકારના શિક્ષણખાતાને ઘટતો પત્ર લખીને નીચે મુજબ જણાવવું :

(૧) પંકજ એજ્યુકેશન ટ્રસ્ટ, અમદાવાદ અને કમલા એજ્યુકેશન ટ્રસ્ટ, અમદાવાદને જૂન ૧૯૭૨થી અમદાવાદમાં શિક્ષણની નવી કૉલેજો શરૂ કરવા માટે કરેલ જોડાણઅરજીઓની બાબતમાં

ગુજરાત રાજ્યની વડી અદાલતના હુકમના સંદર્ભમાં ત્વરિત નિર્ણય લઈને તેની જાણ કરવા માટે રાજ્ય સરકારને વિનંતી કરવી;

(૨) સદરહુ બન્ને ટ્રસ્ટીઓએ જૂન ૧૯૭૨થી જોડાણ/ચાલુ જોડાણ મેળવવા માટે ઑર્ડિ. ૧૨૦ અન્વયે નિયત સમય પહેલાં (એટલે કે તા. ૧–૧–૧૯૭૨ પહેલાં) નિયત પત્રકમાં અને જરૂરી અનામત રકમ સાથે જોડાણ માટે અરજીઓ કરેલી નથી તે તરફ રાજ્ય સરકારનું ધ્યાન ખેંચવું.

(૩) સદર બેઉ ટ્રસ્ટીઓએ જૂન ૧૯૭૨થી શિક્ષણની કૉલેજોના ચાલુ જોડાણ માટે અરજી કરેલી ન હોઈ તેમની પ્રસ્તુત કૉલેજોમાં વિદ્યાર્થીઓને નવા શૈક્ષણિક વર્ષમાં દાખલ કરીને ૧૯૭૧–૭૨ના વર્ષમાં ઊભી થયેલી પરિસ્થિતિનું પુનર્નિર્માણ ન થાય તે જોવા માટે રાજ્ય સરકારને જણાવવું.

૩૦. એમ. પી. શાહ કેન્સર હૉસ્પિટલ, અમદાવાદ તા. ૧૫–૬–૧૯૬૬થી સરકાર હસ્તક સોંપાઈ હોવાથી તે બી. જે. મેડિકલ કૉલેજ, અમદાવાદનો એક ભાગ બને છે તેથી તેના શિક્ષકોને યુનિવર્સિટીના નિયમો પ્રમાણે માન્યતા આપવાની બાબતમાં સિન્ડિકેટે તેની તા. ૫/૬–૨–૧૯૭૨ની સભામાં નીમેલી સમિતિના અહેવાલ ઉપર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ સમિતિનો અહેવાલ સ્વીકારવો.

(સદરહુ અહેવાલની નકલ **પરિશિષ્ટ "ધ"** તરીકે સામેલ છે.)

૩૧. ઈજનેરી વિદ્યાશાખાની અનુસ્નાતક કક્ષાની પરીક્ષા અંગેના પરીક્ષકોને લઘુતમ વેતન કયા ધોરણે ચૂકવવું તે અંગે સ્પષ્ટતા કરવા બાબત :

[**નોંધ.**—અગાઉ સિન્ડિકેટે તેની તા. ૧૩/૧૬–૧૦–૧૯૭૧ની સભામાં ઈજનેરી વિદ્યાશાખાની નીચેની ભલામણ મંજૂર કરવાની ઍકેડેમિક કાઉન્સિલની ભલામણ સ્વીકારવી તેમ ઠરાવ્યું છે :

This faculty recommends that minimum remuneration should be paid in group as Semesters 1 and 2, 3 and 4, 5 and 6, 7 and 8, and 9 and 10. Post-graduate examinations should be considered separately.]

આથી ઠરાવવામાં આવે છે કે ઈજનેરી વિદ્યાશાખાના અનુસ્નાતક પરીક્ષકોને લઘુતમ પુરસ્કાર અંગે નીચેનો નિયમ મંજૂર કરવો :

Remuneration payable to the Examiners appointed at the various Semester examinations for the M.E. degree shall, subject to the minimum remuneration of Rs. 100/— payable to the examiners be counted on the basis of the groupings of the following Semester Examinations as one unit or single examination :

Group "A" — 1 and 2
Group "B" — 3 and 4
Group "C" — 5 and 6
Group "D" — 7 and 8
Group "E" — 9 and 10.

૩૨. રાષ્ટ્રીય સેવા યોજનાની સને ૧૯૭૧--૭૨ના વર્ષ માટેની સલાહકાર સમિતિની મુદત પૂરી થતાં તેની પુનર્રચના કરવા અંગે વિચારણા કરવા બાબત :

[**નોંધ.**—(અ) ગયા વર્ષે નીચેના સભ્યો હતા જેમની મુદત તા. ૧૪--૬--૧૯૭૨ના રોજ પૂરી થાય છે :

૧. કુલપતિશ્રી
૨. આચાર્ય વાય. પી. શુકલ
૩. આચાર્ય ડી. પી. ઠાકર
૪. આચાર્ય અસ. આર. મહેતા
૫. આચાર્ય હરિહર શુકલ
૬. આચાર્ય એમ. સી. શાહ
૭. આચાર્ય વી. જે. ત્રિવેદી
૮. પ્રા. ડી. એચ. સુતરિયા
૯. પ્રા. રમેશભાઈ ભટ્ટ
૧૦. પ્રો. પરેશભાઈ મજમુદાર
૧૧. પ્રા. જે. જી. સોલંકી
૧૨. પ્રા. બાલુભાઈ પટેલ
૧૩. શ્રી. ડાહ્યાભાઈ નાયક
૧૪. શ્રી. બબલભાઈ મહેતા

(બ) સલાહકાર સમિતિની રચના અંગે ભારત સરકારના હેવાલમાં નીચે પ્રમાણે ભલામણ છે:

" The Committee at the University level should not be too unwidely (not more than 20) and should provide representation to Principals / Heads of Departments involved in N.S.S. (by rotation, if necessary). The respective schools at social work / other training institutions should also be associated with the Committee at the University level, wherever possible, the Committee may also co-opt or invite experts. "]

આથી ઠરાવવામાં આવે છે કે ૧૯૭૨-૭૩ના શૈક્ષણિક વર્ષ માટે રાષ્ટ્રીય સેવા યોજનાની સલાહકાર સમિતિના ઉપર જણાવેલ સભ્યોને ચાલુ રાખવા અને તે ઉપરાંત કુલપતિશ્રીને યોગ્ય લાગે તે અને તેટલા વધુ સભ્યોને નીમવા માટે તેઓશ્રીને સત્તા આપવી.

૩૩. વિજ્ઞાન વિદ્યાભવનના પ્રાણીશાસ્ત્રના વ્યાખ્યાતા ડૉ. એ. બી. વ્યાસને ઈન્સ્ટિટ્યૂટ ઑફ ઈકોલોજી, યુ. એસ. એ.માં પ્રવેશ મળ્યો હોઈ તેઓને સપ્ટેમ્બર ૧૯૭૨થી એક વર્ષની અભ્યાસ--રજા આપવા તથા તે અંગે તેઓને મુસાફરી તથા રહેવાના ખર્ચ માટે રૂ. ૨૧,૦૦૦ની આર્થિક સહાય આપવા અંગેની તેઓની તા. ૧૧—૩--૧૯૭૨ની અરજી ઉપર વિચારણા કરવા બાબત :

(**નોંધ.**—ડૉ. વ્યાસનો હાલ મૂળ માસિક પગાર રૂ. ૬૪૦ છે. આ અભ્યાસક્રમમાં તેઓને નીચે પ્રમાણેનું અંદાજે ખર્ચ થશે:

1. Living expenses Rs. 1,500 i.e. including rent of P. M. apartment.	Rs. 18,000–00 p.a.
2. Travel expenses	Rs. 10,000–00 p.a.
	Rs. 28,000–00.)

કેટલીક ચર્ચા–વિચારણાને અંતે ઠરાવવામાં આવ્યું કે વિજ્ઞાન વિદ્યાભવનના પ્રાણીવિજ્ઞાનના લેક્ચરર ડૉ. એ. બી. વ્યાસને સપ્ટેમ્બર ૧૯૭૨થી એક વર્ષની અભ્યાસ–રજા નીચેની શરતોએ આપવી :

(૧) તેઓ જે તારીખથી રજા ઉપર જાય તે તારીખથી તેમને મૂળ પગાર આપવો અને તે ઉપરાંત તેમને કશાં ભથ્થાં કે વેતન આપવાં નહીં.

(૨) તેમને આપવામાં આવેલી રજાની મુદત પૂરી થાય કે તરત જ તેઓ યુનિવર્સિટીમાં પોતાની નોકરી પર હાજર થાય, અને તે પછી ઓછામાં ઓછાં ત્રણ વર્ષ સુધી તેઓની જગ્યા પર તેમની હાલની નોકરીની શરતોએ કામ કરશે તે મુજબની બાંયધરી તેમના તરફથી આપવામાં આવે.

(૩) તેમને આપવામાં આવેલી રજાની મુદતમાં કશો વધારો મળી શકશે નહીં.

(૪) ઉપર જણાવેલ શરત નં. ૧, ૨ અને ૩નું તેઓ પાલન કરી શકે નહીં તો તેમને રજા દરમ્યાન મળેલા પગારનાં નાણાં તથા ત્રણ માસના પગાર જેટલી રકમ નોટિસ-પે તરીકે તેઓ યુનિવર્સિટીને ભરપાઈ કરે.

(૫) ઉપર જણાવેલી શરતો મુજબ લેખિત બાંયધરી અને તે માટે જરૂરી જામીનગીરી તેઓએ આપવાની રહેશે.

વધુમાં ઠરાવવામાં આવે છે કે યુનિવર્સિટીનાં વિદ્યાભવનોના શિક્ષકોને અભ્યાસ-રજા આપવા અંગેનાં સામાન્ય ધારાધોરણો ઘડવા માટે નીચે જણાવેલા સભ્યોની સમિતિ રચવી :

(૧) શ્રી. ઝીણાભાઈ ૨. દેસાઈ
(૨) શ્રી. રણજિતરાય ગં. શાસ્ત્રી
(૩) પ્રો. કે. આર. ચન્દ્રશેખરન
(૪) આચાર્ય ગિરીશભાઈ પટેલ
(૫) ડૉ. એમ. એન. દેસાઈ
(૬) પ્રો. ડી. એન. પાઠક.

૩૪. ઑગસ્ટ–સપ્ટેમ્બર ૧૯૭૨માં જર્મનીમાં મ્યુનિચ મુકામે યોજનાર ઓલિમ્પિક સ્પર્ધા નિહાળવા તથા દશ દિવસની યુરોપની ટૂર સાથે એમ એક મહિનાની ટૂરમાં જવા માટે પરવાનગી આપવા તથા તે અંગેની રૂ. ૫,૯૦૦ની આર્થિક સહાય આપવા અંગેના ડી. પી. ઈ. શ્રી. વી. પી. મહેતાના તા. ૧૦–૪–૧૯૭૨ના પત્ર ઉપર વિચારણા કરવા બાબત.

કેટલીક ચર્ચા–વિચારણાને અંતે ઠરાવવામાં આવ્યું કે યુનિવર્સિટીના શારીરિક શિક્ષણસંચાલક શ્રી. વાસુદેવ-ભાઈ પી. મહેતાને ઑગસ્ટ–સપ્ટેમ્બર ૧૯૭૨ માં ઓલિમ્પિક રમતગમતોની સ્પર્ધાઓ નિહાળવા માટે સદરહુ પ્રવાસ કરવા માટે તેમની ચાલુ પગારે રજાઓ મંજૂર કરવી તથા તે માટે રૂ. ૧,૧૦૦ની આર્થિક સહાય આપવી.

નીચેની બાબતો નં. ૩૫થી ૮૫ની વિચારણા મોકૂફ રાખવામાં આવી હતી.

૩૫. ફેડરલ રિપબ્લિક ઑફ જર્મનીમાં બોચમ ખાતે ૨૧મી ઑગસ્ટથી ૨૫મી ઑગસ્ટ '૭૨ દરમ્યાન યોજનાર ફોટોબાયોલોજી પરના છઠ્ઠા આંતરરાષ્ટ્રીય અધિવેશનમાં હાજરી આપવા જવા માટે પરવાનગી માટેની તથા બોચમ જવા–આવવા મુસાફરી ખાતે અને બીજા ખર્ચ અંગે આર્થિક સહાય માટેની યુનિવર્સિટીના વિદ્યાભવનના વનસ્પતિવિજ્ઞાનના શ્રી. એમ. એમ. લાલોરિયાની અરજી ઉપર વિચારણા કરવા બાબત :

(નોંધ.–બીજા વર્ગના હવાઈ ભાડાના ૫૦ ટકા મોકલનાર સંસ્થા ભોગવે તો બાકીના ૫૦ ટકા ખર્ચ યુનિવર્સિટીને મળતી યુ. જી. સી.ની અનએસાઇન્ડ ગ્રાન્ટ ખાતે તે ખર્ચની જોગવાઈ કરવી પડે. આ સિવાય બીજો કોઈ ખર્ચ મળી શકે નહિ. અત્રેથી બોચમ હવાઈભાડાનો આવવા-જવાનો રૂ. ૬,૮૧૦ નો ખર્ચ અંદાજેલ છે. આ ઉપરાંત બીજો વધારાનો ખર્ચ રૂ. ૯૮૦ આશરે દર્શાવેલ છે.)

૩૬. સ્ટેટ યુનિવર્સિટી ઑફ ન્યૂયૉર્ક, બફેલો તરફથી તેમની યુનિવર્સિટીના ૨૦ અમેરિકન ગૅજ્યુએટ વિદ્યાર્થીઓ ભારતીય સંસ્કૃતિ તથા ભારતના શૈક્ષણિક કાર્યક્રમો માટે ચાર માસ માટે ગુજરાત યુનિવર્સિટીની મુલાકાતે આવ્યા હતા તે અંગેના રૂ. ૬૧,૪૧૦ના પુનર્નિર્મિત અંદાજને મંજૂર કરવા તથા નીચે જણાવેલ કર્મચારીઓને તે અંગેની કામગીરી બજાવી તે અંગે વેતન સ્વીકારવા અંગેની પરવાનગી આપવા અંગે વિચારણા કરવા બાબત:

ક્રમાંક	કર્મચારીનું નામ	મૂળ પગાર	અગાઉ ચૂકવેલ રકમ	હવે સૂચવેલ વેતનની રકમ	કુલ વેતનની રકમ
		રૂ.	રૂ.	રૂ.	રૂ.
૧.	પ્રો. ડી. એન. પાઠક (કો--ઑર્ડિનેટર તરીકે)	૧,૩૬૦	—	૭,૦૦૦	૭,૦૦૦
૨.	શ્રી. ટી. એ. ભારકર	૪૬૫	૩૦૦	૭૦૦	૧,૦૦૦
૩.	શ્રી. એસ. એન. શાહ	૧૦૦ (અનમર્જ્ડ)	૧૩૫	૩૦૦	૪૩૫
૪.	શ્રી. ડબલ્યુ. એચ. ક્રિશ્ચિયન	૨૪૩	૧૬૫	૫૦૦	૬૬૫
૫.	શ્રી. આર. એચ. પટેલ	૨૧૩	૪૦	૧૦૦	૧૪૦
૬.	શ્રી. જે. પી. ચૌહાણ	૧૧૩	૪૦	૬૦	૧૦૦
	પટાવાળા				
૧.	શ્રી. ચિમનલાલ કે. વાઘેલા	૧૧૩	૨૦	૨૦	૪૦
૨.	શ્રી. કાંતિલાલ પી. રોઠિયા	૧૧૩	૨૦	૨૦	૪૦
૩.	શ્રી. કાંતિલાલ ડી. વાઘેલા	૧૨૧	—	૨૦	૨૦
૪.	શ્રી. નાનજી ડી. વાઘેલા	૯૪	૨૦	૧૦૦	૧૨૦
૫.	શ્રી. રમણલાલ વી. બાલેન્દ્ર	૯૪	૨૦	૨૦	૪૦
૬.	શ્રી. કાલિદાસ સી. સોલંકી	૯૪	૨૦	૨૦	૪૦
			૭૮૦	૮,૮૬૦	૯,૬૪૦
	રહેવા તથા જાળવણીની વ્યવસ્થા માટે				
૧.	ડૉ. એચ. વી. સુથાર	—	—	૧,૦૦૦	૧,૦૦૦
૨.	શ્રી. પી. ડી. મિસ્ત્રી (એસ્ટેટ સુપરિન્ટેન્ડન્ટ)	૬૮૨	—	૩૦૦	૩૦૦
૩.	શ્રી. ડી. બી. સુતરિયા (બિલ્ડિંગ સુપરવાઇઝર)	૨૪૮ (અનમર્જ્ડ)	—	૧૧૦	૧૫૦
૪.	શ્રી. એન. પી. બારોટ (વર્કમૅન)	૧૧૩	—	૭૫	૭૫
૫.	શ્રી. ડી. એન. વ્યાસ (વાયરમૅન)	૨૧૨	—	૭૫	૭૫
૬.	શ્રી. જે. વી. સુથાર (સુથાર)	૨૧૯	—	૭૫	૭૫
				૧,૬૭૫	૧.૬૭૫

૩૭. સેનેટે તેની તા. ૨૪/૨૫/૨૬--૩--૧૯૭૨ની સભામાં સ્ટે. ૨૦૪ નીચે મુજબ ઠંચાય તે રીતે સુધારવા અંગેનો પ્રસ્તાવ તે પરના સુધારા સાથે સિન્ડિકેટની પુનર્વિચારણા માટે મોકલ્યો હોઈ તે અંગે જરૂરી વિચારણા કરવા બાબત :

St. 204 :

"The scales of pay of the teachers in the University Departments are fixed as under :

1.	Professors	... ...	Rs. 1,100-50-1,300-60-1,600
2.	Readers	... ...	Rs. 700-50-1,250
3.	Lecturers	... ...	Rs. 400-40-800-50-950
4.	Demonstrators	... ...	Rs. 250-15-400

In addition to the above scales of pay, the teachers shall be entitled to Dearness Allowance, if any, at the rates that may be sanctioned by the Syndicate on the basis of the Gujarat Government pay-scales, in which Dearness Allowance is merged and such other allowances, if any, that may be sanctioned by the Syndicate from time to time.

Provided that it shall be competent for the Syndicate in its discretion to sanction the pay-scale of Rs. 1,100-50-1,300-60-1,600-100-1,800 to not more than 1/3rd of the total number of such posts of Professors as may have been filled on 1-4-1972 if, in the opinion of the Syndicate any or all of these 1/3rd of the total number of Professors, by virtue of their distinctive achievements in teaching and research deserve this higher scale."

(*Note*.— No person shall demand this higher pay-scale as a matter of right.)

(નોંધ.— પ્રો. કે. આર. ચંદ્રશેખરનનો નીચેનો સુધારો :

The final paragraph of the proposed resolution beginning with 'Provided that it shall be competent for the Syndicate' may be amended to read as follows :

'Provided that as sanctioned by Government Resolution No. Mis-1068 KH, dated 10-3-1970 communicated to the University it shall be competent for the Syndicate in its discretion to sanction Senior Professor's scale of Rs. 1,600-100-1,800 with effect from 1-4-1966 to not more than 1/3rd of the total number of persons holding Professor's posts in existence on that.)

૩૮. સંલગ્ન કૉલેજમાં આચાર્યનો કુલ શૈક્ષણિક કાર્યભાર ટ્યુટોરિયલ સહિત વધુમાં વધુ નવ રાખવા તથા તે પ્રમાણે ઑર્ડિ. ૧૨૦--એ ૩ (૭)માં નીચે પ્રમાણે ઉમેરવા તથા તેને જૂન ૧૯૭૨થી અમલમાં મૂકવા અંગેની ઍકેડેમિક કાઉન્સિલની તા. ૬/૭--૪--૧૯૭૨ની સભાની ભલામણ પર વિચારણા કરવા બાબત :

(viii) Principal : 9 periods of 45 minutes (40 plus 5) each (or 6.45 hours)

૩૯. યુનિવર્સિટીની સંલગ્ન કૉલેજોમાં અંગ્રેજી માધ્યમ દ્વારા શિક્ષણ આપવા માટેની અલગ ફી ન લેવાવી જોઈએ એમ જણાવતા રાષ્ટ્રીય વિદ્યાર્થી સંઘના પ્રમુખ તરફથી આવેલ પત્ર પર વિચારણા કરવા બાબત.

૪૦. સંલગ્ન કૉલેજોના શિક્ષકોએ રાજકીય પ્રવૃત્તિમાં ભાગ લેવાની બાબતમાં તેઓની સેવાઓના નિયમોમાં યોગ્ય જોગવાઈ કરવાના શેઠ એચ. પી. આર્ટ્સ ઍન્ડ તલોદ એસ. એમ. કૉમર્સ કૉલેજના આચાર્યશ્રીના સૂચન પર વિચારણા કરવા બાબત :

૪૧. સરકારી છાપકામ અને લેખનસામગ્રી, રાજકોટે એપ્રિલ ૧૯૬૬ અને એપ્રિલ ૧૯૬૭ના વર્ષમાં રાજકોટ કેંદ્ર ઉપરનાં યુનિવર્સિટીની પરીક્ષાઓનાં પ્રશ્નપત્રો છાપેલાં તેમાં તેમના ઓવરટાઇમની ગણતરીના બિલ નં. ૪૯, તા. ૧--૧૧--૧૯૬૯ના રૂ. ૭૩૮ અને બિલ નં. ૫૭, તા. ૩--૧૧--૧૯૬૯ના રૂ. ૧,૩૦૨--૧૫ જે અગાઉ સિન્ડિકેટે તેની તા. ૧૪/૧૧--૩--૧૯૭૦ની સભામાં ચૂકવવાનું મંજૂર કરેલ પરંતુ સદરહુ બન્ને બિલોમાં ગણતરી ભૂલના તેઓના પૂરક બિલ નં. ૧૧૧, તા. ૩૦--૯--૧૯૭૦ના રૂ. ૧,૬૨૧--૩૦ અને બિલ નં. ૧૧૨, તા. ૩૦--૯--૧૯૭૦ના રૂ. ૨,૭૮૯--૬૦ મળીને કુલ્લે રૂ. ૪,૪૧૦--૯૦ ચૂકવવાની માંગણી કરતા સરકારી છાપકામ અને લેખનસામગ્રી, રાજકોટના તા. ૨૦--૩--૧૯૭૨ના પત્રાંક જી. પી. બિલ્ડિંગ ૫૮૧૦ ઉપર વિચારણા કરવા બાબત.

(**નોંધ.**--સિન્ડિકેટે તેની તા. ૧૪/૧૧--૩--૧૯૭૦ની સભામાં ખાસ કેસ તરીકે રાજકોટ પ્રેસે ઓપ્રિલ ૧૯૬૦થી ૧૯૬૮ સુધીનાં વર્ષોના ઓવરટાઇમના તફાવતના રૂ. ૩૨,૮૫૭--૯૮ ચૂકવવા માટે ઠરાવ્યું છે તે જ સમયના ગાળાનાં ઉપર જણાવેલ પૂરક બિલો છે.)

૪૨. સંલગ્ન કૉલેજોના વ્યાયામ શિક્ષકોનાં પગારધોરણ સુધારણાને અનુલક્ષીને સંલગ્ન કૉલેજો અને અન્ય સંસ્થાઓના ગ્રંથપાલને પણ રૂ. ૩૦૦--૨૫--૬૦૦ના પગારનો લાભ આપવા અંગેના શ્રી. એચ. કે. આર્ટ્સ કૉલેજ, અમદાવાદના આચાર્યશ્રીએ તેમના તા. ૧--૩--૧૯૭૨ના પત્રથી કરેલ સૂચન પર વિચારણા કરવા બાબત.

૪૩. વિનયન વિદ્યાશાખામાં એમ. એડ. પાર્ટ-ટાઇમ અભ્યાસક્રમ માટે વેકેશન વર્ગો શરૂ કરવાની ઍકેડેમિક કાઉન્સિલની તા. ૫/૬--૧--૧૯૭૨ની સભાની ભલામણ સિન્ડિકેટે તેની તા. ૪/૧૦--૩--૧૯૭૨ની સભામાં મંજૂર રાખેલી તેના સંદર્ભમાં મનોવિજ્ઞાન, તત્ત્વજ્ઞાન અને શિક્ષણ વિદ્યાભવનના અધ્યક્ષશ્રી ડૉ. કે. જી. દેસાઈએ રજૂ કરેલી યોજના પર વિચારણા કરવા બાબત :

૪૪. આચાર્યશ્રી એલ. ડી. દવે અને પ્રા. કે. એસ. શાસ્ત્રી તરફથી આવેલ નીચેના પ્રસ્તાવ પર વિચારણા કરવા બાબત :

All college teachers should be paid house rent allowance at the rate of 10% of their basic salary.

૪૫. આચાર્યશ્રી એલ. ડી. દવે અને પ્રા. કે. એસ. શાસ્ત્રી તરફથી આવેલ નીચેના પ્રસ્તાવ ઉપર વિચારણા કરવા બાબત :

The children of the college teachers should be provided totally free education in the college where the teacher is employed.

૪૬. શ્રી. ઈંદ્રવદન એ. મોદી તરફથી આવેલ નીચેના સૂચન ઉપર વિચારણા કરવા બાબત :

The rules for internal examination be amended in such a way that not more than two tests are taken in a year, so that more time is available for teaching.

૪૭. ડૉ. જે. બી. હરિભક્તિના તા. ૧૫--૪--૧૯૭૨ના નીચેના પ્રસ્તાવ ઉપર વિચારણા કરવા બાબત :

There should be a full-fledged cafetaria serving wholesome and cheap breakfasts, drinks, dinners, tea, snacs, etc. instead of the present canteen facilities which are rather substandard.

૪૮. આચાર્યશ્રી એલ. ડી. દવે તરફથી આવેલ નીચેના પ્રસ્તાવ ઉપર વિચારણા કરવા બાબત :

ગુજરાત યુનિવર્સિટીએ છેલ્લાં કેટલાંક વર્ષોથી શિક્ષકોની સલામતી, તેમનો કાર્યભાર, તેમનો પગાર, વિદ્યાર્થીઓએ ભરવાની ફી વગેરે અંગે પોતાની પાસે રહેલી સત્તાનો સદુપયોગ કરીને ઘણા સ્તુત્ય નિર્ણયો લીધા છે. પરંતુ શિક્ષકને ગૌરવભર્યું સ્થાન સમાજમાં મળે તે માટે હજુ ઘણું કરવાનું બાકી રહે છે. જેમ કે શિક્ષકોને પેન્શન, તેમના આરોગ્ય અંગે આર્થિક રાહત, તેમનાં બાળકોના અભ્યાસ વગેરે.

સાથે સાથે આ યુનિવર્સિટીના નિર્ણયોથી કૉલેજોનું આર્થિક સ્વાસ્થ્ય પણ કથળ્યું છે તે હકીકત છે. હવે વધુ કૉલેજોની સ્થિતિ ગિરધરનગર કૉલેજ જેવી ન થાય અને વધુ શિક્ષકો બેકાર ન બને તે હેતુથી આ યુનિવર્સિટી સ્વીકારે છે કે કૉલેજોની આર્થિક સ્થિતિ જળવાઈ રહે તે જોવાની પોતાની નૈતિક ફરજ છે. તેથી સરકારી ગ્રાન્ટ વગેરે મળી ગયા બાદ જે ખોટ કોઈ કૉલેજને રહે તેના ૫૦ ટકા યુનિવર્સિટી ગ્રાન્ટ તરીકે આપશે. વળી શિક્ષક સમાજથી ચાલતી કૉલેજોની પૂરી ખોટ (૧૦૦ ટકા) ગુજરાત યુનિવર્સિટી ભરપાઈ કરવા ઠરાવે છે.

૪૯. આચાર્યશ્રી એલ. ડી. દવે તરફથી આવેલ નીચેના પ્રસ્તાવ ઉપર વિચારણા કરવા બાબત :

ગુજરાત યુનિવર્સિટીને સંલગ્ન કૉલેજોના શિક્ષકોને પેન્શન મળવું જોઈએ.

૫૦. આચાર્ય ગિરીશભાઈ પટેલ તરફથી આવેલ નીચેના પ્રસ્તાવ પર વિચારણા કરવા બાબત :

ગુજરાત યુનિવર્સિટીની લાઈબ્રેરી અંગે ઠેરઠેરથી પુષ્કળ ફરિયાદો આવે છે અને તેમાં પુસ્તકોની પસંદગી અંગે વ્યાપક અસંતોષ પ્રવર્તે છે તેથી લાઈબ્રેરીની પુસ્તક પસંદગી, ખરીદી અને કાર્ય સંચાલન ની સર્વાંગી તપાસ કરવા તાત્કાલિક કમિટી નીમવામાં આવે,

૫૧. આચાર્યશ્રી ગિરીશભાઈ પટેલ તરફથી આવેલ નીચેના પ્રસ્તાવ ઉપર વિચારણા કરવા બાબત :

ફાઈનાન્સ કમિટીની જુદી જુદી ખરીદી કરવા અંગેની પ્રક્રિયા વગેરેમાં કાર્યક્ષમતા, ઝડપ વગેરે સિદ્ધ થાય તે માટે ફેરફાર થવો જરૂરી છે.

૫૨. આચાર્યશ્રી ગિરીશભાઈ પટેલ તરફથી આવેલ નીચેના પ્રસ્તાવ ઉપર વિચારણા કરવા બાબત :

યુનિવર્સિટીનાં ધારાધોરણો તેમ જ આદેશોનો અનાદર કરનાર સંસ્થાઓ સામે યોગ્ય પગલાં લેવાની હાલના એક્ટમાં પૂરતી જોગવાઈ છે. માત્ર તેને સ્પષ્ટ કરવાની જરૂર છે, તો કયાં પગલાં લઈ શકાય તેની વિચારણા કરવામાં આવે. તેવી જ રીતે કૉલેજોના આચાર્યો ખોટી માહિતી પૂરી પાડે તો તેમની સામે વ્યક્તિગત ધોરણે પણ પગલાં લેવાં જરૂરી છે.

નીચેનાં પગલાં સૂચવી શકાય :

(૧) કૉલેજો અને આચાર્યની સામે તેમનાં કાર્યોની વર્તમાનપત્ર દ્વારા પ્રસિદ્ધિ,
(૨) આચાર્યની માન્યતા રદ કરવી.
(૩) કૉલેજને પરીક્ષા કેંદ્ર ન આપવું,
(૪) યુ.જી.સી. તરફથી મળતી ગ્રાન્ટ રોકવા યુ.જી.સી.ને ભલામણ,
(૫) ગવર્નમેન્ટ તરફથી કૉલેજોને મળતી ગ્રાન્ટ રોકવા અથવા ન આપવા ભલામણ,
(૬) પોસ્ટ--ગ્રેજ્યુએટ સેન્ટર કૉલેજમાંથી બંધ કરવું,
(૭) યૂથ વેલ્ફેરમાં ભાગ લેતા રોકવા,
(૮) યુનિવર્સિટી સ્પોર્ટ્સમાં ભાગ લેતા રોકવા,
(૯) કૉન્ફરન્સ કે કમિટીમાં સભ્ય તરીકે ગેરલાયકાત,
(૧૦) એન. એસ. એસ. સ્કીમ બંધ કરી દેવી,
(૧૧) યુનિવર્સિટી તરફથી મળતી બીજી સવલતો બંધ કરી શકાય.

૫૩. આચાર્યશ્રી ગિરીશભાઈ પટેલ તરફથી આવેલ નીચેના પ્રસ્તાવ પર વિચારણા કરવા બાબત :

આર્ટ્સ, કૉમર્સ, લૉ વગેરે ફેકલ્ટીમાં ભણતા વિદ્યાર્થીઓ પૂરા સમયના વિદ્યાર્થીઓ તરીકે કામ કરે તેવા અભ્યાસક્રમો અને અભ્યાસ-પ્રવૃત્તિઓ યોજાય તે અત્યંત આવશ્યક છે. તે માટે સિન્ડિકેટે યોગ્ય પગલાં લેવાં.

૫૪. આચાર્યશ્રી ગિરીશભાઈ પટેલ તરફથી આવેલ નીચેના પ્રસ્તાવ ઉપર વિચારણા કરવા બાબત :

યુનિવર્સિટીએ નક્કી કરેલા અભ્યાસક્રમો અને વિષયો ઉપરાંત દરેક કૉલેજને જુદા જુદા અભ્યાસ-ક્રમમાં એક વધારાનો વિષય ઉમેરવાની છૂટ આપવી જોઈએ. આ વિષય ફરજિયાત હોય અને તેની પરીક્ષા તે કૉલેજ તેમ જ યુનિવર્સિટીએ સંયુક્ત રીતે લેવી. આ પ્રસ્તાવ પાછળનો આશય એ છે કે કૉલેજોને નવા નવા અભ્યાસક્રમો કે વિષયો ઊભા કરવાની પ્રેરણા માટે છૂટ મળે.

૫૫. આચાર્યશ્રી ગિરીશભાઈ પટેલ તરફથી આવેલ નીચેના પ્રસ્તાવ ઉપર વિચારણા કરવા બાબત :

જુદા જુદા તબક્કે અને જુદા જુદા અભ્યાસક્રમોમાં વિદ્યાર્થીઓ માટે આવશ્યક ગણાતા બધા જ વિષયો માટે વિદ્યાર્થીઓને તેમ જ શિક્ષકોને સંપૂર્ણ માર્ગદર્શન મળી રહે તે માટે નાની પુસ્તિકાઓ આવતા ત્રણ માસમાં તૈયાર કરવા બધા જ બોર્ડ્ઝને ફરજ પાડવી જોઈએ.

આ પુસ્તિકામાં નીચેની બાબતોનો સમાવેશ થવો જોઈએ :

૧. આ તબક્કે વિષય ભણાવવાના ચોક્કસ ઉદ્દેશો. આ સામાન્ય ઉદ્દેશો ન લેવા જોઈએ.
૨. કયા કયા વિષયો ભણવાના ?
૩. તેના ઉપર વિગતવાર પુસ્તકો અને લેખોની યાદી
૪. તેના ઉપર વિવિધલક્ષી નમૂનારૂપ પ્રશ્નો.

૫૬. આચાર્યશ્રી ગિરીશભાઈ પટેલ તરફથી આવેલ નીચેના પ્રસ્તાવ ઉપર વિચારણા કરવા બાબત :

દરેક કૉલેજમાં બધા જ પ્રાધ્યાપકો અને રસ ધરાવતા વિદ્યાર્થીઓનું બનેલું અભ્યાસ કેંદ્ર રાખવું આવશ્યક ગણવું જોઈએ. આ અભ્યાસકેંદ્રમાં તેના સભ્યો મહિનામાં એક વાર મળે અને વિષયોની ચર્ચા તેમ જ પુસ્તક-પરિચય વગેરે પ્રવૃત્તિ કરવામાં આવે અને તેનો વાર્ષિક અહેવાલ યુનિવર્સિટીમાં મોકલી આપવામાં આવે.

૫૭. આચાર્ય ગિરીશભાઈ પટેલ તરફથી આવેલા નીચેના પ્રસ્તાવ ઉપર વિચારણા કરવા બાબત :

ઓફિલિયેટિંગ યુનિવર્સિટીમાં શૈક્ષણિક સમુદાય (Academic Community) ઊભું કરવું અત્યંત આવશ્યક છે અને એટલા માટે વર્ષે એક વાર દરેક વિષયવાર કે વિષયના બધા શિક્ષકો અમદાવાદ કે બહાર મળે અને પ્રશ્નોની ચર્ચા કરે તેવી યોજના ઊભી કરવી જોઈએ.

૫૮. આચાર્યશ્રી ગિરીશભાઈ પટેલ તરફથી આવેલા નીચેના પ્રસ્તાવ ઉપર વિચારણા કરવા બાબત :

વર્ગમાં માત્ર નોટ ઉતરાવવાની પ્રથા શિક્ષણના ઉચ્ચ હેતુઓને નુકસાન પહોંચાડનારી છે અને તેથી આવી પ્રથા તાત્કાલિક બંધ થવી જોઈએ.

૫૯. આચાર્યશ્રી ગિરીશભાઈ પટેલ તરફથી આવેલ નીચેના પ્રસ્તાવ ઉપર વિચારણા કરવા બાબત :

કૉલેજોમાં આપવામાં આવતી વેકેશનની રજાઓ આનંદ કરવા માટે નહિ, પરંતુ વિવિધ અભ્યાસ કરવા માટે છે તો દરેક વિષયનો થોડો ભાગ એવો રાખવો જોઈએ કે જેની તૈયારી વેકેશન દરમિયાન થાય અને કૉલેજ ઊઘડતાં તેની પરીક્ષા લેવી જરૂરી ગણાવી જોઈએ.

૬૦. આચાર્યશ્રી ગિરીશભાઈ પટેલ તરફથી આવેલ નીચેના પ્રસ્તાવ ઉપર વિચારણા કરવા બાબત :

કોઈ પણ કૉલેજ કોઈ વર્ષમાં વિશિષ્ટ પ્રયોગ કે સિદ્ધિ પ્રાપ્ત કરી લાવે તો તેની યોગ્ય કદર કરવા તેમ જ બીજી કૉલેજોને તેમાંથી પ્રેરણા મળે તેવી રીતે કોઈ વ્યવસ્થા ઊભી કરવી જરૂરી છે.

૬૧. સેનેટની તા. ૨૪/૨૫/૨૬-૩-૧૯૭૨ની સભામાં અંદાજપત્ર પરત્વે નીચેનો પ્રસ્તાવ મંજૂર થયેલ હોઈ સદરહુ ઠરાવ પર આગળ ઘટતાં પગલાં લેવા અંગે વિચારણા કરવા બાબત :

"માર્ચ, ૧૯૭૧ની યુનિવર્સિટી સેનેટની સભાએ સર્વાનુમતે ઠરાવ કરીને સિન્ડિકેટને વિનંતી કર્યા છતાં, યુનિવર્સિટી પ્રેસના કર્મચારીઓનું સાઈકલ ભથ્થું તેમના મૂળ પગારમાં ભેળવવા બાબતમાં યુનિવર્સિટીના અન્ય કર્મચારીઓ કરતાં ભિન્ન (કેવળ નોશનલી) વ્યવહાર દાખવવામાં આવ્યો છે, તેને આ સભા ઉચિત ગણતી નથી. તો યુનિવર્સિટીના અન્ય કર્મચારીઓની બાબતમાં બન્યું છે તેમ યુનિવર્સિટી પ્રેસના કર્મચારીઓનું સાઈકલ ભથ્થું પણ તા. ૧-૭-૧૯૬૮થી ગણીને તેમ જ તેનો વાસ્તવિક (નોશનલી નહિ) અમલ કરીને સેનેટે એકીઅવાજે પસાર કરેલા ઠરાવની ભાવનાને મૂર્ત કરવા અને એ રીતે સેનેટના સર્વાનુમતે ઠરાવનું યથાતથ પરિપાલન કરી ગૌરવ જાળવવા સેનેટની આ સભા સિન્ડિકેટને ફરી વાર વિનંતી અને અનુરોધ કરે છે. આના સંદર્ભમાં યુનિવર્સિટીના અંદાજપત્રના પૃષ્ઠ ૩ ઉપર ખર્ચના મથાળા નં. ૧૬, યુનિવર્સિટી મુદ્રણાલયનો ૧૯૭૧-૭૨નો પુનર્નિર્મિત અંદાજ રૂ. ૪,૮૯,૫૦૦ સુધારીને પ્રતીક તરીકે તેમાં રૂ. ૧,૦૦૦ (એક હજાર) વધુ ખર્ચની જોગવાઈ કરવા સિન્ડિકેટને વિનંતી છે."

૬૨. સેનેટની તા. ૨૪/૨૫/૨૬--૩--૧૯૭૨ની સભામાં અંદાજપત્ર પરત્વે નીચેનો પ્રસ્તાવ મંજૂર થયેલ હોઈ સદરહુ ઠરાવ પર આગળ ઘટતાં પગલાં લેવા અંગે વિચારણા કરવા બાબત :

"યુનિવર્સિટી પ્રેસમાં કરવામાં આવતાં કામોના બિલના દર બજારભાવ કરતાં નીચા હોવાને કારણે પ્રેસનું બજેટ ખાધવાળું બને છે, તેથી પ્રેસનાં કામોનાં બિલો ગુજરાત રાજ્યનાં સરકારી પ્રેસોના ધોરણે બનાવવાની પ્રથા અપનાવીને "નહિ નફો--નહિ નુકસાન"નું ધોરણ આગામી નાણાકીય વર્ષથી એટલે કે તા. ૧--૪--૧૯૭૨થી રાખવા સેનેટની આ સભા સિન્ડિકેટને વિનંતી કરે છે. આના સંદર્ભમાં સને ૧૯૭૨--૭૩-ના અંદાજપત્રના પૃ. ૨ ઉપર મથાળા નં. ૧૧માં મુદ્રણાલયની આવક રૂ. ૪,૦૩,૦૦૦ અંદાજી છે તેમ પ્રતીક તરીકે રૂ. ૧,૦૦૦ની વધુ આવક બતાવવી એમ સિન્ડિકેટને વિનંતી છે."

૬૩. સેનેટની તા. ૨૪/૨૫/૨૬--૩--૧૯૭૨ની સભામાં અંદાજપત્ર પરત્વે નીચેનો પ્રસ્તાવ મંજૂર થયેલ હોઈ સદરહુ ઠરાવ પર આગળ ઘટતાં પગલાં લેવા અંગે વિચારણા કરવા બાબત :

"યુનિવર્સિટી પ્રેસની સ્થાપના થયાને વર્ષો થયા છતાં યુનિવર્સિટી પ્રેસના કર્મચારીઓનાં રહેઠાણો માટે યુનિવર્સિટી તરફથી હજી સુધી કોઈ જોગવાઈ થઈ નથી તેની નોંધ લઈને તેમ જ પ્રેસ--કર્મચારીઓ માટે રહેઠાણોની વ્યવસ્થા કરવાની બાબતનો યુનિવર્સિટીએ આ અગાઉ સૈદ્ધાંતિક સ્વીકાર કર્યો છે તેને ધ્યાનમાં લઈને, યુનિવર્સિટીની સેનેટની આ સભા યુનિવર્સિટીના સને ૧૯૭૨--૭૩ ના અંદાજપત્રના પૃષ્ઠ ૨૩ ઉપર મથાળા નં. ૨૩ અને ૨૪ (કર્મચારીવર્ગનાં મકાનો--"સી" અને "ડી" ટાઇપ)માં કુલ રૂ. ૧,૦૦,૦૦૦ (એક લાખ)ની સૂચિત જોગવાઈ છે તેમાંથી રૂ. ૨૫,૦૦૦ અલગ ફાળવીને અને વધારાના રૂ. ૨૫,૦૦૦ ઉમેરીને એમ કુલ રૂ. ૫૦,૦૦૦ની રકમ યુનિવર્સિટી પ્રેસના કર્મચારીઓનાં રહેઠાણો માટે વાપરવાની જોગવાઈ કરવા સિન્ડિકેટને વિનંતી કરે છે."

૬૪. તા. ૨૯/૩૦--૯--૧૯૭૧ તથા તા. ૮--૧--૧૯૭૨ના રોજ મળેલ સેનેટની વિશેષ સભામાં મંજૂર થયેલ નીચેના ઠરાવ પર આગળ ઘટતાં પગલાં લેવા વિચારણા કરવા બાબત :

"આથી ઠરાવવામાં આવે છે કે યુનિવર્સિટી શિક્ષણ વિદ્યાર્થીઓમાં આત્મવિશ્વાસ પ્રેરી શકે, તેમની કાર્યક્ષમતા વધારી શકે અને બેકારીમાંથી એમને ઉગારી શકે એ માટે કોઠારી શિક્ષણ પંચે એક્સ્પ-રિયન્સનું તત્ત્વ દાખલ કરવાની જે ભલામણ કરી છે એનો અમલ થાય એ માટે ચાલુ અભ્યાસક્રમોમાં કયા કયા તબક્કે શા શા ફેરફારો કરવા ઘટે અગર તો કૉલેજના સમયનો અંદર કે બહાર બીજા કયા કયા કાર્યક્રમો યોજવા ઘટે તે અંગે વ્યવહારુ વિગતો સાથે ચોક્કસ કાર્યક્રમ તૈયાર કરવા માટેની એક કમિટી એકેડેમિક કાઉન્સિલ અને સિન્ડિકેટ નીમે એવી ભલામણ સેનેટની આ સભા કરે છે.

એ કમિટીમાં જરૂર જણાય તો અન્ય કેળવણીકારો, ઉદ્યોગનિષ્ણાતો, વિકાસ અધિકારીઓ, સમાજ-સેવકો અને દૃષ્ટિવંત કુશળ ખેડૂતોનો પણ સમાવેશ થાય એ ઇષ્ટ છે. સદરહુ કમિટી પોતાનો હેવાલ નિયુક્તિ પછી ત્રણ મહિનામાં યુનિવર્સિટી કાર્યાલયને પહોંચાડે એ અપેક્ષિત છે, જેથી એનો અમલ કરવાની તજવીજ તરત જ થઈ શકે."

૬૫. તા. ૨૯/૩૦--૯--૧૯૭૧ તથા તા. ૮--૧--૧૯૭૨ના રોજ મળેલ સેનેટની વિશેષ સભામાં મંજૂર થયેલ નીચેના ઠરાવ પર આગળ ઘટતાં પગલાં લેવા અંગે વિચારણા કરવા બાબત :

"ગુજરાત રાજ્યના ફેકટરી એકટ અન્વયે યુનિવર્સિટી પ્રેસના જે જે લંગામી કર્મચારીઓ ભારત સરકારના એકટ લેઠગ પ્રોવિડંટ ફંડનો લાભ મેળવવા પાત્ર થતા હોય તેમને યુનિ. પ્રેસના કાયમી કર્મચારીઓને મળતા કેજ્યુઅલ રજા, માંદગીની રજા, તહેવારોની રજા ઇત્યાદિ લાભો આપીને પ્રેસના કર્મચારીઓની બાબતમાં હાલ પ્રવર્તતાં બેવડાં ધોરણો નાબૂદ કરવા સેનેટની આ સભા સિન્ડિકેટને વિનંતી કરે છે."

૬૬. તા. ૨૯/૩૦--૯--૧૯૭૧ તથા તા. ૮--૧--૧૯૭૨ના રોજ મળેલ સેનેટની વિશેષ સભામાં પસાર થયેલા નીચેના ઠરાવ પરત્વે આગળ ઘટતાં પગલાં લેવા અંગે વિચારણા કરવા બાબત :

"કોલેજોમાં ટ્યુટોરિયલ પ્રથા દાખલ કરી છે ત્યારથી આજ દિન સુધીમાં ટ્યુટોરિયલ વર્ગમાં શું કરવું તે અંગે યુનિવર્સિટીએ કોલેજોને કોઈ નક્કર માર્ગદર્શન આપ્યું નથી અને કદાચ તેને કારણે જ આ એક સુંદર પ્રયોગ નિષ્ફળ પુરવાર થવાની દિશામાં છે. તો હજી પણ તેમાં મોડું થાય તે પહેલાં યુનિવર્સિટીની દરેક ફેકલ્ટીએ બેથી ત્રણ દિવસનો સેમિનાર યોજીને ટ્યુટોરિયલ કાર્યનું એક સામાન્ય માળખું ઘડી કાઢી વિષયના બોર્ડને મોકલી આપે; અને વિષયનું બોર્ડ તે સામાન્ય માળખાને લક્ષમાં રાખીને, છતાં પોતાના વિષયની જરૂરિયાતોને ઉમેરીને, દરેક વિષયના ટ્યુટોરિયલ કાર્યના એક આખરી નકશો તૈયાર કરે તે માટે યુનિવર્સિટી સક્રિય બને તેવી આ સભા યુનિવર્સિટીને ભલામણ કરે છે."

૬૭. તા. ૨૯/૩૦--૯--૧૯૭૧ તથા તા. ૮--૧--૧૯૭૨ના રોજ મળેલ સેનેટની વિશેષ સભામાં પસાર થયેલ નીચેના ઠરાવ પર આગળ ઘટતાં પગલાં લેવા અંગે વિચારણા કરવા બાબત :

"પ્રાધ્યાપકોને પોતાના વિષયનાં પુસ્તકો ખરીદવા અંગે મેચિંગ ગ્રાન્ટ આપવા અંગેની નીતિ ઘડી કાઢવા માટે સંબંધકર્તા સત્તામંડળને આ સભા વિનંતી કરે છે."

૬૮. તા. ૨૯/૩૦--૯--૧૯૭૧ તથા તા. ૮--૧--૧૯૭૨ના રોજ મળેલ સેનેટની વિશેષ સભામાં મંજૂર થયેલ નીચેના ઠરાવ પરત્વે આગળ ઘટતાં પગલાં લેવા અંગે વિચારણા કરવા બાબત :

"ગુજરાત રાજ્યના ફેકટરી એકટ અન્વયે યુનિવર્સિટી પ્રેસના જે કર્મચારીઓની પ્રો. ફંડની કપાત થતી હોય તેવા યુનિવર્સિટી પ્રેસના લંગામી કર્મચારીઓને જે તે જગ્યા પર પ્રો. ફંડ કપાતની આરંભ--તારીખથી યુનિવર્સિટી પ્રેસનાં ધારાધોરણ અનુસાર કાયમ કરવા સેનેટની આ સભા સિન્ડિકેટને વિનંતી કરે છે."

૬૯. તા. ૨૯/૩૦--૯--૧૯૭૧ તથા તા. ૮--૧--૧૯૭૨ના રોજ મળેલ સેનેટની વિશેષ સભામાં પસાર થયેલા નીચેના ઠરાવ પરત્વે આગળ ઘટતાં પગલાં લેવા અંગે વિચારણા કરવા બાબત :

"યુનિવર્સિટીની સમિતિઓને, જુદાં જુદાં સત્તામંડળોને તેમ જ યુનિવર્સિટીની અન્ય કાર્યવાહી માટે કૉલેજો પાસેથી જરૂરી માહિતી માંગવામાં આવે છે ત્યારે કૉલેજો તે માહિતી સમયસર પૂરી પાડતી નથી અને કેટલીક સંસ્થાઓ તો તે પત્રોના જવાબ આપવાની પણ દરકાર લેતી નથી. ગઈ સેનેટની સભા માટે જરૂરી માહિતી આ કારણે મળી શકી ન હતી. આ બાબતની આ સભા સખેદ નોંધ લે છે, અને આવી કૉલેજો સામે પગલાં લેવા યુનિ. સિન્ડિકેટને આ સભા વિનંતી કરે છે."

૭૮. સેનેટની તા. ૨૪/૨૫/૨૬--૩--૧૯૭૨ની વાર્ષિક સભામાં પુછાયેલ પ્રશ્નોત્તરીના સંદર્ભમાં નીચેની કૉલેજો તરફથી સેનેટ સભાની તારીખ સુધીમાં પણ માહિતી આવી નથી તે અંગે વિચારણા કરવા બાબત :

૧. બી. ડી. કૉલેજ, અમદાવાદ (Only ladies)
૨. સ્વામિનારાયણ આર્ટ્સ કૉલેજ, અમદાવાદ
૩. સરદાર વલ્લભભાઈ આર્ટ્સ કૉલેજ, અમદાવાદ
૪. અમદાવાદ આર્ટ્સ કૉલેજ, અમદાવાદ
૫. આર. કે. આર્ટ્સ એન્ડ સાયન્સ કૉલેજ, અમદાવાદ
૬. આર. આર. લાલન કૉલેજ, ભૂજ (કચ્છ)
૭. લુણાવાડા આર્ટ્સ એન્ડ સાયન્સ કૉલેજ, લુણાવાડા
૮. સરસપુર આર્ટ્સ અને કૉમર્સ કૉલેજ, અમદાવાદ
૯. શ્રી. કે. કે. આર્ટ્સ અને કૉમર્સ કૉલેજ, ધંધુકા
૧૦. શ્રીમતી એચ. સી. પટેલ (કંડારી) આર્ટ્સ અને કૉમર્સ કૉલેજ, કરજણ
૧૧. આર્ટ્સ અને કૉમર્સ કૉલેજ, ખેડા
૧૨. પ્રકાશ કૉલેજ ઑફ એજ્યુકેશન, અમદાવાદ
૧૩. સેકન્ડરી ટીચર્સ ટ્રેનિંગ કૉલેજ, ખેડા
૧૪. આર. બી. સાગર કૉલેજ ઑફ એજ્યુકેશન, અમદાવાદ
૧૫. કૉલેજ ઑફ એજ્યુકેશન, ડભોઈ
૧૬. સ્વામિનારાયણ સાયન્સ કૉલેજ, અમદાવાદ
૧૭. અમદાવાદ સાયન્સ કૉલેજ, અમદાવાદ
૧૮. સરદાર વલ્લભભાઈ કૉમર્સ કૉલેજ, અમદાવાદ
૧૯. અમદાવાદ કૉમર્સ કૉલેજ, અમદાવાદ
૨૦. કૉમર્સ કૉલેજ, પેટલાદ
૨૧. શ્રી. એચ. કે. કૉમર્સ કૉલેજ, અમદાવાદ
૨૨. શાહ સી. કે. મ્યુ. કૉમર્સ કૉલેજ, કલોલ
૨૩. શેઠ સી. એમ. કૉમર્સ એન્ડ લૉ કૉલેજ, વીસનગર
૨૪. મોતીલાલ નહેરુ લૉ એન્ડ કૉમર્સ કૉલેજ, અમદાવાદ

[નોંધ. નીચેની કૉલેજો તરફથી માહિતી તા. ૧૧--૩--૧૯૭૨ પછી આવેલી હોઈ આ માહિતી સેનેટની સુધારાવધારાવાળી કામકાજની યાદીમાં સામેલ કરવામાં આવી નહોતી :

૧. એલ. ડી. આર્ટ્સ કૉલેજ, અમદાવાદ
૨. શેઠ એચ. પી. આર્ટ્સ એન્ડ તલોદ એસ. એમ. કૉમર્સ કૉલેજ, તલોદ
૩. આર્ટ્સ એન્ડ કૉમર્સ કૉલેજ, ઇડર
૪. એ. જી. ટીચર્સ કૉલેજ, અમદાવાદ
૫. કૉલેજ ઑફ એજ્યુકેશન, મુંદ્રા (કચ્છ)
૬. શ્રીમતી એસ. એમ. પંચાલ સાયન્સ કૉલેજ, તલોદ
૭. ગવર્નમેન્ટ સાયન્સ કૉલેજ, ગાંધીનગર

૮. સિટી કૉમર્સ કૉલેજ, અમદાવાદ
૯. સાર્વજનિક કૉમર્સ કૉલેજ, ગોધરા
૧૦. પીપલ્સ એજ્યુકેશન સોસાયટી લૉ કૉલેજ, ભુજ--કચ્છ
૧૧. બી. જે. મેડિકલ કૉલેજ, અમદાવાદ
૧૨. એલ. એમ. કૉલેજ ઑફ ફાર્મસી, અમદાવાદ
૧૩. શ્રીમતી એન. એચ. એલ. મ્યુ. મેડિકલ કૉલેજ, અમદાવાદ
૧૪. શેઠ આર. એ. કૉલેજ ઑફ આર્ટ્સ એન્ડ કૉમર્સ, અમદાવાદ

૭૧. તા. ૨૯/૩૦--૯--૧૯૭૧ તથા તા. ૮--૧--૧૯૭૨ના રોજ મળેલ સેનેટની વિશેષ સભામાં મંજૂર થયેલ નીચેના ઠરાવ પર આગળ ઘટતાં પગલાં લેવા અંગે વિચારણા કરવા બાબત :

"સેનેટની આ સભા સંબંધ સત્તામંડળોને ભલામણ કરે છે કે, અનુસ્નાતક અધ્યાપકોને આપવામાં આવતા વેતનના દરોમાં યોગ્ય સુધારો કરવો."

૭૨. સંલગ્ન કૉલેજોના ગ્રંથપાલો માટે મૂળ પગારમાં અંશત: મોંઘવારી ભથ્થું ભેળવવા અંગે સિન્ડિકેટે તેની તા. ૯/૧૬--૧--૧૯૭૨ની સભામાં નિયત કરેલાં ધોરણો અંગે પુનર્વિચારણા કરવા માટે ગુજરાત રાજ્ય ગ્રંથપાલ મંડળના કન્વીનર તરફથી આવેલ પત્ર પર વિચારણા કરવા બાબત.

૭૩. સંલગ્ન કૉલેજો/માન્ય સંસ્થાઓના ત્રિવાર્ષિક તપાસસમિતિઓના અહેવાલો પર સિન્ડિકેટે નીમેલી સ્થાયી સમિતિની તા. ૩૦--૩--૧૯૭૨ની સભાનો ભલામણો પર વિચારણા કરવા બાબત.

૭૪. તા. ૨૯/૩૦--૯--૧૯૭૧ તથા તા. ૮--૧--૧૯૭૨ના રોજ મળેલ સેનેટની વિશેષ સભામાં મંજૂર થયેલ નીચેના ઠરાવ પર આગળ ઘટતાં પગલાં લેવા અંગે વિચારણા કરવા બાબત.

"કૉલેજ--કક્ષાએ લેવાતી પરીક્ષાઓની ઉત્તરવહીઓ પરીક્ષા બાદ વિદ્યાર્થીઓને કોઈ પણ જાતની ફી લીધા વિના જોવા દેવાની છૂટ આપવા અંગે યોગ્ય નિયમો ઘડવા સંબંધકર્તા સત્તામંડળોને આ સભા વિનંતી કરે છે."

૭૫. તા. ૨૯/૩૦--૯--૧૯૭૧ તથા તા. ૮--૧--૧૯૭૨ના રોજ મળેલ સેનેટની વિશેષ સભામાં મંજૂર થયેલ નીચેના ઠરાવ પર આગળ ઘટતાં પગલાં લેવા અંગે વિચારણા કરવા બાબત :

"ગુજરાત યુનિવર્સિટીની પરીક્ષાઓનાં પ્રશ્નપત્રોની સમીક્ષા કરાવવા માટે પ્રત્યેક પરીક્ષા પછી ૬૭ માસના સમયગાળા દરમિયાન ઘટિત કરાવવા સંબંધકર્તા સત્તામંડળોને આ સભા વિનંતી કરે છે."

૭૬. તા. ૩/૪--૧૦--૧૯૭૦ની સિન્ડિકેટની સભાએ નીમેલ "પરીક્ષા સુધારણા સમિતિ"ના હેવાલ (તેની જુદી જુદી ચાર સભાઓમાં થયેલી ભલામણો આધારે સંકલિત) પર વિચારણા કરવા બાબત.

૭૭. યુનિવર્સિટી દ્વારા લેવાતી જુદી જુદી પરીક્ષાઓના સંચાલન અંગે આર્ટ્સ એન્ડ કૉમર્સ કૉલેજ, કડીના આચાર્યશ્રીના તા. ૨૫--૧--૧૯૭૨ના પત્રમાં કરવામાં આવેલ સૂચનો અંગે વિચારણા કરવા બાબત.

૭૮. માર્ચ--એપ્રિલ ૧૯૭૨માં લેવાયેલ એમ.કૉમ. ભાગ--૨ની પરીક્ષાના "બિઝનેસ મેનેજમેન્ટ" વિષયના પ્રશ્નપત્રક--પરીક્ષક શ્રી. એચ. સી. પરીખ તેમ જ આર. એમ. દવે તરફથી અનુક્રમે આવેલ તા. ૨૪--૨--૧૯૭૨ના

તેમ જ તા. ૮--૩--૧૯૭૨ના પત્ર પર વિચારણા કરવા બાબત.

(નોંધ.—તા. ૧૩--૧૧--૧૯૭૧ની સિન્ડિકેટે બાબત નં. ૭૧થી શ્રી એચ. સી. પરીખને પાંચ વર્ષ માટે ડિઆર્ડ કરેલ છે અને તેમના સહપ્રાધ્યિનક—પરીક્ષક શ્રી. આર. એમ. દવેને કાયમ માટે ડિબાર્ડ કરેલ છે.)

૭૯. ગુજરાત યુનિવર્સિટી વિસ્તાર અધ્યાપક મંડળની તા. ૩૦--૧--૧૯૭૨ના રોજ મળેલી સભાએ પ્રૉ. ફંડના નિયમોમાં ફેરફાર કરવા માટે કરેલાં સૂચનો પર વિચારણા કરવા બાબત.

૮૦. સિન્ડિકેટે નીમેલી સ્થાયી વિકાસ આયોજન સમિતિની તા. ૨૮--૧--૧૯૭૨ની સભાની ભલામણો પર વિચારણા કરવા બાબત.

(નોંધ.—દસ વર્ષના વિકાસ અંગેનો પ્રસ્તાવ સિન્ડિકેટની મંજૂરીની અપેક્ષાએ રાજ્ય સરકારશ્રીને મોકલી આપવામાં આવ્યો હતો અને તે સિન્ડિકેટની જાણ માટે મૂકવામાં આવ્યો હતો.)

૮૧. સંલગ્ન કૉલેજોના શિક્ષકોની નિવૃત્તિ વયમર્યાદા અંગેના નિયમોની પુનર્વિચારણા માટે શ્રી. એચ. કે. આર્ટ્સ કૉલેજ, અમદાવાદના આચાર્યશ્રી તરફથી આવેલ તા. ૧--૩--૧૯૭૨ના પત્રાંક ૧૮૧૯ પર વિચારણા કરવા બાબત .

૮૨. એ. જી. ટીચર્સ કૉલેજ, અમદાવાદમાં શૈક્ષણિક કાર્ય કરતા શ્રી. પી. જે. પ્રજાપતિ શિક્ષણના ટયૂટર તરીકેની જરૂરી શૈક્ષણિક પાત્રતા ધરાવતા નહિ હોવાથી તેમની ટયૂટર તરીકેની નિમણૂક ખાસ કેસ તરીકે વધુ એક વર્ષ (૧૯૭૨--૭૩ના શૈક્ષણિક વર્ષ પૂરતી) માન્ય કરવાની સદરહુ કૉલેજના આચાર્યશ્રીએ કરેલી વિનંતી પર વિચારણા કરવા બાબત.

(નોંધ.—(૧) શ્રી. પી. જે. પ્રજાપતિ બી.એસસી.ની પદવી પ્રથમ વર્ગમાં, એમ.એસસી.ની પદવી બીજા વર્ગમાં અને બી.એડ.ની પદવી ડિસ્ટિકશન સાથે પ્રથમ વર્ગ ધરાવે છે.

(૨) તેઓ નિયમ મુજબ બી.એ. પછીનો બે વર્ષનો હાઇસ્કૂલનો અનુભવ ધરાવતા નથી.

(૩) શ્રી પ્રજાપતિની નિમણૂકને સિન્ડિકેટે તેની તા. ૯/૧૬--૧--૧૯૭૨ની સભામાં ચાલુ વર્ષ પૂરતી એટલે કે ૧૯૭૧--૭૨ના શૈક્ષણિક વર્ષ પૂરતી અપવાદ તરીકે ગ્રાહ્ય રાખી હતી.)

૮૩. શેઠ પી. ટી. આર્ટ્સ અને સાયન્સ કૉલેજ, ગોધરાના ભૂતપૂર્વ આચાર્યશ્રી ટી. એન. મહેતાને યુનિવર્સિટીનાં ધારાધોરણ અનુસાર ૬ માસના વેતન જેટલું વળતર ચૂકવવા અંગેના સિન્ડિકેટની તા. ૧૬/૧૭--૧--૧૯૭૧ની સભાના ઠરાવની કૉલેજને જાણ કરીને તે રકમ ત્વરિત ચૂકવવાનું જણાવ્યા છતાં હજુ સુધી કૉલેજે તેમ કર્યાની જાણ કરી નથી તો તે અંગે વિચારણા કરવા બાબત.

૮૪. યુનિવર્સિટી ગ્રાન્ટ્સ કમિશનના કાયદાની પેટાકલમ ૨ (એફ) હેઠળની યાદીમાં કૉલેજોનાં નામ ઉમેરવા માટે યુનિવર્સિટી ગ્રાન્ટ્સ કમિશનના તા. ૧--૯--૧૯૭૧ના પત્રાંક એફ. ૩૩--૩૪--૬૧ સીડી--પી. ટી.થી સૂચવેલા નવા નિયમો તથા તેના અનુસંધાનમાં યુનિવર્સિટી ગ્રાન્ટ્સ કમિશન તરફથી આવેલા તા. ૬--૧૧--૧૯૭૧ના પત્રાંક એફ. ૩૩--૩૪--૬૧ સી.ડી પી.ટી. અને તા. ૧૧--૨--૧૯૭૨ના પત્રાંક એફ. ૩૩--૩૪--૬૧ સી.ડી. પી.ટી. પર વિચારણા કરવા બાબત.

૮૫. ગુજરાત રાજ્યના શિક્ષણ અને મજૂર ખાતાએ ગુજરાત યુનિવર્સિટી ધારામાં સુધારાઓ કરવા અંગેના બિલનો મુસદ્દો મોકલી તે પર વ્યક્તવ્ય માંગ્યું હોઈ તે અંગે વિચારણા કરવા બાબત.

૮૬. સંલગ્ન કૉલેજોના શિક્ષકો અંગેની નીચે પ્રમાણેની યાદીઓની નોંધ લેવા બાબત :

(૧) સંલગ્ન કૉલેજોના માન્ય થયેલ શિક્ષકોનાં નામોની યાદી.

(૨) સંલગ્ન કૉલેજોમાં જે શિક્ષકોની નિમણૂક અમાન્ય કરવામાં આવી છે તેમનાં નામોની યાદી.

(૩) એક સંલગ્ન કૉલેજ છોડીને બીજી સંલગ્ન કૉલેજમાં જોડાયેલા માન્ય શિક્ષકોનાં નામોની યાદી.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ યાદીઓની નોંધ લેવી.

(મંજૂર થયેલ યાદીની નકલ **પરિશિષ્ટ "ચ"** તરીકે સામેલ છે.)

૮૭. કુલપતિશ્રીએ મંજૂર કરેલાં નીચેનાં કાર્યોની નોંધ લેવા બાબત :

(૧) પીએચ.ડી. પદવી માટે નીચેના વિદ્યાર્થીઓના મહાનિબંધ તેમનાં નામ સામે જણાવેલ વિષય માટે સ્વીકારી જાહેર કર્યાના :

ક્રમાંક	વિદ્યાર્થીનું નામ	વિદ્યાશાખા	વિષય
૧.	શ્રી. પી. બી. ત્રિવેદી	વિજ્ઞાન	રસાયણવિજ્ઞાન
૨.	શ્રી. કૈલાસચંદ્ર	,,	,,

(૨) યુનિવર્સિટી ગ્રંથનિર્માણ બોર્ડની અનુદાન યોજના હેઠળ (૧) "પ્રયોગાત્મક રાંધણકળા" (લે. શ્રીમતી ઉમા પટેલ), અને (૨) "પુસ્તક પસંદગી પરિચય" (લે. શ્રી. ડી. એન. શુકલ) લઘુગ્રંથોના સમાવેશ કર્યાના.

આથી ઠરાવવામાં આવે છે કે કુલપતિશ્રીના ઉપરનાં કાર્યોની નોંધ લેવી.

૮૮. શ્રી. સી. એન. પટેલ ફરતીકૂઈવાળા આર્ટ્સ કૉલેજ એન્ડ ડભોઈ નગરપાલિકા સાયન્સ કૉલેજ, ડભોઈએ જૂન ૧૯૭૨થી બી.એ. (પ્રિન્સિ.)માં મનોવિજ્ઞાન; તથા બી.એ. (સબો.)માં સમાજશાસ્ત્રના વિષયો માટેના વધારાના જોડાણ માટેની અરજી પાછી ખેંચી છે તેની નોંધ લેવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બાબતની નોંધ લેવી.

૮૯. વિજ્ઞાન વિદ્યાભવનના ભૌતિકવિભાગના ડૉ. કે. એમ. કોટડિયાની સંશોધન યોજના (Automatic multi-frequency recording and analysis of amplitudes of radio-pulse reflections from the ionosphere) અંગે સને ૧૯૭૨--૭૩ તથા ૧૯૭૩--૭૪ના વર્ષ માટે સી. એસ. આઈ. આર., ન્યૂ દિલ્હી તરફથી તેમના તા. ૨૪--૪--૧૯૭૨ના પત્રાંક ૧૧ (૩૪) ૭૨--જીએપુ--૨થી આર્થિક સહાયની રકમ રૂ. ૨૦,૮૭૨--૬૬ મંજૂર કર્યાની નોંધ લેવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બાબતની નોંધ લેવી.

૯૦. દંતવિદ્યાની નવી કૉલેજ અને દંતવિદ્યાના અનુસ્નાતક વિભાગો શરૂ કરતાં પહેલાં ડેન્ટલ કાઉન્સિલ ઑફ ઈન્ડિયાની મંજૂરી લેવી આવશ્યક છે તે અંગેના ભારત સરકારના સ્વાસ્થ્ય અને પરિવાર નિયોજન મંત્રાલય (સ્વાસ્થ્ય વિભાગ) તરફથી આવેલ તા. ૧૭--૨--૧૯૭૨ના પરિપત્ર નં. યુ/૧૩૦૧૧/૧/૭૨ એમ.ઈ. (યુ. જી.)ની નોંધ લેવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બાબતની નોંધ લેવી.

૯૧. યુનિવર્સિટી બિલ્ડિંગમાં સ્ટેટ બેંક ઑફ ઇન્ડિયાની શાખા નજદીકના ભવિષ્યમાં ખૂલવાની હોવાથી નીચે જણાવ્યા મુજબનાં એકાઉન્ટ્સ ખોલવા માટે વિચારણા કરવા બાબત :

૧. ગુજરાત યુનિવર્સિટી જનરલ ફંડ એકાઉન્ટ

૨. ગુજરાત યુનિવર્સિટી લાઇબ્રેરી ફંડ એકાઉન્ટ

૩. ગુજરાત યુનિવર્સિટી એન્ડાઉમેન્ટ ફંડ એકાઉન્ટ

૪. ગુજરાત યુનિવર્સિટી પ્રોવિડંટ ફંડ એકાઉન્ટ.

આથી ઠરાવવામાં આવે છે કે સ્ટેટ બેંક ઑફ ઇન્ડિયાની જે શાખા યુનિવર્સિટી કાર્યાલયમાં શરૂ થવાની છે તે શાખા શરૂ થયેથી યુનિવર્સિટીનાં નીચે જણાવેલાં ખાતાં ખોલવાં અને તે ખાતાં ચલાવવા (operate કરવા) માટે નીચે મુજબની વ્યવસ્થા મંજૂર કરવી :

(૧) ગુજરાત યુનિવર્સિટી લાઇબ્રેરી ફંડ એકાઉન્ટ, અને

(૨) ગુજરાત યુનિવર્સિટી એન્ડાઉમેન્ટ ફંડ એકાઉન્ટ, અને

(૩) ગુજરાત યુનિવર્સિટી પ્રોવિડંટ ફંડ એકાઉન્ટ :

ઉપરનાં ચાલુ ખાતાંઓમાં લેવડ-દેવડ કરવા માટે કુલસચિવ શ્રી. કંચનલાલ ચંદુલાલ પરીખને સત્તા આપવી.

(૪) ગુજરાત યુનિવર્સિટી જનરલ ફંડ એકાઉન્ટ :

(અ) રૂ. ૨૦૦ સુધીની રકમ માટે યુનિવર્સિટીના હિસાબનીશ શ્રી. બી, કે. શાહ તથા યુનિવર્સિટીના નાયબ કુલસચિવ શ્રી. શતાવૃત પી. મેઢને સંયુકત સહીથી લેવડ-દેવડ કરવાની સત્તા આપવી.

(બ) રૂ. ૧,૦૦૦ સુધીની રકમ માટે યુનિવર્સિટીના હિસાબનીશ શ્રી. બી. કે. શાહ અને કુલસચિવ શ્રી કંચનલાલ ચંદુલાલ પરીખને સંયુકત સહીથી લેવડ-દેવડ કરવાની સત્તા આપવી.

(ક) ઉપરોકત (અ) અને (બ)ની વ્યવસ્થા ઉપરાંત નીચેની વ્યકિતઓમાંથી કોઈ પણ બે વ્યકિતઓની સંયુકત સહીથી લેવડ-દેવડ કરવાની સત્તા આપવામાં આવે છે :

(૧) કુલપતિશ્રી ઉમાશંકર જોશી
(૨) આચાર્ય એમ. સી.શાહ
(૩) ડૉ. એમ. એન. દેસાઈ
(૪) પ્રો. કે. આર. ચંદ્રશેખરન
(૫) શ્રી. ઝીણાભાઈ ૨. દેસાઈ
(૬) શ્રી કંચનલાલ ચંદુલાલ પરીખ—કુલસચિવ

—સિન્ડિકેટના સભ્યો

વધુમાં ઠરાવવામાં આવે છે કે ઉપરના ઠરાવમાં જણાવેલા અધિકારીઓ રજા ઉપર હોય કે જગ્યાઓ ખાલી પડે તો તેઓની જગ્યાએ જે અધિકારી નીમવામાં આવે તેઓને લેવડ-દેવડ કરવાની સત્તા આપવી અને બેંકને તેની જાણ કરવા કુલપતિશ્રીને સત્તા આપવી.

૯૨. ગુજરાત યુનિવર્સિટી તરફથી દર વર્ષે લેવાનાર એમ.એસસી.ની અનુસ્નાતક પદવી પરીક્ષામાં પ્રથમ વર્ગ સાથે સૌથી વધુ ગુણાંક મેળવી ઉત્તીર્ણ થનાર વિદ્યાર્થીને સ્વ. પ્રો. એ. એમ. ત્રિવેદી સ્મૃતિ સુવર્ણચંદ્રક એનાયત કરવા માટેનું પ્રદાન રૂ. ૭,૫૦૦ તથા ચાલુ વર્ષ માટેના રૂ. ૨૫૦ સ્વીકારવા માટે "સ્વ. પ્રો. એ. એમ. ત્રિવેદી સ્મારક નિધિ ફંડ" ના ટ્રસ્ટીશ્રીના તા. ૨૫--૪--૧૯૭૨ના પત્ર પરત્વે વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ પ્રદાનનો સાભાર સ્વીકાર કરવો અને તે અંગેના નિયમો ઘડીને આ સભાગૃહ સમક્ષ રજૂ કરવાનું રાખવું.

૯૩. આર્ટ્સ એન્ડ કૉમર્સ કૉલેજ, ઈડર તરફથી જૂન ૧૯૭૩થી પ્રથમ વર્ષ બી.એ.માં અંગ્રેજીના અભ્યાસક્રમો શીખવવા માટે વધારાનું જોડાણ મેળવવા માટેની અરજી ઑ. ૧૨૦માં નિયત કરેલ સમયમર્યાદા બહાર આવી હોઈ તે અંગે વિચારણા કરવા બાબત.

સદરહુ બાબતની વિચારણા મોકૂફ રાખવામાં આવી હતી.

૯૪. સિન્ડિકેટે તેની તા. ૫/૬--૨--૧૯૭૨ની સભામાં ઠરાવ્યા અનુસાર બનાસકાંઠા આર્ટ્સ એન્ડ સાયન્સ કૉલેજ, પાલનપુરને તેઓની કૉલેજમાં ગ્રંથપાલ તરીકે કામ કરી છૂટા થયેલા શ્રી. પી. ટી. પટેલના પ્રૉવિડંટ ફંડનાં નાણાં તથા જૂન ૧૯૭૦ના અર્ધા માસના પગારની ચુકવણી તા. ૧૫--૩--૧૯૭૨ સુધીમાં કરવાનું જણાવ્યા છતાં કૉલેજે હજુ સુધી તે ચુકવણી કરી ન હોઈ તે પર વિચારણા કરવા બાબત.

સદરહુ બાબતની વિચારણા મોકૂફ રાખવામાં આવી હતી.

૯૫. નીચેની સંસ્થાઓ તરફથી જૂન ૧૯૭૨થી નવી કૉલેજોનું જોડાણ મેળવવા માટે જોડાણ અરજીઓ આવેલી, પરંતુ સેનેટે સદરહુ કૉલેજોના જોડાણ માટે ભલામણ કરી ન હોઈ તેઓએ જૂન ૧૯૭૩થી નવી કૉલેજોના જોડાણ માટે જોડાણઅરજીઓ મોકલી છે તો ઑ. ૧૨૦--ઈ અન્વયે તે પર વિચારણા કરી સ્થાનિક તપાસસમિતિઓ નીમવા વિચારણા કરવા બાબત :

ક્રમાંક	સંસ્થાનું નામ તથા સરનામું	સ્થળ	અભ્યાસક્રમો
૧.	મૅનેજિંગ ટ્રસ્ટીશ્રી, પ્રાંતિજ તાલુકા કેળવણી ટ્રસ્ટ, નેશનલ હાઈવે નં. ૮, મુ. પો. તાજપુર, તા. પ્રાંતિજ	પ્રાંતિજ	વિનયન અને વાણિજ્ય
૨.	મૅનેજિંગ ટ્રસ્ટીશ્રી, માનવમંદિર ટ્રસ્ટ, આશ્રમ રોડ, અમદાવાદ	અમદાવાદ	કાયદો
૩.	માનદ મંત્રીશ્રી, શ્રી મથુરાદાસ એલ. ગાંધી હાયર એજ્યુકેશન સોસાયટી, મોડાસા	મોડાસા	કાયદો

સદરહુ બાબતની વિચારણા મોકૂફ રાખવામાં આવી હતી.

૯૬. ચોથી પંચવર્ષીય યોજના હેઠળ સંલગ્ન કૉલેજોમાં કાર્ય કરતા અનુસ્નાતક આચાર્યોને તથા અનુસ્નાતક શિક્ષકોને આપવાના અનુક્રમે રૂ. ૮૦૦--૫૦--૧,૨૫૦ અને રૂ. ૭૦૦--૪૦--૧,૧૦૦ના પગારધોરણ અંગેની બાબતમાં પોતાની ભલામણો તૈયાર કરવા અંગે સિન્ડિકેટે તેની તા. ૧૫--૪--૧૯૭૨ની સભામાં નીમેલી સમિતિની તા. ૧/૩--૫--૧૯૭૨ની સભાની ભલામણો પર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે ચોથી પંચવર્ષીય યોજના હેઠળ સંલગ્ન કૉલેજોમાં કાર્ય કરતા અનુસ્નાતક કક્ષાના આચાર્યો અને શિક્ષકોને અનુક્રમે રૂ. ૮૦૦—૫૦—૧,૨૫૦ અને રૂ. ૭૦૦—૪૦-૧,૧૦૦ના પગારધોરણ આપવા અંગેની જે યાદીઓ, સદરહુ સમિતિએ તૈયાર કરી છે તેમાં નીચેની નોંધમાં જણાવેલ ક્રમને આધીન જરૂરી ફેરફારો કરીને તે કામચલાઉ (provisionally) ગ્રાહ્ય ગણવી અને સંલગ્ન કૉલેજોને તેમના આચાર્યો અને શિક્ષકોની જાણ અને સૂચનો હોય તો તે માટે પરિપત્રિત કરવી અને તે પછી જે સૂચનો આવે તે સૂચનો સાથે એ યાદીઓ આ સભાગૃહ સમક્ષ ફરીથી રજૂ કરવાનું રાખવું.

[**નોંધ.**—અનુસ્નાતક આચાર્યો અને શિક્ષકોની બાબતમાં પ્રથમ ક્રમ માન્ય અનુસ્નાતક શિક્ષકો (Ph.D. માટેના માર્ગદર્શકો સહિત) ને અને તે પછીનો ક્રમ માન્ય અનુસ્નાતક શિક્ષકોના મદદનીશોને આપવો.]

૯૭. બાંધકામ સમિતિની તા. ૧૭--૪--૧૯૭૨ની સભાની ભલામણો પર વિચારણા કરવા બાબત :

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ સમિતિની તા. ૧૭-૪--૧૯૭૨ની સભાની ભલામણો મંજૂર કરવી.

(મંજૂર કરવામાં આવેલી સદરહુ સમિતિની તા. ૧૭—૪—૧૯૭૨ની સભાની કાર્યવાહીની **નોંધ પરિશિષ્ટ " છ "** તરીકે સામેલ છે.)

૯૮. યુનિવર્સિટી ગ્રંથાલયશાસ્ત્ર ભવનમાં સિન્ડિકેટની તા. ૧૬/૧૨--૪--૧૯૬૯ની સભાના ઠરાવ અન્વયે અનુસ્નાતક અભ્યાસક્રમ શરૂ કરવાના સંદર્ભમાં યુનિવર્સિટી ગ્રંથાલયના બે મદદનીશ ગ્રંથપાલોને દર વર્ષે વારાફરતી બીજી યુનિવર્સિટીમાં ચાલતા માસ્ટર ઑફ લાઈબ્રેરી સાયન્સના કોર્સમાં અભ્યાસ કરવા મોકલવા અંગે ગ્રંથાલયશાસ્ત્ર ભવનના અધ્યક્ષશ્રીના તા. ૧૧—૪--૧૯૭૨ના પત્ર ઉપર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બાબતની વિચારણા મોકૂફ રાખવી.

૯૯. અંગ્રેજીના જુનિયર અને સિનિયર સર્ટિફિકેટ અભ્યાસક્રમના રેગ્યુ. ૨૫૭—એ અને રેગ્યુ. ૨૫૭--બી સુધારવા અને તેને જૂન ૧૯૭૨થી અમલમાં મૂકવાની એકેડેમિક કાઉન્સિલની તા. ૫/૬—૧—૧૯૭૨ની સભાની ભલામણ ઉપર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બાબત અંગે એકેડેમિક કાઉન્સિલની ભલામણ મુજબ રેગ્યુ. ૨૫૭--એ અને રેગ્યુ. ૨૫૭--બી સુધારવા તથા તેને જૂન ૧૯૭૨થી અમલમાં મૂકવા.

(સુધારેલા રેગ્યુ. ૨૫૭--એ અને રેગ્યુ. ૨૫૭--બી ની નકલ **પરિશિષ્ટ " જ "** તરીકે સામેલ છે.)

૧૦૦. ગણિતની અભ્યાસસમિતિની તા. ૨--૩--૧૯૭૨ની સભાની ભલામણો અનુસાર એમ.એ. ભાગ ૧ અને એમ.એસસી. ભાગ ૧ના ગણિતના અભ્યાસક્રમ અંગેના રેગ્યુ. એમ.એ. ૫ તથા રેગ્યુ. એમ.એસસી. ૪ આ સાથે આપેલા પરિશિષ્ટ મુજબ સુધારવા તથા સુધારેલા રેગ્યુલેશનોને જૂન ૧૯૭૩થી અમલમાં મૂકવા અંગેની એકેડેમિક કાઉન્સિલની તા. ૬/૭--૪—૧૯૭૨ની સભાની ભલામણો ઉપર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બાબત અંગે એકેડેમિક કાઉન્સિલની ભલામણ મુજબ રેગ્યુ. એમ.એ. ૫ તથા રેગ્યુ. એમ.એસસી. ૪ સુધારવા તથા તેને જૂન ૧૯૭૩થી અમલમાં મૂકવા.

(સુધારેલા રેગ્યુ. એમ.એ. ૫ તથા રેગ્યુ. એમ.એસસી. ૪ની નકલ **પરિશિષ્ટ "ઝ"** તરીકે સામેલ છે.)

૧૦૧. પ્રાણીવિજ્ઞાનની એડહોક સમિતિની તા. ૧૨--૮--૧૯૭૧ની સભાની ભલામણ અનુસાર બીજા અને ત્રીજા વર્ષ બી.એસસી.ના પ્રાણીવિજ્ઞાનના અભ્યાસક્રમને લગતા રેગ્યુલેશન સાયન્સ ૮ અને ૧૫ આ સાથે આપેલા પરિશિષ્ટ મુજબ સુધારવા તથા સુધારેલા રેગ્યુલેશન સાયન્સ ૮ને જૂન ૧૯૭૩થી અને સુધારેલા રેગ્યુલેશન સાયન્સ ૧૫ને જૂન ૧૯૭૪થી અમલમાં મૂકવાની એકેડેમિક કાઉન્સિલની તા. ૬/૭--૪--૧૯૭૨ની સભાની ભલામણ ઉપર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બાબત અંગે એકેડેમિક કાઉન્સિલની ભલામણ મુજબ રેગ્યુ. સાયન્સ ૮ અને રેગ્યુ. સાયન્સ ૧૧ સુધારવા તથા રેગ્યુ. સાયન્સ ૮ને જૂન ૧૯૭૩થી અને રેગ્યુ. સાયન્સ ૧૫ને જૂન ૧૯૭૪થી અમલમાં મૂકવા.

(સુધારેલા રેગ્યુ. સાયન્સ ૮ અને રેગ્યુ. સાયન્સ ૧૫ની નકલ **પરિશિષ્ટ "ટ"** તરીકે સામેલ છે.)

૧૦૨. બિનસરકારી કૉલેજોમાં નિમાતા શિક્ષકોમાં શિડ્યુલ્ડ કાસ્ટ અને શિડ્યુલ્ડ ટ્રાઈબ્સના ઉમેદવારોને નિમણૂકો આપવા માટે ટકાવારી નક્કી કરવા અંગે અભિપ્રાય આપવાનું ભલામણ કરતા રાજ્ય સરકારના શિક્ષણ અને મજૂર વિભાગના તા. ૨૧--૪--૧૯૭૨ના પત્રાંક એમ.આઈ.એસ. ૧૦૭૧/૨૩૮૪૬--ખ ઉપર વિચારણા કરવા બાબત.

સદરહુ બાબતની વિચારણા મોકૂફ રાખવામાં આવી હતી.

૧૦૩. ધી સોસાયટી ઑફ હાયર એજ્યુકેશન ઈન્સ્ટિટ્યૂશન્સ, અમદાવાદના પ્રમુખશ્રીએ તેમના તા. ૧૪--૩--૧૯૭૨ના પત્રાંક ૪૭, ૪૧, ૭૧, ૭૨થી સદરહુ સોસાયટીની તા. ૧૩--૩--૧૯૭૨ની સામાન્ય સભામાં પસાર થયેલો નીચેનો ઠરાવ યુનિવર્સિટીને મોકલ્યો હોઈ તે અંગે વિચારણા કરવા બાબત:

"Resolved that this meeting of the members of the Society of Higher Educational Institutions, views with great concern the policy of the Gujarat University to levy fresh financial burdens on the institutions from time and again without hearing the managements of the colleges (which are public trusts) and without showing the ways to meet such burdens. Under the circumstances the managements of the colleges, while desirous of complying with University recommendations feel that it is not possible for them to implement such recommendations of the Gujarat University unless and until the University either contribute towards fresh imposts or allow the institutions to raise tuition fees."

સદરહુ બાબતની વિચારણા મોકૂફ રાખવામાં આવી હતી.

૧૦૪. સેનેટની તા. ૨૪/૨૫/૨૬ માર્ચ ૧૯૭૨ની વાર્ષિક સભામાં થયેલાં સૂચનો પરત્વે વિચારણા કરવા બાબત.

સદરહુ બાબતની વિચારણા મોકૂફ રાખવામાં આવી હતી.

૧૦૫. યુવરાજ સુભગસિંહજી આર્ટ્સ ઍન્ડ શ્રી. કે. એસ. શાહ કૉમર્સ કૉલેજ, દેવગઢબારિયામાં હાલ સત્ર ફી રૂ. ૧૧૦ લેવાય છે તેને બદલે તા. ૧૫--૬--૧૯૭૨થી રૂ. ૧૭૫ લેવા માટે મંજૂરી આપવાની સદરહુ કૉલેજના આચાર્યશ્રીની વિનંતી પર વિચારણા કરવા બાબત.

સદરહુ બાબત પર કેટલીક ચર્ચા-વિચારણા પછી ઠરાવવામાં આવ્યું કે આ યુનિવર્સિટી સાથે જોડાયેલી કૉલેજોમાં વિદ્યાર્થીઓની ટ્યૂશન ફીનાં ધોરણો અંગે સમગ્ર રીતે વિચારણા કરીને પોતાનો સુચિંતિત અહેવાલ રજૂ કરવા માટે નીચે જણાવેલા સભ્યોની સમિતિ રચવી :

(૧) શ્રી. રણજિતરાય ગં. શાસ્ત્રી

(૨) આચાર્ય એમ. સી. શાહ

(૩) ડૉ. એલ. ડી. દવે

(૪) ડૉ. એમ. એન. દેસાઈ

(૫) શ્રી. ઇંદ્રવદન આં. મોદી

(૬) આચાર્ય ગિરીશભાઈ પટેલ

(૭) પ્રો. મહેશભાઈ ભટ્ટ.

૧૦૬. જુલાઈ ૧૭થી ૧૯, ૧૯૭૨ના સમય દરમિયાન Indian Meteorological Department, Indian Institute of Tropical અને Indian Meteorological Societyના સંયુક્ત ઉપક્રમે પૂના મુકામે Numerical Weather Prediction પર યોજનાર પરિસંવાદમાં યુનિવર્સિટીના પ્રતિનિધિ મોકલવા અંગે વિચારણા કરવા બાબત.

સદરહુ બાબતની વિચારણા મોકૂફ રાખવામાં આવી હતી.

૧૦૭. ઇજનેરી વિદ્યાશાખાએ તેની તા. ૪--૧૨--૧૯૭૧ની સભામાં એન્જિનિયરિંગની પરીક્ષાઓમાં વર્ગ આપવાની જોગવાઈ અંગે તથા ક્રેડિટ સિસ્ટમ આપી શકાય કે કેમ તેની વિચારણા કરવા અંગે નીમેલી સમિતિની તા. ૪--૫--૧૯૭૨ની સભાની નીચેની ભલામણ ઉપર વિચારણા કરવા બાબત :

"……The Committee therefore, recommends to the Syndicate that the Dean of the Faculty of Technology including Engineering and the Convener for the Committee Prof. K. J. Bhatt be permitted to visit Birla Institute of Technology and Science, Pilani to study the working of the system and to report."

સદરહુ બાબતની વિચારણા મોકૂફ રાખવામાં આવી હતી.

૧૦૮. એકેડેમિક કાઉન્સિલની તા. ૬/૭--૪--૧૯૭૨ની સભાની નીચેની ભલામણો ઉપર વિચારણા કરવા બાબત :

"આથી સિન્ડિકેટને ભલામણ કરવામાં આવે છે કે—

(૧) અમદાવાદ શહેર વિસ્તાર કે ગ્રામ વિસ્તારમાં નોકરી કરતા વિદ્યાર્થીઓ માટે યુનિવર્સિટીના નિયમોનું સંપૂર્ણ પાલન થાય તે રીતે યુનિવર્સિટીએ પોતે જ જરૂરિયાત પ્રમાણે સવારની કૉલેજો ચલાવવી અને

તે માટે જરૂર પડે તો તે પ્રમાણમાં કૉલેજોના શિક્ષકોની સેવાઓ ઉછીની (લોન સર્વિસ) લેવાનું રાખવું.

(૨) સવારની કૉલેજોમાં પ્રવેશ મેળવવા માટે નોકરી કરતા વિદ્યાર્થીઓ પાસેથી તેઓ નોકરી કરે છે તે અંગેનું પ્રમાણપત્ર મેળવવું અને તે પ્રમાણપત્ર બરાબર છે કે કેમ તેની પૂરતી ચોકસાઈ કરવી.

(૩) સવારની કૉલેજોનો સમય દરરોજ સવારે ૭--૩૦થી ૯--૪૫ સુધીનો રાખવો અને તે ઉપરાંત અઠવાડિયામાં ત્રણ દિવસ એટલે કે ગુરુવાર, શુક્રવાર અને શનિવારના દિવસોએ સાંજના પાળી વર્ગો લેવા અને તે માટેનો સમય ગુરુવારે અને શુક્રવારે ૬--૩૦થી ૮--૦૦ અને શનિવારના રોજ ૬--૩૦થી ૮--૪૫ રાખવો.

(૪) સવારની કૉલેજોના વિદ્યાર્થીઓની હાજરી અંગે પૂરતી ચોકસાઈ કરવી.

(૫) સવારની કૉલેજોનું સંચાલન યુનિવર્સિટીનાં ધારાધોરણ પ્રમાણે થાય તેનું ધ્યાન રાખવા માટે યુનિવર્સિટીએ દેખભાળ સમિતિ રચવી.

(૬) બપોરની કૉલેજમાં જોડાયેલ કોઈ વિદ્યાર્થીને વર્ષના મધ્યમાં નોકરી મળે તો તેને સવારની કૉલેજમાં સમાવી શકાય તે માટે જોગવાઈ કરવી, અને

(૭) સવારની કૉલેજો બંધ કરવાને કારણે જે સાંજની કૉલેજોને માટે નવાં મકાનો બાંધવા કે હાલનાં મકાનો વિસ્તારવાનો પ્રશ્ન આવે તેને માટે આર્થિક સહાય મળે તે માટે યુનિવર્સિટી તરફથી યુનિવર્સિટી ગ્રાન્ટ્સ કમિશનને ભલામણ કરવી.

સદરહુ બાબતની વિચારણા મોકૂફ રાખવામાં આવી હતી.

૧૦૯. આંકડાશાસ્ત્રનાં અભ્યાસસમિતિની તા. ૮--૩--૧૯૭૨ની સભાની નીચેની ભલામણ પર ઍકૅડેમિક કાઉન્સિલે તેની તા. ૬/૭--૪--૧૯૭૨ની સભામાં કરેલ ભલામણ પર વિચારણા કરવા બાબત :

આંકડાશાસ્ત્રની અભ્યાસસમિતિની ભલામણ

"વિનયન અને વિજ્ઞાન વિદ્યાશાખામાં આંકડાશાસ્ત્ર વિષયનો અભ્યાસક્રમ એકસરખો હોઈ એક જ સંસ્થા હેઠળની વિનયન અને વિજ્ઞાનનો અભ્યાસક્રમ શીખવતી કૉલેજોને આંકડાશાસ્ત્ર વિષયના વર્ગો તથા પ્રૅક્ટિકલ એકસાથે લેવા પરવાનગી આપવા આ અભ્યાસસમિતિ ભલામણ કરે છે."

ઍકૅડેમિક કાઉન્સિલની ભલામણ

"આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ અભ્યાસસમિતિની ઉપરની ભલામણ અપવાદ તરીકે, ભવિષ્યમાં તેને પ્રથા (precedent) તરીકે ન ગણવી તે સ્પષ્ટતા સાથે, મંજૂર કરવા સિન્ડિકેટને ભલામણ કરવી."

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બાબત અંગે ઍકૅડેમિક કાઉન્સિલની ઉપરની ભલામણ મંજૂર કરવી

૧૧૦. મુલાકાતી પ્રાધ્યાપકની પ્રથા અંગે શ્રી. પી. સી. શાહના નીચેના પ્રસ્તાવ પર વિચારણા કરવા બાબત :

"પૂરતી લાયકાત ધરાવતા શિક્ષકો હવે બધી વિદ્યાશાખાઓમાં મળી રહે છે તે લક્ષમાં લઈ આ વિઝિટિંગ પ્રોફેસર્સની પ્રથા બંધ કરવા અને તેનો અમલ જૂન ૧૯૭૨થી થાય તે રીતની કાર્યવાહી કરવા આ સભા ઠરાવે છે."

આથી ઠરાવવામાં આવે છે કે વિનયન, વિજ્ઞાન અને વાણિજ્યની વિદ્યાશાખાઓમાં સેકન્ડ ઇયર કક્ષાએ મુલાકાતી પ્રાધ્યાપક (Visiting Professor)ની જે જોગવાઈ ઑર્ડિ. ૧૨૦--એ હેઠળ કરવામાં આવેલી છે તે સિવાય મુલાકાતી પ્રાધ્યાપકની અન્ય કોઈ વ્યવસ્થા કોઈ પણ કૉલેજમાં રાખવા માટે પરવાનગી આપવી નહીં.

નીચેની બાબતો કુલપતિશ્રીની પરવાનગીથી સભાગૃહ સમક્ષ રજૂ કરવામાં આવી.

૧૧૧. મૅનેજમેન્ટના અભ્યાસક્રમો અંગે સમાજવિદ્યા ભવન તરફથી આવેલા તા. ૧--૫-૧૯૭૨ના પ્રસ્તાવ પર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ અભ્યાસક્રમોમાં શા સુધારાવધારા કરવાની જરૂર છે તે સૂચવવા માટે તથા તે અભ્યાસક્રમમાં પ્રવેશ અંગેનાં ધોરણો સૂચવવા માટે તથા અભ્યાસક્રમના શિક્ષણની વ્યવસ્થા અંગે વિગતવાર યોજના તૈયાર કરવા માટે નીચે જણાવેલા સભ્યોની સમિતિ રચવી :

(૧) પ્રો. ડી. એન. પાઠક (આવાહક)

(૨) પ્રો. એચ. એન. પાઠક

(૩) પ્રો. બી. જી. શાહ

(૪) આચાર્ય જે. સી. ત્રિવેદી

(૫) ડૉ. પરેશ મજમુદાર

(૬) શ્રી. હર્ષવદન મંગળદાસ

(૭) શ્રી. અનેજા સી.

(૮) શ્રી. એસ. આર. ભાસ્તીકર

(૯) ડૉ. યોગેન્દ્ર અલઘ

(૧૦) શ્રી. પ્રફુલ્લભાઈ અનુભાઈ

(૧૧) શ્રી. નરહરિ પરીખ

(૧૨) પ્રો. એમ. પી. ભટ્ટ

(૧૩) પ્રો. ડી. ડી. ત્રિવેદી.

૧૧૨. બી. ડી. સાયન્સ કૉલેજમાં જૂન ૧૯૭૨થી વિદ્યાર્થીઓને પ્રવેશ આપવાના સંદર્ભમાં સદરહુ કૉલેજના મકાનની ક્ષમતા તપાસવા અંગે વિચારણા કરવા બાબત.

આથી ફરાવવામાં આવે છે કે સદરહુ કૉલેજના સૂચિત ચાલુ જોડાણના સંદર્ભમાં તે કૉલેજના મકાનની ક્ષમતા જોઈતપાસીને પોતાનો અહેવાલ રજૂ કરવા માટે નીચે જણાવેલા સભ્યોની સ્થાનિક તપાસસમિતિ નીમવી :

(૧) શ્રી. ઇંદ્રવદન અં. મોદી

(૨) ડૉ. એમ. એન. દેસાઈ

(૩) આચાર્ય વી. એ. વ્યાસ.

તે પછી સભાગૃહનું કામકાજ પૂરું થયું હતું.

નં. સિ./૭૩૧૫/૧૯૭૨.

ગુજરાત યુનિવર્સિટી કાર્યાલય,
અમદાવાદ–૯.
૨૭ મે, ૧૯૭૨.

કં. ચં. પરીખ
કુલસચિવ.

પરિશિષ્ટ " ક "

કામકાજ ક્રમાંક ૧૧

સિન્ડિકેટની બનેલી વરણીસમિતિની એક સભા સમાજવિદ્યા ભવનમાં લેક્ચરર ઇન ઇકોનોમિક્સની તા. ૧૫--૬--૧૯૭૨થી ખાલી પડનાર એક જગ્યા માટે તથા મનોવિજ્ઞાન વિદ્યાભવનમાં લેક્ચરર ઇન એજ્યુકેશનની બે જગ્યાઓ માટે ઉમેદવારોની મુલાકાત લેવા માટે, બુધવાર, તા. ૧૯--૪--૧૯૭૨ના રોજ ૧૨--૩૦ વાગે તથા ૩--૦૦ વાગે અને વિજ્ઞાન વિદ્યાભવનમાં લેક્ચરર ઇન બોટાનીની એક જગ્યા માટે ઉમેદવારોની મુલાકાત લેવા માટે ગુરુવાર, તા. ૨૦--૪--૧૯૭૨ના રોજ સવારે ૧૧--૦૦ વાગે મળી હતી જેમાં પ્રમુખસ્થાન કુલપતિશ્રી ઉમાશંકર જે. જોશીએ સંભાળ્યું હતું. સભામાં હાજરી નીચે પ્રમાણે હતી :

	તા. ૧૯–૪–૧૯૭૨	તા. ૨૦–૪–૧૯૭૨
૧. શ્રી. ઉમાશંકર જે. જોશી (કુલપતિશ્રી)	હાજર	હાજર
૨. ડિરેક્ટર ઑફ એજ્યુકેશન	ગેરહાજર	ગેરહાજર
૩. આચાર્યશ્રી સી. એસ. શાહ	ગેરહાજર	ગેરહાજર
૪. શ્રી. ઝીણાભાઈ આર. દેસાઈ	ગેરહાજર	ગેરહાજર
૫. શ્રી. રણજિતરાય ગં. શાસ્ત્રી	ગેરહાજર	ગેરહાજર
૬. ડૉ. જયંત બી. હરિભક્તિ	ગેરહાજર	ગેરહાજર
૭. શ્રી. ઇન્દ્રવદન એ. મોદી	ગેરહાજર	ગેરહાજર
૮. શ્રી. બટુભાઈ એચ. દેસાઈ	ગેરહાજર	ગેરહાજર
૯. શ્રી. સત્યેન્દ્ર કાળિદાસ ઝવેરી	હાજર	ગેરહાજર
૧૦. શ્રી. હીરાલાલ એચ. ભગવતી	ગેરહાજર	હાજર
૧૧. શ્રી. પ્રફુલ્લચંદ્ર સી. શાહ	હાજર	ગેરહાજર
૧૨. ડૉ. એમ. એન. દેસાઈ	હાજર	હાજર
૧૩. શ્રી. કે. એસ. શાસ્ત્રી	હાજર	હાજર
૧૪. પ્રો. કે. આર. ચંદ્રશેખરન	ગેરહાજર	ગેરહાજર
૧૫. આચાર્યશ્રી ડૉ. ધીરુભાઈ પી. ઠાકર	હાજર	હાજર
૧૬. આચાર્ય ડૉ. એલ. ડી. દવે	ગેરહાજર	હાજર
૧૭. આચાર્ય ગિરીશભાઈ સી. પટેલ	હાજર	હાજર
૧૮. આચાર્ય એમ. સી. શાહ	હાજર	ગેરહાજર.

નિષ્ણાત તરીકે સમાજવિદ્યા ભવનના અધ્યક્ષશ્રી પ્રો. ડી. એન. પાઠક તથા અર્થશાસ્ત્રના પ્રાધ્યાપક અને અર્થશાસ્ત્ર વિભાગના કાર્યકારી વડા શ્રી. એમ. પી. ભટ્ટને બોલાવ્યા હતા. પ્રો. ડી. એન. પાઠક બહારગામ ગયા હોવાથી હાજર રહ્યા ન હતા. શ્રી. એમ. પી. ભટ્ટ હાજર રહ્યા હતા.

(૧) લેક્ચરર ઇન ઇકોનોમિક્સ (એક જગ્યા)

લેક્ચરર ઇન ઇકોનોમિક્સની જગ્યા માટે નીચેના ઉમેદવારોને મુલાકાતે બોલાવ્યા હતા :

૧. શ્રી. કે. જી. દવે	ગેરહાજર
૨. ડૉ. એ. કેહુડર	હાજર
૩. શ્રી. એમ. એલ. ઝાલા	હાજર
૪. કુ. સરોજિની સી. મહેતા	હાજર
૫. શ્રી. એ. યુ. પટેલ	હાજર
૬. શ્રી. જે. જી. પટેલ	હાજર
૭. શ્રી. એ. એસ. સંઘવી	હાજર
૮. શ્રી. સી. એચ. ઠાકર	હાજર

હાજર રહેલા ઉમેદવારોની મુલાકાત લીધા પછી સમિતિએ નીચે પ્રમાણે ઠરાવ્યું :

"લેક્ચરર ઇન ઇકોનોમિક્સની જગ્યા પર શ્રી. ચન્દ્રકાન્ત એચ. ઠાકરની રૂ. ૪૦૦–૪૦–૮૦૦–૫૦–૯૫૦ના પગારધોરણમાં બે વર્ષના અજમાયશી ધોરણે નીમવા માટે સિન્ડિકેટને ભલામણ કરવી."

(૨) લેક્ચરર ઇન એજ્યુકેશન (બે જગ્યા)

લેક્ચરર ઇન એજ્યુકેશનની જગ્યા માટે નીચેના ઉમેદવારોને મુલાકાતે બોલાવવામાં આવ્યા હતા :

૧. કુ. શકુન્તલા બાંગા	હાજર
૨. ડૉ. મિસ મહેન્દ્રકા સી. ભટ્ટ	ગેરહાજર
૩. ડૉ. એમ. બી. કણિક	હાજર
૪. ડૉ. આર. પી. પટેલ	હાજર
૫. ડૉ. જે. એચ. શાહ	હાજર
૬. શ્રી. કે. એસ. ઠાકર	હાજર
૭. શ્રી. બી. એસ. ઠાકુર	ગેરહાજર
૮. શ્રી. આઈ. યુ. ત્રિવેદી	હાજર
૯. શ્રી. પી. એ. ત્રિવેદી	હાજર

નિષ્ણાત તરીકે મનોવિજ્ઞાન વિદ્યાભવનના અધ્યક્ષશ્રી ડૉ. કે. જી. દેસાઈ હાજર રહ્યા હતા.

હાજર રહેલા ઉમેદવારોને મુલાકાત લીધા પછી સમિતિએ નીચે પ્રમાણે ઠરાવ્યું :

"લેક્ચરર ઇન એજ્યુકેશનની બે જગ્યા માટે નીચેના ઉમેદવારોને ક્રમાનુવર્તી રૂ. ૪૦૦–૪૦–૮૦૦–૫૦–૯૫૦ના પગારધોરણમાં બે વર્ષના અજમાયશી સમય ઉપર નીમવા માટે સિન્ડિકેટને ભલામણ કરવી.

૧. ડૉ. જે. એચ. શાહ
૨. શ્રી. પી. એ. ત્રિવેદી
૩. ડૉ. એમ. બી. કણિક
૪. શ્રીમતી શકુન્તલા બાંગા
૫. શ્રી. કે. એસ. ઠાકર

(૩) લેક્ચરર ઇન બોટેની (એક જગ્યા)

સાથે સાથે આ યુનિવર્સિટીના નિર્ણયોથી કૉલેજોનું આર્થિક સ્વાસ્થ્ય પણ કથળ્યું છે તે હકીકત છે. હવે વધુ કૉલેજોની સ્થિતિ ગિરધરનગર કૉલેજ જેવી ન થાય અને વધુ શિક્ષકો બેકાર ન બને તે હેતુથી આ યુનિવર્સિટી સ્વીકારે છે કે કૉલેજોની આર્થિક સ્થિતિ જળવાઈ રહે તે જોવાની પોતાની નૈતિક ફરજ છે. તેથી સરકારી ગ્રાન્ટ વગેરે મળી ગયા બાદ જે ખોટ કોઈ કૉલેજને રહે તેના ૫૦ ટકા યુનિવર્સિટી ગ્રાન્ટ તરીકે આપશે. વળી શિક્ષકસમાજથી ચાલતી કૉલેજોની પૂરી ખોટ (૧૦૦ ટકા) ગુજરાત યુનિવર્સિટી ભરપાઈ કરવા ઠરાવે છે."

૫૯. આચાર્યશ્રી એલ. ડી. દવે તરફથી આવેલ નીચેના પ્રસ્તાવ ઉપર વિચારણા કરવા બાબત :

"ગુજરાત યુનિવર્સિટીને સંલગ્ન કૉલેજોના શિક્ષકોને પેન્શન મળવું જોઈએ."

સદરહુ બાબતોની વિચારણા મોકૂફ રાખવામાં આવી હતી.

૬૦. આચાર્યશ્રી ગિરીશભાઈ પટેલ તરફથી આવેલ નીચેના પ્રસ્તાવ પર વિચારણા કરવા બાબત :

"ગુજરાત યુનિવર્સિટીની લાઇબ્રેરી અંગે ઠેરઠેરથી પુષ્કળ ફરિયાદો આવે છે અને તેમાં પુસ્તકોની પસંદગી અંગે વ્યાપક અસંતોષ પ્રવર્તે છે તેથી લાઇબ્રેરીની પુસ્તક-પસંદગી, ખરીદી અને કાર્યસંચાલનની સર્વાંગી તપાસ કરવા તાત્કાલિક કમિટી નીમવામાં આવે."

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ પ્રસ્તાવ ગ્રન્થાલય સમિતિની વિચારણા માટે મોકલવો.

બાબત નં. ૬૧ થી ૭૩

૬૧. આચાર્યશ્રી ગિરીશભાઈ પટેલ તરફથી આવેલ નીચેના પ્રસ્તાવ ઉપર વિચારણા કરવા બાબત :

"ફાઇનાન્સ કમિટીની જુદી જુદી ખરીદી કરવા અંગેની પ્રક્રિયા વગેરેમાં કાર્યક્ષમતા, ઝડપ વગેરે સિદ્ધ થાય તે માટે ફેરફાર થવો જરૂરી છે."

૬૨. આચાર્યશ્રી ગિરીશભાઈ પટેલ તરફથી આવેલ નીચેના પ્રસ્તાવ ઉપર વિચારણા કરવા બાબત :

"યુનિવર્સિટીનાં ધારાધોરણો તેમ જ આદેશોનો અનાદર કરનાર સંસ્થાઓ સામે યોગ્ય પગલાં લેવાની હાલના એક્ટમાં પૂરતી જોગવાઈ છે. માત્ર તેને સ્પષ્ટ કરવાની જરૂર છે, તો કયાં પગલાં લઈ શકાય તેની વિચારણા કરવામાં આવે. તેવી જ રીતે કૉલેજોના આચાર્યો ખોટી માહિતી પૂરી પાડે તો તેમની સામે વ્યક્તિગત ધોરણે પણ પગલાં લેવાં જરૂરી છે.

નીચેનાં પગલાં સૂચવી શકાય :

(૧) કૉલેજો અને આચાર્યની સામે તેમનાં કાર્યોની વર્તમાનપત્ર દ્વારા પ્રસિદ્ધિ
(૨) આચાર્યની માન્યતા રદ કરવી
(૩) કૉલેજને પરીક્ષા કેંદ્ર ન આપવું
(૪) યુ.જી.સી. તરફથી મળતી ગ્રાન્ટ રોકવા યુ.જી.સી.ને ભલામણ
(૫) ગવર્નમેન્ટ તરફથી કૉલેજોને મળતી ગ્રાન્ટ રોકવા અથવા ન આપવા ભલામણ

(૬) પોસ્ટ-ગ્રેજ્યુએટ સેન્ટર કૉલેજમાંથી બંધ કરવું
(૭) યૂથ વેલ્ફેરમાં ભાગ લેતા રોકવા
(૮) યુનિવર્સિટી સ્પોર્ટ્સમાં ભાગ લેતા રોકવા
(૯) કૉન્ફરન્સ કે કમિટીમાં સભ્ય તરીકે ગેરલાયકાત
(૧૦) એન.એસ.એસ. સ્કીમ બંધ કરી દેવી
(૧૧) યુનિવર્સિટી તરફથી મળતી બીજી સવલતો બંધ કરી શકાય."

૬૩. આચાર્યશ્રી ગિરીશભાઈ પટેલ તરફથી આવેલ નીચેના પ્રસ્તાવ પર વિચારણા કરવા બાબત :

"આર્ટ્સ, કૉમર્સ, લૉ વગેરે ફેકલ્ટીમાં ભણતા વિદ્યાર્થીઓ પૂરા સમયના વિદ્યાર્થીઓ તરીકે કામ કરે તેવા અભ્યાસક્રમો અને અભ્યાસ-પ્રવૃત્તિઓ યોજાય તે અત્યંત આવશ્યક છે. તે માટે સિન્ડિકેટે યોગ્ય પગલાં લેવાં."

૬૪. આચાર્યશ્રી ગિરીશભાઈ પટેલ તરફથી આવેલ નીચેના પ્રસ્તાવ ઉપર વિચારણા કરવા બાબત :

"યુનિવર્સિટીએ નક્કી કરેલા અભ્યાસક્રમો અને વિષયો ઉપરાંત દરેક કૉલેજને જુદા જુદા અભ્યાસ-ક્રમમાં એક વધારાનો વિષય ઉમેરવાની છૂટ આપવી જોઈએ. આ વિષય ફરજિયાત હોય અને તેની પરીક્ષા તે કૉલેજ તેમ જ યુનિવર્સિટીએ સંયુક્ત રીતે લેવી. આ પ્રસ્તાવ પાછળનો આશય એ છે કે કૉલેજોને નવા નવા અભ્યાસક્રમો કે વિષયો ઊભા કરવાની પ્રેરણા માટે છૂટ મળે."

૬૫. આચાર્યશ્રી ગિરીશભાઈ પટેલ તરફથી આવેલ નીચેના પ્રસ્તાવ ઉપર વિચારણા કરવા બાબત :

"જુદા જુદા તબક્કે અને જુદા જુદા અભ્યાસક્રમોમાં વિદ્યાર્થીઓ માટે આવશ્યક ગણાતા બધા જ વિષયો માટે વિદ્યાર્થીઓને તેમ જ શિક્ષકોને સંપૂર્ણ માર્ગદર્શન મળી રહે તે માટે નાની પુસ્તિકાઓ આવતા ત્રણ માસમાં તૈયાર કરવા બધા જ બોર્ડ્ઝને ફરજ પાડવી જોઈએ.

આ પુસ્તિકામાં નીચેની બાબતોનો સમાવેશ થવો જોઈએ :

૧. આ તબક્કે વિષય ભણાવવાના ચોક્કસ ઉદ્દેશો. આ સામાન્ય ઉદ્દેશો ન હોવા જોઈએ.
૨. કયા કયા વિષયો ભણવાના ?
૩. તેના ઉપર વિગતવાર પુસ્તકો અને લેખોની યાદી
૪. તેના ઉપર વિવિધલક્ષી નમૂનારૂપ પ્રશ્નો."

૬૬. આચાર્યશ્રી ગિરીશભાઈ પટેલ તરફથી આવેલ નીચેના પ્રસ્તાવ ઉપર વિચારણા કરવા બાબત :

"દરેક કૉલેજમાં બધા જ પ્રાધ્યાપકો અને રસ ધરાવતા વિદ્યાર્થીઓનું બનેલું અભ્યાસકેન્દ્ર રાખવું આવશ્યક ગણવું જોઈએ. આ અભ્યાસકેન્દ્રમાં તેના સભ્યો મહિનામાં એક વાર મળે અને વિષયોની ચર્ચા તેમ જ પુસ્તક-પરિચય વગેરે પ્રવૃત્તિ કરવામાં આવે અને તેનો વાર્ષિક અહેવાલ યુનિવર્સિટીમાં મોકલી આપવામાં આવે."

૬૭. આચાર્યશ્રી ગિરીશભાઈ પટેલ તરફથી આવેલા નીચેના પ્રસ્તાવ ઉપર વિચારણા કરવા બાબત :

"એફિલિયેટિંગ યુનિવર્સિટીમાં શૈક્ષણિક સમુદાય (Academic Community) ઊભું કરવું અત્યંત આવશ્યક છે અને એટલા માટે વર્ષે એક વાર દરેક વિષયવાર તે વિષયના બધા શિક્ષકો અમદાવાદ કે બહાર મળે અને પ્રશ્નોની ચર્ચા કરે તેવી યોજના ઊભી કરવી જોઈએ."

૬૮. આચાર્યશ્રી ગિરીશભાઈ પટેલ તરફથી આવેલા નીચેના પ્રસ્તાવ ઉપર વિચારણા કરવા બાબત :

"વર્ગમાં માત્ર નોટ ઉતરાવવાની પ્રથા શિક્ષણના ઉચ્ચ હેતુઓને નુકસાન પહોંચાડનારી છે અને તેથી આવી પ્રથા તાત્કાલિક બંધ થવી જોઈએ."

૬૯. આચાર્યશ્રી ગિરીશભાઈ પટેલ તરફથી આવેલ નીચેના પ્રસ્તાવ ઉપર વિચારણા કરવા બાબત :

"કૉલેજોમાં આપવામાં આવતી વૅકેશનની રજાઓ આનંદ કરવા માટે છે, પરંતુ વિવિધ અભ્યાસ કરવા માટે છે તો દરેક વિષયનો થોડો ભાગ એવો રાખવો જોઈએ કે જેની તૈયારી વૅકેશન દરમિયાન થાય અને કૉલેજ ઊઘડતાં તેની પરીક્ષા લેવી જરૂરી ગણાવી જોઈએ."

૭૦. આચાર્યશ્રી ગિરીશભાઈ પટેલ તરફથી આવેલ નીચેના પ્રસ્તાવ ઉપર વિચારણા કરવા બાબત :

"કોઈ પણ કૉલેજ કોઈ વર્ગમાં વિશિષ્ટ પ્રયોગ કે સિદ્ધિ પ્રાપ્ત કરી લોય તો તેની યોગ્ય કદર કરવા તેમ જ બીજી કૉલેજોને તેમાંથી પ્રેરણા મળે તેવી રીતે કોઈ વ્યવસ્થા ઊભી કરવી જરૂરી છે."

૭૧. સેનેટની તા. ૨૪/૨૧/૨૬--૩--૧૯૭૨ની સભામાં અંદાજપત્ર પરત્વે નીચેનો પ્રસ્તાવ મંજૂર થયેલ લોઈ સદરહુ ઠરાવ પર આગળ ઘટતાં પગલાં લેવા અંગે વિચારણા કરવા બાબત :

"માર્ચ, ૧૯૭૧ની યુનિવર્સિટી સેનેટની સભાએ સર્વાનુમતે ઠરાવ કરીને સિન્ડિકેટને વિનંતી કર્યા છતાં, યુનિવર્સિટી પ્રેસના કર્મચારીઓનું સાઇકલ ભથ્થું તેમના મૂળ પગારમાં ભેળવવા બાબતમાં યુનિવર્સિટીના અન્ય કર્મચારીઓ કરતાં ભિન્ન (કેવળ નોશનલી) વ્યવહાર દાખવવામાં આવ્યો છે, તેને આ સભા ઉચિત ગણતી નથી. તો યુનિવર્સિટીના અન્ય કર્મચારીઓની બાબતમાં બન્યું છે તેમ યુનિવર્સિટી પ્રેસના કર્મચારીઓનું સાઇકલ ભથ્થું પણ તા. ૧-૭-૧૯૬૮થી ળવીને તેમ જ તેનો વાસ્તવિક (નોશનલી નહિ) અમલ કરીને સેનેટે એકીઅવાજે પસાર કરેલા ઠરાવની ભાવનાને મૂર્ત કરવા અને એ રીતે સેનેટના સર્વાનુમતે ઠરાવનું યથાતથ પરિપાલન કરી ગૌરવ જાળવવા સેનેટની આ સભા સિન્ડિકેટને ફરી વાર વિનંતી અને અનુરોધ કરે છે. આના સંદર્ભમાં યુનિવર્સિટીના અંદાજપત્રના પૃષ્ઠ ૩ ઉપર ખર્ચના મથાળા નં. ૧૬, યુનિવર્સિટી મુદ્રણાલયનો ૧૯૭૧-૭૨નો પુનર્નિર્મિત અંદાજ રૂ. ૪,૮૯,૧૦૦ સુધારીને પ્રતીક તરીકે તેમાં રૂ. ૧,૦૦૦ (એક હજાર) વધુ ખર્ચની જોગવાઈ કરવા સિન્ડિકેટને વિનંતી છે."

૭૨. સેનેટની તા. ૨૪/૨૧/૨૬--૩--૧૯૭૨ની સભામાં અંદાજપત્ર પરત્વે નીચેનો પ્રસ્તાવ મંજૂર થયેલ લોઈ સદરહુ ઠરાવ પર આગળ ઘટતાં પગલાં લેવા અંગે વિચારણા કરવા બાબત :

"યુનિવર્સિટી પ્રેસમાં કરવામાં આવતાં કામોના બિલના દર બજારભાવ કરતાં નીચા લોવાને કારણે પ્રેસનું બજેટ ખાધવાળું બને છે, તેથી પ્રેસનાં કામોનાં બિલો ગુજરાત રાજ્યનાં સરકારી પ્રેસોના ધોરણે બનાવવાની પ્રથા અપનાવીને "નહિ નફો--નહિ નુકસાન"નું ધોરણ આગામી નાણાકીય વર્ષથી એટલે કે

તા. ૧--૪--૧૯૭૨થી રાખવા સેનેટની આ સભા સિન્ડિકેટને વિનંતી કરે છે. આના સંદર્ભમાં સને ૧૯૭૨--૭૩ના અંદાજપત્રના પૃ. ૨ ઉપર મથાળા નં. ૧૧માં મુદ્રણાલયની આવક રૂ. ૪,૦૩,૦૦૦ અંદાજી છે તેમાં પ્રતીક તરીકે રૂ. ૧,૦૦૦ની વધુ આવક બતાવવી એમ સિન્ડિકેટને વિનંતી છે."

૭૩. સેનેટની તા. ૨૪/૨૫/૨૬--૩--૧૯૭૨ની સભામાં અંદાજપત્ર પરત્વે નીચેનો પ્રસ્તાવ મંજૂર થયેલ લોઈ સદરહુ ઠરાવ પર આગળ ઘટતાં પગલાં લેવા અંગે વિચારણા કરવા બાબત :

"યુનિવર્સિટી પ્રેસની સ્થાપના થયાને વર્ષો થયા છતાં યુનિવર્સિટી પ્રેસના કર્મચારીઓનાં રહેઠાણો માટે યુનિવર્સિટી તરફથી હજી સુધી કોઈ જોગવાઈ થઈ નથી તેની નોંધ લઈને તેમ જ પ્રેસ--કર્મચારીઓ માટે રહેઠાણોની વ્યવસ્થા કરવાની બાબતનો યુનિવર્સિટીએ આ અગાઉ સૈદ્ધાંતિક સ્વીકાર કર્યો છે તેને ધ્યાનમાં લઈને, યુનિવર્સિટીની સેનેટની આ સભા યુનિવર્સિટીના સને ૧૯૭૨--૭૩ના અંદાજપત્રના પૃષ્ઠ ૨૩ ઉપર મથાળા નં. ૨૩ અને ૨૪ (કર્મચારીવર્ગનાં મકાનો--"સી" અને "ટી" ટાઇપ)માં કુલ રૂ. ૧,૦૦,૦૦૦ (એક લાખ)ની સૂચિત જોગવાઈ છે તેમાંથી રૂ. ૨૫,૦૦૦ અલગ ફાળવીને અને વધારાના રૂ. ૨૫,૦૦૦ ઉમેરીને એમ કુલ રૂ. ૫૦,૦૦૦ની રકમ યુનિવર્સિટી પ્રેસના કર્મચારીઓનાં રહેઠાણો માટે વાપરવાની જોગવાઈ કરવા સિન્ડિકેટને વિનંતી કરે છે."

સદરહુ બાબતોની વિચારણા મોકૂફ રાખવામાં આવી હતી.

૭૪. તા. ૨૯/૩૦--૯--૧૯૭૧ તથા તા. ૮--૧--૧૯૭૨ના રોજ મળેલ સેનેટની વિશેષ સભામાં મંજૂર થયેલ નીચેના ઠરાવ પર આગળ ઘટતાં પગલાં લેવા અંગે વિચારણા કરવા બાબત :

"આથી ઠરાવવામાં આવે છે કે યુનિવર્સિટી શિક્ષણ વિદ્યાર્થીઓમાં આત્મવિશ્વાસ પ્રેરી શકે, તેમની કાર્યક્ષમતા વધારી શકે અને બેકારીમાંથી એમને ઉગારી શકે એ માટે કોઠારી શિક્ષણપંચે એક્સપિરિયન્સનું તત્ત્વ દાખલ કરવાની જે ભલામણ કરી છે એનો અમલ થાય એ માટે ચાલુ અભ્યાસક્રમોમાં કયા કયા તબક્કે શા શા ફેરફારો કરવા ઘટે અગર તો કૉલેજના સમયની અંદર કે બહાર બીજા કયા કયા કાર્યક્રમો યોજવા ઘટે તે અંગે વ્યવહારુ વિગતો સાથે ચોક્કસ કાર્યક્રમ તૈયાર કરવા માટેની એક કમિટી ઍકેડેમિક કાઉન્સિલ અને સિન્ડિકેટ નીમે એવી ભલામણ સેનેટની આ સભા કરે છે.

એ કમિટીમાં જરૂર જણાય તો અન્ય કેળવણીકારો, ઉદ્યોગનિષ્ણાતો, વિકાસ અધિકારીઓ, સમાજ-સેવકો અને દૃષ્ટિવંત કુશળ ખેડૂતોનો પણ સમાવેશ થાય એ ઇષ્ટ છે. સદરહુ કમિટી પોતાનો હેવાલ નિયુક્તિ પછી ત્રણ મહિનામાં યુનિવર્સિટી કાર્યાલયને પહોંચાડે એ અપેક્ષિત છે, જેથી એનો અમલ કરવાની તજવીજ તરત જ થઈ શકે."

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બાબત અંગે એક સમિતિ રચવી અને તેમાં સિન્ડિકેટ તરફથી નીચેના સભ્યોની નિમણૂક કરવી :

(૧) શ્રી. બબલભાઈ મહેતા
(૨) શ્રી. ઇન્દ્રવદન મોદી
(૩) આચાર્ય ગિરીશભાઈ પટેલ
(૪) શ્રી. હીરાલાલ ભગવતી
(૫) શ્રી. ઈશ્વરભાઈ પટેલ

(૬) શ્રી. રણજિતરાય ગં. શાસ્ત્રી
(૭) શ્રી. અરવિંદભાઈ નરોત્તમદાસ
(૮) શ્રી. એસ. પી. તનેજા
(૯) પ્રો. બી. જી. શાહ.

વધુમાં ઠરાવવામાં આવે છે કે સદરહુ સમિતિ પર પોતાના પ્રતિનિધિઓ નીમવા માટે એકેડેમિક કાઉન્સિલને વિનંતી કરવી.

બાબત નં. ૭૫થી ૮૦

૭૫. તા. ૨૯/૩૦--૯--૧૯૭૧ તથા તા. ૮--૧--૧૯૭૨ના રોજ મળેલ સેનેટની વિશેષ સભામાં મંજૂર થયેલા નીચેના ઠરાવ પર આગળ ઘટતાં પગલાં લેવા અંગે વિચારણા કરવા બાબત :

"ગુજરાત રાજ્યના ફેક્ટરી એક્ટ અન્વયે યુનિવર્સિટી પ્રેસના જે જે હંગામી કર્મચારીઓ ભારત સરકારના એક્ટ હેઠળ પ્રોવિડંટ ફંડનો લાભ મેળવવા પાત્ર થતા હોય તેમને યુનિવર્સિટી પ્રેસના કાયમી કર્મચારીઓને મળતા કેજ્યુઅલ રજા, માંદગીની રજા, તહેવારોની રજા ઇત્યાદિ લાભો આપીને પ્રેસના કર્મચારીઓની બાબતમાં હાલ પ્રવર્તતાં બેવડાં ધોરણો નાબૂદ કરવા સેનેટની આ સભા સિન્ડિકેટને વિનંતી કરે છે."

૭૬. તા. ૨૯/૩૦--૯--૧૯૭૧ તથા તા. ૮--૧--૧૯૭૨ના રોજ મળેલ સેનેટની વિશેષ સભામાં પસાર થયેલા નીચેના ઠરાવ પરત્વે આગળ ઘટતાં પગલાં લેવા અંગે વિચારણા કરવા બાબત :

"કૉલેજોમાં ટ્યુટોરિયલ પ્રથા દાખલ કરી છે ત્યારથી આજ દિન સુધીમાં ટ્યુટોરિયલ વર્ગમાં શું કરવું તે અંગે યુનિવર્સિટીએ કૉલેજોને કોઈ નક્કર માર્ગદર્શન આપ્યું નથી અને કદાચ તેને કારણે જ આ એક સુંદર પ્રયોગ નિષ્ફળ પુરવાર થવાની દિશામાં છે. તો હજી પણ તેમાં મોડું થાય તે પહેલાં યુનિવર્સિટીની દરેક ફેકલ્ટીએ બેથી ત્રણ દિવસનો સેમિનાર યોજીને ટ્યુટોરિયલ કાર્યનું એક સામાન્ય માળખું ઘડી કાઢી વિષયના બોર્ડને મોકલી આપે; અને વિષયનું બોર્ડ તે સામાન્ય માળખાને લક્ષમાં રાખીને, છતાં પોતાના વિષયની જરૂરિયાતોને ઉમેરીને, દરેક વિષયનો ટ્યુટોરિયલ કાર્યનો એક આખરી નકશો તૈયાર કરે તે માટે યુનિવર્સિટી સક્રિય બને તેવી આ સભા યુનિવર્સિટીને ભલામણ કરે છે."

૭૭. તા. ૨૯/૩૦--૯--૧૯૭૧ તથા તા. ૮--૧--૧૯૭૨ના રોજ મળેલ સેનેટની વિશેષ સભામાં પસાર થયેલ નીચેના ઠરાવ પર આગળ ઘટતાં પગલાં લેવા અંગે વિચારણા કરવા બાબત :

"પ્રાધ્યાપકોને પોતાના વિષયનાં પુસ્તકો ખરીદવા અંગે મેચિંગ ગ્રાન્ટ આપવા અંગેની નીતિ ઘડી કાઢવા માટે સંબંધકર્તા સત્તામંડળને આ સભા વિનંતી કરે છે."

૭૮. તા. ૨૯/૩૦--૯--૧૯૭૧ તથા તા. ૮--૧--૧૯૭૨ના રોજ મળેલ સેનેટની વિશેષ સભામાં મંજૂર થયેલ નીચેના ઠરાવ પરત્વે આગળ ઘટતાં પગલાં લેવા અંગે વિચારણા કરવા બાબત :

"ગુજરાત રાજ્યના ફેક્ટરી એક્ટ અન્વયે યુનિવર્સિટી પ્રેસના જે કર્મચારીઓની પ્રોવિડંટ ફંડની કપાત થતી હોય તેવા યુનિવર્સિટી પ્રેસના હંગામી કર્મચારીઓને જે તે જગ્યા પર પ્રોવિડંટ ફંડ કપાતની આરંભ--તારીખથી યુનિવર્સિટી પ્રેસનાં ધારાધોરણ અનુસાર કાયમ કરવા સેનેટની આ સભા સિન્ડિકેટને વિનંતી કરે છે."

૭૯. તા. ૨૯/૩૦--૯--૧૯૭૧ તથા તા. ૮--૧--૧૯૭૨ના રોજ મળેલ સેનેટની વિશેષ સભામાં પસાર થયેલા નીચેના ઠરાવ પરત્વે આગળ ઘટતાં પગલાં લેવા અંગે વિચારણા કરવા બાબત :

"યુનિવર્સિટીની સમિતિઓને, જુદાં જુદાં સત્તામંડળોને તેમ જ યુનિવર્સિટીની અન્ય કાર્યવાહી માટે કૉલેજો પાસેથી જરૂરી માહિતી માંગવામાં આવે છે ત્યારે કૉલેજો તે માહિતી સમયસર પૂરી પાડતી નથી અને કેટલીક સંસ્થાઓ તો તે પત્રોના જવાબ આપવાની પણ દરકાર લેતી નથી. ગઈ સેનેટની સભા માટે જરૂરી માહિતી આ કારણે મળી શકી ન હતી. આ બાબતની આ સભા સખેદ નોંધ લે છે, અને આવી કૉલેજો સામે પગલાં લેવા યુનિવર્સિટી સિન્ડિકેટને આ સભા વિનંતી કરે છે."

૮૦. સેનેટની તા. ૨૪/૨૫/૨૬--૩--૧૯૭૨ની વાર્ષિક સભામાં પુછાયેલ પ્રશ્નોત્તરીના સંદર્ભમાં નીચેની કૉલેજો તરફથી સેનેટ સભાની તારીખ સુધીમાં પણ માહિતી આવી નથી તે અંગે વિચારણા કરવા બાબત :

૧. બી. ડી. કૉલેજ, અમદાવાદ (Only ladies)
૨. સ્વામિનારાયણ આર્ટ્સ કૉલેજ, અમદાવાદ
૩. સરદાર વલ્લભભાઈ આર્ટ્સ કૉલેજ, અમદાવાદ
૪. અમદાવાદ આર્ટ્સ કૉલેજ, અમદાવાદ
૫. આર. કે. આર્ટ્સ એન્ડ સાયન્સ કૉલેજ, પેટલાદ
૬. આર. આર. લાલન કૉલેજ, ભૂજ (કચ્છ)
૭. લુણાવાડા આર્ટ્સ એન્ડ સાયન્સ કૉલેજ, લુણાવાડા
૮. સરસપુર આર્ટ્સ એન્ડ કૉમર્સ કૉલેજ, અમદાવાદ
૯. શ્રી. કે. કે. આર્ટ્સ એન્ડ કૉમર્સ કૉલેજ, ધંધુકા
૧૦. શ્રીમતી એચ. સી. પટેલ (કંડારી) આર્ટ્સ એન્ડ કૉમર્સ કૉલેજ, કરજણ
૧૧. આર્ટ્સ એન્ડ કૉમર્સ કૉલેજ, ખેડા
૧૨. પ્રકાશ કૉલેજ ઑફ એજ્યુકેશન, અમદાવાદ
૧૩. સેકન્ડરી ટીચર્સ ટ્રેનિંગ કૉલેજ, ખેડા
૧૪. આર. બી. સાગર કૉલેજ ઑફ એજ્યુકેશન, અમદાવાદ
૧૫. કૉલેજ ઑફ એજ્યુકેશન, ડભોઈ
૧૬. શ્રી. સ્વામિનારાયણ સાયન્સ કૉલેજ, અમદાવાદ.

સદરહુ બાબતોની વિચારણા મોકૂફ રાખવામાં આવી હતી.

૮૧. તા. ૨૯/૩૦--૯--૧૯૭૧ તથા તા. ૮--૧--૧૯૭૨ના રોજ મળેલ સેનેટની વિશેષ સભામાં મંજૂર થયેલ નીચેના ઠરાવ પર આગળ ઘટતાં પગલાં લેવા અંગે વિચારણા કરવા બાબત :

"સેનેટની આ સભા સંબધ્ધ સત્તામંડળોને ભલામણ કરે છે કે, અનુસ્નાતક અધ્યાપકોને આપવામાં આવતા વેતનના દરોમાં યોગ્ય સુધારો કરવો."

આથી ઠરાવવામાં આવે છે કે અનુસ્નાતક શિક્ષણકાર્ય માટે સંલગ્ન કૉલેજો અને માન્ય સંસ્થાઓના પુરસ્કાર અંગેનાં ધારાધોરણોમાં સિન્ડિકેટે તેની તા. ૧૧--૪--૧૯૭૨ની સભામાં બાબત નં. ૧૧૦થી સુધારો કરેલો છે તે જોતાં આ બાબતમાં હવે વિશેષ કાંઈ કરવાની જરૂર જણાતી નથી.

૮૨. સદરહુ બાબતના વિચારણા આગળ બાબત નં. ૪૬ સાથે કરવામાં આવેલી હોઈ તેની નોંધ તે ક્રમમાં દર્શાવવામાં આવી છે.

૮૩. માર્ચ-એપ્રિલ ૧૯૭૨માં લેવાયેલ જુદી જુદી પરીક્ષાઓ દરમ્યાન વિદ્યાર્થીઓએ અજમાવેલ ગેરવાજબી ઈલાજો અંગેના કેસો પર વિચારણા કરવા તા. ૧૯-૫-૧૯૭૨ના રોજ મળેલ પરીક્ષાશુદ્ધિ સમિતિની પાંચમી સભાની ભલામણો ઉપર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ સમિતિની તા. ૧૯-૫-૧૯૭૨ની સભાની ભલામણો મંજૂર કરવી.

(સદરહુ સભાની ભલામણો સામેલ કરવામાં આવી નથી.)

૮૪. કુલપતિશ્રીએ મંજૂર કરેલાં નીચેનાં કાર્યોની નોંધ લેવા બાબત :

(૧) નીચેની સંલગ્ન કૉલેજોના ચાલુ/વધારાના જોડાણ અંગે સેનેટે મૂકેલી શરતોના પરિપાલનને અનુલક્ષીને રાજ્ય સરકારને જોડાણ માટે ભલામણ કર્યાના :

૧. ગુજરાત લૉ સોસાયટી આર્ટ્સ કૉલેજ, અમદાવાદ-૬
૨. યુનિ ટ્રસ્ટ સૂરજબા મહિલા આર્ટ્સ કૉલેજ, નડિયાદ
૩. જી. એલ. એસ. આર્ટ્સ કૉલેજ ફૉર ગર્લ્સ, અમદાવાદ
૪. વિવેકાનંદ કૉલેજ ઑફ આર્ટ્સ, અમદાવાદ
૫. કૉલેજ ઑફ એજ્યુકેશન, દરામલી
૬. વિવેકાનંદ કૉલેજ ઑફ કૉમર્સ, અમદાવાદ-૨૨
૭. એન. સી. ઝોડીવાલા કૉમર્સ કૉલેજ, અમદાવાદ
૮. ન્યૂ લૉ કૉલેજ, અમદાવાદ
૯. શ્રીમતી એન. એચ. એલ. મ્યુ. મેડિકલ કૉલેજ, અમદાવાદ-૬
૧૦. સહજાનંદ આર્ટ્સ એન્ડ કૉમર્સ કૉલેજ, અમદાવાદ
૧૧. ભવન્સ આર. એ. કૉલેજ ઑફ આર્ટ્સ એન્ડ કૉમર્સ, અમદાવાદ;

(૨) દિલ્હીની હાયર સેકન્ડરી બોર્ડની ઑલ-ઇન્ડિયા હાયર સેકન્ડરી પરીક્ષા પસાર કરેલ વિદ્યાર્થિની કુ. હર્ષા એસ. શાહને આપણી યુનિવર્સિટીની ફર્સ્ટ બી.એસસી. પરીક્ષામાં જૂન ૧૯૭૧માં પ્રવેશ આપેલ, પરંતુ સદરહુ વિદ્યાર્થિનીએ નિયમ મુજબ આપણી યુનિવર્સિટીની પ્રી-યુનિ. વિજ્ઞાનની ગણિત વિષયની પરીક્ષા ઉત્તીર્ણ ન કરવાથી તેનું ફર્સ્ટ બી.એસસી. પરીક્ષાનું પરિણામ અનામત રાખેલ તે અંગે મજકૂર વિદ્યાર્થિનીના વાલીએ ગુજરાત હાઈકોર્ટમાં કરેલ રિટ અરજીના કામમાં યુનિવર્સિટી તરફથી શ્રી. સુરેશભાઈ એન. શેલતને એડવોકેટ તરીકે સિન્ડિકેટની બહાલીની અપેક્ષાએ રોકવાના;

(૩) પીએચ.ડી. પદવી માટે નીચે જણાવેલ વિદ્યાર્થિનીનો મહાનિબંધ તેમના નામ સામે જણાવેલ વિષય માટે સ્વીકારી જાહેર કર્યાના:

વિદ્યાર્થિનીનું નામ	વિદ્યાશાખા	વિષય
શ્રીમતી ગિરિજા રાજારામ	વિજ્ઞાન	ભૌતિકવિજ્ઞાન

આથી ઠરાવવામાં આવે છે કે કુલપતિશ્રીએ મંજૂર કરેલાં ઉપરનાં કાર્યોની નોંધ લેવી.

૮૫. યુનિવર્સિટી કાર્યાલયમાં જુનિયર કલાર્ક તરીકે કામ કરતા શ્રી. એ. કે. પટેલને સ્ટે. ૧૮૮ હેઠળ મકાન ખરીદવા માટે રૂ. ૩,૦૫૨--૭૨ની લોન માટેની તા. ૨૩--૫--૧૯૭૨ની અરજી ઉપર વિચારણા કરવા બાબત.

(તેઓના પ્રોવિડંટ ફંડ ખાતે રૂ. ૩,૦૫૨–૭૨ પૈ. જમા છે.)

આથી ઠરાવવામાં આવે છે કે યુનિવર્સિટી કાર્યાલયના જુનિયર કલાર્ક શ્રી. એ. કે. પટેલને તેમના પ્રોવિડંટ ફંડના ખાતામાંથી રૂ. ૩,૦૫૨--૭૨ પૈસાની લોન યુનિવર્સિટીનાં ધારાધોરણ મુજબ મંજૂર કરવી.

૮૬. ભાષા-સાહિત્ય ભવનમાં રીડર તરીકે કામ કરતા ડૉ. સી. આર. નાયકને તા. ૧૮--૭--૧૯૭૨ના રોજ ૬૧ વર્ષની ઉંમર પૂરી થતી હોઈ સિન્ડિકેટે તેની તા. ૬--૫--૧૯૭૨ની સભામાં ડૉ. ઓ. પી. ગુપ્તા પાસે તબીબી તપાસ કરાવવાનું ઠરાવેલ તે મુજબ તબીબ ડૉ. ઓ. પી. ગુપ્તાના તા. ૨૪–૫--૧૯૭૨ના તબીબી રિપોર્ટ ઉપર વિચારણા કરવા બાબત.

સદરહુ બાબત અંગે ડૉ. ઓ. પી. ગુપ્તાનો અહેવાલ સભાગૃહ સમક્ષ રજૂ કરવામાં આવ્યો.

તે પછી ઠરાવવામાં આવ્યું કે ભાષા-સાહિત્ય ભવનમાં પરિયનના રીડર ડૉ. છોટુભાઈ આર. નાયકની સેવાઓની મુદત તા. ૧૮—૭—૧૯૭૨થી એક વર્ષ માટે લંબાવવી.

૮૭. સમાજવિદ્યા ભવનના વ્યાખ્યાતા ડૉ. બી. પી. ભારદ્વાજને સરદાર પટેલ ઈન્સ્ટિટ્યૂટ ઑફ ઇકોનોમિકસ તરફથી વ્યાખ્યાનો આપવા આમંત્રણ મળ્યું છે તે સ્વીકારવા તથા તે અંગે રૂ. ૩૦૦ પુરસ્કાર સ્વીકારવાની પરવાનગી આપવા અંગે તેઓના તા. ૩૧--૫--૧૯૭૨ના પત્ર પર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે ડૉ. બી. પી. ભારદ્વાજને સદરહુ કામગીરી કરવા તથા તે માટે રૂ. ૩૦૦--૦૦નો પુરસ્કાર સ્વીકારવા માટે પરવાનગી આપવી.

૮૮. યુનિવર્સિટીમાં પોતાની નોકરીની સાથે આ યુનિવર્સિટી સાથે જોડાયેલી કોઈ કૉલેજમાં ખંડ સમયના અધ્યાપક તરીકે કામ કરવા માટે તથા તે માટેનું યુનિવર્સિટીએ નિયત કરેલ વેતન સ્વીકારવા માટે પરવાનગી આપવા માટેની શ્રી. એસ. ડી. ભટ્ટ, સિનિયર કલાર્કની તા. ૨૩--૫--૧૯૭૨ની અરજી ઉપર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે યુનિવર્સિટી કાર્યાલયના સિનિયર કલાર્ક શ્રી. એસ. ડી. ભટ્ટને આ યુનિવર્સિટી સાથે જોડાયેલી કોઈ કૉલેજમાં ખંડ સમયના અધ્યાપક તરીકે કામ કરવા માટે પરવાનગી આપવી.

સદરહુ બાબતના સંદર્ભમાં બાબત નં. ૧૪૮ની વિચારણા હાથ ધરવામાં આવી.

૧૪૮. યુનિવર્સિટીના પ્રકાશન અધિકારી શ્રી. કે. ડી. પંડ્યાને કાયદાશાસ્ત્રનાં વ્યાખ્યાનો માનાર્હ પુરસ્કારના ધોરણે આપવા માટે પરવાનગી આપવા માટે ન્યૂ લૉ કૉલેજના આચાર્યશ્રીના તા. ૯—૬--૧૯૭૨ના પત્રથી આવેલી વિનંતી ઉપર વિચારણા કરવા બાબત.

તે પછી ઠરાવવામાં આવ્યું કે યુનિવર્સિટીના પ્રકાશન અધિકારી શ્રી. કે. ડી. પંડ્યાને ન્યૂ લૉ કૉલેજ, અમદાવાદમાં એક વર્ષ માટે શિક્ષણકાર્ય કરવા માટે પરવાનગી આપવી.

૮૯. ઇન્ટરમિડિયેટ સ્ટેજ પછીના અભ્યાસ અંગે સમગ્ર રીતે વિચારણા કરીને અહેવાલ તૈયાર કરવા માટે સિન્ડિકેટે તેની તા. ૧૧--૪--૧૯૭૨ની સભામાં નીમેલ સમિતિના એક સાભ્ય શ્રી. બી. જે. દીવાને સદરહુ સમિતિ ઉપર કામ કરવાની અશકિત દર્શાવી હોઇ તે અંગે વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બાબતની નોંધ લેવી.

૯૦. જૂન ૧૯૭૨થી શરૂ થતા પ્રી-મેડિકલ અને પ્રી-ડેન્ટલના અભ્યાસક્રમ માટે ટયૂશન ફી રૂ. ૧૧૦ અને લેબોરેટરી ફી રૂ. ૨૫ રાજ્ય સરકારે નિયત કરી છે તેની નોંધ લેવા બાબત.. અન્ય ફી તે ઉપરાંત રહેશે અને તે નીચે પ્રમાણે છે :

જિમખાના ફી	...	રૂ. ૭
યુનિયન ફી	...	રૂ. ૫
પરીક્ષા ફી	...	રૂ. ૧
લાઇબ્રેરી ફી	...	રૂ. ૧
સ્ટુડન્ટસ એઇડ ફી	...	રૂ. ૧
		રૂ. ૧૫

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બાબતની નોંધ લેવી.

૯૧. સિન્ડિકેટે તેની તા. ૪-૯-૧૯૭૧ની સભામાં સ્વીકારવામાં આવેલા "સ્વ. સુમંત એમ. પટવા સ્મૃતિ સુવર્ણચંદ્રક" અંગેના પ્રદાન અંગેના નિયમો મંજૂર કરવા અંગે વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ સુવર્ણચંદ્રક અંગેના નિયમો મંજૂર કરવા.

(મંજૂર કરવામાં આવેલા સદરહુ નિયમોની નકલ **પરિશિષ્ટ "ઘ"** તરીકે સામેલ છે.)

૯૨. બી. જે. મેડિકલ કૉલેજ, અમદાવાદમાં ડિપ્લોમા માટે નીચેના વિષયોમાં કેન્દ્ર સ્થાપવા માટે ડીન તરફથી આવેલ અરજી પરથી તપાસસમિતિ નીમવા અંગે વિચારણા કરવા બાબત :

૧. Diploma Psychiatric in Social work

૨. Diploma Psychiatric in Occupational Therapy

૩. Diploma Psychiatric in Physi-Therapy.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બાબતની વિચારણા મોકૂફ રાખવી.

તે પછી બાબત નં. ૧૨૮ વિચારણા માટે હાથ ધરવામાં આવી.

૧૨૮. બી. એમ. ઇન્સ્ટીટયૂટ, અમદાવાદે નીચે જણાવેલા ચાર અનુસ્નાતક ડિપ્લોમા અભ્યાસક્રમો શીખવવા માટે માન્યતા મેળવવા કરેલ અરજીના સંદર્ભમાં જૂન ૧૯૭૨થી સદરહુ અભ્યાસક્રમોના વર્ગો શરૂ

કરવાની પરવાનગી આપવાની સદરહુ સંસ્થાના અધ્યક્ષશ્રીની વિનંતી પર વિચારણા કરવા બાબત :

1. Diploma in Psychotherapy
2. Diploma in Advanced Psychiatric Social Work
3. Diploma in Psychiatric Occupational Therapy
4. Diploma in Special Education for Non-normal Children.

[**નોંધ.**—(૧) ગુજરાત યુનિવર્સિટી ધારાની કલમ ૩૫ મુજબ અરજી અને સ્થાનિક તપાસસમિતિના અહેવાલ પર એકેડેમિક કાઉન્સિલે વિચારણા કરવાની બાકી છે.

(૨) સદરહુ અભ્યાસક્રમો શીખવવા માટે શિક્ષકોની માન્યતાનાં ધોરણો નક્કી કરવાનું પણ બાકી છે.]

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બાબત એકેડેમિક કાઉન્સિલની વિચારણા માટે મોકલવી.

૯૩. એન. એચ. એલ. મ્યુ. મેડિકલ કૉલેજ, અમદાવાદમાં એમ.એસ., બ્રા. ૫ એનેટોમી વિષયનું અનુસ્નાતક કેન્દ્ર સ્થાપવા માટે નિમાયેલ સ્થાનિક તપાસસમિતિના અહેવાલના આધારે બોર્ડ ઑફ યુનિવર્સિટી ટીચિંગની સભાની મંજૂરીની અપેક્ષાએ જૂન ૧૯૭૨થી અનુસ્નાતક કેન્દ્ર સ્થાપવા પરવાનગી આપવા વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બાબતની વિચારણા મોકૂફ રાખવી.

૯૪. બી. જે. મેડિકલ કૉલેજ, અમદાવાદમાં ડી.વી. એન્ડ ડી. માટેનું કેન્દ્ર માન્ય કરવા માટે સ્થાનિક તપાસસમિતિ તરફથી આવેલ અહેવાલ પર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બાબતની વિચારણા મોકૂફ રાખવી.

૯૫. ભવન્સ કૉલેજ, ડાકોરમાં સ્થાપવામાં આવેલા (૧) ગણિતશાસ્ત્ર વિષયનું અનુસ્નાતક કેન્દ્ર સ્થાનિક શિક્ષકગણને અભાવે, તથા (૨) સંસ્કૃત વિષયનું અનુસ્નાતક કેન્દ્ર બંધ કરવાની ઇચ્છા આચાર્યશ્રીએ દર્શાવી હોવાથી તે તે વિષયનાં અનુસ્નાતક કેન્દ્રો જૂન ૧૯૭૨થી બંધ પડેલાં ગણવા અંગે વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બાબતની વિચારણા મોકૂફ રાખવી.

૯૬. બી. ડી. આર્ટ્સ કૉલેજ, અમદાવાદ તરફથી જુનિયર અને સિનિયર સર્ટિફિકેટ કોર્સ શીખવવા માટે આવેલ અરજી પરત્વે વિચારણા કરવા બાબત.

[**નોંધ.** — ૧. વિગતો જોતાં પરવાનગી આપી શકાય એમ છે.

૨. ૧૯૭૦-૭૧ અને ૧૯૭૧-૭૨ના વર્ષમાં યુનિવર્સિટીની પરવાનગી વગર આ અભ્યાસક્રમ નીચેની કૉલેજોએ શીખવ્યો હોવાથી તેને પોસ્ટ-ફેક્ટો મંજૂરી આપવાની રહે :

(ક) બી. ડી. કૉલેજ, અમદાવાદ, અને

(ખ) એસ. કે. શાહ એન્ડ શ્રીકૃષ્ણ એ. એમ. આર્ટ્સ એન્ડ શ્રી. એચ. એસ. શાહ કૉમર્સ કૉલેજ, મોડાસા.]

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ કૉલેજને જુનિયર અને સિનિયર સર્ટિફિકેટ કોર્સ ઇન ઇંગ્લિશ શીખવવા માટે ૧૯૭૦–૭૧ અને ૧૯૭૧--૭૨ના વર્ષ માટે પશ્ચાદ્‌વર્તી મંજૂરી આપવી અને ૧૯૭૨–૭૩ના વર્ષ માટે તે પરવાનગી ચાલુ રાખવી.

૯૭. શ્રી. એસ. કે. શાહ ઍન્ડ શ્રીકૃષ્ણ ઓ. એમ. આર્ટ્સ કૉલેજ અને શ્રી. એચ. એસ. શાહ કૉલેજ ઑફ કૉમર્સ, મોડાસાની ૧૯૭૨--૭૩ના વર્ષમાં જુનિયર સર્ટિફિકેટ કોર્સ ઇન ઇંગ્લિશ શીખવવા માટે અવેલ અરજી પરત્વે વિચારણા કરવા બાબત.

(**નોંધ.**—વિગતો જોતાં મંજૂરી આપી શકાય તેમ છે.)

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ કૉલેજને જુનિયર સર્ટિફિકેટ કોર્સ ઇન ઇંગ્લિશ શીખવવા માટે ૧૯૭૨--૭૩ના વર્ષ માટે પરવાનગી આપવી.

૯૮. ૧૯૭૧--૭૨ના વર્ષ માટેની ઑર્ડિ. ૯૬ પ્રમાણે આવેલ માહિતી પૈકી જે કૉલેજોએ અપૂરતી માહિતી મોકલી છે અને / અથવા હજુ સુધી ઊણપો યથાર્થ રીતે પૂરી કરી નથી તે અંગે વિચારણા કરવા બાબત.

સદરહુ બાબતની વિચારણા મોકૂફ રાખવામાં આવી હતી.

૯૯–૧૦૦. સદરહુ બંને બાબતોની વિચારણા આગળ બાબત નં. ૪૬ સાથે કરવામાં આવેલી હોઈ તેની નોંધ તે ક્રમમાં દર્શાવવામાં આવી છે.

બાબત નંબર ૧૦૧ અને ૧૦૨

૧૦૧. (૧) ડૉ. હરિશ્ચંદ્ર ખંઢેરિયા તબીબી વિજ્ઞાન સુવર્ણચંદ્રક, અને (૨) સ્વ. ડૉ. કુ. ભિક્ષાબહેન માણેકલાલ શાહ સુવર્ણચંદ્રક જે વિદ્યાર્થીઓ ઑકટોબર અને માર્ચ-એપ્રિલની ત્રીજી એમ.બી.,બી.એસ. પરીક્ષામાં મેડિસિન વિષયમાં સૌથી વધારે ગુણાંક મેળવીને ઉત્તીર્ણ થાય તેમને એનાયત કરવાનો છે અને ઑકટોબર ૧૯૭૧ની પરીક્ષાના બેઠક નં. ૩૧, ૬૮ અને ૧૦૮ મેડિસિન વિષયમાં સૌથી વધારે સરખા ગુણાંક ૨૯૧ મેળવતા હોઈ આ સુવર્ણચંદ્રક કોને એનાયત કરવો તે અંગે વિચારણા કરવા બાબત.

(**નોંધ.**—સિન્ડિકેટે તેની ફેબ્રુઆરી ૧૯૬૮ની સભામાં કામકાજ નં. ૭૬થી ઠરાવ્યું છે કે કોઈ વિષય માટે નિયત કરેલ હોય તો અને તે વિષયમાં એક કે વધુ વિદ્યાર્થીઓ ચંદ્રકની શરતો અનુસાર લાયક થતા હોય તો તે પરીક્ષામાં વર્ગ અપાતા હોય તે સમગ્ર ગુણમાં તે વિદ્યાર્થીઓ પૈકી સૌથી વધુ ગુણાંક મેળવનારને ચંદ્રક એનાયત કરવો. એમ.બી.,બી.એસ.ની પરીક્ષામાં વર્ગ અપાતો નથી, પરંતુ કુલ ગુણાંકમાંથી મેળવેલ ગુણાંકનો ક્રમાંક જોતાં નં. ૩૧, ૧૦૮ અને ૬૮ એ ક્રમ થાય છે. આ બન્ને ચંદ્રકો નં. ૩૧ને આપવા કે નં. ૩૧ અને ૧૦૮ બન્નેને આ બે ચંદ્રક એક એક વહેંચી આપવા તે અંગે વિચારણા કરવાની થાય.)

૧૦૨. સુરત મુકામે તા. ૨૦–૨--૧૯૭૧ના રોજ મળેલી જોઈન્ટ બોર્ડ ઑફ વાઈસ-ચાન્સેલર્સની સભાના ઠરાવને અનુલક્ષીને જુદી જુદી પરીક્ષાઓમાં ફીનું ધોરણ એકસરખું કરવાના પ્રશ્ન અંગે વિચારણા કરવા બાબત :

(**નોંધ.**—સિન્ડિકેટે નં. ૭૯થી તા. ૭/૮–૮–૧૯૭૧ની સભામાં ઠરાવ્યું હતું: 'સદર બાબત અંગે સૂચિત ફેરફારોની વિગતો સાથે આ બાબત ફરીથી સભાગૃહ સમક્ષ રજૂ કરવી.')

સદરહુ બાબતોની વિચારણા મોકૂફ રાખવામાં આવી હતી.

૧૦૩. શ્રી શાહ કે. એસ. આર્ટ્સ એન્ડ વી. એમ. પારેખ કૉમર્સ કૉલેજ, કપડવંજની જૂન ૧૯૭૨થી જોડાણ મેળવવા માટેની અરજી ઉપરે સદરહુ કૉલેજને જોડાણ આપવા રાજ્ય સરકારને ભલામણ કરવા અંગેનો ઠરાવ સેનેટની તા. ૨૪/૨૫/૨૬--૩--૧૯૭૨ની સભામાં ઊડી ગયો હતો. ગુજરાત યુનિવર્સિટી ધારાની કલમ ૩૩ અન્વયે જોડાણઅરજી પરથી કાર્યવાહીની જાણ રાજ્ય સરકારને કરતાં રાજ્ય સરકારે તેનું ચાલુ જોડાણ બે વર્ષની મુદત માટે મંજૂર રાખતું જાહેરનામું બહાર પાડયું છે તો તે અંગે વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બાબતની નોંધ લેવી.

બાબત નં. ૧૦૪ અને ૧૦૫

૧૦૪. સંલગ્ન કૉલેજો તરફથી જૂન ૧૯૭૨થી ચાલુ/વધારવાના જોડાણ માટે આવેલ જોડાણઅરજીઓ પૈકી જે કૉલેજોએ હજુ સુધી સેનેટે મૂકેલી સર્વ શરતોનું યથાર્થ પરિપાલન કર્યું નથી તે અંગે વિચારણા કરવા બાબત.

(નોંધ.— ૧. શરતોનું પરિપાલન તા. ૧૧–૧–૧૯૭૨ સુધીમાં કરવાનું હતું.
૨. સદરહુ પ્રત્યેક કૉલેજના શરતોના પરિપાલનના અહેવાલ અંગેનું તારણ હવે પછી મોકલવામાં આવશે).

૧૦૫. યુનિવર્સિટીના આરોગ્ય કેન્દ્રના વિકાસ માટે યુનિવર્સિટી ગ્રાન્ટ્સ કમિશન તરફથી તેમના તા. ૧૯--૩--૧૯૭૨ના પત્રાંક એફ. ૧૩-૧--૭૦ (એચ.એ. ૩)થી અનાવર્તક સહાય ૭૫ ટકાના ધોરણે રૂપિયા ૧,૫૦,૦૦૦ની મકાન તથા સાધનોની ખરીદી માટે તથા આવર્તક આર્થિક સહાય ૧૦ ટકાના ધોરણે વાર્ષિક રૂા. ૩૦,૦૦૦ની સ્ટાફના પગાર તથા બીજાં ભથ્થાં માટે મંજૂર કરી તે અંગે સિન્ડિકેટે તેની તા. ૧૫--૪--૧૯૭૨ની સભામાં આગળની કાર્યવાહી કરવાનું ઠરાવ્યું હતું તેના સંદર્ભમાં રેસિડેન્ટ મેડિકલ ઑફિસરે રજૂ કરેલા પ્રસ્તાવ તથા સૂચવેલ આવર્તક ખર્ચ અંગે વિચારણા કરવા બાબત.

સદરહુ બાબતોની વિચારણા મોકૂફ રાખવામાં આવી હતી.

૧૦૬. સદરહુ બાબતની વિચારણા આગળ બાબત નં. ૪૨ પછી કરવામાં આવેલી હોઈ તેની નોંધ તે ક્રમમાં દર્શાવવામાં આવી છે.

૧૦૭. (૧) ઈન્ટર યુનિ. સ્પોર્ટ્સ બોર્ડ ઑફ ઈન્ડિયા એન્ડ સિલોન, ન્યૂ દિલ્હી તરફથી સને ૧૯૭૨--૭૩ના વર્ષ માટે આપણી યુનિવર્સિટીએ અખિલ ભારતીય આંતર-યુનિવર્સિટી જલસ્પર્ધા યોજવાનું પાઠવેલ આમંત્રણ સ્વીકાર્યું છે તેની નોંધ લેવા બાબત.

(૨) એન. એસ. ઓ. યોજના હેઠળ આંતર-યુનિવર્સિટી સ્પોર્ટ્સ બોર્ડ ઑફ ઈન્ડિયા અને સિલોન તરફથી દક્ષિણ વિભાગની આંતર-યુનિવર્સિટી ખેલકૂદ રમતનો પ્રશિક્ષણ શિબિર આપણી યુનિવર્સિટીના આશ્રયે યોજવા માટે સો ટકા ગ્રાન્ટ આપવાનું મંજૂર થયું છે તે પેટે રૂ. ૧૨,૫૮૨--૦૦ (અંકે રૂપિયા બાર હજાર પાંચસો બ્યાસી) મળ્યા છે તેની નોંધ લેવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બાબતની નોંધ લેવી.

૧૦૮. આપણી યુનિવર્સિટીની (૧) એમ.બી.,બી.એસ. (એપ્રિલ ૧૯૬૯), (૨) એમ.એસ. (ઓર્થોપેડિક્સ), (૩) એમ. ડી. (ઓબ્સ્ટ્રેટિક્સ એન્ડ ગાયનેકોલોજી), (૪) ડી. જી. ઓ., (૫) એમ. ડી, એનેસ્થેસિયા (ઑક્ટોબર ૧૯૭૦), અને (૬) એમ.એસસી. (ફિઝિયોલોજી માર્ચ ૧૯૭૧)માં લેવાયેલ

પરીક્ષાઓનું ઈન્સ્પેકશન થયેલ તે અભ્યાસક્રમોની માન્યતા ચાલુ રાખવાનું મેડિકલ કાઉન્સિલ ઑફ ઈન્ડિયાએ ઠરાવ્યું છે તે અંગેના સદરહુ કાઉન્સિલના સેક્રેટરીના તા. ૧૪--૫--૧૯૭૨ના અને તા. ૧૫--૫--૧૯૭૨ના પત્રોની નોંધ લેવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બાબતની નોંધ લેવી.

૧૦૯. યુનિવર્સિટીના ડેટા પ્રોસેસિંગ વિભાગ માટે ૧૯૬૫માં આઈ.સી.એલ. કંપની પાસેથી ખરીદેલાં પંચિંગ મશીનો જૂનાં થઈ ગયાં હોવાથી તેની જગ્યાએ આઈ.બી.એમ. વર્લ્ડ ટ્રેડ કોર્પો.નું એક ૦૨૯-એ-૨૨ મોડલ પંચિંગ મશીન ભાડે લેવા અંગે વિચારણા કરવા બાબત.

[માસિક ભાડું રૂ. ૫૬૦ (પાંચસો સાઠ) થશે તથા કેપિટલ ખર્ચ રૂ. ૪,૮૦૦ આપવાના રહેશે.]

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ પંચિંગ મશીન ભાડે લેવા અંગેના પ્રસ્તાવ ઉપર મુજબ મંજૂર કરવો અને તે માટે કેપિટલ ખર્ચના રૂ. ૪,૮૦૦-૦૦ અને માસિક ભાડાના રૂ. ૫૬૦--૦૦નું ખર્ચ મંજૂર કરવું.

૧૧૦. રાજ્ય સરકારશ્રીએ તેમના શિક્ષણ અને મજૂર વિભાગના ઠરાવ ક્રમાંક યુ.એસ.જી. ૧૭૭૨-ખ તા. ૧૮--૪--૧૯૭૨થી ચોથી પંચવર્ષીય યોજના હેઠળ યુનિવર્સિટી ગ્રાન્ટ્સ કમિશને મંજૂર કરેલ જગ્યાઓને ૧૯૭૩--૭૪ પછીના સમય માટે મંજૂરી આપી છે તેની નોંધ લેવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બાબતની નોંધ લેવી.

૧૧૧. યુનિવર્સિટી કાર્યાલયમાં જુનિયર કલાર્ક તરીકે કામ કરતા શ્રી. પી. જે. ત્રિવેદીને સિન્ડિકેટે તેની તા. ૬--૫--૧૯૭૧ની સભામાં દક્ષિણ ગુજરાત યુનિવર્સિટીમાં હેડકલાર્કની જગ્યા પર તા. ૧--૬--૧૯૭૧થી એક વર્ષનો પદાધિકાર આપ્યો હતો તેના સંદર્ભમાં વધુ છ માસ માટે તેઓનો પદાધિકાર (લિયન) વધારી આપવા અંગે તેઓની તા. ૨૧--૫--૧૯૭૨ની અરજી ઉપર વિચારણા કરવા બાબત.

(તેઓનો પદાધિકાર તા. ૩૧--૫--૧૯૭૨ના રોજ પૂરો થયો છે.)

આથી ઠરાવવામાં આવે છે કે યુનિવર્સિટીના જુનિયર કલાર્ક શ્રી. પી. જે. ત્રિવેદીના પદાધિકારની મુદત તા. ૧--૬--૧૯૭૨થી વધુ છ માસ માટે, એટલે કે તા. ૩૦-૧૧-૧૯૭૨ સુધી લંબાવવી.

૧૧૨. જુદી જુદી બેંકો સાથે મૂકેલ યુનિવર્સિટીની ફિક્સ્ડ ડિપૉઝિટો ઉપર જરૂર પડે તેઓ પાસેથી લોન લેવા તથા સરકારી જામીનગીરીઓ સામે સ્ટેટ બેંક ઑફ ઈન્ડિયાની યુનિવર્સિટી શાખામાં રૂ. ૫,૦૦,૦૦૦ (પાંચ લાખ) સુધીનો ઓવરડ્રાફ્ટ એકાઉન્ટ ખોલવા અંગે વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે યુનિવર્સિટીએ નીચેની બેંકો સાથે મૂકેલી ફિક્સ્ડ ડિપૉઝિટો ઉપર જરૂર પડે ત્યારે કુલપતિશ્રી પાસેથી લોન લેવાની કુલપતિશ્રીને સત્તા આપવી :

(૧) સ્ટેટ બેંક ઑફ ઈન્ડિયા
(૨) બેંક ઑફ બરોડા
(૩) પંજાબ નેશનલ બેંક
(૪) યુનાઈટેડ કોમર્શિયલ બેંક

(૫) ગુજરાત સ્ટેટ કો-ઑપરેટિવ બૅંક લિ.
(૬) અમદાવાદ ડિસ્ટ્રિક્ટ કો-ઑપરેટિવ બૅંક લિ.
(૭) સેન્ટ્રલ બૅંક ઑફ ઇન્ડિયા
(૮) બૅંક ઑફ ઇન્ડિયા.

વધુમાં ઠરાવવામાં આવે છે કે આ યુનિવર્સિટીની સરકારી જામીનગીરીઓ સામે સ્ટેટ બૅંક ઑફ ઇન્ડિયાની યુનિવર્સિટી શાખામાં રૂ. ૫,૦૦,૦૦૦ (રૂપિયા પાંચ લાખ) સુધીનો ઓવરડ્રાફ્ટ એકાઉન્ટ ખોલાવવા માટે જરૂરી દસ્તાવેજ વગેરે કરી આપવા કુલપતિશ્રીને સત્તા આપવી, તથા તે ખાતાની લેવડદેવડ માટે નીચેની વ્યકિતઓમાંથી બેને સત્તા આપવી :

(૧) કુલપતિશ્રી ઉમાશંકર જોશી	સિન્ડિકેટના સભ્ય
(૨) આચાર્ય એમ. સી. શાહ	,,
(૩) ડૉ. એમ. એન. દેસાઈ	,,
(૪) પ્રો. કે. આર. ચન્દ્રશેખરન	,,
(૫) શ્રી. ઝીણાભાઈ ર. દેસાઈ	,,
(૬) શ્રી. કંચનલાલ ચં. પરીખ	કુલસચિવ.

૧૧૩. (૧) લુણાવાડા વિભાગ ઉચ્ચ વિદ્યોત્તેજક મંડળ, લુણાવાડા તથા (૨) પંચમહાલ શિક્ષણ પ્રસારણ મંડળ, ગોધરા તરફથી જૂન ૧૯૭૩થી વાણિજ્યની કૉલેજ શરૂ કરવા માટે આવેલ જોડાણ અરજીઓ પર સિન્ડિકેટે તેની તા. ૧૫-૪-'૭૨ની સભામાં પ્રિ. જે. સી. ત્રિવેદીની સ્થાનિક તપાસસમિતિ પર નિમણૂક કરી હતી, પરંતુ તેઓએ તે પર કામ કરવા અશકિત દર્શાવી હોઈ અન્યની નિમણૂક કરવા બાબત.

(**નોંધ.**—બંનેમાં અન્ય સભ્ય પ્રા. ડી. ડી. ત્રિવેદી છે.)

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ સ્થાનિક તપાસસમિતિ પર આચાર્ય જે. સી. ત્રિવેદીની જગ્યાએ આચાર્ય એચ. કે. ત્રિવેદીને નીમવા.

૧૧૪. નીચે જણાવેલાં હૉસ્પિટલો તથા હેલ્થ સેન્ટરોને ઑર્ડિ. ૨૭૨ અને ઑર્ડિ. ૨૭૨-એ મુજબ ફરજિયાત રોટેટિંગ હાઉસમેનશિપ માટે માન્યતા આપવા અંગેના ડીન, બી. જે. મેડિકલ કૉલેજ, અમદાવાદના તા. ૧-૬-૭૨ના પત્રથી આવેલ સૂચન પર વિચારણા કરવા બાબત :

(૧) રેફરલ હૉસ્પિટલ, માણસા
(૨) રેફરલ હૉસ્પિટલ, ડભોઈ
(૩) સ્ટીવે હૉસ્પિટલ, છોટાઉદેપુર
(૪) સેકન્ડરી હેલ્થ સેન્ટર, બોટાદ
(૫) સેકન્ડરી હેલ્થ સેન્ટર, રાજુલા
(૬) રેફરલ હૉસ્પિટલ, અંજાર
(૭) રેફરલ હૉસ્પિટલ, વાંકાનેર.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બાબતની વિચારણા મોકૂફ રાખવી.

૧૧૫. યુનિવર્સિટી કાર્યાલયમાં ક્લાર્ક--ટાઇપિસ્ટ તરીકે કામ કરતા શ્રી. બી. આર. ગોહેલ તા. ૧૯--૧૧--૧૯૬૬થી તા. ૧૫--૫--૧૯૭૦ સુધી હંગામી જગ્યા પર હતા તે સમય માટે સ્ટે. ૧૮૦ હેઠળ પ્રૉ. ફંડ કાપવા અંગે તેઓની તા. ૨૩--૫--૧૯૭૨ની અરજી ઉપર વિચારણા કરવા બાબત.

(તેઓ તા. ૧૬--૫--૧૯૭૦થી કાયમી જગ્યા પર જોડાયા હોવાથી સ્ટે. ૧૮૦ પ્રમાણે સિન્ડિકેટ વિનંતી માન્ય કરી શકે.)

આથી ઠરાવવામાં આવે છે કે યુનિવર્સિટી કાર્યાલયના ક્લાર્ક--ટાઇપિસ્ટ શ્રી. બી. આર. ગોહિલને તા. ૧૯--૧૧--૧૯૬૬થી તા. ૧૫--૫--૧૯૭૦ સુધી તેમની હંગામી સેવાઓના સમય દરમ્યાન પ્રૉવિડન્ટ ફંડનો લાભ આપવો.

૧૧૬. ભાષા-સાહિત્ય ભવનમાં ગુજરાતીના પ્રાધ્યાપક પ્રો. એ. એમ. રાવલની ગુજરાત સાંસ્કૃતિક પ્રમાણપત્ર બોર્ડના સભ્ય તરીકે રાજ્ય સરકારે નિમણૂક કરી હોવાથી સદરહુ બોર્ડનું સભ્યપદ સ્વીકારવાની તથા માસિક રૂ. ૧૦૦નો પુરસ્કાર સ્વીકારવાની પરવાનગી માગતી તેઓની તા. ૨૧--૫--૧૯૭૨ની અરજી ઉપર વિચારણા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે ભાષા-સાહિત્ય ભવનમાં ગુજરાતીના પ્રાધ્યાપક પ્રો. એ. એમ. રાવલને સદરહુ બોર્ડનું સભ્યપદ અને તે માટે માસિક રૂ. ૧૦૦નો પુરસ્કાર સ્વીકારવા માટે પરવાનગી આપવી.

૧૧૭. સને ૧૯૭૦--૭૧ના વર્ષમાં પુનર્નિર્મિત અંદાજ કરતાં કેટલાંક ખાતાઓમાં થયેલા વધારાના ખર્ચને મંજૂર કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બાબતની વિચારણા મોકૂફ રાખવી.

૧૧૮–૧૧૯. સદરહુ બંને બાબતની વિચારણા આગળ બાબત નં. ૪૬ સાથે કરવામાં આવેલી હોઈ તેની નોંધ તે ક્રમમાં દર્શાવવામાં આવી છે.

બાબત નં. ૧૨૦ અને ૧૨૧.

૧૨૦. યુનિવર્સિટી બોર્ડ ઑફ સ્પોર્ટ્સની તા. ૪--૪--૧૯૭૨ની સભામાં નિયુક્ત થયેલ ઉપસમિતિ, જેની ભલામણો બોર્ડ ઑફ સ્પોર્ટ્સના ચેરમૅનશ્રીની અનુમતિથી સિન્ડિકેટ સમક્ષ રજૂ કરવાનું ઠરાવ્યું હતું તે ઉપસમિતિની નીચેની ભલામણો પર વિચારણા કરવા બાબત :

(૧) આંતર-યુનિવર્સિટી સ્પર્ધાઓમાં ભાગ લેવા જતા ખેલાડીઓને હાલ જે રૂ. ૬ દૈનિક ભથ્થું અપાય છે તેને બદલે રૂ. ૮ ભથ્થું આપવા આ સમિતિ સિન્ડિકેટને ભલામણ કરે છે.

(૨) આપણી ટુકડી સાથે જનાર મૅનેજર, કોચ કે મૅનેજર-કમ-કોચને હાલ જે દૈનિક ભથ્થું તેમ જ મુસાફરી ભથ્થું આપાય છે તે ઘણું જ ઓછું છે તેથી મૅનેજર, કોચ કે મૅનેજર-કમ-કોચને પણ ખેલાડીઓની માફક જ મુસાફરી દરમિયાન કે સ્પર્ધા દરમિયાન અમદાવાદથી મુસાફરી શરૂ કરે ત્યારથી જ તે અમદાવાદ પાછા આવે ત્યાં સુધી દરરોજના રૂ. ૧૧--૦૦ લેખે દૈનિક ભથ્થું આપવા આ સમિતિ સિન્ડિકેટને ભારપૂર્વક ભલામણ કરે છે.

(૩) યુનિવર્સિટી કોચિંગ ક્લૅમ્પ દરમિયાન સ્થાનિક વિદ્યાર્થીઓને રૂ. ૨ને બદલે રૂ. ૩ અને બહારગામના વિદ્યાર્થીઓને રૂ. ૪ને બદલે રૂ. ૫ પ્રૅક્ટિસ એલાવન્સ આપવા આ સમિતિ સિન્ડિકેટને ભલામણ કરે છે.

૧૨૧. રસાયણવિજ્ઞાનની અભ્યાસસમિતિની તા. ૮-૧૦-૧૯૭૧ની સભાની ભલામણ અન્વયે ઍકેડેમિક કાઉન્સિલની તા. ૬/૭-૪-૧૯૭૨ની સભાની નીચેની ભલામણ પર વિચારણા કરવા બાબત :

"As Physical Chemistry and Inorganic Chemistry are two different subjects, post-graduate teachers qualified in one of them should not be henceforth permitted to teach the other. Those permitted to teach both may be requested to select one."

સદરહુ બંને બાબતની વિચારણા મોકૂફ રાખવામાં આવી હતી.

૧૨૨. તા. ૩૦-૮-૧૯૭૧ના રોજ મળેલી તબીબી વિદ્યાશાખાની સભાની ભલામણ અન્વયે જે વિદ્યાર્થીઓ સ્નાતક થયા પછી તેમને સ્નાતક કક્ષાએ મુખ્ય કે ગૌણ વિષય તરીકે જે વિષય લીધેલો હોય તે વિષયમાં નર્સિંગની પરીક્ષામાં મુક્તિ આપવા તથા તે અંગે નીચેનો રેગ્યુલેશન તાત્કાલિક અમલમાં આવે તે રીતે મંજૂર કરવાની ઍકેડેમિક કાઉન્સિલની તા. ૬/૭-૪-૧૯૭૨ની ભલામણ પર વિચારણા કરવા બાબત :

"A student who having passed a degree examination of Gujarat University or any other examination considered equivalent thereto has joined courses of studies leading to the B.Sc. (Nursing) Degree Examination may at his or her option be granted exemption from appearing in the subject or subjects, if any, with which he or she had passed the degree examination either as a principal or subsidiary subject."

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ વિદ્યાશાખાની ઉપરની ભલામણ મંજૂર કરવી.

૧૨૩. વિનયન, વિજ્ઞાન અને વાણિજ્યની વિદ્યાશાખાઓનાં અનુસ્નાતક કેંદ્રોમાં વિદ્યાર્થીઓની પ્રવેશસંખ્યા અંગે બોર્ડ ઑફ યુનિવર્સિટી ટીચિંગની તા. ૨૯-૧૨-૧૯૭૧થી સભાની ભલામણ અન્વયે—

(૧) અનુસ્નાતક વર્ગોમાં વિદ્યાર્થીઓની વધારેમાં વધારે સંખ્યા અંગેનાં હાલનાં ધારાધોરણોનાં કશો ફેરફાર નહિ કરવા, પરંતુ ટ્યુટોરિયલ અને/અથવા પરિસંવાદના કાર્ય માટે એક વર્ગમાં વિદ્યાર્થીઓની વધુમાં વધુ સંખ્યા ૩૫ નિયત કરવા માટે; તથા

(૨) યુનિવર્સિટીની પરવાનગી વગર એકથી વધુ વર્ગ નહિ રાખવાની ઍકેડેમિક કાઉન્સિલની તા. ૬/૭-૪-૧૯૭૨ની સભાની ભલામણ પર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ વિદ્યાશાખાની ઉપરની ભલામણ મંજૂર કરવી.

૧૨૪. મનોવિજ્ઞાન વિદ્યાભવનમાં શિક્ષણશાસ્ત્ર વિભાગમાં " Guidance and Councelling "માં એક પ્રાધ્યાપક તથા એક વ્યાખ્યાતાની જગ્યા નહિ સ્થાપવા અંગેની એકેડેમિક કાઉન્સિલની તા. ૬/૭-૪-૧૯૭૨ની સભાનો ભલામણ પર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ વિદ્યાશાખાની ઉપરની ભલામણ મંજૂર કરવી.

૧૨૫. લૉજિક--ફિલોસોફીની અભ્યાસસમિતિની તા. ૯--૧૦--૧૯૭૧ની સભાની ભલામણ અનુસાર એમ.એ.ની પરીક્ષા માટેના અભ્યાસમાં તત્ત્વજ્ઞાનનાં ચાર પ્રશ્નપત્રો સાથે મનોવિજ્ઞાન અથવા સમાજશાસ્ત્રનાં ચાર પ્રશ્નપત્રો વિદ્યાર્થીઓ લઈ શકે તેવી જોગવાઈ કરવા માટેની એકેડેમિક કાઉન્સિલની તા. ૬/૭--૪--૧૯૭૨ની સભાની ભલામણ પર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ વિદ્યાશાખાની ઉપરની ભલામણ મંજૂર કરવી.

૧૨૬. ગણિતની અભ્યાસસમિતિની તા. ૨૪--૩--૧૯૭૨ની સભાની ભલામણ અનુસાર બીજા વર્ષ બી.એ.ની એક્સ્ટર્નલ પરીક્ષામાં ગણિતના વિષયમાં પ્રશ્નપત્ર ૫(બી) પ્રાયોગિક કામ ચાલતું હોવાથી તે માટેનાં જર્નલ વિદ્યાર્થીઓ આ કામ કોઈ સંલગ્ન કૉલેજમાં કરી આચાર્યશ્રી પાસે પ્રમાણિત કરવાનું રાખશે અને જો શકય ન હોય તો ગણિતનો વિષય એક્સ્ટર્નલ વિદ્યાર્થીઓ મુખ્ય વિષય તરીકે લઈ ન શકે તેવી જોગવાઈ કરવા માટેની એકેડેમિક કાઉન્સિલની તા. ૬/૭--૪--૧૯૭૨ની સભાની ભલામણ પર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે એકેડેમિક કાઉન્સિલની ઉપરની ભલામણ મંજૂર કરવી.

૧૨૭. (1) One year advanced Course in Psychiatric Social work—D.P.S.W., (2) One year Teacher Training Course in Special Education for the Non-normal Children—D.S.E.N.C., (3) One year Course in Psychiatric Occupational Therapy—D.P.O.T., (4) Two year Course in Psychotherapy (D.P.)ના અભ્યાસક્રમો અંગેના ઑર્ડિ. ૩૮૦, ઑર્ડિ. ૩૮૧, ઑર્ડિ. ૩૮૨, ઑર્ડિ. ૩૮૩ તથા રેગ્યુ. ૨૬૪, રેગ્યુ. ૨૬૪--એ, રેગ્યુ. ૨૬૫, રેગ્યુ. ૨૬૫--એ, રેગ્યુ. ૨૬૬, રેગ્યુ. ૨૬૬--એ, રેગ્યુ. ૨૬૭, રેગ્યુ. ૨૬૭--એ મંજૂર કરવા તથા તેને જૂન ૧૯૭૨થી અમલમાં મૂકવાની એકેડેમિક કાઉન્સિલની તા. ૬/૭--૪--૧૯૭૨ની સભાની ભલામણ પર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે એકેડેમિક કાઉન્સિલની ઉપરની ભલામણ મંજૂર કરવી, અને તે મુજબ ઑર્ડિ. ૩૮૦, ૩૮૧, ૩૮૨, ૩૮૩ તથા રેગ્યુ. ૨૬૪, ૨૬૪--એ, ૨૬૫, ૨૬૫--એ, ૨૬૬, ૨૬૬--એ, ૨૬૭ અને ૨૬૭--એ મંજૂર કરવા તથા તેને જૂન ૧૯૭૨થી અમલમાં મૂકવા.

૧૨૮. સદરહુ બાબતની વિચારણા આગળ બાબત નં. ૯૨ પછી કરવામાં આવેલી હોઈ તેની નોંધ તે ક્રમમાં દર્શાવવામાં આવી છે.

૧૨૯. સેનેટે તેની તા. ૨૪/૨૫/૨૬--૩--૧૯૭૨ની વાર્ષિક સભાએ રિફર-બૅક કરેલ ઑર્ડિ. ૩૬૯ ઍકૅડેમિક કાઉન્સિલે તેની તા. ૬/૭--૪--૧૯૭૨ની સભાએ નીચે પ્રમાણે સુધારેલ હોઈ તે પર વિચારણા કરવા બાબત :

O. 369 :

"No candidate shall be admitted to the Second B.D.S. unless he has passed the First B.D.S. Examination and shall have been engaged in Dental studies at a Dental College affiliated to this University for at least two clear terms after passing the first B.D.S. Examination."

આથી ઠરાવવામાં આવે છે કે ઍકૅડેમિક કાઉન્સિલની ઉપરની ભલામણ મંજૂર કરવી અને તે મુજબ ઑર્ડિ. ૩૬૯ સુધારવો અને તેને તાત્કાલિક અમલમાં મૂકવો.

૧૩૦. તા. ૨૯/૩૦--૯--૧૯૭૧ની અને તા. ૮--૧--૧૯૭૨ની સેનેટની વિશેષ સભામાં પસાર થયેલ નીચેનો ઠરાવ સિન્ડિકેટે તેની તા. ૫/૬--૨--૧૯૭૨ની સભામાં ઍકૅડેમિક કાઉન્સિલની વિચારણા માટે મોકલેલ હોઈ તે પર ઍકૅડેમિક કાઉન્સિલની તા. ૬/૭--૪--૧૯૭૨ની સભાની નીચેની ભલામણ પર વિચારણા કરવા બાબત :

સેનેટનો ઠરાવ

"સેનેટની આ સભા સંબદ્ધ સત્તામંડળોને ભલામણ કરે છે કે વ્યાખ્યાતા તરીકે લાયક હોવા છતાં ટ્યૂટર તરીકે કામ કરતી વ્યકિતઓનો શૈક્ષણિક અનુભવ પ્રાધ્યાપક તરીકે બઢતી અને અનુસ્નાતક શિક્ષકપદની યોગ્યતા માટે ગણતરીમાં લેવા અંગેના સુયોગ્ય નિયમો ઘડવા."

ઍકૅડેમિક કાઉન્સિલની ભલામણ

"આથી ઠરાવવામાં આવે છે કે જે વ્યકિત પોતાના વિષયમાં લેકચરરની જગ્યા માટે યુનિવર્સિટીએ નિયત કરેલી જરૂરી લાયકાત ધરાવતી હોવા છતાં તે ટ્યૂટર તરીકે કામ કરતી હોય તો તે વ્યકિતનો, ભવિષ્યમાં લેકચરર તરીકેની નિમણૂકના હેતુ માટે, બે વર્ષથી વધુ નહીં તેટલો ટ્યૂટર તરીકેનો તેનો અનુભવ, તેના શૈક્ષણિક અનુભવ તરીકે ગણવા સિન્ડિકેટને ભલામણ કરવી."

આથી ઠરાવવામાં આવે છે કે ઍકૅડેમિક કાઉન્સિલની ઉપરની ભલામણ મંજૂર કરવી.

બાબત નં. ૧૩૧ થી ૧૪૨

૧૩૧. શ્રી. કે. એસ. શાસ્ત્રીના નીચેના પ્રસ્તાવ પર વિચારણા કરવા બાબત :

"જે અધ્યાપકો સંલગ્ન કૉલેજોમાં અધ્યાપનકાર્ય કરતા હોય અને કૉલેજ દ્વારા તેમની શિક્ષક તરીકેની માન્યતા માટે અરજી કરવામાં ન આવી હોય તો તેવા તમામ અધ્યાપકોને જો તેઓ જરૂરી લાયકાત ધરાવતા હોય તો જ્યારથી અધ્યાપન કરતા હોય ત્યારથી તેમને જે તે પદ માટે લાયક ગણવા."

૧૩૨. આચાર્ય ગિરીશભાઈ પટેલના નીચેના પ્રસ્તાવ પર વિચારણા કરવા બાબત :

"સંલગ્ન કૉલેજોમાં શિક્ષણનું કાર્ય કરતા શિક્ષકોની નોકરીની સલામતી અને સ્થિરતા માટે અને તે અંગે યોગ્ય ધોરણો ઊભાં થાય તે માટે યુનિવર્સિટીએ તાત્કાલિક પગલાં ભરવાં જરૂરી છે અને તેથી નીચેનો ઑર્ડિનન્સ થવા સિન્ડિકેટને ભલામણ છે :

"No teacher (including the Principal of an affiliated college) working in any of affiliated colleges in Gujarat University shall be dismissed, discharged of reduced in rank without the approval of the Syndicate."

૧૩૩. આચાર્ય ગિરીશભાઈ પટેલના નીચેના પ્રસ્તાવ પર વિચારણા કરવા બાબત :

"સંલગ્ન કૉલેજોમાં કાર્ય કરતા શિક્ષકોની નિમણૂકો તેમ જ તેમાં થતા ફેરફાર અંગે માહિતી આપતા ઑ. ૯૬, ઑ. ૯૭ અંગે કૉલેજો શિક્ષકોનાં નામો વગેરે યુનિવર્સિટીને મોકલે તે ફૉર્મમાં લાગતાવળગતા શિક્ષકની સહી લેવી આવશ્યક ગણાવી જોઈએ અને તે અંગે યુનિવર્સિટી જે પગલાં લે તેની તે શિક્ષકને પણ જાણ કરવી જોઈએ."

૧૩૪. આચાર્ય ગિરીશભાઈ પટેલના નીચેના પ્રસ્તાવ પર વિચારણા કરવા બાબત :

"સાયન્સ, આર્ટ્સ અને કૉમર્સ ફૅકલ્ટીમાં ત્રણ વર્ષના અભ્યાસક્રમમાં વધારે પડતું Specialization લેવાને કારણે વિદ્યાર્થીઓને સ્નાતક કક્ષાએ નુકસાન થયું છે, અને તેથી કેમ્બ્રિજ કે ઑક્સફર્ડમાં Triperની પદ્ધતિ છે તેના જેવી પદ્ધતિ અપનાવવા અંગે વિચારણા કરવી જરૂરી છે."

૧૩૫. આચાર્ય ગિરીશભાઈ પટેલના નીચેના પ્રસ્તાવ પર વિચારણા કરવા બાબત :

"સંલગ્ન યુનિવર્સિટીમાં બધા જ માટે શિક્ષણ અને વિદ્યાનાં ધોરણો ગુણવત્તાની દૃષ્ટિએ ઊંચે આવે તે માટે કયાં ચોક્કસ, વ્યવહારુ અને તાત્કાલિક અમલમાં આવે એવાં પગલાં લેવાં તે અંગે સમગ્ર વિચારણા કરવી જરૂરી છે અને તે અંગે તાત્કાલિક કમિટી નીમી એક મહિનામાં તેનો અહેવાલ મગાવવો."

૧૩૬. આચાર્ય ગિરીશભાઈ પટેલના નીચેના પ્રસ્તાવ પર વિચારણા કરવા બાબત :

"યુ.જી.સી. તરફથી મળતી વિવિધ પ્રકારની ગ્રાન્ટોનો સત્વરે લાભ લેવાય તે આવશ્યક છે અને તે માટે મૅચિંગ ગ્રાન્ટો, કૉલેજો ઊભી કરે તેવા પ્રયત્નો કરવા જોઈએ અને ગુજરાત સરકાર આવી મૅચિંગ ગ્રાન્ટ લોન તરીકે કે કોઈ બીજી રીતે કૉલેજોને આપી શકે તે માટે એક Educational Finance Corporation જેવી સંસ્થા ઊભી કરે તે માટે ગુજરાત સરકાર સાથે તાત્કાલિક વાટાઘાટ કરવામાં આવે."

૧૩૭. આચાર્ય ગિરીશભાઈ પટેલના નીચેના પ્રસ્તાવ પર વિચારણા કરવા બાબત :

"કેન્દ્રના તેમ જ રાજ્યના વિવિધ મજૂર અને ઔદ્યોગિક કાયદાઓ યુનિવર્સિટી તેના કર્મચારીઓ અને કૉલેજો અને તેના કર્મચારીઓને લાગુ પાડવા માટે આ યુનિવર્સિટી કેન્દ્ર સરકાર તેમ જ રાજ્ય સરકારને ભલામણ કરે."

૧૩૮. આચાર્ય ગિરીશભાઈ પટેલના નીચેના પ્રસ્તાવ પર વિચારણા કરવા બાબત :

" યુનિવર્સિટી સાથેની સંલગ્ન કૉલેજોના વહીવટ અંગે વિવિધ પ્રકારની ફરિયાદો અને કેટલીક કૉલેજોના સંચાલકમંડળોનાં વર્તતાં જતાં મનસ્વી કાર્યોને ધ્યાનમાં લેતાં સિન્ડિકેટે બધી જ કૉલેજોની સર્વાંગી તપાસ કરાવવી જોઈએ અથવા ગુજરાત યુનિવર્સિટી ઍક્ટ હેઠળ ચાન્સેલરને તપાસ કરવા વિનંતી કરવી જોઈએ."

૧૩૯. આચાર્ય ગિરીશભાઈ પટેલના નીચેના પ્રસ્તાવ પર વિચારણા કરવા બાબત :

" યુનિવર્સિટી સાથે જોડાયેલી સંલગ્ન કૉલેજોના તપાસ માટે યુનિવર્સિટીએ તાત્કાલિક એટલે કે એક મહિનામાં ઈન્સ્પેકશન યુનિટ ઊભું કરવું જોઈએ અને તે માટે જરૂરી કાર્યવાહી તરત જ શરૂ કરવી. "

૧૪૦. ભવન્સ આર્ટ્સ ઍન્ડ સાયન્સ કૉલેજ, ડાકોર, જૂન ૧૯૭૨થી બી.એ.(મુખ્ય)માં સંસ્કૃત અને બી.એ.(સબો.)માં રાજ્યનીતિશાસ્ત્ર અને મનોવિજ્ઞાન તથા બી.એસસી.(જન.)માં વનસ્પતિવિજ્ઞાનના અભ્યાસક્રમોનું શિક્ષણકાર્ય આર્થિક તંગીને કારણે ઓ. ૧૨૦-એફ મુજબ ક્રમશઃ બંધ કરવા માગે છે તો તેની પરવાનગી આપવા અંગે વિચારણા કરવા બાબત.

૧૪૧. સિન્ડિકેટે તેની તા. ૯/૧૦--૮--૧૯૬૯ની સભામાં ક્રમાંક નં. ૧૪થી ચંદ્રક વગેરે પ્રદાનો એનાયત કરવા માટે પ્રથમ વર્ગની શરત રાખવા અંગે દાતાઓની સંમતિ માગતી " શ્રી. મોહનલાલ લલ્લુભાઈ શુકલ વ્યાકરણ ગોલ્ડ મેડલ " અંગે ડૉ. જે. એમ. શુકલના તેમની અસંમતિ દર્શાવતા તેમના તા. ૫--૧૧--૧૯૭૧ના પત્ર પર વિચારણા કરવા બાબત.

[**નોંધ.** -- (૧) અનુસ્નાક પરીક્ષાઓમાં જે તે વિષયો માટેનાં પ્રદાન આપવાનાં હોય છે તે પ્રદાનો માટે અનુસ્નાતક કક્ષાની પરીક્ષાઓ હોઈ પ્રથમ વર્ગની શરત રાખવી કે કેમ તે અંગે વિચારણા કરવાની થાય છે.

(૨) ચાલુ વર્ષ એમ.એ. પરીક્ષા માટે પ્રથમ વર્ગમાં કોઈ ન હોય તેવા વિષયો માટેનાં પ્રદાનો હવે પછી જાહેર કરવાનાં છે.]

૧૪૨. સિન્ડિકેટે તેની તા. ૯/૧૦--૮--૧૯૬૮ની સભામાં ક્રમાંક નંબર ૧૪થી ચંદ્રક વગેરે પ્રદાનો એનાયત કરવા માટે પ્રથમ વર્ગની શરત રાખવા અંગે દાતાઓની સંમતિ માગતાં શ્રી. સેવકલાલ રતનલાલ ગોલ્ડ મેડલ અને હરિભાઈ ગોપાલજી દેસાઈ ગોલ્ડ મેડલ અંગે શ્રી. બટુભાઈ એચ. દેસાઈ તેમના તા. ૫--૩--૧૯૭૨ના પત્રથી કાંઈ ફેરફારની તરફેણ કરતા નથી તેમ જણાવે છે તો તે અંગે યોગ્ય વિચારણા કરવા બાબત.

સદરહુ બાબતોની વિચારણા મોકૂફ રાખવામાં આવી હતી.

૧૪૩. યુનિવર્સિટી ગ્રાન્ટ્સ કમિશનને તેના પત્રાંક એફ. ૮--૩૦--૭૧ બીપીયુ તા. ૧૮-૪-૧૯૭૨થી " Award of fellowships for undertaking writing of book at University level in association with distinguished University Teachers "ની યોજના હેઠળ ડૉ. એમ. ઓન. જિંદાલ,

બી. જે. મેડિકલ કૉલેજ, અમદાવાદ--૧૬ને ૧૯૭૨ના વર્ષ માટે "Pharmacology"ના વિષય પર પુસ્તક લખવા માટે રૂ. ૨,૦૦૦ "on account" ગ્રાન્ટ મંજૂર કર્યાની નોંધ લેવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બાબતની નોંધ લેવી.

૧૪૪. ફાર્મસીની અભ્યાસસમિતિની તા. ૧૪—૧૦--૧૯૭૧ની સભાની ભલામણ અનુસાર ફાર્મસીની કૉલેજમાં નિમાતા શિક્ષકોની લાયકાતનાં ધોરણો ઍકેડેમિક કાઉન્સિલે તેની તા. ૬/૭--૪--૧૯૭૨ની સભામાં મંજૂર કરેલ હોઈ તે પર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બાબત ફાર્મસીની વિદ્યાશાખાની વિચારણા માટે મોકલવી.

૧૪૫. માર્ચ—એપ્રિલ ૧૯૭૨માં લેવાયેલ જુદી જુદી પરીક્ષાઓમાં અજમાવેલ ગેરવાજબી ઇલાજો અંગેના કેસો પર વિચારણા કરવા તા. ૫--૬--૧૯૭૨ના રોજ મળેલ પરીક્ષા શુદ્ધિસમિતિની છઠ્ઠી સભાની ભલામણો પર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ સમિતિની તા. ૫--૬--૧૯૭૨ની સભાની ભલામણો મંજૂર કરવી.

(સદરહુ સમિતિની ભલામણો સામેલ કરવામાં આવી નથી.)

૧૪૬. સમાજવિદ્યા ભવનમાં રાજ્યશાસ્ત્રના વ્યાખ્યાતાઓ(બે જગ્યા)ની નિમણૂકો અંગે વરણી સમિતિની તા. ૯--૬--૧૯૭૨ના રોજ મળેલી સભાની ભલામણ પર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સમાજવિદ્યા ભવનમાં રાજ્યશાસ્ત્રના વ્યાખ્યાતાની બેઉ જગ્યા ઉપર નીચેની વ્યક્તિઓને રૂ. ૪૦૦–૪૮–૮૦૦–૫૦–૯૫૦ના પગારધોરણમાં પ્રત્યેકને રૂ. ૪૦૦–૦૦ના મૂળ માસિક પગારથી બે વર્ષના અજમાયશી ધોરણે નીમવા :

(૧) શ્રી. દિનેશ એમ. શુકલ

(૨) શ્રી. જે. આઈ. વ્યાસ.

(સદરહુ વરણીસમિતિની તા. ૯-૬૧-૯૭૨ની સભાની ભલામણ **પરિશિષ્ટ "ચ"** તરીકે સામેલ છે.)

૧૪૭. માર્ચ--એપ્રિલ ૧૯૭૨ની ફર્સ્ટ બી.એસસી. પરીક્ષાના વિદ્યાર્થી નં. ૪૪૧૪ની બાયોલોજી વિષયની ઉત્તરવહીઓની ગુણચકાસણી કરતાં ગાંધીનગર કેન્દ્રના ૩૪ વિદ્યાર્થીઓના ગુણાંકમાં ભૂલ થયેલ માલૂમ પડી છે તેમાં ફક્ત ૩ વિદ્યાર્થીઓનાં પરિણામમાં ફેરફાર થાય છે તે અંગે વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ કેસોમાં થયેલી ભૂલોને સુધારવાના કુલપતિશ્રીના કાર્યની નોંધ લેવી, અને તે બાબતમાં જવાબદાર સભ્ય/સભ્યોનો ખુલાસો પરીક્ષા શુદ્ધિસમિતિની વિચારણા માટે મોકલવો.

૧૪૮. સદરહુ બાબતની વિચારણા આગળ બાબત નં. ૮૮ પછી કરવામાં આવેલી હોઈ, તેની નોંધ તે ક્રમમાં દર્શાવવામાં આવી છે.

૧૪૯. 'કયોટો', જાપાન મુકામે સપ્ટેંબર ૧૯થી ૨૩, ૧૯૭૨ના સમય દરમ્યાન "World Congress of Anaesthetists"ના અધિવેશનમાં હાજરી આપવા માટે ડૉ. બી. કે. ઝાને આર્થિક સહાય કરવા અંગે શેઠ કે. એમ. સ્કૂલ ઑફ પોસ્ટ-ગ્રેજ્યુએટ મેડિસિન ઍન્ડ રિસર્ચના અધ્યક્ષ તરફથી આવેલ પત્ર પર વિચારણા કરવા બાબત.

સદરહુ બાબતની વિચારણા મોકૂફ રાખવામાં આવી હતી.

૧૫૦. શ્રી. સત્યેન્દ્ર કા. ઝવેરીના નીચેના પ્રસ્તાવ પર વિચારણા કરવા બાબત :

" No management or college shall terminate the services of any teacher without the previous approval of the Syndicate of this University."

સદરહુ બાબતની વિચારણા મોકૂફ રાખવામાં આવી હતી.

૧૫૧. ખંડ સમયના અધ્યાપકો માટેની નોકરીની શરતો અને અન્ય બાબતો આપવાની બાબતમાં ચર્ચાવિચારણા કરી અહેવાલ રજૂ કરવા માટે સિન્ડિકેટની તા. ૧૪—૧૨—૧૯૭૧ની સભામાં નિયુક્ત થયેલી સમિતિની તા. ૧—૫—૧૯૭૨ની સભાની ભલામણો પર ભલામણ કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ સમિતિની તા. ૧—૫—૧૯૭૨ની સભાની ભલામણો મંજૂર કરવી, અને ખંડ સમયના અધ્યાપકો માટેની નોકરી અંગેની આ સુધારેલી શરતોનો અમલ તા. ૧૫—૬—૧૯૭૨થી કરવાનું રાખવું.

(સંલગ્ન કૉલેજોમાં ખંડ સમયના શિક્ષકોની સેવાઓ માટેના સુધારેલા નિયમોની નકલ પરિશિષ્ટ " છ " તરીકે સામેલ છે.)

૧૫૨. યુનિવર્સિટી કેન્ટીન ચલાવવા માટે તા. ૧--૬--૧૯૭૨થી બે વર્ષ માટે સંતોષ કેટરર્સને કુલપતિશ્રીએ કામ આપવાનું મંજૂર કર્યું તેની નોંધ લેવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે કુલપતિશ્રીના સદરહુ કાર્યની નોંધ લેવી.

તે પછી પ્રમુખશ્રીની પરવાનગીથી નીચેની બાબતો વિચારણા માટે રજૂ કરવામાં આવી :

૧૫૨--અ. બી. ડી. આર્ટ્સ કૉલેજમાં વ્યાયામશિક્ષક અને ઈતિહાસના વ્યાખ્યાતા તરીકે કાર્ય કરતા શ્રી. શાંતિલાલ શાહને ઈતિહાસના વ્યાખ્યાતા તરીકે કાર્ય કરવા માટે વિકલ્પ આપવા અંગે વિચારણા કરવા બાબત.

કેટલીક ચર્ચાવિચારણાને અંતે ઠરાવવામાં આવ્યું કે બી. ડી. આર્ટ્સ કૉલેજ તરફથી શ્રી. શાંતિલાલ સી. શાહને ઈતિહાસના લેકચરર તરીકેની કામગીરી પણ સોંપવામાં આવેલી છે અને શ્રી. શાંતિલાલ શાહને અનુસ્નાતક શિક્ષકના મદદનીશ તરીકે તા. ૨૧--૬--૧૯૬૮થી માન્ય કરવામાં આવ્યા છે તે હકીકતો લક્ષમાં લઈને સદરહુ કૉલેજમાં વ્યાયામશિક્ષકની જગ્યા કે ઈતિહાસના લેકચરરની જગ્યા, એ બે જગ્યાઓ પૈકી એક જગ્યા પસંદ કરવાનો વિકલ્પ તેમને આપવો.

૧૫૨--બ. સ્ટાફ જોઈન્ટ કન્સલટેટિવ કમિટી ઉપર ઑર્ડિ. ૧૫૭ હેઠળ સિન્ડિકેટ તરફથી એક વર્ષ માટે ચાર સભ્યો નિયુક્ત કરવા વિચારણા કરવા બાબત :

ઑર્ડિ. ૧૫૭ :

(*c*) Two members of the Syndicate, nominated by the Syndicate, each of whom shall function for a period of one year;

(*d*) Two members of the Senate (not being members of the Syndicate nominated by the Syndicate each of whom shall function for a period of one year.)

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ સમિતિ પર યુનિવર્સિટીના પ્રતિનિધિઓ તરીકે નીચેના સભ્યોની નિમણૂક કરવી :

(૧) શ્રી. રણજિતરાય ગં. શાસ્ત્રી
(૨) આચાર્ય ગિરીશભાઈ પટેલ
(૩) શ્રી. ચંદ્રકાંત દરુ
(૪) પ્રો. આર. કે. અમીન.

૧૫૨--ક. ગુજરાત યુનિવર્સિટી એરિયા ટીચર્સ એસોસિયેશનના મંત્રીશ્રીના તા. ૨--૬--૧૯૭૨ના પત્ર પર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સ્વ. શ્રી. મહેન્દ્રભાઈ પુરોહિતની બાબતમાં તેમની સેવાઓ અંગેની વિગતો કૉલેજ પાસેથી મેળવીને આ સભાગૃહ સમક્ષ રજૂ કરવાનું રાખવું.

૧૫૩. વિજ્ઞાન વિદ્યાભવનના વનસ્પતિવિજ્ઞાન વિભાગના શિક્ષક ડૉ. ઓ. પી. સક્સેનાના પોતાના સંશોધન Bio-physical and bio-chemical studies on ascorbozyma(s), freeradical of ascorbic acid and rate of P. 32 esterification by ascorbic acid in cell filter dividing and cell elongating systems" અંગે યુનિવર્સિટી ગ્રાન્ટ્સ કમિશનને તેમના પત્રાંક નં. F. 6-3(3937)/ 72 (SEI) તા. ૨૭--૫--૧૯૭૨થી રૂ. ૧,૦૦૦ (રૂપિયા એક હજાર)ના અનુદાનની રકમ મંજૂર કર્યાની નોંધ લેવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બાબતની નોંધ લેવી.

૧૫૪. યુનિવર્સિટી સમાજવિદ્યા ભવનના અર્થશાસ્ત્ર વિભાગ તરફથી યોજવામાં આવેલા "Course on Quantitating methods in Economics" અંગે યુનિવર્સિટી ગ્રાન્ટ્સ કમિશનને તેમના પત્રાંક એફ. ૩--૨૪--૭૨ (એસઆઈ) તા. ૧--૬--૧૯૭૨થી રૂ. ૨૬,૮૦૦ના અનુદાનની રકમ મંજૂર કર્યાની નોંધ લેવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બાબતની નોંધ લેવી.

બાબત નં. ૧૫૫-૧૫૬

૧૫૫. ગુજરાત યુનિવર્સિટી સ્ટાફ સ્પોર્ટ્સ કલબને સને ૧૯૭૨ના વર્ષ માટે આર્થિક સહાય આપવા અંગેના સદરહુ કલબના સામાન્ય મંત્રીના તા. ૧૪--૬--૧૯૭૨ના પત્ર પર વિચારણા કરવા બાબત.

[**નોંધ.**—સિન્ડિકેટે તેની તા. ૧૭/૧૮--૪--૧૯૭૧ની સભામાં ૧૯૭૧ના વર્ષ માટે સદરહુ કલબને રૂ. ૨,૫૦૦(અંકે રૂપિયા બે હજાર પાંચસો ફક્ત)ની આર્થિક સહાય આપવાનું ઠરાવ્યું હતું.]

૧૫૬. વિજ્ઞાન વિદ્યાભવનમાં રસાયણશાસ્ત્રના રીડરની ખાલી પડેલી જગ્યા માટે તથા સમાજવિદ્યા ભવનમાં રીડર-ઈન-લેબર વેલ્ફેરની ખાલી પડેલી જગ્યા પર ઑર્ડિ. ૬૬ પ્રમાણે વરણી સમિતિ પર ત્રણ-ત્રણ સભ્યોની નિમણૂક કરવા અંગે વિચારણા કરવા બાબત.

સદરહુ બેઉ બાબતોની વિચારણા મોકૂફ રાખવામાં આવી હતી.

બાબત નં. ૧૫૭ અને ૧૫૯--આ(૧)ની વિચારણા સાથે કરવામાં આવી.

૧૫૭. આર્ટ્સ ઍન્ડ સાયન્સ કૉલેજ, ભાદરણના આચાર્યશ્રી આઈ. એમ. પટેલના નીચેના સૂચન પરત્વે વિચારણા કરવા બાબત :

(૧) માન્ય અનુસ્નાતક શિક્ષક અગર માન્ય અનુસ્નાતક શિક્ષકના મદદનીશ શિક્ષક તરીકેની માન્યતાના અનુક્રમે ઑર્ડિ. ૬૧-એફ અને ઑર્ડિ. ૬૫-એમ મુજબ જે શિક્ષક તા. ૧૫--૬--૧૯૭૨ના રોજ માન્યતા મેળવવાને પાત્ર હતા તેમને ઍડહૉક ધોરણે માન્યતા આપવી; અથવા

(૨) જૂના નિયમ મુજબ માન્ય અનુસ્નાતક શિક્ષક તરીકેની માન્યતા મેળવવાને પાત્ર હોય તેવા શિક્ષકોને મદદનીશ શિક્ષક તરીકેની માન્યતા આપી એક વર્ષ માટે અનુસ્નાતક કેન્દ્રમાં જેટલા શિક્ષકો હોય તેટલા શિક્ષકોથી અનુસ્નાતક કેન્દ્ર ચાલુ રાખવા પરવાનગી આપવી.

(૩) સુધારેલા ઑર્ડિ. ૬૧-એફ(૧) અને ઑર્ડિ. ૬૫-એમ (૧) નો અમલ તા. ૧૫ જૂન ૧૯૭૨ને બદલે તા. ૧૬ જૂન ૧૯૭૨થી કરવાનું રાખવું.

૧૫૯--અ. કુલપતિશ્રીએ મંજૂર કરેલા નીચેના કાર્યની નોંધ લેવા બાબત :

(૧) સુધારેલા નવા ઑર્ડિ. ૬૧ (પી) અનુસાર જરૂરી સ્થાનિક શિક્ષકગણના અભાવે આ સાથેની યાદીમાં જણાવેલ અનુસ્નાતક કેન્દ્રો બંધ પડેલાં જાહેર કર્યાના.

તે પછી લંબાણ ચર્ચાવિચારણાને અંતે ઠરાવવામાં આવ્યું કે અનુસ્નાતક શિક્ષણની વ્યવસ્થામાં જે સુધારા તાજેતરમાં કરવામાં આવ્યા છે તે શિક્ષણનું ધોરણ સુધારવાની દિશામાં લેવાયેલું એક આવકારપાત્ર પગલું છે; તેમ છતાં ચાલુ વર્ષે અનુસ્નાતક કેન્દ્રોને સ્થાનિક શિક્ષકોની જરૂરિયાત સંતોષવામાં રાહત રહે તે માટે અપવાદ તરીકે ચાલુ શૈક્ષણિક વર્ષ (એટલે કે ૧૯૭૨--૭૩નું વર્ષ) દરમ્યાન માન્ય અનુસ્નાતક શિક્ષક તરીકેની માન્યતા અનુક્રમે જૂના ઑર્ડિ. ૬૫--એફ અને ઑર્ડિ. ૬૫--એમ અનુસાર તદર્થ (ઍડહૉક) ધોરણે આપવાનું રાખવું.

૧૫૮. યુનિવર્સિટીના રસાયણવિજ્ઞાનના પ્રત્યેક કેન્દ્રમાં કેટલા વિદ્યાર્થીઓ દાખલ કરવા જોઈએ તે માટે નવેસરથી વિચારણા કરી પોતાનો સુચિંતિત અહેવાલ રજૂ કરવા માટે સિન્ડિકેટે તેની તા. ૯/૧૬--૧--૧૯૭૨ની સભામાં નીમેલી ડૉ. આર. ડી. પટેલ અને ડૉ. સી. એમ. દેસાઈની સમિતિએ કરેલા અહેવાલ પરત્વે વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બાબતની વિચારણા મોકૂફ રાખવી.

૧૫૯. યુનિવર્સિટીના બિનશિક્ષણવર્ગના કર્મચારીઓના યુનિયનને માન્યતા આપવાના નિયમમાં ઑર્ડિ. ૧૫૮ પ્રમાણે જે જગ્યાઓનો શરૂઆતનો પગાર રૂ. ૩૫૦થી ઓછો હોય તે જગ્યા ઉપર નિમાયેલા કર્મચારીઓ સંઘના સભ્ય થઈ શકે તે સંદર્ભમાં યુનિવર્સિટીએ તા. ૧--૪--૧૯૭૧થી કર્મચારીઓના પગારમાં મોંઘવારીનો કેટલોક ભાગ ભેળવ્યો હોવાથી તેના સંદર્ભમાં સદરહુ ઑર્ડિનન્સ અંગે પુનર્વિચારણા કરવા બાબત.

ઑ. ૧૫૮નો સંબંધકર્તા ભાગ નીચે મુજબ છે :

"Subject to the provisions hereinafter appearing in this behalf, non-teaching paid employees of the University who are appointed on permanent or on probation post of which initial basic pay is less than three hundred and

fifty rupees at the time of appointment, excepting employees holding a post of and above the rank of Asst. Registrar or any comparable thereto in respect of designation, category or pay-scale, hereinafter referred to as "employees" may after forming themselves into an association at all times exceed fifty per cent of the total number of such employees of the University for the time-being."

આથી ઠરાવવામાં આવે છે કે ઑર્ડિ. ૧૫૮ આ સાથે જોડેલ પરિશિષ્ટ મુજબ વંચાય તે રીતે સુધારવો. (**પરિશિષ્ટ "જ"** આ સાથે સામેલ છે.)

૧૧૯--અ. (૨) સિન્ડિકેટે તેની તા. ૪/૧૦--૩--૧૯૭૨ની સભામાં સુધારેલા અનુસ્નાતક નિયમ નં. ૨૦માં 'સિનોપ્સીસ' શબ્દને બદલે 'થિસિસ' શબ્દ છપાયાની છાપભૂલ સુધાર્યાના કુલપતિશ્રીના કાર્યની નોંધ લેવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે કુલપતિશ્રીના ઉપરના કાર્યની નોંધ લેવી.

બાબત નં. ૧૬૦--૧૬૧

૧૬૦. બોર્ડ ઑફ એકસ્ટ્રામ્યુરલ સ્ટડીઝના નીચેના સભ્યોના સભ્યપદની મુદત પૂરી થયેલ હોઈ તેમની જગ્યાએ ઑ. ૪૭ હેઠળ નવા સભ્યોની નિમણૂક કરવા બાબત :

૧. શ્રી. જે. આર. વ્યાસ
૨. ડૉ. ડી. એચ. સુતરિયા
૩. ડૉ. ૫. ગુ. નાયક
૪. આચાર્ય હરિહર શુકલ
૫. આચાર્ય ધીરુભાઈ પી. ઠાકર
૬. આચાર્ય એસ. આર. મહેતા
૭. આચાર્ય બી. એમ. પીરઝાદા
૮. શ્રી. વિનોદભાઈ અધ્વર્યુ
૯. શ્રી. સત્યેન્દ્ર કાળિદાસ ઝવેરી.

૧૬૧. કમલા એજ્યુકેશન ટ્રસ્ટ, અમદાવાદ તથા પંકજ કેળવણી મંડળ, અમદાવાદની જૂન ૧૯૭૧થી અમદાવાદ ખાતે નવી શિક્ષણની કૉલેજ શરૂ કરવા માટેની જોડાણઅરજી પર સેનેટની તા. ૧૯/૨૦/૨૧/૨૭/૨૮--૩--૧૯૭૧ની સભામાં સદરહુ કૉલેજોને જોડાણ આપવા અંગેનો ઠરાવ બહુમતીએ ઊડી ગયો હતો તેની જાણ રાજ્ય સરકારને કરવામાં આવી હતી. રાજ્ય સરકારે સદરહુ કૉલેજોને બે વર્ષની મુદત માટે જોડાણ આપતું જાહેરનામું બહાર પાડેલ છે તો તે અંગે વિચારણા કરવા બાબત.

સદરહુ બાબતોની વિચારણા મોકૂફ રાખવામાં આવી હતી.

૧૬૨. માર્ચ--એપ્રિલ ૧૯૭૨માં લેવાયેલ જુદી જુદી પરીક્ષાઓ દરમ્યાન વિદ્યાર્થીઓએ અજમાવેલ ગેરવાજબી ઉલાજો અંગેના કેસો પર વિચારણા કરવા તારીખ ૧૪--૬--૧૯૭૨ના રોજની પરીક્ષાશુદ્ધિસમિતિની સભાની ભલામણો પર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ સમિતિની તા. ૧૪--૬--૧૯૭૨ની ભલામણો મંજૂર કરવી.

(સદરહુ સમિતિની ભલામણો સામેલ કરવામાં આવી નથી.)

૧૬૩. તા. ૧૬--૬--૧૯૭૨ ને શુક્રવારના રોજ મળેલ ફાઇનાન્સ સમિતિની સભાની ભલામણો ઉપર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે ફાઇનાન્સ સમિતિની તા. ૧૬--૬--૧૯૭૨ની સભાની ભલામણો મંજૂર કરવી.

(મંજૂર કરવામાં આવેલી તા. ૧૬--૬--૧૯૭૨ની સભાની નોંધ **પરિશિષ્ટ "ઝ"** તરકે સામેલ કરવામાં આવી છે.)

૧૬૪. બી. એમ. ઈન્સ્ટિટ્યૂટ, અમદાવાદ તરફથી નીચે જણાવેલ ડિપ્લોમાના અભ્યાસક્રમો માટેની માન્યતા મેળવવા માટે અરજી આવેલી છે:

1. **Diploma in Psychiatric Social Work**
2. **Diploma in Psychiatric Occupational Therapy**
3. **Diploma in Psychotherapy**
4. **Diploma in Educational for non and normal child.**

પરંતુ "Audiology & Speech therapy" ડિપ્લોમાનો અભ્યાસક્રમ આપણી યુનિવર્સિટીમાં ઘડાયેલ ન હોઈ મજકૂર વિષય માટે મુંબઈ યુનિવર્સિટીની માન્યતા મેળવવા અંગે પરવાનગી મેળવવા સદરહુ સંસ્થા તરફથી આવેલ તા. ૬--૬--૧૯૭૨ના પત્ર પર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બાબતની વિચારણા મોકૂફ રાખવી.

૧૬૫. બી. ડી. સાયન્સ કૉલેજ, અમદાવાદના મકાનની ક્ષમતા અંગે સિન્ડિકેટે તેની તા. ૬--૫--૧૯૭૨ની સભામાં નીમેલ સમિતિના અહેવાલ પર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે બી. ડી. સાયન્સ કૉલેજના મકાનની ક્ષમતા અંગે તા. ૧૫--૭--૧૯૭૨ પછી ફરી તપાસ કરી અહેવાલ રજૂ કરવા સદરહુ સમિતિને જણાવવું.

દરમ્યાન ૧૨૦ વિદ્યાર્થીઓ(ભાઈઓ તથા બહેનો)ને દાખલ કરી શકાશે.

વધુમાં સદરહુ કૉલેજ અંગેના બીજા પ્રશ્નોની બાબતની વિચારણા બાકી રાખવામાં આવી હતી.

તા. ૨૬—૬—૧૯૭૨ના રોજ સાંજે ૧૧-૦૦ વાગ્યે સભાગૃહનું કામકાજ શરૂ થયું તે પછી બી. ડી. આર્ટ્સ કૉલેજમાં શ્રી. શાંતિલાલ શાહને વ્યાયામશિક્ષક તેમ જ ઈતિહાસના લેકચરર એમ બે પ્રકારની કામગીરી સોંપવામાં આવી હતી તે કેસના સંદર્ભમાં તે કૉલેજના આચાર્યશ્રી એસ. આર. ભટ્ટ અને શ્રી. શાંતિલાલ શાહને મળવા માટે બોલાવવામાં આવેલા છે અને તેઓ કાર્યાલયમાં હાજર છે તેની શ્રી. કુલસચિવે સભાગૃહને જાણ કરી. તે પછી સભાગૃહે સ્પષ્ટતા કરી કે તેઓને પત્ર લખીને હાજર રહેવા માટે જણાવવામાં આવ્યું છે તે બાબતમાં કાર્યાલયની ગેરસમજ થયેલી જણાય છે.

વધુમાં આવા કેસોમાં સબંધકર્તા વ્યકિતઓને સિન્ડિકેટની સભામાં બોલાવવાનો શિરસ્તો પાડવો યોગ્ય નથી એમ પણ સભાગૃહનો સામાન્ય મત હતો.

તે પછી કુલસચિવે તે બેઉ વ્યકિતઓને મળીને ગેરસમજ અંગે સ્પષ્ટતા કરવી એમ સભાગૃહે સૂચવ્યું, તે પછી તે મુજબ સ્પષ્ટતા કરવામાં આવી.

તે પછી સભાગૃહનું આગળનું કામકાજ હાથ ધરવામાં આવ્યું.

બાબત નં. ૧૬૬--૧૬૭.

૧૬૬. ગુજરાત યુનિવર્સિટી એરિયા ટીચર્સ એસોસિયેશનની પગલાં સમિતિના સભ્યો તરફથી આવેલા તા. ૧૬--૬--૧૯૭૨ના પત્ર પર વિચારણા કરવા બાબત.

૧૬૭. પીપલ્સ એજ્યુકેશન સોસાયટી લૉ કૉલેજ, ભૂજ અને પીપલ્સ એજ્યુકેશન સોસાયટી કૉમર્સ કૉલેજ, ભૂજ—બન્ને કૉલેજો વચ્ચે કેવળ એક જ પાત્રતા ધરાવતા ગ્રંથપાલથી ૧૯૭૧--૭૨નું આખું વર્ષ કામ ચલાવ્યું હોઈ તે પરત્વે વિચારણા કરવા બાબત.

સદરહુ બાબતોની વિચારણા મોકૂફ રાખવામાં આવી હતી.

૧૬૮. ગુજરાત યુનિવર્સિટી કર્મચારી સહકારી શરાફી મંડળીના મુખ્ય પ્રયોજક તરફથી યુનિવર્સિટી કર્મચારીઓના પગારમાંથી ફાળો ઉઘરાવવાની વ્યવસ્થા કરવા માટે આવેલા તેમના તા. ૧૪--૬--૧૯૭૨ના પત્ર પર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે યુનિવર્સિટીમાં સ્થપાનાર ગુજરાત યુનિવર્સિટી કર્મચારી સહકારી મંડળીના સભ્યોના પગારમાંથી મંડળીનો શેરફાળો વગેરે ઉઘરાવવાની વ્યવસ્થા કાર્યાલયે કરવી.

૧૬૯. ચોથી પંચવર્ષીય યોજનાની ફાળવણી (allocation) ઉપરાંત અનુસ્નાતક વિદ્યાર્થીઓ--વિદ્યાર્થિનીઓ માટે છાત્રાલયના બાંધકામ માટે નીચેનાં વિગતો પ્રમાણે આર્થિક સહાય આપવાનું મંજૂર કર્યું તેવું જણાવતાં યુનિવર્સિટી ગ્રાન્ટ્સ કમિશનના તા. ૩૦--૫--૧૯૭૨ના પત્ર ક્રમાંક એફ. ૨૬--૪૨--૭૧ (સીયુ--૧) અંગે આગળનાં ઘટતાં પગલાં લેવા અંગે વિચારણા કરવા બાબત :

યોજના	કેટલાં વિદ્યાર્થી-વિદ્યાર્થિનીઓની સંખ્યા માટે મંજૂરી મળી	દરેક રૂમમાં કેટલા વિદ્યાર્થીઓ રાખવા	યુનિવર્સિટી ગ્રાન્ટ્સ કમિશનનો ફાળો	રાજ્ય સરકાર-યુનિવર્સિટીનો ફાળો
૧. મહિલા છાત્રાલય	૫૦	૧ રૂમમાં ૧ વિદ્યાર્થી	૭૫ ટકા	૨૫ ટકા
૨. પુરુષો માટેનું છાત્રાલય	૫૦	ઉપર પ્રમાણે	૫૦ ટકા	૫૦ ટકા

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ છાત્રાલયો બાંધવા માટે યુનિવર્સિટી ગ્રાન્ટ્સ કમિશન તરફથી મળનાર આર્થિક સહાય અંગેની નોંધ લેવી તથા તે અંગેનો મૅચિંગ ખર્ચ મંજૂર કરવા માટે રાજ્ય સરકારને વિનંતી કરવી.

૧૭૦. વિજ્ઞાન વિદ્યાભવનના પ્રાણીવિજ્ઞાનના વ્યાખ્યાતા શ્રી. એસ. સી. બાખોટિયાને Royal Commission for the Exhibition of 1851 (U.K.) for post-doctoral research and training in the field of Molecular Cytogeneticsની ઓવરસીઝ સ્કોલરશિપ બે વર્ષ માટે મળી હોઈ તા. ૧૬ નવેંબર ૧૯૭૨થી એક વર્ષના સમય માટે અભ્યાસ-રજા આપવાની તેઓની તા. ૧૬--૬--૧૯૭૨ની અરજી ઉપર વિચારણા કરવા બાબત.

[**નોંધ.**—(૧) આ પ્રવાસ માટે તેઓને મુસાફરી માટે £ ૩૦૦ મળનાર છે.

(૨) તેઓનો હાલ રૂ. ૬૪૦નો મૂળ માસિક પગાર છે. તેઓ તા. ૧૫--૬--૧૯૭૨થી ભવનના પ્રાણીવિજ્ઞાનના વ્યાખ્યાતા તરીકે જોડાયા છે, અને હાલ અજમાયશી સમય ઉપર છે.]

આથી ઠરાવવામાં આવે છે કે વિજ્ઞાન વિદ્યાભવનના પ્રાણીવિજ્ઞાનના લેક્ચરર શ્રી. એસ. સી. લાખોટિયાને સદરહુ શિષ્યવૃત્તિ સ્વીકારવા પરવાનગી આપવી તથા તે માટે નીચેની શરતોએ તેમને અભ્યાસ-રજા તા. ૧૬મી નવેંબર ૧૯૭૨થી એક વર્ષ માટે મંજૂર કરવી :

(૧) તેઓ જે તારીખથી રજા ઉપર જાય તે તારીખથી તેમને મૂળ પગાળ કે કશાં ભથ્થાં કે વેતન આપવાં નહિ.

(૨) તેમને આપવામાં આવેલી અભ્યાસ-રજાની મુદત પૂરી થાય કે તરત જ તેઓ યુનિવર્સિટીમાં પોતાની નોકરી ઉપર હાજર થાય અને તે પછી ઓછામાં ઓછાં ત્રણ વર્ષ સુધી તેઓ તે જગ્યા ઉપર તેમની હાલની નોકરીની શરતોએ કામ કરશે એ મુજબની બાંયધરી તેમના તરફથી આપવામાં આવે.

(૩) તેમને આપવામાં આવેલી અભ્યાસ-રજાની મુદતમાં કશો વધારો મળી શકશે નહિ.

(૪) ઉપર જણાવેલ શરત નં. (૧), (૨) અને (૩)નું તેઓ પાલન કરી શકશે નહિ તો તેમને ત્રણ માસના પગાર જેટલી રકમ નોટિસ-પે તરીકે તેઓ યુનિવર્સિટીને ભરપાઈ કરે.

(૫) ઉપર જણાવેલી શરતો મુજબ લેખિત બાંયધરી અને તે માટે જરૂરી જામીનગીરી તેઓએ આપવાની રહેશે.

૧૭૧. સી. યુ. શાહ સાયન્સ કૉલેજ, અમદાવાદમાંથી ભૌતિકવિજ્ઞાનના ડેમોસ્ટ્રેટર શ્રી. આઈ. એમ. ગજ્જરને છૂટા કરવામાં આવ્યાની તેમની ફરિયાદ પર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બાબતની વિચારણા મોકૂફ રાખવી.

૧૭૨. કુલપતિશ્રીનાં નીચેનાં કાર્યોની નોંધ લેવા બાબત :

(૧) પ્રી-યુનિ. વિનયનનો અર્થશાસ્ત્રનો સુધારેલો અભ્યાસક્રમ તથા તેને લગતા સંબંધકર્તા રેગ્યુ. પ્રી-આર્ટ્સ ૨ સુધારી સુધારેલો અભ્યાસક્રમ જૂન ૧૯૭૨થી અમલમાં લાવ્યાના;

(૨) એમ.એ. ભાગ ૧ અને એમ.એ. ભાગ ૨નો અર્થશાસ્ત્રનો સુધારેલો અભ્યાસક્રમ તથા તેને લગતા સંબંધકર્તા રેગ્યુલેશનો રેગ્યુ. એમ.એ. ૫ અને રેગ્યુ. એમ.એ. ૮ સુધારી સુધારેલો અભ્યાસક્રમ જૂન ૧૯૭૨થી અમલમાં લાવ્યાના.

(**નોંધ.**— સદરહુ અભ્યાસક્રમો યુનિવર્સિટી કાર્યાલયના પરિપત્ર ક્રમાંક ૮/૭૨, તા. ૨૯--૪--૧૯૭૨થી સંલગ્ન કૉલેજોને પરિપત્રિત કરેલા છે.)

આથી ઠરાવવામાં આવે છે કે કુલપતિશ્રીનાં સદરહુ કાર્યોની નોંધ લેવી.

બાબત નં. ૧૭૩થી ૧૭૫

૧૭૩. યુનિવર્સિટી વિજ્ઞાન વિદ્યાભવનમાં પ્રાણીશાસ્ત્રના પ્રાધ્યાપક તરીકે કામ કરતા ડૉ. વી. સી. શાહની રૂ. ૩,૬૦૦ના ખર્ચે સ્કૂટર ખરીદી અંગેની નિયમ પ્રમાણે આપવાની લોન અંગે તેઓની તા. ૧૨--૬--૧૯૭૨ની અરજી ઉપર વિચારણા કરવા બાબત.

(**નોંધ.**—સિન્ડિકેટે તેની તા. ૩૦--૧૧--૧૯૬૮ની સભામાં ઠરાવ્યા અનુસાર વાહનની કિંમતના ૮૦ ટકાની રકમ લોન તરીકે આપવાની રહેશે. લોન લેનારે આ લોન ૫૦ હપતામાં અને યુનિવર્સિટી

નક્કી કરે તે દરના વ્યાજ સાથે પરત કરવાની રહેશે તથા સ્કૂટર યુનિવર્સિટીને ગીરો લખી આપવાનું રહેશે.)

૧૭૪. જુલાઈ ૧૯૭૨માં જુનિયર તથા સિનિયર સર્ટિફિકેટ કોર્સ ઈન ઈંગ્લિશની પરીક્ષામાં પ્રાયોગિક પરીક્ષકોની નિમણૂક કરવા બાબત.

૧૭૫. વિજ્ઞાન વિદ્યાભવનમાં રસાયણવિજ્ઞાનના પ્રાધ્યાપકની જગ્યા માટેની વરણીસમિતિની તા. ૨૧-૬-૧૯૭૨ની ભલામણ ઉપર વિચારણા કરવા બાબત.

સદરહુ બાબતોની વિચારણા મોકૂફ રાખવામાં આવી હતી.

૧૭૬. એમ. પી. શાહ કેન્સર હૉસ્પિટલ, અમદાવાદ તા. ૧૫-૬-૧૯૬૬થી સરકાર હસ્તક સોંપાઈ હોવાથી તે બી. જે. મેડિકલ કૉલેજ, અમદાવાદનો એક ભાગ બને અને તેના શિક્ષકોને યુનિવર્સિટીના નિયમ પ્રમાણે માન્યતા આપવા સિન્ડિકેટે તેની તા. ૬-૫-૧૯૭૨ની સભામાં મંજૂરી આપી છે, તેના સંદર્ભમાં સદરહુ હૉસ્પિટલમાં કાર્ય કરતા નીચેના શિક્ષકોને તેમનાં નામ સામે જણાવેલ તારીખથી માન્ય કરવાના થાય છે તો તે અંગે વિચારણા કરવા બાબત:

ક્રમાંક	શિક્ષકનું નામ	હોદ્દો	માન્યતા આપ્યાની તારીખ
૧.	શ્રી. એમ. પી. ભાટિયા	એનેસ્થેસિયોલોજીના પ્રાધ્યાપક	૧૫-૬-૧૯૬૬
૨.	શ્રી. એમ. એમ. બેલાની	રેડિયોલોજીના જુ. વ્યાખ્યાતા	૨૩-૧૦-૧૯૭૦
૩.	શ્રી. ડી. એમ. મહેતા	સર્જરીના જુનિયર વ્યાખ્યાતા	૨-૮-૧૯૭૧
૪.	શ્રી. આર. આઈ. દવે	,, ,, ,,	૬-૩-૧૯૭૧
૫.	શ્રીમતી મીનાક્ષીબહેન પી. શાહ	એનેસ્થેસિયોલોજીનાં જુ. વ્યાખ્યાતા	૭-૫-૧૯૭૦
૬.	શ્રીમતી ભારતીબહેન જૂ. શોધન	,, ,, ,,	૩૧-૭-૧૯૭૧
૭.	શ્રી. એમ. એલ. મવાડિયા	સર્જરીના આસિ. પ્રાધ્યાપક	૪-૧૦-૧૯૬૭

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ શિક્ષકોની માન્યતા તેમનાં નામ સામે જણાવેલ તારીખથી ચાલુ ગણવી.

૧૭૭. વાણિજ્ય વિદ્યાશાખાની તા. ૫-૬-૧૯૭૨ની સભાએ કરેલ નીચેના ઠરાવ અંગે વિચારણા કરવા બાબત:

"આ સભા ઠરાવે છે કે એફ.વાય.બી.કૉમ.ની જૂના અભ્યાસક્રમની પરીક્ષા વર્ષમાં બે વખત લેવી એટલે કે ઑક્ટોબર ૧૯૭૨ અને માર્ચ-એપ્રિલ ૧૯૭૩માં લેવી."

આથી ઠરાવવામાં આવે છે કે એફ.વાય.બી.કૉમ.ના જૂના અભ્યાસક્રમ મુજબની પરીક્ષા આગામી ઑક્ટોબર તેમ જ ૧૯૭૩ના માર્ચ માસમાં લેવાનું રાખવું.

૧૭૮. કાયદાની વિદ્યાશાખામાં સેમેસ્ટર પદ્ધતિ અમલમાં આવતાં ફર્સ્ટ એલએલ.બી. સેમેસ્ટર ૧ અને સેમેસ્ટર ૨ની એલએલ.બી. (જનરલ) પરીક્ષાની ફી નિયત કરવા અને ઑર્ડિ. ૧૨૯માં જરૂરી સુધારો કરવા અંગે વિચારણા કરવા બાબત.

સૂચિત ઑર્ડિ. ૧૨૯નો પાઠ નીચે મુજબ છે :

(નોંધ.—ફર્સ્ટ એલએલ.બી. પરીક્ષાની પરીક્ષા ફી રૂ. ૫૦ છે. પ્રત્યેક સેમેસ્ટરની ફી રૂ. ૩૦ નિયત કરવા ડીનશ્રીએ ભલામણ કરી છે.)

Name of the Examination	*How many times held in a year?*	*Date of Commencement*	*Last date for Application*	*Examination fee Rs.*
First LL.B. Semester I (Monsoon or Winter)	Twice	Second Monday in April and October	25 th Feb. & 25 th August	30/–
First LL.B. Semester II (Monsoon or Winter)	—do—	—do—	—do—	—do—

આથી ઠરાવવામાં આવે છે કે ઑર્ડિ. ૧૨૯નો સંબંધકર્તા ભાગ ઉપર મુજબ વંચાય તે રીતે સુધારવો.

૧૭૯. યુનિવર્સિટીના મુખ્ય કાર્યાલયના મકાનમાં ખૂલેલી સ્ટેટ બૅંક ઑફ ઇન્ડિયાની પેટાકચેરીમાં યુનિવર્સિટી છાત્રાલયનો બૅંક એકાઉન્ટ ખોલવા માટે વિચારણા કરવા બબાત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બાબતની વિચારણા મોકૂફ રાખવી.

૧૮૦. વિજ્ઞાન વિદ્યાભવનના રસાયણવિજ્ઞાન વિભાગના શિક્ષક ડૉ. જે. સી. વોરાની સંશોધન યોજના Nature of inhibition of corrosion and Electro-chemical behaviour of stainless steel in various media અંગે યુનિવર્સિટી ગ્રાન્ટ્સ કમિશને તેમના પત્રાંક એફ. ૬--૩--૩૬૯૨--૭૨ એસ.એફ.આઈ.), તા. ૨૧--૫--૧૯૭૨ની અનુદાનની રકમ રૂ. ૫૦૦ (પાંચસો) મંજૂર કર્યાની નોંધ લેવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બાબતની નોંધ લેવી.

બાબત નં. ૧૮૧ અને ૧૮૨

૧૮૧. આર્ટ્સ ઍન્ડ કૉમર્સ કૉલેજ, તલોદમાં સ્થાપવામાં આવેલ ગુજરાતી વિષયના અનુસ્નાતક કેન્દ્રના પ્રોફેસર ઇન ચાર્જ શ્રી. આર. એમ. દેસાઈ તા. ૧૫--૬--૧૯૭૨થી રાજીનામું આપી છૂટા થયા હોવાથી તેમની જગ્યાએ તે કૉલેજમાં જોડાયેલ પ્રો. જે. જે. દવેની નિમણૂક અંગે વિચારણા કરવા બાબત.

૧૮૨. પોસ્ટ-ગ્રેજ્યુએટ મેડિસિન વિદ્યાશાખાની ડી.ઓ.એમ.એસ.ની પરીક્ષામાં પ્રત્યેક ડિઝર્ટેશન દીઠ પ્રત્યેક પરીક્ષકને રૂ. ૨૫ના દરથી મહેનતાણું આપવાનું કુલપતિશ્રીએ મંજૂર કર્યું તેની નોંધ લેવા બાબત; તથા ડી.ઓ.એમ.એસ.ની પરીક્ષાના ડિઝર્ટેશનના કાયમી ધોરણે દર નક્કી કરવા અંગે વિચારણા કરવા બાબત.

(**નોંધ.**—મેડિકલ વિદ્યાશાખામાં ડિઝર્ટેશનનો દર નીચે મુજબ છે :

Examining a dissertation at M.D., M.S. Examining and M.D.S. Parts I & II Examinations Rs. 25/-. The rate in per examinee per candidate.)

સદરહુ બાબતોની વિચારણા મોકૂફ રાખવામાં આવી હતી.

૧૮૩. સર પી. ટી. સાયન્સ કૉલેજ, મોડાસામાં ઑર્ગેનિક કેમિસ્ટ્રી વિષયના અનુસ્નાતક કેન્દ્રમાં પ્રોફેસર ઈન ચાર્જ તરીકે ડૉ. એ. જી. મુનશીની જગ્યાએ પ્રો. કે. એમ. શાહની નિમણૂક કરવા અંગે વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે પ્રો. કે. એમ. શાહને સદરહુ અનુસ્નાતક કેન્દ્રના પ્રોફેસર-ઈન-ચાર્જ તરીકે ૧૫મી જૂન ૧૯૭૨થી નીમવા.

૧૮૪. શેઠ પી. ટી. આર્ટ્સ એન્ડ સાયન્સ કૉલેજ, ગોધરામાં સ્થાપવામાં આવેલ ઑર્ગેનિક કેમિસ્ટ્રી વિષયના પ્રોફેસર ઈન ચાર્જ પ્રો. જે. આર. પંડ્યાના બદલે પ્રિ. ડૉ. એ. જી. મુનશીની નિમણૂક કરવા અંગે વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે ડૉ. એ. જી. મુનશીને સદરહુ અનુસ્નાતક કેન્દ્રના પ્રોફેસર-ઇન-ચાર્જ તરીકે ૧૫ મી જૂન, ૧૯૭૨થી નીમવા.

૧૮૫. ગાંધીધામ કૉલેજીએટ બોર્ડ, આદિપુર તરફથી જૂન ૧૯૭૩થી આદિપુર ખાતે શરૂ કરાનાર નવી વાણિજ્યની કૉલેજ અંગેની અરજી પર નીમેલ સ્થાનિક તપાસસમિતિના એક સભ્ય પ્રિ. આર. એલ. સંઘવીએ સમિતિ પર કામ કરવા અશક્તિ દર્શાવી હોઈ તેમની જગ્યાએ અન્ય સભ્યની નિમણૂક કરવા બાબત.

(**નોંધ.**—સ્થાનિક તપાસસમિતિના અન્ય સભ્ય **પ્રો. જી. આર. દેસાઈ** છે.)

સદરહુ બાબતની વિચારણા મોકૂફ રાખવામાં આવી હતી.

૧૮૬. સદરહુ બાબતની વિચારણા બાબત નં. ૧૮૭ પછી કરવામાં આવી છે, તેથી તેની નોંધ તે ક્રમમાં દર્શાવવામાં આવી છે.

૧૮૭. માર્ચ--એપ્રિલ ૧૯૭૨માં લેવાયેલ યુનિવર્સિટીની જુદી જુદી પરીક્ષાઓ દરમ્યાન વિદ્યાર્થીઓએ અજમાવેલ ગેરવાજબી ઇલાજો અંગેના કેસો પર વિચારણા કરવા તા. ૨૨--૬--૧૯૭૨ના રોજ મળેલ પરીક્ષા શુદ્ધિસમિતિની ભલામણો પર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ સમિતિની તા. ૨૨--૬--૧૯૭૨ની ભલામણો, બાબત નં. ૧૦ સિવાય, મંજૂર કરવી.

(સદરહુ સમિતિની ભલામણો સામેલ કરવામાં આવી નથી.)

૧૮૬. આ યુનિવર્સિટીની વિવિધ પરીક્ષાઓ અંગે ગંભીરતાથી વિચારણા કરવી જોઈએ તેમ જણાવતા શ્રી. ઝીણાભાઈ દેસાઈના તા. ૨૪--૬--૧૯૭૨ના આવેલ પત્ર પર વિચારણા કરવા બાબત.

બાબત નં. ૧૮૬ ચર્ચાવિચારણા માટે હાથ ધરવામાં આવી તેની સાથે પ્રમુખશ્રીની પરવાનગીથી ભાષા-સાહિત્ય ભવનના અધ્યક્ષશ્રી પ્રો. કે. આર. ચન્દ્રશેખરનનો તા. ૨૬--૬--૧૯૭૨નો પત્ર અને તેની સાથે આવેલ વિદ્યાર્થીઓની અરજી તથા જે. એન્ડ જે. સાયન્સ કૉલેજ, નડિયાદના ટી.વાય.બી.એસસી.ના માઇક્રોબાયોલોજીના વિદ્યાર્થીઓની અરજી પણ સભાગૃહ સમક્ષ રજૂ કરવામાં આવી.

સદરહુ ત્રણે બાબતો અંગે અને તેમાંથી ઊભા થતા અનેક વિવિધ પ્રશ્નો ઉપર વિગતે ચર્ચાવિચારણા કરવામાં આવી.

ને પછી સભાગૃહે નોંધ લીધી કે યુનિવર્સિટીની પરીક્ષાઓનાં જાહેર થયેલાં પરિણામોમાં ફેરફાર કરવાનું શકય નથી.

૧૮૮. ગુજરાત યુનિવર્સિટીની પરીક્ષાઓમાં "શાંકર વેદાન્ત"નો વિષય લઈ ઉત્તીર્ણ થનાર વિદ્યાર્થીને પ્રતિવર્ષ "પરમ પૂજ્ય સ્વામીશ્રી પ્રણવતીર્થજી શિષ્યવૃત્તિ" તથા "પરમ પૂજ્ય સ્વામીશ્રી પ્રણવતીર્થજી સુવર્ણચંદ્રક" એનાયત કરવા માટે કમશઃ રૂ. ૧,૦૦,૦૦૦નું પ્રદાન અર્પણ કરવાની બાબતમાં શ્રી. સુરેશચંદ્ર છગનલાલ સોલંકીના તા. ૧૯--૬--૧૯૭૨ના પત્ર પરત્વે વિચારણા કરવા બાબત.

(**નોંધ.**—દર માસે રૂ. ૧૦,૦૦૦થી રૂ. ૧૧,૦૦૦ના હપતે કુલ્લે રૂ. ૧,૦૦,૦૦૦ની રકમ અર્પણ કરવાનું જણાવે છે.)

૧૮૯. ગુજરાત યુનિવર્સિટી સેન્ટ્રલ કન્ઝ્યુમર્સ કો-ઑપરેટિવ સ્ટોર્સના મૅનેજિંગ ડિરેકટર ડૉ. આર. જી. ભટ્ટના તા. ૨૩--૬--૧૯૭૨ના પત્ર મુજબ યુનિવર્સિટી કાર્યાલયના ટાઇપિસ્ટ શ્રી. હર્ષદ શાહની એક કલાકની સેવાઓ સ્ટોર્સને આપવા તથા તે અંગેનું માસિક રૂ. ૨૫નું વેતન સ્વીકારવાની મંજૂરી આપવા અંગે વિચારણા કરવા બાબત.

૧૯૦. એસ.વાય.બી.એસસી.ના કેમિસ્ટ્રીના પ્રાયોગિક પરીક્ષાના પરીક્ષકોને માર્કશીટ વગેરે ટપાલ દ્વારા યુનિવર્સિટી કાર્યાલયને મોકલવા માટે થતા ટપાલખર્ચ સામે ઑડ-હૉક ધોરણે ખર્ચ આપવા અંગે વિચારણા કરવા બાબત.

(**નોંધ.**—ટપાલખર્ચ અંગેનો હાલનો નિયમ નીચે મુજબ છે :

In order to meet with postal expenditure which the Examiners have to incur in sending answer-books, marksheets, etc., at Pre-Uni. Science, F.Y B.Sc. practical Examinations, a lump sum of Rs. 15/- may be paid to each of the Examiner.)

ઉપરોકત ત્રણેય બાબતો મોકૂફ રાખવામાં આવી હતી.

તા. ૧૦--૬--૧૯૭૨ના રોજ મળેલ સિન્ડિકેટની સભામાં નીચેની બાબતો પર વિચારણા કરવામાં આવી હતી :

૧, ૨, ૩, ૪, ૫, ૬, ૭, ૮, ૧૨, ૧૩, ૧૪, ૧૫, ૨૫, ૨૬, ૨૭, ૨૮, ૩૩, ૩૭, ૩૯, ૪૩, ૪૪, ૪૭, ૫૫, ૬૦, ૭૪ ૮૧, ૮૩, ૮૪, ૮૫, ૮૬, ૮૭, ૮૮, ૮૯, ૯૦, ૯૧, ૯૬, ૯૭, ૧૦૩, ૧૦૭, ૧૦૮, ૧૦૯, ૧૧૦, ૧૧૧, ૧૧૨, ૧૧૩, ૧૧૫, ૧૧૬, ૧૨૨, ૧૨૩, ૧૨૪, ૧૨૫, ૧૨૬, ૧૨૭, ૧૨૮, ૧૨૯, ૧૩૦, ૧૪૩, ૧૪૪, ૧૪૫, ૧૪૬, ૧૪૭ અને ૧૪૮.

તા. ૧૭--૬--૧૯૭૨ના રોજ મળેલ સિન્ડિકેટની સભામાં નીચેની બાબતો પર વિચારણા કરવામાં આવી હતી :

૧૧, ૧૬, ૧૭, ૧૮, ૧૯, ૨૦, ૨૧, ૨૨, ૨૩, ૨૪, ૨૯, ૩૦, ૩૧, ૩૨, ૩૪, ૩૫, ૩૬, ૩૮, ૪૬, ૮૨, ૯૩, ૯૫, ૯૯, ૧૦૦, ૧૦૬, ૧૧૮ અને ૧૧૯.

બાકીની બાબતોની વિચારણા તા. ૨૬--૬--૧૯૭૨ના રોજ કરવામાં આવી હતી.

ને પછી સભાગૃહનું કામકાજ પૂરું થયું હતું.

નં. સિં./૦૬૩૩૫/૧૯૭૨.

ગુજરાત યુનિવર્સિટી કાર્યાલય,
અમદાવાદ—૯.
જુલાઈ ૧, ૧૯૭૨.

ક. ચં. પરીખ
સચિવ

પરિશિષ્ટ "ક"
ક્રમાનુસાર ક્રમાંક ૨૯

St. 204 :

The scales of pay of the teachers in the University Departments are fixed as under :

1.	Professors	.. Rs. 1,100–50–1,300–60–1,600
2.	Readers	.. Rs. 700–50–1,250
3.	Lecturers	.. Rs. 400–40–800–50–950
4.	Demonstrators	.. Rs. 250–15–400.

In addition to the above scales of pay, the teachers shall be entitled to Dearness Allowance, if any, at the rates that may be sanctioned by the Syndicate on the basis of the Gujarat Government pay-scales, in which Dearness Allowance is merged and such other allowances, if any, that may be sanctioned by the Syndicate from time to time.

Notwithstanding the aforementioned pay-scales, it shall be competent for the Syndicate in its discretion to sanction the pay-scale of Rs. 1,600–100–1,800 to not more than 1/3rd of the total number of Professors as on 1–4–1966; provided that on any one or more of the aforementioned Professors selected for the higher pay-scale of Rs. 1,600–100–1,800, ceasing on account of death, retirement, resignation or any other reason whatsoever, to be Senior Professor in the higher pay-scale of Rs. 1,600–100–1,800, it shall be competent for the Syndicate in its discretion to sanction the pay-scale of Rs. 1,600–100–1,800 to any other Professor or Professors of the University and only if the State Government agrees to give necessary financial assistance for covering the excess in expenditure caused by such sanction of pay-scales to these later mentioned Senior Professor or Professors.

The provisions of this Statute shall come into force with effect from 1–4–1966.

પરિશિષ્ટ "ખ"
કામકાજ ક્રમાંક ૩૩

સિન્ડિકેટે નીમેલી સ્થાયી વિકાસ આયોજન સમિતિની સભા તા. ૨૮--૧--૧૯૭૨ના રોજ બપોરના ૩–૩૦ કલાકે મળી હતી જેમાં હાજરી નીચે મુજબ હતી. સભાનું પ્રમુખસ્થાન કુલપતિશ્રી ઉમાશંકર જોશીએ સંભાળ્યું હતું :

૧. શ્રી. ઉમાશંકર જોશી, કુલપતિશ્રી	હાજર
૨. શ્રી. રણજિતરાય ગં. શાસ્ત્રી	ગેરહાજર
૩. શ્રી. ઇંદ્રવદન એ. મોદી	ગેરહાજર
૪. આચાર્યશ્રી એમ. સી. દેસાઈ	ગેરહાજર
૫. ડૉ. જે. જે. ચિનોય	હાજર
૬. આચાર્યશ્રી કે. એન. શાહ	ગેરહાજર
૭. શ્રી. કંચનલાલ ચં. પરીખ, કુલસચિવ	હાજર
૮. શ્રી. ભૂપેંદ્રભાઈ એમ. પટેલ, વિકાસ અધિકારી	હાજર
૯. પ્રો. કે. આર ચંદ્રશેખરન	હાજર
૧૦. પ્રો. કે. જી. દેસાઈ	હાજર
૧૧. ડૉ. તારાબહેન પટેલ (પ્રો. ડી. એન. પાઠક વતી)	હાજર
૧૨. ડૉ. વી. સી. શાહ	ગેરહાજર.

૧. રાજ્ય સરકાર તરફથી દસ વર્ષના વિકાસ કાર્યક્રમ અંગે આ યુનિવર્સિટીના પ્રસ્તાવ મંગાવવામાં આવ્યા છે, તેના સંદર્ભમાં ભવનો–વિભાગો તરફથી આવેલ પ્રસ્તાવો તથા વિકાસ આયોજન સમિતિની તા. ૬--૧૦--૧૯૭૧ની સભામાં આ બાબત પરત્વે ઠરાવ્યા પ્રમાણેના પ્રસ્તાવો પર વિચારણા કરવા બાબત.

આ અંગે ઠરાવવામાં આવ્યું કે યુનિવર્સિટીની હાલની નાણાકીય સ્થિતિ જોતાં ભવનોના અધ્યક્ષો પાસેથી Realistic વ્યવહારુ યોજનાઓ મંગાવવી અને તે અંગેનો વિકાસ, હાલની ભવનની વિષયવાર સ્થિતિ, તે અંગેનો વિકાસ કાર્યક્રમ તથા તેની ટૂંક નોંધ આપવી તથા કોઈ પણ વિષયની Consolidationની યોજનાને બદલે જે તે શાખાઓ જો ન હોય તો તે ખોલવા માટેની યોજના રજૂ કરવી.

વધુમાં ઠરાવવામાં આવ્યું કે Institute of Mass Communication અને School of Drama and Danceના વિભાગો ખોલવા માટેના પ્રસ્તાવનો પણ સમાવેશ કરવો.

યુનિવર્સિટીનું અનુસ્નાતક શિક્ષણ હાલ યુનિવર્સિટીએ માન્ય કરેલ અનુસ્નાતક કેન્દ્રો પર યુનિવર્સિટીની સીધી દેખરેખ હેઠળ ચાલે છે તો કેન્દ્રો ઉપર યુનિવર્સિટીના ચાર વિભાગો પણ ખોલવા માટેનો પ્રસ્તાવ આમેજ કરવો.

૨. સને ૧૯૭૧--૭૨ના વર્ષ દરમિયાન તા. ૧--૯--૧૯૭૧થી તા. ૧૫--૧--૧૯૭૨ સુધીના ગાળામાં કૉલેજોની વિકાસ યોજનાઓ યુનિવર્સિટી ગ્રાન્ટ્સ કમિશનને મોકલવામાં આવી તેની નોંધ લેવી.

યુનિવર્સિટી ગ્રાન્ટ્સ કમિશનને મોકલેલી યોજનાઓની યાદી **પરિશિષ્ટ "ક"** તરીકે સામેલ છે.

૩. સને ૧૯૭૧--૭૨ના વર્ષ દરમિયાન યુનિવર્સિટી સંલગ્ન કૉલેજોની જુદી જુદી યોજનાઓ યુનિવર્સિટી ગ્રાન્ટ્સ કમિશને મંજૂર કરી તેની નોંધ લેવી.

યુનિવર્સિટી ગ્રાન્ટ્સ કમિશને સંલગ્ન કૉલેજોમાં મંજૂર કરેલ યોજનાઓની યાદી **પરિશિષ્ટ "ખ"** તરીકે સામેલ છે.

ત્યાર બાદ સભાનું કામકાજ પૂરું થયું હતું.

ભૂ. મ. પટેલ,
કુલસચિવ વતી.

પરિશિષ્ટ "ક"

સને ૧૯૭૧--૭૨ના વર્ષ માટે નીચેની કૉલેજોની વિકાસ યોજનાઓ યુનિ. ગ્રાન્ટ્સ કમિશનને મોકલી આપી છે :

(તા. ૧--૯--૧૯૭૧થી તા. ૧૫--૧--૧૯૭૨ સુધી)

ક્રમાંક	કૉલેજનું નામ	યોજના	અંદાજી ખર્ચ
૧.	સર પી. ટી. સાયન્સ કૉલેજ, મોડાસા	શિક્ષકો માટે રહેઠાણો	રૂ. ૪૦,૯૦૭--૩૯
૨.	એસ. વી. આર્ટ્સ કૉલેજ, અમદાવાદ	ટ્યૂબવેલ અને ઓવરહેડ ટેન્ક	રૂ. ૮૨,૦૦૦--૦૦
૩.	શ્રીમતી આર. ડી. શાહ આર્ટ્સ એન્ડ શ્રીમતી બી. ડી. શાહ કૉમર્સ કૉલેજ, ધોળકા	ગ્રંથાલયનાં પુસ્તકો	રૂ. ૮,૦૦૦--૦૦
૪.	--સદર--	ટીચર્સ હૉસ્ટેલ	રૂ. ૫૬,૨૦૦--૦૦
૫.	શ્રીમતી બી. સી. જે. કૉલેજ ઑફ એજ્યુકેશન, ખંભાત	શિક્ષણનાં સાધનો, વાંચવાનાં સાધનો, સહકારી પ્રવૃત્તિઓ અને પ્રયોગો	રૂ. ૧૯,૦૦૦--૦૦
૬.	બી. ડી. શાહ કૉલેજ ઑફ એજ્યુકેશન, મોડાસા	શાળાની તાલીમની ઉપયોગી સહકારી પ્રવૃત્તિઓ અને પ્રયોગો	રૂ. ૬૪,૦૦૦--૦૦
૭.	આર્ટ્સ અને કૉમર્સ કૉલેજ, મોડાસા	શિક્ષકો માટે રહેઠાણ	રૂ. ૪૦,૯૦૭--૦૦
૮.	આર. બી. સાગર કૉલેજ ઑફ એજ્યુકેશન, અમદાવાદ--૭	ગ્રંથાલયનાં પુસ્તકો	રૂ. ૪,૫૦૦--૦૦
૯.	બનાસકાંઠા આર્ટ્સ અને સાયન્સ કૉલેજ, પાલનપુર	ઓવરહેડ વૉટર ટેન્ક અને ટ્યૂબવેલ	રૂ. ૯૨,૭૦૦--૦૦
૧૦.	આર્ટ્સ અને કૉમર્સ કૉલેજ, પેટલાદ	વધારાના શિક્ષણવર્ગો બાંધવા	રૂ. ૨,૭૨,૬૦૦--૦૦
૧૧.	એજ્યુકેશન કૉલેજ, દરામલી	ગ્રંથાલયનાં પુસ્તકો અને પ્રયોગશાળાનાં સાધનો	રૂ. ૧,૦૦,૦૦૦--૦૦
૧૨.	આર્ટ્સ એન્ડ કૉમર્સ કૉલેજ, કપડવંજ	ઓવરહેડ વૉટર ટેન્ક એન્ડ વેલ	રૂ. ૫૦,૬૮૮--૦૦

પરિશિષ્ટ " ઞ "

સને ૧૯૭૧–૭૨ના વર્ષ માટે નીચેની કૉલેજોની વિકાસ યોજનાઓ યુનિવર્સિટી ગ્રાન્ટ્સ કમિશને મંજૂર કરી છે :

ક્રમાંક	કૉલેજનું નામ	યોજનાનું નામ	અંદાજી ખર્ચ
૧	જે. ઍન્ડ જે. કૉલેજ ઑફ સાયન્સ, નડિયાદ	બહેનોની હૉસ્ટેલ બાંધવા	૩,૮૮,૩૧૫-૦૦
૨	એન. સી. બોરીવાલા કૉમર્સ કૉલેજ, અમદાવાદ	ગ્રંથાલયનાં પુસ્તકો ખરીદવા સારુ	૨૦,૦૦૦-૦૦
૩	આર્ટ્સ અને કૉમર્સ કૉલેજ, ખેડા	ગ્રંથાલયનાં પુસ્તકો ખરીદવા સારુ	૪૦,૦૦૦-૦૦
૪	આર્ટ્સ અને કૉમર્સ કૉલેજ, ઊંઝા	ગ્રંથાલયનાં મકાન બાંધવા અંગે	૨,૨૬,૯૩૬-૦૦
૫	નવજીવન આર્ટ્સ અને કૉમર્સ કૉલેજ, દાહોદ	વધારાના શિક્ષણવર્ગો બાંધવા	૨,૫૦,૪૬૬-૦૦
૬	નવજીવન આર્ટ્સ અને કૉમર્સ કૉલેજ, દાહોદ	સાઇકલ શેડ્ઝ	૨૨,૨૩૭-૦૦
૭	આર્ટ્સ અને કૉમર્સ કૉલેજ, કપડવંજ	વ્યાખ્યાન હૉલ તથા વ્યાખ્યાન વર્ગ બાંધવા	૨,૧૬,૯૯૭-૭૧
૮	ગુજરાત કૉલેજ, અમદાવાદ	ટ્યૂબવેલ ઍન્ડ ઓવરહેડ ટેન્ક	૨,૦૬,૦૦૦-૦૦
૯	આઈ. વી. પટેલ કૉમર્સ કૉલેજ, નડિયાદ	વધારાના શિક્ષણ વર્ગો બાંધવા	૨,૨૫,૭૧૩-૦૦
૧૦	આઇ. વી. પટેલ કૉમર્સ કૉલેજ, નડિયાદ	સાઇકલ શેડ્ઝ	૩૨,૬૦૫-૦૦
૧૧	આર્ટ્સ અને કૉમર્સ કૉલેજ, મોડાસા	ટીચર્સ હૉસ્ટેલ	૧,૫૨,૯૩૦-૦૦
૧૨	આર્ટ્સ અને કૉમર્સ કૉલેજ, હિંમતનગર	ટીચર્સ હૉસ્ટેલ	૧,૧૬,૨૦૦-૦૦
૧૩	શેઠ આર. એ. કૉલેજ ઑફ આર્ટ્સ અને કૉમર્સ, અમદાવાદ	ગ્રંથાલયનાં પુસ્તકો અને સામયિકો	૫૨,૦૦૦-૦૦
૧૪	તોલાણી કૉલેજ ઑફ આર્ટ્સ અને સાયન્સ, આદિપુર	ટીચર્સ હૉસ્ટેલ	૧,૯૧,૫૮૮--૦૦
૧૫	જે. ઍન્ડ જે. કૉલેજ ઑફ સાયન્સ, નડિયાદ	ટીચર્સ હૉસ્ટેલ	—
૧૬	અમદાવાદ સાયન્સ કૉલેજ, અમદાવાદ	ગ્રંથાલયનાં પુસ્તકો	૫૦,૦૦૦-૦૦
૧૭	અમદાવાદ સાયન્સ કૉલેજ, અમદાવાદ	પ્રયોગશાળાના વિકાસ માટે	૨,૫૧,૩૭૫-૦૦
૧૮	સર પી. ટી. સાયન્સ કૉલેજ, મોડાસા	ટીચર્સ હૉસ્ટેલ	૧,૫૨,૯૩૦-૦૦
૧૯	સરદાર વલ્લભભાઈ આર્ટ્સ કૉલેજ, અમદાવાદ	ટ્યૂબવેલ ઍન્ડ ઓવરહેડ ટેન્ક	૮૧,૬૫૯-૦૦

પરિશિષ્ટ "ગ"
કામકાજ ક્રમાંક ૩૪

UNIVERSITY SCHOOL OF PSYCHOLOGY, EDUCATION AND PHILOSOPHY
GUJARAT UNIVERSITY

Director,
K. G. Desai,
M.A. (Columbia), M.Ed., Ph.D.
Professor of Education.
Edu/Adm/71/72–73.

Ahmedabad
April 13, 1972

The Registrar,
Gujarat University,
Ahmedabad–9.

Sub.—M.Ed. Vacation Course.
Ref.—Your No. P.G.C./0654/1972, 11–4–1972.

Dear Sir,

I came to know about the approval of the Syndicate of the vacation course for the M.Ed. Degree at this school from your above reference. I, therefore, suggest the following scheme :

1. The course should be conducted during two weeks of Diwali vacation and five weeks of May-June in the first year and two weeks of Diwali vacation and four weeks of May in the second year. Thus the students will get 65 working days in which time they will be able to attend minimum 50 lectures per paper, and tutorials and will receive guidance for their dissertations. They can also meet their guide at convenient time in the course of the year.

2. We shall have to arrange about 600 to 700 lectures and tutorials for two classes of M.Ed. course every year during the two vacations. The payment of remuneration to the lecturers will thus be about Rs. 10,000/—.

3. We may admit 25 students each year, so their fees will be Rs. $250 \times 2 \times 25 =$ Rs. 12,500/—. Thus the course will not run into deficit.

4. The staff of this school who volunteer to work during the vacations shall have to be treated on par with the visiting teachers for the payment of remuneration for this extra work. Ordinarily each member of the staff of the Department of Education will work for one week each vacation.

   If they cannot be paid for this work, the course shall have to be run with the help of visiting teachers only.

5. Hostel facilities shall be offered to the students of the vacation course.

6. Admission will be made in July every year so that their registration can be done with other students.

The approval of this scheme may please be communicated to me before June so that I can take steps to implement it in time.

Thanking you,

Yours truly,
Sd/- K. G. DESAI
Director.

પરિશિષ્ટ "ઘ"
કામકાજ ક્રમાંક ૯૧

"સ્વ. સુમંત એમ. પટવા સ્મૃતિ સુવર્ણચંદ્રક"

૧. દાતાનું નામ : સુમંત એમ. પટવા મેમોરિયલ ફંડ કમિટી વતી શ્રી. જયમલભાઈ જે. ઠાકોર, ૨૭, એમ્બેસી માર્કેટ, દિનેશ હોલ પાસે, આશ્રમરોડ, અમદાવાદ--૯.

૨. પ્રદાનની રકમ : રૂ. ૭,૫૦૦ તથા વધારાની રકમ રૂ. ૩૫૦—માર્ચ, ૧૯૭૨ માટે

૩. પ્રદાનનો પ્રકાર : પ્રતિવર્ષ આશરે રૂ. ૩૫૦ની રકમનો સુવર્ણચંદ્રક

૪. પ્રદાન સ્વીકારવાનું સિન્ડિકેટે તેની તા. ૪--૯--૧૯૭૧ની સભામાં મંજૂર કરેલ છે.

નિયમો

૧. "સ્વ. સુમંત એમ. પટવા સ્મૃતિ સુવર્ણચંદ્રક" એ નામનો આશરે રૂ. ૩૫૦ની કિંમતનો એક સુવર્ણચંદ્રક દર વર્ષે આ યુનિવર્સિટીની તૃતીય વર્ષ બી.કૉમ.ની પરીક્ષામાં પ્રથમ વર્ગમાં ઉત્તીર્ણ થનાર તથા એડવાન્સ્ડ એકાઉન્ટન્સી ઍન્ડ ઑડિટિંગના મુખ્ય વિષયમાં સૌથી વધુ ગુણાંક મેળવતા વિદ્યાર્થીને આપવામાં આવશે. જો 'એડવાન્સ્ડ એકાઉન્ટન્સી ઍન્ડ ઑડિટિંગ'ના મુખ્ય વિષયમાં સૌથી વધુ ગુણાંક મેળવનાર પ્રથમ વર્ગમાં એક કરતાં વધુ વિદ્યાર્થીઓ હશે તો તેવા વિદ્યાર્થીઓ પૈકી જે વિદ્યાર્થી તૃતીય વર્ષની પરીક્ષાના તમામ વિષયોમાં થઈને સૌથી વધુ ગુણાંક (aggregate) મેળવતા હશે તેને આપવામાં આવશે.

૨. સદરહુ સુવર્ણચંદ્રક એનાયત કરવા અંગેની શરતોમાં ગુજરાત યુનિવર્સિટીની સિન્ડિકેટને વખતોવખત કોઈ શરત ઉમેરવા કે તેમાં ફેરફાર કરવા આવશ્યક જણાશે તો તેમ કરવા અધિકાર રહેશે.

૩. સુવર્ણચંદ્રક વિજેતાનું નામ શક્ય હશે તો જે તે પરીક્ષાના પરિણામ વખતે જાહેર કરવામાં આવશે.

૪. સુવર્ણચંદ્રક આપવામાં વિજેતાની નાત, જાત કે વર્ગનો બાધ ગણવામાં આવશે નહીં.

૫. આ દાનની વાર્ષિક આવકમાંથી પાંચ ટકા કપાત યુનિવર્સિટીના જનરલ ફંડમાં જઈ જવામાં આવશે.

પરિશિષ્ટ "ચ"
કામકાજ ક્રમાંક ૧૪૬

યુનિવર્સિટી સમાજવિદ્યા ભવનમાં રાજ્યશાસ્ત્રના વ્યાખ્યાતાની બે જગ્યાઓ માટે ઉમેદવારોની મુલાકાત લેવા માટે વરણી સમિતિની એક સભા શુક્રવાર, તા. ૯--૬--૧૯૭૨ના રોજ બપોરના ૨--૦૦ કલાકે કુલપતિશ્રી ઉમાશંકર જે. જોશીના પ્રમુખપદે મળી હતી. સભ્યોની હાજરી નીચે પ્રમાણે હતી :

૧. શ્રી. ઉમાશંકર જે. જોશી, કુલપતિશ્રી	હાજર
૨. શ્રી. શિક્ષણસંચાલક, ગુજરાત રાજ્ય	ગેરહાજર
૩. શ્રી. ઝીણાભાઈ રતનજી દેસાઈ	હાજર
૪. શ્રી. રણજિતરાય ગં. શાસ્ત્રી	હાજર
૫. ડૉ. જયંત ભગવાનદાસ હરિભક્તિ	ગેરહાજર
૬. શ્રી. ઇંન્દ્રવદન અંબાલાલ મોદી	હાજર
૭. શ્રી. બટુભાઈ હરિભાઈ દેસાઈ	હાજર
૮. શ્રી. સત્યેન્દ્ર કાળિદાસ ઝવેરી	હાજર
૯. શ્રી. હીરાલાલ એચ. ભગવતી	હાજર
૧૦. શ્રી. પ્રફુલ્લચંદ્ર સી. શાહ	ગેરહાજર
૧૧. ડૉ. મહેન્દ્રભાઈ એન. દેસાઈ	હાજર
૧૨. શ્રી. કૃષ્ણચંદ્ર સોમનાથ શાસ્ત્રી	હાજર
૧૩. પ્રો. કે. આર. ચંદ્રશેખરન	હાજર
૧૪. આચાર્ય ડૉ. ધીરુભાઈ પી. ઠાકર	ગેરહાજર
૧૫. આચાર્ય ડૉ. એલ. ડી. દવે	ગેરહાજર
૧૬. આચાર્ય ગિરીશભાઈ સાં. પટેલ	હાજર
૧૭. આચાર્ય મહેન્દ્ર સાં. શાહ	ગેરહાજર
૧૮. આચાર્ય ચતુરભાઈ એસ. શાહ	ગેરહાજર.

રાજ્યશાસ્ત્રના વ્યાખ્યાતાની બે જગ્યાઓ માટે નીચેના ઉમેદવારોને મુલાકાત માટે બોલાવવામાં આવ્યા હતા :

૧.	શ્રી. એચ. એમ. અમીન	હાજર
૨.	કુમારી સુવર્ણા એચ. ભટ્ટ	હાજર
૩.	શ્રી. ડી. આર. દવે	હાજર
૪.	ડૉ. આર. કે. હકસર	ગેરહાજર
૫.	શ્રી. એન. વી. દવે	હાજર
૬.	શ્રી. એચ. જે. પંડ્યા	હાજર
૭.	શ્રી. પી. પી. પંડ્યા	હાજર
૮.	ડૉ. એ. પી. પાટીલ	હાજર
૯.	શ્રીમતી રક્ષા એમ. શાહ	હાજર
૧૦.	શ્રી. ડી. એમ. શુકલ	હાજર
૧૧.	શ્રી. આર. પી. ત્રિવેદી	ગેરહાજર
૧૨.	ડૉ. રામપ્રસાદ વર્મા	હાજર
૧૩.	શ્રી. જે. આઈ. વ્યાસ	હાજર.

નિષ્ણાત તરીકે સમાજવિદ્યા ભવનના રાજ્યશાસ્ત્રના પ્રાધ્યાપક તથા અધ્યક્ષશ્રી ડી. એન. પાઠક હાજર રહ્યા હતા.

હાજર રહેલા ઉમેદવારોની મુલાકાત લીધા પછી સમિતિએ નીચે પ્રમાણે ઠરાવ્યું :

કુ. સુવર્ણા ભટ્ટને હજુ પીએચ.ડી. પદવી મળેલ નથી તથા તેમને જરૂરી શૈક્ષણિક અનુભવ નથી તથા શ્રી. જે. આઈ. વ્યાસનો બી.કૉમ. તથા બી.એ.માં પાસ વર્ગ છે તે હકીકતો સમિતિની ધ્યાન પર લાવવામાં આવી હતી. ત્યાર બાદ ચર્ચાવિચારણા બાદ નીચે મુજબ ઠરાવવામાં આવ્યું :

"આથી સિન્ડિકેટને ભલામણ કરવામાં આવે છે કે નીચેના ઉમેદવારોને ક્રમાનુવર્તી રાજ્યશાસ્ત્રના વ્યાખ્યાતાની જગ્યા પર રૂ. ૪૦૦—૪૦—૮૦—૫૦—૯૫૦ના પગારધોરણમાં બે વર્ષના અજમાયશી ધોરણે નીમવા :

૧. શ્રી. દિનેશ એમ. શુકલ

૨. શ્રી. જે. આઈ. વ્યાસ

૩. શ્રી. એચ. એમ. અમીન

૪. શ્રીમતી રક્ષા એમ. શાહ.

(**નોંધ**.--શ્રી. જે. આઈ. વ્યાસની લાયકાત સમગ્ર રીતે જોતાં તેમને સ્નાતક પરીક્ષામાં પાસ વર્ગ મળેલો છે તેનો વાંધો લેવાની જરૂર નથી તેમ આ સમિતિનું મંતવ્ય હતું.)"

પરિશિષ્ટ "છ"
કામકાજ ક્રમાંક ૧૫૧

ખંડ સમયના અધ્યાપકો માટેની નોકરીની શરતો અને અન્ય લાભ આપવાની બાબતમાં ચર્ચાવિચારણા કરી અહેવાલ રજૂ કરવા માટે સિન્ડિકેટની તા. ૧૪--૧૨--૧૯૭૧ની સભામાં નિયુક્ત થયેલ સમિતિની સભા તા. ૧--૧--૧૯૭૨ના રોજ બપોરે ૧૨--૩૦ વાગ્યે યુનિવર્સિટી કાર્યાલયમાં મળી હતી, જેમાં સભ્યોની હાજરી નીચે પ્રમાણે હતી. આચાર્યશ્રી એમ. સી. શાહે સભાનું પ્રમુખસ્થાન સંભાળ્યું હતું :

૧.	શ્રી. રણજિતરાય ગં. શાસ્ત્રી	ગેરહાજર
૨.	આચાર્ય એમ. સી. શાહ	હાજર
૩.	આચાર્ય ધીરુભાઈ ઠાકર	હાજર
૪.	આચાર્ય જી. સી. પટેલ	હાજર
૫.	આચાર્ય એલ. ડી. દવે	હાજર
૬.	પ્રા. કે. એસ. શાસ્ત્રી	હાજર.

સિન્ડિકેટની તા. ૧૫--૪--૧૯૭૨ની સભાએ (૧) આ સમિતિનો તા. ૨૫--૧--૧૯૭૨ની સભાનો અહેવાલ આ સમિતિને પુનર્વિચારણા માટે મોકલેલ, તથા (૨) સેનેટની તા. ૨૯/૩૦--૯--૧૯૭૧ની અને તા. ૮-૧--૧૯૭૨ના રોજ મળેલ વિશેષ સભામાં મંજૂર થયેલો નીચે જણાવેલો ઠરાવ આ સમિતિની વિચારણા માટે મોકલેલ :

> "જૂન ૧૯૭૧થી સંલગ્ન કૉલેજોના ખંડ સમયના અધ્યાપકો માટે નવાં પગારધોરણો અમલી બનાવ્યાં છે ત્યારે ટીચિંગ અને પ્રોફેશનલ એવા બે વર્ગો ઊભા કરીને એ બંને વર્ગો માટે જુદાં જુદાં પગારધોરણો અમલી બનાવ્યાં છે તેની આ સભા સખેદ નોંધ લે છે અને તે ભેદ તાત્કાલિક નિવારવા અને જૂન ૧૯૭૧થી તેઓને સમાન પગારધોરણ આપવા આ સભા યુનિવર્સિટીને આગ્રહભરી વિનંતી કરે છે."

ઉપરની બંને બાબતો પર ચર્ચાવિચારણા કર્યા બાદ નીચે પ્રમાણે ઠરાવવામાં આવ્યું :

આથી સિન્ડિકેટને ભલામણ કરવામાં આવે છે કે—

(૧) સંલગ્ન કૉલેજોમાં નિમાતા ખંડ સમયના શિક્ષકો માટે પગારધોરણ સહિત સેવાના નિયમો આ સાથે જોડ્યા પ્રમાણે રાખવા.

(૨) ઑર્ડિનન્સ ૧૨૦--એ નીચેની નોંધ નીચે પ્રમાણે સુધારવા માટે એકેડેમિક કાઉન્સિલને ભલામણ કરવામાં આવે :

Note (i) :

(1) Daily attendance of not less than four hours shall be compulsory for every full time teacher on all working days and for every part-time teacher who is required to work for two or less than two days on his working day or days.

(2) Attendance of not less than 12 hours per week shall be compulsory for every part-time teacher who is required to work for more than two days.

(3) The above Nos., 1 & 2 shall not apply to part-time teachers who are also engaged in a profession.

ઑર્ડિ. ૧૨૦--ડીની પ્રથમ કંડિકામાં નિર્દિષ્ટ ચાર કારણો ઉપરાંત નીચેનું પાંચમું કારણ ઉમેરી તે કેવળ ખંડ સમયના શિક્ષકોને લાગુ પાડવામાં આવે :

(5) " Where work-load in a subject or subjects is so reduced that a part-time teacher is not required or the work--load is so increased that a full time teacher is required in place of a part-time teacher."

(Ground No. 5 shall apply to part-timers only.)

(૪) શિક્ષકોને નવાં પગારધોરણ આપતી વખતે હાલ અપાતા પગારથી ઓછો પગાર નક્કી ન થાય અને બરાબર અત્યારના જેટલો જ પગાર થતો હોય તો 'next higher stage' પર મૂકવામાં આવે.

* *

Terms and conditions of service of part-time teachers in the affiliated colleges and recognised institutions

The following shall be the terms and conditions of service of part-time teachers in affiliated colleges and recognised institutions :

1. (*a*) The minimum remuneration payable to part-time teachers engaged exclusively in the teaching profession shall be as follows :

Tutor, Demonstrator	... Rs. 225
Lecturer : (*a*) doing work for not more than six periods per week	... Rs. 250
(*b*) doing work for seven periods or more per week	... Rs. 275-12½-425
Professor : (*a*) doing work for not more than six periods per week	... Rs. 275
(*b*) doing work for seven periods or more per week	... Rs. 325-15-505

(*b*) The minimum remuneration payable to part–time teachers who are also engaged in a profession other than the teaching one shall be as follows :

Lecturer	(*a*) doing work for not more than six periods per week	... Rs. 200
	(*b*) doing work for seven periods or more per week	... Rs. 250
Professor	(*a*) doing work for not more than six periods per week	... Rs. 250
	(*b*) doing work for seven periods or more per week	... Rs. 300

2. Subject to the under mentioned provision, a part-time teacher in an affiliated college or in a recognised institution who ceases to be a part-time teacher shall be paid the vacation salaries in accordance with the following :

(*a*) If he has served for the major part* of the whole academic year** he shall be paid three months' emoluments as vacation salary.

(*b*) If he has served for the major part* in any of the terms he shall be paid one month's emoluments as vacation salary.

3. Maximum teaching load of a part-time teacher shall be as prescribed under O. 120–A in force from time to time.

4. No person appointed as a part--time teacher in an affiliated college or recognised institution shall be required to put in more than two years' service as a probationer before he is confirmed. In case of a Lecturer or a Professor who is doing work for seven periods or more per week he shall be entitled to a yearly increment during the probation period.

5. Part-time teachers in an affiliated college or a recognised institution who have been confirmed shall be entitled to the benefit of provident fund as per rules that may be framed by the University from time to time provided that this benefit may not be extended to the part-time teachers working in a Government college.

---

* " Major part " means more than one half.

** " Academic Year " means the period between 15th June of year and the 14th June of the following year and inclusive of Diwali and Summar Vacations.

6. Every part-time teacher while being appointed shall be issued an apponitment order, the terms and conditions of which shall not be repugnant to those prescribed by the University from time to time.

7. Leave rules shall be so framed as would provide for the following minimum leave which every part-time permanent teacher shall be entitled to, with a clear understanding that no leave can be claimed as a matter of right :

(*a*) A part-time teacher shall be entitled only to casual leave of 7 days in the aggregate in a year but for not more than five days at a time provided that he shall not be entitled to have such casual leave prefixed or suffixed to Sunday and/or holidays and/or a vacation.

(*b*) A part-time teacher in addition to the casual leave shall be entitled to sick leave on production of a medical certificate for 7 days on full average pay or 15 days on half average pay in a year which can be accumulated up to 45 days.

(*c*) A female employee being a part-time teacher in the permanent employment of a college shall be entitled to maternity leave for a period of three months from the date of the commencement of leave or six weeks from the date of confinement, whichever is earlier on half average pay provided that only one month's leave shall be admissible in the case of a miscarriage.

પરિશિષ્ટ "ન"
ક્રમકાળ ક્રમાંક ૧૫૯

O. 158 :

Formation and Recognition of Association of Non-Teaching Employees of the University

(1) Subject to the provisions hereinafter appearing in this behalf, non-teaching paid employees of the University who are appointed on permanent or on probation post of which initial basic pay is less than Five hundred and twelve at the time of appointment, excepting employees holding a post of and above the rank of assistant Registrar or any post comparable thereto in respect of designation, category or pay-scale, hereinafter referred to as "employees" may, after forming themselves in to an association apply for recognition of the association, provided the number of members of the association at all times exceeds and continues to exceed fifty per cent of the total number of such employees of the University for the time-being :

(*a*) Name of the association;

(*b*) Place and address of the head office of the association;

(*c*) Number of members of the association;

(*d*) Total number of such employees of the University;

(*e*) Name and address of the Secretary or each of the Secretaries of the association;

(*f*) Name and address of the President of the association;

(*g*) Name and address of the Vice-President or each of the Vice-Presidents of the association;

(*h*) List of members of the association containing their full name; and

(*i*) Date of formation of the association.

(2) The President, Vice-President, Secretary, Treasurer and any other office-bearer of the association shall be persons elected only from amongst the members of the association. Any person who is not a salaried employee of the University shall not be a member, office-bearer or representative in any category.

(3) Two copies of the rules of the association, signed by the Secretary thereof, shall be submitted along with the application for recognition.

(4) Any change in the office-bearers of the association shall be communicated by the association in writing to the University within one month of the date on which such change occurs.

(5) The rules of the association shall have to be got approved by the Syndicate of the University. Any amendment to the rules shall also have to be got approved by the Syndicate and such amendment shall be effective only after such approval.

(6) The University may arrange the despatch of communications by post or hand-delivery to the address of the Secretary of the association or the office of the association mentioned in the application for recognition or to any other changed address, intimation in writing whereof has been given to the University sufficiently in advance.

(7) On receipt of an application for recognition, it shall be submitted to the Registrar for scrutiny and if it is found to be in order, it shall be submitted to the Vice-Chancellor for his information, and thereafter the particulars of the application together with the rules appended thereto shall be submitted to the Syndicate for its consideration. The Syndicate shall consider the rules of the association appended to the application and may approve or disapprove of them wholly or in part or may refer them back to the association with its suggestions in that behalf. After the rule of the association are duly approved, the Syndicate shall consider the application for recognition and may grant it or, subject to the provisions, of clause (10) reject it or may grant it, subject to such conditions as it thinks fit. The association shall be deemed to have been recognised only after the application for recognition has been granted.

(8) After recognition has been granted to an association by the Syndicate, the Syndicate may, for any reason deemed proper by it, cancel the recognition or may impose such conditions as it thinks fit, or may suspend the recognition for definite period.

For the purpose of this Clause, any of the following reasons may be considered to be proper namely :

(*a*) the number of members of the association has ceased to exceed fifty per-cent of the total number of such employees of the University;

(*b*) the association has not been able to hold its meeting even once during a year or there was no quorum in any annual meeting;

(*c*) the association has not appointed any one or more of its office-bearers for a continuous period of three years;

(*d*) not less than twenty-five per cent of the members of the association have not poid their fees for the current year or the membership fee of not less than ten per cent of the members of the association have remained unpaid.

(*e*) the association is not maintaining the minutes of its proceeding;

(*f*) the association is not maintaining proper accounts of income and expenditure or the accounts are defective on account of such alterations, errors or unfair practice, as the Syndicate considers to be material;

(*g*) the relations among the members are so strained or disharmonious as to show that the association cannot function smoothly;

(*h*) the association appears to be engaged in any activity which is unlawful or contrary to its objects;

(*i*) it is found that the recognition has been obtained through any mistake, misrepresentation or fraud;

(*j*) any other reason which appears to the Syndicate to be proper.

(9) The Syndicate, or a Committee thereof consisting of one or more of its members, shall, before approval to rules is refused wholly or in part or recognition is refused to an association or recognition already granted is cancelled or suspended or any condition is imposed thereon, give to the association a reasonable opportunity of being heard through its representative. Where the matter is heard by a committee of the Syndicate, it shall submit its report to the Syndicate. Which shall furnish the association concerned with a copy of such report and thereafter again hear the association through its representative before taking any action in the matter. The Syndicate shall state its reasons in brief for its action. The Syndicate may, for reasons which it deems proper, reconsider the matter.

(10) The accounts, minutes and books of the association may be inspected by the Vice-Chancellor, Registrar or any member of the Syndicate or any person specially appointed in that behalf under instructions of the Syndicate.

(11) The anuual list of members and a copy of the audited accounts of the association shall be sent to the office of the University by the first day of the month of November of the current year.

(12) The University may not hear any association which has not been recognised in accordance with the provisions of this Ordinance.

(13) No representation or deputation shall be received by the University from any association except one relating to a matter, which is, or raises questions which are, of common interest to all or any class of employees of the University.

(14) The fact of approval or rules or recognition of association shall not imply any admission by the University of any claim or employee to a right of strike or stoppage of work.

પરિશિષ્ટ "ઝ"
કામકાજ ક્રમાંક ૧૬૩

તા. ૧૬--૬--૧૯૭૨ની ફાઇનાન્સ સમિતિની સભાની સિન્ડિકેટને ભલામણ

૧. આથી સિન્ડિકેટને ભલામણ કરવામાં આવે છે કે યુનિવર્સિટીના નીચેના વિભાગો માટે ૫૬"ની સાઈઝના જી. ઈ. સી. "એવરેસ્ટ મેજર" સીલિંગ પંખા જનરલ ઈલેક્ટ્રિક કું. ઑફ ઈન્ડિયા લિ., અમદાવાદ પાસેથી રૂ. ૨૧૬--૦૦+ડ્યૂટી, ટેક્સ વગેરેની કિંમતે ટેન્ડરમાં જણાવેલ શરતો મુજબ ખરીદવા:

	પંખા નંગ
વિદ્યાર્થીઓના છાત્રાલય માટે	૬૪
વિદ્યાર્થિનીઓના છાત્રાલય માટે	૧૭
યુનિવર્સિટી ગ્રંથાલય માટે	૬
	૮૭

૨. આથી સિન્ડિકેટને ભલામણ કરવામાં આવે છે કે વિજ્ઞાનવિદ્યા ભવનના વનસ્પતિવિજ્ઞાન વિભાગ માટે વૈજ્ઞાનિક સાધનો આ સાથેના **પરિશિષ્ટ "અ"**માં બતાવ્યા પ્રમાણે અને ટેન્ડરમાં જણાવેલ શરતો મુજબ ખરીદવાં.

परिशिष्ट "अ"

Sr. No.	*Item*	*Quantity*	*Name of the party*	*Value* Rs. P.	*Remarks*
1.	Deep Freez-Kelvinator	1 pc.	Spencer & Co., Ahmedabad	5,345–00	Lowest
2.	Centrifuge 1600 rpm	1 pc.	Asha Scientific and Chemical Corporation, Bombay	4,375–00	Lowest
	500 rpm	2 pcs.	Adair Dutt and Co., Bombay	638–50	Lowest
3.	Vaccum pump-electric	2 pcs.	Hasbets India, Bombay	590–00	Lowest
4.	Seitz filter	1 pc.	Elektronik, Bombay	370–00	Lowest
		4 boxes	,,	45–00	,,
5.	Colorimeter	2 pcs.	Hasbets India, Bombay	1,925–00	Lowest
6.	Spectronic–20	1 pc.	Shah Sales Corp., Ahmedabad	11,800–00	Lowest
7.	B. O. D. incubator	1 pc.	Chokshi Enterprise, Ahmedabad	6,150–00	Lowest
8.	Single pan balance	1 pc.	Asha Scientific and Chem. Corp., Bombay	3,175–00	Lowest
9.	Refrigerator	1 pc.	Jehangir Bros., Ahmedabad	3,350–00	Lowest
10.	Water distillation Unit (NPL Model)	1 pc.	Hasbets India, Bombay	975–00	Lowest
11.	Automatic fraction collector	1 unit			To be decided after seen demonstration

ગુજરાત યુનિવર્સિટી પ્રેસ, અમદાવાદ-૯.

ગુ.યુ.પ્રેસ ૩૮૪--૪૫૦--૭--૭૨

ખાનગી

ગુજરાત યુનિવર્સિટી

ગુજરાત યુનિવર્સિટીની સિન્ડિકેટની જુલાઈ માસની સભા, રવિવાર, તા. ૨--૭--૧૯૭૨ના રોજ બપોરના ૨--૦૦ વાગ્યે ગુજરાત યુનિવર્સિટી કાર્યાલયમાં મળી હતી. સભાની શરૂઆતમાં કુલપતિ શ્રી. ઉમાશંકર જોશીની ગેરહાજરીમાં સભાનું પ્રમુખસ્થાન સભાગૃહની સંમતિથી શ્રી. ઝીણાભાઈ ર. દેસાઈએ સંભાળ્યું હતું. સભામાં હાજરી નીચે પ્રમાણે હતી :

ક્રમાંક	સભ્યનું નામ	તા. ૨--૭--૧૯૭૨
૧.	શ્રી. ઉમાશંકર જેઠાલાલ જોશી, કુલપતિ	હાજર
૨.	શ્રી. ઓ. કે. પ્રધાન, સંયુક્ત શિક્ષણસંચાલક, ગુજરાત રાજ્ય	હાજર
૩.	આચાર્ય સી. એસ. શાહ	હાજર
૪.	શ્રી. ઝીણાભાઈ રતનજી દેસાઈ	હાજર
૫.	શ્રી. રણજિતરાય ગંગાશંકર શાસ્ત્રી	હાજર
૬.	ડૉ. જયંત ભગવાનદાસ હરિભક્તિ	હાજર
૭.	શ્રી. ઈન્દ્રવદન અંબાલાલ મોદી	હાજર
૮.	શ્રી. બટુભાઈ હરિભાઈ દેસાઈ	ગેરહાજર
૯.	શ્રી. સત્યેન્દ્ર કાળિદાસ ઝવેરી	હાજર
૧૦.	શ્રી. હીરાલાલ એચ. ભગવતી	હાજર
૧૧.	શ્રી. પ્રફુલ્લચંદ્ર સી. શાહ	ગેરહાજર
૧૨.	ડૉ. મહેન્દ્ર નાનુભાઈ દેસાઈ	હાજર
૧૩.	શ્રી. કૃષ્ણચંદ્ર સોમનાથ શાસ્ત્રી	હાજર
૧૪.	પ્રો. કે. આર. ચંદ્રશેખરન	હાજર
૧૫.	આચાર્ય ડૉ. ધીરુભાઈ પ્રેમશંકર ઠાકર	હાજર
૧૬.	આચાર્ય ડૉ. લક્ષ્મીપ્રસાદ ધનશંકર દવે	ગેરહાજર
૧૭.	આચાર્ય ગિરીશભાઈ છોટાલાલ પટેલ	હાજર
૧૮.	આચાર્ય મહેન્દ્રલાલ ચંદુલાલ શાહ	હાજર.

૧. તા. ૧૦/૧૭ અને ૨૬--૬--૧૯૭૨ના રોજ મળેલી સિન્ડિકેટની સભાની નોંધને મંજૂર કરવા બાબત.

સિન્ડિકેટની તા. ૧૦/૧૭ અને ૨૬મી જૂન ૧૯૭૨ના રોજ મળેલી સભાની નોંધને મંજૂર કરવામાં આવી, તથા તે પર પ્રમુખશ્રીએ સહી કરી.

૨. ગુજરાત રાજ્યના શિક્ષણ અને મજૂર ખાતાએ ગુજરાત યુનિવર્સિટી ધારામાં સુધારાઓ કરવા અંગેના બિલનો મુસદ્દો મોકલી તે પર વક્તવ્ય માગ્યું હોઈ તે અંગે વિચારણા કરવા બાબત.

સદરહુ બાબત ચર્ચાવિચારણા માટે હાથ ધરવામાં આવી. અને તે પર ચર્ચાવિચારણા ચાલતી હતી તે દરમ્યાન કુલપતિ શ્રી. ઉમાશંકર જોશી સભાગૃહમાં આવતાં, શ્રી. ઝીણાભાઈ ૨. દેસાઈ પાસેથી પ્રમુખસ્થાન સંભાળ્યું.

તે પછી લંબાણ ચર્ચાવિચારણાને અંતે ઠરાવવામાં આવ્યું કે સદરહુ બિલના મુસદ્દામાં આ સાથે જોડેલા પરિશિષ્ટ મુજબ ફેરફાર કરવા માટે ગુજરાત રાજ્યના શિક્ષણ અને મજૂર ખાતાને સૂચવવું.

(સદરહુ પરિશિષ્ટ "ક"ની નકલ આ સાથે સામેલ છે.)

૨--ક. તે પછી પ્રમુખશ્રીની પરવાનગીથી બી. ટી. આર્ટ્સ કૉલેજ તરફથી તેમના સ્ટાફના સભ્ય શ્રી. શાંતિલાલ શાહને વ્યાયામ શિક્ષકની કામગીરી ઉપરાંત ઇતિહાસના લેક્ચરર તરીકે શિક્ષણકાર્ય સોંપવામાં આવેલું તે બાબતમાં સદરહુ કૉલેજના આચાર્ય તથા શ્રી. શાંતિલાલ શાહ સાથેનો પત્રવ્યવહાર સભાગૃહ સમક્ષ રજૂ કરવામાં આવ્યો.

તે અંગે ઠરાવવામાં આવ્યું કે સદરહુ કેસ અંગે પૂરેપૂરી તપાસ કરીને પોતાનો અહેવાલ રજૂ કરવા માટે નીચે જણાવેલા સભ્યોની સમિતિ રચવી :

(૧) ડૉ. જયંત ભગવાનદાસ હરિભક્તિ
(૨) શ્રી. હીરાલાલ એન. ભગવતી
(૩) આચાર્ય ગિરીશભાઈ છોટાલાલ પટેલ
(૪) શ્રી. ઇંદ્રવદન અંબાલાલ મોદી
(૫) શ્રી. સત્યેન્દ્ર કાળિદાસ ઝવેરી.

તે પછી સભાગૃહની સંમતિથી નીચેની બાબત ચર્ચાવિચારણા માટે હાથ ધરવામાં આવી :

૨--ખ. પ્રથમ વર્ષ ફાર્મસીમાં ૩૦ વધુ વિદ્યાર્થીઓને પ્રવેશ આપવાની એમ. એન. કૉલેજ ઑફ ફાર્મસી, ખંભાતના આચાર્યની વિનંતી પર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બાબત અંગે નીચે જણાવેલા સભ્યોની બનેલી **સ્થાનિક તપાસસમિતિ રચવી :**

(૧) ડૉ. સી. એસ. શાહ
(૨) ડૉ. એસ. કે. પ્રધાન, મુંબઈ.

પરંતુ ડૉ. એસ. કે. પ્રધાન આ કમિટી પર કામ કરી શકે તેમ ના હોય તો તેમને બદલે ડૉ. બી. એમ. મિત્તલ(પિલાણી)ને નીમવા.

તે પછી સભાગૃહની સંમતિથી બાબત નં. ૮૬ વિચારણા માટે હાથ ધરવામાં આવી.

૮૬. બી. એમ. ઈન્સ્ટિટ્યૂટ, અમદાવાદને, જૂન ૧૯૭૨થી નીચે જણાવેલ ચાર અનુસ્નાતક ડિપ્લોમા અભ્યાસક્રમો નીચેની શરતોનું પરિપાલન થયેથી સદરહુ સંસ્થાને ૧૪ જૂન ૧૯૭૩ સુધી એક વર્ષ માટે અભ્યાસક્રમોનું શિક્ષણકાર્ય કરવા માટે માન્યતા આપવા માટે એકેડેમિક કાઉન્સિલની તા. ૨૭/૨૮--૬--૧૯૭૨ની સભાની ભલામણ પર વિચારણા કરવા બાબત :

(1) Diploma in Psychotherapy

(2) Diploma in Advanced Psychiatric Social Work

(3) Diploma in Psychiatric Occupational Therapy

(4) Diploma in Special Education for Non–normal Children.

"૧. યુનિવર્સિટીનાં ધારાધોરણો અનુસાર અનુસ્નાતક શિક્ષણનું કાર્ય કરવાની માન્યતા માટે જરૂરી પાત્રતા ધરાવતા હોય અને ફક્ત આ ડિપ્લોમાઓના અભ્યાસક્રમનું જ શિક્ષણકાર્ય (exclusively) કરતા હોય તેવા આઠ પૂરા સમયના શિક્ષકોની નિમણૂક કરવામાં આવે;

૨. ગ્રંથાલયમાં ઓછામાં ઓછા રૂ. ૧૦,૦૦૦નાં પુસ્તકો વસાવવામાં આવે તથા રૂ. ૪,૦૦૦નો આવર્તક ખર્ચ સામયિકો મંગાવવા માટે કરવામાં આવે; અને

૩. ક્લિનિકલ શિક્ષણ માટે એક હૉસ્પિટલમાં પૂરતી વ્યવસ્થા કરવામાં આવે."

(નોંધ.—પૂરતી વ્યવસ્થા અંગે આ બાબતો માટે નિમાયેલ સમિતિનો નિર્ણય માન્ય ગણાશે.)

આથી ઠરાવવામાં આવે છે કે બી. એમ. ઈન્સ્ટિટ્યૂટ, અમદાવાદને નીચેની શરતોએ તા. ૧૫મી જૂન ૧૯૭૨થી તા. ૧૪મી જૂન ૧૯૭૩ સુધી એક વર્ષ માટે ઉપર જણાવેલા ડિપ્લોમાના અભ્યાસક્રમો શીખવવા માટે પરવાનગી આપવી :

(૧) યુનિવર્સિટીનાં ધારાધોરણો અનુસાર અનુસ્નાતક શિક્ષણનું કાર્ય કરવાની માન્યતા માટે જરૂરી પાત્રતા ધરાવતા હોય અને ફક્ત આ ડિપ્લોમાઓના અભ્યાસક્રમનું જ શિક્ષણકાર્ય (exclusively) કરતા હોય તેવા આઠ પૂરા સમયના શિક્ષકોની નિમણૂક કરવામાં આવે;

(૨) ગ્રંથાલયમાં ઓછામાં ઓછા રૂ. ૧૦,૦૦૦નાં પુસ્તકો વસાવવામાં આવે, તથા રૂ.. ૪,૦૦૦નો આવર્તક ખર્ચ સામયિકો મંગાવવા માટે કરવામાં આવે;

(૩) ક્લિનિકલ શિક્ષણ માટે હૉસ્પિટલમાં પૂરતી વ્યવસ્થા કરવામાં આવે.

(નોંધ.—પૂરતી વ્યવસ્થા માટે આ બાબતો માટે નિમાયેલ સમિતિનો નિર્ણય માન્ય ગણાશે.)

તે પછી સભાગૃહની સંમતિથી બાબત નં. ૮૭ વિચારણા માટે હાથ ધરવામાં આવી.

૮૭. (૧) એડવાન્સ્ડ કોર્સ ઇન સાયકિઓટ્રિક સોશિયલ વર્ક (ડી.પી.એસ.ડબલ્યુ.), (૨) ટીચર ટ્રેનિંગ કોર્સ ઇન સ્પેશિયલ એજ્યુકેશન ફૉર ધ નૉન-નૉર્મલ ચિલ્ડ્રન (ડી.એસ.ઈ.એન.સી.), (૩) સાયકિઓટ્રિક ઑક્યુપેશનલ થેરાપી (ડી.પી.ઓ.ટી.), અને (૪) સાયકોથેરાપી(ડી.પી.)ના અનુસ્નાતક ડિપ્લોમા

અભ્યાસક્રમો શીખવવા માટે શિક્ષકોની માન્યતા અંગે બોર્ડ ઑફ યુનિવર્સિટી ટીચિંગની તા. ૨૬-૬–૧૯૭૨ની સભાએ કરેલી નીચેની ભલામણ ઍકેડેમિક કાઉન્સિલે તેની તા. ૨૭/૨૮–૬–૧૯૭૨ની સભામાં કરેલા નીચેના ઠરાવ પર વિચારણા કરવા બાબત :

બોર્ડ ઑફ યુનિ. ટીચિંગની તા. ૨૬–૬–૧૯૭૨ની સભાની ભલામણ

' આથી આ સભા ઍકેડેમિક કાઉન્સિલને ભલામણ કરે છે કે (૧) સાયકિઓટ્રિક સોશિયલ વર્ક (ડી.પી.એસ.ડબલ્યુ.), (૨) ટીચર ટ્રેનિંગ કોર્સ ઇન સોશિયલ એજ્યુકેશન ફૉર ધ નૉન-નૉર્મલ ચિલ્ડ્રન (ડી.એસ.ઈ.એન.સી.), (૩) સાયકિઓટ્રિક ઑકયુપેશનલ થેરાપી (ડી.પી.ઓ.ટી.) તથા (૪) સાયકોથેરાપી(ડી.પી.)ના ડિપ્લોમાના અભ્યાસક્રમો શીખવવા માટે માન્ય અનુસ્નાતક શિક્ષકો તથા માન્ય અનુસ્નાતક શિક્ષકના મદદનીશ શિક્ષકની માન્યતા અંગે નિયમો ૧૪મી જૂન ૧૯૭૫ સુધીના સમયગાળા પૂરતા રાખવા અને તે માટે અનુક્રમે ઑર્ડિ. ૬૫–એફ હેઠળ (જી) તરીકે તથા ઑર્ડિ. ૬૫–એમ હેઠળ નોટ (vi) તરીકે મૂકીને તે સુધારેલા ઑર્ડિનન્સ તા. ૧૪મી જૂન ૧૯૭૫ સુધી મંજૂર કરવા, જે પછી આ નિયમોનું પુનરવલોકન કરવું."

ઍકેડેમિક કાઉન્સિલની તા. ૨૭/૨૮–૬–૧૯૭૨ની સભાનો ઠરાવ

"આથી ઠરાવવામાં આવે છે કે –

૧. (ક) સદરહુ બોર્ડની ઉપરની ભલામણ મંજૂર કરવા તથા તે મુજબ ઑ. ૬૫–એફ હેઠળ નોટ નં. (જી) તરીકે તથા ઑ. ૬૫–એમ, નોટ નં. ૬ તરીકે ઉમેરીને તે મુજબ સુધારેલા ઑર્ડિનન્સો મંજૂર કરીને તેનો અમલ તા. ૧૪મી જૂન ૧૯૭૫ સુધીના સમય માટે મંજૂર કરવા સિન્ડિકેટને ભલામણ કરવી.

(ખ) વધુમાં તા. ૧૪–૬–૧૯૭૫ પછીના સમય માટે આ બાબત યથાસમયે ફરીથી વિચારવાનું રાખવું.

૨. 'ડિપ્લોમા ઇન ટીચર ટ્રેનિંગ કોર્સ ઇન સ્પેશિયલ એજ્યુકેશન ફૉર ધી મેન્ટલી રિટાર્ડેડ' ને બદલે 'ડિપ્લોમા ઇન સ્પેશિયલ એજ્યુકેશન ફૉર ધી નૉન-નૉર્મલ' નામાભિધાન રાખવા સિન્ડિકેટ તથા સેનેટને ભલામણ કરવી."

"**O. 65-F** (*g*) :

(*i*) A teacher to be recognised as a post-graduate for courses for Diploma in Psychiatric Social Work (D.P.S.W.), (2) Diploma in Special Education for the Non-normal Children (D.S.E.N.C.), (3) Diploma in Psychiatric Occupational Therapy (D.P.O.T.) and (4) Diploma in Psychotherapy (D.P.) by papers shall have at least a Second Class Master's degree in the subject or a Post-graduate Diploma in the subject with at least five years' teaching or clinical or research experience in the respective subject and/or related fields like Psychiatry, Social Work, Psychology, Psychoanalysis and Psychotherapy.

(*ii*) Notwithstanding anything contained above, these teachers who have been recognised as post-graduate teachers in the subject Psychology, be also recognised as a post-graduate teacher to teach the papers on Psychology in the above Diploma course.

(*iii*) A teacher with a post-graduate qualifications of M.D. or Diploma in Psychiatric Medicine (D.P.M.) or its equivalent will also be recognised as a post-graduate teacher, if he has at least 5 years' teaching experience in Psychiatric Medicine at the under graduate level.

Recognition as an Asst. to Post-graduate Teacher

O. 65-M : Note (vi) :

A teacher to be recognised as an assistant to a post-graduate teacher for the courses for Diploma in Psychiatric Social Work (D.P.S.W.), Diploma in Special Education for the Non-normal Children (D.S.E.N.C.) and Diploma in Psychiatric Occupaticnal Therapy (D.P.O.T.) and Diploma in Psychotherapy (D.P.) by papers shall have at least Second Class Master's degree in the subject or a Post-graduate Diploma in the subject and three years' teaching or clinical or research experience in the respective subject and/or related fields like Psychiatry, Social Work, Psychology and Psychotherapy.

(*ii*) A teacher with a post-graduate qualification of M.D. or Diploma in Psychiatric Medicine (D.P.M.) or its equivalent will also be recognised as an assistant to a post-graduate teacher, if he has worked as a Registrar in the same branch for at least two years in a teaching institution, where he is working in his own speciality.

(*iii*) Notwithstanding anything contained above, a teacher who has been recognised as assistant to a post-graduate teacher in the subject Psychology, shall also be recognised as assistant to post-graduate teacher to teach the Psychology paper in the above Diploma courses.

વધુમાં આ સભા ઠરાવે છે કે ઉપર મુજબના ઑર્ડિ. ૬૫--રોફ હેઠળ (જી) તથા ઑર્ડિ. ૬૫--એમ હેઠળની નોંધ (*vi*)નો અમલ હાલ બે વર્ષ પૂરતો કરવાનું રાખવું અને ત્યાર બાદ સદરહુ નિયમોમાં જે સુધારાવધારા કરવા જરૂરી જણાય તેના સંદર્ભમાં તે અંગે વિચારણા કરવાનું રાખવું."

આથી ઠરાવવામાં આવે છે કે એકેડેમિક કાઉન્સિલની ઉપરની ભલામણ નં. ૧ (ક) અને (ખ) મંજૂર કરવી.

(૨) 'ડિપ્લોમા ઈન ટીચર ટ્રેનિંગ ઈન સ્પેશિયલ એજ્યુકેશન ફોર ધી મેન્ટલી રિટાર્ડેડ ચિલ્ડ્રન'ને બદલે 'ડિપ્લોમા ઈન સ્પેશિયલ એજ્યુકેશન ફોર ધી નૉન-નૉર્મલ ચિલ્ડ્રન' નામાભિમાન રાખવા માટે સેનેટને ભલામણ કરવી.

તે પછી સભાગૃહનું કામકાજ તે દિવસે બંધ કરવામાં આવ્યું અને બાકીની બાબતો વિચારણા માટે હાથ ધરી શકાઈ ન હતી.

નં. સિં./૦૬૯૯૧/૧૯૭૨.

ગુજરાત યુનિવર્સિટી કાર્યાલય,
અમદાવાદ—૯.
જુલાઈ ૭, ૧૯૭૨.

ક. ચં. પરીખ
કુલસચિવ.

પરિશિષ્ટ "ક"
કામકાજ ક્રમાંક ૨

Suggestions made by the Syndicate for amendments to the draft bill prepared by the State Government for amending the Gujarat University Act

I. (40) In Sec. 4 of the Principal Act clause (13–B) and (5) be amended not as proposed in the draft amendment bill, but as follows :

(13–B) To confer autonomy on any affiliated college or a recognised institution or a University Department or University college, entitling it to privileges in the matters of admission of students, prescribing the courses of study in the college, or institution or the department, as the case may be, for imparting instruction, teaching and training in the courses of study, the holding and conduct of examinations and the powers to make necessary rules for the purpose;

(5) Where in the case of an autonomous college or department, as the case may be, the rights conferred under Section 50A are withdrawn by an order made under sub-section (4), the college or institution or department as the case may be shall cease to be autonomous college from the date specified in the order.

II. (38) In the Principal Act in Schedule IV clause 15(*a*) and (22–A) be amended not as proposed in the draft amendment bill, but as follows :

(15*a*) To control and co-ordinate the activities of, and to give financial aid to, affiliated colleges and recognised/approved institutions, and (*b*) to regulate the fees to be paid by the students in affiliated colleges recognised/approved institutions.

(22–A) To take disciplinary action against the students of the university and to impose such punishments upon them as may be deemed fit for breach of discipline or misconduct in connection with

any matter relating to the university or its affiliated college or recognised/approved institution, within or outside the university, including the use of unfair means at an examination or in relation there to pay themselves by any other persons or abetment thereof.

III. (43) Section 10 of the Principal Act be amended not as proposed in the draft amendment bill, but as follows :

For sub-sections (1) and (2) of Section 10 the following shall be substituted, namely—

(*i*) The Vice-Chancellor shall be nominated by the Chancellor from amongst three persons elected by the Court by the system of proportional representation by means of a single transferable vote by ballot in such manner as may be prescribed by the statutes, provided that no person shall be nominated by the Chancellor as the Vice-Chancellor who has completed the age of 60 years or who would complete the age of 60 years at the time of his nomination by the Chancellor;

(*ii*) The Vice-Chancellor shall hold office for a term of five years only; provided that the person holding the office of the Vice-Chancellor on the date of the commencement of the Gujarat State Universities Amendment Act, 1972 shall hold the office for the remaining period of his term;

(*iii*) For sub-section (3) of Section 10 of the Principal Act, the following shall be substituted, viz.

(*a*) During the leave or absence of the Vice-Chancellor, or

b) In the event of a permanent vacancy in the office of the Vice-Chancellor, until the appointment is made under sub-section (1) in that office, the Pro-Vice-Chancellor, if any, and in the absence of the Pro-Vice-Chancellor, one of the Deans nominated by the Chancellor for that purpose shall carry on the current duties of the Vice-Chancellor.

(*iv*) For sub-section (4) the following shall be substituted namely, the Vice-Chancellor shall be a wholetime officer and he shall be paid Rs. 2,500/– per month, and provided with a free furnished residence,

excluding water and electricity charges. Furthermore, a suitable motor conveyance together with the services of a motor-driver shall be placed at his disposal.

IV. (44) In Section 2 of the Principal Act Clause (2) be amended not as proposed in the draft amendment bill, but as follows :

(2) After sub-section (1) the following sub-sections shall be inserted, namely:

(1A) The Pro-Vice-Chancellor shall hold office for a term of five years or for a term till he completes the age of sixty years whichever is less, provided that he shall not be eligible for being appointed to that office for more than two terms in the same University, and further provided that the term of his office shall be co-terming with that of the Vice-Chancellor on whose recommendation he is appointed as Pro-Vice-Chancellor.

V. (47) In Section 16 of the Principal Act the following amendments be made in the draft amendment bill :

Sub-clause (6) be substituted by the following, namely :

Following sub-clause (*d*) be added in Sub-clause V in Class II Ordinary Members :

(*d*) One member by registered Trade Unions in the University Area in such manner as may be specified in the Statutes.

(*vi*) (*a*) Two members by the managements of private colleges outside the city of Ahmedabad affiliated to the University from amongst themselves in the manner specified in the Statutes.

(*vi*) (*b*) One member by the managements of the private colleges in the city of Ahmedabad affiliated to the University from amongst themselves in the manner specified in the Statutes.

Sub-clause (*b*) of sub–clause (*vii*) be substituted by the following, namely :

(*i*) One member to be elected by the Donors in respect of the affiliated colleges and recognised approved

institutions in the city of Ahmedabad from amongst themselves in the manner specified by the Statutes.

(*ii*) One member to be elected by the Donors in respect of the affiliated colleges and recognised / approved institutions outside the city of Ahmedabad from amongst themselves in the manner specified by the Statutes.

In sub-clause (*c*) of sub-clause (*vii*) the words 'Trade Unions' be deleted.

Note.—The words 'Trade Unions' are delected here as a provision for an elected representative of trade unions has been suggested in sub-clause (*d*) of sub-clause (*v*) above.

Sub-clause (*iv*) of sub-clause (*c*) be substituted so as to read as follows :

Three representatives of post-graduate students and two representatives of undergraduate students elected in the manner specified by the Statutes.

Sub-clause (*v*) be added under category 'C' as follows:

One representative of the members of the non-teaching staff of the University and of affiliated colleges and recognised / approved institutions.

VI. (50) In Section 20 of the Principal Act Clause Nos. (*xxii*), (*xxiii*) and (*xxv*) be amended not as proposed in the draft amendment bill, but as follows :

(*xxii*) to recommend to the court on the recommendation of the Academic Council the conferent of autonomy on any affiliated college or University college or recognised institution or University Department entitling it to privileges in the matters of admission of students, prescribing the courses of study in the college, imparting instruction, teaching and training in the courses of study, the holding and conduct of examination and the powers to make necessary rules for the purpose;

(*xxiii*) (*a*) to control and co-ordinate the activities of, and to give financial aid to affiliated colleges and recognised/approved institutions; and

(*b*) to regulate the fees to be paid by the students in affiliated colleges and recognised/approved institutions.

(*xxv*) to supervise and control the residence, conduct and discipline of the students of the University including the students of affiliated colleges, recognised institutions and University Departments and to make arrangements for promoting their health and general welfare.

VII. (53) In Section 23 of the Principal Act the following Clause (*vii*) be added in the draft amendment bill :

(*vii*) Such non-teaching members of the Court as may be assigned the Faculty by the Executive Council on the recommendations of the Academic Council;

VIII. (60) In Section 33 of the Principal Act Clause (6) be amended not as proposed in the draft amendment bill, but as follows :

"(6) No letter of application for affiliation shall be entertained by the Registrar after the 31st March of the year preceding the year in which the college is proposed to be started and the same may be withdrawn at any time before an order is made under sub-section (4) provided that the Syndicate may the Vice-Chancellor's recommendation entertain an application if it is satisfied that there are special reasons for doing so."

IX. (62-A) In Section 36 of the Principal Act Clause (3) be amended not as proposed in the draft amendment bill, but as follows :

(3) in sub-section (3) the following words shall be added, namely :

"and in case of disregard of conditions of affiliation reported by the Inspection Committee to the Executive Council, it shall, on the recommendation of the Academic Council recommend to Government with holding of Government grants to such colleges, and take such steps as may be deemed necessary by the Syndicate;

X. (67) In the Principal Act Section 48-A, AA, 38-B, and Clause 5 of Section 38-D be amended not as proposed in the draft amendment bill, but as follows :

48-A, AA :

(1) Any affiliated college or University college or a recognised institution or a University Department may by a letter addressed to the Registrar, apply to the Executive Council to allow the college to enjoy autonomy in the matters of admission of students to the college, prescribing

the courses of studies in the college or institution or the department, as the case may be, imparting instruction, teaching and training in the courses of study, the holding and conduct of examinations and the powers to make necessary rules for the purpose. (Hereinafter referred to as " the specified matters ").

(2) Either on receipt of a letter of application under sub-section (1) or where it appears to the Executive Council that the standards of education in any affiliated college or University college or a recognised institution or University Department are so developed that it would be in the interest of education to allow the college or the institutions or the departments, as the case may be, to enjoy autonomy in the specified matters, on its own motion the Executive Council shall—

(*a*) for the purpose of satisfying itself whether the standards of education in such college or institution or department, as the case may be, are so developed that it would be in the interest of education to allow the college to enjoy autonomy in the specified matters —

(*i*) direct a local inquiry to be made by a competent person or persons authorised by the Executive Council in this behalf, and

(*ii*) Make such further inquiry as may appear to it to be necessary.

(*b*) after consulting the Academic Council on the question whether the college or institution or department, as the case may be, should be allowed to enjoy autonomy in the specified matters, stating the result of the inquiry under Clause (*aa*) record its opinion on that question; and

(*c*) make a report to the Court on that question embodying in such report the result of the inquiries, the opinion of the Academic Council and the opinion recorded by it.

(3) On receipt of the report under sub-section (2), the Court shall, after such further inquiry, if any, as may appear to be necessary record its opinion thereon on the question whether the college or institution or departments, as the case may be, should be allowed autonomy in the specified matters.

(4) The Registrar shall thereupon submit the proposals for conferring such autonomy on such college and all proceedings, if any, of the Academic Council, the Executive Council and the Court relating thereto, to the State Government.

(5) On receipt of the proposals and proceedings under sub-section (4) the State Government after such inquiry as may appear to it to be necessary, may sanction the proposals or reject the proposals.

(6) Where the State Government sanctions the proposals, it shall by an order published in Official Gazette confer on the college or Institution or department as the case may be specified in the proposals, power to regulate the admission of students to the college or institution or department, as the case may be, the courses of studies in the college or institution or department, as the case may be, to impart the instructions, teaching and training in the course of studies, the holding and conduct of examinations and power to make the necessary rules for the purpose after consulting the Executive Council and such other powers as may have been specified in the proposals.

(7) A college or institution or a department as the case may be exercising the powers conferred under sub-section (6) shall be called an autonomous college or institution or department as the case may be.

38-B. (1) For the purpose of enabling it to exercise the powers conferred on it under Section 38-A, AA an autonomous college shall appoint a Standing Committee consisting of :

(i) The Principal of the College or the Head of the Institution or Department as the case may be as its ex-officio Chairman.

(*ii*) Heads of the Departments in the special subjects taught at degree level in the case of the college or Heads of all Departments in the case of Institutions and departments, as its ex-officio members; and

(*iii*) Such other members not exceeding five as the college, institution or department as the case may be may think fit to appoint.

(2) The Standing Committee shall exercise such of the powers of the college under Section 48A, AA as the college or institution or department as the case may be may delegate to it.

(3) The Standing Committee may appoint a special committee or committees for the purpose of exercising such powers and performing such functions of an authority.

(4) Where in the case of an autonomous college, the rights conferred under Section 38A, AA are withdrawn by an order made under subsection (4), the college or institution or department as the case may be shall cease to be autonomous college or autonomous institution, or autonomous department, as the case may be, from the date specified in the order.

SCHEDULE II

First Statutes

XI. *Appointment of Vice-Chancellor :*

Statutes 1 to 5 will not be necessary if the amendment to Sec. 10 (*i*) as suggested by the Syndicate is accepted.

XII. *Constitution of Board of Studies :*

The following sub-clause (*v*) be added in the draft amendment bill:

(*v*) Such non-teaching member of the faculty may be assigned the Board of Studies by the Executive Council on the recommendation of the Academic Council.

XIII. Constitution of the Board for Students' Welfare :

In sub-clause (*x*) the following para be added viz, :

Provided that of these 14 representatives seven shall be students representatives from the college outside the city of Ahmedabad and the remaining seven shall be students representatives from affiliated University colleges, recognised / approved institutions and University departments.

The following sub-clause be added as sub-clause (*xi*) :

(*xi*) All student members of the Court :

Sub-clause (*xi*) be renumbered as sub-clause (*xii*).

XIV. *Powers and duties of the Academic Planning Board :*

The following para be added viz. "and shall have power to co-opt an expert in the subject concerned on an ad-hoc basis."

Appointment of Examiners' Committee :

The constitution of the committee be amended as proposed in the draft amendment bill as follows :

The Commitee for appointment of examiners for each subject in a Faculty shall consist of—

(1) (*i*) The Vice-Chancellor, Ex-officio Chairman

(*ii*) The Pro-Vice-Chancellor

(*iii*) The Dean of the Faculty concerned

(*iv*) The Chairman of the Board of Studies for the subject concerned, who will attend the Committee meetings when matter regarding his subject comes for consideration.

(*v*) One other member of the Board of studies elected for that particular year.

(*vi*) One representative of the Executive Council beloging to the Faculty.

(2) The lists of the examiners prepared by the Committees shall be placed before both the Academic and the Executive Council.

(3) The members of the Committee and of the Executive Council who are appointed examiners shall not be eligible to receive remuneration exceeding Rs. per annum.

ગુજરાત યુનિવર્સિટી પ્રેસ, અમદાવાદ--૯

ગુ.યુ.પ્રેસ ૪૧૧--૪૧૦--૭--૭૨

ખાનગી

ગુજરાત યુનિવર્સિટી

ગુજરાત યુનિવર્સિટીની સિન્ડિકેટની જુલાઈ માસની વિશેષ સભા, શનિવાર, તા. ૮--૭--૧૯૭૨ના રોજ બપોરના ૧૨--૩૦ વાગ્યે ગુજરાત યુનિવર્સિટી કાર્યાલયમાં મળી હતી, અને રવિવાર, તા. ૯--૭--૧૯૭૨ના રોજ પણ તે સમયે ચાલુ રહી હતી. બંને દિવસોએ પ્રમુખસ્થાન કુલપતિ શ્રી. ઉમાશંકર જોષીએ સંભાળ્યું હતું. બંને દિવસોએ સભામાં હાજરી નીચે પ્રમાણે હતી :

ક્રમાંક	સભ્યનું નામ	તા. ૮--૭--૧૯૭૨	તા. ૯--૭--૧૯૭૨
૧.	શ્રી. ઉમાશંકર જોષી, કુલપતિ	હાજર	હાજર
૨.	શિક્ષણસંચાલક, ગુજરાત રાજ્ય	ગેરહાજર	ગેરહાજર
૩.	આચાર્ય સી. એસ. શાહ	ગેરહાજર	હાજર
૪.	શ્રી. ઝીણાભાઈ રતનજી દેસાઈ	હાજર	હાજર
૫.	શ્રી. રણજિતરાય ગંગાશંકર શાસ્ત્રી	હાજર	હાજર
૬.	ડૉ. જયંત ભગવાનદાસ હરિભક્તિ	હાજર	હાજર
૭.	શ્રી. ઈન્દ્રવદન અંબાલાલ મોદી	હાજર	હાજર
૮.	શ્રી. બટુભાઈ હરિભાઈ દેસાઈ	હાજર	ગેરહાજર
૯.	શ્રી. સત્યેન્દ્ર કાળિદાસ ઝવેરી	હાજર	હાજર
૧૦.	શ્રી. હીરાલાલ એચ. ભગવતી	હાજર	હાજર
૧૧.	શ્રી. પ્રફુલ્લચંદ્ર સી. શાહ	હાજર	હાજર
૧૨.	ડૉ. મહેન્દ્ર નાનુભાઈ દેસાઈ	હાજર	હાજર
૧૩.	શ્રી. કૃષ્ણચંદ્ર સોમનાથ શાસ્ત્રી	હાજર	હાજર
૧૪.	પ્રો. કે. આર. ચંદ્રશેખરન	હાજર	હાજર
૧૫.	આચાર્ય ડૉ. ધીરુભાઈ પ્રેમશંકર ઠાકર	હાજર	હાજર
૧૬.	આચાર્ય ડૉ. લક્ષ્મીપ્રસાદ ધનશંકર દવે	હાજર	હાજર
૧૭.	આચાર્ય ગિરીશભાઈ છોટાલાલ પટેલ	હાજર	હાજર
૧૮.	આચાર્ય મહેન્દ્રલાલ ચંદુલાલ શાહ	હાજર	હાજર.

૧. તા. ૨--૭--૧૯૭૨ના રોજ મળેલી સિન્ડિકેટની નોંધને મંજૂર કરવા બાબત.

તા. ૨--૭--૧૯૭૨ના રોજ મળેલી સિન્ડિકેટની સભાની નોંધને મંજૂર કરવામાં આવી તથા તે પર કુલપતિશ્રીએ સહી કરી.

૨. સિન્ડિકેટની તા. ૪/૧૦--૩--૧૯૭૨ની સભાની બાબત ક્રમાંક ૭૨ના ઠરાવમાં 'તા. ૧૭--૩--૧૯૭૩' છે તેને બદલે 'તા. ૧૭--૨--૧૯૭૩' હોવી જોઈએ તે છાપભૂલ સુધાર્યાના કુલપતિશ્રીના કાર્યની નોંધ લેવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે કુલપતિશ્રીના સદરહુ કાર્યની નોંધ લેવી.

૩. ગુજરાત વિભાગ ઉચ્ચ વિદ્યોત્તેજક મંડળ, ગુજરાત તરફથી જૂન ૧૯૭૩થી નવી વાણિજ્યની કૉલેજ શરૂ કરવા માટે આવેલ જોડાણઅરજી ઉપર નિમાયેલ સ્થાનિક તપાસસમિતિના સભ્ય પ્રો. ટી. ટી. ત્રિવેદીએ સમિતિ પર કામ કરવા અશક્તિ દર્શાવી હોઈ તેઓની જગ્યાએ અન્ય સભ્યની નિમણૂક કરવા બાબત.

(**નોંધ.**—સ્થાનિક તપાસસમિતિના અન્ય સભ્ય આચાર્ય એચ. કે. ત્રિવેદી છે.)

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ સ્થાનિક તપાસસમિતિ પર પ્રો. ટી. ટી. ત્રિવેદીની જગ્યાએ આચાર્ય આર. એલ. સંઘવીને નીમવા.

૪. શ્રી. પંચમહાલ શિક્ષણ પ્રચારક મંડળ, ગોધરા તરફથી જૂન ૧૯૭૩થી ગોધરા ખાતે શરૂ કરાનાર નવી વાણિજ્યની કૉલેજની જોડાણઅરજી પર નિમાયેલ સ્થાનિક તપાસસમિતિના સભ્ય પ્રો. ડી. ડી. ત્રિવેદીએ સ્થાનિક તપાસસમિતિના સભ્ય તરીકે કામ કરવા અશક્તિ દર્શાવી હોઈ તેઓની જગ્યાએ અન્ય સભ્યની નિમણૂક કરવા બાબત.

(**નોંધ.**—સ્થાનિક તપાસસમિતિના અન્ય સભ્ય આચાર્ય એચ. કે. ત્રિવેદી છે.)

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ સ્થાનિક તપાસસમિતિ પર પ્રો. ડી. ડી. ત્રિવેદીની જગ્યાએ આચાર્ય આર. એલ. સંઘવીને નીમવા.

૫. યુનિવર્સિટી કાર્યાલયમાં મદદનીશ કુલસચિવ તરીકે કામ કરતા શ્રી. ડાહ્યાભાઈ એચ. પટેલનો અજમાયશી સમય તા. ૯--૮--૧૯૭૨ના રોજ પૂરો થતો હોઈ તેમને તા. ૧૦--૮--૧૯૭૨થી કાયમ કરવા અંગે વિચારણા કરવા બાબત.

(**નોંધ.**—તેમનો અજમાયશી સમય એક વર્ષ માટે લંબાવવામાં આવ્યો હતો.)

સદરહુ બાબત વિચારણા માટે હાથ ધરવામાં આવી ત્યારે મદદનીશ કુલસચિવ શ્રી ડાહ્યાભાઈ હ. પટેલની કામગીરી અંગેનો ખાનગી અહેવાલ સભાગૃહ સમક્ષ રજૂ કરવામાં આવ્યો.

તે પછી ઠરાવવામાં આવ્યું કે શ્રી. ડાહ્યાભાઈ હ. પટેલને મદદનીશ કુલસચિવની જગ્યા પર તા. ૧૦--૮--૧૯૭૨થી કાયમ કરવા.

૬. યુનિવર્સિટી કાર્યાલયમાં સિનિયર કલાર્ક તરીકે અગાઉ કામ કરતા શ્રી. જે. જે. ચૌહાણને સિન્ડિકેટે તેની તા. ૧૦/૧૧--૭--૧૯૭૧નાં સભામાં તા. ૧--૭--૧૯૭૧થી એક વર્ષ માટે આપેલા પદાધિકાર (lien)ની મુદતમાં ૬ માસનો વધારો આપવા અંગેના તેઓના તા. ૨૯--૬--૧૯૭૨ના પત્ર ઉપર વિચારણા કરવા બાબત.

(નોંધ.—તેમના પદાધિકારની મુદત તા. ૩૦-૬-૧૯૭૨ના રોજ પૂરી થાય છે.)

આથી ઠરાવવામાં આવે છે કે શ્રી. જે. જે. ચૌહાણને યુનિવર્સિટી કાર્યાલયમાં સિનિયર કલાર્કની તેમની જગ્યા માટેના પદાધિકાર (lien)નો મુદત વધુ ૬ માસ, એટલે કે તા. ૩૧-૧૨--૧૯૭૨ સુધી વધારી આપવી.

૭. ૧૯૭૨--૭૩ના ચાલુ શૈક્ષણિક વર્ષથી રાષ્ટ્રીય સેવા યોજનાના નવા ૧૦ એકમો જુદી જુદી ૨૦ કૉલેજોમાં સ્થાપવામાં આવ્યા છે અને તે પૈકી ૧૭ કૉલેજોના આચાર્યો તરફથી સૂચવવામાં આવેલ અધ્યાપક--ઇન--ચાર્જની નિમણૂક કરવા બાબત.

નવા યુનિટોના આચાર્યો તરફથી સૂચવવામાં આવેલ અધ્યાપક-ઇન-ચાર્જનાં નામો

ક્રમાંક	કૉલેજનું નામ	અધ્યાપક-ઇન-ચાર્જનું નામ
૧.	સિટી આર્ટ્સ કૉલેજ, અમદાવાદ	શ્રી. કે. ઓ. શાહ
૨.	એચ. એલ. કૉમર્સ કૉલેજ, અમદાવાદ	શ્રી. એમ. એ. શાહ
૩.	એમ. જી. સાયન્સ ઇન્સ્ટિટ્યૂટ, અમદાવાદ	શ્રી. એન. એચ. પટેલ
૪.	બી. જે. મેડિકલ કૉલેજ, અમદાવાદ	શ્રી. વી. પી. ઘંઘુક્યિા
૫.	સ્વામિનારાયણ આર્ટ્સ કૉલેજ, અમદાવાદ	શ્રી. ડી. ડી. વેકરિયા
૬.	આર્ટ્સ એન્ડ સાયન્સ કૉલેજ, ચિલવાડી	શ્રી. કે. એમ. પટેલ
૭.	નવગુજરાત આર્ટ્સ કૉલેજ, અમદાવાદ	શ્રી. લક્ષ્મણભાઈ પટેલ
૮.	આર્ટ્સ એન્ડ કૉમર્સ કૉલેજ, દેવગઢબારિયા	પ્રા. પરમાનંદ એસ. પટેલ
૯.	આર્ટ્સ એન્ડ કૉમર્સ કૉલેજ, વીરમગામ	શ્રી. એમ. ડી. સીતાપરા
૧૦.	આર્ટ્સ એન્ડ કૉમર્સ કૉલેજ, ધંધુકા	શ્રી. એસ. જી. વ્યાસ
૧૧.	સી. યુ. શાહ સાયન્સ કૉલેજ, અમદાવાદ	પ્રો. જી. સી. પટેલ
૧૨.	આર્ટ્સ એન્ડ સાયન્સ કૉલેજ, લુણાવાડા	પ્રો. કે. આર. શાહ
૧૩.	અમદાવાદ કૉમર્સ કૉલેજ, અમદાવાદ	શ્રી. બી. પી. કડવાડિયા
૧૪.	આર્ટ્સ એન્ડ કૉમર્સ કૉલેજ, બાલાસિનોર	પ્રો. કે. આઈ. પટેલ
૧૫.	સી. યુ. શાહ કૉમર્સ કૉલેજ, અમદાવાદ	શ્રી. અશ્વિન પી. પટેલ
૧૬.	નવગુજરાત વાણિજ્ય મહાવિદ્યાલય, અમદાવાદ	પ્રા. પી. વી. ખારા
૧૭.	આર્ટ્સ એન્ડ કૉમર્સ કૉલેજ, ઈડર	શ્રી. પી. જે. ભાંભી

આથી ઠરાવવામાં આવે છે કે ઉપર જણાવેલી કૉલેજોમાં સ્થાપવામાં આવેલા એન. એસ. એસ. એકમોના અધ્યાપક-ઇન-ચાર્જ તરીકે તેમનાં નામ સામે જણાવેલ વ્યકિતની નિમણૂક, તેઓ વ્યાયામ શિક્ષકની કે એન. સી. સી. અંગેની કામગીરી કરતા ન હોય તો અને તેની ખાતરી કરીને, કરવી.

૮. સિન્ડિકેટની તા. ૧૫-૪-૧૯૭૨ની સભામાં બોર્ડ ઑફ યુનિવર્સિટી ટીચિંગની ભલામણો એકેડેમિક કાઉન્સિલની તા. ૬/૭-૪-૧૯૭૨ની સભાની ભલામણ મુજબ મંજૂર કરવામાં આવી છે તેમાં ઑર્ડિ. ૬૫-એફ (૧)ના '૧-એ'વાળા ભાગમાં તથા છેવટના પ્રોવિઝોવાળા ભાગમાં તેમ જ ઑર્ડિ. ૬૫-એમ (૨)ના પેરા 'એ' વાળા ભાગમાં નીચે મુજબ છાપભૂલ સુધાર્યાના કુલપતિશ્રીના કાર્યની નોંધ લેવા બાબત :

O. 65--F (1) :

1. (*a*) A recognised post-graduate teacher or an assistant to a recognised post-graduate teacher with five years' teaching experience at post-graduate level in the subject and three research papers, or three articles of high quality or a published monograph in a subject provided that their research papers, or articles, or the monograph, as the case may be, as adjudged by a competent person to be of a sufficiently high quality.

છેવટના પ્રોવિઝોમાં નીચે મુજબ સુધારો થાય છે :

Notwithstanding anything contained above, those teachers who have already been recognised as post-graduate teachers on or before 14th June 1972 shall continue to be recognised as post-graduate teachers in their respective subject or papers, as the case may be, for a period of two years during which period such teachers shall be required as a condition for further renewal of their recognition, to have published at least three research papers, or three articles of high quality or a monograph in a subject provided that their research papers or articles or the monograph, as the case may be, as adjudged by a competent person to be of a sufficiently high quality.

ઑ. ૬૫-એમ (૨) સંબંધકર્તા ભાગમાં નીચે મુજબ સુધારો થાય છે :

(*a*) Those teachers who have been recognised as Assistants to recognised post-graduate teachers on or before 14th June 1972 shall continue to be recognised as Assistants in post-graduate teachers in their respective subjects or papers, as the case may be, for a period of two years, during which period such teachers shall be required, as a condition of renewal of their recognition, to have published at least three research papers other than his Ph.D. work, or the monograph, if any, which shall be adjudged by an expert.

આથી ઠરાવવામાં આવે છે કે કુલપતિશ્રીના સદરહુ કાર્યની નોંધ લેવી.

૯. વાણિજ્ય વિદ્યાશાખાની તા. ૧૨--૬--૧૯૭૨ની સભાની નીચેની ભલામણો પર વિચારણા કરવા બાબત :

"૧. વાણિજ્ય વિદ્યાશાખામાં વિષયોનો વ્યાપક વિસ્તાર થયેલો હોઈ નીચેના વિષયો માટે "ઓરિયેન્ટેશન પ્રોગ્રામ" ગોઠવવાની જરૂરિયાતને ખાસ અગ્રતા આપવા વિદ્યાશાખા ભલામણ કરે છે અને આવા પ્રોગ્રામ ગોઠવવા યુનિવર્સિટીનાં સત્તામંડળોને વિનંતી કરે છે :

(૧) બિઝનેસ મૅનેજમેન્ટ

(૨) એકાઉન્ટન્સી

(૩) અર્થશાસ્ત્ર (વાણિજ્ય વિદ્યાશાખાનું)

(૪) કૉસ્ટ એકાઉન્ટિંગ.

૨. વાણિજ્ય વિદ્યાશાખાના કેટલાક વિષયોમાં "એપ્લાઇડ ટીચિંગ" માટે ઉદ્યોગો અને અન્ય ક્ષેત્રોના ઉચ્ચ એક્ઝિક્યુટિવનાં વ્યાખ્યાનો અનુસ્નાતક કેન્દ્રો પર ગોઠવવાં એ ખાસ જરૂરી છે અને આ માટે બોલાવવામાં આવનાર વ્યક્તિઓને યુનિવર્સિટી તરફથી માનદ વેતન આપવામાં આવે તેવી ભલામણ કરવામાં આવે છે."

આથી ઠરાવવામાં આવે છે કે ઉપર જણાવેલા ચારે વિષયો માટે ઓપ-કાર્યક્રમ (ઓરિયેન્ટેશન પ્રોગામ) ગોઠવવા અંગેના પ્રસ્તાવો જે તે વિષયની અભ્યાસસમિતિના અધ્યક્ષની મદદથી તૈયાર કરીને યુનિવર્સિટી ગ્રાન્ટ્સ કમિશનને મોકલવા અને તે અંગે આર્થિક સહાય આપવા વિનંતી કરવી.

(૨) આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બાબત અંગે વાણિજ્યની વિદ્યાશાખાનાં અનુસ્નાતક કેન્દ્રો પાસેથી ચોક્કસ પ્રસ્તાવો આવ્યેથી તે પર વિચારણા કરવાનું રાખવું.

૧૦. મનોવિજ્ઞાન ભવનમાં શિક્ષણશાસ્ત્ર વિભાગમાં પ્રૌઢશિક્ષણ (continuing adult education) માટે બે વ્યાખ્યાતાની જગ્યાઓ ઊભી કરવાની એકેડેમિક કાઉન્સિલની તા. ૬/૭--૪--૧૯૭૨ની સભાની ભલામણ પર વિચારણા કરવા બાબત.

(**નોંધ.**—યુનિવર્સિટી ગ્રાન્ટ્સ કમિશને આ જગ્યાઓ માટે તે કાયમી ઊભી કરવાની શરતે ૧૯૭૩—૭૪ સુધીના ગાળા માટે આર્થિક સહાય આપવાનું મંજૂર કર્યું છે.)

અને

૧૧. મનોવિજ્ઞાન ભવનમાં શિક્ષણશાસ્ત્ર વિભાગમાં પ્રૌઢશિક્ષણ માટે એક કો-ઑર્ડિનેટરની જગ્યા રૂ. ૭૦૦—૫,૨૫૦ના પગારધોરણમાં ઊભી કરવા અંગે તથા તે માટે લાયકાતો નક્કી કરવા અંગે વિચારણા કરવા બાબત.

(**નોંધ.**—યુનિવર્સિટી ગ્રાન્ટ્સ કમિશને આ જગ્યા માટે તે કાયમી ઊભી કરવાની શરતે ૧૯૭૩—૭૪ સુધીના ગાળા માટે આર્થિક સહાય આપવાનું મંજૂર કર્યું છે.)

બાબત નં. ૧૦ અને ૧૧ની વિચારણા સાથે કરવામાં આવી, અને ઠરાવવામાં આવ્યું કે તે અંગે મનોવિજ્ઞાન, શિક્ષણ અને તત્ત્વજ્ઞાનના વિદ્યાભવનના અધ્યક્ષ પાસેથી વિગતવાર યોજના મંગાવવી.

૧૨. સેનેટની તા. ૨૪/૨૫/૨૬ માર્ચ ૧૯૭૨ની વાર્ષિક સભામાં થયેલાં સૂચનો પરત્વે વિચારણા કરવા બાબત.

સેનેટની તા. ૨૪/૨૫/૨૬ માર્ચ ૧૯૭૨ની સભામાં સભ્યો તરફથી રજૂ કરવામાં આવેલાં નીચેનાં સૂચનો અંગે વિચારણા કરવામાં આવી અને તે અંગે નીચે મુજબ ઠરાવવામાં આવ્યું :

૧. નીચેનાં સૂચનો બોર્ડ ઑફ યુનિવર્સિટી ટીચિંગની વિચારણા માટે મોકલવાં :

અનુસ્નાતક શિક્ષણ

(૧) યુનિવર્સિટીનાં વિદ્યાભવનોના શિક્ષકોના કાર્યબોજ અંગે વિચારણા કરવી જોઈએ.

(૨) યુનિવર્સિટીનાં વિદ્યાભવનોની પાછળ થતા ખર્ચના પ્રમાણમાં શિક્ષણ અને સંશોધનની દૃષ્ટિએ શું વળતર મળે છે તે તપાસવું જોઈએ અને ત્યાં સુધી આગળ વિસ્તરણ કરવું જોઈએ નહીં.

(૩) અનુ. કેન્દ્રોનો બધો નફો એકત્રિત કરીને બધાં કેન્દ્રોને ગ્રાન્ટની વહેંચણી કરવી જોઈએ.

(૪) અનુ. કેન્દ્રોના મુલાકાતી શિક્ષકોને આપાતા મુસાફરી ભથ્થા માટે કયા પ્રકારે મુસાફરી કરી તેના ડેકલેરેશનની વ્યવસ્થા દાખલ કરવી જોઈએ.

(૫) અનુ. કેન્દ્રોમાં પણ યુનિવર્સિટીએ શિક્ષકો નીમવા જોઈએ.

(૬) અનુસ્નાતક શિક્ષણમાં ટ્યુટોરિયલ્સ વધારવા જોઈએ.

૨. નીચેનાં સૂચનો એકેડેમિક કાઉન્સિલે તેની તા. ૨૭–૨૮ જૂન ૧૯૭૨ની સભામાં બાબત નં. ૧૨ (૩) હેઠળ નીમેલી સમિતિની વિચારણા માટે મોકલવાં :

પરીક્ષા

(૧) પરીક્ષકોની નિમણૂકોની બાબતમાં અરજી મંગાવવાની પ્રથા ફરીથી દાખલ કરવી જોઈએ જેથી વિષય અને સ્પેશિયાલિટીનો સ્પષ્ટ ખ્યાલ આવે.

(૨) પરીક્ષકો માટેની ક્રેડિટ પદ્ધતિની પુનર્વિચારણા કરવાની જરૂર જણાય છે.

(૩) પ્રાશ્નિક–પરીક્ષકોની પેનલ પ્રત્યેક કૉલેજોને મોકલવી જોઈએ.

(૪) પ્રશ્નપત્ર કાઢવા માટે વિષયવાર તાલીમ આપવાની જરૂર છે.

(૫) પરીક્ષાનાં પ્રશ્નપત્રો મોડરેશન (Motivation)ની દૃષ્ટિએ કાઢવાના વિનયન, વિજ્ઞાન અને વાણિજ્ય વિદ્યાશાખાઓમાં સુધારો કરવાની જરૂર છે.

(૬) દ્વિતીય અને તૃતીય વર્ષની પરીક્ષાઓમાં મોડરેશન પદ્ધતિ દાખલ કરવી જોઈએ.

(૭) ડબલ એસેસમેન્ટની પદ્ધતિ દોષવાળી છે. પરીક્ષામાં એક જ એસેસમેન્ટ રાખવું જોઈએ. પરીક્ષાનાં ઉત્તરપત્રો યુનિવર્સિટી કાર્યાલયમાં મંગાવવાં જોઈએ. જે ટેક્ષીમાં પ્રશ્નપત્રો લઈ જવામાં આવે છે તેમાં ઉત્તરપત્રો લાવવાની શક્યતા પણ તપાસવી જોઈએ.

(૮) પરીક્ષાઓનાં પરિણામ અંગે નિયતપત્રક તૈયાર કરવું જોઈએ.

(૯) યુનિવર્સિટીનાં ઈનામોની જાહેરાત પરિણામોની સાથે જ થવી જોઈએ.

(૧૦) પરીક્ષા ફી પણ વધારવી જોઈએ. એ.ટી.કે.ટી.વાળા પાસેથી ફી ઓછી લેવી જોઈએ.

(૧૧) પરીક્ષકોનું વેતન હતું તેનું તે જ છે તે હવે વધારવું જોઈએ. બધી પરીક્ષા માટે પુરસ્કારના દર સરખા રાખવા જોઈએ.

(૧૨) પરીક્ષા માટે ઈન્સિડેન્ટલ ચાર્જીસ આપવા જોઈએ.

૩. નીચેનાં સૂચનો ગ્રંથાલય સમિતિની વિચારણા માટે મોકલવાં :

ગ્રંથાલય

(૧) પુસ્તક–ખરીદી બાબતમાં કામ વધુ વ્યવસ્થિત કરવાની જરૂર છે.

(૨) પુસ્તકો ઘરે બેઠાં મળે તેવી વ્યવસ્થા કરવી જોઈએ.

(૩) સંશોધન કામના અહેવાલ ગ્રંથાલયમાં વિષયવાર ઉપલબ્ધ કરવા જોઈએ.

(૪) શિક્ષકો માટે પણ જો તેઓ પુસ્તકો નિયત તારીખ સુધીમાં પરત ન કરે તો દંડની જોગવાઈ કરવી જોઈએ.

૪. નીચેનાં સૂચનો બોર્ડ ઑફ સ્પોર્ટ્સની વિચારણા માટે મોકલવાં :

બોર્ડ ઑફ સ્પોર્ટ્સ

(૧) રમતગમતમાં ન્યૂનતમ ધોરણે પહોંચી શકતા વિદ્યાર્થીઓની સંખ્યા ઘણી થોડી છે. આ માટે શું થઈ શકે તે વિચારવું જોઈએ.

(૨) પ્રથમ સત્રમાં કે વેકેશનમાં તાલીમ અપાયા પછી જ વિદ્યાર્થીઓને રમતની સ્પર્ધામાં ભાગ લેવા મોકલવા જોઈએ.

(૩) સિન્ડરટ્રેક પર વધુ સગવડો આપવી જોઈએ.

(૪) વ્યાયામનાં સાધનો પાછળ વધુ ખર્ચ કરવો જોઈએ.

(૫) રમતોમાં સ્ટાન્ડર્ડ ઈક્વિપમેન્ટ કેવી રીતે મળી શકે તે જોવું જોઈએ.

(૬) માસ્ટર પ્લાન ઑફ સ્પોર્ટ્સ બનાવવાની જરૂર છે.

૫. નીચેનાં સૂચનો અંગે તેની સામે જણાવ્યા મુજબ પગલાં લેવાનું રાખવું :

પ્રકીર્ણ

(૧) વાર્ષિક અહેવાલમાં નીચેની વિગતો લેવી જોઈએ :

(૧) વિદ્યાશાખાઓ અને અભ્યાસસમિતિઓની કામગીરીનો પણ ઉલ્લેખ કરવો જોઈએ.

(૨) અનુ. કેન્દ્રોની પ્રવૃત્તિઓનો અહેવાલ અને આવકજાવકનો હિસાબ તથા આરોગ્ય કેન્દ્રની આવકજાવકનો હિસાબ પણ આપવો જોઈએ.

(૩) સાંજના વિદ્યાર્થીઓ (અનુસ્નાતક) માટે અલગ માહિતી આપવી જોઈએ.

(૪) ભાષા–સાહિત્ય ભવનનો અહેવાલ ટૂંકો છે. તેમાં ભવને કરેલી પ્રવૃત્તિઓ, સંશોધનકાર્ય ઈત્યાદિની વિગતો લેવી જોઈએ.

(૫) દરેક પ્રવૃત્તિમાં કેટલો ખર્ચ થાય છે તેના આંકડા આપવા જોઈએ.

(૬) ગુણચકાસણીમાં તેના પરિણામ અંગે પણ માહિતી આપવી જોઈએ.

આ સૂચન વાર્ષિક અહેવાલ અંગેની સમિતિના ધ્યાન પર લાવવું.

(૯) (અ) અભ્યાસક્રમને છેડે બધાં પુસ્તકોની યાદી આપવી જોઈએ, અને (બ) તે ગ્રંથાલયમાં મંગાવવાં પણ જોઈએ.	આ સૂચન તરફ અભ્યાસસમિતિઓનું ધ્યાન ખેંચવું.
(૧૦) અભ્યાસક્રમોના ચોક્કસ હેતુઓ નક્કી કરવા જોઈએ.	
(૧૧) એક્ઝામિનેશન રિસર્ચ સેલ	મનોવિજ્ઞાન, શિક્ષણ અને તત્ત્વજ્ઞાન વિદ્યાભવનના અધ્યક્ષને પરીક્ષા રિસર્ચ સેલ ઊભું કરવા માટે યોજના રજૂ કરવા માટે જણાવવું.
(૧૩) પ્રેસના કર્મચારીઓનું સાઈકલભથ્થું પશ્ચાદ્‌વર્તી તારીખથી મૂળ પગારમાં ભેળવી દેવું જોઈએ.	સદરહુ પ્રશ્ન બાબત નં. ૩૬ હેઠળ આ સભાગૃહની કાર્યવાહીમાં સમાવિષ્ટ કરવામાં આવેલો છે તે પર સભાગૃહનું ધ્યાન ખેંચવામાં આવ્યું.
(૧૯) અંદાજપત્રમાં ખર્ચનાં પેટામથાળાં વધારવાં જોઈએ—જુદાં પાડવાં જોઈએ, જેવાં કે વીમા, કર, કાનૂન ખર્ચ, રમતગમત, વિદ્યાર્થી કલ્યાણ, શિક્ષણ સંશોધન, સ્ટેશનરી, ટપાલખર્ચ.	સદરહુ સૂચન અંદાજપત્ર સમિતિના ધ્યાન પર લાવવું.
(૨૦) આવક ક્યાં વધે તેમ છે અને કરકસર ક્યાં આવશ્યક છે તે તપાસવું જોઈએ.	સદરહુ સૂચન ફાઈનાન્સ સમિતિની વિચારણા માટે મોકલવું.
(૨૫) શારીરિક શિક્ષણ ફરજિયાત વિષય હોવો જોઈએ અને તે વિષયની જુદી વિદ્યાશાખા હોવી જોઈએ.	સદરહુ સૂચન સ્વીકારવું નહીં.
(૨૬) યુનિવર્સિટીનાં વિદ્યાભવનોના ટેલિફોન ખર્ચમાં કરકસરને અવકાશ છે.	યુનિવર્સિટીનાં વિદ્યાભવનોમાં ડાયરેક્ટ ડાયલિંગની પદ્ધતિ બંધ થાય તેવી વ્યવસ્થા ગોઠવવી.

૬. નીચેનાં સૂચનોની નોંધ લેવામાં આવી :

(૨) કૉલેજોએ ગ્રાન્ટનો લાભ સારી રીતે લેવો જોઈએ અને મેચિંગ શેર માટે રાજ્ય સરકારને લખવું જોઈએ.

(૩) કૉલેજો પર આર્થિક બોજો વધે છે તેનો અંદાજ કઢાવી રાજ્ય સરકાર પાસેથી મદદ મળે તેમ કરવું જોઈએ.

(૪) તબીબી તપાસનું કામ યુનિવર્સિટી કક્ષાએ ઓછું કરીને કૉલેજ કક્ષાએ વધુ કરવું જોઈએ.

(૫) જોડાણ માટે Cell ઊભું કરવું જોઈએ અને યુનિવર્સિટીના એક જવાબદાર અધિકારી સ્થાનિક તપાસસમિતિ સાથે જાય તેમ કરવું જોઈએ.

(૬) જોડાણ સંબંધી વિગતે રિપોર્ટ આવે તેવું પત્રક (ફૉર્મ) તૈયાર કરવું જોઈએ.

(૭) કૉલેજોના જોડાણ માટે પુસ્તક પેટે થતું ખર્ચ બધી કૉલેજો માટે એકસરખું ન હોવું જોઈએ.

(૮) ફીનું ધોરણ એકસરખું હોવું જોઈએ એ આવશ્યક નથી.

(૧૨) બહારગામનાં પ્રશ્નપત્રો એક જગ્યાએ છાપવાની બાબત વિચારણા માંગે છે.

(૧૪) પ્રેસમાં ખાતાંઓનું સંકલન થવું જરૂરી છે.

(૧૫) પ્રેસના " Cost Structure " વિશે વિચારવાની જરૂર છે.

(૧૬) ઘણી જમીન પડી છે તેનો ઉપયોગ કરીને આવક વધારવી જોઈએ.

(૧૭) Depreciation Fund માંડી વાળવું જોઈએ.

(૧૮) યુનિવર્સિટીના કોચીઝને વ્યાયામશિક્ષક જેટલું પગારધોરણ આપવું જોઈએ.

(૨૧) પરિષદોમાં ભાગ લેનાર પ્રતિનિધિઓ પાસેથી રિપોર્ટનો આગ્રહ રાખવો જોઈએ.

(૨૨) જો અન્ય લાયકાતો એકસરખી હોય તો ગુજરાત યુનિવર્સિટીમાંથી પીએચ.ડી. મેળવેલને બઢતી-(promotion)ની તક આપવી જોઈએ.

(૨૩) વિદ્યાશાખાઓના અધ્યક્ષોએ યુનિવર્સિટી કાર્યાલયમાં અઠવાડિયામાં બે ત્રણ દિવસ કે દરરોજ બે કલાક બેસવું જોઈએ અને તે માટે યુનિવર્સિટીએ cubicles આપવાં જોઈએ અને ક્લેરિકલ મદદ પણ આપવી જોઈએ.

(૨૪) સૂચનો થાય તેનો અમલ કરવો જોઈએ અને અમલ ન થાય તો કારણો આપવાં જોઈએ.

૧૩. સંલગ્ન કૉલેજોના શિક્ષકોએ રાજકીય પ્રવૃત્તિમાં ભાગ લેવાની બાબતમાં તેઓની સેવાઓના નિયમોમાં યોગ્ય જોગવાઈ કરવાના શેઠ એચ. પી. આર્ટ્સ એન્ડ તલોદ એસ. એમ. કૉમર્સ કૉલેજના આચાર્યના સૂચન પર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બાબતની નોંધ લેવી.

૧૪. આર્ટ્સ ઍન્ડ કૉમર્સ કૉલેજ, ઈડર તરફથી જૂન ૧૯૭૩થી પ્રથમ વર્ષ બી.એ.માં અંગ્રેજીના અભ્યાસક્રમો શીખવવા માટે વધારાનું જોડાણ મેળવવા માટેની અરજી ઑ. ૧૨૦માં નિયત કરેલ સમયમર્યાદા બહાર આવી હોઈ તે અંગે વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બાબત અંગે આચાર્યશ્રીએ અગાઉ કરેલી અરજી લક્ષમાં લઈને સદરહુ જોડાણઅરજી અપવાદ તરીકે સ્વીકારવી અને તે અંગે આચાર્ય એસ. એમ. શાહની એક-સભ્ય સમિતિને સ્થાનિક તપાસ માટે નીમવી.

(**નોંધ.**—આ બાબતને ભવિષ્યમાં પ્રથા તરીકે ગણવી નહીં.)

૧૫. માર્ચ--એપ્રિલ ૧૯૭૨માં લેવાયેલ એમ.કૉમ. ભાગ ૨ની પરીક્ષાના "બિઝનેસ મૅનેજમેન્ટ" વિષયના પ્રાશ્નિક--પરીક્ષક શ્રી. એચ. સી. પરીખ તેમ જ શ્રી. આર. એમ. દવે તરફથી અનુક્રમે આવેલ તા. ૨૪--૨--૧૯૭૨ના તેમ જ તા. ૮--૩--૧૯૭૨ના પત્ર પર વિચારણા કરવા બાબત.

(**નોંધ.**—તા. ૧૩--૧૧--૧૯૭૧ની સિન્ડિકેટે બાબત નં. ૭૧થી શ્રી. એચ. સી. પરીખને પાંચ વર્ષ માટે ડિબાર્ડ કરેલ છે અને તેમના સહપ્રાશ્નિક-પરીક્ષક શ્રી. આર. એમ. દવેને કાયમ માટે ડિબાર્ડ કરેલ છે.)

સદરહુ બાબત અંગેની વિગતો લક્ષમાં લીધા પછી કેટલીક ચર્ચાવિચારણાને અંતે સિન્ડિકેટે તેની તા. ૧૩--૧૧--૧૯૭૧ની સભામાં બાબત નં. ૭૧થી કરવામાં આવેલા ઠરાવ પર પુનર્વિચારણા કરવામાં આવી અને ઠરાવવામાં આવ્યું કે આચાર્ય એસ. સી. પરીખ તેમ જ શ્રી. આર. એમ. દવેને જૂન ૧૯૭૩ પછી પ્રાશ્નિક/પરીક્ષક તરીકેની તેમની નિમણૂકને માટે ઉપલબ્ધ ગણવા.

૧૬. તા. 3/૪--૧૦--૧૯૭૦ની સિન્ડિકેટની સભાએ નીમેલ "પરીક્ષા સુધારણા સમિતિ"ના હેવાલ (તેની જુદી જુદી ચાર સભાઓમાં થયેલી ભલામણોના આધારે સંકલિત) પર વિચારણા કરવા બાબત.

અને

૧૭. યુનિવર્સિટી દ્વારા લેવાતી જુદી જુદી પરીક્ષાઓના સંચાલન અંગે આર્ટ્સ ઍન્ડ કૉમર્સ કૉલેજ, કડીના આચાર્યશ્રીના તા. ૨૧--૧--૧૯૭૨ના પત્રમાં કરવામાં આવેલ સૂચનો અંગે વિચારણા કરવા બાબત.

બાબત નં. ૧૬ અને ૧૭ની વિચારણા સાથે કરવામાં આવી.

તે પછી ઠરાવવામાં આવ્યું કે પરીક્ષા સુધારણા અંગે અકૅડેમિક કાઉન્સિલે તેની તાજેતરની સભામાં કરેલ ભલામણો આ સભાગૃહ સમક્ષ વિચારણા માટે આવે ત્યારે સદરહુ બાબતો પણ વિચારણા માટે હાથ ધરવી.

૧૮. તા. ૨૯/30--૯--૧૯૭૧ તથા તા. ૮--૧--૧૯૭૨ના રોજ મળેલ સેનેટની વિશેષ સભામાં મંજૂર થયેલ નીચેના ઠરાવ પર આગળ ઘટતાં પગલાં લેવા અંગે વિચારણા કરવા બાબત:

"કૉલેજ કક્ષાએ લેવાતી પરીક્ષાઓની ઉત્તરવહીઓ પરીક્ષા બાદ વિદ્યાર્થીઓને કોઈ પણ જાતની ફી લીધા વિના જોવા દેવાની છૂટ આપવા અંગે યોગ્ય નિયમો ઘડવા સંબંધકર્તા સત્તામંડળોને આ સભા વિનંતી કરે છે."

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ વિનંતી મંજૂર કરવી અને તે અંગે જરૂરી નિયમો ઘડીને રજૂ કરવા માટે કાર્યાલયને જણાવવું.

૧૯. શ્રી. ઈંદ્રવદન એ. મોદી તરફથી આવેલ નીચેના સૂચન ઉપર વિચારણા કરવા બાબત :

"The rules for internal examination be amended in such a way that not more than two tests are taken in a year, so that more time is available for teaching."

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બાબત એકેડેમિક કાઉન્સિલે તેની તા. ૨૭/૨૮-૬-૧૯૭૨ની સભામાં બાબત નં. ૧૨(૩) હેઠળ નીમેલી સમિતિની વિચારણા માટે મોકલવી.

૨૦. તા. ૨૯/૩૦-૯-૧૯૭૧ તથા તા. ૮-૧-૧૯૭૨ના રોજ મળેલ સેનેટની વિશેષ સભામાં મંજૂર થયેલ નીચેના ઠરાવ પર આગળ ઘટતાં પગલાં લેવા અંગે વિચારણા કરવા બાબત :

"ગુજરાત યુનિવર્સિટીની પરીક્ષાઓનાં પ્રશ્નપત્રોની સમીક્ષા કરાવવા માટે પ્રત્યેક પરીક્ષા પછી ૬ માસના સમયગાળા દરમિયાન ઘટિત કરાવવા સંબંધિકર્તા સત્તામંડળોને આ સભા વિનંતી કરે છે."

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બાબત એકેડેમિક કાઉન્સિલે તેની તા. ૨૭/૨૮-૬-૧૯૭૨ની સભામાં બાબત નં. ૧૨(૩) હેઠળ નીમેલી સમિતિની વિચારણા માટે મોકલવી.

૨૧. ધી સોસાયટી ઑફ હાયર એજ્યુકેશન ઈન્સ્ટટચૂશન્સ, અમદાવાદના પ્રમુખશ્રીઓ તેમના તા. ૧૪-૩-૧૯૭૨ના પત્રાંક ૪૭, ૪૧, ૭૧, ૭૨થી સદરહુ સોસાયટીની તા. ૧૩-૩-૧૯૭૨ની સામાન્ય સભામાં પસાર થયેલો નીચેનો ઠરાવ યુનિવર્સિટીને મોકલ્યો હોઈ તે અંગે વિચારણા કરવા બાબત :

"Resolved that this meeting of the members of the Society of Higher Educational Institutions, views with great concern the policy of the Gujarat University to levy fresh financial burdens on the institutions from time and again without hearing the managements of the colleges (which are public trusts) and without showing the ways to meet such burdens. Under the circumstances the managements of the colleges, while desirous of complying with University recommendations feel that it is not possible for them to implement such recommendations of the Gujarat University unless and until the University either contribute towards fresh imposts or allow the institutions to raise tuition fees."

લંબાણ ચર્ચાવિચારણાને અંતે વધુમતે નીચે મુજબ ઠરાવવામાં આવ્યું :

(૧) સદરહુ સોસાયટીને જણાવવાનું કે સંલગ્ન કૉલેજોના શિક્ષકોની સેવાઓની શરતો અંગે યુનિવર્સિટીના ઠરાવોનું પરિપાલન કરવું એ સંલગ્ન કૉલેજોને માટે આવશ્યક છે અને રહેશે.

(૨) વધુમાં રાજ્ય સરકારે નીમેલી કૉલેજ ફાઈનાન્સ સમિતિ (ન્યાયમૂર્તિ શેલત સમિતિ)ની ભલામણો પર રાજ્ય સરકારે લીધેલા નિર્ણય તરફ સદરહુ સોસાયટીનું ધ્યાન દોરવું અને વધુમાં જણાવવું કે સિન્ડિકેટ તે અંગે રાજ્ય સરકાર સમક્ષ, તે અંગે નિમાયેલી સમિતિનો રિપોર્ટ આવ્યેથી, ઘટતી રજૂઆત કરવા વિચારણા કરશે.

૨૨. આચાર્ય એલ. ડી. દવે અને પ્રા. કે. એસ. શાસ્ત્રી તરફથી આવેલ નીચેના પ્રસ્તાવ પર વિચારણા કરવા બાબત :

" All college teachers should be paid house rent allowance at the rate of 10% of their basic salary."

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બાબતની વિચારણા મોકૂફ રાખવી.

દરમ્યાન બીજી યુનિવર્સિટીઓ પાસેથી સંલગ્ન કૉલેજોના શિક્ષકો માટે ઘરભાડાભથ્થા અંગેની માહિતી મંગાવવી.

૨૩. આચાર્ય એલ. ડી. દવે અને પ્રા. ઓ. એસ. ત્રિવેદી તરફથી આવેલ નીચેના પ્રસ્તાવ ઉપર વિચારણા કરવા બાબત :

" The children of the college teachers should be provided totally free education in the college where the teacher is employed."

આચાર્ય એલ. ડી. દવેએ સભાગૃહની સંમતિથી સદરહુ પ્રસ્તાવ પાછો ખેંચી લીધો તેથી તે પરત્વે વિચારણા કરવાપણું રહ્યું નહીં.

૨૪. આચાર્ય એલ. ડી. દવે તરફથી આવેલ નીચેના પ્રસ્તાવ ઉપર વિચારણા કરવા બાબત :

"ગુજરાત યુનિવર્સિટીએ છેલ્લાં કેટલાંક વર્ષોથી શિક્ષકોની સલામતી, તેમનો કાર્યભાર, તેમનો પગાર, વિદ્યાર્થીઓએ ભરવાની ફી વગેરે અંગે પોતાની પાસે રહેલી સત્તાનો સદુપયોગ કરીને ઘણા સ્તુત્ય નિર્ણયો લીધા છે. પરંતુ શિક્ષકને ગૌરવભર્યું સ્થાન સમાજમાં મળે તે માટે હજુ ઘણું કરવાનું બાકી રહે છે, જેમ કે શિક્ષકોને પેન્શન, તેમના આરોગ્ય અંગે આર્થિક રાહત, તેમનાં બાળકોના અભ્યાસ વગેરે.

સાથે સાથે આ યુનિવર્સિટીના નિર્ણયોથી કૉલેજોનું આર્થિક સ્વાસ્થ્ય પણ કથળ્યું છે તે હકીકત છે. હવે વધુ કૉલેજોની સ્થિતિ ગિરધરનગર કૉલેજ જેવી ન થાય અને વધુ શિક્ષકો બેકાર ન બને તે હેતુથી આ યુનિવર્સિટી સ્વીકારે છે કે કૉલેજોની આર્થિક સ્થિતિ જળવાઈ રહે તે જોવાની પોતાની નૈતિક ફરજ છે. તેથી સરકારી ગ્રાન્ટ વગેરે મળી ગયા બાદ જે ખોટ કોઈ કૉલેજને રહે તેના ૫૦ ટકા યુનિવર્સિટી ગ્રાન્ટ તરીકે આપશે. વળી શિક્ષકસમાજથી ચાલતી કૉલેજોની પૂરી ખોટ (૧૦૦ ટકા) ગુજરાત યુનિવર્સિટી ભરપાઈ કરવા ઠરાવે છે."

આચાર્ય એલ. ડી. દવેએ સભાગૃહની સંમતિથી સદરહુ પ્રસ્તાવ પાછો ખેંચી લીધો તેથી તે પરત્વે વિચારણા કરવાપણું રહ્યું નહીં.

૨૫. આચાર્ય એલ. ડી. દવે તરફથી આવેલ નીચેના પ્રસ્તાવ ઉપર વિચારણા કરવા બાબત :

" ગુજરાત યુનિવર્સિટીની સંલગ્ન કૉલેજોના શિક્ષકોને પેન્શન મળવું જોઈએ."

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ પ્રસ્તાવની નોંધ લેવી.

૨૬. આચાર્ય ગિરીશભાઈ પટેલ તરફથી આવેલ નીચેના પ્રસ્તાવ ઉપર વિચારણા કરવા બાબત :

" ફાઈનાન્સ કમિટીની જુદી જુદી ખરીદી કરવા અંગેની પ્રક્રિયા વગેરેમાં કાર્યક્ષમતા, ઝડપ વગેરે સિદ્ધ થાય તે માટે ફેરફાર થવો જરૂરી છે."

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ પ્રસ્તાવની નોંધ લેવી.

બાબત નં. ૨૭, ૪૩, ૪૪ અને ૪૬ની વિચારણા સાથે કરવામાં આવી.

૨૭. આચાર્ય ગિરીશભાઈ પટેલ તરફથી આવેલ નીચેના પ્રસ્તાવ ઉપર વિચારણા કરવા બાબત:

"યુનિવર્સિટીનાં ધારાધોરણો તેમ જ આદેશોનો અનાદર કરનાર સંસ્થાઓ સામે યોગ્ય પગલાં લેવાની હાલના એક્ટમાં પૂરતી જોગવાઈ છે; માત્ર તેને સ્પષ્ટ કરવાની જરૂર છે. તો કયાં પગલાં લઈ શકાય તેની વિચારણા કરવામાં આવે. તેવી જ રીતે કૉલેજોના આચાર્યો ખોટી માહિતી પૂરી પાડે તો તેમની સામે વ્યક્તિગત ધોરણે પણ પગલાં લેવાં જરૂરી છે.

નીચેનાં પગલાં સૂચવી શકાય :

(૧) કૉલેજો અને આચાર્યની સામે તેમનાં કાર્યોની વર્તમાનપત્ર દ્વારા પ્રસિદ્ધિ
(૨) આચાર્યની માન્યતા રદ કરવી
(૩) કૉલેજને પરીક્ષાકેંદ્ર ન આપવું
(૪) યુ.જી.સી. તરફથી મળતી ગ્રાન્ટ રોકવા યુ.જી.સી.ને ભલામણ
(૫) ગવર્નમેન્ટ તરફથી કૉલેજોને મળતી ગ્રાન્ટ રોકવા અથવા ન આપવા ભલામણ
(૬) પોસ્ટ-ગ્રેજ્યુએટ સેન્ટર કૉલેજમાંથી બંધ કરવું
(૭) યૂથ વેલ્ફેરમાં ભાગ લેતા રોકવા
(૮) યુનિવર્સિટી સ્પોર્ટ્સમાં ભાગ લેતા રોકવા
(૯) કૉન્ફરન્સ કે કમિટીમાં સભ્ય તરીકે ગેરલાયકાત
(૧૦) એન.એસ.એસ. સ્કીમ બંધ કરી દેવી
(૧૧) યુનિવર્સિટી તરફથી મળતી બીજી સવલતો બંધ કરી શકાય."

અને

૪૩. તા. ૨૯/૩૦-૯-૧૯૭૧ તથા તા. ૮-૧-૧૯૭૨ના રોજ મળેલ સેનેટની વિશેષ સભામાં પસાર થયેલા નીચેના ઠરાવ પરત્વે આગળ ઘટતાં પગલાં લેવા અંગે વિચારણા કરવા બાબત:

"યુનિવર્સિટીની સમિતિઓને, જુદાં જુદાં સત્તામંડળોને તેમ જ યુનિવર્સિટીની અન્ય કાર્યવાહી માટે કૉલેજો પાસેથી જરૂરી માહિતી માંગવામાં આવે છે ત્યારે કૉલેજો તે માહિતી સમયસર પૂરી પાડતી નથી અને કેટલીક સંસ્થાઓ તો તે પત્રોના જવાબ આપવાની પણ દરકાર લેતી નથી. ગઈ સેનેટની સભા માટે જરૂરી માહિતી આ કારણે મળી શકી ન હતી. આ બાબતની આ સભા સખેદ નોંધ લે છે, અને આવી કૉલેજો સામે પગલાં લેવા યુનિવર્સિટી સિન્ડિકેટને આ સભા વિનંતી કરે છે."

અને

૪૪. સેનેટની તા. ૨૪/૨૧/૨૬-૩-૧૯૭૨ની વાર્ષિક સભામાં પુછાયેલ પ્રશ્નોત્તરીના સંદર્ભમાં નીચેની કૉલેજો તરફથી સેનેટ સભાની તારીખ સુધીમાં પણ માહિતી આવી નહોતી તે અંગે વિચારણા કરવા બાબત:

૧. બી. ડી. કૉલેજ, અમદાવાદ (Only ladies)
૨. સ્વામિનારાયણ આર્ટ્સ કૉલેજ, અમદાવાદ
૩. સરદાર વલ્લભભાઈ આર્ટ્સ કૉલેજ, અમદાવાદ
૪. અમદાવાદ આર્ટ્સ કૉલેજ, અમદાવાદ

૫. આર. કે. આર્ટ્સ એન્ડ સાયન્સ કૉલેજ, પેટલાદ

૬. આર. આર. લાલન કૉલેજ, ભૂજ (કચ્છ)

૭. લુણાવાડા આર્ટ્સ એન્ડ સાયન્સ કૉલેજ, લુણાવાડા

૮. સરસપુર આર્ટ્સ એન્ડ કૉમર્સ કૉલેજ, અમદાવાદ

૯. શ્રી. કે. કે. આર્ટ્સ એન્ડ કૉમર્સ કૉલેજ, ધંધુકા

૧૦. શ્રીમતી એચ. સી. પટેલ (કંડારી) આર્ટ્સ એન્ડ કૉમર્સ કૉલેજ, કરજણ

૧૧. આર્ટ્સ એન્ડ કૉમર્સ કૉલેજ, ખેડા

૧૨. પ્રકાશ કૉલેજ ઑફ એજ્યુકેશન, અમદાવાદ

૧૩. સેકન્ડરી ટીચર્સ ટ્રેનિંગ કૉલેજ, ખેડા

૧૪. આર. બી. સાગર કૉલેજ ઑફ એજ્યુકેશન, અમદાવાદ

૧૫. કૉલેજ ઑફ એજ્યુકેશન, ડભોઈ

૧૬. શ્રી. સ્વામિનારાયણ સાયન્સ કૉલેજ, અમદાવાદ

૧૭. અમદાવાદ સાયન્સ કૉલેજ, અમદાવાદ

૧૮. સરદાર વલ્લભભાઈ કૉમર્સ કૉલેજ, અમદાવાદ

૧૯. અમદાવાદ કૉમર્સ કૉલેજ, અમદાવાદ

૨૦ કૉમર્સ કૉલેજ, પેટલાદ

૨૧. શ્રી એચ. કે. કૉમર્સ કૉલેજ, અમદાવાદ

૨૨. શાહ સી. કે. મ્યુ. કૉમર્સ કૉલેજ, કલોલ

૨૩. શેઠ સી. એન. કૉમર્સ એન્ડ લૉ કૉલેજ, વીસનગર

૨૪. મોતીલાલ નહેરુ લૉ એન્ડ કૉમર્સ કૉલેજ, અમદાવાદ

[**નોંધ.**— નીચેની કૉલેજો તરફથી માહિતી તા. ૧૫-૩-૧૯૭૨ પછી આવેલી હોઈ આ માહિતી સેનેટની સુધારાવધારાવાળી કામકાજની યાદીમાં સામેલ કરવામાં આવી નહોતી :

૧. એલ. ડી. આર્ટ્સ કૉલેજ, અમદાવાદ

૨. શેઠ એચ. પી. આર્ટ્સ એન્ડ તલોદ એસ. એમ. કૉમર્સ કૉલેજ, તલોદ

૩. આર્ટ્સ એન્ડ કૉમર્સ કૉલેજ, ઈડર

૪. એ. જી. ટીચર્સ કૉલેજ, અમદાવાદ

૫. કૉલેજ ઑફ એજ્યુકેશન, મુન્દ્રા (કચ્છ)

૬. શ્રીમતી એસ. એમ. પંચાલ સાયન્સ કૉલેજ, તલોદ

૭. ગવર્નમેન્ટ સાયન્સ કૉલેજ, ગાંધીનગર

૮. સિટી કૉમર્સ કૉલેજ, અમદાવાદ

૯. સાર્વજનિક કૉમર્સ કૉલેજ, ગોધરા

૧૦. પીપલ્સ એજ્યુકેશન સોસાયટી લૉ કૉલેજ, ભૂજ (કચ્છ)

૧૧. બી. જે. મેડિકલ કૉલેજ, અમદાવાદ

૧૨. એલ. એમ. કૉલેજ ઑફ ફાર્મસી, અમદાવાદ

૧૩. શ્રીમતી એન. એચ. એલ. મ્યુનિ. મેડિકલ કૉલેજ, અમદાવાદ

૧૪. શેઠ આર. એ. કૉલેજ ઑફ આર્ટ્સ એન્ડ કૉમર્સ, અમદાવાદ.]

અને

૪૬. ૧૯૭૧–૭૨ના વર્ષ માટેની ઑર્ડિ. ૯૬ પ્રમાણે આવેલ માહિતી પૈકી જે કૉલેજોએ અપૂરતી માહિતી મોકલી છે અને / અથવા હજુ સુધી ઊણપો યથાર્થ રીતે પૂરી કરી નથી તે અંગે વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ કૉલેજોને ઠપકો આપવો અને ભવિષ્યમાં જરૂરી કાળજી રાખવા તેમને જણાવવું.

૨૮. આચાર્ય ગિરીશભાઈ પટેલ તરફથી આવેલ નીચેના પ્રસ્તાવ પર વિચારણા કરવા બાબત:

"આર્ટ્સ, કૉમર્સ, લૉ વગેરે ફેકલ્ટીમાં ભણતા વિદ્યાર્થીઓ પૂરા સમયના વિદ્યાર્થીઓ તરીકે કામ કરે તેવા અભ્યાસક્રમો અને અભ્યાસ-પ્રવૃત્તિઓ યોજાય તે અત્યંત આવશ્યક છે. તે માટે સિન્ડિકેટે યોગ્ય પગલાં લેવાં."

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ પ્રસ્તાવ વિનયન, વાણિજ્ય અને કાયદાની વિદ્યાશાખાઓની વિચારણા માટે મોકલવો.

૨૯. આચાર્ય ગિરીશભાઈ પટેલ તરફથી આવેલ નીચેના પ્રસ્તાવ ઉપર વિચારણા કરવા બાબત:

"યુનિવર્સિટીએ નક્કી કરેલા અભ્યાસક્રમો અને વિષયો ઉપરાંત દરેક કૉલેજને જુદા જુદા અભ્યાસ-ક્રમમાં એક વધારાનો વિષય ઉમેરવાની છૂટ આપવી જોઈએ. આ વિષય ફરજિયાત હોય અને તેની પરીક્ષા તે કૉલેજ તેમ જ યુનિવર્સિટીએ સંયુકત રીતે લેવી. આ પ્રસ્તાવ પાછળનો આશય એ છે કે કૉલેજોને નવા નવા અભ્યાસક્રમો કે વિષયો ઊભા કરવાની પ્રેરણા માટે છૂટ મળે."

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ પ્રસ્તાવ એકેડેમિક કાઉન્સિલની વિચારણા માટે મોકલવો.

૩૦. આચાર્ય ગિરીશભાઈ પટેલ તરફથી આવેલ નીચેના પ્રસ્તાવ ઉપર વિચારણા કરવા બાબત:

"જુદા જુદા તબક્કે અને જુદા જુદા અભ્યાસક્રમોમાં વિદ્યાર્થીઓ માટે આવશ્યક ગણાતા બધા જ વિષયો માટે વિદ્યાર્થીઓને તેમ જ શિક્ષકોને સંપૂર્ણ માર્ગદર્શન મળી રહે તે માટે નાની પુસ્તિકાઓ આવતા ત્રણ માસમાં તૈયાર કરવા બધા જ બોર્ડ્ઝને ફરજ પાડવી જોઈએ.

આ પુસ્તિકામાં નીચેની બાબતોનો સમાવેશ થવો જોઈએ:

૧. આ તબક્કે વિષય ભણાવવાના ચોક્કસ ઉદ્દેશો. આ સામાન્ય ઉદ્દેશો ન હોવા જોઈએ.

૨. કયા કયા વિષયો ભણવાના ?

૩. તેના ઉપર વિગતવાર પુસ્તકો અને લેખોની યાદી

૪. તેના ઉપર વિવિધલક્ષી નમૂનારૂપ પ્રશ્નો."

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ પ્રસ્તાવની નોંધ લેવી.

૩૧. આચાર્ય ગિરીશભાઈ પટેલ તરફથી આવેલ નીચેના પ્રસ્તાવ ઉપર વિચારણા કરવા બાબત :

"દરેક કૉલેજમાં બધા જ પ્રાધ્યાપકો અને રસ ધરાવતા વિદ્યાર્થીઓનું બનેલું અભ્યાસકેન્દ્ર રાખવું આવશ્યક ગણવું જોઈએ. આ અભ્યાસકેન્દ્રમાં તેના સભ્યો મહિનામાં એક વાર મળે અને વિષયોની ચર્ચા તેમ જ પુસ્તક-પરિચય વગેરે પ્રવૃત્તિ કરવામાં આવે અને તેનો વાર્ષિક અહેવાલ યુનિવર્સિટીમાં મોકલી આપવામાં આવે."

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ પ્રસ્તાવ સ્વીકારવો અને તે અંગે ઘટતાં પગલાં લેવા માટે સંલગ્ન કૉલેજોને પરિપત્રિત કરવો.

૩૨. આચાર્ય ગિરીશભાઈ પટેલ તરફથી આવેલા નીચેના પ્રસ્તાવ ઉપર વિચારણા કરવા બાબત :

"એફિલિયેટિંગ યુનિવર્સિટીમાં શૈક્ષણિક સમુદાય (Academic Community) ઊભું કરવું અત્યંત આવશ્યક છે અને એટલા માટે વર્ષે એક વાર દરેક વિષયવાર ને વિષયના બધા શિક્ષકો અમદાવાદ કે બહાર મળે અને પ્રશ્નોની ચર્ચા કરે તેવી યોજના ઊભી કરવી જોઈએ."

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ પ્રસ્તાવની નોંધ લેવી.

૩૩. આચાર્ય ગિરીશભાઈ પટેલ તરફથી આવેલા નીચેના પ્રસ્તાવ ઉપર વિચારણા કરવા બાબત :

"વર્ગમાં માત્ર નોટ ઉતરાવવાની પ્રથા શિક્ષણના ઉચ્ચ હેતુઓને નુકસાન પહોંચાડનારી છે અને તેથી આવી પ્રથા તાત્કાલિક બંધ થવી જોઈએ."

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ પ્રસ્તાવ ઍકેડેમિક કાઉન્સિલની વિચારણા માટે મોકલવો.

તે પછી સભાગૃહનું કામકાજ તા. ૮--૭--૧૯૭૨ના રોજ બંધ રાખવામાં આવ્યું અને તા. ૯--૭--૧૯૭૨ના રોજ બપોરે ૧૨--૩૦ વાગ્યે સભા ફરી મળતાં સભાગૃહનું કામકાજ આગળ ચલાવવામાં આવ્યું.

નીચેની બાબત નં. ૩૪થી ૪૨ની વિચારણા મોકૂફ રાખવામાં આવી :

૩૪. આચાર્ય ગિરીશભાઈ પટેલ તરફથી આવેલ નીચેના પ્રસ્તાવ ઉપર વિચારણા કરવા બાબત :

"કૉલેજોમાં આપવામાં આવતી વૅકેશનની રજાઓ આનંદ કરવા માટે છે તેમ જ વિવિધ અભ્યાસ કરવા માટે છે; તો દરેક વિષયનો થોડો ભાગ એવો રાખવો જોઈએ કે જેની તૈયારી વૅકેશન દરમિયાન થાય અને કૉલેજ ઊઘડતાં તેની પરીક્ષા લેવી જરૂરી ગણાવી જોઈએ."

૩૫. આચાર્ય ગિરીશભાઈ પટેલ તરફથી આવેલ નીચેના પ્રસ્તાવ ઉપર વિચારણા કરવા બાબત :

"કોઈ પણ કૉલેજે કોઈ વર્ષમાં વિશિષ્ટ પ્રયોગ કે સિદ્ધિ પ્રાપ્ત કરી હોય તો તેની યોગ્ય કદર કરવી તેમ જ બીજી કૉલેજોને તેમાંથી પ્રેરણા મળે તેવી રીતે કોઈ વ્યવસ્થા ઊભી કરવી જરૂરી છે."

૩૬. સેનેટની તા. ૨૪/૨૫/૨૬--૩--૧૯૭૨ની સભામાં અંદાજપત્ર પરત્વે નીચેનો પ્રસ્તાવ મંજૂર થયેલ હોઈ સદરહુ ઠરાવ પર આગળ ઘટતાં પગલાં લેવા અંગે વિચારણા કરવા બાબત :

"માર્ચ, ૧૯૭૧ની યુનિવર્સિટી સેનેટની સભાએ સર્વાનુમતે ઠરાવ કરીને સિન્ડિકેટને વિનંતી કર્યા છતાં, યુનિવર્સિટી પ્રેસના કર્મચારીઓનું સાઈકલ ભથ્થું તેમના મૂળ પગારમાં ભેળવવા બાબતમાં

યુનિવર્સિટીના અન્ય કર્મચારીઓ કરતાં ભિન્ન (કેવળ નોશનલી) વ્યવહાર દાખવવામાં આવ્યો છે તેને આ સભા ઉચિત ગણતી નથી. તો યુનિવર્સિટીના અન્ય કર્મચારીઓની બાબતમાં બન્યું છે તેમ યુનિવર્સિટી પ્રેસના કર્મચારીઓનું સાઇકલ ભથ્થું પણ તા. ૧--૭--૧૯૬૮થી ભેળવીને તેમ જ તેનો વાસ્તવિક (નોશનલી નહિ) અમલ કરીને સેનેટે એકીઅવાજે પસાર કરેલા ઠરાવની ભાવનાને મૂર્ત કરવા અને એ રીતે સેનેટના સર્વાનુમતે ઠરાવનું યથાતથ પરિપાલન કરી ગૌરવ જાળવવા સેનેટની આ સભા સિન્ડિકેટને ફરી વાર વિનંતી અને અનુરોધ કરે છે. આના સંદર્ભમાં યુનિવર્સિટીના અંદાજપત્રના પૃષ્ઠ ૩ ઉપર ખર્ચના મથાળા નં. ૧૬, યુનિવર્સિટી મુદ્રણાલયનો ૧૯૭૧--૭૨નો પુનર્નિર્મિત અંદાજ રૂ. ૪,૮૯,૫૦૦ સુધારીને પ્રતીક તરીકે તેમાં રૂ. ૧,૦૦૦ (એક હજાર) વધુ ખર્ચની જોગવાઈ કરવા સિન્ડિકેટને વિનંતી છે."

૩૭. સેનેટની તા. ૨૪/૨૫/૨૬--૩--૧૯૭૨ની સભામાં અંદાજપત્ર પરત્વે નીચેનો પ્રસ્તાવ મંજૂર થયેલ હોઈ સદરહુ ઠરાવ પર આગળ ઘટતાં પગલાં લેવા અંગે વિચારણા કરવા બાબત :

"યુનિવર્સિટી પ્રેસમાં કરવામાં આવતાં કામોના બિલના દર બજારભાવ કરતાં નીચા હોવાને કારણે પ્રેસનું બજેટ ખાધવાળું બને છે, તેથી પ્રેસનાં કામોનાં બિલો ગુજરાત રાજ્યનાં સરકારી પ્રેસોના ધોરણે બનાવવાની પ્રથા અપનાવીને "નહિ નફો--નહિ નુકસાન"નું ધોરણ આગામી નાણાકીય વર્ષથી એટલે કે તા. ૧--૪--૧૯૭૨થી રાખવા સેનેટની આ સભા સિન્ડિકેટને વિનંતી કરે છે. આના સંદર્ભમાં સને ૧૯૭૨--૭૩ના અંદાજપત્રના પૃ. ૨ ઉપર મથાળા નં. ૧૧માં મુદ્રણાલયની આવક રૂ. ૪,૦૩,૦૦૦ અંદાજી છે તેમાં પ્રતીક તરીકે રૂ. ૧,૦૦૦ની વધુ આવક બતાવવી એમ સિન્ડિકેટને વિનંતી છે."

૩૮. સેનેટની તા. ૨૪/૨૫/૨૬--૩--૧૯૭૨ની સભામાં અંદાજપત્ર પરત્વે નીચેનો પ્રસ્તાવ મંજૂર થયેલ હોઈ સદરહુ ઠરાવ પર આગળ ઘટતાં પગલાં લેવા અંગે વિચારણા કરવા બાબત :

"યુનિવર્સિટી પ્રેસની સ્થાપના થયાને વર્ષો થયા છતાં યુનિવર્સિટી પ્રેસના કર્મચારીઓનાં રહેઠાણો માટે યુનિવર્સિટી તરફથી હજી સુધી કોઈ જોગવાઈ થઈ નથી તેની નોંધ લઈને, તેમ જ પ્રેસ-કર્મચારીઓ માટે રહેઠાણોની વ્યવસ્થા કરવાની બાબતનો યુનિવર્સિટીએ આ અગાઉ સૈદ્ધાંતિક સ્વીકાર કર્યો છે તેને ધ્યાનમાં લઈને, યુનિવર્સિટીની સેનેટની આ સભા યુનિવર્સિટીના સને ૧૯૭૨--૭૩ના અંદાજપત્રના પૃષ્ઠ ૨૩ ઉપર મથાળા નં. ૨૩ અને ૨૪ (કર્મચારીવર્ગનાં મકાનો--"સી" અને "ડી" ટાઇપ)માં કુલ રૂ. ૧,૦૦,૦૦૦ (એક લાખ)ની સૂચિત જોગવાઈ છે તેમાંથી રૂ. ૨૫,૦૦૦ અલગ ફાળવીને અને વધારાના રૂ. ૨૫,૦૦૦ ઉમેરીને એમ કુલ રૂ. ૫૦,૦૦૦ની રકમ યુનિવર્સિટી પ્રેસના કર્મચારીઓનાં રહેઠાણો માટે વાપરવાની જોગવાઈ કરવા સિન્ડિકેટને વિનંતી કરે છે."

૩૯. તા. ૨૯/૩૦--૯--૧૯૭૧ તથા તા. ૮--૧--૧૯૭૨ના રોજ મળેલ સેનેટની વિશેષ સભામાં મંજૂર થયેલા નીચેના ઠરાવ પર આગળ ઘટતાં પગલાં લેવા અંગે વિચારણા કરવા બાબત :

"ગુજરાત રાજ્યના ફેક્ટરી ઍક્ટ અન્વયે યુનિવર્સિટી પ્રેસના જે જે હંગામી કર્મચારીઓ ભારત સરકારના ઍક્ટ હેઠળ પ્રૉવિડંટ ફંડનો લાભ મેળવવા પાત્ર થતા હોય તેમને યુનિવર્સિટી પ્રેસના કાયમી કર્મચારીઓને મળતા કેજ્યુઅલ રજા, માંદગીની રજા, તહેવારોની રજા ઇત્યાદિ લાભો આપીને પ્રેસના કર્મચારીઓની બાબતમાં હાલ પ્રવર્તતાં બેવડાં ધોરણો નાબૂદ કરવા સેનેટની આ સભા સિન્ડિકેટને વિનંતી કરે છે."

૪૦. તા. ૨૯/૩૦--૯--૧૯૭૧ તથા તા. ૮--૧--૧૯૭૨ના રોજ મળેલ સેનેટની વિશેષ સભામાં પસાર થયેલા નીચેના ઠરાવ પરત્વે આગળ ઘટતાં પગલાં લેવા અંગે વિચારણા કરવા બાબત :

"કૉલેજોમાં ટ્યુટોરિયલ પ્રથા દાખલ કરી છે ત્યારથી આજ દિન સુધીમાં ટ્યુટોરિયલ વર્ગમાં શું કરવું તે અંગે યુનિવર્સિટીએ કૉલેજોને કોઈ નક્કર માર્ગદર્શન આપ્યું નથી અને કદાચ તેને કારણે જ આ એક સુંદર પ્રયોગ નિષ્ફળ પુરવાર થવાની દિશામાં છે. તો હજી પણ તેમાં મોડું થાય તે પહેલાં યુનિવર્સિટીની દરેક ફેકલ્ટીએ જેથી ત્રણ દિવસનો સેમિનાર રોજીને ટ્યુટોરિયલ કાર્યનું એક સામાન્ય માળખું ઘડી કાઢી વિષયના બોર્ડને મોકલી આપે; અને વિષયનું બોર્ડ તે સામાન્ય માળખાને લક્ષમાં રાખીને, છતાં પોતાના વિષયની જરૂરિયાતોને ઉમેરીને, દરેક વિષયનો ટ્યુટોરિયલ કાર્યનો એક આખરી નકશો તૈયાર કરે તે માટે યુનિવર્સિટી સક્રિય બને તેવી આ સભા યુનિવર્સિટીને ભલામણ કરે છે."

૪૧. તા. ૨૯/૩૦--૯--૧૯૭૧ તથા તા. ૮--૧--૧૯૭૨ના રોજ મળેલ સેનેટની વિશેષ સભામાં પસાર થયેલ નીચેના ઠરાવ પર આગળ ઘટતાં પગલાં લેવા અંગે વિચારણા કરવા બાબત :

"પ્રાધ્યાપકોને પોતાના વિષયનાં પુસ્તકો ખરીદવા અંગે મેચિંગ ગ્રાન્ટ આપવા અંગેની નીતિ ઘડી કાઢવા માટે સંબંધકર્તા સત્તામંડળને આ સભા વિનંતી કરે છે."

૪૨. તા. ૨૯/૩૦--૯--૧૯૭૧ તથા તા. ૮--૧--૧૯૭૨ના રોજ મળેલ સેનેટની વિશેષ સભામાં મંજૂર થયેલ નીચેના ઠરાવ પરત્વે આગળ ઘટતાં પગલાં લેવા અંગે વિચારણા કરવા બાબત :

"ગુજરાત રાજ્યના ફેક્ટરી એક્ટ અન્વયે યુનિવર્સિટી પ્રેસના જે કર્મચારીઓની પ્રૉવિડંટ ફંડની કપાત થતી હોય તેવા યુનિવર્સિટી પ્રેસના હંગામી કર્મચારીઓને જે તે જગ્યા પર પ્રૉવિડંટ ફંડ કપાતનો આરંભ--તારીખથી યુનિવર્સિટી પ્રેસનાં ધારાધોરણ અનુસાર કાયમ કરવા સેનેટની આ સભા સિન્ડિકેટને વિનંતી કરે છે."

૪૩. સદરહુ બાબત અંગેની વિચારણા આગળ બાબત નં. ૨૭ સાથે કરવામાં આવેલી હોઈ તેની નોંધ તે ક્રમમાં દર્શાવવામાં આવી છે.

૪૪. સદરહુ બાબત અંગેની વિચારણા આગળ બાબત નં. ૨૭ સાથે કરવામાં આવેલી હોઈ તેની નોંધ તે ક્રમમાં દર્શાવવામાં આવી છે.

૪૫. બી. જે. મેડિકલ કૉલેજ, અમદાવાદમાં ડી.વી.ડી. માટેનું કેન્દ્ર માન્ય કરવા માટે સ્થાનિક તપાસસમિતિ તરફથી આવેલ અહેવાલ પર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ તપાસસમિતિનો અહેવાલ સ્વીકારવો અને તે મુજબ બી. જે. મેડિકલ કૉલેજ, અમદાવાદમાં ડી. વી. ડી. માટેનું અનુસ્નાતક કેન્દ્ર નીચેની શરતોએ સ્થાપવું :

(૧) ડી.વી.ડી.ના ડિપાર્ટમેન્ટ માટે વધુ જગ્યાનાં વ્યવસ્થા કરવી, દર્દીઓના હલનચલન અને તેઓને વધુ રાહત મળે તે માટે સાધનો અને સગવડોની વ્યવસ્થા કરવી તથા ડિપાર્ટમેન્ટની યોગ્ય પુનર્વ્યવસ્થા કરવી;

(૨) ડિપાર્ટમેન્ટમાં ઓનરરી આસિસ્ટન્ટની વ્યવસ્થા કરવી; અને

(૩) સીનિયર વ્યાખ્યાતાની જગ્યા ખાલી છે તે પૂરવી અને જો યોગ્ય લાયકાત ધરાવતી વ્યક્તિ અપ્રાપ્ય હોય તો તે જગ્યાને આસિસ્ટન્ટ ઓનરરીમાં ફેરવવી.

૪૬. સદરહુ બાબત અંગેની વિચારણા આગળ બાબત નં. ૨૭ સાથે કરવામાં આવેલી હોઈ તેની નોંધ તે ક્રમમાં દર્શાવવામાં આવી છે.

નીચેની બાબત નં. ૪૭ અને ૪૮ની વિચારણા મોકૂફ રાખવામાં આવી :

૪૭. (૧) ડૉ. હરિશ્ચંદ્ર ખંઢેરિયા તબીબીવિજ્ઞાન સુવર્ણચંદ્રક, અને (૨) સ્વ. ડૉ. કુ. મિશ્રાબહેન માણેકલાલ શાહ સુવર્ણચંદ્રક જે વિદ્યાર્થીઓ ઑકટોબર અને માર્ચ-એપ્રિલની ત્રીજી એમ.બી.,બી.એસ. પરીક્ષામાં મેડિસિન વિષયમાં સૌથી વધારે ગુણાંક મેળવીને ઉત્તીર્ણ થાય તેમને એનાયત કરવાનો છે અને ઑકટોબર ૧૯૭૧ની પરીક્ષાના બેઠક નં. ૩૧, ૬૮ અને ૧૦૮ મેડિસિન વિષયમાં સૌથી વધારે સરખા ગુણાંક ૨૯૧ મેળવતા હોઈ આ સુવર્ણચંદ્રક કોને એનાયત કરવો તે અંગે વિચારણા કરવા બાબત.

(નોંધ.—સિન્ડિકેટે તેની ફેબ્રુઆરી ૧૯૬૮ની સભામાં કામકાજ નં. ૭૬થી ઠરાવ્યું છે કે કોઈ વિષય માટે નિયત કરેલ હોય તો અને તે વિષયમાં એક કે વધુ વિદ્યાર્થીઓ ચંદ્રકની શરતો અનુસાર લાયક થતા હોય તો તે પરીક્ષામાં વર્ગ અપાતા હોય તે સમગ્ર ગુણમાં તે વિદ્યાર્થીઓ પૈકી સૌથી વધુ ગુણાંક મેળવનારને ચંદ્રક એનાયત કરવો. એમ.બી.,બી.એસ.ની પરીક્ષામાં વર્ગ અપાતો નથી, પરંતુ કુલ ગુણાંકમાંથી મેળવેલ ગુણાંકના ક્રમાંક જોતાં નં. ૩૧, ૧૦૮ અને ૬૮ એ ક્રમ થાય છે. આ બન્ને ચંદ્રકો નં. ૩૧ને આપવા કે નં. ૩૧ અને ૧૦૮ બન્નેને આ બે ચંદ્રક એક એક વહેંચી આપવા તે અંગે વિચારણા કરવાની થાય.)

૪૮. સંલગ્ન કૉલેજો તરફથી જૂન ૧૯૭૨થી ચાલુ/વધારાના જોડાણ માટે આવેલ જોડાણઅરજીઓ પૈકી જે કૉલેજોએ હજુ સુધી સેનેટે મૂકેલી સર્વ શરતોનું યથાર્થ પરિપાલન કર્યું નથી તે અંગે વિચારણા કરવા બાબત.

(નોંધ.— શરતોનું પરિપાલન તા. ૧૫-૧-૧૯૭૨ સુધીમાં કરવાનું હતું.)

૪૯. યુનિવર્સિટીના આરોગ્ય કેન્દ્રના વિકાસ માટે યુનિવર્સિટી ગ્રાન્ટ્સ કમિશન તરફથી તેમના તા. ૧૯-૩-૧૯૭૨ના પત્રાંક એફ. ૧૩-૧-૭૦ (એચ.એ. ૩)થી અનાવર્તક સહાય ૭૫ ટકાના ધોરણે રૂપિયા ૧,૫૦,૦૦૦ની મકાન તથા સાધનોની ખરીદી માટે તથા આવર્તક આર્થિક સહાય ૫૦ ટકાના ધોરણે વાર્ષિક રૂ. ૩૦,૦૦૦ની સ્ટાફના પગાર તથા બીજાં ભથ્થાં માટે મંજૂર કરી તે અંગે સિન્ડિકેટે તેની તા. ૧૫-૪-૧૯૭૨ની સભામાં આગળની કાર્યવાહી કરવાનું ઠરાવ્યું હતું તેના સંદર્ભમાં રેસિડેન્ટ મેડિકલ ઑફિસરે રજૂ કરેલા પ્રસ્તાવ તથા સૂચવેલ આવર્તક ખર્ચ અંગે વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બાબત અંગે રેસિડેન્ટ મેડિકલ ઑફિસરે રજૂ કરેલો પ્રસ્તાવ સ્વીકારવો અને તે અંગે જરૂરી કાર્યવાહી કરવા માટે યુનિવર્સિટી કાર્યાલયને જણાવવું.

૫૦. નીચે જણાવેલાં હૉસ્પિટલો તથા હેલ્થ સેન્ટરોને ઑર્ડિ. ૨૭૨ અને ઑર્ડિ. ૨૭૨-એ મુજબ ફરજિયાત રોટેટિંગ હાઉસમેનશિપ માટે માન્યતા આપવા અંગેના ડીન, બી. જે. મેડિકલ કૉલેજ, અમદાવાદના તા. ૧-૬-૧૯૭૨ના પત્રથી આવેલ સૂચન પર વિચારણા કરવા બાબત :

(૧) રેફરલ હૉસ્પિટલ, માણસા

(૨) રેફરલ હૉસ્પિટલ, ડભોઈ

(૩) સ્ટીલે હૉસ્પિટલ, છોટાઉદેપુર

(૪) સેકન્ડરી હેલ્થ સેન્ટર, બોટાદ

(૫) સેકન્ડરી હેલ્થ સેન્ટર, રાજુલા

(૬) રેફરલ હૉસ્પિટલ, અંજાર

(૭) રેફરલ હૉસ્પિટલ, વાંકાનેર.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ હૉસ્પિટલોની સ્થાનિક તપાસ માટે જરૂરી સમિતિઓ રચવા માટે કુલપતિશ્રીને સત્તા આપવી.

૫૧. સને ૧૯૭૦--૭૧ના વર્ષમાં પુનર્નિમિત અંદાજ કરતાં કેટલાંક ખાતાંઓમાં થયેલા વધારાના ખર્ચને મંજૂર કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે ૧૯૭૦--૭૧ના વર્ષમાં કેટલાંક ખાતાઓમાં થયેલા વધારાના ખર્ચને મંજૂર કરવા.

(મંજૂર કરવામાં આવેલા વધારાના ખર્ચની યાદી **પરિશિષ્ટ "ક"** તરીકે સામેલ છે.)

નીચેની બાબત નં. ૫૨થી ૬૧ની વિચારણા મોકૂફ રાખવામાં આવી.

૫૨. યુનિવર્સિટી બોર્ડ ઑફ સ્પોર્ટ્સનો તા. ૪--૪--૧૯૭૨ની સભામાં નિયુકત થયેલ ઉપસમિતિ, જેની ભલામણો બોર્ડ ઑફ સ્પોર્ટ્સના ચેરમૅનશ્રીની અનુમતિથી સિન્ડિકેટ સમક્ષ રજૂ કરવાનું ઠરાવ્યું હતું તે ઉપસમિતિની નીચેની ભલામણો પર વિચારણા કરવા બાબત :

(૧) આંતર-યુનિવર્સિટી સ્પર્ધાઓમાં ભાગ લેવા જતા ખેલાડીઓને હાલ જે રૂ. ૬ દૈનિક ભથ્થું અપાય છે તેને બદલે રૂ. ૮ ભથ્થું આપવા આ સમિતિ સિન્ડિકેટને ભલામણ કરે છે.

(૨) આપણી ટુકડી સાથે જનાર મૅનેજર, કોચ કે મૅનેજર-કમ-કોચને હાલ જે દૈનિક ભથ્થું તેમ જ મુસાફરી ભથ્થું અપાય છે તે ઘણું જ ઓછું છે તેથી મૅનેજર, કોચ કે મૅનેજર-કમ-કોચને પણ ખેલાડીઓની માફક જ મુસાફરી દરમિયાન કે સ્પર્ધા દરમિયાન અમદાવાદથી મુસાફરી શરૂ કરે ત્યારથી જ તે અમદાવાદ પાછા આવે ત્યાં સુધી દરરોજના રૂ. ૧૧--૦૦ લેખે દૈનિક ભથ્થું આપવા આ સમિતિ સિન્ડિકેટને ભારપૂર્વક ભલામણ કરે છે.

(૩) યુનિવર્સિટી કોચિંગ કૅમ્પ દરમિયાન સ્થાનિક વિદ્યાર્થીઓને રૂ. ૨ને બદલે રૂ. ૩ અને બહારગામના વિદ્યાર્થીઓને રૂ. ૪ને બદલે રૂ. ૫ પ્રૅક્ટિસ એલાવન્સ આપવા આ સમિતિ સિન્ડિકેટને ભલામણ કરે છે.

૫૩. શ્રી. કે. એસ. શાસ્ત્રીના નીચેના પ્રસ્તાવ પર વિચારણા કરવા બાબત :

"જે અધ્યાપકો સંલગ્ન કૉલેજોમાં અધ્યાપનકાર્ય કરતા હોય અને કૉલેજ દ્વારા તેમની શિક્ષક તરીકેની માન્યતા માટે અરજી કરવામાં ન આવી હોય તો તેવા તમામ અધ્યાપકોને જો તેઓ જરૂરી લાયકાત ધરાવતા હોય તો જ્યારથી અધ્યાપન કરતા હોય ત્યારથી તેમને જે તે પદ માટે લાયક ગણવા."

૫૪. આચાર્ય ગિરીશભાઈ પટેલના નીચેના પ્રસ્તાવ પર વિચારણા કરવા બાબત :

"સંલગ્ન કૉલેજોમાં શિક્ષણનું કાર્ય કરતા શિક્ષકોની નોકરીની સલામતી અને સ્થિરતા માટે અને તે અંગે યોગ્ય ધોરણો ઊભાં થાય તે માટે યુનિવર્સિટીએ તાત્કાલિક પગલાં ભરવાં જરૂરી છે અને તેથી

નીચેનો ઑર્ડિનન્સ ઘડવા સિન્ડિકેટને ભલામણ છે :

"No teacher (including the Principal of an affiliated college) working in any of affiliated colleges in Gujarat University shall be dismissed, discharged or reduced in rank without the approval of the Syndicate.'"

૫૫. આચાર્ય ગિરીશભાઈ પટેલના નીચેના પ્રસ્તાવ પર વિચારણા કરવા બાબત :

"સંલગ્ન કૉલેજોમાં કાર્ય કરતા શિક્ષકોની નિમણૂકો તેમ જ તેમાં થતા ફેરફાર અંગે માહિતી આપતા ઑ. ૯૬ અને ઑ. ૯૭ અંગે કૉલેજો શિક્ષકોનાં નામો વગેરે યુનિવર્સિટીને મોકલે તે ફૉર્મમાં લાગતાવળગતા શિક્ષકની સહી હોવી આવશ્યક ગણાવી જોઈએ અને તે અંગે યુનિવર્સિટી જે પગલાં લે તેની તે શિક્ષકને પણ જાણ કરવી જોઈએ."

૫૬. આચાર્ય ગિરીશભાઈ પટેલના નીચેના પ્રસ્તાવ પર વિચારણા કરવા બાબત :

"સાયન્સ, આર્ટ્સ અને કૉમર્સ ફૅકલ્ટીમાં ત્રણ વર્ષના અભ્યાસક્રમમાં વધારે પડતું Specialization હોવાને કારણે વિદ્યાર્થીઓને સ્નાતક કક્ષાએ નુકસાન થયું છે, અને તેથી કેમ્બ્રિજ કે ઑક્સફર્ડમાં Triperની પદ્ધતિ છે તેના જેવી પદ્ધતિ અપનાવવા અંગે વિચારણા કરવી જરૂરી છે."

૫૭. આચાર્ય ગિરીશભાઈ પટેલના નીચેના પ્રસ્તાવ પર વિચારણા કરવા બાબત :

"સંલગ્ન યુનિવર્સિટીમાં બધા જ માટે શિક્ષણ અને વિદ્યાનાં ધોરણો ગુણવત્તાની દૃષ્ટિએ ઊંચે આવે તે માટે કયાં ચોક્કસ, વ્યવહારુ અને તાત્કાલિક અમલમાં આવે એવાં પગલાં લેવાં તે અંગે સમગ્ર વિચારણા કરવી જરૂરી છે અને તે અંગે તાત્કાલિક કમિટી નીમી એક મહિનામાં તેનો અહેવાલ મગાવવો."

૫૮. આચાર્ય ગિરીશભાઈ પટેલના નીચેના પ્રસ્તાવ પર વિચારણા કરવા બાબત :

"યુ.જી.સી. તરફથી મળતી વિવિધ પ્રકારની ગ્રાન્ટોનો સત્વરે લાભ લેવાય તે આવશ્યક છે અને તે માટે મૅચિંગ ગ્રાન્ટો, કૉલેજો ઊભી કરે તેવા પ્રયત્નો કરવા જોઈએ અને ગુજરાત સરકાર આવી મૅચિંગ ગ્રાન્ટ લોન તરીકે કે કોઈ બીજી રીતે કૉલેજોને આપી શકે તે માટે એક Educational Finance Corporation જેવી સંસ્થા ઊભી કરે તે માટે ગુજરાત સરકાર સાથે તાત્કાલિક વાટાઘાટ કરવામાં આવે."

૫૯. આચાર્ય ગિરીશભાઈ પટેલના નીચેના પ્રસ્તાવ પર વિચારણા કરવા બાબત :

"કેન્દ્રના તેમ જ રાજ્યના વિવિધ મજૂર અને ઔદ્યોગિક કાયદાઓ યુનિવર્સિટી તેના કર્મચારીઓ અને કૉલેજો અને તેના કર્મચારીઓને લાગુ પાડવા માટે આ યુનિવર્સિટી કેન્દ્ર સરકાર તેમ જ રાજ્ય સરકારને ભલામણ કરે."

૬૦. આચાર્ય ગિરીશભાઈ પટેલના નીચેના પ્રસ્તાવ પર વિચારણા કરવા બાબત :

"યુનિવર્સિટી સાથેની સંલગ્ન કૉલેજોના વહીવટ અંગે વિવિધ પ્રકારની ફરિયાદો અને કેટલીક કૉલેજોનાં સંચાલકમંડળોનાં વધતાં જતાં મનસ્વી કાર્યોને ધ્યાનમાં લેતાં સિન્ડિકેટે બધી જ કૉલેજોની

સર્વાંગ તપાસ કરાવવી જોઈએ અથવા ગુજરાત યુનિવર્સિટી એક્ટ હેઠળ ચાન્સેલરને તપાસ કરવા વિનંતી કરવી જોઈએ."

૬૧. આચાર્ય ગિરીશભાઈ પટેલના નીચેના પ્રસ્તાવ પર વિચારણા કરવા બાબત :

"યુનિવર્સિટી સાથે જોડાયેલી સંલગ્ન કૉલેજોના તપાસ માટે યુનિવર્સિટીએ તાત્કાલિક એટલે કે એક મહિનામાં ઈન્સ્પેકશન યુનિટ ઊભું કરવું જોઈએ અને તે માટે જરૂરી કાર્યવાહી તરત જ શરૂ કરવી."

૬૨. ભવન્સ આર્ટ્સ એન્ડ સાયન્સ કૉલેજ, ડાકોર, જૂન ૧૯૭૨થી બી.એ.(મુખ્ય)માં સંસ્કૃત અને બી.એ.(સબો.)માં રાજ્યનીતિશાસ્ત્ર અને મનોવિજ્ઞાન તથા બી.એસસી.(જન.)માં વનસ્પતિવિજ્ઞાનના અભ્યાસક્રમોનું શિક્ષણકાર્ય આર્થિક તંગીને કારણે ઑ. ૧૨૦-એફ મુજબ ક્રમશ: બંધ કરવા માગે છે તો તેની પરવાનગી આપવા અંગે વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ કૉલેજમાં સંસ્કૃત અને રાજ્યનીતિશાસ્ત્ર અને મનોવિજ્ઞાન તથા વનસ્પતિવિજ્ઞાનના વિષયમાં તે વિષયોનું શિક્ષણ શરૂ કરવામાં આવ્યું ત્યારથી આજ સુધીમાં પ્રત્યેક વર્ષે કેટલા વિદ્યાર્થીઓને પ્રવેશ આપવામાં આવ્યો છે તે અંગે સદરહુ કૉલેજ પાસેથી માહિતી મંગાવવી અને આ સભાગૃહ સમક્ષ રજૂ કરવાનું રાખવું.

વધુમાં ઠરાવવામાં આવે છે કે ઑ. ૧૨૦-એફ સુધારવો અને તેને તાત્કાલિક અમલમાં મૂકવો.

(સુધારેલા ઑ. ૧૨૦--એફની નકલ **પરિશિષ્ટ "ખ"** તરીકે સામેલ છે.)

નીચેની બાબત નં. ૬૩ અને ૬૪ની વિચારણા મોકૂફ રાખવામાં આવી :

૬૩. કયોટો (જાપાન) મુકામે સપ્ટેંબર ૧૯થી ૨૩, ૧૯૭૨ના સમય દરમ્યાન "World Congress of Anaesthesiologists"ના અધિવેશનમાં હાજરી આપવા માટે ડૉ. બી. કે. ઝાને આર્થિક સહાય કરવા અંગે શેઠ કે. એમ. સ્કૂલ ઑફ પોસ્ટ-ગ્રેજ્યુએટ મેડિસિન એન્ડ રિસર્ચના અધ્યક્ષ તરફથી આવેલ પત્ર પર વિચારણા કરવા બાબત.

૬૪. શ્રી. સત્યેન્દ્ર કા. ઝવેરીના નીચેના પ્રસ્તાવ પર વિચારણા કરવા બાબત :

Add the following Ordinance :

O. 120-AA :

No management or college shall terminate the services of any teacher without the previous approval of the Syndicate of this University.

૬૫. ગુજરાત યુનિવર્સિટી સ્ટાફ સ્પોર્ટ્સ કલબને સને ૧૯૭૨ના વર્ષ માટે આર્થિક સહાય આપવા અંગેના સદરહુ કલબના સામાન્ય મંત્રીના તા. ૧૪--૬--૧૯૭૨ના પત્ર પર વિચારણા કરવા બાબત.

[**નોંધ.**—સિન્ડિકેટે તેની તા. ૧૭/૧૮--૪--૧૯૭૧ની સભામાં ૧૯૭૧ના વર્ષ માટે સદરહુ કલબને રૂ. ૨,૫૦૦(અંકે રૂપિયા બે હજાર પાંચસો ફકત)ની આર્થિક સહાય આપવાનું ઠરાવ્યું હતું.]

આથી ઠરાવવામાં આવે છે કે ગુજરાત યુનિવર્સિટી સ્ટાફ સ્પોર્ટ્સ કલબને સને ૧૯૭૨ના વર્ષ માટે રૂ. ૩,૦૦૦ (રૂપિયા ત્રણ હજાર)ની આર્થિક સહાય આપવી.

૬૬. વિજ્ઞાન વિદ્યાભવનમાં રસાયણશાસ્ત્રના રીડરની ખાલી પડેલી જગ્યા માટે તથા સમાજવિદ્યા ભવનમાં રીડર-ઈન-લેબર વેલ્ફેરની ખાલી પડેલી જગ્યા પર ઑર્ડિ. ૬૬ પ્રમાણે વરણીસમિતિ પર ત્રણ-ત્રણ સભ્યોની નિમણૂક કરવા અંગે વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે (૧) રસાયણવિજ્ઞાનના રીડરની સદરહુ જગ્યા ઑર્ગેનિક કેમિસ્ટ્રીની પ્રશાખા માટે નિયત કરીને તે મુજબ જાહેરખબર આપીને અરજીઓ મંગાવવી.

વધુમાં સદરહુ જગ્યા અંગેની વરણીસમિતિ પર નીચે મુજબ સભ્યોની ક્રમાનુવર્તી નિમણૂક કરવી :

(૧) ડૉ. બી. ડી. તિલક
(૨) ડૉ. કે. એસ. નારગુંડ
(૩) ડૉ. સુરેશ શેઠના
(૪) ડૉ. એસ. શ્રીનિવાસન
(૫) ડૉ. ગુરુબક્ષ સીંગ

(૨) લેબર વેલ્ફેરના રીડરની જગ્યા માટેની વરણીસમિતિ પર નીચે મુજબના સભ્યોની ક્રમાનુવર્તી નિમણૂક કરવી :

(૧) આચાર્ય બી. એસ. ભીર
(૨) ડૉ. વી. બી. કર્ણિક
(૩) ડૉ. એસ. ડી. પૂણેકર
(૪) શ્રી. પ્રમોદ વર્મા (અને તેઓ જો ઉપલબ્ધ ન હોય તો શ્રી. કમલા ચૌધરી)

નીચેની બાબત નં. ૬૭ અને ૬૮ની વિચારણા મોકૂફ રાખવામાં આવી.

૬૭. યુનિવર્સિટીના રસાયણવિજ્ઞાનના પ્રત્યેક કેન્દ્રમાં કેટલા વિદ્યાર્થીઓ દાખલ કરવા જોઈએ તે માટે નવેસરથી વિચારણા કરી પોતાનો સુચિંતિત અહેવાલ રજૂ કરવા માટે સિન્ડિકેટે તેની તા. ૯/૧૬--૧--૧૯૭૨ની સભામાં નીમેલી ડૉ. આર. ડી. પટેલ અને ડૉ. સી. એમ. દેસાઈની સમિતિએ કરેલા અહેવાલ પરત્વે વિચારણા કરવા બાબત.

૬૮. કમલા એજ્યુકેશન ટ્રસ્ટ, અમદાવાદ તથા પંકજ કેળવણી મંડળ, અમદાવાદની જૂન ૧૯૭૧થી અમદાવાદ ખાતે નવી શિક્ષણની કૉલેજ શરૂ કરવા માટેની જોડાણઅરજી પર સેનેટની તા. ૧૯/૨૦/૨૧/૨૭/૨૮--૩--૧૯૭૧ની સભામાં સદરહુ કૉલેજોને જોડાણ આપવા અંગેનો ઠરાવ બહુમતીએ ઊડી ગયો હતો તેની જાણ રાજ્ય સરકારને કરવામાં આવી હતી. રાજ્ય સરકારે સદરહુ કૉલેજોને બે વર્ષની મુદત માટે જોડાણ આપતું જાહેરનામું બહાર પાડેલ છે તો તે અંગે વિચારણા કરવા બાબત.

૬૯. બોર્ડ ઑફ એકસ્ટ્રામ્યુરલ સ્ટડીઝના નીચેના સભ્યોના સભ્યપદની મુદત પૂરી થયેલ હોઈ તેમની જગ્યાઓ ઑ. ૪૭ હેઠળ નવા સભ્યોની નિમણૂક કરવા બાબત :

(૧) શ્રી. જે. આર. વ્યાસ
(૨) ડૉ. ડી. એચ. મુનશિયા
(૩) ડૉ. ય. ગુ. નાયક
(૪) આચાર્ય હરિહર શુકલ
(૫) આચાર્ય ધીરુભાઈ પી. ઠાકર
(૬) આચાર્ય એસ. આર. મહેતા
(૭) આચાર્ય બી. એમ. પીરઝાદા
(૮) શ્રી. વિનોદભાઈ અધ્વર્યુ
(૯) શ્રી. સત્યેન્દ્ર કાળિદાસ ઝવેરી.

આથી ઠરાવવામાં આવે છે કે બોર્ડ ઑફ એકસ્ટ્રામ્યુરલ સ્ટડીઝ પર નીચેના સભ્યોની નિમણૂક કરવી :

(૧) શ્રી. દિલીપ પરીખ
(૨) શ્રી. જદુરાય વ્યાસ
(૩) આચાર્ય જે. સી. ત્રિવેદી
(૪) આચાર્ય ચ. પ્રા. શુકલ
(૫) શ્રી. પી. જી. માવળંકર
(૬) આચાર્ય અવિનાશ મુનશી
(૭) પ્રા. અબાભાઈ પટેલ
(૮) આચાર્ય વી. બી. અદવર્યુ
(૯) આચાર્ય દાઉદભાઈ ઘાંચી

૭૦. બી. એમ. ઈન્સ્ટિટયૂટ, અમદાવાદ તરફથી નીચે જણાવેલ ડિપ્લોમાના અભ્યાસક્રમો માટેની માન્યતા મેળવવા માટે અરજી આવેલી છે :

1. **Diploma in Psychiatric Social Work**
2. **Diploma in Psychiatric Occupational Therapy**
3. **Diploma in Psychotherapy**
4. **Diploma in Education for non-normal child.**

પરંતુ Audiology & Speech Therapy ડિપ્લોમાનો અભ્યાસક્રમ આપણી યુનિવર્સિટીમાં ઘડાયેલ ન હોઈ મજકૂર વિષય માટે મુંબઈ યુનિવર્સિટીની માન્યતા મેળવવા અંગે પરવાનગી મેળવવા સદરહુ સંસ્થા તરફથી આવેલ તારીખ ૬--૬--૧૯૭૨ના પત્ર પર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ વિનંતી મંજૂર કરવી નહીં.

૭૧. ગુજરાત યુનિવર્સિટી એરિયા ટીચર્સ એસોસિયેશનની પગલાં સમિતિના સભ્યો તરફથી આવેલા તા. ૧૬-૬-૧૯૭૨ના પત્ર પર વિચારણા કરવા બાબત.

સદરહુ બાબતની વિચારણા મોકૂફ રાખવામાં આવી.

૭૨. પીપલ્સ એજ્યુકેશન સોસાયટી લૉ કૉલેજ, ભૂજ અને પીપલ્સ એજ્યુકેશન સોસાયટી કૉમર્સ કૉલેજ, ભૂજ--બન્ને કૉલેજો વચ્ચે કેવળ એક જ પાત્રતા ધરાવતા ગ્રંથપાલથી ૧૯૭૧-૭૨નું આખું વર્ષ કામ ચલાવ્યું હોઈ તે પરત્વે વિચારણા કરવા બાબત.

(નોંધ.—પીપલ્સ એજ્યુકેશન સોસાયટી લૉ કૉલેજ, ભૂજનો સમય બદલવા અંગે આવેલી અરજીના સંદર્ભમાં આ હકીકત ધ્યાન પર આવી છે.)

આથી ઠરાવવામાં આવે છે કે ગ્રંથપાલની નિમણૂક અંગે યુનિવર્સિટીનાં ધારાધોરણોનો ભંગ કરવા માટે સદરહુ કૉલેજોને સખત ઠપકો આપવો અને બેઉ કૉલેજો માટે અલગ અલગ ગ્રંથપાલો નીમીને યુનિવર્સિટી કાર્યાલયને ત્વરિત જાણ કરવા માટે જણાવવું.

૭૩. સી. યુ. શાહ સાયન્સ કૉલેજ, અમદાવાદમાંથી ભૌતિકવિજ્ઞાનના ડેમોન્સ્ટ્રેટર શ્રી. આઈ. એમ. ગજજરને છૂટા કરવામાં આવ્યાની તેમની ફરિયાદ પર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બાબતની વિચારણા મોકૂફ રાખવી.

૭૪. યુનિવર્સિટી વિજ્ઞાન વિદ્યાભવનમાં પ્રાણીશાસ્ત્રના પ્રાધ્યાપક તરીકે કામ કરતા ડૉ. વી. સી. શાહની રૂ. ૩,૬૦૦ના ખર્ચે સ્કૂટર ખરીદી અંગેની નિયમ પ્રમાણે આપવાની લોન અંગે તેઓની તા. ૧૨--૬--૧૯૭૨ની અરજી ઉપર વિચારણા કરવા બાબત.

(**નોંધ.**—સિન્ડિકેટે તેની તા. ૩૦--૧૧--૧૯૬૮ની સભામાં ઠરાવ્યા અનુસાર વાહનની કિંમતના ૮૦ ટકાની રકમ લોન તરીકે આપવાની રહેશે. લોન લેનારે આ લોન ૫૦ હપતામાં અને યુનિવર્સિટી નક્કી કરે તે દરના વ્યાજ સાથે પરત કરવાની રહેશે તથા સ્કૂટર યુનિવર્સિટીને ગીરો લખી આપવાનું રહેશે.)

આથી ઠરાવવામાં આવે છે કે યુનિવર્સિટીનાં વિજ્ઞાન વિદ્યાભવનના પ્રાણીશાસ્ત્રના પ્રાધ્યાપક ડૉ. વી. સી. શાહને યુનિવર્સિટીનાં ધારાધોરણ મુજબ સ્કૂટર ખરીદવા માટે રૂ. ૩,૬૦૦ની લોન મંજૂર કરવી.

૭૫. જુલાઈ ૧૯૭૨માં જુનિયર તથા સીનિયર સર્ટિફિકેટ કોર્સ ઇન ઇંગ્લિશની પરીક્ષામાં પ્રાક્ટિકલ પરીક્ષકોની નિમણૂક કરવા બાબત.

સદરહુ બાબત ચર્ચાવિચારણા માટે હાથ ધરવામાં આવી ત્યારે સભાગૃહને જાણ કરવામાં આવી કે તે બાબતમાં જરૂરી નિમણૂકો કુલપતિશ્રીના આદેશથી કરવામાં આવેલી છે.

તે પછી સભાગૃહે કુલપતિશ્રીના સદરહુ કાર્યની નોંધ લીધી.

૭૬. વિજ્ઞાન વિદ્યાભવનમાં રસાયણવિજ્ઞાનના પ્રાધ્યાપકની જગ્યા માટેની વરણીસમિતિની તા. ૨૧--૬--૧૯૭૨ની ભલામણ ઉપર વિચારણા કરવા બાબત.

સદરહુ સમિતિની ભલામણ પર લંબાણ ચર્ચાવિચારણાને અંતે ઠરાવવામાં આવ્યું કે, યુનિવર્સિટીના વિજ્ઞાન વિદ્યાભવનમાં રસાયણવિજ્ઞાનના પ્રાધ્યાપકની જગ્યા પર રૂ. ૧૧૦૦–૫૦--૧૩૦૦--૬૦--૧૬૦૦ના પગારધોરણમાં નીચે જણાવેલ વ્યકિતઓમાંથી ક્રમાનુવર્તી નિમણૂક બે વર્ષના અજમાયશી ધોરણે કરવી :

(૧) ડૉ. અરુણ કે. ડે
(૨) ડૉ. હીરાલાલ એલ. નિગમ.

વધુમાં ઠરાવવામાં આવ્યું કે ડૉ. ડેનો પગાર નકકી કરવા માટે કુલપતિશ્રીને સત્તા આપવી.

(સદરહુ વરણીસમિતિની નકલ **પરિશિષ્ટ "ગ"** તરીકે સામેલ છે.)

નીચેની બાબત નં. ૭૭થી ૮૫ની વિચારણા મોકૂફ રાખવામાં આવી :

૭૭. યુનિવર્સિટીના મુખ્ય કાર્યાલયના મકાનમાં ખૂલેલી સ્ટેટ બૅંક ઑફ ઇન્ડિયાની પેટાકચેરીમાં યુનિવર્સિટી છાત્રાલયનો બૅંક એકાઉન્ટ ખોલવા માટે વિચારણા કરવા બાબત.

૭૮. આર્ટ્સ એન્ડ કૉમર્સ કૉલેજ, તલોદમાં સ્થાપવામાં આવેલ ગુજરાતી વિષયના અનુસ્નાતક કેન્દ્રના પ્રોફેસર-ઇન-ચાર્જ શ્રી. આર. એમ. દેસાઈ તા. ૧૫--૬--૧૯૭૨થી રાજીનામું આપી છૂટા થયા હોવાથી તેમની જગ્યાએ તે કૉલેજમાં જોડાયેલ પ્રો. જે. જે. દવેની નિમણૂક અંગે વિચારણા કરવા બાબત.

૭૯. પોસ્ટ-ગ્રેજ્યુએટ મેડિસિન વિદ્યાશાખાની ડી.ઓ.એમ.એસ.ની પરીક્ષામાં પ્રત્યેક ડિઝર્ટેશન દીઠ પ્રત્યેક પરીક્ષકને રૂ. ૨૫ના દરથી મહેનતાણું આપવાનું કુલપતિશ્રીએ મંજૂર કર્યું તેની નોંધ લેવા

બાબત; તથા ડી.ઓ.એમ.એસ.ની પરીક્ષામાં ડિઝર્ટેશનના કાયમી ધોરણે દર નક્કી કરવા અંગે વિચારણા કરવા બાબત.

(**નોંધ.**—મેડિકલ વિદ્યાશાખામાં ડિઝર્ટેશનનો દર નીચે મુજબ છે :

Examining a dissertation at M.D., M.S. and M.D.S. Parts I & II Examinations...Rs. 25/-. The rate is per examiner per candidate.)

૮૦. **ગાંધીધામ કૉલેજીએટ બોર્ડ, આદિપુર તરફથી જૂન ૧૯૭૩થી આદિપુર ખાતે શરૂ કરાનાર નવી વાણિજ્યની કૉલેજ અંગેની અરજી પર નીમેલ સ્થાનિક તપાસસમિતિના એક સભ્ય પ્રિ. આર. એલ. સંઘવીએ સમિતિ પર કામ કરવા અશક્તિ દર્શાવી લેઈ તેમની જગ્યાએ અન્ય સભ્યની નિમણૂક કરવા બાબત.**

(**નોંધ.**—સ્થાનિક તપાસસમિતિના અન્ય સભ્ય પ્રો. જી. આર. દેસાઈ છે.)

૮૧. **ગુજરાત યુનિવર્સિટીની પરીક્ષાઓમાં "શાંકર વેદાન્ત"નો વિષય લઈ ઉત્તીર્ણ થનાર વિદ્યાર્થીને પ્રતિવર્ષ "પરમપૂજ્ય સ્વામીશ્રી પ્રણવતીર્થજી શિષ્યવૃત્તિ" તથા "પરમપૂજ્ય સ્વામીશ્રી પ્રણવતીર્થજી સુવર્ણચંદ્રક" એનાયત કરવા માટે ક્રમશઃ રૂ. ૧,૦૦,૦૦૦નું પ્રદાન અર્પણ કરવાનો બાબતમાં શ્રી. સુરેશચંદ્ર છગનલાલ સોલંકીના તા. ૧૯--૬--૧૯૭૨ના પત્ર પરત્વે વિચારણા કરવા બાબત.**

(**નોંધ.**—દર માસે રૂ. ૧૦,૦૦૦થી રૂ. ૧૧,૦૦૦ના હપ્તે કુલ્લે રૂ. ૧,૦૦,૦૦૦ની રકમ અર્પણ કરવાનું જણાવે છે.)

૮૨. **ગુજરાત યુનિવર્સિટી સેન્ટ્રલ કન્ઝ્યુમર્સ કો-ઑપરેટિવ સ્ટોર્સના મૅનેજિંગ ડિરેક્ટર ડૉ. આર. જી. ભટ્ટના તા. ૨૩--૬--૧૯૭૨ના પત્ર મુજબ યુનિવર્સિટી કાર્યાલયના ટાઇપિસ્ટ શ્રી. હર્ષદ શાહની એક કલાકની સેવાઓ સ્ટોર્સને આપવા તથા તે અંગેનું માસિક રૂ. ૨૧નું વેતન સ્વીકારવાની તેમને મંજૂરી આપવા અંગે વિચારણા કરવા બાબત.**

૮૩. **એસ.વાય.બી.એસસી.ના કેમિસ્ટ્રીના પ્રાયોગિક પરીક્ષાના પરીક્ષકોને માર્કશીટ વગેરે ટપાલ દ્વારા યુનિવર્સિટી કાર્યાલયને મોકલવા માટે થતા ટપાલખર્ચ સામે ઍડહૉક ધોરણે ખર્ચ આપવા અંગે વિચારણા કરવા બાબત.**

(**નોંધ.**—ટપાલખર્ચ અંગેના હાલનો નિયમ નીચે મુજબ છે :

In order to meet with postal expenditure which the Examiners have to incur in sending answer-books, marksheets, etc., at Pre-Uni. Science, F.Y.B.Sc. Practical Examinations, a lump sum of Rs. 15/- may be paid to each of the Examiner.)

૮૪ **યુનિવર્સિટી ગ્રાન્ટ્સ કમિશનની આર્થિક મદદથી એચ. કે. આર્ટ્સ કૉલેજમાં શરૂ કરવામાં આવનાર અભ્યાસકેન્દ્ર માટે એક વહીવટી સમિતિ નીમવા તથા તે અંગેની જગ્યાઓ ઊભી કરવા બાબતમાં ગ્રંથપાલશ્રીનાં તા. ૨૩--૬--૧૯૭૨નાં સૂચનો ઉપર વિચારણા કરવા બાબત.**

૮૫. **એમ.ફાર્મ.ની પદવી ફાર્માસ્યુટિકલ કેમિસ્ટ્રી સાથે મેળવનાર વિદ્યાર્થીને વિજ્ઞાન વિદ્યાશાખા તથા રસાયણશાસ્ત્ર વિષયમાં પીએચ.ડી. પદવી માટે નામ નોંધાવીને સંશોધનકાર્ય કરવાની છૂટ આપવા અંગેનો**

ઑર્ડિ. ૩૧૬ નીચે મુજબ વંચાય તે રીતે સુધારવાની બોર્ડ ઑફ યુનિવર્સિટી ટીચિંગની સભાની ભલામણ પરથી ઍકેડેમિક કાઉન્સિલની તા. ૨૭/૨૮--૬--૧૯૭૨ની સભાએ કરેલી ભલામણ પર વિચારણા કરવા બાબત :

O. 316 :

No candidate shall be permitted to appear for the Ph.D. Degree in a Faculty different from the one in which he has obtained his Master's Degree or M.D. Degree in the Faculty of Medicine. But a candidate in the Faculty of Arts who has taken a Master's Degree in Mathematics shall be permitted to appear for the Ph.D. Degree in Science in the subject of Mathematical Physics. Similarly a candidate in the faculty of either Arts including Education or Commerce who has taken his Master's Degree in Economics or Statistics or Geography shall be permitted to appear in Ph.D. Degree in any one of the two faculties.

Notwithstanding anything contained above, a candidate who has obtained a Master's Degree in Pharmacy of this University or of any other University recognised as equivalent thereto may be permitted to register his name as a research student for the Ph.D. Degree in Faculty of Science provided that his subject of research for the Ph.D. Degree falls within the area of Pharmaceutical Chemistry.

૮૬. સિન્ડિકેટની તા. ૧૦--૬--૧૯૭૨ની સભામાં બાબત ક્રમાંક ૧૪૬માં સમાજવિદ્યા ભવનમાં રાજ્યશાસ્ત્રના વ્યાખ્યાતાની બે જગ્યા પર શ્રી. ડી. એમ. શુકલ તથા શ્રી. જે. આઈ. વ્યાસને શરૂઆતના મૂળ માસિક પગાર રૂ. ૪૪૦થી નિમણૂક કરવાનું ઠરાવ્યું હતું, પરંતુ સભાની નોંધમાં રૂ. ૪૦૦--૦૦ છાપવામાં આવ્યા છે તે અંગે સુધારો કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ છાપભૂલ સુધારવી અને સર્વશ્રી ડી. એમ. શુકલ અને જે. આઈ. વ્યાસનો શરૂઆતનો મૂળ માસિક પગાર રૂ. ૪૪૦ ગણવો.

૮૭. (૧) એડવાન્સ્ડ કોર્સ ઇન સાયકિએટ્રિક સોશિયલ વર્ક (ડી.પી.એસ.ડબલ્યુ.), (૨) ટીચર ટ્રેનિંગ કોર્સ ઇન સ્પેશિયલ એજ્યુકેશન ફોર ધ નૉન-નૉર્મલ ચિલ્ડ્રન (ડી.એસ.ઈ.એન.સી.), (૩) સાયકિએટ્રિક ઑકયુપેશનલ થેરાપી (ડી.પી.ઓ.ટી.), અને (૪) સાયકોથેરાપી(ડી.પી.)ના અનુસ્નાતક ડિપ્લોમા અભ્યાસક્રમો શીખવવા માટે શિક્ષકોની માન્યતા અંગે બોર્ડ ઑફ યુનિવર્સિટી ટીચિંગની તા. ૨૬--૬--૧૯૭૨ની સભાએ કરેલી નીચેની ભલામણ ઍકેડેમિક કાઉન્સિલે તેની તા. ૨૭/૨૮--૬--૧૯૭૨ની સભામાં કરેલા નીચેના ઠરાવ પર વિચારણા કરવા બાબત :

બોર્ડ ઑફ યુનિ. ટીચિંગની તા. ૨૬--૬--૧૯૭૨ની સભાની ભલામણ

"આથી આ સભા ઍકેડેમિક કાઉન્સિલને ભલામણ કરે છે કે (૧) સાયકિએટ્રિક સોશિયલ વર્ક (ડી.પી.એસ.ડબલ્યુ.), (૨) ટીચર ટ્રેનિંગ કોર્સ ઇન સોશિયલ એજ્યુકેશન ફોર ધ નૉન-નૉર્મલ ચિલ્ડ્રન (ડી.એસ.ઈ.એન.સી.), (૩) સાયકિએટ્રિક ઑકયુપેશનલ થેરાપી (ડી.પી.ઓ.ટી.), તથા (૪) સાયકોથેરાપી(ડી.પી.)ના ડિપ્લોમાના અભ્યાસક્રમો શીખવવા માટે માન્ય અનુસ્નાતક શિક્ષકો

તથા માન્ય અનુસ્નાતક શિક્ષકના મદદનીશ શિક્ષકની માન્યતા અંગેના નિયમો ૧૪મી જૂન ૧૯૭૫ સુધીના સમયગાળા પૂરતા રાખવા અને તે માટે અનુક્રમે ઑર્ડિ. ૬૫--એફ હેઠળ (જી) તરીકે તથા ઑર્ડિ. ૬૫--એમ હેઠળ નોટ (*vi*) તરીકે મૂકીને તે સુધારેલા ઑર્ડિનન્સ તા. ૧૪મી જૂન ૧૯૭૫ સુધી મંજૂર કરવા, જે પછી આ નિયમોનું પુનરવલોકન કરવું."

ઍકેડેમિક કાઉન્સિલની તા. ૨૭/૨૮--૬--૧૯૭૨ની સભાનો ઠરાવ

"આથી ઠરાવવામાં આવે છે કે —

૧. (ક) સદરહુ બોર્ડની ઉપરની ભલામણ મંજૂર કરવા તથા તે મુજબ ઑ. ૬૫--એફ હેઠળ નોટ નં. (જી) તરીકે તથા ઑ. ૬૫--એમ, નોટ નં. ૬ તરીકે ઉમેરીને તે મુજબ સુધારેલા ઑર્ડિનન્સો મંજૂર કરીને તેનો અમલ તા. ૧૪મી જૂન ૧૯૭૫ સુધીના સમય માટે મંજૂર કરવા સિન્ડિકેટને ભલામણ કરવી.

(ખ) વધુમાં તા. ૧૪--૬--૧૯૭૫ પછીના સમય માટે આ બાબત યથાસમયે ફરીથી વિચારવાનું રાખવું.

૨. 'ડિપ્લોમા ઇન ટીચર ટ્રેનિંગ કોર્સ ઇન સ્પેશિયલ એજ્યુકેશન ફૉર ધી મેન્ટલી રિટાર્ડેડ' ને બદલે 'ડિપ્લોમા ઇન સ્પેશિયલ એજ્યુકેશન ફૉર ધી નૉન-નૉર્મલ' નામાભિધાન રાખવા સિન્ડિકેટ તથા સેનેટને ભલામણ કરવી."

"**O. 65–F** (*g*) :

(*i*) A teacher to be recognised as a post-graduate for courses for Diploma in Psychiatric Social Work (D.P.S.W.), (2) Diploma in Special Education for the Non-normal Children (D.S.E.N.C.), (3) Diploma in Psychiatric Occupational Therapy (D.P.O.T.), and (4) Diploma in Psychotherapy (D.P.) by papers shall have at least a Second Class Master's degree in the subject or a Post-graduate Diploma in the subject with at least five years' teaching or clinical or research experience in the respective subject and / or related fields like Psychiatry, Social Work, Psychology, Psychoanalysis and Psychotherapy.

(*ii*) Notwithstanding anything contained above, these teachers who have been recognised as post-graduate teachers in the subject Psychology, be also recognised as a post-graduate teacher to teach the papers on Psychology in the above Diploma course.

(*iii*) A teacher with a post-graduate qualification of M.D. or Diploma in Psychiatric Medicine (D.P.M.) or its equivalent will also be recognised as a post-graduate teacher, if he has at least 5 years' teaching experience in Psychiatric Medicine at the under-graduate level."

Recognition as an Asst. to Post-graduate Teacher

O. 65–M : Note (vi) :

(*i*) A teacher to be recognised as an assistant to a post-graduate teacher for the courses for Diploma in Psychiatric Social Work (D.P.S.W.), Diploma in Special Education for the Non-normal Children (D.S.E N.C.) and Diploma in Psychiatric Occupational Therapy (D.P.O.T.) and Diploma in Psychotherapy (D.P.) by papers shall have at least Second Class Master's degree in the subject or a Post-graduate Diploma in the subject and three years' teaching or clinical or research experience in the respective subject and/or related fields like Psychiatry, Social Work, Psychology and Psychotherapy.

(*ii*) A teacher with a post-graduate qualification of M.D. or Diploma in Psychiatric Medicine (D.P.M.) or its equivalent will also be recognised as an assistant to a post-graduate teacher, if he has worked as a Registrar in the same branch for at least two years in a teaching institution, where he is working in his own speciality.

(*iii*) Notwithstanding anything contained above, a teacher who has been recognised as assistant to a post-graduate teacher in the subject Psychology, shall also be recognised as assistant to post-graduate teacher to teach the Psychology paper in the above Diploma courses.

વધુમાં આ સભા ઠરાવે છે કે ઉપર મુજબના ઑર્ડિ. ૬૫--એફ્ હેઠળ (જી) તથા ઑર્ડિ. ૬૫--એમ હેઠળની નોંધ (*vi*)નો અમલ હાલ બે વર્ષ પૂરતો કરવાનું રાખવું અને ત્યાર બાદ સદરહુ નિયમોમાં જે સુધારાવધારા કરવા જરૂરી જણાય તો તેના સંદર્ભમાં તે અંગે વિચારણા કરવાનું રાખવું."

સદરહુ બાબતની વિચારણા ગઈ સભામાં થઈ ગયેલ હોઈ તે અંગે વિશેષ કરવાપણું રહ્યું નહીં.

નીચેની બાબત નં. ૮૮થી ૯૧ની વિચારણા મોકૂફ રાખવામાં આવી :

૮૮. બોર્ડ ઑફ યુનિવર્સિટી ટીચિંગની તા. ૨૬--૬--૧૯૭૨ના રોજ મળેલી સભાની બાબતો ક્રમાંક ૨, ૫, ૬, ૮, ૯, ૧૦, ૧૧, ૧૨, ૧૩, ૧૫, ૧૬, ૧૭ અને ૧૮ પરની તેની ભલામણો પર વિચારણા કરવા બાબત.

[નોંધ.--બી. યુ. ટી.ની સભાની બાબત ક્રમાંક ૩, ૪ અને ૭ એકેડેમિક કાઉન્સિલને લગતી છે એટલે વિચારવાનું રહેતું નથી.]

૮૯. યુનિવર્સિટી વિજ્ઞાન વિદ્યાભવનમાં વનસ્પતિવિજ્ઞાનના વ્યાખ્યાતા તરીકે કામ કરતા ડૉ. બી. એમ. જાનીનું તા. ૨૫--૬-.૧૯૭૧ના રોજ દુ:ખદ અવસાન થયું હોઈ તેઓના ખાતે નીકળતી પ્રૉ. ફંડની રકમ આપવા અંગેની તેમનાં પત્નીની તા. ૧૭--૬--૧૯૭૨ની અરજી ઉપર વિચારણા કરવા બાબત.

(નોંધ.—ડૉ. જાની યુનિવર્સિટી વિજ્ઞાન વિદ્યાભવનમાં તા. ૧૫--૬--૧૯૭૦ના રોજ જોડાયા હતા અને તેઓનું તા. ૨૫--૬--૧૯૭૧ના રોજ દુ:ખદ અવસાન થયું હતું.)

૯૦. (૧) શ્રી એચ. કે. આર્ટ્સ કૉલેજ, અમદાવાદ ખાતે સ્ટડી સેન્ટર ઊભું કરવા રૂ. ૩૬,૫૦૦ની આર્થિક સહાય મંજૂર કર્યાના યુનિવર્સિટી ગ્રાન્ટ્સ કમિશનના તા. ૧૦--૧--૧૯૭૨ના પત્રાંક એફ. ૮૨--૧૧૧--૭૦ (એસ. એ. ૩)ની નોંધ લેવા બાબત; અને

(૨) યુનિવર્સિટી ગ્રાન્ટ્સ કમિશને તેમના તા. ૮--૬--૧૯૭૨ના પત્રાંક એફ. ૮૨--૧--૭૦ (એસ. એ.--૩) મુજબ આ યોજના હેઠળનો આર્થિક સહાય ફક્ત પાંચમી પંચવર્ષીય યોજનાના અંત સુધી જ આપવામાં આવનાર છે. પાંચમી પંચવર્ષીય યોજનાની મુદત પછી સ્ટડી સેન્ટર અંગેના અનાવર્તક અને આવર્તક ખર્ચની જવાબદારી યુનિવર્સિટીએ ઉપાડવાની થશે તે અંગે વિચારણા કરવા બાબત.

૯૧. ચોથી પંચવર્ષીય યોજના હેઠળ સંલગ્ન કૉલેજોમાં અનુસ્નાતક આચાર્યો અને અનુસ્નાતક શિક્ષકોને આપવાના અનુક્રમે રૂ. ૮૦૦--૧૦--૧,૨૧૦ અને રૂ. ૭૦૦--૪૦--૧,૧૦૦ના પગારધોરણ અંગેની યાદીઓ કૉલેજોને પરિપત્રિત કરવા અને તે પરત્વે કૉલેજો તેમ જ શિક્ષકો તરફથી જે સૂચનો કે રજૂઆત થાય તે પુનઃ સિન્ડિકેટ સમક્ષ રજૂ કરવાનું સિન્ડિકેટે તેની તા. ૬--૫--૧૯૭૨ની સભામાં કરાવ્યું હતું તે અનુસાર કેટલીક કૉલેજો તેમ જ કેટલાક શિક્ષકો તરફથી આવેલાં સૂચનોને અનુલક્ષીને જરૂર જણાય તો તે યાદીમાં સુધારાવધારા કરવા અંગે વિચારણા કરીને ઘટતો નિર્ણય કરવા બાબત.

૯૨. પારેખ ગ્રુપર્સ સાયન્સ કૉલેજ, કપડવંજની ગવર્નિંગ બૉડીમાં યુનિવર્સિટીના પ્રતિનિધિનું નામ મોકલવા સદરહુ કૉલેજના આચાર્યશ્રીના તા. ૨૨--૬--૧૯૭૨ના પત્ર પર વિચારણા કરવા બાબત.

૯૩. શાહ કે. એસ. આર્ટ્સ એન્ડ વી.એમ. પારેખ કૉમર્સ કૉલેજ, કપડવંજના આચાર્યશ્રીના તા. ૨૦--૬--૧૯૭૨ના પત્રના સંદર્ભમાં સદરહુ કૉલેજના ગવર્નિંગ બૉડીમાં યુનિવર્સિટીના પ્રતિનિધિની નિમણૂક કરવા અંગે વિચારણા કરવા બાબત.

૯૪. દેસાઈ સી. એમ. આર્ટ્સ અને કૉમર્સ કૉલેજ, વીરમગામમાં તા. ૧૫--૬--૧૯૬૮થી અંગ્રેજીના વ્યાખ્યાતા તરીકે જોડાયેલા શ્રી. એચ. એન. માંકુને તે સમયે વ્યાખ્યાતા થવા માટે જરૂરી શૈક્ષણિક અનુભવમાં છ માસનો શૈક્ષણિક અનુભવ ખૂટતો હતો તે ક્ષમ્ય કરીને પશ્ચાદ્‌વર્તી તા. ૧૫--૬--૧૯૬૮થી અંગ્રેજીના વ્યાખ્યાતા તરીકેની નિમણૂક એક સત્ર પૂરતી માન્ય રાખવા વિચારણા કરવા બાબત.

(નોંધ.—શ્રી. માંકુ તા. ૧૫--૧૧--૧૯૬૮થી જરૂરી શૈક્ષણિક અનુભવ ધરાવતા થયેલા હોઈ તે તારીખથી તેઓની નિમણૂક પશ્ચાદ્‌વર્તી માન્ય રાખવામાં આવી છે.)

૯૫. મનોવિજ્ઞાન ભવનના અધ્યક્ષ ડૉ. કે. જી. દેસાઈને (1) WCOTP Conference, London, (2) Commonwealths Conference, and (3) International Council on Education for Teaching, London ના અધિવેશનમાં હાજરી આપવા માટે તા. ૨૪ જુલાઈ ૧૯૭૨થી તા. ૧૪ ઑગસ્ટ ૧૯૭૨ સુધીની જરૂરી રજા આપવા અંગેના તેઓના તા. ૨૦--૬--૧૯૭૨ના પત્ર ઉપર વિચારણા કરવા બાબત.

૯૬. રાષ્ટ્રીય સેવા યોજના હેઠળ કામ કરતી પાટણ આર્ટ્સ એન્ડ સાયન્સ કૉલેજના અધ્યાપક-ઈન-ચાર્જ તરીકે ડૉ. એચ. જી. શુકલના બદલે ૧૯૭૨--૭૩ના ચાલુ શૈક્ષણિક વર્ષથી શ્રી. આર પી. શાહની નિમણૂક કરવા અંગેના આચાર્યશ્રીના પત્ર ઉપર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ કૉલેજમાં સ્થાપવામાં આવેલ રાષ્ટ્રીય સેવા યોજનાના અધ્યાપક-ઈન--ચાર્જ તરીકે ડૉ. એચ. જી. શુકલને બદલે શ્રી. આર. પી. શાહની નિમણૂક કરવી.

૯૭. બી. જે. મેડિકલ કૉલેજ, અમદાવાદમાં ડિપ્લોમા માટે નીચેના વિષયોમાં કેન્દ્ર સ્થાપવા માટે ડીન તરફથી આવેલ અરજી પરથી તપાસસમિતિ નીમવા અંગે વિચારણા કરવા બાબત :

૧. Diploma Psychiatric in Social work
૨. Diploma Psychiatric in Occupational Therapy
૩. Diploma Psychiatric in Physi-Therapy.

સદરહુ બાબતની વિચારણા મોકૂફ રાખવામાં આવી.

૯૮. ભકત વલ્લભ વોળા આર્ટ્સ એન્ડ કોમર્સ કૉલેજ, અમદાવાદના સંચાલનમાં ફેરફાર અંગે યુનિવર્સિટી સિન્ડિકેટના તા. ૪/૧૦--૩--૧૯૭૨ની સભાના ઠરાવના પાલન માટે અગાઉ કામચલાઉ મનાઈ હુકમ આપેલો તે મનાઈ હુકમ રદ કરતા સિટી સિવિલ કોર્ટના હુકમ સામે શ્રી જિતુ ભગતે ગુજરાત હાઈકોર્ટમાં અપીલ કરતાં યુનિવર્સિટી તરફથી શ્રી. નિરંજનભાઈ મહેતાને ઍડવોકેટ તરીકે રોકવા તથા તે અંગેની જરૂરી વકીલ ફી, ખર્ચ ઈત્યાદિ મંજૂર કર્યાના કુલપતિશ્રીના કાર્યની નોંધ લેવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે કુલપતિશ્રીના સદરહુ કાર્યની નોંધ લેવી.

નીચેની બાબત નં. ૯૯થી ૧૦૧ની વિચારણા મોકૂફ રાખવામાં આવી.

૯૯. વિજ્ઞાન વિદ્યાભવનમાં વનસ્પતિશાસ્ત્રના રીડર તરીકે કામ કરતા ડૉ. એમ. એમ. લાલોરિયાને ઉનાળાની રજા દરમિયાન "સમર ઈન્સ્ટિટ્યૂટ ઈન ઓર્ગેનોજી, રાજકોટમાં વ્યાખ્યાનો આપવા તથા તે અંગેનું રૂ. ૪૦૦નું વેતન સ્વીકારવાની મંજૂરી માગતા તેઓના તા. ૧૬--૬ -૧૯૭૨ના પત્ર ઉપર વિચારણા કરવા બાબત.

૧૦૦. સિન્ડિકેટે તેની તા. ૯/૧૦ ઓગસ્ટ ૧૯૬૯ની સભામાં ક્રમાંક ૧૪થી ચંદ્રક વગેરે પ્રદાનો એનાયત કરવા માટે પ્રથમ વર્ગની શરત રાખવા અંગે દાતાઓની સંમતિ મળતાં "શ્રી. મોહનલાલ લલ્લુભાઈ શુકલ વ્યાકરણ ગોલ્ડ મેડલ" અંગે ડૉ. જે. એમ. શુકલના તેમની અસંમતિ દર્શાવતા તેમના તા. ૫--૧૧--૧૯૭૧ના પત્ર પર વિચારણા કરવા બાબત.

[**નોંધ.**—(૧) અનુસ્નાતક પરીક્ષાઓમાં જે તે વિષયો માટેનાં પ્રદાન આગવાનાં હોય છે તે પ્રદાનો માટે અનુસ્નાતક કક્ષાની પરીક્ષાઓ લેવાઈ પ્રથમ વર્ગની શરત રાખવી કે કેમ તે અંગે વિચારણા કરવાની થાય છે.

(૨) ચાલુ વર્ષે એમ.એ. પરીક્ષા માટે પ્રથમ વર્ગમાં કોઈ ન હોય તેવા વિષયો માટેનાં પ્રદાનો હવે પછી જાહેર કરવાનાં છે.]

૧૦૧. સિન્ડિકેટે તેની તા. ૯/૧૦--૮--૧૯૬૮ની સભામાં ક્રમાંક ૧૪થી ચંદ્રક વગેરે પ્રદાનો એનાયત કરવા માટે પ્રથમ વર્ગની શરત રાખવા અંગે દાતાઓની સંમતિ માગતાં શ્રી. સેવકલાલ રતનલાલ ગોલ્ડ મેડલ અને હરિભાઈ ગોપાલજી દેસાઈ ગોલ્ડ મેડલ અંગે શ્રી. બટુભાઈ એચ. દેસાઈ તેમના તા. ૫--૩--૧૯૭૨ના પત્રથી કાંઈ ફેરફારની તરફેણ કરતા નથી તેમ જણાવે છે તો તે અંગે યોગ્ય વિચારણા કરવા બાબત.

૧૦૨. કુલપતિશ્રીએ મંજૂર કરેલાં નીચેનાં કાર્યોની નોંધ લેવા બાબત :

(૧) પીએચ.ડી. પદવી માટે નીચેના વિદ્યાર્થીઓના મહાનિબંધ તેમનાં નામ સામે જણાવેલ વિષય માટે સ્વીકાર્યાના :

ક્રમાંક	વિદ્યાર્થીનું નામ	વિદ્યાશાખા	વિષય
૧.	શ્રી. એસ. રામકૃષ્ણ આયર	વિજ્ઞાન	ભૌતિકવિજ્ઞાન
૨.	શ્રી. ટી. રામચંદ્ર રાવ	વિજ્ઞાન	,,
૩	કુ. નીલા એમ. દોશી	વિજ્ઞાન	રસાયણવિજ્ઞાન

(૨) ઈન્ટરમીડિયેટ સ્ટેજ પછીના અભ્યાસક્રમ અંગે સઘળાં પાસાંઓ પર વિચારણા કરી સુચિંતિત અહેવાલ તૈયાર કરવા સિન્ડિકેટે તેની તા. ૧૫--૪--૧૯૭૨ની સભામાં સમિતિની રચના કરી છે તેમાં આચાર્ય જી. સી. પટેલનું નામ સમિતિના સભ્ય તરીકે રહી જવા પામેલ તે છાપભૂલ સુધાર્યાના.

આથી ઠરાવવામાં આવે છે કે કુલપતિશ્રીનાં ઉપરનાં કાર્યોની નોંધ લેવી.

નીચેની બાબત નં. ૧૦૩થી ૧૦૮ની વિચારણા મોકૂફ રાખવામાં આવી.

૧૦૩. યુનિવર્સિટી ગ્રંથાલયના સીનિયર કલાર્ક શ્રી. પી. સી. શાહને તેઓના રૂ. ૨૧૫--૧૦--૨૪૫ ઈ.બી. ૧૫--૩૯૫--૨૦--૫૧૫ના પગારધોરણમાં રૂ. ૨૪૫થી આગળ તા. ૧--૭--૧૯૭૨થી કાર્યક્ષમતા અંતરાય (efficiency bar) ઓળંગવા માટે મંજૂરી આપવા અંગે વિચારણા કરવા બાબત.

૧૦૪. સમાજવિદ્યા ભવનના સર્વશ્રી ઈ. જે. મશીહી, ડી. બી. દેસાઈ, એ. આર. શાહને સ્કૂલ ઑફ્ પ્લાનિંગમાં વ્યાખ્યાનો આપવા અંગેના મળેલા નિમંત્રણનો સ્વીકાર કરવાની પરવાનગી આપવા તથા તે અંગેનું એક સેમેસ્ટરનું અંદાજે વ્યકિત દીઠ રૂ. ૮૦૦નું વેતન સ્વીકારવાની પરવાનગી આપવા ભવનના અધ્યક્ષશ્રીના તા. ૧૭--૬--૧૯૭૨ના પત્ર ઉપર વિચારણા કરવા બાબત.

૧૦૫. આઈ.સી.એસ.એસ.આર., ન્યૂ દિલ્હીની આર્થિક સહાય હેઠળ સમાજવિદ્યા ભવન તરફથી મે--જૂન ૧૯૭૨માં યોજવામાં આવેલ રિસર્ચ મેથડ્સ વર્કશોપ (સોશિયોલોજી) માટે ભવનના કર્મચારીઓએ આપેલ વધારાનો સેવાનું મહેનતાણું સ્વીકારવાની પરવાનગી આપવા અંગે ભવનના અધ્યક્ષશ્રીના તા. ૨૩--૭--૧૯૭૨ના પત્ર પરત્વે વિચારણા કરવા બાબત :

ક્રમાંક	કર્મચારીનું નામ	હોદ્દો	સૂચવેલ મહેનતાણાની રકમ રૂપિયા	હાલનો મૂળ પગાર રૂપિયા
૧.	શ્રી. જી. એફ્. પટેલ	સ્ટેનોગ્રાફર	૨૫૦	૪૬૫
૨.	શ્રી. ડબલ્યુ. એન. ક્રિશ્ચિયન	જુ. કલાર્ક	૧૭૫	૨૪૩
૩.	શ્રી. એસ. એન. શાહ	,,	૧૭૫	૧૦૦
૪.	શ્રી. આર. એચ. પટેલ	,,	૫૦	૨૧૩
૫.	શ્રી. એન. ડી. વાઘેલા	પ્યૂન	૭૦	૯૪
૬.	શ્રી. સી. કે. વાઘેલા	,,	૪૦	૧૫૩
૭.	શ્રી. એસ. કે. વાઘેલા	,,	૨૦	૧૫૩
૮.	શ્રી. આઈ. એ. વાઘેલા	,,	૨૦	૧૫૩
૯.	શ્રી. કે. પી. દોડિયા	,,	૨૦	૧૫૩
૧૦.	શ્રી. કે. ડી. વાઘેલા	,,	૨૦	૧૨૧
૧૧.	શ્રી. એફ્. એમ. પરમાર	સ્વીપર	૨૦	૧૫૩
			કુલ રૂ. ૮૬૦	

૧૦૬. સ્ટેટ યુનિવર્સિટી ઑફ ન્યૂયૉર્ક, બફેલો તરફથી તેમની યુનિવર્સિટીના ૨૦ અમેરિકન ગ્રેજ્યુએટ વિદ્યાર્થીઓ ભારતીય સંસ્કૃતિ તથા ભારતના શૈક્ષણિક કાર્યક્રમો માટે ચાર માસ માટે ગુજરાત યુનિવર્સિટીની મુલાકાતે આવ્યા હતા તે અંગેના રૂ. ૬૫,૪૧૦ના પુનર્નિર્મિત અંદાજને મંજૂર કરવા તથા નીચે જણાવેલ કર્મચારીઓને તે અંગેની કામગીરી બજાવી તે અંગે વેતન સ્વીકારવા અંગેની પરવાનગી આપવા અંગે વિચારણા કરવા બાબત :

ક્રમાંક	કર્મચારીનું નામ	મૂળ પગાર	અગાઉ ચૂકવેલ રકમ	હવે સૂચવેલ વેતનની રકમ	કુલ વેતનની રકમ
		રૂ.	રૂ.	રૂ.	રૂ.
૧.	પ્રો. ડી. એન. પાઠક (કો-ઑર્ડિનેટર તરીકે)	૧,૩૬૦	—	૭,૦૦૦	૭,૦૦૦
૨.	શ્રી. ટી. એ. ભાસ્કર	૪૬૫	૩૦૦	૭૦૦	૧,૦૦૦
૩.	શ્રી. એસ. એન. શાહ	૧૦૦ (અનમર્જ્ડ)	૧૩૫	૩૦૦	૪૩૫
૪.	શ્રી. ડબલ્યુ. એચ. ક્રિશ્ચિયન	૨૪૩	૧૬૧	૫૦૦	૬૬૫
૫.	શ્રી. આર. એચ. પટેલ	૨૧૩	૪૦	૧૦૦	૧૪૦
૬.	શ્રી. જે. પી. ચૌહાણ	૧૫૩	૪૦	૬૦	૧૦૦
	પટાવાળા				
૧.	શ્રી. ચિમનલાલ કે. વાઘેલા	૧૫૩	૨૦	૨૦	૪૦
૨.	શ્રી. કાંતિલાલ પી. ડોડિયા	૧૫૩	૨૦	૨૦	૪૦
૩.	શ્રી. કાંતિલાલ ડી. વાઘેલા	૧૨૧	—	૨૦	૨૦
૪.	શ્રી. નાનજી ડી. વાઘેલા	૯૪	૨૦	૧૦૦	૧૨૦
૫.	શ્રી. રમણલાલ વી. બાલેન્દ્ર	૯૪	૨૦	૨૦	૪૦
૬.	શ્રી. કાલિદાસ સી. સોલંકી	૯૪	૨૦	૨૦	૪૦
			૭૮૦	૮,૮૬૦	૯,૬૪૦
	રહેવા તથા જાળવણીની વ્યવસ્થા માટે				
૧.	ડૉ. એચ. વી. સુથાર	—	—	૧,૦૦૦	૧,૦૦૦
૨.	શ્રી. પી. ડી. મિસ્ત્રી (એસ્ટેટ સુપરિન્ટેન્ડન્ટ)	૬૮૨	—	૩૦૦	૩૦૦
૩.	શ્રી. ડી. બી. સુતરિયા (બિલ્ડિંગ સુપરવાઇઝર)	૨૪૮ (અનમર્જ્ડ)	—	૧૫૦	૧૫૦
૪.	શ્રી. એન. પી. બારોટ (વર્કમૅન)	૧૫૩	—	૭૫	૭૫
૫.	શ્રી. ડી. એન. વ્યાસ (વાયરમૅન)	૨૧૨	—	૭૫	૭૫
૬.	શ્રી. જે. વી. સુથાર (સુથાર)	૨૧૯	—	૭૫	૭૫
				૧,૬૭૫	૧,૬૭૫

૧૦૭. સમાજવિદ્યાભવનના સમાજશાસ્ત્રના રીડર ડૉ. વી. પી. શાહે 3rd World Congress of Rural Sociology & the Annual meeting of the American Sociological Association U. S. A. ની બેઠકમાં હાજરી આપવા અંગે આગામી ઑગસ્ટ-સપ્ટેંબર ૧૯૭૨માં ત્રણ અઠવાડિયાંની ફરજ-રજા આપવા અંગેના તેઓના તા. ૨૨--૬--૧૯૭૨ના પત્ર ઉપર વિચારણા કરવા બાબત.

૧૦૮. બાંધકામ સમિતિની તા. ૩--૭--૧૯૭૨ની સભાની ભલામણો પર વિચારણા કરવા બાબત.

બાબત નં. ૧૦૯ અને ૧૨૦ની વિચારણા સાથે કરવામાં આવી :

૧૦૯. ઇન્ટરમીડિયેટ સ્ટેજ પછીના અભ્યાસક્રમ અંગે અહેવાલ તૈયાર કરવા સિન્ડિકેટે તેની તા. ૧૫--૪--૧૯૭૨ની સભામાં નીમેલ સમિતિની તા. ૩૦--૬--૧૯૭૨ના રોજ મળેલ સભાની ભલામણો પર વિચારણા કરવા બાબત.

અને

૧૨૦. સિન્ડિકેટે નીમેલી સ્થાયી કાનૂનવિષયક સમિતિની તા. ૬--૭--૧૯૭૨ની સભાની ભલામણો ઉપર વિચારણા કરવા બાબત.

સદરહુ બાબત અંગે આચાર્ય ય. પ્રા. શુક્લનો તા. ૧૫--૭--૧૯૭૨નો પત્ર સભાગૃહ સમક્ષ રજૂ કરવામાં આવ્યો.

તે પછી ચર્ચાવિચારણાને અંતે બહુમતે ઠરાવવામાં આવ્યું કે સદરહુ બાબત અંગે રાજ્ય સરકારને નીચે મુજબ જવાબ આપવો :

(૧) ગુજરાત યુનિવર્સિટી ધારાની કલમ ૪૦(૧) હેઠળ અમદાવાદ વિસ્તારમાં ઇન્ટરમીડિયેટ કક્ષા પછીની સઘળી કેળવણી, શિક્ષણકાર્ય અને તાલીમ યુનિવર્સિટીએ ચલાવવાની અને યુનિવર્સિટીના શિક્ષકોએ આપવાની બાબતમાં યુનિવર્સિટીની સેનેટે નિર્ણય લેવા અંગેની સાત વર્ષની મુદત તા. ૨૨--૧૧--૧૯૧૭ના રોજ પૂરી થઈ હતી અને તેથી સેનેટે આ બાબતનો ઠરાવ તા. ૨૮--૯--૧૯૭૧ના રોજ કર્યો ત્યારે સેનેટને આ બાબત નક્કી કરવાની, સદરહુ કાનૂની જોગવાઈ મુજબ, સત્તા હતી કે કેમ તે પ્રશ્નનો વિચાર કરીને યોગ્ય દરખાસ્ત કરવા માટે રાજ્ય સરકારે યુનિવર્સિટીને જણાવ્યું છે તેના સંદર્ભમાં રાજ્ય સરકારનું ધ્યાન ખેંચવું કે આ પ્રશ્ન યુનિવર્સિટીની સેનેટની તા. ૨૮--૯--૧૯૭૧ની સભામાં કાનૂની મુદ્દારૂપે ઊભો થયો હતો, ત્યારે કુલપતિશ્રીએ કાનૂની વાંધાને રદ ગણીને રજૂ થયેલો પ્રસ્તાવ કાનૂનસર હોવાનું ઠરાવ્યું હતું. વધુમાં સેનેટની ઉપરોક્ત સભાની કાર્યવાહીમાંથી સંબંધકર્તા ભાગ રાજ્ય સરકારને મોકલી આપવો અને નીચે મુજબ જણાવવું :

> સેનેટને લાગેવળગે છે ત્યાં સુધી સદરહુ કાનૂની મુદ્દાનું નિરાકરણ થયેલું છે. તેમ છતાં સરકારશ્રીને જરૂર જણાય તો આ પ્રશ્ન તેઓ પોતે તપાસી શકે છે.

(૨) વધુમાં રાજ્ય સરકારના તા. ૩૧--૧૨--૧૯૭૧ના પત્રમાં માગેલી સ્પષ્ટતાની બાબતમાં ક્રમવાર (ad-seriation) નીચે મુજબ જણાવવું :

૧. ગુજરાત યુનિવર્સિટી ધારાની કલમ ૪૧(૪) જોતાં કૉલેજોનું અલગ અસ્તિત્વ બંધ થઈ જતું નથી એટલે જોડાણ અંગે આપના પત્રમાં ઉઠાવેલો પ્રશ્ન ઊભો થતો નથી. વધુમાં

એ પણ સ્પષ્ટતા કરવામાં આવે છે કે ત્રણ વર્ષનો સ્નાતક અભ્યાસક્રમ તેના પ્રથમ વર્ષથી શરૂ થતો હોઈ તે વર્ષથી આ શિક્ષણ ગણવું જોઈએ.

૨. ગુજરાત યુનિ. ધારાની કલમ ૪૧(૪) (*ii*) જોતાં આ પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

૩. ગુજરાત યુનિવર્સિટી ધારાની કલમ ૪૧ની વિગતો જોતાં આ પ્રશ્નનો જવાબ આપવાનો રહેતો નથી. સેનેટના ઠરાવમાં પોસ્ટ-ઈન્ટરમીડિયેટ કક્ષાએ યુનિવર્સિટી ડિપાર્ટમેન્ટ્સ કરવા માંગણી નથી પરંતુ કલમ ૪૧ હેઠળની જોગવાઈ કરવા માંગે છે.

૪. ઉપર નં. ૩નો જવાબ જોતાં આ પ્રશ્ન રહેતો નથી.

૫. યુનિવર્સિટી ધારાની કલમ ૪૧ મુજબ કાર્યવાહી કરવાની હોવાથી યુનિવર્સિટીને ૪૧(૪) પેટાકલમ (૬)ના આધારે લેવી (levy) લેવાનો અને ગ્રાન્ટ આપવાનો અધિકાર મળે છે. આમ છતાં મર્યાદિત નાણાકીય જવાબદારી આવશે તેની ગણતરી સમગ્ર માળખું ગોઠવાય નહીં ત્યાં સુધી નક્કી થઈ શકે નહીં.

(૩) વધુમાં રાજ્ય સરકારને જણાવવું કે —

(૧) યુનિવર્સિટી ધારાની કલમ ૪૧ની જોગવાઈ મુજબ કામ કરતાં અનાવર્તક ખર્ચ કરવાનો પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

(૨) આ ત્રણ વર્ષનો અભ્યાસક્રમ હોવાથી એકસાથે જ અમલ કરવાનો રહેશે.

નીચેની બાબત નં. ૧૧૦ થી ૧૧૨ની વિચારણા મોકૂફ રાખવામાં આવી.

૧૧૦. યુનિવર્સિટીના સિન્ડરટ્રૂકની પાછળ પડતર ખુલ્લી જમીનનો રમતગમત માટે ઉપયોગ કરવા દેવા માટે નવગુજરાત કૉમર્સ કૉલેજના આચાર્ય તરફથી આવેલા પત્ર નં. ૨૨૧/૭૨--૭૩, તા. ૨૦--૬--૧૯૭૨ પરત્વે વિચારણા કરવા બાબત.

૧૧૧. સને ૧૯૭૦--૭૧થી શરૂ થતા ત્રિવાર્ષિક ગાળા માટે આ યુનિવર્સિટીને વાર્ષિક રૂ. ૧૬,૫૪,૦૦૦ પ્રમાણેની બ્લોક મેન્ટેનન્સ ગ્રાન્ટ આપવાનું મંજૂર કર્યા અંગેના ગુજરાત રાજ્ય સરકારશ્રીના તા. ૨૮--૬--૧૯૭૨ના શિક્ષણ અને મજૂર ખાતાના ઠરાવ ક્રમાંક યુ.એસ.જી. ૧૧૭૦–ખની નોંધ લેવા બાબત.

૧૧૨. સુરત મુકામે તા. ૨૦--૨--૧૯૭૧ના રોજ મળેલી જોઈન્ટ બોર્ડ ઑફ વાઈસ–ચાન્સેલર્સની સભાના ઠરાવને અનુલક્ષીને જુદી જુદી પરીક્ષાઓમાં ફીનું ધોરણ એકસરખું કરવાના પ્રશ્ન અંગે વિચારણા કરવા બાબત.

૧૧૩. એસ. એન. ડી. ટી. વિમેન્સ યુનિવર્સિટી, મુંબઈ સાથે બહેનો માટેની આર્ટ્સ કૉલેજના જોડાણ અંગે રાજ્ય સરકારની પરવાનગી માગતા શ્રી. રામ વિદ્યાવર્ધક ટ્રસ્ટ, અમદાવાદના તા. ૧૨--૫--૧૯૭૨ના પત્રના અનુસંધાનમાં ગુજરાત રાજ્યના સંયુક્ત શિક્ષણનિયામકશ્રી તરફથી આવેલ તા. ૨૬--૬–૧૯૭૨ના પત્ર પર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે પ્રસ્તુત કૉલેજને એસ. એન. ડી. ટી. વિમેન્સ યુનિવર્સિટી સાથે જોડાણ મળે તેમાં આ યુનિવર્સિટીને વાંધો નથી એમ રાજ્ય સરકારને જણાવવું.

બાબત નં. ૧૧૩ના સંદર્ભમાં સભાગૃહની સંમતિથી નીચેની બાબત રજૂ કરવામાં આવી.

૧૧૩–અ. એસ.એન.ડી.ટી. વિમેન્સ યુનિવર્સિટી, મુંબઈ સાથે બહેનો માટેની આર્ટ્સ કૉલેજના જોડાણ અંગે યુનિવર્સિટીની અનુમતિ અંગે ઉમરેઠ નગરપાલિકા, ઉમરેઠના પ્રમુખશ્રીના તા. ૨૯--૬--૧૯૭૨ના પત્રાંક ૧૬૮૯ પર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે પ્રસ્તુત કૉલેજને એસ. એન. ડી. ટી. વિમેન્સ યુનિવર્સિટી સાથે જોડાણ મળે તેમાં આ યુનિવર્સિટીને વાંધો નથી એમ રાજ્ય સરકારને જણાવવું.

૧૧૪. કુલપતિશ્રીના નીચેના કાર્યની નોંધ લેવા બાબત :

પીએચ.ડી. પદવી માટે નીચે જણાવેલ વિદ્યાર્થીનો મહાનિબંધ તેમના નામ સામે જણાવેલ વિષય માટે સ્વીકારી જાહેર કર્યાના :

વિદ્યાર્થીનું નામ	વિદ્યાશાખા	વિષય
શ્રી. પી. મુરલીધરણ	વિજ્ઞાન	પ્રાણીવિજ્ઞાન

આથી ઠરાવવામાં આવે છે કે કુલપતિશ્રીના સદરહુ કાર્યની નોંધ લેવી.

નીચેની બાબત નં. ૧૧૫ અને ૧૧૬ની વિચારણા મોકૂફ રાખવામાં આવી :

૧૧૫. ઑ. ૩૭ હેઠળ રચાયેલ ગ્રાન્ટ્સ યુટિલાઈઝેશન કમિટી પર ડૉ. વાય. જી. નાયકની ખાલી પડેલ જગા ઉપર, તા. ૧૬--૧૧--૧૯૭૨ સુધીના સમય માટે અન્ય સભ્યની નિમણૂક કરવા અંગે વિચારણા કરવા બાબત.

૧૧૬. યુનિવર્સિટી દ્વારા અપાતી જુદી જુદી સ્કોલરશિપ એનાયત કરવા માટે રચાયેલી રિસર્ચ સ્કોલરશિપ સમિતિની મુદત તા. ૭–૧–૧૯૭૨ના રોજ પૂરી થઈ હોવાથી તે પર તા. ૮--૧--૧૯૭૨થી ત્રણ વર્ષ માટે નવા સભ્યોની નિમણૂક કરવાનું વિચારવા બાબત.

૧૧૭. રાષ્ટ્રીય સેવા યોજના હેઠળ ચાલુ શૈક્ષણિક વર્ષથી ૧૦ નવાં યુનિટો ૨૦ કૉલેજોને ફાળવવામાં આવ્યાં છે તે પૈકી આર્ટ્સ એન્ડ કૉમર્સ કૉલેજ, બોરસદ અને આર્ટ્સ એન્ડ કૉમર્સ કૉલેજ, કડીના આચાર્યશ્રી તરફથી અધ્યાપક-ઈન-ચાર્જ તરીકે નીચે મુજબનાં નામો સૂચવવામાં આવ્યાં છે તે અંગે યોગ્ય વિચારણા કરવા બાબત :

ક્રમ	કૉલેજનું નામ	અધ્યાપક-ઈન-ચાર્જનું નામ
૧.	આર્ટ્સ એન્ડ કૉમર્સ કૉલેજ, બોરસદ	પ્રો. રમણભાઈ એચ. પટેલ
૨.	આર્ટ્સ એન્ડ કૉમર્સ કૉલેજ, કડી	શ્રી. એન. પી. મહેતા

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ કૉલેજોના એન. એસ. એસ. એકમોના પ્રોગ્રેસર-ઈન-ચાર્જ તરીકે ઉપર મુજબ નિમણૂકો કરવી.

૧૧૮. રાષ્ટ્રીય સેવા યોજનાનું કામ કરતી વિવેકાનંદ કૉલેજ અને આર્ટ્સ ઍન્ડ કૉમર્સ કૉલેજ, વીરમગામના આચાર્યશ્રી તરફથી એન.એસ.એસ.ના અધ્યાપક-ઈન-ચાર્જ તરીકે નીચે જણાવ્યા મુજબના ફેરફાર સૂચવતા પત્રો આવ્યા છે તે અંગે યોગ્ય વિચારણા કરવા બાબત :

ક્રમાંક	કૉલેજનું નામ	અધ્યાપક-ઈન-ચાર્જનું નામ	બદલાયેલા અધ્યાપક-ઈન-ચાર્જનું નામ
૧.	વિવેકાનંદ કૉલેજ, અમદાવાદ	શ્રી. દેવેન્દ્ર બી. સોલંકી	શ્રી. નટુભાઈ ઠક્કર
૨.	આર્ટ્સ ઍન્ડ કૉમર્સ કૉલેજ, વીરમગામ	પ્રો. એમ. ડી. સીતાપરા	પ્રો. ટી. એન. ઠક્કર

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ કૉલેજોના એન. એસ. એસ. એકમોના અધ્યાપક-ઈન-ચાર્જ તરીકે અનુક્રમે શ્રી. નટુભાઈ ઠક્કર (શ્રી. દેવેન્દ્ર બી. સોલંકીને બદલે) અને પ્રો. ટી. એન ઠક્કર (પ્રો. એમ. ડી. સીતાપરાને બદલે)ની નિમણૂક કરવી.

૧૧૯. ઑક્ટોબર ૧૯૭૨માં લેવાનાર યુનિવર્સિટીની જુદી જુદી પરીક્ષાઓ માટે નીચે સૂચવ્યા મુજબ કેન્દ્રો મંજૂર કરવા બાબત :

૧. અમદાવાદ : આ યુનિવર્સિટીની બધી પરીક્ષાઓ (કેમિકલ એન્જિનિયરિંગ સિવાય)

૨. ભૂજ : ફર્સ્ટ એલએલ.બી., સેકન્ડ એલએલ.બી., થર્ડ એલએલ.બી. તથા સેમેસ્ટર ૧ (ફર્સ્ટ એલએલ.બી.), થર્ડ બી.એ. અને ફર્સ્ટ બી.કૉમ.

૩. ગોધરા : થર્ડ બી.એ. અને ફર્સ્ટ બી.કૉમ.

૪. નડિયાદ : ફર્સ્ટ એલએલ.બી., સેકન્ડ એલએલ.બી., થર્ડ એલએલ.બી. તથા સેમેસ્ટર ૧ (ફર્સ્ટ એલએલ.બી.), થર્ડ બી.એ., ફર્સ્ટ બી.કૉમ. અને કેમિકલ એન્જિનિયરિંગ.

૫. વીસનગર : થર્ડ બી.એ. અને ફર્સ્ટ બી.કૉમ.

આથી ઠરાવવામાં આવે છે કે ઑક્ટોબર ૧૯૭૨ની પરીક્ષાઓ માટે કેન્દ્રો અંગેનો સદરહુ પ્રસ્તાવ મંજૂર કરવો.

૧૨૦. સદરહુ બાબતની વિચારણા આગળ બાબત નં. ૧૦૯ સાથે કરવામાં આવેલી હોઈ તેની નોંધ તે ક્રમમાં દર્શાવવામાં આવેલી છે.

૧૨૧. માર્ચ–એપ્રિલ ૧૯૭૨માં લેવાયેલ જુદી જુદી પરીક્ષાઓ દરમ્યાન વિદ્યાર્થીઓએ અજમાવેલ ગેરવાજબી ઈલાજો અંગેના કેસો પર વિચારણા કરવા યુનિવર્સિટી કાર્યાલયમાં તા. ૪/૫–૭--૧૯૭૨ના રોજ મળેલ પરીક્ષા શુદ્ધિ સમિતિની સભાની ભલામણો પર વિચારણા કરવા બાબત.

સદરહુ બાબત ચર્ચા--વિચારણા માટે હાથ ધરવામાં આવી ત્યારે પરીક્ષા શુદ્ધિ સમિતિની તા. ૯--૭--૧૯૭૨ના રોજ મળેલી સભાની ભલામણો પણ સભાગૃહમાં રજૂ કરવામાં આવી.

તે પછી ઠરાવવામાં આવ્યું કે સદરહુ સમિતિની તા. ૪/૫--૭--૧૯૭૨ અને તા. ૯--૭--૧૯૭૨ના રોજ મળેલી સભાઓની ભલામણો મંજૂર કરવી.

(મંજૂર કરવામાં આવેલી ભલામણોની નકલ સામેલ કરવામાં આવી નથી.)

૧૨૨. બી.ઈ. (સિવિલ) તથા બી.ઈ. (ઈલેકિટ્રકલ)ની જૂના અભ્યાસકમની વધુ એક પરીક્ષા ઑકટોબર ૧૯૭૨માં લેવા અંગે એલ.ડી. કૉલેજ ઑફ એન્જિનિયરિંગના આચાર્ય અને ઈજનેરી વિદ્યાશાખાના ડીનની ભલામણ ઉપર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે બી.ઈ. (સિવિલ) તથા બી.ઈ. (ઈલેકિટ્રકલ)ની જૂના અભ્યાસકમની વધુ એક પરીક્ષા ઑકટોબર ૧૯૭૨માં લેવાનું રાખવું.

નીચેની બાબત નં. ૧૨૩ થી ૧૨૫ની વિચારણા મોકૂફ રાખવામાં આવી.

૧૨૩. ફર્સ્ટ બી.એ.ની પરીક્ષા અર્થશાસ્ત્ર મુખ્ય અને સમાજશાસ્ત્ર ગૌણ વિષયો સાથે પસાર કરનાર કુ. ફરીદા વાય. બેલીમને આર્ટ્સ એન્ડ કૉમર્સ કૉલેજ, હિંમતનગરમાં સેકન્ડ બી.એ.ના વર્ગમાં સમાજશાસ્ત્ર ગૌણ વિષયને બદલે ઈતિહાસનો વિષય રાખવા પરવાનગી આપવા અંગે વિચારણા કરવા બાબત.

[**નોંધ.**—(૧) કુ. બેલીમના પિતાશ્રીની બદલી ડી. એસ. પી. તરીકે હિંમતનગર થયેલ છે.
(૨) આર્ટ્સ એન્ડ કૉમર્સ કૉલેજ, હિંમતનગરમાં સમાજશાસ્ત્ર ગૌણ વિષય શીખવવાની જોગવાઈ નથી, પરંતુ ઈતિહાસ વિષય શીખવવાની જોગવાઈ છે.)

૧૨૪. બોર્ડ ઑફ સ્ટુડન્ટ વેલ્ફેરની તા. ૧૮--૪--૧૯૭૨ની સભાનો નીચેનો ઠરાવ મંજૂર કરવા બાબત :

આથી ઠરાવવામાં આવે છે કે ચીફ મેડિકલ ઑફિસરના સને ૧૯૬૯--૭૦ના અહેવાલની નોંધ લઈ તે અહેવાલને છાપવા માટે તથા તે માટે રૂ. ૫૦૦નું અંદાજી ખર્ચ મંજૂર કરવા સિન્ડિકેટને ભલામણ કરવી."

૧૨૫. ગુજરાત યુનિવર્સિટી સેન્ટ્રલ કન્ઝ્યુમર્સ કો-ઑપરેટિવ સોસાયટીના પ્રમુખશ્રીના તા. ૧૯--૫--૧૯૭૨ના પત્રના સંદર્ભમાં જુનિયર કલાર્ક શ્રી. એ. જે. પ્રજાપતિની સેવાઓ બે મહિના માટે ઉછીની આપવા કુલપતિશ્રીએ મંજૂરી આપી તેની નોંધ લેવા બાબત.

૧૨૬. ઑકટોબર ૧૯૭૨માં લેવાનાર જુદી જુદી પરીક્ષાઓની તારીખો કાર્યાલયે સૂચવ્યા મુજબ નિયત કરવા અંગે વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે ઑકટોબર ૧૯૭૨માં લેવાનાર જુદી જુદી પરીક્ષાઓના પ્રારંભની તારીખો કાર્યાલયે રજૂ કરેલ યાદી મુજબ મંજૂર કરવી.

(મંજૂર કરવામાં આવેલ તારીખોની યાદી **પરિશિષ્ટ "ધ"** તરીકે સામેલ છે.)

૧૨૭. એપ્રિલ ૧૯૭૨માં લેવાયેલ આપણી યુનિવર્સિટીની ફાઈનલ એમ.બી.,બી.ઓસ. પરીક્ષા ઉત્તીર્ણ કરનાર વિદ્યાર્થિની નયના કાન્તિલાલ વખારિયાને અમેરિકામાં ન્યૂયોર્ક સ્ટેટના રોચેસ્ટર શહેરની મેડિકલ કૉલેજની હૉસ્પિટલમાં ફરજિયાત રોટેટિંગ હાઉસમૅનશિપ (ઈન્ટર્નશિપ) કરવાની મંજૂરી આપ્યાના તેમ જ આ અગાઉ આ સાથે સામેલ પરિશિષ્ટ "અ" (જે અત્રે છાપ્યું નથી)માં જણાવેલ વિદ્યાર્થીઓને / વિદ્યાર્થિનીઓને પરદેશમાં તેમ જ ભારતમાં આવેલ બીજા રાજ્યોમાં હાઉસમૅનશિપ (ઈન્ટર્નશિપ) કરવાની મંજૂરી આપ્યાના કુલપતિશ્રીના કાર્યની નોંધ લેવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે કુલપતિશ્રીના સદરહુ કાર્યની નોંધ લેવી.

નીચેની બાબત નં. ૧૨૮, ૧૨૯ અને ૧૩૦ની વિચારણા મોકૂફ રાખવામાં આવી :

૧૨૮. બોરસદ સાયન્સ એન્ડ લૉ કૉલેજ, બોરસદની જૂન ૧૯૭૩થી વિભાગીકરણ માટેની આવેલ જોડાણઅરજી પર નિમાયેલ સ્થાનિક તપાસસમિતિના સભ્ય શ્રી. ડી. ડી. દેસાઈએ સમિતિના સભ્ય તરીકે કાર્ય કરવાની અશક્તિ દર્શાવી હોવાથી અન્ય સભ્યની નિમણૂક કરવા વિચારણા કરવા બાબત.

૧૨૯. માર્ચ--એપ્રિલ ૧૯૭૨માં લેવાયેલ ફર્સ્ટ બી.એ. પરીક્ષામાં બેઠેલ વિદ્યાર્થી નં. ૩૪૭૪ના સંસ્કૃત (ફરજિયાત) વિષયના આંતરિક ગુણ ૭ને બદલે ૧૧ ગણી તેનું પરિણામ સુધારવા અંગે એચ. કે. આર્ટ્સ કૉલેજના આચાર્યશ્રીના તા. ૧૪--૬--૧૯૭૨ના તથા તા. ૫--૭--૧૯૭૨ના પત્રો પર વિચારણા કરવા બાબત.

૧૩૦. ડિપ્લોમા ઇન લિંગ્વિસ્ટિકસના અભ્યાસ માટે સત્ર ફી કેટલી રાખવી તે અંગે વિચારણા કરવા બાબત.

૧૩૧. જે તે કૉલેજના શિક્ષકોની ફરિયાદ પરત્વે સિન્ડિકેટે અગાઉ કરેલ ઠરાવનું પાલન જે તે કૉલેજે કર્યું ન હોઈ તે પરત્વે પોતાનો સુચિંતિત અહેવાલ આપવા સિન્ડિકેટે તેની તા. ૧૦/૧૭/૨૬--૬--૧૯૭૨ની સભામાં નિયુક્ત કરેલ સમિતિની તા. ૩૦--૬--૧૯૭૨ની સભાની ભલામણ પર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બાબતની વિચારણા મોકૂફ રાખવી.

૧૩૨. બી. ડી. આર્ટ્સ કૉલેજ, અમદાવાદના સ્ટાફના સભ્ય શ્રી. શાન્તિલાલ શાહને વ્યાયામ શિક્ષકની કામગીરી ઉપરાંત ઇતિહાસના વ્યાખ્યાતા તરીકે શિક્ષણકાર્ય સોંપવામાં આવેલું તે કેસ અંગે પૂરેપૂરી તપાસ કરીને અહેવાલ રજૂ કરવા માટે સિન્ડિકેટે તેની તા. ૨--૭--૧૯૭૨ની સભામાં નીમેલ સમિતિની ભલામણ પર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ સમિતિનું કામ પૂરું થયેલું ન હોઈ તે અંગેની વિચારણા હાથ ધરી શકાઈ નહીં.

૧૩૩. સિન્ડિકેટની તા. ૧૦/૧૭--૬--૧૯૭૨ની સભામાં બાબત ક્રમાંક ૧૭૨ના ઠરાવમાં "કુલપતિશ્રી" શબ્દને બદલે "તેઓ" હોવું જોઈએ તે છાપભૂલ સુધાર્યાના કુલપતિશ્રીના કાર્યની નોંધ લેવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે કુલપતિશ્રીના સદરહુ કાર્યની નોંધ લેવી.

૧૩૪. પ્રથમ વર્ગ ફાર્મસીમાં ૩૦ વધુ વિદ્યાર્થીઓને પ્રવેશ આપવાની એમ. એન. કૉલેજ ઑફ ફાર્મસી, ખંભાતના આચાર્યશ્રીની વિનંતી પર સિન્ડિકેટે તેની તા. ૨--૭--૧૯૭૨ની સભામાં સદરહુ બાબતમાં તપાસ કરવા અંગે નીમેલ સ્થાનિક તપાસસમિતિના સભ્ય ડૉ. બી. એમ. મિત્તલ (પિલાણી) એ તાત્કાલિક તપાસ માટે જવા અશક્તિ દર્શાવી હોઈ તે અંગે વિચારણા કરવા બાબત.

(**નોંધ.**—(૧) સ્થાનિક તપાસસમિતિના બીજા સભ્ય ડૉ. સી. એસ. શાહ છે.

(૨) સિન્ડિકેટે ડૉ. એ. કે. પ્રધાન અથવા ડૉ. બી. એમ. મિત્તલની નિમણૂક કરેલી તે પૈકી ડૉ. એ. કે. પ્રધાને જવા માટેની અશક્તિ દર્શાવી છે તેમ જાણ થતાં ડૉ. બી. એમ. મિત્તલને જવા અંગે તારથી ખબર આપવામાં આવેલી.)

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ સમિતિ પર ડૉ. બી. એમ. મિતલની જગ્યાએ અન્ય સભ્યની નિમણૂક કરવા માટે કુલપતિશ્રીને સત્તા આપવી.

૧૩૫. વિજ્ઞાન વિદ્યાભવનના રસાયણવિજ્ઞાનના રીડર ડૉ. જે. પી. ત્રિવેદી તા. ૧૪--૬--૧૯૭૨ના રોજ રાજીનામું આપી છૂટા થયા હોઈ તેમને ખાતે નીકળતી પ્રૉવિડંટ ફંડની રકમ પરત કરવા અંગેની તેઓની તા. ૬--૭--૧૯૭૨ની અરજી ઉપર વિચારણા કરવા બાબત.

(**નોંધ.**—તેઓ વિજ્ઞાન વિદ્યાભવનમાં તા. ૨--૧--૧૯૭૧ના રોજ જોડાયા હતા અને તા. ૧૪--૬--૧૯૭૨ના રોજ રાજીનામું આપી છૂટા થયા છે.)

સદરહુ બાબતની વિચારણા મોકૂફ રાખવામાં આવી.

૧૩૬. બી.ઈ. ૧ના સેમેસ્ટર ૨નો વધુ એક ટ્રાયલનો લાભ રેગ્યુલેશન ઓન્જ. ૪ મુજબ જે વિદ્યાર્થીઓએ સેમેસ્ટર ૧ પાસ કરી હોય અને બી.ઈ. ૧માં દાખલ થયાને બે વર્ષ પૂરાં થયાં હોય તેવા વિદ્યાર્થીઓને આપવામાં આવે, પરંતુ શ્રી. એચ. એમ. શાહ માંદગીના કારણે આ લાભ લઈ શકેલ ન હોવાથી તેમને આગામી સેમેસ્ટર ૨ની પરીક્ષામાં બેસવા દેવાની આચાર્ય મારફતે આવેલ અરજી પરત્વે વિચારણા કરવા બાબત.

(**નોંધ.**—વિદ્યાર્થીએ તબીબી પ્રમાણપત્ર રજૂ કર્યું છે.)

આથી ઠરાવવામાં આવે છે કે શ્રી. એચ. એમ. શાહની માંદગીનું કારણ લક્ષમાં લઈને સેમેસ્ટર–૨ની પરીક્ષામાં વધુ એક વખત બેસવા માટે પરવાનગી આપવી.

૧૩૭. શિક્ષણની અભ્યાસસમિતિની તા. ૨૭--૬--૧૯૭૨ની સભાની ભલામણ અનુસાર નીચે જણાવેલ વિદ્યાર્થીના નામ સામે જણાવેલ વિષય સંબંધી પીએચ.ડી. પદવી માટે આવેલ મહાનિબંધ તપાસવા માટે તે સામે જણાવેલ રેફરીઓની ક્રમાનુવર્તી નિમણૂક કરવાની એકેડેમિક કાઉન્સિલની તા. ૨૭/૨૮--૬--૧૯૭૨ની સભાની ભલામણ પર વિચારણા કરવા બાબત.

વિદ્યાર્થીનું નામ	વિષય	ઇન્ટર્નલ રેફરી	*One from the following:*
શ્રીમતી લીલા કે. પટેલ	Construction and standardization of performance tests of Intelligence for students of Std. II to XI in Gujarati	ડૉ. સી. એલ. ભટ્ટ	1. Dr. Emmy E. Merner, Asst. Professor of Child Development, University of California, Berkeley, California, 94709, U.S.A. 2. Dr. Frank B. Jex, Prof. of Educational Psychology, University of Utah, Salt Lake City, Utah, U.S.A. 3. Dr. Paul C. Davis, Dean & Professor of

વિદ્યાર્થીનું નામ	વિષય	ઇન્ટર્નલ રેફરી	
			One from the following :
			Psychology, Los Angeles Pacific College, Los Angeles. California, U.S.A.
			4. Dr. T. Ernest Newland, Professor of Educational Psychology, University of Illinois, Urbana, Ill, 61801, U.S.A.
			Second from the following :
			Also for viva
			1. Dr. C. M. Bhatia, Ex-Vice-Chancellor, Allahabad University, Allahabad (U.P.).
			2. Dr. (Mrs.) Rajlakshmi Murlidharan, Dept. of Educational Psychology, National Council of Educational Research & Training, Arvind Marg, New Delhi-16.
			3. Dr. M. Varma, Head of the Dept. of Education, Gorakhpur University, Gorakhpur.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ વિદ્યાર્થિનીના મહાનિબંધ માટે તેમના નામ સામે જણાવેલ રેફરીઓની ક્રમાનુવર્તી નિમણૂક કરવી.

૧૩૮. શિક્ષણની અભ્યાસસમિતિની તા. ૨૭-૬-૧૯૭૨ની સભાની ભલામણ અનુસાર શ્રી. પી. એ. ત્રિવેદીએ રજૂ કરેલ મહાનિબંધ "કન્સ્ટ્રકશન એન્ડ સ્ટાન્ડર્ડાઇઝેશન ઑફ મિકેનિકલ કોમ્પ્રીહેન્શન ટેસ્ટ ફૉર ધી પ્યુપિલ્સ ઑફ સ્ટાન્ડર્ડ ૮થી ૧૧" અંગે નીચે જણાવેલ રેફરીઓની ક્રમાનુવર્તી નિમણૂક કરવાની એકેડેમિક કાઉન્સિલની તા. ૨૭/૨૮--૬--૧૯૭૨ની સભાની ભલામણ પર વિચારણા કરવા બાબત.

સૂચિત રેફરીઓ (એકસ્ટર્નલ) :

1. Dr. G. K. Bennett
   304, East, 45th Street,
   New York, N. Y. 10017.
2. Dr. R. N. Mehrotra,
   Central Institute of Education,
   33, Chahtra Marg, Delhi–7.
3. Dr. E. Ghiselli,
   Department of Psychology,
   California University,
   Berkeley, Calif., 94720.
4. Dr. M. Varma,
   Department of Education,
   Gorakhpur University, Gorakhpur.
5. Dr. J. C. Nunnally,
   Jr Professor of Psychology,
   Vanderbilt University,
   Nashville, Tenn, 37205, U.S.A.
6. Dr. J. R. Gerberich,
   2601, Woodley Place,
   N. W. Washington D. C. 20008, U.S.A.
7. Dr. T. Ernest Newland,
   Professor of Educational Psychology,
   University of Illinois,
   Urbana 111, 61801, U.S.A.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ વિદ્યાર્થીના મહાનિબંધ માટે તેમનાં નામ સામે જણાવેલ રેફરીઓની ક્રમાનુવર્તી નિમણૂક કરવી.

૧૩૯. બી.ફાર્મ. જૂના અભ્યાસક્રમની પરીક્ષા માટે છેલ્લી બેચ એપ્રિલ ૧૯૭૨ સુધી હતી તેથી મજકૂર પરીક્ષા ઑક્ટોબર ૧૯૭૨ અને એપ્રિલ ૧૯૭૩ સુધી લેવા અંગે આચાર્યશ્રીના તા. ૭--૭--૧૯૭૨ના પત્ર પર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે બી.ફાર્મ.ના જૂના અભ્યાસક્રમ મુજબની વધુ બે પરીક્ષાઓ ઑક્ટોબર ૧૯૭૨ અને એપ્રિલ ૧૯૭૩માં લેવાનું રાખવું.

નીચેની બાબત નં. ૧૪૦ અને ૧૪૧ની વિચારણા મોકૂફ રાખવામાં આવી.

૧૪૦. સ્ટે. ૧૮૮(૨) પ્રમાણે કર્મચારીઓને આપવામાં આવતી મકાન બાંધકામ વગેરે અંગેની લોનના વ્યાજનો દર નક્કી કરવા અંગે વિચારણા કરવા બાબત.

સ્ટે. ૧૮૮(૨) નીચે પ્રમાણે છે:

St. 188 (*ii*):

A subscriber who has completed at least twelve years of service in the employment of the University may be granted an advance by the Syndicate in its discretion for constructing or purchasing a house or carrying out the repairs of his house to the extent of his own subscription plus the contribution of the University credited to his Provident Fund Account as on 31st March immediately preceding his application. Such advance shall be repaid in monthly instalments not exceeding 120 and at such rate of interest as may be fixed by the Syndicate from time to time.

૧૪૧. યુનિવર્સિટી કાર્યાલયના મકાનમાં સ્ટેટ બેંક ઑફ ઈન્ડિયાની શાખા શરૂ કરવામાં આવી છે તે જોતાં યુનિવર્સિટીની "કેશ ઈન ટ્રાન્ઝિટ"નો રૂ. ૨૨,૦૦,૦૦૦નો વીમો એલ.આઈ.સી. પાસે ઉતરાવેલ છે તેના બદલે હવે નીચે પ્રમાણે "કેશ ઈન ટ્રાન્ઝિટ"નો વીમો લેવા વિચારણા કરવા બાબત:

૧. યુનિવર્સિટીમાંથી ભવનોમાં જે રકમો લઈ જવા-લાવવામાં આવે તે વાર્ષિક રૂ. ૩,૦૦,૦૦૦
૨. યુનિવર્સિટીની તિજોરીમાં રૂ. ૫૦,૦૦૦ સુધીની રકમ રહે તેના
૩. યુનિવર્સિટીમાંથી મનીઑર્ડર-ડ્રાફ્ટ વગેરે કઢાવવા લઈ જવાની રકમ વાર્ષિક રૂ. ૧,૦૦,૦૦૦
૪. પોસ્ટ-ઑફિસમાંથી લાવવામાં આવે તે રકમ વાર્ષિક રૂ. ૨,૦૦,૦૦૦.

૧૪૨. જ્યુરિસ્પ્રુડન્સ, કાઈન્સ, લૉ ઑફ પ્રોપર્ટી વગેરેની અભ્યાસસમિતિઓની સંયુક્ત સભાએ તેની તા. ૮--૬--૭૨ની સભામાં કરેલ નીચેની ભલામણ એકેડેમિક કાઉન્સિલે તેની તા. ૨૭/૨૮--૬--૧૯૭૨ની સભામાં મંજૂર કરી હોઈ તે પરત્વે વિચારણા કરવા બાબત:

(૧) દ્વિતીય એલએલ.બી.ની સેમેસ્ટર પદ્ધતિનો લૉ રેગ્યુ. સેમેસ્ટર–૭ ઉમેરી તેમાં નીચે પ્રમાણે પ્રશ્નપત્રો રાખવા એકેડેમિક કાઉન્સિલને ભલામણ કરવામાં આવે છે:

Second LL.B.

Monsoon Semester

(1) Law of Property and Indian Succession Act
(2) Hindu Law and Mohmedan Law
(3) Company Law (Indian Companies Act, 1956 with amendments).

Winter Semester

(1) Legal Theory (Jurisprudence)

Optional Subjects

(2) Paper V
(3) Paper VI

(૨) વધુમાં આ સભા ભલામણ કરે છે કે કાયદાની સેમેસ્ટર પદ્ધતિના લૉ રેગ્યુ. ૪ના પેરેગ્રાફની છેલ્લી લીટીમાં Winter Semester શબ્દો છે તેના આગળ or/monsoon semester શબ્દો ઉમેરવા અને સુધારેલો લૉ રેગ્યુ.-૪ નીચે પ્રમાણે વંચાય તે રીતે રાખવા ભલામણ કરવી :

L. R. 4 :

Winter or Monsoon Semester

No candidate shall be admitted to the Semester examination unless he having either passed the Monsoon or Winter Semester examination, as the case may be, under R. 3 above or been permitted to attend the Winter or Monsoon Semester, as the case may be, under clause (*a*) or (*b*) of R. 3-A.

He has attended the requisite number of days in Winter Semester or Monsoon Semester in a law college affiliated to this University. (The details of the above papers remains unchanged.)

આથી ઠરાવવામાં આવે છે કે એકેડેમિક કાઉન્સિલની સદરહુ ભલામણ મંજૂર કરવી અને તે મુજબ રેગ્યુ. લૉ-૪ સુધારીને તેને જૂન ૧૯૭૨થી અમલમાં આવેલો ગણવો.

૧૪૩. જ્યુરિસ્પ્રુડન્સ, કાઈન્સ, લૉ ઑફ પ્રોપર્ટી વગેરેની અભ્યાસસમિતિઓની સંયુક્ત સભાએ તેની તા. ૮--૬--૧૯૭૨ની સભામાં કરેલ નીચેની ભલામણ એકેડેમિક કાઉન્સિલે તેની તા. ૨૭/૨૮--૬--૧૯૭૨ની સભામાં મંજૂર કરી હોઈ તે પરત્વે વિચારણા કરવા બાબત.

સંયુક્ત સભાની ભલામણ

(૧) આથી ભલામણ કરવામાં આવે છે કે લૉ રેગ્યુ. ૧૨ (ન્યૂ)માં જુનિયર અને સિનિયર એલએલ.એમ.ના અભ્યાસક્રમમાં નીચે મુજબ સુધારો કરવો અને બંને પરીક્ષાઓ માટે સુધારેલો રેગ્યુ. ૧૨ (ન્યૂ) જૂન ૧૯૭૨થી અમલમાં લાવવો :

Junior LL.M. (Group III) :

Paper IV—Specific Contract :

Agency, Sale of goods Act and Partnership

Senior LL.M. (Group III) :

Paper II—Carriage of Goods, Patent and Trade Marks.

(૨) વધુમાં ભલામણ કરવામાં આવે છે કે જુનિયર એલએલ.એમ.ના ગ્રુપ-૩ના પ્રશ્નપત્ર ૪ માટે "આર્બિટ્રેશન"નો મુદ્દો રદ કર્યો હોઈ તે અંગેની ભલામણ કરેલાં પુસ્તકો રદ કરવાં.

(૩) સિનિયર એલએલ.એમ.ના અભ્યાસક્રમના ગ્રુપ-૧માં નીચે મુજબનો સુધારો સિન્ડિકેટે તેની તા. ૧૫-૪--૧૯૭૨ની સભામાં જૂન ૧૯૭૨થી અમલમાં લાવવા ઠરાવેલું તેને જૂન ૧૯૭૨થી અમલમાં લાવવા ભલામણ કરવી :

Second LL.M.

Group I : "Jurisprudence, International Law and Constitutional Law.

Paper I : Legal Philosophy & Legal institutions Changing Society, with special reference to India.

Paper II : Legislation, principles, interpretations and drafting.

Paper III : Law and the Economic System in India. Government Regulation of private enterprise.

Paper IV : Administrative Law in India, U. K. and U. S. A.

આથી ઠરાવવામાં આવે છે કે એકેડેમિક કાઉન્સિલની સદરહુ ભલામણ મંજૂર કરવી અને તે મુજબ લૉ રેગ્યુ. ૧૨ (ન્યૂ) સુધારીને તેને જૂન ૧૯૭૨થી અમલમાં આવેલો ગણવો.

૧૪૪. જ્યુરિસ્પ્રુડન્સ, કાઈમ્મ, લૉ ઑફ પ્રોપર્ટી વગેરેની અભ્યાસસમિતિઓની સંયુક્ત સભાએ તેની તા. ૮--૬--૧૯૭૨ની સભામાં કરેલ નીચેની ભલામણ એકેડેમિક કાઉન્સિલે તેની તા. ૨૭/૨૮--૬--૧૯૭૨ની સભામાં મંજૂર કરી હોઈ તે પરત્વે વિચારણા કરવા બાબત.

સંયુક્ત સભાની ભલામણ

"આ સભા ઠરાવે છે કે ત્રીજી એલએલ.બી.ની પરીક્ષામાં ફરજિયાત અંગ્રેજીના પ્રશ્નપત્ર--૬નો અભ્યાસક્રમ નીચે પ્રમાણે સુધારવા તથા તે માટે લૉ રેગ્યુ. ૧૦ (ન્યૂ) સુધારી તેને જૂન ૧૯૭૨થી અમલમાં મૂકવા ભલામણ કરવી:

(1) Law, Liberty and Social Justice by Justice B. B. Gajendragadkar (Asia Publishing house)	..	50 marks
(*a*) Reference to context i.e. explanation	..	15 marks
(*b*) Topics	..	20 marks
(*c*) Legal Phrases	..	15 marks
	..	50 marks
II		
(*a*) Essay on general legal topics	..	20 marks
(*b*) Translation from English into Gujarati	..	15 marks
(*c*) Comprehension	..	15 marks
	..	50 marks"

આથી ઠરાવવામાં આવે છે કે એકેડેમિક કાઉન્સિલની સદરહુ ભલામણ મંજૂર કરવી અને તે મુજબ લૉ રેગ્યુ. ૧૦ (ન્યૂ) સુધારીને તેને જૂન ૧૯૭૨થી અમલમાં આવેલો ગણવો.

તે પછી સભાગૃહનું કામકાજ પૂરું થયું હતું.

નં. સિં./૧૭૫૮૯/૧૯૭૨.
ગુજરાત યુનિવર્સિટી કાર્યાલય,
અમદાવાદ-૯.
તા. ૨૫-૭-૧૯૭૨.

કં. ચં. પરીખ
કુલસચિવ.

પરિશિષ્ટ "ક"

કામકાજ ક્રમાંક ૫૧

તા. ૧--૪--૧૯૭૦થી તા. ૩૧--૩--૧૯૭૧

તા. ૩૧--૩--૧૯૭૧ના રોજ પૂરા થતા વર્ષ દરમ્યાન અંદાજી જોગવાઈ કરતાં વધુ ખર્ચ થયો હોય તે ખાતાંઓની યાદી અને તેના ખુલાસાઓ.

ક્રમાંક	ખાતાનું નામ	૧. કુલ ખર્ચ ૨. પુનર્નિર્મિત પ્રમાણે ખર્ચ ૩. અંદાજ કરતાં કેટલો ખર્ચ વધુ થયો.	વિગત
૧	૨	૩	૪
૧.	કુલપતિશ્રીના અંગત સચિવ—ગૅચ્યુઈટી ફંડ ફાળા	૫૩૫--૪૦ ૧૫૦--૦૦ ૩૮૫--૪૦	ઓલ. આઈ. સી.ની ગ્રુપ ગૅચ્યુઈટીની યોજનાના નિયમ મુજબ હિસાબે ખર્ચ વધવા પામ્યો છે.
૨.	પરીક્ષાની ઉત્તરવહીઓ	૧,૧૮,૪૨૦--૦૦ ૧,૦૦,૦૦૦--૦૦ ૧૮,૪૨૦--૦૦	જરૂરિયાત પ્રમાણે ઉત્તરવહીઓ તૈયાર કરાવતાં આ પેટામથાળે ખર્ચ વધવા પામ્યો છે, પરંતુ પરીક્ષા ખર્ચના મુખ્ય મથાળે એકંદરે ખર્ચ વધવા પામ્યો નથી.
૩.	મુસાફરી ભથ્થાં--સિન્ડિકેટની સભાઓ માટે	૧૬,૩૯૫--૪૮ ૧૪,૦૦૦--૦૦ ૨,૩૯૫--૪૮	જુદી જુદી સમિતિઓની જે સભાઓ યોજાઈ છે તેના સભ્યોના મુસાફરી ભથ્થાનાં બિલો નિયમ પ્રમાણે ચૂકવતાં આ પેટા-મથાળે ખર્ચ વધવા પામ્યો છે.
૪.	મુસાફરી ભથ્થાં—વિદ્યાશાખા, બોર્ડ્ઝ, સમિતિ વગેરે	૫૪,૦૦૮--૬૬ ૫૨,૦૦૦--૦૦ ૨,૦૦૮--૬૬	,,
૫.	મુદ્રણખર્ચ	૧,૫૦,૭૧૫--૪૯ ૧,૫૦,૦૦૦--૦૦ ૭૧૫--૪૯	ખર્ચનો વધારો નજીવો છે.

૧	૨	૩	૪
૬.	સંશોધન માટેની ગ્રાન્ટ	૧૮,૫૭૪--૮૩ ૧૫,૦૦૦--૦૦ ૩,૧૭૪--૮૩	આ ખર્ચ યુ.જી.સી.ની ગ્રાન્ટમાંથી કરવાનો છે.
૭.	તાલીમ શિબિરો તથા વ્યાયામ શિક્ષક તાલીમ વર્ગ	૧૨,૮૧૩--૧૫ ૫,૦૦૦--૦૦ ૭,૮૧૩--૧૫	તાલીમ શિબિરોની સંખ્યા વધવા પામી છે તેમ જ એન. એસ. એ. યોજના હેઠળ પ્રશિક્ષણ શિબિરો યોજાયેલા તેથી આ મથાળે ખર્ચ વધવા પામ્યો છે. એન. એસ. એ. યોજના અંગેના શિબિરો માટે ઈન્ટર-યુનિ. બોર્ડ ઑફ સ્પોર્ટ્સ મારફત ગ્રાન્ટ મળશે.
૮.	વ્યાયામ શિક્ષણ પ્રવૃત્તિ વિભાગ--પ્રોવિડંટ ફંડ ફાળો	૨,૩૨૩--૭૯ ૨,૩૦૦--૦૦ ૨૩--૭૯	નિયમ પ્રમાણે પ્રોવિડંટ ફંડ ફાળો આપવાનો થતાં આ ખર્ચ વધવા પામ્યો છે.
૯.	વિદ્યાર્થીઓની તંદુરસ્તી અને તબીબી તપાસ કર્મચારી વર્ગ—મોંઘવારી તથા બીજાં ભથ્થાં	૭,૬૮૪--૭૫ ૫,૦૦૦--૦૦ ૨,૬૮૪--૭૫	અંદાજપત્રમાં સરતચૂકથી ઓછો ખર્ચ અંદાજવામાં આવ્યો હતો.
૧૦.	વિદ્યાર્થીઓની તબીબી તપાસ	૧૬,૮૧૯--૭૭ ૧૫,૦૦૦--૦૦ ૧,૮૧૯--૭૭	ગયા વર્ષના રૂ. ૫,૨૫૭નાં બિલો ચાલુ વર્ષમાં ચૂકવ્યાં હોવાથી આ મથાળે ખર્ચ વધવા પામ્યો છે.
૧૧.	આરોગ્ય કેન્દ્ર—કન્ટિન્જન્સી ખર્ચ	૩,૨૦૨--૮૪ ૨,૫૦૦--૦૦ ૭૦૨--૮૪	આરોગ્ય કેન્દ્રને ઑક્ટો. ૧૯૭૦થી ટેલિફોન આપવામાં આવ્યો. તેના ખર્ચના રૂ. ૫૧૯નાં બિલો ચૂકવતાં મુખ્યત્વે આ મથાળે ખર્ચ વધવા પામ્યો છે.
૧૨.	ગુજરાતીમાં પાઠ્યપુસ્તકો તથા યુનિ. પ્રકાશનોનો ખર્ચ	૧,૫૬,૮૩૭--૮૬ ૧,૦૦,૦૦૦--૦૦ ૫૬,૮૩૭--૮૬	આ ખર્ચ સામે યુનિ. ગ્રંથનિર્માણ બોર્ડની રૂ. ૭૭,૨૮૭--૫૫ની ગ્રાન્ટ મળી છે.
૧૩.	ફર્નિચર અને કાર્યાલય સરંજામ—નવું	૭,૭૦૧--૪૬ ૭,૫૦૦--૦૦ ૨૦૧--૪૬	ખર્ચનો વધારો નજીવો છે.

૧	૨	૩	૪
૧૪.	અતિથિગૃહ--વીજળી, કન્ટિન્જન્સી વગેરે	૨,૮૬૫--૧૮ ૨,૫૦૦--૦૦ ૩૬૫--૫૮	અતિથિગૃહ માટે રૂ. ૩૯૦ની ક્રોકરી ખરીદી તેના લીધે ખર્ચ વધવા પામેલ છે.
૧૫.	યુનિવર્સિટી મુદ્રણાલય—આંધણી તથા મુદ્રણસામગ્રી	૧૯,૯૯૦--૦૨ ૧૫,૦૦૦--૦૦ ૪,૯૯૦--૦૨	યુનિ. ગ્રંથનિર્માણ બોર્ડનાં ઘણાં કામો આ વર્ષે પૂરાં કર્યાં તે માટે બાઈન્ડિંગ સામાન ખરીદવા આ ખર્ચ કરેલ છે. તે પેટે બોર્ડ તરફથી ગ્રાન્ટ મળી છે.
૧૬.	યુનિ. ગ્રંથાલય—પુસ્તક ખરીદી	૨,૨૦,૧૧૧--૨૪ ૨,૨૦,૦૦૦--૦૦ ૧૧૧–૨૪	પુસ્તક ખરીદીના ખર્ચ સામે યુ. જી. સી. તરફથી ગ્રાન્ટ મેળવવાની હોવાથી આ ખર્ચ કરેલો છે.
૧૭.	યુનિ. ગ્રંથાલય—વીજળી-વિષયક ખર્ચ	૯,૦૩૧--૮૦ ૬,૦૦૦--૦૦ ૩,૦૩૧--૮૦	ગ્રંથાલયનું કેટલુંક વાયરિંગ ફરીથી કર્યું તેને લીધે આ ખર્ચ વધવા પામ્યો છે.
૧૮.	યુનિ. ગ્રંથાલય—પ્રૉવિડંટ ફંડ ફાળો	૬,૧૪૦--૬૩ ૬,૦૦૦--૦૦ ૧૪૦--૬૩	પ્રૉવિડંટ ફંડના નિયમો પ્રમાણે પ્રૉવિડંટ ફંડ ફાળો આપવાનો થતાં આ ખર્ચ વધવા પામેલ છે.
૧૯.	સમાજ વિદ્યાભવન—કાર્યાલય કર્મચારી વર્ગ હંગામી નિમણૂકો	૪,૫૪૮--૦૦ ૩,૦૦૦--૦૦ ૧,૫૪૮–૦૦	સિન્ડિકેટે તેની તા. ૧૧/૧૨--૭--૧૯૭૦ની સભામાં ક્રમાંક ૫૩થી સમાજવિદ્યા ભવનમાં સાંજના વર્ગો માટે એક ક્લાર્ક-ટાઇપિસ્ટ, બે પટાવાળાની જગ્યાઓ હંગામી ધોરણે તા. ૧૧--૩--૧૯૭૧ સુધી મંજૂર કરી તે જગ્યાઓ ઉપર નિમણૂકો થતાં આ મથાળે ખર્ચ વધવા પામ્યો છે.
૨૦.	સમાજવિદ્યા ભવન—માફી તથા ગુણવત્તા શિષ્યવૃત્તિ	૧૧,૯૬૭--૫૭ ૧૪,૦૦૦--૦૦ ૧,૯૬૭--૫૭	ગયા વર્ષનાં રૂ. ૩,૨૭૨--૫૦નાં શિષ્યવૃત્તિનાં બિલો ચાલુ વર્ષમાં આપવાનાં થયાં તેથી ખર્ચ વધવા પામેલ છે.
૨૧.	સમાજવિદ્યા ભવન—પરિષદો અને પરિસંવાદ	૨,૭૪૫--૮૩ ૨,૫૦૦--૦૦ ૨૪૫--૮૩	ભવનના શિક્ષિકોને વધુ પરિષદોમાં મોકલતાં આ ખર્ચ વધવા પામેલ છે.

૧	૨	૩	૪
૨૨.	વિજ્ઞાન વિદ્યાભવન કર્મચારી વર્ગ—હંગામી નિમણૂકો	૨૭,૦૨૯--૦૦ ૧૮,૦૦૦--૦૦ ———— —— ૯,૦૨૯--૦૦	ચાલુ વર્ષમાં સાંજના વર્ગો માટે પાર્ટ-ટાઈમ ડેમોન્સ્ટ્રેટરોના વેતનની ચુકવણી થતાં આ મથાળે ખર્ચ વધવા પામ્યો છે. રૂ. ૧૦,૫૬૦ સુધીની ખર્ચની મંજૂરી સિન્ડિકેટ ક્રમાંક ૭૩, તા. ૬--૫--૧૯૭૧થી મળેલી છે.
૨૩.	ભાષા-સાહિત્ય ભવન કર્મચારી વર્ગ—હંગામી નિમણૂકો	૧,૧૫૮--૦૧ — ———— —— ૧,૧૫૮--૦૧	સિન્ડિકેટે તેની તા. ૩/૪--૧૦--૧૯૭૦ની સભામાં ક્રમાંક ૩૭થી ભાષા-સાહિત્ય ભવનમાં સાંજના વર્ગો માટે એક જૂનિયર ક્લાર્ક તથા એક પટાવાળાની જગ્યાઓ હંગામી ધોરણે તા. ૧૫--૩--૧૯૭૧ સુધી મંજૂર કરી તે જગ્યાઓ ઉપર નિમણૂકો થતાં આ મથાળે ખર્ચ વધવા પામ્યો છે.
૨૪.	વિજ્ઞાન વિદ્યાભવન—પરિસંવાદ, પરિષદો	૬,૭૫૯--૦૦ ૬,૦૦૦--૦૦ ———— ૭૫૯--૦૦	ભવનના શિક્ષકોને વધુ પરિષદોમાં મોકલવાનાં આ ખર્ચ વધવા પામ્યો છે.
૨૫.	વિજ્ઞાન વિદ્યાભવન—સંશોધન પ્રવૃત્તિ	૧૪,૦૪૬--૬૨ ૧૦,૦૦૦--૦૦ ———— —— ૪,૦૪૬--૬૨	આ ખર્ચ પેટે યુ. જી. સી.ની ગ્રાન્ટ મળનાર છે.
૨૬.	વિજ્ઞાન વિદ્યાભવન—ટેલિફોન ખર્ચ	૭,૦૨૧--૭૫ ૭,૦૦૦--૦૦ ———— ૨૧--૭૫	ખર્ચનો વધારો નજીવો હોવાથી મંજૂરી માટે.
૨૭.	વિજ્ઞાન વિદ્યાભવન—રસાયણ-વિજ્ઞાન ભાગ	૧૫,૨૦૧--૨૩ ૧૫,૦૦૦--૦૦ ———— ———— ૨૦૧--૨૩	ખર્ચનો વધારો નજીવો હોવાથી મંજૂરી માટે.
૨૮.	વિજ્ઞાન વિદ્યાભવન—વર્કશોપ ઈક્વિપમેન્ટ	૧૧,૧૯૪--૭૪ ૧૦,૦૦૦--૦૦ ———— ૧,૧૯૪--૭૪	આ ખર્ચ યુ. જી. સી.ની ગ્રાન્ટમાંથી પાડવાનો છે.

પરિશિષ્ટ "ખ"
કામકાજ ક્રમાંક ૬૨

O. 120–F :

Notwithstanding anything contained elsewhere, an affiliated college desiring to discontinue teaching of a subject or subjects for which it is affiliated will be permitted to do so subject to the rules and procedure laid down hereunder :

(*i*) The application shall be submitted not later than 31st July of the year preceding the year from which the process of closure is intended to commence.

(*ii*) Discontinuance of teaching of any one or more special or principal subjects at the Third (Final Year of the Three-year Degree Course) shall commence from the First Year and shall be put into operation progressively so as to ensure that the entire process of discontinuance ends so as to synchronise with the end of the Third Year.

(*iii*) A college which had discontinued the teaching of a special subject or subjects under (*i*) above, shall have to apply afresh for affiliation under Section 33 of the Act; if it desires to renew teaching of the same provided that such affiliation shall not be granted to it for a period of at least two years after the completion of the procedure under (*i*) above.

(*iv*) If discontinuance of the teaching of a general or subordinate subject or subjects is desired, it shall commence from the First Year and shall be completed so as to synchronise with the end of the Second Year in a progressive manner.

(*v*) If the intended change is only in respect of a change from the teaching of a principal or special subject or subjects to its teaching as a general or subordinate subject or subjects, intimation of the same shall be given by the college to the teachers and students concerned not less than two academic years in advance.

(*vi*) If discontinuance of the teaching of a subject or subjects is intended at the First Year, it shall be done by stage viz. First at the Pre-University and then at the First Year stage.

(*vii*) If discontinuance of the teaching of a subject or subjects at any stage is intended, it shall be intimated to the University Office, to the students and the teachers of the college concerned, from the very first year, and during this process of discontinuance of teaching contemplated as above, no rights of the teacher or teachers concerned under the rules of the University shall be abridged.

(*viii*) That the compensation at the following rates is paid to all confirmed teacher :

(*a*) Six months' pay (including all allowances), and

(*b*) One month's pay including all allowances for every completed years of service to the teacher who has put in ten or less years of service and at the rate of 1/2 month's pay including all allowances for every completed year of services in excess of ten years provided that the total compensation so payable shall not exceed 15 months' salary whichever is more.

પરિશિષ્ટ "ગ"
કામકાજ ક્રમાંક ૭૬

A meeting of the Selection Committee for recommending names for appointment to the post of Professor of Chemistry in the University School of Science, Gujarat University was held on Wednesday the 31st June, 1972 at 12-30 p m. Shri Umashankar J. Joshi, Vice-Chancellor, Gujarat University presiding.

The following was the attendance of the members :

1. Shri Umashankar J. Joshi, Vice-Chancellor	Present
2. Dr. B. C. Haldar	Present
3. Dr. R. D. Patel	Present
4. Dr. B. D. Tilak	Absent
5. Dr. R. C. Mehrotra	Present.

The following candidates were called for interview :

1. Dr. M. N. Desai	Present
2. Dr. R. K. Shah	Present
3. Dr. K. A. Thaker	Absent
4. Dr. J. J. Trivedi	Absent
5. Dr. J. P. Trivedi	Present
6. Shri K. N. Trivedi	Present
7. Shri V. M. Thakor	Absent
8. Dr. R. N. Kapoor	Absent
9. Dr. H. L. Nigam	Absent

Letters from candidates Dr. J. J. Trivedi (14-6-1972), Dr. K. A. Thaker (dated 17-6-1972), Dr. Arun K. Dey (dated 6-6-1972) and the telegram (dated 17-6-1972) from Dr. Hiralal Nigan were placed before the Committee.

The telegram dated 20-6-1972 from Dr. B. D. Tilak, a member of the Committee was also placed before the Committee.

After interviewing the candidates present and considering their relative merits and also considering the aforementioned papers, the Committee resolved as follows :

Recommended that the following candidates have been found suitable for the post of a Professor of Chemistry and are recommended for appointment to that post in the following order :

1. Dr. Arun K. Dey
2. Dr. Hiralal L. Nigam
3. Dr. R. N. Kapoor
4. Dr. M. N. Desai

Ahmedabad
Dated : June 21, 1972.

U. J. Joshi
B. C. Haldar
R. D. Patel
R. C. Mehrotra

પરિશિષ્ટ "ધ"
કામકાજ ક્રમાંક ૧૨૬

ક્રમાંક	પરીક્ષાનું નામ	કાર્યાલયે સૂચવેલ પરીક્ષા શરૂ થવાની તારીખ	ઑ. ૧૨૯ મુજબ આવતી પરીક્ષા શરૂ થવાની તારીખ
૧.	પ્રી-યુનિ. આર્ટ્સ એક્સ્ટર્નલ	૯-૧૦-૧૯૭૨	૯-૧૦-૧૯૭૨
૨.	ફર્સ્ટ બી.એ. એક્સ્ટર્નલ	૨૩-૧૦-૧૯૭૨	૧૬-૧૦-૧૯૭૨
૩.	સેકન્ડ બી.એ. એક્સ્ટર્નલ	૯-૧૦-૧૯૭૨	૯-૧૦-૧૯૭૨
૪.	થર્ડ બી.એ. એક્સ્ટર્નલ	૨૩-૧૦-૧૯૭૨	૧૬-૧૦-૧૯૭૨
૫.	થર્ડ બી.એ. (રેગ્યુલર) અને થર્ડ બી.એસસી. મૅથેમેટિકસ	૨૩-૧૦-૧૯૭૨	૧૬-૧૦-૧૯૭૨
૬.	થર્ડ બી.એસસી. (સ્પે. અને જન.) અધર ધેન મૅથેમેટિકસ	૨૩-૧૦-૧૯૭૨	૧૬-૧૦-૧૯૭૨
૭.	થર્ડ બી.કૉમ.	૨૩-૧૦-૧૯૭૨	૧૬-૧૦-૧૯૭૨
૮.	ફર્સ્ટ બી.કૉમ. (જૂનો અભ્યાસક્રમ)	૨૩-૧૦-૧૯૭૨	
૯.	પીએચ.ડી. ટ્રાન્સલેશન ટેસ્ટ	૯-૧૦-૧૯૭૨	૯-૧૦-૧૯૭૨
૧૦.	પહેલી એલએલ.બી.	૯-૧૦-૧૯૭૨	૯-૧૦-૧૯૭૨
૧૧.	બીજી એલએલ.બી.	૯-૧૦-૧૯૭૨	૯-૧૦-૧૯૭૨
૧૨.	ત્રીજી એલએલ.બી. (સ્પે.)	૯-૧૦-૧૯૭૨	૯-૧૦-૧૯૭૨
૧૩.	એફ. વાય. ડિપ્લોમા ફાર્મસી	૧૬-૧૦-૧૯૭૨	૧૬-૧૦-૧૯૭૨
૧૪.	ઈન્ટર ડિપ્લોમા ફાર્મસી	૧૬-૧૦-૧૯૭૨	૧૬-૧૦-૧૯૭૨
૧૫.	ફર્સ્ટ બી.ફાર્મ.	૧૬-૧૦-૧૯૭૨	૧૬-૧૦-૧૯૭૨
૧૬.	સેકન્ડ બી.ફાર્મ.	૧૬-૧૦-૧૯૭૨	૧૬-૧૦-૧૯૭૨
૧૭.	થર્ડ બી.ફાર્મ.	૧૬-૧૦-૧૯૭૨	૧૬-૧૦-૧૯૭૨

ક્રમાંક	પરીક્ષાનું નામ	કાર્યાલયે સૂચવેલ પરીક્ષા શરૂ થવાની તારીખ	ઓ. ૧૨૯ મુજબ આવતી પરીક્ષા શરૂ થવાની તારીખ
૧૮.	ફોર્થ બી.ફાર્મ. (ફાઇનલ બી.ફાર્મ.)	૧૬-૧૦-૧૯૭૨	૧૬-૧૦-૧૯૭૨
૧૯.	એમ.ફાર્મ.	૧૬-૧૦-૧૯૭૨	૧૬-૧૦-૧૯૭૨
૨૦.	પહેલી એમ.બી.,બી.એસ.	૧૬-૧૦-૧૯૭૨	૧૬-૧૦-૧૯૭૨
૨૧.	બીજી એમ.બી.,બી.એસ.	૧૬-૧૦-૧૯૭૨	૧૬-૧૦-૧૯૭૨
૨૨.	ત્રીજી એમ.બી.,બી.એસ.	૧૬-૧૦-૧૯૭૨	૧૬-૧૦-૧૯૭૨
૨૩.	પ્રથમ બી.ડી.એસ.	૧૬-૧૦-૧૯૭૨	૧૬-૧૦-૧૯૭૨
૨૪.	બીજી બી.ડી.એસ.	૧૬-૧૦-૧૯૭૨	૧૬-૧૦-૧૯૭૨
૨૫.	ત્રીજી બી.ડી.એસ.	૧૬-૧૦-૧૯૭૨	૧૬-૧૦-૧૯૭૨
૨૬.	ફાઇનલ બી.ડી.એસ.	૧૬-૧૦-૧૯૭૨	૧૬-૧૦-૧૯૭૨
૨૭.	ફર્સ્ટ બી.એસસી. નર્સિંગ	૧૬-૧૦-૧૯૭૨	૧૬-૧૦-૧૯૭૨
૨૮.	સેકન્ડ બી.એસસી. નર્સિંગ	૧૬-૧૦-૧૯૭૨	૧૬-૧૦-૧૯૭૨
૨૯.	એમ.ડી.એસ., ભાગ ૧	૩-૧૦-૧૯૭૨	૩-૧૦-૧૯૭૨
૩૦.	એમ.ડી.એસ., ભાગ ૨	૩-૧૦-૧૯૭૨	૩-૧૦-૧૯૭૨
૩૧.	એમ.ડી.	૩-૧૦-૧૯૭૨	૩-૧૦-૧૯૭૨
૩૨.	એમ.એસ.	૩-૧૦-૧૯૭૨	૩-૧૦-૧૯૭૨
૩૩.	ડિપ્લોમા ઇન સાયકોલોજિકલ મેડિસિન, ભાગ ૧	૩-૧૦-૧૯૭૨	૩-૧૦-૧૯૭૨
૩૪.	" " " " " ભાગ ૨	૩-૧૦-૧૯૭૨	૩-૧૦-૧૯૭૨
૩૫.	ડિપ્લોમા ઇન એનેસ્થેસિયા	૩-૧૦-૧૯૭૨	૩-૧૦-૧૯૭૨
૩૬.	ડી.ઓ.	૩-૧૦-૧૯૭૨	૩-૧૦-૧૯૭૨
૩૭.	ટી.ડી.ડી.	૩-૧૦-૧૯૭૨	૩-૧૦-૧૯૭૨
૩૮.	ડી.એમ.આર.ઈ., ભાગ ૧ અને ૨	૩-૧૦-૧૯૭૨	૩-૧૦-૧૯૭૨
૩૯.	ડિપ્લોમા ઇન પેડિયાટ્રિક્સ	૩-૧૦-૧૯૭૨	૩-૧૦-૧૯૭૨
૪૦.	ડી.જી.ઓ.	૩-૧૦-૧૯૭૨	૩-૧૦-૧૯૭૨
૪૧.	ડી.એલ.ઓ.	૩-૧૦-૧૯૭૨	૩-૧૦-૧૯૭૨

ક્રમાંક	પરીક્ષાનું નામ	કાર્યાલયે સૂચવેલ પરીક્ષા શરૂ થવાની તારીખ	ઑ. ૧૨૯ મુજબ આવતી પરીક્ષા શરૂ થવાની તારીખ
૪૨.	બી.એસસી. મેડિકલ	૩--૧૦--૧૯૭૨	૩--૧૦--૧૯૭૨
૪૩.	એમ.એસસી. મેડિકલ	૩--૧૦--૧૯૭૨	૩--૧૦--૧૯૭૨
૪૪.	ડી.વી. ઍન્ડ ડી.	૩--૧૦--૧૯૭૨	૩--૧૦--૧૯૭૨
૪૫.	માસ્ટર ઑફ લેબર વેલ્ફેર	૯–૧૦–૧૯૭૨	૧૬–૧૦–૧૯૭૨
૪૬.	સેમેસ્ટર–૧ (સિ., મિકે., ઈલે. અને કેમિ.) બી.ઈ. ૧, ભાગ ૧	૨૦–૧૦–૧૯૭૨	૧૬–૧૦–૧૯૭૨
૪૭.	સેમેસ્ટર–૨ (સી., મિકે. ઈલે. અને કેમિ.) બી.ઈ. ૧, ભાગ ૨	૨૭–૧૦--૧૯૭૨	૧૬--૧૦--૧૯૭૨
૪૮.	સેમેસ્ટર–૩ (સિ., મિકે., ઈલે. અને કેમિ.) બી.ઈ. ૨, ભાગ ૧	૨૦--૧૦--૧૯૭૨	૧૬--૧૦--૧૯૭૨
૪૯.	સેમેસ્ટર–૪ (સિ., મિકે., ઈલે. અને કેમિ.) બી.ઈ. ૨, ભાગ ૨	૨૭--૧૦--૧૯૭૨	૧૬--૧૦--૧૯૭૨
૫૦.	સેમેસ્ટર–૫ (સિ. અથવા મિકે. અને ઈલે. અથવા કેમિ.) બી.ઈ. ૩, ભાગ ૧	૨૦--૧૦--૧૯૭૨	૧૬--૧૦--૧૯૭૨
૫૧.	સેમેસ્ટર--૬ (સિ. અથવા મિકે. અને ઇલે. અથવા કેમિ.) બી.ઈ. ૩, ભાગ ૨	૨૦- ૧૦--૧૯૭૨	૧૬--૧૦--૧૯૭૨
૫૨.	સેમેસ્ટર--૭ (સિ. અથવા મિકે. અને ઈલે. અથવા કેમિ.) બી.ઈ. ૪, ભાગ ૧	૨૭--૧૦--૧૯૭૨	૧૬--૧૦--૧૯૭૨
૫૩.	સેમેસ્ટર--૮ (સિ. અથવા મિકે. અથવા ઈલે.) બી.ઈ. ૪, ભાગ ૨	૨૭--૧૦--૧૯૭૨	૧૬--૧૦--૧૯૭૨
૫૪.	સેમેસ્ટર--૯ (સિ. અથવા મિકે. અથવા ઈલે.) બી.ઈ. ૫, ભાગ ૧	૨૦--૧૦ -૧૯૭૨	૧૬--૧૦--૧૯૭૨
૫૫.	સેમેસ્ટર--૧૦ (સિ. અથવા મિકે. અથવા ઈલે.) બી.ઈ. ૫, ભાગ ૨	૨૭--૧૦--૧૯૭૨	૧૬--૧૦--૧૯૭૨
૫૬.	સેમેસ્ટર--૧ (સિવિલ, મિકે. અને ઈલે.) પોસ્ટ-ડિપ્લોમા ડિગ્રી કોર્સ	૨૦--૧૦--૧૯૭૨	૧૬--૧૦--૧૯૭૨
૫૭.	સેમેસ્ટર--૨ (સિવિલ, મિકે. અને ઈલે.) પોસ્ટ-ડિપ્લોમા ડિગ્રી કોર્સ	૨૦--૧૦--૧૯૭૨	૧૬--૧૦--૧૯૭૨

ક્રમાંક	પરીક્ષાનું નામ	કાર્યાલયે સૂચવેલ પરીક્ષા શરૂ થવાની તારીખ	ઓ. ૧૨૯ મુજબ આવતી પરીક્ષા શરૂ થવાની તારીખ
૫૮.	સેમેસ્ટર--૩ (સિવિલ અથવા મિકે. અથવા ઈલે.) પોસ્ટ-ડિપ્લોમા ડિગ્રી કોર્સ	૨૭--૧૦--૧૯૭૨	૧૬--૧૦--૧૯૭૨
૫૯.	સેમેસ્ટર--૪ (સિવિલ અથવા મિકે. અથવા ઈલે.) પોસ્ટ-ડિપ્લોમા ડિગ્રી કોર્સ	૨૭--૧૦--૧૯૭૨	૧૬--૧૦--૧૯૭૨
૬૦.	સેમેસ્ટર--૫ (સિવિલ અથવા મિકે. અથવા ઈલે.) પોસ્ટ ડિપ્લોમા ડિગ્રી કોર્સ	૨૦--૧૦--૧૯૭૨	૧૬--૧૦--૧૯૭૨
૬૧.	સેમેસ્ટર--૬ (સિવિલ અથવા મિકે. અથવા ઈલે.) પી.ડી.ડી.સી.	૨૦--૧૦--૧૯૭૨	૧૬--૧૦--૧૯૭૨
૬૨.	સેમેસ્ટર--૭ (સિવિલ અથવા મિકે. અથવા ઈલે.) પી.ડી.ડી.સી.	૨૭--૧૦--૧૯૭૨	૧૬--૧૦--૧૯૭૨
૬૩.	સેમેસ્ટર--૮ (સિવિલ અથવા મિકે. અથવા ઈલે.) પી.ડી.ડી.સી.	૨૭--૧૦--૧૯૭૨	૧૬--૧૦--૧૯૭૨
૬૪.	સેમેસ્ટર--૧ એમ.ઈ.	૧૩--૧૧--૧૯૭૨	૬--૧૧--૧૯૭૨
૬૫.	સેમેસ્ટર--૨, એમ.ઈ.	૧૩--૧૧--૧૯૭૨	૬--૧૧--૧૯૭૨
૬૬.	સેમેસ્ટર--૩--૪, એમ.ઈ. ડેઝર્ટેશન	૧૩--૧૧--૧૯૭૨	૬--૧૧--૧૯૭૨
૬૭.	સેમેસ્ટર--૧ (ફર્સ્ટ એલએલ.બી.)	૯--૧૦--૧૯૭૨	૯--૧૦--૧૯૭૨

ગુજરાત યુનિવર્સિટી પ્રેસ, નવરંગપુરા, અમદાવાદ-૯

ગુ.યુ.પ્રસ ૫૯૧–૪૫૦–૯–૭૨

ખાનગી

ગુજરાત યુનિવર્સિટી

ગુજરાત યુનિવર્સિટીની સિન્ડિકેટની ઑગસ્ટ માસની સભા, શનિવાર, તા. ૫–૮–૧૯૭૨ના રોજ બપોરના ૧૨–૩૦ વાગ્યે ગુજરાત યુનિવર્સિટી કાર્યાલયમાં મળી હતી, અને રવિવાર, તા. ૬–૮–૧૯૭૨ના રોજ પણ તે જ સમયે ચાલુ રહી હતી. બંને દિવસોએ પ્રમુખસ્થાન કુલપતિ શ્રી. ઉમાશંકર જેઠાલાલ જોશીએ સંભાળ્યું હતું. બંને દિવસોએ સભામાં હાજરી નીચે પ્રમાણે હતી :

ક્રમાંક	સભ્યનું નામ	તા. ૫–૮–૧૯૭૨	તા. ૬–૮–૧૯૭૨
૧.	શ્રી. ઉમાશંકર જેઠાલાલ જોશી, કુલપતિ	હાજર	હાજર
૨.	શ્રી. એ. કે. પ્રધાન, સંયુકત શિક્ષણસંચાલક, ગુજરાત રાજ્ય	હાજર	ગેરહાજર
૩.	આચાર્ય સી. એસ. શાહ	હાજર	હાજર
૪.	શ્રી. ઝીણાભાઈ રતનજી દેસાઈ	હાજર	હાજર
૫.	શ્રી. રણજિતરાય ગંગાશંકર શાસ્ત્રી	હાજર	હાજર
૬.	ડૉ. જયંત ભગવાનદાસ હરિભકિત	હાજર	ગેરહાજર
૭.	શ્રી. ઈન્દ્રવદન અંબાલાલ મોદી	હાજર	હાજર
૮.	શ્રી. બટુભાઈ હરિભાઈ દેસાઈ	હાજર	ગેરહાજર
૯.	શ્રી. સત્યેન્દ્ર કાળિદાસ ઝવેરી	હાજર	હાજર
૧૦.	શ્રી. હીરાલાલ એચ. ભગવતી	હાજર	હાજર
૧૧.	શ્રી. પ્રફુલ્લચંદ્ર સી. શાહ	હાજર	હાજર
૧૨.	ડૉ. મહેન્દ્ર નાનુભાઈ દેસાઈ	હાજર	હાજર
૧૩.	શ્રી. કૃષ્ણચંદ્ર સોમનાથ શાસ્ત્રી	હાજર	હાજર
૧૪.	પ્રો. કે. આર. ચંદ્રશેખરન	હાજર	હાજર
૧૫.	આચાર્ય ડૉ. ધીરુભાઈ પ્રેમશંકર ઠાકર	હાજર	હાજર
૧૬.	આચાર્ય ડૉ. લક્ષ્મીપ્રસાદ ધનશંકર દવે	હાજર	હાજર
૧૭.	આચાર્ય મહેન્દ્રલાલ ચંદુલાલ શાહ	હાજર	હાજર.

૧. તા. ૮/૯-૭-૧૯૭૨ના રોજ મળેલ સિન્ડિકેટની સભાની નોંધને મંજૂર કરવા બાબત.

તા. ૮/૯-૭-૧૯૭૨ના રોજ મળેલી સિન્ડિકેટની સભાની નોંધને નીચેના બે સુધારા સાથે મંજૂર કરવામાં આવી, તથા તે પર કુલપતિશ્રીએ સહી કરી :

(૧) બાબત નં. ૧૪૨ : "આથી ઠરાવવામાં આવે છે કે ઍકેડેમિક કાઉન્સિલની સદરહુ ભલામણ મંજૂર કરવી અને તે મુજબ રેગ્યુ. લૉ. ૪ સુધારીને તેને જૂન ૧૯૭૨થી અમલમાં આવેલો ગણવો." તેને બદલે "આથી ઠરાવવામાં આવે છે કે ઍકેડેમિક કાઉન્સિલની સદરહુ ભલામણ મંજૂર કરવી અને તે મુજબ રેગ્યુ. લૉ. ૪ સુધારીને તેને જૂન ૧૯૭૨થી અમલમાં આવેલો ગણવો, અને ચૌ. રેગ્યુ. સેમે. ૭ જૂન ૧૯૭૩થી અમલમાં મૂકવો." એમ વાંચવું.

(૨) બાબત નં. ૧૪૩ (૩) : "સિનિયર એલએલ.એમ.ના અભ્યાસક્રમના ગ્રુપ-૧માં નીચે મુજબનો સુધારો સિન્ડિકેટે તેની તા. ૧૫-૪-૧૯૭૨ની સભામાં **જૂન ૧૯૭૨**થી અમલમાં લાવવા ઠરાવેલું તેને જૂન ૧૯૭૨થી અમલમાં લાવવા ભલામણ કરવી." તેને બદલે "સિનિયર એલએલ.એમ.ના અભ્યાસક્રમના ગ્રુપ--૧માં નીચે મુજબનો સુધારો સિન્ડિકેટે તેની તા. ૧૫--૪--૧૯૭૨ની સભામાં **જૂન ૧૯૭૩**થી અમલમાં લાવવા ઠરાવેલું તેને જૂન ૧૯૭૨થી અમલમાં લાવવા ભલામણ કરવી." એમ વાંચવું.

૨. કુલપતિશ્રીએ મંજૂર કરેલાં નીચેનાં કાર્યોની નોંધ લેવા બાબત :

(૧) સિન્ડિકેટની તા. ૧૦/૧૭/૨૬--૬--૧૯૭૨ની સભામાં નીચેની બાબત ક્રમાંકોમાં તેની સામે દર્શાવ્યા પ્રમાણેની છાપભૂલ સુધાર્યાના :

(અ) બાબત ક્રમાંક ૩૧ : અન્ય ગ્રંથપાલના પગારધોરણમાં રૂ. ૧૦૦--૧૦--૨૫૦ છે તેને બદલે ૧૫૦--૧૦--૨૫૦ સુધાર્યાના,

(બ) બાબત ક્રમાંક ૩૨ : નિવૃત્તિવય અંગેના નિયમની બીજી લીટીમાં "65 years" છે તેને બદલે "60 years" સુધાર્યાના,

(ક) બાબત ક્રમાંક ૯૬ : ઠરાવની પહેલી લીટીમાં "સદરહુ કૉલેજને" છે તેને બદલે "સદરહુ કૉલેજોને" સુધાર્યાના;

(૨) જુલાઈ ૧૯થી ૨૬, ૧૯૭૨ના સમય દરમિયાન સેન્ટ્રલ ઈન્સ્ટિટ્યૂટ ઑફ ઇંગ્લિશ ઍન્ડ ફોરેન લૅંગ્વેજીઝ, હૈદરાબાદ મુકામે યોજાનાર "લેક્ચર્સ ઑન ઇન્ડિયન રાઇટિંગ ઇન ઇંગ્લિશ ઍન્ડ ધી લિટરેચર ઑફ અધર કૉમનવેલ્થ કન્ટ્રીઝ"ના કાર્યક્રમમાં ભાગ લેવા માટે યુનિવર્સિટીના ભાષા-ભવનના અધ્યક્ષ અને અંગ્રેજીના પ્રાધ્યાપક શ્રી. કે. આર. ચંદ્રશેખરનની નિમણૂક કર્યાના;

(૩) પ્રથમ વર્ષ ફાર્મસીમાં ૩૦થી વધુ વિદ્યાર્થીઓને પ્રવેશ આપવાની શ્રી. એમ. એન. કૉલેજ ઑફ ફાર્મસી, ખંભાતના આચાર્યશ્રીની વિનંતી અંગે નિમાયેલ સમિતિના અહેવાલમાં કરેલ ભલામણ મુજબ ફર્સ્ટ બી.ફાર્મ.ના વર્ગમાં વધુ ૧૫ વિદ્યાર્થીઓને પ્રવેશ આપવા સદરહુ કૉલેજને પરવાનગી આપ્યાના;

(૪) મનોવિજ્ઞાન વિદ્યાભવનના અધ્યક્ષ ડૉ. કે. જી. દેસાઈને (1) WCOTP Conference, London, (2) Commonwealth Conference, (3) International Council of Education for Teaching, Londonના અધિવેશનમાં હાજરી આપવા માટે તા. ૨૪--૭--૧૯૭૨થી તા. ૧૪--૮--૧૯૭૨ સુધીની ખાસ રજાઓ મંજૂર કર્યાના;

(૫) મનોવિજ્ઞાન વિદ્યાભવનમાં સાંજના વર્ગો માટે એક પાર્ટ-ટાઇમ લેબોરેટરી આસિસ્ટન્ટની હંગામી જગ્યા તા. ૧૧-૩-૧૯૭૩ સુધી મંજૂર કર્યાના;

(૬) મનોવિજ્ઞાન ભવનના શિક્ષણશાસ્ત્રના વ્યાખ્યાતા શ્રી. જે. એચ. શાહને યુનાઇટેડ કૉમર્શિયલ બૅંકની ક્લાર્કની જગ્યા અંગેની વરણીસમિતિના એક સભ્ય તરીકે કામ કરવાની તથા તે અંગેનો અંદાજે રૂ. ૭૫નો પુરસ્કાર સ્વીકારવાની મંજૂરી આપ્યાના;

(૭) ભાષા-સાહિત્ય ભવનના પ્રાધ્યાપક પ્રો. એચ. સી. ભાયાણીને બી. એમ. ઈન્સ્ટિટ્યૂટ તરફથી "ઓડિયોલોજી ઍન્ડ સ્પીચ થેરાપી"ના અનુસ્નાતક ડિપ્લોમા અભ્યાસક્રમના "ફોનેટિક્સ ઍન્ડ લિંગ્વિસ્ટિક્સ"ના પ્રશ્નપત્ર માટે વિઝિટિંગ પ્રોફેસર તરીકેની કામગીરી બજાવવા તથા તે અંગેનું માનદ વેતન સ્વીકારવાની પરવાનગી આપ્યાના;

(૮) ગુજરાત યુનિવર્સિટી સેન્ટ્રલ કન્ઝ્યુમર્સ કો-ઑ. સ્ટોર્સ લિ.ના પ્રમુખશ્રીના તા. ૧૯-૫-૧૯૭૨ના પત્રના સંદર્ભમાં ઑડિટ વિભાગના જુ. ક્લાર્ક શ્રી. એ. જે. પ્રજાપતિની સેવાઓ બે માસ માટે ઉછીની આપી હતી તેના સંદર્ભમાં શ્રી. પ્રજાપતિની તે મુદત પૂરી થતાં પહેલાં યુનિવર્સિટીની સેવાઓમાં પાછા આવવાની વિનંતી મંજૂર કર્યાના;

(૯) એપ્રિલ ૧૯૭૨માં લેવાયેલ આપણી યુનિવર્સિટીની ફાઇનલ એમ.બી.,બી.એસ. પરીક્ષામાં ઉત્તીર્ણ થયેલ વિદ્યાર્થિની રિટા પી. કામઠને મૈસૂર રાજ્યના મેંગલોર શહેરમાં આવેલ Govt. Wenlock and Government Lady Goschen હૉસ્પિટલમાં ફરજિયાત રોટેટિંગ હાઉસમેનશિપ (ઇન્ટર્નશિપ) કરવાની મંજૂરી આપ્યાના.

આથી ઠરાવવામાં આવે છે કે કુલપતિશ્રીનાં ઉપરનાં કાર્યોની નોંધ લેવી.

વધુમાં ઉપરની પેટાબાબત નં. (૩) અંગે ઠરાવવામાં આવ્યું કે સદરહુ શ્રી. એમ. એન. કૉલેજ ઑફ ફાર્મસી, ખંભાતમાં વધુ ૧૫ વિદ્યાર્થીઓને પ્રવેશ આપવા માટે જે મંજૂરી આપવામાં આવી છે તે ફક્ત ચાલુ વર્ષ પૂરતી જ રહેશે એમ સદરહુ કૉલેજને જણાવવું અને તા. ૧૫-૩-૧૯૭૨ સુધીમાં સદરહુ કૉલેજમાં યુનિવર્સિટીનાં ધારાધોરણો મુજબ પૂરતાં સાધન-સગવડની વ્યવસ્થા કરવામાં આવી છે કે કેમ તે અંગે સદરહુ કૉલેજ પાસેથી વિગતવાર રિપોર્ટ મંગાવીને એ બાબતમાં ફરીથી તપાસ કરવાનું રાખવું.

૩. **યુનિવર્સિટી ગ્રાન્ટ્સ કમિશનના પત્રાંક એફ. ૫-૧૯૭૦-બીપી, તા. ૨૩-૬-૧૯૭૨થી Award of Fellowships for Undertaking Writing Books at University level in Association with distinguished University teachers યોજના હેઠળ ડૉ. સી. બી. દવે, અમદાવાદને ૧૯૭૨ના વર્ષ માટે Industrial Psychologyના વિષય પર પુસ્તક લખવા માટે રૂ. ૫,૦૦૦ (રૂપિયા પાંચ હજાર) "ઓન એકાઉન્ટ" મંજૂર કર્યાની નોંધ લેવા બાબત.**

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બાબતની નોંધ લેવી.

૪. **યુનિવર્સિટી ગ્રાન્ટ્સ કમિશનના પત્રાંક એફ. ૫-૩૯-૭૦, તા. ૨૭-૬-૧૯૭૨ મુજબ ડૉ. જે. જે. ચિનોયના માર્ગદર્શન નીચે Role of ascorbic acid in Plant metabolism growth and flowering in**

Plantsના વિષય પર એક પુસ્તક તૈયાર કરવા માટે રૂ. ૩,૦૫૦(રૂપિયા ત્રણ હજાર પચાસ)ની ગ્રાન્ટ "ઑન એકાઉન્ટ" મંજૂર કર્યાની નોંધ લેવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બાબતની નોંધ લેવી.

૫. સને ૧૯૭૦--૭૧થી શરૂ થતા ત્રિવાર્ષિક ગાળા માટે આ યુનિવર્સિટીને વાર્ષિક રૂ. ૧૬,૫૪,૦૦૦ પ્રમાણેની બ્લૉક મેન્ટેનન્સ ગ્રાન્ટ આપવાનું મંજૂર કર્યા અંગેના ગુજરાત રાજ્ય સરકારશ્રીના તા. ૨૮--૬--૧૯૭૨ના શિક્ષણ અને મજૂર ખાતાના ઠરાવ ક્રમાંક યુ.એસ.જી. ૧૧૭૦--ખની નોંધ લેવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બાબતની નોંધ લેવી.

૬. યુનિવર્સિટીના મનોવિજ્ઞાન વિદ્યાભવનમાં જુનિયર ક્લાર્ક-ટાઇપિસ્ટ તરીકે કામ કરી ગયેલા શ્રી. બી. આર. નાયરને પ્રૉવિડંટ ફંડની રકમ પરત કરવા અંગેની તેઓની તા. ૧૯--૬--૧૯૭૨ની અરજી પર વિચારણા કરવા બાબત.

(**નોંધ.**--તેઓ મનોવિજ્ઞાન વિદ્યાભવનમાં તા. ૨૨--૮--૧૯૬૬ના રોજ જોડાયા હતા અને તા. ૩--૨--૧૯૬૮ના રોજ રાજીનામું આપી છૂટા થયા હતા.)

આથી ઠરાવવામાં આવે છે કે યુનિવર્સિટીના મનોવિજ્ઞાન વિદ્યાભવનના ફારેગ થયેલા જુનિયર ક્લાર્ક શ્રી. બી. આર. નાયરને તેમના ખાતે નીકળતી પ્રૉવિડન્ટ ફંડની રકમ યુનિવર્સિટીનાં ધારાધોરણ અનુસાર પરત કરવી.

૭. યુનિવર્સિટી વિજ્ઞાન વિદ્યાભવનમાં વનસ્પતિવિજ્ઞાનના વ્યાખ્યાતા તરીકે કામ કરતા ડૉ. બી. એમ. જનીનું તા. ૨૧--૬--૧૯૭૧ના રોજ દુ:ખદ અવસાન થયેલ હોઈ તેઓના ખાતે નીકળતી પ્રૉવિડંટ ફંડની રકમ આપવા અંગેની તેમનાં પત્નીની તા. ૧૭--૬--૧૯૭૨ની અરજી ઉપર વિચારણા કરવા બાબત.

(**નોંધ.**-- ડૉ. જની યુનિવર્સિટી વિદ્યાભવનમાં તા. ૧૧--૬--૧૯૭૦ના રોજ જોડાયા હતા અને તેઓનું તા. ૨૫--૬--૧૯૭૧ના રોજ દુ:ખદ અવસાન થયું હતું.)

આથી ઠરાવવામાં આવે છે કે યુનિવર્સિટીના વિજ્ઞાન વિદ્યાભવનના વનસ્પતિવિજ્ઞાનના વ્યાખ્યાતા સદ્‌ગત ડૉ. બી. એમ. જનીના ખાતે નીકળતી પ્રૉવિડન્ટ ફંડની રકમ યુનિવર્સિટીનાં ધારાધોરણ અનુસાર તેમનાં પત્ની શ્રીમતી ભગવતીબેન બી. જનીને પરત કરવી.

૮. યુનિવર્સિટી મુદ્રણાલયમાં મશીનમૅન તરીકે કામ કરતા શ્રી. પી. ડી. ભટ્ટ તા. ૩૧--૫--૧૯૭૨ના રોજ રાજીનામું આપી છૂટા થયા હોઈ સ્ટે. ૧૯૩--એ મુજબ તેઓને ગ્રૅચ્યુઇટીની રકમ આપવા અંગેની તેઓની તા. ૩--૭--૧૯૭૨ની અરજી ઉપર વિચારણા કરવા બાબત :

(**નોંધ.**-- શ્રી. ભટ્ટ યુનિવર્સિટી મુદ્રણાલયમાં તા. ૧૪--૬--૧૯૫૮ના રોજ જોડાયા હતા અને તા. ૩૧--૫--૧૯૭૨ના રોજ રાજીનામું આપી છૂટા થયા છે.)

આથી ઠરાવવામાં આવે છે કે યુનિવર્સિટી મુદ્રણાલયના ફારેગ થયેલ મશીનમૅન શ્રી. પી. ડી. ભટ્ટને યુનિવર્સિટીનાં ધારાધોરણ અનુસાર ગ્રૅચ્યુઇટીની રકમ ચૂકવી આપવી.

૯. સમાજવિદ્યા ભવનમાં સમાજશાસ્ત્રના રીડર તરીકે કામ કરતા ડૉ. વી. પી. શાહનો બે વર્ષનો અજમાયશી સમય તા. ૩૦-૯-૧૯૭૨ના રોજ પૂરો થતો હોઈ તેમને તા. ૧-૧૦-૧૯૭૨થી કાયમ કરવા અંગે વિચારણા કરવા બાબત.

સમાજવિદ્યા ભવનમાં સમાજશાસ્ત્રના રીડર ડૉ. વી. પી. શાહની કામગીરી અંગેનો ખાનગી અહેવાલ સભાગૃહ સમક્ષ રજૂ કરવામાં આવ્યો.

તે પછી ઠરાવવામાં આવ્યું કે ડૉ. વી. પી. શાહને સમાજશાસ્ત્રના રીડરની જગ્યા પર તા. ૧-૧૦-૧૯૭૨થી કાયમ કરવા.

૧૦. સાહિત્ય અકાદમીના જનરલ કાઉન્સિલના સભ્યપદ માટેની પેનલ પર સિન્ડિકેટે તેની તા. ૧૦/૧૭/૨૬-૬-૧૯૭૨ની સભામાં ત્રણ સભ્યોની નિમણૂક કરી હતી તે પૈકી પ્રો. નિરંજન ભગતે સદરહુ પેનલ પર રહેવા અશકિત દર્શાવેલ હોઈ અન્ય સભ્યની નિમણૂક માટે વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ પેનલ પર પ્રો. નિરંજન ભગતની જગ્યાએ ગુજરાતીના રીડર ડૉ. રમણલાલ જોશીનું નામ સૂચવવું.

૧૧. યુનિવર્સિટી ગ્રંથાલયના સિનિયર ટાઈપિસ્ટ શ્રી. પી. સી. શાહને તેઓના રૂ. ૨૧૫-૧૦-૨૪૫ ઈ.બી. ૧૫-૩૯૫-૨૦-૫૧૫ના પગારધોરણમાં રૂ. ૨૪૫થી આગળ તા. ૧-૭-૧૯૭૨થી કાર્યક્ષમતા અંતરાય (Efficiency Bar) ઓળંગવા માટે મંજૂરી આપવા અંગે વિચારણા કરવા બાબત.

યુનિવર્સિટી ગ્રન્થાલયના સિનિયર ટાઈપિસ્ટ શ્રી. પી. સી. શાહની કામગીરી અંગેનો ખાનગી અહેવાલ સભાગૃહ સમક્ષ રજૂ કરવામાં આવ્યો.

તે પછી ઠરાવવામાં આવ્યું કે શ્રી. પી. સી. શાહને રૂ. ૨૧૫-૧૦-૨૪૫ ઈ.બી. ૧૫-૩૯૫-૨૦-૫૧૫ના પગારધોરણમાં રૂ. ૨૪૫થી આગળ તા. ૧-૭-૧૯૭૨થી કાર્યક્ષમતા અંતરાય ઓળંગવા માટે મંજૂરી આપવી.

૧૨. ઑર્ડિ. ૧ની પેટાકલમ નં. ૪ મુજબ યુનિવર્સિટી પ્રકાશન બોર્ડ પર સિન્ડિકેટે નીમેલા સાત સભ્યો પૈકી ચાર સભ્યો ડૉ. વાય. જી. નાયક, શ્રી. મણિશંકર પંડ્યા, આચાર્ય એમ. સી. દેસાઈ અને આચાર્ય એસ. આર. મહેતા અનુસ્નાતક વિદ્યાભવનના વડા કે માન્ય અનુસ્નાતક કેન્દ્રના વડા કે બી.યુ.ટી.ના સભ્યપદે રહેતા ન હોઈ બે સભ્યોને ચાલુ રાખીને બીજા બે સભ્યોની નિમણૂક કરવા અંગે વિચારણા કરવા બાબત.

[**નોંધ.**—(અ) સદરહુ બોર્ડ પર નીચેના સાત સભ્યો છે :

૧. ડૉ. વાય. જી. નાયક, ૨. ડૉ. જે. જે. ચિનોય, ૩. આચાર્ય એમ. સી. દેસાઈ, ૪. પ્રો. એમ. પી. પંડ્યા, ૫. આચાર્ય વાય. પી. શુકલ, ૬. ડૉ. હરિપ્રસાદ શાસ્ત્રી, ૭ આચાર્ય એસ. આર. મહેતા.

(બ) ઉપરના સભ્યોની મુદત તા. ૨-૧૨-૧૯૭૨ના રોજ પૂરી થાય છે.

(ક) ઑ. ૧ની પેટાકલમ ૪ મુજબ સભ્યપદ અંગે નીચે પ્રમાણે વ્યવસ્થા છે :

Seven persons appointed by the Syndicate five of whom shall be from amongst the Heads of the University Departments, Heads of Recognised Institutions and the members of the B.U.T.]

આથી ઠરાવવામાં આવે છે કે યુનિવર્સિટીના પ્રકાશન બોર્ડ પર સિન્ડિકેટે નીમેલી સાત સભ્યોની સમિતિ પૈકીના બે સભ્યો ડૉ. ય. ગુ. નાયક અને શ્રી. મણિશંકર પી. પંડ્યાને બદલે તા. ૨--૧૨--૧૯૭૨ સુધીના સમયગાળા માટે ડૉ. જે. જે. ત્રિવેદી અને પ્રો. બબાભાઈ પટેલની નિમણૂક કરવી, અને આચાર્ય એમ. સી. દેસાઈ અને આચાર્ય એસ. આર. મહેતાને ચાલુ રાખવા.

૧૩. ઑ. ૩૮ હેઠળ રચાયેલ ગ્રાન્ટ્સ યુટિલાઈઝેશન કમિટી પર ડૉ. વાય. જી. નાયકની ખાલી પડેલ જગ્યા પર તા. ૧૬--૧૧-૧૯૭૨ સુધીના સમય માટે અન્ય સભ્યની નિમણૂક કરવા અંગે વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ સમિતિ પર ડૉ. ય. ગુ. નાયકને બદલે ડૉ. એલ. ડી. દવેની નિમણૂક કરવી.

૧૪. યુનિવર્સિટી દ્વારા અપાતી જુદી જુદી સ્કોલરશિપ એનાયત કરવા માટે રચાયેલી રિસર્ચ સ્કોલરશિપ સમિતિની મુદત તા. ૭-૧-૧૯૭૨ના રોજ પૂરી થઈ હોવાથી તે પર તા. ૮-૧-૧૯૭૨થી ત્રણ વર્ષ માટે નવા સભ્યોની નિમણૂક કરવા વિચારણા કરવા બાબત :

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ શિષ્યવૃત્તિ સમિતિ પર નીચેના સભ્યોની નિમણૂક કરવી અને સદરહુ સમિતિની તેના સભ્યપદની મુદત આ ઠરાવની તારીખથી ત્રણ વર્ષ માટેની રાખવી :

(૧) આચાર્ય આર. વી. શાસ્ત્રી
(૨) આચાર્ય વી. એ. વ્યાસ
(૩) આચાર્ય બી. એમ. પીરજાદા
(૪) પ્રો. ડી. એન. પાઠક
(૫) પ્રો. કે. આર. ચંદ્રશેખરન
(૬) ડૉ. કે. જી. દેસાઈ
(૭) ડૉ. જે. જે. ચિનોય
(૮) ડૉ. એમ. એન. દેસાઈ
(૯) આચાર્ય એમ. એસ. પંડિત.

૧૫. ગાંધીધામ--કૉલેજિયેટ બોર્ડ, આદિપુર તરફથી જૂન ૧૯૭૩થી આદિપુર ખાતે શરૂ કરાનાર નવી વાણિજ્યની કૉલેજ અંગેની અરજી પર નીમેલ સ્થાનિક તપાસસમિતિના એક સભ્ય પ્રિન્સિ. આર. એલ. સંઘવીએ સમિતિ પર કામ કરવા અશક્તિ દર્શાવી હોઈ તેમની જગ્યાએ અન્ય સભ્યની નિમણૂક કરવા બાબત.

(**નોંધ.**—સ્થાનિક તપાસસમિતિના અન્ય સભ્ય પ્રો. જી. આર. દેસાઈ છે.)

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ સ્થાનિક તપાસસમિતિ પર આચાર્ય આર. એલ. સંઘવીની જગ્યાએ પ્રો. એસ. બી. વોરાની નિમણૂક કરવી.

૧૬. પારેખ બ્રધર્સ સાયન્સ કૉલેજ, કપડવંજની ગવર્નિંગ બોડીમાં યુનિવર્સિટીના પ્રતિનિધિનું નામ મોકલવા સદરહુ કૉલેજના આચાર્યશ્રીના તા. ૨૨--૬--૧૯૭૨ના પત્ર પર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ કૉલેજની ગવર્નિંગ બોડીમાં આ યુનિવર્સિટીના પ્રતિનિધિ તરીકે ડૉ. વી. સી. શાહને નીમવા.

૧૭. શાહ કે. એસ. આર્ટ્સ ઍન્ડ વી. એમ. પારેખ કૉમર્સ કૉલેજ, કપડવંજના આચાર્યશ્રીના તા. ૨૦-૬-૧૯૭૨ના પત્રના સંદર્ભમાં સદરહુ કૉલેજના ગવર્નિંગ બૉડીમાં યુનિવર્સિટીના પ્રતિનિધિની નિમણૂક કરવા અંગે વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ કૉલેજની ગવર્નિંગ બૉડી ઉપર આ યુનિવર્સિટીના પ્રતિનિધિ તરીકે શ્રી. સત્યેન્દ્રભાઈ કા. ઝવેરીને નીમવા.

૧૮. આર્ટ્સ ઍન્ડ કૉમર્સ કૉલેજ, તલોદમાં સ્થાપવામાં આવેલ ગુજરાતી વિષયના અનુસ્નાતક કેન્દ્રના પ્રોફેસર-ઈન-ચાર્જ શ્રી. આર. એમ. દેસાઈ તા. ૧૫-૬-૧૯૭૨થી રાજીનામું આપી છૂટા થયા હોવાથી તેમની જગ્યાએ તે કૉલેજમાં જોડાયેલ પ્રો. જે. જે. દવેની નિમણૂક કરવા અંગે વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ અનુસ્નાતક કેન્દ્રના પ્રોફેસર-ઈન-ચાર્જ તરીકે શ્રી. આર. એમ. દેસાઈને બદલે પ્રો. જે. જે. દવેની નિમણૂક કરવી.

૧૯. ૧૯૭૨-૭૩ના ચાલુ શૈક્ષણિક વર્ષથી રાષ્ટ્રીય સેવા યોજનાના નવા ૧૦ એકમો જુદી જુદી ૨૦ કૉલેજોમાં સ્થાપવામાં આવ્યા છે તે પૈકી ન્યૂ લૉ કૉલેજના આચાર્ય તરફથી સૂચવવામાં આવેલ અધ્યાપક-ઈન-ચાર્જ તરીકે પ્રો. કે. ડી. શાહની નિમણૂક કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ કૉલેજના રાષ્ટ્રીય સેવા યોજનાના એકમમાં અધ્યાપક-ઈન-ચાર્જ તરીકે પ્રો. કે. ડી. શાહને નીમવા.

૨૦. સેનેટના હોદ્દાગત સભ્ય આચાર્ય જગદીશ જયંતિલાલ દવેને યુનિવર્સિટી ધારાની કલમ ૨૫(૨) અનુસાર શિક્ષણ સહિત વિનયનની વિદ્યાશાખા હેઠળ કોઈ એક અભ્યાસસમિતિનું સભ્યપદ આપવા અંગે વિચારણા કરવા બાબત.

[**નોંધ.**— (૧) આચાર્ય દવે સ્નાતક પદવી પાસ વર્ગ સાથે ગુજરાતી વિષયમાં ધરાવે છે. (અનુસ્નાતક પદવી બીજા વર્ગમાં ગુજરાતીમાં જ ધરાવે છે.)

(૨) આચાર્ય દવેએ મરાઠીની અભ્યાસસમિતિ પર કામ કરવા પસંદગી દર્શાવી છે.]

આથી ઠરાવવામાં આવે છે કે આચાર્ય જગદીશ જયંતિલાલ દવેને ગુજરાતીની અભ્યાસસમિતિનું સભ્યપદ આપવું.

૨૧. વિજ્ઞાન વિદ્યાભવનમાંના સ્ટેટિસ્ટિક્સ વિભાગ તરફથી યુનિવર્સિટી ગ્રાન્ટ્સ કમિશનની આર્થિક સહાયથી મે-જૂન ૧૯૭૨માં યોજવામાં આવેલ ગ્રીષ્મ સંસ્થામાં વિજ્ઞાન વિદ્યાભવનના નીચે જણાવેલ શિક્ષકગણ અને બિનશિક્ષકગણ કર્મચારીઓએ આપેલ વધારાની સેવાઓ અંગે તેઓને તેમનાં નામ સામે દર્શાવેલ મહેનતાણાની રકમ ચૂકવવા માટે ગ્રીષ્મ સંસ્થાના અધ્યક્ષ શ્રી. સી. જી. ખત્રીના તા. ૨૯-૬-૧૯૭૨ના પત્ર પરત્વે વિચારણા કરવા બાબત :

ક્રમાંક	કર્મચારીનું નામ	હોદ્દો	સૂચવેલ મહેનતાણાની રકમ રૂ.	મૂળ પગાર રૂ.
૧.	ડૉ. સી. જી. ખત્રી	પ્રોફેસર	૮૦૦	૧,૪૨૦
૨.	શ્રી. એમ. સી. જયસ્વાલ	રીડર	૪૨૯	૧,૦૫૦
૩.	શ્રી. કે. આર. શાહ	રીડર	૪૩૦	૯૫૦
૪.	શ્રી. એ. વી. ગજજર	લેક્ચરર	૪૨૯	૬૮૦

ક્રમાંક	કર્મચારીનું નામ	હોદ્દો	સૂચવેલી મહેનતાણાની રકમ રૂ.	મૂળ પગાર રૂ.
૫.	શ્રી. બી. બી. જાની	લેકચરર	૪૨૯	૬૦૦
૬.	શ્રી. વાય. કે. શાહ	લેકચરર	૪૨૯	૬૪૦
૭.	શ્રી. આઈ. ડી. પટેલ	લેકચરર	૪૨૯	૪૦૦
૮.	શ્રી. આર. બી. શાહ	ક્લાર્ક	૨૫૦	૨૨૩
૯.	શ્રી. બી. જે. પરમાર	પટાવાળા	૯૦	૧૫૩
૧૦.	શ્રી. પી. એસ. ચિત્રે	પટાવાળા	૯૦	૯૪
૧૧.	શ્રી. એ. સી. વાઘેલા	સફાઈ કામદાર (બહારના છે).	૨૫	—
૧૨.	શ્રી. જુગા ચૂના	સફાઈ કામદાર	૨૦	૧૫૩
૧૩.	શ્રી. એસ. એ. ત્રિવેદી	હૉસ્ટેલ ક્લાર્ક	૫૦	૨૪૩

આથી ઠરાવવામાં આવે છે કે ઉપર જણાવેલા સભ્યો પૈકી ક્રમાંક ૧થી ૮ અને ૧૩ને ૧૯૭૨--૭૩ના વર્ષ દરમ્યાનનું સદરહુ સભ્યોનું યુનિવર્સિટીના કામકાજ સિવાયનાં બીજાં કામકાજો અંગેનું કુલ વેતન તેમના કુલ વાર્ષિક મૂળ પગાર(basic salary)ના ત્રીસ ટકા કરતાં વધે નહીં તે શરતે અને તેની મર્યાદામાં રહીને ઉપર જણાવેલ કામકાજ માટે તેમનાં નામ સામે જણાવેલ વધારાનું વેતન સ્વીકારવા માટે પરવાનગી આપવી.

વધુમાં ઉપર ક્રમાંક ૯ થી ૧૨ને સદરહુ કામકાજ માટે તેમનાં નામ સામે જણાવેલ વધારાનું વેતન સ્વીકારવા માટે પરવાનગી આપવી.

૨૨. મે--જૂન ૧૯૭૨માં યોજવામાં આવેલ આઈ.સી.એસ.એસ.આર. રિસર્ચ મેથડ્સ વર્કશોપ (સોશિયોલોજી)માં સમાજવિદ્યા ભવનના નીચે જણાવેલ શિક્ષકોએ આપેલ વધારાની સેવા અંગે તેમનાં નામ સામે જણાવેલ રકમ માનદ વેતન તરીકે આપવા માટે ભવનના અધ્યક્ષશ્રીના તા. ૨૩--૬--૧૯૭૨ના પત્ર પરત્વે વિચારણા કરવા બાબત :

ક્રમાંક	શિક્ષકનું નામ	સૂચવેલ માનદ વેતનની રકમ રૂ.	હાલ મળતો મૂળ પગાર રૂ.
૧.	ડૉ. વી. પી. શાહ	૧૦૦૦	૧,૦૫૦
૨.	ડૉ. ટી. એન. પટેલ	૬૦૦	૧,૨૦૦
૩.	શ્રી. ઈ. જે. મશીહી	૬૦૦	૬૮૦
૪.	શ્રી. ડી. બી. દેસાઈ	૬૦૦	૫૬૦
૫.	શ્રી. એ. આર. શાહ	૬૦૦	૬૪૦

આથી ઠરાવવામાં આવે છે કે સને ૧૯૭૨–૭૩ના વર્ષ દરમ્યાનનું સદરહુ સભ્યોનું યુનિવર્સિટીના કામકાજ સિવાયનાં બીજાં કામકાજો અંગેનું કુલ વેતન તેમના કુલ વાર્ષિક મૂળ પગાર(basic salary)ના ત્રીસ ટકા કરતાં વધે નહીં તે શરતે અને તેની મર્યાદામાં રહીને ઉપર જણાવેલ કામકાજ માટે તેમનાં નામ સામે જણાવેલ વધારાનું વેતન સ્વીકારવા માટે પરવાનગી આપવી.

૨૩. ચંદીગઢ મુકામે તા. ૨-૧-૧૯૭૩થી તા. ૮-૧-૧૯૭૩ના અરસામાં યોજનાર ઇન્ડિયન સાયન્સ કૉંગ્રેસના અધિવેશનમાં વિજ્ઞાન વિદ્યાભવનના નીચેના શિક્ષકોને મોકલવા અંગેના અધ્યક્ષશ્રીના તા. ૩૦-૬-૧૯૭૨ના પત્ર ઉપર વિચારણા કરવા બાબત :

ક્રમાંક	શિક્ષકનું નામ	વિભાગ
૧.	પ્રો. વી. સી. શાહ અથવા શ્રી. એમ. એસ. દુબળે	ઝૂલોજી
૨.	પ્રો. સી. જી. ખત્રી અથવા ડૉ. એમ. સી. જયસ્વાલ	સ્ટેટિસ્ટિક્સ
૩.	ડૉ. એન. એમ. પંડ્યા અથવા ડૉ. વી. બી. ગોલેલ	ફિઝિક્સ
૪.	ડૉ. એ. એમ. વૈદ્ય	મથેમેટિક્સ
૫.	ડૉ. એમ. એન. દેસાઈ અથવા ડૉ. આર. કે. શાહ	કેમિસ્ટ્રી
૬.	ડૉ. સી. કે. શાહ	બોટાની

આથી ઠરાવવામાં આવે છે કે વિજ્ઞાન વિદ્યાભવનના સદરહુ અધ્યાપકોને ઇન્ડિયન સાયન્સ કૉંગ્રેસના આગામી અધિવેશનમાં વિજ્ઞાન વિદ્યાભવનના પ્રતિનિધિઓ તરીકે ભાગ લેવા માટે મંજૂરી આપવી.

૨૪. વિજ્ઞાન વિદ્યાભવનમાં વનસ્પતિશાસ્ત્રના રીડર તરીકે કામ કરતા ડૉ. એમ. એમ. લાલોરિયાને ઉનાળા ની રજા દરમિયાન સમર ઇન્સ્ટિટ્યૂટ ઇન બાયોલોજી એટ રાજકોટમાં વ્યાખ્યાનો આપવા તથા તે અંગેનું રૂ. ૪૦૦નું વેતન સ્વીકારવાની મંજૂરી માગતા તેઓના તા. ૧૬-૬-૧૯૭૨ના પત્ર ઉપર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે વનસ્પતિવિજ્ઞાનના રીડર ડૉ. એમ. એમ. લાલોરિયાને સદરહુ કામગીરી સ્વીકારવા માટે તથા તે માટેનો રૂ. ૪૦૦ નો પુરસ્કાર સને ૧૯૭૨-૭૩ના વર્ષ દરમ્યાનનું યુનિવર્સિટીનાં કામકાજ સિવાયનાં બીજાં કામકાજોનું કુલ વેતન તેમના કુલ વાર્ષિક મૂળ પગાર(basic salary)ના ત્રીસ ટકા કરતાં વધે નહીં તે શરતે અને તેની મર્યાદામાં રહીને સ્વીકારવા પરવાનગી આપવી.

૨૫. સમાજવિદ્યા ભવનના સર્વશ્રી ઈ. જે. મશીહી, ડી. બી. દેસાઈ અને એ. આર. શાહને સ્કૂલ ઑફ પ્લાનિંગનાં વ્યાખ્યાનો આપવા અંગેના મળેલા નિમંત્રણના સ્વીકાર કરવાની પરવાનગી આપવા તથા તે અંગેનું એક સેમેસ્ટરનું અંદાજે વ્યકિત દીઠ રૂ. ૮૦૦નું વેતન સ્વીકારવાની પરવાનગી આપવા ભવનના અધ્યક્ષશ્રીના તા. ૧૭-૬-૧૯૭૨ના પત્ર ઉપર વિચારણા કરવા બાબત.

(**નોંધ.**— આ કામ માટે સર્વશ્રી શાહ, મશીહી તથા દેસાઈને આ૨ાભ્યાસક્રમ દરમિયાન એક કલાકના રૂ. ૨૦થી ૨૧ લેખે ૧૬ અઠવાડિયાના એક સેમેસ્ટરના રૂ. ૮૦૦ જેટલું વેતન દરેકને મળશે.)

આથી ઠરાવવામાં આવે છે કે સમાજવિદ્યા ભવનના અધ્યાપકો સર્વશ્રી ઈ .જે. મશીહી, ડી. ડી. દેસાઈ અને એ. આર. શાહને સદરહુ કામગીરી સ્વીકારવા માટે તથા તે માટે પ્રત્યેકને રૂ. ૮૦૦ સુધીનો પુરસ્કાર સ્વીકારવા માટે, સને ૧૯૭૨-૭૩ના વર્ષ દરમ્યાનનું યુનિવર્સિટીના કામકાજ સિવાયનાં બીજાં કામકાજો અંગેનું કુલ વેતન તેમના કુલ વાર્ષિક મૂળ પગાર (basic salary)ના ત્રીસ ટકા કરતાં વધે નહીં તે શરતે અને તેની મર્યાદામાં રહીને સ્વીકારવા પરવાનગી આપવી.

૨૬. આઈ.સી.એસ.એસ.આર., ન્યૂ દિલ્હીની આર્થિક સહાય હેઠળ સમાજવિદ્યા ભવન તરફથી મે--જૂન ૧૯૭૨માં યોજવામાં આવેલ રિસર્ચ મેથડ્ઝ વર્કશોપ (સોશિયોલોજી) માટે ભવનના કર્મચારીઓએ આપેલ વધારાની સેવાનું મહેનતાણું સ્વીકારવાની પરવાનગી આપવા અંગે ભવનના અધ્યક્ષશ્રીના તા. ૨૩-૭--૧૯૭૨ના પત્ર પર-વે વિચારણા કરવા બાબત :

ક્રમાંક	કર્મચારીનું નામ	હોદ્દો	સૂચવેલ મહેનતાણાની રકમ	હાલનો મળતો પગાર
			રૂ.	રૂ.
૧.	શ્રી. જી. એફ. પટેલ	સ્ટેનોગ્રાફર	૨૫૦	૪૬૫
૨.	શ્રી. ડબલ્યુ. એન. ક્રિશ્ચિયન	જુ. ક્લાર્ક	૧૭૫	૨૪૩
૩.	શ્રી. એસ. એન. શાહ	,,	૧૭૫	૧૦૦
૪.	શ્રી. આર. એચ. પટેલ	,,	૫૦	૨૧૩
૫.	શ્રી. એન. ડી. વાઘેલા	પ્યૂન	૭૦	૯૪
૬.	શ્રી સી. કે. વાઘેલા	,,	૪૦	૧૫૩
૭	શ્રી. એસ. કે. વાઘેલા	,,	૨૦	૧૫૩
૮.	શ્રી. આઈ. એ. વાઘેલા	,,	૨૦	૧૫૩
૯.	શ્રી. કે. પી. દોડિયા	,,	૨૦	૧૫૩
૧૦.	શ્રી. કે. ડી. વાઘેલા	,,	૨૦	૧૨૧
૧૧.	શ્રી. એફ. એમ. પરમાર	સ્વીપર	૨૦	૧૫૩
			કુલ રૂ. ૮૬૦	

આથી ઠરાવવામાં આવે છે કે ઉપર જણાવેલા સભ્યો પૈકી ક્રમાંક ૧ થી ૪ને ૧૯૭૨--૭૩ના વર્ષ દરમ્યાનનું યુનિવર્સિટીના કામકાજ સિવાયનાં બીજાં કામકાજો અંગેનું કુલ વેતન તેમના કુલ વાર્ષિક મૂળ પગાર(basic salary)ના ત્રીસ ટકા કરતાં વધે નહીં તે શરતે અને તેની મર્યાદામાં રહીને ઉપર જણાવેલ કામકાજ માટે તેમનાં નામ સામે જણાવેલ વધારાનું વેતન સ્વીકારવા માટે પરવાનગી આપવી.

વધુમાં ઉપર ક્રમાંક ૫ થી ૧૧ને સદરહુ કામકાજ માટે તેમનાં નામ સામે જણાવેલ વધારાનું વેતન સ્વીકારવા માટે પરવાનગી આપવી.

૨૭. સ્ટેટ યુનિવર્સિટી ઑફ ન્યૂયૉર્ક, બફેલો તરફથી તેમની યુનિવર્સિટીના ૨૦ અમેરિકન ગ્રેજ્યુએટ વિદ્યાર્થીઓ ભારતીય સંસ્કૃતિ તથા ભારતના શૈક્ષણિક કાર્યક્રમો માટે ચાર માસ માટે ગુજરાત યુનિવર્સિટીની મુલાકાતે આવ્યા હતા તે અંગેના રૂ. ૬૫,૬૧૮ના પુનર્નિમિત અંદાજને મંજૂર કરવા તથા નીચે જણાવેલ કર્મચારીઓને તે

અંગેની કામગીરી બજાવી તે અંગે વેતન સ્વીકારવા અંગેની પરવાનગી આપવા અંગે વિચારણા કરવા બાબત :

ક્રમાંક	કર્મચારીનું નામ	મૂળ પગાર	અગાઉ મૂકવેલ રકમ	હવે સૂચવેલ વેતનની રકમ	કુલ વેતનની રકમ
		રૂ.	રૂ.	રૂ.	રૂ.
૧.	પ્રો. ડી. એન. પાઠક (કો-ઑર્ડિનેટર તરીકે)	૧૩૬૦	—	૭,૦૦૦	૭,૦૦૦
૨.	શ્રી. ટી. એ. ભાસ્કર	૪૬૧	૩૦૦	૭૦૦	૧,૦૦૦
૩.	શ્રી. એસ. એન. શાહ	૧૦૦ (અનમર્જ્ડ)	૧૩૧	૩૦૦	૪૩૫
૪.	શ્રી. ડબલ્યુ. એચ. ક્રિશ્ચિયન	૨૪૩	૧૬૧	૫૦૦	૬૬૧
૫.	શ્રી. આર. એચ. પટેલ	૨૧૩	૪૦	૧૦૦	૧૪૦
૬.	શ્રી. જે. પી. ચૌહાણ	૧૫૩	૪૦	૬૦	૧૦૦
	પટાવાળા				
૧.	શ્રી. ચિમનલાલ કે. વાઘેલા	૧૫૩	૨૦	૨૦	૪૦
૨.	શ્રી. કાંતિલાલ પી. ડોડિયા	૧૫૩	૨૦	૨૦	૪૦
૩.	શ્રી. કાંતિલાલ ડી. વાઘેલા	૧૨૧	—	૨૦	૨૦
૪.	શ્રી. નાનજી ડી. વાઘેલા	૯૪	૨૦	૧૦૦	૧૨૦
૫.	શ્રી. રમણલાલ વી. બાલેન્દ	૯૪	૨૦	૨૦	૪૦
૬.	શ્રી. કાન્તિદાસ સી. સોલંકી	૯૪	૨૦	૨૦	૪૦
			૭૮૦	૮,૮૬૦	૯,૬૪૦
	રહેવા તથા જાળવણીની વ્યવસ્થા માટે :				
૧.	ડૉ. એચ. વી. સુથાર	—	—	૧૦૦૦	૧૦૦૦
૨.	શ્રી. પી. ડી. મિસ્ત્રી (એસ્ટેટ સુપરિન્ટેન્ડન્ટ)	૬૮૨	—	૩૦૦	૩૦૦
૩.	શ્રી. ડી. બી. ચુતરીયા (બિલ્ડિંગ સુપરવાઈઝર)	૨૪૮ (અનમર્જ્ડ)	—	૧૫૦	૧૫૦
૪.	શ્રી. એન. પી. બારોટ (વર્કમેન)	૧૫૩	—	૭૫	૭૫
૫.	શ્રી. ડી. એન. વ્યાસ (વાયરમેન)	૨૧૨	—	૭૫	૭૫
૬.	શ્રી. જે. વી. સુથાર (સુથાર)	૨૧૯	—	૭૫	૭૫
				૧,૬૭૫	૧,૬૭૫

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બાબતની વિચારણા મોકૂફ રાખવી.

૨૮. યુનિવર્સિટીના મુખ્ય કાર્યાલયના મકાનમાં ખૂલેલી સ્ટેટ બૅંક ઑફ ઇન્ડિયાની પેટાકચેરીમાં યુનિવર્સિટી છાત્રાલયનો બૅંક એકાઉન્ટ ખોલવા માટે વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે યુનિવર્સિટીનાં છાત્રાલયોનો બૅન્ક એકાઉન્ટ સ્ટેટ બૅન્ક ઑફ ઇન્ડિયાની યુનિવર્સિટીના મુખ્ય કાર્યાલયના મકાનમાં શરૂ કરવામાં આવેલી પેટાકચેરીમાં ખોલવા માટે મંજૂરી આપવી તથા તે બૅન્ક એકાઉન્ટમાં લેવડદેવડ (ઓપરેટ) કરવા માટે સંયુકત રીતે શ્રી. હિસાબનીશ અને રેસિડન્ટ પ્રોફેસરને સત્તા આપવી.

૨૯. યુનિવર્સિટી કાર્યાલયના મકાનમાં સ્ટેટ બૅંક ઑફ ઇન્ડિયાની શાખા શરૂ કરવામાં આવી છે તે જોતાં યુનિવર્સિટીની "કેશ ઇન ટ્રાન્ઝિટ"નો રૂ. ૨૨,૦૦,૦૦૦નો વીમો એલ.આઈ.સી. પાસે ઉતરાવેલ છે તેના બદલે હવે નીચે પ્રમાણે "કેશ ઇન ટ્રાન્ઝિટ"નો વીમો લેવા વિચારણા કરવા બાબત:

૧. યુનિવર્સિટીમાંથી બૅન્કોમાં જે રકમો લઈ જવા-લાવવામાં આવે તે વાર્ષિક રૂ. ૩,૦૦,૦૦૦
૨. યુનિવર્સિટીની તિજોરીમાં રૂ. ૧૦,૦૦૦ સુધીની રકમ રહે તેના.
૩. યુનિવર્સિટીમાંથી મનીઑર્ડરો, ડ્રાફ્ટ વગેરે કઢાવવા લઈ જવાની રકમ વાર્ષિક રૂ. ૧,૦૦,૦૦૦.
૪. પોસ્ટ ઑફિસમાંથી લાવવામાં આવે તે રકમ વાર્ષિક રૂ. ૨,૦૦,૦૦૦.

આથી ઠરાવવામાં આવે છે કે યુનિવર્સિટી કાર્યાલયના મકાનમાં સ્ટેટ બૅન્ક ઑફ ઇંન્ડિયાની પેટાકચેરી શરૂ કરવામાં આવી છે તે જોતાં યુનિવર્સિટીની 'કેશ ઇન ટ્રાન્ઝિટ' નો રૂપિયા બાવીસ લાખનો વીમો ઉતરાવવામાં આવે છે તે બંધ કરવો અને તેને બદલે 'કેશ ઇન ટ્રાન્ઝિટ' નો ઉપર મુજબ વીમો લેવા માટે મંજૂરી આપવી તથા તે અંગે જરૂરી કાર્યવાહી અને ખર્ચ કરવા માટે કુલપતિશ્રીને સત્તા આપવી.

૩૦. આણંદ નગરપાલિકા જનરલ હૉસ્પિટલ, આણંદને ઓ. ૨૭૨ અને ૨૭૨-એ મુજબ ફરજિયાત રોટેટિંગ હાઉસમેનશિપ માટે માન્યતા આપવા સિન્ડિકેટે તેની તા. ૧૦/૧૧-૭-૧૯૭૧ની સભામાં નીમેલી સ્થાનિક તપાસસમિતિની નીચેની ભલામણ ઉપર વિચારણા કરવા બાબત:

"We recommend two intents totally to be posted in Municipal Hospital, Anand, one each on Surgical and Gynaecology Departments. If further accommodation is available two more (one on Surgical and one on Gynaecological) side may be recommended."

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ સમિતિની ઉપરની ભલામણ મંજૂર કરવી.

બાબત નં. ૩૧ અને ૧૪૭ની વિચારણા સાથે કરવામાં આવી.

૩૧. ચોથી પંચવર્ષીય યોજના હેઠળ સંલગ્ન કૉલેજોમાં અનુ. આચાર્યો અને અનુ. શિક્ષકોને આપવાના અનુક્રમે રૂ. ૮૦૦-૫૦-૧,૨૫૦ અને રૂ. ૭૦૦-૪૦-૧૧૦૦ના પગારધોરણ અંગેની યાદીઓ કૉલેજોને પરિપત્રિત કરવા અને તે પરત્વે કૉલેજો તેમ જ શિક્ષકો તરફથી જે સૂચનો કે રજૂઆત થાય તે પુનઃસિન્ડિકેટ સમક્ષ રજૂ કરવાનું સિન્ડિકેટે તેની તા. ૬-૫-૧૯૭૨ની સભામાં ઠરાવ્યું હતું તે અનુસાર કેટલીક કૉલેજોના કેટલાક શિક્ષકો તરફથી આવેલાં સૂચનોને અનુલક્ષીને જરૂર જણાય તો તે યાદીમાં સુધારાવધારા કરવા અંગે વિચારણા કરીને ઘટતો નિર્ણય કરવા બાબત.

અને

૧૪૭. ચોથી પંચવર્ષીય યોજના હેઠળ સંલગ્ન કૉલેજોના શિક્ષકોનાં સુધારેલાં પગારધોરણોમાં આચાર્યો અને શિક્ષકો પૈકી અનુક્રમે રૂ. ૮૦૦-૧,૨૫૦ અને રૂ. ૭૦૦-૧,૧૦૦નાં પગારધોરણોને પાત્ર આચાર્યો અને શિક્ષકોની

યાદી બનાવવાની છે. તેમનો અનુસ્નાતક શિક્ષણકાર્યનો અનુભવ તા. ૧--૪--૧૯૬૬ના રોજ ઓછામાં ઓછો એક વર્ષનો હોવો જરૂરી છે તેવી સ્પષ્ટતા કરવા શિક્ષણ અને મજૂર વિભાગના સેક્શન ઑફિસરના શિક્ષણનિયામકને લખેલા તા. ૩--૭--૧૯૭૨ના પત્રાંક યુ.જી.સી. મે. ૧૦૭૨--૪૧૫૬૧--ખ જેની નકલ શિક્ષણનિયામકશ્રીએ તેમના તા. ૭--૭--૧૯૭૨થી આ યુનિવર્સિટીને મોકલી છે તે પર વિચારણા કરવા બાબત.

(નોંધ.—સદરહુ યાદી તૈયાર કરતી વખતે તા. ૧--૪-૧૯૬૬ પહેલાંનો અનુ. શિક્ષણનો એક વર્ષનો જરૂરી અનુભવ તા. ૧૧-૬--૧૯૬૧થી તા. ૧૧--૩--૧૯૬૬ ગણતરીમાં લેવામાં આવેલ, જ્યારે હવે તે અનુભવને તા. ૧--૪--૧૯૬૬ પહેલાંના ઓછામાં ઓછા એક વર્ષના અનુભવ તરીકે ગ્રાહ્ય ગણવામાં આવશે નહિ, તેવી સ્પષ્ટતા આવી છે તે જોતાં તૈયાર કરેલ યાદી પર પુનઃ વિચારણા કરવાની રહે છે.)

કેટલીક ચર્ચાવિચારણાને અંતે ઠરાવવામાં આવ્યું કે —

(૧) ચોથી પંચવર્ષીય યોજના હેઠળ સંલગ્ન કૉલેજોમાં સદરહુ અનુસ્નાતક પગારધોરણોના સંદર્ભમાં રાજ્ય સરકારે તેના તા. ૭-૭-૧૯૭૨ના પત્રથી એક વર્ષનો અનુસ્નાતક શિક્ષણનો અનુભવ તા. ૧--૪--૧૯૬૬થી તા. ૩૧--૩--૧૯૬૭ સુધીનો ગણવાનું ઠરાવ્યું છે તે અંગે રાજ્ય સરકારને સ્પષ્ટતા કરીને જણાવવું કે યુનિવર્સિટીનું શૈક્ષણિક વર્ષ તા.૧૫મી જૂનથી શરૂ થતું હોઈ જે શિક્ષકોનો અનુસ્નાતક શૈક્ષણિક અનુભવ તા.૧૫--૬--૧૯૬૬થી શરૂ થતો હોય તે અનુસ્નાતક શિક્ષકનો અનુભવ કેલેન્ડર વર્ષનો અનુભવ નહીં ગણતાં શૈક્ષણિક વર્ષનો ગણવો.

(૨) સદરહુ બાબત અંગે જુદી જુદી કૉલેજોના આચાર્યો-અધ્યાપકો તરફથી આવેલી રજૂઆતના પત્રો સમગ્ર રીતે જોઈ-તપાસીને પોતાની સુચિંતિત ભલામણો રજૂ કરવા માટે નીચેના સભ્યોની સમિતિને જણાવવું :

(૧) પ્રો. કે. એસ. શાસ્ત્રી
(૨) ડૉ. એમ. એન. દેસાઈ
(૩) શ્રી. એસ. કે. ઝવેરી
(૪) શ્રી. બી. એમ. પટેલ, ડેવલપમેન્ટ ઑફિસર.

૩૨. બી. ડી. સાયન્સ કૉલેજ, અમદાવાદના મકાનની ક્ષમતા અંગે સિન્ડિકેટે નીમેલ સમિતિના અહેવાલ પર વિચારણા કરવાનો બાબત પર સિન્ડિકેટે તેની તા. ૧૦/૧૭/૨૬--૬--૧૯૭૨ની સભામાં નીચે મુજબ ઠરાવ કરેલ છે તો તે અંગે આગળ વિચારણા કરવા બાબત :

"વધુમાં સદરહુ કૉલેજ અંગેના બીજા પ્રશ્નની બાબતની વિચારણા બાકી રાખવામાં આવી હતી."

આથી ઠરાવવામાં આવે છે કે બી. ડી. સાયન્સ કૉલેજ, અમદાવાદને નીચેની બાબતો અંગે પંદર દિવસમાં ઘટતું કરી જાણ કરવા કહેવું :

(૧) પ્રયોગશાળામાં પ્રાયોગિક કાર્ય માટે વપરાતાં બેલેન્સ તથા અન્ય સાધનો જો ચાલુ હાલતમાં ન હોય તો તેને વપરાશ યોગ્ય કરવાં;
(૨) ગ્રન્થાલય(વાચનાલયના ખંડ સહિત)માં જરૂરી સુવિધા માટે યોગ્ય વ્યવસ્થા કરવી; અને
(૩) જૂન ૧૯૭૨થી જોડાણ માટેની અરજી પર સેનેટે મૂકેલી શરતોના પરિપાલનનો અહેવાલ મોકલી આપવો.

વધુમાં ઠરાવવામાં આવે છે કે બી. ડી. સાયન્સ કૉલેજ, અમદાવાદની જૂન ૧૯૭૨થી જોડાણ માટેની આવેલી અરજી પર સેનેટે મૂકેલી શરતોનું યથાર્થ પરિપાલન સદરહુ કૉલેજે કરેલું છે કે કેમ તે તથા પ્રયોગશાળા અને ગ્રંથાલયની બાબતમાં તથા અન્ય જરૂરી પાસાંઓ અંગે તપાસ કરી પોતાનો સુચિંતિત અહેવાલ રજૂ કરવા માટે નીચેના સભ્યોની બનેલી સમિતિ નીમવી :

(૧) શ્રી. આઈ. એ. મોદી
(૨) ડૉ. એમ. એન. દેસાઈ
(૩) આચાર્ય એમ. સી. શાહ
(૪) ડૉ. એલ. ડી. દવે
(૫) આચાર્ય ડૉ. વી. એ. વ્યાસ.

૩૩. માર્ચ--એપ્રિલ ૧૯૭૨માં લેવાયેલ જુદી જુદી પરીક્ષાઓ દરમ્યાન વિદ્યાર્થીઓએ આજમાવેલ ગેર-વાજબી ઈલાજો અંગેના કેસો પર વિચારણા કરવા તા. ૧૩/૧૮--૭--૧૯૭૨ના રોજ મળેલ પરીક્ષા શુદ્ધિસમિતિની દશમી અને અગિયારમી સભાની ભલામણો પર વિચારણા કરવા બાબત.

અને

૧૨૮. માર્ચ--એપ્રિલ ૧૯૭૨માં લેવાયેલ જુદી જુદી પરીક્ષાઓ દરમ્યાન વિદ્યાર્થીઓએ આજમાવેલ ગેર-વાજબી ઈલાજો અંગેના કેસો પર તેમ જ પ્રાધ્યિનક--પરીક્ષકો અને નિરીક્ષકોના હસ્તક થયેલ ભૂલો અંગેના કેસો પર તા. ૨૬/૨૭--૭--૧૯૭૨ના રોજ વિચારણા કરવા મળેલ પરીક્ષા શુદ્ધિસમિતિની ભલામણો પર વિચારણા કરવા બાબત.

બાબત નં. ૩૩ અને ૧૨૮નો વિચારણા સાથે કરવામાં આવી.

તે પગ્રે ઠરાવવામાં આવ્યું કે સદરહુ સમિતિની તા. ૧૩/૧૮--૭--૧૯૭૨ તથા તા. ૨૬/૨૭--૭--૧૯૭૨ની સભાની ભલામણો મંજૂર કરવી.

(સદરહુ સમિતિઓની ભલામણો સામેલ કરવામાં આવી નથી.)

૩૪. નોકરી કરતાં કરતાં અભ્યાસ કરી ખોટી હાજરી પુરાવ્યા બાબતની ફરિયાદ અંગેના કેસો પર વિચારણા કરી રિપોર્ટ કરવા અંગે તા. ૪/૫--૧--૧૯૬૯ તથા તા. ૧૩/૧૬--૧૦--૧૯૭૧ના રોજ મળેલ સિન્ડિકેટની સભાએ નીમેલી સમિતિની સભાની તા. ૪--૮--૧૯૭૧ તથા તા. ૮--૭--૧૯૭૨ની ભલામણો પર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ સમિતિની તા. ૪--૮--૧૯૭૧ તથા તા. ૮--૭--૧૯૭૨ની સભાની ભલામણો મંજૂર કરવી.

(સદરહુ સમિતિની તા. ૪-૮-૧૯૭૧ તથા તા. ૮-૭-૧૯૭૨ની સભાની કાર્યવાહીની નકલ **પરિશિષ્ટ "ક"** તરીકે સામેલ છે.)

૩૫. બોર્ડ ઑફ યુનિવર્સિટી ટીચિંગની તા. ૨૬--૬--૧૯૭૨ના રોજ મળેલી સભાની બાબતો ક્રમાંક ૨, ૫, ૬, ૮, ૯, ૧૦, ૧૧, ૧૨, ૧૩, ૧૫, ૧૬, ૧૭ અને ૧૮ પરની તેની ભલામણો પર વિચારણા કરવા બાબત :

(**નોંધ.**—બાબત ક્રમાંક ૩, ૪ અને ૭ એકેડેમિક કાઉન્સિલને લગતી છે એટલે વિચારવાનું રહેતું નથી.)

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બોર્ડની તા. ૨૬-૬-૧૯૭૨ના રોજ મળેલી સભાની બાબત નં ૨, ૫, ૬, ૮, ૯, ૧૦, ૧૧. ૧૨, ૧૩, ૧૫, ૧૬, ૧૭, અને ૧૮ની ભલામણો મંજૂર કરવી.

(સદરહુ બોર્ડની તા. ૨૬-૬-૧૯૭૨ની સભાની કાર્યવાહીની નકલ **પરિશિષ્ટ "ખ"** તરીકે સામેલ છે.)

૩૬. યુનિવર્સિટીના રસાયણવિજ્ઞાનના પ્રત્યેક કેન્દ્રમાં કેટલા વિદ્યાર્થીઓ દાખલ કરવા જોઈએ તે માટે નવેસરથી વિચારણા કરી પોતાનો સુચિંતિત અહેવાલ રજૂ કરવા માટે સિન્ડિકેટે તેની તા. ૯/૧૬--૧--૧૯૭૨ની સભામાં નીમેલી શ્રી. આર. ડી. પટેલ અને ડૉ. સી. એમ. દેસાઈની સમિતિએ કરેલા અહેવાલ પરત્વે વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ સમિતિનો અહેવાલ બોર્ડ ઑફ યુનિવર્સિટી ટીચિંગની વિચારણા માટે મોકલવો.

તે પછી સભાગૃહની સંમતિથી બાબત નં. ૧૩૧ વિચારણા માટે હાથ ધરવામાં આવી.

૧૩૧. સમાજવિદ્યા ભવનમાં લેકચરર ઈન લેબર વેલ્ફેરની એક જગ્યા માટે ઉમેદવારોની મુલાકાત લેવા માટે તા. ૪--૮--૧૯૭૨ના રોજ મળેલી વરણીસમિતિની ભલામણો પર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ વરણીસમિતિની ભલામણ સ્વીકારવી અને તે મુજબ શ્રી. ભરતકુમાર પાઠકને લેબર વેલ્ફેરના લેકચરરની જગ્યા પર રૂ. ૪૦૦-૪૦-૮૦૦-૫૦-૯૫૦ના પગારધોરણમાં મૂકી માસિક પગાર રૂ. ૪૫૦થી બે વર્ષના અજમાયશી ધોરણે નીમવા.

(સદરહુ વરણીસમિતિની સભાની નોંધ પરિશિષ્ટ "ગ" તરીકે સામેલ છે.)

૩૭. જે તે કૉલેજના શિક્ષકોની ફરિયાદ પરત્વે સિન્ડિકેટે અગાઉ કરેલ ઠરાવનું પાલન જે તે કૉલેજે કર્યું ન હોઈ તે પરત્વે પોતાનો સુચિંતિત અહેવાલ આપવા સિન્ડિકેટે તેની તા. ૧૦/૧૭/૨૬--૬--૧૯૭૨ની સભામાં નિયુકત કરેલ સમિતિની તા. ૩૦--૬--૧૯૭૨ની સભાની ભલામણ પર વિચારણા કરવા બાબત.

સદરહુ બાબતની વિચારણા તા. ૬-૮-૧૯૭૨ના રોજ કરવામાં આવી હતી, પરંતુ તેની નોંધ સગવડ માટે તે યથાક્રમે આપવામાં આવી છે.

આથી ઠરાવવામાં આવે છે કે શેઠ પી. ટી. આર્ટ્સ એન્ડ સાયન્સ કૉલેજ, ગોધરા; બનાસકાંઠા આર્ટ્સ એન્ડ સાયન્સ કૉલેજ, પાલનપુર; જે. એન્ડ જે. કૉલેજ ઑફ સાયન્સ, નડિયાદ; આર્ટ્સ એન્ડ સાયન્સ કૉલેજ, ભાદરણ અને સી. બી. પટેલ આર્ટ્સ ઇન્સ્ટિટ્યૂટ, નડિયાદને જણાવવાનું કે અનુક્રમે આચાર્ય ડૉ. ટી. એન. મહેતા, શ્રી. પી. ટી. પટેલ, સર્વશ્રી એચ. વી. શાહ અને કે. પી. દાવડા, શ્રી. કે. ડી. પટેલ અને શ્રી. એન. એમ. જોશીની ફરિયાદો અંગે સિન્ડિકેટે અગાઉ કરેલા ઠરાવનું તા. ૭-૯-૧૯૭૨ સુધીમાં પાલન કરીને જાણ કરવી, અન્યથા તેઓની કૉલેજને અપાતી આર્થિક સહાય અટકાવવા અંગેનાં પગલાં લેવા રાજ્ય સરકારને જણાવવાની ફરજ પડશે.

વધુમાં સદરહુ બાબતના સંદર્ભમાં શ્રી. એસ. એસ. મહેતા આર્ટ્સ અને શ્રી. એમ. એન. પટેલ કૉમર્સ કૉલેજ, હિંમતનગરના અધ્યાપક શ્રી. સી. એમ. સુથારના કેસ અંગે પણ વિચારણા કરવામાં આવી અને તે અંગે ઠરાવવામાં આવ્યું કે સદરહુ કેસ અંગે જરૂરી તપાસ કરીને પોતાની સુચિંતિત ભલામણો રજૂ કરવા માટે નીચે જણાવેલા સભ્યોની બનેલી સમિતિ રચવી :

૧. શ્રી. આઈ. એ. મોદી
૨. શ્રી. એચ. એચ. ભગવતી
૩. ડૉ. એમ. એન. દેસાઈ
૪. આચાર્ય ધીરુભાઈ ઠાકર
૫. પ્રો. કે. આર. ચંદ્રશેખરન

૩૮. બાંધકામ સમિતિની તા. ૩--૭--૧૯૭૨ની સભાની ભલામણો પર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ સમિતિની તા. ૩-૭--૧૯૭૨ની સભાની ભલામણો મંજૂર કરવી.

(સદરહુ સમિતિની તા. ૩--૭--૧૯૭૨ની નોંધ પરિશિષ્ટ "ઘ" તરીકે સામેલ છે.)

૩૯. ગુજરાત યુનિવર્સિટી ઓરિયા ટીચર્સ એસોસિયેશનની પગલાં સમિતિના સભ્યો તરફથી આવેલા તા. ૧૬--૬--૧૯૭૨ના પત્ર પર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ એસોસિયેશનના પગલાં સમિતિના સભ્ય તરફથી આવેલા તા. ૧૬--૬--૧૯૭૨ના પત્રમાં જણાવેલ ઠરાવ નં. ૧ અંગેની વિચારણા મોકૂફ રાખવામાં આવી, અને ઠરાવ નં. ૨ અને ૩ અંગે ઠરાવવામાં આવ્યું કે તે બાબતો અંગે હાલ કાંઈ કરવાની જરૂર જણાતી નથી.

૪૦. ગ્રામવિસ્તાર કૉલેજ સંચાલક મંડળના કાર્યાલય મંત્રીએ સદરહુ મંડળની તા. ૭-૫-૧૯૭૨ની સભામાં થયેલા નીચેના ઠરાવો ઉપર વિચારણા કરવા બાબત :

(૧) કૉલેજોમાં કોઈ વિષય બંધ કરવા માટે કૉલેજોએ યુનિવર્સિટીને ૨૧ માસ પહેલાં ખબર આપવી તેવો નિયમ છે. આ નિયમ અગવડભર્યો છે, કારણ કે ટલા સમય પહેલેથી અભ્યાસની પસંદગી માટે વિદ્યાર્થીઓના બદલાતા જતા અભિપ્રાય અને ફાઈનાન્સની પલટાતી જતી પરિસ્થિતિમાં ૨૧ મહિના પહેલાં નિર્ણયો લેવા મુશ્કેલ છે. તેથી કોઈ વિષય બંધ કરવાનો હોય તો તેને એકેડેમિક વર્ષના શરૂ થતા પહેલાં પાંચ મહિના પહેલાં એ.ટલે એકેડેમિક વર્ષના આગલા જાન્યુઆરી માસમાં નોટિસ આપે તો તે પૂરતી ગણાવી જોઈએ. આ ફેરફાર કરવા ગુજરાત યુનિવર્સિટીને વિનંતી કરવી.

(૨) કૉલેજોમાં શિક્ષકોને ગ્રૅચ્યુઈટી આપવા માટે જે ઠરાવ થયો છે તે ખર્ચ પી. ઓફ. ની સ્કીમ ઉપરાંતનું છે. ગ્રૅચ્યુઈટી કે પી. ઓફ. બંનેમાંથી એક સ્કીમ અપનાવવી જોઈએ-,અને જો બંનેનો અમલ કરવો હોય તો વધારાના આર્થિક બોજા ઉપર ૧૦૦ ટકા ગ્રાન્ટ સરકારે આપવી જોઈએ. તેથી જ્યાં સુધી સરકારશ્રી તેટલી ગ્રાન્ટ ન આપે ત્યાં સુધી ગ્રૅચ્યુઈટીનો ઠરાવ મોકૂફ રાખવો, એ માટે યુનિવર્સિટીને વિનંતી કરવી.

(૫) યુનિવર્સિટી સંલગ્ન કૉલેજો ઉપર, કોઈ પણ નવું નિયમ કે જેથી આર્થિક બોજો પડતો હોય તો તેનો અમલ ન લેવો જોઈએ. અને આવા નિયમો સરકારશ્રીની સંમતિથી થવા જોઈએ, કારણ આખરે યાદીનો તે સરકારશ્રીએ સહન કરવો પડે છે.

(૮) યુનિવર્સિટીના ગવર્નિંગ બૉડી અંગેના નિયમો અંગે દરેક કૉલેજોએ કૉલેજની સ્થાનિક સમિતિમાં તેમાં બતાવેલ સભ્યોની નિમણૂક કરવી.

સદરહુ મંડળના ઉપરના ઠરાવો અંગે નીચે મુજબ ઠરાવવામાં આવ્યું :

(૧) સદરહુ ઠરાવ અંગે હાલ કાંઈ કરવાની જરૂર જણાતી નથી.

(૨) સંલગ્ન કૉલેજો અને માન્ય સંસ્થાઓના શિક્ષકોને ગ્રૅચ્યુઈટી આપવા માટે યુનિવર્સિટીએ જે નિયમો કર્યા છે તેની નકલ રાજ્ય સરકારને મોકલીને સંબંધકર્તા કૉલેજો અને સંસ્થાઓને આ ગ્રૅચ્યુઈટીના ખર્ચ માટે આર્થિક સહાય (grant in aid) આપવા માટે રાજ્ય સરકારને ભલામણ કરવી.

(૫) સદરહુ ઠરાવની નોંધ લેવી.

(૮) સદરહુ ઠરાવની નોંધ લેવી.

૪૧. સિન્ડિકેટે તેની તા. ૬-૫-૧૯૭૨ની સભામાં સ્વીકારવામાં આવેલ "સ્વ. પ્રો. એ. એમ. ત્રિવેદી સ્મૃતિ સુવર્ણચંદ્રક" એમ.એસસી.ની પદવી પરીક્ષા માટે એનાયત કરવા માટેના પ્રદાન અંગેના નિયમો મંજૂર કરવા અંગે વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે "સ્વ. પ્રો. એ. એમ. ત્રિવેદી સ્મૃતિ સુવર્ણચંદ્રક" અંગેના નિયમો મંજૂર કરવા.

(મંજૂર કરવામાં આવેલા નિયમોની નકલ **પરિશિષ્ટ "ચ"** તરીકે સામેલ છે.)

૪૨. બી. ડી. આર્ટ્સ કૉલેજ. અમદાવાદના સ્ટાફના સભ્ય શ્રી. શાંતિલાલ શાહને વ્યાયામ શિક્ષકની કામગીરી ઉપરાંત ઇતિહાસના વ્યાખ્યાતા તરીકે શિક્ષણકાર્ય સોંપવામાં આવેલું તે કેસ અંગે પૂરેપૂરી તપાસ કરીને અહેવાલ રજૂ કરવા માટે સિન્ડિકેટે તેની તા. ૨--૭--૧૯૭૨ની સભામાં નીમેલ સમિતિની ભલામણો પર વિચારણા કરવા બાબત.

સદરહુ બાબતની વિચારણા તા. ૬--૮--૧૯૭૨ના રોજ કરવામાં આવી હતી, પરંતુ તેની નોંધ સગવડ માટે યથાક્રમે આપવામાં આવી છે.

લંબાણ ચર્ચાવિચારણાને અંતે નીચે મુજબ ઠરાવવામાં આવ્યું :

શ્રી. શાંતિલાલ સી. શાહના કેસ અંગે સિન્ડિકેટે તેની તા. ૧૦--૬--૧૯૭૨ની સભામાં કરેલા ઠરાવ તરફ સદરહુ કૉલેજના આચાર્યશ્રીનું ધ્યાન દોરી તેઓને જણાવવું કે શ્રી. શાંતિલાલ સી. શાહને તેઓની કૉલેજમાં વ્યાયામશિક્ષકની જગ્યા કે ઇતિહાસના લેક્ચરરની જગ્યા, તે બે જગ્યાઓ પૈકી એક જગ્યા પસંદ કરવાનો વિકલ્પ તેમને આપવો.

વધુમાં, શ્રી. શાંતિલાલ સી. શાહને વ્યાયામશિક્ષક અને ઇતિહાસના લેક્ચરર તરીકેની કામગીરી એકસાથે સોંપી યુનિવર્સિટીનાં ધારાધોરણોનો ભંગ કર્યા બદલ આચાર્યશ્રીને ઠપકો આપવો તથા ઉપર જણાવ્યા પ્રમાણે યુનિવર્સિટીનાં ધારાધોરણોનો ભંગ કરવામાં પક્ષકાર બનવા બદલ શ્રી. શાંતિલાલ સી. શાહને પણ ઠપકો આપવો.

૪૩. સંલગ્ન કૉલેજો તરફથી જૂન ૧૯૭૨થી ચાલુ / વધારાના જોડાણ માટે આવેલ જોડાણઅરજીઓ પૈકી જે કૉલેજોએ હજુ સુધી સેનેટે મૂકેલી સર્વ શરતોનું યથાર્થ પરિપાલન કર્યું નથી તે અંગે વિચારણા કરવા બાબત.

(**નોંધ.**—શરતોનું પરિપાલન તા. ૧૫--૧૧--૧૯૭૨ સુધીમાં કરવાનું હતું.)

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ કૉલેજોને તેમના ચાલુ / વધારાના જોડાણ અંગેની બાકી રહેલી શરતોનું પરિપાલન ત્વરિત કરીને યુનિવર્સિટી કાર્યાલયને જાણ કરવા માટે જણાવવું.

૪૪. સુરત મુકામે તા. ૨૦--૨--૧૯૭૨ના રોજ મળેલી જોઈન્ટ બોર્ડ ઑફ વાઇસ-ચાન્સેલર્સની સભાના ઠરાવને અનુલક્ષીને જુદી જુદી પરીક્ષાઓમાં ફીનું ધોરણ એકસરખું કરવાના પ્રશ્ન અંગે વિચારણા કરવા બાબત.

(**નોંધ.**—સિન્ડિકેટે તા. ૭૯, તા. ૭/૮--૮--૧૯૭૧ની સભામાં ઠરાવ્યું હતું કે સદર બાબત અંગે સૂચિત ફેરફારોની વિગતો સાથે આ બાબત ફરીથી સભાગૃહ સમક્ષ રજૂ કરવી.)

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બાબતની વિચારણા મોકૂફ રાખવી.

૪૫. 'કયોટો' (જાપાન) મુકામે સપ્ટેંબર ૧૯થી ૨૩, ૧૯૭૨ના સમય દરમિયાન World Congress of Anesthesiologistsના અધિવેશનમાં હાજરી આપવા માટે ડૉ. બી. કે. આને આર્થિક સહાય કરવા અંગે શેઠ કે. એમ. સ્કૂલ ઑફ પોસ્ટ-ગ્રેજ્યુએટ મેડિસિનના અધ્યક્ષશ્રી તરફથી આવેલ પત્ર પર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે શ્રી. બી. કે. આની સદરહુ વિનંતી સ્વીકારી શકાય એમ નથી એમ તેમને જણાવવું.

૪૬. સમાજવિદ્યા ભવનના સમાજશાસ્ત્રના રીડર ડૉ. વી. પી. શાહને 3rd World Congress of Rural Siclology and the Annual meeting of the American Sociological Association, U.S.A.ની

બેઠકમાં હાજરી આપવા અંગે આગામી ઑગસ્ટ--સપ્ટેમ્બર ૧૯૭૨માં ત્રણ અઠવાડિયાંની ફરજ-રજા આપવા અંગેના તેઓના તા. ૨૨--૬--૧૯૭૨ના પત્ર ઉપર વિચારણા કરવા બાબત.

(**નોંધ.**—નિયમ મુજબ વર્ષમાં ૧૫ દિવસની ફરજ-રજા આપી શકાય.)

આથી ઠરાવવામાં આવે છે કે સમાજવિદ્યા ભવનના રીડર ડૉ. વી. પી. શાહને ઉપર જણાવેલા કાર્યક્રમમાં ભાગ લેવા માટે ઑગસ્ટ--સપ્ટેંબર ૧૯૭૨માં ત્રણ અઠવાડિયાંની રજા ખાસ રજા તરીકે મંજૂર કરવી.

તે પછી સભાગૃહની સંમતિથી બાબત નં. ૧૪૮ વિચારણા માટે હાથ ધરવામાં આવી.

૧૪૮. ડગ્લાસ (બ્રિટન) મુકામે તા. ૪થી ૮ સપ્ટેમ્બર ૧૯૭૨ દરમિયાન યોજનાર ૪થી ઇન્ટરનેશનલ હેલ્થ કૉન્ફરન્સમાં યુનિવર્સિટીના પ્રતિનિધિ તરીકે નીમવા તથા એક વર્ષમાં માસિક હપતેથી પરત કરવાની શરતે રૂ. ૫,૦૦૦ની લોન આપવા તથા આ પેટે પ્રતીકરૂપે આર્થિક સહાય મંજૂર કરવાની વિનંતી કરતા ડૉ. મહેન્દ્ર જે. દવેના તા. ૧--૮--૧૯૭૨ના પત્ર પર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે ડૉ. મહેન્દ્ર જે. દવેને સદરહુ પરિષદમાં ભાગ લેવા માટે આ યુનિવર્સિટીનું પ્રતિનિધિત્વ આપવું, અને સાથે સાથે સ્પષ્ટતા કરવી કે તે અંગે તેમને આર્થિક સહાય કે લોનની તેમની વિનંતી મંજૂર કરી શકાય તેમ નથી.

૪૭. ગુજરાત યુનિવર્સિટી સેન્ટ્રલ કન્ઝ્યુમર્સ કો-ઑપરેટિવ સ્ટોર્સના મૅનેજિંગ ડિરેક્ટર ડૉ. આર. જી. ભટ્ટના તા. ૨૩--૬--૧૯૭૨ના પત્ર મુજબ યુનિવર્સિટી કાર્યાલયના ટાઈપિસ્ટ શ્રી હર્ષદ શાહની એક કલાકની સેવાઓ સ્ટોર્સને આપવા તથા તે અંગેનું માસિક રૂ. ૨૫નું વેતન સ્વીકારવાની શ્રી. શાહને મંજૂરી આપવા અંગે વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે યુનિવર્સિટી કાર્યાલયના ટાઈપિસ્ટ શ્રી. હર્ષદ શાહને સદરહુ કામગીરી સ્વીકારવા માટે તથા તે અંગેનું માસિક રૂ. ૨૫ના પુરસ્કાર સ્વીકારવા માટે પરવાનગી આપવી.

૪૮. બોર્ડ ઑફ સ્ટુડન્ટ્સ વેલ્ફરની તા. ૧૮--૪--૧૯૭૨ની સભાનો નીચેનો ઠરાવ મંજૂર કરવા બાબત :

"આથી ઠરાવવામાં આવે છે કે ચીફ મેડિકલ ઑફિસરના સને ૧૯૬૯--૭૦ના અહેવાલની નોંધ લઈ તે અહેવાલને છાપવા માટે તથા તે માટે રૂ. ૧૭૦--૦૦નું અંદાજી ખર્ચ મંજૂર કરવા માટે સિન્ડિકેટને ભલામણ કરવી."

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બોર્ડની ઉપરની ભલામણ મંજૂર કરવી.

૪૯. પ્રો. એ. એમ. રાવળના માર્ગદર્શન હેઠળ પીએચ.ડી. પદવી માટે નોંધાયેલા શ્રી. એચ. એ. વ્યાસનો મહાનિબંધ તપાસવા માટે નિમાયેલા રેફરીઓ વચ્ચે મતભેદ (tie) પડતાં ઑર્ડિનન્સ ૩૨૧ (૨) અનુસાર ચોથા રેફરીની નિમણૂક કરવા અંગે વિચારણા કરવા બાબત.

પ્રો. વિષ્ણુપ્રસાદ આર. ત્રિવેદી	...	મહાનિબંધ સ્વીકારવા ભલામણ કરે છે.
શ્રી. મનુભાઈ પંચોલી (દર્શક)	...	મહાનિબંધ સ્વીકારવા ભલામણ કરતા નથી.
પ્રો. એ. એમ. રાવળ	...	મહાનિબંધ સ્વીકારવા ભલામણ કરે છે.

(**નોંધ.**—તા. ૯/૧૬--૧--૧૯૭૨ની સિન્ડિકેટની સભાએ ૬૪ રેફરીઓની કમાનુવર્તી નિમણૂક કરી છે તે પૈકી આકીના રેફરીનાં નામ નીચે મુજબ છે :

(૧) શ્રી. મનસુખલાલ ઝવેરી,
૪--સી, સુરેશ કોલોની,
વિવેકાનંદ રોડ,
વિલેપારલે,
પશ્ચિમ, મુંબઈ.

(૨) પ્રો. હીરાબહેન પાઠક,
મુંબઈ.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ મહાનિબંધ તપાસવા માટે ચોથા રેફરી તરીકે નીચેની વ્યકિતઓ પૈકી કમાનુવર્તી એકની નિમણૂક કરવી :

(૧) શ્રી. મનસુખલાલ ઝવેરી

(૨) પ્રો. (શ્રીમતી) હીરાબેન પાઠક.

૫૦. બોરસદ સાયન્સ એન્ડ લૉ કૉલેજ, બોરસદની જૂન ૧૯૭૩થી વિભાગીકરણ માટેની આવેલ જોડાણ-અરજી ઉપર નિમાયેલ સ્થાનિક તપાસસમિતિના સભ્ય શ્રી. ડી. ડી. દેસાઈએ સમિતિના સભ્ય તરીકે કાર્ય કરવાની અશકિત દર્શાવી હોવાથી અન્ય સભ્યની નિમણૂક કરવા બજામણ કરવા બાબત .

(**નોંધ.**—સમિતિના અન્ય સભ્ય આચાર્યશ્રી જે. જે. ત્રિવેદી છે.)

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ સ્થાનિક તપાસસમિતિ પર આચાર્ય ડી. ડી. દેસાઈની જગ્યાએ આચાર્ય પી. આર. દેસાઈની નિમણૂક કરવી.

૫૧. બી. જે. મેડિકલ કૉલેજ, અમદાવાદમાં ડિપ્લોમા માટે નીચેના વિષયોમાં કેન્દ્ર સ્થાપવા માટે ડીન તરફથી આવેલ અરજી પરથી તપાસસમિતિ નીમવા અંગે વિચારણા કરવા બાબત.

(1) Diploma Psychiatric in Social Work.

(2) Diploma Psychiatric in Occupational Therapy

(3) Diploma Psychiatric in Physi-Therapy.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બાબત અંગે નીચે જણાવેલા સભ્યોની બનેલી સ્થાનિક તપાસ-સમિતિ નીમવી :

(૧) ડૉ. સી. ટી. ભોપટકર

(૨) શ્રી. એસ. એન. રાનડે

(૩) શ્રી. જે. સી. મારફતિયા

૫૨. **યુનિવર્સિટી સિન્ડર ટ્રૅકની પાછળ પડતર ખુલ્લી જમીનનો રમતગમત માટે ઉપયોગ કરવા દેવા માટે નવગુજરાત કૉમર્સ કૉલેજના આચાર્યશ્રી તરફથી આવેલા પત્ર નં. ૨૨૧--૭૨--૭૩, તા. ૨૦--૬--૧૯૭૨ પરત્વે વિચારણા કરવા બાબત.**

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બાબતની વિચારણા મોકૂફ રાખવી.

બાબત નં. ૫૩ અને ૫૪ની વિચારણા સાથે કરવામાં આવી.

૫૩. **સિન્ડિકેટે તેની તા. ૯/૧૦ ઑગસ્ટ ૧૯૬૯ની સભામાં ક્રમાંક ૧૪થી ચંદ્રક વગેરે પ્રદાનો એનાયત કરવા માટે પ્રથમ વર્ગની શરત રાખવા અંગે દાતાઓની સંમતિ માંગતાં " શ્રી. સેવકલાલ રતનલાલ ગોલ્ડ મેડલ અને લહેરિભાઈ ગોપાલજી દેસાઈ ગોલ્ડ મેડલ " અંગે શ્રી. બટુભાઈ એચ. દેસાઈ તેમના તા. ૫--૩--૧૯૭૨ના પત્રથી કાંઈ ફેરફારની તરફેણ કરતા નથી તેમ જણાવે છે તો તે અંગે યોગ્ય વિચારણા કરવા બાબત.**

અને

૫૪. **સિન્ડિકેટે તેની તા. ૯/૧૦--૮--૧૯૬૯ની સભામાં ક્રમાંક ૧૪થી ચંદ્રક વગેરે પ્રદાનો એનાયત કરવા માટે પ્રથમ વર્ગની શરત રાખવા અંગે દાતાઓની સંમતિ માગતાં " શ્રી. મોહનલાલ લલ્લુભાઈ શુકલ વ્યાકરણ ગોલ્ડ મેડલ " અંગે ડૉ. જે. એમ. શુકલના તેમની અસંમતિ દર્શાવતા તા. ૫--૧૧--૧૯૭૧ના પત્ર પર વિચારણા કરવા બાબત.**

[નોંધ.—(૧) અનુસ્નાતક પરીક્ષાઓમાં જે તે વિષયો માટેનાં પ્રદાન આપવાનાં હોય છે તે પ્રદાનો માટે અનુસ્નાતક કક્ષાની પરીક્ષાઓ હોઈ પ્રથમ વર્ગની શરત રાખવી કે કેમ તે અંગે વિચારણા કરવાની થાય છે.

(૨) ચાલુ વર્ષે એમ.એ. પરીક્ષા માટે પ્રથમ વર્ગમાં કોઈ ન હોય તેવા વિષયો માટેનાં પ્રદાનો હવે પછી જાહેર કરવાનાં છે.]

તે પછી ઠરાવવામાં આવ્યું કે સદરહુ સુવર્ણચંદ્રકો અંગેના નિયમો અનુક્રમે નીચે મુજબ મંજૂર કરવા :

૧. **શ્રી. સેવકલાલ રતનલાલ દેસાઈ સુવર્ણચંદ્રક**

નિયમો

(૧) " શ્રી. સેવકલાલ રતનલાલ દેસાઈ સુવર્ણચંદ્રક " એ નામનો આશરે રૂ. ૧૮૦નો એક સુવર્ણચંદ્રક દર વર્ષે જે વિદ્યાર્થી ગુજરાત યુનિવર્સિટીની માર્ચ--એપ્રિલમાં લેવાયેલ પ્રથમ વર્ષ વિનયન (પ્રી-યુનિ.) આર્ટ્સ પરીક્ષામાં પ્રથમ વર્ગમાં કે દ્વિતીય વર્ગમાં સૌથી વધારે ગુણાંક મેળવીને ઉત્તીર્ણ થાય તેને એનાયત કરવામાં આવશે.

(૨) સુવર્ણચંદ્રક શક્ય હોય ત્યાં સુધી યુનિવર્સિટીના વાર્ષિક પદવીદાન સમારંભમાં વિજેતાને આપવામાં આવશે.

(૩) સુવર્ણચંદ્રક આપવામાં વિજેતાની નાત, જાત કે વર્ગનો બાધ આવશે નહીં.

(૪) આ પ્રીતિદાનની વાર્ષિક આવકમાંથી ૫ ટકા કપાત યુનિવર્સિટીના જનરલ ફંડમાં લઈ જવામાં આવશે.

(૫) આ પ્રીતિદાનની વાર્ષિક આવકમાંથી બચત રહે તે મૂળ રકમમાં ઉમેરવામાં આવશે.

2. "Shri Haribhai Gopalji Desai Gold Medal" Endowment

Rules

(1) A Gold Medal called "Shri Haribhai Gopalji Desai Gold Medal" of the value of about Rs. 190/- shall be awarded annually to a candidate who passes either in a First Class or Second Class with Economics as special subject and secures the highest number of marks in the six papers at the Third B.A. Special Examination in that subject.

(2) The Medal shall, as far as possible, be presented to the winner at the annual Convocation of the University

(3) The annual income of the Endowment shall be subject to a deduction of 5 per cent as contribution to the General Fund of the University.

(*N.B.*— The marks of English and credit marks of F.Y.B.A. and S.Y.B.A. will not be counted.)

3. "Shri Mohanlal Lallubhai Shukla Vyakarana Medal" Endowment

Rules

(1) A medal to be called "Shri Mohanlal Lallubhai Vyakarana Gold Medal" of the value of about Rs. 190/- shall be awarded annually to a candidate who passes, at least in Second Class, the M.A. Degree Examination of the Gujarat University with Sanskrit as his Principal subject and with Vyakarana as his Special Shastra and who stands first among the successful candidates, offering Vyakarana as Special Shastra and who gets at least 50 per cent of the total marks obtained at M.A. Part I and II Examinations taken together in his Principal subject, viz., Sanskrit. Failing such a student the Medal shall be awarded to the student who stands first among the successful candidates getting at leaast 50 per cent marks obtained at M.A. Part I and Part II Examinations taken together in his principal subjects, viz., Sanskrit at the M.A. Degree Examination and passes the examination at least in Second Class.

(2) In the event of Sanskrit not being retained as a principal subject or Vyakarana not allowed as a Shastra at the M.A. Degree Examination the Medal shall be awarded to a candidate who passes the B.A. Examination of the Gujarat University with Sanskrit as his principal subject and who stands first among the successful candidates securing at least 50 % of the total marks in his Principal subject, viz., Sanskrit.

(3) The award of the Medal shall be declared along with the declaration of the result of the examination. The Medal shall, as far as possible, be presented to the winner at the Annual Convocation of the University.

(4) The annual income of the Endowment shall be subject to a deduction of five per cent as contribution to the General Fund of the University.

૫૫. કમલા એજ્યુકેશન ટ્રસ્ટ, અમદાવાદ તથા પંકજ કેળવણી મંડળ, અમદાવાદની જૂન ૧૯૭૧થી અમદાવાદ ખાતે નવી શિક્ષણની કૉલેજ શરૂ કરવા માટેની જોડાણઅરજી પર સેનેટની તા. ૧૬/૨૦/૨૧/૨૭/૨૮--૩--૧૯૭૧ની સભામાં સદરહુ કૉલેજોને જોડાણ આપવા અંગેનો ઠરાવ બહુમતીએ ઊડી ગયો હતો તેની જાણ રાજ્ય સરકારને કરવામાં આવી હતી. રાજ્ય સરકારે સદરહુ કૉલેજોને બે વર્ષની મુદત માટે જોડાણ આપતું જાહેરનામું બહાર પાડેલ છે તો તે અંગે વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બાબત અંગે સભામાં થયેલી ચર્ચાવિચારણાને અનુલક્ષીને રાજ્ય સરકારને ઘટતો પત્ર લખવા માટે કુલપતિશ્રીને વિનંતી કરવી.

વધુમાં ઠરાવવામાં આવ્યું કે સદરહુ કૉલેજોમાં યુનિવર્સિટીનાં ધારાધોરણોનું યથાર્થ પરિપાલન થાય છે કે કેમ તે જોઈતપાસીને પોતાનો અહેવાલ રજૂ કરવા માટે નીચે જણાવેલા સભ્યોની સમિતિ નીમવી :

(૧) ડૉ. કે. જી. દેસાઈ

(૨) આચાર્ય દાઉદભાઈ ઘાંચી.

૫૬. એમ.ફાર્મ.ની પદવી ફાર્માસ્યુટિકલ કેમિસ્ટ્રી સાથે મેળવનાર વિદ્યાર્થીને વિજ્ઞાન વિદ્યાશાખા નહીં રસાયણશાસ્ત્ર વિષયમાં પીએચ.ડી. પદવી માટે નામ નોંધાવીને સંશોધનકાર્ય કરવાની છૂટ આપવા અંગેનો ઑર્ડિ. ૩૧૬ નીચે મુજબ વંચાય તે રીતે સુધારવાની બોર્ડ ઑફ યુનિવર્સિટી ટીચિંગની સભાની ભલામણ પરથી ઍકેડેમિક કાઉન્સિલની તા. ૨૭/૨૮--૬--૧૯૭૨ની સભાએ કરેલી ભલામણ પર વિચારણા કરવા બાબત (ઑ.કા.બા.ક્ર. ૨૨) :

"**O. 316 :**

No candidate shall be permitted to appear for the Ph.D. Degree in a Faculty different from the one in which he has obtained his Master's

Degree or M.D. Degree in the Faculty of Medicine. But a candidate in the Faculty of Arts who has taken a Master's Degree in Mathematics shall be permitted to appear for the Ph.D. Degree in Science in the subject of Mathematical Physics. Similarly a candidate in the faculty of either Arts including Education or Commerce who has taken his Master's Degree in Economics or Statistics or Geography shall be permitted to appear in Ph.D. Degree in any one of the two faculties.

Notwithstanding anything contained above, a candidate who has obtained a Master's Degree in Pharmacy of this University or of any other University recognised as equivalent thereto may be permitted to register his name as a research student for the Ph.D. Degree in the Faculty of Science provided that his subject of research for the Ph.D. Degree falls within the area of Pharmaceutical Chemistry."

આથી ઠરાવવામાં આવે છે કે ઉપરહુ બાબત અંગે એકેડેમિક કાઉન્સિલની ભલામણ મંજૂર કરવી તથા તે મુજબ ઑર્ડિ. ૩૧૬ ઉપર મુજબ ગણાય તે રીતે સુધારીને તેને તાત્કાલિક અમલમાં મૂકવો.

૫૭. જ્યુરિસ્પ્રુડન્સ, કાર્પોમ્સ, લાં ઑફ પ્રોપર્ટી વગેરેની અભ્યાસસમિતિઓની સંયુક્ત સભાએ તેની તા. ૮--૬--૧૯૭૨ની સભામાં કરેલ નીચેની ભલામણ એકેડેમિક કાઉન્સિલે તેની તા. ૨૭/૨૮--૬--૧૯૭૨ની સભામાં મંજૂર કરી હોઈ તે પરત્વે વિચારણા કરવા બાબત (એ.કા.બા.ક.૨૦) :

સંયુક્ત સભાની ભલામણ

"આથી ભલામણ કરવામાં આવે છે કે પહેલા, બીજા અને ત્રીજા વર્ષ એલએલ.બી. માટેનો સેમેસ્ટર પદ્ધતિનો અભ્યાસક્રમ અમલમાં આવે છે તેને લગતા લાં ઑ. ૩--એ સેમેસ્ટર ઑર્ડિનન્સ નીચે પ્રમાણે ઉમેરવા એકેડેમિક કાઉન્સિલને ભલામણ કરવામાં આવે છે:

Students who have kept both the terms before the institution of the semester system or one term before it and one term after it in the First or Second LL.B. or Third LL.B. class will be allowed to offer in all the papers of the examination in which they will have to appear after keeping to terms in the Law College.

The exemptions obtained by them will be considered equivalent to the exemptions and papers of the examination in which they offer."

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ અભ્યાસસમિતિઓની સંયુક્ત સભાઓની ઉપરની ભલામણ મંજૂર કરવાની ઍકેડેમિક કાઉન્સિલની ભલામણ સ્વીકારવી અને તે મુજબ લૉ ઑ. ૩--ઓ ઉપર મુજબ મંજૂર કરવો તથા તેને તાત્કાલિક અમલમાં મૂકવો.

૧૮. **ઍકેડેમિક કાઉન્સિલે તેની તા. ૨૭/૨૮--૬--૧૯૭૨ની સભામાં યુનિવર્સિટીના ભાષા-ભવનની ત્રિવાર્ષિક તપાસસમિતિના અહેવાલની નોંધ લઈ સિન્ડિકેટની વિચારણા માટે મોકલેલ હોઈ તે પર વિચારણા કરવા બાબત** (અં.કા.ભા.ક. ૮).

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ અહેવાલની નોંધ લેવી તથા તે સેનેટની જાણ માટે મોકલવો.

૧૯. **ઍકેડેમિક કાઉન્સિલે તેની તા. ૨૭/૨૮--૬--૧૯૭૨ની સભામાં યુનિવર્સિટીના સમાજવિદ્યા ભવનની ત્રિવાર્ષિક તપાસસમિતિના અહેવાલની નોંધ લઈ સિન્ડિકેટની વિચારણા માટે મોકલેલ હોઈ તે પર વિચારણા કરવા બાબત (ઑ.કા.ભા.ક. ૧૧).**

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ અહેવાલની નોંધ લેવી તથા તે સેનેટની જાણ માટે મોકલવો.

૬૦. **ઍકેડેમિક કાઉન્સિલે તેની તા. ૨૭/૨૮--૬--૧૯૭૨ની સભામાં યુનિવર્સિટીના મનોવિજ્ઞાન, તત્ત્વજ્ઞાન અને શિક્ષણશાસ્ત્ર વિદ્યાભવનની ત્રિવાર્ષિક તપાસસમિતિના અહેવાલની નોંધ લઈ સિન્ડિકેટની વિચારણા માટે મોકલેલ હોઈ તે પર વિચારણા કરવા બાબત (ઑ.કા.ભા.ક. ૯).**

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ અહેવાલની નોંધ લેવી તથા તે સેનેટની જાણ માટે મોકલવો.

૬૧. **ઍકેડેમિક કાઉન્સિલે તેની તા. ૨૭/૨૮--૬--૧૯૭૨ની સભામાં યુનિવર્સિટીના વિજ્ઞાન વિદ્યાભવનની ત્રિવાર્ષિક તપાસસમિતિના અહેવાલની નોંધ લઈ સિન્ડિકેટની વિચારણા માટે મોકલેલ હોઈ તે પર વિચારણા કરવા બાબત (ઑ.કા.ભા.ક. ૧૦).**

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ અહેવાલની નોંધ લેવી તથા તે સેનેટની જાણ માટે મોકલવો.

૬૨. **ભૂગોળની અભ્યાસસમિતિની તા. ૫--૭--૧૯૭૨ની સભાની નીચેની ભલામણો પર વિચારણા કરવા બાબત :**

"એમ.એ. ભાગ ૨ ભૂગોળમાં (૧) પ્રૅક્ટિકલ અને ફીલ્ડ વર્ક છે તેના પ્રૅક્ટિકલ--૩ (વિલેજ સર્વે) ગાઈડ કરનાર માન્ય અનુસ્નાતક શિક્ષક કે મદદનીશ શિક્ષકને વિદ્યાર્થી દીઠ રૂ. ૨૫ મહેનતાણું આપવા ભલામણ કરવામાં આવે છે. (૨) પ્રૅક્ટિકલ અને ફીલ્ડ વર્ક--૩ (વિલેજ સર્વે)ની યુનિવર્સિટીની પરીક્ષા લેવામાં આવે ત્યારે પરીક્ષકોને પણ દરેક 'વિલેજ સર્વે' દીઠ દરેક પરીક્ષકને (વધુમાં વધુ બે પરીક્ષકોને) રૂ. ૧૫ મહેનતાણું આપવા ભલામણ કરવામાં આવે છે"

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ અભ્યાસસમિતિની ઉપરની ભલામણ મંજૂર કરવી.

૬૩. દેસાઈ સી. એમ. આર્ટ્સ અને કૉમર્સ કૉલેજ, વીરમગામમાં તા. ૧૫--૬--૧૯૬૮થી અંગ્રેજીના વ્યાખ્યાતા તરીકે જોડાયેલા શ્રી. એચ. એન. માધુને તે સમયે વ્યાખ્યાતા થવા માટે જરૂરી શૈક્ષણિક અનુભવમાં છ માસનો શૈક્ષણિક અનુભવ ખૂટતો હતો તે ક્ષમ્ય કરીને પશ્ચાદ્‌વર્તી તા. ૧૫--૬--૧૯૬૮થી અંગ્રેજીના વ્યાખ્યાતા તરીકેની નિમણૂક એક સત્ર પૂરતી માન્ય રાખવા વિચારણા કરવા બાબત.

(**નોંધ.**—શ્રી. માધુ તા. ૧૫--૧૧--૧૯૬૯થી જરૂરી શૈક્ષણિક અનુભવ ધરાવતા થયેલા હોઈ તે તારીખથી તેઓની નિમણૂક પશ્ચાદ્‌વર્તી માન્ય રાખવામાં આવી છે.)

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ કૉલેજમાં અંગ્રેજીના વ્યાખ્યાતા શ્રી. એચ. એન. માધુની નિમણૂક તા. ૧૫--૬--૧૯૬૮થી મંજૂર કરવી.

૬૪. (૧) ડૉ. હરિશ્ચંદ્ર ખંડેરિયા તબીબીવિજ્ઞાન સુવર્ણચંદ્રક, અને (૨) સ્વ. ડૉ. કુ. મિકાઅલ્હેન માણેકલાલ શાહ સુવર્ણચંદ્રક જે વિદ્યાર્થીઓ ઑકટોબર અને માર્ચ-એપ્રિલની ત્રીજી એમ.બી.,બી.એસ. પરીક્ષામાં મેડિસિન વિષયમાં સૌથી વધારે ગુણાંક મેળવીને ઉત્તીર્ણ થાય તેમને એનાયત કરવાનો છે અને ઑકટોબર ૧૯૭૧ની પરીક્ષાના બેઠક નં. ૩૧, ૬૮ અને ૧૦૮ મેડિસિન વિષયમાં સૌથી વધારે સરખા ગુણાંક ૨૯૧ મેળવતા હોઈ આ સુવર્ણચંદ્રક કોને એનાયત કરવો તે અંગે વિચારણા કરવા બાબત.

(**નોંધ.**—સિન્ડિકેટે તેની ફેબ્રુઆરી ૧૯૬૮ની સભામાં કામકાજ ક્રમાંક ૭૬થી ઠરાવ્યું છે કે કોઈ વિષય માટે નિયત કરેલ હોય તો અને તે વિષયમાં એક કે વધુ વિદ્યાર્થીઓ ચંદ્રકની શરતો અનુસાર લાયક થતા હોય તો તે પરીક્ષામાં વર્ગ અપાતા હોય તે સમગ્ર ગુણમાં તે વિદ્યાર્થીઓ પૈકી સૌથી વધુ ગુણાંક મેળવનારને ચંદ્રક એનાયત કરવો. એમ.બી.,બી.એસ.ની પરીક્ષામાં વર્ગ અપાતો નથી, પરંતુ કુલ ગુણાંકમાંથી મેળવેલ ગુણાંકનો ક્રમાંક જોતાં નં. ૩૧, ૧૦૮ અને ૬૮ એ ક્રમ થાય છે. આ બન્ને ચંદ્રકો નં. ૩૧ને આપવા કે નં. ૩૧ અને ૧૦૮ બન્નેને આ બે ચંદ્રક એક એક વહેંચી આપવા તે અંગે વિચારણા કરવાની થાય.)

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બેઉ ચંદ્રકો વિદ્યાર્થી નં. ૩૧ને આપવા.

૬૫. માર્ચ--એપ્રિલ ૧૯૭૨માં લેવાયેલ થર્ડ બી.એ. પરીક્ષાના વિદ્યાર્થીઓ નં. ૫૪૨ અને ૪૨૩૧ એ તેમની સેકન્ડ બી.એ. (એકસ્ટર્નલ) પરીક્ષા અનુક્રમે ઑકટોબર ૧૯૭૦ અને ઑકટોબર ૧૯૬૯માં પસાર કરીને સરસપુર આર્ટ્સ એન્ડ કૉમર્સ કૉલેજ, અમદાવાદ તથા મ્યુનિ. આર્ટ્સ એન્ડ કૉમર્સ કૉલેજ, મહેસાણામાં સત્રો રાખીને પરીક્ષા આપી છે. સિન્ડિકેટે તેની તા. ૧૬, માર્ચ ૧૯૬૩ની સભામાં બાબત નં. ૨૫થી ઠરાવ્યા અનુસાર સેકન્ડ બી.એ. (એકસ્ટર્નલ) પરીક્ષા પસાર કરનાર વિદ્યાર્થી થર્ડ બી.એ. પરીક્ષા માટે કોઈ પણ કૉલેજમાં સત્રો રાખી શકે નહિ તે સંજોગોમાં ઉપરોકત બંને વિદ્યાર્થીઓનાં થર્ડ બી.એ. પરીક્ષાનાં અનામત રાખેલ પરિણામો જાહેર કરવા અંગે વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ કેસોના વિશિષ્ટ સંજોગો જોતાં તે બેઉ વિદ્યાર્થીઓનાં પરિણામ તેમને એકસ્ટર્નલ વિદ્યાર્થીઓ તરીકે ગણીને જાહેર કરવાં.

૬૬. ફર્સ્ટ બી.એ.ની પરીક્ષા અર્થશાસ્ત્ર મુખ્ય અને સમાજશાસ્ત્ર ગૌણ વિષયો સાથે પસાર કરનાર કુ. ફરીદા વાય. બેલીમને આર્ટ્સ ઍન્ડ કૉમર્સ કૉલેજ, હિંમતનગરમાં સેકન્ડ બી.એ.ના વર્ગમાં સમાજશાસ્ત્ર ગૌણ વિષયને બદલે ઇતિહાસનો વિષય રાખવા પરવાનગી આપવા અંગે વિચારણા કરવા બાબત.

[**નોંધ**—(૧) કુ. બેલીમના પિતાશ્રીની બદલી ડી.એસ.પી. તરીકે હિંમતનગર થયેલ છે.

(૨) આર્ટ્સ ઍન્ડ કૉમર્સ કૉલેજ, હિંમતનગરમાં સમાજશાસ્ત્ર ગૌણ વિષય શીખવવાની જોગવાઈ નથી, પરંતુ ઇતિહાસ વિષય શીખવવાની જોગવાઈ છે.]

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ કૉલેજનાં વિદ્યાર્થિની કુ. ફરીદા વાય. બેલીમને સેકન્ડ બી.એ.ના વર્ગમાં ગૌણ વિષય તરીકે સમાજશાસ્ત્રને બદલે ઇતિહાસનો વિષય રાખવા માટે અપવાદ તરીકે પરવાનગી આપવી.

૬૭. યુનિવર્સિટીની જુદી જુદી પરીક્ષાઓમાં સિનિયર સુપરવાઇઝરોને અપાતી સૂચનાઓ પૈકી રિલીવિંગ જુનિયર સુપારવાઇઝરોની નિમણૂક અંગેની સૂચના નીચે મુજબ સુધારીને વંચાય તે અંગે વિચારણા કરવા બાબત :

No relieving Junior Supervisor shall be appointed if the total number of Junior Supervisors appointed is less than six. However one relieving Junior Supervisor may be appointed if the total number of Junior Supervisors appointed is more than six, but not more than 15 and one additional relieving Junior Supervisor may be appointed for every ten additional Junior Supervisors in excess of 15.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ પ્રસ્તાવ મંજૂર કરવો અને તે મુજબ સુપરવાઇઝરોને અપાતી સૂચનામાં જરૂરી સુધારો કરવો.

૬૮. ડિપ્લોમા ઇન લિંગ્વિસ્ટિકસના અભ્યાસ માટે સત્ર ફી કેટલી રાખવી તે અંગે વિચારણા કરવા બાબત :

(**નોંધ.**—વિનયન વિદ્યાશાખાના વિષયો માટે હાલમાં અનુ. નિયમ નં. ૨૬ અનુસાર સત્ર ફી રૂ. ૧૨૫ નક્કી કરેલ છે.)

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ ડિપ્લોમાના અભ્યાસક્રમ માટે સત્ર દીઠ ટયૂશન ફી રૂ. ૭૫ની નિયત કરવી.

(**નોંધ.**—આ ઠરાવને ભવિષ્યમાં શિરસ્તા તરીકે ગણવામાં આવશે નહીં એમ સભાગૃહે સ્પષ્ટતા કરી હતી.)

૬૯. એસ.વાય.બી.એસસી.ના કેમિસ્ટ્રીના પ્રાયોગિક પરીક્ષાના પરીક્ષકોને માર્કશીટ વગેરે ટપાલ દ્વારા યુનિવર્સિટી કાર્યાલયને મોકલવા માટે થતા ટપાલખર્ચ સામે ઑડ-ડૉક ધોરણે ખર્ચ આપવા અંગે વિચારણા કરવા બાબત.

(**નોંધ.**—ટપાલખર્ચ અંગેનો હાલનો નિયમ નીચે મુજબ છે :

In order to meet with postal expenditure which the Examiners have to incur in sending answer-books, marksheets, etc., at Pre-Uni. Science, F.Y.B.Sc. Practical Examinations, a lump sum of Rs. 15/- may be paid to each of the Examiner.)

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ પરીક્ષા માટેનાં ગુણપત્રકો પરીક્ષકોએ રોજેરોજ ટપાલ દ્વારા મોકલવાનાં હોવાથી પ્રત્યેક પરીક્ષકને ટપાલખર્ચ પેટે ઉચ્ચક રૂ. ૧૫ની રકમ આપવી.

આ ઠરાવને માર્ચ--એપ્રિલ ૧૯૭૨માં લેવાયેલી એસ.વાય. બી.એસસી.ની કેમિસ્ટ્રીના પ્રાયોગિક પરીક્ષાના પરીક્ષકોને લાગુ પાડવો.

૭૦. પોસ્ટ-ગ્રેજ્યુએટ મેડિસિન વિદ્યાશાખાની ડી.ઓ.એમ.એસ.ની પરીક્ષામાં પ્રત્યેક ડિઝર્ટેશન દીઠ પ્રત્યેક પરીક્ષકને રૂ. ૨૫ના દરથી મહેનતાણું આપવાનું કુલપતિશ્રીએ મંજૂર કર્યું તેની નોંધ લેવા બાબત; તથા ડી.ઓ.એમ.એસ.ની પરીક્ષામાં ડિઝર્ટેશનના કાયમી ધોરણે દર નક્કી કરવા અંગે વિચારણા કરવા બાબત.

(નોંધ.—મેડિકલ વિદ્યાશાખામાં ડિઝર્ટેશનનો દર નીચે મુજબ છે :

Examining a dissertation at M.D., M.S. and M.D.S. Parts I & II Examinations...Rs. 25/-. The rate is per Examiner per candidate .)

આથી ઠરાવવામાં આવે છે કે કુલપતિશ્રીના સદરહુ કાર્યની નોંધ લેવી, અને સદરહુ પરીક્ષા માટે ડિઝર્ટેશન દીઠ પરીક્ષકના પુરસ્કારનો દર રૂ. ૨૫ ભવિષ્ય માટે પણ નિયત કરવો.

૭૧. યુનિવર્સિટી બોર્ડ ઑફ સ્પોર્ટ્સનો તા. ૪--૪--૧૯૭૨ની સભામાં નિયુક્ત થયેલ ઉપસમિતિ, જેની ભલામણો બોર્ડ ઑફ સ્પોર્ટ્સના ચૅરમૅનશ્રીની અનુમતિથી સિન્ડિકેટ સમક્ષ રજૂ કરવાનું ઠરાવ્યું હતું તે ઉપસમિતિની નીચેની ભલામણો પર વિચારણા કરવા બાબત :

(૧) આંતર-યુનિવર્સિટી સ્પર્ધાઓમાં ભાગ લેવા જતા ખેલાડીઓને હાલ જે રૂ. ૬ દૈનિક ભથ્થું અપાય છે તેને બદલે રૂ. ૮ ભથ્થું આપવા આ સમિતિ સિન્ડિકેટને ભલામણ કરે છે.

(૨) આપણી ટુકડી સાથે જનાર મૅનેજર, કોચ કે મૅનેજર-કમ-કોચને હાલ જે દૈનિક ભથ્થું તેમ જ મુસાફરી ભથ્થું આપાય છે તે ઘણું જ ઓછું છે તેથી મૅનેજર, કોચ કે મૅનેજર-કમ-કોચને પણ ખેલાડીઓની માફક જ મુસાફરી દરમિયાન કે સ્પર્ધા દરમિયાન અમદાવાદથી મુસાફરી શરૂ કરે ત્યારથી જ તે અમદાવાદ પાછા આવે ત્યાં સુધી દરરોજના રૂ. ૧૫/- લેખે દૈનિક ભથ્થું આપવા આ સમિતિ સિન્ડિકેટને ભારપૂર્વક ભલામણ કરે છે.

(૩) યુનિવર્સિટી કોચિંગ કૅમ્પ દરમિયાન સ્થાનિક વિદ્યાર્થીઓને રૂ. ૨ને બદલે રૂ. ૩ અને બહારગામના વિદ્યાર્થીઓને રૂ. ૪ને બદલે રૂ. ૫ પ્રૅક્ટિસ એલાવન્સ આપવા આ સમિતિ સિન્ડિકેટને ભલામણ કરે છે.

સદરહુ ભલામણોની ઉપર ચર્ચાવિચારણાને અંતે નીચે મુજબ ઠરાવવામાં આવ્યું :

(૧) આંતર-યુનિવર્સિટી સ્પર્ધાઓમાં ભાગ લેવા જતા ખેલાડીઓના હાલના દૈનિક ભથ્થાના દરમાં કશો ફેરફાર કરવો નહીં.

(૨) સદરહુ બાબત અંગેના હાલના દૈનિક ભથ્થાના દરમાં કશો ફેરફાર કરવો નહીં.

(૩) સદરહુ પ્રૅક્ટિસ એલાવન્સના હાલના દરમાં કશો ફેરફાર કરવો નહીં, પરંતુ તાલીમ શિબિરમાં રહેતા વિદ્યાર્થીઓને પૌષ્ટિક ખોરાક મળે તે માટે જરૂરી પ્રસ્તાવ આવ્યેથી તે અંગે વિચારણા કરવાનું રાખવું.

તે પછી સભાગૃહનું કામકાજ તા. ૧૫-૮-૧૯૭૨ના રોજ બંધ કરવામાં આવ્યું અને તા. ૬-૮-૧૯૭૨ના રોજ સભા મળતાં યાદી પરનાં બાકીનાં કામકાજ હાથ ધરવામાં આવ્યાં.

સભાગૃહની શરૂઆતમાં કુલપતિ શ્રી. ઉમાશંકર જોશીની ગેરહાજરીમાં સભાગૃહનું પ્રમુખસ્થાન સભાની વિનંતીથી શ્રી. ઝીણાભાઈ ૨. દેસાઈએ સંભાળ્યું.

૭૨. ભવન્સ આર્ટ્સ ઍન્ડ સાયન્સ કૉલેજ, ડાકોરમાં સ્થાપવામાં આવેલ રસાયણવિજ્ઞાનના અનુસ્નાતક કેન્દ્રના વિકાસ માટે યુ.જી.સી. તરફથી મળનાર અનુદાન રૂ. ૪૨૫૦૦ની સામે મૅચિંગ શૅર તરીકે કુલ રકમ રૂ. ૧૭૫૦૦ આપવાના છે તે પેટે વર્ષ ૧૯૭૧--૭૨ની કુલ બચત રૂ. ૧૪૬૦૦માંથી તેટલી જ રકમ મૅચિંગ શૅર તરીકે આપવાની આચાર્યશ્રીની માગણી અંગે વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ કેન્દ્રના વિકાસ માટે ભવન્સ આર્ટ્સ ઍન્ડ સાયન્સ કૉલેજ, ડાકોરને યુનિવર્સિટી ગ્રાન્ટસ કમિશન તરફથી રૂ. ૪૨,૫૦૦નું જે અનુદાન મળેલું છે તેના મૅચિંગ શૅર પેટે કૉલેજે આપવાની થતી રકમ રૂ. ૧૭,૫૦૦ની રકમમાં સદરહુ કેન્દ્રની ૧૯૭૧--૭૨ના વર્ષની કુલ બચતમાંથી રૂ. ૧૪,૦૦૦ની રકમ વાપરવા માટે મંજૂરી આપવી.

૭૩. સ્ટે. ૧૮૮(૨) પ્રમાણે કર્મચારીઓને આપવામાં આવતી મકાન બાંધકામ વગેરે અંગેની લોનના વ્યાજનો દર નક્કી કરવા અંગે વિચારણા કરવા બાબત.

સ્ટે. ૧૮૮(૨) નીચે પ્રમાણે છે :

St. 188 (*ii*) :

A subscriber who has completed at least twelve years of service in the employment of the University may be granted an advance by the Syndicate in its discretion for constructing or purchasing a house or carrying out the repairs of his house to the extent of his own subscription plus the contribution of the University credited to his Provident Fund Account as on 31st March immediately preceding his application. Such advance shall be repaid in monthly instalments not exceeding 120 and at such rate of interest as may be fixed by the Syndicate from time to time.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ સ્ટે. ૧૮૮ની પેટાકલમ (૨) હેઠળ યુનિવર્સિટીના કર્મચારીઓને ઘર ખરીદવા કે ઘર બાંધવા માટે કે ઘરનું સમારકામ કરવા માટે જે લોન આ પહેલાં મંજૂર કરવામાં આવી હોય કે હવે પછી મંજૂર કરવામાં આવે તે લોન પર યુનિવર્સિટી વખતોવખત પ્રૉવિડન્ટ ફંડ પર જે દરે વ્યાજ આપે તે દરે સંબંધકર્તા કર્મચારી પાસેથી વ્યાજ લેવાનું (charge કરવાનું) રાખવું.

તે પછી બાબત નં. ૭૪ ચર્ચાવિચારણા માટે હાથ ધરવામાં આવી, અને તે અંગેની ચર્ચા ચાલુ હતી તે દરમ્યાન કુલપતિ શ્રી ઉમાશંકર જોશી સભાગૃહમાં આવતાં તેઓશ્રીએ શ્રી. ઝીણાભાઈ ૨. દેસાઈ પાસેથી પ્રમુખસ્થાન સંભાળ્યું.

૭૪. આચાર્ય ગિરીશભાઈ પટેલના નીચેના પ્રસ્તાવ પર વિચારણા કરવા બાબત :

"ડોંગરેકરી કમિશનના અહેવાલના આધારે ગુજરાત સરકારે ગુજરાત યુનિવર્સિટી ધારા, ૧૯૭૦માં ઘણા અગત્યના અને મૂળગામી ફેરફારો કરતો સુધારા ખરડો તૈયાર કર્યો છે અને થોડા જ સમયમાં તેને કાયદાનું રૂપ આપવા વિચારે છે. આ હકીકતને ધ્યાનમાં લેતાં સ્પષ્ટ જણાશે કે નવા વાઈસ-ચાન્સેલરની પસંદગી નવા ધારા હેઠળ થાય તે લોકશાહીના સિદ્ધાંતની દૃષ્ટિએ અને શિક્ષણની દૃષ્ટિએ ઉચિત ગણાશે. આ પરિસ્થિતિમાં નવો ધારો અમલમાં આવે ત્યાં સુધી ચાલુ વાઈસ-ચાન્સેલરની મુદતમાં વધારો કરવા સિન્ડિકેટની આ સભા રાજ્ય સરકારને ખાસ ભલામણ કરે છે."

સદરહુ બાબતના સંદર્ભમાં સિન્ડિકેટના સભ્ય શ્રી. પ્રફુલ્લભાઈ શાહનો તા. ૪--૮--૧૯૭૨નો પત્ર સભાગૃહ સમક્ષ રજૂ કરવામાં આવ્યો. તેમાં એ પ્રશ્ન ઉઠાવવામાં આવ્યો હતો કે શ્રી. ગિરીશભાઈ પટેલ યુનિવર્સિટીની સેનેટ તથા સિન્ડિકેટના સભ્યપદેથી ફારેગ થયેલા હોઈ તેમણે રજૂ કરેલા પ્રસ્તાવો આ સભાગૃહ વિચારણા માટે લઈ શકે?

તે પછી સભાગૃહે પોતાનું મન્તવ્ય રજૂ કર્યું કે શ્રી. ગિરીશભાઈ પટેલે રજૂ કરેલા પ્રસ્તાવો કામકાજની યાદીમાં સમાવિષ્ટ થયેલા હોઈ તેને તેમના પ્રસ્તાવો તરીકે ન ગણતાં કામકાજની યાદી પરના પ્રસ્તાવો તરીકે ગણીને વિચારણા કરવી જોઈએ.

તે પછી સદરહુ પ્રસ્તાવો અંગે કેટલીક ચર્ચાવિચારણાને અંતે સભાગૃહે ઠરાવ્યું કે સદરહુ પ્રસ્તાવની નોંધ લેવી.

તે પછી સભાગૃહની સંમતિથી બાબત નં. ૩૭ અને ૪૨ જેની વિચારણા તા. ૧૫--૮--૧૯૭૨ના રોજ મોકૂફ રાખવામાં આવી હતી તે ચર્ચાવિચારણા માટે હાથ ધરવામાં આવી. તે બે બાબતો અંગેની નોંધ સરળતા માટે યથાસ્થાને આપવામાં આવી છે.

નીચેની બાબતો નં. ૭૫થી ૮૮ની વિચારણા મોકૂફ રાખવામાં આવી :

૭૫. આચાર્ય ગિરીશભાઈ પટેલના નીચેના પ્રસ્તાવ પર વિચારણા કરવા બાબત :

"અર્વાચીન જગતમાં શૈક્ષણિક સંસ્થાઓ ધાર્મિક કે ધર્માદાની બીજી સંસ્થાઓ કરતાં સ્વરૂપે, કાર્યે અને ઉદ્દેશોમાં તદ્દન ભિન્ન પ્રકારની અને સમાજમાં આગવું સ્થાન ધરાવે છે. સમાજની પ્રગતિ અને આબાદી શિક્ષણના ઉચ્ચ સિદ્ધાંતો અનુસાર ચાલતી શૈક્ષણિક સંસ્થાઓ ઉપર આધાર રાખે છે. આ હકીકતને ધ્યાનમાં રાખી ઉચ્ચ શિક્ષણ આપતી સંસ્થાઓ માટે સામાજિક જવાબદારી, સંસ્થાકીય સ્વાયત્તતા, શિક્ષકો અને વાલીઓની ભાગીદારીના સિદ્ધાંત ઉપર રચાયેલા અલગ એજ્યુકેશનલ ટ્રસ્ટ ઍક્ટ ઘડવા સિન્ડિકેટની આ સભા રાજ્ય સરકારને ભલામણ કરે છે."

૭૬. આચાર્ય ગિરીશભાઈ પટેલના નીચેના પ્રસ્તાવ પર વિચારણા કરવા બાબત :

"ગુજરાત યુનિવર્સિટી ધારા, ૧૯૭૮. કલમ ૩૩ (૧) (બી) મુજબ દરેક કૉલેજ Regularly Constituted Governing Bodyના સંચાલિત હોવી આવશ્યક છે અને તે પ્રકારનો સંતોષ સિન્ડિકેટને આપવાનો હોય છે. આ ધારા હેઠળ Regularly Constituted Governing Body કોને કહેવાય તે નક્કી કરવાની સત્તા સિન્ડિકેટ પાસે છે. તો સિન્ડિકેટની આ સભા દરેક કૉલેજને આદેશ આપે છે કે

આવતા ત્રણ માસમાં તેમણે નીચે પ્રમાણે ગવર્નિંગ બૉડીની રચના કરવી :

ટ્રસ્ટીઓ	...	૨
આચાર્ય	...	૧
શિક્ષકો	...	૨
વિદ્યાર્થી	...	૧
વાલીઓ	...	૨
ગુજરાત યુનિવર્સિટી પ્રતિનિધિ	...	૧
	કુલ	૯

૭૬--એ. આચાર્ય ગિરીશભાઈ પટેલના નીચેના પ્રસ્તાવ ઉપર વિચારણા કરવા બાબત :

"સિન્ડિકેટની આ સભા દરેક કૉલેજને આદેશ આપે છે કે આવતા ૬ મહિનામાં દરેક કૉલેજે અલગ ટ્રસ્ટ તરીકે પોતાની નોંધણી કરાવવી."

૭૭. આચાર્ય ગિરીશભાઈ પટેલના નીચેના પ્રસ્તાવ ઉપર વિચારણા કરવા બાબત :

"સંલગ્ન કૉલેજોમાં શિક્ષણનું કાર્ય કરતા શિક્ષકોની નોકરીની સલામતી અને સ્થિરતા માટે અને તે અંગે યોગ્ય ધોરણો ઊભાં થાય તે માટે યુનિવર્સિટીએ તાત્કાલિક પગલાં ભરવાં જરૂરી છે અને તેથી નીચેનો ઑર્ડિનન્સ ઘડવા સિન્ડિકેટને ભલામણ છે :

No teacher (including the Principal of an affiliated college) working in any of affiliated colleges in Gujarat University shall be dismissed, discharged of reduced in rank without the approval of the Syndicate."

૭૮. આચાર્ય ગિરીશભાઈ પટેલના નીચેના પ્રસ્તાવ પર વિચારણા કરવા બાબત :

"સંલગ્ન કૉલેજોમાં કાર્ય કરતા શિક્ષકોની નિમણૂકો તેમ જ તેમાં થતા ફેરફાર અંગેની માહિતી આપતા ઑ. ૮૬ અને ઑ. ૯૭ અંગે કૉલેજો શિક્ષકોનાં નામો વગેરે યુનિવર્સિટીને મોકલે તે ફૉર્મમાં લાગતાવળગતા શિક્ષકની સહી લેવી આવશ્યક ગણાવી જોઈએ અને તે અંગે યુનિવર્સિટી જે પગલાં લે તેની તે શિક્ષકને પણ જાણ કરવી જોઈએ."

૭૯. આચાર્ય ગિરીશભાઈ પટેલના નીચેના પ્રસ્તાવ પર વિચારણા કરવા બાબત :

"સાયન્સ, આર્ટ્સ અને કૉમર્સ ફેકલ્ટીમાં ત્રણ વર્ષના અભ્યાસક્રમમાં વધારે પડતું Specialization લેવાને કારણે વિદ્યાર્થીઓને સ્નાતક કક્ષાએ નુકસાન થયું છે, અને તેથી કેમ્બ્રિજ કે ઑક્સફર્ડમાં Triperની પદ્ધતિ છે તેના જેવી પદ્ધતિ અપનાવવા અંગે વિચારણા કરવી જરૂરી છે."

૮૦. આચાર્ય ગિરીશભાઈ પટેલના નીચેના પ્રસ્તાવ પર વિચારણા કરવા બાબત :

"સંલગ્ન કૉલેજો-યુનિવર્સિટીમાં બધા જ માટે શિક્ષણ અને વિદ્યાનાં ધોરણો ગુણવત્તાની દૃષ્ટિએ ઊંચે આવે તે માટે કયાં ચોક્કસ, વ્યવહારુ અને તાત્કાલિક અમલમાં આવે એવાં પગલાં લેવાં તે અંગે સમગ્ર વિચારણા કરવી જરૂરી છે અને તે અંગે તાત્કાલિક કમિટી નીમી એક મહિનામાં તેનો અહેવાલ મગાવવો."

૮૧. આચાર્ય ગિરીશભાઈ પટેલના નીચેના પ્રસ્તાવ પર વિચારણા કરવા બાબત :

"યુ.જી.સી. તરફથી મળતી વિવિધ પ્રકારની ગ્રાન્ટોનો સત્વરે લાભ લેવાય તે આવશ્યક છે અને તે માટે મૅચિંગ ગ્રાન્ટો, કૉલેજો ઊભી કરે તેવા પ્રયત્નો કરવા જોઈએ અને ગુજરાત સરકાર આવી મૅચિંગ ગ્રાન્ટ લોન તરીકે કે કોઈ બીજી રીતે કૉલેજોને આપી શકે તે માટે એક Educational Finance Corporation જેવી સંસ્થા ઊભી કરે તે માટે ગુજરાત સરકાર સાથે તાત્કાલિક વાટાઘાટ કરવામાં આવે."

૮૨. આચાર્ય ગિરીશભાઈ પટેલના નીચેના પ્રસ્તાવ પર વિચારણા કરવા બાબત :

"કેન્દ્રના તેમ જ રાજ્યના વિવિધ મજૂર અને ઔદ્યોગિક કાયદાઓ યુનિવર્સિટી, તેના કર્મચારીઓ અને કૉલેજો અને તેના કર્મચારીઓને લાગુ પાડવા માટે આ યુનિવર્સિટી કેન્દ્ર સરકાર તેમ જ રાજ્ય સરકારને ભલામણ કરે."

૮૩. આચાર્ય ગિરીશભાઈ પટેલના નીચેના પ્રસ્તાવ પર વિચારણા કરવા બાબત :

"યુનિવર્સિટી સાથેનાં સંલગ્ન કૉલેજોના વહીવટ અંગે વિવિધ પ્રકારની ફરિયાદો અને કેટલીક કૉલેજોનાં સંચાલકમંડળોનાં વધતાં જતાં મનસ્વી કાર્યોને ધ્યાનમાં લેતાં સિન્ડિકેટે બધી જ કૉલેજોની સર્વાંગી તપાસ કરાવવી જોઈએ અથવા ગુજરાત યુનિવર્સિટી ઍક્ટ હેઠળ ચાન્સેલરને તપાસ કરવા વિનંતી કરવી જોઈએ."

૮૪. આચાર્ય ગિરીશભાઈ પટેલના નીચેના પ્રસ્તાવ પર વિચારણા કરવા બાબત :

"યુનિવર્સિટી સાથે જોડાયેલી સંલગ્ન કૉલેજોની તપાસ માટે યુનિવર્સિટીએ તાત્કાલિક એટલે કે એક મહિનામાં ઈન્સ્પેકશન યુનિટ ઊભું કરવું જોઈએ અને તે માટે જરૂરી કાર્યવાહી તરત જ શરૂ કરવી."

૮૫. આચાર્ય ગિરીશભાઈ પટેલ તરફથી આવેલ નીચેના પ્રસ્તાવ ઉપર વિચારણા કરવા બાબત :

"કૉલેજોમાં આપવામાં આવતી વૅકેશનની રજાઓ આનંદ કરવા માટે છે પરંતુ વિવિધ અભ્યાસ કરવા માટે છે; તો દરેક વિષયનો થોડો ભાગ એવો રાખવો જોઈએ કે જેની તૈયારી વૅકેશન દરમિયાન થાય અને કૉલેજ ઊઘડતાં તેની પરીક્ષા લેવી જરૂરી ગણાવી જોઈએ."

૮૬. આચાર્ય ગિરીશભાઈ પટેલ તરફથી આવેલ નીચેના પ્રસ્તાવ ઉપર વિચારણા કરવા બાબત :

"કોઈ પણ કૉલેજ કોઈ વર્ષમાં વિશિષ્ટ પ્રયોગ કે સિદ્ધિ પ્રાપ્ત કરી હોય તો તેનો યોગ્ય કદર કરવી તેમ જ બીજી કૉલેજોને તેમાંથી પ્રેરણા મળે તેવી રીતે કોઈ વ્યવસ્થા ઊભી કરવી જરૂરી છે."

૮૭. શ્રી. સત્યેન્દ્ર કા. ઝવેરીના નીચેના પ્રસ્તાવ પર વિચારણા કરવા બાબત :

Add the following Ordinance :

O. 120–AA :

No management or college shall terminate the services of any teacher without the previous approval of the Syndicate of this University.

૮૮. શ્રી. કે. એસ. શાસ્ત્રીના નીચેના પ્રસ્તાવ પર વિચારણા કરવા બાબત :

"જે અધ્યાપકો સંલગ્ન કૉલેજોમાં અધ્યાપનકાર્ય કરતા હોય અને કૉલેજ દ્વારા તેમની શિક્ષક તરીકેની માન્યતા માટે અરજી કરવામાં ન આવી હોય તો તેવા તમામ અધ્યાપકોને, જો તેઓ જરૂરી લાયકાત ધરાવતા હોય તો, જ્યારથી અધ્યાપન કરતા હોય ત્યારથી તેમને જે તે પદ માટે લાયક ગણવા."

૮૯. 'વિદ્યા' (વિજ્ઞાનવિભાગ)ના તંત્રીમંડળના એક સભ્ય ડૉ. ય. ગુ. નાયક હવે શિક્ષણકાર્યમાંથી નિવૃત્ત થયેલા હોઈ તેમની જગાએ અન્ય કોઈ વ્યકિતની નિમણૂક કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે "વિદ્યા" (વિજ્ઞાન વિભાગ)ના તંત્રીમંડળના એક સભ્ય ડૉ. ય. ગુ. નાયકની જગ્યાએ પ્રો. પૉ. ડી. પાઠકની નિમણૂક કરવી.

નીચેની બાબતો નં. ૯૦થી ૯૬ની વિચારણા મોકૂફ રાખવામાં આવી.

૯૦. સેનેટની તા. ૨૪/૨૫/૨૬--૩--૧૯૭૨ની સભામાં અંદાજપત્ર પરત્વે નીચેનો પ્રસ્તાવ મંજૂર થયેલ હોઈ સદરહુ ઠરાવ પર આગળ ઘટતાં પગલાં લેવા અંગે વિચારણા કરવા બાબત :

"માર્ચ, ૧૯૭૧ની યુનિવર્સિટી સેનેટની સભાએ સર્વાનુમતે ઠરાવ કરીને સિન્ડિકેટને વિનંતી કર્યા છતાં, યુનિવર્સિટી પ્રેસના કર્મચારીઓનું સાઈકલ ભથ્થું તેમના મૂળ પગારમાં ભેળવવા બાબતમાં યુનિવર્સિટીના અન્ય કર્મચારીઓ કરતાં ભિન્ન (કેવળ નોશનલ) વ્યવહાર દાખવવામાં આવ્યો છે તેને આ સભા ઉચિત ગણતી નથી. તો યુનિવર્સિટીના અન્ય કર્મચારીઓની બાબતમાં બન્યું છે તેમ યુનિવર્સિટી પ્રેસના કર્મચારીઓનું સાઈકલ ભથ્થું પણ તા. ૧--૭--૧૯૬૮થી ભેળવીને તેમ જ તેનો વાસ્તવિક (નોશનલી નહિ) અમલ કરીને સેનેટે એકીઅવાજે પસાર કરેલા ઠરાવની ભાવનાને મૂર્ત કરવા અને એ રીતે સેનેટના સર્વાનુમતે ઠરાવનું યથાતથ પરિપાલન કરી ગૌરવ જાળવવા સેનેટની આ સભા સિન્ડિકેટને ફરી વાર વિનંતી અને અનુરોધ કરે છે. આના સંદર્ભમાં યુનિવર્સિટીના અંદાજપત્રના પૃષ્ઠ ૩ ઉપર ખર્ચના મથાળા નં. ૧૬, યુનિવર્સિટી મુદ્રણાલયનો ૧૯૭૧--૭૨નો પુનર્નિર્મિત અંદાજ રૂ. ૪,૮૯,૫૦૦ સુધારીને પ્રતીક તરીકે તેમાં રૂ. ૧,૦૦૦ (એક હજાર) વધુ ખર્ચની જોગવાઈ કરવા સિન્ડિકેટને વિનંતી છે."

૯૧. સેનેટની તા. ૨૪/૨૫/૨૬--૩--૧૯૭૨ની સભામાં અંદાજપત્ર પરત્વે નીચેનો પ્રસ્તાવ મંજૂર થયેલ હોઈ સદરહુ ઠરાવ પર આગળ ઘટતાં પગલાં લેવા અંગે વિચારણા કરવા બાબત :

"યુનિવર્સિટી પ્રેસમાં કરવામાં આવતાં કામોના બિલના દર બજારભાવ કરતાં નીચા હોવાને કારણે પ્રેસનું બજેટ ખાધવાળું બને છે, તેથી પ્રેસનાં કામોનાં બિલો ગુજરાત રાજ્યનાં સરકારી પ્રેસોના ધોરણે બનાવવાની પ્રથા અપનાવીને "નહિ નફો--નહિ નુકસાન"નું ધોરણ આગામી નાણાકીય વર્ષથી એટલે કે તા. ૧--૪--૧૯૭૨થી રાખવા સેનેટની આ સભા સિન્ડિકેટને વિનંતી કરે છે. આના સંદર્ભમાં સને ૧૯૭૨--૭૩ના અંદાજપત્રના પૃ. ૨ ઉપર મથાળા નં. ૧૧માં મુદ્રણાલયની આવક રૂ. ૪,૦૩,૦૦૦ અંદાજી છે તેમાં પ્રતીક તરીકે રૂ. ૧,૦૦૦ની વધુ આવક બતાવવી એમ સિન્ડિકેટને વિનંતી છે."

૯૨. સેનેટની તા. ૨૪/૨૫/૨૬--૩--૧૯૭૨ની સભામાં અંદાજપત્ર પરત્વે નીચેનો પ્રસ્તાવ મંજૂર થયેલ હોઈ સદરહુ ઠરાવ પર આગળ ઘટતાં પગલાં લેવા અંગે વિચારણા કરવા બાબત :

"યુનિવર્સિટી પ્રેસની સ્થાપના થયાને વર્ષો થયા છતાં યુનિવર્સિટી પ્રેસના કર્મચારીઓનાં રહેઠાણો માટે યુનિવર્સિટી તરફથી હજી સુધી કોઈ જોગવાઈ થઈ નથી તેની નોંધ લઈને, તેમ જ પ્રેસ-કર્મચારીઓ

માટે રહેઠાણોની વ્યવસ્થા કરવાની બાબતનો યુનિવર્સિટીએ આ અગાઉ સૈદ્ધાંતિક સ્વીકાર કર્યો છે તેને ધ્યાનમાં લઈને, યુનિવર્સિટીની સેનેટની આ સભા યુનિવર્સિટીના સને ૧૯૭૨--૭૩ના અંદાજપત્રના પૃષ્ઠ ૨૩ ઉપર મથાળા નં. ૨૩ અને ૨૪ (કર્મચારીવર્ગનાં મકાનો—"સી" અને "ડી" ટાઇપ)માં કુલ રૂ. ૧,૦૦,૦૦૦ (એક લાખ)ની સૂચિત જોગવાઈ છે તેમાંથી રૂ. ૨૧,૦૦૦ અલગ ફાળવીને અને વધારાના રૂ. ૨૧,૦૦૦ ઉમેરીને એમ કુલ રૂ. ૧૦,૦૦૦ની રકમ યુનિવર્સિટી પ્રેસના કર્મચારીઓનાં રહેઠાણો માટે વાપરવાની જોગવાઈ કરવા સિન્ડિકેટને વિનંતી કરે છે."

૯૩. તા. ૨૯/૩૦--૯--૧૯૭૧ તથા તા. ૮--૧--૧૯૭૨ના રોજ મળેલ સેનેટની વિશેષ સભામાં પસાર થયેલ નીચેના ઠરાવ પર આગળ ઘટતાં પગલાં લેવા અંગે વિચારણા કરવા બાબત :

"પ્રાધ્યાપકોને પોતાના વિષયનાં પુસ્તકો ખરીદવા અંગે મૉચિંગ ગ્રાન્ટ આપવા અંગેની નીતિ ઘડી કાઢવા માટે સંબંધકર્તા સત્તામંડળને આ સભા વિનંતી કરે છે."

૯૪. તા. ૨૯/૩૦--૯--૧૯૭૧ તથા તા. ૮--૧--૧૯૭૨ના રોજ મળેલ સેનેટની વિશેષ સભામાં મંજૂર થયેલા નીચેના ઠરાવ પર આગળ ઘટતાં પગલાં લેવા અંગે વિચારણા કરવા બાબત :

"ગુજરાત રાજ્યના ફેકટરી ઍકટ અન્વયે યુનિવર્સિટી પ્રેસના જે જે હંગામી કર્મચારીઓ ભારત સરકારના ઍકટ હેઠળ પ્રોવિડંટ ફંડનો લાભ મેળવવા પાત્ર થતા હોય તેમને યુનિવર્સિટી પ્રેસના કાયમી કર્મચારીઓને મળતા કેજ્યુઅલ રજા, માંદગીની રજા, તહેવારોની રજા ઇત્યાદિ લાભો આપીને પ્રેસના કર્મચારીઓની બાબતમાં હાલ પ્રવર્તતાં ભેદભાવ નિવારણો નાબૂદ કરવા સેનેટની આ સભા સિન્ડિકેટને વિનંતી કરે છે."

૯૫. તા. ૨૯/૩૦--૯--૧૯૭૧ તથા તા. ૮--૧--૧૯૭૨ના રોજ મળેલ સેનેટની વિશેષ સભામાં મંજૂર થયેલ નીચેના ઠરાવ પરત્વે આગળ ઘટતાં પગલાં લેવા અંગે વિચારણા કરવા બાબત :

"ગુજરાત રાજ્યના ફેકટરી ઍકટ અન્વયે યુનિવર્સિટી પ્રેસના જે કર્મચારીઓની પ્રોવિડંટ ફંડની કપાત થતી હોય તેવા યુનિવર્સિટી પ્રેસના હંગામી કર્મચારીઓને જે તે જગ્યા પર પ્રોવિડંટ ફંડ કપાતની આરંભ-તારીખથી યુનિવર્સિટી પ્રેસનાં ધારાધોરણ અનુસાર કાયમ કરવા સેનેટની આ સભા સિન્ડિકેટને વિનંતી કરે છે."

૯૬. તા. ૨૯/૩૦--૯--૧૯૭૧ તથા તા. ૮--૧--૧૯૭૨ના રોજ મળેલ સેનેટની વિશેષ સભામાં પસાર થયેલા નીચેના ઠરાવ પરત્વે આગળ ઘટતાં પગલાં લેવા અંગે વિચારણા કરવા બાબત :

"કૉલેજોમાં ટ્યુટોરિયલ પ્રથા દાખલ કરી છે ત્યારથી આજ દિન સુધીમાં ટ્યુટોરિયલ વર્ગમાં શું કરવું તે અંગે યુનિવર્સિટીએ કૉલેજોને કોઈ નક્કર માર્ગદર્શન આપ્યું નથી અને કદાચ તેને કારણે જ આ એક સુંદર પ્રયોગ નિષ્ફળ પુરવાર થવાની દિશામાં છે. તો હજી પણ તેમાં મોડું થાય તે પહેલાં યુનિવર્સિટીની દરેક ફેકલ્ટીએ બેથી ત્રણ દિવસનો સેમિનાર યોજીને ટ્યુટોરિયલ કાર્યનું એક સામાન્ય માળખું ઘડી કાઢી વિષયના બોર્ડને મોકલી આપે; અને વિષયનું બોર્ડ તે સામાન્ય માળખાને લક્ષમાં રાખીને, છતાં પોતાના વિષયની જરૂરિયાતોને ઉમેરીને, દરેક વિષયનો ટ્યુટોરિયલ કાર્યનો એક આખરી નકશો તૈયાર કરે તે માટે યુનિવર્સિટી સક્રિય બને તેવી આ સભા યુનિવર્સિટીને ભલામણ કરે છે."

૯૭. તા. ૧૯–૭–૧૯૭૨ની સિન્ડિકેટમાં ઑ. ૪૭ હેઠળ બોર્ડ ઑફ એકસ્ટ્રામ્યુરલ સ્ટડીઝના નવા સભ્યોની નિમણૂક કરવામાં આવી છે તેના અનુસંધાનમાં ઑ. ૪૭(૫) મુજબ તે બોર્ડ ઉપર લેબર યુનિયનના એક પ્રતિનિધિની નિયુક્તિ કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બોર્ડ ઉપર લેબર યુનિયનોના એક પ્રતિનિધિ તરીકે શ્રી. નટવરલાલ ચંદુલાલ શાહની નિમણૂક કરવી.

૯૮. કુલપતિશ્રીએ મંજૂર કરેલાં નીચેનાં કાર્યોની નોંધ લેવા બાબત :

(૧) પીએચ.ડી. પદવી માટે નીચેના વિદ્યાર્થીઓના મહાનિબંધો તેમનાં નામ સામે જણાવેલ વિષય માટે સ્વીકાર્યાનું જાહેર કર્યાના :

૧. કુ. કે. કે. ભટ્ટ	વિનયન	મનોવિજ્ઞાન
૨. શ્રી. પી. એમ. મહેતા	વિજ્ઞાન	વનસ્પતિશાસ્ત્ર

(૨) એમ.એ. ભાગ–૨ના ભૂગોળના અભ્યાસક્રમના ગ્રુપ–'જી'માં હાલ જે પ્રશ્નપત્ર–૩ સ્ટેટિસ્ટિકલ જોગ્રાફી છે તે ત્યાંથી રદ કરી, ડિઝર્ટેશન–ઓરલ અથવા પ્રેક્ટિકલ–ફીલ્ડવર્ક છે તેના વિકલ્પમાં, સ્ટેટિસ્ટિકલ જોગ્રાફીનો પ્રશ્નપત્ર (૧૦૦ ગુણ) તથા પ્રેક્ટિકલ–ફીલ્ડવર્ક–૩ (વિલેજ સર્વે) રાખી સંબંધકર્તા રેગ્યુ. એમ.એ. ૮માં નીચે મુજબ સુધારો કરી ચાલુ શૈક્ષણિક વર્ષ જૂન ૧૯૭૨થી અમલમાં મૂકયાના :

R. M.A. 8

(*a*) Dissertation	.....	100	marks
Oral	.....	50	marks
or			
(*b*) Practical–Field Work I, II & III	.....	150	marks
or			
(*c*) Statistical Geography	.....	100	marks
Practicals and Field Work–III (Village Survey)	.....	50	marks

(૩) મ્યુનિસિપલ આર્ટ્સ એન્ડ કોમર્સ કોલેજ, મહેસાણાને ૧૯૭૨–૭૩ના વર્ષથી પ્રી-કોમર્સના વર્ગો બપોરે ચલાવવા માટે, ૧૯૭૩–૭૪ના વર્ષથી એફ.વાય.બી.કોમ.ના વર્ગો પણ બપોરે ચલાવે તે શરતે, પરવાનગી આપ્યાના;

(૪) ઑકટોબર ૧૯૭૨માં લેવાનાર આ યુનિવર્સિટીની કેટલીક પરીક્ષાઓની શરૂ થવાની તારીખોમાં ફેરફાર કર્યાના;

(૫) લૉ ઑર્ડિ. ૬–એ (ન્યૂ) સુધારવામાં આવ્યો છે તેના સંદર્ભમાં જૂન ૧૯૭૨થી શરૂ થતા સત્રથી જે વિદ્યાર્થીઓએ અગાઉ જુનિયર એલએલ.એમ.નાં સત્રો ભર્યાં હોય અને માન્ય થયાં હોય પરંતુ પરીક્ષામાં બેઠા ન હોય તેવા વિદ્યાર્થીઓને પણ એલએલ.એમ. ભાગ–૨ના અભ્યાસક્રમ માટે ઍડ-હૉક ધોરણે ચાલુ વર્ષ પૂરતાં સત્રો ભરવા અને સત્રો મંજૂર થયા પછી એલએલ.એમ. ભાગ ૧ અને ભાગ ૨ની પરીક્ષા એકસાથે આપી શકે તેવી મંજૂરી આપ્યાના;

(૬) માર્ચ-એપ્રિલ ૧૯૭૨ની પરીક્ષાઓ દરમિયાન "ઓબ્ઝર્વર" તરીકે નિમાયેલ આચાર્ય વી. જે. ત્રિવેદી અમદાવાદથી પાટણ, વીસનગર, વગેરે સ્થળોએ પરીક્ષા-કેન્દ્રોની આકસ્મિક મુલાકાતે ગયેલ તે અંગે કુલપતિશ્રીએ રૂ. ૨૦૧(અંકે રૂપિયા બસો એક)નો ટેકસી ખર્ચ મંજૂર કર્યાના;

(૭) યુનિવર્સિટીના આરોગ્યકેન્દ્રના આર.એમ.ઓ. ડૉ. સી. આર. ત્રિવેદીને એમ.ડી., ભા. ૭ની ગુજરાત યુનિવર્સિટીની પરીક્ષામાં બેસવા માટે તે માટે નિયમ મુજબ લેવાની રહેતી ૪ માસની રજાઓ લેવામાંથી તેમને મુક્તિ આપ્યાના;

(નોંધ.—ડૉ. ત્રિવેદી સી.એમ.ઓ. તથા આર.એમ.ઓ. બેઉની કામગીરી બજાવે છે.)

(૮) વિજ્ઞાન વિદ્યાભવનના રસાયણવિજ્ઞાન વિભાગના સાંજના વર્ગો માટે નીચેનો હંગામી સ્ટાફ તા. ૧૫—૩—૧૯૭૩ સુધી મંજૂર કર્યાના :

૧. લેબોરેટરી ૨ાસિસ્ટન્ટ	...	ત્રણ જગ્યા	રૂ. ૧૫૩—૫—૧૮૩—૧૦—૨૪૩-ઈબી-૧૫--૪૦૮--૨૦--૪૪૮
૨. જુનિયર કલાર્ક	...	એક જગ્યા	—સદર—
૩. સ્ટોરકીપર	...	એક જગ્યા	—સદર—
૪. પટાવાળા	...	ચાર જગ્યા	રૂ. ૯૪--૩--૧૦૯--૪--૧૩૩--૫--૧૫૩.

આથી ઠરાવવામાં આવે છે કે કુલપતિશ્રીનાં સદરહુ કાર્યોની નોંધ લેવી.

૯૯. સી. યુ. શાહ સાયન્સ કૉલેજ, અમદાવાદના ભૌતિકવિજ્ઞાનના ડેમોન્સ્ટ્રેટર શ્રી. આઈ. એમ. ગજજરને સદરહુ કૉલેજે તા. ૧૫--૬--૧૯૭૨થી પુનઃ નોકરીમાં (re-appointed) લીધાની સદરહુ કૉલેજના આચાર્યશ્રી તરફથી જાણ કરવામાં આવી છે તેની નોંધ લેવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે શ્રી. આઈ. એમ. ગજજરની નિમણૂક તા. ૧૫--૬--૧૯૭૨થી તેમની સેવાનું સાતત્ય તૂટે નહીં તે રીતે ચાલુ રાખવા સદરહુ કૉલેજને જણાવવું.

૧૦૦. શ્રી. કે. બી. વ્યાસના માર્ગદર્શન હેઠળ પીએચ.ડી. પદવી માટે નોંધાયેલ શ્રી. એચ. ડી. ભટ્ટનો મહાનિબંધ તપાસવા તેમ જ વાઈવા માટે સિન્ડિકેટે તેની તા. ૧૨--૧૨--૧૯૭૦ની સભામાં શ્રી. સુંદરમ્ની નિમણૂક કરી હતી, પરંતુ તેઓશ્રી મૌખિક પરીક્ષા માટે આવી શકે તેમ ન હોવાથી તેમની જગ્યાએ અન્ય રેફરીની નિમણૂક કરવા બાબતમાં એકેડેમિક કાઉન્સિલની તા. ૨૭/૨૮--૬--૧૯૭૨ની સભાની નીચેની ભલામણ ઉપર વિચારણા કરવા બાબત :

એકેડેમિક કાઉન્સિલની બાબત ક્રમાંક ૩૭

"આથી ઠરાવવામાં આવે છે કે શ્રી. એચ. ડી. ભટ્ટની મૌખિક પરીક્ષા માટે શ્રી. સુન્દરમ્ની જગ્યાએ પ્રો. વી. આર. ત્રિવેદીને નીમવા માટે સિન્ડિકેટને ભલામણ કરવી.

વધુમાં ઠરાવવામાં આવ્યું કે પ્રો. વી. આર. ત્રિવેદી સદરહુ કામગીરી સ્વીકારી શકે તેમ ન હોય તો તેઓની જગ્યાએ અન્ય પરીક્ષકની નિમણૂક કરવા માટે કુલપતિશ્રીને સત્તા આપવા માટે સિન્ડિકેટને ભલામણ કરવી."

આથી ઠરાવવામાં આવે છે કે એકેડેમિક કાઉન્સિલની ઉપરની ભલામણ મંજૂર કરવી.

૧૦૧. યુનિવર્સિટી ગ્રાન્ટ્સ કમિશનના કાયદાની પેટાકલમ ૨ (એફ) હેઠળની યાદીમાં કૉલેજોનાં નામ ઉમેરવા માટે સોસાયટીઝ રજિસ્ટ્રેશન ઍકટ નીચે પ્રત્યેક કૉલેજ પોતે સોસાયટી તરીકે રજિસ્ટર્ડ થયેલ હોવી જોઈએ અથવા રાજ્ય કે કેન્દ્ર સરકારના કાયદાની નીચે body-corporate તરીકે established કે incorporate થઈ હોવી જોઈએ અથવા કાયદેસરની સત્તા અને ફરજો જેમને સોંપવામાં આવી હોય તેવા ટ્રસ્ટી મંડળવાળું ટ્રસ્ટ હોવું જોઈએ એમ જણાવતા યુનિવર્સિટી ગ્રાન્ટ્સ કમિશન તરફથી આવેલ તા. ૩--૭--૧૯૭૨ના પત્રાંક એફ. ૧૩-૨૦--૭૨ (સીડી)નો પત્ર જાણ માટે.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બાબતની નોંધ લેવી.

૧૦૨. બી. જે. મેડિકલ કૉલેજ, અમદાવાદ દ્વારા નીચે જણાવેલ વિદ્યાર્થીઓની તેમનાં નામ સામે જણાવેલ પરીક્ષાઓની "હાઉસ પોસ્ટ" અનુ. નિયમ ૧ (સી) અનુસાર જાન્યુઆરી માસમાં ન ભરતાં તા. ૧--૨--૧૯૭૨ના રોજ ભરેલ હોવાથી પરીક્ષામાં બેસવા આપેલ સમયમાં એક ટર્મનો ગાળો (કન્સેશન) આપવાની તેમની વિનંતી પરત્વે વિચારણા કરવા બાબત :

ક્રમાંક	નામ	પરીક્ષાનું નામ	કાર્યાલય દ્વારા પરીક્ષામાં બેસવા આપેલ તારીખ
૧.	શ્રી. પી. એમ. દેસાઈ	એમ.એસ. જનરલ સર્જરી	માર્ચ ૧૯૭૫
૨.	શ્રી. બી. જે. પટેલ	,, ,, ,,	,,
૩.	શ્રી. બી. આર. કાનજીલાલ	એમ.ડી. જનરલ મેડિસિન	,,
૪.	શ્રી. વી. એમ. પરીખ	,, ,, ,,	,,
૫.	શ્રી. યુ. ડી. દેસાઈ	,, ,, ,,	,,
૬.	શ્રી. જી. એફ. શેખ	એમ.એસ., બ્રાન્ચ ૩	,,
૭.	શ્રી. જી. એફ. શેખ	ડી.એલ.ઓ.	માર્ચ ૧૯૭૪
૮.	શ્રી. એસ. પી. દેસાઈ	એમ.એસ. જનરલ સર્જરી	માર્ચ ૧૯૭૫
૯.	શ્રી. ડી. વી. ભટ્ટ	એમ.એસ., બ્રાન્ચ ૩	,,
૧૦.	શ્રી. ડી. જે. શ્રોફ	એમ.એસ., બ્રાન્ચ ૧	,,
૧૧.	શ્રી. જી. એન. મોદી	એમ.ડી. ઓબ્સ્ટે. એન્ડ ગાયનેક.	,,
૧૨.	શ્રી. જી. એન. મોદી	ડી.જી.ઓ.	માર્ચ ૧૯૭૪

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ વિદ્યાર્થીઓએ પોતાનાં સત્રોનો પ્રારંભ જાન્યુઆરી ૧૯૭૨માં કરવાને બદલે તા. ૧--૨--૧૯૭૨ના રોજ કરેલો છે તે અપવાદ તરીકે ક્ષમ્ય ગણીને તેમનું તા. ૧--૨--૧૯૭૨થી શરૂ થયેલું પહેલું સત્ર માન્ય ગણવું.

૧૦૩. પ્રથમ વર્ષ બી.કૉમ.ની જૂના અભ્યાસક્રમ મુજબની વધુ બે પરીક્ષા લેવા અંગે તથા પ્રી-યુનિવર્સિટી વાણિજ્યની જૂના અભ્યાસક્રમ મુજબની પરીક્ષા લેવાનું બંધ કર્યું છે તેથી જૂના અભ્યાસક્રમમાં નાપાસ થયેલા વિદ્યાર્થીઓને નવા અભ્યાસક્રમના કયા વિષયમાં મુક્તિ આપવી તે બાબતમાં ઍકેડેમિક કાઉન્સિલની તા. ૨૭/૨૮--૬--૧૯૭૨ની સભાની નીચેની ભલામણ ઉપર વિચારણા કરવા બાબત :

"આથી ઠરાવવામાં આવે છે કે પ્રથમ વર્ષ વાણિજ્ય(ફર્સ્ટ ઈયર કૉમર્સ)ની વધુ બે પરીક્ષાઓ ઑક્ટોબર ૧૯૭૨ અને માર્ચ--એપ્રિલ ૧૯૭૩માં લેવા સિન્ડિકેટને ભલામણ કરવી.

વધુમાં ઠરાવવામાં આવે છે કે પ્રી-યુનિવર્સિટી કૉમર્સની જૂના અભ્યાસક્રમની પરીક્ષામાં બેઠેલા વિદ્યાર્થીઓને નવા અભ્યાસક્રમ મુજબની નીચેના કેરસ્પોન્ડિંગ વિષયમાં પરીક્ષા આપવા દેવા માટે સિન્ડિકેટને ભલામણ કરવી :

પ્રી-યુનિ. કૉમર્સ (જૂનો કોર્સ)	**પ્રી-યુનિ. કૉમર્સ (નવો કોર્સ)**
૧. અંગ્રેજી	૧. અંગ્રેજી
૨. મૉડર્ન લૅન્ગ્વેજ	૨. મૉડર્ન લૅન્ગ્વેજ
૩. ઈકોનોમિક ઍન્ડ કૉમર્શિયલ જોગ્રાફી	૩. ઈકોનોમિક ઍન્ડ કૉમર્શિયલ જોગ્રાફી
૪. એલિમેન્ટરી એકાઉન્ટન્સી ઍન્ડ કૉમર્શિયલ એરિથમેટિક	૪. એલિમેન્ટરી એકાઉન્ટન્સી ઍન્ડ કૉમર્શિયલ એરિથમેટિક
૫. એલિમેન્ટ્સ ઑફ કૉમર્સ	૫. એલિમેન્ટ્સ ઑફ કૉમર્સ
૬. એલિમેન્ટરી ઈકોનોમિકસ	૬. એલિમેન્ટરી ઈકોનોમિકસ
૭. નીચેનામાંથી એક :	૭. બિઝનેસ મૅથેમેટિકસ."
(અ) એલિમેન્ટ્સ ઑફ પોલિટિકસ	
(બ) મૅથેમેટિકસ	
(ક) સેક્રેટરિયલ પ્રૅક્ટિસ	
(ડ) ઈન્સ્યુરન્સ	

આથી ઠરાવવામાં આવે છે કે ઍકેડેમિક કાઉન્સિલની ઉપરની ભલામણ મંજૂર કરવી.

૧૦૪. ઍકેડેમિક કાઉન્સિલની તા. ૨૭/૨૮--૬--૧૯૭૨ની સભાની નીચેની ભલામણ ઉપર વિચારણા કરવા બાબત (ઍ.કા.બા.ક. ૬) :

"આથી ઠરાવવામાં આવે છે કે Mathematical Economics and Econometrics, Economic Analysis and Policy નો ૨ વર્ષનો અનુસ્નાતક ડિપ્લોમાનો અભ્યાસક્રમ સ્થાપવા માટે સિન્ડિકેટ તથા સેનેટને ભલામણ કરવી."

આથી ઠરાવવામાં આવે છે કે ઍકેડેમિક કાઉન્સિલની ઉપરની ભલામણ મંજૂર કરવી.

૧૦૫. ઍકેડેમિક કાઉન્સિલની તા. ૨૭/૨૮--૬--૧૯૭૨ની સભાની નીચેની ભલામણ ઉપર વિચારણા કરવા બાબત :

"આથી ઠરાવવામાં આવે છે કે બિઝનેસ મૅનેજમેન્ટના ત્રણ વર્ષના ખંડ સમયના અનુસ્નાતક ડિપ્લોમા અભ્યાસક્રમ ઉપરાંત પૂરા સમયનો બે વર્ષનો અનુસ્નાતક ડિપ્લોમા અભ્યાસક્રમ સ્થાપવા માટે સિન્ડિકેટને અને સેનેટને ભલામણ કરવી."

આથી ઠરાવવામાં આવે છે કે ઍકેડેમિક કાઉન્સિલની ઉપરની ભલામણ મંજૂર કરવા સેનેટને ભલામણ કરવી.

૧૦૬. ઍકેડેમિક કાઉન્સિલની તા. ૨૭/૨૮--૬--૧૯૭૨ની સભાની નીચેની ભલામણ ઉપર વિચારણા કરવા બાબત :

"આથી ઠરાવવામાં આવે છે કે Diploma in Teacher Training in Special Education for the Mentally Retarded Childrenને બદલે Diploma in Special Education for Non-normal Children નામાભિધાન રાખવા માટે સિન્ડિકેટને તથા સેનેટને ભલામણ કરવી."

આથી ઠરાવવામાં આવે છે કે ઍકેડેમિક કાઉન્સિલની ઉપરની ભલામણ મંજૂર કરવા સેનેટને ભલામણ કરવી.

૧૦૭. સરદાર પટેલ ઈન્સ્ટિટ્યૂટ ઑફ ઈકોનોમિક ઍન્ડ સોશિયલ રિસર્ચ, અમદાવાદના અધ્યક્ષશ્રી તરફથી સદરહુ સંસ્થાએ યોજેલ ટ્રેનિંગ પ્રોગ્રામમાં ભાગ લીધેલા શિક્ષકોને એમ.એ. અર્થશાસ્ત્રની પરીક્ષાનાં બે પ્રશ્નપત્રોમાં સત્રો ભર્યા વગર બેસવા દેવાની વિનંતી ઉપર વિચારણા કરી ઍકેડેમિક કાઉન્સિલે તેની તા. ૨૭/૨૮--૬--૧૯૭૨ની સભામાં કરેલી નીચેની ભલામણ ઉપર વિચારણા કરવા બાબત (ઍ.કા.બા.ક્ર. ૨૪) :

"(૧) આથી ઠરાવવામાં આવે છે કે યુનિવર્સિટીના સમાજવિદ્યા ભવન અને સરદાર પટેલ ઈન્સ્ટિટ્યૂટ ઑફ ઈકોનોમિક્સ ઍન્ડ સોશિયલ રિસર્ચ તરફથી યોજવામાં આવેલા તાલીમ વર્ગોમાં જે અધ્યાપકોએ ભાગ લીધો હોય તેમને એમ.એ.ની પરીક્ષાના અર્થશાસ્ત્ર વિષયના મૅથેમેટિકલ ઈકોનોમિક્સ અને ઈકોનોમેટ્રિક્સનાં બે પ્રશ્નપત્રોમાં સત્રો ભર્યા વગર બેસવા દેવા માટે સિન્ડિકેટને ભલામણ કરવી.

(૨) વધુમાં ઠરાવવામાં આવે છે કે સદરહુ વિષય અંગે યુનિવર્સિટી તરફથી ડિપ્લોમા અભ્યાસક્રમ શરૂ કરવા માટે પગલાં લેવાઈ રહેલાં હોઈ ભવિષ્યમાં ઉપર (૧)માં જણાવ્યા મુજબની પરીક્ષામાં બેસવાની સગવડ આપવામાં આવશે નહિ એમ સ્પષ્ટતા કરવી."

આથી ઠરાવવામાં આવે છે કે ઍકેડેમિક કાઉન્સિલની ઉપરની ભલામણ મંજૂર કરવી.

૧૦૮. શિક્ષણની અભ્યાસસમિતિની તા. ૨૭--૬--૧૯૭૨ની સભાની ભલામણ મુજબ બી.એડ.ની પરીક્ષાના પાસ થવાના ધોરણ અંગેના રેગ્યુ. એજ્યુ. ૯માં નીચે મુજબ પ્રોવિઝો ઉમેરવા તથા સુધારેલો સદરહુ રેગ્યુલેશન એજ્યુ. ૯ તાત્કાલિક અમલમાં મૂકવાની ઍકેડેમિક કાઉન્સિલની તા. ૨૭/૨૮--૬--૧૯૭૨ની સભાની ભલામણ ઉપર વિચારણા કરવા બાબત (ઍ.કા.બા.ક્ર. ૪૪) :

"Provided however that a candidate having failed at either Part I or Part II Examinations and appearing subsequently in the whole examination (i.e. Parts I & II) and passing thereat will be entitled to a class provided he satisfies other requirements."

આથી ઠરાવવામાં આવે છે કે ઍકૅડેમિક કાઉન્સિલની ઉપરની ભલામણ મંજૂર કરવી તથા તે મુજબ સુધારેલા રેગ્યુ. એજ્યુ. ૯માં ઉપર મુજબનો પ્રોવિઝો ઉમેરીને સુધારેલા તે રેગ્યુલેશનને તાત્કાલિક અમલમાં મૂકવો.

૧૦૯. પ્રકાશન વહીવટી સમિતિના એક સભ્ય ડૉ. વાય. જી. નાયકની જગાએ અન્ય સભ્યની તા. ૨૨--૪--૧૯૭૪ સુધી નિમણૂક કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ સમિતિ પર ડૉ. ય. ગુ. નાયકની જગ્યાએ બાકીના સમય માટે, એટલે કે તા. ૨૨--૪--૧૯૭૪ સુધી, ડૉ. જે. જે. ત્રિવેદીને નીમવા.

૧૧૦. એકાઉન્ટન્સીની અભ્યાસસમિતિની તા. ૧૫--૧૦--૧૯૭૧ની સભાની નીચેની ભલામણ મંજૂર કરવાની ઍકૅડેમિક કાઉન્સિલની તા. ૨૭/૨૮--૬--૧૯૭૨ની સભાની ભલામણ ઉપર વિચારણા કરવા બાબત (ઍ. કા. બા. ક્ર. ૪૦)

"એકાઉન્ટન્સી વિષય માટે પરીક્ષાના પરીક્ષકોની પેનલનું લિસ્ટ જોતાં તેમાં ચાર્ટર્ડ એકાઉન્ટન્ટના અનુભવોને ક્રેડિટ સિસ્ટિમમાં ગુણાંક ગણવામાંથી બાકાત રાખેલ છે તો તેમને ક્રેડિટ સિસ્ટિમમાં ગણવા માટે નીચે પ્રમાણે પદ્ધતિ અમલમાં લાવવી :

(૧) ચાર્ટર્ડ એકાઉન્ટન્ટને પાંચ વર્ષથી નીચેનો જો પ્રૉફેશનલ સ્ટૅન્ડિંગનો અનુભવ હોય તો તેને ૪ ક્રેડિટ ગુણ આપવા અને ચાર્ટર્ડ એકાઉન્ટન્ટને પાંચ વર્ષથી વધુ પ્રોફેશનલ સ્ટૅન્ડિંગ અનુભવ હોય તો તેને ૬ ક્રેડિટ માર્ક્સ આપવાના રાખવા.

(૨) આઈ.સી.ડબલ્યુ.એ. થયેલા માટે પણ ઉપર જણાવેલ ચાર્ટર્ડ એકાઉન્ટન્ટ્સની માફક ક્રેડિટ માર્ક્સ આપવાના રાખવા અને તેમને જો એમ.કૉમ.ની ક્રેડિટ આપી હોય તો તે ગુણાંક આપવામાં ગણવા નહિ."

આથી ઠરાવવામાં આવે છે કે ઍકૅડેમિક કાઉન્સિલની ઉપરની ભલામણ મંજૂર કરવી.

૧૧૧. વાણિજ્ય વિદ્યાશાખાની તા. ૧૨--૬--૧૯૭૨ની સભાની ભલામણને અનુલક્ષીને ઍકૅડેમિક કાઉન્સિલે તેની તા. ૨૭/૨૮--૬--૧૯૭૨ની સભામાં કરેલી નીચેની ભલામણ ઉપર વિચારણા કરવા બાબત (ઍ. કા. બા. ક્ર. ૨૬):

"આથી ઠરાવવામાં આવે છે કે અનુસ્નાતક કક્ષાએ વિદ્યાર્થીઓ જાતે વધુ અભ્યાસ કરે તે માટે પ્રત્યેક વર્ષે પ્રત્યેક પ્રશ્નપત્ર દીઠ એક લેખ (પેપર) વિદ્યાર્થીઓ પાસે તૈયાર કરાવવાનું ફરજિયાત બનાવવા અને તે અંગે અનુસ્નાતક ભવનના અધ્યક્ષ/અનુસ્નાતક કેન્દ્રના પ્રોફેસર ઇન ચાર્જનું પ્રમાણપત્ર વિદ્યાર્થીઓના પરીક્ષાપ્રવેશ માટે આવશ્યક ગણવા સિન્ડિકેટને ભલામણ કરવી."

આથી ઠરાવવામાં આવે છે કે ઍકૅડેમિક કાઉન્સિલની ઉપરની ભલામણ મંજૂર કરવી.

૧૧૨. વાણિજ્ય વિદ્યાશાખાની તા. ૧૨--૬--૧૯૭૨ની સભાની ભલામણ ઉપર વિચારણા કરી સુધારેલો ઑર્ડિનન્સ કૉમર્સ--૫--બી ટ્રાન્ઝિટરી ઑર્ડિનન્સ તરીકે જૂન ૧૯૭૨થી એક વર્ષ માટે અમલમાં મૂકવા અંગેની ઍકૅડેમિક કાઉન્સિલની તા. ૨૭/૨૮--૬--૧૯૭૨ની સભાની ભલામણ ઉપર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે ઍકૅડેમિક કાઉન્સિલની ઉપરની ભલામણ મંજૂર કરવી, તથા તે મુજબ ટ્રાન્ઝિટરી ઑર્ડિ. કૉમર્સ ૫--બી જૂન ૧૯૭૨થી એક વર્ષ માટે અમલમાં મૂકવો.

(ટ્રાન્ઝિટરી ઑર્ડિ. કૉમર્સ ૫--બીની નકલ પરિશિષ્ટ "છ" તરીકે સામેલ છે.)

૧૧૩. ધારાશાસ્ત્રની અભ્યાસસમિતિઓની તા. ૮--૬--૧૯૭૨ની સંયુક્ત સભાની ભલામણ અનુસાર લૉ ઑર્ડિ. ૬--એ (ન્યૂ), લૉ રેગ્યુ. ૧૨ (ન્યૂ) તથા લૉ રેગ્યુ. ૧૭ (ન્યૂ) આ સાથે આપેલા પરિશિષ્ટ મુજબ સુધારવા તથા તેને જૂન ૧૯૭૨થી અમલમાં મૂકવાની ઍકેડેમિક કાઉન્સિલની તા. ૨૭/૨૮--૬--૧૯૭૨ની સભાની ભલામણ ઉપર વિચારણા કરવા બાબત (ઍ. કા. બા. ક્ર. ૩૧).

આથી ઠરાવવામાં આવે છે કે ઍકેડેમિક કાઉન્સિલની ઉપરની ભલામણ મંજૂર કરવી તથા તે મુજબ ઑર્ડિ. લૉ ૬--એ (ન્યૂ), લૉ રેગ્યુ. ૧૨ (ન્યૂ) તથા લૉ રેગ્યુ. ૧૭ (ન્યૂ) જૂન ૧૯૭૨થી અમલમાં મૂકવા.

[ઑર્ડિ. લૉ ૬--એ (ન્યૂ), લૉ રેગ્યુ. ૧૨ (ન્યૂ), તથા લૉ રેગ્યુ. ૧૭ (ન્યૂ)ની નકલ પરિશિષ્ટ **"જ"** તરીકે સામેલ છે.]

૧૧૪. ફાર્મસીની અભ્યાસસમિતિની તા. ૯--૫--૧૯૭૨ની સભાની ભલામણ અનુસાર એમ.ફાર્મ.નો અભ્યાસક્રમ દોઢ વર્ષના ગાળાનો છે તે બદલીને બે વર્ષના ગાળાનો કરવા તથા તે માટે સુધારેલા અભ્યાસક્રમ અંગેના ફાર્મસી ઑર્ડિનન્સ ૧૬, ૧૭, ૧૮, ૧૯, ૨૦, ૨૧ તથા ફાર્મસી રેગ્યુલેશનો ૩૯, ૪૦, ૪૧, ૪૨, ૪૩, ૪૪, ૪૫, ૪૬, ૪૭ અને ૪૮ સુધારવા અને સુધારેલો અભ્યાસક્રમ જૂન ૧૯૭૨થી અમલમાં મૂકવાની ઍકેડેમિક કાઉન્સિલની તા. ૨૭/૨૮--૬--૧૯૭૨ની સભાની ભલામણ પર વિચારણા કરવા બાબત (ઍ. કા. બા. ક્ર. ૩૬).

આથી ઠરાવવામાં આવે છે કે ઍકેડેમિક કાઉન્સિલની ઉપરની ભલામણ મંજૂર કરવી તથા તે મુજબ ફાર્મસી ઑર્ડિ. ૧૬, ૧૭, ૧૮, ૧૯, ૨૦ અને ૨૧ તથા ફાર્મસી રેગ્યુ. ૩૯, ૪૦, ૪૧, ૪૨, ૪૩, ૪૪, ૪૫, ૪૬, ૪૭ અને ૪૮ મંજૂર કરવા અને તેને જૂન ૧૯૭૨થી અમલમાં મૂકવા.

(સદરહુ ઑર્ડિનન્સો તથા રેગ્યુલેશનોની નકલ **પરિશિષ્ટ "ઝ"** તરીકે સામેલ છે.)

૧૧૫. તબીબી વિદ્યાશાખાની તા. ૧૬--૧૧--૧૯૭૧ની સભાની નીચેની ભલામણ ઍકેડેમિક કાઉન્સિલે તેની તા. ૫/૬--૧--૧૯૭૨ની સભામાં મંજૂર કરી સિન્ડિકેટને સ્વીકારવા માટે ભલામણ કરી હોઈ તે પર વિચારણા કરવા બાબત (ઍ. કા. બા. ક્ર. ૩૩) :

"50 % of the time spent in recognised research under the Indian Council of Medical Research or a University or a Medical College, after obtaining the requisite post-graduate qualification be counted towards teaching experience equivalent to registrarship in the same or an allied subject, provided that 50% of the teaching experience shall be the Regular teaching experience.

N.B. — All teachers must possess academic qualifications and teaching and/or research experience as prescribed.

2.	For Surgery Director	M.S. F.R.C.S. Speciality Board (U.S.A.) or an equivalent qualification in the subject.	'As Professor for 10 years."

આથી ઠરાવવામાં આવે છે કે ઍકેડેમિક કાઉન્સિલની ઉપરની ભલામણ મંજૂર કરવી.

૧૧૬. રેગ્યુ. નર્સિંગ--૭ નીચે મુજબ સુધારવાની તથા તેને જૂન ૧૯૭૨થી અમલમાં મૂકવાની એકેડેમિક કાઉન્સિલની તા. ૨૭/૨૮--૬--૧૯૭૨ની સભાની ભલામણ ઉપર વિચારણા કરવા બાબત (એ.કા.બા.ક. ૩૫) :

"Regu. (Nursing) 7 :

To pass the B.Sc. (Nursing) II Examination, a student must obtain at least 50% of full marks obtainable separately in (*i*) Theory; and (*ii*) Practical and/or oral tests in each of the subjects at the University Examination, and separately in the internal assessment of both theory and practical and/or oral in each subject, provided that the minimum number of marks required for passing in the subjects of English, Economics and Electives (Political Science, History, Philosophy and Indian Culture) shall be 36% of the full marks obtainable separately in each of those subjects at the University Examination and separately in the internal assessment of each of those subjects."

આથી ઠરાવવામાં આવે છે કે એકેડેમિક કાઉન્સિલની ઉપરનો ભલામણ મંજૂર કરવી તથા તે મુજબ રેગ્યુ. નર્સિંગ--૭ ઉપર મુજબ વંચાય તે રીતે સુધારીને તેને જૂન ૧૯૭૨થી અમલમાં મૂકવો.

૧૧૭. પ્રી-મેડિકલના અભ્યાસક્રમમાં તથા પ્રથમ એમ.બી.,બી.એસ.ના અભ્યાસક્રમમાં પ્રવેશ માટેનાં ધોરણ ઇન્ડિયન મેડિકલ કાઉન્સિલે સુધાર્યાં હોઈ તે બાબતમાં ઑર્ડિ. ૨૫૩ તથા ઑર્ડિ. પ્રી-મેડિકલ--૫ આ સાથે આપેલા પરિશિષ્ટ મુજબ સુધારવાની તથા તેને તાત્કાલિક અમલમાં મૂકવાની એકેડેમિક કાઉન્સિલની તા. ૨૭/૨૮--૬--૧૯૭૨ની સભાની ભલામણ ઉપર વિચારણા કરવા બાબત (એ.કા.બા.ક. ૨૫).

આથી ઠરાવવામાં આવે છે કે એકેડેમિક કાઉન્સિલની ઉપરની ભલામણ મંજૂર કરવી તથા તે મુજબ ઑર્ડિ. ૨૫૩ અને ઑર્ડિ. પ્રી-મેડિકલ--૫ મંજૂર કરીને તેને તાત્કાલિક અમલમાં મૂકવા.

(સુધારેલા ઑર્ડિ. ૨૫૩ અને ઑર્ડિ. પ્રી-મેડિકલ--૫ ની નકલ પરિશિષ્ટ "૮" તરીકે સામેલ છે.)

૧૧૮. યુનિવર્સિટીના સમાજવિદ્યા ભવનમાં ઇતિહાસના પ્રાધ્યાપકની જગ્યા રદ કરવા તથા ઇતિહાસના રીડરની જગ્યા સ્થાપવા અંગેની એકેડેમિક કાઉન્સિલની તા. ૨૭/૨૮--૬--૧૯૭૨ની સભાની નીચેની ભલામણ ઉપર વિચારણા કરવા બાબત (એ.કા.બા.ક. ૪૮) :

"તે પછી ઠરાવવામાં આવ્યું કે ઇતિહાસના પ્રાધ્યાપકની જગ્યા રદ કરવા તથા ઇતિહાસના રીડરની જગ્યા સ્થાપવા માટે સિન્ડિકેટ તથા સેનેટને ભલામણ કરવી."

આથી ઠરાવવામાં આવે છે કે એકેડેમિક કાઉન્સિલની ઉપરની ભલામણ મંજૂર કરવા સેનેટને ભલામણ કરવી.

૧૧૯. સેનેટે તેની તા. ૧૯/૨૦/૨૧ અને ૨૭/૨૮--૩--૧૯૭૧ની સભામાં મંજૂર કરેલ સ્ટે. ૧૯૩--બી અંગે કુલાધિપતિશ્રીના મદદનીશ મંત્રીએ તેમના તા. ૧૧--૭--૧૯૭૨ના પત્રાંક જી.એ. ૧૧--૩૮૯૮--૭૨ દ્વારા નીચે

મુજબ જણાવ્યું હોઈ તે અંગે વિચારણા કરવા બાબત :

" .....that the University proposes to incur the expenditure on the Group Insurance Scheme for employees from the block grant receivable from the Government of Gujarat. The proposed Statute 193-B is not therefore acceptable to the Chancellor and he does not propose to give his assent to it."

કેટલીક ચર્ચાવિચારણાને અંતે ઠરાવવામાં આવ્યું કે કુલાધિપતિશ્રીને ઘટતો પત્ર લખીને જણાવવું કે, સદરહુ વીમા યોજના અંગેનો ખર્ચ યુનિવર્સિટીના જનરલ ફંડ એકાઉન્ટમાંથી કરવામાં આવશે અને યુનિવર્સિટીના કર્મચારીઓનો વીમો ઉતરાવવો એ ગુજરાત યુનિવર્સિટી ધારાની કલમ ૫૩ હેઠળની એક આવશ્યકતા છે, અને તેથી પ્રસ્તુત સ્ટે. ૧૯૩--બી પર પુનર્વિચારણા કરીને તેને પોતાની અનુમતિ આપવા માટે કુલાધિપતિશ્રીને વિનંતી કરવી.

૧૨૦. એકેડેમિક કાઉન્સિલે તેની તા. ૫/૬--૧--૧૯૭૨ની સભામાં બાબત ક્રમાંક ૮૬થી યુનિવર્સિટીના અનુસ્નાતક વિદ્યાભવનોની તંત્રરચના અંગેના હાલના સ્ટેચ્યૂટ ૨૦૨માં સુધારો સૂચવવા નીમેલી સમિતિના અહેવાલ ઉપર વિચારણા કરી એકેડેમિક કાઉન્સિલે તેની તા. ૨૭/૨૮--૬--૧૯૭૨ની સભામાં કરેલી નીચેની ભલામણો ઉપર વિચારણા કરવા બાબત (એ.કા.બા.ક. ૩૯) :

"સદરહુ સમિતિના અહેવાલ પર લંબાણ ચર્ચાવિચારણાને અંતે ઠરાવવામાં આવ્યું કે સિન્ડિકેટને નીચે મુજબ ભલામણ કરવી :

(૧) અનુસ્નાતક ભવનોની હાલની વ્યવસ્થામાં નીચે પ્રમાણેનું સ્વાયત્તતાનું તત્ત્વ દાખલ કરવું.

(૨) સ્વાયત્તતા ત્રણ સ્તરે સ્થાપવી ઘટે :

(અ) યુનિવર્સિટી વહીવટી તંત્ર અને ભવનો વચ્ચે,

(બ) ભવન અને વિષય વિભાગ વચ્ચે, અને

(ક) વિષય વિભાગમાંના અંતર્ગત વ્યવહારમાં.

(૩) ભવનના અધ્યક્ષ ભવનમાં સમાવિષ્ટ વિષય વિભાગોના વડાઓની બનેલી સંયોજન સમિતિ સાથે ચર્ચાવિચારણા કરીને નિર્ણયો લે અને તેનો અમલ કરે. એ જ રીતે વિષય વિભાગના વડા એમના વિષયના બધા અધ્યાપકોની બનેલી સંયોજન સમિતિની સાથે ચર્ચાવિચારણા કરીને નિર્ણયો લે અને તેનો અમલ કરે.

(૩-અ) આ બન્ને પ્રકારની સલાહકાર સમિતિઓ વિદ્યાકીય વર્ષ દરમ્યાન ઓછામાં ઓછું દર મહિને એક વાર મળે.

(૪) યુનિવર્સિટીનાં જુદાં જુદાં અધિકાર મંડળોમાં અને ખાસ કરીને વિદ્યાકીય કાર્યક્ષેત્રોમાં દરેક વિષય વિભાગના પ્રોફેસર કે રીડરને સભ્યપદ મળવું જોઈએ.

વધુમાં, વ્યાખ્યાતાઓનું પણ અમુક નિશ્ચિત પ્રમાણમાં પ્રતિનિધિત્વ આવાં મંડળોમાં હોવું ઘટે. અલબત્ત, યુનિવર્સિટીના કાનૂની માળખામાં જેટલું શક્ય હોય તેટલું જ પ્રતિનિધિત્વ આપી શકાય.

(૬) ગ્રંથાલય, કાર્યાલય ઇત્યાદિ બાકીનાં કાર્યો માટે અધ્યક્ષનું કામ સંયોજનાનું રહે. વિદ્યાર્થીમંડળની પ્રવૃત્તિઓ માટે પણ ભવનના અધ્યક્ષને જ બધા વિષય વિભાગોના વિદ્યાર્થીઓનું બનેલું સમાન કાર્યક્ષેત્ર સુલભ થવું ઘટે.

(૭) વ્યાખ્યાતાની નિમણૂકમાં હાલ જે આખી સિન્ડિકેટની બનેલી સમિતિ ઇન્ટરવ્યૂ લે છે અને તે પછી તેની ભલામણ પરથી સિન્ડિકેટ નિમણૂક કરે છે તે પ્રથા રદ કરીને જે તે વિષયના વ્યાખ્યાતાની નિમણૂક માટેની પસંદગી સમિતિ નીચે પ્રમાણે રાખવી :

હોદ્દાની રૂએ કુલપતિશ્રી, જે તે ભવનના અધ્યક્ષ, વિષય વિભાગના વડા અને એ વિષયના એકેડેમિક કાઉન્સિલે સૂચવેલા બહારના બે નિષ્ણાતો.

(૮) રિસર્ચ આસિસ્ટન્ટની નિમણૂક જે તે વિષયવિભાગના વડા અને તેમના સાથી પ્રોફેસરો, રીડરો, વ્યાખ્યાતાઓની કે તેઓમાંથી નિમાયેલી પસંદગી સમિતિ કરે. જ્યારે સંશોધનકાર્ય કોઈ એક નિયત અધ્યાપકના માર્ગદર્શન હેઠળ ચાલતું હોય ત્યારે એ સંશોધનકામમાં ઉપયોગમાં લેવા માટે રિસર્ચ આસિસ્ટન્ટની નિમણૂક બાબતમાં સદર અધ્યાપકની પસંદગી નિર્ણાયક ગણવી.

(૯) વિષય વિભાગનું અંદાજપત્ર તૈયાર કરવાનું કામ વિષય વિભાગના વડા એ વિષયની સંયોજન સમિતિની સલાહથી કરશે.

(૧૦) ભવનોને વધારે કાર્યક્ષમ બનાવવા તથા અનુસ્નાતક શિક્ષણ અને સંશોધનપ્રવૃત્તિને વધારે ઉપકારક બનાવવાના હેતુથી સ્વાયત્તતાની ઉપર્યુકત જોગવાઈઓ સૂચવવામાં આવી છે. પ્રત્યેક ભવનમાં અને પ્રત્યેક વિષય વિભાગમાં કેવળ અનુસ્નાતક વર્ગોના શિક્ષણ આગળ જ સંપર્ક્કાર્ય સમાપ્ત થવું ન ઘટે, પણ શિક્ષણ ઉપરાંત સંશોધન ઉપર ભાર મુકાવો ઘટે. પ્રત્યેક વિષય વિભાગના અધ્યાપકો અને રિસર્ચ આસિસ્ટન્ટને મળીને સમસ્ત વિભાગે હાથ ધરવા જેવો કોઈ સંશોધન વિષય હાથ ધરે અને તે ઉપરાંત પોતાના વિષયની જે શાખામાં અધ્યાપકને વિશેષ રસ હોય તેમાં સુધ્ધાં એ વ્યકિતગત સંશોધનકાર્ય હાથ ધરે. ખરેખર તો આ હેતુ સિદ્ધ કરવા માટે જ ભવનોની તંત્રરચનામાં વધુ સ્વાયત્તતા અને વધુ કાર્યક્ષમતા આણવાની હિમાયત કરેલી છે."

(**નોંધ.**—સમિતિની ભલામણ ક્રમાંક ૪ એકેડેમિક કાઉન્સિલે મોકૂફ રાખેલી છે.)

સદરહુ બાબતની વિચારણા મોકૂફ રાખવામાં આવી.

૧૨૧. શ્રી. પ્રફુલ્લચંદ્ર સી. શાહના નીચેના પ્રસ્તાવ ઉપર વિચારણા કરવા બાબત :

"આપણાં ગુજરાત યુનિવર્સિટીનાં ભવનો અંગે અવારનવાર ફરિયાદો થતી રહે છે. ઘણી વાર ઊહાપોહ પણ જાણવા મળે છે. વળી આ બાબતમાં સિન્ડિકેટમાં પણ અનેક વખત ચર્ચાઓ થઈ છે. એકેડેમિક કાઉન્સિલમાં પણ ચર્ચાઓ થયાં કરે છે. ભવનો અંગેની ફરિયાદોમાં મુખ્યત્વે શિક્ષકોના કાર્યભાર, ભવનોમાં તેમની નિયમિત હાજરી, સંશોધનકાર્ય, શિક્ષણકાર્ય વગેરે અંગેની નિયમિતતા તે અગત્યની ગણાવી શકાય. ભવનો પાછળ આપણે પુષ્કળ પ્રમાણમાં ખર્ચ કરીએ છીએ. તેના બદલામાં સમાજને શું મળે છે તે જાણવા માટે આપણે સૌ ઉત્સુક હોઈએ એ સ્વાભાવિક છે. વળી આપણાં ભવનો સામાન્ય અનુસ્નાતક કેન્દ્રો તરીકે જ કાર્ય કરે છે તેવી આપણી સામાન્ય અપેક્ષા ન જ હોય. વળી ભવનોના શિક્ષકોને પૂરતી સવલત, સારા પગારો, નોકરીની સ્થિરતા વગેરેને લક્ષમાં લેતાં આ શિક્ષકો પાસે સમાજ કંઈક વિશેષ આશા રાખે છે. આટલી પૂર્વભૂમિકા રજૂ કર્યા પછી ઉપરોકત બાબતોમાં આપણાં ભવનોની સ્થિતિ, શિક્ષકોએ કરેલું સંશોધનકાર્ય, કાર્યબોજ, નિયમિતતા વગેરે ચકાસવા માટે એક કાયમી તંત્ર અગર ઉચ્ચ કક્ષાની

કાયમી સમિતિ નીમવી જોઈએ અને તે નીમીને ભવનો સુવ્યવસ્થિત કાર્ય કરે તે માટે જરૂરી રચનાત્મક અને શૈક્ષણિક સૂચનો કરવામાં આવે અને તેનો અમલ થાય તે જોવા મારી સિન્ડિકેટને આગ્રહભરી ભલામણ છે."

સદરહુ બાબતની વિચારણા મોકૂફ રાખવામાં આવી.

૧૨૨. (૧) શ્રી. એચ. કે. આર્ટ્સ કૉલેજ, અમદાવાદ ખાતે સ્ટડી સેન્ટર ઊભું કરવા રૂ. ૩૬,૫૦૦ની આર્થિક સહાય મંજૂર કર્યાના યુનિવર્સિટી ગ્રાન્ટ્સ કમિશનના તા. ૧૦--૫--૧૯૭૨ના પત્રાંક એફ્. ૮૨-૧૫-૭૦ (એસએ--૩)ની નોંધ લેવા બાબત.

(૨) યુનિવર્સિટી ગ્રાન્ટ્સ કમિશને તેમના તા. ૮--૬--૧૯૭૨ના પત્રાંક એફ્. ૮૨--૧--૭૦ (એસએ--૩)માં જણાવ્યા મુજબ આ યોજના હેઠળની આર્થિક સહાય ફક્ત પાંચમી પંચવર્ષીય યોજનાના અંત સુધી જ આપવામાં આવનાર છે. પાંચમી પંચવર્ષીય યોજનાની મુદત પછી સ્ટડી સેન્ટર અંગેના અનાવર્તક અને આવર્તક ખર્ચની જવાબદારી યુનિવર્સિટીએ ઉપાડવાની થશે તે અંગે વિચારણા કરવા બાબત.

(૩) યુનિવર્સિટી ગ્રાન્ટ્સ કમિશનની આર્થિક મદદથી એચ. કે. આર્ટ્સ કૉલેજમાં શરૂ કરવામાં આવનાર સ્ટડી સેન્ટર માટે એક વહીવટી સમિતિ નીમવા તથા તે અંગેની જગ્યાઓ ઊભી કરવા બાબતમાં ગ્રંથપાલશ્રીનાં તા. ૨૩--૬--૧૯૭૨નાં સૂચનો ઉપર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બાબતની નોંધ લેવી તથા સદરહુ સ્ટડી સેન્ટર અંગેની વિગતવાર યોજના તૈયાર કરવા માટે નીચે જણાવેલા સભ્યોની સમિતિ રચવી :

(૧) આચાર્ય ય. પ્રા. શુકલ

(૨) આચાર્ય એમ. સી. શાહ

(૩) આચાર્ય ડૉ. ધીરુભાઈ ઠાકર

(૪) શ્રી. પી. એફ્. પટેલ (ગ્રંથપાલ).

૧૨૩. સરદાર પટેલ ઈન્સ્ટિટ્યૂટ ઑફ્ ઈકોનોમિક્સ ઍન્ડ સોશિયલ રિસર્ચ, અમદાવાદને ઍકેડેમિક કાઉન્સિલની તા. ૫/૬--૧--૧૯૭૨ની સભાની ભલામણ મુજબ અર્થશાસ્ત્રના વિષય માટે પીએચ.ડી.ના અભ્યાસક્રમો શીખવવા માટે તા. ૧૫--૬--૧૯૭૨થી તા. ૧૪--૬--૧૯૭૭ સુધી ચાલુ માન્યતા આપવા અંગે વિચારણા કરવા બાબત :

(**નોંધ.**—સદરહુ સંસ્થાને માન્યતા આપવા અંગે સિન્ડિકેટે મૂકેલી શરતો પૈકી સંસ્થાએ યુનિ.ના પ્રૉવિડન્ટ ફંડના નિયમો અક્ષરશઃ સ્વીકાર્યા નથી, પરંતુ તેઓએ મોકલેલ પ્રૉવિડન્ટ ફંડના નિયમોમાં યુનિવર્સિટીના નિયમોનું મહદંશે પાલન થયું જણાય છે.)

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ સંસ્થાના પ્રૉવિડન્ટ ફંડના નિયમો મંજૂર કરવા તથા તે સંસ્થાની માન્યતા તા. ૧૫--૬--૧૯૭૨થી તા. ૧૪--૬--૧૯૭૭ સુધી પાંચ વર્ષ માટે ચાલુ રાખવી.

૧૨૪. ખંડ સમયના અધ્યાપકો માટે નોકરીની શરતો અને અન્ય લાભો અંગે અહેવાલ આપવા સિન્ડિકેટે તેની તા. ૧૪--૧૨--૧૯૭૧ની સભામાં નીમેલી સમિતિની ભલામણ મુજબ ઑર્ડિ. ૧૨૦--એ નીચેની નોંધ નીચે મુજબ થંચાય તે રીતે સુધારવા તથા તેને તાત્કાલિક અમલમાં મૂકવા અંગેની ઍકેડેમિક કાઉન્સિલની

તા. ૨૭/૨૮--૬--૧૯૭૨ની સભાની ભલામણ ઉપર વિચારણા કરવા બાબત (એ.કા.બા.ક્ર. ૩૪) :

ઑ. ૧૨૦--એ ની નોંધ

(1) Daily attendance of not less than four hours shall be compulsory for every full-time teacher on all working days and for every part-time teacher who is required to work for two or less than two days on his working day or days.

(2) Attendance of not less than 12 hours per week shall be compulsory for every part-time teacher who is required to work for more than two days.

(3) No. (1) and (2) above shall not apply to part-time teachers who are also engaged in a profession.

આથી ઠરાવવામાં આવે છે કે એકેડેમિક કાઉન્સિલની સદરહુ ભલામણ મંજૂર કરવી તથા તે મુજબ ઑર્ડિ. ૧૨૦--એ સુધારીને તાત્કાલિક અમલમાં મૂકવો.

(સુધારેલા ઑર્ડિ. ૧૨૦--એ ની નકલ **પરિશિષ્ટ "ઠ"** તરીકે સામેલ છે.)

૧૨૫. નાટ્યવિદ્યાની પરિભાષા સમિતિના એક સભ્ય પ્રો. જશવંત ઠાકરે અંગ્રેજી-ગુજરાતી પારિભાષિક શબ્દોનાં જે કાર્ડ તૈયાર કર્યાં છે તે તેમને પાછાં આપવાની તેમની માગણી ઉપર વિચારણા કરવા બાબત :

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બાબતની વિચારણા મોકૂફ રાખવી.

૧૨૬. ઓતોમન ગેકાઉન યુનિવર્સિટી, ઓસાકા, જાપાન અને આપણી યુનિવર્સિટી વચ્ચે આગામી પાંચ વર્ષ દરમ્યાન વિદ્યાર્થી-વિનિમયનો કાર્યક્રમ ચાલુ રાખવા અંગે વિચારણા કરવા બાબત.

(**નોંધ.**—આ કાર્યક્રમ ૧૯૭૧--૭૨ના વર્ષ દરમ્યાન ચાલુ રાખવા અને તે અંગે જરૂરી ખર્ચ અને કાર્યવાહી કરવા સિન્ડિકેટે તેની તા. ૧૦/૧૧--૭--૧૯૭૧ની સભામાં બાબત ક્રમાંક ૬૪થી કુલપતિશ્રીને સત્તા આપેલ, પરંતુ ભારત--પાક. સંઘર્ષને કારણે આપણી યુનિવર્સિટી તરફથી આ કાર્યક્રમ નીચે વિદ્યાર્થીઓ આપણે મોકલી શકયા ન હતા.)

આથી ઠરાવવામાં આવે છે કે ઓતોમન ગેકાઉન યુનિવર્સિટી, ઓસાકા, જાપાન અને ગુજરાત યુનિવર્સિટી વચ્ચેનો વિદ્યાર્થી--વિનિમયનો કાર્યક્રમ ૧૯૭૨--૭૩ના વર્ષ દરમ્યાન પણ ચાલુ રાખવો, અને તે અંગે જરૂરી કાર્યવાહી કરવા માટે કુલપતિશ્રીને સત્તા આપવી.

૧૨૭. સમાજવિદ્યા ભવનના શિક્ષકો ડૉ. વી. પી. શાહ અને ડૉ. તારાબહેન પટેલની સંયુકત સંશોધન-યોજના Study of Post-matric Scholars from Scheduled Castes and Tribes in Gujarat અંગે Indian Council of Social Science Research, New Delhi તરફથી તેમના પત્રાંક F. No. 1-101/72-G, dt. 24-7-1972થી સંશોધન અનુદાન રૂ. ૪૦૨૭૫ મંજૂર થયાની નોંધ લેવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બાબતની નોંધ લેવી.

૧૨૮. સદરહુ બાબતની વિચારણા આગળ બાબત નં. ૩૩ સાથે કરવામાં આવેલી હોઈ તેની **નોંધ** તે ક્રમમાં દર્શાવવામાં આવેલી છે.

૧૨૯. પંકજ કેળવણી મંડળ, અમદાવાદ દ્વારા જૂન ૧૯૭૨થી શરૂ થયેલ શિક્ષણની કૉલેજનું નામ "વૈદ્ય શ્રી. મણિભાઈ મોતીભાઈ પટેલ કૉલેજ ઑફ એજ્યુકેશન" રાખવા સદરહુ મંડળના મંત્રીશ્રીની વિનંતી પર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ કૉલેજનું નામાભિધાન તેની માગણી પ્રમાણે "વૈદ્ય શ્રી. મણિભાઈ મોતીભાઈ પટેલ કૉલેજ ઑફ એજ્યુકેશન" રાખવા માટે મંજૂરી આપવી, પરંતુ આ નવા નામાભિધાનનો અમલ રાજ્ય સરકારના જાહેરનામામાં મંજૂરી આવે તે પછી કરવાનું રહેશે એમ સ્પષ્ટતા કરવી.

૧૩૦. શ્રીમતી એચ. સી. પટેલ આર્ટ્સ ઍન્ડ કૉમર્સ કૉલેજ, મિયાગામ-કરજણમાં ગુજરાતીના પ્રાધ્યાપક તરીકે કામ કરતા ડૉ. એ. વાય. ત્રિપાઠીએ આર્ટ્સ કૉલેજ, સંખેડામાં ૧૧મી જૂન ૧૯૭૨થી ગુજરાતીના પ્રાધ્યાપક તરીકે તા. ૧૧-૬-૧૯૭૨ના રોજ નિમણૂક સ્વીકારી, તા. ૧૩-૬-૧૯૭૨ના રોજ કૌટુંબિક કારણસર સદરહુ નિમણૂક રદ કરવા વિનંતી કરી તેની સામે ઑર્ડિ. ૧૨૦-ડીના પેરા ૨૨ ના સંદર્ભમાં જરૂરી પગલાં લેવા માટેના આર્ટ્સ કૉલેજ, સંખેડાના આચાર્યના તા. ૧૫-૬-૧૯૭૨ના પત્ર ઉપર ડૉ. ત્રિપાઠીના તા. ૨૦-૬-૧૯૭૨ના ખુલાસાના સંદર્ભમાં વિચારણા કરવા બાબત :

[**નોંધ.**—ઑર્ડિ. ૧૨૦-ડીની કલમ ૨૨ નીચે પ્રમાણે છે :

"A teacher (including Principal or Head of a recognised Institution) who has given a written acceptance of an appointment in an affiliated college or a recognised Institution shall be bound to join and serve for at least one academic term and if he fails to do so without reasonable cause, he shall not be considered as a recognised teacher for appointment in an affiliated college or a recognised institution for one year."]

આથી ઠરાવવામાં આવે છે કે ડૉ. એ. વાય. ત્રિપાઠી, આર્ટ્સ અને કૉમર્સ કૉલેજ, સંખેડામાં તેમના પિતાશ્રીની માંદગીને કારણે જોડાઈ શકવા નથી તે કારણને વાજબી કારણ (reasonable cause) તરીકે ગ્રાહ્ય રાખવું.

૧૩૧. સદરહુ બાબતની વિચારણા આગળ બાબત નં. ૩૬ પછી કરવામાં આવેલી હોઈ તેની નોંધ તે ક્રમમાં દર્શાવવામાં આવી છે.

૧૩૨. માર્ચ-એપ્રિલ ૧૯૭૨માં લેવાયેલ ફર્સ્ટ બી.એ. પરીક્ષામાં બેઠેલ વિદ્યાર્થી નં. ૩૪૭૪ના સંસ્કૃત (ફરજિયાત) વિષયના આંતરિક ગુણ ૭ને બદલે ૧૧ ગણી તેનું પરિણામ સુધારવા અંગે એચ. કે. આર્ટ્સ કૉલેજના આચાર્યશ્રીના તા. ૧૪-૬-૧૯૭૨ના તથા તા. ૫-૭-૧૯૭૨ના પત્રો પર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બાબતની વિચારણા મોકૂફ રાખવી.

૧૩૩. સમાજવિદ્યા ભવનને રોજબરોજના ખર્ચ માટે 'પેટીકેશ' તરીકે રૂ. ૪૦૦ (અંકે રૂપિયા ચારસો) આપવામાં આવે છે તેને બદલે રૂ. ૮૦૦ (અંકે રૂપિયા આઠસો) આપવા સમાજવિદ્યા ભવનના અધ્યક્ષશ્રીના તા. ૨૬-૭-૧૯૭૨ના પત્ર પર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સમાજવિદ્યા ભવન, ભાષા-સાહિત્ય ભવન, અને મનોવિજ્ઞાન, શિક્ષણશાસ્ત્ર અને તત્ત્વજ્ઞાન વિદ્યાભવન, એ પ્રત્યેક વિદ્યાભવનને પેટીકેશ માટે હાલ રૂ. ૪૦૦નું ઓડવાન્સ આપવામાં આવે છે તે વધારીને રૂ. ૮૦૦નું કરી આપવું.

૧૩૪. સને ૧૯૭૧--૭૨ના વર્ષ માટે આચાર્ય ડૉ. કે. જી. નાયક સુવર્ણચંદ્રક (વિનયન વિદ્યાશાખા) એનાયત કરવા બાબતમાં નીચે જણાવેલ નિયમ પ્રમાણે સમિતિ રચવા બાબત ;

" Rule :

A Gold Medal named "Principal Dr. K. G. Naik Gold Medal" of the value of Rs. 190/- shall be awarded annually alternately, by turns in the faculty of Science and the Faculty of Arts to a person amongst the teachers in affiliated colleges or recognised institutions or in Departments of the Gujarat University whose research work published during the five years preceding the Convocation at which the medal is to be awarded is adjudged to be of the highest merit by a special Committee of Experts who have made their marks in their respective field of work, but not necessarily confined to the Gujarat University. The Committee shall be appointed by the Syndicate of the Gujarat University every year, and its decision shall be final. "

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બાબત અંગે નીચે જણાવેલા સભ્યોની સમિતિ રચવી :

(૧) શ્રી. રસિકલાલ છોટાલાલ પરીખ

(૨) ડૉ. ભોગીલાલ જે. સાંડેસરા

(૩) આચાર્ય જયેન્દ્રભાઈ ત્રિવેદી.

૧૩૫. ગિરધરનગર આર્ટ્સ એન્ડ કૉમર્સ કૉલેજ બંધ થયેલ હોવાથી તે કૉલેજના જે વિદ્યાર્થીઓ આ યુનિવર્સિટી સાથે સંલગ્ન અન્ય કોઈ કૉલેજમાં દાખલ થાય ત્યારે જે તે વિદ્યાર્થી પાસેથી ટ્રાન્સફરન્સ સર્ટિફિકેટનો આગ્રહ ન રાખતાં વિદ્યાર્થીઓને આ યુનિવર્સિટીની પરીક્ષાનાં ગુણપત્રક જોઈ વિદ્યાર્થીને જે તે વર્ગમાં પ્રવેશપાત્ર ગણવા અંગેના કુલપતિશ્રીના કાર્યની નોંધ લેવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે કુલપતિશ્રીના સદરહુ કાર્યની નોંધ લેવી.

૧૩૬. કુલપતિશ્રીએ મંજૂર કરેલાં નીચેનાં કાર્યોની નોંધ લેવા બાબત :

(૧) નીચેની સંલગ્ન કૉલેજોના ચાલુ--વધારાના જોડાણ અંગે સેનેટે મૂકેલી શરતોના પરિપાલનને અનુલક્ષીને રાજ્ય સરકારને જોડાણ માટે ભલામણ કર્યાના :

(૧) સેંટ ઝેવિયર્સ કૉલેજ, અમદાવાદ

(૨) પ્રભુદાસ ઠક્કર આર્ટ્સ એન્ડ સાયન્સ કૉલેજ, અમદાવાદ

(૩) રજની પારેખ આર્ટ્સ એન્ડ કૉમર્સ કૉલેજ, ખંભાત

(૪) શ્રી. એસ. કે. શાહ અંન્ડ શ્રીકૃષ્ણ ઓ. એમ. આર્ટ્સ કૉલેજ તથા શ્રી. એચ. એસ. શાહ કૉલેજ ઑફ કૉમર્સ, મોડાસા

(૫) શેઠ આર. એ. કૉલેજ ઑફ આર્ટ્સ એન્ડ કૉમર્સ, અમદાવાદ

(૬) શેઠ સૂરજી વલ્લભદાસ આર્ટ્સ એન્ડ કૉમર્સ કૉલેજ, માંડવી (કચ્છ)

(૭) શ્રી. સહજાનંદ આર્ટ્સ એન્ડ કૉમર્સ કૉલેજ, અમદાવાદ

(૮) શ્રી. મહુધા આર્ટ્સ ઍન્ડ એમ. ડી. શાહ કૉમર્સ કૉલેજ, મહુધા

(૯) ચંદનબહેન ઍન્ડ એસ. એચ. દેસાઈ આર્ટ્સ ઍન્ડ શ્રીમતી ઓલ. કે. એલ. દોશી કૉમર્સ કૉલેજ, આલાસિનોર

(૧૦) વિવેકાનંદ કૉલેજ ઑફ એજ્યુકેશન, રાયપુર દરવાજા બહાર, અમદાવાદ

(૧૧) બોરસદ કૉલેજ ઑફ એજ્યુકેશન, બોરસદ

(૧૨) ડી. ડી. ચોકસી કૉલેજ ઑફ એજ્યુકેશન, પાલનપુર

(૧૩) શ્રીમતી તારાબહેન સુંદરલાલ રાયચંદ કૉમર્સ કૉલેજ, પાટણ (ઉ.ગુ.)

(૧૪) બોરસદ સાયન્સ ઍન્ડ લૉ કૉલેજ, બોરસદ

(૧૫) શ્રી. સી. વી. શાહ લૉ કૉલેજ, ખંભાત

(નોંધ.—છાત્રાલયની જોગવાઈ હોવા છતાં કોઈ વિદ્યાર્થીની છાત્રાલય માટે માંગ નથી તેથી ચાલુ વર્ષે તે માટે ગૃહપતિની નિમણૂક કરી નથી તેમ આચાર્યશ્રીએ જણાવેલ છે.)

(૧૬) વિવેકાનંદ કૉલેજ ઑફ લૉ ઍન્ડ એજ્યુકેશન, મહેસાણા

(નોંધ.—કાયદાના વિદ્યાર્થીઓ માટે છાત્રાલયની ૨૫ને બદલે ૧૦ વિદ્યાર્થીઓ માટે જોગવાઈ કરી છે પરંતુ એક પણ વિદ્યાર્થી છાત્રાલયમાં રહેતો નથી.)

(૧૭) ભવન્સ જશોદાબહેન કૉમર્સ કૉલેજ, ડાકોર.

(નોંધ.- યુનિવર્સિટીના નિયમ મુજબ પ્રૉવિડંટ ફંડના ટ્રસ્ટની રચના કરવામાં આવી નથી પણ ભારતીય વિદ્યાભવન ટ્રસ્ટ, મુંબઈનું ટ્રસ્ટ છે, ડાકોર ભવન્સ કૉલેજ માટે અલગ ટ્રસ્ટ નોંધાયા બાદ પ્રૉવિડંટ ફંડની રકમ તે ટ્રસ્ટને સોંપવામાં આવશે તેમ જણાવેલ છે.)

(૨) એલ. ડી. આર્ટ્સ કૉલેજ, અમદાવાદે તેની જૂન ૧૯૭૨ની ચાલુ જોડાણ માટેની અરજી પર સેનેટે મૂકેલી શરતોનું યથાર્થ પરિપાલન હજુ સુધી કરેલું ન હોવા છતાં તૃતીય વર્ષ બી.એ.માં આંકડાશાસ્ત્રના ચાલુ વિદ્યાર્થીઓના હિતને લક્ષમાં લઈને સદરહુ કૉલેજને આંકડાશાસ્ત્રના વિષયના નવા વિદ્યાર્થીઓને પ્રવેશ ન આપવાની શરતે તદર્થ (ઍડહૉક) ધોરણે વિદ્યાર્થીઓને પ્રવેશ આપવાની મંજૂરી આપ્યાના;

(૩) ઑગસ્ટ ૨થી ૧૨, ૧૯૭૨ના સમય દરમિયાન દિલ્હી મુકામે Data Building on Urban Violence પર યોજનાર પરિસંવાદમાં યુનિવર્સિટીના પ્રતિનિધિ તરીકે સમાજવિદ્યા ભવનના પ્રો. એમ. જી. પારેખની નિમણૂક કર્યાના;

(૪) ઑગસ્ટ ૭થી ૯, ૧૯૭૨ના સમય દરમિયાન ગૂજરાત વિદ્યાપીઠ, અમદાવાદ મુકામે Concept Methodology and Areas of Peace Research in Indiaના પરિસંવાદમાં યુનિવર્સિટીના પ્રતિનિધિ તરીકે સમાજવિદ્યા ભવનના પ્રો. એમ. પી. ભટ્ટની નિમણૂક કર્યાના; અને

(૫) ઑગસ્ટ ૧૨ અને ૧૩, ૧૯૭૨ના સમય દરમિયાન વિજ્ઞાન ભવન, ન્યૂ દિલ્હી મુકામે India and the International World of To-day અંગેના બે દિવસના પરિસંવાદમાં યુનિવર્સિટીના પ્રતિનિધિ તરીકે સમાજવિદ્યા ભવનના રીડર શ્રી. કે. ડી. દેસાઈની નિમણૂક કર્યાના.

આથી ઠરાવવામાં આવે છે કે કુલપતિશ્રીનાં ઉપરનાં કાર્યોની નોંધ લેવી.

૧૩૭. તા. ૨૭થી ૨૯ નવેંબર ૧૯૭૨ના સમય દરમિયાન All-India Bio-Medical Engineeringનો ત્રીજો પરિસંવાદ Bio-Medical Engineering Society of India I.T.I., Madras and the Institution of Engineersના સંયુકત ઉપકમે મદ્રાસ મુકામે યોજાનાર છે તેમાં યુનિવર્સિટીના પ્રતિનિધિ મોકલવા અંગે વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ પરિસંવાદમાં આ યુનિવર્સિટીના પ્રતિનિધિ તરીકે ડૉ. જે. જે. ત્રિવેદીને મોકલવા.

૧૩૮. ડિસેંબર ૧૯૭૨ના સમય દરમિયાન The Indian Society of Agricultural Economicsનું ૩૨મું વાર્ષિક અધિવેશન U. P. Institute of Agricultural Sciencesના ઉપકમે કાનપુર મુકામે યોજાનાર છે તેમાં યુનિવર્સિટીના પ્રતિનિધિ મોકલવા અંગેના સોસાયટીના પ્રમુખના પત્ર પર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ સોસાયટીના આગામી અધિવેશનમાં આ યુનિવર્સિટીના પ્રતિનિધિ તરીકે પ્રો. બબાભાઈ પટેલને મોકલવા.

૧૩૯. સિન્ડિકેટે નીમેલી જોઈન્ટ કન્સલ્ટેટિવ સમિતિની તા. ૨૪/૨૭--૭--૧૯૭૨ની સભાની ભલામણો ઉપર વિચારણા કરવા બાબત :

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ સમિતિની નીચેની ભલામણ તેની પુનર્વિચારણા માટે પાછી મોકલવી :

" યુનિવર્સિટીના કર્મચારીઓનાં બાળકો માટે પુસ્તક આપવા અંગે એક બુક બૅંક યુનિવર્સિટીએ શરૂ કરવી અને જે કર્મચારીઓનો મૂળ માસિક પગાર રૂ. ૪૦૦થી ઓછો (એટલે રૂ. ૩૯૯ સુધી) હોય તેઓનાં હાઈસ્કૂલમાં ભણતાં હોય તેવાં વધુમાં વધુ બે બાળકો સુધી પાઠ્યપુસ્તકો આપવા અંગેની યોજના તૈયાર કરવી.

(**નોંધ**.— વર્ષની આખરે બુક બૅંક તરફથી આપવામાં આવેલાં પુસ્તકો પરત કરવાનાં રહેશે.)"

વધુમાં ઠરાવવામાં આવ્યું કે સદરહુ સમિતિની નીચેની ભલામણ સ્વીકારવી તથા તે મુજબ જરૂરી કાર્યવાહી કરવા માટે કાર્યાલયને જણાવવું :

" આથી સિન્ડિકેટને ભલામણ કરવામાં આવે છે કે બિનશૈક્ષણિક વર્ગના કર્મચારીઓના પગારમાં મોંઘવારી ભથ્થું ભેળવી પગારધોરણ નક્કી કરવાની બાબતમાં રાજ્ય સરકારે આર્થિક મદદ ૧૯૭૧થી આપવાનું સ્વીકાર્યું છે તેને બદલે તે મદદ ૧૯૬૭થી ઉપલબ્ધ થાય તે માટે રાજ્ય સરકારને વિનંતી કરવી. "

૧૪૦. ફાઈનાન્સ સમિતિની તા. ૨૮--૭--૧૯૭૨ની સભાની ભલામણો પર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ સમિતિની તા. ૨૮-૭-૧૯૭૨ની સભાની ભલામણો મંજૂર કરવી.

(સદરહુ સમિતિની તા. ૨૮-૭-૧૯૭૨ની નોંધ **પરિશિષ્ટ " ણ "** તરીકે સામેલ છે.)

બાબત નં. ૧૪૧ અને ૧૬૩ની વિચારણા સાથે કરવામાં આવી.

૧૪૧. તા. ૫--૮--૧૯૭૨ના રોજ મળેલી ફાઈનાન્સ સમિતિની સભાની ભલામણ ઉપર વિચારણા કરવા બાબત.

અને

૧૬૩. તા. ૬--૮--૧૯૭૨ના રોજ મળેલી ફાઈનાન્સ સમિતિની ભલામણ ઉપર વિચારણા કરવા બાબત.

સદરહુ સમિતિની સભા તા. ૫--૮--૧૯૭૨ના રોજ મળી શકી નહોતી, પણ તે સભા તા. ૬--૮--૧૯૭૨ના રોજ ફરી બોલાવવામાં આવી હતી, તેની સભાગૃહને જાણ કરવામાં આવી.

તે પછી ઠરાવવામાં આવ્યું કે સદરહુ સમિતિની તા. ૬--૮--૧૯૭૨ની સભાની ભલામણ મંજૂર કરવી.

(સદરહુ સમિતિની તા. ૬--૮--૧૯૭૨ની સભાની નોંધ **પરિશિષ્ટ "ત"** તરીકે સામેલ છે.)

૧૪૨. ૧૯૭૨--૭૩ના શૈક્ષણિક વર્ષ દરમ્યાન નીચે જણાવેલ સંલગ્ન કૉલેજો અને માન્ય સંસ્થાઓ માટે ત્રિવાર્ષિક તપાસસમિતિઓ નીમવા બાબત :

ક્રમાંક	કૉલેજ / માન્ય સંસ્થાનું નામ	વિદ્યાશાખા
(૧)	એલ. ડી. આર્ટ્સ કૉલેજ, અમદાવાદ	વિનયન
(૨)	ગુજરાત કૉલેજ, અમદાવાદ	વિનયન અને વિજ્ઞાન
(૩)	આર. આર. લાલન કૉલેજ, ભૂજ	,, ,,
(૪)	એમ. જી. સાયન્સ ઈન્સ્ટિટ્યૂટ, અમદાવાદ	વિજ્ઞાન
(૫)	એચ. એલ. કૉલેજ ઑફ કૉમર્સ, અમદાવાદ	વાણિજ્ય
(૬)	એચ. એ. કૉલેજ ઑફ કૉમર્સ, અમદાવાદ	,,
(૭)	સર એલ. એ. શાહ લૉ કૉલેજ, અમદાવાદ	ધારાશાસ્ત્ર
(૮)	એમ. એસ. ભગત અૅન્ડ સી. એસ. એસ. લૉ કૉલેજ, નડિયાદ	,,
(૯)	એલ. ડી. કૉલેજ ઑફ એન્જિનિયરિંગ, અમદાવાદ	ઇજનેરી
(૧૦)	બી. જે. ઈન્સ્ટિટ્યૂટ ઑફ લર્નિંગ અૅન્ડ રિસર્ચ, અમદાવાદ	વિનયન

સદરહુ બાબતની વિચારણા મોકૂફ રાખવામાં આવી.

૧૪૩. ભારત સરકારના એપ્રેન્ટીસ અૅક્ટ, ૧૯૬૧ના સંદર્ભમાં યુનિવર્સિટી પ્રેસમાં, તા. ૧--૮--૧૯૭૨થી નીચે મુજબ તાલીમી ઉમેદવારો (એપ્રેન્ટીસો) રાખવા અંગે તથા તે અંગેની શરતો ઘડવા અંગે શ્રી. પ્રેસ-વ્યવસ્થાપકના તા. ૧૨--૭--૧૯૭૨ના પ્રસ્તાવ અંગે વિચારણા કરવા બાબત :

(૧) કંપોઝ વિભાગ : પાંચ તાલીમાર્થીઓ

(૨) મશીન વિભાગ : બે તાલીમાર્થીઓ

(૩) બાઈન્ડિંગ વિભાગ : એક તાલીમાર્થી.

સદરહુ બાબતની વિચારણા મોકૂફ રાખવામાં આવી.

૧૪૪. સિન્ડિકેટની તા. ૧૫--૪--૧૯૭૨ની સભામાં મનાલી ખાતે ૧૬,૦૦૦ ફૂટની ઊંચાઈ સુધીનું ટ્રેકિંગ લઈ જવા માટે રૂ. ૧૦,૦૦૦ મંજૂર થયેલા હતા, પરંતુ મનાલીને બદલે ઉત્તરાખંડમાં ગંગોત્રીથી નંદનવન અને કાલિન્દીઘાટ થઈ બદરીનાથ પહોંચવાનો અને ૨૦,૦૦૦ ફૂટની ઊંચાઈ ઓળંગવાનો પ્લાન મંજૂર થયેલ, જે સફળ રીતે પાર પાડતાં રૂ. ૧૦,૦૦૦ના અંદાજને બદલે રૂ. ૧૯,૦૦૦નો ખર્ચ થયો છે તે વધારાના ખર્ચના રૂ. ૯,૦૦૦ મંજૂર કરવા બાબત.

સદરહુ બાબતની વિચારણા મોકૂફ રાખવામાં આવી.

૧૪૫. વિજ્ઞાન વિદ્યાભવનના લેક્ચરર શ્રી. વાય. કે. શાહ તથા ભાષા-સાહિત્ય ભવનના લેક્ચરર શ્રી. ભગવતીસિંગની અનુક્રમે તા. ૧૫–૬–૧૯૭૨થી તા. ૨૮–૬–૧૯૭૨ તથા તા. ૧૫–૬–૧૯૭૨થી તા. ૨૬–૬–૧૯૭૨ની માંદગીની રજાઓ વૅકેશન સાથે જોડવા અંગેની વિનંતી ઉપર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ અધ્યાપકોની ઉપર મુજબની માંદગીની રજાઓ વૅકેશન સાથે જોડવા માટે તેમને અપવાદ તરીકે પરવાનગી આપવી.

૧૪૬. યુનિવર્સિટી ગ્રાન્ટ્સ કમિશન (એમેન્ડમેન્ટ) ઍક્ટ, ૧૯૭૨ બાબતે યુનિવર્સિટી ગ્રાન્ટ્સ કમિશનના તા. ૨૦–૭–૧૯૭૨ના પત્રાંક એફ. ૧૧૦૮/૭૨ (સીટી)ની નોંધ લેવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બાબતની વિચારણા મોકૂફ રાખવી.

૧૪૭. સદરહુ બાબતની વિચારણા આગળ બાબત નં. ૩૧ સાથે કરવામાં આવેલી હોઈ તેની નોંધ તે ક્રમમાં આપવામાં આવી છે.

૧૪૮. સદરહુ બાબતની વિચારણા આગળ બાબત નં. ૪૬ પછી કરવામાં આવેલી હોઈ તેની નોંધ તે ક્રમમાં દર્શાવવામાં આવી છે.

૧૪૯. માર્ચ–એપ્રિલ ૧૯૭૨માં લેવાયેલ આ યુનિવર્સિટીની જુદી જુદી પરીક્ષાઓ માટે જુદાં જુદાં કેન્દ્રો પર અગાઉ નિમાયેલ કેટલાક મુખ્ય નિરીક્ષકોની અવેજીમાં કરવામાં આવેલી નિમણૂકો કર્યાના કુલપતિશ્રીના કાર્યની નોંધ લેવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે કુલપતિશ્રીના સદરહુ કાર્યની નોંધ લેવી.

૧૫૦. વિજ્ઞાન વિદ્યાભવનમાં વ્યાખ્યાતા તરીકે કામ કરતા ડૉ. કે. જી. જાનીને મિનિસ્ટ્રી ઑફ એજ્યુકેશન ઍન્ડ સાયન્સ ઑફ ધી ફેડરેશન રિપબ્લિક ઑફ જર્મનીની શિષ્યવૃત્તિ મળી હોઈ તેઓને પૂરા પગાર સાથેની બે વર્ષની અભ્યાસ-રજા આપવા અંગેની તેઓની તા. ૧–૮–૧૯૭૨ની અરજી ઉપર વિચારણા કરવા બાબત.

[નોંધ.– (૧) ડૉ. જાનીનો હાલ મૂળ માસિક પગાર રૂ. ૬૮૦ છે.

(૨) તેઓ જણાવે છે કે સ્કૉલરશિપની કેટલી રકમ મળશે તેનો કોઈ ઉલ્લેખ નથી છતાં તેમને જાણવા મળ્યું છે કે તેઓને તે માટે આવવા-જવાનું ઍર ફેર (ફૅમિલી સાથે) તથા તેમનો પોતાનો રહેવાનો ખર્ચ મળશે. તેમનું કુટુંબ અમદાવાદ રહેવાનું છે.]

આથી ઠરાવવામાં આવે છે કે ડૉ. કે. જી જાનીને સદરહુ શિષ્યવૃત્તિ સ્વીકારવા તથા તે માટે તેમને બે વર્ષની અભ્યાસ-રજા નીચેની શરતોએ મંજૂર કરવી :

(૧) તેઓને આપવામાં આવેલી અભ્યાસ-રજાની મુદત પૂરી થાય કે તરત જ તેઓ યુનિવર્સિટીમાં પોતાની નોકરી ઉપર હાજર થાય અને તે પછી ઓછામાં ઓછાં ત્રણ વર્ષ સુધી તેઓ તે જગ્યા પર તેમના હાલની નોકરીની શરતોએ કામ કરશે એ મુજબની બાંયધરી તેમના તરફથી આપવામાં આવે.

(૨) તેમને આપવામાં આવેલી અભ્યાસ-રજાની મુદતમાં કશો વધારો મળી શકશે નહીં.

(૩) ઉપર જણાવેલ શરત નં. (૧) અને (૨)નું તેઓ પાલન કરી શકે નહીં તો ત્રણ માસના પગાર જેટલી રકમ નોટિસ-પે તરીકે તેઓ યુનિવર્સિટીને ભરપાઈ કરે.

(૪) ઉપર જણાવેલી શરતો મુજબ લેખિત બાંયધરી અને તે માટે જરૂરી જામીનગીરી તેઓએ આપવાની રહેશે.

વધુમાં ઠરાવવામાં આવે છે કે ડૉ. કે. જી. જાનીને આ અભ્યાસ-રજા દરમ્યાન તેમને વેતન આપવા અંગેનો પ્રશ્ન શિષ્યવૃત્તિ અંગેની પૂરેપૂરી વીગતો આવ્યેથી વિચારવાનું રાખવું.

૧૧૧. ભવન્સ આર્ટ્સ એન્ડ સાયન્સ કૉલેજ, ડાકોર બી.એ.(મુખ્ય)માં સંસ્કૃત, બી.એ.(ગૌણ)માં રાજ્યનીતિશાસ્ત્ર અને મનોવિજ્ઞાન તથા બી.એસસી.(જન.)માં વનસ્પતિવિજ્ઞાનના અભ્યાસ અંગેનું શિક્ષણકાર્ય આર્થિક તંગીને કારણે ઑ. ૧૨૮-એફ મુજબ ક્રમશઃ બંધ કરવા માગે છે તો તેની પરવાનગી આપવા અંગે વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બાબતની વિચારણા મોકૂફ રાખવી.

૧૧૨. એસ્ટેટ સલાહકાર સમિતિની તા. ૧૪-૭ ૧૯૭૨ની ભલામણો પરત્વે વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બાબતની વિચારણા મોકૂફ રાખવી.

૧૧૩. ગુજરાત યુનિવર્સિટી કર્મચારી સહકારી શરાફી મંડળી લિ.ને તેનાં કામકાજ માટેની જરૂરી જગ્યા તથા ફર્નિચર આપવા માટે તેના માનદ મંત્રીશ્રીઓ તેમના તા. ૨૪-૭-૧૯૭૨ના પત્રથી કરેલી વિનંતી પર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ સહકારી શરાફી મંડળને બે વર્ષ માટે એક કબાટ લોન પર આપવું.

૧૧૪. ઑર્ડિ. ૧૧૭ અન્વયે રચાયેલ સ્ટાફ જૉઇન્ટ કન્સલ્ટેટિવ કમિટી પર કર્મચારીઓને યુનિવર્સિટીના સરખું પ્રતિનિધિત્વ આપવા બાબતની માગણી કરતા ગુજરાત યુનિવર્સિટી કર્મચારી સંઘના મંત્રીશ્રીના પત્રાંક ૧૦૧, તા. ૨૫-૭-૧૯૭૨ના પત્ર ઉપર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બાબતની વિચારણા મોકૂફ રાખવી.

૧૧૫. યુનિવર્સિટી બોર્ડ ઑફ સ્પોર્ટ્સની તા. ૨૭-૭-૧૯૭૨ના રોજ મળેલ સભાની નીચેની ભલામણો પર વિચારણા કરવા બાબત :

(૧) આંતર-વિભાગીય ખેલકૂદ સ્પર્ધાઓ માટે તે માટેની અંદાજી ખર્ચની રકમમાંથી જરૂરી ખર્ચ કરવાની સત્તા યુનિવર્સિટી બોર્ડ ઑફ સ્પોર્ટ્સના અધ્યક્ષ અને મંત્રીને આપવા આ બોર્ડ સિન્ડિકેટને ભલામણ કરે છે.

(૨) વધુમાં ઠરાવવામાં આવે છે કે આંતર-યુનિવર્સિટી હરીફાઈઓમાં ભાગ લેવા જતા હરીફો માટે યુનિફૉર્મ, ક્રેસ્ટ, રમતનાં જરૂરી સાધનો ખરીદવાં, કોચિંગ આપવું, આંતર-યુનિવર્સિટી રમતની હરીફાઈ યોજવા માટે જરૂરી ખર્ચ કરવું તેમ જ રાજ્યકક્ષાની આંતર-યુનિવર્સિટી સ્પર્ધાઓ અને રાજ્યકક્ષાની ખુલ્લા વિભાગની સ્પર્ધાઓમાં ભાગ લેવા તથા ફેમ્ટાર્ઝન્ડ યુનિવર્સિટી ટીમની પસંદગી માટે પસંદગી મુકાબલામાં ભાગ લેવા માટે ખેલાડી મોકલવા વગેરે માટે આંતર-યુનિવર્સિટી માટે મંજૂર થયેલ રૂ. ૩૦,૦૦૦ (ત્રીસ હજાર)ની રકમમાંથી જરૂરી ખર્ચ કરવાની સત્તા બોર્ડ ઑફ સ્પોર્ટ્સના પ્રમુખ અને મંત્રીશ્રીને આપવી તથા બંનેની સહીથી બિલોને મંજૂર થયેલાં ગણવા આ બોર્ડ સિન્ડિકેટને ભલામણ કરે છે.

(૩) આથી ઠરાવવામાં આવે છે કે ઉત્તર અને દક્ષિણ વિભાગમાં આવેલી કૉલેજો માટે મુસાફરી તથા જમવા અંગેના ખર્ચને લક્ષમાં લઈને આંતર-કૉલેજ રમતો માટે મંજૂર થયેલ રૂ. ૧૩,૦૦૦ની

ગ્રાન્ટ વિગતવાર નીચે પ્રમાણે વહેંચવા આ બોર્ડ સિન્ડિકેટને ભલામણ કરે છે :

અમદાવાદ વિભાગ	...	રૂ. ૩,૯૦૦--૦૦
ઉત્તર વિભાગ	...	રૂ. ૪,૫૫૦--૦૦
દક્ષિણ વિભાગ	...	રૂ. ૪,૧૫૦--૦૦

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બોર્ડની ઉપરની ભલામણો મંજૂર કરવી.

૧૫૬. "પ્રો. એ. એમ. ત્રિવેદી મેમોરિયલ ફંડ"ના મંત્રીશ્રીના તા. ૨૭--૭--૧૯૭૨ના પત્રથી આવેલ તેમના નીચેના બે પ્રસ્તાવો પર વિચારણા કરવા બાબત :

(૧) ગુજરાત યુનિવર્સિટીની આંતર-વિભાગીય ખોખો ટુર્નામેન્ટ(ભાઈઓ)ની ચૅમ્પિયન કૉલેજને "પ્રો. એ. એમ. ત્રિવેદી મેમોરિયલ ખો--ખો ટ્રૉફી" એનાયત કરવા માટે ટ્રૉફી સ્વીકારવાનું;

(૨) ગુજરાત યુનિવર્સિટીના આશ્રયે ગુજરાત રાજ્યની બધી યુનિવર્સિટીઓના વિજ્ઞાન કૉલેજોના (સ્નાતક અને અનુસ્નાતક) વિદ્યાર્થીઓ માટે "વિજ્ઞાનવિષયક" વકતૃત્વ સ્પર્ધા યોજવી અને વિજેતા સંસ્થાને ટ્રૉફી તથા પ્રથમ અને દ્વિતીય સ્થાન મેળવનાર વકતાને પુરસ્કાર એનાયત કરવા માટે ટ્રૉફી અને પુરસ્કાર સ્વીકારવા અંગે વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે—

(૧) પ્રો. એ. એમ. ત્રિવેદી મેમોરિયલ ફંડ તરફથી આપવામાં આવેલ પ્રો. એ. એમ. ત્રિવેદી મેમોરિયલ ખો--ખો ટ્રૉફીનો સાભાર સ્વીકાર કરવો.

(૨) પ્રો. એ. એમ. ત્રિવેદી મેમોરિયલ ફંડ તરફથી આપવામાં આવેલ વિજ્ઞાનવિષયક વકતૃત્વસ્પર્ધા માટેની ટ્રૉફીનો તથા તે સ્પર્ધામાં પ્રથમ અને દ્વિતીય સ્થાન મેળવનાર વિદ્યાર્થી-વકતાઓને પુરસ્કાર આપવા માટે રૂ. ૯,૦૦૦ (રૂપિયા નવ હજાર)ના પ્રદાનનો સાભાર સ્વીકાર કરવો.

(૩) ઉપર નં. (૧) અને (૨) પ્રદાન અંગેના નિયમો ઘડીને આ સભાગૃહ સમક્ષ રજૂ કરવાનું રાખવું.

૧૫૭. વિજ્ઞાન વિદ્યાભવનના રસાયણવિજ્ઞાનના રીડર ડૉ. જે. પી. ત્રિવેદી તા. ૧૪--૬--૧૯૭૨ના રોજ રાજીનામું આપી છૂટા થયા હોઈ તેમના ખાતે નીકળતી પ્રૉવિડંટ ફંડની રકમ પરત કર્યાના કુલપતિશ્રીના કાર્યની નોંધ લેવા બાબત.

(**નોંધ.**—શ્રી. ત્રિવેદી વિજ્ઞાન વિદ્યાભવનમાં તા. ૨--૧--૧૯૭૧ના રોજ જોડાયા હતા અને તા. ૧૪--૬--૧૯૭૨ના રોજ રાજીનામું આપી છૂટા થયા છે.)

આથી ઠરાવવામાં આવે છે કે કુલપતિશ્રીના સદરહુ કાર્યની નોંધ લેવી.

૧૫૮. ગુજરાત યુનિવર્સિટીની એમ.એ.ની પદવી પરીક્ષામાં ગુજરાતીનો મુખ્ય વિષય લઈને પ્રથમ આવનાર વિદ્યાર્થીને પ્રતિવર્ષ "શ્રી. બાબુભાઈ જશભાઈ પટેલ ષષ્ટિપૂર્તિ સ્મૃતિ સુવર્ણચંદ્રક" એનાયત કરવા માટે બા. જ. પટેલ ષષ્ટિપૂર્તિ મહોત્સવ ટ્રસ્ટ, નડિયાદના મૅનેજિંગ ટ્રસ્ટી તરફથી રૂ. ૭,૫૦૦નું પ્રદાન સ્વીકારવા માટે તેમના તા. ૨૭--૭--૧૯૭૨ના પત્ર પરત્વે વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે શ્રી. બાબુભાઈ જશભાઈ પટેલ ષષ્ટિપૂર્તિ મહોત્સવ ટ્રસ્ટ તરફથી "શ્રી. બાબુભાઈ જશભાઈ પટેલ ષષ્ટિપૂર્તિ સ્મૃતિ સુવર્ણચંદ્રક" માટે આપવામાં આવેલ રૂ. ૭,૫૦૦ (રૂપિયા સાત હજાર પાંચસો)નો સાભાર સ્વીકાર કરવો.

૧૫૯. માર્ચ--એપ્રિલ ૧૯૭૨માં લેવાયેલ જુદી જુદી પરીક્ષાઓમાં પ્રાશ્નિકો--પરીક્ષકોની અવેજી નિમણૂકો કર્યાના કુલપતિશ્રીના કાર્યની નોંધ લેવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે કુલપતિશ્રીના સદરહુ કાર્યની નોંધ લેવી.

૧૬૦. બોર્ડ ઑફ સ્પોર્ટ્સની નીચેની ભલામણ મંજૂર કર્યાના કુલપતિશ્રીના કાર્યની નોંધ લેવા બાબત :

"આથી ઠરાવવામાં આવે છે કે અખિલ ભારતીય જલસ્પર્ધા(સ્વિમિંગ, વૉટરપોલો અને ડાઇવિંગ)ના સરળ સંચાલન માટે જરૂરી ઉપસમિતિઓ નીમવાની, જરૂરી સભ્યો કો--ઑપ્ટ કરવાની તથા બજેટની મર્યાદામાં રહીને જરૂરી ખર્ચ કરવાની સત્તા સાથેની નીચેના સભ્યોની બનેલ સંચાલન સમિતિ (Organising Committee) નીમવા આ બોર્ડ સિન્ડિકેટને ભલામણ કરે છે :

૧. પ્રિ. વી. જે. ત્રિવેદી
૨. પ્રિ. વી. એ. વ્યાસ
૩. પ્રિ. એચ. એ. પટેલ
૪. પ્રિ. સી. એલ. શાસ્ત્રી
૫. શ્રી. આર. કે. પટેલ
૬. શ્રી. ભાઈલાલભાઈ કૉન્ટ્રાક્ટર
૭. શ્રી. જુગલકિશોર મિસ્ત્રી
૮. પ્રિ. એસ. એમ. શાહ
૯. પ્રિ. એમ. સી. શાહ
૧૦. મ્યુ. કમિશનર અથવા તેમના પ્રતિનિધિ
૧૧. શ્રી. નરીમાન કામા
૧૨. શ્રી. પોપટભાઈ પટેલ
૧૩. શ્રી. દિલીપભાઈ પરીખ
૧૪. શ્રી. વીરેન્દ્ર નાણાવટી
૧૫. યુનિવર્સિટી હૉસ્ટેલ રેક્ટર (પ્રો. સુથાર)
૧૬. શ્રી. આર. ડી. ચૌહાણ
૧૭. શ્રી. વી. પી. મહેતા (મંત્રી)."

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બોર્ડની ઉપરની ભલામણ મંજૂર કરવી.

૧૬૧. સેનેટના નીચેના હોદ્દાગત સભ્યોને યુનિવર્સિટી ધારાની કલમ ૨૫ (૨) અન્વયે કોઈ એક વિષયની અભ્યાસસમિતિનું સભ્યપદ આપવા વિચારણા કરવા બાબત :

ક્રમાંક	સેનેટ સભ્યનું નામ	અનુ. પદવી પરીક્ષાના વિષયો	ઇચ્છિત અભ્યાસસમિતિ
૧.	આચાર્ય ભટ્ટ ગોપેશ્વર કોટેશ્વર, એમ.એ.	અર્થશાસ્ત્ર	અર્થશાસ્ત્ર
૨.	આચાર્ય પટેલ રતિલાલ લધારામ, એમ.એસસી.	રસાયણવિજ્ઞાન	રસાયણવિજ્ઞાન
૩.	આચાર્ય ગઢવી બનેસિંહ ખેતસિંહ, એમ.એ.	અર્થશાસ્ત્ર	અર્થશાસ્ત્ર
૪.	આચાર્ય પંડ્યા હરિશંકર પ્રભાશંકર, એમ.એ.	અર્થશાસ્ત્ર	અર્થશાસ્ત્ર
૫.	આચાર્ય દવે શંભુપ્રસાદ સોમનાથ, એમ.એ.	ગણિત	ગણિત

૧૬૭. યુનિવર્સિટી રસાયણશાસ્ત્ર વિભાગના પ્રોફેસરની નિમણૂક બાબતમાં તે વિભાગના રીડર શ્રી. એમ. એન. દેસાઈએ ગુજરાત હાઈકોર્ટમાં કરેલ રિટઅરજીના કામમાં યુનિવર્સિટી તરફથી (૧) શ્રી. ઈન્દ્રવદન નાણાવટી અને (૨) શ્રી. સુરેશભાઈ એન. શેલતને ઍડવોકેટ તરીકે સિન્ડિકેટની બહાલીની અપેક્ષાએ રોકવાના કુલપતિશ્રીના કાર્યની નોંધ લેવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે કુલપતિશ્રીના સદરહુ કાર્યની નોંધ લેવી.

૧૬૮. ભાષા-સાહિત્ય ભવનમાં જાપાની ભાષાના પ્રાથમિક શિક્ષણની વ્યવસ્થા કરવા અંગે વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે ભાષા-સાહિત્ય ભવનમાં જાપાની ભાષાના પ્રાથમિક શિક્ષણ માટે ભાષા-સાહિત્ય ભવનમાં શ્રી. મોટોનોબુ એમ. નિશિમુરા દ્વારા જાપાની ભાષાના પ્રાથમિક શિક્ષણની વ્યવસ્થા કરવા માટે સદરહુ ભવનના અધ્યક્ષને જણાવવું.

૧૬૯. ઇંગ્લિશ ટીચર્સ કૉન્ફરન્સનું આગામી અધિવેશન ગુજરાત યુનિવર્સિટીના ઉપક્રમે મળનું હોઈ તેને માટે આર્થિક સહાય મંજૂર કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ પરિષદનું આગામી અધિવેશન જે આ યુનિવર્સિટીના ઉપક્રમે યોજવાનું છે તે માટેના ખર્ચમાં યુનિવર્સિટીના ફાળા તરીકે રૂ. ૨,૦૦૦ની આર્થિક સહાય મંજૂર કરવી.

૧૭૦. અનુ. નિયમ ૪૪ પ્રમાણે અનુસ્નાતક કેન્દ્રોને અપાતી આર્થિક સહાય માટે કેન્દ્રોને રસાયણ-દ્રવ્યોના હિસાબો તેમ જ વાઉચર્સ રજૂ કરવામાંથી મુક્તિ આપવા માટેની ફિઝિકલ રિસર્ચ લેબોરેટરી, અમદાવાદના અધ્યક્ષશ્રીના તા. ૨૭-૩-૧૯૭૨ના પત્રથી આવેલી વિનંતી પર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બાબતની વિચારણા મોકૂફ રાખવી.

તે પછી પ્રમુખશ્રીની પરવાનગીથી નીચેના બે પ્રસ્તાવો સભાગૃહ સમક્ષ રજૂ કરવામાં આવ્યા :

૧૭૧. સ્વાતંત્ર્ય રજત જયંતિની ઉજવણીના ભાગ તરીકે યુનિવર્સિટી કાર્યાલયના મુખ્ય મકાન પર તા. ૧૫-૮-૧૯૭૨ના રોજ રોશની કરવા માટે રૂ. ૨,૦૦૦ સુધીનો ખર્ચ મંજૂર કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે યુનિવર્સિટી કાર્યાલયના મુખ્ય મકાન પર તા. ૧૪-૮-૧૯૭૨ અને તા. ૧૫-૮-૧૯૭૨ના રોજ બે દિવસ રોશની કરવાનું રાખવું અને તે માટે રૂ. ૫,૦૦૦ (પાંચ હજાર) સુધીનો ખર્ચ મંજૂર કરવો.

૧૭૨. વિદ્યાર્થી આરોગ્ય યોજના (Student health plan)અંગે આવેલ પ્રસ્તાવ પર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ યોજના અંગે ડૉ. જે. બી. હરિભક્તિ અને આરોગ્યકેન્દ્રના અધિકારી ડૉ. સી. આર. ત્રિવેદીનાં સલાહસૂચનો લઈને તે અંગે જરૂરી નિર્ણય કરવા માટે કુલપતિશ્રીને સત્તા આપવી.

તે પછી સભાગૃહનું કામકાજ પૂરું થયું હતું.

નં. સિ./૦૧૩૧૭૮/૧૯૭૨.
ગુજરાત યુનિવર્સિટી કાર્યાલય,
અમદાવાદ-૯.
સપ્ટેંબર ૬, ૧૯૭૨.

કં. ચં. પરીખ
કુલસચિવ.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ સભ્યોને તેમનાં નામ સામે જણાવેલ વિષયની અભ્યાસસમિતિનું સભ્યપદ આપવું.

૧૬૨. શ્રી. એસ. બી. વોરાનાં નીચેનાં સૂચનો પર વિચારણા કરવા બાબત :

(૧) યુનિવર્સિટીની જુદી જુદી પરીક્ષામાં પેપર-સેટર્સનાં નામ ખાનગી રાખવાને બદલે તે નામો તેમણે કાઢેલાં પેપર્સ પર છાપવામાં આવે.

(૨) યુનિવર્સિટીની જુદી જુદી પરીક્ષાઓમાં નિમાયેલા એકઝામિનર્સનાં નામ ખાનગી રાખવાને બદલે તેમની યાદી યુનિવર્સિટીના તથા સંલગ્ન કૉલેજોના નોટિસ બોર્ડ પર પ્રદર્શિત કરવામાં આવે.

[**નોંધ.**—૧. (૧)માં જણાવેલ સૂચન સ્વીકાર્ય છે, પરંતુ જે વિષયમાં એક કરતાં વધારે પેપરો હોય ત્યાં દરેક પેપર પર આખી મંડળીનું નામ લખવું રહે તેમ કાર્યાલયનું સૂચન છે.

૨. (૨)માં જણાવેલ સૂચનમાં યાદીઓ પરીક્ષા પૂરી થયા પછી છ માસે વાંધો નથી તેમ કાર્યાલયનું સૂચન છે.]

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બાબતની વિચારણા મોકૂફ રાખવી.

૧૬૩. સદરહુ બાબતની વિચારણા આગળ બાબત નં. ૧૪૧ સાથે થઈ હોવાથી, તેની નોંધ તે ક્રમમાં દર્શાવવામાં આવી છે.

૧૬૪. સિન્ડિકેટની તા. ૭/૮--૮--૧૯૭૧ની તથા તા. ૧૩--૧૧--૧૯૭૧ની સભામાં ઠરાવ્યા પ્રમાણે સંલગ્ન કૉલેજોના આરોગ્યકેન્દ્રની તપાસ કરવા માટે નિમાયેલ સમિતિની તા. ૮--૬--૧૯૭૨ની સભામાં કરેલ ભલામણો અંગે વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ સમિતિની તા. ૮--૬--૧૯૭૨ની સભાની ભલામણો મંજૂર કરવી.

(સદરહુ સમિતિની તા. ૮--૬--૧૯૭૨ની નોંધ **પરિશિષ્ટ "થ"** તરીકે સામેલ છે.)

૧૬૫. જે. ઍન્ડ જે. કૉલેજ ઑફ સાયન્સ, નડિયાદમાં સ્થાપવામાં આવેલા ગણિતશાસ્ત્રના અનુસ્નાતક કેન્દ્રના પ્રોફેસર-ઈન-ચાર્જ પ્રો. એસ. બી. શાહ યુનિવર્સિટી ડિપાર્ટમેન્ટ દ્વારા યોજિત "ઈન્સેન્ટિવ પ્રોગ્રામમાં જોડાયા હોવાથી પ્રો. વી. એચ. પંડ્યાની લંગામી ધોરણે પ્રોફેસર-ઈન-ચાર્જ તરીકે નિમણૂક કરવામાં આવેલી, પરંતુ પ્રોફેસર એસ. બી. શાહ સદરહુ કૉલેજમાં ફરી ફરજ પર જોડાતાં તેમની પ્રોફેસર-ઈન-ચાર્જ તરીકે નિમણૂક કરવાની આચાર્યશ્રીની વિનંતી પરત્વે વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ અનુસ્નાતક કેન્દ્રના પ્રોફેસર-ઈન-ચાર્જ તરીકે પ્રો. એસ. બી. શાહની નિમણૂક કરવી.

૧૬૬. અમદાવાદની કૉલેજોને ગુજરાત યુનિવર્સિટીની કૉન્સ્ટિટ્યુઅન્ટ કૉલેજો બનાવવા અંગેની બાબતની વિરુદ્ધમાં સેંટ ઝેવિયર્સ કૉલેજે યુનિવર્સિટી સામે ગુજરાત હાઈકોર્ટમાં કરેલ રિટ પિટિશન(સ્પેશિયલ સિવિલ એપ્લિકેશન નં. ૧૨૦૬)ના કામમાં યુનિવર્સિટી તરફથી (૧) શ્રી. ચંદ્રકાંત ટી. દરુ અને (૨) શ્રી. સુરેશભાઈ એન. શેલતને ઍડવોકેટ તરીકે સિન્ડિકેટની બહાલીની અપેક્ષાએ રોકયાના કુલપતિશ્રીના કાર્યની નોંધ લેવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે કુલપતિશ્રીના સદરહુ કાર્યની નોંધ લેવી.

પરિશિષ્ટ "ક"
કામકાજ ક્રમાંક ૩૪

નોકરી કરતાં કરતાં અભ્યાસ કરી ખોટી હાજરી પુરાવ્યા બાબતની ફરિયાદ અંગેના કેસો પર વિચારણા કરી રિપોર્ટ કરવા અંગે તા. ૪/૫--૧--૧૯૬૯ ના રોજ મળેલ સિન્ડિકેટની સભાએ નીમેલ સમિતિની એક સભા તા. ૪--૮--૧૯૭૧ ને બુધવારના રોજ બપોરના ૧૨-૩૦ કલાકે યુનિવર્સિટી કાર્યાલયમાં મળી હતી, જેમાં સભ્યોની હાજરી નીચે પ્રમાણે હતી :

૧. શ્રી. આર. જી. શાસ્ત્રી	હાજર
૨. આચાર્ય કે. એન. શાહ	ગેરહાજર
૩. આચાર્ય એમ. સી. શાહ	હાજર

સભાનું પ્રમુખસ્થાન શ્રી. આર. જી. શાસ્ત્રીએ સંભાળ્યું હતું.

૧. સદરહુ સમિતિની તા. ૭--૧૧--૧૯૭૦ ની સભાની નોંધ મંજૂર કરવામાં આવી.

૨. હિંમતનગરમાં કલેક્ટરના સ્ટેનો તરીકે નોકરી કરતાં કરતાં શ્રી. સોની રમણલાલ વિઠલદાસે તે જ સમય દરમ્યાન હિંમતનગરથી ૫૦ માઈલ દૂર આવેલ અમદાવાદની ન્યૂ લૉ કૉલેજમાં ફર્સ્ટ એલએલ.બી. ના વર્ગમાં સને ૧૯૬૭--૬૮ના વર્ષ દરમિયાન અભ્યાસ કરતા હતા અને તે રીતે નોકરી અને અભ્યાસ એકસાથે કરી કૉલેજમાં ખોટી રીતે હાજરી પુરાવી હતી તે અંગેની આવેલી અરજી પર કૉલેજના આચાર્યશ્રી તથા કલેક્ટર તથા વિદ્યાર્થી તરફથી આવેલ જવાબો તથા વિદ્યાર્થીએ રૂબરૂમાં કરેલા ખુલાસાઓ અંગે વિચારણા કરવા બાબત.

ઉપરોકત કેસના તમામ કાગળો જોતાં શ્રી. આર. વી. સોનીને શકનો લાભ આપીને તેમના વિરુદ્ધ કોઈ કાર્યવાહી કરવી નહીં એમ ઠરાવ્યું. તેમના અંગેની સમિતિની નોંધ (**પરિશિષ્ટ "અ"**) આ સાથે સામેલ છે.

૩. કેન્ટોનમેન્ટ લાઈસ્કૂલ, સાબરમતીમાં શિક્ષક તરીકે નોકરી કરતાં કરતાં શ્રી. શંકરલાલ ડી. પ્રજાપતિએ અમદાવાદની અમદાવાદ આર્ટ્સ કૉલેજમાં થર્ડ બી.એ.ના વર્ગમાં સને ૧૯૬૭-૬૮ના વર્ષ દરમ્યાન ખોટી રીતે હાજરી પુરાવી સત્રો મંજૂર કરાવ્યા બાબત.

સદરહુ કેસના તમામ કાગળો લક્ષમાં લેતાં શ્રી શંકરલાલ ડી. પ્રજાપતિને શકનો લાભ આપી તેમના વિરુદ્ધ કોઈ કાર્યવાહી કરવી નહિ તેમ ઠરાવ્યું. તેમના અંગેની સમિતિની નોંધ (**પરિશિષ્ટ "અ"**) આ સાથે સામેલ છે.

ત્યાર બાદ સભાનું કામકાજ પૂરું થયું હતું.

પરિશિષ્ટ "અ"
સમિતિનો તા. ૪--૮--૧૯૭૧ નો રિપોર્ટ

શ્રી. રમણલાલ વિ. સોની (પ્રથમ એલએલ.બી. — ૧૯૬૭--૬૮)

શ્રી. સોની હિંમતનગરના કલેક્ટરની ઑફિસમાં સ્ટેનો તરીકે નોકરી કરતા હતા. કલેક્ટરની ઑફિસનું મહત્ત્વ જોતાં શ્રી. સોનીના મિત્રો જેઓ ખાણોના પથ્થરોનો ધંધો કરે છે તે તેમના સ્કૂટર પર શ્રી. સોનીને

હિંમતનગરથી અમદાવાદ લઈ જતા-આવતા હોય તે સદરહુ વિદ્યાર્થીએ તથા તેમના મિત્રે આપેલ ખુલાસાઓ જોતાં શકય લાગે છે.

હિંમતનગરના તે વખતના કલેકટર શ્રી. બી. ટી. ત્રિવેદી જેઓ હાલ ગુજરાત ઈન્ડસ્ટ્રિયલ ઈન્વેસ્ટમેન્ટ કોર્પોરેશન લિમિટેડ, અમદાવાદના મેનેજિંગ ડિરેકટર છે તેમણે તેમના તા. ૨૨--૫--૧૯૭૦ના પત્રમાં જણાવ્યા મુજબ શ્રી સોનીને અમદાવાદ અભ્યાસ કરવાની પરવાનગી આપવામાં આવી હતી અને તે માટે ઓફિસમાંથી વહેલા જવાની છૂટ પણ આપવામાં આવી હતી.

ન્યૂ લૉ કોલેજ, અમદાવાદના આચાર્યશ્રીએ પણ તેમના તા. ૨૪--૧--૧૯૭૦ના પત્રથી, જે શ્રી. સોની મોડા પડે તો પ્રથમ પિરિયડમાં તેમને ચાલુ પિરિયડે બેસવા દેતા હતા તેમ જણાવ્યું છે.

ઉપરોકત મુદ્દાઓ ધ્યાનમાં લઈ અને શ્રી. સોનીએ સમિતિની તા. ૭--૧૧--૧૯૭૦ની સભા સમક્ષ કરેલા સંતોષકારક ખુલાસા ધ્યાનમાં લેતાં શ્રી સોની વિરુદ્ધ કોઈ પગલાં લેવાનું જરૂરી જણાતું નથી.

૨. શ્રી. શંકરલાલ ડી. પ્રજાપતિ (થર્ડ બી.એ.—૧૯૬૭-૬૮)

સદરહુ કેસ અંગેના તમામ કાગળો ચૌકી આચાર્ય, અમદાવાદ આર્ટ્સ કૉલેજના તા. ૧૭--૧--૧૯૬૯ તથા ૨૦--૨--૧૯૭૧ ના પત્રો તથા આચાર્ય, નવગુજરાત આર્ટ્સ કોલેજ, અમદાવાદના તા. ૮--૨--૧૯૬૯ના પત્રની વિગતો લક્ષમાં લેતાં તેમ જ શ્રી. પ્રજાપતિએ સમિતિની સભા સમક્ષ રૂબરૂમાં કરેલ ખુલાસાઓ જોતાં તેમણે ખોટી હાજરી પુરાવી હોય તે માનવાને સમર્થન મળતું નથી તે જોતાં, તેમના વિરુદ્ધ કોઈ કાર્યવાહી કરવાની જરૂર જણાતી નથી.

સમિતિનો તા. ૮--૭--૧૯૭૨નો રિપોર્ટ

નોકરી કરતાં કરતાં અભ્યાસ કરી ખોટી હાજરી પુરાવ્યા બાબતની ફરિયાદ અંગેના કેસો પર વિચારણા કરી રિપોર્ટ કરવા અંગે તા. ૧૩/૧૬-૧૦--૧૯૭૧ના રોજ મળેલ સિન્ડિકેટની સભાએ નીમેલી સમિતિની એક સભા તા. ૮-૯--૧૯૭૨ના રોજ શનિવારે બપોરના ૩--૦૦ વાગ્યે યુનિવર્સિટી કાર્યાલયમાં મળી હતી, જેમાં સભ્યોની હાજરી નીચે પ્રમાણે હતી :

૧.	શ્રી. આર. જી. શાસ્ત્રી	હાજર
૨.	શ્રી. કે. એન. શાહ	હાજર
૩.	શ્રી. એમ. સી. શાહ	હાજર

સભાનું પ્રમુખસ્થાન શ્રી આર. જી. શાસ્ત્રીએ સંભાળ્યું હતું.

૧. સદરહુ સમિતિની તા. ૪-૮-૧૯૭૧ની સભાની નોંધ મંજૂર કરવામાં આવી.

૨. ગુજરાત લૉ સોસાયટી સંચાલિત આર્ટ્સ કૉલેજમાં નોકરી કરતાં કરતાં વિવેકાનંદ આર્ટ્સ કોલેજમાં ૧૯૬૮-૬૯ અને ૧૯૬૯-૭૦ના વર્ષમાં અનુક્રમે સેકન્ડ બી.એ. અને થર્ડ બી.એ.ના વર્ગોમાં ખોટી રીતે હાજરી પુરાવીને સત્રો મંજૂર કરાવી સદરહુ પરીક્ષાઓ શ્રી વિઠ્ઠલભાઈ પુરુષોતમદાસ પટેલે પાસ કર્યા અંગેની ફરિયાદ ઉપર વિચારણા કરવા બાબત.

(**નોંધ.**—શ્રી વિઠ્ઠલભાઈ પટેલને સભા સમક્ષ રૂબરૂમાં હાજર થવા જણાવ્યું હતું.)

વિદ્યાર્થીએ રૂબરૂમાં આપેલ ખુલાસો તથા તેમના અંગેના કાગળો જોતાં ભલામણ કરવામાં આવે છે કે સદરહુ વિદ્યાર્થી વિરુદ્ધ કોઈ પગલાં લેવાં નહીં.

પરિશિષ્ટ "ખ"
કામકાજ ક્રમાંક ૩૫

ગુજરાત યુનિવર્સિટીની બોર્ડ ઑફ યુનિવર્સિટી ટીચિંગની વર્ષ ૧૯૭૨ની બીજી સભા ગુજરાત યુનિવર્સિટી કાર્યાલયમાં સોમવાર, તા. ૨૬-૬-૧૯૭૨ના રોજ બપોરના ૧૨-૩૦ વાગે કુલપતિ શ્રી. ઉમાશંકર જે. જોશીના અધ્યક્ષસ્થાને મળી હતી. સભામાં હાજરી નીચે મુજબ હતી :

૧.	શ્રી. ઉમાશંકર જોશી, કુલપતિશ્રી	હાજર
૨.	શ્રી. આર. વી. શાસ્ત્રી	હાજર
૩.	શ્રી. વી. એ. વ્યાસ	હાજર
૪.	શ્રી. ટી. એમ. પરીખ	હાજર
૫.	શ્રી. એ. કે. ઝવેરી	ગેરહાજર
૬.	શ્રી. ડી. ડી. દેસાઈ	હાજર
૭.	ડૉ. ઓ. પી. ગુપ્તા	હાજર
૮.	શ્રી. બી. એમ. પીરજાદા	હાજર
૯.	પ્રો. કે. જી. દેસાઈ	હાજર
૧૦.	શ્રી. કે. આર. ચંદ્રશેખરન	હાજર
૧૧.	શ્રી. સી. એસ. શાહ	હાજર
૧૨.	શ્રી. કે. એન. શાહ	હાજર
૧૩.	શ્રી. એમ. સી. શાહ	ગેરહાજર
૧૪.	શ્રી. ડી. એન. પાઠક	હાજર
૧૫.	ડૉ. જે. જે. ચિનોય	ગેરહાજર
૧૬.	ડૉ. સી. પી. બોધાણી	હાજર
૧૭.	શ્રી. એમ. બી. દેવાણી	હાજર
૧૮.	શ્રી. વાય. પી. શુકલ	હાજર
૧૯.	શ્રી. કે. જે. ભટ્ટ	હાજર
૨૦.	શ્રી. સી. એચ. નાયક	હાજર

૨૧.	શ્રી. ડી. એમ. શીખ	હાજર
૨૨.	શ્રી. દલસુખભાઈ માલવણિયા	હાજર
૨૩.	શ્રી. ડી. પી. ઠાકર	હાજર
૨૪.	શ્રી. એન. બી. જોષી	હાજર
૨૫.	ડૉ. (મિસ) એસ. સી. પંડયા	હાજર
૨૬.	ડૉ. એચ. જી. શાસ્ત્રી	હાજર
૨૭.	શ્રી. એસ. બી. પંડયા	હાજર
૨૮.	શ્રી. ગિરીશભાઈ પટેલ	હાજર
૨૯.	શ્રી. જે. જે. ત્રિવેદી	ગેરહાજર.

૧. બોર્ડ ઑફ યુનિવર્સિટી ટીચિંગની તા. ૪-૪-૧૯૭૨ની સભાની કામકાજની નોંધને મંજૂર કરવા બાબત.

બોર્ડ ઑફ યુનિવર્સિટી ટીચિંગની તા. ૪-૪-૧૯૭૨ની સભાની કામકાજની નોંધ મંજૂર કરવામાં આવી અને તે પર કુલપતિશ્રીએ સહી કરી.

૨. આ યુનિવર્સિટી સાથે જોડાયેલ કૉલેજો-માન્ય સંસ્થાઓમાં કામ કરતા શિક્ષકો તરફથી પીએચ.ડી.ની પદવીની માન્યતા મેળવવા માટે આવેલ અરજીઓ ઉપર વિચારણા કરવા બાબત.

આથી આ સભા સિન્ડિકેટને ભલામણ કરે છે કે—

(અ) યુનિવર્સિટી ભાષા-ભવનના પ્રાકૃત વિષયના વ્યાખ્યાતા ડૉ. ચંદ્રા કે. આર.ને પ્રાકૃત વિષય માટે પીએચ.ડી. પદવીના માર્ગદર્શક શિક્ષક તરીકેની માન્યતા તદર્થ ધોરણે તા. ૧૪-૬-૧૯૭૩ સુધી આપવી.

(બ) પ્રતિષ્ઠિત સામયિકોમાં નીચે જણાવેલ શિક્ષકોનાં પ્રસિદ્ધ થયેલાં સંશોધનપત્રો જરૂરી ગુણવત્તા ધરાવે છે કે કેમ તે વિશે તેમનાં નામ સામે જણાવેલ નિષ્ણાતોના અભિપ્રાય મેળવીને ઘટતો નિર્ણય લેવા માટે કુલપતિશ્રીને સત્તા આપવી :

ક્રમાંક	શિક્ષકનું નામ	વિષય	નિષ્ણાતનું નામ
૧.	ડૉ. ગોપીનાથ ડી. વી., સાયન્ટિફિક ઑફિસર, ભાભા એટોમિક રિસર્ચ સેન્ટર, મુંબઈ-૮૫	ભૌતિકશાસ્ત્ર	ડૉ. કે. આર. રામનાથન, ફિઝિકલ રિસર્ચ લેબોરેટરી, અમદાવાદ-૯.
૨.	ડૉ. શાહ પીયૂષ રતિલાલ, સેન્ટ ઝેવિયર્સ કૉલેજ, અમદાવાદ	કેમિસ્ટ્રી	૧. ડૉ. શેષાદ્રિ ટી. આર., દિલ્હી, યુનિવર્સિટી, દિલ્હી. (ડૉ. શેષાદ્રિ ના પાડે તો) ૨. ડૉ. એન. વી. જહા, આઈ.આઈ.ટી., કાનપુર.
૩.	ડૉ. સોનપાલ રસિકલાલ ચૂનીલાલ, એલ. ડી. એન્જિનિયરિંગ કૉલેજ, અમદાવાદ-૯	સિવિલ એન્જિનિયરિંગ સોઈલ એન્જ.	આ વિષય માટે નિષ્ણાતના નામના સૂચન અંગે કુલપતિશ્રીને સત્તા આપવામાં આવી.

(ક) ડૉ. બી. બી. સિંઘ, સાયન્ટિફિક રિસર્ચ ઑફિસર, ભાભા ઍટોમિક રિસર્ચ સેન્ટર, મુંબઈને બાયોકેમિસ્ટ્રી અને મોલેક્યુલર બાયોલોજી વિષયમાં પીએચ.ડી. પદવીના માર્ગદર્શક શિક્ષક તરીકે ડૉ. પીશારોટીના અભિપ્રાય અનુસાર તા. ૧૪-૬-૧૯૭૩ સુધી તદર્થ ધોરણે માન્યતા આપવી.

૩. ઍકેડેમિક કાઉન્સિલે તેની તા. ૨૬/૨૭-૮-૧૯૭૧ની સભામાં નીચેના ચાર અનુસ્નાતક ડિપ્લોમાના અભ્યાસક્રમો તૈયાર કરવા માટે નીમેલી સમિતિની તથા આ ડિપ્લોમા અભ્યાસક્રમો શીખવવા માટે બી. એમ. ઈન્સ્ટિટ્યૂટે માન્યતા માંગી હતી તેની સ્થાનિક તપાસસમિતિએ સદરહુ અભ્યાસક્રમો શીખવવા માટે શિક્ષકોની માન્યતા અંગે કરેલ સૂચનો પર વિચારણા કરવા બાબત:

(*a*) One-Year advanced course in Psychiatric Social Work (D.P.S.W.)

(*b*) One-Year Teacher Training Course in Special Education for the Non-normal Children (D.S.E.N.C.)

(*c*) One-Year Course in Psychiatric Occupational Therapy (D.P.O.T.)

(*d*) Two-Year Course in Psychotherapy (D.P.).

સમિતિની ભલામણ

In all these Diploma Courses the qualifications for recognition as a Teacher should be as follows :

(*a*) Post-graduate Teacher : Three years' teaching or clinical or research experience in the respective and/or related fields like Psychiatry, Social Work, Psychology, Psychoanalysis and Psychotherapy.

(*b*) Assistant to Post-graduate Teacher : One-year teaching or clinical or research experience in the respective and/or related fields like Psychiatry, Social Work, Psychology, Psychoanalysis and Psychotherapy.

(*c*) Teachers recognised as Post-graduate teachers and Assistants to Post-graduate teachers in Psychology should also be recognised to teach the Psychology papers in these courses.

સ્થાનિક તપાસસમિતિની ભલામણ

We therefore recommend that the qualifications required for recognition as a post-graduate teacher and as an assistant to post-graduate teacher in case of the Diploma course should be 3 years' teaching, clinical or research experience in the related field, and one year teaching, clinical or research experience in the related field respectively except that in the case of Diploma in Psychotherapy, these qualifications should be 5 years and 3 years respectively. We find that the Institute has one person adequately qualified to be reeognised as a full-fledged post-graduate teacher and 2 persons adequately qualified to be recognised as assistant to post-graduate teacher for each of the Diploma Courses applied for.

આથી આ સભા એકેડેમિક કાઉન્સિલને ભલામણ કરે છે કે (૧) સાયકિયાટ્રિક સોશિયલ વર્ક (ડી.પી.એસ.ડબલ્યુ.); (૨) ટીચર ટ્રેઈનિંગ કોર્સ ઈન સ્પેશિયલ એજ્યુકેશન ફોર ધી નૉન-નૉર્મલ ચિલ્ડ્રન (ડી.એસ.ઈ.એન.સી.); (૩) સાયકિયાટ્રિક ઓકયુપેશનલ થેરાપી (ડી.પી.ઓ.ટી.); તથા (૪) સાયકોથેરાપી-(ડી.પી.)ના ડિપ્લોમાના અભ્યાસક્રમો શીખવવા માટે માન્ય અનુસ્નાતક શિક્ષક તથા માન્ય અનુસ્નાતક શિક્ષકના મદદનીશ શિક્ષકની માન્યતા અંગે નિયમો ૧૪મી જૂન ૧૯૭૫ સુધીના સમયગાળા પૂરતા રાખવા, અને તે માટે અનુક્રમે ઑર્ડિ. ૬૫–એફ (g) તરીકે તથા ઑર્ડિ. ૬૫ (એમ) હેઠળ નોંધ (vi) તરીકે તે ૧૪મી જૂન ૧૯૭૫ સુધી મંજૂર કરવા, જે પછી આ નિયમોનું પુનરવલોકન કરવું.

O. 65–F(g) :

૮૯. ગુજરાત યુનિવર્સિટી ધારાની કલમ ૨૩ (૨) અન્વયે સેનેટ સભ્ય શ્રી. જે. બી. સાણ્ડિલને ગુજરાત યુનિવર્સિટી ધારાની કલમ ૨૫ (૨) અન્વયે વિજ્ઞાન વિદ્યાશાખા હેઠળ આવતી ગણિતની અભ્યાસસમિતિનું સભ્યપદ આપવા અંગે વિચારણા કરવા બાબત.

તે પછી ઠરાવવામાં આવ્યું કે શ્રી. જે. બી. સાણ્ડિલને ગણિતશાસ્ત્રની અભ્યાસસમિતિનું સભ્યપદ આપવું.

૧૭. ઑક્ટોબર ૨૫થી ૨૮, ૧૯૭૨ના સમય દરમિયાન કોઇમ્બતુર મુકામે યોજનાર ઇન્ડિયન ઍસોસિયેશન ઑફ ટીચર્સ એજ્યુકેટરના ૧૫મા વાર્ષિક અધિવેશનમાં યુનિવર્સિટીના પ્રતિનિધિ મોકલવા અંગેના સદરહુ ઍસોસિયેશનના પ્રમુખશ્રીના તા. ૨૪--૭--૧૯૭૨ના પત્ર પર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ ઍસોસિયેશનના આગામી અધિવેશનમાં આ યુનિવર્સિટીના પ્રતિનિધિ તરીકે આચાર્ય દાઉદભાઈ ઘાંચીને મોકલવા.

૧૮. ઑક્ટોબર ૧૯૭૨માં પોરબંદર મુકામે યોજનાર ગુજરાત ઇતિહાસ પરિષદના બીજા જ્ઞાનસત્રમાં યુનિવર્સિટીના પ્રતિનિધિ મોકલવા અંગે તેમ જ પરિષદને આર્થિક સહાય આપવા અંગેના ગુજરાત ઇતિહાસ પરિષદના મંત્રીશ્રીના તા. ૩--૮--૧૯૭૨ના પત્ર પરત્વે વિચારણા કરવા બાબત.

(નોંધ.--સદરહુ પરિષદમાં નીચેના વિષયો ચર્ચાનાર છે :

વીસમી સદીમાં ગુજરાતમાં થયેલ સ્વાતંત્ર્ય આંદોલન અને ઇતિહાસ-આલેખન.)

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ પરિષદના બીજા જ્ઞાનસત્રમાં આ યુનિવર્સિટીના પ્રતિનિધિ તરીકે ડૉ. આર. કે. ધારૈયાને મોકલવા.

૧૯. નવેંબર ૧૬થી ૧૮, ૧૯૭૨ના સમય દરમિયાન "ધી ઍસોસિયેશન ઑફ માયકોબાયોલોજિસ્ટ ઑફ ઇન્ડિયા"નું ૧૩મું વાર્ષિક અધિવેશન લુધિયાણા મુકામે પંજાબ એગ્રિકલ્ચર યુનિવર્સિટીના કેમ્પસમાં યોજાનાર છે તેમાં યુનિવર્સિટીના પ્રતિનિધિ મોકલવા અંગેના સદરહુ ઍસોસિયેશનના સામાન્ય મંત્રીશ્રી તરફથી આવેલ તા. ૨૯--૬--૧૯૭૨ના પત્ર પર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ ઍસોસિયેશનના આગામી અધિવેશનમાં આ યુનિવર્સિટીના પ્રતિનિધિ તરીકે પ્રો. જે. એસ. શુકલને મોકલવા.

૨૦. ડિસેંબર ૧૯૭૨ના સમય દરમિયાન કાનપુર મુકામે મળનાર "ધી ઇન્ડિયન સોસાયટી ઑફ એગ્રિકલ્ચર ઇકોનોમિકસ"ના ૩૨મા વાર્ષિક અધિવેશનમાં સિન્ડિકેટે તેની તા. ૭/૮--૮--૧૯૭૨ની સભામાં યુનિવર્સિટીના પ્રતિનિધિ તરીકે પ્રોફે. બી. એસ. પટેલની નિમણૂક કરવામાં આવી હતી, પરંતુ મજકૂર અધિવેશનમાં તેઓએ જવાની અશક્તિ દર્શાવેલ હોઈ અન્ય સભ્યની નિમણૂક કરવા અંગે વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ અધિવેશનમાં આ યુનિવર્સિટીના કોઈ પ્રતિનિધિને મોકલવા નહીં.

૨૧. ડિસેંબર ૧૯૭૨ના સમય દરમિયાન રાજકોટ મુકામે યોજનાર "ઑલ-ઇન્ડિયા ફોક-લોર કૉન્ફરન્સ"માં યુનિવર્સિટીના પ્રતિનિધિ મોકલવા અંગેના મેઘાણી મણિ મહોત્સવ સમિતિના મંત્રીશ્રીના તા. ૨૨--૬--૧૯૭૨ના પત્ર પર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ પરિષદમાં આ યુનિવર્સિટીના પ્રતિનિધિ તરીકે ડૉ. સુધાબહેન દેસાઈને મોકલવાં.

૨૨. ડિસેંબર ૨૯થી ૩૧, ૧૯૭૨ના સમય દરમિયાન મુંબઈ મુકામે "ઇન્ડિયાઝ સાયન્સ પૉલિસી ઍન્ડ ધી ડેવેલપમેન્ટ ગુજ્સ ઑફ ઇન્ડિયન સ્ટડીઝ ઇન સાયન્સ ઍન્ડ ટેકનોલોજી"ના વિષય પર "અખિલ

ભારતીય સ્કૉલર્સ"નું ત્રીજું અધિવેશન યોજાનાર છે તેમાં યુનિવર્સિટીના પ્રતિનિધિ મોકલવા અંગે ઇન્ડિયન ઇન્સ્ટિટ્યૂટ ઑફ એશિયન સ્ટડીઝ"ના અધ્યક્ષશ્રીના તા. ૮--૩--૧૯૭૨ના પત્ર પર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ અધિવેશનમાં આ યુનિવર્સિટીના પ્રતિનિધિ તરીકે ડૉ. અવિનાશ મુનશીને મોકલવા.

૨૩. જાન્યુઆરી ૨૩થી ૨૬, ૧૯૭૩ના સમય દરમિયાન કલકત્તા મુકામે શ્રી. સુભાષચંદ્ર બોઝની ૭૬મી જન્મજયંતી પ્રસંગે નીચેના વિષયો પર એક પરિસંવાદ યોજવાનો છે તેમાં યુનિવર્સિટીના પ્રતિનિધિ (સ્કૉલર્સ) મોકલવા અંગે નેતાજી રિસર્ચ બ્યૂરોના એક્ઝિકયુટિવ ડિરેક્ટરના તા. ૮--૭--૧૯૭૨ના પત્ર પર વિચારણા કરવા બાબત :

(1) Subhas Chandra Bose—his life and ideas

(2) Indian independence movement : 1920–1947

(3) Political history of Indian subcontinent : 1900-1972

(4) India since independence and Netaji

(5) National independence movements in South and East Asian countries : 1920–1950.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ પરિસંવાદમાં આ યુનિવર્સિટીના કોઈ પ્રતિનિધિને મોકલવા નહીં.

૨૪. ફેબ્રુઆરી ૧૯ અને ૨૦, ૧૯૭૩ના સમય દરમિયાન "ઇન્ડિયન નેશનલ સાયન્સ ઍકેડેમી"ના ઉપક્રમે પ્રસિદ્ધ ખગોળશાસ્ત્રી "નિકોલસ કોપરનીસ"ની ૫૦૦મી જન્મજયંતી પ્રસંગે યોજાનાર પરિસંવાદમાં ભાગ લેવા માટે યુનિવર્સિટીના પ્રતિનિધિ મોકલવા અંગે વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ પરિસંવાદમાં આ યુનિવર્સિટીના કોઈ પ્રતિનિધિને મોકલવા નહીં.

૨૫. આર. આર. લાલન કૉલેજ, ભૂજમાં સ્થાપવામાં આવેલા અંગ્રેજી વિષયના અનુસ્નાતક કેન્દ્રના પ્રોફેસર-ઇન-ચાર્જ તરીકે આચાર્યશ્રી જે. એન. શુકલની નિમણૂક કરવા અંગે આચાર્યશ્રીની વિનંતી પરત્વે વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ અનુસ્નાતક કેન્દ્રના પ્રોફેસર-ઇન-ચાર્જ તરીકે આચાર્ય જે. એન. શુકલને નીમવા.

૨૬. યુનિવર્સિટી ગ્રાન્ટ્સ કમિશન (એમેન્ડમેન્ટ) ઍક્ટ, ૧૯૭૨ બાબતે યુનિવર્સિટી ગ્રાન્ટ્સ કમિશનના તા. ૨૦--૭--૧૯૭૨ના પત્રાંક એફ. ૧--૧૦૮--૭૨ (સીડી)ની નોંધ લેવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ પત્રની નોંધ લેવી, અને તે સંલગ્ન કૉલેજો, માન્ય સંસ્થાઓ અને યુનિવર્સિટીનાં વિદ્યાભવનોને પરિપત્રિત કરવો.

૨૭. સિન્ડિકેટની તા. ૧૫--૪--૧૯૭૨નાં સભામાં મનાલી ખાતે ૧૬૦૦૦ ફૂટની ઊંચાઈ સુધીનું ટ્રેકિંગ લઈ જવા માટે રૂ. ૧૦,૦૦૦ મંજૂર થયેલ હતા, પરંતુ મનાલીને બદલે ઉત્તરીખંડમાં ગંગોત્રીથી નંદનવન અને કાલિન્દીઘાટ થઈ બદરીનાથ પહોંચવાનો અને ૨૦૦૦૦ ફૂટની ઊંચાઈ ઓળંગવાનો પ્લાન

મંજૂર થયેલ, જે સફળ રીતે પાર પાડતાં રૂ. ૧૦,૦૦૦ના અંદાજને બદલે રૂ. ૧૯,૦૦૦નો ખર્ચ થયો છે તો વધારાના ખર્ચના રૂ. ૯,૦૦૦ મંજૂર કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે કે સદરહુ કાર્ય માટે રૂ. ૯,૦૦૦ ના વધારાના ખર્ચને મંજૂર કરવો.

૨૮. ભાષા-સાહિત્ય ભવનમાં કામ કરતા ગુજરાતીના વ્યાખ્યાતા શ્રી. એ. એલ. બ્રહ્મભટ્ટને આઈ.એ.એસ. કેન્દ્રના નિયામકશ્રી તરફથી આઈ.એ.એસ.ના વિદ્યાર્થીઓ સમક્ષ એક વ્યાખ્યાન આપવાનું નિમંત્રણ તથા તે માટેનો રૂ. ૨૫૦નો પુરસ્કાર સ્વીકારવા માટે પરવાનગી આપવા અંગે વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે શ્રી. એ. એલ. બ્રહ્મભટ્ટને સદરહુ કામગીરી તથા તે માટે રૂ. ૨૫૦નો પુરસ્કાર સ્વીકારવા માટે પરવાનગી આપવી.

૨૯. સ્ટેટ યુનિવર્સિટી ઑફ ન્યૂયૉર્ક, બફેલો તરફથી તેમની યુનિવર્સિટીના ૨૦ અમેરિકન ગ્રેજ્યુએટ વિદ્યાર્થીઓ ભારતીય સંસ્કૃતિ તથા ભારતના શૈક્ષણિક કાર્યક્રમો માટે ચાર માસ માટે ગુજરાત યુનિવર્સિટીની મુલાકાતે આવ્યા હતા તે અંગેના રૂ. ૬૫,૪૧૦ના પુનર્નિમિત અંદાજને મંજૂર કરવા બાબત તથા નીચે જણાવેલ કર્મચારીઓને તે અંગેની કામગીરી બજાવી તે અંગે વેતન સ્વીકારવા અંગેની પરવાનગી આપવા અંગે વિચારણા કરવા બાબત :

ક્રમાંક	કર્મચારીનું નામ	મૂળ પગાર	અગાઉ ચૂકવેલ રકમ	મંજૂર કરેલ વેતનની રકમ	કુલ વેતનની રકમ
		રૂ.	રૂ.	રૂ.	રૂ.
૧	૨	૩	૪	૫	૬
૧.	પ્રો. ડી. એન. પાઠક (કો-ઑર્ડિનેટર તરીકે)	૧૩૬૦	-	૭,૦૦૦	૭,૦૦૦
૨.	શ્રી. ટી. એ. ભારદ્વાજ	૪૬૧	૩૦૦	૭૦૦	૧,૦૦૦
૩.	શ્રી. એસ. એન. શાહ	૧૦૦ (અનમર્ક્ડ)	૧૩૧	૩૦૦	૪૩૧
૪.	શ્રી. ડબલ્યુ. એન. ક્રિશ્ચિયન	૨૪૩	૧૬૧	૫૦૦	૬૬૧
૫.	શ્રી. આર. એચ. પટેલ	૨૧૩	૪૦	૧૦૦	૧૪૦
૬.	શ્રી. જે. પી. ચૌહાણ	૧૧૩	૪૦	૬૦	૧૦૦
	પટાવાળા				
૧.	શ્રી. ચિમનલાલ કે. વાઘેલા	૧૧૩	૨૦	૨૦	૪૦
૨.	શ્રી. કાંતિલાલ પી. રોઝિયા	૧૧૩	૨૦	૨૦	૪૦
૩.	શ્રી. કાંતિલાલ ડી. વાઘેલા	૧૨૧	—	૨૦	૨૦
૪.	શ્રી. નાનજી ડી. વાઘેલા	૯૪	૨૦	૧૦૦	૧૨૦
૫.	શ્રી. રમણલાલ વી. વાલેન્દ્ર	૯૪	૨૦	૨૦	૪૦
૬.	શ્રી. કાન્તિદાસ સી. સોલંકી	૯૪	૨૦	૨૦	૪૦
			૭૮૦	૮,૮૬૦	૯,૬૪૦

૧	૨	૩	૪	૫	૬
રહેવા તથા જાળવણીની વ્યવસ્થા માટે :					
૧. ડૉ. એચ. વી. સુથાર		—	—	૧૦૦૦	૧૦૦૦
૨. શ્રી. પી. ડી. મિસ્ત્રી (એસ્ટેટ સુપરિન્ટેન્ડન્ટ)	૬૮૨	—		૩૦૦	૩૦૦
૩. શ્રી. ડી. બી. સુતરિયા (બિલ્ડિંગ સુપરવાઈઝર)	૨૪૮ (અનમર્જ્ડ)	—		૧૫૦	૧૫૦
૪. શ્રી. એન. પી. બારોટ (વર્કમૅન)	૧૫૩	—		૭૫	૭૫
૫. શ્રી. ડી. એન. વ્યાસ (વાયરમૅન)	૨૧૨	—		૭૫	૭૫
૬. શ્રી. જે. વી. સુથાર (સુથાર)	૨૧૯	—		૭૫	૭૫
				૧,૬૭૫	૧,૬૭૫

સદરહુ બાબતના સંદર્ભમાં સમાજવિદ્યા ભવનના અધ્યક્ષશ્રીનો તા. ૮-૯-૧૯૭૨નો પત્ર પણ વિચારણામાં લેવામાં આવ્યો.

તે પછી ઠરાવવામાં આવ્યું કે નીચે જણાવેલ સભ્યોને ૧૯૭૨-૭૩ના વર્ષ દરમ્યાનનું સદરહુ સભ્યોનું યુનિવર્સિટીનાં કામકાજ સિવાયનાં બીજાં કામકાજો અંગેનું કુલ વેતન તેમના વાર્ષિક મૂળ પગાર (basic salary)ના ત્રીસ ટકા કરતાં વધે નહીં તે શરતે અને તેની મર્યાદામાં રહીને, ઉપર જણાવેલ કામકાજ માટે તેમનાં નામ સામે જણાવેલ પુરસ્કાર/વધારાનો પુરસ્કાર સ્વીકારવા માટે પરવાનગી આપવી :

ક્રમાંક	કર્મચારીનું નામ	મૂળ પગાર	અગાઉ ચૂકવેલ રકમ	મંજૂર કરેલ વેતનની રકમ	કુલ વેતનની રકમ
		રૂ.	રૂ.	રૂ.	રૂ.
૧.	પ્રો. ડી. એન. પાઠક (કો-ઓર્ડિનેટર તરીકે)	૧,૩૬૦	—	૪,૦૦૦	૪,૦૦૦
૨.	શ્રી. ટી. ઓ. ભાસ્કર	૪૬૧	૩૦૦	૪૦૦	૭૦૦
૩.	શ્રી. એસ. એન. શાહ	૧૦૦	૧૩૫	૧૬૫	૩૦૦
૪.	શ્રી. ડબલ્યુ. એન. ક્રિશ્ચિયન	૨૪૩	૧૬૫	૨૩૫	૫૦૦
૫.	શ્રી. આર. એચ. પટેલ	૨૧૩	૪૦	૬૦	૧૦૦
૬.	શ્રી. જે. પી. ચૌહાણ	૧૫૩	૪૦	૬૦	૧૦૦
	પટાવાળા				
૧.	શ્રી. ચીમનલાલ કે. વાઘેલા	૧૧૩	૨૦	૪૦	૬૦
૨.	શ્રી. કાંતિલાલ પી. ડોડિયા	૧૧૩	૨૦	૪૦	૬૦
૩.	શ્રી. કાંતિલાલ ડી. વાઘેલા	૧૨૧	—	૪૦	૪૦
૪.	શ્રી. નાનજી ડી. વાઘેલા	૯૪	૨૦	૧૦૦	૧૨૦
૫.	શ્રી. રમણલાલ બી. વાલેન્દ્ર	૯૪	૨૦	૪૦	૬૦
૬.	શ્રી. કાલિદાસ સી. સોલંકી	૯૪	૨૦	૪૦	૬૦

૧	૨	૩	૪	૫	૬
	રહેવા તથા જાળવણીની વ્યવસ્થા માટે				
૧.	ડૉ. એચ. વી. સુથાર	—	—	૬૦૦	૬૦૦
૨.	શ્રી. પી. ડી. મિસ્ત્રી (એસ્ટેટ સુપરિન્ટેન્ડન્ટ)	૬૮૨	—	૩૦૦	૩૦૦
૩.	શ્રી. ડી. બી. સુતરિયા (બિલ્ડિંગ સુપરવાઈઝર)	૨૪૮ (અનમર્જ્ડ)	—	૧૫૦	૧૫૦
૪.	શ્રી. એન. પી. બારોટ (વર્કમેન)	૧૫૩	—	૭૫	૭૫
૫.	શ્રી. ડી. એન. વ્યાસ (વાયરમેન)	૨૧૨	—	૭૫	૭૫
૬.	શ્રી. જે. વી. સુથાર (સુથાર)	૨૧૯	—	૭૫	૭૫
૭.	ડૉ. સી. આર. ત્રિવેદી (આર. એમ. ઓ.)	૮૧૭	—	૨૫૦	૨૫૦
૮.	ડૉ. રમણભાઈ ભટ	૧,૦૫૦	—	૨૫૦	૨૫૦
૯.	શ્રી. ડી. એમ. પાટીલ	૧૫૩	—	૪૦	૪૦

નીચેની બાબતો નં. ૩૦થી ૩૮નો વિચારણા મોકૂફ રાખવામાં આવી.

૩૦. એકેડેમિક કાઉન્સિલે તેની તા. ૫/૬--૧--૧૯૭૨ની સભામાં બાબત ક્રમાંક ૮૬થી યુનિવર્સિટીનાં અનુસ્નાતક વિદ્યાભવનોની તંત્રરચના અંગેના હાલના સ્ટેચ્યૂટ ૨૦૨માં સુધારો સૂચવવા નીમેલી સમિતિના અહેવાલ ઉપર વિચારણા કરી એકેડેમિક કાઉન્સિલે તેની તા. ૨૭/૨૮--૬--૧૯૭૨ની સભામાં કરેલી નીચેની ભલામણો ઉપર વિચારણા કરવા બાબત :

"સદરહુ સમિતિના અહેવાલ પર લંબાણ ચર્ચાવિચારણાને અંતે ઠરાવવામાં આવ્યું કે સિન્ડિકેટને નીચે મુજબ ભલામણ કરવી :

(૧) અનુસ્નાતક ભવનોની હાલની વ્યવસ્થામાં નીચે પ્રમાણેનું સ્વાયત્તતાનું તત્ત્વ દાખલ કરવું :

(૨) સ્વાયત્તતા ત્રણ સ્તરે સ્થાપવી ઘટે :

(અ) યુનિવર્સિટી વહીવટી તંત્ર અને ભવનો વચ્ચે,

(બ) ભવન અને વિષય વિભાગ વચ્ચે, અને

(ક) વિષય વિભાગમાંના આંતર્ગત વ્યવહારમાં.

(૩) ભવનના અધ્યક્ષ ભવનમાં સમાવિષ્ટ વિષય વિભાગોના વડાઓની બનેલી સંયોજન સમિતિ સાથે ચર્ચાવિચારણા કરીને નિર્ણયો લે અને તેનો અમલ કરે. એ જ રીતે વિષય વિભાગના વડા એમના વિષયના બધા અધ્યાપકોની બનેલી સંયોજન સમિતિની સાથે ચર્ચાવિચારણા કરીને નિર્ણયો લે અને તેનો અમલ કરે.

(૩-અ) આ બન્ને પ્રકારની સલાહકાર સમિતિઓ વિદ્યાકીય વર્ષ દરમ્યાન ઓછામાં ઓછું દર મહિને એક વાર મળે.

(૫) યુનિવર્સિટીનાં જુદાં જુદાં અધિકાર મંડળોમાં અને ખાસ કરીને વિદ્યાકીય કાર્યક્રમોમાં દરેક વિષય વિભાગના પ્રોફેસર કે રીડરને સભ્યપદ મળવું જોઈએ.

વધુમાં વ્યાખ્યાતાઓનું પણ અમુક નિશ્ચિત પ્રમાણમાં પ્રતિનિધિત્વ આવાં મંડળોમાં હોવું ઘટે. અલબત્ત, યુનિવર્સિટીના કાનૂની માળખામાં જેટલું શક્ય હોય તેટલું જ પ્રતિનિધિત્વ આપી શકાય.

(૬) ગ્રંથાલય, કાર્યાલય ઈત્યાદિ બાકીનાં કાર્યો માટે અધ્યક્ષનું કામ સંયોજનનું રહે. વિદ્યાર્થીમંડળની પ્રવૃત્તિઓ માટે પણ ભવનના અધ્યક્ષને જ બધા વિષય વિભાગોના વિદ્યાર્થીઓનું બનેલું સમાન કાર્યક્ષેત્ર સુલભ થતું ઘટે.

(૭) વ્યાખ્યાતાની નિમણૂકમાં હાલ જે આખી સિન્ડિકેટની બનેલી સમિતિ ઈન્ટરવ્યૂ લે છે અને તે પછી તેની ભલામણ પરથી સિન્ડિકેટ નિમણૂક કરે છે તે પ્રથા રદ કરીને જ તે વિષયના વ્યાખ્યાતાની નિમણૂક માટેની પસંદગી સમિતિ નીચે પ્રમાણે રાખવી :

"દોઢાની ફૂટે કુલપતિશ્રી, જે તે ભવનના અધ્યક્ષ, વિષય વિભાગના વડા અને એ વિષયના એકેડેમિક કાઉન્સિલે ચૂંટેલા બહારના બે નિષ્ણાતો."

(૮) રિસર્ચ આસિસ્ટન્ટની નિમણૂક જે તે વિષયવિભાગના વડા અને તેમના સાથી પ્રોફેસરો, રીડરો, વ્યાખ્યાતાઓની કે તેઓમાંથી નિમાયેલી પસંદગી સમિતિ કરે, જ્યારે સંશોધનકાર્ય કોઈ એક નિયત અધ્યાપકના માર્ગદર્શન હેઠળ ચાલતું હોય ત્યારે એ સંશોધનકામમાં ઉપયોગમાં લેવા માટે રિસર્ચ આસિસ્ટન્ટની નિમણૂક બાબતમાં સદર અધ્યાપકની પસંદગી નિર્ણાયક ગણવી.

(૯) વિષય વિભાગનું અંદાજપત્ર તૈયાર કરવાનું કામ વિષય વિભાગના વડા એ વિષયની સંયોજન સમિતિની સલાહથી કરશે.

(૧૦) ભવનોને વધારે કાર્યક્ષમ બનાવવા તથા અનુસ્નાતક શિક્ષણ અને સંશોધનપ્રવૃત્તિને વધારે ઉપકારક બનાવવાના હેતુથી સ્વાયત્તતાનો ઉપર્યુક્ત જોગવાઈનો સૂચવવામાં આવી છે. પ્રત્યેક ભવનમાં અને પ્રત્યેક વિષય વિભાગમાં કેવળ અનુસ્નાતક વર્ગોના શિક્ષણ આગળ જ સંપર્કકાર્ય સમાપ્ત થવું ન ઘટે, પણ શિક્ષણ ઉપરાંત સંશોધન ઉપર ભાર મુકાવો ઘટે. પ્રત્યેક વિષય વિભાગના અધ્યાપકો અને રિસર્ચ આસિસ્ટન્ટોને મળીને સમસ્ત વિભાગે હાથ ધરવા જેવો કોઈ સંશોધન વિષય હાથ ધરે અને તે ઉપરાંત પોતાના વિષયની જે શાખામાં અધ્યાપકને વિશેષ રસ હોય તેમાં મુખ્યો એ વ્યક્તિગત સંશોધનકાર્ય હાથ ધરે. ખરેખર તો આ હેતુ સિદ્ધ કરવા માટે જ ભવનોની તંત્રરચનામાં વધુ સ્વાયત્તતા અને વધુ કાર્યક્ષમતા આણવાની ભલામણ કરેલી છે."

(**નોંધ.**- સમિતિની ભલામણ ક્રમાંક ૪ એકેડેમિક કાઉન્સિલે મોકૂફ રાખી છે.)

૩૧. એમ.ઈ. (સિવિલ) ફ્લ્યુઈડ મિકેનિકસનો નવો અભ્યાસક્રમ મંજૂર કરવા તથા તે માટેનો સંબંધકર્તા રેગ્યુલેશન સુધારી તેને જૂન ૧૯૭૨થી અમલમાં મૂકવા અંગે એકેડેમિક કાઉન્સિલની તા. ૨૬/૨૭-૮--૧૯૭૧ની સભાની ભલામણ ઉપર વિચારણા કરવા બાબત.

૩૨. પરિસંવાદો, અધિવેશનો અને પરિષદોમાં પ્રતિનિધિઓ મોકલવા માટે ચોક્કસ ધોરણો નક્કી કરવા માટે સિન્ડિકેટે તેની તા. ૫/૬--૨--૧૯૭૨ની સભામાં નીમેલ સમિતિની તા. ૨૧--૬--૧૯૭૨ની સભાની ભલામણો પરત્વે વિચારણા કરવા બાબત.

૩૩. સંલગ્ન કૉલેજોમાંથી છૂટા કરવામાં આવેલ શિક્ષકો અંગે સિન્ડિકેટના ઠરાવનું યથાર્થ પાલન નહિ કરનાર કૉલેજો અંગે વિચારણા કરી ભલામણ કરવા સિન્ડિકેટે તેની તા. ૫/૬--૮--૧૯૭૨ની સભામાં નીમેલી સમિતિની તા. ૨૭--૮--૧૯૭૨ની સભાની ભલામણ પર વિચારણા કરવા બાબત.

૩૪. એસ્ટેટ સલાહકાર સમિતિની તા. ૧૪--૭--૧૯૭૨ની સભાની ભલામણો પર વિચારણા કરવા બાબત.

૩૫. સુરત મુકામે તા. ૨૦--૨--૧૯૭૧ના રોજ મળેલી જોઈન્ટ બોર્ડ ઑફ વાઈસ-ચાન્સેલર્સની

સભાના ઠરાવને અનુલક્ષીને જુદી જુદી પરીક્ષાઓમાં ફીનું ધોરણ એકસરખું કરવાના પ્રશ્ન અંગે વિચારણા કરવા બાબત.

(**નોંધ.**— સિન્ડિકેટ નં. ૭૯, તા. ૭/૮--૮--૧૯૭૧ની સભામાં ઠરાવ્યું હતું કે સદર બાબત અંગે સૂચિત ફેરફારોની વિગતો સાથે આ બાબત ફરીથી સભાગૃહ સમક્ષ રજૂ કરવી.)

૩૬. **શાહ કે. એસ. આર્ટ્સ એન્ડ વી. એમ. પારેખ કૉમર્સ કૉલેજ, કપડવંજમાં જૂન ૧૯૭૩થી બી.એ.(ગૌણ)માં હિન્દી અને પર્શિયન વિષયનું શિક્ષણકાર્ય ઓ. ૧૨૦--એફને આધીન ક્રમશ: બંધ કરવા પરવાનગી આપવાની સદરહુ કૉલેજના આચાર્ય તરફથી આવેલ વિનંતી પર વિચારણા કરવા બાબત.**

૩૭. **સી. બી. પટેલ આર્ટ્સ કૉલેજ, નડિયાદને જૂન ૧૯૭૨થી બી.એ.(ગૌણ)માં સંસ્કૃત વિષયનું શિક્ષણકાર્ય બંધ કરવાની પરવાનગી આપવાની સદરહુ કૉલેજના આચાર્યશ્રીની વિનંતી પર વિચારણા કરવા બાબત.**

[**નોંધ.**—(૧) આચાર્યશ્રીના જણાવ્યા પ્રમાણે સંસ્કૃતના શિક્ષક શ્રી. એન. એમ. જોષી પાટણની આર્ટ્સ એન્ડ સાયન્સ કૉલેજમાં કાયમી નિમણૂક થઈ જોડાયા છે.

(૨) ૧૯૭૨--૭૩ના શૈક્ષણિક વર્ષમાં સંસ્કૃતના વિષયમાં એક પણ વિદ્યાર્થીએ પ્રવેશ લીધો નથી.]

૩૮. **ભવન્સ આર્ટ્સ એન્ડ સાયન્સ કૉલેજ, ડાકોર બી.એ.(મુખ્ય)માં સંસ્કૃત, બી.એ.(ગૌણ)માં રાજ્યનીતિશાસ્ત્ર અને મનોવિજ્ઞાન; તથા બી.એસસી.(જન.)માં વનસ્પતિવિજ્ઞાનના અભ્યાસક્રમોનું શિક્ષણકાર્ય આર્થિક તંગીને કારણે ઓ. ૧૨૦--એફ મુજબ ક્રમશ: બંધ કરવા માગે છે તો તેની પરવાનગી આપવા અંગે વિચારણા કરવા બાબત.**

૩૯. **ભારત સરકારના એપ્રેન્ટીસ એક્ટ, ૧૯૬૧ના સંદર્ભમાં યુનિવર્સિટી પ્રેસમાં તા. ૧--૮--૧૯૭૨થી નીચે મુજબ તાલીમી ઉમેદવારો (એપ્રેન્ટીસો) રાખવા અંગે તથા તે અંગેની શરતો ઘડવા અંગે શ્રી. પ્રેસ-વ્યવસ્થાપકના તા. ૧૨--૭--૧૯૭૨ના પ્રસ્તાવ અંગે વિચારણા કરવા બાબત :**

(૧) કંપોઝ વિભાગ : પાંચ તાલીમાર્થીઓ

(૨) મશીન વિભાગ : બે તાલીમાર્થીઓ

(૩) બાઇન્ડિંગ વિભાગ : એક તાલીમાર્થી.

આથી ઠરાવવામાં આવે છે કે શ્રી. પ્રેસ-મૅનેજરનો સદરહુ પ્રસ્તાવ મંજૂર કરવો.

(તાલીમી ઉમેદવારો રાખવા માટેની મંજૂર કરવામાં આવેલી શરતોની નકલ પરિશિષ્ટ "ક" તરીકે સામેલ છે.)

૪૦. **યુનિવર્સિટીની સિન્ડરટ્રેકની પાછળ પડતર ખુલ્લી જમીનનો રમતગમત માટે ઉપયોગ કરવા દેવા માટે નવગુજરાત કૉમર્સ કૉલેજના આચાર્ય તરફથી આવેલા પત્ર નં. ૨૨૧--૭૨--૭૩, તા. ૨૦--૬--૧૯૭૨ પરત્વે વિચારણા કરવા બાબત.**

સદરહુ બાબતની વિચારણા મોકૂફ રાખવામાં આવી.

૪૧. ઑર્ડિ. ૧૫૭ અન્વયે રચાયેલ સ્ટાફ જૉઇન્ટ કન્સલ્ટેટિવ કમિટી પર કર્મચારીઓને યુનિવર્સિટીના સરખું પ્રતિનિધિત્વ આપવા બાબતની માગણી કરતા ગુજરાત યુનિવર્સિટી કર્મચારી સંઘના મહામંત્રીશ્રીના પત્રાંક ૧૦૧, તા. ૨૫-૭-૧૯૭૨ના પત્ર ઉપર વિચારણા કરવા બાબત.

સદરહુ બાબતની વિચારણા મોકૂફ રાખવામાં આવી.

૪૨. માર્ચ-એપ્રિલ ૧૯૭૨માં લેવાયેલ ફર્સ્ટ બી.એ. પરીક્ષામાં બેઠેલ વિદ્યાર્થી નં. ૩૪૭૪ના સંસ્કૃત (ફરજિયાત) વિષયના આંતરિક ગુણ ૭ને બદલે ૧૧ ગણી તેનું પરિણામ સુધારવા અંગે એચ. કે. આર્ટ્સ કૉલેજના આચાર્યશ્રીના તા. ૧૪-૬-૧૯૭૨ તથા તા. ૫-૭-૧૯૭૨ના પત્રો પર વિચારણા કરવા બાબત.

સદરહુ બાબત અંગે કેટલીક ચર્ચાવિચારણાને અંતે ઠરાવવામાં આવ્યું કે સદરહુ કેસના વિશિષ્ટ સંજોગો જોતાં તે વિદ્યાર્થીના સંસ્કૃત (ફરજિયાત) વિષયના આંતરિક ગુણાંક ૭ ને બદલે ૧૧ અપવાદ તરીકે ગ્રાહ્ય રાખવા.

૪૩. નાટ્યવિદ્યાની પરિભાષા સમિતિના એક સભ્ય પ્રો. જસવંત ઠાકરે અંગ્રેજી-ગુજરાતી પારિભાષિક શબ્દોનાં જે કાર્ડ તૈયાર કર્યાં છે તે તેમને પાછાં આપવાની તેમની માગણી ઉપર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ પરિભાષા સમિતિના સભ્ય પ્રો. જશવંત ઠાકરે તૈયાર કરેલ પારિભાષિક શબ્દોનાં કાર્ડનો એક બીજો સેટ તૈયાર કરાવીને તે તેમને સુપરત કરવાનું રાખવું.

૪૪. અનુસ્નાતક નિયમ ૪૪ પ્રમાણે અનુ. કેન્દ્રોને રસાયણ કે દ્રવ્યોને માટે અપાતી આર્થિક સહાય અંગે કેન્દ્રોને હિસાબો તેમ જ વાઉચર્સ રજૂ કરવામાંથી મુક્તિ આપવા માટે ફિઝિકલ રિસર્ચ લેબોરેટરી, અમદાવાદના અધ્યક્ષશ્રીના તા. ૨૭-૩-૧૯૭૨ના પત્રથી આવેલી વિનંતી પર વિચારણા કરવા બાબત.

સદરહુ બાબતની વિચારણા મોકૂફ રાખવામાં આવી.

૪૫. સિન્ડિકેટે તેની તા. ૭/૮-૮-૧૯૭૨ની સભામાં એમ.એસસી., ભાગ ૧ના વધારાના ૪૦ વિદ્યાર્થીઓના અકાર્બનિક અને કાર્બનિક રસાયણના પ્રયોગોની વ્યવસ્થા માટે ગુજરાત કૉલેજને વિદ્યાર્થી દીઠ રૂ. ૨૦૦ લેખે આર્થિક સહાય (સબસિડી) આપવાનું ઠરાવ્યું છે તેના સંદર્ભમાં તેઓની પાસેથી વાઉચરો મોકલવામાંથી મુક્તિ આપવા માટેની ગુજરાત કૉલેજના આચાર્યશ્રીના તા. ૨૬-૭-૧૯૭૨ના પત્ર ઉપર વિચારણા કરવા બાબત.

(નોંધ.— આ વ્યવસ્થા ઑડ-હોક ધોરણે આ વર્ષે પાસ કરી હતી તથા ગુજરાત કૉલેજ સરકારી કૉલેજ હોવાથી પ્રી-સાયન્સથી માંડીને એમ.એસસી. સુધીની જરૂરિયાતના ઑર્ડરો સાથે ગયા હોવાથી તથા બિલો, વાઉચરો વગેરે પેમેન્ટ માટે ટ્રેઝરી ઑફિસમાં ગયાં હોવાથી યુનિવર્સિટી કાર્યાલયને આપી શકાય તેમ નથી.)

આથી ઠરાવવામાં આવે છે કે ગુજરાત કૉલેજમાં કાર્બનિક રસાયણવિજ્ઞાનના વિષયમાં અનુસ્નાતક શિક્ષણના પ્રાયોગિક કાર્ય માટે વિદ્યાર્થી દીઠ રૂ. ૨૦૦ લેખે આર્થિક સહાય આપવી, અને તે માટે તેની પાસેથી જુદાં વાઉચરો લેવાનો આગ્રહ રાખવો નહીં.

૪૬. રસાયણવિજ્ઞાનની અભ્યાસસમિતિની તા. ૮-૧૦-૧૯૭૧ની સભાની ભલામણ અન્વયે ઍકેડેમિક કાઉન્સિલની તા. ૬/૭-૪-૧૯૭૨ની સભાની નીચેની ભલામણ પર વિચારણા કરવા બાબત :

"As Physical Chemistry and Inorganic Chemistry are two different subjects,

post-graduate teachers qualified in one of them should not be henceforth permitted to teach the other. Those permitted to teach both may be requested to select one."

સદરહુ બાબતની વિચારણા મોકૂફ રાખવામાં આવી.

૪૭. ઑર્ડિ. ૧૨૯ના "પ્રોવિઝો"માં નીચેનો પેરો ઉમેરવા અંગે વિચારણા કરવા બાબત :

"Notwithstanding anything contained above, it shall be competent for the Vice-Chancellor in his discretion to condone the delay on the part of an affiliated college or recognised institution or a candidate in submitting the application forms or forms for admission to any of the University examinations if he is satisfied that there is sufficient reason to do so."

આથી ઠરાવવામાં આવે છે કે ઑર્ડિ. ૧૨૯માં નીચેનો પ્રોવિઝો ઉમેરવો તથા તે પ્રમાણે સુધારેલા ઑર્ડિ. ૧૨૯ને તા. ૧૫મી જૂન ૧૯૭૨થી અમલમાં મૂકવો :

"Notwithstanding anything contained above, it shall be competent for the Registrar, in his discretion, to condone the delay on the part of an affiliated college or recognised institution or a candidate in submitting the application forms or forms for admission to any of the University examinations if he is satisfied that there is sufficient reason to do so."

૪૮. ગુજરાત યુનિવર્સિટી ટીચર્સ એસોસિયેશનને માન્યતા આપવા અંગે તેના મંત્રીશ્રીના તા. ૧-૭-૧૯૭૨ના પત્ર ઉપર વિચારણા કરવા બાબત.

સદરહુ બાબતની વિચારણા મોકૂફ રાખવામાં આવી.

૪૯. મધ્યસ્થ યુવક કલ્યાણ સમિતિની તા. ૧૦-૮-૧૯૭૨ની નીચેની ભલામણો પર વિચારણા કરવા બાબત :

(ક) આ બાબત અંગે ચર્ચાવિચારણા થઈ તે દરમ્યાન દક્ષિણ વિભાગના અધ્યક્ષશ્રીએ યુનિવર્સિટીના આંતર-વિભાગીય યુવક મહોત્સવના યજમાન બનવાની પોતાની ઇચ્છા પ્રદર્શિત કરી અને બહારથી આવતી ટુકડીઓના જમવાની, રહેવાની તથા સ્ટેજ, લાઈટ, માઈક વગેરે અંગે જરૂરી સગવડ પોતે કરી શકશે એમ જણાવ્યું. તે પછી ઠરાવવામાં આવ્યું કે ચાલુ વર્ષે યુનિવર્સિટીનો યુવક મહોત્સવ તા. ૨૮, ૨૯ અને ૩૦ નવેંબર ૧૯૭૨ના રોજ ગોધરા ખાતે યોજવાનું રાખવા માટે સિન્ડિકેટને ભલામણ કરવી.

(ખ) વધુમાં ઠરાવવામાં આવે છે કે નીચેની બાબતોની હરીફાઈઓ યોજવા અને તેમાં ગુજરાતી અને અંગ્રેજી ચર્ચા ગયા વર્ષની માફક આ વર્ષે પણ ચાલુ રાખવા સિન્ડિકેટને ભલામણ કરવી :

૧. એકાંકી

૨. સમૂહનૃત્ય

૩. સમૂહગાન

૪. હળવું કંઠસંગીત
૫. શાસ્ત્રીય વાદ્યસંગીત
૬. શાસ્ત્રીય કંઠસંગીત
૭. એકપાત્રીય અભિનય
૮. શાસ્ત્રીય નૃત્ય
૯. ચર્ચા (ડિબેટ).

(ઘ) વધુમાં આંતર-વિભાગીય યુવક મહોત્સવ યોજવા માટે જરૂરી પેટાસમિતિઓ નીમવાની તથા જરૂરી સંખ્યાના બીજા સભ્યોને કો-ઑપ્ટ કરવાની સત્તા સાથે નીચેના સભ્યોની સંચાલન સમિતિ નીમવાની ભલામણ સિન્ડિકેટને કરવી :

૧. કુલપતિશ્રી
૨. ચારે વિભાગીય યુવક કલ્યાણ સમિતિના અધ્યક્ષશ્રી
૩. આચાર્ય વી. સી. પરીખ
૪. પ્રો. રાસબિહારી દેસાઈ
૫. પ્રો. એમ. એન. સથવાવાલા
૬. પ્રો. કુલીન પુરાણી
૭. પ્રો. મૃગાક્ષીબહેન શાહ
૮. વિદ્યાર્થી પ્રતિનિધિ દક્ષિણ વિભાગ યુવક કલ્યાણ સમિતિ
૯. વિદ્યાર્થી પ્રતિનિધિ એલિસબ્રિજ વિભાગ યુવક કલ્યાણ સમિતિ
૧૦. એલિસબ્રિજ વિભાગ યુવક કલ્યાણ સમિતિના મંત્રીશ્રી
૧૧. દક્ષિણ વિભાગ યુવક કલ્યાણ સમિતિના મંત્રીશ્રી
૧૨. બે કે ત્રણ અધ્યાપકો દક્ષિણ વિભાગ યુવક કલ્યાણ સમિતિના અધ્યક્ષશ્રી નક્કી કરે તેમને કો-ઑપ્ટ કરવા.

(ચ) વધુમાં આ સાથે જોડેલ પરિશિષ્ટ "૧" પ્રમાણેનો યુવક મહોત્સવ યોજવા માટેનો અંદાજી ખર્ચ મંજૂર કરીને તે પ્રમાણેનો ખર્ચ કરવાની સત્તા દક્ષિણ વિભાગના અધ્યક્ષશ્રીને અને યુવક કલ્યાણ સમિતિના મંત્રીશ્રીને આપવાનું મંજૂર કરવા તથા જરૂર જણાય તો કુલ ખર્ચની મર્યાદામાં રહીને જરૂર પ્રમાણેના ખર્ચની ફાળવણી એક મથાળેથી બીજા મથાળે કરવા માટેની અને બીજાં જરૂરી પગલાં લેવાની સત્તા કુલપતિશ્રીને આપવા માટે સિન્ડિકેટને ભલામણ કરવી.

(૩-ખ) વધુમાં ઠરાવવામાં આવે છે કે વિદ્યાર્થીઓ માટેનો યુવક-નેતા-તાલીમ શિબિર યોજવા માટે આ સાથે પરિશિષ્ટ "૨" તરીકે જોડવા પ્રમાણેનો અંદાજી ખર્ચ મંજૂર કરવાનું તથા તે પ્રમાણે ખર્ચ કરવાની સત્તા યુવક કલ્યાણ સમિતિના મંત્રીશ્રીને આપવાનું તથા આ અંગેનાં તમામ જરૂરી પગલાં લેવાની સત્તા કુલપતિશ્રીને આપવાનું મંજૂર કરવા સિન્ડિકેટને ભલામણ કરવી."

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ સમિતિની ઉપરની ભલામણો મંજૂર કરવી.

નીચેની બાબતો નં. ૫૦ થી ૬૯ની વિચારણા મોકૂફ રાખવામાં આવી :

૫૦. ફર્સ્ટ બી.એ. પરીક્ષા માટે મનોવિજ્ઞાનના વિષયમાં જૂન ૧૯૭૨થી નવો અભ્યાસક્રમ અમલમાં આવતાં જૂન ૧૯૭૨ અને તે પહેલાં લેવાયેલ પરીક્ષામાં મનોવિજ્ઞાન વિષયમાં જે વિદ્યાર્થીઓ નાપાસ થયા હોય અગર પરીક્ષામાં બેઠા ન હોય તેવા વિદ્યાર્થીઓની જૂના અભ્યાસક્રમ મુજબના પ્રશ્નપત્ર ૧—ઈન્ટ્રોડક્શન ટૂ જનરલ સાયકોલોજી અને પ્રશ્નપત્ર ૨—ઈન્ટ્રોડક્શન ટૂ સોશિયલ સાયકોલોજીના પ્રશ્નપત્રો મુજબની વધુ બે પરીક્ષાઓ એટલે કે રેગ્યુલર વિદ્યાર્થીઓ માટે એપ્રિલ ૧૯૭૩ અને એપ્રિલ ૧૯૭૪ સુધી અને એક્સ્ટર્નલ વિદ્યાર્થીઓ માટે ઓકટોબર ૧૯૭૩ અને ઓકટોબર ૧૯૭૪ સુધી લેવા અભ્યાસસમિતિના અધ્યક્ષશ્રીના મંતવ્ય પર વિચારણા કરવા બાબત.

(જૂન ૧૯૭૨થી પ્રશ્નપત્ર ૧—જનરલ સાયકોલોજી અને પ્રશ્નપત્ર ૨—ચાઈલ્ડ સાયકોલોજીનો અભ્યાસક્રમ અમલમાં આવેલ છે.)

૫૧. સિન્ડિકેટના સભ્યો તથા યુનિવર્સિટીના શિક્ષકોને પરીક્ષાનાં કેન્દ્રોની ઓચિંતી મુલાકાત માટે જવાનું થાય ત્યારે જો તેઓ પોતાની મોટર વાપરે કે ટેક્ષીમાં જાય તો તેઓને કયા દરે મુસાફરી ભથ્થું આપવું તે અંગે વિચારણા કરવા બાબત.

૫૨. એમ.એસસી. માઈક્રોબાયોલોજી વિષયની પ્રાયોગિક પરીક્ષાના દિવસો દરમ્યાન હાલ પ્રાયોગિક પરીક્ષાના પ્રેપરેશન અને ક્લીનિંગ માટે બે હમાલની નિમણૂક કરવાની જે જોગવાઈ છે તેમની પરીક્ષાના દિવસો દરમ્યાન પણ એકને બદલે બે હમાલની નિમણૂક કરવાના જે. એન્ડ જે. સાયન્સ કોલેજ, નડિયાદના આચાર્યશ્રીના સૂચન ઉપર વિચારણા કરવા બાબત.

(વિજ્ઞાન વિદ્યાશાખાના ડીનશ્રીએ એકને બદલે બે હમાલની નિમણૂક આવશ્યક હોવાનો અભિપ્રાય આપેલ છે.)

૫૩. શ્રી. પ્રફુલ્લચંદ્ર સી. શાહના નીચેના પ્રસ્તાવ ઉપર વિચારણા કરવા બાબત :

"આપણાં ગુજરાત યુનિવર્સિટીનાં ભવનો અંગે અવારનવાર ફરિયાદો થતી રહે છે. ઘણી વાર ઊહાપોહ પણ જાણવા મળે છે. વળી આ બાબતમાં સિન્ડિકેટમાં પણ અનેક વખત ચર્ચાઓ થઈ છે. એકેડેમિક કાઉન્સિલમાં પણ ચર્ચાઓ થયા કરે છે. ભવનો અંગેની ફરિયાદોમાં મુખ્યત્વે શિક્ષકોના કાર્યભાર, ભવનોમાં તેમની નિયમિત હાજરી, સંશોધનકાર્ય, શિક્ષણકાર્ય વગેરે અંગેની નિયમિતતાને અગ્રત્યની ગણાવી શકાય. ભવનો પાછળ આપણે પુષ્કળ પ્રમાણમાં ખર્ચ કરીએ છીએ. તેના બદલામાં સમાજને શું મળે છે તે જાણવા માટે આપણે સૌ ઉત્સુક હોઈએ એ સ્વાભાવિક છે. વળી આપણાં ભવનો સામાન્ય અનુસ્નાતક કેન્દ્રો તરીકે જ કાર્ય કરે છે તેવી આપણી સામાન્ય અપેક્ષા ન જ હોય. વળી ભવનોના શિક્ષકોને પૂરતી સવલત, સારા પગારો, નોકરીની સ્થિરતા વગેરેને લક્ષમાં લેતાં આ શિક્ષકો પાસે સમાજ કંઈક વિશેષ આશા રાખે છે. આટલી પૂર્વભૂમિકા રજૂ કર્યા પછી ઉપરોકત બાબતોમાં આપણાં ભવનોની સ્થિતિ, શિક્ષકોએ કરેલું સંશોધનકાર્ય, કાર્યભાર, નિયમિતતા વગેરે ચકાસવા માટે એક કાયમી તંત્ર અગર ઉચ્ચ કક્ષાની કાયમી સમિતિ નીમવી જોઈએ અને તે નીમીને ભવનો સુવ્યવસ્થિત કાર્ય કરે તે માટે જરૂરી રચનાત્મક અને શૈક્ષણિક સૂચનો કરવામાં આવે અને તેનો અમલ થાય તે જોવા મારી સિન્ડિકેટને આગ્રહભરી ભલામણ છે."

૫૪. શ્રી. સત્યેન્દ્ર કા. ઝવેરીના નીચેના પ્રસ્તાવ પર વિચારણા કરવા બાબત :

Ordinance 120–A :

"No management or college shall terminate the services of any teacher without the previous approval of the Syndicate of this University."

૫૫. શ્રી. કે. એસ. શાસ્ત્રીના નીચેના પ્રસ્તાવ ઉપર વિચારણા કરવા બાબત :

"જે અધ્યાપકો સંલગ્ન કૉલેજોમાં અધ્યાપનકાર્ય કરતા હોય અને કૉલેજ દ્વારા તેમની શિક્ષક તરીકેની માન્યતા માટે અરજી કરવામાં ન આવી હોય તો તેવા તમામ અધ્યાપકો જો તેઓ જરૂરી લાયકાત ધરાવતા હોય તો જ્યારથી અધ્યાપન કરતા હોય ત્યારથી તેમને જે તે પદ માટે લાયક ગણવા."

૫૬. શ્રી. એસ. બી. ચોરાનાં નીચેનાં સૂચનો પર વિચારણા કરવા બાબત :

(૧) યુનિવર્સિટીની જુદી જુદી પરીક્ષાઓમાં પેપર-સેટર્સનાં નામ છાનગી રાખવાને બદલે તે નામો તેમણે કાઢેલાં પેપર્સ પર છાપવામાં આવે.

(૨) યુનિવર્સિટીની જુદી જુદી પરીક્ષાઓમાં નિમાયેલા એકઝામિનર્સનાં નામ છાનગી રાખવાને બદલે તેમની યાદી યુનિવર્સિટીના તથા સંલગ્ન કૉલેજોના નોટિસબોર્ડ પર પ્રદર્શિત કરવામાં આવે.

[**નોંધ.**—૧. નં. (૧)માં જણાવેલ સૂચન સ્વીકાર્ય છે, પરંતુ જે વિષયમાં એક કરતાં વધારે પેપરો હોય ત્યાં દરેક પેપર પર આખી મંડળીનું નામ લખવું રહે તેમ કાર્યાલયનું સૂચન છે.

૨. નં. (૨)માં જણાવેલ સૂચનમાં યાદીઓ પરીક્ષા પૂરી થયા પછીથી છ માસે પ્રદર્શિત કરવામાં વાંધો નથી તેમ કાર્યાલયનું સૂચન છે.]

૫૭. શ્રી. ગિરીશભાઈ પટેલના નીચેના પ્રસ્તાવ પર વિચારણા કરવા બાબત :

"અર્વાચીન જગતમાં શૈક્ષણિક સંસ્થાઓ ધાર્મિક કે ધર્માદાની બીજી સંસ્થાઓ કરતાં સ્વરૂપે, કાર્ય અને ઉદ્દેશોમાં તદ્દન ભિન્ન પ્રકારની છે, અને સમાજમાં આગવું સ્થાન ધરાવે છે. સમાજની પ્રગતિ અને આબાદી શિક્ષણના ઉચ્ચ સિદ્ધાંતો અનુસાર ચાલતી શૈક્ષણિક સંસ્થાઓ ઉપર આધાર રાખે છે. આ હકીકતને ધ્યાનમાં રાખી ઉચ્ચ શિક્ષણ આપતી સંસ્થાઓ માટે સામાજિક જવાબદારી, સંસ્થાકીય સ્વાયત્તતા, શિક્ષકો અને વાલીઓની ભાગીદારીના સિદ્ધાંત ઉપર રચાયેલા અલગ એજ્યુકેશનલ ટ્રસ્ટ ઍક્ટ ઘડવા સિન્ડિકેટની આ સભા રાજ્ય સરકારને ભલામણ કરે છે."

૫૮. શ્રી. ગિરીશભાઈ પટેલના નીચેના પ્રસ્તાવ પર વિચારણા કરવા બાબત :

"ગુજરાત યુનિવર્સિટી ધારા, ૧૯૭૮, કલમ ૩૩ (૧) (બી) મુજબ દરેક કૉલેજ Regularly Constituted Governing Bodyના સંચાલિત હોવી આવશ્યક છે અને તે પ્રકારનો સંતોષ સિન્ડિકેટને આપવાનો હોય છે. આ ધારા હેઠળ Regularly Constituted Governing Body કોને કહેવાય

તે નક્કી કરવાની સત્તા સિન્ડિકેટ પાસે છે. તો સિન્ડિકેટની આ સભા દરેક કૉલેજને આદેશ આપે છે કે આવતા ત્રણ માસમાં તેમણે નીચે પ્રમાણે ગવર્નિંગ બોડીની રચના કરવી :

ટ્રસ્ટીઓ	...	૨
આચાર્ય	...	૧
શિક્ષકો	...	૨
વિદ્યાર્થી	...	૧
વાલીઓ	...	૨
ગુજરાત યુનિવર્સિટી પ્રતિનિધિ	...	૧
	કુલ	૯

૫૯. શ્રી. ગિરીશભાઈ પટેલના નીચેના પ્રસ્તાવ ઉપર વિચારણા કરવા બાબત :

"સિન્ડિકેટની આ સભા દરેક કૉલેજને આદેશ આપે છે કે આવતા ૬ મહિનામાં દરેક કૉલેજે અલગ ટ્રસ્ટ તરીકે પોતાની નોંધણી કરાવવી."

૬૦. શ્રી. ગિરીશભાઈ પટેલના નીચેના પ્રસ્તાવ ઉપર વિચારણા કરવા બાબત :

"સંલગ્ન કૉલેજોમાં શિક્ષણનું કાર્ય કરતા શિક્ષકોની નોકરીની સલામતી અને સ્થિરતા માટે અને તે અંગે યોગ્ય ધોરણો ઊભાં થાય તે માટે યુનિવર્સિટીએ તાત્કાલિક પગલાં ભરવાં જરૂરી છે અને તેથી નીચેનો ઑર્ડિનન્સ ઘડવા સિન્ડિકેટને ભલામણ છે :

No teacher (including the Principal of an affiliated college) working in any of affiliated colleges in Gujarat University shall be dismissed, discharged of reduced in rank without the approval of the Syndicate."

૬૧. શ્રી. ગિરીશભાઈ પટેલના નીચેના પ્રસ્તાવ પર વિચારણા કરવા બાબત :

"સંલગ્ન કૉલેજોમાં કાર્ય કરતા શિક્ષકોની નિમણૂકો તેમ જ તેમાં થતા ફેરફાર અંગેની માહિતી આપતા ઓ. ૯૬ અને ઓ. ૯૭ અંગે કૉલેજ શિક્ષકોનાં નામો વગેરે યુનિવર્સિટીને મોકલે તે ફૉર્મમાં લાગતાવળગતા શિક્ષકની સહી લેવી આવશ્યક ગણાવી જોઈએ અને તે અંગે યુનિવર્સિટી જે પગલાં લે તેની તે શિક્ષકને પણ જાણ કરવી જોઈએ."

૬૨. શ્રી. ગિરીશભાઈ પટેલના નીચેના પ્રસ્તાવ પર વિચારણા કરવા બાબત :

"સાયન્સ, આર્ટ્સ અને કૉમર્સ ફેકલ્ટીમાં ત્રણ વર્ષના અભ્યાસક્રમમાં વધારે પડતું Specialization લેવાને કારણે વિદ્યાર્થીઓને સ્નાતક કક્ષાએ નુકસાન થયું છે, અને તેથી કેમ્બ્રિજ કે ઑક્સફર્ડમાં Tripeની પદ્ધતિ છે તેના જેવી પદ્ધતિ અપનાવવા અંગે વિચારણા કરવી જરૂરી છે."

૬૩. શ્રી. ગિરીશભાઈ પટેલના નીચેના પ્રસ્તાવ પર વિચારણા કરવા બાબત :

"સંલગ્ન કૉલેજો-યુનિવર્સિટીમાં બધા જ માટે શિક્ષણ અને વિદ્યાનાં ધોરણો ગુણવત્તાની દૃષ્ટિએ ઊંચે આવે તે માટે કયાં ચોક્કસ, વ્યવહારુ અને તાત્કાલિક અમલમાં આવે એવાં પગલાં લેવાં તે

અંગે સમગ્ર વિચારણા કરવી જરૂરી છે અને તે અંગે તાત્કાલિક કમિટી નીમી એક મહિનામાં તેનો અહેવાલ મગાવવો."

૬૪. શ્રી. ગિરીશભાઈ પટેલના નીચેના પ્રસ્તાવ પર વિચારણા કરવા બાબત :

"યુ.જી.સી. તરફથી મળતી વિવિધ પ્રકારની ગ્રાન્ટોનો સત્વરે લાભ લેવાય તે આવશ્યક છે અને તે માટે મેચિંગ ગ્રાન્ટો, કૉલેજો ઊભી કરે તેવા પ્રયત્નો કરવા જોઈએ અને ગુજરાત સરકાર આવી મેચિંગ ગ્રાન્ટ લોન તરીકે કે કોઈ બીજી રીતે કૉલેજોને આપી શકે તે માટે એક Educational Finance Corporation જેવી સંસ્થા ઊભી કરે તે માટે ગુજરાત સરકાર સાથે તાત્કાલિક વાટાઘાટ કરવામાં આવે."

૬૫. શ્રી. ગિરીશભાઈ પટેલના નીચેના પ્રસ્તાવ પર વિચારણા કરવા બાબત :

"કેન્દ્રના તેમ જ રાજ્યના વિવિધ મજૂર અને ઔદ્યોગિક કાયદાઓ યુનિવર્સિટી, તેના કર્મચારીઓ અને કૉલેજો અને તેના કર્મચારીઓને લાગુ પાડવા માટે આ યુનિવર્સિટી કેન્દ્ર સરકાર તેમ જ રાજ્ય સરકારને ભલામણ કરે."

૬૬. શ્રી. ગિરીશભાઈ પટેલના નીચેના પ્રસ્તાવ પર વિચારણા કરવા બાબત :

"યુનિવર્સિટી સાથેની સંલગ્ન કૉલેજોના વહીવટ અંગે વિવિધ પ્રકારની ફરિયાદો અને કેટલીક કૉલેજોનાં સંચાલકમંડળોનાં વધતાં જતાં મનસ્વી કાર્યોને ધ્યાનમાં લેતાં સિન્ડિકેટે બધી જ કૉલેજોની સર્વાંગી તપાસ કરાવવી જોઈએ અથવા ગુજરાત યુનિવર્સિટી ઍક્ટ હેઠળ ચાન્સેલરને તપાસ કરવા વિનંતી કરવી જોઈએ."

૬૭. શ્રી. ગિરીશભાઈ પટેલના નીચેના પ્રસ્તાવ પર વિચારણા કરવા બાબત :

'યુનિવર્સિટી સાથે જોડાયેલી સંલગ્ન કૉલેજોની તપાસ માટે યુનિવર્સિટીએ તાત્કાલિક એટલે કે એક મહિનામાં ઇન્સ્પેકશન યુનિટ ઊભું કરવું જોઈએ અને તે માટે જરૂરી કાર્યવાહી તરત જ શરૂ કરવી."

૬૮. શ્રી. ગિરીશભાઈ પટેલ તરફથી આવેલ નીચેના પ્રસ્તાવ ઉપર વિચારણા કરવા બાબત :

"કૉલેજોમાં આપવામાં આવતી વેકેશનની રજાઓ આનંદ કરવા માટે છે પરંતુ વિવિધ અભ્યાસ કરવા માટે છે; તો દરેક વિષયનો થોડો ભાગ એવો રાખવો જોઈએ કે જેની તૈયારી વેકેશન દરમિયાન થાય અને કૉલેજ ઊઘડતાં તેની પરીક્ષા લેવી જરૂરી ગણાવી જોઈએ."

૬૯. શ્રી. ગિરીશભાઈ પટેલ તરફથી આવેલ નીચેના પ્રસ્તાવ ઉપર વિચારણા કરવા બાબત :

"કોઈ પણ કૉલેજે કોઈ વર્ષમાં વિશિષ્ટ પ્રયોગ કે સિદ્ધિ પ્રાપ્ત કરી હોય તો તેની યોગ્ય કદર કરવી તેમ જ બીજી કૉલેજોને તેમાંથી પ્રેરણા મળે તેવી રીતે કોઈ વ્યવસ્થા ઊભી કરવી જરૂરી છે."

૭૦. સેનેટની તા. ૨૪/૨૫/૨૬-૩-૧૯૭૨ની સભામાં અંદાજપત્ર પરત્વે નીચેનો પ્રસ્તાવ મંજૂર થયેલ હોઈ સદરહુ ઠરાવ પર આગળ ઘટતાં પગલાં લેવા અંગે વિચારણા કરવા બાબત :

'માર્ચ, ૧૯૭૧ની યુનિવર્સિટી સેનેટની સભાએ સર્વાનુમતે ઠરાવ કરીને સિન્ડિકેટને વિનંતી

કર્યા છતાં, યુનિવર્સિટી પ્રેસના કર્મચારીઓનું સાઈકલ ભથ્થું તેમના મૂળ પગારમાં ભેળવવા બાબતમાં યુનિવર્સિટીના અન્ય કર્મચારીઓ કરતાં ભિન્ન (કેવળ નોશનલી) વ્યવહાર દાખવવામાં આવ્યો છે તેને આ સભા ઉચિત ગણતી નથી. તો યુનિવર્સિટીના અન્ય કર્મચારીઓની બાબતમાં બન્યું છે તેમ યુનિવર્સિટી પ્રેસના કર્મચારીઓનું સાઈકલ ભથ્થું પણ તા. ૧-૭-૧૯૬૮થી ભેળવીને તેમ જ તેનો વાસ્તવિક (નોશનલી નહિ) અમલ કરીને સેનેટે એકી અવાજે પસાર કરેલા ઠરાવની ભાવનાને મૂર્ત કરવા અને એ રીતે સેનેટના સર્વાનુમતે ઠરાવનું યથાતથ પરિપાલન કરી ગૌરવ જાળવવા સેનેટની આ સભા સિન્ડિકેટને ફરી વાર વિનંતી અને અનુરોધ કરે છે. આના સંદર્ભમાં યુનિવર્સિટીના અંદાજપત્રના પૃષ્ઠ ૩ ઉપર ખર્ચના મથાળા નં. ૧૬. યુનિવર્સિટી મુદ્રણાલયનો ૧૯૭૧-૭૨નો પુનર્નિર્મિત અંદાજ રૂ. ૪,૯૯,૫૦૦ સુધારીને પ્રતીક તરીકે તેમાં રૂ. ૧,૦૦૦ (એક હજાર) વધુ ખર્ચની જોગવાઈ કરવા સિન્ડિકેટને વિનંતી કરે છે."

આથી ઠરાવવામાં આવે છે કે સેનેટનો સદરહુ ઠરાવ સ્ટાફ અંગેની સ્થાયી સમિતિની વિચારણા માટે મોકલવો અને સેનેટને તેની જાણ કરવી.

૭૧. સેનેટની તા. ૨૪/૨૫/૨૬--૩--૧૯૭૨ની સભામાં અંદાજપત્ર પરત્વે નીચેનો પ્રસ્તાવ મંજૂર થયેલ હોઈ સદરહુ ઠરાવ ઉપર આગળ ઘટતાં પગલાં લેવા અંગે વિચારણા કરવા બાબત :

"યુનિવર્સિટી પ્રેસમાં કરવામાં આવતાં કામોના બિલના દર બજારભાવ કરતાં નીચા હોવાને કારણે પ્રેસનું બજેટ ખાધવાળું બને છે, તેથી પ્રેસનાં કામોનાં બિલો ગુજરાત રાજ્યનાં સરકારી પ્રેસોના ધોરણે બનાવવાની પ્રથા અપનાવીને 'નહિ નફો—નહિ નુકસાન'નું ધોરણ આગામી નાણાકીય વર્ષથી એટલે કે તા. ૧--૪--૧૯૭૨થી રાખવા સેનેટની આ સભા સિન્ડિકેટને વિનંતી કરે છે. આના સંદર્ભમાં સને ૧૯૭૨-૭૩ના અંદાજપત્રના પૃ. ૨ ઉપર મથાળા નં. ૧૧માં મુદ્રણાલયની આવક રૂ. ૪,૦૩,૦૦૦ અંદાજી છે તેમાં પ્રતીક તરીકે રૂ. ૧,૦૦૦ની વધુ આવક બતાવવી એમ સિન્ડિકેટને વિનંતી છે."

આથી ઠરાવવામાં આવે છે કે સેનેટનો સદરહુ ઠરાવ સિન્ડિકેટે તેની તા. ૧૩/૧૬-૧૦-૧૯૭૧ની સભામાં બાબત નં. ૯૬થી નીમેલી યુનિવર્સિટી પ્રેસ અંગેની સમિતિની વિચારણા માટે મોકલવો, અને સેનેટને તેની જાણ કરવી.

૭૨. સેનેટની તા. ૨૪/૨૫/૨૬-૩-૧૯૭૨ની સભામાં અંદાજપત્ર પરત્વે નીચેનો પ્રસ્તાવ મંજૂર થયેલ હોઈ સદરહુ ઠરાવ ઉપર આગળ ઘટતાં પગલાં લેવા અંગે વિચારણા કરવા બાબત :

"યુનિવર્સિટી પ્રેસની સ્થાપના થયાને વર્ષો થયાં છતાં યુનિવર્સિટી પ્રેસના કર્મચારીઓનાં રહેઠાણો માટે યુનિવર્સિટી તરફથી હજુ સુધી કોઈ જોગવાઈ થઈ નથી તેની નોંધ લઈને, પ્રેસ-કર્મચારીઓ માટે રહેઠાણોની વ્યવસ્થા કરવાની બાબતનો યુનિવર્સિટીએ આ અગાઉ સૈદ્ધાંતિક સ્વીકાર કર્યો છે તેને ધ્યાનમાં લઈને, યુનિવર્સિટીની સેનેટની આ સભા યુનિવર્સિટીના સને ૧૯૭૨-૭૩ના અંદાજપત્રના પૃષ્ઠ ૨૩ ઉપર મથાળા નં. ૨૩ અને ૨૪(કર્મચારીવર્ગનાં મકાનો—"સી" અને "ડી" ટાઈપ)માં કુલ રૂ. ૧,૦૦,૦૦૦ (એક લાખ)ની સૂચિત જોગવાઈ છે તેમાંથી રૂ. ૨૫,૦૦૦ અલગ ફાળવીને અને વધારાના રૂ. ૨૫,૦૦૦ ઉમેરીને એમ કુલ રૂ. ૧૩,૦૦૦ની રકમ યુનિવર્સિટી પ્રેસના કર્મચારીઓનાં રહેઠાણો માટે વાપરવાની જોગવાઈ કરવા સિન્ડિકેટને વિનંતી કરે છે."

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ ઠરાવનો સૈદ્ધાંતિક સ્વીકાર કરવો, પરંતુ તેનો હાલ તુરત અમલ કરવાનું શક્ય નથી એમ સેનેટને જાણ કરવી.

નીચેની બાબતો નં. ૭૩થી ૭૬ની વિચારણા મોકૂફ રાખવામાં આવી :

૭૩. તા. ૨૯/૩૦–૯–૧૯૭૧ તથા તા. ૮–૧–૧૯૭૨ના રોજ મળેલ સેનેટની વિશેષ સભામાં પસાર થયેલ નીચેના ઠરાવ પર આગળ ઘટતાં પગલાં લેવા અંગે વિચારણા કરવા બાબત :

" પ્રાધ્યાપકોને પોતાના વિષયનાં પુસ્તકો ખરીદવા અંગે મૅચિંગ ગ્રાન્ટ આપવા અંગેની નીતિ ઘડી કાઢવા માટે સંબંધકર્તા સત્તામંડળને આ સભા વિનંતી કરે છે."

૭૪. તા. ૨૯/૩૦–૯–૧૯૭૧ તથા તા. ૮–૧–૧૯૭૨ના રોજ મળેલ સેનેટની વિશેષ સભામાં મંજૂર થયેલા નીચેના ઠરાવ પર આગળ ઘટતાં પગલાં લેવા અંગે વિચારણા કરવા બાબત :

" ગુજરાત રાજ્યના ફેક્ટરી ઍક્ટ અન્વયે યુનિવર્સિટી પ્રેસના જે જે હંગામી કર્મચારીઓ ભારત સરકારના ઍક્ટ હેઠળ પ્રોવિડંટ ફંડનો લાભ મેળવવા પાત્ર થતા હોય તેમને યુનિવર્સિટી પ્રેસના કાયમી કર્મચારીઓને મળતા કેઝ્યુઅલ રજા, માંદગીની રજા, તહેવારોની રજા ઈત્યાદિ લાભો આપીને પ્રેસના કર્મચારીઓની બાબતમાં લાલ પ્રવર્તતાં બેવડાં ધોરણો નાબૂદ કરવા સેનેટની આ સભા સિન્ડિકેટને વિનંતી કરે છે. "

૭૫. તા. ૨૯/૩૦–૯–૧૯૭૧ તથા તા. ૮–૧–૧૯૭૨ના રોજ મળેલ સેનેટની વિશેષ સભામાં મંજૂર થયેલ નીચેના ઠરાવ પરત્વે આગળ ઘટતાં પગલાં લેવા અંગે વિચારણા કરવા બાબત :

" ગુજરાત રાજ્યના ફેક્ટરી ઍક્ટ અન્વયે યુનિવર્સિટી પ્રેસના જે કર્મચારીઓની પ્રોવિડંટ ફંડની કપાત થતી હોય તેવા યુનિવર્સિટી પ્રેસના હંગામી કર્મચારીઓને જે તે જગ્યા પર પ્રોવિડંટ ફંડ કપાતની શરૂઆત તારીખથી યુનિવર્સિટી પ્રેસનાં ધારાધોરણ અનુસાર કાયમ કરવા સેનેટની આ સભા સિન્ડિકેટને વિનંતી કરે છે. "

૭૬. તા. ૨૯/૩૦–૯–૧૯૭૧ તથા તા. ૮–૧–૧૯૭૨ના રોજ મળેલ સેનેટની વિશેષ સભામાં પસાર થયેલા નીચેના ઠરાવ પરત્વે આગળ ઘટતાં પગલાં લેવા અંગે વિચારણા કરવા બાબત :

" કૉલેજોમાં ટ્યુટોરિયલ પ્રથા દાખલ કરી છે ત્યારથી આજ દિન સુધીમાં ટ્યુટોરિયલ વર્ગોમાં શું કરવું તે અંગે યુનિવર્સિટીએ કૉલેજોને કોઈ નક્કર માર્ગદર્શન આપ્યું નથી અને કદાચ તેને કારણે જ આ એક સુંદર પ્રયોગ નિષ્ફળ પુરવાર થવાની દિશામાં છે, તો હજી પણ તેમાં મોડું થાય તે પહેલાં યુનિવર્સિટીની દરેક ફેકલ્ટીએ બેથી ત્રણ દિવસનો સેમિનાર યોજીને ટ્યુટોરિયલ કાર્યનું એક સામાન્ય માળખું ઘડી કાઢી વિષયના બોર્ડને મોકલી આપે, અને વિષયનું બોર્ડ તે સામાન્ય માળખાને લક્ષમાં રાખીને, છતાં પોતાના વિષયની જરૂરિયાતોને ઉમેરીને, દરેક વિષયનો ટ્યુટોરિયલ કાર્યનો એક આખરી નકશો તૈયાર કરે તે માટે યુનિવર્સિટી સક્રિય બને તેવો આ સભા યુનિવર્સિટીને ભલામણ કરે છે. "

૭૭. ગુજરાત યુનિવર્સિટીની એમ.ડી.(મેડિસિન)ની પદવી પરીક્ષામાં પ્રથમ પ્રયત્ને ઉત્તીર્ણ થનાર વિદ્યાર્થીને પ્રતિવર્ષ " સ્વ. ડૉ. જી. બી. માંકડ સુવર્ણચંદ્રક " એનાયત કરવા માટે શ્રી. જે. જી. માંકડ તરફથી રૂ. ૭,૫૦૦ ના પ્રદાન અંગે તેમના તા. ૨૫–૮–૧૯૭૨ના પત્ર પર વિચારણા કરવા બાબત.

(**નોંધ.**—સદરહુ દાતાએ રૂ. ૭,૫૦૦ નું પ્રદાન મોકલી આપેલ છે.)

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ પ્રદાનનો સાભાર સ્વીકાર કરવો અને "સ્વ. ડૉ. જી. બી. માંકડ સુવર્ણચંદ્રક" અંગેના નિયમો ઘડીને રજૂ કરવા માટે કાર્યાલયને જણાવવું.

૭૮. સિન્ડિકેટે તેની તા. ૬--૫--૧૯૭૨ની સભામાં મૅનેજમેન્ટના અભ્યાસક્રમો તૈયાર કરવા માટે નીમેલી સમિતિ ઉપર (૧) પ્રિ. ડૉ. એચ. વેલવન અને (૨) પ્રો. પી. આર. શાહને નીમવા સેનેટ-સભ્ય શ્રી. એસ. બી. વોરા તરફથી આવેલ સૂચન પર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ સમિતિ પર નીચેની વ્યક્તિઓની વધારાના સભ્યો તરીકે નિમણૂક કરવી:

(૧) આચાર્ય ડી. એચ. વેલવન

(૨) પ્રો. સેમ્યુલ પોલ

(૩) ડૉ. ભરત દલાલ.

૭૯. સપ્ટેંબર ૧૯૭૨ના છેલ્લા સપ્તાહ દરમિયાન જમશેદપુર મુકામે મળનાર Underground Corrosion Survey ની સભામાં હાજરી આપવા માટે યુનિવર્સિટીના પ્રતિનિધિ મોકલવા અંગે વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ સભામાં આ યુનિવર્સિટીના પ્રતિનિધિ તરીકે ડૉ. જે. ડી. તલાટીને મોકલવા.

૮૦. ઑગસ્ટ ૧૧થી ૧૩, ૧૯૭૩ના સમય દરમિયાન "ધી ઍસોસિયેશન ઑફ કૉમનવેલ્થ યુનિવર્સિટીઝ"ની અગિયારમી પંચવાર્ષિક કૉંગ્રેસ, એડિનબરો મુકામે યોજનાર છે તેમાં યુનિવર્સિટીના નિરીક્ષક (Observer) મોકલવા અંગે ઍસોસિયેશનના સામાન્ય મંત્રીશ્રીના તા. ૮--૮--૧૯૭૨ના પત્ર પર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે "ધી ઍસોસિયેશન ઑફ કૉમનવેલ્થ યુનિવર્સિટીઝ"ની આગામી કૉંગ્રેસમાં આ યુનિવર્સિટી તરફથી નિરીક્ષક તરીકે કુલસચિવ શ્રી. કંચનલાલ ચં. પરીખને મોકલવા, તથા તે અંગેના હવાઈ પ્રવાસનો ખર્ચ મંજૂર કરવો.

વધુમાં ઠરાવવામાં આવે છે કે સદરહુ ઍસોસિયેશનની આગામી કૉંગ્રેસમાં નિરીક્ષક તરીકે શ્રી. પરીખ જઈ શકે તેમ ન હોય તો, અગર તો બીજા નિરીક્ષક તરીકે કોઈને મોકલી શકાય તેમ હોય તો, આચાર્ય એમ. સી. શાહને આ યુનિવર્સિટી તરફથી મોકલવા, પરંતુ તેમને આ યુનિવર્સિટી તરફથી આ અંગેના ખર્ચ માટે કશી આર્થિક સહાય આપી શકાશે નહીં તેમ સ્પષ્ટતા કરવી.

૮૧. સિન્ડિકેટે નીમેલી સ્ટાફ અંગેની સ્થાયી સમિતિની તા. ૨૬--૮--૧૯૭૨ના રોજ મળેલ સભાની ભલામણો ઉપર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ સમિતિની તા. ૨૬—૮—૧૯૭૨ની સભાની નીચેની ભલામણો મંજૂર કરવી :

ભલામણ ક્રમાંક ૨, ૧૫, ૧૮ અને ૧૯.

(મંજૂર કરવામાં આવેલી સદરહુ સમિતિની નોંધ પરિશિષ્ટ " ખ " તરીકે સામેલ છે.)

૮૨. બાંધકામ સમિતિની તા. ૨૫--૮--૧૯૭૨ની સભાની ભલામણો પર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ સમિતિની તા. ૨૫–૮–૧૯૭૨ની સભાની ભલામણો મંજૂર કરવી.

(સદરહુ સમિતિની તા. ૨૫—૮—૧૯૭૨ની સભાની નોંધ પરિશિષ્ટ " ગ " તરીકે સામેલ છે.)

૮૩. સિન્ડિકેટની તા. ૮/૯--૨--૧૯૬૯ની સભાના ઠરાવથી ગુજરાત યુનિવર્સિટીના સેન્ટ્રલ કન્ઝ્યુમર્સ સ્ટોરને નીચે મુજબનું ફર્નિચર ૬૭ માસ માટે કામચલાઉ ધોરણે વાપરવા આપવામાં આવ્યું હતું તે ફર્નિચર હજુ વધુ સમય માટે આપવા અંગે વિચારણા કરવા બાબત :

૧૫	નંગ	ઑફિસ ચૅર
૨	નંગ	ટેબલ ૪'--૨'--૨½' નાં
૧	નંગ	કમિટી ટેબલ
૧	નંગ	ઘડિયાળ
૫	નંગ	સીલિંગ ફેન
૨	નંગ	ટાઇપરાઇટર

સદરહુ બાબતની વિચારણા મોકૂફ રાખવામાં આવી.

૮૪. " યુનિવર્સિટી ગ્રંથાલયના મરામત અને ખાસ ફેરફારો ખાતે " બજેટમાં રૂ. ૧૨,૦૦૦ની વધારાની જોગવાઈ કરવા અંગે વિચારણા કરવા બાબત.

(નોંધ. — ગયા વર્ષે જે જોગવાઈ કરેલી હતી તે વપરાઈ શકી ન હોવાથી ચાલુ વર્ષે આ જોગવાઈ કરવાની રહેશે.

ચાલુ વર્ષના અંદાજપત્રમાં રૂ. ૨,૦૦૦ની જોગવાઈ "મરામત અને ખાસ ફેરફારો" ખાતે છે. આથી કુલ જોગવાઈ રૂ. ૧૪,૦૦૦ થશે.)

આથી ઠરાવવામાં આવે છે કે " યુનિવર્સિટી ગ્રંથાલયના મરામત અને ખાસ ફેરફારો " ખાતે ચાલુ વર્ષના અંદાજપત્રમાં રૂ. ૧૨,૦૦૦ના ખર્ચની વધારાની જોગવાઈ મંજૂર કરવી.

૮૫. ગુજરાત કૉલેજ, અમદાવાદમાં સ્થાપવામાં આવેલા ઉર્દૂ વિષયના અનુસ્નાતક કેન્દ્રના પ્રોફેસર-ઇન-ચાર્જની નિમણૂક કરવા અંગે વિચારણા કરવા બાબત :

[**નોંધ.** — (૧) તે કૉલેજમાંથી ઉર્દૂ વિષયમાં માન્યતા ધરાવતા એવા શિક્ષકો નીચે મુજબ છે :

	માન્યતાની તારીખ
૧. પ્રો. કુરેશી એ. એન.	૧૯૫૯થી મદદનીશ, તે પહેલાં ૧૯૫૬થી મદદનીશ શિક્ષક હતા અને તા. ૨૪–૭–૧૯૬૭થી માન્ય અનુસ્નાતક શિક્ષક તરીકેની માન્યતા આપી. બી.એ. (III) Persian and Urdu, M.A. (II) Persian and Urdu and Ph.D. in Persian.
૨. શ્રીમતી યુરેઝી એસ. એમ.	શિક્ષક તરીકે તા. ૨–૮–૧૯૬૯થી માન્યતા આપી. B.A. (I) Urdu and Persian M.A. (I) Urdu and Persian

(૨) કૉલેજના આચાર્યશ્રી આ કેન્દ્રના પ્રોફેસર-ઇન-ચાર્જ માટે શ્રીમતી ઉરેઝીની ભલામણ કરે છે.]

આથી ઠરાવવામાં આવે છે કે અનુસ્નાતક કેન્દ્રના પ્રોફેસર-ઇન-ચાર્જ તરીકે શ્રીમતી યુરેઝી એસ. એમ.ની નિમણૂક કરવી.

૮૬. ૧૯૭૨-૭૩ના વર્ષની ઓ. ૯૬ની માહિતી જે કૉલેજો તરફથી મોડી આવી છે અને જે કૉલેજો તરફથી માહિતી આવી જ નથી તે અંગે વિચારણા કરવા બાબત :

(**નોંધ.** — સદરહુ માહિતી ૩૧મી જુલાઈ સુધીમાં આવવી જોઈએ.)

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ કૉલેજોના આચાર્યોને ચેતવણી આપીને જણાવવું કે ભવિષ્યમાં યુનિવર્સિટી તરફથી મગાવવામાં આવતી માહિતી વેળાસર મોકલી આપવાનું રાખવું.

૮૭. વિજ્ઞાન વિદ્યાભવનમાં આંકડાશાસ્ત્રના રીડર તરીકે કામ કરતા ડૉ. કે. આર. થાડ તા. ૧૯–૮–૧૯૭૨ના રોજથી રાજીનામું આપી છૂટા થતાં તેઓ પરદેશ જવાના હોઈ તેઓના ખાતે નીકળતી પ્રોવિડન્ટ ફંડ અંગેની રકમની ચુકવણી કર્યાના કુલપતિશ્રીના કાર્યની નોંધ લેવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે કુલપતિશ્રીના સદરહુ કાર્યની નોંધ લેવી.

૮૮. ગુજરાત યુનિવર્સિટીના વિજ્ઞાન વિદ્યાભવનના વનસ્પતિ વિભાગમાં તાજેતરમાં રીડર તરીકે જોડાયેલા ડૉ. એમ. એમ. લાલોરિયાની C.S.I.R., New Delhiની સંશોધન યોજના "Metabolism of Oxaloacetate in Coleus aromaticus જે અલ્હાબાદ યુનિવર્સિટીમાંથી આ યુનિવર્સિટીમાં ટ્રાન્સફર કરવા અંગે C.S.I.R., New Delhiએ તેમના પત્રાંક ૩૮-(૧૦૯)–૭૨ જી.એયુ-૩, તા. ૨૫–૭–૧૯૭૨થી મંજૂરી આપી તેની નોંધ લેવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બાબતની નોંધ લેવી.

૮૯. સદરહુ બાબતની વિચારણા આગળ બાબત નં. ૧૬ સાથે કરવામાં આવેલી હોઈ તેની નોંધ તે ક્રમમાં દર્શાવવામાં આવી છે.

૯૦. યુનિવર્સિટી કાર્યાલયમાં ડેપ્યુટી એકાઉન્ટન્ટ (ઑડિટ) તરીકે કામ કરતા શ્રી. વી. વી. શાહને સ્ટે. ૧૮૮ (૨) હેઠળ મકાન માટે રૂ. ૮,૫૮૦ ની લોન આપવા અંગે તેઓની તા. ૧૮--૮--૧૯૭૨ની અરજી ઉપર વિચારણા કરવા બાબત.

[**નોંધ.** — (૧) તેઓના પ્રૉવિડન્ટ ફંડ ખાતે તા. ૩૧—૩—૧૯૭૨ના રોજ રૂ. ૮,૧૯૬—૭૯ જમા છે અને તે પર તેમની પ્રૉવિડન્ટ ફંડની લોનના રૂ. ૩,૭૮૦ તથા તે પર જે વ્યાજ થાય તે કપાત કરવાની રહેશે.

(૨) તેઓને તા. ૨૪—૧૦-૧૯૭૨ના રોજ ૧૨ વર્ષ પૂરાં થાય છે.]

આથી ઠરાવવામાં આવે છે કે શ્રી. વી. વી. શાહને તેમના પ્રૉવિડન્ટ ફંડના ખાતામાંથી રૂ. ૧૧,૧૮૦ની લોન યુનિવર્સિટીનાં ધારાધોરણ અનુસાર મંજૂર કરવી.

૯૧. ભાષા-સાહિત્ય ભવનનાં સંસ્કૃતનાં રીડર ડૉ. ઈ. એ. સોલોમનને યુનિવર્સિટી ગ્રંથ નિર્માણ બોર્ડ તરફથી "સર્વદર્શનસંગ્રહ"નો ગુજરાતી અનુવાદ, વિસ્તૃત પ્રસ્તાવના વગેરે તૈયાર કરવાની કામગીરી તથા તે અંગેનો પુરસ્કાર સ્વીકારવા અંગેની પરવાનગી માગતા તેમના તા. ૧૬-૮-૧૯૭૨ના પત્ર ઉપર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે ડૉ. ઈ. એ. સોલોમનને સદરહુ કામગીરી તથા તે અંગેનો પુરસ્કાર સ્વીકારવા માટે પરવાનગી આપવી.

૯૨. મનોવિજ્ઞાન વિદ્યાભવનમાં પ્રોફેસર ઑફ સાયકોલોજીની ખાલી પડેલી જગ્યા માટે ચાર વાર જાહેરખબર આપ્યા છતાં તે જગ્યા પૂરી શકાઈ નથી તેથી તે પ્રશ્ન પરત્વે વિચારણા કરવા બાબત.

સદરહુ બાબતની વિચારણા મોકૂફ રાખવામાં આવી.

૯૩. માર્ચ--એપ્રિલ ૧૯૭૨માં લેવાયેલ આ યુનિવર્સિટીની જુદી જુદી પરીક્ષાઓમાં પ્રાક્ટિકલ-પરીક્ષકો તેમ જ નિરીક્ષકોના હસ્તક થયેલ ભૂલો અંગેના કેસો પર તેમ જ વિદ્યાર્થીઓએ અજમાવેલ ગેરવાજબી ઈલાજો અંગેના કેસો પર વિચારણા કરવા તા. ૨૩-૮-૧૯૭૨ના રોજ મળેલ પરીક્ષાશુદ્ધિ સમિતિની બારમી સભાની ભલામણો પર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ સમિતિની તા. ૨૩-૮-૧૯૭૨ની સભાની ભલામણો મંજૂર કરવી.

(મંજૂર કરવામાં આવેલી ભલામણોની નોંધ સામેલ કરવામાં આવી નથી.)

૯૪. સંલગ્ન કૉલેજો તરફથી જૂન ૧૯૭૨થી ચાલુ વધારાના જોડાણ માટે આવેલ જોડાણઅરજી પૈકી જે કૉલેજોએ હજુ સુધી સેનેટે મૂકેલી શરતોનું યથાર્થ પરિપાલન કર્યું નથી તે અંગે વિચારણા કરવા બાબત.

(**નોંધ.** — શરતોનું પરિપાલન તા. ૧૧—૧—૧૯૭૨ સુધીમાં કરવાનું હતું.)

સદરહુ બાબતની વિચારણા મોકૂફ રાખવામાં આવી.

૯૫. શ્રીમતી આર. ડી શાહ આર્ટ્સ ઍન્ડ શ્રીમતી વી. ડી. શાહ કૉમર્સ કૉલેજ, ધોળકાને પ્રથમ વર્ષ બી.એ. સુધીના વર્ગોમાં પર્શિયન વિષયનું શિક્ષણકાર્ય બંધ કરવા પરવાનગી આપવા માટે સદરહુ કૉલેજના સંચાલક મંડળના માનદ મંત્રીશ્રીની વિનંતી પર વિચારણા કરવા બાબત.

સદરહુ બાબતની વિચારણા મોકૂફ રાખવામાં આવી.

૯૬. ખંડ સમયના શિક્ષકો માટેની નોકરીની શરતો ઘડવામાં આવી છે તે જોતાં સંલગ્ન કૉલેજોના શિક્ષકોની સેવામાં ખંડ સમયના શિક્ષકોની સેવાની જે શરતોનો ઉલ્લેખ છે તે અપ્રસ્તુત બને છે તો તે રદ કરી સંલગ્ન કૉલેજોના શિક્ષકોની સેવાઓની સંબંધક શરતો નીચે પ્રમાણે વંચાય તે રીતે સુધારવા અંગે વિચારણા કરવા બાબત :

(૧) નિયમ નં. ૨ નીચે પ્રમાણે વંચાય તે રીતે સુધારવા :

2. Subject to the under-mentioned provision a member of the teaching staff in an affiliated college or in a recognised institution who ceases to be a teacher shall be paid the vacation salaries in accordance with the following :

(*a*) If he has served for the major part of the whole academic year he shall be paid three months' salary.

(*b*) If he has served for the major part in any of the terms he shall be paid one month's salary.

(૨) નીચેનો નિયમ ૧(ડી) રદ કરવા :

1. (*d*) Notwithstanding anything contained above, the following part-time teachers shall be paid minimum total emoluments as shown herebelow :

1.	Tutors / Demonstrators	Rs. 100/—
2.	Lecturers	Rs. 150/—
3.	Professors	Rs. 200/—

(૩) નિયમ ૭(ઈ) નીચે પ્રમાણે વંચાય તે રીતે સુધારવા :

Member of the staff appointed temporarily or on probation shall be entitled only to casual leave of 15 days in the aggregate in a year and for not more than 10 days at a time, provided that he shall not be entitled to have such casual leave prefixed or suffixed to Sunday and/or holidays and/or a vacation.

(૪) સિન્ડિકેટે તેની તા. ૧૧/૧૨--૭--૧૯૭૦ની સભામાં કરેલ નીચેનો ઠરાવ અપ્રસ્તુત હોઈ રદ કરવા :

"સદરહુ નિયમોમાં પાર્ટ-ટાઇમ શિક્ષકો એવા પેટાવિભાગ પાડી નીચે પ્રમાણે દર્શાવવું :

Rule No. 2(a), 2(b), 3, 6, 7(e), 8, 9, and 11 are applicable to part-time teachers, whereas Rule No. 10, 12 and 13 are not applicable to them."

આથી ઠરાવવામાં આવે છે કે સંલગ્ન કૉલેજો અને માન્ય સંસ્થાઓના ખંડ સમયના શિક્ષકોની સેવાઓની ઉપર જણાવેલી શરતો ઉપર મુજબ સુધારીને મંજૂર કરવી.

૯૭. શ્રી. ગુલાબરાય આર. દેસાઈએ ડી.લિટ. પદવી માટે રજૂ કરેલા સંશોધનલેખો તપાસી તે પર અહેવાલ આપવા માટે નીમેલા રેફરીઓમાંથી ડૉ. આર. પી. શ્રીવાસ્તવનું સરનામું અપ્રાપ્ય હોવાથી તેમની જગ્યાએ ગણિતશાસ્ત્રની અભ્યાસસમિતિના અધ્યક્ષશ્રીના સૂચન અનુસાર નીચેના રેફરીની નિમણૂક કરવા અંગે એકેડેમિક કાઉન્સિલની બહાલીની અપેક્ષાએ કુલપતિશ્રીએ કરેલ ભલામણ ઉપર વિચારણા કરવા બાબત :

(**નોંધ.**—અભ્યાસસમિતિના સાત સભ્યોમાંથી પાંચ સભ્યોએ તે અંગે અનુમતિ આપેલી છે :

Dr. J. A. Sidiqui,
Head of the Mathematics Dept.,
Aligadh University,
Aligadh.)

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બાબતમાં ડૉ. આર. પી. શ્રીવાસ્તવને બદલે ડૉ. જે. એ. સીદીકીને રેફરી તરીકે નીમવા.

૯૮. યુનિવર્સિટીના આરોગ્યકેન્દ્રમાં પાર્ટ-ટાઈમ લેડી ડૉક્ટરની જગ્યા માટે તા. ૮--૯--૧૯૭૨ના રોજની વરણીસમિતિની સભાની ભલામણ ઉપર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ વરણીસમિતિની ભલામણ મુજબ ડૉ. (કુમારી) સુહાસિની એન. પટેલની નિમણૂક બંધ સમયનાં ડૉક્ટર બહેન (Lady Doctor) તરીકે ઉચ્ચક રૂ. ૩૦૦ના માસિક પગારથી બે વર્ષના અજમાયશી ધોરણે કરવી.

૯૯. ચોથી પંચવર્ષીય યોજના હેઠળ સંલગ્ન કૉલેજોમાં કાર્ય કરતા આચાર્યો અને શિક્ષકોને અનુક્રમે રૂ. ૮૦૦--૫૦--૧,૨૫૦ અને રૂ. ૭૦૦--૪૦--૧,૧૦૦ના પગારધોરણનો અમલ તા. ૧--૪--૧૯૬૬ થી કરવા અંગેની તૈયાર કરેલી યાદીમાં સંલગ્ન કૉલેજો અને શિક્ષકો તરફથી થયેલી રજૂઆત અને સૂચનો પરત્વે વિચારણા કરવા માટે સિન્ડિકેટે તેની તા. ૧૫--૪--૧૯૭૨ની સભામાં નીમેલી સમિતિની તા. ૧૯--૮--૧૯૭૨ની સભાની ભલામણો પર વિચારણા કરવા બાબત.

સદરહુ બાબતની વિચારણા મોકૂફ રાખવામાં આવી.

૧૦૦. સંલગ્ન કૉલેજોના શિક્ષકો અંગે નીચે પ્રમાણેની યાદીઓની નોંધ લેવા બાબત :

૧. સંલગ્ન કૉલેજોના માન્ય થયેલ શિક્ષકોનાં નામોની યાદી.
૨. સંલગ્ન કૉલેજોમાં જે શિક્ષકોની નિમણૂક અમાન્ય કરવામાં આવી છે તેમનાં નામોની યાદી.
૩. એક સંલગ્ન કૉલેજ છોડીને બીજી સંલગ્ન કૉલેજમાં જોડાયેલ માન્ય શિક્ષકોનાં નામોની યાદી.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ યાદીની નોંધ લેવી.

૧૦૧. ગુજરાત યુનિવર્સિટી સેન્ટ્રલ કન્ઝ્યુમર્સ કો-ઑપરેટિવ સ્ટોર્સ લિ.ના બાયલૉઝ નિયમ ૨૦(અ)(૧) પ્રમાણે તેની વહીવટી સમિતિ પર ગુજરાત યુનિવર્સિટી તરફથી ચાર પ્રતિનિધિઓની નિમણૂક કરવા અંગેના મૅનેજિંગ ડિરેક્ટરના તા. ૪--૯--૧૯૭૨ના પત્ર પરત્વે વિચારણા કરવા બાબત.

[**નોંધ.**—સંબંધકર્તા નિયમના પાઠ નીચે મુજબ છે :

20. (*a*) The managing committee shall consist of 13 members as follows :

1. 4 Members to be nominated by the University.

ગયા વર્ષ માટે નીચેના ચાર પ્રતિનિધિઓ નિયુક્ત કર્યા હતા :

૧. શ્રી. રણજિતરાય ગં. શાસ્ત્રી

૨. શ્રી. સત્યેન્દ્ર કા. ઝવેરી

૩. શ્રી. રમણભાઈ જી. ભટ્ટ

૪. શ્રી. બી. એમ. પટેલ]

આથી ઠરાવવામાં આવે છે કે ગુજરાત યુનિવર્સિટી સેન્ટ્રલ કન્ઝ્યુમર્સ કો-ઑપરેટિવ સ્ટોર્સ લિ.ની વહીવટી સમિતિ પર ઉપરના ચારે સભ્યોને ૧૯૭૨-૭૩ના વર્ષ માટે ચાલુ રાખવા.

૧૦૨. તા. ૯--૮--૧૯૭૨ના રોજ મળેલ બોર્ડ ઑફ એકસ્ટ્રામ્યુરલ સ્ટડીઝની બેઠકના નીચેના ઠરાવોને મંજૂરી આપવા બાબત :

"(ક) આથી ઠરાવવામાં આવે છે કે ગ્રંથાલય તરફથી ૧૯૭૨નું વર્ષ આંતરરાષ્ટ્રીય પુસ્તક વર્ષ તરીકે ઊજવવા અંગે આવેલ પ્રસ્તાવમાં જણાવેલ વ્યાખ્યાનમાળાનો કાર્યક્રમ વિસ્તૃત બને અને તેનો લાભ સ્થાનિક કૉલેજોના વિદ્યાર્થીઓને પણ મળે તે દૃષ્ટિ ખ્યાલમાં રાખીને કાર્યક્રમ તૈયાર કરવા માટે નીચે જણાવેલ સભ્યોની સમિતિ રચવી :

૧. શ્રી. પી. જી. માવળંકર

૨. પ્રિ. વાય. પી. શુકલ

૩. પ્રિ. જે. સી ત્રિવેદી

૪. શ્રી. મોહનભાઈ પટેલ

૫. શ્રી. પી. એફ. પટેલ

૬. શ્રી. કીકુભાઈ દેસાઈ.

(ખ) વધુમાં ઠરાવવામાં આવે છે કે આ સમિતિ સૂચવે તે કાર્યક્રમો યોજવા માટે રૂ. ૨,૫૦૦ સુધીનો ખર્ચ મંજૂર કરવા સિન્ડિકેટને ભલામણ કરે છે.

(ગ) વધુમાં પુસ્તક-પ્રદર્શન માટે રૂ. ૫૦૦નો ખર્ચ મંજૂર કરવો.

(**નોંધ.** — સેમિનાર અને પ્રદર્શનના સમયે ભારત સરકાર, બ્રિટિશ કાઉન્સિલ, યુસિસ વગેરે પાસેથી મેળવીને પુસ્તક-પ્રવૃત્તિઓ અંગેની ફિલ્મો બતાવવાનું રાખવું.)"

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બોર્ડની ઉપરની ભલામણો મંજૂર કરવી.

૧૦૩. ડૉ. ધીરુભાઈ ઠાકર તરફથી આવેલ નીચેના પ્રસ્તાવ પર વિચારણા કરવા બાબત :

ઠરાવ ૧

"ગુજરાત રાજ્યના મુખ્ય મંત્રીશ્રીએ યુનિવર્સિટી-પ્રવેશના ધોરણ અંગે તાજેતરમાં કરેલ જાહેરાત યુદ્ધ શૈક્ષણિક બાબતને લગતી હોવાથી યુનિવર્સિટીના કાર્યક્ષેત્રનો વિષય છે એમ આ સભા માને છે અને તેથી તે અંગે નિર્ણય કરવાનું યુનિવર્સિટી પર છોડી દેવા રાજ્ય સરકારને વિનંતી કરે છે."

ઠરાવ ૨

"યુનિવર્સિટી પ્રવેશ અંગે આ યુનિવર્સિટીએ જે ધોરણ નક્કી કર્યું છે અને હાલ પ્રવર્તે છે તે યોગ્ય છે. તેમાં છૂટછાટ મૂકવાથી યુનિવર્સિટી શિક્ષણનું ધોરણ નીચું જશે એમ આ સભા માને છે અને તેથી ઠરાવે છે કે હાલ છે તે જ ધોરણ ચાલુ રાખવું."

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બાબતની વિચારણા મોકૂફ રાખવી.

૧૦૪. યુનિવર્સિટીના સમાજવિદ્યા ભવનમાં વ્યાખ્યાતા તરીકે કામ કરતાં શ્રીમતી જે. બી. ઠાકોરનો સ્કૂટર ખરીદવા અંગે રૂ. ૨,૦૦૦ની લોન આપવા અંગેની તેઓની તા. ૧૯-૮-૧૯૭૨ના અરજી ઉપર વિચારણા કરવા બાબત.

(**નોંધ.**—સિન્ડિકેટે તેની તા. ૩૦-૧૧-૧૯૬૮ની સભામાં ઠરાવ્યા અનુસાર વાહનની કિંમતના ૮૦ ટકાની રકમ લોન તરીકે તથા તેના ૬૦ ટકાની રકમ એડવાન્સ તરીકે આપવાની રહેશે. લોન લેનારે આ લોન ૫૦ હપતામાં અને યુનિવર્સિટી નક્કી કરે તે વ્યાજ સાથે પરત કરવાની રહેશે તથા સ્કૂટર યુનિવર્સિટીને ગીરો લખી આપવાનું રહેશે.)

આથી ઠરાવવામાં આવે છે કે શ્રીમતી જે. બી. ઠાકોરને સ્કૂટર ખરીદવા માટે રૂ. ૨,૦૦૦ની લોન યુનિવર્સિટીનાં ધારાધોરણ અનુસાર મંજૂર કરવી.

૧૦૫. ગુજરાત સરકારના નાણા ખાતાના ઠરાવ નં. વી.એલ.બી. ૧૧૭૧-૨૧૦૯-સી. ઓ. તા. ૩-૮-૧૯૭૨થી ઘરભાડા ભથ્થાના દરમાં તથા લોકલ કોમ્પેન્સેટરી એલાવન્સના દરમાં તા. ૧-૭-૧૯૭૨થી નીચે પ્રમાણે સુધારો થયો છે તેનો લાભ યુનિવર્સિટીના કર્મચારીઓને આપવા અંગે વિચારણા કરવા બાબત :

ઘરભાડા ભથ્થું

૧. રૂ. ૧૦૦થી નીચેના મૂળ માસિક પગાર મેળવતા કર્મચારીઓ માટે	...	રૂ. ૧૫
૨. રૂ. ૧૦૦થી ૩,૦૦૦ સુધીનો પગાર મેળવતા કર્મચારીઓ માટે	...	મૂળ માસિક પગારના ૧૫ ટકા પણ ઓછામાં ઓછા માસિક રૂ. ૨૦ અને વધુમાં વધુ રૂ. ૩૦૦
૩. રૂ. ૩,૦૦૦થી વધુ મૂળ માસિક પગાર મેળવતા કર્મચારીઓ માટે	...	મૂળ માસિક પગારના ૧૦ ટકા.

લોકલ કોમ્પ. એલાવન્સ

રૂ. ૧૫૦ થી નીચેના મૂળ માસિક પગાર મેળવતા કર્મચારીઓ માટે	...	મૂળ માસિક પગારના ૧૦ ટકા પણ ઓછામાં ઓછા રૂ. ૭-૫૦ અને વધુમાં વધુ રૂ. ૧૨-૫૦
રૂ. ૧૫૦ અને તેથી વધારે મૂળ માસિક પગાર મેળવતા કર્મચારીઓ માટે	...	મૂળ માસિક પગારના ૮ ટકા પણ ઓછામાં ઓછા રૂ. ૧૨-૫૦ અને વધુમાં વધુ રૂ. ૭૫.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બાબતની વિચારણા મોકૂફ રાખવી.

૧૦૬. સને ૧૯૭૩ની સાલમાં લેવાનારી પરીક્ષાઓ માટે પરીક્ષકોની નિમણૂક અંગેની ભલામણ કરવા માટે " પરીક્ષાસમિતિ " પર સિન્ડિકેટ તરફથી ઑર્ડિ. ૬૭ હેઠળ પ્રત્યેક વિદ્યાશાખાની સમિતિમાં બબ્બે સભ્યો નીમવા બાબત.

સદરહુ બાબતનો વિચારણા મોકૂફ રાખવામાં આવી.

૧૦૭. ઑકટોબર ૨ થી ૪, ૧૯૭૨ના સમય દરમિયાન અલ્હાબાદ મુકામે " ગાંધી થૉટ " પર ત્રણ દિવસનું અધિવેશન યોજનાર છે તેમાં યુનિવર્સિટીના પ્રતિનિધિ મોકલવા અંગે ગાંધી ભવનના અધ્યક્ષશ્રી તરફથી આવેલ પત્ર પર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ અધિવેશનમાં આ યુનિવર્સિટીના પ્રતિનિધિ તરીકે નીચેની વ્યકિતઓ પૈકી એકની ક્રમાનુવર્તી નિમણૂક કરવી :

(૧) શ્રી. બબલભાઈ મહેતા

(૨) પ્રો. પી. જી. માવળંકર

૧૦૮. ઑકટોબર ૧૪ અને ૧૫, ૧૯૭૨ના સમય દરમ્યાન જયપુર મુકામે મળનાર " ધી ઈન્ડિયન ઍસોસિયેશન ફૉર મૅનેજમેન્ટ ડેવલપમેન્ટ "ના ચોથા અધિવેશનમાં તેમ જ ઑકટોબર ૧૬ અને ૧૭, ૧૯૭૨ના સમય દરમિયાન " ઈન્ટર યુનિવર્સિટી કાઉન્સિલ ઑફ કૉમર્સ, એજ્યુકેશન ઍન્ડ રિસર્ચ "ના ત્રીજા અધિવેશનમાં યુનિવર્સિટીના પ્રતિનિધિ મોકલવા અંગે ઍસોસિયેશનના મંત્રીશ્રીના તા. ૨૩-૮-૧૯૭૨ના પત્ર પર વિચારણા કરવા બાબત :

(નોંધ.—અધિવેશન નીચેના વિષય પરત્વે ચર્ચા કરનાર છે :

" હ્યુમન રિલેશન ઈન ઈન્ડસ્ટ્રી ઈન લેસ ડેવલપ્ડ કન્ટ્રીઝ ")

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ ઍસોસિયેશનના આગામી અધિવેશનમાં આ યુનિવર્સિટીના પ્રતિનિધિઓ તરીકે આચાર્ય એમ. સી. શાહ અને પ્રો. ડી. ડી. ત્રિવેદીને મોકલવા.

૧૦૯. ઈન્સ્ટિટ્યૂટ ઑફ હિસ્ટોરિકલ સ્ટડીઝનું ૧૦મું વાર્ષિક અધિવેશન ઑકટોબર ૨૮થી ૩૧, ૧૯૭૨ના સમય દરમિયાન કુરુક્ષેત્ર (હરિયાણા) યુનિવર્સિટીના ઉપક્રમે કુરુક્ષેત્ર મુકામે નીચે જણાવેલ વિષયો પર વિચારણા કરવા મળનાર છે તેમાં યુનિવર્સિટીના પ્રતિનિધિ મોકલવા અંગે ઈન્સ્ટિટ્યૂટના અધ્યક્ષશ્રીના તા. ૨૮-૮-૧૯૭૨ના પત્ર પર વિચારણા કરવા બાબત :

૧. Religious Reform Movements in India and their Social Contents.

૨. Sources of the History of Haryana.

૭.	શ્રી. વૈષ્ણવ વિભાકર મંગલપ્રસાદ	રસાયણવિજ્ઞાન	એમ. જી. સાયન્સ ઇન્સ્ટિ., અમદાવાદ
૮.	શ્રી. પટેલ કિરીટ સુંદરલાલ	રસાયણવિજ્ઞાન	યુનિ. વિજ્ઞાન વિદ્યાભવન, અમદાવાદ-૯
૯.	શ્રી. ભારતી સુધાકર જે.	વનસ્પતિવિજ્ઞાન	ઉપર મુજબ
૧૦.	શ્રી. ઓઝા નીલાક્ષ લાલશંકર	ગુજરાતી	યુનિ. ભાષા-સાહિત્ય ભવન, અમદાવાદ-૯
૧૧.	કુ. ચક્કા મેરી વિજયાકુમારી	વનસ્પતિવિજ્ઞાન	યુનિ. વિજ્ઞાન વિદ્યાભવન, અમદાવાદ-૯.

(૭) યુનિવર્સિટી વિજ્ઞાનવિદ્યા ભવનના વિદ્યાર્થી સર્વશ્રી રામભાઈ રેવાભાઈ પટેલ તથા જગદીશ ચૂનીલાલ પટેલને અગાઉ રાજ્ય સરકારની શિષ્યવૃત્તિઓ આપવામાં આવી હોવાથી અને તે ૧૯૭૨-૭૩ના વર્ષ માટે ચાલુ રાખવામાં આવી હોવાથી તેઓને યુ.જી.સી.ની જુનિયર રિસર્ચ ફેલોશિપ આપવા માટેની તેઓની વિનંતી મંજૂર કરવી નહીં.

(છ) નીચેના વિદ્યાર્થીઓ શિષ્યવૃત્તિને પાત્ર થતા નહિ હોવાથી તેઓને શિષ્યવૃત્તિ આપવાની તેમની વિનંતી મંજૂર કરવી નહિ :

ક્રમાંક	નામ	વિષય	કૉલેજ/સંસ્થા
૧.	શ્રી. રાઠોડ ભોપાલસિંગ રાવતસિંગ	હિન્દી	યુનિ. ભાષા-સાહિત્ય ભવન, અમદાવાદ-૯
૨.	શ્રી. શાહ હર્ષદરાય ઓચ્છવલાલ	વનસ્પતિવિજ્ઞાન	યુનિ. વિજ્ઞાન વિદ્યાભવન, અમદાવાદ-૯
૩.	શ્રી. રાજપરા ભાનુપ્રસાદ ભગવાનદાસ	મનોવિજ્ઞાન	બી. ડી. કૉલેજ, અમદાવાદ.

(જ) છેલ્લાં પાંચ વર્ષમાં કેટલા વિદ્યાર્થીઓને યુનિવર્સિટીની, રાજ્ય સરકારની તથા યુનિ. ગ્રાન્ટ્સ કમિશનની, પીએચ.ડી. શિષ્યવૃત્તિઓ આપવામાં આવી અને તેમાંથી કેટલા વિદ્યાર્થીઓએ તેમના મહાનિબંધની રૂપરેખા કે મહાનિબંધ રજૂ કર્યા તે તપાસવા માટે નીચેના સભ્યોની સમિતિ નીમવી :

૧. ડૉ. કે. જી. દેસાઈ

૨. ડૉ. એમ. એન. દેસાઈ

૩. આચાર્યશ્રી બી. એમ. પીરજાદા.

ત્યાર બાદ સભાનું કામકાજ પૂરું થયું હતું.

શ. પુ. મેત
નાયબ કુલસચિવ.

પરિશિષ્ટ "છ"
કામકાજ ક્રમાંક ૧૪૩

સિન્ડિકેટે નીમેલી જોઇન્ટ કન્સલ્ટેટિવ સમિતિની એક સભા તા. ૭-૯-૧૯૭૨ના રોજ યુનિવર્સિટી કાર્યાલયમાં સાંજે ૬-૩૦ કલાકે મળી હતી. સભામાં હાજરી નીચે પ્રમાણે હતી :

૧. શ્રી. ઉમાશંકર જે. જોશી, કુલપતિ	હાજર
૨. શ્રી. રણજિતરાય ગં. શાસ્ત્રી	હાજર
૩. પ્રો. આર. કે. અમીન	હાજર
૪. શ્રી. સી. ટી. દરૂ	હાજર
૫. શ્રી. એન. આર. જોશી	હાજર
૬. શ્રી. શરદ એમ. પટેલ	હાજર
૭. શ્રી. બી. જે. પંડ્યા	હાજર
૮. શ્રી. કે. સી. પરીખ, કુલસચિવ	હાજર.

૧. તા. ૨૪-૭-૧૯૭૨ તથા તા. ૨૭-૭-૧૯૭૨ની સમિતિની સભાની નોંધ મંજૂર કરવા બાબત.

સમિતિની તા. ૨૪-૭-૧૯૭૨ અને તા. ૨૭-૭-૧૯૭૨ની નોંધની બાબતમાં ઠરાવ નં. ૨માં નીચે પ્રમાણે વંચાય તે રીતે સુધારો કરી નોંધ મંજૂર કરવામાં આવી અને તેના પર કુલપતિશ્રીએ સહી કરી :

"આથી સિન્ડિકેટને ભલામણ કરવામાં આવે છે કે બિનશૈક્ષણિક વર્ગના કર્મચારીઓના પગારમાં મોંઘવારી ભથ્થું ભેળવી પગારધોરણ નક્કી કરવાની બાબતમાં આ અગાઉ યુનિવર્સિટીએ રાજ્ય સરકારને જે રજૂઆત કરી છે તે અંગે ત્વરિત નિર્ણય લેવા માટે રાજ્ય સરકારને વિનંતી કરવી."

ત્યાર બાદ કુલપતિશ્રીએ યુનિવર્સિટી કાર્યાલય સમક્ષ તા. ૭-૮-૧૯૭૨ના રોજ યોજવામાં આવેલા દેખાવોનો ઉલ્લેખ કરી જણાવ્યું કે સ્ટાફ જોઇન્ટ કન્સલ્ટેટિવ સમિતિ દ્વારા યુનિવર્સિટીના કર્મચારીઓ અંગેની બાબતો વિચારવામાં આવી રહી હોય તે તબક્કે આવા દેખાવો કે આંદોલનનો માર્ગ લેવો યોગ્ય નથી. કર્મચારી સંઘના પ્રતિનિધિઓએ સ્પષ્ટતા કરી કે ઉપરોક્ત દેખાવ અંગેની યોજના સ્ટાફ જોઇન્ટ કન્સલ્ટેટિવ સમિતિની સ્થાપના અગાઉ નક્કી કરવામાં આવેલ હોઈ તેઓએ તેમાં પ્રતીકાત્મક રીતે ભાગ લીધો હતો, પરંતુ ભવિષ્યમાં સ્ટાફ જોઇન્ટ કન્સલ્ટેટિવ સમિતિ સમક્ષ કોઈ પણ મુદ્દા ઉપર વિચારણા ચાલુ હોય તો તે દરમ્યાન તે મુદ્દા અંગે કશા દેખાવો કે આંદોલનો યોજવામાં આવશે નહીં.

વધુમાં સ્ટાફ જોઇન્ટ કન્સલ્ટેટિવ સમિતિના એજન્ડા અંગે ઠરાવવામાં આવ્યું કે ભવિષ્યમાં જે પ્રસ્તાવો યુનિવર્સિટી કાર્યાલય તરફથી કે સમિતિના સભ્યો તરફથી મળે તે જ પ્રસ્તાવો સમિતિના એજન્ડા ઉપર મૂકવાનું રાખવું.

વધુમાં સભ્યો તરફથી આવા પ્રસ્તાવો મુદ્દાસર અને ટૂંકાણમાં હોય તે ઇચ્છનીય છે. કર્મચારી સંઘ કે તેમના મહામંડળના ઠરાવો સમિતિ સમક્ષ મૂકવા નહીં.

૨. સિન્ડિકેટે તેની તા. ૫/૬--૮--૧૯૭૨ની સભામાં નીચેનો ઠરાવ પુનર્વિચારણા માટે આ સમિતિને મોકલેલ હોઈ તે અંગે વિચારણા કરવા બાબત :

"યુનિવર્સિટીના કર્મચારીઓનાં બાળકો માટે પુસ્તકો આપવા અંગે એક બુક બૅંક યુનિવર્સિટીએ શરૂ કરવી અને જે કર્મચારીઓનો મૂળ માસિક પગાર રૂ. ૪૦૦થી ઓછો (એટલે કે રૂ. ૩૯૯ સુધી) હોય તેઓનાં, હાઈસ્કૂલમાં ભણતાં હોય તેવાં વધુમાં વધુ બે બાળકો સુધી પાઠ્યપુસ્તકો આપવા અંગેની યોજના તૈયાર કરવી."

(**નોંધ.**—વર્ષની આખરે બુક બૅંક તરફથી આપવામાં આવેલ પુસ્તકો પરત કરવાનાં રહેશે.)

આથી સિન્ડિકેટને ભલામણ કરવામાં આવે છે કે યુનિવર્સિટી કર્મચારીઓનાં બાળકોને પુસ્તકો આપવા અંગે નીચેના સિદ્ધાંતો સ્વીકારવા :

(૧) જે કર્મચારીઓનો મૂળ માસિક પગાર રૂ. ૪૦૦થી ઓછો, એટલે કે રૂ. ૩૯૯ કે તેથી નીચે હોય તેઓનાં પ્રાથમિક તથા માધ્યમિક શાળામાં ભણતાં એવાં વધુમાં વધુ બે બાળકો માટે આ યોજનાનો લાભ આપવામાં આવશે.

(૨) શાળા તરફથી જે પુસ્તકો પાઠ્યપુસ્તકો તરીકે માન્ય કરવામાં આવ્યાં હશે તે પુસ્તકો અંગેનું ખર્ચ જ ફક્ત ગણતરીમાં લેવામાં આવશે.

(૩) માન્ય પાઠ્યપુસ્તકોના કુલ ખર્ચના વધુમાં વધુ ૭૫ ટકા જેટલી આર્થિક સહાય (subsidy) યુનિવર્સિટી તરફથી સંબંધકર્તા કર્મચારીઓને આપવામાં આવશે.

(**નોંધ.**—બાળકોના અભ્યાસ, પુસ્તક ખરીદીનો દાખલો ઇત્યાદિ અંગેના નિયમો આ યોજના મંજૂર થયેથી ઘડવાના રહેશે.)

૩. શ્રી. એન. આર. જોશીના તા. ૧૨--૭—૧૯૭૨ના નીચેના પ્રસ્તાવ પર વિચારણા કરવા બાબત :

"રાજ્ય સરકારે તેના કર્મચારીઓના મૂળ પગારમાં અંશત: મોંઘવારી સરેલા પે કમિશનની ભલામણ મુજબ ભેળવી તેની ઇફેક્ટ તા. ૧—૬—૧૯૬૭થી આપી છે તથા ગુજરાત યુનિવર્સિટીએ પણ સરેલા પે કમિશનના સિદ્ધાંતને આધારે યુનિ. કર્મચારીઓનું મોંઘવારી ભથ્થું તા. ૧—૪—૧૯૭૧થી મૂળ પગારમાં ભેળવેલું છે. હમણાં જ સ્થપાયેલ સૌરાષ્ટ્ર યુનિવર્સિટીએ પણ તેના કર્મચારીઓની માગણી મુજબ મોંઘવારી ભથ્થું ભેળવેલ પગારધોરણોની અસર તા. ૧—૬—૧૯૬૭થી આપી દીધી છે તથા રાજ્યની અન્ય યુનિવર્સિટીઓ તેમ કરવા માટે સક્રિય વિચારણા કરી રહી છે તે વખતે આ યુનિવર્સિટીના બિન-શૈક્ષણિક કર્મચારીઓની પણ અંશત: મોંઘવારી ભથ્થું ભેળવેલ પગારધોરણોની અસર તા. ૧-૬--૧૯૬૭થી આપવાની ન્યાયી અને વાજબી માગણી પ્રત્યે આ સભા સંપૂર્ણ સહાનુભૂતિ વ્યક્ત કરે છે તથા તે અંગે યોગ્ય પગલાં લેવા સિન્ડિકેટને ભલામણ કરે છે."

રાજ્ય સરકારના શિક્ષણ અને મજૂર વિભાગનો, ગુજરાત રાજ્ય યુનિવર્સિટી અને કૉલેજ કર્મચારી મહામંડળના મહામંત્રીશ્રી ઉપરનો પત્રાંક એમ.આઈ.એસ., તા. ૧૭—૨—૧૯૭૨નો પત્ર સભા સમક્ષ મૂકવામાં આવ્યો.

"રાજ્ય સરકારના પત્રાંક યુ.એસ.જી. ૧૧૬૯-૧૮૮૮૩—કેએચ તા. ૩૦—૭—૧૯૭૧ પ્રમાણે યુનિવર્સિટીએ બિનશિક્ષક વર્ગના કર્મચારીઓના પગારમાં મોંઘવારી ભથ્થાનો કેટલોક ભાગ તેમાં

જણાવ્યા પ્રમાણેની ગાઈડલાઈન્સ અનુસાર તા. ૧—૪—૧૯૭૧થી ભેળવામાં આવ્યો છે, પરંતુ રાજ્ય સરકારે તેના કર્મચારીઓ માટે સરેલા પંચની ભલામણો અનુસાર મૂળ પગારમાં મોંઘવારી ભથ્થાનો કેટલોક ભાગ તા. ૧—૬—૧૯૬૭થી ભેળવેલો છે. ને જોતાં યુનિવર્સિટી કર્મચારીઓની પણ તે તારીખથી પોતાના મૂળ પગારમાં મોંઘવારી ભથ્થું અંશતઃ ભેળવવાની માગણી રાજ્યની જણાય છે, અને તેથી સિન્ડિકેટને ભલામણ કરવામાં આવે છે કે કર્મચારીઓની ઉપરોકત માગણીઓ અંગે ગ્રાન્ટ આપવા રાજ્ય સરકારને ભલામણ કરવી.

વધુમાં ઠરાવવામાં આવે છે કે રાજ્ય સરકાર પાસેથી આ માટે જરૂરી ગ્રાન્ટ મળ્યેથી યુનિવર્સિટીના બિનશિક્ષક વર્ગના કર્મચારીઓનું મોંઘવારી ભથ્થું અંશતઃ તા. ૧-૬-૧૯૬૭થી ભેળવવા માટે સિન્ડિકેટને ભલામણ કરવી."

૪. શ્રી. એન. આર. જોશીના તા. ૧૨—૭—૧૯૭૨ના નીચેના પ્રસ્તાવ ઉપર વિચારણા કરવા બાબત :

" પ્રતિદિન કૂદકે ને ભૂસકે વધતી જતી મોંઘવારીની ભીંસમાંથી અંશતઃ રાહત મળે તે માટે કેન્દ્ર તથા રાજ્ય સરકારો, ઔદ્યો. નિગમો, સ્વાયત્ત સંસ્થાઓ, ઉદ્યોગો તથા સરકાર સ્થાપિત જાહેર ઉદ્યોગો અવારનવાર પોતાના કર્મચારીઓનાં પગારધોરણોમાં સુધારો કરીને તેમના જીવનધોરણ તથા મોભાને અનુરૂપ રહેવા આવકમાં વધારો કરતી હોય છે. સરકારશ્રી, આ બાબતમાં પંચોની નિમણૂક પણ કરે છે. ખાસ કરીને આ યુનિવર્સિટીમાં અને કૉલેજોમાં કામ કરતા શિક્ષકોનાં પગારધોરણો પણ તા. ૧—૪—૧૯૬૬થી સુધારવામાં આવ્યાં છે. જ્યારે આ જ યુનિવર્સિટીમાં પાયાનું કામ કરતા બિનશૈક્ષણિક કર્મચારીઓનાં પગારધોરણો છેલ્લાં ૧૦ વર્ષથી સુધારવામાં આવ્યાં નથી. સમાજમાં બીજા વર્ગોની આવકમાં વધારો થતાં તેઓની ખરીદશકિતમાં વધારો થતાં તેની વિપરીત અસર યુનિવર્સિટીના કર્મચારીઓ પર ન પડે તથા એક જ સંસ્થામાં કામ કરતા શૈક્ષણિક અને બિનશૈક્ષણિક કર્મચારીઓ વચ્ચે ભેદભાવ રાખવામાં આવે છે તેની માનસિક અસર ઊભી ન થાય તે અત્યંત જરૂરી હોઈ કર્મચારીઓએ ઉપરોકત તમામ પાસાંઓને લક્ષમાં લઈ તા. ૧૩—૪—૧૯૭૦ના રોજ કર્મચારીઓને મળતા પગારમાં પ્રથમ તબક્કે ૨૦ ટકાનો વધારો આપવાની માગણી અને ત્યાર બાદ સમગ્ર પગારધોરણો સુધારવા માટે કોઈ પણ નિષ્પક્ષ વ્યકિત / વ્યકિતઓની તેમના પગારધોરણ સુધારા પંચ તરીકે નીમવાની જે માગણી કરી છે તે પ્રત્યે આ સભા સંપૂર્ણ સહાનુભૂતિ વ્યકત કરે છે અને તે અંગે યોગ્ય પગલાં લેવા આ સભા સિન્ડિકેટને ભલામણ કરે છે."

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બાબતની વિચારણા મુલતવી રાખવી.

૫. શ્રી. બી. જે. પંડ્યાના તા. ૧૨—૭—૧૯૭૨ના નીચેના પ્રસ્તાવ પર વિચારણા કરવા બાબત :

" કર્મચારીઓ પાસેથી વધારાનું કામ લેવા સામે વધારાનું વેતન ચૂકવવાના સિદ્ધાંતને યુનિવર્સિટીએ છેલ્લાં ૨૦ વર્ષથી સ્વીકારી કર્મચારીઓના થતા શોષણને અટકાવ્યું છે, અને તદનુસાર પરીક્ષાનો સીઝન દરમ્યાન કર્મચારીઓ પાસેથી ૧૮૦ કલાક વધારાનું કામ લેવા માટે હેડકલાર્ક સુધીની કક્ષાના કર્મચારીઓને એક મૂળ પગાર અને તેથી ઉપલી કક્ષાના કર્મચારીઓને તેમના પગારના ૧૦ ટકા પરીક્ષા ભથ્થા તરીકે છેલ્લાં ૨૦ વર્ષથી ચૂકવવામાં આવે છે. આ સમય ઉપરાંત તેમની પાસેથી કામ લેવામાં આવે તો નિયત દરે ઓવરટાઇમ પણ ચૂકવવામાં આવે છે. તા. ૭--૧૨--૧૯૭૧થી યુનિવર્સિટીએ કર્મચારીઓને કોઈ પણ જાતનું વધારાનું વેતન આપ્યા વિના કર્મચારીઓ પાસેથી દરરોજ ૦॥ કલાક

વધારે કામ લેવાનું શરૂ કર્યું અને કર્મચારીઓ તે તારીખથી વાંધા સાથે આ કામ આજદિન સુધી કરી રહ્યા છે. આ રીતે બાર માસ દરમ્યાન યુનિવર્સિટી કર્મચારીઓ પાસેથી ૧૮૦ કલાક વધારે કામ લેતી થઈ છે. તે સંજોગોમાં કર્મચારીઓની તેમને હાલ પરીક્ષા ભથ્થા તરીકે આપવામાં આવતા એક મૂળ પગાર ઉપરાંત આ વધારાના ૧૮૦ કલાક કામ લેવા માટે બીજો એક મોંઘવારી ભથ્થા સાથેનો પગાર આપવાની ન્યાયી અને વાજબી માગણી પ્રત્યે આ સભા સંપૂર્ણ સહાનુભૂતિ વ્યકત કરે છે અને તે અંગે યોગ્ય પગલાં ભરવા સિન્ડિકેટને ભલામણ કરે છે."

આથી સિન્ડિકેટને ભલામણ કરવામાં આવે છે કે ભારત સરકાર, રાજ્ય સરકાર, મુંબઈ યુનિવર્સિટી તથા બીજી સંસ્થાઓના કાર્યાલયના કામના કલાકો જોતાં યુનિવર્સિટી કાર્યાલયનો હાલનો સમય સવારના ૧૧થી સાંજના ૬ (અડધા કલાકના વિરામ સાથે) યોગ્ય જણાય છે. તેમ છતાં, આ બાબતમાં બિનશૈક્ષણિક વર્ગના કર્મચારીઓની લાગણીને માન આપીને અને તેમના સંતોષને ખાતર કાર્યાલયના કામકાજનો સમય સવારના ૧૧-૦૦થી સાંજના ૫-૪૫ (અડધા કલાકના વિરામ સાથે) રાખવો.

નોંધ.—(૧) કાર્યાલયની જરૂરિયાત પ્રમાણે કાર્યાલયના કામકાજના દરરોજના કુલ કલાક ૬ા થી ઘટે નહીં તે રીતે સમયમાં ફેરફાર કરવાની સત્તા કુલસચિવશ્રીની રહેશે.

(૨) પરીક્ષાની મોસમમાં કુલસચિવશ્રીના કાર્યાલયનો સમય ૧ કલાક માટે વધારવામાં આવે છે તેમાં કોઈ ફેરફાર થશે નહીં.

૬, ૭, ૮, ૯, ૧૦, ૧૧ અને ૧૨.

સમયના અભાવે એજન્ડા પરની બાબત નં. ૬, ૭, ૮, ૯, ૧૦, ૧૧ અને ૧૨ની વિચારણા હાથ ઉપર ધરી શકાઈ ન હતી.

ત્યાર બાદ સભાનું કામકાજ પૂરું થયું હતું.

ભો. કે. શાહ
કુલસચિવ વતી.

પરિશિષ્ટ "જ"
કામકાજ ક્રમાંક ૯૮

સિન્ડિકેટની બનેલી વરણીસમિતિની એક સભા યુનિવર્સિટીના આરોગ્યકેન્દ્રમાં પાર્ટ-ટાઇમ લેડીઝ ડૉકટરની એક જગ્યા માટે ઉમેદવારોની મુલાકાત લેવા માટે શુક્રવાર, તા. ૮-૯-૧૯૭૨ ના રોજ બપોરે ૧-૩૦ કલાકે મળી હતી, જેમાં પ્રમુખસ્થાન કુલપતિ શ્રી. ઉમાશંકર જે. જોશીએ લીધું હતું. સભામાં હાજરી નીચે પ્રમાણે હતી:

૧. શ્રી. ઉમાશંકર જે. જોશી, કુલપતિ	હાજર
૨. ડિરેકટર ઑફ એજ્યુકેશન	ગેરહાજર
૩. આચાર્ય સી. એસ. શાહ	ગેરહાજર
૪. શ્રી. ઝીણાભાઈ આર. દેસાઈ	ગેરહાજર
૫. શ્રી. રણજિતરાય ગં. શાસ્ત્રી	ગેરહાજર
૬. ડૉ. જે. બી. હરિભક્તિ	હાજર
૭. શ્રી. ઈન્દ્રવદન ઓ. મોદી	ગેરહાજર
૮. શ્રી. બટુભાઈ એચ. દેસાઈ	ગેરહાજર
૯. શ્રી. સત્યેન્દ્ર કા. ઝવેરી	ગેરહાજર
૧૦. શ્રી. હીરાલાલ એચ. ભગવતી	ગેરહાજર
૧૧. શ્રી. પ્રફુલ્લચંદ્ર સી. શાહ	ગેરહાજર
૧૨. ડૉ. એમ. એન. દેસાઈ	હાજર
૧૩. શ્રી. કે. એસ. શાસ્ત્રી	હાજર
૧૪. પ્રો. કે. આર. ચંદ્રશેખરન	ગેરહાજર
૧૫. આચાર્ય ડૉ. ધીરુભાઈ પી. ઠાકર	ગેરહાજર
૧૬. આચાર્ય ડૉ. એલ. ડી. દવે	ગેરહાજર
૧૭. આચાર્ય એમ. સી. શાહ	ગેરહાજર.

નિષ્ણાત તરીકે આરોગ્યકેન્દ્રના આર.એમ.ઓ. ડૉ. સી. આર. ત્રિવેદીની નિમણૂક કરવામાં આવી હતી અને તેઓ હાજર રહ્યા હતા.

પાર્ટ-ટાઈમ લેડી ડૉકટર (એક જગ્યા)

પાર્ટ-ટાઈમ લેડી ડૉકટરની જગ્યા માટે નીચેના ઉમેદવારોને મુલાકાત માટે બોલાવવામાં આવ્યા હતા :

૧. ડૉ. ઈન્દિરા આર. જરાડી	ગેરહાજર
૨. ડૉ. સુહાસબહેન એન. પટેલ	હાજર
૩. ડૉ. વસંતિકા કે. શાહ	ગેરહાજર
૪. ડૉ. યોગિની યુ. શાહ	હાજર
૫. ડૉ. મીના પી. બૉન્કર	ગેરહાજર
૬. ડૉ. ભદ્રા જી. શાહ	ગેરહાજર
૭. ડૉ. કુસુમ પી. ગરમાર	ગેરહાજર
૮. ડૉ. સંધ્યા એન. એન્જિનિયર	ગેરહાજર
૯. ડૉ. પૂર્ણા એ. પટેલ	ગેરહાજર
૧૦. ડૉ. પદ્માબહેન કે. બૉન્કર	ગેરહાજર
૧૧. ડૉ. નીલીમા એન. બીટાલા	ગેરહાજર
૧૨. ડૉ. કાશ્મીરા એચ. વ્યાસ	ગેરહાજર
૧૩. ડૉ. હંસાબહેન સી. મોદી	હાજર
૧૪. ડૉ. ભાવના એચ. વોરા	હાજર

હાજર રહેલા ઉમેદવારોની મુલાકાત લીધા પછી સમિતિએ નીચે પ્રમાણે ઠરાવ્યું:

નીચેના ઉમેદવારોની ક્રમાનુવર્તી એકની બાંડ સમયના લેડી ડૉકટરની જગ્યા પર માસિક રૂ. ૩૫૦-(ઉચ્ચક વેતન)થી બે વર્ષના પ્રોબેશથી ધોરણે નિમણૂક કરવા સિન્ડિકેટને ભલામણકરવામાં આવે છે:

(૧) ડૉ. (કુ.) સુહાસબહેન એન. પટેલ

(૨) ડૉ. (શ્રીમતી) ભાવના એચ. વોરા.

ત્યાર બાદ સભાનું કામકાજ પૂરું થયું હતું.

ભો. કે. શાહ
કુલસચિવ વતી.

ગુજરાત યુનિવર્સિટી પ્રેસ, નવરંગપુરા, અમદાવાદ–૯

ગુ.યુ.પ્રેસ ૭૨૧–૪૫૦–૧૦–૭૨

ખાનગી

ગુજરાત યુનિવર્સિટી

ગુજરાત યુનિવર્સિટીની સિન્ડિકેટની વિશેષ સભા, શનિવાર, તા. ૨૩–૯–૧૯૭૨ના રોજ બપોરના ૧૨–૩૦ વાગ્યે ગુજરાત યુનિવર્સિટી કાર્યાલયમાં મળી હતી. પ્રમુખસ્થાન કુલપતિ શ્રી. ઉમાશંકર જેઠાલાલ જોશીએ સંભાળ્યું હતું. સભામાં હાજરી નીચે પ્રમાણે હતી :

ક્રમાંક	સભ્યનું નામ	તા. ૨૩–૯–૧૯૭૨
૧.	શ્રી. ઉમાશંકર જેઠાલાલ જોશી, કુલપતિ	હાજર
૨.	શિક્ષણસંચાલક, ગુજરાત રાજ્ય	ગેરહાજર
૩.	આચાર્ય સી. એસ. શાહ	હાજર
૪.	શ્રી. ઝીણાભાઈ રતનજી દેસાઈ	હાજર
૫.	શ્રી. રણજિતરાય ગંગાશંકર શાસ્ત્રી	હાજર
૬.	ડૉ. જયંત ભગવાનદાસ હરિભક્તિ	હાજર
૭.	શ્રી. ઈન્દ્રવદન અંબાલાલ મોદી	હાજર
૮.	શ્રી. બટુભાઈ હરિભાઈ દેસાઈ	હાજર
૯.	શ્રી. સત્યેન્દ્ર કાળિદાસ ઝવેરી	હાજર
૧૦.	શ્રી. હીરાલાલ એચ. ભગવતી	ગેરહાજર
૧૧.	શ્રી. પ્રફુલ્લચંદ્ર સી. શાહ	હાજર
૧૨.	ડૉ. મહેન્દ્ર નાનુભાઈ દેસાઈ	હાજર
૧૩.	શ્રી. કૃષ્ણચંદ્ર સોમનાથ શાસ્ત્રી	હાજર
૧૪.	પ્રો. કે. આર. ચંદ્રશેખરન	હાજર
૧૫.	આચાર્ય ડૉ. ધીરુભાઈ પ્રેમશંકર ઠાકર	હાજર
૧૬.	આચાર્ય ડૉ. લક્ષ્મીપ્રસાદ ધનશંકર દવે	હાજર
૧૭.	આચાર્ય મહે[illegible]લાલ ચંદુલાલ શાહ	હાજર.

૧. તા. ૯-૯-૧૯૭૨ના રોજ મળેલ સિન્ડિકેટની સભાની નોંધને મંજૂર કરવા બાબત.

તા. ૯-૯-૧૯૭૨ના રોજ મળેલ સિન્ડિકેટની સભાની નોંધને મંજૂર કરવામાં આવી, તથા તે પર કુલપતિશ્રીએ સહી કરી.

૨. ચાલુ વર્ષ ૧૯૭૨-૭૩માં સમાજવિદ્યા ભવનનઃ ફર્નિચર મરામત ખાતે રૂ. ૧,૦૦૦ના ખર્ચની બજેટ જોગવાઇ છે તે વધારી કુલ્લે રૂ. ૨,૦૦૦ની જોગવાઈ કરવા અંગે વિચારણા કરવા બાબત.

(**નોંધ.**—ચાલુ વર્ષે ટાઈપરાઈટર રિપેર્સ માટે તેમ જ વૉટર કૂલર રિપેર્સ માટે વધારાના રૂ. ૧,૦૦૦ ખર્ચવા પડે તેમ છે.)

આથી ઠરાવવામાં આવે છે કે ચાલુ વર્ષ ૧૯૭૨-૭૩માં સમાજવિદ્યા ભવનના અંદાજપત્રમાં ફર્નિચર મરામત ખાતે હાલ રૂ. ૧,૦૦૦(એક હજાર)ના ખર્ચની જોગવાઈ છે તે વધારીને કુલ રૂ. ૨,૦૦૦(બે હજાર)ની જોગવાઈ કરવી.

૩. શ્રી. ગિરીશભાઈ પટેલ આચાર્યપદેથી અને તેથી સેનેટ-સિન્ડિકેટના સભ્યપદેથી ફારેગ થયેલ હોઈ નીચેની સમિતિઓ પર તેમની જગ્યાએ અન્ય કોઈને નીમવા અંગે વિચારણા કરવા બાબત :

(૧) દેખભાળ સમિતિ

(૨) સ્થાનિક તપાસસમિતિઓએ કૉલેજોની જોડાણઅરજીઓ પર મોકલવાના અહેવાલ અંગેનું નિયત પત્રક તૈયાર કરવા અંગેની સમિતિ

(૩) ટ્યૂશન ફીનાં ધોરણો સુધારવા અંગેની સમિતિ

(૪) બપોરની કૉલેજો અંગેનાં ધારાધોરણ અંગેની સમિતિ

(૫) કૉલેજોના શિક્ષકોની હાજરીના કલાકો અને કામના દિવસો વધારવા અંગેની સમિતિ

(૬) ફાઇનાન્સ સમિતિ

(૭) સ્થાયી કાનૂનવિષયક સમિતિ

(૮) સ્ટાફ કન્સલ્ટેટિવ કમિટી

(૯) બોર્ડ ઑફ યુનિવર્સિટી ટીચિંગ

(૧૦) ગ્રંથાલય સમિતિ

(૧૧) પરીક્ષા સુધારણા સમિતિ

(૧૨) હૉસ્ટેલ સલાહકાર સમિતિ.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બાબતની વિચારણા મોકૂફ રાખવી.

૪. ઑર્ડિ. ૧૨૦-ડી (૧૬) (૧) અનુસાર છૂટા કરવામાં આવેલા શિક્ષકો અંગે લવાદ પંચ પર સિન્ડિકેટ તરફથી એક સભ્યની નિયુકિત કરવા અંગે વિચારણા કરવા બાબત.

(**નોંધ.**—આ અંગે સિન્ડિકેટે માજી ન્યાયમૂર્તિ શ્રી. નાનુભાઈ શેલતની નિમણૂક કરેલી, પરંતુ તેમનું અવસાન થયેલ હોઈ અન્યની નિમણૂક કરવાની રહે છે.)

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ લવાદપંચ પર સ્વર્ગસ્થ માનનીય શ્રી. નાનુભાઈ જ. શેલતની જગ્યાએ સિન્ડિકેટ તરફથી નીચેની ત્રણ વ્યકિતઓ પૈકી એકની ક્રમાનુવર્તી નિમણૂક કરવી :

(૧) માજી મુખ્ય ન્યાયમૂર્તિ શ્રી. નોમાનઅલીભાઈ મિયાભાઈ

(૨) શ્રી. ચન્દ્રકાન્ત ટી. દરુ

(૩) માજી ન્યાયમૂર્તિ શ્રી. અનંતરાય આર. બક્ષી.

૫. વિજ્ઞાન વિદ્યાભવનમાં આંકડાશાસ્ત્રના રીડરની ખાલી પડેલી જગ્યા પર ઑર્ડિ. ૬૬ પ્રમાણે વરણી-સમિતિ પર ત્રણ સભ્યોની નિમણૂક કરવા અંગે વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ વરણીસમિતિ પર સિન્ડિકેટના પ્રતિનિધિઓ તરીકે નીચેની વ્યકિતઓ પૈકી ત્રણની ક્રમાનુવર્તી નિમણૂક કરવી :

(૧) પ્રો. એન. એમ. ભટ્ટ

(૨) પ્રો. શ્રીમતી ઈન્દિરાબહેન વી. ભણોત

(૩) પ્રો. એમ. સી. ચક્રવર્તી

(૪) પ્રો. વી. એસ. હુઝૂરબજાર

(૫) પ્રો. બી. ડી. તીખીવાલ (રાજસ્થાન)

(૬) પ્રો. મિસ જૉર્જ એ. (કેરાળા).

૬. ૧૯૭૨–૭૩ના શૈક્ષણિક વર્ષ દરમ્યાન નીચે જણાવેલ સંલગ્ન કૉલેજો અને માન્ય સંસ્થાઓ માટે ત્રિવાર્ષિક તપાસસમિતિઓ નીમવા બાબત:

ક્રમાંક	કૉલેજ/માન્ય સંસ્થાનું નામ	વિદ્યાશાખા
(૧)	એલ. ડી. આર્ટ્સ કૉલેજ, અમદાવાદ	વિનયન
(૨)	ગુજરાત કૉલેજ, અમદાવાદ	વિનયન અને વિજ્ઞાન
(૩)	આર. આર. લાલન કૉલેજ, ભૂજ	વિનયન અને વિજ્ઞાન
(૪)	એમ. જી. સાયન્સ ઈન્સ્ટિટ્યૂટ, અમદાવાદ	વિજ્ઞાન
(૫)	એચ. એલ. કૉલેજ ઑફ કૉમર્સ, અમદાવાદ	વાણિજ્ય
(૬)	એચ. એ. કૉલેજ ઑફ કૉમર્સ, અમદાવાદ	વાણિજ્ય
(૭)	સર એલ. એ. શાહ લૉ કૉલેજ, અમદાવાદ	કાયદો
(૮)	એમ. એસ. ભગત ઍન્ડ સી. એસ. સોનાવાલા લૉ કૉલેજ, નડિયાદ	કાયદો
(૯)	એલ. ડી. એન્જિનિયરિંગ કૉલેજ, અમદાવાદ	ઈજનેરી
(૧૦)	બી. જે. ઈન્સ્ટિટ્યૂટ ઑફ લર્નિંગ ઍન્ડ રિસર્ચ, અમદાવાદ	વિનયન.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ કૉલેજો અંગે નીચે મુજબ ત્રિવાર્ષિક તપાસસમિતિઓ નીમવી :

ક્રમાંક	કૉલેજ / માન્ય સંસ્થાનું નામ	વિદ્યાશાખા	સભ્યનું નામ
૧.	એલ. ડી. આર્ટ્સ કૉલેજ, અમદાવાદ	વિનયન	આચાર્ય ધીરુભાઈ પી. ઠાકર પ્રો. કે. આર. ચન્દ્રશેખરન
૨.	ગુજરાત કૉલેજ, અમદાવાદ	વિનયન અને વિજ્ઞાન	ડૉ. જે. જે. ચિનોય પ્રો. એચ. સી. ભાયાણી
૩.	આર. આર. લાલન કૉલેજ, ભૂજ	વિનયન અને વિજ્ઞાન	પ્રો. અનંતરાય રાવળ આચાર્ય જે. જે. ત્રિવેદી
૪.	એમ. જી. સાયન્સ ઇન્સ્ટિટ્યૂટ, અમદાવાદ	વિજ્ઞાન	આચાર્ય એલ. ડી. દવે આચાર્ય એ. જી. મુનશી
૫.	એચ. એલ. કૉલેજ ઑફ કૉમર્સ, અમદાવાદ	વાણિજ્ય	આચાર્ય બી. એમ. પીરજાદા આચાર્ય કે. એમ. તલાટી
૬.	એચ. એ. કૉલેજ ઑફ કૉમર્સ, અમદાવાદ	વાણિજ્ય	આચાર્ય એસ. આર. મહેતા આચાર્ય સી. કે. ભટ્ટ
૭.	સર એલ. એ. શાહ લૉ કૉલેજ, અમદાવાદ	કાયદો	આચાર્ય વી. આર. રણદીવે આચાર્ય સી. ડી. વ્યાસ
૮.	એમ. એસ. ભગત ઍન્ડ સી. એસ. સોનાવાલા લૉ કૉલેજ, નડિયાદ	કાયદો	આચાર્ય એમ. એસ. પંડિત આચાર્ય પી. આર. દેસાઈ
૯.	એલ. ડી. એન્જિનિયરિંગ કૉલેજ, અમદાવાદ	ઇજનેરી	શ્રી. ગિરીશચન્દ્ર દેસાઈ ડૉ. કે. એમ. કોટડિયા
૧૦.	બી. જે. ઇન્સ્ટિટ્યૂટ ઑફ લર્નિંગ ઍન્ડ રિસર્ચ, અમદાવાદ	વિનયન	શ્રી. દલસુખભાઈ માલવણિયા ડૉ. ભોગીલાલ સાન્ડેસરા

૭. ઍકેડેમિક કાઉન્સિલે તેની તા. ૫/૬–૧–૧૯૭૨ની સભામાં બાબત ક્રમાંક ૮૬થી યુનિવર્સિટીનાં અનુસ્નાતક વિદ્યાભવનોની તંત્રરચના અંગેના હાલના સ્ટેચ્યૂટ ૨૦૨માં સુધારો સૂચવવા નીમેલી સમિતિના અહેવાલ ઉપર વિચારણા કરી ઍકેડેમિક કાઉન્સિલે તેની તા. ૨૭/૨૮–૬–૧૯૭૨ની સભામાં કરેલી નીચેની ભલામણો ઉપર વિચારણા કરવા બાબત :

"સદરહુ સમિતિના અહેવાલ પર લંબાણ ચર્ચાવિચારણાને અંતે ઠરાવવામાં આવ્યું કે સિન્ડિકેટને નીચે મુજબ ભલામણ કરવી :

(૧) અનુસ્નાતક ભવનોની હાલની વ્યવસ્થામાં નીચે પ્રમાણેનું સ્વાયત્તતાનું તત્ત્વ દાખલ કરવું.

(૨) સ્વાયત્તતા ત્રણ સ્તરે સ્થાપવી ઘટે :

(અ) યુનિવર્સિટી વહીવટી તંત્ર અને ભવનો વચ્ચે,

(આ) ભવન અને વિષય વિભાગ વચ્ચે, અને

(ઈ) વિષય વિભાગમાંના અંતર્ગત વ્યવહારમાં.

(૩) ભવનના અધ્યક્ષ ભવનમાં સમાવિષ્ટ વિષય વિભાગોના વડાઓની બનેલી સંયોજન સમિતિ સાથે ચર્ચાવિચારણા કરીને નિર્ણયો લે અને તેનો અમલ કરે. એ જ રીતે વિષય વિભાગના વડા એમના વિષયના બધા અધ્યાપકોની બનેલી સંયોજન સમિતિની સાથે ચર્ચાવિચારણા કરીને નિર્ણયો લે અને તેનો અમલ કરે.

(૩-અ) આ બન્ને પ્રકારની સલાહકાર સમિતિઓ વિદ્યાકીય વર્ષ દરમ્યાન ઓછામાં ઓછું દર મહિને એક વાર મળે.

(૪) યુનિવર્સિટીનાં જુદાં જુદાં અધિકારમંડળોમાં અને ખાસ કરીને વિદ્યાકીય કાર્યક્રમોમાં દરેક વિષય વિભાગના પ્રોફેસર કે રીડરને સભ્યપદ મળવું જોઈએ.

વધુમાં, વ્યાખ્યાતાઓનું પણ અમુક નિરિયન પ્રમાણમાં પ્રતિનિધિત્વ આવાં મંડળોમાં હોવું ઘટે. અલબત્ત, યુનિવર્સિટીના કાનૂની માળખામાં જેટલું શક્ય હોય તેટલું જ પ્રતિનિધિત્વ આપી શકાય.

(૬) ગ્રંથાલય, કાર્યાલય ઇત્યાદિ બાકીનાં કાર્યો માટે અધ્યક્ષનું કામ સંયોજનનું રહે. વિદ્યાર્થીમંડળની પ્રવૃત્તિઓ માટે પણ ભવનના અધ્યક્ષને જ બધા વિષય વિભાગોના વિદ્યાર્થીઓનું બનેલું સમાન કાર્યક્ષેત્ર સુલભ થવું ઘટે.

(૭) વ્યાખ્યાતાની નિમણૂકમાં હાલ જે આખી સિન્ડિકેટની બનેલી સમિતિ ઇન્ટરવ્યૂ લે છે અને તે પછી તેની ભલામણ પરથી સિન્ડિકેટ નિમણૂક કરે છે તે પ્રથા રદ કરીને જે તે વિષયના વ્યાખ્યાતાની નિમણૂક માટેની પસંદગી સમિતિ નીચે પ્રમાણે રાખવી :

"હોદ્દાની રૂએ કુલપતિશ્રી, જે તે ભવનના અધ્યક્ષ, વિષય વિભાગના વડા અને એ વિષયના એકેડેમિક કાઉન્સિલે સૂચવેલા બહારના બે નિષ્ણાતો."

(૮) રિસર્ચ આસિસ્ટન્ટની નિમણૂક જે તે વિષય વિભાગના વડા અને તેમના સાથે પ્રોફેસરો, રીડરો, વ્યાખ્યાતાઓની કે તેઓમાંથી નિમાયેલી પસંદગી સમિતિ કરે. જ્યારે સંશોધનકાર્ય કોઈ એક નિયત અધ્યાપકના માર્ગદર્શન હેઠળ ચાલતું હોય ત્યારે એ સંશોધનકામમાં ઉપયોગમાં લેવા માટે રિસર્ચ આસિસ્ટન્ટની નિમણૂક બાબતમાં સદર અધ્યાપકની પસંદગી નિર્ણાયક ગણવી.

(૯) વિષય વિભાગનું અંદાજપત્ર તૈયાર કરવાનું કામ વિષય વિભાગના વડા એ વિષયની સંયોજન સમિતિની સલાહથી કરશે.

(૧૦) ભવનોને વધારે કાર્યક્ષમ બનાવવા તથા અનુસ્નાતક શિક્ષણ અને સંશોધનપ્રવૃત્તિને વધારે ઉપકારક બનાવવાના હેતુથી સ્વાયત્તતાની ઉપર્યુક્ત જોગવાઈઓ સૂચવવામાં આવી છે. પ્રત્યેક ભવનમાં અને પ્રત્યેક વિષય વિભાગમાં કેવળ અનુસ્નાતક વર્ગોના શિક્ષણ આગળ જ સંપર્ક્કાર્ય સમાપ્ત થવું ન ઘટે, પણ શિક્ષણ ઉપરાંત સંશોધન ઉપર ભાર મુકાવો ઘટે. પ્રત્યેક વિષય વિભાગના અધ્યાપકો અને રિસર્ચ આસિસ્ટન્ટોને મળીને સમસ્ત વિભાગે હાથ ધરવા જેવો કોઈ સંશોધન વિષય હાથ ધરે અને તે ઉપરાંત પોતાના વિષયની જે શાખામાં અધ્યાપકને વિશેષ રસ હોય તેમાં સુધ્ધાં એ વ્યક્તિગત સંશોધનકાર્ય હાથ ધરે. ખરેખર તો આ હેતુ સિદ્ધ કરવા માટે જ ભવનોની તંત્રરચનામાં વધુ સ્વાયત્તતા અને વધુ કાર્યક્ષમતા આણવાની હિમાયત કરેલી છે."

(**નોંધ.**—સમિતિની ભલામણ ક્રમાંક ૪ એકેડેમિક કાઉન્સિલે મોકૂફ રાખી છે.)

સદરહુ બાબત અંગે કેટલીક ચર્ચાવિચારણાને અંતે નીચે મુજબ ઠરાવવામાં આવ્યું :

(ક) એકેડેમિક કાઉન્સિલની નીચેની ભલામણો મંજૂર કરવી, અને તેનો હાલ પ્રયોગાત્મક ધોરણે એક વર્ષ માટે અમલ કરવો અને તે પછી તેનું પુનરવલોકન કરવાનું રાખવું :

(૧) અનુસ્નાતક ભવનોની હાલની વ્યવસ્થામાં નીચે પ્રમાણેનું સ્વાયત્તાનું તત્ત્વ દાખલ કરવું.

(૨) સ્વાયત્તતા ત્રણ સ્તરે આપવી ઘટે :

(અ) યુનિવર્સિટી વહીવટી તંત્ર અને ભવનો વચ્ચે;

(આ) ભવન અને વિષય વિભાગ વચ્ચે; અને

(ઈ) વિષય વિભાગમાંના અંતર્ગત વ્યવહારમાં.

(૩) ભવનના અધ્યક્ષ ભવનમાં સમાવિષ્ટ વિષય વિભાગોના વડાઓની બનેલી સંયોજન સમિતિ સાથે ચર્ચાવિચારણા કરીને નિર્ણયો લે અને તેનો અમલ કરે. એ જ રીતે વિષય વિભાગના વડા એમના વિષયના બધા અધ્યાપકોની બનેલી સંયોજન સમિતિની સાથે ચર્ચાવિચારણા કરીને નિર્ણયો લે અને તેનો અમલ કરે.

(૩-અ) આ બંને પ્રકારની સલાહકાર સમિતિઓ વિદ્યાકીય વર્ષ દરમ્યાન ઓછામાં ઓછું દર મહિને એક વાર મળે.

(૪) રિસર્ચ આસિસ્ટન્ટની નિમણૂક જે તે વિષય વિભાગના વડા અને તેમના સાથે પ્રોફેસરો, રીડરો, વ્યાખ્યાતાઓની કે એઓમાંથી નિમાયેલી પસંદગી સમિતિ કરે. જ્યારે સંશોધનકાર્ય કોઈ એક નિયત અધ્યાપકના માર્ગદર્શન હેઠળ ચાલતું હોય ત્યારે એ સંશોધનકાર્યમાં ઉપયોગમાં લેવા માટે રિસર્ચ આસિસ્ટન્ટની નિમણૂક બાબતમાં સદર અધ્યાપકની પસંદગી નિર્ણાયક ગણવી.

(૫) વિષય વિભાગનાં અંદાજપત્ર તૈયાર કરવાનું કામ વિષય વિભાગના વડા એ વિષયની સંયોજન સમિતિની સલાહથી કરશે.

(૬) ભવનોને વધારે કાર્યક્ષમ બનાવવા તથા અનુસ્નાતક શિક્ષણ અને સંશોધન પ્રવૃત્તિને વધારે ઉપકારક બનાવવાના હેતુથી સ્વાયત્તાની ઉપર્યુક્ત જોગવાઈઓ સૂચવવામાં આવી છે. પ્રત્યેક ભવનમાં અને પ્રત્યેક વિષય વિભાગમાં કેવળ અનુસ્નાતક વર્ગોના શિક્ષણ આગળ જ સંપર્ક્કાર્ય સમાપ્ત થવું ન ઘટે, પણ શિક્ષણ ઉપરાંત સંશોધન ઉપર ભાર મુકાવો ઘટે, પ્રત્યેક વિષય વિભાગના અધ્યાપકો અને રિસર્ચ આસિસ્ટન્ટોના મળીને સમસ્ત વિભાગે હાથ ધરવા જેવો કોઈ સંશોધન વિષય હાથ ધરે અને તે ઉપરાંત પોતાના વિષયની જે શાખામાં અધ્યાપકને વિશેષ રસ હોય તેમાં સુધ્ધાં એ વ્યક્તિગત સંશોધનકાર્ય હાથ ધરે. ખરેખર તો આ હેતુ સિદ્ધ કરવા માટે જ ભવનોની તંત્રરચનામાં વધુ સ્વાયત્તતા અને વધુ કાર્યક્ષમતા આણવાની હિમાયત કરેલી છે.

(**નોંધ.**—સમિતિની ભલામણ ક્રમાંક ૪ પરની વિચારણા એકેડેમિક કાઉન્સિલે મોકૂફ રાખી છે.)

(ખ) ઍકેડેમિક કાઉન્સિલની નીચેની ભલામણોની નોંધ લેવી :

(૧) યુનિવર્સિટીનાં જુદાં જુદાં અધિકાર મંડળોમાં અને ખાસ કરીને વિદ્યાકીય કાર્યક્રમોમાં દરેક વિષય વિભાગના પ્રોફેસર કે રીડરને સભ્યપદ મળવું જોઈએ.

વધુમાં, વ્યાખ્યાતાઓનું પણ અમુક નિશ્ચિત પ્રમાણમાં પ્રતિનિધિત્વ આવાં મંડળોમાં હોવું ઘટે. અલબત્ત, યુનિવર્સિટીના કાનૂની માળખામાં જેટલું શક્ય હોય તેટલું જ પ્રતિનિધિત્વ આપી શકાય.

(૨) ગ્રંથાલય, કાર્યાલય, ઇત્યાદિ બાકીનાં કાર્યો માટે અધ્યક્ષનું કામ સંયોજનનું રહે. વિદ્યાર્થી મંડળની પ્રવૃત્તિઓ માટે પણ ભવનના અધ્યક્ષને જ બધા વિષય વિભાગોના વિદ્યાર્થીઓનું બનેલું સમાન કાર્યક્ષેત્ર સુલભ થવું ઘટે.

(ગ) ઍકેડેમિક કાઉન્સિલની નીચેની ભલામણની વિચારણા મોકૂફ રાખવી :

(૧) વ્યાખ્યાતાની નિમણૂકમાં હાલ જે આખી સિન્ડિકેટની બનેલી સમિતિ ઇન્ટરવ્યૂ લે છે અને તે પછી તેની ભલામણ પરથી સિન્ડિકેટ નિમણૂક કરે છે તે પ્રથા રદ કરીને જે તે વિષયના વ્યાખ્યાતાની નિમણૂક માટેની પસંદગી સમિતિ નીચે પ્રમાણે રાખવી :

"હોદ્દાની રૂએ કુલપતિશ્રી, જે તે ભવનના અધ્યક્ષ, વિષય વિભાગના વડા અને એ વિષયના ઍકેડેમિક કાઉન્સિલે સૂચવેલા બહારના બે નિષ્ણાતો."

૮. એમ.ઈ. (સિવિલ) ફ્લ્યુઇડ મિકેનિક્સનો નવો અભ્યાસક્રમ મંજૂર કરવા તથા તે માટેનો સંબંધકર્તા રેગ્યુલેશન સુધારી તેને જૂન ૧૯૭૨થી અમલમાં મૂકવા અંગે ઍકેડેમિક કાઉન્સિલની તા. ૨૬/૨૭-૮-૧૯૭૧ની સભાની ભલામણ ઉપર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બાબત અંગે ઍકેડેમિક કાઉન્સિલની ભલામણ મુજબ રેગ્યુ. ૯ સુધારીને તેને જૂન ૧૯૭૨થી અમલમાં મૂકવો.

(સુધારેલા રેગ્યુ. ૯ ની નકલ **પરિશિષ્ટ "ક"** તરીકે સામેલ છે.)

૯. પ્રો. એ. એમ. ત્રિવેદી મેમોરિયલ વક્તૃત્વસ્પર્ધા અંગે નિયમો તૈયાર કરવા બાબતમાં "પ્રો. એ. એમ. ત્રિવેદી મેમોરિયલ ફંડ"ના ટ્રસ્ટી શ્રી. એમ. જે. પટણીના આવેલ પત્ર પરત્વે વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ સુવર્ણચંદ્રક અંગેના નિયમો, સભામાં કરવામાં આવેલા ફેરફાર સાથે મંજૂર કરવા.

(મંજૂર કરવામાં આવેલા નિયમોની નકલ **પરિશિષ્ટ "ખ"** તરીકે સામેલ છે.)

૧૦. પરિસંવાદો, અધિવેશનો અને પરિષદોમાં પ્રતિનિધિઓ મોકલવા માટે ચોક્કસ ધોરણો નક્કી કરવા માટે સિન્ડિકેટે તેની તા. ૫/૬-૨-૧૯૭૨ની સભામાં નીમેલી સમિતિની તા. ૨૧-૬-૧૯૭૨ની સભાની ભલામણો પરત્વે વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ સમિતિની ભલામણો, સભાગૃહમાં કરવામાં આવેલા ફેરફારો સાથે મંજૂર કરવી.

(મંજૂર કરવામાં આવેલી ભલામણોની નકલ **પરિશિષ્ટ "ગ"** તરીકે સામેલ છે.)

વધુમાં ઠરાવવામાં આવે છે કે યુનિવર્સિટી તરફથી જુદી જુદી સભા-સમિતિઓના સભ્યોને તથા પરિષદો / પરિસંવાદોમાં મોકલવામાં આવતા પ્રતિનિધિઓને અપાતા પ્રવાસ-ભથ્થા અંગે પ્રવાસની ટિકિટનો નંબર અને / અથવા પ્રમાણપત્ર આપવાનું આવશ્યક ગણવાનો સિદ્ધાંત સ્વીકારવો, અને તે માટે તથા પરિસંવાદો, અધિવેશનો અને પરિષદોમાં મોકલવામાં આવતા પ્રતિનિધિઓને રહેઠાણભથ્થું જે હાલ રૂ. ૧૦/- આપવામાં આવે છે તે વધારીને રૂ. ૧૫/- કરવા માટે યુનિવર્સિટીનાં સંબંધકર્તા ધારાધોરણોમાં જરૂરી સુધારા કરીને તે બાબત આ સભાગૃહ સમક્ષ રજૂ કરવી.

૧૧. યુનિવર્સિટી ગ્રાન્ટ્સ યુટિલાઈઝેશન કમિટીની તા. ૧૫-૯-૧૯૭૨ના રોજ મળેલી સભાની ભલામણો પર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ સમિતિની તા. ૧૫-૯-૧૯૭૨ની સભાની ભલામણો મંજૂર કરવી.

(સદરહુ સમિતિની તા. ૧૫-૯-૧૯૭૨ની સભાની કાર્યવાહીની નોંધ **પરિશિષ્ટ "ધ"** તરીકે સામેલ છે.)

૧૨. સંલગ્ન કૉલેજોમાંથી છૂટા કરવામાં આવેલ શિક્ષકો અંગે સિન્ડિકેટના ઠરાવનું યથાર્થ પાલન નહિ કરનાર કૉલેજો અંગે વિચારણા કરી ભલામણ કરવા સિન્ડિકેટે તેની તા. ૫/૬-૮-૧૯૭૨ની સભામાં નીમેલી સમિતિની તા. ૨૩-૮-૧૯૭૨ની સભાની ભલામણ પર વિચારણા કરવા બાબત.

સદરહુ બાબતની વિચારણા બાબત નં. ૯૦ પડી કરવામાં આવી, પરંતુ સરળતા માટે તેની નોંધ અત્રે આપવામાં આવી છે.

આથી ઠરાવવામાં આવે છે કે-

(૧) શ્રી. એસ. એમ. મહેતા આર્ટ્સ એન્ડ એમ. એન. પટેલ કૉમર્સ કૉલેજ, હિંમતનગરમાં ગુજરાતીના અધ્યાપક શ્રી. સી. એમ. સુથારની સેવાનું સાતત્ય જાળવવામાં આવશે તે માટે સદરહુ કૉલેજના આચાર્યને તા. ૧૫-૧૦-૧૯૭૨ સુધીમાં અનુમોદન આપવા જણાવવું, અને ઉમેરવું કે તેમ કરવામાં આવશે નહીં તો તે કૉલેજને અપાતી આર્થિક સહાય અટકાવવા માટે રાજ્ય સરકારને ભલામણ કરવામાં આવશે.

(૨) એલ. ડી. આર્ટ્સ કૉલેજ, અમદાવાદમાં અંગ્રેજીનાં વ્યાખ્યાતા શ્રીમતી દર્શિની રાજેનની બાબતમાં સિન્ડિકેટે તેની તા. ૧૫-૪-૧૯૭૨ની સભામાં કરેલા ઠરાવનું પાલન તા. ૧૫-૧૦-૧૯૭૨ સુધીમાં કરવા માટે કૉલેજના આચાર્યશ્રીને જણાવવું, અને ઉમેરવું કે તેમ કરવામાં આવશે નહીં તો તે કૉલેજને અપાતી આર્થિક સહાય અટકાવવા માટે રાજ્ય સરકારને ભલામણ કરવામાં આવશે.

(૩) બનાસકાંઠા આર્ટ્સ અને સાયન્સ કૉલેજ, પાલનપુરના છૂટા થયેલ ગ્રન્થપાલ શ્રી. પી. ટી. પટેલના કેસ અંગેની વિગતો તપાસીને પોતાની ભલામણો ફરીથી રજૂ કરવા માટે સદરહુ સમિતિને જણાવવું.

(૪) આર્ટ્સ એન્ડ સાયન્સ કૉલેજ, ભાદરણના વ્યાખ્યાતા શ્રી. કે. ડી. પટેલની બાબતમાં સિન્ડિકેટે તેની તા. ૧૫-૪-૧૯૭૨ની સભામાં કરેલા ઠરાવનું પાલન સદરહુ કૉલેજે કર્યું નથી તે જોતાં, તે કૉલેજને આર્થિક સહાય આપવાનું અટકાવવા માટે રાજ્ય સરકારને ભલામણ કરવી.

(૫) જે. એન્ડ જે. કૉલેજ ઑફ સાયન્સ, નડિયાદના શ્રી. એચ. વી. શાહ અને શ્રી. કે. પી. દાવડાની બાબતમાં સિન્ડિકેટે તેની તા. ૧૫ ૪-૧૯૭૨ની સભામાં કરેલા ઠરાવનું પાલન સદરહુ કૉલેજે કર્યું નથી તે જોતાં, તે કૉલેજને આર્થિક સહાય આપવાનું અટકાવવા માટે રાજ્ય સરકારને ભલામણ કરવી.

(૬) સી. બી. પટેલ આર્ટ્સ ઇન્સ્ટિટ્યૂટ, નડિયાદના વ્યાખ્યાતા શ્રી. એન. એમ. જોશીની બાબતમાં સિન્ડિકેટે તેની તા. ૧૫-૪-૧૯૭૨ની સભામાં કરેલા ઠરાવનું પાલન સદરહુ કૉલેજે કર્યું નથી તે જોતાં તે કૉલેજને આર્થિક સહાય આપવાનું અટકાવવા માટે રાજ્ય સરકારને ભલામણ કરવી.

(૭) શેઠ પી. ટી. આર્ટ્સ એન્ડ સાયન્સ કૉલેજ, ગોધરાના ભૂતપૂર્વ આચાર્ય ડૉ. ટી. એન. મહેતાની બાબતમાં સિન્ડિકેટે તેની તા. ૧૬/૧૭-૧-૧૯૭૧ની સભામાં કરેલા ઠરાવનું પાલન સદરહુ કૉલેજે કર્યું નથી તે જોતાં, તે કૉલેજને આર્થિક સહાય આપવાનું અટકાવવા માટે રાજ્ય સરકારને ભલામણ કરવી.

૧૩. આચાર્ય એલ. ડી. દવે તથા પ્રો. કે. એસ. શાસ્ત્રી તરફથી આવેલ નીચેના પ્રસ્તાવ અંગે સિન્ડિકેટની તા. ૮/૯--૭--૧૯૭૨ની સભામાં ઠરાવ્યા મુજબ અન્ય યુનિવર્સિટીઓ પાસેથી મંગાવેલ માહિતીના સંદર્ભમાં સદરહુ પ્રસ્તાવ પર આગળ વિચારણા કરવા બાબત :

"All college teachers should be paid house rent allowance at the rate at 10% of their basic salary."

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ પ્રસ્તાવની નોંધ લેવી.

૧૪. સુરત મુકામે તા. ૨૦--૨--૧૯૭૧ના રોજ મળેલી જોઈન્ટ બોર્ડ ઑફ વાઈસ-ચાન્સેલર્સની સભાના ઠરાવને અનુલક્ષીને જુદી જુદી પરીક્ષાઓમાં ફીનું ધોરણ એકસરખું કરવાના પ્રશ્ન અંગે વિચારણા કરવા બાબત.

(**નોંધ.**— સિન્ડિકેટે તેની તા. ૭/૮--૮--૧૯૭૧ની સભામાં કામકાજ ક્રમાંક ૭૯થી ઠરાવ્યું હતું કે સદર બાબત અંગે સૂચિત ફેરફારોની વિગતો સાથે આ બાબત ફરીથી સભાગૃહ સમક્ષ રજૂ કરવી.)

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બાબતની વિચારણા મોકૂફ રાખવી.

૧૫. એસ્ટેટ સલાહકાર સમિતિની તા. ૧૪--૭--૧૯૭૨ની સભાની ભલામણો પર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ સમિતિની ભલામણોનો સામાન્ય સ્વીકાર કરવો અને તે અંગે વહીવટી રાહે શકય હોય તે મુજબ જરૂરી પગલાં લેવાનું રાખવું.

૧૬. શાહ કે. એસ. આર્ટ્સ એન્ડ વી. એમ. પારેખ કૉમર્સ કૉલેજ, કપડવંજમાં જૂન ૧૯૭૩થી બી.એ.(ગૌણ)માં હિન્દી અને પર્શિયન વિષયનું શિક્ષણકાર્ય ઑ. ૧૨૦--એફ ને આધીન ક્રમશ: બંધ કરવા પરવાનગી આપવાની સદરહુ કૉલેજના આચાર્ય તરફથી આવેલ વિનંતી પર વિચારણા કરવા બાબત.

(**નોંધ.**— કે. એસ. આર્ટ્સ એન્ડ વી. એમ. પારેખ કૉમર્સ કૉલેજ, કપડવંજના અધ્યાપકો તરફથી વિષયો બંધ કરવા અંગે સદરહુ કૉલેજે કરેલ અરજીના સંદર્ભમાં આવેદનપત્ર આવ્યું છે.)

અને

૧૭. સી. બી. પટેલ આર્ટ્સ કૉલેજ, નડિયાદને જૂન ૧૯૭૨થી બી.એ.(ગૌણ)માં સંસ્કૃત વિષયનું શિક્ષણકાર્ય બંધ કરવાની પરવાનગી આપવાની સદરહુ કૉલેજના આચાર્યશ્રીની વિનંતી પર વિચારણા કરવા બાબત.

[**નોંધ.**—(૧) આચાર્યશ્રીના જણાવ્યા પ્રમાણે સંસ્કૃતના શિક્ષક શ્રી. એન. એન. જોષી પાટણની આર્ટ્સ એન્ડ સાયન્સ કૉલેજમાં કાયમી નિમણૂક લઈ જોડાયા છે.

(૨) ૧૯૭૨--૭૩ના શૈક્ષણિક વર્ષમાં સંસ્કૃતના વિષયમાં એક પણ વિદ્યાર્થીએ પ્રવેશ લીધો નથી.]

અને

૧૮. ભવન્સ આર્ટ્સ એન્ડ સાયન્સ કૉલેજ, ડાકોર બી.એ.(મુખ્ય)માં સંસ્કૃત, બી.એ.(ગૌણ)માં રાજ્યનીતિશાસ્ત્ર અને મનોવિજ્ઞાન; તથા બી.એસસી.(જન.)માં વનસ્પતિવિજ્ઞાનના અભ્યાસક્રમોનું શિક્ષણકાર્ય આર્થિક તંગીને કારણે ઓ. ૧૨૦--એફ મુજબ ક્રમશ: બંધ કરવા માગે છે તો તેની પરવાનગી આપવા અંગે વિચારણા કરવા બાબત.

બાબત નં. ૧૬, ૧૭ અને ૧૮ની વિચારણા સાથે કરવામાં આવી.

તે પછી ઠરાવવામાં આવ્યું કે, સદરહુ બાબતો અંગે વિગતે તપાસ કરીને વિચારણા કરવા તથા તે અંગે પોતાની સુચિંતિત ભલામણો રજૂ કરવા માટે નીચે જણાવેલ સભ્યોની સમિતિ નીમવી :

(૧) આચાર્ય એમ. સી. શાહ
(૨) આચાર્ય ડૉ. ધીરુભાઈ પી. ઠાકર
(૩) આચાર્ય ડૉ. એલ. ડી. દવે
(૪) ડૉ. એમ. એન. દેસાઈ
(૫) પ્રો. કે. એસ. શાસ્ત્રી
(૬) શ્રી. હીરાલાલ એચ. ભગવતી.

૧૯. અનુસ્નાતક નિયમ નં. ૪૪ પ્રમાણે અનુસ્નાતક કેન્દ્રોને રસાયણ કે દ્રવ્યોને માટે અપાતી આર્થિક સહાય અંગે કેન્દ્રોને હિસાબો તેમ જ વાઉચર્સ રજૂ કરવામાંથી મુક્તિ આપવા માટે ફિઝિકલ રિસર્ચ લેબોરેટરી, અમદાવાદના અધ્યક્ષશ્રીના તા. ૨૭--૩--૧૯૭૨ના પત્રાંક પી.આર.એલ. ટીપી--જી.યુ. ૧૨--૭૨ પર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે ફિઝિકલ રિસર્ચ લેબોરેટરી, અમદાવાદને અનુસ્નાતક નિયમ નં ૪૪ મુજબ રાસાયણિક દ્રવ્યોને માટે આર્થિક સહાય અંગેના હિસાબો તેમ જ વાઉચરો રજૂ કરવામાંથી સને ૧૯૭૧--૭૨ના વર્ષ પૂરતી મુક્તિ આપવી અને સદરહુ સંસ્થાને અનુસ્નાતક કેન્દ્ર અંગેના હિસાબો જુદા રાખવા માટે જણાવવું, અને તે હિસાબો તથા વાઉચરો યથાસમયે રજૂ કરવા માટે સૂચના આપવી.

૨૦. રસાયણવિજ્ઞાનની અભ્યાસસમિતિની તા. ૮--૧૦--૧૯૭૧ની સભાની ભલામણ અન્વયે ઍકેડેમિક કાઉન્સિલની તા. ૬/૭--૪--૧૯૭૨ની સભાની નીચેની ભલામણ પર વિચારણા કરવા બાબત (ઍકેડેમિક કાઉન્સિલ, બાબત ક્રમાંક ૧૮) :

> "As Physical Chemistry and Inorganic Chemistry are two different subjects, post-graduate teachers qualified in one of them should not be henceforth permitted to teach the other. Those permitted to teach both may be requested to select one."

આથી ઠરાવવામાં આવે છે, કે ઍકેડેમિક કાઉન્સિલની ઉપરની ભલામણ મંજૂર કરવી અને તેનો અમલ તા. ૧૫મી જૂન ૧૯૭૩થી કરવાનું રાખવું.

૨૧. ગુજરાત યુનિવર્સિટી ટીચર્સ ઍસોસિયેશન (GUTA)ને માન્યતા આપવા અંગે તેના મંત્રીશ્રીના તા. ૧--૭--૧૯૭૨ના પત્ર ઉપર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બાબતમાં એક નોંધ તૈયાર કરીને આ સભાગૃહ સમક્ષ રજૂ કરવા માટે યુનિવર્સિટી કાર્યાલયને જણાવવું.

૨૨. ફર્સ્ટ બી.એ. પરીક્ષા માટે મનોવિજ્ઞાનના વિષયમાં જૂન ૧૯૭૨થી નવો અભ્યાસક્રમ અમલમાં આવતાં જૂન ૧૯૭૨ અને તે પહેલાં લેવાયેલ પરીક્ષામાં મનોવિજ્ઞાન વિષયમાં જે વિદ્યાર્થીઓ નાપાસ થયા હોય અગર પરીક્ષામાં બેઠા ન હોય તેવા વિદ્યાર્થીઓની જૂના અભ્યાસક્રમ મુજબના પ્રશ્નપત્ર ૧—ઈન્ટ્રોડક્શન ટૂ જનરલ સાયકોલોજી અને પ્રશ્નપત્ર ૨—ઈન્ટ્રોડક્શન ટૂ સોશિયલ સાયકોલોજીના પ્રશ્નપત્રો મુજબની વધુ બે પરીક્ષાઓ એટલે કે રેગ્યુલર વિદ્યાર્થીઓ માટે એપ્રિલ ૧૯૭૩ અને એપ્રિલ ૧૯૭૪ સુધી અને એક્સ્ટર્નલ વિદ્યાર્થીઓ માટે ઑકટોબર ૧૯૭૩ અને ઑકટોબર ૧૯૭૪ સુધી લેવા અભ્યાસસમિતિના અધ્યક્ષશ્રીના મંતવ્ય પર વિચારણા કરવા બાબત.

(જૂન ૧૯૭૨થી પ્રશ્નપત્ર ૧—જનરલ સાયકોલોજી અને પ્રશ્નપત્ર ૨—ચાઈલ્ડ સાયકોલોજીનો અભ્યાસક્રમ અમલમાં આવેલ છે.)

આથી ઠરાવવામાં આવે છે કે ફર્સ્ટ બી.એ. પરીક્ષા માટે મનોવિજ્ઞાનના વિષયમાં જૂન ૧૯૭૨ અને તે પહેલાં લેવાયેલ પરીક્ષામાં મનોવિજ્ઞાન વિષયમાં જે વિદ્યાર્થીઓ નાપાસ થયા હોય અગર પરીક્ષામાં બેઠા ન હોય તેવા વિદ્યાર્થીઓના જૂના અભ્યાસક્રમ મુજબના પ્રશ્નપત્ર ૧-" ઈન્ટ્રોડક્શન ટૂ જનરલ સાયકોલોજી " અને પ્રશ્નપત્ર ૨—" ઈન્ટ્રોડક્શન ટૂ સોશિયલ સાયકોલોજી " ના પ્રશ્નપત્રો મુજબની વધુ બે પરીક્ષાઓ એટલે કે રેગ્યુલર વિદ્યાર્થીઓ માટે એપ્રિલ ૧૯૭૩ અને એપ્રિલ ૧૯૭૪ સુધી અને એક્સ્ટર્નલ વિદ્યાર્થીઓ માટે ઑકટોબર ૧૯૭૩ અને ઑકટોબર ૧૯૭૪ સુધી લેવાનું રાખવું.

૨૩. સિન્ડિકેટના સભ્યો તથા યુનિવર્સિટીના શિક્ષકોને પરીક્ષાનાં કેન્દ્રોની ઓચિંતી મુલાકાત માટે જવાનું થાય ત્યારે, જો તેઓ પોતાની મોટર વાપરે કે ટેક્ષીમાં જાય તો તેઓને કયા દરે મુસાફરી ભથ્થું આપવું તે અંગે વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બાબત અંગે જે સભ્ય કે સભ્યો પોતાની મોટરગાડીમાં પ્રવાસ કરે તેમને દર કિલોમીટર દીઠ ૦—૧૦ પૈસા લેખે વાહનભથ્થું આપવાનું ધોરણ સ્વીકારવું.

વધુમાં ઠરાવવામાં આવે છે કે ઉપર જણાવેલ વાહનભથ્થું મોટરગાડી ધરાવનાર સભ્યને આપવું અને તે જ મોટરગાડીમાં બીજા કોઈ સભ્ય કે સભ્યોએ પ્રવાસ કર્યો હોય તો તેમને કશું પ્રવાસભથ્થું આપી શકાશે નહિ.

૨૪. એમ.એસસી. માઈક્રોબાયોલોજી વિષયની પ્રાયોગિક પરીક્ષાના દિવસો દરમ્યાન હાલ પ્રાયોગિક પરીક્ષાના પ્રેપરેશન અને ક્લીનિંગ માટે બે હમાલની નિમણૂક કરવાની જે જોગવાઈ છે તેમની પરીક્ષાના દિવસો દરમ્યાન પણ એકને બદલે બે હમાલની નિમણૂક કરવાના જે. એન્ડ જે. સાયન્સ કૉલેજ, નડિયાદના આચાર્યશ્રીના સૂચન ઉપર વિચારણા કરવા બાબત.

(વિજ્ઞાન વિદ્યાશાખાના ડીનશ્રીએ એકને બદલે બે હમાલની નિમણૂક આવશ્યક હોવાનો અભિપ્રાય આપેલ છે.)

આથી ઠરાવવામાં આવે છે કે એમ.એસસી. માઈક્રોબાયોલોજી વિષયની પ્રાયોગિક પરીક્ષાના દિવસો દરમ્યાન હાલ પ્રાયોગિક પરીક્ષા માટે તૈયારી અને સાફસૂફી (preparation and cleaning) માટે પરીક્ષાના દિવસો દરમ્યાન બે હમાલની નિમણૂક કરવાનું ધોરણ સ્વીકારવું.

૨૫. શ્રી. પ્રફુલ્લચંદ્ર સી. શાહના નીચેના પ્રસ્તાવ ઉપર વિચારણા કરવા બાબત :

"આપણાં ગુજરાત યુનિવર્સિટીનાં ભવનો અંગે અવારનવાર ફરિયાદો થતી રહે છે. ઘણો વાર ઊહાપોહ પણ જાણવા મળે છે. વળી આ બાબતમાં સિન્ડિકેટમાં પણ અનેક વખત ચર્ચાઓ થઈ છે. એકેડેમિક કાઉન્સિલમાં પણ ચર્ચાઓ થયા કરે છે. ભવનો અંગેની ફરિયાદોમાં મુખ્યત્વે શિક્ષકોના કાર્યભાર, ભવનોમાં તેમની નિયમિત હાજરી, સંશોધનકાર્ય, શિક્ષણકાર્ય વગેરે અંગેની નિયમિતતાને અગત્યની ગણાવી શકાય. ભવનો પાછળ આપણે પુષ્કળ પ્રમાણમાં ખર્ચ કરીએ છીએ. તેના બદલામાં સમાજને શું મળે છે તે જાણવા માટે આપણે સૌ ઉત્સુક હોઈએ એ સ્વાભાવિક છે. વળી આપણાં ભવનો સામાન્ય અનુસ્નાતક કેન્દ્રો તરીકે જ કાર્ય કરે છે તેવી આપણી સામાન્ય અપેક્ષા ન જ હોય. વળી ભવનોના શિક્ષકોને પૂરતી સવલત, સારા પગારો, નોકરીની સ્થિરતા વગેરેને લક્ષમાં લેતાં આ શિક્ષકો પાસે સમાજ કંઈક વિશેષ આશા રાખે છે. આટલી પૂર્વભૂમિકા રજૂ કર્યા પછી ઉપરોકત બાબતોમાં આપણાં ભવનોની સ્થિતિ, શિક્ષકોએ કરેલું સંશોધનકાર્ય, કાર્યબોજ, નિયમિતતા વગેરે ચકાસવા માટે એક કાયમી તંત્ર અગર ઉચ્ચ કક્ષાની કાયમી સમિતિ નીમવી જોઈએ અને તે નીમીને ભવનો સુવ્યવસ્થિત કાર્ય કરે તે માટે જરૂરી રચનાત્મક અને શૈક્ષણિક સૂચનો કરવામાં આવે અને તેનો અમલ થાય તે જોવા મારી સિન્ડિકેટને આગ્રહભરી ભલામણ છે."

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ પ્રસ્તાવ બોર્ડ ઑફ યુનિવર્સિટી ટીચિંગની વિચારણા માટે મોકલવો.

૨૬. શ્રી. સત્યેન્દ્ર કા. ઝવેરીના નીચેના પ્રસ્તાવ પર વિચારણા કરવા બાબત :

Ordinance 120–A :

"No management or college shall terminate the services of any teacher without the previous approval of the Syndicate of this University."

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ પ્રસ્તાવની નોંધ લેવી.

૨૭. શ્રી. કે. એસ. શાસ્ત્રીના નીચેના પ્રસ્તાવ ઉપર વિચારણા કરવા બાબત :

"જે અધ્યાપકો સંલગ્ન કૉલેજોમાં અધ્યાપનકાર્ય કરતા હોય અને કૉલેજ દ્વારા તેમની શિક્ષક તરીકેની માન્યતા માટે અરજી કરવામાં ન આવી હોય તો તેવા તમામ અધ્યાપકો જો તેઓ જરૂરી લાયકાત ધરાવતા હોય તો જ્યારથી અધ્યાપન કરતા હોય ત્યારથી તેમને જે તે પદ માટે લાયક ગણવા."

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ પ્રસ્તાવમાં જણાવવામાં આવ્યો છે તેવો કોઈ કેસ આવ્યેથી જોઈતપાસીને તે પર વ્યક્તિગત ધોરણે વિચારણા કરવાનું રાખવું.

૨૮. શ્રી. એસ. બી. વોરાનાં નીચેનાં સૂચનો પર વિચારણા કરવા બાબત :

(૧) યુનિવર્સિટીની જુદી જુદી પરીક્ષાઓમાં પેપર-સેટર્સનાં નામ ખાનગી રાખવાને બદલે તે નામો તેમણે કાઢેલાં પેપર્સ પર છાપવામાં આવે.

(૨) યુનિવર્સિટીની જુદી જુદી પરીક્ષાઓમાં નિમાયેલા એકઝામિનર્સનાં નામ ખાનગી રાખવાને બદલે તેમની યાદી યુનિવર્સિટીના તથા સંલગ્ન કૉલેજોના નોટિસબોર્ડ પર પ્રદર્શિત કરવામાં આવે.

[**નોંધ.**—૧. નં. (૧)માં જણાવેલ સૂચન સ્વીકાર્ય છે, પરંતુ જે વિષયમાં એક કરતાં વધારે પેપરો હોય ત્યાં દરેક પેપર પર આખી મંડળીનું નામ લખવું રહે તેમ કાર્યાલયનું સૂચન છે.

૨. નં. (૨)માં જણાવેલ સૂચનમાં યાદીઓ પરીક્ષા પૂરી થયા પછીથી છ માસે પ્રદર્શિત કરવામાં વાંધો નથી તેમ કાર્યાલયનું સૂચન છે.]

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બેઉ સૂચનો સ્વીકારવાં નહિ.

૨૯. શ્રી. ગિરીશભાઈ પટેલના નીચેના પ્રસ્તાવ પર વિચારણા કરવા બાબત :

" અર્વાચીન જગતમાં શૈક્ષણિક સંસ્થાઓ ધાર્મિક કે ધર્માદાની બીજી સંસ્થાઓ કરતાં સ્વરૂપે, કાર્ય અને ઉદ્દેશોમાં તદ્દન ભિન્ન પ્રકારની છે, અને સમાજમાં આગવું સ્થાન ધરાવે છે. સમાજની પ્રગતિ અને આબાદી શિક્ષણના ઉચ્ચ સિદ્ધાંતો અનુસાર ચાલતી શૈક્ષણિક સંસ્થાઓ ઉપર આધાર રાખે છે. આ હકીકતને ધ્યાનમાં રાખી ઉચ્ચ શિક્ષણ આપતી સંસ્થાઓ માટે સામાજિક જવાબદારી, સંસ્થાકીય સ્વાયત્તતા, શિક્ષકો અને વાલીઓની ભાગીદારીના સિદ્ધાંત ઉપર રચાયેલા અલગ એજ્યુકેશનલ ટ્રસ્ટ એક્ટ ઘડવા સિન્ડિકેટની આ સભા રાજ્ય સરકારને ભલામણ કરે છે."

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ પ્રસ્તાવની નોંધ લેવી.

તે પછી સભાગૃહની સંમતિથી બાબત નં. ૯૧ ચર્ચાવિચારણા માટે હાથ ધરવામાં આવી.

૯૧. ડૉ. જ્યંત બી. હરિભક્તિ તરફથી આવેલ નીચેના પ્રસ્તાવ પર વિચારણા કરવા બાબત :

" ડોંગેરકરી કમિશનના અહેવાલના આધારે ગુજરાત સરકારે ગુજરાત યુનિવર્સિટી ધારા, ૧૯૫૦માં ઘણા અગત્યના અને મૂળગામી ફેરફારો કરતો સુધારા--ખરડો તૈયાર કર્યો છે અને થોડા જ સમયમાં તેને કાયદાનું રૂપ આપવા વિચારે છે એવું જાણવા મળે છે. આ હકીકતને ધ્યાનમાં લેતાં સ્પષ્ટ જણાશે કે નવા વાઇસ-ચાન્સેલરની પસંદગી નવા ધારા હેઠળ થાય તે લોકશાહીના સિદ્ધાંતની દૃષ્ટિએ અને શિક્ષણની દૃષ્ટિએ ઉચિત ગણાશે. આ પરિસ્થિતિમાં નવો ધારો અમલમાં આવે ત્યાં સુધી ચાલુ વાઇસ-ચાન્સેલરની મુદતમાં વધારો કરવા સિન્ડિકેટની આ સભા રાજ્ય સરકારને અને ચાન્સેલરશ્રીને ખાસ ભલામણ કરે છે."

તેના સંદર્ભમાં શ્રી. ઈન્દ્રવદન મોદીનો નીચેનો પ્રસ્તાવ પણ સભાગૃહ સમક્ષ રજૂ કરવામાં આવ્યો :

" ડોંગેરકરી કમિશનની ભલામણો પરથી ગુજરાત યુનિવર્સિટી સહિત રાજ્યની તમામ યુનિવર્સિટી-ઓના ધારામાં સુધારાવધારા કરવાની કાર્યવાહી હાલ રાજ્ય કક્ષાએ હાથ ધરવામાં આવેલી છે તેના સંદર્ભમાં નવા બંધારણ હેઠળ કુલપતિશ્રીની વરણી થાય તેને સિન્ડિકેટની આ સભા લોકશાહીયુકત અને ઉચિત માને છે, અને તેથી રાજ્ય સરકારને ભલામણ કરે છે કે તે માટે વચગાળાની વ્યવસ્થા થઈ શકે તે માટે ગુજરાત યુનિવર્સિટી ધારાની કલમ ૧૦માં જરૂરી સુધારો ત્વરિત કરવામાં આવે. "

ચર્ચાની શરૂઆતમાં કુલપતિ શ્રી. ઉમાશંકર જોશીએ સભાગૃહને જણાવ્યું કે કુલપતિપદની તેમની મુદત તા. ૩૦મી નવેંબર ૧૯૭૨ના રોજ પૂરી થાય તે પછી તેઓ કુલપતિપદે ચાલુ રહેવા ઇચ્છતા નથી.

તે પછી સેનેટની તા. ૯–૧૦ ઓક્ટોબર ૧૯૭૨ના રોજ મળનાર સભામાં કુલપતિપદ માટેની પેનલની ચૂંટણી ગુજરાત રાજ્યની યુનિવર્સિટીઓના કાયદાઓના આધુનીકરણ પંચ(ડોંગેરકરી કમિશન)ની ભલામણો ઉપરથી ગુજરાત યુનિવર્સિટી ધારામાં ફેરફાર કરવા માટેની રાજ્ય કક્ષાએ ચાલી રહેલી

કાર્યવાહીના સંદર્ભમાં કેમ પ્રયોજવામાં આવી નથી તેનો ખ્યાલ કુલપતિશ્રીએ સભાગૃહને વિસ્તારથી આપ્યો, અને સ્પષ્ટતા કરી કે યુનિવર્સિટીના હાલના કાયદા હેઠળ નવેંબર માસમાં કુલપતિપદની મુદત પૂરી થાય તે પહેલાં પેનલની ચૂંટણી કરવા માટે હજુ પૂરતો સમય છે. હાલના યુનિવર્સિટી ધારા હેઠળ નિમાયેલી વ્યકિત, નવો યુનિવર્સિટી ધારો અમલમાં આવતાં કુલપતિપદે ચાલુ રહી શકે કે કેમ અને રહી શકે તો કેટલો સમય ચાલુ રહી શકશે તેની સ્પષ્ટતા તેઓ નિમાય તે વખતે થાય તે જરૂરી ગણાય કે નહીં એ પ્રશ્ન તરફ પણ કુલપતિશ્રીએ સભાગૃહનું ધ્યાન ખેંચ્યું.

તે પછી તેઓશ્રી સભાગૃહની બહાર ગયા.

તે પછી શ્રી. ઝીણાભાઈ ર. દેસાઈએ સભાગૃહની વિનંતીથી સભાનું પ્રમુખસ્થાન સ્વીકાર્યું.

તે પછી ડૉ. જ. બી. હરિભકિતના અને શ્રી. ઈન્દ્રવદન મોદીના ઉપરના પ્રસ્તાવો ઉપર ચર્ચાવિચારણા થઈ.

તે પછી સભાગૃહે ચર્ચાવિચારણા કરીને ઉપરના બેઉ પ્રસ્તાવોને બદલે નીચેના સુધારેલા પ્રસ્તાવ પર વિચારણા કરવાનું ઠરાવ્યું :

"ડોંગેરકરી કમિશનના અહેવાલના આધારે ગુજરાત સરકારે ગુજરાત યુનિવર્સિટી ધારા, ૧૯૭૦માં ઘણા અગત્યના અને મૂળગામી ફેરફારો કરતા સુધારાનો ખરડો તૈયાર કર્યો છે અને થોડા જ સમયમાં તેને કાયદાનું રૂપ આપવા વિચારે છે એવું જાણવા મળે છે. આ હકીકતને ધ્યાનમાં લેતાં સ્પષ્ટ જણાશે કે નવા વાઈસ ચાન્સેલરની પસંદગી નવા ધારા હેઠળ થાય તે લોકશાહીના સિદ્ધાંતની દૃષ્ટિએ અને શિક્ષણની દૃષ્ટિએ ઉચિત ગણાશે. આ પરિસ્થિતિમાં નવો ધારો અમલમાં આવે અને તે મુજબ નવા વાઈસ-ચાન્સેલર પદગ્રહણ કરે ત્યાં સુધી વાઈસ-ચાન્સેલરની ચાલુ મુદતમાં વધારો કરવા અથવા વચગાળાની અન્ય વ્યવસ્થા કરવા માટે સિન્ડિકેટની આ સભા રાજ્ય સરકારને અને કુલાધિપતિશ્રીને ખાસ ભલામણ કરે છે."

ઉપરના સુધારેલા પ્રસ્તાવ પર લાંબાણ ચર્ચાવિચારણાને અંતે મત લેવામાં આવતાં તેની તરફેણમાં ૬ મત અને વિરુદ્ધમાં ૬ મત પડ્યા.

તે પછી આચાર્ય એમ. સી. શાહે અને ડૉ. એમ. એન. દેસાઈએ ગુપ્ત મતદાનની માગણી કરી.

તે પછી પ્રમુખશ્રીએ નીચે મુજબ ચકાસણીદારો(Scrutineers)ની નિમણૂક કરી :

(૧) શ્રી. ઈન્દ્રવદન અં. મોદી
(૨) આચાર્ય એમ. સી. શાહ.

ગુપ્ત મતદાનથી લેવામાં આવેલા મતોની ગણતરી કરતાં ઉપર મુજબ સુધારેલા પ્રસ્તાવની તરફેણમાં ૬ અને વિરુદ્ધમાં ૮ મત પડતાં તેને ઊડી ગયેલો જાહેર કરવામાં આવ્યો.

તે પછી કુલપતિ શ્રી. ઉમાશંકર જોશી સભાગૃહમાં આવતાં તેઓશ્રીએ શ્રી. ઝીણાભાઈ ર. દેસાઈ પાસેથી પ્રમુખસ્થાન સંભાળ્યું.

નીચેની બાબતો ૩૦થી ૪૬ની વિચારણા મોકૂફ રાખવામાં આવી :

૩૦. શ્રી. ગિરીશભાઈ પટેલના નીચેના પ્રસ્તાવ પર વિચારણા કરવા બાબત :

"ગુજરાત યુનિવર્સિટી ધારા, ૧૯૭૦, કલમ 33 (૧) (બી) મુજબ દરેક કૉલેજ Regularly Constituted Governing Bodyના સંચાલિત હોવી આવશ્યક છે અને તે પ્રકારનો સંતોષ સિન્ડિકેટને

આપવાનો હોય છે. આ ધારા હેઠળ Regularly Constituted Governing Body કોને કહેવાય તે નક્કી કરવાની સત્તા સિન્ડિકેટ પાસે છે. તો સિન્ડિકેટની આ સભા દરેક કૉલેજને આદેશ આપે છે કે આવતા ત્રણ માસમાં તેમણે નીચે પ્રમાણે ગવર્નિંગ બૉડીની રચના કરવી :

ટ્રસ્ટીઓ	...	૨
આચાર્ય	...	૧
શિક્ષકો	...	૨
વિદ્યાર્થી	...	૧
વાલીઓ	...	૨
ગુજરાત યુનિવર્સિટી પ્રતિનિધિ	...	૧
કુલ	...	૯."

૩૧. શ્રી. ગિરીશભાઈ પટેલના નીચેના પ્રસ્તાવ ઉપર વિચારણા કરવા બાબત :

"સિન્ડિકેટની આ સભા દરેક કૉલેજને આદેશ આપે છે કે આવતા ૬ મહિનામાં દરેક કૉલેજે અલગ ટ્રસ્ટ તરીકે પોતાની નોંધણી કરાવવી."

૩૨. શ્રી. ગિરીશભાઈ પટેલના નીચેના પ્રસ્તાવ ઉપર વિચારણા કરવા બાબત :

"સંલગ્ન કૉલેજોમાં શિક્ષણકાર્ય કરતા શિક્ષકોની નોકરીની સલામતી અને સ્થિરતા માટે અને તે અંગે યોગ્ય ધોરણો ઊભાં થાય તે માટે યુનિવર્સિટીએ તાત્કાલિક પગલાં ભરવાં જરૂરી છે અને તેથી નીચેનો ઑર્ડિનન્સ ઘડવા સિન્ડિકેટને ભલામણ છે :

No teacher (including the Principal of an affiliated college) working in any of affiliated colleges in Gujarat University shall be dismissed, discharged or reduced in rank without the approval of the Syndicate."

૩૩. શ્રી. ગિરીશભાઈ પટેલના નીચેના પ્રસ્તાવ પર વિચારણા કરવા બાબત :

"સંલગ્ન કૉલેજોમાં કાર્ય કરતા શિક્ષકોની નિમણૂકો તેમ જ તેમાં થતા ફેરફાર અંગેની માહિતી આપતા ઑ. ૯૬ અને ઑ. ૯૭ અંગે કૉલેજો શિક્ષકોનાં નામો વગેરે યુનિવર્સિટીને મોકલે તે ફૉર્મમાં લાગતાવળગતા શિક્ષકની સહી હોવી આવશ્યક ગણાવી જોઈએ અને તે અંગે યુનિવર્સિટી જે પગલાં લે તેની તે શિક્ષકને પણ જાણ કરવી જોઈએ."

૩૪. શ્રી. ગિરીશભાઈ પટેલના નીચેના પ્રસ્તાવ પર વિચારણા કરવા બાબત :

"સાયન્સ, આર્ટ્સ અને કૉમર્સ ફેકલ્ટીમાં ત્રણ વર્ષના અભ્યાસક્રમમાં વધારે પડતું Specialization હોવાને કારણે વિદ્યાર્થીઓને સ્નાતક કક્ષાએ નુકસાન થયું છે, અને તેથી કેમ્બ્રિજ કે ઑક્સફર્ડમાં Tripeની પદ્ધતિ છે તેના જેવી પદ્ધતિ અપનાવવા અંગે વિચારણા કરવી જરૂરી છે."

૩૫. શ્રી. ગિરીશભાઈ પટેલના નીચેના પ્રસ્તાવ પર વિચારણા કરવા બાબત :

"સંલગ્ન કૉલેજો/યુનિવર્સિટીમાં બધા જ માટે શિક્ષણ અને વિદ્યાનાં ધોરણો ગુણવત્તાની દૃષ્ટિએ ઊંચે આવે તે માટે કયાં ચોક્કસ, વ્યવહારુ અને તાત્કાલિક અમલમાં આવે એવાં પગલાં લેવાં તે

અંગે સમગ્ર વિચારણા કરવી જરૂરી છે અને તે અંગે તાત્કાલિક કમિટી નીમી એક મહિનામાં તેનો અહેવાલ મગાવવો."

૩૬. શ્રી. ગિરીશભાઈ પટેલના નીચેના પ્રસ્તાવ પર વિચારણા કરવા બાબત :

"યુ.જી.સી. તરફથી મળતી વિવિધ પ્રકારની ગ્રાન્ટોનો સત્વરે લાભ લેવાય તે આવશ્યક છે અને તે માટે મૅચિંગ ગ્રાન્ટો, કૉલેજો ઊભી કરે તેવા પ્રયત્નો કરવા જોઈએ અને ગુજરાત સરકાર આવી મૅચિંગ ગ્રાન્ટ લોન તરીકે કે કોઈ બીજી રીતે કૉલેજોને આપી શકે તે માટે એક Educational Finance Corporation જેવી સંસ્થા ઊભી કરે તે માટે ગુજરાત સરકાર સાથે તાત્કાલિક વાટાઘાટ કરવામાં આવે."

૩૭. શ્રી. ગિરીશભાઈ પટેલના નીચેના પ્રસ્તાવ પર વિચારણા કરવા બાબત :

"કેન્દ્રના તેમ જ રાજ્યના વિવિધ મજૂર અને ઔદ્યોગિક કાયદાઓ યુનિવર્સિટી, તેના કર્મચારીઓ અને કૉલેજો અને તેના કર્મચારીઓને લાગુ પાડવા માટે આ યુનિવર્સિટી કેન્દ્ર સરકાર તેમ જ રાજ્ય સરકારને ભલામણ કરે."

૩૮. શ્રી. ગિરીશભાઈ પટેલના નીચેના પ્રસ્તાવ પર વિચારણા કરવા બાબત :

"યુનિવર્સિટી સાથેની સંલગ્ન કૉલેજોના વહીવટ અંગે વિવિધ પ્રકારની જે ફરિયાદો અને કેટલીક કૉલેજોનાં સંચાલકમંડળોનાં વર્તતાં જતાં મનસ્વી કાર્યોને ધ્યાનમાં લેતાં સિન્ડિકેટે બધી જ કૉલેજોની સર્વાંગી તપાસ કરાવવી જોઈએ અથવા ગુજરાત યુનિવર્સિટી ઍક્ટ હેઠળ ચાન્સેલરને તપાસ કરવા વિનંતી કરવી જોઈએ."

૩૯. શ્રી. ગિરીશભાઈ પટેલના નીચેના પ્રસ્તાવ પર વિચારણા કરવા બાબત :

"યુનિવર્સિટી સાથે જોડાયેલી સંલગ્ન કૉલેજોની તપાસ માટે યુનિવર્સિટીએ તાત્કાલિક એટલે કે એક મહિનામાં ઇન્સ્પેકશન યુનિટ ઊભું કરવું જોઈએ અને તે માટે જરૂરી કાર્યવાહી તરત જ શરૂ કરવી."

૪૦. શ્રી. ગિરીશભાઈ પટેલ તરફથી આવેલ નીચેના પ્રસ્તાવ ઉપર વિચારણા કરવા બાબત :

"કૉલેજોમાં આપવામાં આવતી વૅકેશનની રજાઓ આનંદ કરવા માટે છે પરંતુ વિવિધ અભ્યાસ કરવા માટે છે; તો દરેક વિષયનો થોડો ભાગ એવો રાખવો જોઈએ કે જેની તૈયારી વૅકેશન દરમિયાન થાય અને કૉલેજ ઊઘડતાં તેની પરીક્ષા લેવી જરૂરી ગણાવી જોઈએ."

૪૧. શ્રી. ગિરીશભાઈ પટેલ તરફથી આવેલ નીચેના પ્રસ્તાવ ઉપર વિચારણા કરવા બાબત :

"કોઈ પણ કૉલેજ કોઈ વર્ષમાં વિશિષ્ટ પ્રયોગ કે સિદ્ધિ પ્રાપ્ત કરી હોય તો તેની યોગ્ય કદર કરવી તેમ જ બીજી કૉલેજોને તેમાંથી પ્રેરણા મળે તેવી રીતે કોઈ વ્યવસ્થા ઊભી કરવી જરૂરી છે."

૪૨. તા. ૨૯/૩૦--૯--૧૯૭૧ તથા તા. ૮--૧--૧૯૭૨ના રોજ મળેલ સેનેટની વિશેષ સભામાં પસાર થયેલ નીચેના ઠરાવ પર આગળ ઘટતાં પગલાં લેવા અંગે વિચારણા કરવા બાબત :

"પ્રાધ્યાપકોને પોતાના વિષયનાં પુસ્તકો ખરીદવા અંગે મૅચિંગ ગ્રાન્ટ આપવા અંગેની નીતિ ઘડી કાઢવા માટે સંબંધકર્તા સત્તામંડળને આ સભા વિનંતી કરે છે."

૪૩. તા. ૨૯/૩૦--૯--૧૯૭૧ તથા તા. ૮--૧--૧૯૭૨ના રોજ મળેલ સેનેટની વિશેષ સભામાં મંજૂર થયેલા નીચેના ઠરાવ પર આગળ ઘટતાં પગલાં લેવા અંગે વિચારણા કરવા બાબત :

" ગુજરાત રાજ્યના ફેકટરી એકટ અન્વયે યુનિવર્સિટી પ્રેસના જે જે હંગામી કર્મચારીઓ ભારત સરકારના એકટ હેઠળ પ્રોવિડંટ ફંડનો લાભ મેળવવા પાત્ર થતા હોય તેમને યુનિવર્સિટી પ્રેસના કાયમી કર્મચારીઓને મળતા કેન્યુઅલ રજા, માંદગીની રજા, તહેવારોની રજા ઈત્યાદિ લાભો આપીને પ્રેસના કર્મચારીઓની બાબતમાં હાલ પ્રવર્તતાં ભેવડાં ધોરણો નાબૂદ કરવા સેનેટની આ સભા સિન્ડિકેટને વિનંતી કરે છે. "

૪૪. તા. ૨૯/૩૦--૯--૧૯૭૧ તથા તા. ૮--૧--૧૯૭૨ના રોજ મળેલ સેનેટની વિશેષ સભામાં મંજૂર થયેલ નીચેના ઠરાવ પરત્વે આગળ ઘટતાં પગલાં લેવા અંગે વિચારણા કરવા બાબત :

" ગુજરાત રાજ્યના ફેકટરી એકટ અન્વયે યુનિવર્સિટી પ્રેસના જે કર્મચારીઓની પ્રોવિડંટ ફંડની કપાત થતી હોય તેવા યુનિવર્સિટી પ્રેસના હંગામી કર્મચારીઓને જે તે જગ્યા પર પ્રોવિડંટ ફંડ કપાતની આરંભ તારીખથી યુનિવર્સિટી પ્રેસનાં ધારાધોરણ અનુસાર કાયમ કરવા સેનેટની આ સભા સિન્ડિકેટને વિનંતી કરે છે. "

૪૫. તા. ૨૯/૩૦--૯--૧૯૭૧ તથા તા. ૮--૧--૧૯૭૨ના રોજ મળેલ સેનેટની વિશેષ સભામાં પસાર થયેલા નીચેના ઠરાવ પરત્વે આગળ ઘટતાં પગલાં લેવા અંગે વિચારણા કરવા બાબત :

" કૉલેજોમાં ટ્યુટોરિયલ પ્રથા દાખલ કરી છે ત્યારથી આજ દિન સુધીમાં ટ્યુટોરિયલ વર્ગમાં શું કરવું તે અંગે યુનિવર્સિટીએ કૉલેજોને કોઈ નક્કર માર્ગદર્શન આપ્યું નથી અને કદાચ તેને કારણે જ આ એક સુંદર પ્રયોગ નિષ્ફળ પુરવાર થવાની દિશામાં છે, તો હજી પણ તેમાં મોડું થાય તે પહેલાં યુનિવર્સિટીની દરેક ફેકલ્ટીએ બેથી ત્રણ દિવસનો સેમિનાર યોજીને ટ્યુટોરિયલ કાર્યનું એક સામાન્ય માળખું ઘડી કાઢી વિષયના બોર્ડને મોકલી આપે; અને વિષયનું બોર્ડ તે સામાન્ય માળખાને લક્ષમાં રાખીને, છતાં પોતાના વિષયની જરૂરિયાતોને ઉમેરીને, દરેક વિષયનો ટ્યુટોરિયલ કાર્યનો એક આખરી નકશો તૈયાર કરે તે માટે યુનિવર્સિટી સક્રિય બને તેવી આ સભા યુનિવર્સિટીને ભલામણ કરે છે. "

૪૬. સિન્ડિકેટની તા. ૮/૯--૨--૧૯૬૯ની સભાના ઠરાવથી ગુજરાત યુનિવર્સિટીના સેન્ટ્રલ કન્ઝ્યુમર્સ સ્ટોર્સને નીચે મુજબનું ફર્નિચર છ માસ માટે કામચલાઉ ધોરણે વાપરવા આપવામાં આવ્યું હતું તે ફર્નિચર હજુ વધુ સમય માટે આપવા અંગે વિચારણા કરવા બાબત :

૧૫	નંગ	ઑફિસ ચૅર
૨	નંગ	ટેબલ ૪' × ૨' × ૨½' નાં
૧	નંગ	કમિટી ટેબલ
૧	નંગ	ઘડિયાળ
૫	નંગ	સીલિંગ ફેન
૨	નંગ	ટાઈપરાઈટર.

૪૭. મનોવિજ્ઞાન વિદ્યાભવનમાં પ્રોફેસર ઑફ સાયકોલોજીની ખાલી પડેલી જગ્યા માટે ચાર વાર જાહેરખબર આપ્યા છતાં તે જગ્યા પૂરી શકાઈ નથી તેથી તે પ્રશ્ન પરત્વે વિચારણા કરવા બાબત.

૪૮. સંલગ્ન કૉલેજો તરફથી જૂન ૧૯૭૨થી ચાલુ/વધારાના જોડાણ માટે આવેલ જોડાણઅરજી પૈકી જે કૉલેજોએ હજુ સુધી સેનેટે મૂકેલી શરતોનું યથાર્થ પરિપાલન કર્યું નથી તે અંગે વિચારણા કરવા બાબત.

(**નોંધ.**—શરતોનું પરિપાલન તા. ૧૫--૧૦--૧૯૭૨ સુધીમાં કરવાનું હતું.)

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ કૉલેજોની બાબતમાં તેમનાં નામ સામે, નીચે જણાવ્યા મુજબ પગલાં લેવાનું રાખવું :

(૧) એલ. ડી. આર્ટ્સ કૉલેજ, અમદાવાદ	સદરહુ કૉલેજે સેનેટે મૂકેલી શરતોનું યથાર્થ પરિપાલન હજુ સુધી કર્યું નથી, તે જોતાં તેને માગેલ ચાલુ જોડાણ માટે રાજ્ય સરકારને ભલામણ કરવી નહીં.
(૨) ગુજરાત કૉલેજ, અમદાવાદ	સદરહુ કૉલેજને ચાલુ જોડાણ આપવા માટે સેનેટે મૂકેલી શરતોનું પરિપાલન તાકીદે થાય તે જોવા શિક્ષણ નિયામકને લખવું.
(૩) તોલાણી કૉલેજ ઑફ આર્ટ્સ ઍન્ડ સાયન્સ, આદિપુર-કચ્છ	આ કૉલેજોના ફારેગ થયેલા શિક્ષકો પૈકી કોઈને કશી રકમ ચૂકવવાની બાકી નથી તેની ખાતરી થયેથી સદરહુ કૉલેજના જોડાણ માટે, રાજ્ય સરકારને ભલામણ કરવી.
(૪) આર. કે. પરીખ આર્ટ્સ ઍન્ડ એમ. કે. પટેલ કૉમર્સ કૉલેજ, પેટલાદ	સેનેટે વખતોવખત મૂકેલી શરત મુજબનાં ગ્રંથાલયમાં પુસ્તકો અને સામયિકો માટે કરેલ ખર્ચની માહિતી મંગાવવી અને માહિતી આવ્યેથી આગળ કાર્યવાહી કરવા કુલપતિશ્રીને સત્તા આપવી.
(૫) શેઠ એચ. પી. આર્ટ્સ ઍન્ડ તલોદ સહકારી મંડળી કૉમર્સ કૉલેજ, તલોદ	વાણિજ્યના મુલાકાતી પ્રાધ્યાપકની નિમણૂક ચાલુ વર્ષ પૂરતી ગ્રાહ્ય (કોન્ડોન) ગણવી અને જોડાણ માટે રાજ્ય સરકારને ભલામણ કરવી.
(૬) સરસપુર આર્ટ્સ ઍન્ડ કૉમર્સ કૉલેજ, અમદાવાદ	સદરહુ કૉલેજના જોડાણ માટે સેનેટે મૂકેલી શરતોના પરિપાલન અંગે આગ્રહ રાખવો અને શરતોના સંદર્ભમાં માગેલ માહિતી કૉલેજ પાસેથી મંગાવવી અને તે આવ્યેથી આગળ કાર્યવાહી કરવા કુલપતિશ્રીને સત્તા આપવી.
(૭) યુવરાજ સુભગસિંહજી આર્ટ્સ ઍન્ડ કૉમર્સ કૉલેજ, દેવગઢબારિયા	વાણિજ્યના મુલાકાતી પ્રાધ્યાપકની નિમણૂક ચાલુ શૈક્ષણિક વર્ષ પૂરતી ગ્રાહ્ય (કોન્ડોન) ગણવી, અને જૂન ૧૯૭૩થી યોગ્ય લાયકાત ધરાવતા વાણિજ્યના પ્રાધ્યાપકની નિમણૂક કરવા કૉલેજને જણાવવું, તથા તેના ચાલુ જોડાણ માટે રાજ્ય સરકારને ભલામણ કરવી.
(૮) શ્રી. કિશનદાસ કિકાણી આર્ટ્સ ઍન્ડ કૉમર્સ કૉલેજ, ધાંધુકા	૧. હાલના ગ્રંથપાલ જરૂરી લાયકાત ધરાવતા નથી, પરંતુ સદરહુ ગ્રંથપાલની નિમણૂક ચાલુ શૈક્ષણિક વર્ષ પૂરતી અપવાદરૂપે ગ્રાહ્ય ગણવી અને જૂન ૧૯૭૩થી યોગ્ય લાયકાત ધરાવતા ગ્રંથપાલની નિમણૂક કરવા સદરહુ કૉલેજને જણાવવું.

	૨. ગ્રંથાલય અંગે સેનેટે વખતોવખત મૂકેલી શરત મુજબનાં પુસ્તકો અને સામયિકો માટે કૉલેજે કરેલ ખર્ચની માહિતી મંગાવવી. ૩. પુસ્તકો અને સામયિકો માટે રૂ. ૩,૦૦૦નો આવર્તક ખર્ચ, પ્રત્યેક વિદ્યાશાખા દીઠ પ્રતિવર્ષ કરવામાં આવશે તે અંગે સ્પષ્ટ બાંયધરી કૉલેજ પાસેથી મંગાવવી.
(૯) આર્ટ્સ ઍન્ડ કૉમર્સ કૉલેજ, ખેડા	યુનિવર્સિટીનાં ધારાધોરણ મુજબ પ્રૉવિડંટ ફંડ અંગેના ટ્રસ્ટની રચના કરી પ્રૉવિડંટ ફંડની રકમ સંસ્થાના ફાળા સહિત ટ્રસ્ટને સોંપશે તેમ બાંયધરી કૉલેજ પાસેથી આવ્યેથી તેના જોડાણ માટે રાજ્ય સરકારને ભલામણ કરવી.
(૧૦) સાબરમતી આર્ટ્સ ઍન્ડ કૉમર્સ કૉલેજ, અમદાવાદ	સદરહુ કૉલેજના જોડાણ માટે રાજ્ય સરકારને ભલામણ કરવી.
(૧૧) ડીસા નગરપંચાયત આર્ટ્સ ઍન્ડ કૉમર્સ કૉલેજ, ડીસા	૧. વાણિજ્યના મુલાકાતી પ્રાધ્યાપકની વ્યવસ્થા ચાલુ શૈક્ષણિક વર્ષ પૂરતી ગ્રાહ્ય (કોન્ડોન) ગણવી. ૨. એકાઉન્ટન્સીના મુલાકાતી પ્રાધ્યાપકે ચાર્ટર્ડ એકાઉન્ટ્સની પરીક્ષા પાસ કરી છે કે કેમ તેની સ્પષ્ટતા મંગાવવી.
(૧૨) આર્ટ્સ ઍન્ડ કૉમર્સ કૉલેજ, ઈડર	વાણિજ્યના મુલાકાતી પ્રાધ્યાપકની વ્યવસ્થા ચાલુ શૈક્ષણિક વર્ષ પૂરતી ગ્રાહ્ય (કોન્ડોન) ગણવી, અને પ્રૉવિડંટ ફંડની સંસ્થાના ફાળા સહિતની પૂરેપૂરી રકમ પ્રૉવિડંટ ફંડ અંગેના ટ્રસ્ટને સોંપશે તેમ બાંયધરી આવ્યેથી રાજ્ય સરકારને જોડાણ માટે ભલામણ કરવી.
(૧૩) સેકન્ડરી ટીચર્સ ટ્રેનિંગ કૉલેજ, વીસનગર	યુનિવર્સિટીનાં ધારાધોરણ મુજબ પ્રૉવિડંટ ફંડ અંગેના ટ્રસ્ટની રચના કરી પ્રૉવિડંટ ફંડની રકમ (સંસ્થાના ફાળા સહિત) ટ્રસ્ટને સોંપશે તેમ બાંયધરી આવ્યેથી જોડાણ માટે રાજ્ય સરકારને ભલામણ કરવી.
(૧૪) બી. ડી. સાયન્સ કૉલેજ, અમદાવાદ	સેનેટે મૂકેલી શરતોના પરિપાલન અંગેનો અહેવાલ તાકીદે મોકલવા જણાવવું.
(૧૫) અમદાવાદ સાયન્સ કૉલેજ, અમદાવાદ	યુનિવર્સિટીનાં ધારાધોરણ મુજબ પ્રૉવિડંટ ફંડ અંગેના ટ્રસ્ટની રચના કરી પ્રૉવિડંટ ફંડ (સંસ્થાના ફાળા સહિત)ની રકમ ટ્રસ્ટને સોંપવામાં આવશે તે અંગે બાંયધરી આવ્યેથી જોડાણ માટે રાજ્ય સરકારને ભલામણ કરવી.
(૧૬) અમદાવાદ કૉમર્સ કૉલેજ, અમદાવાદ	૧. સેનેટે અત્યાર સુધી વખતોવખત મૂકેલી ગ્રંથાલયમાં પુસ્તકો અને સામયિકો માટેની શરતના સંદર્ભમાં કૉલેજે કરેલ ખર્ચની માહિતી મંગાવવી; અને

૨. યુનિવર્સિટીનાં ધારાધોરણ મુજબ પ્રૉવિડંટ ફંડ અંગેના ટ્રસ્ટની રચના કરી પ્રૉ. ફંડની (સંસ્થાના ફાળા સહિત)ની રકમ ટ્રસ્ટને સોંપવામાં આવશે તે અંગે બાંયધરી આપ્યેથી તેના જોડાણ માટે રાજ્ય સરકારને ભલામણ કરવી.

(૧૭) સાર્વજનિક કૉમર્સ કૉલેજ, ગોધરા	સેનેટે મૂકેલી શરતોનું યથાર્થ પરિપાલન તાકીદે કરીને તેની જાણ કરવા સદરહુ કૉલેજના આચાર્યને જણાવવું.
(૧૮) ધર્મસિંહ દેસાઈ ઈન્સ્ટિટ્યૂટ ઑફ ટેકનોલોજી, નડિયાદ	સેનેટે મૂકેલી શરતોનું યથાર્થ પરિપાલન તાકીદે કરીને જાણ કરવા સદરહુ કૉલેજના આચાર્યને જણાવવું.
(૧૯) કૉલેજ ઑફ નર્સિંગ, અમદાવાદ	સદરહુ કૉલેજના જોડાણ માટે રાજ્ય સરકારને ભલામણ કરવી.
(૨૦) શ્રી. એમ. એન. કૉલેજ, ઑફ ફાર્મસી, ખંભાત	સદરહુ કૉલેજના જોડાણ માટે રાજ્ય સરકારને ભલામણ કરવી.

૪૯. શ્રીમતી આર. ડી. શાહ આર્ટ્સ ઍન્ડ શ્રીમતી વી. ડી. શાહ કૉમર્સ કૉલેજ, ધોળકાને પ્રથમ વર્ગ બી.એ. સુધીના વર્ગોમાં ગણિત વિષયનું શિક્ષણકાર્ય બંધ કરવા પરવાનગી આપવા માટે સદરહુ કૉલેજના સંચાલકમંડળના માનદ મંત્રીશ્રીની વિનંતી પર વિચારણા કરવા બાબત.

સદરહુ બાબતની વિચારણા મોકૂફ રાખવામાં આવી.

૫૦. ચોથી પંચવર્ષીય યોજના હેઠળ સંલગ્ન કૉલેજોમાં કાર્ય કરતા આચાર્યો અને શિક્ષકોને અનુક્રમે રૂ. ૮૦૦–૫૦–૧૨૫૦ અને રૂ. ૭૦૦–૪૦–૧૧૦૦ના પગારધોરણનો અમલ તા. ૧–૪–૧૯૬૬ થી કરવા અંગે તૈયાર કરેલી યાદીમાં સંલગ્ન કૉલેજો અને શિક્ષકો તરફથી થયેલી રજૂઆત અને સૂચનો પરત્વે વિચારણા કરવા માટે સિન્ડિકેટે તેની તા. ૧૧–૪–૧૯૭૨ની સભામાં નીમેલી સમિતિની તા. ૧૯–૮–૧૯૭૨ની સભાની ભલામણો પર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ સમિતિએ તેની તા. ૧૯–૮–૧૯૭૨ની સભામાં તૈયાર કરેલી યાદી મંજૂર કરવી અને તે અંગે યોગ્ય કાર્યવાહી કરવા માટે તે ગુજરાત રાજ્યના શિક્ષણસંચાલકશ્રીને મોકલી આપવી.

વધુમાં ઠરાવવામાં આવે છે કે યુનિવર્સિટીનાં વિદ્યાભવનોના શિક્ષકોના મોંઘવારી ભથ્થાનો પ્રશ્ન સ્ટાફ અંગેની સ્થાયી સમિતિની વિચારણા માટે મોકલવો.

(સદરહુ સમિતિની તા. ૧૯–૮–૧૯૭૨ની સભાની ભલામણો **પરિશિષ્ટ "ચ"** નરીકે સામેલ છે.)

૫૧. ડૉ. ધીરુભાઈ ઠાકર તરફથી આવેલ નીચેના પ્રસ્તાવો પર વિચારણા કરવા બાબત :

ઠરાવ ૧

"ગુજરાત રાજ્યના મુખ્ય મંત્રીશ્રીએ યુનિવર્સિટી પ્રવેશના ધોરણ અંગે તાજેતરમાં કરેલ જાહેરાત શુદ્ધ શૈક્ષણિક બાબતને લગતી હોવાથી યુનિવર્સિટીના કાર્યક્ષેત્રનો વિષય છે એમ આ સભા માને છે અને તેથી તે અંગે નિર્ણય કરવાનું યુનિવર્સિટી પર છોડી દેવા રાજ્ય સરકારને વિનંતી કરે છે."

ઠરાવ ૨

"યુનિવર્સિટી પ્રવેશ અંગે આ યુનિવર્સિટીએ જે ધોરણ નક્કી કર્યું છે અને હાલ પ્રવર્તે છે તે યોગ્ય છે. તેમાં છૂટછાટ મૂકવાથી યુનિવર્સિટી શિક્ષણનું ધોરણ નીચું જશે એમ આ સભા માને છે અને તેથી ઠરાવે છે કે હાલ છે તે જ ધોરણ ચાલુ રાખવું."

આથી ઠરાવવામાં આવે છે કે ઉપર જણાવેલ બેઉ ઠરાવો મંજૂર કરવા અને રાજ્ય સરકારને તેની જાણ કરવી.

૫૨. ગુજરાત સરકારના નાણા ખાતાના ઠરાવ નં. વી.એલ.બી. ૧૧૭૧-૨૧૦૯-સી.એચ., તા. ૩-૮-૧૯૭૨થી ઘરભાડા ભથ્થાના દરમાં તથા લોકલ કૉમ્પેન્સેટરી એલાવન્સના દરમાં તા. ૧-૭-૧૯૭૨થી નીચે પ્રમાણે સુધારો થયો છે તેનો લાભ યુનિવર્સિટીના કર્મચારીઓને આપવા અંગે વિચારણા કરવા બાબત :

ઘરભાડા ભથ્થું

૧. રૂ. ૧૦૦થી નીચેના મૂળ માસિક પગાર મેળવતા કર્મચારીઓ માટે	...	રૂ. ૧૫
૨. રૂ. ૧૦૦થી ૩,૦૦૦ સુધીનો પગાર મેળવતા કર્મચારીઓ માટે	...	મૂળ માસિક પગારના ૧૫ ટકા, પણ ઓછામાં ઓછા માસિક રૂ. ૨૦ અને વધુમાં વધુ રૂ. ૩૦૦
૩. રૂ. ૩,૦૦૦થી વધુ મૂળ માસિક પગાર મેળવતા કર્મચારીઓ માટે	...	મૂળ માસિક પગારના ૧૦ ટકા.

લોકલ કૉમ્પેન્સેટરી એલાવન્સ

રૂ. ૧૫૦ થી નીચેના મૂળ માસિક પગાર મેળવતા કર્મચારીઓ માટે	...	મૂળ માસિક પગારના ૧૦ ટકા, પણ ઓછામાં ઓછા રૂ. ૭-૫૦ અને વધુમાં વધુ રૂ. ૧૨-૫૦
રૂ. ૧૫૦ અને તેથી વધારે મૂળ માસિક પગાર મેળવતા કર્મચારીઓ માટે	...	મૂળ માસિક પગારના ૮ ટકા, પણ ઓછામાં ઓછા રૂ. ૧૨-૫૦ અને વધુમાં વધુ રૂ. ૭૫.

આથી ઠરાવવામાં આવે છે કે ગુજરાત યુનિવર્સિટીના કર્મચારીઓ માટે ઘરભાડા ભથ્થાના દર તથા લોકલ કૉમ્પેન્સેટરી એલાવન્સના દર, ઉપર મુજબ રાજ્ય સરકારે તેના કર્મચારીઓ માટે સ્વીકારેલા ધોરણે મંજૂર કરવા તથા તેનો અમલ તા. ૧-૭-૧૯૭૨થી કરવો.

વધુમાં ઠરાવવામાં આવે છે કે યુનિવર્સિટીના જે કર્મચારીઓ પોતાના મકાનમાં રહેતા હોય અથવા ભાડે રહેતા હોય તેવા કર્મચારીઓ તરફથી ભાડાની પાવતી અને મ્યુ. ટેક્સનું બિલ રજૂ કરવામાં આવે નહીં કે ભાડા ભથ્થા અંગેની બીજી કોઈ પણ શરત જેઓ પૂરી કરી શકે નહિ તેમના ઘરભાડા ભથ્થાના દરમાં કશો ફેરફાર કરવો કે નહીં તે પ્રશ્ન સ્ટાફ અંગેની સ્થાયી સમિતિની વિચારણા માટે મોકલવો.

૫૩. સને ૧૯૭૩ની સાલમાં લેવાનારી પરીક્ષાઓ માટે પરીક્ષકોની નિમણૂક અંગેની ભલામણ કરવા માટે "પરીક્ષાસમિતિ" પર સિન્ડિકેટ તરફથી ઑર્ડિ. ૬૭ હેઠળ પ્રત્યેક વિદ્યાશાખાની સમિતિમાં બબ્બે સભ્યો નીમવા બાબત.

સદરહુ બાબતની વિચારણા મોકૂફ રાખવામાં આવી.

૫૪. ઈન્ડિયન એડલ્ટ એજ્યુકેશન ઍસોસિયેશનનું ૨૧મું અધિવેશન મુંબઈ મુકામે ઑકટોબર ૩૦થી નવેંબર ૩, ૧૯૭૨ના સમય દરમિયાન નીચે જણાવેલ વિષય પર વિચારણા કરવા મળનાર છે તેમાં યુનિવર્સિટીના પ્રતિનિધિ મોકલવા અંગે વિચારણા કરવા બાબત :

"Life-long Education—Its Implications for India's Adult Education Programmes."

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ ઍસોસિયેશનના આગામી અધિવેશનમાં આ યુનિવર્સિટીના પ્રતિનિધિ તરીકે ડૉ. કે. જી. દેશપાંડેને મોકલવા.

૫૫. ઈન્ડિયન મૅથેમેટિકલ સોસાયટીનું ૩૦મું વાર્ષિક અધિવેશન ભોપાળ યુનિવર્સિટીના ઉપક્રમે ભોપાળ મુકામે ડિસેંબર ૨૭થી ૨૯, ૧૯૭૨ દરમિયાન મળનાર હોઈ તેમાં યુનિવર્સિટીના પ્રતિનિધિ મોકલવા અંગે વિચારણા કરવા બાબત.

સદરહુ બાબતની વિચારણા મોકૂફ રાખવામાં આવી.

૫૬. વડનગર આર્ટ્સ અને કૉમર્સ કૉલેજ, વડનગરમાં વાણિજ્ય વિષયના શિક્ષણકાર્ય માટે ઑર્ડિ. ૧૨૦–એ અનુસાર ઓછામાં ઓછા એક પૂર્ણ સમયના પ્રાધ્યાપક હોવા જોઈએ તે કૉલેજ પાસે નહીં હોવાથી તે પર વિચારણા કરવા બાબત.

(નોંધ.— કૉલેજે સદરહુ વિષય માટે હાલ કરેલી કામચલાઉ વ્યવસ્થાને માન્ય રાખવા વિનંતી કરી છે.)

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બાબતની વિચારણા આગળ બાબત નં. ૪૮ હેઠળ કરવામાં આવેલી હોઈ તે મુજબ પગલાં લેવાનું રાખવું.

૫૭. આચાર્ય એલ. ડી. દવે તરફથી આવેલ નીચેના પ્રસ્તાવ પર વિચારણા કરવા બાબત :

(*i*) The rates of payment to centres for consumption of chemicals particularly for the S.Y.B.Sc. and T.Y.B.Sc. Examinations are very low and should be revised.

(*ii*) The rates of supervision at University examinations must be as follows :

(*a*) Junior supervision ... Rs. 7–50 per session

(*b*) Senior supervision ... Rs. 12–50 per session.

(*iii*) The daily Halting Allowance for all work connected with University examinations like paper-setting, conducting practicals, etc., must be Rs. 10/— per day. The same for post-graduate examinations should be Rs. 12–50 per day.

સદરહુ બાબતની વિચારણા મોકૂફ રાખવામાં આવી.

૫૮. જૂન ૧૯૭૨થી જે કૉલેજોએ ટ્યૂશન ફીમાં ફેરફાર કરવાની માગણી કરી છે તે માટે સિન્ડિકેટે નિયુકત કરેલ સમિતિના હેવાલ પર વિચારણા કરવા બાબત.

સદરહુ બાબતની વિચારણા મોકૂફ રાખવામાં આવી.

૫૯. સેકન્ડ બી.એ.--બીએસસી. અને થર્ડ બી.એ.--બી.એસસી. આંકડાશાસ્ત્ર વિષયની પ્રાયોગિક પરીક્ષા માટે લેબોરેટરી સ્ટાફની નિમણૂક કરવા અંગે મહેનતાણાના દરની પુસ્તિકામાં જે સંખ્યાધોરણ દર્શાવેલ છે તેમાં સીનિયર સુપરવાઈઝરની સંખ્યા એકને બદલે બે કરવા તેમ જ એક મિકેનિક અને બે એક્સપર્ટ આસિસ્ટન્ટની નિમણૂકો મંજૂર કરવા અંગે વિચારણા કરવા બાબત.

(માર્ચ--એપ્રિલ ૧૯૭૨ની પરીક્ષાઓ વખતે બીજી નિમણૂકો ઉપરાંત બે સીનિયર સુપરવાઈઝરોની, એક મિકેનિકની તેમ જ બે એક્સપર્ટ આસિસ્ટન્ટની નિમણૂક કરવાની ખાસ કેસ તરીકે યુનિવર્સિટીએ મંજૂરી આપેલ હતી.

વિજ્ઞાન વિદ્યાશાખાના ડીને પણ ઉપરોક્ત સ્ટાફ નીમવો જરૂરી છે તેમ અભિપ્રાય આપેલ છે.)

સદરહુ બાબતની વિચારણા મોકૂફ રાખવામાં આવી.

૬૦. સિન્ડિકેટની તા. ૧--૮--૧૯૭૨ની સભામાં થયેલા ઠરાવ અનુસાર વિજ્ઞાન વિદ્યાભવનના ભૌતિક વિજ્ઞાનના વ્યાખ્યાતા ડૉ. કે. જી. જાનીની જર્મનીની બે વર્ષની રજા મંજૂર કરેલ છે. અભ્યાસ-રજા દરમિયાન વેતન આપવા અંગે તેઓના તા. ૫-૯-૧૯૭૨ના પત્ર ઉપર વિચારણા કરવા બાબત.

[**નોંધ.**--તેઓને શિષ્યવૃત્તિમાં દર માસે રૂ. ૪,૬૬૦/— (૨૦૦૦ ડિયેન) (૪૩ ડિયેન=રૂ. ૧૦૦) લેખે મળશે, જેમાં ફેમિલી એલાવન્સનો સમાવેશ થાય છે. પણ તેઓનું ફેમિલી બે માસ પછી પરત આવશે ત્યારે આ શિષ્યવૃત્તિમાં ઘટાડો થશે. ડૉ. જાનીએ રૂબરૂ જણાવ્યું કે તેઓને એપાર્ટમેન્ટનો માસિક રૂ. ૧,૨૮૦થી રૂ. ૧,૧૧૦ (૧૧૧૦-૬૫૦ ડિયેન)નો ખર્ચ અંદાજે આવશે તેથી તેઓએ આ રજાઓ દરમિયાન પૂરા પગારની રજાની માગણી કરી છે.]

આથી ઠરાવવામાં આવે છે કે ડૉ. કે. જી. જાનીનું કુટુંબ જર્મનીથી પાછું આવે તે પછી ડૉ. જાનીને આપવામાં આવેલી રજાઓ દરમ્યાન તેમને કુલ કેટલી રકમ સંસ્થા તરફથી મળશે તે અંગેની માહિતી આવ્યેથી સદરહુ બાબત અંગે વિચારણા કરવાનું રાખવું.

૬૧. યુનિવર્સિટી ગ્રંથાલયમાં પ્યૂન-કમ-એટેન્ડન્ટ તરીકે કામ કરતા શ્રી. કે. અસ. રાણાને સ્ટે. ૧૮૮(૨) હેઠળ મકાનની મરામત માટે તેમના ખાતે નીકળતી લોન આપવા અંગેની તેઓની તા. ૨--૮--૧૯૭૨ની અરજી ઉપર વિચારણા કરવા બાબત.

(**નોંધ.**—તેઓના પ્રોવિડંટ ફંડ ખાતે તા. ૩૧-૩-૧૯૭૨ના રોજ રૂ. ૧,૬૩૪-૨૯ પૈસા જમા છે અને તે પર તેમની પ્રોવિડંટ ફંડની લોનના રૂ. ૩૫૨-૦૦ તથા જે વ્યાજ થાય તે કપાત કરવાની રહેશે. તેઓને તા. ૨૮-૧૧-૧૯૭૨ના રોજ ૧૨ વર્ષ પૂરાં થાય છે.)

આથી ઠરાવવામાં આવે છે કે શ્રી. કે. એસ. રાણાને યુનિવર્સિટીનાં ધારાધોરણ અનુસાર તેમના મકાનની મરામત માટે રૂ. ૧,૬૩૪--૨૯ પૈસાની લોન મંજૂર કરવી.

૬૨. દંત વિદ્યાશાખામાં પ્રતિવર્ષ ગુજરાત યુનિવર્સિટીની સ્નાતક પદવી પરીક્ષા માટે "શ્રીમતી સુલોચના નરોત્તમ લાલભાઈ સુવર્ણચંદ્રક" અને "શ્રીમતી સુલોચના નરોત્તમ લાલભાઈ પારિતોષિક" એનાયત કરવા માટે રૂપિયા દશ હજાર(રૂ. ૧૦,૦૦૦)નું પ્રદાન સ્વીકારવા માટે શ્રી. નરોત્તમ લાલભાઈ ટ્રસ્ટના ટ્રસ્ટીના તા. ૨૭--૭--૧૯૭૨ના પત્ર પરત્વે વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ પ્રદાનનો સાભાર સ્વીકાર કરવો અને 'શ્રીમતી સુલોચના નરોત્તમ

લાલભાઈ સુવર્ણચંદ્રક' અને 'શ્રીમતી રુક્મિણી નરોત્તમ લાલભાઈ પારિતોષિક' અંગેના નિયમો ઘડીને સભાગૃહ સમક્ષ રજૂ કરવાનું રાખવું.

૬૩. એલ. ડી. આર્ટ્સ કૉલેજ, અમદાવાદમાં આંકડાશાસ્ત્રનું શિક્ષણકાર્ય બપોરના સમયે થતું હોઈ સદરહુ કૉલેજના દ્વિતીય વર્ષના ગયા વર્ષે નિષ્ફળ નીવડેલા આંકડાશાસ્ત્રના શ્રી. ભરતકુમાર શાહ તથા અન્ય વિદ્યાર્થીઓને આંકડાશાસ્ત્ર વિષયને બદલે અર્થશાસ્ત્ર વિષય બદલવા દેવા પરવાનગી આપવા મજકૂર વિદ્યાર્થીઓ તરફથી આવેલ વિનંતી પર વિચારણા કરવા બાબત.

(**નોંધ.**—એલ. ડી. આર્ટ્સ કૉલેજ, અમદાવાદની આંકડાશાસ્ત્ર વિષયના જોડાણ માટેની અરજી ઉપર સેનેટે મૂકેલી શરતોનું પરિપાલન કરેલું નથી.)

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ વિદ્યાર્થીઓના કેસના વિશિષ્ટ સંજોગો જોતાં તેમને અપવાદ તરીકે દ્વિતીય વર્ષમાં આંકડાશાસ્ત્રને બદલે અર્થશાસ્ત્રનો વિષય રાખવા માટે પરવાનગી આપવી.

૬૪. નીચે જણાવેલી અભ્યાસસમિતિઓના અધ્યક્ષશ્રીની સૂચના અનુસાર સ્ટે. ૧૧૩-ઈ અનુસાર નીચે જણાવેલા વિદ્યાર્થીનાં નામ સામે જણાવેલા વિષય સંબંધી પીએચ.ડી. પદવી માટે આવેલા મહાનિબંધ તપાસવા માટે તથા મૌખિક પરીક્ષા માટે રેફરીઓની નિમણૂક કરવા માટે પત્રવ્યવહારથી મેળવેલી ભલામણો એકેડેમિક કાઉન્સિલે તેની તા. ૨૧/૨૨--૮--૧૯૭૨ની સભામાં મંજૂર કરેલ હોઈ તે પર વિચારણા કરવા બાબત :

૧. સંસ્કૃતની અભ્યાસસમિતિ

ક્રમાંક	વિદ્યાર્થીનું નામ	વિષય	ઈન્ટર્નલ રેફરી	એક્સ્ટર્નલ રેફરી
1.	Shri Dixit Virendra Deo	"Editing of Sanskrit text of Adinath Mahakavya of Vinaychandra Suri"	Shri N. J. Shah	1. Shri Baldev Upadhyay 2. Shri R. B. Athavale 3. Shri Mandan Mishra, Lal Bahadur Shastri Vidyapeeth, Delhi-6. *For Viva-voce* Shri R. B. Athavale
૨.	શ્રીમતી વિભૂતિ આર. ધારેખાન	"કવિ સોમેશ્વર : જીવન અને કૃતિઓ—એક અધ્યયન"	ડૉ. એચ. જી. શાસ્ત્રી	૧. શ્રી. બી. જે. સાંડેસરા, ડિરેક્ટર, ઓરિયંટ રિસર્ચ ઈન્સ્ટિટ્યૂટ, વડોદરા-૨. ૨. ડૉ. વી. એમ. કુલકર્ણી ૩. ડૉ. એ. ડી. શાસ્ત્રી, એમ. ટી. બી. કૉલેજ, સૂરત. **મૌખિક માટે** ડૉ. બી. જે. સાંડેસરા.

ક્રમાંક	વિદ્યાર્થીનું નામ	વિષય	ઈન્ટર્નલ રેફરી	એકસ્ટર્નલ રેફરી
૩.	શ્રીમતી સ્નેહલતા અમૃતલાલ સોમૈયા	"વત્સરાજ ઈ.સ. ૧૧૫૦-૧૨૨૫ રૂપકષટક"નું વિવેચનાત્મક અધ્યયન, તેના સંદર્ભમાં છ પ્રકારનાં સંસ્કૃત રૂપકો, વ્યાયોગ, ભાણ, ળહામૃગ, ડિમ, પ્રહસન અને સમવકારનો અભ્યાસ	શ્રી. આર. સી. પરીખ	૧. શ્રી. મુનિ જિનવિજયજી, મુ. ચંડેરિયા, ચિખોદની પાસે ૨. શ્રી. આર. બી. આઠવલે, મુંબઈ. ૩. શ્રી. બી. જે. સાંડેસરા, વડોદરા. **મૌખિક માટે** શ્રી. આર. બી. આઠવલે મુંબઈ.

૨. પ્રાકૃત-પાલિની અભ્યાસસમિતિ

1. Shri Ramanlal M. Shah	"Villasavai-Kaha by Kavi Sadharna : A Critical Edition with a Study"	Pandit B. J. Doshi	1. Dr. A. N. Upadhye, Dept. of Jainology, Mansa-Gangotri, Mysore-6. 2. Dr. A. S. Gopani, 3, Megh-Dhanu, 52, Dadabhai Road, Villeparle (W.). 3. Dr. H. L. Jain, C/o. Principal, Govt. College, Balaghat (M.P.). *For Viva-voce* Dr. A. N. Upadhye, Dept. of Jainology, Mansa-Gangotri, Mysore-6.

૩. ભારતીય સંસ્કૃતિની અભ્યાસસમિતિ

શ્રી. ચીનુભાઈ જે. નાયક	"Culture data in the Natyasastra Ascribed to Bharata"	પ્રો. આર. સી. પરીખ	૧. ડૉ. એ. ડી. પુસાલકર, (મૌખિક પરીક્ષા માટે પણ) ભાંડારકર ઓરિયેન્ટલ રિસર્ચ સોસાયટી, ડેક્કન જિમખાના, પુના-૪.

ક્રમાંક	વિદ્યાર્થીનું નામ	વિષય	ઇન્ટર્નલ રેફરી	એક્સ્ટર્નલ રેફરી
				૨. પ્રો. આર. બી. આઠવલે, (નં. ૧ ના પાડે તો મૌખિક પરીક્ષા માટે પણ) દ્વારા : શ્રી. એ. આર. આઠવલે, ૨૭, સંકલ્પ કો-ઓ. હાઉસિંગ સોસાયટી, રોકડિયા લેઈન, બોરીવલી (વેસ્ટ), મુંબઈ-૯૨.
				૩. ડૉ. જે. ટી. પરીખ અઠવા લાઈન્સ, સુરત.
				૪. ડૉ. અક્ષયકુમાર ૨. દેસાઈ, સ્કૂલ ઑફ સોશિયોલોજી, યુનિ. ઑફ બૉમ્બે, મુંબઈ.

૪. સમાજશાસ્ત્રની અભ્યાસસમિતિ

			એક્સ્ટર્નલ તથા મૌખિક પરીક્ષા માટેના રેફરીઓ
૧. શ્રી. સિદ્ધરાજ સુરજીભાઈ સોલંકી	"શામળાજીના ગરાસિયાઓ—સગાઈ સંબંધીનું એક અધ્યયન"	ડૉ. તારાબહેન પટેલ, અમદાવાદ	૧. ડૉ. આર. પી. દેસાઈ ૨. શ્રી. હેમલતા આચાર્ય ૩. શ્રી. નીરાબહેન દેસાઈ ૪. ડૉ. બી. વી. શાહ ૫. શ્રી. ધીર્યબાળા વોરા ૬. ડૉ. ટી. બી. નાયક ૭. ડૉ. એ. આર. દેસાઈ

૫. રસાયણવિજ્ઞાનની અભ્યાસસમિતિ

Sr. No.	*Name of the Student*	*Subject*	*Internal Referee*	*External Referees*
1.	Shri N. D. Patel	"Vibrational spectra of the Deuterated Dihalogenated Benzene"	Dr. N. Narsinham	1. Dr. R. N. Jones, Division of Chemistry, National Research Council, Ottawa, Canada. 2. Prof. P. J. Krueger, Head, Department of Chemistry, University of

Sr. No.	*Name of the student*	*Subject*	*Internal Referee*	*External Referees*
				Foreign
				Calgary, Calgary, Alberta, Canada.
				3. Dr. J. H. S. Green, Chemical Standards Division, National Physical Laboratory, Teddington, Middlesex, U.K.
				Internal (for Viva-voce)
				1. Prof. R. K. Asundi, Senior Visiting Scientist, Department of Physics, Indian Institute of Technology, Kanpur.
				2. Prof. M. R. Padhya, University Department of Chemical Technology, Matunga, Bombay-19.
				3. Prof. A. B. Biswas, Department of Chemistry, Indian Institute of Technology, Powai, Bombay-76.
				Foreign
2.	Shri V. C. Mehta	"Studies on benefication of fertiliser calcium compounds by flotation technique"	Dr. D. J. Mehta	1. Dr. Brad Gunn, Head of Chemistry Divi., Uni. Campus, Saskatoon, Saskatchewan State, Canada.
				2. Dr. T. P. Hignet, Director, Tennessee-Valley Authority, Division of Chemical

Sr. No.	*Name of the student*	*Subject*	*Internal Referee*	*External Referees*
				Development, Muscle, Shoals, Labama-35660 U.S.S. 3. Dr. D. F. Evans, Department of Chemistry, Imperial College of Science London SW. I. *Indian* 1. Dr. B. V. Shah, Chief Chemist, Atul Products Ltd., Po. Atul, Via Bulsar. 2. Dr. K. S. Chari, Director, Soil Research Laboratory, The Fertilizer Association of India, 85, Sunder Nagar, New Delhi-3. 3. Prof. Dr. Vasudev Murthy Department of Inorganic and Physical Chemistry, Indian Institute of Science, Bhavnagar.
3.	Vora Chandranan Madhuprasad	"Synthesis of Physiologically Active Nitrogen and Sulphur Compounds"	Dr. J. P. Trivedi, Ahmedabad	1. Dr. N. J. Calvanico, S.U.N.Y. at Buffalo, School of Medicine, Meyer Memorial Hospital, B. B. Annex, Buffalo, N.Y., 14215. 2. Dr. Arther Berger, Baxter Laboratories Inc., Mortongrove, Illinois 60053, U.S.A.

Sr. No.	*Name*	*Subject*	*Internal Referee*	*External Referees*
				3. Prof. F. E. Condon, Chemistry Department, City College of City University of N. Y., Convent Avenue and 138th Street, New York, 10031, N. Y., U.S.A.
				Referees for Viva-voce
				1. Prof. R. L. Mittal, Department of Chemistry, University of Rajasthan, Jaipur–4.
				2. Prof. G. D. Shah, Department of Chemistry, Indian Institute of Technology, Powai, Bombay.
				3. Prof. J. R. Merchant, Institute of Science, Madam Cama Road, Fort, Bombay–1.
4.	Shri Rohitkumar K. Desai	"Optical activity and reaction Mechanism"	Dr. I. G. Vashi	1. Prof. E. A. Noidff, Director, Organic Chemical Research Laboratories Inc., Formaly Research Institute of Temple University, 4150, Henry Avenue, Philadelphia (U.S.A.).
				2. Prof. A. G. Davis, Chemistry Department,

Sr. No.	*Name of the student*	*Subject*	*Internal Referee*	*External Referees*
				University College of London, 20, Gorden Street, London. 3. Prof. Franklin S. Prout, Department of Chemistry, 1036, West Belden Avenue, Chicago, Illinois, U.S.A. *For Viva-voce* 1. Dr. R. L. Mittal, Chemistry Department, University of Rajasthan, Jaipur (Rajasthan). 2. Dr. G. S. Saharia, Department of Chemistry, University of Delhi, Delhi–7. 3. Dr. C. M. Desai, Principal, Sir P. T. Science College, Surat.
5.	Shri R. R. Patel	"Corrosion inhibition Aluminium–35 "	Dr. M. N. Desai	1. Dr. Miss Dora Brasher, National Physical Laboratory, Teddington, London. 2. Dr. Y. Hayakawa, Professor, Applied Inorganic Chemistry, Yamanshi University, Takeda--4, Kofu, Japan. 3. Dr. L. Streater, Editor, Anticorrosion, 4, Ludgate Circus, London, E.C. 4.

Name of the student	*Subject*	*Internal Referee*	*External Referees*
			Internal Referees (for viva) 1. Dr. N. Subramanyam, Central Electrochemical Research Inst., Karaikudi-3, Tamilnadu. 2. Dr. B. C. Kar, D.Sc., National Metallurgical Laboratory, Jamshedpur. 3. Dr. B. Sanyal, Defence Research Lab., P.O. Box No. 320, Kanpur.

૬. ભૌતિકવિજ્ઞાનની અભ્યાસસમિતિ

Shri S. S. Chakravarty	"Studies of radio wave, Propagation in the lower Ionosphere"	Prof. R. G. Rastogi	1. Prof. P. Kaufmann, Universidade Mackenzie, Centro de Radio Astro-fisica, Craam, Sao Paulto, Brazil. 2. Prof. S. V. Venkateswaran, Dept. of Meteorology, University of California, Los Angeles (Calif.), 90024, U.S.A. 3. Prof. J. Taubenheim, Deutsche Akademie der Wissenschaften, Zu Berlin, Zentralistitu furriche, Solar Terrest, Physik Rudower, Chaussee 5, 1199, Berlin Adlershof. *Internal Referee (viva-voce)* 1. Prof. Krishnaji, Dept. of Physics, University of Allahabad, Allahabad, U.P.

Sr. No.	*Name of the student*	*Subject*	*Internal Referee*	*External Referees*
				2. Dr. B. V. Krishnamurthy, Space Science and Technology Centre, Trivandrum-22, Kerala. 3. Prof. R. Sethuraman, Madras, Institute of Technology, Chromepet P.O., Madras--44, Tamilnadu.
		૭. વનસ્પતિવિજ્ઞાનની અભ્યાસસમિતિ		
1.	Mrs. Vandanaben M. Jani	" Studies in Aminoacid metabolism in blue–green and Green Algae "	Dr. B. S. Vaidya	1. Prof. Grover C. Stephens, Dept. of Developmental and Cell Biology, School of Biological Sciences, University of California, Irvine-California, 92–664, U.S.A. *or* 2. Dr. Chase Van Baalen, The Institute of Marine Sc., Post Aransas, Taxas, 78373, U.S.A.
				External Examiners for Thesis and for Viva-voce 1. Dr. Joseph Thomas, Scientist, Biological Division, Modular Laboratory, B.A.R.C. Trombay, Bombay–85. *or* 2. Prof. E. A. Gonzales, Kennaway House, Practor Road, Bombay–4.

Sr. No.	*Name of the student*	*Subject*	*Internal Referee*	*External Referees*
2.	Miss Ghesani Parin Ismailbhai	"Physiology of growth and development in Crop-plants-III Ascorbic acid and Nuclic acid Metabolism in seasamum under different photo periods"	Dr. J. J. Chinoy	1. Prof. K. C. Hamner, Botany Dept., University of California, Los Angeles, California, 90024 (U.S.A.) *or* 2. Prof. Marian Michniewicz, Dept. of Plant Physiology, Nicolaus Copernicus University, Torun (Poland). *External Examiner for Thesis and Viva-voce* 1. Prof. G. S. Sirohi, Head of the Division of Plant Physiology and Phytology, Indian Agricultural Research Institute, New Delhi-12. *or* 2. Prof. R. S. Chaudhari, Scientist Emeritus (I.C.A.R.), Plant Physiology Department, College of Agriculture, Banaras Hindu University Varanasi-5 (U.P.).
3.	Shri H. K. Suthar	"Histochemical studies during the vegetatives and reproductive differentiation in Zee Mays"	Dr. C K. Shah	1. Dr. Grover R., Plant Physiologist, Canada, Dept. of Agriculture Research Branch, Box No. 440, Regina, Sask. Canada;

Sr. No.	*Name of the student*	*Subject*	*Internal Referee*	*External Referees*
				2. D. Joseph Arditti, Assistant Professor, Dept. of Organismic Biology, University of California, Irvine California, 92664, U.S.A.
				3. Prof. D. Wetmore, Ralph H., Prof. of Botany, Dept. of Biological Sciences, Dartmouth College, Hanover, New Hamshire, 03755, U.S.A. *or* (Vacation address) Prof. Dr. Wetmore, Ralph H., Biological Laboratories, Harvard University, 19, Divinity Avenue, Cambridge, Mass. 02139, U.S.A.
				4. Academician M. Kh. Chailakhyan K. A. Trimiriazev Institute of Plant Physiology, Leninsky Prospect-33, Moscow B-71, Botanit-cheskaya 35, USSR.
				5. Prof. Dr. Stanley Wecker, Dept. of Biology, City College, New York, N.Y., 10031, U.S.A.

૮: ગણિતની અભ્યાસસમિતિ

Name of the candidate	*Subject*	*Internal Referee*	*External Referees*
Shri Lilabhai Khetabhai Patel	" Some Cosmological solutions and Vacuum solutions of Einstein's field equations "	Dr. P. C. Vaidya, Ahmedabad	1. Prof. F. A. E. Pirani, Dept. of Mathematics, King's College, Strand, London. 2. Prof. A. PA-PAPETROU, Institute " Henri Pincare ", 11, Reu Pierre Curie, Paris-5 (France). *Internal Referees* 1. Dr. A. K. Roychaudhary, Dept. of Physics, Presidency College, Calcutta. 2. Dr. Jayant V. Narlikar, Tata Inst. of Fundamental Research, Bombay.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ વિદ્યાર્થીઓના મહાનિબંધો માટે તેમનાં નામ સામે જણાવેલ રેફરીઓની ક્રમાનુવર્તી નિમણૂક કરવી.

૬૫. નીચે જણાવેલી અભ્યાસસમિતિઓના અધ્યક્ષશ્રીની સૂચના અનુસાર નીચે જણાવેલા વિદ્યાર્થીઓનાં નામ સામે જણાવેલ વિષય અંગે પીએચ.ડી. પદવી માટે આવેલા મહાનિબંધ તપાસવા માટે તથા મૌખિક પરીક્ષા માટે રેફરીઓની ક્રમાનુવર્તી નિમણૂક કરવા અંગે એકેડેમિક કાઉન્સિલની તા. ૧૮-૯-૧૯૭૨ની સભાની ભલામણ ઉપર વિચારણા કરવા બાબત :

વિદ્યાર્થીનું નામ	વિષય	ઈન્ટર્નલ રેફરી	સૂચિત રેફરી
૧. હિંદીની અભ્યાસસમિતિ			
શ્રી. એન. એન. ગોસ્વામી	" હિત ૨૫ ગોસ્વામી વ્યક્તિત્વ એવં કૃતિત્વ "	ડૉ. અંબાશંકર નાગર	૧. ડૉ. સી. પી. સીંઘ, એમ.એ., ડી.લિટ., પ્રોફેસર અને હેડ, હિન્દી ડિપાર્ટમેન્ટ, મગધ યુનિવર્સિટી, ગયા,

વિદ્યાર્થીનું નામ	વિષય	ઈન્ટર્નલ રેફરી	સૂચિત રેફરી
			૨. ડૉ. એસ. એસ. શર્મા, હેડ, હિન્દી ડિપાર્ટમેન્ટ, રાજસ્થાન યુનિવર્સિટી, જયપુર. ૩. ડૉ. સી. એલ. પ્રભાત, હેડ, હિન્દી ડિપાર્ટમેન્ટ, યુનિવર્સિટી ઑફ બૉમ્બે, મુંબઈ. ૪. ડૉ. વિજેન્દ્ર સ્નાતક, હેડ, હિન્દી ડિપાર્ટમેન્ટ, દિલ્હી યુનિવર્સિટી, દિલ્હી. (મૌખિક પરીક્ષા માટે પણ ઉપરનો ક્રમ સૂચવવામાં આવે છે.)

૨. લૉજિક-ફિલોસોફીની અભ્યાસસમિતિ

શ્રી. ડી. પી. ઠક્કર	"ગુજરાતી સાહિત્યમાં સૂફી રહસ્યવાદ"	ડૉ. જે. એ. યાજ્ઞિક	૧. શ્રી. રવિશંકર મ. જોષી, વાધવાડી રોડ, ભાવનગર. ૨. શ્રી. વિષ્ણુપ્રસાદ ત્રિવેદી, આઠવા લાઈન્સ, સુરત. ૩. શ્રી. અમૃતલાલ યાજ્ઞિક, આચાર્ય, મીઠીબાઈ કૉલેજ, વિલેપાર્લે, મુંબઈ (વેસ્ટ). (મૌખિક પરીક્ષા માટે પણ ઉપરનો ક્રમ સૂચવવામાં આવે છે.) ૪. ડૉ. યોગેન્દ્ર જગન્નાથ ત્રિપાઠી, હાથીપોળ, ખંડેરાવ માર્કેટ સામે, વડોદરા.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ વિદ્યાર્થીઓના મહાનિબંધો તપાસવા માટે તેમનાં નામ સામે જણાવેલ રેફરીઓની ક્રમાનુવર્તી નિમણૂક કરવી.

૬૬. યુનિવર્સિટી કૅમ્પસમાં રહેતા કર્મચારીઓની વિવિધ પ્રવૃત્તિઓ માટે મકાનની સગવડ આપવા અંગે/રમતગમતની પ્રવૃત્તિ માટે યુનિવર્સિટી તરફથી આર્થિક સહાય આપવા બાબત.

[ગુજરાત યુનિવર્સિટી કૅમ્પસ મંડળના તા. ૩૦-૮-૧૯૭૨ના પત્રથી કરેલી નીચેની વિનંતીઓ ઉપર વિચારણા કરવા બાબત :

(૧) મંડળ પોતાની વિધવિધ પ્રવૃત્તિઓ ચલાવી શકે તે માટે કાયમી ધોરણે મકાનની સગવડ જરૂરી છે. આ સગવડ વહેલી તકે કરી આપવામાં આવે તેવી વિનંતી છે. અમારું એક નમ્ર સૂચન છે કે "બી" ટાઇપ ક્વાર્ટર્સમાંનું કોઈ ખાલી થાય તો તેનું ઓછામાં ઓછું એક યુનિટ કૅમ્પસ વપરાશને માટે ફાળવવામાં આવે.

(૨) કૅમ્પસ મંડળ જે પ્રવૃત્તિઓ ચલાવે છે તેમાંની એક રહીશોનાં બાળકો માટે રમતગમત પ્રવૃત્તિ છે. મંડળની પ્રવૃત્તિઓના ખર્ચને પહોંચી વળવા માટે મંડળના સભ્યો પાસેથી વાર્ષિક ફી ઉઘરાવવામાં આવે છે પણ તેમાંથી થતી આવક પૂરતી નથી. આથી રમતગમતની પ્રવૃત્તિ માટે તેમ જ નવી પ્રવૃત્તિઓ શરૂ કરવા માટે યુનિવર્સિટી તરફથી આર્થિક સહાય આપવામાં આવે એવી અમારી વિનંતી છે.]

સદરહુ બાબતની વિચારણા મોકૂફ રાખવામાં આવી.

૬૭. સને ૧૯૭૩-૭૪નું ગુજરાત યુનિવર્સિટીનું અંદાજપત્ર તૈયાર કરવા માટે સમિતિની નિમણૂક કરવા બાબત.

સદરહુ બાબતની વિચારણા મોકૂફ રાખવામાં આવી.

૬૮. સ્ટાફના વહીવટી પ્રશ્નો ઉપર વિચારણા કરવા માટે સિન્ડિકેટે નીમેલી સ્થાયી સમિતિની તા. ૨૬-૮-૧૯૭૨ની સભાની ભલામણો ઉપર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બાબતની વિચારણા મોકૂફ રાખવી.

૬૯. વિદ્યાર્થિની પંચાલ હસુમતી શંકરલાલે પ્રી-યુનિ. આર્ટ્સ (એક્સ્ટર્નલ) પરીક્ષા ઑક્ટોબર ૧૯૭૨ માટે નામ નોંધાવવાની અરજી સાથે સામેલ કરેલ એસ.એસ.સી.નાં પરીક્ષાના ગુણપત્રકમાં અંગ્રેજીના વિષયમાં અનધિકૃત રીતે ૨૮ ગુણને બદલે ૩૮ ગુણ સુધારાયા હોઈ તે અંગે વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે કુમારી હસુમતી શંકરલાલ પંચાલને આ યુનિવર્સિટી સાથે જોડાયેલી કૉલેજોમાં બે વર્ષ સુધી પ્રવેશ આપવો નહીં અને તેની જાણ તમામ સંલગ્ન કૉલેજોને પરિપત્ર દ્વારા કરવી.

વધુમાં ઠરાવવામાં આવે છે કે તે બહેનનું એસ.એસ.સી.ની પરીક્ષાનું સુધારેલું ગુણપત્રક એસ.એસ.સી.ઈ. બોર્ડને મોકલી આપવું.

નીચેની બાબતો ૭૦ થી ૭૫ અંગેની વિચારણા મોકૂફ રાખવામાં આવી.

૭૦. સેકન્ડરી ટીચર્સ ટ્રેનિંગ કૉલેજ, અમદાવાદે ૧૯૬૯-૭૦, ૧૯૭૦-૭૧, ૧૯૭૧-૭૨ના વર્ષમાં એક શિક્ષક અને સેકન્ડરી ટીચર્સ ટ્રેનિંગ કૉલેજ, ખેડાએ ૧૯૬૯-૭૦ના વર્ષમાં એક શિક્ષક જરૂર કરતાં

ઓછા રાખીને કામ ચલાવ્યું હોવા બાબતમાં વિચારણા કરવા બાબત.

[**નોંધ.**— (૧) શિક્ષણસચિવશ્રી તરફથી આવેલ એક ફરિયાદના સંદર્ભમાં સંબંધકર્તા કૉલેજો પાસેથી માહિતી મંગાવતાં આ સ્પષ્ટ થયું છે.

(૨) એસ. ટી. ટી. કૉલેજ, અમદાવાદમાં ૧૦ : ૧નું વિદ્યાર્થી-શિક્ષક પ્રમાણ ગણતાં પ્રત્યેક વર્ષે એક શિક્ષક ઓછા છે. ૧૦ ટકાની પરવાનગી કુલપતિશ્રી આપે છે તે લક્ષમાં લઈએ તોપણ (૧૧ : ૧નું પ્રમાણ ગણીને પણ) અનુક્રમે ૮, ૧૧, ૭ વિદ્યાર્થીઓ માટે શિક્ષક નીમવા જરૂરી ગણાય.

(૩) એસ. ટી. ટી. કૉલેજ, ખેડામાં પણ ૧૧ : ૧નું પ્રમાણ ગણીએ તો પણ ૬ વિદ્યાર્થી માટે શિક્ષક નીમવા જરૂરી ગણાય.]

૭૧. ટીચર્સ હૉસ્ટેલ માટે રાજ્ય સરકારે રૂ. ૪૦,૦૦૦ની મંજૂર કરેલી લોનના હપતા તથા વ્યાજ અંગેની શરતો જણાવતા શિક્ષણ નિયામકશ્રીના તા. ૨-૯-૧૯૭૨ના પત્ર ક્રમાંક એસ. ૯૭-૨૦/૭૨-૭૩ની નોંધ લેવા બાબત.

૭૨. મનોવિજ્ઞાન વિદ્યાભવનમાં શિક્ષણશાસ્ત્ર વિભાગના પ્રૌઢશિક્ષણ માટેની યોજના અંગેના અધ્યક્ષશ્રીના તા. ૨૪-૬-૧૯૭૨ના પત્ર ઉપર વિચારણા કરવા બાબત.

[**નોંધ.**— ૧. સિન્ડિકેટે તેની તા. ૮/૯-૭-૧૯૭૨ની સભામાં બાબત નં. ૧૦ અને ૧૧ની સાથે વિચારણા કરીને કરાવ્યું હતું કે આ અંગે મનોવિજ્ઞાન, શિક્ષણશાસ્ત્ર અને તત્ત્વજ્ઞાન વિદ્યાભવનના અધ્યક્ષશ્રી પાસેથી વિગતવાર યોજના મગાવવી.

૨. આ યોજના માટેની આર્થિક સહાય પાંચમી પંચવર્ષીય યોજનાના અંત સુધીના સમય માટે આપે તેવી યુનિવર્સિટી ગ્રાન્ટ્સ કમિશનને વિનંતી કરીએ તેવું સૂચન છે.]

૭૩. સંલગ્ન કૉલેજમાં કાર્યકારી આચાર્યપદે કરવામાં આવેલી નિમણૂક ત્રણ મહિનાથી વધુ સમય માટે ન હોવા અંગે વિચારણા કરી નિયમમાં જરૂરી ફેરફાર કરવા શ્રી એચ. કે. આર્ટ્સ કૉલેજ, અમદાવાદના આચાર્યશ્રીના પત્ર પર વિચારણા કરવા બાબત.

[**નોંધ.**—સદરહુ નિયમનો પાઠ નીચે મુજબ છે :

A member of the staff appointed temporarily on the post of a Principal, should be given Principal's scale and other benefits if he officiates for more than a year.]

૭૪. (૧) સને ૧૯૭૨--૭૩ના વર્ષ માટે યુનિવર્સિટી ગ્રાન્ટ્સ કમિશને અનએસાઈન્ડ ગ્રાન્ટ માટે રૂ. ૩૦,૦૦૦ની ગ્રાન્ટ, પત્ર ક્રમાંક એફ. ૪--૨૦--૭૨ (જી), તા. ૧૮--૮--૧૯૭૨થી મંજૂર કરી તેના સંદર્ભમાં નીચે જણાવેલ યોજનાઓ અંગે તેની સામે જણાવેલ અંદાજી ખર્ચની ફાળવણી કરવા અંગે વિચારણા કરવા બાબત.

(૨) સને ૧૯૭૧--૭૨ના વર્ષ માટે કુલ અંદાજી ખર્ચ રૂ. ૩૧,૦૦૦નો સિન્ડિકેટે તેની

તા. ૭/૮–૮–૧૯૭૧ની સભામાં મંજૂર કર્યો હતો તેની સામે યોજનાઓ માટે ખરેખર ખર્ચ નીચે પ્રમાણે થયો હતો તે મંજૂર કરવા અંગે વિચારણા કરવા બાબત :

Sr. No.	*Scheme*	*Estimate for the year 1971–72 U.G.C.'s share Rs.*	*Actual for the year 1971–72 U.G.C.'s share Rs.*	*Estimate for the year 1972–73 U.G.C.'s share Rs.*	*Rates of U.G.C.'s share*
1.	Travel grant to teachers for attending international conference abroad.	5,300	5,291–50	Nil	50 %
2.	(*a*) Travel grant to teachers / scholars / technicians for visiting centres of Research or to attend academic conferences/ seminars within India.	8,700	9,163–00	9,000	100 %
	(*b*) Travel grant to Research scholars in connection with their work at other Research centres.	3,000	3,670–70	4,000	100 %
3.	Exchange of teachers	1,000	376–40	1,000	100 %
4.	U.G.C. Unit	12,000	12,000–00	15,000	Up to 15000
5.	Extension work by University Teachers	1,000	498–40	1,000	100 %
6.	Computer assistance buying the time of the computer	Nil	Nil	Nil	100 %
7.	Preparation and Dev. of Teaching materials and Aids.	Nil	Nil	Nil	100 %
		31,000	31,000–00	30,000	—

૭૫. સિન્ડિકેટે તેની તા. ૧૧--૪--૧૯૭૨ની સભામાં બાબત નં. ૫૧થી ઠરાવ્યા પ્રમાણે અનુસ્નાતક કેન્દ્રોનાં બિલોની ચકાસણી કરીને ચુકવણી કરવાનું કામ યુનિવર્સિટી કાર્યાલયના હિસાબ વિભાગને સોંપવામાં આવ્યું છે તેના સંદર્ભમાં નીચેના અનુસ્નાતક નિયમ નં. ૨૯ અંગે પુનર્વિચારણા કરવા બાબત.

P.G. Rule No. 29 :

All administrative cost shall be borne by the centres and expenses on necessary ancillary staff will be borne by the college or Institution where the centre is instituted as per Statute 121-G.

Each centre shall keep its separate accounts. A Bank account in the name of post-graduate centre in ... ... shall be opened in a scheduled Bank and shall be operated jointly by the Professor-in-charge and the Principal of the College where the centre is located. If the Principal is also the Professor-in-charge, he shall alone operate the accounts.

The fees not exceeding Rs. 15/- received as fees for gymkhana, library and other services as laid down in Rule No. 26 shall not be included in the accounts of the Centre.

[**નોંધ.**—અનુસ્નાતક કેન્દ્રના ખર્ચનાં નાણાં હવે યુનિવર્સિટી કાર્યાલયમાંથી સીધાં જ ચૂકવવાનું સિન્ડિકેટે તેની તા. ૧૫-૪-૧૯૭૨ની સભામાં બાબત નં. ૫૧ પરના ઠરાવથી ઠરાવ્યું છે તે જોતાં હવે જુદા બૅંક એકાઉન્ટની જરૂર રહેતી નથી.]

૭૬. જનરલ એજ્યુકેશનના વિષય અંગે ઍકેડેમિક કાઉન્સિલે તેની તા. ૧૮--૬--૧૯૭૨ની સભામાં કરેલી નીચેની ભલામણ ઉપર વિચારણા કરવા બાબત :

ઍકેડેમિક કાઉન્સિલની ભલામણ

" વિનયન, વિજ્ઞાન અને વાણિજ્યની વિદ્યાશાખાઓમાં એફ.વાય. અને એસ.વાય.ની પરીક્ષાઓમાં જનરલ એજ્યુકેશનની પરીક્ષા અંગે ઍકેડેમિક કાઉન્સિલે તેની તા. ૨૧/૨૨-૮-૧૯૭૨ની સભામાં બાબત નં. ૩૬થી કરેલો ઠરાવ રદ કરવો અને જનરલ એજ્યુકેશનના ગુણ એફ. વાય. અને એસ.વાય.ની પરીક્ષામાં વર્ગ આપવાના હેતુ માટે ગણતરીમાં લેવા નહીં, તથા આ વિષયની પરીક્ષા પૂર્વવત્ કૉલેજોએ લેવાનું રાખવું એમ સિન્ડિકેટને ભલામણ કરવી.

વધુમાં ઠરાવવામાં આવે છે કે પ્રી-મેડિકલ પરીક્ષામાં જનરલ એજ્યુકેશનની પરીક્ષા પાસ કૉલેજે લેવાનું રાખવું અને તેના ગુણ વર્ગ માટે ગણતરીમાં ન લેવા માટે સિન્ડિકેટને ભલામણ કરવી."

આથી ઠરાવવામાં આવે છે કે ઍકેડેમિક કાઉન્સિલની ઉપરની ભલામણ મંજૂર કરવી.

૭૭. ફર્સ્ટ બી.એસસી. કે થર્ડ બી.એસસી.ની પરીક્ષા ઉત્તીર્ણ કરેલ વિદ્યાર્થીઓને પ્રી-મેડિકલ પરીક્ષાના અભ્યાસક્રમમાં ફિઝિકસ, કેમિસ્ટ્રી અને અંગ્રેજી વિષયોમાંથી મુક્તિ આપવા અંગે ઍકેડેમિક કાઉન્સિલની

તા. ૧૮-૯-૧૯૭૨ની સભામાં થયેલ નીચેની ભલામણ ઉપર વિચારણા કરવા બાબત :

ઍકેડેમિક કાઉન્સિલની ભલામણ

" આથી ઠરાવવામાં આવે છે કે જે વિદ્યાર્થીઓ ફર્સ્ટ બી.એસસી.ની કે ટી.વાય.બી.એસસી.ની પરીક્ષામાં ઉત્તીર્ણ થઈને પ્રી-મેડિકલ પરીક્ષા માટેના અભ્યાસક્રમમાં દાખલ થયા હોય તેમને નીચેના વિષય કે વિષયોમાં પચાસ ટકા ગુણાંક મેળવ્યા હોય તો તેમને પ્રી-મેડિકલ પરીક્ષામાં જે તે વિષય કે વિષયોની પરીક્ષામાંથી મુક્તિ રાખવાનો વિકલ્પ આપવો, અને તે માટે રેગ્યુ. પ્રી-મેડિકલ ૧માં નીચે મુજબની જોગવાઈ ઉમેરીને તે મંજૂર કરવા સિન્ડિકેટને ભલામણ કરવી :

વિષય : ૧. ફિઝિકસ
૨. કેમિસ્ટ્રી
૩. અંગ્રેજી

Regulation No. Pre-Medical-1 :

" Provided that a student who having passed his F.Y.B.Sc. Examination of this or any other University or T.Y.B.Sc. Examination of this or any other University has joined the Pre-Medical Course shall, at his option, be exempted from appearing in any one or more of the following subjects, at the Pre-Medical Examination of this University if he has obtained at least 50 % of the total marks in the subject (Theory and Practicals, taken together) :

1. Physics
2. Chemistry
3. English. '

આથી ઠરાવવામાં આવે છે કે ઍકેડેમિક કાઉન્સિલની ઉપરની ભલામણ મંજૂર કરવી, તથા રેગ્યુ. નં. પ્રી-મેડિકલ-૧ને તાત્કાલિક અમલમાં મૂકવો.

૭૮. પંકજ કેળવણી મંડળ, અમદાવાદ સંચાલિત વૈદ્યશ્રી એમ. એમ. પટેલ કૉલેજ ઑફ ઑક્યુપેશન, અમદાવાદે ઍકેડેમિક કાઉન્સિલે મૂકેલાં શરતોનું યથાર્થ પરિપાલન કરેલું છે કે કેમ તે અંગેનો અહેવાલ આપવા સિન્ડિકેટે નીમેલી સમિતિના અહેવાલ પર વિચારણા કરવા બાબત.

(**નોંધ.**— અહેવાલમાં મુખ્ય મુદ્દા નીચે મુજબ છે :

૧. કૉલેજ ચલાવનાર પાસે રૂ. ૫૦,૦૦૦ને બદલે ફક્ત રૂ. ૨૦,૦૦૦ની અસ્કામત છે.
૨. વર્ગખંડો પૂરતી સગવડવાળા નથી.
૩. વિદ્યાર્થિની રૂમ, વિજ્ઞાનની પ્રયોગશાળા, ઑડિયો-વિઝ્યુઅલ રૂમ જેવું નથી.)

સદરહુ બાબતની વિચારણા મોકૂફ રાખવામાં આવી.

૭૯. શ્રી કમલા એજ્યુકેશન ટ્રસ્ટ, અમદાવાદ દ્વારા જૂન ૧૯૭૧થી શરૂ થયેલ વિશ્વભારતી કૉલેજ ઑફ્ એજ્યુકેશન, અમદાવાદે ઍકેડેમિક કાઉન્સિલે મૂકેલી શરતોનું યથાર્થ પરિપાલન કરેલું છે કે કેમ તે ચકાસી અહેવાલ આપવા સિન્ડિકેટે નીમેલી સમિતિના અહેવાલ પર વિચારણા કરવા બાબત.

(**નોંધ.**— અહેવાલમાં મુખ્ય મુદ્દા નીચે મુજબ છે :

૧. કૉલેજ પાસે રૂ. ૫૦,૦૦૦ની અસ્કામત નથી.

૨. ગ્રંથપાલ યુનિ.ના નિયમ પ્રમાણેની લાયકાત ધરાવતા નથી.

રૂ. ૧૦,૦૦૦ની અસ્કામતની બાબતમાં કૉલેજે શરતોના પરિપાલનના અહેવાલના સંદર્ભમાં ચાર્ટર્ડ એકાઉન્ટન્ટનું પ્રમાણપત્ર મોકલ્યું છે.)

સદરહુ બાબતની વિચારણા મોકૂફ રાખવામાં આવી.

૮૦. ચાલુ શૈક્ષણિક વર્ષની બીજી કસોટી બીજા સત્રની શરૂઆતમાં રાખવા દેવા અંગે તોલાણી કૉલેજ ઑફ્ આર્ટ્સ ઍન્ડ સાયન્સના આચાર્યશ્રીની વિનંતી પર વિચારણા કરવા બાબત.

(**નોંધ.**— આચાર્યશ્રીએ આ માટે નીચેનાં કારણો દર્શાવ્યાં છે :

૧. ઝોનલ અને ઈન્ટર-ઝોનલ હરીફાઈ

૨. ભારતની રમતગમતની સિલ્વર જ્યુબિલી અંગેના કાર્યક્રમો

૩. ગાંધીધામ બંધ

૪. પ્રથમ કસોટી તા. ૧૩-૯-૧૯૭૨ના રોજ પૂરી કરેલ છે.)

સદરહુ બાબતની વિચારણા મોકૂફ રાખવામાં આવી.

૮૧. એમ. બી. કૉલેજ ઑફ્ કૉમર્સ અને શ્રી. ગોસ્વામી એમ. એન. આર્ટ્સ કૉલેજ, દહેગામને વાણિજ્ય વિષયના શિક્ષણકાર્ય માટે લાયકાત ધરાવતા પૂર્ણ સમયના પ્રાધ્યાપક અપ્રાપ્ય હોવાથી સદરહુ વિષયનું શિક્ષણકાર્ય મુલાકાતી પ્રાધ્યાપક શ્રી. બી. એચ. દેસાઈ દ્વારા માત્ર ચાલુ વર્ષ પૂરતું ચલાવવાની પરવાનગી માગતા આચાર્યશ્રીની વિનંતી અંગે વિચારણા કરવા બાબત.

(**નોંધ.**— શ્રી. બી. એચ. દેસાઈ હાલમાં એન. સી. ઓડીવાલા કૉમર્સ કૉલેજ, અમદાવાદમાં કાર્ય કરે છે.)

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ કૉલેજને ચાલુ વર્ષ દરમ્યાન વાણિજ્યના વિષયમાં પૂર્ણ સમયના પ્રાધ્યાપકને બદલે મુલાકાતી પ્રાધ્યાપકથી કામ ચલાવવા માટે પરવાનગી આપવી, અને જણાવવું કે જૂન ૧૯૭૩થી યોગ્ય લાયકાત ધરાવતા પૂરા સમયના પ્રાધ્યાપકની નિમણૂક કરવી આવશ્યક રહેશે.

૮૨. Indian Pharmaceutical Association (ગુજરાત શાખા) અને Gujarat State Pharmacy Councilના સંયુકત ઉપક્રમે " Pharmacy Education in Post-graduate Course " પર એક પરિસંવાદ વડોદરા મુકામે નવેંબર ૧૮ના રોજ યોજનાર છે તેમાં યુનિવર્સિટીના પ્રતિનિધિ મોકલવા અંગે વ્યવસ્થાપક સમિતિના કન્વીનરના તા. ૨૦-૯-૧૯૭૨ના પત્ર પર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ પરિસંવાદમાં આ યુનિવર્સિટીના પ્રતિનિધિઓ તરીકે આચાર્ય બી. ટી. પરીખ તથા ડૉ. એમ. બી. દેવાણીને મોકલવા.

૮૩. ગણિતમંડળના ઉપક્રમે ગણિતના અધ્યાપકો અને શિક્ષકોની, મોડાસા મુકામે તા. ૨૯-૧૦-૧૯૭૨થી તા. ૩૦-૧૦-૧૯૭૨ દરમિયાન મળનાર પરિષદ માટે સાયન્સ કૉલેજ, મોડાસાના આચાર્યશ્રીઓ તેમના તા. ૧૮-૯-૧૯૭૨ના પત્રથી આર્થિક સહાય આપવાની વિનંતી કરી છે તો તે પરત્વે વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ મંડળના આગામી અધિવેશન માટે તેની યજમાન સંસ્થા પી. ટી. સાયન્સ કૉલેજ, મોડાસાને રૂ. ૫૦૦(પાંચસો)ની આર્થિક સહાય મંજૂર કરવી.

૮૪. ડેન્ટલ સર્જરીની વિદ્યાશાખાની ભલામણ અનુસાર ઑર્ડિ. ૩૬૯ નીચે પ્રમાણે વંચાય તે રીતે સુધારવા તથા તેને ઑક્ટોબર ૧૯૭૨ની પરીક્ષાથી અમલમાં મૂકવાની ઍકેડેમિક કાઉન્સિલની તા. ૧૮-૯-૧૯૭૨ની સભાની ભલામણ પર વિચારણા કરવા બાબત.

O. 369 (*In force from the examination of October* 1972)

No candidate shall be admitted to the Second B.D.S. Examination unless he has passed the First B.D.S. Examination and shall have been engaged in Dental Studies at a Dental College affiliated to this University for at least two clear terms after passing the First B.D.S. Examination.

A candidate who has passed in all the subjects but one at the First B.D.S. Examination of this University in conformity with R. 252-D will be allowed to keep terms and appear for the Second B.D.S. Examination after keeping two terms, provided that he has passed in the remaining subjects of the First B.D.S. Examination at least one clear term before he appears for the Second B.D.S. Examination.

આથી ઠરાવવામાં આવે છે કે ઍકેડેમિક કાઉન્સિલની ભલામણ મુજબ ઑર્ડિ. ૩૬૯ ઉપર મુજબ વંચાય તે રીતે સુધારવો તથા તેને તાત્કાલિક અમલમાં મૂકવો.

૮૫. રાષ્ટ્રીય સેવા યોજના અંગે સિન્ડિકેટે નીમેલ સલાહકાર સમિતિની તા. ૨૫-૮-૧૯૭૨ના રોજ મળેલ સભાએ કરેલ નીચેની ભલામણો ઉપર વિચારણા કરવા બાબત :

"રાષ્ટ્રીય સેવા યોજનાના ઉપક્રમે દિવાળીની રજાઓમાં યોજાતા વિવિધ શિબિરોનો અંદાજી ખર્ચ રૂ. ૫૮,૦૬૦ (સાથે જોડેલ યાદીમાં દર્શાવ્યા પ્રમાણે, જે અત્રે છાપી નથી) મંજૂર કરવા સિન્ડિકેટને ભલામણ કરવી."

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ સમિતિની ઉપરની ભલામણ મંજૂર કરવી તથા નીચેનાં સ્થળોએ યોજાનાર શિબિરો માટે કુલ રૂ. ૫૮,૦૬૦નો અંદાજી ખર્ચ મંજૂર કરવો :

(૧) ગ્રામ આરોગ્ય અને સફાઈ શિબિર, મુ. રિટ્રોલ, તા. વિજાપુર, જિ. મહેસાણા.
(૨) ગ્રામ આરોગ્ય અને સફાઈ શિબિર, મુ. સણિયા—કણદે, તા. ચોર્યાસી, જિ. સુરત.
(૩) પ્રૌઢશિક્ષણ તાલીમ શિબિર, બાલારામ સઘનક્ષેત્ર સમિતિ, મુ. ચિત્રાસણી, તા. પાલનપુર, જિ. બનાસકાંઠા.
(૪) હોમ સાયન્સ નર્સિંગ શિબિર (બહેનો માટે), વાત્સલ્યધામ, મુ. મઢી, જિ. સુરત.

૮૬. શ્રી. આર. કે. પરીખ આર્ટ્સ ઍન્ડ શ્રી. એમ. કે. પટેલ કૉમર્સ કૉલેજ, પેટલાદમાંથી ગુજરાતીના વ્યાખ્યાતા શ્રી. બી. એ. જનીને છૂટા કર્યા હોઈ તેમની ફરિયાદ પરત્વે વિચારણા કરવા બાબત.

(**નોંધ.**— શ્રી. બી. એ. જની તા. ૧૬--૭--૧૯૭૮થી વ્યાખ્યાતા તરીકે કૉલેજમાં જોડાયા, અને તા. ૧૩--૭--૧૯૭૨ના રોજ નોટિસ આપીને તેમને છૂટા કરવામાં આવ્યા.)

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ કૉલેજના ગુજરાતીના લેક્ચરર શ્રી. બી. એ. જનીને તેમની સેવાઓનું સાતત્ય તૂટે નહીં તે રીતે તેમને લેક્ચરરની તેમની જગ્યાએ ચાલુ રાખવા માટે સદરહુ કૉલેજના આચાર્યને જણાવવું.

૮૭. આર્ટ્સ ઍન્ડ સાયન્સ કૉલેજ, ભાદરણમાંથી ઇતિહાસના વ્યાખ્યાતા તરીકે તા. ૧૪-૯-૧૯૭૦ના રોજ જોડાયેલ શ્રી. ડી. એફ. રાવને તા. ૧૪--૯--૧૯૭૨ના રોજ છૂટા કરવાની સંસ્થાએ નોટિસ આપ્યા અંગે આવેલ ફરિયાદ પર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ કૉલેજના ઇતિહાસના લેક્ચરર શ્રી. ડી. એફ. રાવને તેમની સેવાઓનું સાતત્ય તૂટે નહીં તે રીતે તેમને લેક્ચરરની તેમની જગ્યાએ ચાલુ રાખવા માટે સદરહુ કૉલેજના આચાર્યને જણાવવું.

૮૮. ડોંગેરકરી કમિશનના અહેવાલ અંગે યુનિવર્સિટી તરફથી કરવામાં આવેલાં સૂચનો પર ગુજરાત યુનિવર્સિટી ઓરિયા ટીચર્સ એસોસિયેશને સૂચવેલ સુધારા રાજ્ય સરકારના શિક્ષણ અને મજૂર ખાતા તરફથી આ કાર્યાલયને તે અંગે મંતવ્યો રજૂ કરવા મોકલેલ હોઈ તે પરત્વે વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બાબતની વિચારણા મોકૂફ રાખવી.

૮૯. યુનિવર્સિટી એમ્પ્લોયીઝ ઈન્ફર્મેશન--કમ--એડવાઇઝરી બ્યૂરો સ્થાપવા માટે રૂ. ૧૦,૧૦૦(અંકે રૂપિયા દસ હજાર એકસો પૂરા)ની આર્થિક સહાય મંજૂર કર્યાના યુનિ. ગ્રાન્ટ્સ કમિશનના તા. ૧૫-૬-૧૯૭૨ના પત્રાંક એફ. ૭૬--૮--૭૧(એસ. એ. સેકન્ડ)ની નોંધ લેવા બાબત.

[**નોંધ.**— (૧) આ ગ્રાન્ટ બે વર્ષ માટે આપવામાં આવશે, એટલે કે ૧૯૭૪ના માર્ચ સુધી.

(૨) ૧૯૭૪ના માર્ચ પછી આ અંગેનું તમામ ખર્ચ યુનિ.એ / રાજ્ય સરકારે ભોગવવાનું રહેશે.

(૩) હાલમાં બ્યૂરો અંગેનું સ્ટાફ વગેરેનું ખર્ચ રાજ્ય સરકાર આપે છે.]

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બાબતની વિચારણા મોકૂફ રાખવી.

૯૦. સને ૧૯૭૧--૭૨ના વર્ષ માટે "આચાર્ય ડૉ. કે. જી. નાયક સુવર્ણચંદ્રક" (વિનયન વિદ્યાશાખા) ઓનાયત કરવા માટે સિન્ડિકેટે તેની તા. ૫/૬--૮--૧૯૭૨ની સભામાં નીમેલી સમિતિ ઉપર ડૉ. પી. એચ. પ્રભુનું નામ સભાની નોંધમાં મુદ્રિત થવું રહી ગયું હોવાથી તે ભૂલ સુધાર્યાના કુલપતિશ્રીના કાર્યની નોંધ લેવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે કુલપતિશ્રીના સદરહુ કાર્યની નોંધ લેવી.

૯૧. સદરહુ બાબતની વિચારણા આગળ બાબત નં. ૨૯ પછી કરવામાં આવેલી હોઈ તેની નોંધ તે ક્રમમાં દર્શાવવામાં આવી છે.

તે પછી બાબત નં. ૧૨ વિચારણા માટે હાથ ધરવામાં આવી, પરંતુ સરળતા માટે તેની નોંધ તે ક્રમમાં દર્શાવવામાં આવી છે.

તે પછી પ્રમુખશ્રીની પરવાનગીથી નીચેની બાબત વિચારણા માટે રજૂ કરવામાં આવી :

૯૨. સાયન્સ કૉલેજ, કડીના ફિઝિકલ ઈન્સ્ટ્રકટર શ્રી. જીવણભાઈ બી. પટેલને છૂટા કર્યા અંગે વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ કેસ અંગેની પૂરેપૂરી માહિતી સદરહુ કૉલેજ પાસેથી મંગાવવી.

તે પછી સભાગૃહનું કામકાજ પૂરું થયું હતું.

નં. સિ./૨૬૦૩૭/૧૯૭૨.
ગુજરાત યુનિવર્સિટી કાર્યાલય,
અમદાવાદ-૯.
તા. ૧૨-૧૦-૧૯૭૨.

કં. ચં. પરીખ
કુલસચિવ.

APPENDIX—I

Elective : Fluid Mechanics

Course—M.E. (Civil) **First Semester** **Elective : Fluid Mechanics**

Sr. No.	*Subject No.*	*Name of the Subject*	*Teaching scheme (Periods of 45 Mins.)*			*Examination scheme*			*Sessional marks*	*Term work marks*	*Total marks*
			Theory	*Lab./Pract. or Drg.*	*Tutorial*	*Theory marks*	*Paper hours*	*Pract./ oral/ sketching*			
1.	1124	Mathematics	4	—	1	100	3	—	50	—	150
2.	1125	Instrumentation	3	1.5	—	100	3	—	50	25	175
3.	1126	Fluid Mechanics–I	3	—	2	100	3	—	50	25	175
4.	1127	Fluid Mechanics–II	3	1.5	2	100	3	—	50	25	175
5.	1128	Open Channel Flow	2	6	1	50	2	—	50	100	200
6.	1129	Ground Water Flow	3	3	1	100	3	—	50	25	175
7.	1106	General (Seminar, Group discussion, Library work etc.)	–	—	8	—	—	—	50	—	50
		Total :	18	12	15	550	—	—	350	200	1100

Elective : Fluid Mechanics

Course—M.E. (Civil) **Second Semester** **Eleetive : Fluid Mechanics**

Sr. No.	*Subject No.*	*Name of the subject*	*Teaching scheme (Periods of 45 Mins.)*			*Examination scheme*			*Session-al marks*	*Term work marks*	*Total marks*
			Theory	*Lab./Pract. or Drg.*	*Tuto-rial*	*Theory Paper marks*	*Pract./ hrs.*	*oral and sketching marks*			
1.	2124	Numerical Analysis and Computer Programming	3	1.5	1	50	2	—	50	—	100
2.	2125	Hydraulic Structures	3	3	1	100	3	—	50	50	200
3.	2126	Fluid Mechanics–III	3	—	3	100	3	—	50	50	200
4.	2127	Fluid Mechanics–IV	3	3	3	100	3	—	50	50	200
5.	2128	Open Channel Flow including Hydrology	3	1.5	2	100	3	—	50	25	175
6.	2129	Unsteady Flow, Surges and Water-hammer	3	—	2	100	3	—	50	25	175
7.	2107	General (Seminar, Group discus-sion, library work etc.)	—	—	6	—	—	—	50	—	50
		Total :	18	9	18	550	—	—	350	200	1100

[વિદ્યુત-૨૬૨ (ક્રમાંક ૨૫૫) : તા. ૨૩-૮-૯૬૨

Course — M.E. (Civil) **Third and Fourth Semesters** **Elective : Fluid Mechanics**

Sr. No.	Subject No.	Name of the Subject	Teaching scheme (Periods of 45 mins.) Theory	Lab./ Pract or Drg.	Tuto-rial	Theory marks	Pract./oral hrs. and sketching marks	Sessional marks	Term-work marks	Total marks
1.	3101	Dissertation based on Project work	—	—	—	—	—	—	—	500
		Total	—	—	—	—	—	—	—	500

સિન્ડીકેટ (વિશેષ સભા) તા. 23-6-1992

M.E. (Civil)

Elective : Fluid Mechanics

FIRST SEMESTER

Detailed Syllabi

1124 Mathematics : Theory : 100 marks (3 hrs.), Sessional 50 marks.

Ordinary differential equations, partial differential equations, Solutions of Laplace equation with special reference to fluid flow, Integral transforms, complex variables and conformal mapping. Elements of Matrices.

1125 Instrumentation : Paper 100. Sessional 50, Term-work 25, Atomic structure. Electron Emission, Diodes, Triodes, Tetrodes, Pentodes and Beam-power tubes, C.R.O. tube, Transistors and Semi-conductors, Amplifiers and rectifiers, Transducers, Bridge-Circuits, Hydrometry.

(The Term-work shall consists of assignment and laboratory work)

1126 Fluid Mechanics–I : Theory 100, Sessional 50, Term-work 25. Ideal fluid, fluid as continua, fluid kinematics, Eulerian and Langragian methods, Analysis of deformation, steady, unsteady and relative motions, continuity equation, irrotational motion, Potential and Stream functions, Euler's equations of motion, Concept of circulation and circulation theorems. Integration of the equations of Motion, Laplace's equation in Cartesian, cylindrical and spherical co-ordinates. Boundary conditions, flow-nets.

1127 Fluid Mechanics–II : Theory 100, Sessional 50, Term-work 25. Flow of a real fluid, Effects of viscosity, Laminar and Turbulent flow, Continuity equation, Navier-stokes equations, Exact solutions and approximate solutions, Energy equation and conservation of energy, couette flow, Poisenille flow, flow between co-axial cylinders, and between two concentric rotating cylinders, Bearing lubrication, Very slow motion, Flow around a sphere concepto of the Boundary layer, displacement, Momentum and Energy thickness of boundary layer.

1128 Open Channel Flow : Theory 50, Sessional 50, Term-work 100. Steady, uniform flow—Velocity distribution and resistance under uniform motion. Energy and Momentum correction factors. Specific energy and specific force. Energy and discharge diagrams, their application to problems on sluice-gates and channels with changes in bed-width and elevation. Momentum principles. Converging and

Diverging flows. Equations of gradually varied flow, Types of surface profiles, channels with adverse zero, mild, critical and steep slopes. Control sections, Computation procedures for the form of surface profiles. Hydraulic jump, Conjugate depths, its location below hydruaulic sturctures, its use as an energy dissipator. Mechanism of supercritical flow in channels.

(The term-work shall consist of assignments and laboratory work.)

1129 Ground Water Flow : Theory 100, Sessional 50, Term-work 25. Basic equations and boundary conditions, Principle of complex variables and conformal transformation, Steady incompressible flows, Confined seepage under a hydraulic structure with a flat base in infinite porous media, uplift pressures and exitgradient. Analysis based on schwarz. Christoffel transformation structure with a stepped apron and a sheet-pile, flat bottom structure on finite depth of porous media, elliptic integrals of 1st and 2nd kinds, A depressed structure on porous media of infinite extent.

Unconfined flows, Seepage analysis of earth-dams, various theories, basic equations, steady, non-uniform seepage through porous media resting on impervious strata, with and without infiltration, steady, confined and unconfined flows towards wells.

(The term-work shall consist of assignments based on above topics.)

1106 General : Sessional 50 marks.

(1) Seminar : Each student will be required to read a paper in the first Semester in the class-room on a subject pertaining to his elective.

(2) Group discussion : This will follow each session of paper reading as laid down above.

(3) Library work : Each student will be assigned a few journals / topics of interest to prepare a subject-wise synopsis and bibliography. He should submit the synopsis cards at the end of the 1st Semester.

SECOND SEMESTER

2124 Numerical Analysis and Computer Programming :

Theory 50 marks, Sessional 50 marks.

Algebraic and Transcendental equations, Evaluation of real and complex roots, Newton--Raphson method, Finite differences, Backward, forward and Central

differences, Solution of linear simultaneous, algebraic equations, Ordinary, Polynomial and orthogonal functions, Numerical Integration techniques, solution of ordinary differential equations, Euler's method, Milne's method, Runge--Kutta method. Partial differential equations, Solution of Laplace equation.

Elements of Fortran programming.

2125 Hydraulic Structures : Theory 100 marks, Sessional 50, Term-work 50.

Introduction—Elementary theory of elasticity, deformations, Relations between Tensions and Deformations, Generalised Hooke's law, Lame's coefficients, Plane elasticity, Mohr's circle. General principles of design—The importance of percolation of water in the design of barrages, regulators, Weirs and aprons, brief study of the various theories by Bligh, Lane, Khosla and others. Pecolation through an earthen embankment.

Design of a regulator of moderate size and a masonry syphon including the hydraulic analysis of flow through such structhres, Their General Layout.

Design of aqueducts and super-passages, Gates used for regulators and Barrages and their operation.

Dams : Forces acting on dams, General procedure for the design of overflow and non-overflow sections in Gravity Dams, Internal stresses and stress concentrations in Gravity Dams, Design ofs pillways and stilling–basing.

Arch Dams : Cylinder theory, Elastic Theory and Trial–load Analysis (Brief treatment only).

Earth Dams : General principles of design, location of seepage line, stability of earth-dams, Details of construction. Fundamental principles of designing stable channels in Alluvium.

2126 Fluid Mechanics--III : Theory 100, Sessional 50, Term-work 50, Methods of acquiring potential solutions, Principles of superposition, Two-dimensional flow patterns, Rectilinear flow, Sources, sink, Radial flow, Vortex flow, doublet, Rankine and Kelvin bodies, Three-dimensional axi-symmetric flow patterns, Sphere in a uniform stream, super-position of various types of flow. Method of images. Distributed singularities. Potentials via analytic solution, Harmonic functions, Conformal transformation and mapping. Approximate method for potential solutions. Discontinuous flows, Free-streamline flow analysis, Hodograph models, Development of body contours from free streamlines. Foil theory and its applications, Blasius theorem, Kutta–Joukowski law, Development of circulation around a foil

2127 Fluid Mechanics–IV : Theory 100, Sessional 50, Term-work 50. Two-dimensional boundary layer equations, order of magnitude of terms, Blasius solution, Falkner–Skan solution, Karman momentum equation, Boundary layer on surfaces with and without a pressure gradient, Shearing stresses and boundary layer thickness, Karman–Pollhausen Method, Separation of boundary layer, Methods of boundary layer control, Stability of laminar flow : Perturbation theory and theory of finite disturbances, Neutral stability, Reynold's criterion, Chi-parameter, Neutral stability curve. Introduction to turbulent flow, Origin of turbulence, Mean values and fluctuations, Reynolds, modification of Navier–Stocke's equations, Reynold's stresses, Semi-empirical theories of turbulence Prandtl's mixing length theory, Taylor's vorticity transfer theory, Karman's similarity hypothesis, Reichardt's theory. Universal velocity profiles, Resistance laws for smooth and rough pipes. Correlation, Eulerian and Lagrangian correlations, characteristics of Homogeneous and Isotropic turbulence, Decay of turbulence, Energy spectrum.

Free turbulence shear flows : Circular and two-dimensional jets.

2128 Open Channel Flow including Hydrology

Theory 100 marks, Sessional 50, Term-work 25.

Hydrology : Definition, dependence on allied sciences such as Meteorology, Climatology etc. Hydrologic cycle, Elements of meteorological and Climatological principles. Types of storms, Theory of precipitation, Run-off and its relation to hydrological cycle, variation in run-off, relation of ground water to stream flow, storm rainfall, Hyetographs and Mass Curves, Depth-area relationships, Thiessen diagrams, storms on large and small areas, Run-off Hydrographs, Unit Hydrograph. Rational theory of surface run-off. Open Channels, Pressure distribution in straight and curved channels, Effect of slope. Flow in channels with composite roughness, Theoretical uniform flow equations using universal velocity distribution law, theoretical interpretation and estimation of Manning's coefficient. The delivery of a canal for sub-critical and super-critical flows, channel transitions. Sub-critical flow through transitions super-critical flow through contractions and expansions. Flood-routing, Hydraulic and Hydrologic methods, Method of characteristics, Painciples of Hydrologic routing, Basic equations in flood-routing, Relations for finite increments in the first and second approximations, and in the complete method, Muskingum Method, Reservoir routing—M and N working values for level—pool routing. Attenuation and subsidence of a flood wave. Principles of Sediment Transport, various theories.

2129. Unsteady flow. Surges and Water-Hammer

(Theory : 100; Sessional : 50; Term-work : 25)

(૧) શ્રી. કુલપતિ
(૨) શ્રી. રણજિતરાય ગં. શાસ્ત્રી
(૩) આચાર્ય એમ. સી. શાહ
(૪) શ્રી. ઈન્દ્રવદન અં. મોદી
(૫) શ્રી. હીરાલાલ એચ. ભગવતી.

૧૧. યુનિવર્સિટી કાર્યાલયનાં જુનિયર ક્લાર્ક કુ. એચ. વી. પરમારને રૂ. ૧૫૩--૫--૧૮૩--૧૦--૨૪૩ --ઈ.બી.--૧૫--૪૦૮--૨૦--૪૪૮ ના પગારધોરણમાં રૂ. ૨૪૩ પછીનો કાર્યક્ષમતા અંતરાય (Efficiency Bar) તા. ૧–૧૧--૧૯૭૨ થી ઓળંગવા માટે મંજૂરી આપવા અંગે વિચારણા કરવા બાબત.

સદરહુ બાબત ચર્ચાવિચારણા માટે હાથ ધરવામાં આવી ત્યારે કુ. એચ. વી. પરમારની કામગીરી અંગેનો ખાનગી અહેવાલ સભાગૃહ સમક્ષ રજૂ કરવામાં આવ્યો.

તે પછી ઠરાવવામાં આવ્યું કે કુ. એચ. વી. પરમારને રૂ. ૧૫૩--૫--૧૮૩--૧૦--૨૪૩--ઈ.બી.--૧૫--૪૦૮--૨૦--૪૪૮ના પગારધોરણમાં રૂ. ૨૪૩ આગળ આવતો કાર્યક્ષમતા અંતરાય ઓળંગવા માટે મંજૂરી આપવી.

૧૨. રાષ્ટ્રીય સેવા યોજના હેઠળ કામ કરતી સ્વામિનારાયણ આર્ટ્સ કૉલેજના આચાર્યશ્રી તરફથી એન.એસ.એસ. અધ્યાપક-ઈન-ચાર્જ તરીકે નીચે મુજબ ફેરફાર કરવા અંગે તેમના તા. ૨૧--૯--૧૯૭૨ના પત્રથી આવેલ વિનંતી પર વિચારણા કરવા બાબત :

કૉલેજનું નામ	હાલના અધ્યાપક-ઈન-ચાર્જનું નામ	બદલાયેલ અધ્યાપક-ઈન-ચાર્જનું નામ
સ્વામિનારાયણ આર્ટ્સ કૉલેજ, અમદાવાદ	શ્રી. ડી. ડી. વેકરિયા	શ્રી. સી. એસ. ત્રિવેદી (સંસ્કૃતના વ્યાખ્યાતા)

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ કૉલેજના એન. એસ. એસ. એકમના અધ્યાપક-ઈન-ચાર્જ તરીકે શ્રી. ડી. ડી. વેકરિયાની જગ્યાએ શ્રી. સી. એસ. ત્રિવેદીની નિમણૂક કરવી.

૧૩. રાષ્ટ્રીય સેવા યોજના હેઠળ કામ કરતી સી. યુ. શાહ કૉમર્સ કૉલેજના આચાર્યશ્રી તરફથી એન.એસ.એસ.ના અધ્યાપક-ઈન-ચાર્જ તરીકે નીચે મુજબના ફેરફાર કરવા અંગે તા. ૨૪--૯--૧૯૭૨ના પત્રથી આવેલી વિનંતી પર વિચારણા કરવા બાબત:

(નોંધ.— તેઓની નિમણૂક તા. ૨૪–૯–૧૯૭૨થી કરવાની રહેશે.)

કૉલેજનું નામ	હાલના અધ્યાપક-ઈન ચાર્જનું નામ	સૂચિત અધ્યાપક-ઈન-ચાર્જનું નામ
સી. યુ. શાહ કૉમર્સ કૉલેજ, અમદાવાદ–૧૩	શ્રી. અશ્વિન પી. પટેલ	શ્રી. હસમુખ જી. પટેલ (ટ્યૂટર ઇન એકાઉન્ટ્સ)

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ કૉલેજના એન.એસ.એસ. એકમના અધ્યાપક-ઈન-ચાર્જ તરીકે શ્રી. અશ્વિન પી. પટેલની જગ્યાએ શ્રી. હસમુખ જી. પટેલની નિમણૂક કરવી.

૧૪. યુનિવર્સિટીની દંત વિદ્યાશાખાની એમ.ડી.એસ. પદવી પરીક્ષાના (૧) ઓરલ સર્જરી, અને (૨) ઓર્થોડોન્ટિશ્યા વિષયોનું માર્ચ ૧૯૭૨માં ડેન્ટલ કાઉન્સિલ ઑફ ઈન્ડિયાના ઈન્સ્પેક્ટરો દ્વારા ઈન્સ્પેકશન થયેલ તે અભ્યાસક્રમો તથા પરીક્ષાઓને માન્ય કર્યા અંગેના સદરહુ કાઉન્સિલના સેક્રેટરીના તા. ૨૩-૮-૧૯૭૨ના પત્રાંક ડીઈ.૭૩, ૭૨-૩૧૨૪ની નોંધ લેવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બાબતની નોંધ લેવી.

૧૫. યુનિવર્સિટી એમ્પ્લોયીઝ ઈન્ફર્મેશન-કમ-એડવાઈઝરી બ્યૂરો સ્થાપવા માટે રૂ. ૧૦,૧૦૦ (અંકે રૂપિયા દસ હજાર એકસો પૂરા)ની આર્થિક સહાય મંજૂર કર્યાના યુનિ. ગ્રાન્ટ્સ કમિશનના તા. ૧૫-૬-૧૯૭૨ના પત્રાંક એફ. ૭૬-૮-૭૧(એસ. એ. સેકન્ડ)ની નોંધ લેવા બાબત.

[નોંધ — (૧) આ ગ્રાન્ટ બે વર્ષ માટે આપવામાં આવશે, એટલે કે ૧૯૭૪ના માર્ચ સુધી.
(૨) ૧૯૭૪ના માર્ચ પછી આ અંગેનું તમામ ખર્ચ યુનિવર્સિટીએ/રાજ્ય સરકારે ભોગવવાનું રહેશે.
(૩) હાલમાં બ્યૂરો અંગેનું સ્ટાફ વગેરેનું ખર્ચ રાજ્ય સરકાર કરે છે.]

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બાબતની નોંધ લેવી.

૧૬. યુનિવર્સિટી ગ્રાન્ટ્સ કમિશનની યોજના હેઠળ સંલગ્ન કૉલેજો અને યુનિવર્સિટીના શિક્ષકોને તેમના કાર્યક્ષેત્રની વિશિષ્ટ તાલીમ માટે ટ્રાવેલ ગ્રાન્ટ આપવાની યોજના અન્વયે ૧૯૭૨માં મે વૅકેશન ટ્રાવેલ ગ્રાન્ટ નીચે જણાવેલ શિક્ષકોને આપવામાં આવી હતી. મજકૂર ગ્રાન્ટના નિયમ ૬ મુજબ તેમણે તેમની તાલીમનાં કેન્દ્રો ઉપર ઓછામાં ઓછા પંદર દિવસને બદલે અનુક્રમે ૧૩ અને ૭ દિવસ રોકાયા હોઈ તે ગ્રાહ્ય રાખવા બાબત :

ક્રમાંક	શિક્ષકનું નામ	ટ્રેનિંગનો વિષય	ટ્રેનિંગ કેન્દ્ર	કેટલા દિવસ ઓછા રોકાયા	ઓછા રોકાયાનું કારણ
૧.	શ્રી. કે. કે. શુકલ, એ. જી. ટીચર્સ કૉલેજ, અમદાવાદ	સ્ટુડન્ટ ટીચિંગ ઈન ટીચર	નેશનલ ઈન્સ્ટિટ્યૂટ ઑફ એજ્યુકેશન, ન્યૂ દિલ્હી	૨	તેમનો પ્લાન સંતોષકારક રીતે વહેલો પૂરો થયો હોવાથી વધુ રોકાવું જરૂરી નહોતું.
૨.	ડૉ. ડી. ડી. પટેલ, બી. જે. મેડિકલ કૉલેજ, અમદાવાદ	આર્ટિફિશિયલ કિડની યુનિટ	ક્રિશ્ચિયન મેડિકલ કૉલેજ, વેલોર	૮	એક સપ્તાહની ટ્રેનિંગ કે. ઈ. એમ. હૉસ્પિટલમાં ચાલતા કૃત્રિમ વૃક્ષના કાર્યને જોવા રોકાયેલ અને તે દ્વારા પાર્ટ ટ્રેનિંગ પૂરી કરી હોવાથી.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ અધ્યાપકો તેમની તાલીમ માટે તેમનાં નામ સામે જણાવ્યા પ્રમાણે જરૂર કરતાં ઓછા દિવસ રહ્યા તે, તે માટેનાં તેમણે આપેલાં કારણો જોતાં, ગ્રાહ્ય રાખવું.

૧૭. (૧) સને ૧૯૭૨-૭૩ના વર્ષ માટે યુનિવર્સિટી ગ્રાન્ટ્સ કમિશને અનએસાઈન્ડ ગ્રાન્ટ માટે રૂ. ૩૦,૦૦૦ની ગ્રાન્ટ પત્ર ક્રમાંક એફ. ૪-૨૦-૭૨ (જી), તા. ૧૮-૮-૧૯૭૨થી મંજૂર કરી તેના સંદર્ભમાં નીચે જણાવેલ યોજનાઓ અંગે તેની સામે જણાવેલ અંદાજી ખર્ચની ફાળવણી કરવા અંગે વિચારણા કરવા બાબત.

(૨) સને ૧૯૭૧-૭૨ના વર્ષ માટે કુલ અંદાજી ખર્ચ રૂ. ૩૧,૦૦૦નો સિન્ડિકેટે તેની તા. ૭/૮-૮-૧૯૭૧ની સભામાં મંજૂર કર્યો હતો તેની સામે યોજનાઓ માટે ખરેખર ખર્ચ નીચે પ્રમાણે થયો હતો તે મંજૂર કરવા અંગે વિચારણા કરવા બાબત :

Sr. No.	*Scheme*	*Estimate for the year 1971-72 U.G.C.'s share Rs.*	*Actual for the year 1971-72 U.G.C.'s share Rs.*	*Estimate for the year 1972-73 U.G.C.'s share Rs.*	*Rates of U.G.C.'s share Rs.*
1.	Travel grant to teachers for attending international conference abroad	5,300	5,291-50	Nil	50 %
2.	(*a*) Travel grant to teachers / scholars / technicians for visiting centres of Research or to attend academic conference / seminars within India	8,700	9,163-00	9,000	100 %
	(*b*) Travel grant to Research scholars in connection with their work at other Research centres	3,000	3,670-70	4,000	100 %
3.	Exchange of teachers	1,000	376-40	1,000	100 %
4.	U.G.C. Unit	12,000	12,000-00	15,000	Upto 15000
5.	Extension work by University teachers	1,000	498-40	1,000	100 %
6.	Computer assistance buying the time of the computer	Nil	Nil	Nil	100 %
7.	Preparation and Dev. of Teaching materials and Aids	Nil	Nil	Nil	100 %
		31,000	31,000-00	30,000	—

આથી ઠરાવવામાં આવે છે કે સને ૧૯૭૨--૭૩ના વર્ષ માટેની યુનિવર્સિટી ગ્રાન્ટ્સ કમિશન તરફથી મળેલી રૂ. ૩૦,૦૦૦ની અનએસાઈન્ડ--ગ્રાન્ટ ખાતેના ખર્ચની અંદાજી ફાળવણી ઉપર મુજબ મંજૂર કરવી.

૧૮. ઈન્ડિયન મૅથેમેટિકલ સોસાયટીનું ૩૦મું વાર્ષિક અધિવેશન ભોપાળ યુનિવર્સિટીના ઉપક્રમે ભોપાળ મુકામે ડિસેંબર ૨૭થી ૨૯, ૧૯૭૨ ના છેલ્લા સપ્તાહ દરમિયાન મળનાર હોઈ તેમાં યુનિવર્સિટીના પ્રતિનિધિ મોકલવા અંગે વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ સોસાયટીના આગામી અધિવેશનમાં આ યુનિવર્સિટીના પ્રતિનિધિ તરીકે આચાર્ય કે. એન. શાહને મોકલવા.

૧૯. ઑલ-ઈન્ડિયા ઓરિયેન્ટ કૉન્ફરન્સના ૨૬મા અધિવેશનમાં ભાષા-સાહિત્ય ભવનના નીચેના શિક્ષકોને ઉજ્જૈન મુકામે મોકલવા અંગેની તેઓની વિનંતી પર વિચારણા કરવા બાબત :

(૧) ડૉ. સી. આર. નાયક
(૨) ડૉ. ઈ. એ. સોલોમન
(૩) ડૉ. ટી. એસ. નાંદી
(૪) ડૉ. કે. આર. ચંદ્રા.

[**નોંધ.**—(૧) નિયમ મુજબ પરિષદ / પરિસંવાદમાં એક જ શિક્ષકને મોકલી શકાય.

(૨) ગયા વર્ષે ઉપરોક્ત પરિષદમાં નીચેના શિક્ષકોને મોકલ્યા હતા :
(૧) ડૉ. સી. આર. નાયક, (૨) ડૉ. ઈ. એ. સોલોમન અને (૩) ડૉ. ટી. એસ. નાંદીને મોકલવાની મંજૂરી આપવામાં આવી હતી, પરંતુ ગયા વર્ષે આ પરિષદ બંધ રહી હતી. આ વર્ષે પ્રો. એચ. સી. ભાયાણીને આ પરિષદમાં જવાની મંજૂરી આપી છે.]

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ કૉન્ફરન્સના આગામી અધિવેશનમાં ભાગ લેવા માટે ભાષા-સાહિત્ય ભવનના ઉપર જણાવેલા અધ્યાપકોને મોકલવા માટેનો સદરહુ ભવનનો પ્રસ્તાવ મંજૂર કરવો.

૨૦. સિન્ડિકેટે તેની તા. ૪/૧૦--૩--૧૯૭૨ની સભામાં યુનિવર્સિટી કર્મચારીઓ—શિક્ષકવર્ગના તેમ જ બિનશિક્ષકવર્ગના કર્મચારીઓ—માટે બહારનું કામ અને/અથવા તે અંગેના પુરસ્કાર સ્વીકારવા માટે નીચે જણાવેલા નિયમો મંજૂર કર્યા છે તે જોતાં, સિન્ડિકેટે તેની તા. ૧૧—૧--૧૯૬૯ની સભામાં મંજૂર કરેલા નીચેના નિયમો ચાલુ રહે છે કે કેમ તે અંગે સ્પષ્ટતા કરવા બાબત :

સિન્ડિકેટે તા. ૪/૧૦--૩--૧૯૭૨ની સભામાં મંજૂર કરેલા નિયમો

"(૧) પુસ્તકોના લેખન કે અનુવાદ કે સંપાદનનું કામ અને તે અંગેનું વેતન સ્વીકારવા માટે તેમ જ ઑલ-ઈન્ડિયા રેડિયો પરથી કાર્યક્રમોમાં ભાગ લેવા માટે અને તે અંગેનું વેતન સ્વીકારવા માટે યુનિવર્સિટીના કોઈ પણ કર્મચારીને માટે હવે પછી પરવાનગી લેવી આવશ્યક રહેશે નહીં, પરંતુ તે અંગેની માહિતી યુનિવર્સિટી કાર્યાલયના જે તે સભ્યે પૂરી પાડવી આવશ્યક રહેશે.

(૨) યુનિવર્સિટીના કર્મચારીઓ માટે યુનિવર્સિટી સિવાયની અન્ય સંસ્થાનું કે અન્ય કોઈ બહારનું ઉપર (૧)માં જણાવ્યા સિવાયનું અન્ય કોઈ કામ સવેતન હોય કે અવેતન હોય તો તે સિન્ડિકેટની પૂર્વસંમતિ સિવાય સ્વીકારી શકાશે નહીં."

સિન્ડિકેટની તા. ૧૧--૫--૧૯૬૯ની સભામાં મંજૂર કરેલા નિયમો

"No University employee shall, except with the previous sanction of the Vice-Chancellor, engage directly or indirectly in any trade or business or undertake any other employment.

Provided that a University employee may, without such sanction, undertake honorary work of a social and charitable nature or occasional work of literary, artistic or scientific character subject to the condition that his official duties do not thereby suffer, but he shall not undertake or shall discontinue such work if so directed by the University."

આથી ઠરાવવામાં આવે છે કે સિન્ડિકેટે તેની તા. ૧૧--૫--૧૯૬૯ની સભામાં મંજૂર કરેલો ઉપરનો નિયમ, તેનું સાતત્ય જળવાય તે રીતે ચાલુ રહે છે તેમ સ્પષ્ટતા કરવી.

૨૧. સિન્ડિકેટ વિભાગમાં જુનિયર કલાર્ક તરીકે કામ કરતા શ્રી. આર. આર. ગાંધીને પ્રકાશપાર્ક કો-ઑ. હા. સો. લિ.ના માનદ મંત્રી તરીકે કામગીરી બજાવવા તથા તે અંગેનું માસિક રૂ. ૫૫ માનદ વેતન સ્વીકારવા અંગેની તેઓની તા. ૨૫--૯--૧૯૭૨ની અરજી ઉપર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે યુનિવર્સિટીના જુનિયર કલાર્ક શ્રી. આર. આર. ગાંધીને સદરહુ કામગીરી તથા તે માટેનો માસિક રૂ. ૫૫ નો માનદ પુરસ્કાર સ્વીકારવા માટે પરવાનગી આપવી.

૨૨. સિન્ડિકેટની તા. ૮/૯--૨--૧૯૬૯ની સભાના ઠરાવથી ગુજરાત યુનિવર્સિટીના સેન્ટ્રલ કન્ઝ્યુમર્સ સ્ટોર્સને નીચે મુજબનું ફર્નિચર છ માસ માટે કામચલાઉ ધોરણે વાપરવા આપવામાં આવ્યું હતું તે ફર્નિચર હજુ વધુ સમય માટે આપવા અંગે વિચારણા કરવા બાબત :

૧૫	નંગ	ઑફિસ ચેર
૨	નંગ	ટેબલ ૪'×૨'×૨½' નાં
૧	નંગ	કમિટી ટેબલ
૧	નંગ	ઘડિયાળ
૫	નંગ	સીલિંગ ફેન
૨	નંગ	ટાઈપરાઈટર.

આથી ઠરાવવામાં આવે છે કે ગુજરાત યુનિવર્સિટી સેન્ટ્રલ કન્ઝ્યુમર્સ કો--ઓપરેટિવ સ્ટોર્સ લિ.ને ઉપર જણાવ્યા મુજબનું ફર્નિચર કામચલાઉ ધોરણે વાપરવા માટે આપ્યું છે તે તેને વાપરવા માટેની પરવાનગીની મુદત તા. ૩૦મી એપ્રિલ ૧૯૭૩ સુધી લંબાવી આપવી અને તે પછી તે આપી શકાશે નહીં તેમ સદરહુ સ્ટોર્સને જણાવવું.

૨૩. અંગ્રેજીની અભ્યાસસમિતિની તા. ૧૫/૧૬--૯--૧૯૭૨ની સભાની નીચેની ભલામણ ઉપર વિચારણા કરવા બાબત :

"આથી ઠરાવવામાં આવે છે કે પ્રી-યુનિ. વિનયન, વિજ્ઞાન, વાણિજ્ય તથા પ્રથમ વર્ષ ડિપ્લોમા ફાર્મસી માટે અંગ્રેજીના ગદ્યપદ્યસંગ્રહો જૂન ૧૯૭૩થી વિદ્યાર્થીઓને મળી થકે તે રીતે તૈયાર કરાવી અને છપાવી ઘટતું કરવા સિન્ડિકેટને ભલામણ કરવામાં આવે છે.

વધુમાં ઠરાવવાનું કે આ ગદ્યપદ્યસંગ્રહો જૂન ૧૯૭૩થી વિદ્યાર્થીઓને ઉપલબ્ધ ન થાય તો હાલનો ગદ્યપદ્યસંગ્રહ એક વર્ષ માટે ચાલુ રાખવા ભલામણ કરવી."

આથી ઠરાવવામાં આવે છે કે પ્રી-યુનિવર્સિટી વિનયન, વિજ્ઞાન અને વાણિજ્ય તથા પ્રથમ વર્ષ ડિપ્લોમા ઇન ફાર્મસી માટે અંગ્રેજીના જે તે ગદ્યપદ્યસંગ્રહો ૧૯૭૩--૭૪ના વર્ષ માટે પણ ચાલુ રાખવા.

વધુમાં ઠરાવવામાં આવે છે કે ૧૯૭૪--૭૫ના વર્ષ માટે ગદ્યપદ્યસંગ્રહો તૈયાર કરાવવા માટે વેળાસર કાર્યવાહી હાથ ધરવા માટે સદરહુ અભ્યાસસમિતિને જણાવવું.

૨૪. શિક્ષણની અભ્યાસસમિતિની તા. ૨૬--૭--૧૯૭૨ની સભાની ભલામણ અનુસાર એજ્યુ. ઑર્ડિ. ૧ (૨) (સી) તથા એજ્યુ. ઑર્ડિ. ૨, નીચે મુજબ સુધારવા તથા એજ્યુ. રેગ્યુ. ૫ માંથી નીચે જણાવેલ ભાગ રદ કરવા અને નવી વ્યવસ્થા તાત્કાલિક એટલે કે માર્ચ-એપ્રિલ ૧૯૭૩ની પરીક્ષાથી અમલમાં આવે તે રીતે મંજૂર કરવાની એકેડેમિક કાઉન્સિલની તા. ૨૧/૨૨--૮--૧૯૭૨ની સભાની ભલામણ ઉપર વિચારણા કરવા બાબત :

Edu. O. 1 (*ii*)(*c*) :

Teaching practice of not less than 30 lessons in two subjects selected by him, distributed over standards V to X of recognised schools (candidates should be required to undergo block teaching practice for about two weeks) during which about 10 out of the above-mentioned 30 lessons may be given).

Edu. O. 2 :

The examination for Part I and Part II may be taken after two terms' attendance at a training college as required in Edu. O. 1(*i*).

Edu. R. 5 ની પેટાકલમમાંથી નીચેનો ભાગ રદ કરવો :

(40 in case of fresh students)

આથી ઠરાવવામાં આવે છે કે એકેડેમિક કાઉન્સિલની ભલામણ મુજબ એજ્યુ. ઑર્ડિ ૧ (૨) (સી) તથા એજ્યુ. ઑર્ડિ. ૨ ઉપર મુજબ સુધારવા તથા એજ્યુ. રેગ્યુ. ૫માંથી ઉપર જણાવેલ ભાગ રદ કરવા તથા તેને તાત્કાલિક, એટલે કે માર્ચ--એપ્રિલ ૧૯૭૩ની પરીક્ષાથી અમલમાં આવે તે રીતે મંજૂર કરવા.

૨૫. ગુજરાત સરકાર તરફથી તેઓશ્રીના તા. ૨૩--૬--૧૯૭૨ના ઠરાવ ક્રમાંક ઈ.બી.સી. ૧૭૭૨--૨૯૫૦ જી.એચ.થી ફ્રી-સ્ટુડન્ટશિપ ટૂ ધી ઇકોનોમિકલી બેકવર્ડ ક્લાસીસ માટેની આવકની મર્યાદા રૂ. ૨,૪૦૦ની કરેલ હોવાથી યુનિવર્સિટી તરફથી અનુસ્નાતક સમયનો તથા અનુસ્નાતક કેન્દ્રો તરફથી વિદ્યાર્થીઓને આપવામાં આવતી માફી અંગેના હાલના નિયમો નીચે મુજબ વંચાય તે રીતે સુધારીને જૂન ૧૯૭૨થી અમલમાં મૂકવા અંગેની એકેડેમિક કાઉન્સિલની તા. ૨૧/૨૨--૮--૧૯૭૨ની સભાની ભલામણ ઉપર વિચારણા કરવા બાબત :

અનુસ્નાતક નિયમ ૨ :

Students whose parents (or guardians) have an income between a range of Rs. 2,400/- and Rs. 5,000/- per annum shall be eligible for a free-studentship.

અનુસ્નાતક નિયમ ૪ :

The students who have passed with 50% marks and above at the last examination will be eligible for full free-studentship while those who have passed the last examination with less than 50% marks will be eligible for half free-studentship for a period of one year only but the Director may, at his discretion, discontinue or withhold payment of free-studentship if he finds sufficient reasons for doing so during the tenure of the said full or half free-studentship.

આથી ઠરાવવામાં આવે છે કે અનુસ્નાતક નિયમ નં. ૨ અને ૪ ઉપર મુજબ વંચાય તે રીતે સુધારીને તેને જૂન ૧૯૭૨થી અમલમાં મૂકવા.

૨૬. ડોંગેરકરી કમિશનના અહેવાલ અંગે યુનિવર્સિટી તરફથી કરવામાં આવેલાં સૂચનો પર ગુજરાત યુનિવર્સિટી ઓરિયા ટીચર્સ એસોસિયેશને સૂચવેલ સુધારા રાજ્ય સરકારના શિક્ષણ અને મજૂર ખાતા તરફથી આ કાર્યાલયને તે અંગે મંતવ્યો રજૂ કરવા મોકલેલ હોઈ તે પરત્વે વિચારણા કરવા બાબત.

ચર્ચાવિચારણાને અંતે વધુમતે નીચે મુજબ ઠરાવવામાં આવ્યું :

ગુજરાત રાજ્યની યુનિવર્સિટીઓના આધુનીકરણ પંચ(ડોંગેરકરી કમિશન)ના અહેવાલ પરથી ગુજરાત સરકારે તૈયાર કરેલા ગુજરાત યુનિવર્સિટી ધારાની સુધારણાના ખરડા અંગે સિન્ડિકેટે આ અગાઉ જરૂરી સૂચનો કરેલાં છે તેમાં વિશેષ ઉમેરવાની જરૂર જણાતી નથી એમ રાજ્ય સરકારને જણાવવું.

૨૭. સ્ટાફના વહીવટી પ્રશ્નો ઉપર વિચારણા કરવા માટે સિન્ડિકેટે નીમેલી સ્થાયી સમિતિની તા. ૨૬--૮--૧૯૭૨ની સભાની ભલામણો પર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બાબતની વિચારણા મોકૂફ રાખવી.

૨૮. ઑર્ડિનન્સ ૧૧૭ અન્વયે રચાયેલ સ્ટાફ જોઈન્ટ કન્સલ્ટેટિવ કમિટી ઉપર કર્મચારીઓને યુનિવર્સિટીના સરખું પ્રતિનિધિત્વ આપવા બાબતની માંગણી કરતા ગુજરાત યુનિવર્સિટી કર્મચારી સંઘના મહામંત્રીશ્રીના તા. ૨૧-૭-૧૯૭૨ના પત્રાંક ૧૦૧ ઉપર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ માગણી મંજૂર કરવી નહીં.

૨૯. સિન્ડિકેટે તેની નીમેલી છાત્રાલય સલાહકાર સમિતિની તા. ૧૪--૯--૧૯૭૨ની સભાની ભલામણો પર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ સમિતિની તા. ૧૪--૯--૧૯૭૨ની સભાની ભલામણો મંજૂર કરવી.

(સદરહુ સમિતિની તા. ૧૪--૯--૧૯૭૨ની સભાની કાર્યવાહીની નોંધ પરિશિષ્ટ "ક" તરીકે સામેલ છે.)

૩૦. મનોવિજ્ઞાન વિદ્યાભવનમાં પ્રોફેસર ઑફ સાયકોલોજીની ખાલી પડેલી જગ્યા માટે ચાર વાર જાહેરખબર આપવા છતાં તે જગ્યા પૂરી શકાઈ નથી તે પ્રશ્ન પરત્વે વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ જગ્યા માટે એક વર્ષ બાદ ફરીથી જાહેરખબર આપીને નવેસરથી અરજીઓ મગાવવી.

૩૧. જૂન ૧૯૭૨થી જે કૉલેજોએ ટયૂશન ફીમાં ફેરફાર કરવાની માગણી કરી છે તે માટે સિન્ડિકેટે નિયુકત કરેલ સમિતિના હેવાલ પર વિચારણા કરવા બાબત.

સદરહ સમિતિના હેવાલ પર લંબાણ ચર્ચાવિચારણા ચાલી. તે દરમ્યાન શ્રી. ઈન્દ્રવદન અં. મોદીએ નીચેનો પ્રસ્તાવ રજૂ કર્યો :

(૧) "(ક) સિન્ડિકેટની આ સભા ઠરાવે છે કે સંલગ્ન કૉલેજોને રાજ્ય સરકાર તરફથી આર્થિક સહાય (ગ્રાન્ટ) આપવાની બાબતમાં રાજ્ય સરકારે ઘડેલાં ધારાધોરણોમાં કેટલોક ફેરફાર કરીને ગ્રાન્ટ અંગેની નીતિ વધુ ઉદાર બનાવવાની જરૂર જણાય છે અને એ માટે રાજ્ય સરકાર પાસે ઘટતી રજૂઆત કરવા માટે નીચેના સભ્યોની સમિતિ રચવી :

(૧) કુલપતિશ્રી
(૨) શ્રી. ઝીણાભાઈ ૨. દેસાઈ
(૩) શ્રી. રણજિતરાય ગં. શાસ્ત્રી
(૪) આચાર્ય એમ. સી. શાહ
(૫) આચાર્ય ડૉ. ધીરુભાઈ પી. ઠાકર
(૬) પ્રો. કે. એસ. શાસ્ત્રી."

"(ખ) સંલગ્ન કૉલેજોમાં વિદ્યાર્થીઓની ટયૂશન ફી અંગે ઘટતી વિચારણા કરીને તે માટે જરૂરી ઑર્ડિનન્સ ઘડવા માટે નીચે મુજબ સભ્યોની બનેલી સમિતિ રચવી :

(૧) શ્રી. ઝીણાભાઈ ૨. દેસાઈ
(૨) શ્રી. રણજિતરાય ગં. શાસ્ત્રી
(૩) આચાર્ય એમ. સી. શાહ
(૪) આચાર્ય ડૉ. ધીરુભાઈ પી. ઠાકર
(૫) પ્રો. કે. એસ. શાસ્ત્રી."

તે પછી શ્રી. ઈન્દ્રવદન મોદીના ઉપરના પ્રસ્તાવ [(ક) અને (ખ) સહિત] ઉપર મત લેવામાં આવતાં તે બહુમતે મંજૂર કરવામાં આવ્યો.

(૨) તે પછી શ્રી. રણજિતરાય ગં. શાસ્ત્રીએ નીચેનો પ્રસ્તાવ રજૂ કર્યો :

"બીનસરકારી કૉલેજોને ગ્રાન્ટ અંગેનો ગુજરાત સરકારનો તા. ૨૩મી જૂન ૧૯૭૨નો ઠરાવ જોતાં અને તેમાં રાજ્ય સરકારે ફી અંગેનાં જે ધોરણો મૂકયાં છે તે જોતાં કૉલેજોની ટયૂશન ફી અંગે સિન્ડિકેટે નીમેલી સમિતિનો અહેવાલ સ્વીકારવો."

તે પર શ્રી. ઈન્દ્રવદન અં. મોદીએ નીચેનો સુધારો રજૂ કર્યો :

"ઉપર નં. (૧)નો ઠરાવ જોતાં શ્રી. રણજિતરાય ગં. શાસ્ત્રીએ રજૂ કરેલા સદરહુ પ્રસ્તાવ અંગે હાલને તબક્કે કશું કરવાની જરૂર નથી."

તે પર શ્રી. રણજિતરાય ગં. શાસ્ત્રીએ કાનૂની મુદ્દો ઉઠાવ્યો કે તેમણે રજૂ કરેલો ઉપરનો પ્રસ્તાવ ઉપર નં. (૧)માં આ સભાગૃહે કરેલા ઠરાવ સાથે વિસંવાદી નથી, તો પછી શ્રી. ઈન્દ્રવદન અં. મોદીનો સુધારો કાનૂનસર ગણાય ખરો ?

પ્રમુખશ્રીએ ચુકાદો આપતાં જણાવ્યું કે શ્રી. ઈન્દ્રવદન અં. મોદીનો સુધારો કાનૂન બહાર નથી.

તે પછી શ્રી. ઈન્દ્રવદન અં. મોદીના સુધારા પર મત લેવામાં આવતાં તે વધુમતે મંજૂર કરવામાં આવ્યો.

શ્રી. ઈન્દ્રવદન અં. મોદીએ રજૂ કરેલો સુધારો મંજૂર થતાં શ્રી. રણજિતરાય ગં. શાસ્ત્રીએ રજૂ કરેલા પ્રસ્તાવ અંગે વિશેષ કરવાપણું રહ્યું નહીં.

તે પછી સભાગૃહની સંમતિથી નીચેની બાબતો વિચારણા માટે હાથ ધરવામાં આવી :

૩૨. ટીચર્સ હૉસ્ટેલ માટે રાજ્ય સરકારે રૂ. ૪૦,૦૦૦ની મંજૂર કરેલી લોનના હપતા તથા વ્યાજ અંગેની સુધારેલી શરતો જણાવતા શિક્ષણ નિયામકશ્રીના તા. ૨-૯-૧૯૭૨ના પત્ર ક્રમાંક એસ. ૯૭-૨૦/૭૨-૭૩ની નોંધ લેવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ પત્રની નોંધ લેવી.

૪૫. ભારત સરકારની ઓન.એસ.ઓ. યોજના હેઠળ મેદાનોનો વિકાસ તથા રમતગમતનાં સાધનોની ખરીદી માટે રૂ. ૧૫,૦૦૦ના અંદાજી ખર્ચવાળી આ યુનિવર્સિટીની યોજના મંજૂર કરી તે માટે યુનિવર્સિટી ગ્રાન્ટ્સ કમિશનની ૭૫ ટકા પ્રમાણેની આર્થિક સહાય અથવા રૂ. ૧૧,૨૫૦, બેમાંથી જે ઓછી હોય તે, આપવાનું મંજૂર કરી તે પેટે રૂ. ૧૦,૦૦૦ની "ઓન એકાઉન્ટ" આર્થિક સહાય ચૂકવવા અંગેના યુનિ. ગ્રાન્ટ્સ કમિશનના તા. ૨૨-૯-૧૯૭૨ના પત્ર ક્રમાંક એફ. ૭-૭-૭૨(એચ ૩)ની નોંધ લેવા બાબત.

[નોંધ.-ઉપરોકત યોજના માટે યુનિવર્સિટી ગ્રાન્ટ્સ કમિશનની રૂ. ૧૧,૨૫૦ની આર્થિક સહાય માટે રૂ. ૩,૭૫૦ના યુનિવર્સિટીના હિસ્સાનું ખર્ચ સિન્ડિકેટે તેની તા. ૫/૬-૨-૧૯૭૨ની સભામાં બાબત નં. ૩૭થી મંજૂર કરવાનું ઠરાવ્યું હતું.)

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ પત્રની નોંધ લેવી.

૭૮. તા. ૧૫-૪-૧૯૭૨ની સિન્ડિકેટની સભામાં ઠરાવ્યા અનુસાર ૧૯૭૨-૭૩ના પ્રથમ સત્રમાં પ્રી-યુનિવર્સિટીથી ત્રીજા વર્ષ બી.એ. પરીક્ષાઓ માટેના જુદા જુદા નમૂનાનાં પ્રશ્નપત્રોની સમીક્ષા કરવા પ્રત્યેક કૉલેજના ગુજરાતી વિભાગના એક પ્રતિનિધિને બોલાવી બે દિવસની વર્કશોપ યોજવાની દરખાસ્ત યુ.જી.સી. ને મોકલેલી. તે યુ.જી.સી. એ તેના પત્રાંક એફ. ૩-૨૪-૭૨ (એસ.આઈ.)થી આર્થિક સહાય માટે અશકિત દર્શાવેલ છે તેની નોંધ લેવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બાબતની નોંધ લેવી.

૮૮. (૧) નીચેની સંલગ્ન કૉલેજોના ચાલુ-વધારાના જોડાણ અંગે સેનેટે મૂકેલી શરતોના પરિપાલનને અનુલક્ષીને રાજ્ય સરકારને જોડાણ અંગે જાહેરનામાં બહાર પાડવા ભલામણ કર્યાના કુલપતિશ્રીના કાર્યની નોંધ લેવા બાબત :

૧. સિટી આર્ટ્સ કૉલેજ, અમદાવાદ

૨. આર. આર. લાલન કૉલેજ, ભૂજ (કચ્છ)

૩. શ્રીમતી એચ. સી. પટેલ (કંડારી) આર્ટ્સ ઍન્ડ કૉમર્સ કૉલેજ, મિયાગામ-કરજણ
૪. દેસાઈ સી. એમ. આર્ટ્સ ઍન્ડ કૉમર્સ કૉલેજ, વીરમગામ
૫. આર્ટ્સ ઍન્ડ કૉમર્સ કૉલેજ, ખેડા
૬. શ્રી. બી. પી. બ્રહ્મભટ્ટ આર્ટ્સ ઍન્ડ એમ. એચ. ગુરુ કૉમર્સ કૉલેજ, ઊંઝા
૭. એસ. ડી. આર્ટ્સ ઍન્ડ બી. આર. કૉમર્સ કૉલેજ, માણસા
૮. સેકન્ડરી ટીચર્સ ટ્રેનિંગ કૉલેજ, વીસનગર
૯. સાયન્સ કૉલેજ, કડી
૧૦. શાહ સી. કે. મ્યુનિ. કૉમર્સ કૉલેજ, કલોલ
૧૧. પીપલ્સ એજ્યુકેશન સોસાયટી કૉમર્સ કૉલેજ, ભૂજ (કચ્છ)
૧૨. પીપલ્સ એજ્યુકેશન સોસાયટી લૉ કૉલેજ, ભૂજ (કચ્છ)
૧૩. શેઠ વી. એસ. લૉ કૉલેજ, ઊંઝા.

અને

૮૮. (૨) આર્ટ્સ ઍન્ડ કૉમર્સ કૉલેજ, દહેગામને તેમના વિદ્યાર્થીઓની પ્રથમ સત્રમાં લેવાતી બીજી કસોટી પરીક્ષાઓ બીજા સત્રની શરૂઆતમાં લેવા માટે આચાર્યશ્રીની તા. ૨૯--૯--૧૯૭૨ની વિનંતી પરથી પરવાનગી આપ્યાના કુલપતિશ્રીના કાર્યની નોંધ લેવા બાબત.

અને

૮૮. (૩) મોડાસા મુકામે તા. ૨૯થી ૩૦ ઑકટોબર, ૧૯૭૨ના અરસામાં યોજનાર ગણિત કૉન્ફરન્સમાં વિજ્ઞાન વિદ્યાભવનમાંથી ગણિત અને આંકડાશાસ્ત્ર વિભાગના પાંચ શિક્ષકોને મોકલવાની મંજૂરી આપ્યાના કુલપતિશ્રીના કાર્યની નોંધ લેવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે કુલપતિશ્રીનાં સદરહુ કાર્યોની નોંધ લેવી.

૯૦. ડિરેક્ટર ઑફ એજ્યુકેશન, અમદાવાદ તરફથી તેમના પત્રાંક ટી--રિસર્ચ--ફેલોશિપ ૭૨/૭૩/ ન્યૂ એવોર્ડ, તા. ૨૦--૯--૧૯૭૨થી ગુજરાત યુનિવર્સિટીના વિજ્ઞાન વિદ્યાભવનના નીચે જણાવેલ ત્રણ વિદ્યાર્થીઓની તેમનાં નામ સામે જણાવેલ કુલ્લે રૂ. ૬,૭૫૦ની સંશોધન શિષ્યવૃત્તિ ૧૯૭૨--૭૩ના વર્ષ માટે મંજૂર કર્યાની નોંધ લેવા બાબત :

ફેલોનું નામ	શિષ્યવૃત્તિની રકમ
૧. શ્રી. બી. વી. પટેલ	... રૂ. ૨,૨૫૦
૨. શ્રી. પી. એન. ભટ્ટ	... રૂ. ૨,૨૫૦
૩. શ્રી. સી. પી. મધુસૂદન	... રૂ. ૨,૨૫૦.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બાબતની નોંધ લેવી.

૧૦૪. તોલાણી કૉલેજ ઑફ આર્ટ્સ અને સાયન્સ, આદિપુરને તેમના વિદ્યાર્થીઓની પ્રથમ સત્રમાં લેવાની બીજી કસોટી અનિવાર્ય સંજોગોને લીધે બીજા સત્રની શરૂઆતમાં લેવા માટે આચાર્યશ્રીએ તા. ૧૦--૯--૧૯૭૨ના પત્રથી કરેલ વિનંતી મંજૂર કર્યાના કુલપતિશ્રીના કાર્યની નોંધ લેવા બાબત :

આથી ઠરાવવામાં આવે છે કે કુલપતિશ્રીના સદરહુ કાર્યની નોંધ લેવી.

૧૦૬. કુલપતિશ્રીએ મંજૂર કરેલાં નીચેનાં કાર્યોની નોંધ લેવા બાબત :

(૧) તા. ૨૬, ૨૭, ૨૮ ઑકટોબર ૧૯૭૨ના અરસામાં ઉજ્જૈન મુકામે યોજાનાર ઓરિયેન્ટલ કૉન્ફરન્સમાં ભાષા-ભવનના પ્રા. શ્રી. એચ. સી. ભાયાણીને મોકલવાનું મંજૂર કર્યાના;

(૨) પીએચ.ડી. પદવી માટે નીચેના વિદ્યાર્થીઓના મહાનિબંધ તેમનાં નામ સામે જણાવેલ વિષય માટે સ્વીકાર્યાના :

ક્રમાંક	વિદ્યાર્થીનું નામ	વિદ્યાશાખા	વિષય
૧.	શ્રી. સકસેના યોગેશચંદ્ર	વિજ્ઞાન	ભૌતિકશાસ્ત્ર
૨.	શ્રી. પટેલ ધીરુભાઈ રાવજીભાઈ	વિજ્ઞાન	રસાયણશાસ્ત્ર
૩.	શ્રી. ત્રવાડી હુસેન સરફઅલી	વિજ્ઞાન	પ્રાણીશાસ્ત્ર
૪.	શ્રી. ભટ્ટ હિમાંશુ દામોદર	વિનયન	ગુજરાતી
૫.	શ્રી. કાબ્રા નંદકિશોર	વિજ્ઞાન	હિંદી
૬.	શ્રી. ત્રિવેદી જ્યોતીન્દ્ર મુકુંદરાય	વિજ્ઞાન	ભૌતિકશાસ્ત્ર
૭.	શ્રી. ચૌહાણ ધીરજલાલ અમૃતલાલ	વિજ્ઞાન	રસાયણશાસ્ત્ર
૮.	કુ. ઝવેરી લીના ચીનુભાઈ	વિજ્ઞાન	રસાયણશાસ્ત્ર
૯.	શ્રી. જોશી ગણપત બિહારી	વિજ્ઞાન	રસાયણશાસ્ત્ર
૧૦.	શ્રીમતી ઠાકોર જયશ્રી ભીખ્મા	વિનયન	મનોવિજ્ઞાન;

(૩) સિન્ડિકેટની તા. ૯–૯–૧૯૭૨ની સભાની નોંધમાં બાબત ક્રમાંક ૯૦ના ઠરાવમાં રૂ. ૫,૫૮૦- (અંકે રૂપિયા પાંચ હજાર પાંચસો એંસી પૂરા)ની લોન મંજૂર થયેલ છે તે છાપભૂલ હોઈ તેના બદલે "રૂ. ૮,૫૮૦ (અંકે રૂપિયા આઠ હજાર પાંચસો એંસી પૂરા)" એ શબ્દો મૂકીને છાપભૂલ સુધાર્યાના;

(૪) સિન્ડિકેટની તા. ૫/૬–૮–૧૯૭૨ની સભાની બાબત ક્રમાંક ૩૧ અને ૧૪૭ના ઠરાવમાં છાપભૂલ હોવાથી તે નીચે પ્રમાણે વંચાય તે રીતે સુધાર્યાના :

ઠરાવનો સંબંધક ભાગ નીચે પ્રમાણે છે :

"(૧) ચોથી પંચવર્ષીય યોજના હેઠળ સંલગ્ન કૉલેજોમાં સદરહુ અનુસ્નાતક પગારધોરણોના સંદર્ભમાં રાજ્ય સરકારે તેની તા. ૭–૭–૧૯૭૨ના પત્રથી એક વર્ષમાં અનુસ્નાતક શિક્ષણનો અનુભવ તા. ૧–૪–૧૯૬૫થી તા. ૩૧–૩–૧૯૬૬ સુધીનો ગણવાનું ઠરાવ્યું છે તે અંગે રાજ્ય સરકારને સ્પષ્ટતા કરીને જણાવવું કે યુનિવર્સિટીનું શૈક્ષણિક વર્ષ તા. ૧૫મી જૂનથી શરૂ થતું હોઈ જે શિક્ષકોનો અનુસ્નાતક શૈક્ષણિક અનુભવ તા. ૧૫–૬–૧૯૬૫થી શરૂ થતો હોય તે અનુસ્નાતક શિક્ષકને અનુભવ કેલેન્ડર વર્ષનો અનુભવ નહીં ગણતાં શૈક્ષણિક વર્ષનો ગણવો."

આથી ઠરાવવામાં આવે છે કે કુલપતિશ્રીનાં ઉપરનાં કાર્યોની નોંધ લેવી.

૧૨૨. તા. ૨૨–૧૧–૧૯૭૨ના રોજ મળનાર સેનેટની ખાસ સભા સમક્ષ રજૂ થવા માટે તા. ૧૯–૧૦–૧૯૭૨ સુધીમાં આવેલ પ્રસ્તાવો.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ પ્રસ્તાવની નોંધ લેવી.

૧૨૫. તા. ૨૨/૨૩--૧૦--૧૯૭૨ના રોજ સૌરાષ્ટ્ર યુનિવર્સિટી, રાજકોટના ઉપક્રમે મળનાર ગુજરાત ઈકોનોમિક અધિવેશનના ૪થા અધિવેશનમાં યુનિવર્સિટીના પ્રતિનિધિ તરીકે પ્રો. મહેશ ભટ્ટ અને પ્રો. એચ. કે. ત્રિવેદીની નિમણૂક કર્યાના કુલપતિશ્રીના કાર્યની નોંધ લેવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે કુલપતિશ્રીના સદરહુ કાર્યની નોંધ લેવી.

૧૨૯. કુલપતિશ્રીઓ મંજૂર કરેલાં નીચેનાં કાર્યોની નોંધ લેવા બાબત :

(૧) આર્ટ્સ ઍન્ડ કૉમર્સ કૉલેજ, ગાંધીનગરને તેમના વિદ્યાર્થીઓની પ્રથમ સત્રમાં લેવાતી બીજી કસોટી પરીક્ષાઓ બીજા સત્રની શરૂઆતમાં લેવા માટે આચાર્યશ્રીની તા. ૬--૧૦--૧૯૭૨ની વિનંતી પરથી પરવાનગી આપ્યાના;

(૨) પી.ડી.ડી.સી. સેમેસ્ટર ૫ અને ૬ અને સેમેસ્ટર ૯ (સિવિલ, મિકે. અને ઈલે.) કે જે તા. ૨૩--૧૦--૧૯૭૨થી શરૂ થનાર હતી તેને બદલે તા. ૯--૧૧--૧૯૭૨થી શરૂ કરવા અંગે મંજૂરી આપ્યાના.

આથી ઠરાવવામાં આવે છે કે કુલપતિશ્રીનાં સદરહુ કાર્યોની નોંધ લેવી.

૧૩૧. ભારત સરકારની જનરલ કલ્ચરલ સ્કોલરશિપ સ્કીમ, ૧૯૭૨--૭૩ હેઠળ જાપાનથી અત્રે આવેલ શ્રી. એમ. નીસીમુરાને કુલપતિશ્રીની મંજૂરીથી યુનિવર્સિટી અતિથિગૃહમાં રહેવાની સગવડ આપેલી પરંતુ યુનિવર્સિટીનું અતિથિગૃહ મહેમાનોના નિવાસ માટે અવારનવાર અપાતું હોઈ શ્રી. નીશીમુરાને યુનિવર્સિટીના વિદ્યાર્થી છાત્રાલયમાં સિંગલ સીટેડ રૂમમાં નિવાસની સગવડ કરી આપ્યાના કુલપતિશ્રીના કાર્યની નોંધ લેવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે કુલપતિશ્રીના સદરહુ કાર્યની નોંધ લેવી

તે પછી નીચેની બાબતોની વિચારણા મોકૂફ રાખવામાં આવી :

૩૩, ૩૪, ૩૫, ૩૬, ૩૭, ૩૮, ૩૯, ૪૦, ૪૧, ૪૨, ૪૩, ૪૪, ૪૬, ૪૭, ૪૮, ૪૯, ૫૦, ૫૧, ૫૨, ૫૩, ૫૪, ૫૫, ૫૬, ૫૭, ૫૮, ૫૯, ૬૦, ૬૧, ૬૨, ૬૩, ૬૪, ૬૫, ૬૬, ૬૭, ૬૮, ૬૯, ૭૦, ૭૧, ૭૨, ૭૩, ૭૪, ૭૫, ૭૬, ૭૭, ૭૯, ૮૦, ૮૧, ૮૨, ૮૩, ૮૪, ૮૫, ૮૬, ૮૭, ૮૯, ૯૧, ૯૨, ૯૩, ૯૪, ૯૫, ૯૬, ૯૭, ૯૮, ૯૯, ૧૦૦, ૧૦૧, ૧૦૨, ૧૦૩, ૧૦૫, ૧૦૭, ૧૦૮, ૧૦૯, ૧૧૦, ૧૧૧, ૧૧૨, ૧૧૩, ૧૧૪, ૧૧૫, ૧૧૬, ૧૧૭, ૧૧૮, ૧૧૯, ૧૨૦, ૧૨૧, ૧૨૩, ૧૨૪, ૧૨૬, ૧૨૭, ૧૨૮ અને ૧૩૦, ૧૩૨, ૧૩૩, ૧૩૪, ૧૩૫, ૧૩૬ અને ૧૩૭.

તે પછી સભાનું કામકાજ પૂરું થયું હતું.

નં. સિ./૦૧૭૬૩૬/૧૯૭૨.
ગુજરાત યુનિવર્સિટી કાર્યાલય
અમદાવાદ-૯.
તા. ૩--૧૧--૧૯૭૨.

કં. ચં. પરીખ
કુલસચિવ.

પરિશિષ્ટ "ક"
કામકાજ ક્રમાંક ૨૯

હૉસ્ટેલ સલાહકાર સમિતિની સભા તા. ૧૪--૯--૧૯૭૨ ને ગુરુવારના રોજ બપોરના ૩--૩૦ વાગ્યે કુલપતિશ્રીના કાર્યાલયમાં મળી હતી. સભ્યોની હાજરી નીચે મુજબ હતી:

૧. શ્રી. ઉમાશંકર જેઠાલાલ જોશી, કુલપતિ	હાજર
૨. શ્રી. આઈ. એ. મોદી	ગેરહાજર
૩. પ્રા. એમ. એન. દેસાઈ	હાજર
૪. ડૉ. એચ. વી. સુથાર, રેસિડેન્ટ પ્રોફેસર	હાજર
૫. શ્રી. કે. સી. પરીખ, કુલસચિવ	હાજર
૬. શ્રી. બી. એમ. પટેલ, વિકાસ અધિકારી	હાજર
૭. શ્રી. પી. ડી. મીસ્ત્રી, એસ્ટેટ સુપરિન્ટેન્ડેન્ટ	હાજર

આજની સભાનું પ્રમુખસ્થાન કુલપતિશ્રીએ સંભાળ્યું હતું.

કામકાજની યાદી મુજબ ચર્ચાવિચારણા કરવામાં આવી અને નીચે મુજબની કાર્યવાહી સર્વાનુમતે પસાર કરવામાં આવી હતી:

૧. તા. ૩-૨-૧૯૭૦ના રોજ મળેલ હોસ્ટેલ સલાહકાર સમિતિની કાર્યવાહીને બહાલી આપવામાં આવી હતી.

૨. યુનિવર્સિટી બૉયઝ હોસ્ટેલમાં દિવસના ચોકીદાર રાખવા અંગેની બાબત સ્થાયી સમિતિ સમક્ષ મૂકવી.

૩. યુનિવર્સિટી હોસ્ટેલના 'સી' અને 'ડી' બ્લોક તેમ જ તેનાં રસોડાં માટે તાકીદે પાકી ડ્રેનેજ લાઈન કરવી. આ કામને ટોપ પ્રાયોરિટી આપવી.

૪. યુનિવર્સિટી લેડીઝ હોસ્ટેલના પહેલા તથા બીજા માળમાં આવેલી રૂમોની બારીમાં લોખંડની જાળીઓ મૂકવી.

૫. યુનિવર્સિટી બૉયઝ હોસ્ટેલમાં જરૂરી પાકી સ્ટ્રીટ લાઈટ મુકાવવા તાત્કાલિક યોગ્ય કાર્યવાહી કરવી.

ત્યાર બાદ સભાનું કામકાજ પૂરું થયું.

હ. વી. સુથાર
રેસિડેન્ટ પ્રોફેસર અને મંત્રી,
હોસ્ટેલ સલાહકાર સમિતિ,

ગુજરાત યુનિવર્સિટી પ્રેસ, નવરંગપુરા, અમદાવાદ-૯

ગુ.યુ.પ્રેસ ૯૫૮--૪૫૦--૧૨--૭૨

ગુજરાત યુનિવર્સિટી

ગુજરાત યુનિવર્સિટીની સિન્ડિકેટની નવેમ્બર માસની સભા, શનિવાર, તા. ૧૧--૧૧--૧૯૭૨ના રોજ બપોરના ૧૨--૩૦ વાગ્યે ગુજરાત યુનિવર્સિટી કાર્યાલયમાં મળી હતી અને રવિવાર, તા. ૧૨--૧૧--૧૯૭૨ના રોજ પણ તે જ સમયે ચાલુ રહી હતી. બન્ને દિવસોએ પ્રમુખસ્થાન કુલપતિ શ્રી. ઉમાશંકર જેઠાલાલ જોશીએ સંભાળ્યું હતું. બન્ને દિવસોએ સભામાં હાજરી નીચે પ્રમાણે હતી :

ક્રમાંક	સભ્યનું નામ	તા. ૧૧--૧૧--૧૯૭૨	તા. ૧૨--૧૧--૧૯૭૨
૧.	શ્રી. ઉમાશંકર જેઠાલાલ જોશી, કુલપતિ	હાજર	હાજર
૨.	શ્રી. એ. કે. પ્રધાન સહશિક્ષણસંચાલક, ગુજરાત રાજ્ય	હાજર	હાજર
૩.	આચાર્ય સી. એસ. શાહ	હાજર	ગેરહાજર
૪.	શ્રી. ઝીણાભાઈ રતનજી દેસાઈ	ગેરહાજર	હાજર
૫.	શ્રી. રણજિતરાય ગંગાશંકર શાસ્ત્રી	હાજર	હાજર
૬.	ડૉ. જયંત ભગવાનદાસ હરિભક્તિ	હાજર	ગેરહાજર
૭.	શ્રી. ઈન્દ્રવદન અંબાલાલ મોદી	હાજર	હાજર
૮.	શ્રી. ઋતુભાઈ હરિભાઈ દેસાઈ	હાજર	ગેરહાજર
૯.	શ્રી. સત્યેન્દ્ર કાળિદાસ ઝવેરી	હાજર	હાજર
૧૦.	શ્રી. હીરાલાલ એચ. ભગવતી	ગેરહાજર	હાજર
૧૧.	શ્રી. પ્રફુલ્લચંદ્ર સી. શાહ	હાજર	હાજર
૧૨.	ડૉ. મહેન્દ્ર નાનુભાઈ દેસાઈ	હાજર	હાજર
૧૩.	શ્રી. કૃષ્ણચંદ્ર સોમનાથ શાસ્ત્રી	હાજર	હાજર
૧૪.	પ્રો. કે. આર. ચંદ્રશેખરન	હાજર	ગેરહાજર
૧૫.	આચાર્ય ડૉ. ધીરુભાઈ પ્રેમશંકર ઠાકર	ગેરહાજર	ગેરહાજર
૧૬.	આચાર્ય ડૉ. લક્ષ્મીપ્રસાદ ધનશંકર દવે	હાજર	હાજર
૧૭.	આચાર્ય ડી. ડી. દેસાઈ	હાજર	હાજર
૧૮.	આચાર્ય મહેન્દ્રલાલ ચંદુલાલ શાહ	હાજર	હાજર.

૧. સિન્ડિકેટની તા. ૨૧–૧૦–૧૯૭૨ની સભાની નોંધને મંજૂર કરવા બાબત.

બાબત નં. ૩ના ઠરાવમાં ગ્રંથાલય સમિતિના સભ્યપદે ડૉ. એમ. એન. દેસાઈને બદલે ડૉ. રમણલાલ જોશીને નીમવા તે સુધારા સાથે સિન્ડિકેટની તા. ૨૧–૧૦–૧૯૭૨ના રોજ મળેલી સિન્ડિકેટની સભાની નોંધને મંજૂર કરવામાં આવી તથા તે પર કુલપતિશ્રીએ સહી કરી.

૨. કુલપતિશ્રીએ મંજૂર કરેલાં નીચેનાં કાર્યોની નોંધ લેવા બાબત :

(૧) મિરત મુકામે નવેમ્બર ૬ થી ૮, ૧૯૭૨ના સમય દરમિયાન યોજાનાર ઇન્ડિયન સોસાયટી ઑફ લેબર ઇકોનોમિકસના ૧૪ મા અને ૧૫ મા અધિવેશનમાં સમાજવિદ્યા ભવનના ડૉ. પરેશ મજમુદારને યુનિવર્સિટીના પ્રતિનિધિ તરીકે મોકલ્યાના;

(૨) મોડાસા મુકામે ઑક્ટોબર ૨૯ અને ૩૦, ૧૯૭૨ના સમય દરમિયાન યોજાયેલ ગુજરાત ગણિત મંડળના નવમા વાર્ષિક અધિવેશનમાં આચાર્ય વી. ઓફ. શાહને યુનિવર્સિટીના પ્રતિનિધિ તરીકે મોકલ્યાના;

(૩) નવેમ્બર ૧૭ થી ૨૩, ૧૯૭૨ના સમય દરમિયાન મધ્યપ્રદેશની સરકાર અને વિક્રમ યુનિવર્સિટી, ઉજ્જૈનના સંયુકત ઉપક્રમે યોજાનાર કાલિદાસ સમારોહમાં પ્રા. ગૌતમ પટેલને યુનિવર્સિટીના પ્રતિનિધિ તરીકે મોકલ્યાના,

(૪) ભારત સરકારનો આયુ વિભાગ ડિસેમ્બર ૨૮ થી ૧ જાન્યુઆરી ૧૯૭૩ના સમય દરમિયાન ચંદીગઢ મુકામે "ન્યુકલીઅર ફિઝિકસ એન્ડ સોલિડ સ્ટેટ ફિઝિકસ" પર પરિસંવાદ યોજે છે તેમાં નિયુકત વિજ્ઞાન વિદ્યાભવનના પ્રા. પી. ડી. પાઠકને યુનિવર્સિટીના પ્રતિનિધિ તરીકે મોકલ્યાના;

(૫) નવેમ્બર ૨૪થી ૨૭, ૧૯૭૨ના સમય દરમિયાન પોંડીચેરી મુકામે યોજાનાર અખિલ ભારતીય દર્શન પરિષદના ૧૭મા વાર્ષિક અધિવેશનમાં આચાર્ય યુ. ડી. ભટ્ટને યુનિવર્સિટીના પ્રતિનિધિ તરીકે મોકલ્યાના,

(૬) ઑક્ટોબર ૧૯૭૨માં લેવાની કેમિકલ એન્જિનિયરિંગ સેમેસ્ટર ૯ની પરીક્ષા તા. ૨૩–૧૦–૧૯૭૨ને બદલે તા. ૯–૧૧–૧૯૭૨થી શરૂ કરવા મંજૂરી આપ્યાના;

(૭) ઉત્તર વિભાગ યુવક કલ્યાણ સમિતિ તરફથી વિદ્યાર્થીઓ માટે યુવક નેતૃત્વ શિબિર અને દક્ષિણ વિભાગ તરફથી નાટયશિબિર ઑક્ટોબરની રજાઓમાં યોજવામાં આવ્યા છે તેના ખર્ચ પેટે પ્રત્યેક વિભાગને ખર્ચના ૭૫ ટકા, વધુમાં વધુ રૂ. ૧,૧૦૦ની આર્થિક સહાય આપ્યાના.

આથી ઠરાવવામાં આવે છે કે કુલપતિશ્રીનાં ઉપરનાં કાર્યોની નોંધ લેવી.

૩. સને ૧૯૭૩ની સાલમાં લેવાનારી ફાર્મસી વિદ્યાશાખાની પરીક્ષાઓ માટે પરીક્ષકોની નિમણૂક અંગેની ભલામણો કરવા માટે "પરીક્ષા સમિતિ" પર સિન્ડિકેટ તરફ ઓ. ૬૭ હેઠળ જે બે સભ્યોની નિમણૂક કરવામાં આવેલ છે તે પૈકી ડૉ. સી. એસ. શાહ વિદ્યાશાખાના ડીન તરીકે પરીક્ષા સમિતિ પર આવનાર હોવાથી તેમની જગ્યાએ બીજાની નિમણૂક કરવી કે કેમ તે અંગે વિચારણા કરવા બાબત :

(નોંધ.—ડૉ. સી. એસ. શાહ અને ડૉ. આઈ. એ. મોદીને સિન્ડિકેટે નિયુકત કરેલ છે. એકેડેમિક કાઉન્સિલના સૂચન પ્રમાણે ડૉ. એમ. બી. દેવાણીની નિમણૂક કરી છે.)

આથી ઠરાવવામાં આવે છે કે ફાર્મસી વિદ્યાશાખાની સદરહુ પરીક્ષા સમિતિ પર સિન્ડિકેટના એક પ્રતિનિધિ તરીકે ડૉ. સી. એસ. શાહને બદલે ડૉ. જ્યંત બી. હરિભક્તિને નીમવા.

૪. ગુજરાત યુનિવર્સિટીના ભાષા-સાહિત્ય ભવનના ઉપક્રમે યોજવામાં આવનાર સેમિનાર ઑન પ્રાકૃત સ્ટડીઝ અંગે યુનિવર્સિટી ગ્રાન્ટ્સ કમિશનને તેમના પત્રાંક એફ્. ૩-૨૪ (૭૨)-એસ. આઈ. તા. ૧૯-૧૦-૧૯૭૨થી અંદાજી ખર્ચ રૂ. ૧૪,૩૧૮ મંજૂર કરી તે સાથે "ઑન એકાઉન્ટ ગ્રાન્ટ રૂ. ૬,૦૦૦ (છ હજાર) મંજૂર કર્યાની નોંધ લેવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બાબતની નોંધ લેવી.

૫. રેફરલ હૉસ્પિટલ, અંજારને ઑર્ડિ. ૨૭૨ અને ૨૭૨-એ મુજબ ફરજિયાત રોટેટિંગ હાઉસમૅનશિપ માટે માન્યતા આપવા અંગે નીમેલ સમિતિ પર કામ કરવા ડૉ. આર. એમ. શાહે અશકિત દર્શાવી હોઈ તેમની જગ્યાએ અન્ય સભ્યની નિયુક્તિ કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ સમિતિ પર ડૉ. આર. એમ. શાહને બદલે ડૉ. એસ. જે. દામાણીને, અને તેઓ આ નિમણૂક સ્વીકારી શકે તેમ ન હોય તો ડૉ. જે. એમ. પટેલને, નીમવા.

૬. સી. જી. જનરલ હૉસ્પિટલ, ઉત્તરસંડાને ઑર્ડિ. ૨૭૨ અને ૨૭૨-એ મુજબ ફરજિયાત રોટેટિંગ હાઉસમૅનશિપ માટે માન્યતા આપવા અંગે સિન્ડિકેટે તેની તા. ૧૭/૧૮/૨૫-૪-૧૯૭૧ની સભામાં નીમેલી સ્થાનિક તપાસ સમિતિની નીચેની ભલામણ પર વિચારણા કરવા બાબત :

"The Committee recommends that this hospital be given recognition for rotating internship for training two internees either both males or both females."

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ સમિતિની ઉપરની ભલામણ મંજૂર કરવી.

૭. આંકડાશાસ્ત્રની અભ્યાસસમિતિની તા. ૨૧-૯-૧૯૭૨ની સભાની નીચેની ભલામણ પર વિચારણા કરવા બાબત :

"આથી ઠરાવવામાં આવે છે કે બીજા વર્ષ બી.એ. અને બીજા વર્ષ બી.એસસી.ની આંકડાશાસ્ત્ર વિષયની જૂના અભ્યાસક્રમ મુજબની બે ટ્રાયલ આપવા માટે સિન્ડિકેટને ભલામણ કરવી."

આથી ઠરાવવામાં આવે છે કે એસ. વાય. બી. એ. અને એસ. વાય. બી. એસસી.ની આંકડાશાસ્ત્ર વિષયની પરીક્ષા જૂના અભ્યાસક્રમ મુજબ વધુ બે વખત એટલે કે માર્ચ/એપ્રિલ ૧૯૭૩ અને માર્ચ/એપ્રિલ ૧૯૭૪માં લેવાનું રાખવું.

વધુમાં ઠરાવવામાં આવે છે કે એસ. વાય. બી. એ.ની એકસટર્નલ પરીક્ષામાં આંકડાશાસ્ત્ર વિષયની જૂના અભ્યાસક્રમ મુજબની પરીક્ષા વધુ બે વખત એટલે કે ઑકટોબર ૧૯૭૩ અને ઑકટોબર ૧૯૭૪માં લેવાનું રાખવું.

૮. જાન્યુઆરી ૪ થી ૭, ૧૯૭૩ના સમય દરમિયાન "ઇન્ડિયન એકેડેમી ઑફ પેડિયાટ્રિકસ"નું ૧૦ મું રાષ્ટ્રીય અધિવેશન ત્રિવેન્દ્રમ મુકામે યોજાનાર છે તેમાં યુનિવર્સિટીના પ્રતિનિધિ મોકલવા અંગેના સદરહુ એકેડેમીના સામાન્ય મંત્રીશ્રીના પત્ર પર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ એકેડેમીના આગામી અધિવેશનમાં આ યુનિવર્સિટીના પ્રતિનિધિ તરીકે નીચેના પ્રાધ્યાપકો પૈકી ક્રમાનુવર્તી એકની નિમણૂક કરવાં :

(૧) ડૉ. વી. કે. ગાંધી, અથવા

(૨) ડૉ. સોમાભાઈ પટેલ, અથવા

(૩) ડૉ. એમ. વી. દૂધિયા.

૯. ડિસેંબર ૨૩ થી ૨૬, ૧૯૭૨ના સમય દરમિયાન "ધી ઇન્ડિયન ફિલોસોફિકલ કૉંગ્રેસ"નું ૪૬મું વાર્ષિક સત્ર કાનપુર મુકામે યોજાનાર છે તેમાં યુનિવર્સિટીના પ્રતિનિધિ મોકલવા અંગેની ફિલોસોફિકલ કૉંગ્રેસની સભાના મંત્રીશ્રીના તા. ૨૫--૧૦--૧૯૭૨ના પત્ર પર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ કૉંગ્રેસના આગામી વાર્ષિક સત્રમાં આ યુનિવર્સિટીના પ્રતિનિધિ તરીકે ડૉ. જે. જે. શુકલને મોકલવા.

૧૦. ડિસેંબર ૨૮ થી ૩૧, ૧૯૭૨ના સમય દરમિયાન "ઇન્ડિયન સોશિયોલોજિકલ સોસાયટી"નું ૧૨મું અધિવેશન વારાણસી મુકામે યોજાનાર છે તેમાં યુનિવર્સિટીના પ્રતિનિધિ મોકલવા અંગેના સોસાયટીના પ્રમુખશ્રીના તા. ૨૨—૧૦--૧૯૭૨ના પત્ર પર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ સોસાયટીના આગામી અધિવેશનમાં આ યુનિવર્સિટીના પ્રતિનિધિ તરીકે ડૉ. સુધાબહેન દેસાઈને, અને સંજોગવશાત્ તેઓ આ નિમણૂક સ્વીકારી શકે નહીં તો ડૉ. એ. એસ. પટેલને, મોકલવા.

તે પછી સભાગૃહની સંમતિથી બાબત નં. ૧૧, ૧૨ અને ૧૩ની વિચારણા બાબત નં. ૪૫ પછી હાથ ધરવામાં આવી. તે અંગેની નોંધ બાબત નં. ૪૫ પછી દર્શાવવામાં આવી છે.

૧૪. અમદાવાદ આર્ટ્સ કૉલેજમાં ફર્સ્ટ બી.એ.ના વર્ગમાં માનસશાસ્ત્ર મુખ્ય અને ગુજરાતી ગૌણ વિષય સાથે અભ્યાસ કરતા અંધ વિદ્યાર્થીના વિશિષ્ટ સંજોગો જોતાં થર્ડ બી.એ. માં પ્રાયોગિક મનોવિજ્ઞાન વિષયમાં તેને ફકત થિયરીની પરીક્ષામાં બેસવા માટે પરવાનગી આપવા અને તે પ્રશ્નપત્રમાં તેના ગુણને પ્રમાણસર (પ્રો-રેટા) ગણીને તેનું પરિણામ જાહેર કરવાની એકેડેમિક કાઉન્સિલની તા. ૧૮--૯--૧૯૭૨ની સભાની ભલામણ ઉપર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બાબત અંગે એકેડેમિક કાઉન્સિલની ભલામણ મંજૂર કરવી.

૧૫. તબીબી વિદ્યાશાખાની તા. ૬--૯--૧૯૭૨ની સભાની ભલામણ અનુસાર રેગ્યુ. ૧૭૭ નો સંબંધકર્તા ભાગ નીચે મુજબ વંચાય તે રીતે સુધારીને તેને તાત્કાલિક અમલમાં મૂકવાની એકેડેમિક કાઉન્સિલની તા. ૧૮--૯--'૭૨ની

સભાની ભલામણ ઉપર વિચારણા કરવા બાબત :

R. 177 :

(1) Medicine including Preventive Medicine and Social Medicine :

(*a*) Two papers each of three hours' duration carrying 100 marks each of which one section carrying 50 marks shall be devoted to Preventive and Social Medicine in Paper II only.

(*Note*.—Questions in allied branches of Medicine, if any, should preferably be asked in Paper II.)

(b) and (c) As it is.

(2) **Surgery :** (a) written examination of two papers, each of three hours, duration and carrying 100 marks each.

[*Note* —(1) In Paper I there shall be compulsory question on Ophthalmology with an alternative, and in Paper II there shall be one compulsory question on Ear, Nose and Throat with an alternative.

(2) Questions in allied Branches of Surgery, if any, should preferbly be asked in Paper II.]

આથી ઠરાવવામાં આવે છે કે એકેડેમિક કાઉન્સિલની ભલામણ મુજબ રેગ્યુ. ૧૭૭નો સંબંધકર્તા ભાગ ઉપર મુજબ વંચાય તે રીતે સુધારવો અને તેને તાત્કાલિક અમલમાં મૂકવો.

૧૬. એકેડેમિક કાઉન્સિલની તા. ૧૮--૯--૧૯૭૨ની સભાની નીચેની ભલામણ ઉપર વિચારણા કરવા બાબત :

"આથી ઠરાવવામાં આવે છે કે યુનિવર્સિટીની પરીક્ષાઓમાં વિદ્યાર્થીઓના ઉત્તરપત્રોનું પુનર્મૂલ્યાંકન કરવાનો સિદ્ધાંત સ્વીકારવો નહીં એમ સિન્ડિકેટને ભલામણ કરવી."

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બાબત એકેડેમિક કાઉન્સિલની પુનર્વિચારણા માટે મોકલવી.

૧૭. એકેડેમિક કાઉન્સિલની તા. ૧૮--૯--૧૯૭૨ની સભાની નીચેની ભલામણ ઉપર વિચારણા કરવા બાબત :

"આથી ઠરાવવામાં આવે છે કે વિનયન અને વાણિજ્યની વિદ્યાશાખાઓના પત્રવ્યવહારથી અભ્યાસક્રમો (કરસ્પોન્ડન્સ કોર્સ) દાખલ કરવા માટે સિન્ડિકેટને ભલામણ કરવી."

આથી ઠરાવવામાં આવે છે કે એકેડેમિક કાઉન્સિલની સદરહુ ભલામણ સ્વીકારવા માટે સેનેટને ભલામણ કરવી.

૧૮. ગુજરાત યુનિવર્સિટીની દંત વિદ્યાશાખાની સ્નાતક પદવી પરીક્ષામાં પ્રથમ પ્રયત્ને ઉત્તીર્ણ થઈ "ઓરલ સર્જરી" ના વિષયમાં સૌથી વધુ ગુણાંક મેળવી ઉત્તીર્ણ થનાર વિદ્યાર્થીને પ્રતિવર્ષ શ્રી. સાકરલાલ

બાલાભાઈ શોધન સુવર્ણચંદ્રક" ચેનાયત કરવા માટે રૂ. ૭,૫૦૦ નું પ્રદાન ગુજરાત યુનિવર્સિટીને આપવા અંગે સારંગપુર પબ્લિક ચેરિટેબલ ટ્રસ્ટ, અમદાવાદના ટ્રસ્ટી તરફથી આવેલ તા. ૧૮--૧૦—૧૯૭૨ના પત્ર પર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ પ્રદાનનો સાભાર સ્વીકાર કરવો.

૧૯. એગ્રો--ઈકોનોમિક રિસર્ચના વિષયમાં ગુજરાત યુનિવર્સિટી દ્વારા બે વર્ષ માટે નિબંધસ્પર્ધા યોજીને પ્રતિવર્ષે રૂ. ૨૫૦ની રકમનું "ડૉ. ઉમાશંકર જોશી પારિતોષિક" ગુજરાત યુનિવર્સિટીના વિદ્યાર્થીને આપી શકાય તે માટે રૂ. ૫૦૦(પાંચસો)નું પ્રદાન પ્લાનિંગ સેક્રેટરી શ્રી. અશોક મિત્ર તરફથી સ્વીકારવા માટે 'કૉમર્સ'ના તંત્રી શ્રી. વાડીલાલ ડગલીના તા. ૨૬--૯--૧૯૭૨ના પત્ર પરત્વે વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બાબતની વિચારણા મોકૂફ રાખવી

૨૦. તા. ૨૩--૯--૧૯૭૨ના રોજ મળેલ સિન્ડિકેટની સભાએ બાબત નં. ૨૪ થી એમ.એસસી. માઈક્રો-બાયોલોજી વિષયની પ્રાયોગિક પરીક્ષામાં લેબોરેટરી સ્ટાફની નિમણૂક અંગે કરેલ ઠરાવ નીચે જણાવ્યા મુજબ ચંચાય તે રીતે સુધારવા અંગે વિચારણા કરવા બાબત :

"આથી ઠરાવવામાં આવે છે કે એમ.એસસી. માઈક્રોબાયોલોજી વિષયની પ્રાયોગિક પરીક્ષાની (પ્રેપરેશન અને ક્લીનિંગ) તૈયારી અને સાફસૂફી માટે બે હમાલની નિમણૂક કરવાની જે જોગવાઈ છે તે મુજબ પરીક્ષાના દિવસો દરમિયાન પણ એકને બદલે બે હમાલની નિમણૂક કરવાનું ધોરણ સ્વીકારવું."
આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ પ્રસ્તાવ મંજૂર કરવો.

૨૧. રાષ્ટ્રીય સેવા યોજના હેઠળ કામ કરતી અમદાવાદ કૉમર્સ કૉલેજના અધ્યાપક-ઈન-ચાર્જ તરીકે કામ કરતા શ્રી. બી. પી. કઠવાડિયા જેઓ વ્યાયામ શિક્ષક છે અને સિન્ડિકેટના તા. ૯--૯--૧૯૭૨ની સભાના ઠરાવ નં. ૭ મુજબ વ્યાયામ શિક્ષક એન. એસ. એસ.ના ઈન-ચાર્જ તરીકે સેવાઓ આપી શકે નહીં તેમ જણાવતો પત્ર કૉલેજના આચાર્યશ્રીને પાઠવ્યો હતો તેના જવાબમાં આચાર્યશ્રીએ તેઓના તા. ૧૪--૧૦--૧૯૭૨ના પત્રથી શ્રી. બી. પી. કઠવાડિયાનું નામ ફરીથી સૂચવ્યું છે તો શ્રી. બી. પી. કઠવાડિયાને એક વર્ષ પૂરતા (ચાલુ શૈક્ષણિક વર્ષ દરમિયાન) એન. એસ. એસ. ના ઈન-ચાર્જ તરીકે ચાલુ રાખવા અંગે વિચારણા કરવા બાબત :

[નોંધ.—શ્રી. કઠવાડિયાની લાયકાત અંગે આચાર્યશ્રીએ નીચે મુજબ જણાવ્યું છે :

(૧) તેઓએ ગુજરાતના ઉત્તમ પાંચ કેડેટોમાં પસંદગી પામી બેલગામના સોશિયલ કેમ્પમાં એક મહિનાની તાલીમ લીધી છે.

(૨) માધ્યમિક સ્કૂલના શિક્ષક તરીકે એ.એલ.સી.ની તાલીમ લઈ ૧૨ વર્ષ સુધી (૧૯૫૪થી ૧૯૬૬) શાળાના શિક્ષક તરીકે દર વર્ષે સોશિયલ કેમ્પ ઓર્ગેનાઈઝ કર્યા છે.

(૩) તેઓ ગુજરાત લેવલ પર રેડક્રોસનું સેવાકાર્ય કરી રહ્યા છે.]

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ કૉલેજમાં એન. એસ. એસ. એકમના અધ્યાપક-ઈન ચાર્જ તરીકે શ્રી. બી. પી. કઠવાડિયાની નિમણૂક ચાલુ શૈક્ષણિક વર્ષ પૂરતી જ માન્ય કરવી.

૨૨. માઈક્રોબાયોલોજીની ઍડ—હૉક સમિતિની તા. ૨૧—૯—૧૯૭૨ની સભાની નીચેની ભલામણ ઉપર વિચારણા કરવા બાબત :

"એન.એસસી. માઈક્રોબાયોલોજી વિષયની પ્રાયોગિક પરીક્ષા ચાર દિવસ સુધી દરરોજના ૬ કલાક માટે રાખવા ભલામણ છે."

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ સમિતિની ઉપરની ભલામણ વિજ્ઞાન વિદ્યાશાખાની વિચારણા માટે મોકલવી.

૨૩. માઈક્રોબાયોલોજીની ઍડ—હૉક સમિતિની તા. ૨૧—૯—૧૯૭૨ની સભાની નીચેની ભલામણો પર વિચારણા કરવા બાબત :

"(૧) બીજા અને ત્રીજા વર્ષ બી.એસસી. માઈક્રોબાયોલોજી વિષયમાં પ્રાયોગિક કામ માટે બેચ તથા વિદ્યાર્થીઓની સંખ્યા અને ડેમોન્સ્ટ્રેટરની સંખ્યા નીચે પ્રમાણે રાખવી :

બેચ વિદ્યાર્થીઓની સંખ્યા	ડેમોન્સ્ટ્રેટરની સંખ્યા
૩૦	૨ એટલે કે દર ૧૫ વિદ્યાર્થીઓ વચ્ચે એક ડેમોન્સ્ટ્રેટર

(૨) સેકન્ડ બી.એસસી., થર્ડ બી.એસસી. અને એમ.એસસી. માઈક્રોબાયોલોજીનો પ્રાયોગિક પરીક્ષાઓ માટે આસિસ્ટન્ટ, લેબોરેટરી આસિસ્ટન્ટ વગેરેની સંખ્યા નીચે પ્રમાણે રાખવા ભલામણ છે :

Second B.Sc. and Third B.Sc. (Microbiology) Examination

Subject	*Days for preparation*	*Days for cleaning up*	*Expert Asst.*	*Labo. Asst.*	*Store-keeper*	*Hamals*
Microbiology (Medical Chemistry and Agricultural)	3 days before the first batch and 1 day between succeeding batches	3 days 1 Laboratory Assistant	3	1	1	6
	3 Expert Assistants 1 Store-keeper 1 Laboratory Asst. 4 Hamals		1 Store-keeper 4 Hamals			

(નોંધ.—એક્સપર્ટ આસિસ્ટન્ટ અને લેબોરેટરી આસિસ્ટન્ટની સંખ્યા ઓછી કરેલ છે.)

M.Sc. (Microbiology) Examination

(A batch to consist of 10 students)

Subject	*Days for preparation*	*Days for cleaning up*	*Expert Asst.*	*Lab. Asst.*	*Store-keeper*	*Hamals*
Microbiology	4 days	3 days	3	1	1	4
	2 Expert Assistants for each branch					
	1 Laboratory Assistant		1 Laboratory Assistant			
	1 Store-keeper		1 Store-keeper			
	3 Hamals		3 Hamals.			

(નોંધ.—બેચની સંખ્યા ૬ ને બદલે ૧૦ કરી છે તેથી એક્સપર્ટ આસિસ્ટન્ટ, સ્ટોરકીપર, હમાલની સંખ્યા વધારેલ છે.)

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ સમિતિની ઉપરની ભલામણ વિજ્ઞાન વિદ્યાશાખાની વિચારણા માટે મોકલવી.

૨૪. દંતવિદ્યાની વિદ્યાશાખામાં નવી કૉલેજો અને અનુસ્નાતક વિભાગો શરૂ કરતાં અગાઉ ડેન્ટલ કાઉન્સિલ ઑફ ઈન્ડિયા, ન્યૂ દિલ્હીની પરવાનગી મેળવવી એમ જણાવતા ડેન્ટલ કાઉન્સિલ ઑફ ઈન્ડિયા, ન્યૂ દિલ્હીના સેક્રેટરીના તા. ૧૧--૧૦--૧૯૭૨ના પરિપત્રાંક ડીઈ--૧૪--૭૨--૪૬૧૯ ની નોંધ લેવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બાબતની નોંધ લેવી.

૨૫. "ઈકિવવેલેન્સ ઑફ એકઝામિનેશન્સ" અંગેની સ્થાયી સમિતિએ તેની તા. ૧૪—૯—૧૯૭૨ ની સભામાં કરેલ ભલામણો સ્વીકારવાની એકેડેમિક કાઉન્સિલની તા. ૧૮--૯--૧૯૭૨ની સભાની ભલામણ પર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ સ્થાયી સમિતિની તા. ૧૪--૯--૧૯૭૨ની સભાની ભલામણો સ્વીકારવાની એકેડેમિક કાઉન્સિલની ભલામણ મંજૂર કરવી.

(સદરહુ સમિતિની તા. ૧૪--૯--૧૯૭૨ની સભાની ભલામણો **પરિશિષ્ટ "ક–૧"** તરીકે સામેલ છે.)

૨૬. સિન્ડિકેટની તા. ૫/૬--૮--૧૯૭૨ની સભામાં સ્વીકારવામાં આવેલ "ક્રાં. બાબુભાઈ જશભાઈ પટેલ ષષ્ટિપૂર્તિ સ્મૃતિ સુવર્ણચંદ્રક" એમ.એ.ની પદવી પરીક્ષા માટે એનાયત કરવા માટેના પ્રદાન અંગેના નિયમો મંજૂર કરવા અંગે વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ પ્રદાન અંગેના નિયમો મંજૂર કરવા.

(મંજૂર કરવામાં આવેલા નિયમોની નકલ **પરિશિષ્ટ "ક–૨"** તરીકે સામેલ છે.)

૨૭. મનોવિજ્ઞાનની અભ્યાસસમિતિની તા. ૭–૯–૧૯૭૨ની સભાની ભલામણ મુજબ રેગ્યુ. ૨૯–એ માં સંબંધકર્તા પ્રશ્નપત્રો માટેના અભ્યાસક્રમમાં નીચે મુજબ ઉમેરો કરીને સુધારેલો રેગ્યુ. ૨૯–એ જૂન ૧૯૭૨થી અમલમાં આવે તે રીતે મંજૂર કરવાની એકેડેમિક કાઉન્સિલની તા. ૧૮–૯–૧૯૭૨ની સભાની ભલામણ પર વિચારણા કરવા બાબત.

1. Regulation 29–A :

M.A. Part I : Psychology

Optional Papers.

Add after Paper-I Advanced Experimental Psychology–I Practicals. The Examination in Practicals shall be taken in a session of 6 hours comprising of two practicals. A viva–voce and assessment of the students Journal of years laboratory work. The allotment of time and marks shall be as under:

	Time	*Marks*
(1) Practical 1 (To be performed and a report written thereof)	3 hours	35
(2) Practicals 2 (Only method including hypothesis, design, sample and procedure to be written)	2 hours	15
(3) Viva voce (To cover the students knowledge of instrumentation, experimental design and techniques)	1 hour	25
(4) Journal (15 experiments performed during the year)	—	25
	Total..	100

There shall be a recess of one hour after experiment 1.

For practicals 2 use of experimental design may be permitted.

2. Add after Paper XVI—Statistical Inference.

The examination in this paper will be taken in a session of 3 hours comprising of written test and assessment of the students journal of year's exercises done. The allotment of marks shall be as follows :

1. Written examination	3 hours	80
2. Journal of the year's work	—	20
	Total	100

Statistical tables including Sine and Cosine tables and tables of squares, square–roots and reciprocal and hand operated calculating machines shall be made available to the candidates.

3. **Regulation 29–A** :

Add after the syllabus in Paper XVI—Statistical Inference.

The student shall perform 15 exercises representative of the different statistical methods on date supplied by the teacher and maintain a regular journal giving the date calculations and results. This journal shall be submitted to the University for assessment before the end of the 2nd term.

(*Note.*—These resolutions come into effect from June 1972.)

આથી ઠરાવવામાં આવે છે કે એકેડેમિક કાઉન્સિલની ભલામણ મુજબ રેગ્યુ. ૨૯-એ ઉપર મુજબ મંજૂર કરીને તેને જૂન ૧૯૭૨થી અમલમાં મૂકવો.

૨૮. કુલપતિશ્રીએ મંજૂર કરેલાં નીચેનાં કાર્યોની નોંધ લેવા બાબત :

(૧) આર્ટ્સ અને સાયન્સ કૉલેજ, ભાદરણને તેમના વિદ્યાર્થીઓની પ્રથમ સત્રમાં લેવાની બીજી કસોટી પરીક્ષાઓ બીજા સત્રની શરૂઆતમાં લેવા માટે આચાર્યશ્રીની તા. ૧૨--૧૦--૧૯૭૨ની વિનંતી પરથી પરવાનગી આપ્યાના;

(૨) ઑક્ટો. ૧૯૭૨માં લેવાયેલ પ્રથમ એલએલ.બી. પરીક્ષાનાં વિદ્યાર્થિની કુ. દીપ્તિ શાહ ભારત--જાપાન વિદ્યાર્થી વિનિમય યોજના હેઠળ યુનિવર્સિટી તરફથી પસંદ થયેલ હોવાને કારણે જાપાન ગયેલ હોવાથી તેમનો ઑક્ટોબર ૧૯૭૨માં લેવાનાર પ્રથમ એલએલ.બી. પરીક્ષાનો પ્રવેશ રદ ગણી તેમની પરીક્ષા ફી પરત કરવા મંજૂરી આપ્યાના;

(૩) ધર્મસિંહ દેસાઈ ઈન્સ્ટિટ્યૂટ ઑફ ટેક્નોલોજી, નડિયાદને તા. ૧૫--૬--૧૯૭૨થી ચાલુ જોડાણ હજુ સુધી મળેલ નહીં હોવાથી પરંતુ કેમિકલ એન્જિનિયરિંગની પરીક્ષામાં આ સંસ્થામાંથી બેસનાર વિદ્યાર્થીઓની પરીક્ષા તા. ૨૩--૧૦--૧૯૭૨થી શરૂ થતી હોવાથી તેમાં તે વિદ્યાર્થીઓને પરીક્ષામાં બેસવા દેવાની છૂટ આપ્યાના.

આથી ઠરાવવામાં આવે છે કે કુલપતિશ્રીનાં સદરહુ કાર્યોની નોંધ લેવી.

૨૯. ડિસેંબર ૧ થી ૩, ૧૯૭૨ના સમય દરમિયાન ધી નેશનલ એકેડેમી ઑફ સાયન્સીસ, ઈન્ડિયાનું ૪૨ મું વાર્ષિક સત્ર લુધિયાણા મુકામે યોજાનાર છે તેમાં યુનિવર્સિટીના પ્રતિનિધિ તરીકે મોકલવા અંગેના એકેડેમીના સામાન્ય મંત્રીશ્રીના તા. ૧૫--૯--૧૯૭૨ના પત્ર ઉપર વિચારણા કરવા બાબત.

વધુમાં ઉપરની ચેટાબાબત નં. ૧૫માં આચાર્ય યુ. ડી. ભટ્ટ સદરહુ પરિષદના અધિવેશનમાં હાજર રહી શકે તેમ ન હોવાથી તેમને બદલે ડૉ. એન. એસ. યાજ્ઞિકની નિમણૂક કર્યાના કુલપતિશ્રીના કાર્યની પણ નોંધ લેવામાં આવી.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ એકેડેમીના આગામી વાર્ષિક સત્રમાં આ યુનિવર્સિટીના પ્રતિનિધિઓ તરીકે ડૉ. એમ. એન. દેસાઈ અને ડૉ. એચ. ડી. દવેને મોકલવા.

૨૯—એ. ડિસેંબર ૧૬ થી ૧૮, ૧૯૭૨ના સમય દરમિયાન મદ્રાસ મુકામે મળનાર પ્રોગ્રામ્ડ લર્નિંગ નામના અધિવેશનમાં યુનિવર્સિટીના પ્રતિનિધિ મોકલવા અંગેના ઍસોસિયેશનના મંત્રીશ્રીના તા. ૨૬—૯—૧૯૭૨ ના પત્ર પર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ અધિવેશનમાં આ યુનિવર્સિટીના પ્રતિનિધિ તરીકે શ્રી. નરહરિ પરીખને મોકલવા,

૩૦. ડિસેંબર ૨૭ થી ૨૯, ૧૯૭૨ના સમય દરમિયાન ફિઝિયોલોજિસ્ટ ઍન્ડ ફાર્માકોલોજિસ્ટ ઑફ ઈન્ડિયાનું ૧૮ મું વાર્ષિક અધિવેશન હૈદરાબાદ મુકામે યોજાનાર છે તેમાં યુનિવર્સિટીના પ્રતિનિધિ મોકલવા અંગેના અધિવેશનના મંત્રીશ્રીના તા. ૨૧—૯—૧૯૭૨ના પત્ર પર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ અધિવેશનમાં આ યુનિવર્સિટીના પ્રતિનિધિ તરીકે ડૉ. એચ. આર. દેરાસરીને મોકલવા.

૩૧. ડિસેંબર ૨૮થી ૨ જાન્યુઆરી ૧૯૭૪ ના સમય દરમિયાન ત્રિવેન્દ્રમ મુકામે The Home Science of Association of Indiaના દ્વિવાર્ષિક અધિવેશનમાં યુનિવર્સિટીના પ્રતિનિધિ મોકલવા અંગેની ઍસોસિયેશનના માનદ સામાન્ય મંત્રીશ્રી તરફથી આવેલ પત્ર પર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ ઍસોસિયેશનના આગામી અધિવેશનમાં આ યુનિવર્સિટીના પ્રતિનિધિ તરીકે ડૉ. ઉમાબહેન પટેલને મોકલવાં.

૩૨. જાન્યુઆરી ૨૦ થી ૨૩, ૧૯૭૩ના સમય દરમિયાન All-India Ophthalmological Conferenceનું ૩૩ મું અધિવેશન બેંગલોર મુકામે યોજાનાર છે તેમાં યુનિવર્સિટીના પ્રતિનિધિ મોકલવા અંગેના, સોસાયટીના સામાન્ય મંત્રીશ્રી તરફથી આવેલ તા. ૩૦—૯—૧૯૭૨ના પત્ર પર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ પરિષદના આગામી અધિવેશનમાં આ યુનિવર્સિટીના પ્રતિનિધિ તરીકે ડૉ. આર. એલ. દૂધિયાને, અને સંજોગવશાત્ તેઓ આ નિમણૂક સ્વીકારી શકે નહિ તો ડૉ. વસુંધરા કલેવરને મોકલવા.

૩૩. માર્ચ—એપ્રિલ ૧૯૭૨ માં લેવાયેલ જુદી જુદી પરીક્ષાઓ માટે જુદાં જુદાં કેન્દ્રો પર ઔચિતી મુલાકાતે ગયેલા સીનિયર સુપરવાઈઝરોનાં સૂચનો અને તે અંગે કાર્યાલયે કરેલ નોંધ પર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બાબતની વિચારણા મોકૂફ રાખવી.

૩૪. યુનિવર્સિટી તથા કૉલેજોના શિક્ષકો માટે "વ્યક્તિગત બઢતી" (personal promotion) ની યોજના અંગેના યુનિવર્સિટી ગ્રાન્ટ્સ કમિશનના તા. ૨૮—૮—૧૯૭૨ના પત્રાંક એફ. ૧—૨૪—૧૯૭૨ (સીડી) પર વિચારણા કરવા બાબત :

[**નોંધ.** —સિન્ડિકેટની તા. ૧૧—૪—૧૯૭૨ની સભાએ કામકાજ ક્રમાંક ૧૭ હેઠળ યુનિવર્સિટી ગ્રાન્ટ્સ કમિશનના તા. ૪—૩—૧૯૭૨ના આવા જ એક પત્રની નોંધ લીધી હતી.)

આથી ઠરાવવામાં આવે છે કે યુનિવર્સિટી તથા કૉલેજોના શિક્ષકો માટે, 'વ્યકિતગત બઢતી' (personal promotion) અંગેની યુનિવર્સિટી ગ્રાન્ટ્સ કમિશનની યોજના સ્વીકારવી.

(સદરહુ યોજના અંગેના યુનિવર્સિટી ગ્રાન્ટ્સ કમિશનના તા. ૨૮--૮--૧૯૭૨ના પત્રની નકલ **પરિશિષ્ટ "ખ"** તરીકે સામેલ છે.)

૩૫. સુરત મુકામે તા. ૨૦--૨--૧૯૭૧ના રોજ મળેલી જોઈન્ટ બૉર્ડ ઑફ વાઈસ--ચાન્સેલર્સની સભાના ઠરાવને અનુલક્ષીને જુદી જુદી પરીક્ષાઓમાં ફીનું ધોરણ એકસરખું કરવાના પ્રશ્ન અંગે વિચારણા કરવા બાબત :

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બાબતની વિચારણા મોકૂફ રાખવી.

૩૬. સિન્ડિકેટે તેની તા. ૧૫--૪--૧૯૭૨ની સભામાં બાબત નં. ૫૧થી ઠરાવ્યા પ્રમાણે અનુસ્નાતક કેન્દ્રોનાં બિલોની ચકાસણી કરીને ચુકવણી કરવાનું કામ યુનિવર્સિટી કાર્યાલયના હિસાબ વિભાગને સોંપવામાં આવ્યું છે તેના સંદર્ભમાં નીચેના અનુસ્નાતક નિયમ નં. ૨૯ અંગે પુનર્વિચારણા કરવા બાબત :

P.–G. Rule No. 29 :

All administrative cost shall be borne by the centres and expenses on the necessary ancilliary staff will be borne by the college or institution where the centre is instituted as per Statute 121–G.

Each centre shall keep its separate accounts. A Bank account in the name of post-graduate centre in.....shall be opened in a scheduled bank and shall be operated jointly by the Professor-in-charge and the Principal of the College where the centre is located. If the Principal is also the Professor-in-charge, he shall alone operate the accounts.

The fees not exceeding Rs. 15/-- received as fees for gymkhana, library and other service as laid down in Rule No. 96 shall not be included in the accounts of the Centre.

આથી ઠરાવવામાં આવે છે કે અનુસ્નાતક નિયમ નં. ૨૯ નીચે મુજબ વંચાય તે રીતે સુધારવો અને તેને તાત્કાલિક અમલમાં મૂકવો :

P.–G. Rule No. 29 :

All administrative cost shall be borne by the centres and expenses on the necessary ancilliary staff will be borne by the college or institution where the centre is instituted as per Statute 121–G.

The fees not exceeding Rs. 15/— received as fees for gymkhana, library and other services as laid down in Rule No. 26 shall not be included in the accounts of the Centre.

૩૭. સિન્ડિકેટે તેની તા. ૨૭--૨--૧૯૭૦ની સભામાં " આચાર્યશ્રી એમ. સી. દેસાઈ સુવર્ણચંદ્રક " અંગેના મંજૂર કરેલ નિયમોમાં નિયમ નં. ૧ માં નીચે જણાવ્યા પ્રમાણે જરૂરી ફેરફાર કરવા અંગે વિચારણા કરવા બાબત :

(**નોંધ.**—ચંદરવા પ્રદાનના નિયમ નં. ૧ માં જરૂરી ફેરફાર કરવાની વિનંતી દાતા તરફથી આવી છે.)

જૂનો નિયમ :

A Gold Medal in the name of " Principal Shri M. C. Desai Gold Medal " of the value of about Rs. 200/- shall be awarded in the subject of Economics annually to a teacher who is working in any affiliated college of the University or a recognised Institution of the University or any post-graduate department of the Gujarat University and whose research work published during the year preceding the Convocation is adjudged to be of the highest merit, by a special Committee of Experts who have made their mark in their respective fields of work. This committee shall be appointed by the Syndicate of the Gujarat University every year and the decision of fthe committee in the matter shall be final.

સૂચિત નિયમ :

A Gold Medal in the name of " Principal Shri M. C. Desai Gold Medal " of the value of about Rs. 200/- shall be awarded in any subject in Social Sciences viz. Economics, History, Politics, Sociology, Psychology, Philosophy and Education etc., annually to a teacher who is working in any affiliated college of the University or a recognised Institution of the University or any post-graduate department of the Gujarat University and whose research work published during the year preceding the convocation is adjudged to be of the highest merit, by a special committee of experts who have made their mark in their respective fields of work. This committee shall be appointed by the Syndicate of the Gujarat University every year and the decision of the committee in the matter shall be final.

આથી ઠરાવવામાં આવે છે કે " આચાર્યશ્રી એમ. સી. દેસાઈ સુવર્ણચંદ્રક " અંગેનો નિયમ નીચે મુજબ વંચાય તે રીતે સુધારવો :

A Gold Medal in the name of 'Principal Shri M. C. Desai Gold Medal' of the value of about Rs. 200/— shall be awarded in any subject in Social Sciences viz. Economics, History, Politics, Sociology, Psychology, Philosophy and Education, etc., annually to a teacher who is working in any affiliated college of the University or a recognised institution of the University or any post-graduate department of the Gujarat University and whose research work

published during the two calendar years preceding the convocation is adjudged to be of the highest merit, by a special committee of experts who have made their mark in their respective fields of work. This committee shall be appointed by the Syndicate of the Gujarat University every year and the decision of the committee in the matter shall be final.

૩૮. યુનિવર્સિટીએ વેકેશનમાં એમ.એડ.ના વર્ગો રાખવાનું નક્કી કર્યું હોવાથી વેકેશનમાં કામગીરી કરવા માટે યુનિવર્સિટીના શિક્ષકોને શું મહેનતાણું આપવું તે અંગે વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે એમ.એડ.ના વેકેશન વર્ગો માટે યુનિવર્સિટીનાં વિદ્યાભવનો તથા માન્ય અનુસ્નાતક શિક્ષકોના માનદ પુરસ્કાર (honorarium) અંગે નીચેનું ધોરણ સ્વીકારવું :

A recognised post-graduate teacher shall be paid an honorarium at the rate of Rs. 15/- per lecture actually delivered while assistant to a recognised post-graduate teacher shall be paid at the rate of Rs. 10/- per lecture actually delivered so far as vacation courses for the M.Ed. Degree are concerned provided that the total honorarium for all vacations in any calendar year payable under this rule shall not exceed Rs. 300/-.

૩૯. સંલગ્ન કૉલેજોમાં કાર્યકારી આચાર્યપદે કરવામાં આવેલી નિમણૂક ત્રણ મહિનાથી વધુ સમય માટે ન હોવા અંગે વિચારણા કરી નિયમમા જરૂરી ફેરફાર કરવા શ્રી. ચોચ. કે. આર્ટ્સ કૉલેજ, અમદાવાદના આચાર્યશ્રીના પત્ર પર વિચારણા કરવા બાબત :

(નોંધ.—સદરહુ નિયમનો પાઠ નીચે મુજબ છે :

A member of the staff appointed temporarily on the post of a Principal, should be given Principal's scale and other benefits if he officiates for more than a year.)

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ નિયમ નીચે મુજબ વંચાય તે રીતે સુધારવો તથા તેને ૧૫મી જૂન ૧૯૭૩થી અમલમાં મૂકવો :

A member of the staff appointed temporarily on the post of a Principal should be given Principal's scale and other benefits if he officiates for more than three months.

વધુમાં ઠરાવવામાં આવે છે કે સદરહુ નિયમ અમલમાં આવ્યેથી તે પહેલાં કોઈ પણ આચાર્યે ઓછામાં ઓછાં બે વર્ષ કાર્યકારી આચાર્ય તરીકે કામ કર્યું હોય અને તા. ૧૫મી જૂન ૧૯૭૨ના રોજ કાર્યકારી આચાર્ય તરીકે ચાલુ રહ્યા હોય તો તેમની બાબતમાં આ સુધારેલો નિયમ લાગુ પડશે એમ સ્પષ્ટતા કરવી.

તે પછી સભાગૃહની સંમતિથી બાબત નં. ૮૧ ચર્ચાવિચારણા માટે હાથ ધરવામાં આવી.

૮૧. ગુજરાત યુનિવર્સિટી કૉલેજીસ પ્રિન્સિપાલ્સ ઍસોસિયેશનના પ્રમુખ આચાર્યશ્રી ય. પ્રા. શુકલના તા. ૧૨--૧૦—૧૯૭૨ના પત્ર પર વિચારણા કરવા બાબત.

કેટલીક ચર્ચાવિચારણાને અંતે ઠરાવવામાં આવ્યું કે સંલગ્ન કૉલેજોના આચાર્યોનાં પગારધોરણો સુધારવાની બાબતમાં કૉલેજોના આર્થિક બોજાનો પ્રશ્ન સમાયેલો હોઈ કુલપતિશ્રીએ અમદાવાદ શહેર વિસ્તારની કૉલેજોના સંચાલકમંડળના બે પ્રતિનિધિઓ, ગ્રામ્ય વિસ્તારની કૉલેજોના સંચાલકમંડળના બે પ્રતિનિધિઓ અને કૉલેજોના આચાર્યમંડળના બે પ્રતિનિધિઓની એક સભા બોલાવવી અને તેમાં સિન્ડિકેટના પ્રતિનિધિઓ તરીકે નીચેના બે સભ્યોને નીમવા :

(૧) શ્રી. રણજિતરાય ગં. શાસ્ત્રી
(૨) શ્રી. ઈન્દ્રવદનભાઈ એ. મોદી.

૪૦. ખેડા જિલ્લામાં આવેલ ગુજરાત યુનિવર્સિટીની સંલગ્ન કૉલેજોને સરદાર પટેલ યુનિવર્સિટીના કાર્યક્ષેત્રમાં સમાવી લેવા, ગુજરાત યુનિવર્સિટી ઍક્ટમાં જરૂરી સુધારો કરવા સરકાર સમક્ષ રજૂઆત કરવામાં આવી છે તે બાબતમાં ગુજરાત યુનિવર્સિટીનું મંતવ્ય માંગતા શિક્ષણ અને મજૂર વિભાગ, ગાંધીનગર તરફથી આવેલ તા. ૨૫—૯—૧૯૭૨ ના પત્રાંક યુ.એસ.જી.--૧૦૭૨--૮૬૭૨૧—ખ પર વિચારણા કરવા બાબત.

આથી વધુમતે ઠરાવવામાં આવે છે કે સિન્ડિકેટની આ સભા સદરહુ પ્રસ્તાવની તરફેણમાં નથી.

૪૧. જૂન ૧૯૭૩થી બી.એસસી. (જન.)માં વનસ્પતિવિજ્ઞાન; તથા બી.એસસી. (મુખ્ય) તથા (જન.)માં ગણિતશાસ્ત્રના વિષયોનું શિક્ષણકાર્ય ઑ. ૧૨૦—એફ ને આધીન બંધ કરવા દેવાની પરવાનગી આપવા માટેની પારેખ બ્રધર્સ સાયન્સ કૉલેજ, કપડવંજના આચાર્યશ્રીની વિનંતી પર વિચારણા કરવા બાબત.

સદરહુ બાબતના સંદર્ભમાં બાબત નં. ૯૦ પણ ચર્ચાવિચારણા માટે હાથ ધરવામાં આવી.

૯૦. બોરસદ સાયન્સ ઍન્ડ લૉ કૉલેજ, બોરસદમાં જૂન ૧૯૭૩થી બી.એસસી. (રૂપે.)માં ભૌતિક-વિજ્ઞાન વિષયનું શિક્ષણકાર્ય બંધ કરવાની પરવાનગી આપવા માટેની સદરહુ કૉલેજના આચાર્યશ્રીએ તેમના તા. ૧૨--૧૦--૧૯૭૨ના પત્રથી કરેલ વિનંતી પર વિચારણા કરવા બાબત.

તે પછી ઠરાવવામાં આવ્યું કે સદરહુ બેઉ બાબતો સિન્ડિકેટે તેની તા. ૨૩--૯--૧૯૭૨ની સભામાં બાબત નં. ૧૬/૧૭ અને ૧૮ ઉપરના ઠરાવથી નીમેલી સમિતિની વિચારણા માટે મોકલવી.

૪૨. સેકન્ડ બી.એ.--બી.એસસી. અને થર્ડ બી.એ.—બી.એસસી. આંકડાશાસ્ત્ર વિષયની પ્રાયોગિક પરીક્ષા માટે લેબોરેટરી સ્ટાફની નિમણૂક કરવા અંગે મહેનતાણાના દરની પુસ્તિકામાં જે સંખ્યાધોરણ દર્શાવેલ છે તેમાં સીનિયર સુપરવાઈઝરની સંખ્યા એકને બદલે બે કરવા તેમ જ એક મિકેનિક અને બે એકસપર્ટ આસિસ્ટન્ટની નિમણૂકો મંજૂર કરવા અંગે વિચારણા કરવા બાબત.

[નોંધ.—(૧) માર્ચ--એપ્રિલ ૧૯૭૨ની પરીક્ષાઓ વખતે બીજી નિમણૂકો ઉપરાંત બે સીનિયર સુપરવાઈઝરોની, એક મિકેનિકની તેમ જ બે એકસપર્ટ આસિસ્ટન્ટોની નિમણૂક કરવાની ખાસ કેસ તરીકે યુનિવર્સિટીએ મંજૂરી આપેલી હતી.
(૨) વિજ્ઞાન વિદ્યાશાખાના ડીને પણ ઉપરોકત સ્ટાફ નીમવો જરૂરી છે તેમ અભિપ્રાય આપેલ છે.]

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બાબત વિજ્ઞાન વિદ્યાશાખાની વિચારણા માટે મોકલવી.

૪૩. સેકન્ડરી ટીચર્સ ટ્રેનિંગ કૉલેજ, અમદાવાદે ૧૯૬૯--૭૦, ૧૯૭૦--૭૧, ૧૯૭૧--૭૨ના વર્ષમાં એક શિક્ષક, અને સેકન્ડરી ટીચર્સ ટ્રેનિંગ કૉલેજ, ખેડાએ ૧૯૬૯--૭૦ ના વર્ષમાં એક શિક્ષક જરૂર કરતાં ઓછા રાખીને કામ ચલાવ્યું હોવા બાબતમાં વિચારણા કરવા બાબત :

[નોંધ.— (૧) શિક્ષણસચિવશ્રી તરફથી આવેલ એક ફરિયાદના સંદર્ભમાં સંબંધકર્તા કૉલેજો પાસેથી માહિતી મંગાવતાં આ સ્પષ્ટ થયું છે.

(૨) એસ. ટી. ટી. કૉલેજ, અમદાવાદમાં ૧૦ : ૧નું વિદ્યાર્થી--શિક્ષક પ્રમાણ ગણતાં પ્રત્યેક વર્ષે એક શિક્ષક ઓછા છે. ૧૦ ટકાની પરવાનગી કુલપતિશ્રી આપે છે તે લક્ષમાં લઈએ તોપણ (૧૧ : ૧નું પ્રમાણ ગણીને પણ) અનુક્રમે ૮, ૧૧, ૭ વિદ્યાર્થીઓ માટે શિક્ષક નીમવા જરૂરી ગણાય.

(૩) એસ. ટી. ટી. કૉલેજ, ખેડામાં પણ ૧૧ : ૧નું પ્રમાણ ગણીએ તેમ છતાં ૬ વિદ્યાર્થી માટે શિક્ષક નીમવા જરૂરી ગણાય.]

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બેઉ કૉલેજોને તેમની ઉપર જણાવેલી ભૂલ માટે ઠપકો આપવો.

વધુમાં ઠરાવવામાં આવે છે કે શિક્ષણશાસ્ત્રની કૉલેજોમાં વધુ દસ ટકા વિદ્યાર્થીઓને પ્રવેશ આપવા માટેની પરવાનગી આપતા પહેલાં શિક્ષક-વિદ્યાર્થી પ્રમાણ અંગે તપાસ કરીને ખાતરી કરી લેવા માટે કુલપતિશ્રીને વિનંતી કરવી.

૪૪. યુનિવર્સિટી કૅમ્પસમાં રહેતા કર્મચારીઓની વિવિધ પ્રવૃત્તિઓ માટે મકાનની સગવડ આપવા અને રમતગમતની પ્રવૃત્તિ માટે યુનિવર્સિટી તરફથી આર્થિક સહાય આપવા બાબત ગુજરાત યુનિવર્સિટી કૅમ્પસ મંડળના તા. ૩૦--૮—૧૯૭૨ના પત્રથી કરેલી નીચેની વિનંતીઓ પર વિચારણા કરવા બાબત :

(૧) મંડળ પોતાની વિવિધ પ્રવૃત્તિઓ ચલાવી શકે તે માટે કાયમી ધોરણે મકાનની સગવડ જરૂરી છે. આ સગવડ વહેલી તકે કરી આપવામાં આવે એવી વિનંતી છે. અમારું એક નમ્ર સૂચન છે કે "બી" ટાઇપ ક્વાર્ટર્સમાંનું કોઈ ખાલી થાય તો તેનું ઓછામાં ઓછું એક યુનિટ કૅમ્પસ મંડળના વપરાશને માટે ફાળવવામાં આવે.

(૨) કૅમ્પસ મંડળ જે પ્રવૃત્તિઓ ચલાવે છે તેમાંની એક રહીશોનાં બાળકો માટે રમતગમતની પ્રવૃત્તિ છે. મંડળની પ્રવૃત્તિઓના ખર્ચને પહોંચી વળવા માટે મંડળના સભ્યો પાસેથી વાર્ષિક ફી ઉઘરાવવામાં આવે છે, પણ તેમાંથી થતી આવક પૂરતી નથી. આવી રમતગમતની પ્રવૃત્તિ માટે તેમ જ નવી પ્રવૃત્તિઓ શરૂ કરવા માટે યુનિવર્સિટી તરફથી આર્થિક સહાય આપવામાં આવે એવી અમારી વિનંતી છે.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બાબતની વિચારણા મોકૂફ રાખવી.

૪૫. યુનિવર્સિટીનાં વિદ્યાભવનોના ત્રિવાર્ષિક તપાસ અંગેના અહેવાલો સેનેટની તા. ૯/૧૦--૧૦—૧૯૭૨ની સભા સમક્ષ જાણ માટે રજૂ કરવામાં આવેલા તે પરની ચર્ચા દરમિયાન થયેલ નીચેનાં સૂચનો પર વિચારણા કરવા બાબત :

(૧) ભવનોની ત્રિવાર્ષિક તપાસ માટે એક નિયત પત્રક (proforma) તૈયાર કરવું;

(૨) ભવનોના શિક્ષકોને સંશોધન માટે સ્ટેનોગ્રાફરની મદદ આપવી;

(૩) ભવનોમાં સાંજના વર્ગો નિયમિતપણે કામ કરે તેવી વ્યવસ્થા થવી ઘટે.

સદરહુ સૂચનો અંગે નીચે મુજબ ઠરાવવામાં આવ્યું :

(૧) યુનિવર્સિટીનાં વિદ્યાભવનોની ત્રિવાર્ષિક તપાસ માટે પત્રક (proforma) નિયત કરવા માટે નીચે જણાવેલા સભ્યોની એક સમિતિ નીમવી :

(૧) આચાર્ય એલ. ડી. દવે

(૨) પ્રો. કે. એસ. શાસ્ત્રી.

(૨) યુનિવર્સિટીનાં વિદ્યાભવનોમાં સ્ટેનોગ્રાફરની મદદ આપવા અંગે નીચે મુજબ ઠરાવવામાં આવ્યું :

(ક) વિદ્યાભવનના વહીવટી કામકાજને સામાન્ય રીતે અગ્રિમતા આપવી.

(ખ) વહીવટી કામકાજ પૂરું થયેથી સંશોધન કાર્ય માટે સ્ટેનોગ્રાફરની મદદ ઉપલબ્ધ કરવા માટે વિદ્યાભવનોના અધ્યક્ષોને જણાવવું.

(ગ) જો કોઈ વિદ્યાભવનમાં એક કરતાં વધુ સ્ટેનોગ્રાફર હોય ત્યાં શિક્ષકોને સંશોધન કામકાજ માટે સ્ટેનોગ્રાફરની મદદ આપવાનું કામ ભવનના અધ્યક્ષની સામાન્ય દેખરેખ હેઠળ સૌથી સીનિયર સ્ટેનોગ્રાફરે કરવું.

(૩) યુનિવર્સિટીનાં વિદ્યાભવનોમાં સાંજના વર્ગો પણ નિયમિત રીતે ચાલે તેવી વ્યવસ્થા કરીને તે અંગે જરૂરી દેખરેખ રાખવા માટે ભવનોના અધ્યક્ષોને જણાવવું.

તે પછી બાબત નં. ૧૧, ૧૨ અને ૧૩ વિચારણા માટે હાથ ધરવામાં આવી.

૧૧. સ્ટાફના વહીવટી પ્રશ્નો ઉપર વિચારણા કરવા માટે સિન્ડિકેટે નીમેલી સ્થાયી સમિતિની તા. ૨૬-૮-૧૯૭૨ની સભાની ભલામણ ઉપર વિચારણા કરવા બાબત.

સદરહુ બાબતના સંદર્ભમાં યુનિવર્સિટી કર્મચારી સંઘના પત્રો નં. ૧૪૧ (તા. ૨૦-૯-'૭૨), નં. ૧૪૪ (તા. ૨૧-૯-'૭૨), નં. ૧૪૫ (તા. ૨૨-૯-'૭૨), નં. ૧૪૯ (તા. ૨૮-૯-'૭૨) તથા ઑફિસ સુપરિન્ટેન્ડેન્ટ અને હેડક્લાર્ક કક્ષાના કર્મચારીઓ તરફથી આવેલ તા. ૨૧-૯-'૭૨નો પત્ર પણ સભાગૃહ સમક્ષ રજૂ કરવામાં આવ્યા.

તે પછી લંબાણપૂર્વકની ચર્ચાવિચારણાને અંતે નીચે મુજબ ઠરાવવામાં આવ્યું :

આથી ઠરાવવામાં આવે છે કે સ્ટાફ અંગેની સ્થાયી સમિતિની તા. ૧૬-૯-૧૯૭૨ની સભાની ભલામણ નં. ૨ નીચે મુજબ વંચાય તે રીતે સુધારીને મંજૂર કરવી તથા બાકીની બીજી બધી ભલામણો પણ મંજૂર કરવી :

"મદદનીશ ડી.પી.ઈ. તથા મદદનીશ ડાયરેક્ટર ઑફ યુથ વેલ્ફેરની જગ્યાઓ માટેનું પગારધોરણ રૂ. ૪૬૬-૨૦-૫૪૬ ઈ.બી. ૨૦-૬૪૬નું રાખવું તથા તેઓનો હાલનો પગાર નવા પગારધોરણમાં હાલ મળતા પગાર પછીના તરતના પગથિયે નક્કી કરવો તથા તેઓની પગારવધારાની મૂળ તારીખ ચાલુ રાખવી."

વધુમાં ઠરાવવામાં આવે છે કે ભાષા-સાહિત્ય ભવનના અધ્યક્ષશ્રીને બંગલે ચાલુ વર્ષે અંગ્રેજીના અધ્યાપકોની પરિષદ ગુજરાત યુનિવર્સિટીના ઉપક્રમે મળનાર છે તેના સંદર્ભમાં હંગામી ધોરણે ટેલિફોનની સુવિધા ઉપલબ્ધ કરવી.

(સદરહુ સ્થાયી સમિતિની તા. ૧૬-૯-૧૯૭૨ની સભાની કાર્યવાહીની નોંધની નકલ પરિશિષ્ટ " ગ " તરીકે સામેલ છે.)

તે પછી બાબત નં. ૧૨ અને ૧૩ની વિચારણા સાથે કરવામાં આવી.

૧૨. સિન્ડિકેટે નીમેલી જોઈન્ટ કન્સલ્ટેટિવ સમિતિની તા. ૨૦-૧૦-૧૯૭૨ના રોજ મળેલ સભાની ભલામણો પર વિચારણા કરવા બાબત.

અને

૧૩. ગુજરાત યુનિવર્સિટી કર્મચારી સંઘની કારોબારીની તા. ૨૯-૯-૧૯૭૨ની સભાના યુનિવર્સિટી કર્મચારીઓનાં પગારધોરણો સુધારવા અંગેના આ સાથેના ઠરાવ નં. ૪ ઉપર વિચારણા કરવા અંગેના સંઘના મહામંત્રીશ્રીના તા. ૩૦-૯-૧૯૭૨ના પત્ર ઉપર વિચારણા કરવા બાબત.

કેટલીક ચર્ચાવિચારણાને અંતે સદરહુ બાબતો બીજે દિવસે વધુ વિચારણા માટે મોકૂફ રાખવામાં આવી.

તે પછી સભાગૃહની સંમતિથી નીચેની બાબત સભાગૃહ સમક્ષ રજૂ કરવામાં આવી :

૪૫-એ. તા. ૨૨-૧૧-૧૯૭૨ના રોજ યોજાયેલ ખાસ પદવીદાન સમારંભમાં આચાર્ય વિનોબા ભાવેને ડી. લિટ.ની માનાર્હ પદવી અર્પણ કર્યા પછી તે પદવીનું પ્રમાણપત્ર આપવા માટે શ્રી. કુલાધિપતિશ્રી સાથે યુનિવર્સિટીના અન્ય પ્રતિનિધિઓને મોકલવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ કાર્ય માટે નીચેના પ્રતિનિધિઓને મોકલવા :

(૧) કુલપતિશ્રી

(૨) શ્રી. ઝીણાભાઈ ૨. દેસાઈ

(૩) ડૉ. ધીરુભાઈ ઠાકર

(૪) પ્રો. પુરુષોત્તમ માવળંકર

(૫) કુલસચિવશ્રી.

તે પછી તા. ૧૧-૧૧-૧૯૭૨ના રોજ સભાનું કામકાજ બંધ રાખવામાં આવ્યું અને તા. ૧૨-૧૧-૧૯૭૨ના રોજ સભા ફરીથી મળતાં બાબત નં. ૧૨ અને ૧૩ આગળ વિચારણા માટે હાથ ધરવામાં આવી.

બાબત નં. ૧૨ અને ૧૩ની ચર્ચાવિચારણા દરમ્યાન શ્રી. રણજિતરાય ગં. શાસ્ત્રીએ નીચેનો પ્રસ્તાવ રજૂ કર્યો :

> " ગુજરાત યુનિવર્સિટીમાં બિનશૈક્ષણિક કર્મચારીઓ—જુનિયર કલાર્ક, સીનિયર કલાર્ક અને હેડકલાર્ક વગેરે—ની જે ગોઠવણ છે તે ગુજરાત યુનિવર્સિટીની સિન્ડિકેટે અગાઉ સ્વીકારેલ વર્ક-લોડ કમિટીના રિપોર્ટને અનુલક્ષીને ગુજરાત યુનિવર્સિટીમાં કામકાજનો પ્રકાર અને બોજો જોતાં ઉદાર ધોરણે છે એટલું જ નહીં, પણ ગુજરાત સરકારની સ્ટાફ પેટર્ન જોતાં પણ ઉદાર ધોરણે છે.
>
> બિનશૈક્ષણિક કર્મચારીઓની માગણીઓને સહાનુભૂતિપૂર્વક વિચારતાં સિન્ડિકેટ એમ પણ માને છે કે કોઈ પણ સંસ્થામાં પ્રમોશન એવેન્યુઝ માટે જ ઉપલી કક્ષાની જગ્યાઓ ઊભી કરી ન શકાય, પણ જે તે કાર્યાલયમાં જે તે કક્ષાએ કામકાજનો બોજો અને તે કેટલા પ્રકારનો છે તે જોઈને યોગ્ય સ્ટાફ પેટર્ન નક્કી થાય તે યોગ્ય અને હિતાવહ લેખાશે એટલું જ નહીં, પણ બિનશૈક્ષણિક કર્મચારીઓની અન્ય માંગણીઓ છે

તો તે સર્વેની સમગ્રપણે વિચારણા કરીને તેનો સંતોષકારક ઉકેલ આવે અને યુનિવર્સિટીનું તંત્ર સરળતાથી ઉદ્વેગ વગર શાંતિથી ચાલે તેમ કરવું જરૂરી હોઈ તે ધોરણે કાર્યવાહી હાથ ધરીને સમગ્રપણે વિચારીને જરૂરી ભલામણ કરવા માટે કન્સલ્ટેટિવ કમિટી સમક્ષ આ બાબત ફરી રજૂ કરવી."

સદરહુ પ્રસ્તાવ પર કેટલીક ચર્ચાવિચારણાને અંતે શ્રી. રણજિતરાય ગં. શાસ્ત્રીએ પોતાના આ પ્રસ્તાવ માટે આગ્રહ છોડી દીધો.

તે પછી વધુ વિચારણાને અંતે નીચે મુજબ ઠરાવવામાં આવ્યું :

કન્સલ્ટેટિવ કમિટીની તા. ૨૦-૧૦-૧૯૭૨ની સભામાં બાબત નં. ૨થી થયેલ ભલામણ પર ચર્ચાવિચારણા કરતાં આ સભાગૃહના ધ્યાન પર એ હકીકતો આવી છે કે ગુજરાત યુનિવર્સિટીના બિનશૈક્ષણિક કર્મચારીઓનાં પગારધોરણ અને અન્ય ભથ્થાંઓને ધ્યાનમાં લઈએ તો તે ગુજરાત સરકારના કર્મચારીઓનાં પગારધોરણોની સરખામણીમાં સારા પ્રમાણમાં આગળ છે. હકીકતમાં ગુજરાત યુનિવર્સિટીના જુનિયર ક્લાર્કને હાલ મળતું પગારધોરણ સર્વાંગી દૃષ્ટિએ જોતાં ગુજરાત સરકારના સીનિયર ક્લાર્ક અને હેડક્લાર્કને મળતી રકમ કરતાં પણ વધારે છે.

(૧) કન્સલ્ટેટિવ કમિટીની તા. ૨૦-૧૦-૧૯૭૨ની સભાની કાર્યવાહીમાં બાબત નં. ૨ ઉપરની તેની ભલામણ પર વિચારણા કરીને આ સભાગૃહ ઠરાવે છે કે સ્ટાફ પેટર્નમાં ફેરફાર કરવાની તેની ભલામણ સ્વીકારવામાં આવે તો તે તારીખથી ત્રણ વર્ષ સુધી કર્મચારીઓના પગાર, ભથ્થાં કે અન્ય પ્રકારની આર્થિક બોજની કે બઢતી માટેની સામૂહિક માગણીઓ પડતી મૂકવામાં આવશે, અને આ પ્રકારની નવી નવી માગણીઓ ઓછામાં ઓછાં ત્રણ વર્ષ સુધી આગળ કરવામાં આવશે નહીં તે મતલબની બાંયધરી કરારથી કર્મચારીઓના મંડળ તરફથી મળી શકે તેમ છે કે કેમ તે અંગે કન્સલ્ટેટિવ કમિટીએ ચર્ચાવિચારણા કરીને આ બાબત અંગે રિપોર્ટ કરવો.

(૨) વધુમાં ઠરાવવામાં આવે છે કે જો કર્મચારીમંડળ તરફથી ઉપર નં. (૧)માં જણાવ્યા મુજબની બાંયધરી કરાર કરીને આપવામાં આવશે તે પ્રકારનો રિપોર્ટ કન્સલ્ટેટિવ કમિટી તરફથી મળે તો તે પ્રકારનો બાંયધરી કરાર કરીને તા. ૧-૧૨-૧૯૭૨થી બાબત નં. ૨માં કરેલી ભલામણ અમલી બને તે પ્રમાણે કન્સલ્ટેટિવ કમિટીની ભલામણ મંજૂર કરવા માટે કુલપતિશ્રીને સત્તા આપવામાં આવે છે.

તે પછી કન્સલ્ટેટિવ કમિટીની બાકીની ભલામણો અંગે નીચે મુજબ ઠરાવવામાં આવ્યું :

(અ) આથી ઠરાવવામાં આવે છે કે નીચેની ભલામણો નામંજૂર કરવી :

૫(૪). ' કાર્યાલય નિયામક અને તેની ઉપરની કક્ષાના કર્મચારીઓને પરીક્ષા ભથ્થા તરીકે હાલમાં તેમના પગારના ૧૦ ટકા આપવામાં આવે છે જ્યારે અન્ય કર્મચારીઓને ફકત એક બેઝિક પગાર પરીક્ષા ભથ્થા તરીકે આપવામાં આવે છે તેને બદલે અન્ય કર્મચારીઓને પણ તેમના પગારના ૧૦ ટકા પરીક્ષા ભથ્થા તરીકે અન્ય લાભો સહિત આપવા આ સભા યુનિવર્સિટીને વિનંતી કરે છે.

આથી સિન્ડિકેટને ભલામણ કરવામાં આવે છે કે કુલસચિવશ્રીના કાર્યાલયના હેડક્લાર્ક અને તેની નીચેની કક્ષાના જે કર્મચારીઓને પરીક્ષા ભથ્થા તરીકે વાર્ષિક એક મહિનાનો મૂળ પગાર આપવામાં આવે છે તેને બદલે તેઓને માસિક મૂળ પગારના ૧૦ ટકા લેખે પરીક્ષા ભથ્થું આપવું.'

૫(૬). 'ઓવરટાઈમ પરીક્ષાના કામકાજ માટે જ મર્યાદિત નહીં રાખતાં રાજ્યની અન્ય યુનિવર્સિટીઓની જેમ આ યુનિવર્સિટીના કર્મચારીઓને પણ દરેક પ્રકારના કામ માટે વધારાના સમયનો ઓવરટાઈમ બારે માસ આપવા આ સભા યુનિવર્સિટીને વિનંતી કરે છે.

આથી સિન્ડિકેટને ભલામણ કરવામાં આવે છે કે હાલ ઓવરટાઈમ એલાવન્સ પરીક્ષાની મોસમ દરમિયાન પરીક્ષાના કામ માટે જ આપવામાં આવે છે તે ધોરણે યુનિવર્સિટી કાર્યાલયના બીજા કામ માટે પણ એક વર્ષ માટે પ્રયોગાત્મક રીતે કુલસચિવશ્રીના કાર્યાલયના હેડકલાર્ક અને તેની નીચેની કક્ષાના બધા જ સભ્યોને બારે માસ હાલના નિયમોને આધીન ઓવરટાઈમ ભથ્થું આપવાનું રાખવું.

આથી ઓવરટાઈમ કામ માટે કુલસચિવશ્રી કે તેઓ જેમને સત્તા આપે તે મદદનીશ કુલસચિવશ્રીથી ઊતરતી કક્ષાના નહિ તેવા અધિકારીની પૂર્વસંમતિ લીધા વિના કોઈ કર્મચારીને બોલાવી શકાશે નહિ.'

(બ) આથી ઠરાવવામાં આવે છે કે નીચેની ભલામણો મંજૂર કરવી :

૬. 'ગુજરાત યુનિવર્સિટીના પટાવાળા વગેરેને કાર્યાલયના સમય પહેલાં અને પછી અડધો કલાક વહેલા આવવાને બદલે મુંબઈ યુનિવર્સિટીની માફક યુનિવર્સિટી કાર્યાલયના સમય પહેલાં અને પછી ½ કલાક આવવા અંગે પટાવાળાઓની તા. ૧૩-૧-૧૯૭૨ની સંયુકત અરજી ઉપર વિચારણા કરવા બાબત,

આથી સિન્ડિકેટને ભલામણ કરવામાં આવે છે કે પટાવાળા વગેરેને યુનિવર્સિટીમાં કાર્યાલયના સમય પહેલાં ½ કલાક અને સમય બાદ ½ કલાક રોકાવાનું હોય છે તેને બદલે હવેથી કાર્યાલયના સમય પહેલાં ½ કલાક અને કાર્યાલયના સમય બાદ પંદર મિનિટ સુધી રોકાવાનું રાખવું.'

૧૧(૧). 'અમુક કક્ષાના કર્મચારીઓને નહિ પણ તમામ કર્મચારીઓને (જેઓ માગણી કરે તેમને) મોટરસાઈકલ/સ્કૂટર ખરીદવા લોન આપવી.

આથી સિન્ડિકેટને ભલામણ કરવામાં આવે છે કે જે કાયમી કર્મચારીઓનો મૂળ માસિક પગાર રૂ. ૨૫૦-૦૦ કે તેથી વધુ હોય તેમને મોટરસાઈકલ/સ્કૂટર ખરીદવા માટે લોનને પાત્ર ગણવા.'

૧૨. 'નીચેની બાબત સિન્ડિકેટે આ સમિતિની વિચારણા માટે મોકલી હોઈ તે પર વિચારણા કરવા બાબત :

યુનિવર્સિટીના કર્મચારીઓનાં બાળકોને ટયૂશન ફી તથા પુસ્તકોની વ્યવસ્થા કરી આપવા તથા પરીક્ષા ફીમાંથી મુકિત આપવા તથા અસાધ્ય રોગોની સારવાર તથા ઓપરેશન માટે થયેલ ખરેખર ખર્ચ માટે આર્થિક સહાય યુનિવર્સિટી તરફથી આપવામાં આવે તે અંગે યુનિવર્સિટી કર્મચારીઓની તા. ૨૪--૬--૧૯૭૦ની અરજી પર વિચારણા કરવા બાબત.

(**નોંધ.**—આ સમિતિની તા. ૨૩--૧--૧૯૭૧ની ભલામણ પ્રમાણે તબીબી મદદ અંગે ભારત સરકાર, રાજ્ય સરકાર, અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન અને એલ. આઈ. સી. પાસેથી માહિતી મંગાવેલી છે.)

આથી સિન્ડિકેટને ભલામણ કરવામાં આવે છે કે યુનિવર્સિટી કર્મચારીઓને દાકતરી સારવાર આપવા અંગેની બાબત પરત્વે વિચારણા કરી સુચિંતિત હેવાલ રજૂ કરવા નીચેના સભ્યોની

સમિતિ નીમવી :

(૧) શ્રી. આર. કે. અમીન (૩) શ્રી. એન. આર. જોશી

(૨) શ્રી. કં. ચં. પરીખ (૪) ડૉ. સી. આર. ત્રિવેદી.'

૧૩(૧). 'કર્મચારીઓએ પોતાની ન્યાયી અને વાજબી માંગણીઓ પ્રત્યે લાંબા સમય સુધી યુનિવર્સિટી સત્તાવાળાઓએ સેવેલા દુર્લક્ષ પ્રત્યે અને તેમનો અસંતોષ લોકશાહી રીતે વ્યકત કરવા તા. ૨૮—૯—૧૯૭૧ના રોજ આકસ્મિક રજા ઉપર ઊતરેલા તે બદલ યુનિવર્સિટીએ કર્મચારીઓનો ૧ દિવસનો પગાર કાપી લીધો છે તે દુ:ખદ બીના છે તેમ આ સભા માને છે. હવે જ્યારે કર્મચારીઓના પ્રશ્નોના ઉકેલ માટે યુનિવર્સિટીએ જોઈન્ટ કન્સલ્ટેટિવ કમિટીની રચના કરી છે અને કમિટીએ પોતાનું કામકાજ પણ શરૂ કર્યું છે અને હવે જ્યારે કર્મચારીઓની માગણીઓ અંગે સાથે બેસીને વિચારણા કરવાના સંજોગો પ્રાપ્ત થયા છે ત્યારે તા. ૨૮—૯—૧૯૭૧ના રોજનો કાપી લીધેલ પગાર વિનાવિલંબે પરત કરવા આ સભા યુનિવર્સિટીને અનુરોધ કરે છે.'

(ક) બાબત નં. ૧૩ અંગે નીચે મુજબ ઠરાવવામાં આવ્યું :

આથી ઠરાવવામાં આવે છે કે યુનિવર્સિટીના કર્મચારીઓનાં પગારધોરણો સુધારવા માટેની સદરહુ માગણીઓ મંજૂર કરવી નહિ.

૪૬. યુનિવર્સિટીના સિન્ડરટ્રેકની પાછળ પડતર ખુલ્લી જમીનનો રમતગમત માટે ઉપયોગ કરવા દેવા માટે નવગુજરાત કૉમર્સ કૉલેજના આચાર્ય તરફથી આવેલા પત્ર નં. ૨૨૧/૭૨—૭૩ પરત્વે વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે યુનિવર્સિટીના સિન્ડરટ્રેકની પાછળ હાલ જે જમીન પડતર રહેલી છે તે જમીનનો રમતગમત માટે ઉપયોગ કરવા માટે સંલગ્ન કૉલેજોને તે માટેનું યોગ્ય લવાજમ (charges) લઈને પરવાનગી આપવા માટે કુલપતિશ્રીને સત્તા આપવી.

૪૭. ગુજરાત યુનિવર્સિટી વિદ્યાર્થી સંસદની તા. ૨૬--૮--૧૯૭૨ની સભાના નીચેના ઠરાવ પર વિચારણા કરવા બાબત :

"અંગ્રેજી સાથે પસાર થયેલા વિદ્યાર્થીઓને જ ગુજરાત યુનિવર્સિટીમાં પ્રવેશ આપવાનો જે નિયમ ગુજરાત યુનિવર્સિટીમાં હાલ છે તેને ગુજરાત યુનિવર્સિટી વિદ્યાર્થી સંસદની આ સભા યોગ્ય માને છે, અને તેમાં ફેરફાર કરવો તે ઉચિત લાગતું નથી. તેમાં જો ફેરફાર થાય તો તેથી વિદ્યાર્થીઓનું ભાવિ જોખમાશે એમ પણ આ વિદ્યાર્થી સંસદ માને છે."

અને

૫૪. તા. ૯/૧૦—૧૦—૧૯૭૨ના રોજ મળેલ સેનેટની ખાસ સભામાં પસાર થયેલા નીચેના ઠરાવ પરત્વે આગળ ઘટતાં પગલાં લેવા અંગે વિચારણા કરવા બાબત :

"અંગ્રેજી વિના એસ.એસ.સી. ઉત્તીર્ણ વિદ્યાર્થીઓને વિનયન, વાણિજ્ય કે લલિતકળાઓ જેવી વિદ્યાશાખાઓમાં જૂન ૧૯૭૩થી પ્રવેશ આપવા માટે સંબદ્ધ સત્તામંડળોને સેનેટની આ સભા ભલામણ કરે છે."

બાબત નં. ૪૭ ની સાથે બાબત નં. ૫૪ પણ ચર્ચાવિચારણા માટે હાથ ધરવામાં આવી.

તે પછી ઠરાવવામાં આવ્યું કે સદરહુ ઠરાવો એકેડેમિક કાઉન્સિલની વિચારણા માટે મોકલવા.

૪૮. મનોવિજ્ઞાન–શિક્ષણ–તત્ત્વજ્ઞાનના વિદ્યાભવનમાં યોજનાઓ માટેની આર્થિક સહાય તેઓ પાંચમી પંચવર્ષીય યોજનાના અંત સુધીના સમય માટે (એટલે કે ૧૯૭૯ના માર્ચ સુધી) આપશે તેવું જણાવતા યુનિવર્સિટી ગ્રાન્ટ્સ કમિશનના તા. ૨–૯–૧૯૭૨ના પત્ર ક્રમાંક એફ. ૨૧–૧૭–૬૯ (એચ. ૨) પર વિચારણા કરવા બાબત :

યોજનાઓ

(ક) Guidance and Counselling

આવર્તક

પ્રોફેસર — ૧ (એક)

લેક્ચરર — ૧ (એક)

ફર્નિચર, સાધનસામગ્રી તથા ટેસ્ટ મટિરિયલ્સ અંગેનો અનાવર્તક ખર્ચ ₹. ૩૫,૦૦૦

(ખ) પરીક્ષા સુધારણા અને સંશોધન યોજના (Research in examinations)

આવર્તક

સ્ટેટિસ્ટિશિયન — ૧ (એક) ₹. ૧૦,૦૦૦ દર વર્ષે

Instructional Material and other Research Programmes

આવર્તક

રિસર્ચ આસિસ્ટન્ટ — ૩ (ત્રણ) ₹. ૧૦,૦૦૦ દર વર્ષે

(ક) આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ પ્રસ્તાવ શિક્ષણ વિદ્યાભવન પાસેથી તે અંગે જરૂરી નોંધ મેળવીને એકેડેમિક કાઉન્સિલની વિચારણા માટે મોકલવો.

(ખ) આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ પ્રસ્તાવ અંગે જરૂરી વિગતો મેળવીને તે આ સભાગૃહ સમક્ષ ફરીથી વિચારણા માટે મૂકવો.

૪૯. મનોવિજ્ઞાન ભવનમાં શિક્ષણશાસ્ત્ર વિભાગમાં પ્રૌઢશિક્ષણ માટેની યોજના અંગેના અધ્યક્ષશ્રીના તા. ૨૪–૬–૧૯૭૨ ના પત્ર પર વિચારણા કરવા બાબત :

[**નોંધ.**—સિન્ડિકેટે તેની તા. ૮/૯–૭–૧૯૭૨ની સભામાં બાબત નં. ૧૦ અને ૧૧ ની સાથે વિચારણા કરીને ઠરાવ્યું હતું કે આ અંગે મનોવિજ્ઞાન, શિક્ષણ અને તત્ત્વજ્ઞાન વિદ્યાભવનના અધ્યક્ષશ્રી પાસેથી વિગતવાર યોજના મંગાવવી.]

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બાબત અંગે વિદ્યાભવનના અધ્યક્ષશ્રીના સૂચન મુજબ પાંચમી પંચવર્ષીય યોજનાના અંત સુધી આર્થિક સહાય આપવા માટે યુનિવર્સિટી ગ્રાન્ટ્સ કમિશનને વિનંતી કરવી.

૫૦. શ્રી. કમલા એજ્યુકેશન ટ્રસ્ટ, અમદાવાદ દ્વારા જૂન ૧૯૭૧થી શરૂ થયેલ વિશ્વભારતી કૉલેજ ઑફ્ એજ્યુકેશન, અમદાવાદે એકેડેમિક કાઉન્સિલે મૂકેલી શરતોનું યથાર્થ પરિપાલન કરેલું છે કે કેમ તે ચકાસી અહેવાલ આપવા સિન્ડિકેટે નીમેલી સમિતિના અહેવાલ પર વિચારણા કરવા બાબત.

[**નોંધ.**— અહેવાલમાં મુખ્ય મુદ્દા નીચે મુજબ છે :

(૧) કૉલેજ પાસે રૂ. ૧૦,૦૦૦ની અસ્કામત નથી.

(૨) ગ્રંથપાલ યુનિવર્સિટીના નિયમ પ્રમાણેની લાયકાત ધરાવતા નથી. રૂ. ૫૦,૦૦૦ની અસ્કામતની બાબતમાં કૉલેજે શરતોના પરિપાલનના અહેવાલના સંદર્ભમાં ચાર્ટર્ડ એકાઉન્ટન્ટનું પ્રમાણપત્ર મોકલ્યું છે.]

(૧) આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ અહેવાલની નોંધ લેવી.

(૨) વધુમાં ઠરાવવામાં આવ્યું કે સદરહુ કૉલેજને માટે યોગ્ય લાયકાત ધરાવતા ગ્રંથપાલની નિમણૂક તાત્કાલિક કરવી આવશ્યક છે તેમ તેને જણાવવું.

(૩) વધુમાં ઠરાવવામાં આવ્યું કે સદરહુ કૉલેજની ઋણમુકત અસ્કામતોના પ્રશ્ન અંગે સદરહુ કૉલેજ માટે નિમાયેલી સ્થાનિક તપાસસમિતિને પૂરતી ખાતરી કરવા માટે જણાવવું.

૫૧. પંકજ કેળવણી મંડળ, અમદાવાદ સંચાલિત વૈદ્યશ્રી એમ. એમ. પટેલ કૉલેજ ઑફ એજ્યુકેશન, અમદાવાદે એકેડેમિક કાઉન્સિલે મૂકેલી શરતોનું યથાર્થ પરિપાલન કરેલું છે કે કેમ તે ચકાસી અહેવાલ આપવા સિન્ડિકેટે નીમેલી સમિતિના અહેવાલ પર વિચારણા કરવા બાબત :

[નોંધ.— અહેવાલમાં મુખ્ય મુદ્દા નીચે પ્રમાણે છે :

(૧) કૉલેજ ચલાવનાર પાસે રૂ. ૫૦,૦૦૦ને બદલે ફકત રૂ. ૨૦,૦૦૦ની અસ્કામત છે.

(૨) વર્ગખંડો પૂરતા સગવડવાળા નથી.

(૩) વિદ્યાર્થીઓનો રૂમ, વિજ્ઞાનની પ્રયોગશાળા, ઓડિયો-વિઝ્યુઅલ રૂમ જેવું નથી.

આથી ઠરાવવામાં આવે છે કે ઉપરના મુદ્દાઓ અંગે યુનિવર્સિટીનાં ધારાધોરણોનું યથાર્થ પરિપાલન માટે આગ્રહ રાખવો અને તે અંગે સદરહુ કૉલેજને જરૂરી સૂચનાઓ આપવી.

૫૨. સેનેટના નીચેના હોદ્દાગત સભ્યોને ગુજરાત યુનિવર્સિટી ધારાની કલમ ૨૫ (૨) અનુસાર કોઈ એક વિષયની અભ્યાસસમિતિનું સભ્યપદ એનાયત કરવા અંગે વિચારણા કરવા બાબત :

ક્રમાંક	સભ્યનું નામ	વિદ્યાશાખા	સભ્યશ્રીએ જેની પસંદગી બતાવેલ છે તે અભ્યાસસમિતિ
(૧)	આચાર્ય ચતુરભાઈ એચ. પ્રજાપતિ	વિજ્ઞાન	મૅથેમેટિક્સ
	(નોંધ.—આચાર્ય પ્રજાપતિ અનુસ્નાતક પદવી બીજા વર્ષમાં ગણિત વિષયમાં ધરાવે છે.)		
(૨)	આચાર્ય ગુણવંતરાય જે. જોશી	વાણિજ્ય	બિઝનેસ મૅનેજમેન્ટ
	(નોંધ.—આચાર્ય જોશી અનુસ્નાતક પદવી બીજા વર્ગ સાથે તેમ જ એમ.બી.એ. (યુ.એસ.એ.)ની પદવી ધરાવે છે.)		

આથી ઠરાવવામાં આવે છે કે ઉપર જણાવેલા સભ્યોને તેમનાં નામ સામે જણાવેલ અભ્યાસસમિતિનું સભ્યપદ આપવું.

૫૩. એકેડેમિક કાઉન્સિલની તા. ૫/૬--૧--૧૯૭૨ની સભામાં બાબત ક્રમાંક ૮૬ થી યુનિવર્સિટીનાં અનુસ્નાતક વિદ્યાભવનોની તંત્રરચના અંગેના હાલના સ્ટેચ્યૂટ ૨૦૨માં સુધારો સૂચવવા નીમેલી સમિતિના અહેવાલ પર વિચારણા કરી એકેડેમિક કાઉન્સિલે તેની તા. ૨૭/૨૮--૬--૧૯૭૨ની સભામાં કરેલી ભલામણો પૈકી નીચે જણાવેલ ભલામણ નં. ૭ પરની વિચારણા સિન્ડિકેટની તા. ૨૩--૯--૧૯૭૨ની સભામાં મોકૂફ રહેલ હોઈ તે પરત્વે વિચારણા કરવા બાબત :

"વ્યાખ્યાતાની નિમણૂકમાં હાલ જે આખી સિન્ડિકેટની બનેલી સમિતિ ઈન્ટરવ્યુ લે છે અને તે પછી તેની ભલામણ પરથી સિન્ડિકેટ નિમણૂક કરે છે તે પ્રથા રદ કરીને જે તે વિષયના વ્યાખ્યાતાની નિમણૂક માટેની પસંદગી સમિતિ નીચે પ્રમાણે રાખવી :

"હોદ્દાની રૂએ કુલપતિશ્રી, જે તે ભવનના અધ્યક્ષ, વિષય વિભાગના વડા અને એ વિષયના એકેડેમિક કાઉન્સિલે સૂચવેલા બહારના બે નિષ્ણાતો."

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બાબતની વિચારણા મોકૂફ રાખવી.

૫૪. સદરહુ બાબતની વિચારણા આગળ બાબત નં. ૪૭ સાથે કરવામાં આવેલી હોઈ તેની નોંધ તે ક્રમમાં આપેલી છે.

બાબત નં. ૫૫ અને ૧૦૧ની વિચારણા સાથે કરવામાં આવી.

૫૫. સેનેટે તેની તા. ૨૯/૩૦--૯--૧૯૭૧ ની સભામાં સિન્ડિકેટની પુનર્વિચારણા માટે મોકલેલા આં. ૧૨૦-બીમાં કશો ફેરફાર નહિ કરવા અંગેની એકેડેમિક કાઉન્સિલની તા. ૫/૬--૧--૧૯૭૨ની તથા સિન્ડિકેટની તા. ૪/૧૦--૩--૧૯૭૨ની સભાની ભલામણ સેનેટની તા. ૯/૧૦--૧૦--૧૯૭૨ના રોજ મળેલ ખાસ સભાએ પુનર્વિચારણા માટે મોકલેલ હોઈ તે પરત્વે આગળ ઘટતાં પગલાં લેવા અંગે વિચારણા કરવા બાબત.

અને

૧૦૧. આચાર્ય એલ. ડી. દવેના નીચેના પ્રસ્તાવ પર વિચારણા કરવા બાબત :

"ઑક્ટોબર ૯/૧૦ની સેનેટમાં રિફર બૅક થયેલા ઑર્ડિ. ૧૨૦--બી અંગેના ઠરાવ ૪ ના સંદર્ભમાં હું નીચેનો ઠરાવ સિન્ડિકેટની આગામી સભા સમક્ષ વિચારણા માટે મૂકું છું :

O. 120–B :

(*i*) There shall not be more than 1200 students in a college.

(*ii*) There shall not be more than two-faculty units in a college.

(*iii*) If a college has more Faculty-units than one, the total strength of such units taken together shall not exceed 1200 students.

(*iv*) No college shall have more than five divisions of a class and each division shall be of not more than 100 students, provided that it will be competent for the Vice–Chancellor in his discretion and at the request of a college to permit admission of not more than 10 students in a class or a division thereof subject to a maximum total of 1200 students as mentioned in (*i*) and (*ii*) above.

Provided further that in the case of a college affiliated for teaching courses of studies in two faculties, there shall not, at any of the stages, viz. either Pre-University Class or F. Y. Class, be more than four divisions in both the faculties taken together.

Notwithstanding anything contained in (*iv*) above, it shall be competent for the Vice-Chancellor to permit in his discretion and at the request of a Medical College, admission of such number of additional students as does not exceed thirty per cent of the maximum permissible in a class or in any division thereof."

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બાબતો એકેડેમિક કાઉન્સિલની વિચારણા માટે મોકલવી.

૫૬. તા. ૯/૧૦–૧૦–૧૯૭૨ના રોજ મળેલ સેનેટની ખાસ સભામાં પસાર થયેલ નીચેના ઠરાવ પરત્વે આગળ ઘટતાં પગલાં લેવા અંગે વિચારણા કરવા બાબત :

"સંલગ્ન કૉલેજોના શિક્ષકોને ઘરભાડા ભથ્થાં ઓછાયાં ઓછું બેઝિક પગારના ૧૦ ટકા ચૂકવાય તેમ સ્વીકારી તેના નિયમો ઘડી કાઢવા યુનિવર્સિટી સિન્ડિકેટને આ સભા અનુરોધ કરે છે."

આથી વધુમતે ઠરાવવામાં આવે છે કે સદરહુ બાબત અંગે, કૉલેજોના આર્થિક બોજાનો પ્રશ્ન તેમાં સમાયેલો હોઈ તે અંગે કુલપતિશ્રીએ અમદાવાદ શહેર વિસ્તારની કૉલેજોના સંચાલકમંડળના બે પ્રતિનિધિ, ગ્રામ્ય વિસ્તારની કૉલેજોના સંચાલકમંડળના બે પ્રતિનિધિઓ અને કૉલેજના આચાર્યમંડળના બે પ્રતિનિધિઓની એક સભા બોલાવવી અને તેમાં સિન્ડિકેટના પ્રતિનિધિઓ તરીકે નીચેના બે સભ્યોને નીમવા :

(૧) શ્રી. ઈન્દ્રવદનભાઈ એ. મોદી

(૨) આચાર્ય ટી. ટી કેસાઈ.

૫૭. તા. ૯/૧૦–૧૦–૧૯૭૨ ના રોજ મળેલ સેનેટની ખાસ સભામાં પસાર થયેલા નીચેના ઠરાવ પરત્વે આગળ ઘટતાં પગલાં લેવા અંગે વિચારણા કરવા બાબત :

"પરીક્ષાપદ્ધતિમાં હવે આંતરીતરી થીગડાં લગાવવાથી ઝાઝો ફેર પડે તેમ ન હોઈ તેને રદ કરવા અને શિક્ષણની વાસ્તવિક પરિસ્થિતિને ધ્યાનમાં લઈને મૂલ્યાંકનની આધુનિક પદ્ધતિઓ સત્વરે અપનાવવા આ સભા યુનિવર્સિટીનાં સત્તામંડળોને અનુરોધ કરે છે."

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બાબત એકેડેમિક કાઉન્સિલની વિચારણા માટે મોકલવી.

૫૮. તા. ૯/૧૦–૧૦–૧૯૭૨ના રોજ મળેલ સેનેટની ખાસ સભામાં પસાર થયેલા નીચેના ઠરાવ પરત્વે આગળ ઘટતાં પગલાં લેવા અંગે વિચારણા કરવા બાબત :

"અધિકારી હોય કે પટાવાળા હોય, કારકુન હોય કે કામદાર હોય, ધાર્મિક અને રાષ્ટ્રીય પર્વોનું મૂલ્ય પ્રત્યેકને માટે સરખું હોય છે. ગુજરાત યુનિવર્સિટીમાં તેના કાર્યાલય, તેનાં તમામ ભવનો, તેનું ગ્રંથાલય વગેરે વિવિધ વિભાગો કે એકમોમાં સેંકડોની સંખ્યા ધરાવતા શૈક્ષણિક અને બિનશૈક્ષણિક તમામ કર્મચારીઓને એકસમાન ધોરણે તહેવારોની રજાઓ આપવામાં આવે છે, જ્યારે યુનિવર્સિટીના

એક અવિભાજ્ય અંગ સમાન એવા એકમાત્ર યુનિવર્સિટી પ્રેસના, પ્રમાણમાં તદ્દન અલ્પ સંખ્યાના કર્મચારીઓને તહેવારોની ગાણીગાંઠી રજાઓ આપવામાં આવે છે; તો—

ગુજરાત રાજ્ય સરકાર પણ તેના પ્રેસના કર્મચારીઓને ધાર્મિક-રાષ્ટ્રીય તહેવારોની રજાઓ આપવા બાબતમાં કોઈ ભેદ રાખતી નથી તે હકીકતની નોંધ લઈને, તેમ જ માનવમાત્રમાં પ્રવર્તતા ધર્મ-અનુરાગ અને રાષ્ટ્રભાવનાની સાલજિકતા લક્ષમાં લઈને, યુનિવર્સિટી પ્રેસના તદ્દન અલ્પ સંખ્યાના કર્મચારીઓને ધાર્મિક-રાષ્ટ્રીય પર્વોની રજાઓ યુનિવર્સિટીના અન્ય કર્મચારીઓને અપાય છે તે ધોરણે આપી ધાર્મિક-રાષ્ટ્રીય પર્વોની રજાઓ આપવા બાબતમાં. ગુજરાત યુનિવર્સિટી જેવી ગુજરાતની પ્રમુખ ઉચ્ચ શૈક્ષણિક સંસ્થામાં પ્રવર્તતાં બેવડાં ધોરણો નાબૂદ કરવા સેનેટની આ સભા સિન્ડિકેટને વિનંતી અને અનુરોધ કરે છે."

સદરહુ બાબતની વિચારણા મોકૂફ રાખવામાં આવી.

૫૯. આચાર્ય એલ. ડી. દવે તરફથી આવેલ નીચેના પ્રસ્તાવ પર વિચારણા કરવા બાબત :

(*i*) The rates of payment to centres for consumption of chemicals particularly for the S.Y.B.Sc. and T.Y.B.Sc. Examinations are very low and should be revised.

(*ii*) The rates of supervision at University examinations must be as follows :

(*a*) Junior Supervision ... Rs. 7-50 per session

(*b*) Senior „ ... Rs. 12-50 per session

(*iii*) The daily (halting) allowance for all work connected with University examinations like paper-setting, conducting practicals, etc. must be Rs. 10/- per day. The same for post-graduate examinations should be Rs. 12-50 per day.

આથી ઠરાવવામાં આવે છે કે—

(૧) ડૉ. એલ. ડી. દવેના પ્રસ્તાવ નં. ૧ અંગે જરૂરી વિચારણા કરવા માટે નીચે જણાવેલ સભ્યોની **સમિતિ નીમવી :**

(૧) શ્રી. ઈન્દ્રવદનભાઈ એ. મોટી

(૨) પ્રો. મહેન્દ્રભાઈ દેસાઈ

(૩) આચાર્ય ડી. ડી. દેસાઈ

(૪) ડૉ. એલ. ડી. દવે.

(૨) ડૉ. એલ. ડી. દવેના ઉપરના પ્રસ્તાવ નં. (૨) અને (૩) મંજૂર કરવા નહિ.

૬૦. શ્રી. ગિરીશભાઈ પટેલના નીચેના પ્રસ્તાવ પર વિચારણા કરવા બાબત :

"ગુજરાત યુનિવર્સિટી ધારા, ૧૯૫૦ની કલમ ૩૩ (૧) (બી) મુજબ દરેક કૉલેજ regularly constituted governing bodyના સંચાલિત હોવી આવશ્યક છે અને તે પ્રકારનો સંતોષ સિન્ડિકેટને

આપવાનો હોય છે. આ ધારા હેઠળ regularly constituted governing body કોને કહેવાય તે **નક્કી** કરવાની સત્તા સિન્ડિકેટ પાસે છે. તો સિન્ડિકેટની આ સભા દરેક કૉલેજને આદેશ આપે છે કે **આવતા** ત્રણ માસમાં તેમણે નીચે પ્રમાણે ગવર્નિંગ બોડીની રચના કરવી :

ટ્રસ્ટીઓ	૨
આચાર્ય	૧
શિક્ષકો	૨
વિદ્યાર્થી	૧
વાલીઓ	૨
ગુજ. યુનિ. પ્રતિનિધિ	૧
કુલ	૯ "

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બાબતની નોંધ લેવી.

૬૧. શ્રી. ગિરીશભાઈ પટેલના નીચેના પ્રસ્તાવ ઉપર વિચારણા કરવા બાબત :

"સિન્ડિકેટની આ સભા દરેક કૉલેજને આદેશ આપે છે કે આવતા ૬ મહિનામાં દરેક કૉલેજે અલગ ટ્રસ્ટ તરીકે પોતાની નોંધણી કરાવવી."

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બાબતની નોંધ લેવી.

૬૨. શ્રી. ગિરીશભાઈ પટેલના નીચેના પ્રસ્તાવ ઉપર વિચારણા કરવા બાબત :

"સંલગ્ન કૉલેજોમાં શિક્ષણકાર્ય કરતા શિક્ષકોની નોકરીની સલામતી અને સ્થિરતા માટે અને તે અંગે યોગ્ય ધોરણો ઊભાં થાય તે માટે યુનિવર્સિટીએ તાત્કાલિક પગલાં ભરવાં જરૂરી છે અને તેથી નીચેનો ઑર્ડિનન્સ ઘડવા સિન્ડિકેટને ભલામણ છે :

> No teacher (including the Principal of an affiliated College) working in any of affiliated colleges in Gujarat University shall be dismissed, discharged or reduced in rank without the approval of the Syndicate."

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બાબતની નોંધ લેવી.

૬૩. શ્રી. ગિરીશભાઈ પટેલના નીચેના પ્રસ્તાવ ઉપર વિચારણા કરવા બાબત :

"સંલગ્ન કૉલેજોમાં કાર્ય કરતા શિક્ષકોની નિમણૂકો તેમ જ તેમાં થતા ફેરફાર અંગેની માહિતી આપતા ઑ. ૯૬ અને ઑ. ૯૭ અંગે કૉલેજો, શિક્ષકોનાં નામો વગેરે યુનિવર્સિટીને મોકલે તે ફૉર્મમાં લાગતાવળગતા શિક્ષકની સહી હોવી આવશ્યક ગણાવી જોઈએ અને તે અંગે યુનિવર્સિટી જે પગલાં લે તેની તે શિક્ષકને પણ જાણ કરવી જોઈએ."

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બાબતની નોંધ લેવી.

૬૪. શ્રી. ગિરીશભાઈ પટેલના નીચેના પ્રસ્તાવ ઉપર વિચારણા કરવા બાબત :

"સાયન્સ, આર્ટ્સ એન્ડ કૉમર્સ ફેકલ્ટીમાં ત્રણ વર્ષના અભ્યાસક્રમમાં વધારે પડતું Specialisation હોવાને કારણે વિદ્યાર્થીઓને સ્નાતક કક્ષાએ નુકસાન થયું છે અને તેથી કેમ્બ્રિજ કે ઑક્સફર્ડમાં Tiper પદ્ધતિ છે તેના જેવી પદ્ધતિ અપનાવવા અંગે વિચારણા કરવી જરૂરી છે."

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બાબતની નોંધ લેવી.

૬૫. શ્રી. ગિરીશભાઈ પટેલના નીચેના પ્રસ્તાવ ઉપર વિચારણા કરવા બાબત :

"સંલગ્ન કૉલેજો / યુનિવર્સિટીમાં બધા જ માટે શિક્ષણ અને વિદ્યાશાખાનાં ધોરણો ગુણવત્તાની દૃષ્ટિએ ઊંચે આવે તે માટે કયા ચોક્કસ, વ્યવહારુ અને તાત્કાલિક અમલમાં આવે એવાં પગલાં લેવાં તે અંગે સમગ્ર વિચારણા કરવી જરૂરી છે અને તે અંગે તાત્કાલિક કમિટી નીમી એક મહિનામાં તેનો અહેવાલ મંગાવવો."

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બાબતની નોંધ લેવી.

૬૬. શ્રી. ગિરીશભાઈ પટેલના નીચેના પ્રસ્તાવ ઉપર વિચારણા કરવા બાબત :

"યુ.જી.સી. તરફથી મળતી વિવિધ પ્રકારની ગ્રાન્ટોના સંબંધે લાભ લેવાય તે આવશ્યક છે અને તે માટે મેચિંગ ગ્રાન્ટ કૉલેજો ઊભી કરે તેવા પ્રયત્નો કરવા જોઈએ અને ગુજરાત સરકાર આવી મેચિંગ ગ્રાન્ટ લોન તરીકે બીજી કોઈ રીતે કૉલેજોને આપી શકે તે માટે એક Educational Finance Corporation જેવી સંસ્થા ઊભી કરે તે માટે ગુજરાત સરકાર સાથે તાત્કાલિક વાટાઘાટ કરવામાં આવે."

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બાબતની નોંધ લેવી.

૬૭. શ્રી. ગિરીશભાઈ પટેલના નીચેના પ્રસ્તાવ ઉપર વિચારણા કરવા બાબત :

"કેન્દ્રના તેમ જ રાજ્યના વિવિધ મજૂર અને ઔદ્યોગિક કાયદાઓ યુનિવર્સિટી તેના કર્મચારીઓ અને કૉલેજો અને તેના કર્મચારીઓને લાગુ પાડવા માટે આ યુનિવર્સિટી કેન્દ્ર સરકાર તેમ જ રાજ્ય સરકારને ભલામણ કરે."

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બાબતની નોંધ લેવી.

૬૮. શ્રી. ગિરીશભાઈ પટેલના નીચેના પ્રસ્તાવ ઉપર વિચારણા કરવા બાબત :

"યુનિવર્સિટી સાથેની સંલગ્ન કૉલેજોના વહીવટ અંગે વિવિધ પ્રકારની જે ફરિયાદો અને કેટલીક કૉલેજોનાં સંચાલકમંડળોનાં વધતાં જતાં મનસ્વી કાર્યોને ધ્યાનમાં લેતાં સિન્ડિકેટે બધી જ કૉલેજોની સર્વાંગી તપાસ કરાવવી જોઈએ અથવા ગુજરાત યુનિવર્સિટી ઍક્ટ હેઠળ ચાન્સેલરને તપાસ કરવા વિનંતી કરવી જોઈએ."

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બાબતની નોંધ લેવી.

૬૯. શ્રી. ગિરીશભાઈ પટેલના નીચેના પ્રસ્તાવ ઉપર વિચારણા કરવા બાબત :

"યુનિવર્સિટી સાથે જોડાયેલી સંલગ્ન કૉલેજોની તપાસ માટે યુનિવર્સિટીએ તાત્કાલિક એટલે કે એક મહિનામાં ઇન્સ્પેકશન યુનિટ ઊભું કરવું જોઈએ અને તે માટે જરૂરી કાર્યવાહી તરત જ શરૂ કરવી."

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બાબતની નોંધ લેવી.

૭૦. શ્રી. ગિરીશભાઈ પટેલ તરફથી નીચેના પ્રસ્તાવ પર વિચારણા કરવા બાબત :

"કૉલેજોમાં આપવામાં આવતી વૅકેશનની રજાઓ આનંદ કરવા માટે છે, પરંતુ વિવિધ અભ્યાસ કરવા માટે છે તો દરેક વિષયના થોડો ભાગ એવો રાખવો જોઈએ કે જેની તૈયારી વૅકેશન દરમિયાન જ થાય અને કૉલેજ ઊઘડતાં તેની પરીક્ષા લેવી જરૂરી ગણાવી જોઈએ."

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બાબતની નોંધ લેવી.

૭૧. શ્રી. ગિરીશભાઈ પટેલ તરફથી આવેલ નીચેના પ્રસ્તાવ ઉપર વિચારણા કરવા બાબત :

"કોઈ પણ કૉલેજે કોઈ વર્ષમાં વિશિષ્ટ પ્રયોગ કે સિદ્ધિ પ્રાપ્ત કરી હોય તો તેની યોગ્ય કદર કરવા તેમ જ બીજી કોઈ તેમાંથી પ્રેરણા મળે તેવી રીતે કોઈ વ્યવસ્થા ઊભી કરવી જરૂરી છે."

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બાબતની નોંધ લેવી.

૭૨. તા. ૨૯/૩૦—૯—૧૯૭૧ અને તા. ૮—૧—૧૯૭૨ના રોજ મળેલ સેનેટની વિશેષ સભામાં પસાર થયેલ નીચેના ઠરાવ પર આગળ ઘટતાં પગલાં લેવાં અંગે વિચારણા કરવા બાબત :

"પ્રાધ્યાપકોને પોતાના વિષયનાં પુસ્તકો ખરીદવા અંગે જે તે મેચિંગ ગ્રાન્ટ આપવા અંગેની નીતિ ઘડી કાઢવા માટે સંબંધકર્તા સત્તામંડળને આ સભા વિનંતી કરે છે."

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બાબત અંગે યુનિવર્સિટી ગ્રાન્ટ્સ કમિશન તરફથી કયો આર્થિક સહાય મળી શકે તેમ છે કે કેમ તે પુછાવવું.

વધુમાં ઠરાવવામાં આવે છે કે સદરહુ બાબત અંગે રિપોર્ટ કરવા માટે નીચે જણાવેલા સભ્યોની સમિતિ નીમવી :

(૧) આચાર્ય એમ. સી. શાહ
(૨) પ્રો. કે. એસ. શાસ્ત્રી
(૩) ડૉ. એલ. ડી. દવે
(૪) આચાર્ય ડી. ડી. દેસાઈ.

૭૩. તા. ૨૯/૩૦—૯—૧૯૭૧ તથા તા. ૮—૧—૧૯૭૨ ના રોજ મળેલ સેનેટની વિશેષ સભામાં મંજૂર થયેલા નીચેના ઠરાવ પર આગળ ઘટતાં પગલાં લેવા અંગે વિચારણા કરવા બાબત :

"ગુજરાત રાજ્યના ફેક્ટરી ઍક્ટ અન્વયે યુનિવર્સિટી પ્રેસના જે જે હંગામી કર્મચારીઓ ભારત સરકારના ઍક્ટ હેઠળ પ્રૉ. ફંડનો લાભ મેળવવા પાત્ર થતા હોય તેમને યુનિવર્સિટી પ્રેસના કાયમી કર્મચારીઓને મળતા કેજ્યુઅલ રજા, માંદગીની રજા, તહેવારોની રજા ઇત્યાદિ લાભો આપીને પ્રેસના કર્મચારીઓની બાબતનાં હાલ પ્રવર્તતાં બેવડાં ધોરણો નાબૂદ કરવા સેનેટની આ સભા સિન્ડિકેટને વિનંતી કરે છે."

સદરહુ બાબતની વિચારણા મોકૂફ રાખવામાં આવી.

૭૪. તા. ૨૯/૩૦--૯--૧૯૭૧ તથા તા. ૮--૧--૧૯૭૨ના રોજ મળેલ સેનેટની વિશેષ સભામાં મંજૂર થયેલ નીચેના ઠરાવ પરત્વે આગળ ઘટતાં પગલાં લેવા અંગે વિચારણા કરવા બાબત :

"ગુજરાત રાજ્યના ફેક્ટરી એકટ અન્વયે યુનિવર્સિટી પ્રેસના જે કર્મચારીઓની પ્રોવિડંટ ફંડની કપાત થતી હોય તેવા યુનિવર્સિટી પ્રેસના લંગામી કર્મચારીઓને જે તે જગ્યા પર પ્રોવિડંટ ફંડ કપાતની આરંભ તારીખથી યુનિવર્સિટી પ્રેસનાં ધારાધોરણ અનુસાર કાયમ કરવા સેનેટની આ સભા સિન્ડિકેટને વિનંતી કરે છે."

સદરહુ બાબતની વિચારણા મોકૂફ રાખવામાં આવી.

૭૫. તા. ૨૯/૩૦--૯--૧૯૭૧ તથા તા. ૮-૧--૧૯૭૨ના રોજ મળેલ સેનેટની વિશેષ સભામાં પસાર થયેલા નીચેના ઠરાવ પરત્વે આગળ ઘટતાં પગલાં લેવા અંગે વિચારણા કરવા બાબત :

"કૉલેજોમાં ટ્યુટોરિયલ પ્રથા દાખલ કરી છે ત્યારથી આજદિન સુધીમાં ટ્યુટોરિયલ વર્ગમાં શું કરવું તે અંગે યુનિવર્સિટીએ કૉલેજોને કોઈ નક્કર માર્ગદર્શન આપ્યું નથી અને કદાચ તેને કારણે જ આ એક સુંદર પ્રયોગ નિષ્ફળ પુરવાર થવાની દિશામાં છે, તો હજી પણ તેમાં મોડું થાય તે પહેલાં યુનિવર્સિટીની દરેક ફેકલ્ટીએ બેથી ત્રણ દિવસના સેમિનાર યોજીને ટ્યુટોરિયલ કાર્યનું એક સામાન્ય માળખું ઘડી કાઢી વિષયના બોર્ડને મોકલી આપે અને વિષયનું બોર્ડ સામાન્ય માળખાને લક્ષમાં રાખીને છતાં પોતાના વિષયની જરૂરિયાતોને ઉમેરીને દરેક વિષયનો ટ્યુટોરિયલ કાર્યનો એક આખરી નકશો તૈયાર કરે તે માટે યુનિવર્સિટી સક્રિય બને તેવી આ સભા યુનિવર્સિટીને ભલામણ કરે છે."

સદરહુ બાબતની વિચારણા મોકૂફ રાખવામાં આવી.

૭૬. કોમનવેલ્થ એજ્યુકેશન સ્ટડી ફેલોશિપ સ્કીમ (યુ.કે.) ૧૯૭૩--૭૪ હેઠળ યુ.કે. માં પ્રકાશન અંગેની તાલીમ લેવા એક વર્ષના અભ્યાસ માટે પ્રકાશન અધિકારી શ્રી. કે. ટી. પંડ્યાની અરજી ભલામણ સાથે મોકલી આપેલ હોઈ તેના સંદર્ભમાં યુનિવર્સિટીને આપવાની નીચેની બાંયધરી આપવા અંગે વિચારણા કરવા બાબત :

Candidates must be sponsored so that they will be given leave salary for the duration of the course for study and on return from U.K. they will be assured of employment in posts commensurate with their training in U.K.

આથી ઠરાવવામાં આવે છે કે યુનિવર્સિટીના પ્રકાશન અધિકારી શ્રી. કે. ટી. પંડ્યા સદરહુ યોજના હેઠળ અભ્યાસ માટે પસંદ કરવામાં આવે તો તેમને હાલ મળતો મૂળ માસિક પગાર એક વર્ષ માટે આપવામાં આવશે તથા અભ્યાસ પછી તેમને યુનિવર્સિટીની સેવામાં ઉપર મુજબ ચાલુ રાખવામાં આવશે તેવી બાંયધરી આપવા માટે કુલસચિવશ્રીને સત્તા આપવી.

૭૭. આર્ટ્સ એન્ડ સાયન્સ કૉલેજ, ડભોઈમાં સ્થાપવામાં આવેલ ઈનઑર્ગેનિક કેમિસ્ટ્રી વિષયના અનુસ્નાતક કેન્દ્રના પ્રોફેસર-ઈન-ચાર્જ તરીકે ઈન-ચાર્જ પ્રિન્સિપાલ શ્રી. આર. સી. શાહની નિમણૂક કરવા અંગે આવેલ તેમની વિનંતી પર વિચારણા કરવા બાબત :

(નોંધ.—શ્રી. આર. સી. શાહ ઑર્ગેનિક કેમિસ્ટ્રીમાં અનુસ્નાતક શિક્ષક તરીકે માન્યતા ધરાવે છે.)

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બાબતની વિચારણા મોકૂફ રાખવી.

૭૮. બાંધકામ સમિતિની તા. ૨૫--૯-૧૯૭૨ની સભાની ભલામણો પર વિચારણા કરવા બાબત :

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ સમિતિની તા. ૨૧--૯--૧૯૭૨ની સભાની ભલામણો મંજૂર કરવી.

(સદરહુ સમિતિની તા. ૨૧--૯--૧૯૭૨ની સભાની કાર્યવાહીની નોંધની નકલ **પરિશિષ્ટ "ઘ"** તરીકે સામેલ છે.)

૭૯. જૂન ૧૯૭૩ થી નીચેની કૉલેજો તરફથી તેમનાં નામ સામે જણાવેલ ચાલુ જોડાણ માટે તા. ૩૦ મી જુલાઈ ૧૯૭૨ પછી અરજી આવેલી હોઈ તે પર વિચારણા કરવા બાબત :

(**નોંધ.**—ઓ. ૧૨૦ મુજબ ચાલુ જોડાણ મેળવવા માટેની અરજી તા. ૩૦મી જુલાઈ ૧૯૭૨ સુધીમાં મળવી આવશ્યક હતી.)

ક્રમાંક	કૉલેજનું નામ	ચાલુ જોડાણના વિષયો	અરજી મળ્યાની તારીખ
૧.	શ્રી. એમ. એન. કૉલેજ, વીસનગર	(૧) બી.એ.(પ્રિન્સિ.)માં તત્ત્વજ્ઞાન અને બી.એ.(સબો.) માં આંકડાપદ્ધતિ; તથા (૨) બી.એસસી.(સ્પે.)માં પ્રાણી-વિજ્ઞાન અને બી.એસસી. (જન.)માં આંકડાશાસ્ત્ર	૧૩--૯--૧૯૭૨
૨.	રજની પારેખ આર્ટ્સ એન્ડ કે. બી. કૉમર્સ કૉલેજ, ખંભાત	બી.કૉમ.માં એડવાન્સ્ડ એકાઉન્ટિંગ એન્ડ ઑડિટિંગ	૨૯--૮--૧૯૭૨
	(આચાર્યશ્રીએ તેમના તા. ૨૦-૯--૧૯૭૨ના પત્રથી જણાવ્યું છે કે અરજી સરતચૂકથી મોડી મોકલી છે તો અરજી પર કાર્યવાહી કરવા વિનંતી છે.)		
૩.	શ્રીમતી બી. સી. જે. સાયન્સ કૉલેજ, ખંભાત	બી.એસસી. (સ્પે.)માં ગણિતશાસ્ત્ર	૧૯--૮--૧૯૭૨
૪.	એલ. ડી. કૉલેજ ઑફ એન્જિનિયરિંગ, અમદાવાદ	(૧) બી.ઈ. ઇલેકટ્રોનિકસ એન્ડ કોમ્યુનિકેશન (૨) બી.ઈ. ઇન્સ્ટ્રુમેન્ટ એન્ડ કોન્ટ્રોલ	૨૫--૯--૧૯૭૨

[ઉપરના બન્ને વિષયો માટે જૂન ૧૯૭૨થી વિદ્યાર્થીઓને પ્રવેશ આપવા તદર્થ (એડહૉક) ધોરણે પરવાનગી આપી હતી.]

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ કૉલેજોનું ચાલુ જોડાણ બંધ ન થાય તે દૃષ્ટિએ તેમની મોડી આવેલી અરજીઓ સ્વીકારવા અને તે માટે જરૂરી સ્થાનિક તપાસસમિતિઓ નીમવા માટે કુલપતિશ્રીને સત્તા આપવી અને કૉલેજોના આચાર્યોને ભવિષ્યમાં આવો વિલંબ થાય નહીં તે જોવા માટે જણાવવું.

૮૦. યુનિવર્સિટીના વિજ્ઞાન વિદ્યાભવનમાં રસાયણવિજ્ઞાનના વિભાગ માટે ફર્નિચરના બજેટ હેડ હેઠળ રૂ. ૬,૦૦૦ની વધારાની જોગવાઈ ચાલુ વર્ષના અંદાજપત્રમાં કરવા અંગે વિચારણા કરવા બાબત :

[નોંધ.—(૧) ચાલુ વર્ષમાં રૂ. ૩,૫૦૦ની જોગવાઈ કરવામાં આવી હતી.

(૨) આથી કુલ જોગવાઈ રૂ. ૯,૫૦૦ થશે.]

આથી ઠરાવવામાં આવે છે કે યુનિવર્સિટીના વિજ્ઞાન વિદ્યાભવનમાં રસાયણવિજ્ઞાનના વિભાગ માટે "ફર્નિચર" એ બજેટ હેડ હેઠળ રૂ. ૬,૦૦૦/--(રૂપિયા છ હજાર)ની વધુ જોગવાઈ ચાલુ વર્ષના અંદાજપત્રમાં કરવાનું રાખવું.

૮૧. સદરહુ બાબતની વિચારણા આગળ બાબત નં. ૩૯ પછી કરવામાં આવેલી હોઈ તેની નોંધ તે ક્રમમાં દર્શાવવામાં આવેલી છે.

૮૨. વીરમગામની દેસાઈ સી. એમ. આર્ટ્સ અને કૉમર્સ કૉલેજમાં પ્રી-યુનિવર્સિટી કૉમર્સના વર્ગમાં અભ્યાસ કરતા અપંગ વિદ્યાર્થી શ્રી. હળવદિયા કીર્તિકુમાર બાલચંદને રૂ. ૧૫૦/-ના અંદાજી ખર્ચે સાઈકલ ખરીદવા માટે રૂ. ૨૦૦ કે સાઈકલની કિમતનો ત્રીજો ભાગ—બે માંથી જે ઓછું હોય તેટલી આર્થિક સહાય કરવા યુનિવર્સિટી ચીફ મેડિકલ ઑફિસરની તા. ૨૯—૯—૧૯૭૨ની ભલામણ પર વિચારણા કરવા બાબત.

(નોંધ.—ત્રીજો ભાગ કૉલેજ ભોગવે અને ત્રીજો ભાગ વિદ્યાર્થી પોતે ભોગવે તેમ સી.એમ.ઓ.ની ભલામણ છે.)

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બાબત અંગે યુનિવર્સિટીના ચીફ મેડિકલ ઑફિસરની ભલામણ મંજૂર કરવી.

૮૩. રાષ્ટ્રીય સેવા યોજના હેઠળ કામ કરતી નીચેની કૉલેજોના અધ્યાપક-ઈન-ચાર્જ તરીકે આચાર્યશ્રીઓએ તેમની કૉલેજના વ્યાયામ શિક્ષકની ભલામણ કરી હતી, પરંતુ સિન્ડિકેટની તા. ૯—૯—૧૯૭૨ની સભાના ઠરાવ નં. ૭ મુજબ વ્યાયામ શિક્ષક એન. એસ. એસ.ના અધ્યાપક-ઈન-ચાર્જ તરીકેની સેવા આપી શકે નહિ તેમ છતાં આચાર્યશ્રીઓએ ફરીથી એન. એસ. એસ.ના અધ્યાપક-ઈન-ચાર્જ તરીકે વ્યાયામ શિક્ષકનું જ નામ સૂચવ્યું હોવાથી તેઓને એક વર્ષ પૂરતી (ચાલુ શૈક્ષણિક વર્ષ સુધી) એન. એસ. એસ.ના અધ્યાપક-ઈન-ચાર્જ તરીકે ચાલુ રાખવા અંગે વિચારણા કરવા બાબત :

ક્રમ	કૉલેજનું નામ	અધ્યાપક ઈન-ચાર્જનું નામ
૧.	એચ. એલ. કૉમર્સ કૉલેજ, અમદાવાદ--૯	શ્રી. એમ. એ. શાહ (ફિઝિકલ ઈન્સ્ટ્રક્ટર)
૨.	અમદાવાદ આર્ટ્સ કૉલેજ, અમદાવાદ	શ્રી. જે. ડી. નાયક (ફિઝિકલ ઈન્સ્ટ્રક્ટર)

આથી ઠરાવવામાં આવે છે કે એચ. એલ. કૉલેજ ઑફ કૉમર્સ અને અમદાવાદ આર્ટ્સ કૉલેજના એન. એસ. એસ. એકમના અધ્યાપક-ઈન-ચાર્જ તરીકે અનુક્રમે શ્રી. એમ. એ. શાહ અને શ્રી. જે. ડી. નાયકની નિમણૂક ફક્ત ચાલુ વર્ષ પૂરતી જ મંજૂર કરવી.

૮૪. કૉમનવેલ્થ એકેડેમિક સ્ટાફ ફેલોશિપ--સ્કોલરશિપની યોજના હેઠળ ભાષા-સાહિત્ય ભવનના રીડર શ્રી. ડી. એન. મહેતા તથા વિજ્ઞાન વિદ્યાભવનના બોટાની વિભાગના રીડર ડૉ. બી. એસ. વૈદ્યની અરજીઓ યુનિવર્સિટી ગ્રાન્ટ્સ કમિશનને સને ૧૯૭૩--૭૪ના વર્ષ માટે મોકલી આપતા હોવાથી તેમની અરજીઓ આ યોજના હેઠળ

જો મંજૂર થાય તો આ બંને સભ્યોને તેમના યુ.કે.ના રોકાણ દરમિયાન એક વરસની સ્ટડી-લીવ આપવાની થશે તો તે અંગે વિચારણા કરવા બાબત.

(**નોંધ.**—આ જ યોજના હેઠળ મનોવિજ્ઞાન, શિક્ષણ અને તત્ત્વજ્ઞાન વિદ્યાભવનના અધ્યક્ષ ડૉ. કે. જી. દેસાઈની અરજી પણ મોકલી આપીએ છીએ, પરંતુ તેઓશ્રી યુ. કે. માં સને ૧૯૭૩--૭૪ ના વર્ષ દરમિયાન ઉનાળાની રજાઓમાં ત્રણ માસ માટે જ રોકાવાના હોવાથી તેમને સ્ટડી લીવ આપવાનો પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.)

આથી ઠરાવવામાં આવે છે કે શ્રી. ડી. એન. મહેતા અને ડૉ. બી. એસ. વૈદ્યને સદરહુ યોજના હેઠળ ફેલોશિપ–સ્કૉલરશિપ માટે પસંદ કરવામાં આવે તો તેમને એક વર્ષની અભ્યાસ-રજા મંજૂર કરવામાં આવશે તે માટે જરૂરી બાંયધરી આપવા માટે કુલસચિવશ્રીને સત્તા આપવી.

૮૫. સંલગ્ન કૉલેજોમાં થતી વિદ્યાર્થીઓની ચૂંટણી અંગેના સુધારેલા નિયમ નં. ૨, ૫ અને ૧૦ મંજૂર કરવા માટેની વિદ્યાર્થી સંસદની તા. ૨૬–૮–૧૯૭૨ની સભાની ભલામણો પર વિચારણા કરવા બાબત.

સદરહુ બાબતની વિચારણા મોકૂફ રાખવામાં આવી.

૮૬. ગુજરાત યુનિવર્સિટી વિદ્યાર્થી સંસદની તા. ૨૬–૮–૧૯૭૨ ના રોજ મળેલ સભાની નીચેની ભલામણ પર વિચારણા કરવા બાબત :

"આથી સિન્ડિકેટને ભલામણ કરવામાં આવે છે કે સભામાં થયેલ ચર્ચાને અનુલક્ષીને તે મુજબ સુધારેલું અંદાજપત્ર આ સાથે પરિશિષ્ટમાં દર્શાવ્યા મુજબ મંજૂર કરવું.

વધુમાં ઠરાવવામાં આવે છે કે સને ૧૯૭૧--૭૨ની આખરે થયેલ રૂ. ૧૭,૬૬૦--૧૪ની બચતની નોંધ લેવી તથા "ઈયર માર્કૂડ ફંડ" તરીકે જમા રાખવી.

સદરહુ બાબતની વિચારણા મોકૂફ રાખવામાં આવી.

૮૭. યુનિવર્સિટી કાર્યાલયમાં જુનિયર કલાર્ક તરીકે કામ કરતા શ્રી. એ. ડી. ત્રિવેદીને સ્ટે. ૧૮૮ (૨) હેઠળ મકાન-મરામત માટે પ્રૉવિડંટ ફંડ ખાતામાંથી તેમના ખાતે નીકળતી રકમની લોન આપવા માટેની તેઓની તા. ૧૬--૧૦--૧૯૭૨ની અરજી ઉપર વિચારણા કરવા બાબત.

(નોંધ.—તેઓના પ્રૉવિડંટ ફંડ ખાતે તા. ૩૧--૩--૧૯૭૨ના રોજ રૂ. ૩,૧૬૯--૯૦ જમા છે અને તે પર તેમની પ્રૉવિડંટ ફંડની લોન રૂ. ૯૬૦--૦૦ તથા તે પર જે વ્યાજ થાય તે કપાત કરવાની રહેશે.)

આથી ઠરાવવામાં આવે છે કે યુનિવર્સિટી કાર્યાલયના જુનિયર કલાર્ક શ્રી. એ. ડી. ત્રિવેદીને મકાન મરામત માટે તેમના પ્રૉવિડન્ટ ફંડમાંથી રૂ. ૩,૧૬૦/–ની લોન મંજૂર કરવી તથા તેમાંથી ઉપર મુજબ કપાત કરીને તેમને લોનનાં નાણાં ચૂકવવાં.

૮૮. શિક્ષણની અભ્યાસસમિતિની તા. ૬--૧૦–૧૯૭૨ની સભાની નીચેની ભલામણો પર વિચારણા કરવા બાબત :

"(૧) જૂન ૧૯૭૨થી બી.એડ.નો નવો અભ્યાસક્રમ અમલમાં આવેલો હોઈ બી.એડ. ભાગ ૧ ની પરીક્ષામાં જૂના કોર્સમાં નાપાસ થયેલા વિદ્યાર્થીઓ માટે જૂના કોર્સ પ્રમાણે એક વધુ તક (trial) માર્ચ ૧૯૭૩ની પરીક્ષામાં આપવા ભલામણ છે.

(૨) બી.એડ.માં નાપાસ થયેલા વિદ્યાર્થીઓ માટે ઑક્ટોબરમાં વધારાની પરીક્ષા લેવાય તેવી કાયમી વ્યવસ્થા કરવા ભલામણ છે."

સદરહુ બાબતની વિચારણા મોકૂફ રાખવામાં આવી.

૮૯. માર્ચ--એપ્રિલ ૧૯૭૨ માં લેવાયેલ આ યુનિવર્સિટીની જુદી જુદી પરીક્ષાઓ દરમિયાન વિદ્યાર્થીઓએ અજમાવેલ ગેરવાજબી ઈલાજો અંગેના કેસો પર તેમ જ પ્રાધ્યાપક-પરીક્ષકો અને નિરીક્ષકોના તેમ જ કાર્યાલયના સભ્યોના હસ્તક થયેલ ચૂકો અંગેના કેસો પર ભલામણ કરવા તા. ૨૬--૯--૧૯૭૨ અને તા. ૧૯-૧૦--૧૯૭૨ના રોજ મળેલ પરીક્ષાશુદ્ધિ સમિતિની ચૌદમી સભાની ભલામણ પર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ સમિતિની તા. ૨૬-૯-૧૯૭૨ અને તા. ૧૯-૧૦-૧૯૭૨ની સભાની ભલામણો મંજૂર કરવી.

(સદરહુ સમિતિની તા. ૨૬-૯-૧૯૭૨ અને તા. ૧૯-૧૦-૧૯૭૨ની સભાની કાર્યવાહીની નોંધની નકલ સામેલ કરવામાં આવી નથી.)

૯૦. સદરહુ બાબતની વિચારણા બાબત નં. ૪૦ પછી કરવામાં આવેલી હોઈ તેની નોંધ તે ક્રમમાં દર્શાવવામાં આવી છે.

૯૧. એમ.એસ. બ્રાન્ચ ૧ પરીક્ષાની પ્રાયોગિક પરીક્ષાના પરીક્ષકોને એક પ્રેક્ટિકલ લેખે ગણીને હાલમાં જે મહેનતાણું ચૂકવવામાં આવે છે તેના બદલે ચાર પ્રેક્ટિકલ--ઓરલ લેખે ગણી મહેનતાણું ચૂકવવા અંગેના ડૉ. એચ. એલ. પટેલના તા. ૧૨--૯--૧૯૭૨ના પત્ર ઉપર વિચારણા કરવા બાબત.

[નોંધ.—(૧) હાલ એક પ્રેક્ટિકલ લેખે ગણી મહેનતાણું ચૂકવવામાં આવે છે તેના બદલે નીચે પ્રમાણે ચાર પ્રેક્ટિકલ--ઓરલ ગણવા તેમ માંગણી છે :

Long cases
Short cases
Pathology
Operation.

(૨) માર્ચ--એપ્રિલ ૧૯૭૨ ની પરીક્ષા માટે આપવાના થશે.]

સદરહુ બાબતની વિચારણા મોકૂફ રાખવામાં આવી.

૯૨. ચોથી પંચવર્ષીય યોજના હેઠળ સંલગ્ન કૉલેજોમાં કામ કરતા ગ્રંથપાલોનાં પગારધોરણ સુધારવા અંગેના શ્રી. એ. જી. દેસાઈના તા. ૨૨--૯--૧૯૭૨ના પત્ર પર વિચારણા કરવા બાબત.

સદરહુ બાબતની વિચારણા મોકૂફ રાખવામાં આવી.

૯૩. સને ૧૯૭૧--૭૨ના વર્ષનો ૨૨ મો વાર્ષિક અહેવાલ તૈયાર કરવા માટે સમિતિ તી નિમણૂક કરવા બાબત.
સદરહુ બાબતની વિચારણા મોકૂફ રાખવામાં આવી.

૯૪. ધી એનેસ્થેસિયોલોજિકલ સોસાયટી ઑફ ઇન્ડિયાનું વાર્ષિક અધિવેશન ડિસેમ્બર ૩૦ અને ૩૧, ૧૯૭૨ના સમય દરમિયાન જમશેદપુર મુકામે યોજાનાર છે, તેમાં યુનિવર્સિટીના પ્રતિનિધિ મોકલવા અંગેના સદરહુ સોસાયટીના સામાન્ય મંત્રીશ્રીના તા. ૧૩—૧૦—૧૯૭૨ના પત્ર પર વિચારણા કરવા બાબત.

સદરહુ બાબતની વિચારણા મોકૂફ રાખવામાં આવી.

૯૫. રાંજેરકરી કમિશનનો ભલામણોના આધારે ગુજરાત રાજ્ય સરકારે ગુજરાત યુનિવર્સિટી ધારામાં સુધારા સૂચવતા બિલનો મુસદ્દો મોકલેલ તેમાં સૂચવેલ બોર્ડ ઑફ સ્ટુડન્ટ્સ વેલ્ફેરના બંધારણ અંગેના સ્ટેચ્યૂટની નીચેની પેટા—કલમ ૧૦ અંગે સિન્ડિકેટે તેની તા. ૨—૭—૧૯૭૨ની સભામાં સૂચવેલ ફેરફારના સંદર્ભમાં રાજ્ય સરકારના શિક્ષણ અને મજૂર ખાતાએ તેના તા. ૨૨—૯—૧૯૭૨ના પત્રાંક યુ.એસ.જી. ૪૨૭૧—૩૦—૫૮૫—કે.એમ.થી કેટલીક સ્પષ્ટતાઓ માંગી છે તે અંગે વિચારણા કરવા બાબત.

રાજ્ય સરકારના બિલના મુસદ્દામાં બોર્ડ ઑફ સ્ટુડન્ટ્સ વેલ્ફેરના બંધારણ અંગે સૂચવેલ પેટાકલમ ૧૦ :

> "Fourteen representatives of the Students Union of the University and Students Unions of the affiliated colleges out of whom at least four should be women."

સિન્ડિકેટે સૂચવેલ સુધારો :

> In sub--clause (x) the following proviso be added :
>
> "Provided that of these 14 representatives, 7 shall be students representatives from the college outside the city of Ahmedabad and the remaining seven shall be students representatives from affiliated University colleges, recognised / approved institutions and University departments."

રાજ્ય સરકારે માંગેલ સ્પષ્ટતાઓ :

> It is not clear whether the remaining seven students representatives would represent the recognised / approved institutions and University Departments, affiliated colleges in the entire area of the University or such institutions of the city of Ahmedabad only. This may please be clarified. Distribution of representation of woman representatives may please also be indicated.
>
> Further the term 'affiliated University colleges' may also be defined, as it would be necessary to include this definition in section 2 of the Gujarat University Act, 1949, which does not contain the same.

સદરહુ બાબતની વિચારણા મોકૂફ રાખવામાં આવી.

૯૬. પ્રભુદાસ ઠક્કર આર્ટ્સ એન્ડ સાયન્સ કૉલેજ, અમદાવાદની ગવર્નિંગ બોડીમાં યુનિવર્સિટીના પ્રતિનિધિની નિમણૂક કરવા અંગેના સદરહુ કૉલેજના આચાર્યશ્રીના તા. ૨૯—૯—૧૯૭૨ના પત્ર પર વિચારણા કરવા બાબત.

સદરહુ બાબતની વિચારણા મોકૂફ રાખવામાં આવી.

૯૭. તબીબી પરીક્ષાઓમાં વધતી જતી વિદ્યાર્થીઓની સંખ્યા જોતાં ફાઈનલ એમ.બી.,બી.એસ.ના પ્રત્યેક વિષયની પ્રાયોગિક પરીક્ષા બન્ને તબીબી કૉલેજોમાં ગોઠવવા અંગેના સિન્ડિકેટની તા. ૬—૯—૧૯૬૯ની સભાના નીચેના ઠરાવ અન્વયે કાર્યક્રમ ગોઠવવાનું શક્ય બની શકતું ન હોઈ તે અંગે પુનર્વિચારણા કરવા બાબત.

સિન્ડિકેટની તા. ૬—૯—૧૯૬૯ની સભાનો ઠરાવ

"ત્રીજી એમ.બી., બી.એસ.ની પ્રાયોગિક પરીક્ષામાં દરેક વિષયના અર્ધા વિદ્યાર્થીઓની પરીક્ષા એક તબીબી કૉલેજમાં અને બાકીના વિદ્યાર્થીઓની પ્રાયોગિક પરીક્ષા બીજી કૉલેજમાં રાખવા અને બીજા વર્ષે તેનાથી ઊલટી ગોઠવણ કરવી."

(વિદ્યાશાખાની સદરહુ ભલામણની નોંધ લેવાનું ઠરાવેલ છે.)

સદરહુ બાબતની વિચારણા મોકૂફ રાખવામાં આવી.

૯૮. બી. ડી. સાયન્સ કૉલેજ, અમદાવાદે આં. ૧૨૦ મુજબ જૂન ૧૯૭૩થી ચાલુ જોડાણ માટે તા. ૩૦મી જુલાઈ ૧૯૭૨ સુધીમાં અરજી કરવી આવશ્યક હતી છતાં તે માટે હજુ સુધી અરજી આવેલી ન હોઈ તે અંગે વિચારણા કરવા બાબત.

સદરહુ બાબતની વિચારણા મોકૂફ રાખવામાં આવી.

૯૯. ઈન્ડિયન ફાર્માકોલોજિકલ સોસાયટીનું પાંચમું વાર્ષિક અધિવેશન જયપુર મુકામે ૨૧ ડિસેમ્બરથી ૨૩ ડિસેમ્બર ૧૯૭૨ના સમય દરમિયાન યોજાનાર હોઈ તેમાં યુનિવર્સિટીના પ્રતિનિધિ મોકલવા અંગેના સોસાયટીના આવાહક મંત્રીશ્રીના તા. ૯—૧૦—૧૯૭૨ના પત્ર ઉપર વિચારણા કરવા બાબત.

સદરહુ બાબતની વિચારણા મોકૂફ રાખવામાં આવી.

૧૦૦. "ઑલ ઈન્ડિયા લૉ ટીચર્સ"નું ૧૨ મું અધિવેશન ડિસેમ્બર ૧૯૭૨ના છેલ્લા અઠવાડિયા દરમિયાન દિલ્હી મુકામે યોજાનાર હોઈ તેમાં આ યુનિવર્સિટીના પ્રતિનિધિ મોકલવા અંગે દિલ્હી યુનિવર્સિટીના કાયદાની વિદ્યાશાખાના અધ્યક્ષના તા. ૫—૧૦—૧૯૭૨ના પત્ર ઉપર વિચારણા કરવા બાબત.

સદરહુ બાબતની વિચારણા મોકૂફ રાખવામાં આવી.

૧૦૧. સદરહુ બાબતની વિચારણા આગળ બાબત નં. ૧૫૫ સાથે કરવામાં આવેલી હોઈ તેની નોંધ તે ક્રમમાં દર્શાવવામાં આવેલી છે.

૧૦૨. ઍકેડેમિક કાઉન્સિલની તા. ૧૮/૧૯—૯—૧૯૭૨ની સભાની નીચેની ભલામણ પર વિચારણા કરવા બાબત : (ઑ. કા. બાબત ક્રમાંક ૩)

"આથી ઠરાવવામાં આવે છે કે તબીબી વિદ્યાશાખાની ભલામણ સ્વીકારીને મેન્ટલ હેલ્થ ઍન્ડ પૅરા મેડિકલ સાયકોલોજીનો વિષય મેડિકલ ફેકલ્ટી હેઠળ ક્લિનિકલ વિષયોના જૂથમાં ઉમેરીને સ્ટે. ૧૦૮ સુધારવા માટે સિન્ડિકેટને તથા સેનેટને ભલામણ કરવી."

સદરહુ બાબતની વિચારણા મોકૂફ રાખવામાં આવી.

૧૦૭. ગુજરાત ગણિતમંડળનું આગામી ૧૦ મું વાર્ષિક અધિવેશન ગુજરાત યુનિવર્સિટીના ઉપક્રમે યોજવા અંગે વિજ્ઞાન વિદ્યાભવનના અધ્યક્ષ મારફતે આવેલ ગણિત વિભાગના રીડર શ્રી. એચ. એન. રાવળની વિનંતી પરત્વે વિચારણા કરવા બાબત.

સદરહુ બાબતની વિચારણા મોકૂફ રાખવામાં આવી.

૧૦૮. સિન્ડિકેટની તા. ૯—૯—૧૯૭૨ની સભામાં સ્વીકારવામાં આવેલા એમ. ડી. મેડિસિનની પદવી પરીક્ષા માટે "સ્વ. ડૉ. જી. બી. માંકડ સુવર્ણચંદ્રક" પ્રદાન અંગેના નિયમો મંજૂર કરવા અંગે વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે 'સ્વ. ડૉ. જી. બી. માંકડ સુવર્ણચન્દ્રક' પ્રદાન અંગેના નિયમો મંજૂર કરવા.

(મંજૂર કરવામાં આવેલા નિયમોની નકલ **પરિશિષ્ટ "ચ"** તરીકે સામેલ છે.)

૧૦૯. "બૉન્ક ઑફ બરોડા ટ્રોફી" અંગે કાર્યાલયે ઘડેલા નિયમો મંજૂર કરવા અંગે વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે બૉંક ઑફ બરોડા ટ્રોફી' માટેના નિયમો મંજૂર કરવા.

(મંજૂર કરવામાં આવેલા નિયમોની નકલ **પરિશિષ્ટ "છ"** તરીકે સામેલ છે.)

૧૧૦. સિન્ડિકેટે તેની તા. ૬—૫—૧૯૭૨ની સભામાં ક્રમાંક નં. ૩૧થી ઈજનેરી વિદ્યાશાખાની એમ.ઈ. સેમેસ્ટર અનુસ્નાતક પરીક્ષાઓના પરીક્ષકોને રૂ. ૧૦૦નું લઘુતમ વેતન આપવા અંગે નીચે પ્રમાણે જે ઠરાવ કર્યો છે તેના બદલે માર્ચ—એપ્રિલ ૧૯૭૨ થી સદરહુ પરીક્ષાઓમાં પ્રત્યેક વિષય દીઠ રૂ. ૧૦૦ લેખે લઘુતમ વેતન આપવાનું સૂચવતા ઈજનેરી વિદ્યાશાખાના ડીન શ્રી. ટી. એમ. પરીખના તા. ૪—૮—૧૯૭૨ના પત્ર પરત્વે વિચારણા કરવા બાબત.

સિન્ડિકેટની તા. ૬—૫—૧૯૭૨ની સભાના ઠરાવનો પાઠ

"Remuneration payable to the examiners at the various Semester examinations for the M.E. Degree shall, subject to the minimum remuneration of Rs. 100/- payable to the examiners, be counted on the basis of the groupings of the following Semester examinations as the Unit or single examination :

Group A	—	1 and 2
Group B	—	3 and 4
Group C	—	5 and 6
Group D	—	7 and 8
Group E	—	9 and 10."

સદરહુ બાબતની વિચારણા મોકૂફ રાખવામાં આવી.

૧૧૧. માર્ચ—એપ્રિલ ૧૯૭૨માં લેવાયેલ થર્ડ બી.એસસી.ની પરીક્ષાના ભૌતિકવિજ્ઞાન વિષયના પ્રશ્નપત્ર ૮ અંગે તેના કેટલાક પ્રશ્નો અભ્યાસક્રમ બહારના છે એવી મળેલ ફરિયાદ અંગે વિચારણા કરવા બાબત.

સદરહુ બાબતની વિચારણા મોકૂફ રાખવામાં આવી.

૧૦૩. તબીબી વિદ્યાશાખામાં તા. ૬--૯--૧૯૭૨ની સભાની ભલામણ અનુસાર ઓકયુપેશન હેલ્થના અનુસ્નાતક અભ્યાસક્રમો દાખલ કરવા અંગેની ઍકેડેમિક કાઉન્સિલની તા. ૧૮/૧૯--૯--૧૯૭૨ની સભાની નીચેની ભલામણ પર વિચારણા કરવા બાબત : (ઍ. કા. બાબત ક્રમાંક ૧૯)

"આથી ઠરાવવામાં આવે છે કે તબીબી વિદ્યાશાખાની ભલામણ મુજબ ઓકયુપેશનલ હેલ્થના અનુસ્નાતક અભ્યાસક્રમો દાખલ કરવા માટે સિન્ડિકેટને તથા સેનેટને ભલામણ કરવી."

સદરહુ બાબતની વિચારણા મોકૂફ રાખવામાં આવી.

૧૦૪. શ્રી. પી. એસ. દરજીનો મહાનિબંધ તપાસવા નિમાયેલ રેફરીઓ પૈકી "ટાઈ" પડતાં ઑર્ડિ. ૩૨૧ અન્વયે ચોથા રેફરીની નિમણૂક કરવાના પ્રશ્ન પરત્વે વિચારણા કરવા બાબત.

[રેફરીઓ પૈકી— ૧. શ્રી. સુંદરમ્ મહાનિબંધ સ્વીકારવા ભલામણ કરે છે.

૨. ડૉ. સુરેશ જોશી મહાનિબંધ સ્વીકારવા ભલામણ કરતા નથી.

૩. ડૉ. ધીરુભાઈ ઠાકર (વિદ્યાર્થીના માર્ગદર્શક શિક્ષક) ડૉ. સુરેશ જોશીના રિપોર્ટ સાથે સંમત થતા નથી.]

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ મહાનિબંધ તપાસવા માટે ચોથા રેફરી તરીકે શ્રી. જ્યોતીન્દ્ર દવેની નિમણૂક કરવી.

૧૦૫. યુનિવર્સિટી કાર્યાલયમાં જુનિયર કલાર્ક તરીકે કામ કરતા શ્રી. વી. એલ. ભટ્ટને સ્ટે. ૧૮૮ (૨) હેઠળ સોસાયટીમાં મકાન--બાંધકામ માટે તેમના પ્રોવિડન્ટ ફંડ ખાતામાંથી લોન આપવા માટે તેઓની તા. ૧૧--૧૦--૧૯૭૨ની અરજી પર વિચારણા કરવા બાબત.

(**નોંધ.**—તેઓના પ્રૉ. ફંડ ખાતે તા. ૩૧--૩--૧૯૭૨ના રોજ રૂ. ૩,૦૫૧--૪૨ પૈસા જમા છે તેમાંથી તેમના પ્રૉ. ફંડની લોનના રૂ. ૨૪૦--૦૦ તથા તે પર જે વ્યાજ થાય તેની કપાત કરવાની રહેશે.)

આથી ઠરાવવામાં આવે છે કે યુનિવર્સિટી કાર્યાલયના જુનિયર કલાર્ક શ્રી. વી. એલ. ભટ્ટને મકાન બાંધકામ માટે તેમના પ્રોવિડન્ટ ફંડમાંથી રૂ. ૩,૦૫૦/—ની લોન મંજૂર કરવી તથા તેમાંથી ઉપર મુજબ કપાત કરીને તેમને લોનનાં નાણાં ચૂકવવાં.

૧૦૬. યુનિવર્સિટી ગ્રંથાલયમાં પ્યુન-કમ-એટેન્ડન્ટ તરીકે કામ કરતા શ્રી. બી. બી. મકવાણાને સ્ટે. ૧૮૮ (૨) હેઠળ મકાન મરામત માટે તેઓના પ્રૉ. ફંડ ખાતામાંથી લોન આપવા અંગેની તેમની તા. ૧૬--૧૦—૧૯૭૨ની અરજી ઉપર વિચારણા કરવા બાબત.

(**નોંધ.**—તેઓના પ્રૉ. ફંડ ખાતે તા. ૩૧--૩--૧૯૭૨ના રોજ રૂ. ૨,૨૭૧--૬૧ જમા છે, તે પર તેમના પ્રૉ. ફંડની લોનના રૂ. ૧,૧૪૦ તથા તે પર જે વ્યાજ થાય તેની કપાત કરવાની રહેશે.)

આથી ઠરાવવામાં આવે છે કે યુનિવર્સિટી ગ્રન્થાલયના પ્યુન-કમ-એટેન્ડન્ટ શ્રી. બી. બી. મકવાણાને મકાન મરામત માટે તેમના પ્રોવિડન્ટ ફંડમાંથી રૂ. ૨,૨૭૦/—ની લોન મંજૂર કરવી તથા તેમાંથી ઉપર મુજબ કપાત કરીને તેમને લોનનાં નાણાં ચૂકવવાં.

૧૧૨. ખોટાં ગુણપત્રકો રજૂ કરીને એફ્.વાય.બી.કૉમ.ના વર્ગમાં પ્રવેશ મેળવવા પ્રોવિઝનલ એલિજિબિલિટી સર્ટિફિકેટ મેળવ્યું તેવા ત્રણ વિદ્યાર્થીઓના કેસ અંગે વિચારણા કરવા બાબત.

(**નોંધ.**—આ ત્રણે વિદ્યાર્થીઓના પ્રોવિઝનલ એલિજિબિલિટી સર્ટિફિકેટ રદ કરી તેમનો કૉલેજ--પ્રવેશ રદ કરવામાં આવ્યો છે.)

સદરહુ બાબતની વિચારણા મોકૂફ રાખવામાં આવી.

૧૧૩. "Measurement of absorption radio waves in the Ionosphere"ના Indo–GDR Collaboration Research Project"ની Exchange Scheme હેઠળની શરતો વગેરેના પ્રસ્તાવને સ્વીકારવા અંગેના ડિપાર્ટમેન્ટ ઑફ્ સાયન્સ ઍન્ડ ટેકનોલોજી, ન્યૂ દિલ્હીના ડી. ઓ. નં. ૬ (૧૯)--૭૨--પી.એસ.ઓ. તા. ૧૭--૮--૧૯૭૨ના સૂચન મુજબ આવનાર એક્સપર્ટના અમદાવાદ ખાતેના આશરે ૬ માસના રોકાણની-વ્યવસ્થા માટે વિજ્ઞાન વિદ્યાભવનના ૧૯૭૩--૭૪ ના અંદાજપત્રમાં રૂ. ૭,૩૦૦ (અંકે રૂપિયા સાત હજાર ત્રણસો પૂરા)ની—દૈનિક રૂ. ૧૬ રહેવા--જમવાના ખર્ચના અને રૂ. ૨૦ out of pocket ખર્ચના ગણીને--જોગવાઈ કરવા વિચારણા કરવા બાબત.

(**નોંધ.**—સી. એસ. આઈ. આર. રૂ. ૨,૬૦૦ નો ખર્ચ ભોગવશે. યુનિવર્સિટીએ રૂ. ૭,૩૦૦નો ખર્ચ ભોગવવાનો થશે.)

સદરહુ બાબતની વિચારણા મોકૂફ રાખવામાં આવી.

૧૧૪. બી. જે. મેડિકલ કૉલેજ, અમદાવાદમાં (૧) ડિપ્લોમા ઇન સાઇકિયેટ્રિક સોશિયલ વર્ક, (૨) ડિપ્લોમા ઇન સાઇકિયેટ્રિક ઓક્યુપેશનલ થેરાપી, તથા (૩) ડિપ્લોમા ઇન સાયકોથેરાપી વિષયમાં અનુસ્નાતક કેન્દ્રો સ્થાપવા અંગે અરજી આવેલી તે પર સિન્ડિકેટે નીમેલી સમિતિએ આપેલા અહેવાલ પરત્વે વિચારણા કરવા બાબત.

[**નોંધ.**—સમિતિના સભ્યો નીચે પ્રમાણે છે :

૧. ડૉ. જે. સી. મારફતિયા, મુંબઈ

૨. ડૉ. એસ. એન. રાનડે, દિલ્હી

૩. ડૉ. સી. ટી. ભોપટકર—ગુજરાત યુનિવર્સિટી, અમદાવાદ.

ડૉ. રાનડે અસ્વસ્થ તબિયતના કારણે તપાસાર્થે જઈ શકેલા નહિ.]

સદરહુ બાબતની વિચારણા મોકૂફ રાખવામાં આવી.

૧૧૫. જાન્યુઆરી ૮ થી ૧૦, ૧૯૭૩ના સમય દરમિયાન ઇન્ડિયન ઍસોસિયેશન ઑફ પેથોલોજિસ્ટ ઍન્ડ માઇક્રોબાયોલોજિસ્ટનું ૨૨મું વાર્ષિક અધિવેશન ભોપાલ મુકામે યોજાનાર છે તેમાં યુનિવર્સિટીના પ્રતિનિધિ મોકલવા અંગે વિચારણા કરવા બાબત.

(**નોંધ.**—નીચેના વિષયો ચર્ચાનાર છે :

1. Tumours of the Soft Tissue

2. Immunology.)

સદરહુ બાબતની વિચારણા મોકૂફ રાખવામાં આવી.

૧૧૬. ડિસેમ્બર ૨૪ થી ૨૭, ૧૯૭૨ના સમય દરમિયાન અમૃતસર મુકામે 'P.E.N.'નું અખિલ ભારતીય ૧૧મું અધિવેશન યોજનાર છે તેમાં યુનિવર્સિટીના પ્રતિનિધિ મોકલવા અંગે વિચારણા કરવા બાબત.

[નોંધ.—(૧) અધિવેશનનો પ્રથમ દિવસ ભાઈ વીરસિંહની કૃતિઓ પરનાં પેપર્સ અને રીડિંગ્સ માટે રાખ્યો છે.

(૨) અધિવેશન માટેના બીજા વિષયો નીચે મુજબ છે :

1. How Original is Modern Indian Literarure ?
2. The Indian Classic and Ourselves.
3. Love in Modern Indian Literature.
4. Landmarks in Post–Independence Indian Literature (covering the various Indian languages.]

સદરહુ બાબતની વિચારણા મોકૂફ રાખવામાં આવી.

૧૧૭. નીચે જણાવેલ સેનેટના સભ્યોને (ક) એકેડેમિક કાઉન્સિલની તા. ૧૮—૯—૧૯૭૨ની સભાની ભલામણ અનુસાર ગુજરાત યુનિવર્સિટી ધારાની કલમ ૨૩(૨) અન્વયે વિદ્યાશાખાનું સભ્યપદ આપવા અંગે વિચારણા કરવા બાબત; તથા (ખ) ગુજરાત યુનિવર્સિટી ધારાની કલમ ૨૫ અન્વયે અભ્યાસસમિતિનું સભ્યપદ આપવા અંગે વિચારણા કરવા બાબત :

ક્રમાંક	સેનેટના સભ્યનું નામ	એકેડેમિક કાઉન્સિલને ભલામણ કરેલ વિદ્યાશાખા	સભ્યશ્રીએ ઈચ્છિત અભ્યાસસમિતિ
૧.	શ્રી. વી. આર. મહેતા કુલપતિ, કૃષિ યુનિવર્સિટી	ખેતીવાડી	ખેતીવાડી
૨.	શ્રી. એ. કે. મહેતા	ઈજનેરી	મિકેનિકલ એન્જિનિયરિંગ
૩.	શ્રી. એમ. આર. ચૌધરી	ખેતીવાડી	ખેતીવાડી
૪.	શ્રીમતી ભદ્રાબહેન એસ. પંડ્યા	વિનયન	લેબર વેલ્ફેર

આથી ઠરાવવામાં આવે છે કે નીચેના સભ્યોને તેમનાં નામ સામે જણાવેલ વિદ્યાશાખાનું તથા અભ્યાસસમિતિનું સભ્યપદ આપવું :

ક્રમાંક	સેનેટના સભ્યનું નામ	એકેડેમિક કાઉન્સિલને ભલામણ કરેલ વિદ્યાસભા	સભ્યશ્રીએ ઈચ્છિત અભ્યાસસમિતિ
૧.	શ્રી. વી. આર. મહેતા કુલપતિ, કૃષિ યુનિવર્સિટી	ખેતીવાડી	ખેતીવાડી
૨.	શ્રી એ. કે. મહેતા	ઈજનેરી	મિકેનિકલ એન્જિનિયરિંગ
૩.	શ્રી. એમ. આર. ચૌધરી	ખેતીવાડી	ખેતીવાડી

વધુમાં ઠરાવવામાં આવે છે કે શ્રીમતી ભદ્રાબહેન એસ. ખંડ્યાને વિનયન વિદ્યાશાખાનું સભ્યપદ અને અભ્યાસસમિતિનું સભ્યપદ આપવાનો પ્રશ્ન તેમની શૈક્ષણિક લાયકાતો અંગેની માહિતી આવ્યેથી આ સભાગૃહ સમક્ષ રજૂ કરવો.

૧૧૮. ઑર્ડિનન્સ ૩૭ અનુસાર રચાયેલ ગ્રાન્ટ્સ યુટિલાઈઝેશન સમિતિના સભ્યોની મુદત તા. ૧૬–૧૧–૧૯૭૨ના રોજ પૂરી થતી હોવાથી તે સમિતિ પર ત્રણ વર્ષની મુદત માટે છ સભ્યોની નિમણૂક કરવા વિચારણા કરવા બાબત.

[નોંધ.—હાલ નીચેના સભ્યો ગ્રાન્ટ્સ યુટિલાઈઝેશન સમિતિ પર છે:

૧. આચાર્ય જે. જે. ત્રિવેદી

૨. આચાર્ય વાય. પી. શુકલ

૩. આચાર્ય એલ. ડી. દવે

૪. આચાર્ય ડી. એમ. શીખ

૫. ડૉ. જયન્ત બી. હરિભક્તિ

૬. ડૉ. એમ. એન. દેસાઈ.]

સદરહુ બાબતની વિચારણા મોકૂફ રાખવામાં આવી.

૧૧૯. શ્રીમતી બી. સી. જલુંધવાલા સાયન્સ કૉલેજ, ખંભાતમાં સ્થાપવામાં આવેલ ઑર્ગેનિક કેમિસ્ટ્રી વિષયના અનુસ્નાતક કેન્દ્રમાં શ્રી. જે. જે. ત્રિવેદીની ખાલી પડેલી જગ્યાએ શ્રી. પી. એસ. સતપંથીની પ્રોફેસર-ઈન-ચાર્જ તરીકે જૂન ૧૯૭૨થી નિમણૂક કરવા આચાર્યશ્રી તરફથી આવેલ વિનંતી પર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ અનુસ્નાતક કેન્દ્રમાં પ્રોફેસર-ઈન-ચાર્જ તરીકે શ્રી. પી. એસ. સતપંથીને જૂન ૧૯૭૨થી નીમવા.

૧૨૦. સ્ટેટ યુનિવર્સિટી ઑફ ન્યૂયોર્ક, બફેલો તરફથી તેમની યુનિવર્સિટીના ૨૦ અમેરિકન ગ્રેજ્યુએટ વિદ્યાર્થીઓ ભારતીય સંસ્કૃતિ તથા ભારતના શૈક્ષણિક કાર્યક્રમો માટે ચાર માસ માટે ગુજરાત યુનિવર્સિટીની મુલાકાતે આવ્યા હતા તે અંગેના રૂ. ૬૫,૪૧૦--૦૦ના પુનર્નિર્મિત અંદાજને મંજૂર કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બાબત અંગે રૂ. ૬૫,૪૧૦--૦૦ના પુનર્નિર્મિત અંદાજપત્રને મંજૂર કરવો.

(મંજૂર કરવામાં આવેલા પુનર્નિર્મિત અંદાજપત્રની વિગતો **પરિશિષ્ટ "જ"** તરીકે સામેલ છે.)

૧૨૧. ભારત સરકારની આર્થિક સહાયથી આ યુનિવર્સિટીએ પ્રકાશિત કરેલાં પ્રકાશનો તેમજ સદરહુ યોજના હેઠળ પ્રકાશિત થનાર પ્રકાશનો માટે ભારત સરકારના સેન્ટ્રલ હિન્દી ડાયરેક્ટોરેટના સીનિયર રિસર્ચ ઑફિસર શ્રી. એસ. કે. વર્માના તા. ૨૬મી ઑક્ટોબર ૧૯૭૨ના પત્ર પર વિચારણા કરવા બાબત.

સદરહુ બાબતની વિચારણા મોકૂફ રાખવામાં આવી.

૧૨૨. વિજ્ઞાન વિદ્યાભવનના ગણિત વિભાગના પ્રાધ્યાપક ડૉ. સી. જી. ખત્રીને યુનિવર્સિટી ચીફ ટોરેન્ટોના રિસર્ચ પ્રોજેક્ટમાં ભાગ લેવા મળેલ આમંત્રણ માટે તેઓને તા. ૮–૧–૧૯૭૩ થી તા. ૧૪–૩–૧૯૭૩

સુધી બિનપગારી રજા તથા તા. ૧૫-૩-૧૯૭૩ થી તા. ૧૪-૬-૧૯૭૩ના વૅકેશનના સમય માટે તેમને પગાર સાથે વૅકેશનનો લાભ આપવા અંગેની તેઓની તા. ૧-૧૧-૧૯૭૨ની અરજી પર વિચારણા કરવા બાબત.

[નોંધ.--૧. તેઓને આ પ્રોજેક્ટ દરમિયાન ૧૦૦૦ થી ૧૫૦૦ ડોલર મળશે જેમાં તેઓનો બધો ખર્ચ આવી જાય છે.

૨. આ અંગે ટોરેન્ટો યુનિવર્સિટીના પ્રોફેસર શ્રી. શ્રીવાસ્તવનો શ્રી. ખત્રીની સેવાઓ આપવા માટેનો તા. ૨૩-૧૦-૧૯૭૨નો પત્ર પણ આવેલો છે.]

સદરહુ બાબતની વિચારણા મોકૂફ રાખવામાં આવી.

૧૨૩. ડિસેમ્બર ૧૮ થી ૨૦, ૧૯૭૨ના સમય દરમિયાન " ધી ઈન્ડિયન ઈકોનોમેટ્રિકસ સોસાયટી " નું ૧૨મું અધિવેશન કાનપુર મુકામે યોજાનાર છે. તેમાં યુનિ.ના પ્રતિનિધિ મોકલવા અંગે વિચારણા કરવા બાબત.

(નોંધ.--૩૦ રિસર્ચ પેપરો રજૂ થનાર છે. ઉપરાંત " Land Ceilings " પર પેનલ ડિસ્કશન અને " Teaching of Econometrics in Indian Universities " પર પરિસંવાદ છે.)

સદરહુ બાબતની વિચારણા મોકૂફ રાખવામાં આવી.

૧૨૪. માર્ચ--એપ્રિલ ૧૯૭૩માં લેવાનાર યુનિવર્સિટીની જુદી જુદી પરીક્ષાઓ માટે કેન્દ્રો નક્કી કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બાબતની વિચારણા મોકૂફ રાખવી.

૧૨૫. ડિસેમ્બર ૨૯ અને ૩૦, ૧૯૭૨ના સમય દરમિયાન "ઑલ-ઈન્ડિયા કોન્ફરન્સ ઑફ લિંગ્વિસ્ટિકસ" નું ત્રીજું અધિવેશન હૈદરાબાદ મુકામે યોજાનાર છે તેમાં યુનિવર્સિટીના પ્રતિનિધિ મોકલવા અંગેના સદરહુ અધિવેશનના મંત્રીશ્રીના તા. ૬-૧૧-૧૯૭૨ના પત્ર પર વિચારણા કરવા બાબત.

સદરહુ બાબતની વિચારણા મોકૂફ રાખવામાં આવી.

૧૨૬. પીપલ્સ એજ્યુકેશન સોસાયટી કૉમર્સ કૉલેજ, ભૂજ (કચ્છ) નું હાલનું નામ બદલીને "પીપલ્સ એજ્યુકેશન સોસાયટી સંચાલિત શ્રી. જે. બી. ઠક્કર કૉમર્સ કૉલેજ, ભૂજ" એમ રાખવા અંગે સદરહુ કૉલેજના આચાર્યશ્રીએ તેમના તા. ૧૬-૧૦-૧૯૭૨ના પત્રથી કરેલી વિનંતી પર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે પીપલ્સ એજ્યુકેશન સોસાયટી કૉમર્સ કૉલેજ, ભૂજનું હાલનું નામ બદલીને 'પીપલ્સ એજ્યુકેશન સોસાયટી સંચાલિત શ્રી જે. બી. ઠક્કર કૉમર્સ કૉલેજ, ભૂજ' રાખવા માટેનો પ્રસ્તાવ મંજૂર કરવો અને તે અંગે રાજ્ય સરકારનું જાહેરનામું બહાર પડયેથી તેનો અમલ કરવાનું રાખવું.

૧૨૭. સિન્ડિકેટની તા. ૫/૬-૮-૧૯૭૨ની સભાની બાબત ક્રમાંક ૨ની પેટાબાબત ક્રમાંક (૩)ના ઠરાવમાં "તા. ૧૫-૨-૧૯૭૨" ને બદલે "તા. ૧૫-૨ ૧૯૭૩" એમ છાપભૂલ સુધારવાનું મંજૂર કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ છાપભૂલ ઉપર મુજબ સુધારવાનો પ્રસ્તાવ મંજૂર કરવો.

૧૨૮. કેન્ટીનની બાજુના લોનના પ્લોટના ઉપયોગ માટે તથા બહાર કાઉન્ટરની વ્યવસ્થા કરી આપવા માટે યુનિવર્સિટી કેન્ટીનના મૅનેજર તરફથી આવેલા તા. ૨૧-૭-૧૯૭૨ના પત્ર પરત્વે વિચારણા કરવા બાબત.

સદરહુ બાબતની વિચારણા મોકૂફ રાખવામાં આવી.

૧૨૯. "ઈન્ડિયન સાયકોલોજિકલ ઍસોસિયેશન" નું ફર્સ્ટ નેશનલ કન્વેન્શન હૈદરાબાદ મુકામે નવેમ્બરના અંતમાં અથવા ડિસેમ્બરની શરૂઆતમાં યોજાનાર છે તેમાં યુનિવર્સિટીના પ્રતિનિધિ મોકલવા અંગે વિચારણા કરવા બાબત.

સદરહુ બાબતની વિચારણા મોકૂફ રાખવામાં આવી.

૧૩૦. કુલપતિશ્રીએ મંજૂર કરેલા નીચેના કાર્યની નોંધ લેવા બાબત :

પીએચ.ડી. પદવી માટે નીચેના વિદ્યાર્થીઓના મહાનિબંધ તેમનાં નામ સામે જણાવેલ પદવી માટે સ્વીકાર્યાના :

ક્રમાંક	વિદ્યાર્થીનું નામ	વિદ્યાશાખા	વિષય
(૧)	શ્રી વ્યાસ જયંત અંબાશંકર	વિનયન	ગુજરાતી
(૨)	કુ. શાહ સુલોચના મોતીચંદ	વિનયન	ગુજરાતી

આથી ઠરાવવામાં આવે છે કે કુલપતિશ્રીના સદરહુ કાર્યની નોંધ લેવી.

૧૩૧. નોર્થ ગુજરાત યુનિવર્સિટીની અલગ સ્થાપના કરવા અંગે આ યુનિવર્સિટીનાં મંતવ્યો માગતા રાજ્ય સરકારના તા. ૪—૧૧—૧૯૭૨ના પત્રાંક યુ.એસ.જી ૧૦૭૨—૧૧૯૭૭૧—બ પર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સિન્ડિકેટની આ સભા સદરહુ પ્રસ્તાવની તરફેણમાં નથી એમ રાજ્ય સરકારને અભિપ્રાય જણાવવો.

૧૩૨. અખિલ ભારતીય સમાજશાસ્ત્ર પરિષદ, અમદાવાદ મુકામે સમાજવિદ્યા ભવનમાં યુનિવર્સિટીના ઉપક્રમે યોજવામાં આવેલ તે માટે નીચે જણાવેલા યુનિવર્સિટી ભવનના કર્મચારીઓએ સદરહુ પરિષદ અંગેનું વધારાનું કામ કરેલ તે માટેનું મહેનતાણું સ્વીકારવા અંગેની પરવાનગી આપવા માટે પરિષદના મંત્રીશ્રીના તા. ૧૧-૧૧-૧૯૭૨ની વિનંતી પર વિચારણા કરવા બાબત :

અ.નં.	નામ	વધારાના મહેનતાણાની રકમ	મૂળ માસિક પગાર	
૧.	શ્રી. મહેશ દવે	૨૫૦-૦૦	૩૩૫-૦૦	
૨.	શ્રી. જી. એફ. પટેલ	૧૭૫-૦૦	૩૬૫-૦૦	
૩.	શ્રી. ડબલ્યુ. એન. ક્રિશ્ચિયન	૧૫૦-૦૦	૨૫૮-૦૦	
૪.	શ્રી. ડૉકટર અમિતા કે.	૧૦૦-૦૦	૨૫૦-૦૦	કૉન્સોલિડેટેડ
૫.	શ્રી. એસ. એન. શાહ	૮૦-૦૦	૨૧૩-૦૦	
૬.	શ્રી. આર. એચ. પટેલ	૮૦-૦૦	૨૨૩-૦૦	
૭.	શ્રી. કે. સી. સોલંકી	૪૦-૦૦	૯૪-૦૦	ટેમ્પરરી
૮.	શ્રી. એન. ડી. વાઘેલા	૪૦-૦૦	૯૪-૦૦	
૯.	શ્રી. સી. કે. વાઘેલા	૪૦-૦૦	૧૫૩-૦૦	
૧૦.	શ્રી. કે. પી. ડોડિયા	૪૦-૦૦	૧૫૩-૦૦	
૧૧.	શ્રી. કે. ડી. વાઘેલા	૪૦-૦૦	૧૨૫-૦૦	
૧૨.	શ્રી. એફ. એમ. પરમાર	૨૫-૦૦	૧૫૩-૦૦	
૧૩.	શ્રી. દુપાલી—માલી	૨૫-૦૦	દૈનિક	
		૧૦૮૫-૦૦		

આથી ઠરાવવામાં આવે છે કે ઉપરના સભ્યોને સદરહુ કામગીરી કરવા માટે તેમનાં નામ સામે જણાવેલો પુરસ્કાર સ્વીકારવા માટે પરવાનગી આપવી.

તે પછી પ્રમુખશ્રીની પરવાનગીથી નીચેની બાબતો સભાગૃહ સમક્ષ રજૂ કરવામાં આવી.

૧૩૩. યુનિવર્સિટી મુદ્રણાલય તથા પ્રકાશન અંગેની જરૂરિયાત જોઈ--તપાસી અહેવાલ રજૂ કરવા માટે સિન્ડિકેટે તેની તા. ૬/૭--૭--૧૯૭૦ની સભામાં નિયુકત કરેલ સમિતિના તા. ૧૮--૨--૧૯૭૧ના અહેવાલ પર તથા તા. ૩--૯--૧૯૭૧ની સ્થાયી સમિતિની સભામાં પ્રેસ-મેનેજર તથા આસિસ્ટન્ટ પ્રેસ-મેનેજરની જગ્યાઓનાં પગારધોરણ બાબત કરવામાં આવેલ ભલામણ પરત્વે સુચિંતિત અહેવાલ રજૂ કરવા સિન્ડિકેટે તેની તા. ૧૩/૧૬--૧૦--૧૯૭૧ની સભામાં નિયુકત કરેલ સમિતિના અહેવાલ પર વિચારણા કરવા બાબત.

ગુજરાત યુનિવર્સિટી પ્રેસના કર્મચારીઓનાં પગારધોરણોની સુધારણા અંગે સદરહુ સમિતિની ભલામણો પર કેટલીક ચર્ચાવિચારણા બાદ નીચે મુજબ ઠરાવવામાં આવ્યું :

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ સમિતિએ કરેલી નીચેની ભલામણો મંજૂર કરવી :

૧. યુનિવર્સિટી પ્રેસમાં છાપકામ ઉત્પાદન કાર્યક્ષમ બનાવવામાં મુખ્ય અવરોધક એવું મૂળ મેટર "મેન્યુસ્ક્રીપ્ટ" ચોખ્ખું અને મુદ્રણયોગ્ય હોતું નથી, તેવી આ સમિતિને પ્રતીતિ થઈ છે. મેટરમાં પ્રૂફ-કક્ષાએ પાછળથી તેમાં ઘણા ફેરફાર કરવામાં આવે છે, જેના કારણે પ્રેસની કાર્યક્ષમતા અવરોધાય છે. આ પ્રથા બંધ કરવી જોઈએ. કોઈ પણ પ્રૂફમાં મૂળ મેટરમાં ન હોય તેવા સુધારા/ફેરફાર કરવામાં આવે તો કુલસચિવશ્રી અથવા તેઓ જેને સત્તા આપે તેની પરવાનગી સિવાય આવા ફેરફાર/સુધારા કરવાની છૂટ આપવી જોઈએ નહિ. મૂળ મેટરમાં ન હોય તેવા ફેરફાર/સુધારાવધારા પ્રૂફમાં બિલપાત્ર ગણવા.

૨. પ્રૂફ મંજૂર થઈને છાપવા માટે પ્રેસને પરત કરવામાં કયારેક ઘણો વિલંબ થતો હોય છે. તે હકીકત બાબતમાં સમિતિને એમ જણાય છે કે બહારગામ મોકલવામાં આવતાં પ્રૂફ એક અઠવાડિયામાં, તેમ જ સ્થાનિક પ્રૂફ બીજા દિવસે પ્રેસને પરત મળવાં જોઈએ. આ બાબતમાં થતા વિલંબ માટે દર અઠવાડિયા માટે પ્રેસ પાના દીઠ પચાસ પૈસાથી વધુ નહિ તે રીતે સ્ટેન્ડિંગ ચાર્જ લઈ શકે.

૩. કંપોઝ વિભાગમાં હાથથી કંપોઝ કરવાના કંપોઝ કામનું સામાન્ય (નોર્મલ) ઉત્પાદન પ્રતિદિન નીચે પ્રમાણે હોવું જરૂરી છે :

(૧) કંપોઝકામ "સી" પ્રકાર : ૧૨ પોઈન્ટ બોડી ટાઈપ્સમાં સોલિડ રનિંગ કંપોઝ છોડવા સાથે ૩૦૦૦ એમ્સ.

(૨) કંપોઝકામ "બી" પ્રકાર : ઉપરોકત "સી" પ્રકાર કરતાં મિશ્ર પ્રકારનું અંગ્રેજી--ગુજરાતી--હિન્દી-સંસ્કૃત વગેરે તેમ જ સામાન્ય પ્રકારનું વૈજ્ઞાનિક અથવા ગાણિતિક કંપોઝકામ, છોડવા સાથે ૨૨૦૦ એમ્સ.

(૩) કંપોઝકામ "એ" પ્રકાર : ઉપરોકત "સી" તથા "બી" પ્રકાર સિવાયનાં અસામાન્ય એવાં ગણિત, વિજ્ઞાન અને ભાષા વગેરે પ્રકારનું કંપોઝકામ, છોડવા સાથે ૧૮૦૦ એમ્સ.

ઉપર જણાવ્યા પ્રમાણે કંપોઝ ઉત્પાદન સામાન્ય રીતે કંપોઝીટરે આપવું જોઈશે. કામના પ્રકાર તથા ઉત્પાદન સંબંધી નિર્ણય પ્રેસ-મેનેજરનો આખરી ગણાશે.

૪. કંપોઝ વિભાગમાં જતું મૂળ મેટર ભાષાશુદ્ધિ તથા પૂર્ણ "લેઆઉટ" તેમ જ એડિટ થઈને આપવામાં આવે તે ખાસ જરૂરી હોવાથી પ્રૂફ વિભાગના એક સીનિયર અને અનુભવી પ્રૂફરીડરને આ અંગે ખાસ કામ સોંપવું, અને આથી આ વિભાગમાં એક વધારાના પ્રૂફરીડરની રૂ. ૨૧૫—૧૦—૨૮૫ ઈ.બી. ૧૫-૪૫૦ના ગ્રેડમાં જગ્યા ભરવી.

આ પછી સભાનું કામ મુલતવી રાખવા નક્કી કરવામાં આવ્યું હતું અને જે તા. ૨૪--૮--૧૯૭૨ના રોજ પુનઃ મળતાં પ્રેસના મશીન તથા બાઈન્ડિંગ વિભાગનાં મુદ્રણકામોની કાર્યપદ્ધતિ, વર્કલોડ, યંત્રસામગ્રી તથા કર્મચારીઓની સંખ્યા વગેરેની જરૂરિયાતના સંદર્ભમાં આગળ વિચારતાં સિન્ડિકેટને નીચે પ્રમાણે ભલામણો કરવા ઠરાવવામાં આવ્યું હતું :

૬. પ્રેસમાં આંતરિક ભારવહન માટે એક ખાસ પ્રકારની અનુકૂળ ટ્રોલી તથા બહારના વ્યવહાર માટે એક ટ્રોલી તાકીદે વસાવવી.

૭. પ્રેસમાં તમામ યંત્રોની દુરસ્તી તથા યોગ્ય નિભાવ કરી શકે તેમ જ છાપકામ, મશીન વિભાગનું સમગ્ર સંચાલન અને "પ્રી-ઈમ્પોઝિંગ મેક રેડી" કરી શકે તેવા પ્રત્યક્ષ કુશળતા, જ્ઞાન અને અનુભવ ધરાવતા એક મશીન ફોરમૅન-કમ-મિકેનિકની જગ્યા રૂ. ૩૧૩—૧૫—૩૪૩—૨૦—૪૪૩ ઈ.બી. ૨૦—૫૬૩ના ગ્રેડમાં તાકીદે ભરવી. આ જગ્યા માટે લાયકાતનું ધોરણ ઉપરોકત કામ અંગેનો સીધો વિશાળ પ્રત્યક્ષ અનુભવ અને આવડત નક્કી કરવામાં આવે છે.

૮. પ્રેસનાં યંત્રો પૈકી મિલે બેબકોક, સિલિન્ડર મશીન ઘણાં જૂનાં થઈ ગયાં હોવાથી અને વારંવાર દુરસ્ત કરાવવાં જરૂરી બનતાં હોઈ તે વેચી દેવાં.

૯. પ્રેસમાં એક ઓ.એમ. સેકન્ડ પ્રકારનું ઑટોમેટિક મશીન તેના ભારત ખાતેના જી.ડી.આર. એજન્ટ મેસર્સ ઈન્ડો યુરોપા ટ્રેડિંગ કંપની, મુંબઈ પાસેથી તેઓના ભાવે ખરીદવું તથા બે ૧૨" × ૧૮"ની સાઈઝનાં ચેન્ડલર ઍન્ડ પ્રાઈસ ટાઈપનાં ટ્રેડલ મશીનો મેસર્સ ઉમાકાન્ત એન્જિનિયરિંગ વર્કસ, અમદાવાદનાં ઉત્તમ પ્રકારનાં તેમ જ પ્રખ્યાત હોઈ તેમના કંપની ભાવથી ખરીદવાં.

૧૦. મોનોટાઈપ સ્પેર પાર્ટ્સ, વૈજ્ઞાનિક તેમ જ ગાણિતિક કંપોઝની સંજ્ઞાઓની એકસ્ટ્રા મેટ્રીસીઝ, મોલ્ડ, ડાઈકેસ વગેરે એસેસરીઝ વસાવવાં અત્યંત જરૂરી તેમ જ સગવડભરેલ હોઈ, તેની મોનોટાઈપ કૉર્પોરેશન, ઈન્ડિયા પાસેથી તેઓના ભાવથી ખરીદી કરવી.

૧૨. પ્રેસમાં રી-પ્રોડક્શન—રીપીટ વર્કનું પ્રમાણ વધુ રહેતું હોવાથી ઑફસેટમાં "લિથોટેક્ષ" ટ્રેડ માર્કથી પ્રખ્યાત થયેલ મોનોટાઈપ પિકટોરિયલ મશીનરીની નીચે પ્રમાણે યંત્રસામગ્રી ઈક્વિપમેન્ટ ખરીદવા અને ઈન્સ્ટોલ કરવા ભલામણ કરવામાં આવે છે :

(૧) એક પ્રિન્ટિંગ ડાઉન વેકયુમ ફ્રેમ

(૨) એક વર્લર

(૩) એક લાઈનિંગ અપ રીટચિંગ ટેબલ તેમ જ જરૂરી કેમિકલ્સ વગેરે.

૧૩. પ્રેસમાં કરવામાં આવતાં છાપકામો વગેરેના દર અંગેના નીતિવિષયક પ્રશ્ન પરત્વે વિચારણા કરતાં પ્રસ્તુત દર આ સાથેના પરિશિષ્ટ "ક" પ્રમાણે રાખવા ઠરાવવામાં આવે છે.

(પરિશિષ્ટ "ક"ની નકલ આ સાથે સામેલ છે.)

આ પછી કર્મચારીઓની માગણીઓ તથા અન્ય રજૂઆતો બાબતના પ્રેસના વૈયકિતક સ્ટાફ અંગેના પ્રશ્નો પરત્વે લંબાણ ચર્ચાવિચારણા કર્યા પછી નીચે પ્રમાણે ભલામણો કરવા ઠરાવવામાં આવ્યું હતું :

"૧૪. મોનોટાઇપ વિભાગમાં કાયમી ધોરણે નીચે જણાવ્યા પ્રમાણે કર્મચારીઓ નીમવા :

ક્રમાંક	જગ્યાનું નામ	સંખ્યા	ગ્રેડ	લાયકાત
૧.	મોનો-ઓપરેટર	૨	૧૪૯-૪-૨૦૫-૧૧-૨૧૦	અંગ્રેજી, ગુજરાતી વગેરે ભાષામાં ભૂલો વગરનું શુધ્ધ ઓપરેટિંગ, ગુજરાતીમાં ૨૦ હજાર અક્ષર તથા અંગ્રેજીમાં ૨૫ હજાર એક્ષ પ્રતિદિન ઉત્પાદન કુશળતા સાથે. એસ.એસ.સી. ને પ્રથમ પસંદગી.
૨.	કાસ્ટર	૨	૧૧૮--૨--૧૩૮--૩--૧૬૮ ઈ.બી. ૪--૨૦૦	કાસ્ટિંગ મશીનનું ટેકનિકલ નિભાવ અંગેનું જ્ઞાન તથા રિપેરિંગ અને જુદા જુદા પ્રકારના ટાઇપ્સ ઉત્પાદન અંગેનો અનુભવ.

૧૫. પ્રેસના વિવિધ ઉત્પાદનના "સ્ટેટિસ્ટિકસ" નિયમિત તૈયાર રાખવા ને માટે યુનિવર્સિટીના ડેવલપમેન્ટ વિભાગ નીચે એક આ અંગેના ખાસ જાણકાર કલાર્કની નિયુકિત કરવી.

૧૬. મશીન વિભાગમાં જીવ વેકેન્સીની દૃષ્ટિએ વિચારતાં તેમ જ પ્રી-ઈમ્પોઝિંગ મેકરેડી પધ્ધતિ અપનાવી શકાય તે હેતુથી સ્વતંત્ર રીતે મશીન ચલાવી શકે તેવી લાયકાત ધરાવતા બે આસિસ્ટંટ મશીનમેનને કાયમી ધોરણે રૂ. ૧૦૦--૪--૧૪૦ ઈ.બી. ૧૧--૧૮૦ના ગ્રેડમાં નીમવા ભલામણ કરવામાં આવે છે.

૧૭. જરૂરી નાણાકીય વ્યવસ્થા ઉપલબ્ધ થાય ત્યારે તાકીદે પ્રેસ-કર્મચારી માટે જરૂરી રહેઠાણો બાંધવાં તેમ આ સમિતિ ભલામણ કરે છે."

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ સમિતિએ કરેલી નીચેની ભલામણ મંજૂર કરવી અને તેનો અમલ તા. ૧--૧૨--૧૯૭૨થી કરવાનું રાખવું.

"૧૮. ટેમ્પરરી કર્મચારીઓ પૈકી પ્રેસમાં જેઓનાં પ્રોવિડંટ ફંડ કપાતાં હોય તેઓને નીચે જણાવ્યા પ્રમાણે પગારધોરણો આપવા તથા કાયમ કરવા અને પ્રેસના અન્ય સમકક્ષ જગ્યાઓને મળતા લાભ આપવા ભલામણ કરવામાં આવે છે :

જગ્યાનું નામ	પગારધોરણ
(૧) જુનિયર કંપોઝીટર	... રૂ. ૧૦૪--૧૧--૧૫૪ ઈ.બી. ૫--૧૭૯
(૨) કોપીહોલ્ડર	... રૂ. ૧૧૮--૭--૧૮૧ ઈ.બી. ૮--૨૦૫
(૩) જુનિયર બાઈન્ડર	... રૂ. ૬૪-૧૧--૧૪૪--૭--૧૫૮
(૪) હેલ્પર	... રૂ. ૮૪--૪--૧૨૪.

૨૧. પ્રસ્તુત નોંધના મુદ્દા નં. ૧ તથા ૨માં ઉલ્લેખ કર્યા પ્રમાણેના પ્રસંગો બિલપાત્ર ગણવા, પણ તેની અલગ નોંધ રાખવી.

૨૫. પ્રસ્તુત નોંધમાં મુદ્દા ક્રમાંક ૪, ૭, ૧૪, ૧૬ અને ૧૮માં ઉલ્લેખાયેલ પગારધોરણો પ્રસ્તુત નોંધના મુદ્દા ક્રમાંક ૨૩ અન્વયે સુધરે ત્યારે જે તે પગારધોરણ પણ અન્ય સમકક્ષ પ્રમાણે રાખવાં."

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ સમિતિએ કરેલી નીચેની ભલામણોની વિચારણા મોકૂફ રાખવી :

"૧. મુખ્ય ઉત્તરવહીઓ અત્યારે જે ૧૨ પાનાંની, એમ્બોસિંગ તથા બે સ્ટિચિંગ પિનની બનાવવામાં આવે છે તેમાં ઉત્પાદનની દૃષ્ટિએ વપરાતી યંત્ર તેમ જ માનવશક્તિની કરકસર કરી શકાય તથા ઉત્પાદન સરળ બને તે દૃષ્ટિએ મુખ્ય ઉત્તરવહી ૮ પાનાંની બનાવવી જોઈએ તથા તેની ઉપરનું એમ્બોસિંગ રદ કરવું તથા એક સ્ટિચિંગ પિન અથવા ગમિંગ કરવું.

૨૨. યુનિવર્સિટી પ્રેસના સુસંચાલન માટે પ્રેસ-મૅનેજરને આ સાથેના પરિશિષ્ટ "ખ" પ્રમાણે સત્તાઓ આપવી તેમ ભલામણ કરવામાં આવે છે.

(નોંધ—પરિશિષ્ટ "ખ"ના મુદ્દા ૭ તથા ૭--એ ને વધુમતે નકકી કરવામાં આવેલ.)

૨૬. પ્રેસ-કર્મચારીઓનું "ડ્યુટી લિસ્ટ" સમિતિ સમક્ષ રજૂ કરવામાં આવ્યું હતું જે આગળ ઘટતી વિચારણા કરવા સિન્ડિકેટ સમક્ષ મૂકવા સૂચવવામાં આવે છે.

(સદરહુ "ડ્યુટી લિસ્ટ" પરિશિષ્ટ "ગ" તરીકે આ સાથે સામેલ છે.)"

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ સમિતિએ કરેલી નીચેની ભલામણની નોંધ લેવી :

"૧૧. કંપોઝ વિભાગમાં ૨૦" × ૩૦"ની સાઈઝનું એક ઑટોમેટિક પ્રૂફ મશીન, મેસર્સ ઉમાકાન્ત એન્જિનિયરિંગ વર્કસે આ પ્રકારનું મશીન બનાવેલ હોઈ તેમની પાસેથી ખરીદવું."

સદરહુ સમિતિએ કરેલી નીચેની ભલામણ અંગે બાબત નં. ૧૧થી કરેલા ઠરાવ જોતાં તે અંગે વિશેષ વિચારણા કરવાપણું રહ્યું નહીં :

"૧૯. પ્રેસ-કર્મચારીઓની યુનિવર્સિટીના કર્મચારીઓની માફક વાસ્તવિક ધોરણે તા. ૧--૭--૧૯૬૮થી સાઈકલભથ્થું મૂળ પગારમાં ભેળવવાની વિનંતી મંજૂર કરવા ભલામણ કરવામાં આવે છે."

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ સમિતિએ કરેલી નીચેની ભલામણ સ્વીકારવી તથા તે અંગે ઑર્ડિ. ૬૨-ડી ની પેટાકલમ(૯)માં જરૂરી સુધારો કરવા માટેની કાર્યવાહી કરવી :

"૨૦. પ્રેસલાઈન અંગેના ટેકનિકલ વ્યવહારોને ખ્યાલમાં લેતાં પ્રેસ-મૅનેજરને ટેન્ડર વગર રૂ. ૨૫૦ સુધીની ખરીદી તથા ટેન્ડર કોટેશન સાથે રૂ. ૧,૦૦૦ની ખરીદી કરવાની સત્તા આપવી તેમ ભલામણ કરવામાં આવે છે."

વધુમાં તેના સંદર્ભમાં ઠરાવવામાં આવ્યું કે ઑર્ડિ. ૬૨-ડી ની પેટાકલમ (૨) સુધારવા માટે પણ જરૂરી કાર્યવાહી કરવી.

સદરહુ સમિતિએ કરેલી નીચેની ભલામણ અંગે નીચે મુજબ ઠરાવવામાં આવ્યું :

"૨૩. યુનિવર્સિટી પ્રેસ-કર્મચારીઓ તરફથી તેઓનાં પગારધોરણ સુધારવા અંગે કરવામાં આવેલ રજૂઆત પરત્વે વિચારણા હાથ ધરવામાં આવેલ. લંબાણ ચર્ચાવિચારણાને અંતે આ સમિતિના સભ્યોમાં એક

મંતવ્ય એ હતું કે 'શહેરના અન્ય સ્થાનિક પ્રેસોની સરખામણીમાં યુનિવર્સિટી પ્રેસ-કર્મચારીઓનાં પગારધોરણો વાજબી જણાય છે' છતાં યુનિવર્સિટીના અન્ય વિભાગોની રચના ગુજરાત સરકારના કર્મચારીઓનાં હાલનાં પગારધોરણોને ખ્યાલમાં લઈને વિચારવામાં આવે છે, તે જોતાં યુનિવર્સિટી પ્રેસ-કર્મચારીઓને ઉત્પાદન ક્ષેત્રે યોગ્ય સહકાર સાંપડી શકે તે દૃષ્ટિએ વિચારતાં પ્રેસ-કર્મચારીઓને સરકારી પ્રેસના ધોરણે પગારધોરણો આપવાં તેમ ભલામણ કરવામાં આવે છે.

(આ પ્રમાણે નક્કી કરવામાં આવે તો પ્રથમ વર્ષે અંદાજે રૂ. ૨,૦૦૦ જેટલો અને બીજા વર્ષે અંદાજે રૂ. ૪,૫૦૦ જેટલો આર્થિક બોજ યુનિવર્સિટી ઉપર વધશે.)

આ તબક્કે સમિતિમાં બીજું એક મંતવ્ય એ હતું કે સને ૧૯૫૮થી આજદિન સુધીમાં પ્રેસ-મૅનેજર, આસિ. પ્રેસ-મૅનેજર, પ્રૂફરીડર અને કૉપીહોલ્ડરની આઠ જગ્યાઓનાં તથા પ્રેસના કારકૂનની ચાર જગ્યાઓ સિવાય બાકીના લગભગ ૫૮ જેટલા પ્રેસ-કર્મચારીઓનાં પગારધોરણોમાં કોઈ ફેરફાર થયો નથી. જ્યારે પ્રેસની સ્થાપના ૧૯૫૮થી માંડીને આ ચૌદ વર્ષના ગાળામાં યુનિવર્સિટીના અન્ય કર્મચારીઓનાં પગારધોરણોમાં બેથી ત્રણ વખત સુધારા થયા છે. યુનિવર્સિટીના અન્ય કર્મચારીઓનાં પગારધોરણો સુધારતી વખતે સામાન્યતઃ મુંબઈ યુનિવર્સિટીનાં પગારધોરણો ધ્યાનમાં લેવાયાં છે. આ હકીકત લક્ષમાં લઈને વિચારતાં મુંબઈ યુનિવર્સિટીનાં પગારધોરણ યુનિવર્સિટી પ્રેસ માટે અપનાવાય તો, ગુજરાત યુનિસર્સિટીના પ્રેસ સિવાયના અન્ય કર્મચારીઓનું સમકક્ષ પગારધોરણ અને ગુજરાત સરકારના પ્રેસ-કર્મચારીઓનું સમકક્ષ પગારધોરણ, તેની સરખામણીમાં, મધ્યમમાર્ગી નિર્ણય ગણાશે એટલું જ નહિ, પણ ગુજરાત રાજ્ય સરકારી પ્રેસ-કર્મચારીઓનું પગારધોરણ અપનાવાય તો યુનિવર્સિટી પ્રેસના ૧૨ ટકા કર્મચારીઓને ફાયદો થાય, જ્યારે મુંબઈ યુનિવર્સિટીનું પગારધોરણ અપનાવાય તો ગુજરાત યુનિવર્સિટી પ્રેસના ૮૨ ટકા કર્મચારીઓને ફાયદો થશે. આ કારણે બીજા વર્ષે એક કર્મચારી દીઠ વાર્ષિક સરેરાશ રૂ. ૧૦૦—૦૦ જેટલો બોજો પણ આવશે નહિ. આ હકીકત ધ્યાનમાં લઈએ તો સને ૧૯૫૮થી જે કર્મચારીઓનાં પગારધોરણોમાં કોઈ જાતનો ફેરફાર કે વધારો થયો નથી તેમના માટે આ બોજો યુનિવર્સિટી ઉપાડે તે વાજબી લેખાશે. પ્રેસ-કર્મચારીઓને ફેક્ટરી ઍક્ટનો લાભ મળે છે તે ધ્યાનમાં રાખીને ગુજરાત યુનિવર્સિટી કર્મચારીઓની સમકક્ષ પગારધોરણ ભલામણ ન કરતાં મુંબઈ યુનિવર્સિટીનું પગારધોરણ ભલામણપાત્ર છે.

(ઉપર્યુકત બીજા મંતવ્યની રજૂઆત પછી પ્રથમ મંતવ્ય રજૂ કરનાર સભ્યોનું સૂચન હતું કે બીજા મંતવ્યમાં ઉલ્લેખ કરેલ કર્મચારીઓના ફાયદા અંગેની સરખામણીની ટકાવારીની ચકાસણી થાય તથા તેમાં સીલિંગનાં પગારધોરણો પણ ચકાસાય.)"

(૧) આથી ઠરાવવામાં આવે છે કે નીચેની જગ્યાઓ માટે તેમનાં નામ સામે જણાવેલ પગારધોરણો નિયત કરવાં :

(અ) હેડકંપોઝીટર	રૂ.	૧૪૫--૧૫૦--૮--૨૩૦ ઈ.બી. ૧૨--૩૫૦
(બ) હેડબાઈન્ડર	રૂ.	૧૪૫--૧૫૦--૮- ૨૩૦ ઈ.બી. ૧૨--૩૫૦
(ક) હેલ્પર	રૂ.	૮૫--૪--૧૪૫.

(૨) વધુમાં ઠરાવવામાં આવે છે કે નીચેની જગ્યાઓ માટેનાં પગારધોરણો સમિતિની ભલામણોને અનુલક્ષીને સુધારવા માટે જરૂરી ચર્ચાવિચારણા કરવા માટે તે બાબત આ સભાગૃહ સમક્ષ રજૂ કરવાનું રાખવું :

કૉપી હોલ્ડર
જૂનિયર કંપોઝીટર

બોલરમૅન
ગેલીમૅન
કૉપી હોલ્ડર (૨)
આસિસ્ટન્ટ બાઈન્ડર
કંપોઝીટર
મશીનમૅન
જુનિયર બાઈન્ડર.

(૩) વધુમાં ઠરાવવામાં આવે છે કે ઉપર નં. (૨) અંગે જરૂરી નિર્ણય થયેથી તેનો અમલ તા. ૧--૧૨--૧૯૭૨થી કરવાનું રાખવું અને તેની સાથે ઉપર નં. (૧)માં જણાવેલ પગારધોરણો પણ તા. ૧--૧૨--૧૯૭૨થી અમલમાં આવે તે પ્રમાણે સુધારવાનું રાખવું.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ સમિતિએ કરેલી નીચેની ભલામણ મંજૂર કરવી તથા તેનો અમલ નવા પ્રેસ-મૅનેજરની નિમણૂક થયેથી કરવાનું રાખવું :

"૨૪. યુનિવર્સિટી પ્રેસ-વ્યવસ્થાપકનું પગારધોરણ સરકારી પ્રેસના પ્રેસ-વ્યવસ્થાપક સમકક્ષ રૂ. ૮૫૦--૫૦--૧,૦૦૦ ઈ.બી. ૫૫--૧.૨૭૫ તથા આસિ. પ્રેસ-મૅનેજરનું પગારધોરણ આસિ. રજિસ્ટ્રાર સમકક્ષ રૂ. ૫૧૨--૨૦--૬૧૨--૩૦--૩૬૨ ઈ.બી. ૪૦--૮૮૨ નક્કી કરવા ભલામણ કરવામાં આવે છે. પ્રેસ-વ્યવસ્થાપકનું લાયકાત ધોરણ ગ્રેજ્યુએટ અને પાંચ વર્ષનો પ્રેસ-વ્યવસ્થાપક તરીકેનો અનુભવ; ડિપ્લોમા ઈન પ્રિન્ટિંગ અને પ્રેસ-વ્યવસ્થાપક તરીકેનો ત્રણ વર્ષનો અનુભવ રાખવું તેમ સૂચવવામાં આવે છે."

(સદરહુ સમિતિના અહેવાલની નકલ પરિશિષ્ટ "ઝ" તરીકે સામેલ છે.)

૧૩૪. યુનિવર્સિટીના જુદા જુદા વિભાગો માટે ૧૪૯ સીલિંગ ફેન ખરીદવા અંગે મંગાવેલાં ટેન્ડરો ઉપર વિચારણા કરવા બાબત.

(**નોંધ.**— વેપારીઓએ ડી. જી. એસ. અને ડી.ના ભાવ આપેલા છે, પરંતુ તે ભાવ તા. ૧૫--૧૧--૧૯૭૨ પછી લાગુ પડશે નહિ; તો તે પહેલાં આ અંગે નિર્ણય લેવાની જરૂર છે.)

આથી ઠરાવવામાં આવે છે કે ઉપર મુજબ કુલ ૧૪૯ પંખા ઓરિયેન્ટ ટ્રેડિંગ કંપની પાસેથી રૂ. ૨૭૦ (ટેક્ષ સાથે) યુનિવર્સિટી ડિલિવરીના ભાવે ખરીદવા અને તે માટે રૂ. ૪૦,૨૩૦નું ખર્ચ મંજૂર કરવું.

૧૩૫. જુનિયર કલાર્ક શ્રી. પી. જે. ત્રિવેદીની પોતાના પદાધિકાર (lien)ની મુદત વધુ છ માસ માટે લંબાવવાની તેમની તા. ૧૦-૧૧-૧૯૭૨ની અરજી પર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે જુનિયર કલાર્ક શ્રી. પી. જે. ત્રિવેદીના પદાધિકારની મુદત તા. ૩૧--૫--૧૯૭૩ સુધી લંબાવવી.

૧૩૬. યુનિવર્સિટીના ડ્રાઈવરો શ્રી. ગોવિંદસિંહ પરમાર અને શ્રી. કરશનદાસ કડિયાની કામગીરીનો પ્રકાર જોતાં તેમને તે અંગે વધારાનું ભથ્થું આપવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે યુનિવર્સિટીના ડ્રાઈવરો શ્રી. ગોવિંદસિંહ પરમાર અને શ્રી. કરશનદાસ કડિયાને, તેમને દિવસે અને રાત્રે ગમે તે સમયે પોતાની ફરજો બજાવવાની હોય છે તે લક્ષમાં લઈને તેમને માસિક રૂ. ૨૫નું ભથ્થું અંગત ભથ્થા તરીકે આપવું.

૧૩૭. મોટરકાર ખરીદવા માટે કુલસચિવ શ્રી. કં. ચં. પરીખને લોન આપવા અંગે વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે મોટરકાર ખરીદવા માટે કુલસચિવ શ્રી. કં. ચં. પરીખને યુનિવર્સિટીનાં ધારાધોરણને આધીન, મોટરકારની ખરીદ કિંમતના ૮૦ ટકા જેટલી લોન મંજૂર કરવી.

૧૩૮. નીચેના વિષયોના શિક્ષણકાર્ય માટે શિક્ષકોના પરિસંવાદો યોજવા માટે ચાપાણીનું ખર્ચ મંજૂર કરવા બાબત :

અર્થશાસ્ત્ર, રસાયણવિજ્ઞાન અને એમ.કૉમ.નું શિક્ષણકાર્ય.

આથી ઠરાવવામાં આવે છે કે અર્થશાસ્ત્ર, રસાયણવિજ્ઞાન તથા એમ.કૉમ.ના શિક્ષણકાર્ય અંગે પરિસંવાદ યોજવા માટે પ્રત્યેક પરિસંવાદ દીઠ ચાપાણી માટે રૂ. ૨૦૦ જેટલો અંદાજી ખર્ચ મંજૂર કરવો.

તે પછી સભાનું કામકાજ પૂરું થયું હતું.

નં. સિ./૩૦૭૮૬/૧૯૭૨
ગુજરાત યુનિવર્સિટી કાર્યાલય,
અમદાવાદ--૯.
ડિસેંબર ૭, ૧૯૭૨.

કં. ચં. પરીખ
કુલસચિવ.

પરિશિષ્ટ "ક/૧"
કામકાજ ક્રમાંક ૨૧

સ્ટેન્ડિંગ કમિટી ઑન ઈક્વિવેલેન્સ ઑફ એકઝામિનેશન્સની એક સભા ગુરુવાર, તા. ૧૪--૯--૧૯૭૨ના રોજ બપોરે ૧૨--૩૦ વાગ્યે યુનિવર્સિટી કાર્યાલયમાં મળી હતી, જેમાં સભ્યોની હાજરી નીચે પ્રમાણે હતી :

૧. શ્રી. ઉમાશંકર જેઠાલાલ જોશી, કુલપતિશ્રી	હાજર
૨. શ્રી. આર. વી. શાસ્ત્રી, ડીનશ્રી, વિનયન વિદ્યાશાખા	ગેરહાજર
૩. શ્રી. વી. એ. વ્યાસ, ડીનશ્રી, વિજ્ઞાન વિદ્યાશાખા	હાજર
૪. ડૉ. ઓ. પી. ગુપ્તા, ડીનશ્રી, તબીબી વિદ્યાશાખા	ગેરહાજર
૫. શ્રી. બી. એમ. પીરઝાદા, ડીનશ્રી, વાણિજ્ય વિદ્યાશાખા	હાજર
૬. ડૉ. સી. એમ. શાહ, ડીનશ્રી, ફાર્મસી વિદ્યાશાખા	હાજર
૭. શ્રી. ડી. ડી. દેસાઈ, ડીનશ્રી, કાયદા વિદ્યાશાખા	હાજર
૮. શ્રી. એસ. બી. ખંડ્યા, ડીનશ્રી, આયુર્વેદ વિદ્યાશાખા	ગેરહાજર
૯. શ્રી. સી. પી. ભોઘાની, ડીનશ્રી, દંત વિદ્યાશાખા	ગેરહાજર
૧૦. શ્રી. એ. કે. ઝવેરી, ડીનશ્રી, કૃષિ વિદ્યાશાખા	ગેરહાજર
૧૧. શ્રી. ટી. એમ. પરીખ, ડીનશ્રી, ઈજનેરી વિદ્યાશાખા	ગેરહાજર.

૧. તા. ૫--૪--૧૯૭૨ના રોજ મળેલ સભાના કામકાજની નોંધને બહાલી આપવા બાબત.

તા. ૫--૪--૧૯૭૨ના રોજ મળેલ સભાના કામકાજની નોંધને મંજૂર કરવામાં આવી અને તે ઉપર કુલપતિશ્રીએ સહી કરી.

૨. રાંચી યુનિવર્સિટીની કોઈ પણ વિદ્યાશાખાની પદવી પરીક્ષા ઉત્તીર્ણ કરનાર વિદ્યાર્થીને આ યુનિવર્સિટીમાં ફર્સ્ટ એલએલ.બી.ના વર્ગ માટે પ્રવેશપાત્ર ગણવા અંગે વિચારણા કરવા બાબત.

લૉ વિદ્યાશાખાના ડીનશ્રીનો અભિપ્રાય

"ડિગ્રી પરીક્ષા પાસ કર્યા પછી એલએલ.બી.માં પ્રવેશ મળી શકે એટલે રાંચી યુનિવર્સિટીની ડિગ્રી પરીક્ષા ગુજરાત યુનિવર્સિટીની ડિગ્રી સાથે સમકક્ષ ન ગણી હોય તોપણ ઍડહૉક ધોરણે પ્રવેશપાત્ર ગણી શકાય."

આથી ઠરાવવામાં આવે છે કે રાંચી યુનિવર્સિટીની વિનયન, વિજ્ઞાન અને વાણિજ્ય વિદ્યાશાખાની પ્રથમ પદવી પરીક્ષા ઉત્તીર્ણ કરનાર વિદ્યાર્થીને આ યુનિવર્સિટીમાં ફર્સ્ટ એલએલ.બી.ના વર્ગ માટે પારસ્પરિક માન્યતા આપવાના ધોરણે માન્ય ગણવા ઍકેડેમિક કાઉન્સિલને ભલામણ કરવી.

૩. મરાઠવાડા યુનિવર્સિટી, ઔરંગાબાદ તરફથી લેવામાં આવતી નીચે જણાવેલ પરીક્ષાઓને આ યુનિવર્સિટીની જે તે પરીક્ષાઓ તુલ્ય માન્ય કરવા અંગે તે યુનિવર્સિટી તરફથી આવેલ તા. ૧૫-૩-૧૯૭૧ના પત્રાંક-એક્ષ--ઇક્વિ. ૧૪-૭૦/૭૧-૧૧૩૯૧૦ પર વિચારણા કરવા બાબત :

બી.ઈ. (સી.,એમ. એન્ડ ઈ.); એમ.ઈ. (સી.,એમ.એન્ડ ઈ.), એમ.એડ.; એમ.કોમ.; એમ.એસસી.; એમ.ડી.; એમ.એસ.; ડી.એ.; ડી.સી.એચ. અને ડી.જી.ઓ.

એન્જિનિયરિંગ વિદ્યાશાખાના ડીનશ્રીનો અભિપ્રાય

"B.E. (C., M. & E.) four years course Bachelors Degree from Marathawada University could be broadly considered equivalent to that awarded by Gujarat University. The Degree of M.E. (Civil) Soil Engineering and Structural Engg. and M.E. (Electrical) Power System of Marathawada University can be c o nsidered as equivalent to M.E. (Civil) and M.E. (Electrical) degree respectively of Gujarat University on reciprocal basis.

However M.E. (Mechanical) Design of that University cannot be considered as equivalent to M.E. (Mechanical) Heat Power of our University."

વિનયન વિદ્યાશાખાના ડીનશ્રીનો અભિપ્રાય

" The M.Ed. Examination of Marathawada University may be considered as equivalent to M.Ed. Examination of Gujarat University."

વાણિજ્ય વિદ્યાશાખાના ડીનશ્રીનો અભિપ્રાય

" M.Com. examination of the Marathawada University may be recognised as equivalent to our M.Com. Examination but the recognition should be given after examining each individual case :

(1) The candidate must have obtained 36% or more marks in each paper.

(2) For M.Com. II the optional papers offered by the candidate should be such that they cover major part of our syllabus. "

વિજ્ઞાન વિદ્યાશાખાના ડીનશ્રીનો અભિપ્રાય

" M.Sc. of Marathawada University can be considered equivalent to our M.Sc. Part II Examination but special papers at the final examination must be taken into consideration. "

મેડિકલ વિદ્યાશાખાના ડીનશ્રીનો અભિપ્રાય

"M.D.,M.S., D.A., D.C.H. and D.G.O. examinations of the Marathawada University are equivalent to the syllabus of the corresponding examinations of our University and hence above examinations of the Marathawada University are recommended for recognition as equivalent examinations of the corresponding examinations of our University. "

આથી ઠરાવવામાં આવે છે કે મરાઠવાડા યુનિવર્સિટી, ઔરંગાબાદની બી.ઈ. (સી.,એમ.,ઈ.), એમ.એડ., એમ.એસસી., એમ.ટી., એમ.એસ., ડી.એ., ડી.સી.એચ. અને ડી.જી.ઓ. (મેડિકલ પરીક્ષાઓ ઈન્ડિયન મેડિકલ કાઉન્સિલે માન્ય કરી હોય તો) પદવી પરીક્ષાઓને આ યુનિવર્સિટીની બી.ઈ. તે સમકક્ષ પરીક્ષાઓ તુલ્ય પારસ્પરિક ધોરણે માન્ય કરવા એકેડેમિક કાઉન્સિલને ભલામણ કરવી.

વધુમાં ઠરાવવામાં આવ્યું કે આ યુનિવર્સિટીની એમ.કોમ. પદવી પરીક્ષા ઉત્તીર્ણ કરી આગળ અભ્યાસ માટે આવતા વિદ્યાર્થીઓના કેસોમાં વિદ્યાર્થીની વ્યક્તિગત અરજી વિચારીને પ્રવેશ આપવાનું વિચારવાનું રાખવું.

૪. (અ) પોન્ટિફિશિયલ એથેન્યુઅમ, પૂનામાંથી ફિલોસોફીનો ત્રણ વર્ષનો અભ્યાસક્રમ કરી આ યુનિવર્સિટીમાં પ્રવેશ મેળવનાર વિદ્યાર્થીને વિનયન વિદ્યાશાખાના કયા વર્ગમાં પ્રવેશપાત્ર ગણવા તે અંગે વિચારણા કરવા બાબત.

(બ) વિદ્યાર્થી શ્રી. રોબર્ટ પરમારને ફર્સ્ટ બી.એ.ના વર્ગ માટે તદર્થ ધોરણે પ્રવેશપાત્ર ગણીને એલિજિબિલિટી સર્ટિફિકેટ આપ્યાના કુલપતિશ્રીના કાર્યની નોંધ લેવા બાબત.

(અ) આથી ઠરાવવામાં આવે છે કે પોન્ટિફિશિયલ એથેન્યુઅમ, પૂનામાંથી ફિલોસોફીનો ત્રણ વર્ષનો અભ્યાસક્રમ કરી આવનાર વિદ્યાર્થીને હવે તે સંસ્થામાં કરેલા અભ્યાસના ધોરણે પ્રવેશપાત્ર ગણવા નહિ, એમ એકેડેમિક કાઉન્સિલને ભલામણ કરવી.

(બ) શ્રી. રોબર્ટ પરમારને ફર્સ્ટ બી.એ.ના વર્ગ માટે તદર્થ ધોરણે એલિજિબિલિટી સર્ટિફિકેટ આપ્યાના કુલપતિશ્રીના કાર્યની નોંધ લેવી.

૫. સિન્ડિકેટે તેની તા. ૧૫-૪-૧૯૭૨ની સભામાં ઈન્ડિયન સ્કૂલ સર્ટિફિકેટ પરીક્ષાની માન્યતા અંગે અન્ય યુનિવર્સિટીમાંથી માહિતી મેળવીને યોગ્ય નિર્ણય લેવાની કુલપતિશ્રીને સત્તા આપ્યાના આધારે, મુંબઈ યુનિવર્સિટીનાં ધોરણો મુજબ આ પરીક્ષાની સમકક્ષતા નક્કી કર્યાના કુલપતિશ્રીના કાર્યની નોંધ લેવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે ઈન્ડિયન સ્કૂલ ઑફ સર્ટિફિકેટ પરીક્ષાને નીચેના ધોરણ મુજબ પ્રી-યુનિ. વિનયન, વિજ્ઞાન કે વાણિજ્ય પરીક્ષા સમકક્ષ ગણી આ યુનિવર્સિટીની એફ.વાય.બી.એ., એફ.વાય.બી.એસસી. કે એફ.વાય.બી.કોમ.ના વર્ગમાં પ્રવેશપાત્ર ગણવાનું રાખવું.

For Admission to F.B.A. Class :

"If passed with at least five subjects in the First or Second Division with English Language as one of the subjects and any three subjects from the following elective subjects from Group I (Humanitities) viz. (*a*) English, literature, (*b*) History, (*c*) Geography, (*d*) A Classical Language. (*e*) Mathematics with Additional Mathematics, (*f*) An approved Modern Language".

For admission to the F.B.Sc., Pre-Medical and Pre-Engineering classes :

If passed with the following subjects :

1. English
2. Mathematics (Advance)
3. Physics
4. Chemistry
5. Biology.

If however the candidate has passed the said examination either with Mathematics or Biology and with Physics, Chemistry and English he will be considered eligible for admission to F.B.Sc. class only provided he appeares and passes in Mathematics or Biology, as the case may be, at the Pre-Uni. Sc. Examination of this University simultaneously with F.Y.B.Sc., examination wich he has not offered at the said examination.

3. For admission to the First B.Com. Class :

(*i*) "If passed with at least five subjects with English Language as one of the subjects and with any three subjects from the following Elective subjects from Group III Commerce :

(1) Commercial studies, (2) Commerce, (3) Principles of Accounts, (4) Geography and obtained credits in each of the three elective subjects offered at the examination ".

OR

(*ii*) "If passed in the first division with at least five subjects with English Language as one of the subjects and any three subjects from the following elective subjects from Group III Commerce :

(1) Commercial Studies, (2) Commerce, (3) Principles of Accounts, (4) Geography and obtained credits in at least two of the three elective subjects offered at the examination ".

4. Candidates passing the Indian School Certificate examination of the cambridge University with a minimum of five subjects including English Language will be deemed eligible for admission to the Pre-Uni. Arts or Pre-Uni. Commerce Class in this University.

5. Candidates passing the Indian School Certificate Examination with a minimum of five subjects including English Language will be deemed eligible for admission to the Pre-Uni. Science class in this University provided they satisfy one or the other of the following additional conditions:

(*a*) that they have passed in the subjects of (1) Physics, (2) Chemistry and Mathematics.

(*b*) that they have passed with Mathematics with Additional Mathematics, Physics and Chemistry.

(*c*) that they have appeared with Physics, Chemistry and Mathematics with Additional Mathematics and have passed in two of these subjects with credits.

૬. અવધેશ પ્રતાપસિંઘ યુનિવર્સિટી, રેવા (મધ્યપ્રદેશ)ની બી.એડ., એલએલ.એમ. અને બૅચલર ઑફ લાઇબ્રેરી સાયન્સ પરીક્ષાઓને આ યુનિવર્સિટીની જે તે સમકક્ષ પરીક્ષાઓ તુલ્ય પરસ્પરના ધોરણે માન્ય કરવા અંગે તે યુનિવર્સિટીના કુલસચિવશ્રી તરફથી આવેલ તા. ૯--૧૧--૧૯૭૧ ના પત્રાંક એ. ડી. એમ. એન. ૫૦-૩-૧૯૭૧ --૬૩૯૪ પર વિચારણા કરવા બાબત :

વિનયન વિદ્યાશાખાના ડીનશ્રીનો અભિપ્રાય

" The B.Ed. Examination of the Awadesh Pratapsingh Vishwavidyalaya, Rewa (M.P.) can be recognised as equivalent to the B.Ed. Degree examination of our University. "

લૉ વિદ્યાશાખાના ડીનશ્રીનો અભિપ્રાય

" LL.M. Degree of Awadesh Pratapsingh University, Rewa may be considered equivalent to our LL.M. Degree. "

અધ્યક્ષશ્રી, ગુજરાત યુનિવર્સિટીના લાઇબ્રેરિયનનો અભિપ્રાય

" There is no harm in granting equivalence of their B.Lib. Sc. course to that of our University. "

આથી ઠરાવવામાં આવે છે કે અવધેશ પ્રતાપસિંઘ યુનિવર્સિટી, રેવા (મ.પ્ર.)ની બી.એડ., એલએલ.એમ. અને બૅચલર ઑફ લાઇબ્રેરી સાયન્સની પદવી પરીક્ષાઓને આ યુનિવર્સિટીની જે તે સમકક્ષ પરીક્ષાઓ તુલ્ય પારસ્પરિક ધોરણે માન્ય કરવા એકેડેમિક કાઉન્સિલને ભલામણ કરવી.

૭. રિજિયોનલ કૉલેજ ઑફ એજ્યુકેશન, ભોપાલ દ્વારા લેવામાં આવતી નીચેની પરીક્ષાઓને માન્ય કરવા અંગે તે કૉલેજના આચાર્યશ્રી તરફથી આવેલ તા. ૪--૯--૧૯૭૧ના પત્રાંક એફ-૧ (એસ.ડી.) ૫૪૭૩ પર વિચારણા કરવા બાબત:

(1) B.Sc., B.Ed. Course
(2) B.A., B.Ed. Course
(3) B.Com.,B.Ed. Course
(4) B.Tech. Ed. Course
(5) B.Ed. one year course
(6) Summer school cum correspondence (B.Ed.), and
(7) M.Ed.

[નોંધ.—(૧) રિજિયોનલ કૉલેજ ઑફ એજ્યુકેશન, ભોપાલ એ ભોપાલ યુનિવર્સિટી સંલગ્ન કૉલેજ છે તેમ તેમના ઉપરોકત પત્રમાં દર્શાવેલ છે અને પરીક્ષાઓ ઉપરોકત કૉલેજ લે છે તેમ પણ પત્રમાં દર્શાવેલ છે.

(૨) રિજિયોનલ કૉલેજ ઑફ એજ્યુકેશન, ભોપાલ દ્વારા લેવામાં આવતી પરીક્ષાઓની માન્યતા બાબતમાં મુંબઈ યુનિવર્સિટીમાં પુછાવેલ. મુંબઈ યુનિવર્સિટીએ પરીક્ષાઓ માન્ય કરેલ નથી તેમ જણાવેલ છે.

યુનિવર્સિટી સ્કૂલ ઑફ્ મનોવિજ્ઞાન, એજ્યુકેશન અને ફિલોસોફીના અધ્યક્ષશ્રીનો અભિપ્રાય (શ્રી. કે. જી. દેસાઈ)

"The following courses of the Regional college of Education, Bhopal which is affiliated to Bhopal University, Bhopal may be given equivalence to our corresponding degrees as they are regular and full time courses :

1. B.Sc.,B.Ed.
2. B.A.,B.Ed.
3. B.Com.,B.Ed.
4. B.Tech. Education Course
5. B.Ed. one year course

} Equivalent to our B.Ed. Course

7. M.Ed. ... Equivalent to our M.Ed. Course

No. 6 Summar school-cum-correspondence course (B.Ed.) is a course run by correspondence and practice-teaching is left to the mercy of the Head-Masters of the Schools where the candidates are serving. It has therefore become S.T.C. level course and in no case can it be equitted with our B.Ed. Course where lessons are to be guided and are supervised by the college staff.

I therefore do not recommend equivalance to this sub-standard B.Ed. correspondence course."

વિનયન વિદ્યાશાખાના ડીનશ્રીનો અભિપ્રાય

"રિજિયોનલ કૉલેજ ઑફ્ એજ્યુકેશન, ભોપાલના નીચે દર્શાવેલ—

૧. બી.એસસી., બી.એડ. કોર્સ
૨. બી.એ., બી.એડ. કોર્સ
૩. બી.કૉમ., બી.એડ. કોર્સ
૪. બી.ટેક. એડ. કોર્સ
૫. બી.એડ. એક વર્ષ સાયન્સ, કૉમર્સ, એગ્રિકલ્ચર અને ભાષા કોર્સ
૬. સમર સ્કૂલ કોરસ્પોન્ડન્સ કોર્સ
૭. એમ.એડ. કોર્સ.

અભ્યાસક્રમોને આ યુનિવર્સિટીની જે તે પરીક્ષા એટલે કે બી.એડ. અને એમ.એડ. ને તુલ્ય ગણી શકાય. પરંતુ નં. ૬ માં દર્શાવેલ સમર સ્કૂલ-કમ-કોરસ્પોન્ડન્સ કોર્સને બી.એડ. તુલ્ય ગણી શકાય નહીં."

આથી ઠરાવવામાં આવે છે કે રિજિયોનલ કૉલેજ ઑફ્ એજ્યુકેશન, ભોપાલની બી.એ., બી.એડ.; બી.એસસી., બી.એડ.; બી.કૉમ , બી.એડ.; બી.એડ. (એક વર્ષનો અભ્યાસક્રમ) અને એમ.એડ. પદવી પરીક્ષાઓને માન્ય કરવા અંગે એકેડેમિક કાઉન્સિલને ભલામણ કરવી.

વધુમાં ઠરાવ્યું કે બી.ટેક. એજ્યુકેશન કોર્સ અને સમર સ્કૂલ-કમ-કોરસ્પોન્ડન્સ (બી.એડ.) પરીક્ષાઓને માન્ય કરવી નહીં એમ એકેડેમિક કાઉન્સિલને ભલામણ કરવી.

૮. ગવર્નમેન્ટ ઑફ ટાન્ઝાનિયા તરફથી લેવામાં આવતી નેશનલ ફૉર્મ ૪ (National Form IV)ની પરીક્ષાને ગુજરાત રાજ્યની એસ.એસ.સી. પરીક્ષા તુલ્ય ગણીને આ યુનિવર્સિટીમાં આગળ અભ્યાસ કરવા આવતા વિદ્યાર્થીઓને પ્રવેશપાત્ર ગણવા બાબતમાં વિચારણા કરવા બાબત.

(નોંધ.—ઉપરોકત પરીક્ષાનો અભ્યાસક્રમ ઈસ્ટ આફ્રિકન સ્કૂલ સર્ટિફિકેટ પરીક્ષા તુલ્ય છે. જે પરીક્ષાને આ યુનિવર્સિટીએ ગુજરાત રાજ્યની એસ. એસ. સી. પરીક્ષા તુલ્ય રેગ્યુ. ૭ અન્વયે માન્ય કરેલ છે.

આથી ઠરાવવામાં આવે છે કે ગવર્નમેન્ટ ઑફ ટાન્ઝાનિયા તરફથી લેવામાં આવતી "નેશનલ ફૉર્મ ચાર" કેમ્બ્રિજ યુનિવર્સિટીની શરતો મુજબ લેવાતી પરીક્ષાને ગુજરાત રાજ્યની એસ.એસ.સી. પરીક્ષા તુલ્ય માન્ય કરવા અંગે ઍકેડેમિક કાઉન્સિલને ભલામણ કરવી.

૯. ઈસ્ટ મલાયેશિયાના શ્રી. ખો. યો. હુતે કેમ્બ્રિજ હાયર સ્કૂલ સર્ટિફિકેટ પરીક્ષા પસાર કરી છે તેના આધારે તેને આ યુનિવર્સિટીમાં પ્રી-મેડિકલના વર્ગ માટે પ્રવેશપાત્ર ગણવા અંગે વિચારણા કરવા બાબત.

(નોંધ.—આ વિદ્યાર્થીએ કેમ્બ્રિજ સ્કૂલ સર્ટિફિકેટની પરીક્ષા ૧૯૬૯માં ઉત્તીર્ણ કરેલ છે. ત્યાર બાદ કેમ્બ્રિજ હાયર સ્કૂલ સર્ટિફિકેટની પરીક્ષામાં ૧૯૭૧માં ઉત્તીર્ણ થયેલ છે.)

વિજ્ઞાન વિદ્યાશાખાના ડીનશ્રીનો અભિપ્રાય

"વિદ્યાર્થીએ કેમ્બ્રિજ હાયર સ્કૂલ સર્ટિફિકેટ પરીક્ષા ક્રેડિટ સાથે અને સાયન્સના વિષયો સાથે પસાર કરેલ હોઈ તેને પ્રી-યુનિ. વિજ્ઞાનની સમકક્ષ ગણી શકાય."

આથી ઠરાવવામાં આવે છે કે ઈસ્ટ મલાયેશિયાના વિદ્યાર્થી શ્રી. ખો. યો. હુતને યુનિવર્સિટીમાં પ્રી-મેડિકલના વર્ગ માટે પાત્ર ગણવા એમ ઍકેડેમિક કાઉન્સિલને ભલામણ કરવી.

૧૦. શ્રી. વેંકટેશ્વર યુનિવર્સિટી, તિરુપતિની બી.કૉમ. પદવી પરીક્ષા (રી-ઓર્ગેનાઈઝ્ડ કોર્સ)ની આ યુનિવર્સિટીની થર્ડ બી.કૉમ. પરીક્ષા તુલ્ય માન્ય કરવા અંગેના તે યુનિવર્સિટી તરફથી આવેલા તા. ૨૧--૧૦--૧૯૭૧ના પત્રાંક ૦--સી--૧--૧૪૫૧૬--૭૦ (ગુજરાત) પર વિચારણા કરવા બાબત.

વાણિજ્ય વિદ્યાશાખાના ડીનશ્રીનો અભિપ્રાય

"રી-ઓર્ગેનાઈઝ્ડ બી.કૉમ.ની ડિગ્રી પ્રી-યુનિ. કૉમર્સ પછી ત્રણ વર્ષના અભ્યાસક્રમની છે માટે તેમની બી.કૉમ. ડિગ્રીને આપણી બી.કૉમ. ડિગ્રીની સમકક્ષ ગણવામાં કોઈ વાંધો દેખાતો નથી."

આથી ઠરાવવામાં આવે છે કે શ્રી. વેંકટેશ્વર યુનિવર્સિટી, તિરુપતિની બી.કૉમ. (રી-ઓર્ગેનાઈઝ્ડ કોર્સ) પદવી પરીક્ષાને આ યુનિવર્સિટીની બી.કૉમ. પદવી પરીક્ષા તુલ્ય પારસ્પરિક ધોરણે માન્ય કરવા ઍકેડેમિક કાઉન્સિલને ભલામણ કરવી.

૧૧. નીચેના વિદ્યાર્થીઓને તદર્થ ધોરણે (ઍડ્હૉક બેઝીસ) એલિજિબિલિટી સર્ટિફિકેટ કાઢી આપ્યાના કુલપતિશ્રીના કાર્યની નોંધ લેવા બાબત.

(નામોની યાદી **પરિશિષ્ટ "ક"** મુજબ સામેલ છે.)

આથી ઠરાવવામાં આવે છે કે વિદ્યાર્થીઓને તદર્થ ધોરણે (ઍડ્હૉક બેઝીસ) પર એલિજિબિલિટી સર્ટિફિકેટ કાઢી આપ્યાના કુલપતિશ્રીના કાર્યની નોંધ લેવી.

૧૨. ગુરુ નાનક યુનિવર્સિટી, અમૃતસર તરફથી લેવામાં આવતી નીચેની પરીક્ષાઓની માન્યતા અંગે તે યુનિવર્સિટી તરફથી આવેલ તા. ૧૨--૧૧--૧૯૭૧ના પત્રાંક ૨૯૩૨૫--ઈકગ--૨૨ ઉપર વિચારણા કરવા બાબત :

Diploma in Anaesthesia, B.D.S., M.D.S.

મેડિકલ વિદ્યાશાખાના ડીનશ્રીનો અભિપ્રાય

"The Diploma in Anaesthesiology from Guru Nanak University, Amritsar, may be considered equivalent to the same diploma in our University."

ડેન્ટલ વિદ્યાશાખાના ડીનશ્રીનો અભિપ્રાય

"B.D.S. & M.D.S. Examinations of the Guru Nanak University, Amritsar can be recommended as equivalent to the corresponding B.D.S. & M.D.S. Examinations of our University."

આથી ઠરાવવામાં આવે છે કે ગુરુ નાનક યુનિવર્સિટી, અમૃતસરની ડિપ્લોમા ઈન એનેસ્થેસિયા, બી.ડી.એસ. અને એમ.ડી.એસ. પદવી પરીક્ષાને (જો આ પરીક્ષાઓ ઈન્ડિયન મેડિકલ કાઉન્સિલે માન્ય કરી હોય તો) આ યુનિવર્સિટીની જે તે સમકક્ષ પદવી પરીક્ષાઓ તુલ્ય પારસ્પરિક ધોરણે માન્ય કરવા એકેડેમિક કાઉન્સિલને ભલામણ કરવી.

૧૩. ભારતની જુદી જુદી યુનિવર્સિટી દ્વારા લેવાતી એમ.બી., બી.એસ. ડિગ્રી પરીક્ષાઓ પૈકી જે તે યુનિવર્સિટીની એમ.બી., બી.એસ. પરીક્ષા ઈંડિયન મેડિકલ કાઉન્સિલે માન્ય રાખી હોય તે પરીક્ષા જે તે યુનિવર્સિટી માન્યતા માટે લખે કે ન લખે તોપણ માન્ય ગણી તે યુનિવર્સિટીમાંથી આવતા વિદ્યાર્થીને આગળ અભ્યાસ માટે પ્રવેશપાત્ર ગણવા અંગેના સેક્રેટરીશ્રી, મેડિકલ કાઉન્સિલ ઑફ ઈંડિયા, ન્યૂ દિલ્હીના તા. ૨૯--૮--૧૯૭૨ના પત્રાંક એમ.સી.આઈ.--૧૬ (૩૪) ૭૨--એમએડ--૧૧૬૨૫ પર વિચારણા કરવા બાબત.

(પત્રની નકલ પરિશિષ્ટ "ડ" તરીકે સામેલ છે.)

આથી ઠરાવવામાં આવે છે કે ભારતની જુદી જુદી યુનિવર્સિટીઓ દ્વારા લેવાતી એમ.બી., બી.એસ. ડિગ્રી પરીક્ષાને માન્ય રાખવા અંગે ભારતની તમામ યુનિવર્સિટીઓ એકસરખું ધોરણ રાખે એ ઈચ્છનીય હોઈ આ બાબત ઈન્ટર યુનિવર્સિટી બોર્ડ સમક્ષ વિચારણા માટે મોકલવી.

૧૪. ગુજરાત વિદ્યાપીઠ, અમદાવાદ--૧૪ તરફથી લેવામાં આવતી શિક્ષણપારંગત અને વિદ્યાવાચસ્પતિ પરીક્ષાઓને આપણી યુનિવર્સિટીની એમ.એડ. અને પીએચ.ડી. પરીક્ષાઓ તુલ્ય માન્ય કરવા અંગે તે યુનિવર્સિટીના કુલસચિવશ્રી તરફથી આવેલા તા. ૨૩--૭--૧૯૭૦ તેમ જ તા. ૧૮--૧૨--૧૯૭૦ના પત્રાંક ૧૧૮૩/૭૦-૭૧ તેમ જ ૩૩૦૩/૭૦-૭૧ પર વિચારણા કરવા બાબત.

[નોંધ.—(૧) વિનયન વિદ્યાશાખાના ડીનશ્રીનો અભિપ્રાય :

આ પરીક્ષાઓના અભ્યાસક્રમ જોતાં મને લાગે છે કે માગ્યા પ્રમાણે માન્યતા આપી શકાય.

(૨) શિક્ષણપારંગત પરીક્ષાની માન્યતા અંગે ઈક્વિવેલેન્સ સમિતિની જે સભા તા. ૨૧--૪--૧૯૭૧ના રોજ મળેલ તે સભામાં ઠરાવ્યા પ્રમાણે આ પરીક્ષાની બાબતમાં

અભિપ્રાય ડૉ. કે. જી દેસાઈ પાસેથી મંગાવ્યો હતો તે નીચે પ્રમાણે છે :

"ગુજરાત વિદ્યાપીઠની (શિક્ષણુપારંગત) પરીક્ષાને આપણી એમ.એડ. તુલ્ય ગણવામાં વાંધો નથી."

(૩) ઉપરોકત બાબત ઇંકિવવેલેન્સ સમિતિની તા. ૮--૧૧--૧૯૭૧ની સભામાં મોકૂફ રાખવામાં આવી હતી.

આથી ઠરાવવામાં આવે છે કે ગુજરાત વિદ્યાપીઠ તરફથી લેવામાં આવતી શિક્ષણુપારંગત પરીક્ષાને એમ.એડ. તુલ્ય માન્ય કરવા અંગે એકેડેમિક કાઉન્સિલને ભલામણ કરવી.

વિદ્યાવાચસ્પતિને પીએચ.ડી. તુલ્ય માન્ય રાખવી નહીં, એમ એકેડેમિક કાઉન્સિલને ભલામણ કરવી.

૧૫. (૧) બહેરામપુરા યુનિવર્સિટી, બહેરામપુરાની બી.એડ. પદવી પરીક્ષાને આ યુનિવર્સિટીની બી.એડ. પદવી પરીક્ષા તુલ્ય માન્ય કરવા અંગેના તે યુનિવર્સિટીના કુલસચિવશ્રી તરફથી આવેલા તા. ૬--૪--૧૯૭૨ના પત્રાંક ૧૪૯૭-એસીટી--II--૯--૭૧--બી.યુ. પર વિચારણા કરવા બાબત.

૧૫. (૨) બહેરામપુરા યુનિવર્સિટી, બહેરામપુરાની એમ.એ. અને એમ.કૉમ. પદવી પરીક્ષાઓ આ યુનિવર્સિટીએ જૂન ૧૯૭૪ સુધી માન્ય કરેલ છે તે પરીક્ષાઓને કાયમી ધોરણે માન્ય કરવા અંગે તેમના ઉપરોકત પત્રમાં વિનંતી કરી છે તો તે અંગે વિચારણા કરવા બાબત.

(નોંધ.—બહેરામપુરા યુનિવર્સિટીની એમ.એ. અને એમ.કૉમ. પદવી પરીક્ષાઓની માન્યતા અંગેની બાબત ઇંકિવવેલેન્સ સમિતિની જે સભા તા. ૮--૧૧--૧૯૭૧ના રોજ મળેલ તેમાં બંને પરીક્ષાઓ જૂન ૧૯૭૪ સુધી પારસ્પરિક ધોરણે માન્ય કરવી એમ ઠરાવેલું હતું.)

વિનયન વિદ્યાશાખાના ડીન શ્રી. આર. વી. શાસ્ત્રીનો અભિપ્રાય

"Taking into account the courses in theoretical and practical teaching I recommend that the B.Ed. Examination is equivalent to the corresponding B.Ed. Examination of Gujarat University."

આથી ઠરાવવામાં આવે છે કે બહેરામપુરા યુનિવર્સિટી, બહેરામપુરાની બી.એડ. પદવી પરીક્ષાને જૂન ૧૯૭૪ સુધી આ યુનિવર્સિટીની પદવી પરીક્ષા તુલ્ય પારસ્પરિક ધોરણે માન્ય કરવા એકેડેમિક કાઉન્સિલને ભલામણ કરવી.

૧૬. શ્રી. આર. લાઝારસી આનાએ બોર્ડ ઑફ સેકન્ડરી એજ્યુકેશન, આસામની હાયર સેકન્ડરી પરીક્ષા ઉત્તીર્ણ કર્યાના આધારે વિદ્યાર્થીને પ્રી-ડેન્ટલ વર્ગ માટે તદર્થ ધોરણે એલિજિબિલિટી સર્ટિફિકેટ કાઢી આપ્યાના કુલપતિશ્રીના કાર્યની નોંધ લેવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે શ્રી. આર. લાઝારસી આનાએ બોર્ડ ઑફ સેકન્ડરી એજ્યુકેશન, આસામની હાયર સેકન્ડરી પરીક્ષા ઉત્તીર્ણ કર્યાના આધારે વિદ્યાર્થીને પ્રી-ડેન્ટલ વર્ગ માટે તદર્થ ધોરણે એલિજિબિલિટી સર્ટિફિકેટ કાઢી આપ્યાના કુલપતિશ્રીના કાર્યની નોંધ લેવી.

ત્યાર બાદ પ્રમુખશ્રીની પરવાનગીથી નીચેની બાબત હાથ પર લેવામાં આવી હતી :

૧૭. શ્રી. મદનલાલ વર્માના યુનિવર્સિટી ઑફ ઑબિયામાં અભ્યાસ કરતા પુત્ર શ્રી. અશોકકુમાર વર્માને આ યુનિવર્સિટીમાં પ્રી-મેડિકલના વર્ગ માટે પ્રવેશપાત્ર ગણવો કે કેમ તે અંગે વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે શ્રી. મદનલાલ વર્માના પુત્ર શ્રી. અશોકકુમાર વર્માને આ યુનિવર્સિટીમાં પ્રી-મેડિકલ વર્ગમાં પ્રવેશપાત્ર ગણવા, એમ એકેડેમિક કાઉન્સિલને ભલામણ કરવી.

જે. એમ. મહેતા
કુલસચિવ વતી.

परिशिष्ट 'क'

અનુ. નંબર	વિદ્યાર્થીનું નામ	યુનિવર્સિટી અગર બોર્ડમાંથી જે પરીક્ષા પસાર કરી હોય તેનું નામ	જે વર્ગમાં દાખલ થવા માટે એલિજિબિલિટી સર્ટિફિકેટ કાઢી આપ્યું તે
૧	૨	૩	૪
1.	Shri Dave Ramanlal Mulshanker	M.B.A. Bridgeport Uni. (U.S.A.)	Ph.D.
2.	Shri Gupta Satyanarayan	B.A. Himachal Pradesh	First LL.B.
3.	Shri Patel Kaushikkumar Babulal	First M.B.,B.S. Ranchi	Second M.B.,B.S.
4.	Shri Patel Vinukumar	Malaysia Certificate of Education	Pre-Science
5.	Shri Mehta Virendrakumar D.	Final M.B.,B.S.	M.D.
6.	Kum. Amin Daksha D.	First B.Sc. (Home Sc.) S.N.D.T. Uni.	First B.A.
7.	Shri Lala Sunandan (The candidate was studying in First B.Sc. Class in Vishwa Bharati University.)	Higher School Certificate	First B.Sc.
8.	Shri Mishra Prabhatchandra	B.Sc. II degree, Indian School of Mines, Dhanbar	First LL.B.
9.	Shri Sexana Omprakash	Final B.D.S. Lucknow	M.D.S.
10.	Shri Oza Kirit Trambaklal	B.Sc. (Chem. Engg.) Banaras	First LL.B.
11.	Shri Parikh Bhupendra	Final B.Com. II, Ranchi	First LL.B.
12.	Shri Patel Somabhai Sankerbhai	B.Sc. (Dairy Techno.) Sardar Patel Uni.	—do—
13.	Shai Patel Ashwin P.	Bachelor of Physical Edu. III Part, Jiwaji Uni.	—do—

१	२	३	४
14.	Shri Rodge Murlidhar N.	B.Sc. (Agri.) Punjabrao Krishi Agri.	First LL.B.
15.	Shri Dabral Jagdish Chandra	B.Text., Agra	—do—
16.	Shri Maitra Krishnakant	LL.B., Calcutta	LL.M.
17.	Smt. Patel Jaya D.	B.Sc. (Home Science) S.N.D.T. Uni.	B.Lib.Sc.
18.	Kum. Sheth Nayana J.	M.A. II, South Guj.	M.A. II
19.	Shri Shishoo C. J.	M.S. I Iowa State Uni. of U.S.A.	Ph.D.
20.	Shri Goenka Prakash U.	B.E.H.S. (Burma)	B.E. I.
21.	Shri Shah Kiritkumar J.	B.Com. I (Calcutta)	T.B.Com.
22.	Kum. Patel Manjula K.	New Zealand School Certificate, New Zealand	Pre-Uni. Arts
23.	Shri Iraj Mozhgani	Sixth Grade, Iran, Taheran	First B.Pharm.
24.	Shri Attaollah Aghelizadeh	Sixth Grade, Iran, Taheran	First B.Sc.
25.	Shri Malik Sarfrazuddin A.	2½ years course completed at U.S.A. in East Texas State Uni.	Second B.Sc.
26.	Smt. Patel Rita Gopalbhai	First year B.Sc. (Home Science), Bombay Uni.	Second B.Sc.
27.	Smt. Thakor Bela B.	First LL.B., Bombay	Second LL.B.
28.	Kum. Mehta Bhavna Fulchand	Higher Secondary Maharashtra State Board, Nagpur Division	First B.A.

(The candidate was studying at Nagpur Uni. in First B.A. Class Academic year 1971--72.)

१	२	३	४
29.	Shri Mazumdar Kali Pada	Higher Secondary Board of West Bengal	Pre-Medical
30.	Shri Tapan Chandra Laskar	Higher Secondary Board of West Bengal	Pre-Medical
31.	Shri Mazmudar Devvrat	—do—	—do—
32.	Prasad Rameshwar	—do—	—do—
33.	Shri Jain Yogendra Kumar	B.Sc. (Text), Punjab	First LL.B.
34.	Shri Sharma Vijaykumar	B.A. under Regulation 8(*d*), Punjab	—do—
35.	Shri Dhande Arun Namdev	B.Sc. Four Semester, Poona	M.Sc. I
36.	Shri Puri Rajesh	—do—	—do—
37.	Shri Kataria Kirti A.	—do—	—do—
38.	Shri Phadke Prakash B.	B.Sc. (T.Y.D.C.), Nagpur	—do—
39.	Shri Sisodia Surendrasingh R.	First B.Sc., Udaipur	Second B.Sc.
40.	Shri Zala Rajendrasingh	—do—	First M.B.,B.S.
41.	Shri Ramputty Pritham	—do—	First B.D.S.
42.	Shri Gupta Dineshchandra	B.Sc. Four Semester, Meerut	M.Sc. I
43.	Shri Goel Nareshchandra	B.Sc. (Agri.), Meerut	First LL.B.
44.	Shri Chopra Jugalkishor	B.Sc. Four Semester, Meerut	First LL.B.
45.	Shri Kamthana Shivendra M.	B.Sc. (Agri.), Agra	—do—
46.	Shri Tripathi Pratima	M.A., Gorakhpur	Ph.D.
47.	Shri Rao Pradeeprao Nalkor	Pre-Sci., Bangalore	First B.Sc. 'A' Group

૧	૨	૩	૪
48.	Shri Huk Rizwan Ul.	M.Sc., I.I.T., Kanpur	Ph.D.
49.	Shri Satyan Vekatramaian	M.Sc., Mysore	Ph.D.
50.	Shri S. Anathan	B.Pharm., Madras	M.Pharm.
51.	Shri Vora Narendrakumar Chunilal	M.B.,B.S., Jabalpur	D.A. (Medical)
52.	Shri Patel Ashokkumar N.	Second B.Sc., Jabalpur	Third B.Sc.
53.	Kum. Trivedi Sarla	First B.Sc., Jabalpur	Second B.Sc.
54.	Shri Chanda Sunil	B.E. (Civil), Jadavpur	M.E. (C.)
55.	Smt. Pramila Kanaiyalal	Pre-Sc., Nagpur	First B.Sc.
	(આ યુનિવર્સિટીની પ્રી-યુનિ. વિજ્ઞાનની ગણિતના વિષયની પરીક્ષા પાસ કરવાની શરતે.)		
56.	Kum. Dalal Mohini Kantilal	Higher Secondary M. P. Board, Bhopal	First B.Sc.
	(આ યુનિવર્સિટીની પ્રી-યુનિ. વિજ્ઞાનની ગણિતના વિષયની પરીક્ષા પાસ કરવાની શરતે.)		
57.	Shri Parikh Pradeep Suman	National Form IV, Govt. of Tanzania	Pre-Com.
	(નેશનલ ફૉર્મ IVની પરીક્ષામાં ત્રણ વિષયોમાં ક્રેડિટ છે.)		
58.	Kum. Desai Nita Madanmohan	(Pre-Uni. Sc.). First Year Sc., Bombay	Pre-Sc. (From Second Term)
59.	Shri Vyas Harivadan A.	Junior B.A., Bombay	Second B.A. (From Second Term)
60.	Shri Benivar Jagdishchandra Hariram (Military personal)	Second LL.B. Rajasthan	Second LL.B. (From Second Term)
61.	Shri Chunibhai Prashant Udayan	Indian School Certificate	Pre-Com.
	(આ વિદ્યાર્થીને બે વિષયોમાં ક્રેડિટ છે અને ચાર વિષયોમાં પાસ છે. ગણિતના વિષય લીધેલ નથી.)		

परिशिष्ट "ड"

Telegram : 'MEDCONDIND' New Delhi

No. MCI–16(34)/72–Med./15625

From

The Secretary,
Medical Council of India,
Temple Lane, Kotla Road,
New Delhi-1.

To

1. The Registrar, all the Universities
2. The Principal/Dean, all the Medical Colleges,

New Delhi-1, dated 29th August, 1972.

Subject : M.B.,B.S. degrees granted by the various universities recognised by the Medical Council of India under the Indian Medical Council Act, 1956.

Sir,

I am to state that it has come to the notice of the Medical Council of India that the M.B.,B.S. Degrees granted by some of the universities which are recognised and included in the First Schedule to the Indian Medical Council Act, 1956, are not so considered by some universities for purpose of admission to courses of study for which M.B.,B.S. Degree may be the basic requirement.

In the connection, I am to state that when the M.B.,B.S. Degree of a University is recognised by the Medical Council of India and included in the First Schedule to the Indian Medical Council Act, 1956, there should be no necessity for any formal approach by one University to another in the matter of recognition of the same. The recognition of medical degrees are not to be considered on the same footing as other University degrees, as this recognition is given by the Central Government on the recommendations of the Medical Council of India which is a statutory body constituted by an Act of Parliament.

In this connection, I am to enclose herewith a copy of this office letter No. MCI--16(34)/72--Med./14186 dated the 10th August, 1972 addressed to the Central Government and the reply received from the Central Government vide their letter No. V. 11015 / 37 / 72–MPT, dated the 23rd August, 1972 for your information and necessary action.

Kindly acknowledge receipt.

Yours faithfully,
(Sd.) U. B. KRISHNAN,
Secretary.

પરિશિષ્ટ "ક/૨"
કામકાજ ક્રમાંક ૨૬

"બાબુભાઈ જશભાઈ પટેલ ષષ્ટિપૂર્તિ સ્મૃતિ સુવર્ણચંદ્રક"

૧. દાતાનું નામ : બા. જ. પટેલ ષષ્ટિપૂર્તિ મહોત્સવ ટ્રસ્ટ, પોસ્ટ બોક્ષ નં. ૫૧, નડિયાદ, જિ. ખેડા.

૨. પ્રદાનની રકમ : રૂ. ૭,૫૦૦--૦૦.

૩. પ્રદાનનો પ્રકાર : પ્રતિવર્ષે આશરે રૂ. ૩૪૦/-ની રકમનો એક સુવર્ણચંદ્રક.

૪. પ્રદાન સ્વીકારવાનું સિન્ડિકેટે તેની તા. ૫/૬- ૮--૧૯૭૨ની સભામાં મંજૂર કરેલ છે.

નિયમો

(૧) "શ્રી. બાબુભાઈ જશભાઈ પટેલ ષષ્ટિપૂર્તિ સ્મૃતિ સુવર્ણચંદ્રક" એ નામનો આશરે રૂ. ૩૪૦--૦૦ની કિંમતનો એક સુવર્ણચંદ્રક દર વર્ષે આ યુનિવર્સિટીની માર્ચ--એપ્રિલની એમ.એ.ની પદવી પરીક્ષામાં 'ગુજરાતી' મુખ્ય વિષયનાં ૬ પેપરમાં પ્રથમ પ્રયત્ને સૌથી વધુ ગુણાંક મેળવીને પ્રથમ વર્ગમાં પ્રથમ સ્થાને ઉત્તીર્ણ થનાર વિદ્યાર્થીને આપવામાં આવશે. જો 'ગુજરાતી'ના વિષયમાં સૌથી વધુ ગુણાંક મેળવનાર એક કરતાં વધુ વિદ્યાર્થીઓ હોય તો તે પૈકી એમ.એ.ની પદવી પરીક્ષામાં ગુજરાતી મુખ્ય અને ગૌણ વિષય સહિત સૌથી વધુ ગુણાંક મેળવનારને સદરહુ સુવર્ણચંદ્રક આપવામાં આવશે.

(૨) સદરહુ સુવર્ણચંદ્રક એનાયત કરવા અંગેની શરતોમાં ગુજરાત યુનિવર્સિટીની સિન્ડિકેટને વખતોવખત કોઈ શરત ઉમેરવાનું કે તેમાં ફેરફાર કરવાનું આવશ્યક જણાશે તો તેમ કરવા અધિકાર રહેશે.

(૩) સુવર્ણચંદ્રક આપવામાં વિજેતાની નાત, જાત કે વર્ગનો બાધ ગણવામાં આવશે નહીં.

(૪) સુવર્ણચંદ્રક વિજેતાનું નામ, શકય હશે તો, જે તે પરીક્ષાના પરિણામ વખતે જાહેર કરવામાં આવશે;

(૫) આ સુવર્ણચંદ્રક, શકય હશે ત્યાં સુધી, યુનિવર્સિટીના વાર્ષિક પદવીદાન સમારંભ પ્રસંગે એનાયત કરવામાં આવશે.

(૬) આ પ્રદાનની વાર્ષિક આવકમાંથી પાંચ ટકા કપાત યુનિવર્સિટીના જનરલ ફંડમાં લઈ જવામાં આવશે.

પરિશિષ્ટ 'ખ'

કાર્યકાળ ક્રમાંક ૩૪

University Grants Commission
Bahadur Shah Zafar Marg,
New Delhi—1.

No. F.1-24/72 (CD)

28th August 1972.

The Registrar,
Gujarat University,
Ahmedabad.

Sub.— Scheme of " Personal Promotions " of teachers in the Universities — Guidelines for the

Sir,

In continuation of this office letter No. F. 1-24/72 (CD), dated the 4th March, 1972 on the above subject, I am directed to state that the University Grants Commission at its meeting held on 5th July, 1972 considered the recommendations of the Committee appointed by it to suggest guidelines for the scheme of " Personal Promotions " in the Central Universities and adopted the following resolution :

" The Commisson considered the recommendations of the committee and agreed to the following guidelines :

(1) The Scheme will apply only to teachers of " outstanding merit " in the university departments and colleges.

(2) The usual selection committees will draw a panel of eligible teachers but would not indicate the order of preference.

(3) The placement of teachers in the next higher grade from amongst those included in the panels will be determined by the Executive Council.

(4) The number of teachers placed in a higher grade in a year under the Scheme will not exceed 5% of the total sanctioned-strength (non-plan) of teachers in the grade (from which promotions to the next higher grade are made). For this purpose university departments may be suitably pooled together, if so desired by the University. In the case of a college, it shall count as a unit to fix the 5% ceiling for each grade of teachers in the college.

(5) The higher post created under the Scheme will be personal to the incumbent in lieu of the lower post held in abeyance. On the existing incumbent vacating the higher post, it will be abolished and the lower post held in abeyance will be revived.

The Scheme will be effective with effect from 1-4-1972.

In this connection the Commission noted that generally the standard for personal promotion should be higher than for regular appointments."

The above guidelines are brought to the notice of the University/Institution.

Receipt of this letter may kindly be acknowledged.

Yours faithfully,

(Sd/-) **R. K. Chhabra**
Secretary.

પરિશિષ્ટ "ગ"
કામકાજ ક્રમાંક ૧૧

સ્ટાફના વહીવટી પ્રશ્નો ઉપર વિચારણા કરવા માટે સિન્ડિકેટે નીમેલી સ્થાયી સમિતિની એક સભા શનિવાર, તા. ૧૬--૯--૧૯૭૨ના રોજ બપોરે ૩--૦૦ વાગ્યે યુનિવર્સિટી કાર્યાલયમાં મળી હતી. જેમાં પ્રમુખસ્થાન કુલપતિશ્રી ઉમાશંકર જે. જોશીએ લીધું હતું. સભામાં હાજરી નીચે મુજબ હતી :

૧. શ્રી. ઉમાશંકર જે. જોશી, કુલપતિશ્રી	હાજર
૨. શ્રી. રણજિતરાય ગં. શાસ્ત્રી	ગેરહાજર
૩. ડૉ. જયંત બી. હરિભક્તિ	હાજર
૪. શ્રી. ઈન્દ્રવદન અંબાલાલ મોદી	હાજર
૫. શ્રી. સત્યેન્દ્ર કાળિદાસ ઝવેરી	હાજર
૬. પ્રો. કે. એસ. શાસ્ત્રી	હાજર
૭. શ્રી. કં. ચં. પરીખ, કુલસચિવ	હાજર.

૧. તા. ૨૬--૮--૧૯૭૨ની સમિતિની સભાની નોંધ મંજૂર કરવા બાબત.

તા. ૨૬--૮--૧૯૭૨ની સમિતિની નોંધ મંજૂર કરવામાં આવી, અને તે ઉપર કુલપતિશ્રીએ સહી કરી.

૨. મદદનીશ ડી. પી. ઈ. તથા મદદનીશ ડાયરેક્ટર ઑફ યૂથ વેલ્ફેર સર્વશ્રી. એલ. એ. ઠક્કર અને કે. એચ. દવેની તેઓનાં પગારધોરણ સુધારવા અંગેની તા. ૧૮--૯--૧૯૭૧ની સંયુક્ત અરજી ઉપર વિચારણા કરવા બાબત.

લંબાણ ચર્ચાવિચારણાને અંતે નીચે મુજબ ઠરાવવામાં આવ્યું :

આથી સિન્ડિકેટને ભલામણ કરવામાં આવે છે કે મદદનીશ ડી. પી. ઈ. તથા મદદનીશ ડાયરેક્ટર ઑફ યૂથ વેલ્ફેરની જગ્યાઓ માટેનું પગારધોરણ રૂ. ૪૬૬-૨૦-૫૪૬ ઈ.બી. ૨૦-૬૪૬-૨૫-૬૯૬નું રાખવું તથા તેઓનો હાલનો પગાર નવા પગારધોરણમાં હાલ મળતા પગાર પછીના તરતના પગથિયે નક્કી કરવો તથા તેઓની પગારવધારાની મૂળ તારીખ ચાલુ રાખવી.

૩. યુનિવર્સિટી ગ્રંથાલયમાં મદદનીશ ગ્રંથપાલ તરીકે કામ કરતા શ્રી. ડી. એન. શુકલની યુ. જી. સી. એ નક્કી કરેલું મદદનીશ ગ્રંથપાલનું પગારધોરણ આપવાની અથવા તેઓનું હાલનું પગારધોરણ મદદનીશ કુલસચિવની જગ્યાના પગારધોરણ સાથે સમકક્ષ કરવાની અથવા યોગ્ય લાગે તે રીતે તેમના પગારધોરણની ટોચમર્યાદા વધારવા અંગેની તેઓની તા. ૧૩--૧૨--૧૯૭૧ની અરજી ઉપર વિચારણા કરવા બાબત.

ગ્રંથપાલ શ્રી. પી. ઓફ. પટેલ, મદદનીશ ગ્રંથપાલ સર્વશ્રી. ડી. એન. શુકલ અને આર. એસ. ગાંધી તથા ટેકનિકલ આસિસ્ટન્ટનો તા. ૧૮--૯--૧૯૭૨નો પગારધોરણ સુધારવા અંગેની અરજી સભાગૃહ સમક્ષ રજૂ કરવામાં આવી હતી. ત્યાર બાદ લંબાણપૂર્વક ચર્ચાવિચારણા કરીને સિન્ડિકેટને ભલામણ કરવામાં આવી કે મદદનીશ ગ્રંથપાલનું પગારધોરણ રૂ. ૫૧૨-૨૦-૬૧૨-૩૦-૭૬૨નું રાખવું, અને મદદનીશ ગ્રંથપાલ સર્વશ્રી ડી. એન. શુકલ અને આર. એસ. ગાંધીના હાલનો પગાર નવા પગારધોરણમાં હાલ મળતા પગાર પછીના તરતના પગારથિયે નક્કી કરવો તથા તેઓની પગારવધારાની મૂળ તારીખ ચાલુ રાખવી.

૪. યુનિવર્સિટીના ટાઈપિસ્ટોને રાજ્ય સરકાર તથા મુંબઈ યુનિવર્સિટીના ધોરણે રૂ. ૨૦--૦૦નું ટાઈપિંગ એલાવન્સ આપવા અંગેની તેઓની તા. ૨૨--૭--૧૯૭૧ની સંયુક્ત અરજી ઉપર વિચારણા કરવા બાબત.

આથી સિન્ડિકેટને ભલામણ કરવામાં આવે છે કે ટાઈપિસ્ટોની તા. ૨૨--૭--૧૯૭૧ની સંયુક્ત અરજી મંજૂર કરવાનું બની શકે તેમ નથી.

૫. યુનિવર્સિટી મુદ્રણાલયમાં કામ કરતા કોપીહોલ્ડર શ્રી. જે. ડી. પરમારને તથા હેલ્પર શ્રી. જી. કે. મોમીનને નવા મર્જ્ડ પગારધોરણમાં જૂના પગાર કરતાં નવા પગારમાં પે-પેકેટ ઓછું થતું હોઈ તેમને તે આરક્ષિત કરવા શ્રી. પ્રેસ-મેનેજરના તા. ૧--૧--૧૯૭૨ના પત્ર ઉપર વિચારણા કરવા બાબત.

આથી સિન્ડિકેટને ભલામણ કરવામાં આવે છે કે યુનિવર્સિટી મુદ્રણાલયમાં કોપીહોલ્ડર તરીકે કામ કરતા શ્રી. જે. ડી. પરમારનું તથા હેલ્પર શ્રી. જી. કે. મોમીનનું સાઈકલ ભથ્થું પગારમાં ભેળવતાં તેઓ તેમના પગાર-ધોરણની ટોચ મર્યાદા ઉપર પહોંચી જતાં હોવાથી તેઓને અનુક્રમે માસિક રૂ. ૫--૦૦ અને રૂ. ૧--૦૦નું પર્સનલ એલાવન્સ આપવું.

૬. યુનિવર્સિટીના ઇલેક્ટ્રિક વાયરમેન તરીકે કામ કરતા શ્રી. ડી. એન. વ્યાસને નવા મર્જ્ડ પગારધોરણમાં તેમનાથી જુનિયર કર્મચારી શ્રી. જે. વી. સુથાર કરતાં ઓછો પગાર મળતો હોઈ તેઓની તા. ૩--૧--૧૯૭૨ની અરજી ઉપર વિચારણા કરવા બાબત.

આથી સિન્ડિકેટને ભલામણ કરવામાં આવે છે કે વાયરમેન શ્રી. ડી. એન. વ્યાસને નવા પગારધોરણમાં શ્રી. જે. વી. સુથારની પગારવધારાની તારીખે પગારવધારો આપવો તથા આવા બીજા કોઈ કેસો હોય તો તે પણ આ સમિતિ સમક્ષ રજૂ કરવાનું રાખવું.

૭. સિન્ડિકેટે તેની તા. ૧૦/૧૧--૭--૧૯૭૧ની સભામાં નીચેની બાબત આ સમિતિની વિચારણા માટે મોકલેલ હોઈ તે અંગે વિચારણા કરવા બાબત :

"ગુજરાત યુનિવર્સિટી ટીચર્સ એસોસિયેશનના તા. ૨૮--૯--૧૯૭૧ની સામાન્ય સભાના ઠરાવ નં. ૪ અને ૫ અંગે વિચારણા કરવા બાબત."

આથી સિન્ડિકેટને ભલામણ કરવામાં આવે છે કે યુનિવર્સિટી કર્મચારીઓ (શિક્ષક અને બિનશિક્ષક વર્ગના) માટે એક વેલ્ફેર ફંડ ઊભું કરવું અને તે અંગેની વિગતવાર યોજના નક્કી કરવા માટે નીચેના સભ્યોની સમિતિ નીમવી:

(૧) શ્રી. સત્યેન્દ્ર કાળિદાસ ઝવેરી
(૨) શ્રી. ઈન્દ્રવદન એ. મોદી
(૩) ડૉ. રમણલાલ જોશી
(૪) ડૉ. જયંત બી. હરિભક્તિ.

વધુમાં સિન્ડિકેટને ભલામણ કરવામાં આવે છે કે યુનિવર્સિટીના બિનશિક્ષક વર્ગના કર્મચારીઓ માટે નજીવી સહાય અંગેની યોજના સ્ટાફ ઇન્વેસ્ટિગેશન કમિટી સમક્ષ હાલ વિચારણા માટે પડેલી છે તેમાં યુનિવર્સિટીના શિક્ષકોનો પણ સમાવેશ કરવો.

૯. વિજ્ઞાન વિદ્યાભવનમાં સેન્ટ્રલ વર્કશોપમાં એક લેક્ચરની જગ્યા ઊભી કરવા અંગે અધ્યક્ષશ્રીના તા. ૧૦-૧-૧૯૭૨ના પત્ર ઉપર વિચારણા કરવા બાબત.

આથી સિન્ડિકેટને ભલામણ કરવામાં આવે છે કે યુનિવર્સિટીના સેન્ટ્રલ વર્કશોપના સંચાલનની ચિંતાપ્રેરક પરિસ્થિતિ જોતાં તેના કાર્ય અને ઉપયોગિતા અંગે તપાસ કરી સૂચિત અહેવાલ રજૂ કરવા નીચેના સભ્યોની સમિતિ નીમવી :

(૧) ડૉ. જ. જે. ચિંતાય
(૨) પ્રો. એસ. બી. જૈન (એલ. ડી. એન્જિ. કૉલેજ)
(૩) શ્રી. એસ. એમ. શાહ (ઇલેક્ટ્રિકલ એન્જિનિયર)
(૪) શ્રી. પંચાલ (ફિઝિકલ રિસર્ચ લેબોરેટરી)
(૫) શ્રી. આર. પી. સોની.

આ સમિતિ નીચેના મુદ્દાઓ ઉપર વિશેષરૂપે વિચારણા કરીને માર્ગદર્શન આપે એમ વિનંતી કરવી :

(૧) આ વર્કશોપને ફક્ત રૂટિન મેઇન્ટેનન્સ વર્કશોપ માટે જ રાખવી અને બાકીનું કામ બહાર કરાવી લેવાનું રાખવું.

(૨) આ ઉદ્દેશ માટે હાલનો સ્ટાફ, મશીનરી તથા બીજી સગવડો અનુકૂળ અને પર્યાપ્ત છે કે કેમ અને જો ન હોય તો તેમાં શા ફેરફાર કરવા ?

(૩) હાલમાં વર્કશોપ પાસે જે જે કામ આવે છે તે તપાસી તે અંગે તેની કાર્યક્ષમતા વધે તે અંગેનાં સૂચનો.

૮. સિન્ડિકેટે તેની તા. ૪-૧૨-૧૯૭૧ની સભામાં કરેલા નીચેના ઠરાવ ઉપર વિચારણા કરવા બાબત :

"કૉલેજની સંખ્યામાં થતો ઉત્તરોત્તર વધારો જોતાં કૉલેજ જોડાણ અંગે સર્વગ્રાહી અને કોન્સોલિડેટેડ નોંધ પ્રાપ્ત થાય તે માટે યુનિવર્સિટી કાર્યાલયમાં એક અલાયદું તંત્ર યુનિટ ઊભું કરવામાં આવે જે નાયબ કુલસચિવશ્રી કક્ષાની વ્યક્તિના માર્ગદર્શન હેઠળ કાર્ય કરે."

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બાબતની વિચારણા મુલતવી રાખવી.

૧૦. યુનિવર્સિટી હૉસ્ટેલ સુપરિન્ટેન્ડન્ટની જગ્યા માટે યોગ્ય ઉમેદવાર ન મળતા હોવાથી સદરહુ જગ્યાના નીચે જણાવેલ હાલના લાયકાતના ધોરણ અંગે પુનર્વિચારણા કરવા બાબત :

"A graduate and supervision of hostel work and age not less than 35 years."

આથી સિન્ડિકેટને ભલામણ કરવામાં આવે છે કે હૉસ્ટેલ સુપરિન્ટેન્ડન્ટની જગ્યાની લાયકાતનું ધોરણ નીચે પ્રમાણે રાખવું :

"A candidate should be a graduate and he should have experience in hostel Supervision."

૧૧. યુનિવર્સિટી પ્રેસમાં હેડકમ્પોઝીટર તરીકે કામ કરતા શ્રી. પી. એમ. ગાંધીની નિયમ ૭ (૧) પ્રમાણે કાર્યકારી મદદનીશ પ્રેસ-મૅનેજર તરીકે નિમણૂક કરી હોવાથી તેઓને એક મૂળ માસિક પગારને બદલે ઓવરટાઈમ-નું મહેનતાણું સ્વીકારવાનો વિકલ્પ આપવા અંગેની તેઓની તા. ૧૫--૩-૧૯૭૨ની અરજી ઉપર વિચારણા કરવા બાબત.

આથી સિન્ડિકેટને ભલામણ કરવામાં આવે છે કે હેડકમ્પોઝીટર શ્રી. પી. એમ. ગાંધી નિયમ ૭ (૧) પ્રમાણે કાર્યકારી મદદનીશ પ્રેસ-મૅનેજર તરીકે કામ કરે તે સમય દરમિયાન પરીક્ષાના પ્રશ્નપત્રોના કામકાજ માટે એક મહિનાનો તેમનો મૂળ પગાર અથવા ઓવરટાઈમ દરે થાય તે વેતન એ બેમાંથી એક વિકલ્પ સ્વીકારવા અપવાદ તરીકે પરવાનગી આપવી.

૧૨. યુનિવર્સિટીના એન.એસ.એસ. વિભાગમાં નીચેની જગ્યાઓ અન્વયે શ્રી. ડી. પી. ઈ.ના તા. ૧૮--૨--૧૯૭૨ના સૂચન પર વિચારણા કરવા બાબત :

(૧) મદદનીશ વહીવટી અધિકારીની જગ્યા જે સિન્ડિકેટે સ્થગિત કરી છે તે revive કરવી.

(૨) એક વહીવટી અધિકારીની જગ્યા સિન્ડિકેટે સ્થગિત કરી છે તે revive કરવા વિચારણા કરવી.

(૩) હાલના હંગામી હેડકલાર્કની જગ્યા રદ કરવી.

(૪) હાલના મદદનીશ વહીવટી અધિકારીની હંગામી જગ્યાને કાયમી જગ્યામાં ફેરવવી.

(૫) હાલમાં દૈનિક ધોરણે કામ કરતા જુનિયર કલાર્ક, ટાઈપિસ્ટ અને ડ્રાઈવરની નિયત પગારધોરણમાં નિમણૂક કરવી.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બાબતની વિચારણા મુલતવી રાખવી.

૧૩. યુનિવર્સિટી વિજ્ઞાન વિદ્યાભવનના ભૌતિકવિજ્ઞાન વિભાગમાં ઈલે--ટર્મ । યોજનાના કામ માટે આખા સમયના પટાવાળાની એક કાયમી જગ્યા મંજૂર કરવા અધ્યક્ષશ્રીના તા. ૨૫--૩--૧૯૭૨ના પત્ર ઉપર વિચારણા કરવા બાબત.

આથી સિન્ડિકેટને ભલામણ કરવામાં આવે છે કે વિજ્ઞાન વિદ્યાભવનના ભૌતિકવિજ્ઞાન વિભાગ માટે એક વધારાના પટાવાળાની કાયમી જગ્યા રૂ. ૯૪-૩-૧૦૯-૪-૧૩૩-૫-૧૫૩૩ના પગારધોરણમાં ઊભી કરવી.

૧૪. યુનિવર્સિટી કાર્યાલયનો સમય જે અડધા કલાક વધારવો છે તેના સંદર્ભમાં આ યુનિવર્સિટી કાર્યાલયના હેડકલાર્ક સુધીની કક્ષાના કર્મચારીઓને એક મૂળ માસિક પગાર લેખે અને તેની ઉપરની કક્ષાના કર્મચારીઓને મૂળ પગારના દશ ટકા લેખે ભથ્થું આપવામાં આવે છે તેને બદલે તેઓને અનુક્રમે જે મૂળ માસિક પગાર લેખે તથા ૨૦ ટકા લેખે ભથ્થું આપવા અંગે કાર્યાલયના કર્મચારીઓની તા. ૩-૪--૧૯૭૨ની સંયુક્ત અરજી ઉપર વિચારણા કરવા બાબત.

આથી સિન્ડિકેટને ભલામણ કરવામાં આવે છે કે સદરહુ બાબત અંગે સિન્ડિકેટે તેની તા. ૯--૯--૧૯૭૨ની સભામાં કાર્યાલયનો હાલનો સમય ૧૧--૦૦થી ૬--૦૦ના બદલે ૧૧--૦૦થી ૫--૪૫નો કર્યો હોઈ આ અંગે હવે વિશેષ કરવાનું રહેતું નથી.

૧૫. સ્ટેનોગ્રાફર શ્રી. બી. ટી. પઠાણ કે જેઓ લેડટાઈપિસ્ટનો ચાર્જ સંભાળે છે તેઓ તા. ૧--૧--૧૯૭૨થી ૨૬--૫--૧૯૭૨ સુધી લક્ક રજા ઉપર ગયા હોવાથી તેઓનું કામ સીનિયર ટાઈપિસ્ટ શ્રી. આર. એમ. શેઠે સંભાળેલું હોવાથી તેઓને એડહૉક ધોરણે ભથ્થું આપવા અંગે વિચારણા કરવા બાબત.

આથી સિન્ડિકેટને ભલામણ કરવામાં આવે છે કે સીનિયર ટાઈપિસ્ટ શ્રી. આર. એમ. શેઠને તા. ૧--૫--૭૨થી તા. ૨૬--૧--૧૯૭૨ સુધી તેઓએ લેડટાઈપિસ્ટનો ચાર્જ સંભાળ્યો હોવાથી તેમને તે માટે માસિક રૂ. ૩૦--૦૦ લેખે ભથ્થું આપવું.

૧૬. ગુજરાત યુનિવર્સિટી કર્મચારી સંઘના માનદ મંત્રીશ્રીના તા. ૨૪--૪--૧૯૭૨ના પત્ર ઉપર વિચારણા કરવા બાબત.

આથી સિન્ડિકેટને ભલામણ કરવામાં આવે છે કે, ગુજરાત યુનિવર્સિટી કર્મચારી સંઘને તેના કામકાજ માટે નીચેની સગવડો આપવી :

(૧) યુનિવર્સિટીના ટાઈપરાઈટરો અને ડુપ્લિકેટિંગ મશીનોનો ઉપયોગ કરવા પરવાનગી આપવી. (સ્ટેશનરી તથા શાહી અંગેનું ખર્ચ સંઘે આપવાનું રહેશે.)

(૨) એક કબાટ ફાજલ પાડી સંઘને વાપરવા માટે આપવું.

(૩) સંઘને યુનિવર્સિટી કાર્યાલયમાં એક નોટિસબોર્ડની સગવડ આપવામાં આવી છે તેની નોંધ લેવી.

૧૭. યુનિવર્સિટીના આરોગ્ય કેન્દ્ર તથા રિસર્ચ સેન્ટર માટે બંને વચ્ચે એક કાયમી માળીની જગ્યા ઊભી કરવા અંગે ભૌતિક વિભાગના વડાના તા. ૩--૫--૧૯૭૨ના સૂચન ઉપર વિચારણા કરવા બાબત.

આથી સિન્ડિકેટને ભલામણ કરવામાં આવે છે કે યુનિવર્સિટીમાં કામચલાઉ ધોરણે ૬૭ માળીઓ લેવામાં આવે છે તેમાંથી એક માળીને આ કામ અંગે રોકવા એસ્ટેટ સુપરિન્ટેન્ડન્ટને ઘટતી વ્યવસ્થા કરવા જણાવવું.

૧૮. ગુજરાત યુનિવર્સિટી કર્મચારી સંઘના લેટર દ્વારોને પ્રાસંગિક રજા આપવા અંગે સંઘના માનદ મંત્રીશ્રીના તા. ૩૧--૫--૧૯૭૨ના પત્ર ઉપર વિચારણા કરવા બાબત.

આથી સિન્ડિકેટને ભલામણ કરવામાં આવે છે કે ગુજરાત યુનિવર્સિટીના કર્મચારી સંઘના મહામંત્રીના તા. ૩૧--૫--૧૯૭૨ના પત્રથી આવેલી વિનંતી મંજૂર કરવી નહીં.

૧૯. યુનિવર્સિટી કાર્યાલયમાં હાલમાં એક સ્ટેનોગ્રાફરની ખાલી જગ્યા રદ કરી તેને બદલે બે સ્ટેનો-ટાઈપિસ્ટની જગ્યાઓ સીનિયર ટાઈપિસ્ટના પગારધોરણમાં ઊભી કરવા અંગે વિચારણા કરવા બાબત.

(સિન્ડિકેટે નીમેલી વર્કલોડ સમિતિએ ઉપરોક્ત ભલામણ કરી છે.)

આથી સિન્ડિકેટને ભલામણ કરવામાં આવે છે કે યુનિવર્સિટી કાર્યાલયમાં હાલમાં સ્ટેનોગ્રાફરની એક જગ્યા ખાલી છે તે રદ કરવી અને તેના બદલે સ્ટેનોટાઈપિસ્ટની બે કાયમી જગ્યાઓ રૂ. ૨૧૫-૧૦-૨૪૫ ઈ.બી. ૧૫-૩૯૫-૨૦-૧૧૧૫ના પગારધોરણમાં ઊભી કરવી, તથા તે માટે લાયકાતનું ધોરણ નીચે પ્રમાણે રાખવું :

"S.S.C. with typing speed of at least 40 words per minute and stenographical speed of 100 words per minute."

૨૦. યુનિવર્સિટીનાં અનુસ્નાતક ભવનોના મધ્યસ્થ જિમખાના માટે એક વ્યાયામ શિક્ષક અને કોચની જગ્યા ઊભી કરવા અંગે યુનિવર્સિટી ભવનોના મધ્યસ્થ જિમખાનાના અધ્યક્ષશ્રીના તા. ૨૮--૭--૧૯૭૨ના પત્ર પર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બાબતની વિચારણા મોકૂફ રાખવી.

૨૧. અમદાવાદ મ્યુનિસિપલ કૉર્પોરેશને તેઓના કર્મચારીઓને અપાતા સ્કૂટર ભથ્થામાં તા. ૧--૪--૧૯૭૨થી ૨૫ ટકાનો વધારો કરેલો હોઈ યુનિવર્સિટીમાં અપાતા આ ભથ્થામાં વધારો કરવા અંગેની કાર્યાલયની તા. ૧૩- ૭--૧૯૭૨ની નોંધ ઉપર વિચારણા કરવા બાબત.

આથી સિન્ડિકેટને ભલામણ કરવામાં આવે છે કે યુનિવર્સિટીના જે કર્મચારીઓને હાલ માસિક રૂ. ૬૦ નું જે સ્કૂટર ભથ્થું / વાહન ભથ્થું આપવામાં આવે છે તે તા. ૧--૪--૧૯૭૨થી વધારીને માસિક રૂ. ૭૫--૦૦ લેખે આપવું.

આ બાબતના સંદર્ભમાં સભાગૃહે સૂચવ્યું કે યુનિવર્સિટીના કુલસચિવને પણ વાહન ભથ્થું આપવું જોઈએ. તે અંગે કુલપતિશ્રીએ જણાવ્યું કે તે બાબતની વિચારણા એજન્ડા પરનાં કામો પૂરાં થયેથી હાથ ધરી શકાય.

૨૨. યુનિવર્સિટીના આરોગ્ય કેન્દ્રમાં નીચેની જગ્યાઓ ઊભી કરવા અંગે કાર્યાલયની તા. ૩--૮--૧૯૭૨ની નોંધ ઉપર વિચારણા કરવા બાબત :

૧. સાઇકિએટ્રિસ્ટ
૨. ફિઝિશિયન
૩. સર્જન—હાલ ઇ.એન.ટી. અને ઓર્થોપેડિકનું કામ પણ સંભાળશે.
૪. ગાઇનેકોલોજિસ્ટ
૫. આંખના દાક્તર
૬. ચામડીના દાક્તર
૭. દાંતના દાક્તર.

(નોંધ.—યુનિવર્સિટી ગ્રાન્ટ્સ કમિશન જેની સામે ૫૦ ટકા પ્રમાણે રૂ. ૩૦,૦૦૦ની ગ્રાન્ટ આપશે.)

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બાબતની વિચારણા હાલ મોકૂફ રાખવી.

૨૩. યુનિવર્સિટી બૉઇઝ હૉસ્ટેલમાં વખતોવખત ચોરીઓ થતી હોવાથી દિવસના ચોકીદારની જરૂર હોઈ તે અંગે રેસિડન્ટ પ્રોફેસરના તા. ૨૯--૮--૧૯૭૨ના પત્ર ઉપર વિચારણા કરવા બાબત.

આથી સિન્ડિકેટને ભલામણ કરવામાં આવે છે કે યુનિવર્સિટીના વિદ્યાર્થીઓના છાત્રાલય માટે એક વધારાના ચોકીદારની કાયમી જગ્યા રૂ. ૯૪-૩-૧૦૯-૪-૧૩૩-૫-૧૫૩ના પગારધોરણમાં ઊભી કરવી.

૨૪. ભાષા--સાહિત્ય ભવનના અધ્યક્ષશ્રીના બંગલે ટેલિફોનની સુવિધા આપવા અંગે ભવનના અધ્યક્ષશ્રીના તા. ૧૫--૫--૧૯૭૨ના પત્ર ઉપર વિચારણા કરવા બાબત.

આથી સિન્ડિકેટને ભલામણ કરવામાં આવે છે કે ભાષા--સાહિત્ય ભવનના અધ્યક્ષશ્રીના બંગલે ટેલિફોનની સુવિધા આપવાની તેઓની વિનંતી મંજૂર કરી શકાય તેમ નથી.

૨૫. મદદનીશ એડમિનિસ્ટ્રેટર શ્રી. આર. એસ. પટેલને સ્કૂટર લોન આપવા અંગે તેઓની તા. ૯--૬--૧૯૭૨ની અરજી ઉપર વિચારણા કરવા બાબત.

આથી સિન્ડિકેટને ભલામણ કરવામાં આવે છે કે અપવાદ તરીકે મદદનીશ એડમિનિસ્ટ્રેટર શ્રી. આર. એસ. પટેલને સ્કૂટર ખરીદવા માટે રૂ. ૨,૫૦૦ સુધીની લોન યુનિવર્સિટીના નિયમો પ્રમાણે કુલપતિશ્રીને માન્ય હોય તેવા વ્યકિતની જામીનગીરી મળ્યેથી, તે લોન માટેની રાબેતા મુજબની શરતોએ મંજૂર કરવી.

૨૬. વિદ્યાભવનોમાં શરૂ કરવામાં આવેલ વિભાગીય ગ્રંથાલયમાં કામ કરતા પટાવાળાઓને પુસ્તકો ગોઠવવાની કામગીરી માટે તા. ૧૪--૧૨--૧૯૭૧થી ૦--૨૧ પૈસાના દૈનિક વેતનનો અમલ તા. ૧--૩--૧૯૭૧થી કરવા અંગે પટાવાળાઓની તા. ૮--૮--૧૯૭૨ની સંયુકત અરજી ઉપર વિચારણા કરવા બાબત.

આથી સિન્ડિકેટને ભલામણ કરવામાં આવે છે કે વિભાગીય ગ્રંથાલયના પટાવાળાઓને પુસ્તકો ગોઠવવાની કામગીરી માટે તા. ૧--૩--૧૯૭૧થી રોજના ૦--૨૫ પૈસા પ્રમાણે દૈનિક ભથ્થું આપવાનું મંજૂર કરવું.

૨૭. સિન્ડિકેટે તેની તા. ૯--૯--૧૯૭૨ની સભામાં નીચેની બાબત આ સમિતિની વિચારણા માટે મોકલેલ હોઈ તે અંગે વિચારણા કરવા બાબત :

"સેનેટના તા. ૨૪/૨૫/૨૬--૩--૧૯૭૨ની સભામાં અંદાજપત્ર પરત્વે નીચેનો પ્રસ્તાવ મંજૂર થયેલ હોઈ સદરહુ ઠરાવ પર આગળ ઘટતાં પગલાં લેવા અંગે વિચારણા કરવા બાબત :

માર્ચ ૧૯૭૧ની યુનિવર્સિટી સેનેટની સભાએ સર્વાનુમતે ઠરાવ કરીને સિન્ડિકેટને વિનંતી કર્યા છતાં, યુનિવર્સિટી પ્રેસના કર્મચારીઓનું સાઈકલ ભથ્થું તેમના મૂળ પગારમાં ભેળવવા બાબતમાં યુનિવર્સિટીના અન્ય કર્મચારીઓ કરતાં ભિન્ન (કેવળ નોશનલી) વ્યવહાર દાખવવામાં આવ્યો છે, તેને આ સભા ઉચિત ગણતી નથી. તો યુનિવર્સિટીના અન્ય કર્મચારીઓની બાબતમાં બન્યું છે તેમ, યુનિવર્સિટી પ્રેસના કર્મચારીઓનું સાઈકલ ભથ્થું પણ તા. ૧--૭--૧૯૬૮થી ભેળવીને તેમ જ તેનો વાસ્તવિક (નોશનલી નહિ) અમલ કરીને સેનેટે એકીઅવાજે પસાર કરેલા ઠરાવની ભાવનાને મૂર્ત કરવા અને એ રીતે સેનેટના સર્વાનુમતે ઠરાવનું યથાતથ પરિપાલન કરી ગૌરવ જાળવવા સેનેટની આ સભા સિન્ડિકેટને ફરી વાર વિનંતી અને અનુરોધ કરે છે. આના સંદર્ભમાં યુનિવર્સિટીના અંદાજપત્રના અંદાજ રૂ. ૪,૮૯,૫૦૦ સુધારીને પ્રતીક તરીકે તેમાં રૂપિયા ૧,૦૦૦ (રૂપિયા એક હજાર) વધુ ખર્ચની જોગવાઈ કરવા સિન્ડિકેટને વિનંતી છે."

આથી સિન્ડિકેટને ભલામણ કરવામાં આવે છે કે યુનિવર્સિટી પ્રેસના કર્મચારીઓને સાઈકલ ભથ્થું તા. ૧--૭--૧૯૬૮થી નોશનલી (વૈચારિક રીતે) મૂળ પગારમાં ભેળવવાનું મંજૂર કરવામાં આવ્યું છે તેને બદલે સદરહુ તારીખથી તે ખરેખર ભેળવવાનું મંજૂર કરવું અને આ અંગેનો જે તફાવત થાય તે ચૂકવવો.

ત્યાર બાદ નીચેની બાબતો પ્રમુખશ્રીની પરવાનગીથી રજૂ કરવામાં આવી હતી :

૨૮. યુનિવર્સિટી કાર્યાલય માટે વધુ એક મોટરકાર ખરીદવા અંગે વિચારણા કરવા બાબત.

આથી સિન્ડિકેટને ભલામણ કરવામાં આવે છે કે યુનિવર્સિટી કાર્યાલય માટે એક બીજી એમ્બેસેડર મોટર-કાર ખરીદવી.

૨૯. દક્ષિણ ગુજરાત યુનિવર્સિટીની પરીક્ષાનાં પરિણામો યુનિવર્સિટીના યંત્ર ઉપર તૈયાર કરવા અંગે વિચારણા કરવા બાબત.

આથી સિન્ડિકેટને ભલામણ કરવામાં આવે છે કે દક્ષિણ ગુજરાત યુનિવર્સિટીની પરીક્ષાનાં પરિણામો યુનિવર્સિટીના યંત્ર ઉપર તૈયાર કરવાનું કામ યુનિવર્સિટીએ સ્વીકારવું અને તે અંગેની સઘળી જવાબદારી સુપરિન્ટેન્ડન્ટ શ્રી. આર. પી. સોનીને સોંપવી.

વધુમાં સિન્ડિકેટને ભલામણ કરવામાં આવે છે કે આ કામ અંગેના દર વગેરે નક્કી કરવાની બાબતનાં કુલપતિશ્રીને સત્તા આપવી.

૩૦. કુલસચિવ શ્રી. કં. ચં. પરીખને મોટરકાર ભથ્થું આપવા અંગે વિચારણા કરવા બાબત.
(આ બાબતની વિચારણા થઈ ત્યારે કુલસચિવશ્રી સભાગૃહ છોડી ગયા હતા.)

આથી સિન્ડિકેટને ભલામણ કરવામાં આવે છે કે કુલસચિવ શ્રી. કં. ચં. પરીખને માસિક રૂ. ૩૦૦ લેખેનું મોટરકાર ભથ્થું નીચેના નિયમોને આધીન રહીને આપવું :

(૧) જો કર્મચારી આકસ્મિક કે બદલાની રજા ઉપર જાય તો કોઈ કપાત કરવી નહીં.

(૨) જો કર્મચારી ચાર માસથી ઓછા સમય માટે હક્ક રજા કે માંદગીની રજા ઉપર જાય તો આ ભથ્થાની રજાના સમય માટે પચાસ ટકા રકમ આપવી.

(૩) જો કર્મચારી ચાર માસથી વધુ હક રજા કે માંદગીની રજા ઉપર જાય તો કાંઈ ભથ્થું આપવું નહીં.

(૪) જો કર્મચારી અભ્યાસ--રજા કે બીજી કોઈ ખાસ રજા ઉપર જાય તો ભથ્થું આપવું નહીં.

ત્યાર બાદ સભાનું કામકાજ પૂરું થયું હતું.

ભો. કે. શાહ
કુલસચિવ વતી.

પરિશિષ્ટ "ઘ"

કામકાજ ક્રમાંક ૭૮

બાંધકામ સમિતિની એક સભા તા. ૨૫--૯--૧૯૭૨ને સોમવારના રોજ બપોરના ૩--૦૦ કલાકે યુનિવર્સિટી કાર્યાલયમાં મળી હતી, જેમાં હાજરી નીચે પ્રમાણે હતી :

૧. કુલપતિશ્રી	હાજર
૨. શ્રી. જી. એસ. દેસાઈ	ગેરહાજર
૩. શ્રી. એન. એસ. શોધન	હાજર
૪. શ્રી. એમ. સી. શાહ	હાજર
૫. શ્રી. કે. આર. ચંદ્રશેખરન	હાજર
૬. શ્રી. એલ. જે. ચૌહાણ	ગેરહાજર.

૧. બાંધકામ સમિતિની તા. ૨૫--૮--૧૯૭૨ની સભાની કાર્યવાહી મંજૂર કરવા બાબત.

બાંધકામ સમિતિની તા. ૨૫--૮--૧૯૭૨ની સભાની કાર્યવાહી મંજૂર કરવામાં આવી અને તે ઉપર કુલપતિશ્રીએ સહી કરી.

૨. યુનિવર્સિટી વિસ્તારમાં બાંધવામાં આવનાર સ્ટુડન્ટ હોમના સ્થપતિ શ્રી. ધનસુખ ભટ્ટ તરફથી આવેલા પ્લાન પરત્વે વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે યુનિવર્સિટી વિસ્તારમાં બાંધવામાં આવનાર સ્ટુડન્ટ હોમના પ્લાન દીવાલો-(load bearing walls)વાળા કરીને તેમાં યોગ્ય ફેરફાર કરીને સદરહુ મકાનના સુધારેલા પ્લાન મંજૂર કરવા સિન્ડિકેટને ભલામણ કરવી.

૩. વિજ્ઞાન વિદ્યાભવનમાં ઈલેકિટ્રક વાયરિંગના કામમાં વધારાનાં કામકાજ અંગે વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે વિજ્ઞાન વિદ્યાભવનમાં ઈલેકિટ્રક વાયરિંગના કામમાં વધારાના કામકાજના દરો મંજૂર કરવા સિન્ડિકેટને ભલામણ કરવી.

(વધારાના કામકાજના સૂચિત દરોની નકલ **પરિશિષ્ટ "અ"** તરીકે સામેલ છે.)

૪. યુનિવર્સિટીના ગ્રંથાલયના ભોંયરામાં એકઝોસ્ટ ફેન ફિટ કરવા અંગે વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે ગ્રંથાલયના ભોંયરામાં ૨૪ ઈંચના કદના દશ નંગ એકઝોસ્ટ ફેન નંખાવવા માટે રૂ. ૯,૦૦૦/-નું ખર્ચ મંજૂર કરવા સિન્ડિકેટને ભલામણ કરવી.

વધુમાં ઠરાવવામાં આવ્યું કે ઉપરોકત ખર્ચ માટે રૂ. ૯,૦૦૦/-ની વધારાની બજેટ-જોગવાઈ મંજૂર કરવા માટે પણ સિન્ડિકેટને ભલામણ કરવી.

૫. યુનિવર્સિટી કાર્યાલયમાં ઈન્ટર-કોમ ટેલિફોનના વિકાસકામ અંગે વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે ઈન્ડિયન ટેલિફોન ઈન્ડસ્ટ્રીઝ, મુંબઈ તરફથી ઑટોમેટિક એક્ષચેન્જ માટે નીચે મુજબના ભાવો મંજૂર કરવા સિન્ડિકેટને ભલામણ કરવી :

૫૦નું ઑટોમેટિક એક્ષચેંજ ટેલિફોન માટે ... રૂ. ૧૭,૨૪૦--૦૦
બેટરી એલિમિનેટર ... રૂ. ૨,૦૧૦--૦૦
ઑટો-ટેસ્ક ટેલિફોન (કુલ ૧૦ નંગ) ... રૂ. ૧૯૪--૦૦ (એક નંગના).

૬. યુનિવર્સિટી વિસ્તારમાં જુદાં જુદાં મકાનોને કલરવૉશ તથા બારી-દરવાજાને ઑઈલ પેઈન્ટ કરવા અંગે વિચારણા કરવા બાબત.

(અ) આથી ઠરાવવામાં આવે છે કે યુનિવર્સિટી વિસ્તારમાં આવેલાં નીચેનાં મકાનોને કલરવૉશ કરવા માટેનું કુલ રૂ. ૧૦,૦૦૦નું ખર્ચ મંજૂર કરવા સિન્ડિકેટને ભલામણ કરવી :

(૧) સમાજવિદ્યા ભવન	રૂ. ૩,૨૦૦--૦૦
(૨) ભાષા-સાહિત્ય ભવન	રૂ. ૨,૮૦૦--૦૦
(૩) પોસ્ટ ઑફિસ	રૂ. ૫૦૦--૦૦
(૪) એન. આર. એસ. સેન્ટર	રૂ. ૬૦૦--૦૦
(૫) ગેસ્ટ હાઉસ	રૂ. ૧,૬૦૦--૦૦
(૬) હેલ્થ સેન્ટર	રૂ. ૯૦૦--૦૦
(૭) ટાંકી પરનું પંપહાઉસ	રૂ. ૨૦૦--૦૦
(૮) સિન્ડરટ્રેક પરનું પેવિલિયન	રૂ. ૨૦૦--૦૦
	રૂ. ૧૦,૦૦૦--૦૦

વધુમાં ઠરાવવામાં આવ્યું કે આ કામ માટે રૂ. ૧૦,૦૦૦ની જરૂરી બજેટ-જોગવાઈ મંજૂર રાખવા સિન્ડિકેટને ભલામણ કરવી

(બ) આથી ઠરાવવામાં આવે છે કે યુનિવર્સિટી વિસ્તારમાં નીચેનાં મકાનોમાં બારી-દરવાજાને ઓઈલ પેઈન્ટ કરવા માટે કુલ રૂ. ૨૫,૦૦૦નો અંદાજી ખર્ચ મંજૂર કરવા સિન્ડિકેટને ભલામણ કરવી :

(૧) "બી" ટાઈપ સ્ટાફ ક્વાર્ટર્સ (૨) "સી" ટાઈપ સ્ટાફ ક્વાર્ટર્સ (૩) "ડી" ટાઈપ સ્ટાફ ક્વાર્ટર્સ (૪) ટીચર્સ હૉસ્ટેલ	રૂ. ૬,૮૦૦--૦૦
(૫) હૉસ્ટેલ 'એ', 'બી', 'સી' તથા 'ડી' બ્લૉક તથા તેના કૉમન રૂમ અને રસોડાં	રૂ. ૭,૦૦૦--૦૦
(૬) ટાંકી તથા પંપ રૂમ	રૂ. ૧,૦૦૦--૦૦
(૭) પોસ્ટ-ઑફિસ	રૂ. ૨,૦૦૦--૦૦
(૮) સિન્ડરટ્રેક ઉપરનું પેવિલિયન	રૂ. ૧,૦૦૦--૦૦
(૯) વિજ્ઞાન વિદ્યાભવનના મકાનની સ્ટીલની બારીઓ	રૂ. ૭,૨૦૦--૦૦
	રૂ. ૨૫,૦૦૦--૦૦

વધુમાં ઠરાવવામાં આવ્યું કે આ કામ માટે કુલ રૂ. ૨૧,૦૦૦--૦૦ની વધારાની જોગવાઈ ઉપર મુજબ વધુ બજેટમાં સદરહુ કામો માટે મંજૂર કરવા સિન્ડિકેટને ભલામણ કરવી.

૭. યુનિવર્સિટી વિસ્તારમાં બાંધવામાં આવનાર જુદાં જુદાં મકાનોની સાઈટ અંગે વિચારણા કરવા બાબત.

બાંધકામ સમિતિના સભ્યોએ કેમ્પસમાં સ્થળ પર મુલાકાત લઈને નવાં મકાનોની જગ્યા અંગે નીચે મુજબ રાખવા ભલામણ કરવામાં આવી :

(ક) હાલની પોસ્ટ-ઑફિસની જગાએ યુનિવર્સિટી કાર્યાલયની ઉત્તરે પોસ્ટ-ઑફિસ તથા બૅંકના મકાન માટેની સાઈટ નક્કી કરવી.

(ખ) "સ્ટુડન્ટ હોમ"ના મકાનની સાઈટ સભામાં રજૂ થયેલા પ્લાન અનુસાર યુનિવર્સિટીના મકાનની ઉત્તર વિંગની પશ્ચિમ બાજુએ રાખવી.

(ગ) "સ્વિમિંગ પુલ" માટેની સાઈટ સભામાં રજૂ થયેલા પ્લાન અનુસાર પ્રેસના મકાનની ઉત્તર બાજુએ ખાડામાં રાખવાનું નક્કી કરવું.

(ઘ) જિમ્નેશિયમના મકાનની સાઈટ એન. આર. એસ. સેન્ટરના મકાનની ઉત્તર બાજુએ સભામાં રજૂ થયેલા પ્લાન અનુસાર રાખવી.

(ચ) ગાંધી ભવનના મકાનની સાઈટ માટે ઓપન એર થિયેટરથી છાત્રાલય તરફ જતા રસ્તા તથા સિન્ડર-ટ્રૅકના રસ્તાના ખૂણા(corner plot)ની જગા રાખવી.

(છ) યુનિવર્સિટી વિસ્તારમાં સેન્ટ્રલ કાફેટરિયા (Cafetaria)નું મકાન હાલના પોસ્ટ-ઑફિસના મકાનની પશ્ચિમ બાજુએ હાલ સ્ટીલનો સ્ટોર જે જગ્યાએ રાખવામાં આવે છે તે જગાએ નક્કી કરવું.

ત્યાર બાદ સભાગૃહનું કામકાજ પૂરું થયું હતું.

પી. ડી. મિશ્રી
કુલસચિવ વતી.

परिशिष्ट "अ"

Extra items for the work of electric wiring in the School of Sciences

Sr. No.	*Item*	*Nos.*	*Rate*	*Amount Rs.*
1.	4 way D.B. (in all the five building)	20	20	400/-
2.	15-A. Switch Porcelin Base	2	5	10/-
3.	15-A. Kit-kat fuse	9	2	18/-
4.	Concealed Wiring Point	9	30	270/-
5.	,, ,, Plug 5-A	7	20	140/-
6.	,, ,, ,, 15–A	8	45	360/-
7.	,, ,, Exhaust fan points	1	30	30/-

Total... Rs. 1,228/-

પરિશિષ્ટ "ચ"
કામકાજ ક્રમાંક ૧૦૮

"સ્વ. ડૉ. જી. બી. માંકડ સુવર્ણચંદ્રક"

૧. દાતાનું નામ : શ્રી. જે. જી. માંકડ, બી.કૉમ., એફ.સી.એ., સરખેજ રોડ, અમદાવાદ--૭.

૨. પ્રદાનની રકમ : રૂ. ૭,૫૦૦ તથા માર્ચ--એપ્રિલ ૧૯૭૨ની પરીક્ષા માટે વધુ રૂ. ૩૫૦.

૩. પ્રદાનનો પ્રકાર : એક સુવર્ણચંદ્રક.

૪. પ્રદાનનો સ્વીકાર સિન્ડિકેટે તેની તા. ૯--૯--૧૯૭૨ની સભામાં ક્રમાંક ૭૭થી કર્યો છે.

નિયમો

(૧) "સ્વ. ડૉ. જી. બી. માંકડ સુવર્ણચંદ્રક" એ નામનો આશરે રૂ. ૩૪૦ની કિંમતનો એક સુવર્ણચંદ્રક દરવર્ષે આ યુનિવર્સિટી તરફથી વર્ષ દરમિયાન ઑક્ટોબર અને માર્ચ--એપ્રિલની એમ.ડી. (મેડિસિન)ની પરીક્ષામાં પ્રથમ પ્રયત્ને ડિઝર્ટેશન અને પેપરો સહિત ઉત્તીર્ણ થનાર વિદ્યાર્થીઓ પૈકી જેણે ત્રીજી એમ.બી.,બી.એસ.ની પરીક્ષા(મેડિસિન)ના વિષયમાં સૌથી વધારે ગુણાંક મેળવી પ્રથમ પ્રયત્ને પાસ કરી હોય તેને એનાયત કરવામાં આવશે. પરંતુ તેવા વિદ્યાર્થીઓ એક કરતાં વધુ હશે તો તેવા વિદ્યાર્થીઓ પૈકી જેમણે ત્રીજી એમ.બી.,બી.એસ.ની પરીક્ષાના તમામ વિષયો ધ્યાનમાં લઈને સૌથી વધુ ગુણાંક મેળવ્યા હશે તે વિદ્યાર્થીને એનાયત કરવામાં આવશે.

(૨) સુવર્ણચંદ્રક વિજેતાનું નામ બને ત્યાં સુધી પરીક્ષાના પરિણામ સાથે જાહેર કરવામાં આવશે.

(૩) સુવર્ણચંદ્રક શક્ય હશે ત્યાં સુધી યુનિવર્સિટીના વાર્ષિક પદવીદાન સમારંભમાં વિજેતાને આપવામાં આવશે.

(૪) વિજેતાને ચંદ્રક આપવામાં નાત, જાત કે વર્ગનો બાધ ગણવામાં આવશે નહીં.

(૫) સદરહુ સુવર્ણચંદ્રક એનાયત કરવા અંગે યુનિવર્સિટીની સિન્ડિકેટને વખતોવખત જે શરતો ઉમેરવી આવશ્યક જણાશે તે ઉમેરવા માટે તેને અધિકાર રહેશે.

(૬) આ સખાવતની વાર્ષિક આવકમાંથી પાંચ ટકા કપાત ગુજરાત યુનિવર્સિટીના જનરલ ફંડમાં લઈ જવામાં આવશે.

(૭) આ સખાવતની વાર્ષિક આવકની બચત મૂળ રકમમાં ઉમેરવામાં આવશે.

પરિશિષ્ટ "છ"
કામકાજ ક્રમાંક ૧૦૯

"બૅંક ઑફ બરોડા ટ્રોફી"

૧. દાતાનું નામ : બૅંક ઑફ બરોડા રિજિયોનલ ઑફિસ, ગાંધીરોડ, પો. બો. ૩૨૪, અમદાવાદ-૧.

૨. પ્રદાનની રકમ : રૂ. ૭,૫૦૦.

૩. પ્રદાનનો પ્રકાર : એક ટ્રોફી આશરે રૂ. ૨,૫૦૦ની કિંમતની.

૪. પ્રદાનનો સ્વીકાર : સિન્ડિકેટે તેની તા. ૭/૮--૮--૧૯૭૧ની સભામાં પ્રદાનનો સ્વીકાર કર્યો છે.

નિયમો

(૧) આ વકતૃત્વસ્પર્ધા ગુજરાત યુનિવર્સિટીની સંલગ્ન કૉમર્સ કૉલેજો પૂરતી મર્યાદિત રહેશે.

(૨) આ વકતૃત્વસ્પર્ધા ગુજરાતી ભાષામાં યોજવામાં આવશે.

(૩) દરવર્ષે યોજવામાં આવનાર આ સ્પર્ધામાં જે કૉલેજના પ્રતિનિધિઓએ સૌથી સારો દેખાવ (performance) કર્યો હશે તે કૉલેજને આ ટ્રોફી એનાયત કરવામાં આવશે અને આ ટ્રોફી દરવર્ષે ફરતી રહેશે.

(૪) આ વકતૃત્વસ્પર્ધા માટેનો વિષય બૅંકિંગ અને બચતને લગતો હશે.

(૫) આ વકતૃત્વસ્પર્ધા માટે બે નિર્ણાયકો યુનિવર્સિટીની સિન્ડિકેટ નીમશે અને એક નિર્ણાયક બૅંકના પ્રતિનિધિ રહેશે.

(૬) આ વકતૃત્વસ્પર્ધા યોજવા અંગે યુનિવર્સિટીની સિન્ડિકેટને વખતોવખત જે શરતો ઉમેરવી આવશ્યક જણાશે તે ઉમેરવા માટે તેને અધિકાર રહેશે.

(૭) આ સખાવતની કુલ રકમ રૂ. ૭,૫૦૦માં રૂ. ૨,૫૦૦ ટ્રોફી માટે ફાળવવામાં આવ્યા છે, જ્યારે બાકીની રૂ. ૫,૦૦૦ની રકમના ઉત્પન્ન થતા વ્યાજમાંથી પાંચ ટકા કપાત યુનિવર્સિટીના જનરલ ફંડમાં લઈ જવામાં આવશે અને બાકીની રકમમાંથી નિર્ણાયકોના ટી.એ., ડી.એ. ઇત્યાદિ ખર્ચ ચૂકવવામાં આવશે.

પરિશિષ્ટ "બ"
કામકાજ ક્રમાંક ૧૨૦

INTERNATIONAL STUDY PROGRAMME

(September—December 1971)

BUDGET

Expense Category	*Original Budget formulated in September*	*Revised Budget formulated in October*	*Final Budget based on newer data available in December*
1	2	3	4
	Rs.	Rs.	Rs.
I. Housing & Maintenance :			
1. Staff :			
(*i*) Bearer-Cum-Peon @ Rs. 150/-	600	450	450
(*ii*) Sweeper @ Rs. 120/- per month	500	360	360
2. Equipment and Furnishings	8,000	8,000	7,000
3. Boarding @ Rs. 12/- per person per day	25,000	14,410	14,500
4. Lodging @ Rs. 7/- per person per day	17,000	9,240	8,000
5. Local transport in Gujarat etc.	8,000	8,000	7,000
6. Honorarium for supervision of housing and maintenance	—	—	1,700
Sub Total...	59,100	39,910	39,010

1	2	3	4
II. Professional Services :			
1. Honorarium to teachers	7,500	6,000	4,000
2. Stenographer @Rs. 150/- per month	600	600	600
3. Additional Secretarial Assistance	1,500	1,500	2,800
4. T.A./D.A. to outside teachers	1,000	500	500
5. Special lectures by outside teachers	1,500	Nil	Nil
6. Stationery & Postage	2,500	2,500	2,500
7. Honorarium to Outside consultants	500	500	500
8. Miscellaneous	4,000	2,500	1,600
Sub Total...	19,600	14,100	12,500
III. University Fees @Rs. 300 per person	5,400	5,400	5,400
IV. Educational Material	1,500	1,000	1,000
Sub Total...	6,900	6,400	6,400
V. Co-ordinator's Honorarium	7,500	7,500	7,500
Total all Categories.....	93,000	67,910	65,410

Sub--Totals

	September	*October*	*December*
Part I	59,100	39,910	39,010
Part II	19,600	14,100	12,500
Parts III & IV	6,900	6,400	6,400
Part V	7,500	7,500	7,500
	93,000	67,910	65,410

પરિશિષ્ટ "ઝ"
કામકાજ ક્રમાંક ૧૩૩

યુનિવર્સિટી મુદ્રણાલય તથા પ્રકાશન અંગેની જરૂરિયાત જોઈતપાસી અહેવાલ રજૂ કરવા માટે સિન્ડિકેટે તેની તા. ૬/૭--૬--૧૯૭૨ની સભામાં નિયુક્ત કરેલ સમિતિના તા. ૧૮--૨--૧૯૭૧ના અહેવાલ પર તથા તા. ૩--૯--૧૯૭૧ની સ્થાયી સમિતિની સભામાં પ્રેસ-મૅનેજર તથા આસિ. પ્રેસ-મૅનેજરની જગ્યાઓનાં પગારધોરણ બાબત કરવામાં આવેલ ભલામણ પરત્વે સુચિંતિત અહેવાલ રજૂ કરવા સિન્ડિકેટે તેની તા. ૧૩/૧૬--૧૦--૧૯૭૧ની સભામાં નિયુક્ત કરેલ નીચેની સમિતિની નીચે દર્શાવ્યા પ્રમાણે સભાઓ મળી હતી:

ક્રમાંક	સભ્યનું નામ	૩૧-૧ -૭૨	૮-૨ -૭૨	૨૩-૨ -૭૨	૨૨-૮ -૭૨	૨૪-૮ -૭૨	૩૦-૯ -૭૨	૩-૧૦ -૭૨	૧૦-૧૧ -૭૨
૧.	શ્રી. રણજિતરાય ગં. શાસ્ત્રી	હાજર	હાજર	હાજર	ગેરહાજર	ગેરહાજર	હાજર	હાજર	હાજર
૨.	શ્રી. ઇંદ્રવદન અં. મોદી	હાજર	હાજર	હાજર	હાજર	હાજર	ગેરહાજર	હાજર	હાજર
૩.	શ્રી. સત્યેન્દ્ર કા. ઝવેરી	હાજર	હાજર	હાજર	હાજર	હાજર	હાજર	હાજર	હાજર
૪.	શ્રી. પ્રવીણચંદ્ર ત્રિ. ઠક્કર	હાજર	હાજર	ગેરહાજર	હાજર	હાજર	હાજર	હાજર	હાજર
૫.	શ્રી. ધીરુભાઈ નાયક	ગેરહાજર	હાજર	હાજર	હાજર	હાજર	હાજર	હાજર	ગેરહાજર

તા. ૩૧--૧--'૭૨, તા. ૮--૨--'૭૨, તા. ૨૩--૨--'૭૨, તા. ૩૦--૯--'૭૨, તા. ૩--૧૦--'૭૨ તથા તા. ૧૦--૧૧--'૭૨ની સભાનું પ્રમુખસ્થાન શ્રી. રણજિતરાય ગં. શાસ્ત્રીએ અને તા. ૨૨--૮--'૭૨ તથા તા. ૨૪--૮--'૭૨ની સભાનું પ્રમુખસ્થાન શ્રી. ઇંદ્રવદન અં. મોદીએ સંભાળ્યું હતું.

સમિતિ સમક્ષ યુનિવર્સિટી પ્રેસમાં મશીન, કંપોઝ તથા બાઈન્ડિંગ વિભાગો અંગેની યંત્રસામગ્રીની માહિતી તથા અન્ય જરૂરી માહિતીની વિગત પૂર્ણ રીતે રજૂ કરવામાં આવી હતી.

સમિતિએ યુનિવર્સિટી મુદ્રણાલયના કર્મચારીઓને યુનિવર્સિટી પ્રેસ સંબંધી તેઓનાં દૃષ્ટિકોણ તથા સૂચના જાણવા માટે રૂબરૂ મુલાકાત તારીખ ૮--૨--'૭૨ના રોજ આપી હતી.

ઉત્પાદન સરળ કરવામાં આવતાં અવરોધક પરિબળો, છાપકામના પ્રવર્તમાન દરો તથા કર્મચારીઓની માગણીઓ વગેરે પ્રશ્નો બાબતમાં લંબાણ ચર્ચાવિચારણા બાદ સિન્ડિકેટને નીચે પ્રમાણે ભલામણ કરવાનું ઠરાવવામાં આવ્યું હતું :

૧. યુનિવર્સિટી પ્રેસમાં છાપકામ ઉત્પાદન કાર્યક્રમ બનાવવામાં મુખ્ય અવરોધક એવું મૂળ મેટર "મૅન્યુસ્ક્રિપ્ટ" ચોખ્ખું અને મુદ્રણયોગ્ય હોતું નથી, તેવી આ સમિતિને પ્રતીતિ થઈ છે. મેટરમાં પ્રૂફ-કક્ષાએ પાછળથી તેમાં ઘણા ફેરફાર કરવામાં આવે છે, જેના કારણે પ્રેસની કાર્યક્ષમતા અવરોધાય છે. આ પ્રથા બંધ કરવી જોઈએ. કોઈ પણ પ્રૂફમાં મૂળ મેટરમાં ન હોય તેવા સુધારા/ફેરફાર કરવામાં આવે તો કુલસચિવશ્રી અથવા તેઓ જેને

સત્તા આપે તેની પરવાનગી સિવાય આવા ફેરફાર/સુધારા કરવાની છૂટ આપવી જોઈએ નહિ. મૂળ મેટરમાં ન હોય તેવા ફેરફાર/સુધારાવધારા પ્રૂફમાં બિલપાત્ર ગણવા.

૨. પ્રૂફ મંજૂર થઈને છાપવા માટે પ્રેસને પરત કરવામાં કયારેક ઘણો વિલંબ થતો હોય છે. તે હકીકત બાબતમાં સમિતિને એમ જણાય છે કે બહારગામ મોકલવામાં આવતાં પ્રૂફ એક અઠવાડિયામાં, તેમ જ સ્થાનિક પ્રૂફ બીજા દિવસે પ્રેસને પરત મળવાં જોઈએ. આ બાબતમાં થતા વિલંબ માટે દર અઠવાડિયા માટે પ્રેસ પાના દીઠ પચાસ પૈસાનો સ્ટેન્ડિંગ ચાર્જ લઈ શકે.

૩. કંપોઝ વિભાગમાં હાથથી કંપોઝ કરવાના કંપોઝ કામનું સામાન્ય (નોર્મલ) ઉત્પાદન પ્રતિદિન નીચે પ્રમાણે હોવું જરૂરી છે :

(૧) કંપોઝકામ "સી" પ્રકાર : ૧૨ પોઈન્ટ બોડી ટાઈપ્સમાં સોલિડ રનિંગ કંપોઝ છોડવા સાથે ૩૦૦૦ એમ્સ.

(૨) કંપોઝકામ "બી" પ્રકાર : ઉપરોકત "સી" પ્રકાર કરતાં મિશ્ર પ્રકારનું અંગ્રેજી--ગુજરાતી--હિન્દી-સંસ્કૃત વગેરે તેમ જ સામાન્ય પ્રકારનું વૈજ્ઞાનિક અથવા ગાણિતિક કંપોઝકામ, છોડવા સાથે ૨૨૦૦ એમ્સ.

(૩) કંપોઝકામ "એ" પ્રકાર : ઉપરોકત "સી" તથા "બી" પ્રકાર સિવાયનાં અસામાન્ય એવાં ગણિત, વિજ્ઞાન અને ભાષા વગેરે પ્રકારનું કંપોઝકામ, છોડવા સાથે ૧૮૦૦ એમ્સ.

ઉપર જણાવ્યા પ્રમાણે કંપોઝ ઉત્પાદન સામાન્ય રીતે કંપોઝીટરે આપવું જોઈશે. કામના પ્રકાર તથા ઉત્પાદન સંબંધી નિર્ણય પ્રેસ-મેનેજરનો આખરી ગણાશે.

૪. કંપોઝ વિભાગમાં જતું મૂળ મેટર ભાષાશુદ્ધિ તથા પૂર્ણ "લેઆઉટ" તેમ જ એડિટ થઈને આપવામાં આવે તે ખાસ જરૂરી હોવાથી પ્રૂફ વિભાગના એક સીનિયર અને અનુભવી પ્રૂફરીડરને આ અંગે ખાસ કામ સોંપવું, અને આથી આ વિભાગમાં એક વધારાના પ્રૂફરીડરની રૂ. ૨૧૫—૧૦—૨૮૫ ઈ.બી. ૧૫–૪૫૦ના ગ્રેડમાં જગ્યા ભરવી.

આ પછી સભાનું કામ મુલતવી રાખવા નક્કી કરવામાં આવ્યું હતું અને જે તા. ૨૪--૮--૧૯૭૨ના રોજ પુનઃ મળતાં પ્રેસના મશીન તથા બાઈન્ડિંગ વિભાગનાં મુદ્રણકામોની કાર્યપદ્ધતિ, વર્કલોડ, યંત્રસામગ્રી તથા કર્મચારીઓની સંખ્યા વગેરેની જરૂરિયાતના સંદર્ભમાં આગળ વિચારતાં સિન્ડિકેટને નીચે પ્રમાણે ભલામણો કરવા ઠરાવવામાં આવ્યું હતું :

૫. મુખ્ય ઉત્તરવહીઓ અત્યારે જે ૧૨ પાનાંની, એમ્બોસિંગ તથા બે સ્ટિચિંગ પિનની બનાવવામાં આવે છે તેમાં ઉત્પાદનની દૃષ્ટિએ વપરાતી યંત્ર તેમ જ માનવશકિતની કરકસર કરી શકાય તથા ઉત્પાદન સરળ બને તે દૃષ્ટિએ મુખ્ય ઉત્તરવહી ૮ પાનાંની બનાવવી જોઈએ. તથા તેની ઉપરનું એમ્બોસિંગ રદ કરવું તથા એક સ્ટિચિંગ પિન અથવા ગમિંગ કરવું.

૬. પ્રેસમાં આંતરિક ભારવહન માટે એક ખાસ પ્રકારની અનુકૂળ ટ્રોલી તથા બહારના વ્યવહાર માટે એક ટ્રોલી તાકીદે વસાવવી.

૭. પ્રેસમાં તમામ યંત્રોની દુરસ્તી તથા યોગ્ય નિભાવ કરી શકે તેમ જ છાપકામ, મશીન વિભાગનું સમગ્ર સંચાલન અને "પ્રી-ઈમ્પોઝિંગ મેક રેડી" કરી શકે તેવા પ્રત્યક્ષ કુશળતા, જ્ઞાન અને અનુભવ ધરાવતા

એક મશીન ફોરમેન-કમ-મિકેનિકની જગ્યા રૂ. ૩૧૩—૧૫—૩૪૩—૨૦—૪૪૩ ઈ.બી. ૨૦—૧૬૩ ના ગ્રેડમાં તાકીદે ભરવી. આ જગ્યા માટે લાયકાતનું ધોરણ ઉપરોકત કામ અંગેનો સીધો વિશાળ પ્રત્યક્ષ અનુભવ અને આવડત નક્કી કરવામાં આવે છે.

૮. પ્રેસનાં યંત્રો પૈકી મિલે બેબકોક, સિલિન્ડર મશીન તથા ફિનિક્ષ એમ્બોસિંગ મશીન ઘણાં જૂનાં થઈ ગયાં હોવાથી અને વારંવાર દુરસ્ત કરાવવાં જરૂરી બનતાં હોઈ તે વેચી દેવાં.

૯. પ્રેસમાં એક ઓ.એમ. સેકન્ડ પ્રકારનું ઑટોમેટિક મશીન તેના ભારત ખાતેના જી.ડી.આર. એજન્ટ મેસર્સ ઈન્ડો યુરોપા ટ્રેડિંગ કંપની, મુંબઈ પાસેથી તેઓના ભાવે ખરીદવું તથા બે ૧૨" × ૧૮" ની સાઈઝનાં ચેન્ડલર ઍન્ડ પ્રાઈસ ટાઈપનાં ટ્રેડલ મશીનો મેસર્સ ઉમાકાન્ત એન્જિનિયરિંગ વર્કસ, અમદાવાદનાં ઉત્તમ પ્રકારનાં તેમ જ પ્રખ્યાત હોઈ તેમના કંપની ભાવથી ખરીદવાં.

૧૦. મોનોટાઈપ સ્પેર પાર્ટ્સ, વૈજ્ઞાનિક તેમ જ ગાણિતિક કંપોઝની સંજ્ઞાઓની એકસ્ટ્રા મેટ્રીસીઝ, મોલ્ડ, ડાઈકેસ વગેરે એસેસરીઝ વસાવવાં અત્યંત જરૂરી તેમ જ સલાહભરેલ હોઈ, તેની મોનોટાઈપ કૉર્પોરેશન, ઈન્ડિયા પાસેથી તેઓના ભાવથી ખરીદી કરવી.

૧૧. કંપોઝ વિભાગમાં ૨૦" × ૩૦" ની સાઈઝનું એક ઑટોમેટિક પ્રૂફ મશીન, મેસર્સ ઉમાકાન્ત એન્જિનિયરિંગ વર્કસે આ પ્રકારનું મશીન બનાવેલ હોઈ તેમની પાસેથી ખરીદવું.

૧૨. પ્રેસમાં રી-પ્રોડકૂશન—રીપીટ વર્કનું પ્રમાણ વધુ રહેતું હોવાથી ઑફસેટમાં "લિથોટેક્ષ" ટ્રેડ માર્કથી પ્રખ્યાત થયેલ મોનોટાઈપ પિકટોરિયલ મશીનરીની નીચે પ્રમાણે યંત્રસામગ્રી ઈકિવપમેન્ટ ખરીદવા અને ઈન્સ્ટોલ કરવા ભલામણ કરવામાં આવે છે :

(૧) એક પ્રિન્ટિંગ ડાઉન વેકયુમ ફ્રેમ

(૨) એક વર્લર

(૩) એક લાઈનિંગ અપ રીટચિંગ ટેલક્ષ તેમ જ જરૂરી કેમિકલ્સ વગેરે.

૧૩. પ્રેસમાં કરવામાં આવતાં છાપકામો વગેરેના દર અંગેના નીતિ વિષયક પ્રશ્ન પરત્વે વિચારણા કરતાં પ્રસ્તુત દર આ સાથેના પરિશિષ્ટ "ક" પ્રમાણે રાખવા ઠરાવવામાં આવે છે.

(પરિશિષ્ટ "ક" ની નકલ આ સાથે સામેલ છે.)

આ પછી કર્મચારીઓની માગણીઓ તથા અન્ય રજૂઆતો બાબતના પ્રેસના વૈયકિતક સ્ટાફ અંગેના પ્રશ્નો પરત્વે લંબાણ ચર્ચાવિચારણા કર્યા પછી નીચે પ્રમાણે ભલામણો કરવા ઠરાવવામાં આવ્યું હતું :

૧૪. મોનોટાઈપ વિભાગનાં કાયમી ધોરણે નીચે જણાવ્યા પ્રમાણે કર્મચારીઓ નીમવા :

ક્રમાંક	જગ્યાનું નામ	સંખ્યા	ગ્રેડ	લાયકાત
૧.	મોનો-ઓપરેટર	૨	૧૪૯-૪-૨૦૫-૫-૨૧૦	અંગ્રેજી, ગુજરાતી વગેરે ભાષામાં ભૂલો વગરનું શુદ્ધ ઓપરેટિંગ, ગુજરાતીમાં ૨૦ હજાર એમ્સ તથા અંગ્રેજીમાં ૨૫ હજાર એમ્સ પ્રતિદિન ઉત્પાદન કુશળતા સાથે. એસ.એસ.સી. ને પ્રથમ પસંદગી.

ક્રમાંક	જગ્યાનું નામ	સંખ્યા	ગ્રેડ	લાયકાત
૨.	કાસ્ટર	૨	૧૧૮--૨--૧૩૮--૩--૧૬૮ ઈ.બી. ૪--૨૦૦	કાસ્ટિંગ મશીનનું ટેકનિકલ નિભાવ અંગેનું જ્ઞાન તથા રિપેરિંગ અને જુદા જુદા પ્રકારના ટાઈપ્સ ઉત્પાદન અંગેનો અનુભવ.

૧૫. પ્રેસના વિવિધ ઉત્પાદનના " સ્ટેટિસ્ટિકસ " નિયમિત તૈયાર રખાય તે માટે યુનિવર્સિટી ડેવલપમેન્ટ વિભાગ નીચે એક આ અંગેના ખાસ જાણકાર કલાર્કની નિયુકિત કરવી.

૧૬. મશીન વિભાગમાં સ્ટીવ વેકેન્સીની દષ્ટિએ વિચારતાં તેમ જ પ્રી-ઈમ્પોઝિંગ મેકરેડી પદ્ધતિ અપનાવી શકાય તે હેતુથી સ્વતંત્ર રીતે મશીન ચલાવી શકે તેવી લાયકાત ધરાવતા બે આસિસ્ટંટ મશીનમૅનને કાયમી ધોરણે રૂ. ૧૦૦--૪--૧૪૦ ઈ.બી. ૫--૧૮૦ના ગ્રેડમાં નીમવા ભલામણ કરવામાં આવે છે.

૧૭. જરૂરી નાણાકીય વ્યવસ્થા ઉપલબ્ધ થાય ત્યારે તાકીદે પ્રેસ--કર્મચારી માટે જરૂરી રહેઠાણો બાંધવાં તેમ આ સમિતિ ભલામણ કરે છે.

૧૮. ટેમ્પરરી કર્મચારીઓ પૈકી પ્રેસમાં જેઓનાં પ્રોવિડંટ ફંડ કપાતાં હોય તેઓને નીચે જણાવ્યા પ્રમાણે પગારધોરણો આપવાં તથા કાયમ કરવા અને પ્રેસના અન્ય સમકક્ષ જગ્યાઓને મળતા લાભ આપવા ભલામણ કરવામાં આવે છે :

જગ્યાનું નામ	પગારધોરણ
(૧) જુનિયર કંપોઝીટર	... રૂ. ૧૦૪--૫--૧૫૪ ઈ.બી. ૫--૧૭૯
(૨) કોપીહોલ્ડર	... રૂ. ૧૧૮--૭--૧૮૧ ઈ.બી. ૮--૨૦૫
(૩) જુનિયર બાઈન્ડર	... રૂ. ૯૪-૫--૧૪૪--૭--૧૫૮
(૪) હેલ્પર	... રૂ. ૮૪--૪--૧૨૪.

૧૯. પ્રેસ-કર્મચારીઓની યુનિવર્સિટીના કર્મચારીઓની માફક વાસ્તવિક ધોરણે તા. ૧--૭--૧૯૬૮થી સાઈકલભથ્થું મૂળ પગારમાં ભેળવવાની વિનંતી મંજૂર કરવા ભલામણ કરવામાં આવે છે.

૨૦. પ્રેસલાઈન અંગેના ટેકનિકલ વ્યવહારોને ખ્યાલમાં લેતાં પ્રેસ-મૅનેજરને ટેન્ડર વગર રૂ. ૨૫૦ સુધીની ખરીદી તથા ટેન્ડર કોટેશન સાથે રૂ. ૧,૦૦૦ની ખરીદી કરવાની સત્તા આપવી તેમ ભલામણ કરવામાં આવે છે.

ત્યાર પછી તા. ૩૦--૯--૧૯૭૨નાં મુલતવી રહેલી સભાનું કામકાજ તા. ૭--૧૦--૧૯૭૨ના રોજ શરૂ થતાં આગળ નીચે જણાવ્યા પ્રમાણે ભલામણ કરવા ઠરાવવામાં આવ્યું :

૨૧. પ્રસ્તુત નોંધના મુદ્દા નં. ૧ તથા ૨માં ઉલ્લેખ કર્યા પ્રમાણેના પ્રસંગો બિલપાત્ર ગણવા, પણ તેની અલગ નોંધ રાખવી.

૨૨. યુનિવર્સિટી પ્રેસના સુસંચાલન માટે પ્રેસ-મૅનેજરને આ સાથેના પરિશિષ્ટ "ખ" પ્રમાણે સત્તાઓ આપવી તેમ ભલામણ કરવામાં આવે છે.

(નોંધ—પરિશિષ્ટ "ખ"ના મુદ્દા ૭ તથા ૭--એ ને વધુમતે નકકી કરવામાં આવેલ.)

ત્યાર પછી તા. ૭--૧૦--૧૯૭૨ની સભાનું કામકાજ મુલતવી રાખવામાં આવ્યું હતું જે તા. ૧૦--૧૧--૧૯૭૨ના રોજ સભા મળતાં નીચે પ્રમાણે ભલામણ કરવા ઠરાવવામાં આવ્યું :

૨૩. યુનિવર્સિટી પ્રેસ-કર્મચારીઓ તરફથી તેઓનાં પગારધોરણ સુધારવા અંગે કરવામાં આવેલ રજૂઆત પરત્વે વિચારણા હાથ ધરવામાં આવેલ. લંબાણ ચર્ચાવિચારણાને અંતે આ સમિતિના સભ્યોમાં એક મંતવ્ય એ હતું કે 'શહેરના અન્ય સ્થાનિક પ્રેસોની સરખામણીમાં યુનિવર્સિટી પ્રેસ-કર્મચારીઓનાં પગારધોરણો વાજબી જણાય છે' છતાં યુનિવર્સિટીના અન્ય વિભાગોની રચના ગુજરાત સરકારના પ્રેસના કર્મચારીઓનાં હાલનાં પગારધોરણોને ધ્યાનમાં લઈને વિચારવામાં આવે છે, તે જોતાં યુનિવર્સિટી પ્રેસ-કર્મચારીઓને ઉત્પાદન ક્ષેત્રે યોગ્ય સહકાર સાંપડી શકે તે દૃષ્ટિએ વિચારતાં પ્રેસ-કર્મચારીઓને સરકારી પ્રેસના ધોરણે પગારધોરણો આપવાં તેમ ભલામણ કરવામાં આવે છે.

(આ પ્રમાણે નકકી કરવામાં આવે તો પ્રથમ વર્ષે અંદાજે રૂ. ૨,૦૦૦ જેટલો અને બીજા વર્ષે અંદાજે રૂ. ૪,૫૦૦ જેટલો આર્થિક બોજ યુનિવર્સિટી ઉપર વધશે.)

આ તબક્કે સમિતિમાં બીજું એક મંતવ્ય એ હતું કે સને ૧૯૫૮થી આજદિન સુધીમાં પ્રેસ-મૅનેજર, આસિ. પ્રેસ-મૅનેજર, પ્રૂફરીડર અને કૉપીહોલ્ડરની આઠ જગ્યાઓનાં તથા પ્રેસના કારકૂનની ચાર જગ્યાઓ સિવાય બાકીના લગભગ ૫૮ જેટલા પ્રેસ-કર્મચારીઓનાં પગારધોરણોમાં કોઈ ફેરફાર થયો નથી. જ્યારે પ્રેસની સ્થાપના ૧૯૫૮થી માંડીને આ ચૌદ વર્ષના ગાળામાં યુનિવર્સિટીના અન્ય કર્મચારીઓનાં પગારધોરણોમાં બેથી ત્રણ વખત સુધારા થયા છે. યુનિવર્સિટીના અન્ય કર્મચારીઓનાં પગારધોરણો સુધારતી વખતે સામાન્યત: મુંબઈ યુનિવર્સિટીનાં પગારધોરણો ધ્યાનમાં લેવાયાં છે. આ હકીકત લક્ષમાં લઈને વિચારતાં મુંબઈ યુનિવર્સિટીનાં પગારધોરણ યુનિવર્સિટી પ્રેસ માટે અપનાવાય તો, ગુજરાત યુનિસર્સિટીના પ્રેસ સિવાયના અન્ય કર્મચારીઓનું સમકક્ષ પગારધોરણ અને ગુજરાત સરકારના પ્રેસ-કર્મચારીઓનું સમકક્ષ પગારધોરણ, તેની સરખામણીમાં, મધ્યમમાર્ગી નિર્ણય ગણાશે એટલું જ નહિ, પણ ગુજરાત રાજ્ય સરકારી પ્રેસ-કર્મચારીઓનું પગારધોરણ અપનાવાય તો યુનિવર્સિટી પ્રેસના ૫૨ ટકા કર્મચારીઓને ફાયદો થાય, જ્યારે મુંબઈ યુનિવર્સિટીનું પગારધોરણ અપનાવાય તો ગુજરાત યુનિવર્સિટી પ્રેસના ૮૨ ટકા કર્મચારીઓને ફાયદો થશે. આ કારણે બીજા વર્ષે એક કર્મચારી દીઠ વાર્ષિક સરેરાશ રૂ. ૧૦૦—૦૦ જેટલો બોજો પણ આવશે નહિ. આ હકીકત ધ્યાનમાં લઈએ તો સને ૧૯૫૮થી જે કર્મચારીઓનાં પગારધોરણોમાં કોઈ જાતનો ફેરફાર કે વધારો થયો નથી તેમના માટે આ બોજો યુનિવર્સિટી ઉપાડે તે વાજબી લેખાશે. પ્રેસ-કર્મચારીઓને ફેકટરી ઍકટનો લાભ મળે છે તે ધ્યાનમાં રાખીને ગુજરાત યુનિવર્સિટી કર્મચારીઓની સમકક્ષ પગારધોરણ ભલામણ ન કરતાં મુંબઈ યુનિવર્સિટીનું પગારધોરણ ભલામણપાત્ર છે.

(ઉપર્યુકત બીજા મંતવ્યની રજૂઆત પછી પ્રથમ મંતવ્ય રજૂ કરનાર સભ્યોનું સૂચન હતું કે બીજા મંતવ્યમાં ઉલ્લેખ કરેલ કર્મચારીઓના ફાયદા અંગેની સરખામણીની ટકાવારીની ચકાસણી થાય તથા તેમાં સીલિંગનાં પગારધોરણો પણ ચકાસાય.)

૨૪. યુનિવર્સિટી પ્રેસ-વ્યવસ્થાપકનું પગારધોરણ સરકારી પ્રેસના પ્રેસ-વ્યવસ્થાપક સમકક્ષ રૂ. ૮૫૦--૫૦--૧,૦૦૦ ઈ.બી. ૫૫--૧,૨૭૫ તથા આસિ. પ્રેસ-મૅનેજરનું પગારધોરણ આસિ. રજિસ્ટ્રાર સમકક્ષ રૂ. ૫૧૨--૨૦--૬૧૨--૩૦--૭૬૨ ઈ.બી. ૪૦--૮૮૨ નક્કી કરવા ભલામણ કરવામાં આવે છે. પ્રેસ-વ્યવસ્થાપકનું

લાયકાત ધોરણ ગ્રેજ્યુએટ અને પાંચ વર્ષનો પ્રેસ-વ્યવસ્થાપક તરીકેનો અનુભવ; ડિપ્લોમા ઇન પ્રિન્ટિંગ અને પ્રેસ-વ્યવસ્થાપક તરીકેનો ત્રણ વર્ષનો અનુભવ રાખવું તેમ સૂચવવામાં આવે છે.

૨૫. પ્રસ્તુત નોંધમાં મુદ્દા ક્રમાંક ૪, ૭, ૧૪, ૧૬ અને ૧૮માં ઉલ્લેખાયેલ પગારધોરણો પ્રસ્તુત નોંધના મુદ્દા ક્રમાંક ૨૩ અન્વયે સુધરે ત્યારે જે તે પગારધોરણ પણ અન્ય સમકક્ષ પ્રમાણે રાખવાં.

૨૬. પ્રેસ-કર્મચારીઓનું "ડ્યુટી લિસ્ટ" સમિતિ સમક્ષ રજૂ કરવામાં આવ્યું હતું જે આગળ ઘટતા વિચારણા કરવા સિન્ડિકેટ સમક્ષ મૂકવા સૂચવવામાં આવે છે.

(સદરહુ "ડ્યુટી લિસ્ટ" **પરિશિષ્ટ "ગ"** તરીકે આ સાથે સામેલ છે.)

ત્યાર બાદ સમિતિનું કામકાજ પૂરું થયું હતું.

ભો. કે. શાહ
ફલસચિવ વતી.

પરિશિષ્ટ "ક"

ગુજરાત યુનિવર્સિટી મુદ્રણાલય

કંપોઝિંગ, પ્રિન્ટિંગ અને બાઇન્ડિંગના ભાવ

છાપકામ (કંપોઝિંગ સહિત)ના ભાવ (દર ૧૦૦૦ નકલના)

કાગળની સાઈઝ	યુનિવર્સિટી માટેના છાપકામનો દર	યુનિવર્સિટી સિવાયના બહારના છાપકામ માટેનો દર
	રૂ. પૈસા	રૂ. પૈસા
ફૂલ્સકૅપ ૧/૨	૧૧--૪૦	૧૪--૨૫
ફૂલ્સકૅપ ૧/૪	૬--૦૦	૭--૫૦
ક્રાઉન ૧/૮	૯--૬૦	૧૨--૦૦
ક્રાઉન ૧/૧૬	૪--૮૦	૬--૦૦
ડેમી ૧/૪	૧૧--૪૦	૧૪--૨૫
ડેમી ૧/૮	૬--૦૦	૭--૫૦
ડેમી ૧/૫, ૧/૬	૭--૬૦	૯--૫૦
ઓ. પુ. સિલિન્ડર મશીન	૧૦--૪૦	૧૩--૦૦
ઓ. પુ. ટ્રેડલ મશીન	૪--૦૦	૫--૦૦
મુખ્ય ઉત્તરવહી (૧૦૦૦ નકલ)	૩૬--૦૦	૪૫--૦૦
ગૌણ ઉત્તરવહીઓ (૪ પાનાંની) (૧૦૦૦ નકલ)	૧૩--૬૦	૧૭--૦૦

નોંધ.—પુસ્તક સિવાયના પરચૂરણ નાના જૉબ માટે રૂ. ૬--૨૫થી ઓછું નહિ; બુકવર્કમાં જો હિન્દી, સંસ્કૃત, ગણિત, ડાયાક્રિટિકલ અક્ષર, ભૌતિકનાં સૂત્રો, રસાયણ સૂત્રો, ઉર્દૂ અથવા પર્શિયન વગેરે હશે તો ઉપર જણાવેલ ભાવ કરતાં ૫૦ ટકા ભાવ વધારે ગણવો. રંગીન શાહીમાં છાપકામ

કરવાનું હોય તો ચાલુ છાપકામ કરતાં ભાવ ૨૫ ટકા અને સોલિડ હોય તો ૫૦ ટકા વધારે ગણવો. બ્લૉક વગેરે છાપવા માટે દર પ્રોસેસ દીઠ રૂ. ૧૫--૦૦ દર હજાર નકલના ગણવા.

પરીક્ષાનાં પ્રશ્નપત્રો (યુનિવર્સિટીના તથા બહારના ભાવ)

		રૂ. પૈસા
૧. પ્રશ્નપત્રની	૧૦૦ કે ઓછી નકલના કંપોઝિંગ અને મુદ્રણના	૨૫--૦૦ દરેક બાજુના
૨. વધારાની	૧૦૦૦ નકલના ઓવર-પુલિંગ સિલિન્ડર મશીનના	૨૫--૦૦
,,	,, ,, ,, ,, ટ્રેડલ મશીનના	૧૦--૦૦

બાઇન્ડિંગના ભાવ

	યુનિવર્સિટી માટેના દર	યુનિવર્સિટી સિવાયના બહાર માટેના દર
	રૂ. પૈસા	રૂ. પૈસા
૧. ૧૦૦૦ મેળવણીના	૦૦--૬૦	૦૦--૭૫
૨. ૧૦૦૦ પરફોરેટના	૦૦--૪૦	૦૦--૫૦
૩. ૧૦૦૦ ડબલ સ્ટીચ (બહારથી)	૧૬--૦૦	૨૦--૦૦
૪. ૧૦૦૦ નંબરિંગના રજિસ્ટરના	૧--૦૦	૧--૨૫
૫. ૧૦૦૦ ડબલ સ્ટિચ (વચ્ચેથી)	૧૬--૦૦	૨૦--૦૦
૬. ૧૦૦૦ ફોલ્ડિંગના (૧ ગેડ)	૦--૪૦	૦--૫૦
૭. ૧૦૦૦ (૨ ગેડ)	૧--૦૦	૧--૨૦
૮. ૧૦૦૦ (૩ ગેડ)	૧--૨૦	૧--૫૦
૯. ૧૦૦૦ ફર્મા જૂથ સિલાઈના	૧--૬૦	૨--૦૦
૧૦. ૧૦૦ નકલ ૩૦૦ પાનાં સુધી વાયર દાંડીના	૪--૦૦	૫--૦૦
૧૧. ૨૫૦ પાનાં સુધી ગ્રે બોર્ડ જૂથ સિલાઈના ફ્લેપ લગાડીને ૧૦૦ નકલના	૪૦--૦૦	૫૦--૦૦
૧૨. ૨૫૧થી ૫૦૦ પાનાં સુધી બોર્ડપટ્ટી ૧૦૦ નકલના	૬૦--૦૦	૭૫--૦૦
૧૩. સળંગ છીંટ ૫૦૦ પાનાં સુધી ૧૦૦ નકલના	૧૨૦--૦૦	૧૫૦--૦૦
૧૪. સળંગ છીંટ ૧૨૦૦ પાનાં સુધી ૧૦૦ નકલના	૧૪૦--૦૦	૧૭૫--૦૦
૧૫. પુસ્તકમાં ફોટા ચોટાડવાના ૧૦૦૦ નકલના	૮--૦૦	૧૦--૦૦
૧૬. આઈલેટિંગ ૧૦૮૦ના	૧૦--૦૦	૧૨--૫૦
૧૭. પંચિંગ ૧૦૦૦ના	૦૦--૫૦	૦૦--૬૫

યુનિવર્સિટી માટેના ભાવ

સાઈઝ	પેડ ૧ નંગના રૂ. પૈ.	લૂઝ બોર્ડ ૧ નંગના રૂ. પૈ.	કટ બોર્ડ ૧ નંગના રૂ. પૈ.	ડબલ કટ બોર્ડ ૧ નંગના રૂ. પૈ.
ફૂલ્સકેપ ૧/૨	૦–૨૫	૦–૪૦	૦–૫૦	૧–૦૦
ફૂલ્સકેપ ૧/૪	૦–૧૫	૦–૨૫	૦–૩૦	૦–૫૦
ડેમી ૧/૪	૦–૨૫	૦–૪૦	૦–૫૦	૧–૦૦
ડેમી ૧/૬	૦–૨૦	૦–૩૦	૦–૪૦	૦–૮૦
ડેમી ૧/૮	૦–૧૫	૦–૨૫	૦–૩૦	૦–૫૦
ડેમી ૧/૧૬	૦–૧૦	૦–૧૫	૦–૨૦	૦–૨૫
ક્રાઉન ૧/૮	૦–૨૦	૦–૩૦	૦–૪૦	૦–૮૦

યુનિવર્સિટી સિવાયનાં બહારનાં કામોના ભાવ

ફૂલ્સકેપ ૧/૨	૦–૩૦	૦–૫૦	૦–૬૫	૧–૨૫
,, ૧/૪	૦–૨૦	૦–૩૦	૦–૩૫	૦–૬૫
ડેમી ૧/૪	૦–૩૦	૦–૫૦	૦–૬૫	૧–૨૫
ડેમી ૧/૬	૦–૨૫	૦–૩૫	૦–૫૦	૧–૦૦
ડેમી ૧/૮	૦–૨૦	૦–૩૦	૦–૩૫	૦–૬૫
ડેમી ૧/૧૬	૦–૧૫	૦–૨૦	૦–૨૫	૦–૩૦
ક્રાઉન ૧/૮	૦–૨૫	૦–૩૫	૦–૫૦	૧–૦૦

પાકું ઓપન તથા છીંટપટી બાઈન્ડિંગ (એક નંગના)

છીંટપટી	યુનિવર્સિટી માટે દર રૂ. પૈસા	યુનિવર્સિટી સિવાયનાં બહારનાં કામોનો દર રૂ. પૈસા
૧. ફૂલ્સકેપ રજિસ્ટર (છીંટપટી, અસ્તર ૧૦૦ પાનાં સુધી)	૩–૦૦	૩–૭૫
૨. ફૂલ્સકેપ ,, (,, ,, ૨૦૦ ,, ,,)	૪–૦૦	૫–૦૦
૩. ક્રાઉન ,, (,, ,, ૧૦૦ ,, ,,)	૩–૦૦	૩–૭૫
૪. ,, ,, (,, ,, ૨૦૦ ,, ,,)	૪–૦૦	૫–૦૦
ઓપન બાઈન્ડિંગ		
૫. ફૂલ્સકેપ સાદું છીંટ, ચામડાપટી ૨૦૦ પાનાં	૮--૦૦	૧૦--૦૦
૬. ,, ,, ,, ૪૦૦ પાનાં	૧૦--૦૦	૧૨–૫૦
૭. ,, ,, ૧૭" × ૨૭" ૨૦૦ પાનાં	૧૦--૦૦	૧૨–૫૦
૮. ,, ,, ૧૭" × ૨૭" ૪૦૦ પાનાં	૧૨--૦૦	૧૫--૦૦
૯. ક્રાઉન લેજર ૪૦૦ પાનાં	૮--૦૦	૧૦--૦૦
૧૦. ડબલ ક્રાઉન લેજર ૪૦૦ પાનાં.	૧૫--૦૦	૧૮--૭૫

પાનું એટલે ફોલિયો ગણવો
જેમ કે ૪૦૦ પાનાં એટલે ૨૦૦ શીટ્સ.

પરિશિષ્ટ "ખ"

ક્રમ	સત્તા	નોંધ
૧.	વ્યવસ્થાપકશ્રીને છાપખાનામાં ખાલી પડતી કાયમી, હંગામી તથા વચગાળાની જગ્યાઓ ભરવા અંગેની સત્તા.	ખાલી પડતી જગ્યા ત્રણ માસથી વધારે મુદતની નહીં તેવી હોય તો વ્યવસ્થાપકશ્રી સુયોગ્ય માણસની તે જગ્યા પર નિયુક્તિ કરી શકે છે. જ્યારે કાયમી સ્વરૂપની ખાલી પડતી જગ્યા માટે જે તે ખાતાના વડા, મદદનીશ વ્યવસ્થાપકશ્રી તથા પ્રેસ-વ્યવસ્થાપકશ્રીની સમિતિ તે નિયુક્તિ માટેની ભલામણ કુલ-સચિવશ્રીને કરે.
૨.	કર્મચારીનો કાયમી અસર ન પહોંચે તે સ્વરૂપનો ઈજાફો રોકવા અંગેની સત્તા.	કર્મચારીની વર્તણૂક તથા કામ, કાર્યક્ષમતા વગેરે બાબતો યોગ્ય ન જણાતાં વ્યવસ્થાપકશ્રીને તેને મળતો વાર્ષિક ઈજાફો યોગ્ય કારણો આપી રોકવાની કુલ-સચિવશ્રીને ભલામણ કરવાની સત્તા.
૩.	કર્મચારીનો ધારાધોરણ પ્રમાણે પગાર નિશ્ચિત કરવાની સત્તા.	નોકરીની શરૂઆતનો પગાર તેમ જ ત્યાર પછી થતા પગારવધારા, કાર્યક્ષમ અંતરાય વગેરે અંગેની કુલ-સચિવશ્રીને ભલામણ કરવાની સત્તા.
૪.	કર્મચારીઓના સકારણ કરેલા પ્રવાસ અંગેનાં ભાડાંભથ્થાંની મંજૂરીની સત્તા.	પ્રેસ-વ્યવસ્થાપકશ્રીની તથા તેમના હાથ નીચે કામ કરતા સઘળા કર્મચારીઓએ આદરેલ પ્રવાસ અંગેના ભાડાંભથ્થાં જે તે કર્મચારીને યુનિવર્સિટીના જે તે વખતના ચાલુ નિયમ પ્રમાણે મંજૂર કરવા તથા વહેંચવાની સત્તા.
૫.	યુનિવર્સિટી નિયમો પ્રમાણે માન્ય એવી બધા જ પ્રકારની રજાઓ મંજૂર અથવા નામંજૂર કરવાની સત્તા.	વ્યવસ્થાપકશ્રી પોતાના સિવાય બાકી અન્ય કર્મચારીઓની આ રીતે રજા મંજૂર/નામંજૂર કરી શકે.
૬.	કાયદા પ્રમાણે માન્ય એવી આર્થિક દંડ વગેરે કરવાની સત્તા.	પ્રેસ-સંચાલન અર્થે જરૂરી.
૭.	સંસ્થાના પ્રવર્તમાન નિયમો પ્રમાણે તથા કુદરતી ન્યાયના સિદ્ધાંતો પ્રમાણે તપાસ આદરી યોગ્ય જણાય તો તેવા કર્મચારીને તેના જે તે વર્તન માટે નોકરીમાંથી ફારેગ કરવા ભલામણ કરવા સુધીની સત્તા.	પ્રેસના સુવ્યવસ્થિત સંચાલન માટે.
૭--એ	આજ્ઞાઉલ્લંઘન યા અશિસ્ત માટે તાત્પૂરતા સંબંધકર્તા કર્મચારીને "સસ્પેન્ડ" કરવાની પ્રેસ-મેનેજરને સત્તા.	પ્રેસના સુવ્યવસ્થિત સંચાલન માટે.

૮. કર્મચારીઓની ભવિષ્યનિધિ યોજના અને રાજ્ય કર્મચારી યોજના તેમ જ ગ્રેચ્યુઈટી વગેરે બાબતોનું સંપૂર્ણ નિયમન પ્રેસ-વ્યવસ્થાપકશ્રીની મંજૂરીથી થઈ શકે.	પ્રેસના સુવ્યવસ્થિત સંચાલન માટે.
૯. મુદ્રણાલયના કામકાજ પરત્વે જરૂરી એવું ફર્નિચર, ફિક્ચર્સ વગેરે ખરીદવાની સત્તા.	ઘણી વખત ટેકનિક પ્રક્રિયાઓની સુગમતા માટે આ ખરીદી કરવી અનિવાર્ય થઈ પડે છે ત્યારે મંજૂર થયેલ અંદાજપત્રની મર્યાદામાં રહીને ભાવ મંગાવી ખરીદવાની પદ્ધતિ.
૧૦. મુદ્રણાલયના રોજ-રોજના કામકાજ અંગે જરૂરી એવા દરેક પ્રકારનો કાચો માલ, શાહી વગેરે મટીરિયલ્સ ખરીદવાની સત્તા.	મુદ્રણાલયમાં થતા જુદા જુદા પ્રકારનાં કામો માટે જુદી જુદી વખતે અગાઉ ન ધારી શકાય તેવી અનેક વસ્તુઓની જરૂરિયાત ઉદ્‌ભવતી હોય છે, આવે વખતે પ્રેસનું કામ ન ખોરંભાય તે દૃષ્ટિએ આમ હોવું જરૂરી છે. ખરીદી, બજેટમર્યાદાને આધીન રહી ટેન્ડર મંગાવવા, મોકલવા તેમ જ મંજૂર કરવાની સત્તા.
૧૧. મુદ્રણાલયની યંત્રસામગ્રીની મરામત અને રીપેર કરાવવા અંગેની સત્તા.	પ્રેસ-વ્યવસ્થાપકશ્રીને મશીનરીની ખરીદ કિંમતના ૨૫ ટકા અથવા રૂ. ૨૦૦૦--૦૦ થી વધારે નહિ તેટલી રકમ સુધીનું યંત્ર દીઠ રીપેરિંગ કરાવવાની સત્તા અને તેનો રિપોર્ટ એકાઉન્ટ વિભાગને કરવો.
૧૨. પ્રેસમાં નીકળતા દરેક પ્રકારના નકામા બિન-ઉપયોગી ચીજવસ્તુઓના નિકાલ કરવાની સત્તા.	પ્રેસમાં નીકળતી કાગળની કતરણ, શાહીના ખાલી ડબ્બા, રીમના બાંધા, કૉટન વેસ્ટના ડૂચા વગેરે ક્ચરાનો વખતોવખત ભાવ મંગાવી અથવા હરાજી કરીને નિકાલ કરવાની સત્તા વ્યવસ્થાપકશ્રીને હોવી જોઈએ.
૧૩. યુનિવર્સિટી પ્રેસમાં યુનિવર્સિટીના વિભાગોનાં છાપકામો ઉપરાંત અન્ય બહારનાં છાપકામ સ્વીકારવા તથા પ્રેસમાં તે કરાવવાની સત્તા.	પ્રેસની કાર્યશક્તિનો સંપૂર્ણ ઉપયોગ થવા સારુ.
૧૪. મુદ્રણાલય અંગે જરૂરી એવાં સંબંધકર્તા પુસ્તકો તથા સામયિકો ખરીદવા તેમ જ વસાવવાની સત્તા.	પ્રેસના "કન્ટિજન્સી" ના બજેટ હેડ નીચે આવી ખરીદી પ્રેસ-વ્યવસ્થાપકશ્રી કરી શકે.

પરિશિષ્ટ "ગ"

ક્રમ	હોદ્દો		ફરજ
૧.	પ્રેસ-મૅનેજર	...	યુનિવર્સિટી પ્રેસના સમગ્ર સંચાલનના વહીવટી તેમ જ વ્યાવહારિક વડા.
૨.	આસિ. પ્રેસ-મૅનેજર	...	યુનિવર્સિટી પ્રેસના સમગ્ર સંચાલનના વહીવટી તેમ જ વ્યવહાર અંગે મદદનીશ વડા.
૩.	**વિભાગીય વડાઓ :**		
	૧. ઑફિસ વિભાગ	...	યુનિવર્સિટી પ્રેસ-કાર્યાલય અંગેનું તમામ કલેરિકલ તેમ જ કલેરિકલ-ટેકનિકલ કામસંચાલન ઇત્યાદિ વ્યવહાર નિયંત્રણ પ્રેસ-વ્યવસ્થાપક, આસિ. પ્રેસ-વ્યવસ્થાપકની સૂચના અનુસાર આ વિભાગના સભ્યો પૈકી જે સીનિયર સભ્ય હોય તેને સંભાળવાની જવાબદારી.
	૨. પ્રૂફ વિભાગ	...	યુનિવર્સિટી પ્રેસના પ્રૂફ વિભાગમાં સભ્યો પૈકી જે સીનિયર સભ્ય હોય તેમણે અથવા ફરજ પરના સીનિયર સભ્યે આ વિભાગની તેઓની ફરજની સાથોસાથ મેટર એડિટ કરવું--કરાવવું, પ્રૂફવાચન કરવું--કરાવવું તથા છાપકામ-પ્રૂફ (મશીન-પ્રૂફ) તપાસવાં તથા ઑર્ડર આપવા તથા લેખકો યા અન્ય સંબંધકર્તા વિભાગોને પ્રૂફ મોકલવાં તથા કાળજીપૂર્વક પરત મંગાવવાં, છપાયેલ પ્રૂફો ઇત્યાદિ સાહિત્ય ફાઇલ કરવું વગેરે સંભાળવાની જવાબદારી.
	૩. કંપોઝ ફોરમૅન	...	કંપોઝ વિભાગનું મોનોટાઇપ યંત્રો સહિતનું સમગ્ર સંચાલન, નિર્ધારિત સમયમર્યાદામાં સંપૂર્ણ ઉત્પાદન શક્ય બને તે રીતે કંપોઝ વિભાગની સમગ્ર જવાબદારી. આ વિભાગના કર્મચારીઓના દૈનિક ઉત્પાદન રિપોર્ટ જોવા, તપાસવા તથા સહી કરવી. કર્મચારીઓનું નિશ્ચિત ઉત્પાદન લેવાની--કરાવવાની જવાબદારી.
	૪. મશીન ફોરમૅન	...	યુવર્સિટી પ્રેસનાં તમામ યંત્રોનું સુવ્યવસ્થિત સંચાલન, નિભાવ, રીપેરિંગ તથા ઉત્પાદન કરવાની તેમ જ કરાવવાની સમગ્ર જવાબદારી. આ વિભાગોના કર્મચારીઓના ઉત્પાદન રિપોર્ટ તપાસવા. જરૂર જણાય ત્યાં તેઓને ચેતવણી આપવાની તથા પ્રેસ-વ્યવસ્થાપકશ્રીને રિપોર્ટ કરવાની જવાબદારી તથા સ્પેરપાર્ટ્સ અને જરૂરી ટૂલ્સ યા ઓજારો સંભાળવાની જવાબદારી.
	૫. બાઇન્ડિંગ ફોરમૅન	...	યુનિવર્સિટી પ્રેસના બાઈન્ડિંગ વિભાગનું સંચાલન, છાપકામ થયેલ તમામ કાગળોને બાઈન્ડિંગ અંગેની જુદી જુદી પ્રક્રિયાઓ માટે સંભાળપૂર્વક ઉપડાવી જે તે બાઇન્ડિંગ કામોને પ્રેસની જરૂરિયાત પ્રમાણે પૂરાં કરાવવાની જવાબદારી. બાઇન્ડિંગ વિભાગની યંત્ર વગેરે સાધનસામગ્રીની જરૂરી યોગ્ય નોંધ, સાચવણી, રીપેર્સ તથા નિભાવ અંગેની જવાબદારી. આ વિભાગના અન્ય કર્મચારીઓના દૈનિક રિપોર્ટ તપાસવા, જરૂર જણાય ત્યાં ચેતવણી આપવી તેમ જ રિપોર્ટ કરવાની જવાબદારી.

૪. કારકુન (ક્લાર્ક) ... યુનિવર્સિટી પ્રેસના કાર્યાલયના ક્લાર્ક તેઓ તેમની ફરજની દૃષ્ટિએ શ્રી. પ્રેસ-વ્યવસ્થાપક, આસિ. પ્રેસ-વ્યવસ્થાપક તથા ઑફિસ વિભાગના સીનિયર સભ્યશ્રીની સીધી તથા પરોક્ષ જવાબદારી નીચે યુનિવર્સિટી પ્રેસ અંગેનું તેમ જ ઉપરોકત અધિકારીઓ સૂચવે તે પ્રમાણેનું ક્લેરિકલ તેમ જ ટેકનિકલ-ક્લેરિકલ કામ પ્રેસની હદમાં યા અન્ય સ્થળે જ્યાં અને જ્યારે જણાવવામાં આવે ત્યારે અને તે પ્રકારનું કરવાનું રહેશે.

૫. પ્રૂફરીડર ... પ્રૂફરીડિંગ, એડિટિંગ, મેટર સુધારવું તથા તેને યોગ્ય ક્રમ આપવા. લેઆઉટ, ડમી તૈયાર કરવા તેમ જ પ્રેસ-સંચાલકોને તેઓની સૂચના અને પ્રેસની જરૂરિયાત પ્રમાણેના ઉત્પાદનમાં મદદનીશ બનવા અંગેની જવાબદારી.

૬. કૉપીહોલ્ડર ... પ્રૂફરીડિંગ વિભાગમાં પ્રાથમિક પ્રૂફરીડિંગ કરવા ઉપરાંત વિભાગનાં અન્ય કામોમાં સહાયક તરીકે યુનિવર્સિટી પ્રેસની સૂચના પ્રમાણે તથા જરૂરિયાત પ્રમાણેની ફરજ.

૭. કંપોઝીટર ... કંપોઝ વિભાગના સંચાલનમાં કંપોઝ-ફોરમૅનના હાથ નીચે ક્રમાંક ૩(૩)માં નિર્દેશ કરેલ ફરજો માટે સહાયક બનવા ઉપરાંત પ્રેસની જરૂરિયાત તથા સૂચના પ્રમાણેની ફરજ તેમ જ જવાબદારી.

૮. જુનિયર કંપોઝીટર ... કંપોઝિંગ તેમ જ કંપોઝ વિભાગનાં તે અંગેનાં તમામ કામકાજ સૂચના પ્રમાણે નિશ્ચિત કર્યા પ્રમાણેની ઉત્પાદનક્ષમતાને અનુરૂપ ફરજ.

નોંધ.—૧. કંપોઝકામ "એ" પ્રકાર : ૧૨ પોઈન્ટ બોડી ટાઈપ્સમાં સોલિડ રનિંગ કંપોઝ છોડવા સાથે ૩૦૦૦ એમ્સ.

૨. કંપોઝ કામ "બી" પ્રકાર : ઉપરોકત "અ" પ્રકાર કરતાં મિશ્ર પ્રકારનું અંગ્રેજી-ગુજરાતી-હિન્દી-સંસ્કૃત વગેરે તેમ જ સામાન્ય પ્રકારનું વૈજ્ઞાનિક અથવા ગાણિતિક કંપોઝકામ છોડવા સાથે ૨૨૦૦ એમ્સ.

૩. કંપોઝકામ "સી" પ્રકાર : ઉપરોકત "એ" તથા "બી" પ્રકાર સિવાયનાં અસામાન્ય એવાં ગણિત, વિજ્ઞાન અને ભાષા વગેરે પ્રકારનું કંપોઝકામ છોડવા સાથે ૧૮૦૦ એમ્સ.

૯. મોનો-ઓપરેટર ... કીબોર્ડ ઉત્પાદન નિશ્ચિત કર્યા પ્રમાણે ઉત્પાદનક્ષમતા સાથેનું ઉત્પાદન આપવું તથા સાથોસાથ વિભાગના ઉત્પાદનની નોંધો રાખવી, વિભાગની સ્વચ્છતા રખાવવી તથા મોનોટાઇપ યંત્રસામગ્રી વગેરેની સાચવણી તથા નિભાવની જવાબદારી.

નોંધ.—અંગ્રેજી, ગુજરાતી વગેરેની ભાષામાં ભૂલો વગરનું શુદ્ધ ઓપરેટિંગ, ગુજરાતીમાં ૨૦૦૦૦ એમ્સ પ્રતિદિન ઉત્પાદન તથા અંગ્રેજીમાં ૨૫૦૦૦ એમ્સ પ્રતિદિન ઉત્પાદન.

૧૦ મોનોકાસ્ટર ... મોનોટાઈપ કાસ્ટિંગ યંત્રનાં પંચ થતા સ્પૂલ કાસ્ટિંગમાં બાકી ન રહે તે પ્રમાણેનું ખામી વગરનું ઉત્પાદન કરવું તથા મોનોટાઈપ મશીનના રિપેર્સ તથા નિભાવ અંગેની અને વિભાગની અન્ય ચીજવસ્તુઓની જાળવણીની જવાબદારી.

૧૧ ગેલીમેન ... કંપોઝ પ્રૂફ કાઢવાં. કંપોઝ થયેલી ગેલી તથા કંપોઝ વિભાગની સાધન-સામગ્રી યોગ્ય અને સૂચના પ્રમાણે સાચવવી, જાળવણી કરવી. વિભાગની સંપૂર્ણ સાફસૂફી કરવી. પ્રૂફોની સૂચના પ્રમાણે લેવાદેવડ કરવી. મોનો-ટાઈપ માટે લેડ વગેરે છૂટો પાડી મેટલ રિમેલ્ટિંગ કરવું. છાપવા માટે જરૂર પ્રમાણે ફરમા આપવા તથા છપાયેલા ફરમા ભરવા વગેરે ફરજ.

૧૨ મશીનમેન ... પ્રેસનાં છાપકામ યંત્રો ઉપર સૂચના પ્રમાણે નિશ્ચિત કર્યા પ્રમાણે ઉત્પાદન ક્ષમતાપૂર્વક યોગ્ય સ્વરૂપનું ઉત્પાદન આપવું. યંત્રની જાળવણી, પ્રાથમિક રિપેરિંગ વગેરેની જવાબદારી. પોતાની દૈનિક ઉત્પાદન નોંધ તૈયાર રાખવી તેમ જ સૂચના પ્રમાણે યંત્ર/યંત્રો ચલાવવાં વગેરે.

મશીન દીઠ ઓછામાં ઓછો દૈનિક ઉત્પાદનલક્ષાંક નીચે પ્રમાણે રહેશે :

(૧) ૮×૧૨ : ચાલુ છાપકામ ૮૫૦૦ નકલ; પ્રતિદિન પરચૂરણ છાપકામો ૫૦૦૦થી ૭૦૦૦ નકલ.

(૨) ૧૨×૧૮ : ચાલુ છાપકામ ૭૫૦૦ નકલ; પ્રતિદિન પરચૂરણ છાપ કામો ૫૫૦૦ નકલો.

(૩) ફ્રિનિક્ષ : ચાલુ છાપકામ ૬૦૦૦ નકલ પ્રતિદિન, પરચૂરણ છાપકામો ૩૫૦૦થી ૪૦૦૦ નકલ.

(૪) મિલે : ચાલુ છાપકામ ૮૫૦૦થી ૯૦૦૦ નકલ.

(૫) જોબર : પ્રતિદિન પરચૂરણ ફર્મા ૫૦૦ નકલ સુધીના ૭થી ૮ અને/અથવા ૧૦૦૦ નકલના "પાંચથી છ ફર્મા" અને/અથવા ૭૦૦૦થી ૮૦૦૦ નકલ.

(૬) વી.ડી.એફ. : ચાલુ છાપકામ ૧૪થી ૧૫ હજાર નકલ પ્રતિદિન, પરચૂરણ ફર્મા ૫૦૦ નકલ સુધીના ૭થી ૮ તથા ૧૦૦૦ નકલના પાંચથી છ ફર્મા અને/અથવા ૭૦૦૦થી ૮૦૦૦ નકલ.

(૭) રોમાયર ઓફસેટ : ચાલુ છાપકામ ૨૦ હજાર નકલ પ્રતિદિન તથા પરચૂરણ છાપકામો તદનુસાર.

૧૩. બોલરમેન ... પ્રેસના મશીન વિભાગની યંત્રો સહિતની સાફસૂફી, છાપકામ માટે તથા છાપકામ થયેલા કાગળ, કંપોઝ તેમ જ અન્ય સાધનસામગ્રી લઈ જવી લાવવી, યંત્રો ઉપરનું ચાલુ છાપકામ, કામ સૂચના પ્રમાણે કરવું વગેરે.

૧૪. આસિ. બાઇન્ડર ... બાઇન્ડિંગ વિભાગનાં દરેક પ્રકારનાં કામ કરવાં તેમ જ કરાવવાં. ક્રમાંક ૩ (૫)માં દર્શાવ્યા પ્રમાણેની જવાબદારી બાબતમાં હેડબાઇન્ડરને સહાયકર્તા બનવું વગેરે.

૧૫. જુનિયર બાઇન્ડર ... બાઇન્ડિંગ વિભાગનાં તમામ કામ કરવાં. ઉપરાંત સ્ટોક રૂમની સંભાળ વગેરે.

૧૬. હેલ્પર ... પ્રેસ-મૅનેજમેન્ટની જરૂરિયાત અને સૂચના પ્રમાણે પ્રેસનાં અંદરનાં તેમ જ બહારનાં ઑફિસ પ્રૂફ, કંપોઝ, મશીન તથા બાઇન્ડિંગ વગેરે વિભાગોમાં કર્મચારીનો અનુભવ અને સંસ્થાને તેઓની આવડત અંગેની જે માહિતી હોય તેને અનુરૂપ સૂચના પ્રમાણેની ફરજ બજાવવાની.

ઉપરોકત નિર્દિષ્ટ ફરજો ઉપરાંત સંસ્થાને જરૂરી જણાય ત્યાં અને ત્યારે અને તે પ્રમાણે, સંસ્થાના કોઈ પણ કર્મચારીએ પ્રેસ-મૅનેજમેન્ટ સૂચવે તે પ્રમાણેની ફરજો બજાવવાની રહેશે.

ગુજરાત યુનિવર્સિટી પ્રેસ, અમદાવાદ—૯.

ગુજરાત યુનિવર્સિટી

ગુજરાત યુનિવર્સિટીની સિન્ડિકેટની ડિસેંબર માસની સભા, શુક્રવાર, તા. ૮--૧૨--૧૯૭૨ના રોજ સવારના ૯--૦૦ વાગ્યે ગુજરાત યુનિવર્સિટી કાર્યાલયમાં મળી હતી. પ્રમુખસ્થાન કુલપતિ શ્રી. ઈશ્વરભાઈ જેઠાભાઈ પટેલે સંભાળ્યું હતું. સભામાં હાજરી નીચે પ્રમાણે હતી :

ક્રમાંક	સભ્યનું નામ	તા. ૮—૧૨—૧૯૭૨
૧.	શ્રી. ઈશ્વરભાઈ જેઠાભાઈ પટેલ, કુલપતિ	હાજર
૨.	શ્રી. એ. કે. પ્રધાન, સહ-શિક્ષાનુસંચાલક, ગુજરાત રાજ્ય	હાજર
૩.	આચાર્ય સી. એસ. શાહ	હાજર
૪.	શ્રી. ઝીણાભાઈ રતનજી દેસાઈ	હાજર
૫.	શ્રી. રણજિતરાય ગંગાશંકર શાસ્ત્રી	હાજર
૬.	ડૉ. જયંત ભગવાનદાસ હરિભક્તિ	હાજર
૭.	શ્રી. ઈન્દ્રવદન અંબાલાલ મોદી	હાજર
૮.	શ્રી. બટુભાઈ હરિભાઈ દેસાઈ	ગેરહાજર
૯.	શ્રી. સત્યેન્દ્ર કાળિદાસ ઝવેરી	હાજર
૧૦.	શ્રી. હીરાલાલ એચ. ભગવતી	હાજર
૧૧.	શ્રી. પ્રફુલ્લચંદ્ર સી. શાહ	ગેરહાજર
૧૨.	ડૉ. મહેન્દ્ર નાનુભાઈ દેસાઈ	હાજર
૧૩.	શ્રી. કૃષ્ણચંદ્ર સોમનાથ શાસ્ત્રી	હાજર
૧૪.	પ્રો. કે. આર. ચન્દ્રશેખરન	હાજર
૧૫.	આચાર્ય ડૉ. ધીરુભાઈ પ્રેમશંકર ઠાકર	હાજર
૧૬.	આચાર્ય ડૉ. લક્ષ્મીપ્રસાદ ધનશંકર દવે	હાજર
૧૭.	આચાર્ય ડી. ડી. દેસાઈ	ગેરહાજર
૧૮.	આચાર્ય મહેન્દ્રલાલ ચંદુલાલ શાહ	હાજર.

સભામાં કુલપતિશ્રીએ નિવૃત્ત કુલપતિ ડૉ. ઉમાશંકર જોષીનો અને કાર્યકારી કુલપતિ ડૉ. વી. જે. ત્રિવેદીની સેવાઓને બિરદાવતા નીચે મુજબના બે ઠરાવો મૂકયા જે સભાગૃહે સર્વાનુમતે સ્વીકાર્યા :

(૧) "સિન્ડિકેટની આ સભા નિવૃત્ત કુલપતિ શ્રી. ઉમાશંકર જોશીએ ગુજરાત યુનિવર્સિટીના કુલપતિ તરીકે ૧૯૬૬થી ૧૯૭૨ સુધી આ યુનિવર્સિટીનું સુકાન સંભાળીને તેના શૈક્ષણિક વિકાસમાં ઘણું મહત્ત્વનું પ્રદાન કર્યું છે તેની કૃતજ્ઞભાવે નોંધ લે છે. ઉચ્ચ શિક્ષણનાં ધોરણો જાળવવા માટે એક સાન્નિધ્ય શિક્ષણકાર તરીકે તેમણે યુનિવર્સિટીની સદૈવ ચિંતા કરી છે અને શિક્ષણ અને સંસ્કારના નકશામાં ગુજરાત યુનિવર્સિટીને ગૌરવવંતું સ્થાન મળે તે માટે તેમણે ગુજરાત યુનિવર્સિટીને પ્રેરણા આપી છે. સિન્ડિકેટની આ સભા તેમની નિઃસ્વાર્થ સેવા બદલ ઊંડા આભારની લાગણી વ્યકત કરે છે અને તેમને આરોગ્ય અને દીર્ઘાયુ ઇચ્છે છે."

(૨) "સિન્ડિકેટની આ સભા વિનયન વિદ્યાશાખાના ડીન આચાર્ય વી. જે. ત્રિવેદીએ તા. ૨૦--૧૧--૧૯૭૨થી તા. ૩૦--૧૧--૧૯૭૨ સુધી આ યુનિવર્સિટીને કાર્યકારી કુલપતિ તરીકે આપેલી સેવાઓની કદર કરે છે અને તે માટે આભારની લાગણી વ્યકત કરે છે."

ત્યાર પછી કુલપતિશ્રીએ યુનિવર્સિટીનું કામકાજ કરવા માટે સિન્ડિકેટના સૌ સભ્યોના સાથ અને સહકાર માટે વિનંતી કરી અને ઉમેર્યું કે વિવિધ ક્ષેત્રોના સભ્યોના જ્ઞાન અને અનુભવના પ્રદાનથી યુનિવર્સિટીની વિદ્યાકીય પ્રવૃત્તિઓને વેગ આપી શકાશે.

ત્યાર પછી નીચેનાં કામકાજ સર્વાનુમતે મંજૂર કરવામાં આવ્યાં હતાં :

૧. તા. ૧૧/૧૨--૧૧--૧૯૭૨ના રોજ મળેલ સિન્ડિકેટની સભાની નોંધને મંજૂર કરવા બાબત.

તા. ૧૧/૧૨--૧૧--૧૯૭૨ની સિન્ડિકેટની સભાની નોંધ વાંચવાને પૂરતો સમય મળ્યો ન હોવાથી નોંધની મંજૂરીનું કામ આવતી સભા પર મુલતવી રાખવામાં આવ્યું.

૨. કુલપતિશ્રીએ મંજૂર કરેલાં નીચેનાં કાર્યોની નોંધ લેવા બાબત :

(૧) પ્રી-મેડિકલ પરીક્ષા અંગે ઓ. ૧૨૬૫ માં તે અંગેના બદલે પાઠ ઉમેરવાનું કુલપતિશ્રીએ મંજૂર રાખ્યાના :

Name of the examination	*How many times in a year*	*Date of commencement*	*Last date of application*	*Exam. fees*
Pre-Medical	Once	Fourth Monday in March	10th January	Rs. 40/-;

(૨) નવજીવન આર્ટસ એન્ડ કોમર્સ કૉલેજ, દાહોદને ૧૯૭૨-૭૩ના વર્ષમાં જુનિયર સર્ટિફિકેટ કોર્સ ઇન ઇંગ્લિશ શીખવવા માટે મહાનગો આપ્યાના;

(૩) ડિસેમ્બર ૩૦ અને ૩૧, ૧૯૭૨ના રોજ દરમિયાન જમશેદપુર મુકામે મળનાર ધી એનેટોમિકલ સોસાયટી ઑફ ઇન્ડિયાના વાર્ષિક અધિવેશનમાં યુનિવર્સિટીના પ્રતિનિધિ તરીકે ડૉ. ડી. એન. છત્રપતિને મોકલ્યાના;

(૪) હૈદરાબાદ મુકામે મળનાર Indian Psychological Associationના First National Conventionમાં યુનિવર્સિટીના પ્રતિનિધિ તરીકે ડૉ. એ. ટી. બોપટકરને મોકલ્યાના.

આથી ઠરાવવામાં આવે છે કે કુલપતિશ્રીએ મંજૂર કરેલાં ઉપરનાં કાર્યોની નોંધ લેવી.

૩. પીપલ્સ એજ્યુકેશન સોસાયટી લૉ કૉલેજ, ભૂજનું નામ બદલી "Sheth Dossabhai Lalchand Law College" એમ રાખવા અંગે સદરહુ કૉલેજના આચાર્યશ્રીએ તા. ૧૬--૧૦--૧૯૭૨ના પત્રથી કરેલ વિનંતી પર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે પીપલ્સ એજ્યુકેશન સોસાયટી લૉ કૉલેજ, ભૂજનું નામ બદલીને 'પીપલ્સ એજ્યુકેશન સોસાયટી સંચાલિત શેઠ ડોસાભાઈ લાલચંદ લૉ કૉલેજ' રાખવાની વિનંતી મંજૂર કરવી અને તે અંગે રાજ્યસરકારના જાહેરનામામાં ઉપરથી ફેરફાર થયેથી તેનો અમલ કરવાનું રાખવું.

૪. બી. જે. ઈન્સ્ટિટ્યૂટ ઑફ લર્નિંગ ઍન્ડ રિસર્ચ, અમદાવાદની ત્રિવાર્ષિક તપાસસમિતિ ઉપર નિમાયેલ શ્રી. બી. જે. સાંડેસરાએ સદરહુ સમિતિ ઉપર કામ કરવાની અશક્તિ દર્શાવી હોઈ તેઓશ્રીની જગ્યાએ અન્ય સભ્યની નિમણૂક કરવા અંગે વિચારણા કરવા બાબત :

આથી ઠરાવવામાં આવે છે કે બી. જે. ઈન્સ્ટિટ્યૂટ ઑફ લર્નિંગ ઍન્ડ રિસર્ચ, અમદાવાદની ત્રિવાર્ષિક તપાસસમિતિ પર કામ કરવાની ડૉ. બી જે. સાંડેસરાએ અશક્તિ દર્શાવી હોવાથી તેમના સ્થાને ડૉ. એચ. ડી. સાંકળિયા(પૂના)ની નિમણૂક કરવી.

૫. ઑર્ડિનન્સ ૩૭ અનુસાર રચાયેલ ગ્રાન્ટ્સ યુટિલાઈઝેશન સમિતિના સભ્યોની મુદત તા. ૧૬--૧૧--૧૯૭૨ના રોજ પૂરી થતી હોવાથી તે સમિતિ પર ત્રણ વર્ષની મુદત માટે છ સભ્યોની નિમણૂક કરવા વિચારણા કરવા બાબત.

(નોંધ.—હાલ નીચેના સભ્યો ગ્રાન્ટ્સ યુટિલાઈઝેશન સમિતિ પર છે :

૧. આચાર્ય જે. જે. ત્રિવેદી
૨. આચાર્ય વાય. પી. શુકલ
૩. આચાર્ય એલ. ડી. દવે
૪. આચાર્ય ડી. એમ. શેખ
૫. ડૉ. જયંત હરિભક્તિ
૬. ડૉ. એમ. એન. દેસાઈ)

આથી ઠરાવવામાં આવે છે કે ઑર્ડિ. ૩૭ અનુસાર રચાયેલ ગ્રાન્ટ્સ યુટિલાઈઝેશન સમિતિ પર ત્રણ વર્ષ માટે નીચેના સભ્યોની નિમણૂક કરવી :

(૧) ડૉ. એલ. ડી. દવે
(૨) ડૉ. જયંત ભગવાનદાસ હરિભક્તિ
(૩) ડૉ. ધીરુભાઈ પી. ઠાકર
(૪) આચાર્ય બી. એમ. પીરજાદા
(૫) ડૉ. એમ. એન. દેસાઈ
(૬) પ્રો. દર્શનસિંગ બસન.

૬. ઑર્ડિનન્સ ૧ (૪) અનુસાર પબ્લિકેશન બોર્ડના નીચે જણાવેલ સભ્યોના સભ્યપદની મુદત તા. ૨--૧૨--૧૯૭૨ના રોજ પૂરી થતી હોવાથી તેમની જગ્યાએ નવા સભ્યોની ત્રણ વર્ષ માટે નિમણૂક કરવા અંગે વિચારણા કરવા બાબત :

(૧) ડૉ. જે. જે. ત્રિવેદી
(૨) આચાર્ય એમ. સી. દેસાઈ

(૩) આચાર્ય જે. જે. ત્રિવેદી
(૪) આચાર્ય ય. પ્રા. શુકલ
(૫) ડૉ. હરિપ્રસાદ ગં. શાસ્ત્રી
(૬) આચાર્ય એસ. આર. મહેતા
(૭) પ્રો. બબાભાઈ એસ. પટેલ.

(નોંધ.—ઑર્ડિનન્સ ૧(૪)ના સંબંધકર્તા પાઠનો ભાગ નીચે પ્રમાણે છે :

(1) The Vice-Chancellor
(2) The Rector (if any)
(3) The Deans of Faculties
(4) Seven persons appointed by the Syndicate five of whom shall be from amongst the Heads of the University Departments, Heads of recognised Institutions and members of the Board of University Teaching.]

આથી ઠરાવવામાં આવે છે કે ઑર્ડિ. ૧(૪) અનુસાર પબ્લિકેશન બોર્ડ પર ત્રણ વર્ષ માટે નીચેના સભ્યોની નિમણૂક કરવી :

(૧) ડૉ. જે. જે. ચિનોય
(૨) આચાર્ય એચ. કે. ત્રિવેદી
(૩) આચાર્ય જે. જે. ત્રિવેદી
(૪) આચાર્ય ય. પ્રા. શુકલ
(૫) ડૉ. દલસુખભાઈ ડી. માલવણિયા
(૬) આચાર્ય એસ. આર. મહેતા
(૭) પ્રો. અંબુભાઈ દેસાઈ.

૭. સને ૧૯૭૧-૭૨ના વર્ષનો ૨૨મો વાર્ષિક અહેવાલ તૈયાર કરવા માટે સમિતિની નિમણૂક કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સને ૧૯૭૧—૭૨ના વર્ષનો ૨૨મો વાર્ષિક અહેવાલ તૈયાર કરવા માટે નીચેના સભ્યોની સમિતિ રચવી :

(૧) કુલપતિશ્રી
(૨) પ્રો. કે. એસ. શાસ્ત્રી
(૩) શ્રી. સત્યેન્દ્રભાઈ કે. ઝવેરી
(૪) ડૉ. એલ. ડી. દવે
(૫) કુલસચિવશ્રી.

૮. રાષ્ટ્રીય સેવા યોજનાના વિવિધ દિવાળી શિબિરો પૈકી હોમ સાયન્સ અને નર્સિંગ શિબિર, મઢીમાં નિયત સંખ્યા ૧૦૬ની હતી, પરંતુ કેટલીક કૉલેજોમાં બહેનોની સંખ્યા વધારે હોવાથી અને આ વખતે બહેનોનો એક જ શિબિર હોવાથી ૧૬ બહેનો વધારે લેવી પડી હતી તો ૧૬ બહેનોનું વધારાનું નીચે મુજબનું ખર્ચ મંજૂર કરવા બાબત :

	રૂ.	રૂ. પૈસા
(૧) મુસાફરી ખર્ચ	૧૬ × ૨૫	૪૦૦-૦૦
(૨) ભોજન ખર્ચ	૧૬ × ૬૦	૯૬૦-૦૦
(૩) તાલીમની કસોટી ફી	૧૬ × ૪	૬૪-૦૦
	કુલ ...	૧,૪૨૪-૦૦

આથી ઠરાવવામાં આવે છે કે રાષ્ટ્રીય સેવા યોજનાની હોમ સાયન્સ અને નર્સિંગ શિબિર, મઢીમાં નિયત સંખ્યા કરતાં ૧૬ બહેનો વધારે લેવાઈ હતી તે અંગેનું રૂ. ૧,૪૨૪નું વધારાનું ખર્ચ મંજૂર કરવું.

૯. ડિસેમ્બર ૨૪ થી ૨૭, ૧૯૭૨ના સમય દરમિયાન અમૃતસર મુકામે યોજનાર પી ઈ. એન.ના અખિલ ભારતીય ૧૧મા અધિવેશનમાં યુનિવર્સિટીના પ્રતિનિધિ મોકલવા અંગે વિચારણા કરવા બાબત.

[**નોંધ.**—(૧) અધિવેશનનો પ્રથમ દિવસ ભાઈ વીરસીંગની કૃતિઓ પરના પેપર્સ અને રીડિંગ્સ માટે રાખ્યો છે.

(૨) અધિવેશન માટેના બીજા વિષયો નીચે મુજબ છે :

(1) How Original is Modern Indian Literature

(2) The Indian Classics and Ourselves

(3) Love in Modern Indian Literature.

(4) Landmarks in Post-Independence Indian Literature (covering the various Indian languages.]

આથી ઠરાવવામાં આવે છે કે ડિસેમ્બર ૨૪થી ૨૭ દરમ્યાન અમૃતસર મુકામે ભરાતા પી.ઈ.એન.ના અધિવેશનમાં આ યુનિવર્સિટીના પ્રતિનિધિ તરીકે ક્રમાનુવર્તી નીચેના બે સભ્યને મોકલવા :

(૧) ડૉ. ઉમાશંકર જોશી

(૨) શ્રી. ઝીણાભાઈ ર. દેસાઈ.

૧૦. ડિસેમ્બર ૨૯ અને ૩૦, ૧૯૭૨ના સમય દરમ્યાન All-India Conference of Linguistics-નું ત્રીજું અધિવેશન હૈદરાબાદ મુકામે યોજનાર છે તેમાં યુનિવર્સિટીના પ્રતિનિધિ મોકલવા અંગેના સદરહુ અધિવેશનના મંત્રીશ્રીના તા. ૬--૧૧--૧૯૭૨ના પત્ર ઉપર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે ડિસેમ્બર ૨૯ અને ૩૦, ૧૯૭૨ના દિવસો દરમ્યાન હૈદરાબાદ મુકામે ભરાતા All-India Conference of Linguisticsના અધિવેશન માટે પ્રતિનિધિ પસંદ કરવાની સત્તા કુલપતિશ્રીને આપવી.

૧૧. ડિસેમ્બર ૧૮ થી ૨૦, ૧૯૭૨ના સમય દરમ્યાન The Indian Econometric Societyનું ૧૨મું અધિવેશન કાનપુર મુકામે યોજનાર છે તેમાં યુનિવર્સિટીના પ્રતિનિધિને મોકલવા અંગે વિચારણા કરવા બાબત.

(નોંધ.— ૩૦ રિસર્ચ પેપરો રજૂ થનાર છે. ઉપરાંત Land celling પર પેનલ ચર્ચા અને "The Teaching of Econometrics in Indian Universities" પર પરિસંવાદ છે.)

આથી ઠરાવવામાં આવે છે કે ડિસેમ્બર ૧૮થી ૨૦, ૧૯૭૨ના દિવસો દરમ્યાન Indian Econometric Societyના કાનપુર મુકામે ભરાના અધિવેશનમાં આ યુનિવર્સિટીના પ્રતિનિધિ તરીકે ડૉ. વાય. કે. અલઘને મોકલવા.

૧૨. ડિસેમ્બર ૨૮, ૧૯૭૨થી ૧લી જાન્યુ. ૧૯૭૩ના સમય દરમ્યાન Association of Indian Geographersની પ્રથમ કૉંગ્રેસ ન્યૂ દિલ્હી મુકામે યોજનાર છે તેમાં યુનિવર્સિટીના પ્રતિનિધિ મોકલવા અંગે પ્રોપરેટરી કમિટીના મંત્રીશ્રીના તા. ૧૬--૧૧-૧૯૭૨ના પત્ર ઉપર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે ડિસેમ્બર ૨૮, ૧૯૭૨થી જાન્યુઆરી ૧, ૧૯૭૩ સુધી ન્યૂ દિલ્હીમાં ભરાના Association of Indian Geographersની પ્રથમ કૉંગ્રેસમાં આ યુનિવર્સિટીના પ્રતિનિધિ તરીકે પ્રો. અંબુભાઈ દેસાઈને મોકલવા.

૧૩. ડિસેમ્બર ૨૭ થી ૨૯, ૧૯૭૨ના સમય દરમ્યાન Indian Political Science Associationના કલકત્તા મુકામે મળનાર ૩૩મા સત્રમાં યુનિવર્સિટીના પ્રતિનિધિ મોકલવા અંગેના એસોસિયેશનના સામાન્ય મંત્રીશ્રીના તા. ૧૯--૧૦--૧૯૭૨ના પત્ર પર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે ડિસેમ્બર ૨૭થી ૨૯, ૧૯૭૨ના દિવસો દરમ્યાન કલકત્તા મુકામે મળનાર Indian Political Science Associationના ૩૩મા સત્રમાં આ યુનિવર્સિટીના પ્રતિનિધિ તરીકે શ્રી. કીર્તિદેવ ડી. દેસાઈને મોકલવા.

૧૪. ગુજરાત ગણિત મંડળનું આગામી ૧૦મું વાર્ષિક અધિવેશન ગુજરાત યુનિવર્સિટીના ઉપક્રમે યોજવા અંગે વિજ્ઞાન વિદ્યાભવનના અધ્યક્ષ મારફતે આવેલ ગણિતવિભાગના રીડર શ્રી. એચ. એન. રાવળની વિનંતી પરત્વે વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે યુનિવર્સિટીના ગણિત વિભાગના રીડર-ઈન-ચાર્જ શ્રી. એચ. એન. રાવળની વિનંતી મુજબ ગુજરાત ગણિત મંડળનું આગામી દસમું વાર્ષિક અધિવેશન ગુજરાત યુનિવર્સિટીના ઉપક્રમે યોજવું.

તે પછી બાબત નં. ૧૫ અને ૧૭ની વિચારણા સાથે કરવામાં આવી.

૧૫. જાન્યુઆરી ૮ થી ૧૦, ૧૯૭૩ના સમય દરમિયાન ભોપાલ મુકામે મળનાર ઇન્ડિયન એસોસિયેશન ઑફ પેથોલોજિસ્ટ્સના વાર્ષિક અધિવેશનમાં યુનિવર્સિટીના પ્રતિનિધિ મોકલવા અંગેના એસોસિયેશનના મંત્રીશ્રીના તા. ૧૭--૧૧--૧૯૭૨ના પત્ર પર વિચારણા કરવા બાબત.

અને

૧૭. જાન્યુઆરી ૮ થી ૧૦, ૧૯૭૩ના સમય દરમ્યાન Indian Association of Pathologists and Microbiologistsનું ૨૨મું વાર્ષિક અધિવેશન ભોપાલ મુકામે યોજનાર છે, તેમાં યુનિવર્સિટીના પ્રતિનિધિ મોકલવા અંગે વિચારણા કરવા બાબત.

(નોંધ.—નીચેના વિષયો ચર્ચાનાર છે:

1. Tumours of the soft tissue
2. Immunology)

આથી ઠરાવવામાં આવે છે કે જાન્યુઆરી ૮થી ૧૦, ૧૯૭૩ના સમય દરમ્યાન ભોપાલ મુકામે મળનાર સદરહુ વાર્ષિક અધિવેશનમાં આ યુનિવર્સિટીના પ્રતિનિધિ તરીકે ડૉ. સી. આઈ. ઝાલાને મોકલવા.

૧૬. "ઈન્ડિયન ફાર્માકોલોજિકલ સોસાયટી"નું પાંચમું વાર્ષિક અધિવેશન જયપુર મુકામે ડિસેંબર ૨૧ થી ૨૩, ૧૯૭૨ના સમય દરમિયાન યોજનાર હોઈ તેમાં યુનિવર્સિટીના પ્રતિનિધિ મોકલવા અંગેના સોસાયટીના આવાહક મંત્રીશ્રીના તા. ૯-૧૦-૧૯૭૨ના પત્ર પર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે ડિસેમ્બર ૨૧થી ૨૩, ૧૯૭૨ના સમય દરમ્યાન જયપુર મુકામે ભરાતા ઈન્ડિયન ફાર્માકોલોજિકલ સોસાયટીના પાંચમા વાર્ષિક અધિવેશનમાં આ યુનિવર્સિટીના પ્રતિનિધિ તરીકે ડૉ. એમ. એન. જિંદાલને મોકલવા.

૧૭. સદરહુ બાબતની વિચારણા આગળ બાબત નં. ૧૧ની સાથે કરવામાં આવેલી હોઈ તેની નોંધ તે ક્રમમાં દર્શાવવામાં આવી છે.

૧૮. All-India Law Teachersનું ૧૨મું અધિવેશન ડિસેંબર ૧૯૭૨ના છેલ્લા અઠવાડિયા દરમિયાન દિલ્હી મુકામે યોજનાર હોઈ તેમાં આ યુનિવર્સિટીના પ્રતિનિધિ મોકલવા અંગે દિલ્હી યુનિવર્સિટીના કાયદાની વિદ્યાશાખાના અધ્યક્ષશ્રીના તા. ૫-૧૦-૧૯૭૨ના પત્ર પર વિચારણા કરવા બાબત :

આથી ઠરાવવામાં આવે છે કે ડિસેમ્બર ૧૯૭૨ના છેલ્લા અઠવાડિયા દરમ્યાન દિલ્હી મુકામે ભરાતા ઑલ-ઈન્ડિયા લૉ ટીચર્સના બારમા અધિવેશનમાં આ યુનિવર્સિટીના પ્રતિનિધિ તરીકે આચાર્ય પી. આર. દેસાઈને મોકલવા.

૧૯. ડેપ્યુટી હિસાબનીશ શ્રી. એન. જે. પાઠકને એક વર્ષ માટે ઈન્ડિયન મૅથેમેટિકલ સોસાયટીના હિસાબો રાખવાનું કામ કરવાના તથા તે અંગે માસિક રૂ. ૫૦ લેખે પુરસ્કાર સ્વીકારવા દેવા અંગેના ઈન્ડિયન મૅથેમેટિકલ સોસાયટીના ખજાનચીશ્રીના તા. ૧૭-૧૧-૧૯૭૨ના પત્ર ઉપર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે નાયબ હિસાબનીશ શ્રી. એન. જે. પાઠકને એક વર્ષ માટે ઈન્ડિયન મૅથેમેટિકલ સોસાયટીના હિસાબો રાખવાનું કામ તથા તે અંગે મળનાર ઉપર મુજબનો પુરસ્કાર સ્વીકારવા માટે મંજૂરી આપવી.

૨૦ પોસ્ટ-ગ્રેજ્યુએટ ડિપ્લોમા ઈન મૅથેમેટિકલ ઈકોનોમિક્સ, ઈકોનોમેટ્રિક્સ ઍન્ડ ઈકોનોમિક પૉલિસીના ડિપ્લોમા અભ્યાસક્રમમાં પ્રવેશના ધોરણ અંગેનો ઑર્ડિ. ૩૮૮ નીચે મુજબ મંજૂર કરવાની તેમ જ તેને જૂન ૧૯૭૨થી અમલમાં મૂકવા અંગેની ઍકેડેમિક કાઉન્સિલની તા. ૨૧/૨૨-૮-૧૯૭૨ની સભાની ભલામણ ઉપર વિચારણા કરવા બાબત :

ઑર્ડિ. ૩૮૮ :

"A candidate for the Post-graduate Diploma in Mathematical Economics, Econometrics and Economic Policy must have passed the M.A. Degree

Examination with Econonics or M.Com. Degree Eaxmination of this University or any other University recognised as equivalent thereto and pursued courses of studies for two academic terms in a post-graduate department of the University or an institution recognised by the University for that purpose."

આથી ઠરાવવામાં આવે છે કે ઑર્ડિ. ૩૮૮ ઉપર મુજબ મંજૂર કરવો તથા તેને જૂન ૧૯૭૨થી અમલમાં મૂકવો.

૨૧. નબીબો વિદ્યાશાખાની તા. ૬--૯--૧૯૭૨ની સભાની ભલામણ અનુસાર ઓકયુપેશનલ હેલ્થના અનુસ્નાતક અભ્યાસક્રમો દાખલ કરવા અંગેની ઍકેડેમિક કાઉન્સિલની તા. ૧૮/૧૯--૯--૧૯૭૨ની સભાની નીચેની ભલામણ પર વિચારણા કરવા બાબત (ઍ.કા. બાબત ક્રમાંક ૧૯) :

"આથી ઠરાવવામાં આવે છે કે નબીબો વિદ્યાશાખાની ભલામણ મુજબ ઓકયુપેશનલ હેલ્થના અનુસ્નાતક અભ્યાસક્રમો દાખલ કરવા માટે સિન્ડિકેટને તથા સેનેટને ભલામણ કરવી."

આથી ઠરાવવામાં આવે છે કે ઑકયુપેશનલ હેલ્થના અનુસ્નાતક અભ્યાસક્રમો દાખલ કરવા અંગેની ઍકેડેમિક કાઉન્સિલની ભલામણ સ્વીકારવી અને આ અભ્યાસક્રમો દાખલ કરવા માટે સેનેટને ભલામણ કરવી.

૨૨. ઍકેડેમિક કાઉન્સિલની તા. ૧૮/૧૯--૯--૧૯૭૨ની સભાની નીચેની ભલામણ પર વિચારણા કરવા બાબત (ઍ.કા. બાબત ક્રમાંક ૩) :

"આથી ઠરાવવામાં આવે છે કે નબીબો વિદ્યાશાખાની ભલામણ સ્વીકારીને મેન્ટલ હેલ્થ ઍન્ડ પેરામેડિકલ સાયકોલોજીનો વિષય મેડિકલ ફેકલ્ટી હેઠળ ક્લિનિકલ વિષયોના જૂથમાં ઉમેરીને સ્ટે. ૧૦૮ સુધારવા માટે સિન્ડિકેટને તથા સેનેટને ભલામણ કરવી."

આથી ઠરાવવામાં આવે છે કે ઍકેડેમિક કાઉન્સિલની ભલામણ મુજબ મેન્ટલ હેલ્થ ઍન્ડ પેરામેડિકલ સાયકોલોજીનો વિષય મેડિકલ ફેકલ્ટી હેઠળ ક્લિનિકલ વિષયોના જૂથમાં ઉમેરવો અને તે મુજબ સ્ટે. ૧૦૮ સુધારીને તે મંજૂર કરવા સેનેટને ભલામણ કરવી.

૨૩. ચાલુ શૈક્ષણિક વર્ષ દરમ્યાન કેટલાક વિદ્યાર્થીઓએ પ્રવેશપાત્રતાનું પાકું પ્રમાણપત્ર (ફાઈનલ એલિજિબિલિટી સર્ટિફિકેટ) કઢાવ્યું નહીં હોવાથી મજકૂર સર્ટિફિકેટ લેવાની મુદત લંબાવવા અંગે વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે પ્રવેશપાત્રતાનું પાકું પ્રમાણપત્ર જે વિદ્યાર્થીઓ કઢાવી શકયા ન હોય તેમને માટે તે કઢાવી લેવા માટેની તારીખ ૧૫મી માર્ચ ૧૯૭૩ સુધી લંબાવવી. દરમ્યાન સંબંધકર્તા વિદ્યાર્થીઓને તે પ્રમાણપત્ર ત્વરિત મેળવી લઈને રજૂ કરવા માટે સૂચના આપવી.

સિન્ડિકેટે એ બાબતની નોંધ લીધી છે કે કુલપતિશ્રી આવા કિસ્સાઓમાં લાગતાવળગતા આચાર્યો વા યુનિવર્સિટી સત્તાવાળાઓને અંગત પત્રો લખી આ પ્રમાણપત્રો જલદી મોકલી આપવા વિનંતી કરશે.

૨૪. શિક્ષણની અભ્યાસસમિતિની તા. ૬--૧૦--૧૯૭૨ની સભાની નીચેની ભલામણો પર વિચારણા કરવા બાબત :

(૧) જૂન ૧૯૭૨થી બી.એડ.નો નવો અભ્યાસક્રમ અમલમાં આવેલો હોઈ બી.એડ. ભાગ ૧ની પરીક્ષામાં જૂના કોર્સમાં નાપાસ થયેલા વિદ્યાર્થીઓ માટે જૂના કોર્સ પ્રમાણે એક વધુ તક (ટ્રાયલ) માર્ચ ૧૯૭૩ની પરીક્ષામાં આપવા ભલામણ છે.

(૨) બી.એડ.માં નાપાસ થયેલા વિદ્યાર્થીઓ માટે ઑક્ટોબરમાં વધારાની પરીક્ષા લેવાય તેવી કાયમી વ્યવસ્થા કરવા ભલામણ છે.

આથી ઠરાવવામાં આવે છે કે—

(૧) શિક્ષણની અભ્યાસસમિતિની ભલામણ મુજબ જૂના અભ્યાસક્રમ પ્રમાણે નાપાસ થયેલા વિદ્યાર્થીઓ માટે માર્ચ ૧૯૭૩માં એક વધુ પરીક્ષા લેવાનું રાખવું;

(૨) બી.એડ.માં નાપાસ થયેલા વિદ્યાર્થીઓ માટે ઑક્ટોબર ૧૯૭૩માં વધારાની પરીક્ષા લેવાનું રાખવું.

વધુમાં ઠરાવવામાં આવે છે કે જ્યારે જ્યારે નવો અભ્યાસક્રમ દાખલ થાય ત્યારે ત્યારે જૂના અભ્યાસક્રમ અનુસાર નાપાસ થયેલા વિદ્યાર્થીઓ માટે બે વધારાની ટ્રાયલ આપવાનું કાયમી ધોરણે સ્વીકારવું.

૨૫. કાયદા વિદ્યાશાખાની થર્ડ એલએલ. બી. (સ્પે.)ની પરીક્ષામાં નવો અભ્યાસક્રમ અમલમાં આવતાં જૂના અભ્યાસક્રમની પરીક્ષામાં નાપાસ થયેલા અગર તો સત્રો રાખીને પરીક્ષામાં બેઠા ન હોય તેવા વિદ્યાર્થીઓની વધુ પરીક્ષાઓ કયાં સુધી લેવી તે અંગે વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે થર્ડ એલએલ.બી.(સ્પે.)ના જૂના અભ્યાસક્રમ મુજબની પરીક્ષામાં નાપાસ થયેલા વિદ્યાર્થીઓ માટે એપ્રિલ ૧૯૭૩ અને ઑક્ટોબર ૧૯૭૩માં બે વધારાની પરીક્ષાઓ લેવાનું રાખવું.

૨૬. ગુજરાત યુનિવર્સિટી સુપરવાઈઝરી સ્ટાફ ઑસોસિયેશનને માન્યતા આપવા અંગે ઉપરોકત એસોસિયેશનના મંત્રીશ્રીની તા. ૧૧--૧૧--૧૯૭૨ ની વિનંતી ઉપર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બાબતની વિચારણા મોકૂફ રાખવી.

૨૭. તા. ૨૯--૧૧--૧૯૭૨ ને બુધવારના રોજ મળેલ ફાઇનાન્સ સમિતિની સભાની ભલામણો ઉપર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે—

(૧) ફાઇનાન્સ સમિતિની તા. ૨૯-૧૧-૧૯૭૨ના રોજ મળેલી સભાની ભલામણો નં. ૧, ૨, ૩ અને ૪ મંજૂર કરવી;

(૨) ફાઇનાન્સ સમિતિની તા. ૨૯-૧૧-૧૯૭૨ના રોજ મળેલી સભાની ભલામણ નં. ૫ અંગેની વિચારણા મોકૂફ રાખવી.

વધુમાં ઠરાવવામાં આવે છે કે વિજ્ઞાનનાં રસાયણો વગેરે ખરીદવા માટે રેટ કૉન્ટ્રાક્ટની પદ્ધતિ અપનાવવી.

(સદરહુ સમિતિની તા. ૨૯-૧૧-૧૯૭૨ની સભાની કાર્યવાહીની નોંધની નકલ **પરિશિષ્ટ "ક"** તરીકે સામેલ છે.)

૨૮. યુનિવર્સિટીના વિજ્ઞાન વિદ્યાભવનમાં ભૌતિકવિજ્ઞાનના રીડરની જગ્યા માટે તા. ૨૧--૧૧--૧૯૭૨ના રોજ મળેલાં વરણીસમિતિની ભલામણ પર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે વિજ્ઞાન વિદ્યાભવનમાં ભૌતિકવિજ્ઞાનના રીડરની જગ્યા માટે ક્રમાનુવર્તી નીચેના ઉમેદવારો પૈકી એકની બે વર્ષના અજમાયશી ધોરણે નિમણૂક કરવી :

(૧) શ્રી. રઘુનાથ આચાર્ય

(૨) શ્રી. વિનયકુમાર મંગુભાઈ ત્રિવેદી.

વધુમાં ઠરાવવામાં આવે છે કે નિમણૂકપત્ર બાદ ઉમેદવાર જોડાય તે તારીખથી શરૂઆતનો મૂળ માસિક પગાર નક્કી કરવા માટે કુલપતિશ્રીને સત્તા આપવી.

(સદરહુ વરણીસમિતિની તા. ૨૧-૧૧-૧૯૭૨ની સભાની કાર્યવાહીની નોંધની નકલ **પરિશિષ્ટ "ખ"** તરીકે સામેલ છે.)

૨૯. સુરત મુકામે તા. ૨૦—૨—૧૯૭૧ના રોજ મળેલી જોઈન્ટ બોર્ડ ઑફ વાઇસ-ચાન્સેલર્સની સભાના ઠરાવને અનુલક્ષીને જુદી જુદી પરીક્ષાઓમાં ફીનું ધોરણ એકસરખું કરવાના પ્રશ્ન અંગે વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે વિવિધ પરીક્ષાઓમાં ફીનું ધોરણ એકસરખું રાખવા અંગેની કુલપતિશ્રીઓની સભાના નિર્ણય અંગે કુલપતિશ્રીઓના બોર્ડની આગામી સભામાં આ પ્રશ્નની પુનઃ રજૂઆત કરવી અને તે પછી જે નિર્ણય આવે તે પર વિચારણા કરવી.

૩૦. માર્ચ-એપ્રિલ ૧૯૭૨માં લેવાયેલ જુદી જુદી પરીક્ષાઓનાં જુદાં જુદાં કેન્દ્રો પર ઓચિંતી મુલાકાતે ગયેલા સીનિયર સુપરવાઇઝરોનાં સૂચનો અને તે અંગે કાર્યાલયે કરેલ નોંધ પર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે માર્ચ--એપ્રિલ ૧૯૭૨ની પરીક્ષાઓનાં જુદાં જુદાં કેન્દ્રો પર મુલાકાતે ગયેલા નિરીક્ષકોનાં સૂચનોના અમલ અંગે ઘટતું કરવા માટે કુલપતિશ્રીને સત્તા આપવી.

૩૧. સંલગ્ન કૉલેજોમાં થતી વિદ્યાર્થી મંડળની ચૂંટણી અંગેના સુધારેલા નિયમ નં. ૨, ૫ અને ૧૦ મંજૂર કરવા માટેની વિદ્યાર્થી સંસદની તા. ૨૬--૮--૧૯૭૨ની સભાની ભલામણો પર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સંલગ્ન કૉલેજોનાં વિદ્યાર્થીમંડળની ચૂંટણી અંગેના સુધારેલા નિયમો મંજૂર કરવા.

(મંજૂર કરવામાં આવેલા સદરહુ સુધારેલા નિયમોની નકલ **પરિશિષ્ટ "ગ"** તરીકે સામેલ છે.)

૩૧-અ. ગુજરાત યુનિવર્સિટી વિદ્યાર્થી સંસદની તા. ૨૬--૮--૧૯૭૨ના રોજ મળેલ સભાની નીચેની ભલામણ પર વિચારણા કરવા બાબત :

"આથી સિન્ડિકેટને ભલામણ કરવામાં આવે છે કે સભામાં થયેલ ચર્ચાને અનુલક્ષીને તે મુજબ સુધારેલું અંદાજપત્ર આ સાથેના પરિશિષ્ટમાં દર્શાવ્યા મુજબ મંજૂર કરવું.

વધુમાં ઠરાવવામાં આવે છે કે સને ૧૯૭૧--૭૨ની આખરે થયેલ રૂ. ૧૩,૬૬૦—૧૪ની બચતની નોંધ લેવી તથા ઈયરમાર્કૂડ ફંડ તરીકે તે જમા રાખવી."

આથી ઠરાવવામાં આવે છે કે વિદ્યાર્થી સંસદની તા. ૨૬--૮--૧૯૭૨ની સભાએ સુધારેલ અંદાજપત્રને મંજૂર કરવું અને સને ૧૯૭૧--૭૨ની આખરે રહેલી બચત ઈયરમાર્કૂડ ફંડ તરીકે રાખી એનો વિદ્યાર્થીલક્ષી પ્રવૃત્તિઓ માટે ઉપયોગ કરવો.

૩૨. બી. જે. મેડિકલ કૉલેજ, અમદાવાદમાં (૧) ડિપ્લોમા ઈન સાયકિયેટ્રિક સોશિયલ વર્ક, (૨) ડિપ્લોમા ઈન સાયકિયેટ્રિક ઓકયુપેશનલ થેરાપી, તથા (૩) ડિપ્લોમા ઈન સાયકોથેરાપી વિષયમાં અનુસ્નાતક કેન્દ્રો સ્થાપવા અંગે અરજી આવેલી તે પરથી સિન્ડિકેટે નીમેલી સમિતિએ આપેલા અહેવાલ પરત્વે વિચારણા કરવા બાબત.

[**નોંધ.**—(અ) સમિતિના સભ્યો નીચે પ્રમાણે છે:

૧. ડૉ. જે. સી. મારફતિયા—મુંબઈ

૨. ડૉ. એસ. એન. રાનડે—દિલ્હી

૩. ડૉ. સી. ટી. ભોપટકર—ગુજરાત યુનિ., અમદાવાદ

(બ) ડૉ. રાનડે (અસ્વસ્થ તબિયતના કારણે તપાસાર્થે જઈ શકેલા નહીં.)]

આથી ઠરાવવામાં આવે છે કે બી. જે. મેડિકલ કૉલેજમાં (૧) ડિપ્લોમા ઈન સાયકિયેટ્રિક સોશિયલ વર્ક, (૨) ડિપ્લોમા ઈન સાયકિયેટ્રિક ઓકયુપેશનલ થેરાપી, તથા (૩) ડિપ્લોમા ઈન સાયકોથેરાપીના વિષયોમાં અનુસ્નાતક કેન્દ્રો સ્થાપવા અંગે સિન્ડિકેટે નીમેલી સમિતિનો અહેવાલ બોર્ડ ઑફ યુનિવર્સિટી ટીચિંગની વિચારણા માટે મોકલવો.

૩૩. ભારત સરકારની આર્થિક સહાયથી આ યુનિવર્સિટીએ પ્રકાશિત કરેલાં પ્રકાશનો તેમ જ સદરહુ યોજના હેઠળ પ્રકાશિત થનાર પ્રકાશનો માટે ભારત સરકારના સેન્ટ્રલ હિન્દી ડાયરેકટોરેટના સીનિયર રિસર્ચ ઑફિસર શ્રી એસ. કે. વર્માના ૨૬મી ઑકટોબર, ૧૯૭૨ના પત્ર પર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે ભારત સરકારની આર્થિક સહાયથી યુનિવર્સિટીએ હાથ ધરેલી પ્રકાશન યોજનાને ગ્રંથનિર્માણ બોર્ડમાં ટ્રાન્સફર કરવા અંગેનો શ્રી. એસ. કે. વર્માનો પ્રસ્તાવ મંજૂર કરવો અને તદનુસાર ટ્રાન્સફરની વિધિ પતાવવી.

૩૪. કેન્ટીનની બાજુના લોનના પ્લોટના ઉપયોગ માટે તથા બહાર કાઉન્ટરની વ્યવસ્થા કરી આપવા માટે યુનિવર્સિટી કેન્ટીનના મૅનેજર તરફથી આવેલા તા. ૨૧--૭--૧૯૭૨ના પત્ર પરત્વે વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે યુનિવર્સિટી કેન્ટીનના મૅનેજરની બગીચાની લોનના ઉપયોગ માટેની વિનંતીનો અસ્વીકાર કરવો.

૩૫. જે. એન્ડ જે. કૉલેજ, નડિયાદમાં સ્થાપવામાં આવેલ અનુસ્નાતક કેન્દ્રોમાં વિકાસ માટે ખર્ચના "મેચિંગ શૅર" તરીકે વર્ષ ૧૯૭૦–૭૧ની કુલ બચત રૂ. ૨૫,૮૦૦–૫૦માંથી રૂ. ૧૯,૩૦૦–૦૦ની રકમ વાપરવા માટેની મંજૂરી આપવા બાબત.

(**નોંધ.**—૧. આ યોજના પ્રમાણે યુ.જી.સી. તરફથી કુલ અનુદાન રૂ. ૧,૮૭,૫૦૦ મંજૂર કરેલ છે તેમાંથી આજસુધી રૂ. ૧,૦૬,૦૦૦ આપ્યા છે.

૨. કુલ મેચિંગ શૅર રૂ. ૬૨,૫૦૦ આપવાના છે તે પૈકી રૂા. ૪,૩૨૦–૦૦ આપ્યા છે.

૩. ખર્ચના મેચિંગ શૅરની રકમ યુ.જી.સી.ના હપતાની સાથે હપ્તેથી આપવામાં આવે છે.

૪. વર્ષ ૧૯૭૦–૭૧ની બચત રસીદ નં. ૧૬૩૮ તા. ૩૦–૧૧–૧૯૭૧થી જમા કરાવેલ છે.)

આથી ઠરાવવામાં આવે છે કે જે. એન્ડ જે. કૉલેજ, નડિયાદના અનુસ્નાતક કેન્દ્રના વિકાસ ખર્ચના મેચિંગ શૅર તરીકે સને ૧૯૭૦–૭૧ની બચતમાંથી રૂ. ૧૯,૩૦૦ વાપરવા માટે મંજૂરી આપવી.

૩૬. સ્ટે. ૧૮૮ હેઠળ યુનિવર્સિટીના કર્મચારીઓને અપાતી પ્રૉવિડંટ ફંડની લોનની વસૂલાત હાલ વધુમાં વધુ માસિક ૨૪ હપતામાં કરવામાં આવે છે તેને બદલે ૪૦ હપતામાં વસૂલ કરવા અંગે ગુજરાત યુનિવર્સિટી ટીચર્સ એસોસિયેશનના મંત્રીશ્રીના તા. ૨૪–૧૦–૧૯૭૨ના પત્ર ઉપર વિચારણા કરવા બાબત.

(**નોંધ.**—સ્ટે. ૧૮૮નો સંબંધકર્તા ભાગ નીચે પ્રમાણે વંચાય છે :

.....Such advance shall be repaid in such number of monthly instalments not exceeding 24 and at such rate of interest as may be fixed by the Syndicate from time to time.)

આથી ઠરાવવામાં આવે છે કે સ્ટે. ૧૮૮ હેઠળ યુનિવર્સિટીના કર્મચારીઓને અપાતી પ્રૉવિડન્ટ ફંડની વસૂલાત હાલ ૨૪ હપતામાં કરવામાં આવે છે તે ૪૦ હપતામાં કરવાનું મંજૂર કરવું અને તે મુજબ સ્ટે. ૧૮૮ સુધારવા માટેની કાર્યવાહી હાથ ધરવી.

૩૭. "મેઝરમેન્ટ ઑફ એબસોર્પ્શન ઑફ રેડિયો વેવ્ઝ ઈન ધી આઈનોસ્ફીઅર"ના ઈન્ડો-જી.ડી.આર. કોલેબોરેશન રિસર્ચ પ્રોજેક્ટની એક્સચેન્જ સ્કીમ હેઠળની શરતો વગેરેના પ્રસ્તાવને સ્વીકારવા અંગેના ડિપાર્ટમેન્ટ ઑફ સાયન્સ એન્ડ ટેકનોલોજી, ન્યૂ દિલ્હીના ડી. ઓ નં. ૬(૧૯)-૭૨-પી.એસ.ઓ., તા. ૧૭–૮–૧૯૭૨ના સૂચન મુજબ આવનાર એક્સપર્ટના અમદાવાદ ખાતેના આશરે ૬ માસની રોકાણ-વ્યવસ્થા માટે વિજ્ઞાન વિદ્યાભવનના સને ૧૯૭૩–૭૪ના અંદાજપત્રમાં રૂ. ૭,૩૦૦ (અંકે રૂપિયા સાત હજાર ત્રણસો પૂરા—દૈનિક રૂ. ૧૬ રહેવા-જમવાના ખર્ચના, અને રૂ. ૨૦ out of pocket ખર્ચના ગણીને)ની જોગવાઈ કરવા વિચારણા કરવા બાબત.

(**નોંધ.**— સી. એસ. આઈ. આર. રૂા. ૨,૬૦૦નો ખર્ચ ભોગવશે અને યુનિવર્સિટીએ રૂ. ૭,૩૦૦નો ખર્ચ ભોગવવાનો રહેશે.)

આથી ઠરાવવામાં આવે છે કે મેઝરમેન્ટ ઑફ એબ્સોર્પ્શન ઑફ રેડિયો વેવ્ઝ ઈન ધી આઈનોસ્ફીઅરના રિસર્ચ પ્રોજેક્ટ હેઠળ આવનાર નિષ્ણાતના અમદાવાદ ખાતેના ૬ માસ માટેના રોકાણ ખર્ચની રૂ. ૭,૩૦૦/–ની સને ૧૯૭૩–૭૪ના અંદાજપત્રમાં જોગવાઈ કરવી.

૩૮. તબીબી પરીક્ષાઓમાં વધતી જતી વિદ્યાર્થીઓની સંખ્યા જોતાં ફાઈનલ એમ.બી.,બી.એસ.ના પ્રત્યેક વિષયની પ્રાયોગિક પરીક્ષા બંને તબીબી કૉલેજોમાં ગોઠવવા અંગેના સિન્ડિકેટ સભાના તા. ૬--૯--૧૯૬૯ના નીચેના ઠરાવ અન્વયે કાર્યક્રમ ગોઠવવાનું શકય બની શકતું ન હોઈ તે અંગે પુનર્વિચારણા કરવા બાબત.

સિન્ડિકેટની તા. ૬—૯—૧૯૬૯ની સભાનો ઠરાવ

"ત્રીજી એમ.બી.,બી.એસ. ની પ્રાયોગિક પરીક્ષામાં દરેક વિષયના અડધા વિદ્યાર્થીઓની પરીક્ષા એક તબીબી કૉલેજમાં અને બાકીના વિદ્યાર્થીઓની પ્રાયોગિક પરીક્ષા બીજી કૉલેજમાં રાખવી અને બીજા વર્ષે તેનાથી ઊલટી ગોઠવણ કરવી."

(વિદ્યાશાખાની સદરહુ ભલામણની નોંધ લેવાનું ઠરાવેલ છે.)

આથી ઠરાવવામાં આવે છે કે ફાઈનલ એમ.બી.,બી.એસ.ની પ્રાયોગિક પરીક્ષા બન્ને તબીબી કૉલેજોમાં ગોઠવવા અંગેની સિન્ડિકેટની તા. ૬--૯--૧૯૬૯ની સભાના ઠરાવ મુજબ ગોઠવણ કરવી.

૩૯. સિન્ડિકેટે તેની તા.૬--૫--૧૯૭૨ની સભામાં ક્રમાંક ૩૧થી ઈજનેરી વિદ્યાશાખાની એમ.ઈ. સેમેસ્ટર અનુસ્નાતક પરીક્ષાઓના પરીક્ષકોને રૂ. ૧૦૦ લેખે લઘુતમ વેતન આપવા અંગે નીચે પ્રમાણે જે ઠરાવ કર્યો છે તેને બદલે માર્ચ–એપ્રિલ ૧૯૭૨થી સદરહુ પરીક્ષાઓમાં પ્રત્યેક વિષય દીઠ રૂ. ૧૦૦ લેખે લઘુતમ વેતન આપવાનું સૂચવતા ઈજનેરી વિદ્યાશાખાના ડીનશ્રી ટી. એમ. પરીખના તા. ૪–૮–૧૯૭૨ના પત્ર પરત્વે વિચારણા કરવા બાબત :

Remuneration payable to the examiners at the various Semester Examinations for the M.E. Degree shall, subject to the minimum remuneration of Rs. 100/- payable to the Examiners, be counted on the basis of the groupings of the following Semester examinations as the Unit or Single Examination :

Group 'A'—1 & 2

Group 'B'—3 & 4

Group 'C'—5 & 6

Group 'D'—7 & 8

Group 'E'—9 & 10

આથી ઠરાવવામાં આવે છે કે એમ.ઈ.ની પરીક્ષામાં સેમેસ્ટર પદ્ધતિ દાખલ થઈ હોવાથી પરીક્ષકોનું ન્યૂનતમ વેતન રૂ. ૧૦૦/- છે તે વધારવા અંગેની ઈજનેરી વિદ્યાશાખાના ડીનની વિનંતી અનેક વહીવટી કારણોસર સ્વીકારવાનું શકય નથી તેમ દિલગીરી સાથે તેમને જણાવવું.

૪૦. એમ. એસ. બ્રાન્ચ ૧ પરીક્ષાની પ્રાયોગિક પરીક્ષાના પરીક્ષકોને એક પ્રૅક્ટિકલ લેખે ગણીને હાલમાં જે મહેનતાણું ચૂકવવામાં આવે છે તેના બદલે ચાર પ્રૅક્ટિકલ ઓરલ લેખે ગણીને મહેનતાણું ચૂકવવા

અંગેના ડૉ. એચ. એલ. પટેલના તા. ૧૨-૯-૧૯૭૨ના પત્ર ઉપર વિચારણા કરવા બાબત.

[**નોંધ.**—૧. લાલ એક પ્રૅક્ટિકલ લેખે મહેનતાણું ચૂકવવામાં આવે છે તેના બદલે નીચે પ્રમાણે ચાર પ્રૅક્ટિકલ-ઓરલ ગણવા તેમ માગણી છે :

(૧) લૉંગ કેસીસ

(૨) શૉર્ટ કેસીસ

(૩) પેથોલૉજી

(૪) ઓપરેશન.

૨. માર્ચ--એપ્રિલ ૧૯૭૨ ની પરીક્ષા માટે આપવાના થશે.]

આથી ઠરાવવામાં આવે છે કે એમ.એસ., બ્રાન્ચ ૧ની પ્રાયોગિક પરીક્ષાના પરીક્ષકોને નીચેના ધોરણે મહેનતાણું આપવું :

Branch I—General Surgery ... Rs 24.00 per candidate examined.

(At M.D. and M.S. Examinations, the minimum remuneration to each Examiner for each day of practical, oral and clinical examination shall be Rs, 12/-.)

૪૧. વાણિજ્ય વિદ્યાશાખાનો તા. ૧૨–૬ ૧૯૭૨ની સભાની ઓરિયેન્ટેશન પ્રોગ્રામ અંગેનો ભલામણ સિન્ડિકેટે તેની તા. ૮–૭-૧૯૭૨ની સભામાં બાબત ક્રમાંક ૯૬ના પેટામુદ્દા ૧થી વિચારી છે તે અંગે વિદ્યાશાખાની સુધારેલી નીચેની ભલામણ પર વિચારણા કરવા બાબત :

"નીચેના વિષયો માટે પૂર્વસ્નાતક અને અનુસ્નાતક કક્ષાએ ઓરિયેન્ટેશન પ્રોગ્રામો ગોઠવવાની જરૂરિયાતને ખાસ અગ્રતા આપવા વિદ્યાશાખા ભલામણ કરે છે અને આવા પ્રોગ્રામ ગોઠવવા યુનિવર્સિટીનાં સત્તામંડળોને વિનંતી કરે છે :

(૧) ઈકોનોમિકસ

(૨) મૅનેજમેન્ટ એન્ડ અધર કોમર્શિયલ સબજેક્ટ

(૩) એકાઉન્ટિંગ ઈન્કલુડિંગ કૉસ્ટિંગ".

[**નોંધ.**—(૧) અગાઉની બાબતમાં નીચેના ચાર વિષયો હતા :

(૧) બિઝનેસ મૅનેજમેન્ટ

(૨) એકાઉન્ટન્સી

(૩) અર્થશાસ્ત્ર (વાણિજ્ય વિદ્યાશાખાનું)

(૪) કૉસ્ટ એકાઉન્ટિંગ]

આથી ઠરાવવામાં આવે છે કે વાણિજ્યની વિદ્યાશાખાએ ઓરિયેન્ટેશન પ્રોગ્રામ ગોઠવવા અંગે જે ભલામણ કરી છે તેનો સ્વીકાર કરવો અને આ અંગે યુનિવર્સિટી ગ્રાન્ટ્સ કમિશન તરફથી સહાય મળતી હોય તો તે મેળવવા પ્રયત્ન કરવો.

૪૨. સિન્ડિકેટે તેની તા. ૫/૬--૮--૧૯૭૨ની સભામાં એચ. કે. આર્ટ્સ કૉલેજમાં અભ્યાસકેન્દ્રો શરૂ કરવા અંગે વિગતવાર યોજના તૈયાર કરવા માટે નિયુક્ત કરેલી સમિતિની તા. ૨૪--૧૦-૧૯૭૨ની ભલામણ અનુસાર ઉપરોકત કેન્દ્ર માટે નીચેની જગ્યાઓ હંગામી ધોરણે તા. ૩૧--૩--૧૯૭૯ સુધી મંજૂર કરવા અંગે વિચારણા કરવા બાબત :

ક્રમાંક	જગ્યાનું નામ	જગ્યાની સંખ્યા	પગારધોરણ
૧.	ટેકનિકલ આસિસ્ટન્ટ	૧	રૂ. ૩૧૩—૧૧—૩૪૩—૨૦—૪૪૩ ઈ.બી. ૨૦—૫૬૩
૨.	જુનિ. ક્લાર્ક	૧	રૂ. ૧૧૩—૧૧—૧૮૩—૧૦—૨૪૩— ઈ.બી.—૧૫—૪૦૮—૨૦—૪૪૮
૩.	પ્યુન-કમ-એટેન્ડન્ટ	૧	રૂ. ૯૪--૩—૧૦૯—૪—૧૩૩--૫—૧૫૩

(**નોંધ**—યુ. જી. સી એ આ અંગે પંચવર્ષીય યોજના પૂરી થાય ત્યાં સુધી આર્થિક સહાય આપવાનું સ્વીકાર્યું છે, વાર્ષિક રૂ. ૧૦,૦૦૦ લેખે.)

આથી ઠરાવવામાં આવે છે કે એચ. કે. આર્ટ્સ કૉલેજમાં સ્થાપવામાં આવનાર સદરહુ અભ્યાસકેન્દ્ર માટે હંગામી ધોરણે તા. ૩૧-૩-૧૯૭૯ સુધી ઉપરની જગાઓ સામે જણાવેલ પગારધોરણથી મંજૂર કરવી.

૪૩. અનુસ્નાતક નિયમ નં. ૪૧ પ્રમાણે અનુસ્નાતક કેન્દ્રોને આપાતી આર્થિક સહાય અંગે કેન્દ્રોને હિસાબો તેમ જ વાઉચર્સ રજૂ કરવામાંથી મુકિત આપવા માટે શેઠ કે. એમ. સ્કૂલ ઑફ પોસ્ટ-ગ્રેજ્યુએટ મેડિસિન ઍન્ડ રિસર્ચ, અમદાવાદના અધ્યક્ષશ્રી તરફથી આવેલ વિનંતી પરત્વે વિચારણા કરવા બાબત.

અનુસ્નાતક નિયમ નં. ૪૧ પ્રમાણે અનુસ્નાતક કેન્દ્રોને આપાતી આર્થિક સહાય અંગેના હિસાબો માટે વાઉચર્સ રજૂ કરવા માટેની મુકિત માટે શેઠ કે. એમ. સ્કૂલ ઑફ પોસ્ટ-ગ્રેજ્યુએટ મેડિસિન ઍન્ડ રિસર્ચ, અમદાવાદના અધ્યક્ષશ્રીની વિનંતી પર વિચારણા કરી ઠરાવવામાં આવ્યું કે સને ૧૯૭૧--૭૨ના હિસાબો પૂરતાં સંસ્થાનાં વાઉચર્સ સ્વીકારવાં, પણ તે પછીથી મૂળ વાઉચર્સ રજૂ કરવા માટે સંસ્થાને જણાવવું.

૪૪. ઍગ્રો-ઈકોનોમિક રિસર્ચના વિષયમાં ગુજરાત યુનિવર્સિટી દ્વારા બે વર્ષ માટે નિબંધસ્પર્ધા યોજીને પ્રતિવર્ષે રૂ. ૨૧૦ની રકમનું "ડૉ. ઉમાશંકર જોશી પારિતોષિક" ગુજરાત યુનિવર્સિટીના વિદ્યાર્થીને આપી શકાય તે માટે રૂ. ૧૦૦ (પાંચસો)નું પ્રદાન પ્લાનિંગ સેક્રેટરા શ્રી. અશોક મિશ્રા તરફથી સ્વીકારવા અંગે 'કૉમર્સ'ના તંત્રી શ્રી. વાડીલાલ ડગલીના તા. ૨૬--૯--૧૯૭૨ના પત્ર પરત્વે વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે ઍગ્રો-ઈકોનોમિક રિસર્ચના વિષયમાં બે વર્ષ માટે નિબંધસ્પર્ધા યોજીને પ્રતિવર્ષે રૂ. ૨૧૦નું ડૉ. ઉમાશંકર જોશી પારિતોષિક આપવા માટે શ્રી. અશોક મિત્ર તરફથી મળેલ રૂ. ૧૦૦ના પ્રદાનનો સાભાર સ્વીકાર કરવો.

૪૫. ચોથી પંચવર્ષીય યોજના હેઠળ સંલગ્ન કૉલેજોમાં કામ કરતા ગ્રંથપાલોનાં પગારધોરણ સુધારવા અંગેના શ્રી. એ. ટી. દેસાઈના તા. ૨૨--૮--૧૯૭૨ના પત્ર પર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે ચોથી પંચવર્ષીય યોજના હેઠળ સંલગ્ન કૉલેજોમાં કામ કરતા ગ્રંથપાલોનું પગારધોરણ સુધારવા અંગે રાજ્ય સરકારશ્રીને જલદી નિર્ણય લેવા ઘટતી વિનંતી કરવી.

૪૬. પ્રભુદાસ ઠક્કર આર્ટ્સ એન્ડ સાયન્સ કૉલેજ, પાલડી, અમદાવાદની ગવર્નિંગ બોડીમાં યુનિવર્સિટીના પ્રતિનિધિની નિમણૂક કરવા અંગેના સદરહુ કૉલેજના આચાર્યશ્રીના તા. ૨૯-૯-૧૯૭૨ના પત્ર પર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે પ્રભુદાસ ઠક્કર આર્ટ્સ એન્ડ સાયન્સ કૉલેજ, અમદાવાદની ગવર્નિંગ બોડીમાં આ યુનિવર્સિટીના પ્રતિનિધિ તરીકે શ્રી. રણજિતરાય ગં. શાસ્ત્રીને નીમવા.

વધુમાં ઠરાવવામાં આવે છે કે જે જે કૉલેજમાં યુનિવર્સિટીના પ્રતિનિધિની આ રીતે નિમણૂક થાય તે તે કૉલેજની ગવર્નિંગ બોડીની સભા વખતે યુનિવર્સિટીના પ્રતિનિધિ હાજર રહે તો તેમને યુનિવર્સિટીના ધોરણે ભથ્થું ચૂકવવાની જવાબદારી જે તે કૉલેજે ઉપાડવાની રહેશે તેની સ્પષ્ટતા કરવી.

૪૭. ડોંગેરકરી કમિશનની ભલામણોના આધારે ગુજરાત રાજ્ય સરકારે ગુજરાત યુનિવર્સિટી ધારામાં સુધારા સૂચવતા બિલનો મુસદ્દો મોકલેલ તેમાં સૂચવેલ બોર્ડ ઑફ સ્ટુડન્ટ્સ વેલ્ફેરના બંધારણ અંગેના સ્ટેચ્યૂટની નીચેની પેટાકલમ ૧૦ અંગે સિન્ડિકેટે તેની તા. ૨-૭-૧૯૭૨ની સભામાં સૂચવેલ ફેરફારના સંદર્ભમાં રાજ્ય સરકારના શિક્ષણ અને મજૂર ખાતાએ તેના તા. ૨૨-૯-૧૯૭૨ના પત્રાંક યુ. એસ. જી. ૪૨૭૧—૩૦૫૮૫—કે. એચ.થી કેટલીક સ્પષ્ટતાઓ માંગી છે તે અંગે વિચારણા કરવા બાબત.

રાજ્ય સરકારના બિલના મુસદ્દામાં બોર્ડ ઑફ સ્ટુડન્ટ્સ વેલ્ફેરના બંધારણ અંગે સૂચવેલ પેટાકલમ ૧૦ :

"Fourteen representatives of the Students' Union of the University and Students' Unions of the affiliated colleges, out of whom at least four should be women."

સિન્ડિકેટે સૂચવેલ સુધારો :

In sub-clause (x) the following para be added viz :

"Provided that of these 14 representatives seven shall be students representatives from the college outside the city of Ahmedabad and the remaining seven shall be students representatives from affiliated University colleges, recognised/approved institutions and University deparments."

રાજ્ય સરકારે માંગેલ સ્પષ્ટતાઓ:

"It is not clear whether 'the remaining seven students representatives' would represent the recognised/approved institutions and University departments, affiliated colleges in the entire area of the University or such institutions of the city of Ahmedabad only. This may please be clarified. Distribution of representation of women representatives may please also be indicated.

Further the term 'affiliated University colleges' may also be defined, as it would be necessary to include this definition in section 2 of the Gujarat University Act, 1949, which does not contain the same."

આથી ઠરાવવામાં આવે છે કે ગુજરાત યુનિવર્સિટી ધારામાં સુધારા સૂચવતા બિલ અંગેનો મુસદ્દો ચાલુ ધારાસભાની વિચારણા માટે તૈયાર થયેલો હોઈ હવે આ અંગે કાંઈ કરવું આવશ્યક રહેતું નથી તેમ રાજ્ય સરકારશ્રીને જણાવવું.

૪૮. એકેડેમિક કાઉન્સિલની તા. ૫/૬—૧—૧૯૭૨ની સભામાં બાબત ક્રમાંક ૮૬થી યુનિવર્સિટીનાં અનુસ્નાતક વિદ્યાભવનોની તંત્રરચના અંગેના હાલના સ્ટેચ્યૂટ ૨૦૨માં સુધારો સૂચવવા નીમેલી સમિતિના અહેવાલ પર વિચારણા કરી એકેડેમિક કાઉન્સિલે તેની તા. ૨૭/૨૮—૬—૧૯૭૨ની સભામાં કરેલી ભલામણો પૈકી નીચે જણાવેલ ભલામણ નં. ૭ પરની વિચારણા સિન્ડિકેટની તા. ૨૩—૯—૧૯૭૨ની સભામાં મોકૂફ રહેલ હોઈ તે પરત્વે વિચારણા કરવા બાબત :

"વ્યાખ્યાતાની નિમણૂકમાં હાલ જે આખી સિન્ડિકેટની બનેલી સમિતિ ઇન્ટરવ્યૂ લે છે અને તે પછી તેની ભલામણ પરથી સિન્ડિકેટ નિમણૂક કરે છે તે પ્રથા રદ કરીને જે તે વિષયના વ્યાખ્યાતાની નિમણૂક માટેની પસંદગી સમિતિ નીચે પ્રમાણે રાખવી :

હોદ્દાની રૂએ કુલપતિશ્રી, જે તે ભવનના અધ્યક્ષ, વિષય—વિભાગના વડા અને એ વિષયના એકેડેમિક કાઉન્સિલે સૂચવેલા બહારના બે નિષ્ણાતો."

આથી ઠરાવવામાં આવે છે કે યુનિવર્સિટીનાં અનુસ્નાતક વિદ્યાભવનોમાં વ્યાખ્યાતાઓની નિમણૂક માટેની પસંદગી સમિતિ નીચે પ્રમાણે રાખવી :

(૧) કુલપતિશ્રી
(૨) જે તે વિદ્યાભવનના અધ્યક્ષ
(૩) વિષય—વિભાગના વડા
(૪) એકેડેમિક કાઉન્સિલે સૂચવેલ બે નિષ્ણાતો
(૫) સિન્ડિકેટે સૂચવેલ નિષ્ણાત.

૪૯. માર્ચ—એપ્રિલ ૧૯૭૨માં લેવાયેલ થર્ડ બી.એસસી.ની પરીક્ષાના ભૌતિકવિજ્ઞાન વિષયના પ્રશ્નપત્ર ૮ અંગે તેના કેટલાક પ્રશ્નો અભ્યાસક્રમ બહારના છે એવી મળેલ ફરિયાદ અંગે વિચારણા કરવા બાબત :

આથી ઠરાવવામાં આવે છે કે માર્ચ-એપ્રિલ ૧૯૭૨માં લેવાયેલ થર્ડ બી.એસસી.ની પરીક્ષાના ભૌતિક-વિજ્ઞાન વિષયના પ્રશ્નપત્ર નં. ૮માં અભ્યાસક્રમ બહારના કેટલાક પ્રશ્નો પુછાયા હોઈ આવી ગંભીર ક્ષતિ બદલ આ પ્રશ્નપત્રના પ્રાશ્નિક તથા પ્રાશ્નિકોની સમિતિના કન્વીનરને બે વર્ષ સુધી આ પરીક્ષામાં પ્રાશ્નિક તરીકેનું નિમંત્રણ આપવું નહીં.

વધુમાં ઠરાવવામાં આવે છે કે આવે પ્રસંગે ચર્ચાના સંદર્ભમાં કોઈ તાત્કાલિક ઉકેલની વ્યવસ્થા જે તે પ્રસંગે વિચારી લેવી.

વધુમાં ઠરાવવામાં આવે છે કે આવી અને આનુષંગિક વ્યવસ્થાનો વિચાર કરવા માટે નીચેના સભ્યોની સમિતિ નીમવી :

(૧) કુલપતિશ્રી
(૨) શ્રી રણજિતરાય ગં. શાસ્ત્રી
(૩) આચાર્ય ધીરુભાઈ ઠાકર
(૪) આચાર્ય એમ. સી. શાહ
(૫) ડૉ. એમ. એન. દેસાઈ

૫૦. ખોટાં ગુણપત્રકો રજૂ કરીને એફ.વાય.બી.કૉમ.ના વર્ગમાં પ્રવેશ મેળવવા પ્રોવિઝનલ એલિજિબિલિટી સર્ટિફિકેટ મેળવ્યું તેવા ત્રણ વિદ્યાર્થીઓના કેસ અંગે વિચારણા કરવા બાબત :

(નોંધ.—આ ત્રણે વિદ્યાર્થીઓનાં પ્રોવિઝનલ એલિજિબિલિટી સર્ટિફિકેટ રદ કરી તેમનો કૉલેજ-પ્રવેશ રદ કરવામાં આવ્યો છે.)

આથી ઠરાવવામાં આવે છે કે ખોટાં ગુણપત્રકો રજૂ કરીને એફ.વાય.બી.કૉમ.ના વર્ગમાં પ્રવેશ મેળવ્યા અંગેના કેસમાં તપાસ કરી રિપોર્ટ કરવા માટે નીચેના સભ્યોની સમિતિ રચવી :

(૧) ડૉ. જે. બી. હરિભક્તિ

(૨) શ્રી. ઇન્દ્રવદન એ. મોદી

(૩) પ્રો. કે. એસ. શાસ્ત્રી.

તે પછી બાબત નં. ૫૧ અને ૯૯ ની વિચારણા સાથે કરવામાં આવી.

૫૧. બી. ડી. સાયન્સ કૉલેજ, અમદાવાદે ઑ. ૧૨૦ મુજબ જૂન ૧૯૭૩થી ચાલુ જોડાણ માટે તા. ૩૦ મી જુલાઈ ૧૯૭૨ સુધીમાં અરજી કરવી આવશ્યક હતી છતાં તે માટે હજુ સુધી અરજી આવેલી ન હોઈ તે અંગે વિચારણા કરવા બાબત :

અને

૯૯. બી. ડી. સાયન્સ કૉલેજ, અમદાવાદની જૂન ૧૯૭૨થી જોડાણ મેળવવા માટેની અરજી પર સેનેટે મૂકેલી શરતોના યથાર્થ પરિપાલન અંગે તપાસ કરી અહેવાલ આપવા સિન્ડિકેટે તેની તા. ૫–૬–૧૯૭૨ની સભામાં નીમેલી સમિતિના અહેવાલ પર વિચારણા કરવા બાબત.

બી. ડી. સાયન્સ કૉલેજ, અમદાવાદે જૂન ૧૯૭૩થી ચાલુ જોડાણ માટે અરજી કરી નથી તે તથા એ કૉલેજના ચાલુ જોડાણ અંગે નીમેલી સમિતિના અહેવાલ પર વિચારણા કરી ઠરાવવામાં આવ્યું કે સદરહુ કૉલેજે સંલગ્નતા અંગેની શરતોનું યથાર્થ પરિપાલન કર્યું નથી પણ જૂન ૧૯૭૩થી એ જોડાણ માંગતી નહીં હોવાથી વિદ્યાર્થીઓના હિતમાં ખાસ કેસ તરીકે ૧૪મી જૂન ૧૯૭૩ સુધી આ કૉલેજનું જોડાણ ચાલુ રાખવા માટેની મંજૂરી આપવા રાજ્ય સરકારને ભલામણ કરવી.

૫૨. યુનિવર્સિટી કૅમ્પસમાં રહેતા કર્મચારીઓની વિવિધ પ્રવૃત્તિઓ માટે મકાનની સગવડ આપવા અને રમતગમતની પ્રવૃત્તિઓ માટે યુનિવર્સિટી તરફથી આર્થિક સહાય આપવા બાબત ગુજરાત યુનિવર્સિટી કૅમ્પસ મંડળે તેના તા. ૩૦–૮–૧૯૭૨ના પત્રથી કરેલી નીચેની વિનંતી પર વિચારણા કરવા બાબત :

(૧) મંડળ પોતાની વિધવિધ પ્રવૃત્તિઓ ચલાવી શકે તે માટે કાયમી ધોરણે મકાનની સગવડ જરૂરી છે. આ સગવડ વહેલી તકે કરી આપવામાં આવે એવી વિનંતી છે. અમારું એક નમ્ર સૂચન છે કે "બી" ટાઈપ ક્વાર્ટર્સમાંનું કોઈ ખાલી થાય તો તેનું ઓછામાં ઓછું એક યુનિટ કૅમ્પસ મંડળના વપરાશને માટે ફાળવવામાં આવે.

(૨) કૅમ્પસ મંડળ જે પ્રવૃત્તિઓ ચલાવે છે તેમાંની એક રહીશોનાં બાળકો માટે રમતગમતની પ્રવૃત્તિ છે. મંડળની પ્રવૃત્તિઓના ખર્ચને પહોંચી વળવા માટે મંડળના સભ્યો પાસેથી વાર્ષિક ફી ઉઘરાવવામાં આવે છે, પણ તેમાંથી થતી આવક પૂરતી નથી. આથી રમતગમતની પ્રવૃત્તિ

માટે તેમ જ નવી પ્રવૃત્તિઓ શરૂ કરવા માટે યુનિવર્સિટી તરફથી આર્થિક સહાય આપવામાં આવે એવી અમારી વિનંતી છે.

યુનિવર્સિટી કેમ્પસમાં રહેતા કર્મચારીઓ માટે તથા બાળકો માટે રમતગમતની પ્રવૃત્તિ અંગેની સગવડ આપવા અંગે કેમ્પસ મંડળના પત્ર ઉપર વિચારણા કરી ઠરાવવામાં આવ્યું કે—

(૧) મંડળની રમતગમતની પ્રવૃત્તિ માટે એન. આર. એસ.ના મકાનનો ઉપયોગ કરવો, અને

(૨) મંડળની રમતગમતની પ્રવૃત્તિ માટે ડિરેક્ટર ઑફ ફિઝિકલ એજ્યુકેશનને વાર્ષિક રૂ. ૫૦૦/-ની મર્યાદામાં રહીને યોગ્ય તે સાધનો લાવી આપવા માટે સત્તા આપવી.

૫૩. તા. ૨૯/૩૦-૯-૧૯૭૧ તથા તા. ૮-૧-૧૯૭૨ના રોજ મળેલ સેનેટની વિશેષ સભામાં મંજૂર થયેલા નીચેના ઠરાવ પર આગળ ઘટતાં પગલાં લેવા અંગે વિચારણા કરવા બાબત :

"ગુજરાત રાજ્યના ફેક્ટરી ઑક્ટ અન્વયે યુનિવર્સિટી પ્રેસના જે જે હંગામી કર્મચારીઓ ભારત સરકારના ઑક્ટ હેઠળ પ્રૉ. ફંડનો લાભ મેળવવા પાત્ર થતા હોય તેમને યુનિવર્સિટી પ્રેસના કાયમી કર્મચારીઓને મળતા કેજ્યુઅલ રજા, માંદગીની રજા, તહેવારોની રજા ઇત્યાદિ લાભો આપીને પ્રેસના કર્મચારીઓની બાબતમાં હાલ પ્રવર્તતાં બેવડાં ધોરણો નાબૂદ કરવા સેનેટની આ સભા સિન્ડિકેટને વિનંતી કરે છે."

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બાબતની વિચારણા મોકૂફ રાખવી.

૫૪. તા. ૨૯/૩૦-૯-૧૯૭૧ તથા તા. ૮-૧-૧૯૭૨ના રોજ મળેલ સેનેટની વિશેષ સભામાં મંજૂર થયેલા નીચેના ઠરાવ પરત્વે આગળ ઘટતાં પગલાં લેવા અંગે વિચારણા કરવા બાબત :

"ગુજરાત રાજ્યના ફેક્ટરી ઑક્ટ અન્વયે યુનિવર્સિટી પ્રેસના જે કર્મચારીઓની પ્રૉવિડંટ ફંડની કપાત થતી હોય તેવા યુનિવર્સિટી પ્રેસના હંગામી કર્મચારીઓને જે તે જગ્યા પર પ્રૉવિડંટ ફંડ કપાતની આરંભ તારીખથી યુનિવર્સિટી પ્રેસનાં ધારાધોરણ અનુસાર કાયમ કરવા સેનેટની આ સભા સિન્ડિકેટને વિનંતી કરે છે."

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બાબતની વિચારણા મોકૂફ રાખવી.

૫૫. તા. ૨૯/૩૦-૯-૧૯૭૧ તથા તા. ૮-૧-૧૯૭૨ના રોજ મળેલ સેનેટની વિશેષ સભામાં પસાર થયેલા નીચેના ઠરાવ પરત્વે આગળ ઘટતાં પગલાં લેવા અંગે વિચારણા કરવા બાબત :

"કૉલેજોમાં ટ્યુટોરિયલ પ્રથા દાખલ કરી છે ત્યારથી આજદિન સુધીમાં ટ્યુટોરિયલ વર્ગમાં શું કરવું તે અંગે યુનિવર્સિટીએ કૉલેજોને કોઈ નક્કર માર્ગદર્શન આપ્યું નથી અને કદાચ તેને કારણે જ આ એક સુંદર પ્રયોગ નિષ્ફળ પુરવાર થવાની દિશામાં છે. તો હજી પણ તેમાં મોડું ન થાય તે પહેલાં યુનિવર્સિટીની દરેક ફેકલ્ટીએ બેથી ત્રણ દિવસનો સેમિનાર યોજીને ટ્યુટોરિયલ કાર્યનું એક સામાન્ય માળખું ઘડી કાઢી વિષયના બોર્ડને મોકલી આપે અને વિષયનું બોર્ડ તે સામાન્ય માળખાને લક્ષમાં રાખીને, છતાં પોતાના વિષયની જરૂરિયાતોને ઉમેરીને, દરેક વિષયનો ટ્યુટોરિયલ કાર્યનો એક આખરી નકશો તૈયાર કરે તે માટે યુનિવર્સિટી સક્રિય બને તેવી આ સભા યુનિવર્સિટીને ભલામણ કરે છે."

આથી ઠરાવવામાં આવે છે કે ટ્યુટોરિયલની પ્રથા માર્ગદર્શક કેમ બને તે વિષે વિચારણા કરવા તથા ગુજરાતની યુનિવર્સિટીઓના બધા પ્રાધ્યાપકોને આ અંગે સુયોગ્ય માર્ગદર્શન મળે તે હેતુસર ત્રણ દિવસનો

એક આંતર-યુનિવર્સિટી પરિસંવાદ યોજવો અને તે માટે સુયોગ્ય અનુદાન આપવા યુનિવર્સિટી ગ્રાન્ટ્સ કમિશનને વિનંતી કરવી.

૫૬. યુનિવર્સિટી કાર્યાલયમાં જુ. કલાર્ક તરીકે કામ કરતાં કુ. આશા એમ. કવિ તા. ૧૮-૧૦-૧૯૭૨થી રાજીનામું આપી છૂટા થયાં હોવાથી તેઓના ખાતે નીકળતી પ્રૉવિડંટ ફંડ તથા યુનિવર્સિટીએ આપવાના ફાળાની રકમ પરત કરવા અંગે વિચારણા કરવા બાબત.

(તેઓ યુનિવર્સિટી કાર્યાલયમાં તા. ૨૩--૩--૧૯૬૭થી જોડાયાં હતાં અને તા. ૧૮-'૧૦--૧૯૭૨થી રાજીનામું આપી છૂટાં થયાં છે.)

આથી ઠરાવવામાં આવે છે કે કુ. આશા એમ. કવિના ખાતે નીકળતી પ્રૉવિડન્ટ ફંડની રકમ તથા યુનિવર્સિટીએ આપવાના ફાળાની રકમ તેમને યુનિવર્સિટીનાં ધારાધોરણ અનુસાર ચૂકવવી.

૫૭. યુનિવર્સિટી અતિથિગૃહની કન્ટિન્જન્સી ખાતે ચાલુ વર્ષ ૧૯૭૨--૭૩ના અંદાજપત્રમાં રૂ. ૨,૦૦૦ની વધુ જોગવાઈ કરવા અંગે વિચારણા કરવા બાબત.

(**નોંધ.**— ચાલુ વર્ષમાં કન્ટિન્જન્સી ખાતે રૂ. ૩,૦૦૦ની જોગવાઈ છે. આથી કુલ રૂ. ૫,૦૦૦ની જોગવાઈ થશે.)

આથી ઠરાવવામાં આવે છે કે યુનિવર્સિટીના અતિથિગૃહની કન્ટિજન્સી ખાતે ૧૯૭૨--૭૩ના અંદાજપત્રમાં રૂ. ૨,૦૦૦-ની વધુ જોગવાઈ કરવી.

૫૮. ચોથી પંચવર્ષીય યોજના હેઠળ સંલગ્ન કૉલેજોના આચાર્યો અને શિક્ષકોને આપવાનાં અનુક્રમે રૂ. ૮૦૦--૫૦--૧,૨૫૦ અને રૂ. ૭૦૦--૪૦--૧,૧૦૦નાં પગારધોરણ અંગે સિન્ડિકેટે નીમેલી સમિતિની તા. ૧૯--૮--૧૯૭૨ની સભાની નીચેની ભલામણ સિન્ડિકેટે તેની તા. ૨૩--૯--૧૯૭૨ની સભામાં મંજૂર કરેલ હોઈ તે ઉપર વિચારણા કરવા બાબત :

"વધુમાં ભવિષ્યમાં જ્યારે યાદીમાંના શિક્ષકોની જગ્યા ખાલી પડે તે સમયે યાદીઓના નવા શિક્ષકોને તે લાભ આપવા માટે રાજ્ય સરકારને જણાવવા ભલામણ કરવી."

આથી ઠરાવવામાં આવે છે કે સંલગ્ન કૉલેજોના આચાર્યો અને શિક્ષકોનાં પગારધોરણો અંગે સિન્ડિકેટે નીમેલી સમિતિની તા. ૧૯--૮--૧૯૭૨ની સભાની ઉપરની ભલામણ ઘટતું કરવા રાજ્ય સરકારને મોકલી આપવી.

૫૯. સેંટ ઝેવિયર્સ કૉલેજ, અમદાવાદમાં ગુજરાતીના વ્યાખ્યાતા તરીકે શૈક્ષણિક કાર્ય કરતા શ્રી. એચ. જે. મજમુદારની નિમણૂક પશ્ચાદ્‌વર્તી તા. ૧૫--૬--૧૯૬૨થી માન્ય કરવા અંગે વિચારણા કરવા બાબત.

(**નોંધ**— ૧. શ્રી. એચ. જે. મજમુદારની નિમણૂક તે સમયે માન્ય કરાવવાનું સરતચૂકથી રહી જવા પામ્યું હોવાનું આચાર્યશ્રીએ જણાવ્યું છે.

૨. શ્રી. મજમુદાર તે સમયે વ્યાખ્યાતાની જરૂરી શૈક્ષણિક પાત્રતા ધરાવતા હતા.

૩. શ્રી. મજમુદાર બી.એ. બીજો વર્ગ અને એમ.એ. ગુજરાતી સાથે પાસ વર્ગ ધરાવે છે તથા ૨½ વર્ષનો ટ્યૂટર તરીકેનો અનુભવ તેસમયે ધરાવતા હતા.)

આથી ઠરાવવામાં આવે છે કે સેંટ ઝેવિયર્સ કૉલેજ, અમદાવાદમાં ગુજરાતીના વ્યાખ્યાતા શ્રી. એચ. જે. મજમુદારની નિમણૂક પશ્ચાદવર્તી ધોરણે તા. ૧૫--૬--૧૯૬૨થી ખાસ કેસ તરીકે માન્ય કરવી. આવી સરતચૂક પુનઃ થવા ન પામે તે અંગે સાવચેતી રાખવા આચાર્યશ્રીને જણાવવું.

૬૦. બી. એમ. ઈન્સ્ટિટ્યૂટ, અમદાવાદ તરફથી જૂન ૧૯૭૩થી નીચે જણાવેલ અનુસ્નાતક ડિપ્લોમાના અભ્યાસક્રમો શીખવવા માટે ચાલુ માન્યતા માટેની અરજી પર સ્થાનિક તપાસસમિતિ નીમવા અંગે વિચારણા કરવા બાબત :

૧. ડિપ્લોમા ઈન સાયકોથેરાપી
૨. ડિપ્લોમા ઈન સાયકિયાટ્રિક સોશિયલ વર્ક
૩. ડિપ્લોમા ઈન સાયકિયાટ્રિક ઓકયુપેશનલ થેરાપી
૪. ડિપ્લોમા ઈન સ્પેશિયલ અજ્યુકેશન ફૉર ધી નોન-નોર્મલ ચિલ્ડ્રન.

આથી ઠરાવવામાં આવે છે કે બી. એમ. ઈન્સ્ટિટ્યૂટને અનુસ્નાતક ડિપ્લોમાના અભ્યાસક્રમો શીખવવા માટે માન્યતા આપવા અંગે નીચે જણાવેલા સભ્યોની સ્થાનિક તપાસસમિતિ નીમવી :

(૧) ડૉ. જે. સી. મારફતિયા
(૨) ડૉ. સી. ટી. ભોપટકર.

૬૧. જાન્યુઆરી ૪ થી ૭, ૧૯૭૩ના સમય દરમિયાન અમદાવાદ મુકામે "ઈન્ડિયન ડેન્ટલ કૉન્ફરન્સ"નું ૨૭મું વાર્ષિક અધિવેશન યોજનાર છે તેમાં યુનિવર્સિટીના પ્રતિનિધિ મોકલવા અંગે અધિવેશનના વ્યવસ્થાપક મંત્રીશ્રીના તા. ૨૭–૧૧–૧૯૭૨ના પત્ર પર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે અમદાવાદ મુકામે ભરાતી ઈન્ડિયન ડેન્ટલ કૉન્ફરન્સમાં આ યુનિવર્સિટીના પ્રતિનિધિઓ તરીકે નીચેના સભ્યોને મોકલવા :

(૧) ડૉ. એ. એમ. મલાવવાલા
(૨) ડૉ. સી. પી. બોઘાણી
(૩) ડૉ. એન. ટી. દેસાઈ
(૪) ડૉ. કિરીટકુમાર શાહ.

૬૨. સિન્ડિકેટે તેની તા. ૨૧–૧૦–૧૯૭૨ની સભામાં યુનિવર્સિટી પ્રેસના જુ. કમ્પોઝીટર શ્રી. એમ. જે. આહુજાની તબીબી તપાસ યુનિવર્સિટીના આરોગ્ય કેન્દ્રના રેસિડેન્ટ મેડિકલ ઑફિસર પાસે કરાવવાનું ઠરાવેલ તેના સંદર્ભમાં શ્રી. એમ. જે. આહુજાની તબીબી તપાસ અંગેના રેસિડેન્ટ મેડિકલ ઑફિસર ડૉ. સી. આર. ત્રિવેદીના તા. ૨૮–૧૧–૧૯૭૨ના રિપોર્ટને અનુલક્ષીને શ્રી. આહુજાની સેવાઓ તા. ૫–૧૨–૧૯૭૨થી વધુ એક વર્ષ માટે લંબાવવા અંગે વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે યુનિવર્સિટી પ્રેસના જુનિયર કંપોઝીટર શ્રી. એમ. જે. આહુજાની સેવાઓ તા. ૫–૧૨–૧૯૭૨થી વધુ એક વર્ષ માટે લંબાવવી.

૬૩. પ્રત્યેક વર્ષે દરેક સંલગ્ન કૉલેજે યુનિવર્સિટીને ઑ. ૯૬ પ્રમાણે જે માહિતી મોકલવાની હોય છે તે ૧૯૭૨-૭૩ના વર્ષ માટે જે કૉલેજોએ મોકલી નથી તે અને જે કૉલેજોની માહિતી ઊણપવાળી અને/અથવા અપૂરતી જણાઈ છે તે પરત્વે વિચારણા કરવા બાબત.

સંલગ્ન કૉલેજોમાંથી જેમણે જેમણે ૧૯૭૨–૭૩ના વર્ષ માટેની માહિતી પૂર્ણતયા મોકલી નથી અને જ્યાં જ્યાં માહિતી ઊણપવાળી જણાઈ છે તેની યાદી વંચાણમાં લીધી. આ અંગે દરેક કૉલેજના આચાર્યશ્રીને કુલપતિશ્રી અંગત પત્ર લખશે તેની નોંધ લેવામાં આવી.

૬૪. સિન્ડિકેટની તા. ૨૩—૯—૧૯૭૨ની સભામાં સ્વીકારવામાં આવેલ "શ્રીમતી સુલોચના નરોત્તમ લાલભાઈ સુવર્ણચંદ્રક" અને "શ્રીમતી સુલોચના નરોત્તમ લાલભાઈ પારિતોષિક" (દંત વિદ્યાશાખાની સ્નાતક પદવી પરીક્ષા માટે) એનાયત કરવા માટે પ્રદાન અંગેના નિયમો મંજૂર કરવા અંગે વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે "શ્રીમતી સુલોચના નરોત્તમ લાલભાઈ સુવર્ણચંદ્રક" અને "શ્રીમતી સુલોચના નરોત્તમ લાલભાઈ પારિતોષિક" અંગેના નિયમો મંજૂર કરવા.

(મંજૂર કરવામાં આવેલા નિયમોની નકલ **પરિશિષ્ટ "ધ"** તરીકે સામેલ છે.)

૬૫. કુલપતિશ્રીએ મંજૂર કરેલાં નીચેનાં કાર્યોની નોંધ લેવા બાબત :

(૧) માર્ચ—એપ્રિલ ૧૯૭૩માં લેવાનાર પરીક્ષાઓ માટેનાં કેન્દ્રો નિયત કર્યાના;

(૨) વિવેકાનંદ કૉલેજ ઑફ એજ્યુકેશન એન્ડ લૉ, મહેસાણા તરફથી જૂન ૧૯૭૩થી વિભાગીકરણ માટે આવેલ અરજી ઉપર પ્રિ. જી. સી. પટેલની જગ્યાએ પ્રિ. એમ. એસ. પંડિતની સ્થાનિક તપાસસમિતિના સભ્ય તરીકે નિમણૂક કર્યાના;

(૩) યુનિવર્સિટી ગ્રંથનિર્માણ બોર્ડની સહયોગી પ્રકાશન યોજના હેઠળ પ્રકાશિત થતાં આ યુનિવર્સિટીનાં પ્રકાશનોની ૧૧૦૦ નકલોમાંથી ૧૦૦ નકલ યુનિવર્સિટી પાસે રાખીને ૧૦૦૦ નકલો સદરહુ બોર્ડને સોંપવા અંગેના;

(૪) બી. એમ. ઈન્સ્ટિટ્યૂટ દ્વારા ચાલતા S.R.S. Project for Rehabilitative Assistance to mentally retarded youth પ્રોજેક્ટ ઉપર મનોવિજ્ઞાન વિદ્યાભવનના અધ્યક્ષ ડૉ. કે. જી. દેસાઈની consultation અંગેની સેવાઓ અંદાજે ત્રણ વર્ષ સુધી સ્વીકારવાનું તેમ જ તે અંગેનો સેશન દીઠ રૂ. ૧૫ લેખે પુરસ્કાર સ્વીકારવાની પરવાનગી આપ્યાના;

(૫) ચોથી પંચવર્ષીય યોજના હેઠળ સંલગ્ન કૉલેજોના આચાર્યો અને શિક્ષકોને અનુક્રમે આપવાના રૂ. ૮૦૦—૫૦—૧,૨૫૦ અને રૂ. ૭૦૦—૪૦—૧,૧૦૦નાં પગારધોરણ અંગેની યાદી જે સિન્ડિકેટે તેની તા. ૨૩—૯—૧૯૭૨ની સભામાં મંજૂર કરી છે તેમાં અનુક્રમે નં. ૧૫૭માં ડૉ. પી. આર. શાહના નામ સામે જણાવેલ માન્ય અનુસ્નાતક શિક્ષકના મદદનીશ શિક્ષક તરીકે માન્યતાની તા. ૩૦—૯—૧૯૬૪ને બદલે તા. ૨૪—૭—૧૯૬૪ હોવાથી તેમનો યાદીમાંનો ક્રમ ૧૫૭ ને બદલે ૧૪૫ થાય છે તો તે મુજબ યાદીમાં સુધારો કર્યાના.

આથી ઠરાવવામાં આવે છે કે કુલપતિશ્રીનાં ઉપરનાં કાર્યોની નોંધ લેવી.

૬૬. શ્રી. મથુરાદાસ એલ. ગાંધી ઉચ્ચતર કેળવણી મંડળ, મોડાસા દ્વારા મોડાસા ખાતે જૂન ૧૯૭૩થી શરૂ કરાનાર કાયદાની કૉલેજ માટેની જોડાણઅરજી ઉપર સિન્ડિકેટે નીમેલ સ્થાનિક તપાસસમિતિના સભ્ય પ્રિ. વી. આર. રણદીવેએ સમિતિ પર કામ કરવા અશક્તિ દર્શાવી હોઈ અન્ય સભ્યની નિમણૂક કરવા અંગે વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે શ્રી. મથુરાદાસ એલ. ગાંધી ઉચ્ચતર કેળવણી મંડળ, મોડાસાની કાયદાની કૉલેજ માટેની સ્થાનિક તપાસસમિતિ પર સભ્ય તરીકે કામ કરવાની આચાર્ય વી. આર. રણદીવેએ અશક્તિ દર્શાવેલી હોઈ તેમના સ્થાને આચાર્ય ડી. ડી. દેસાઈને નીમવા.

૬૭. નોર્થ ગુજરાત એજ્યુકેશન સોસાયટી, મુંબઈ દ્વારા જૂન ૧૯૭૩થી પાટણ ખાતે શરૂ કરાનાર કાયદાની કૉલેજની જોડાણઅરજી ઉપર સિન્ડિકેટે નીમેલ સ્થાનિક તપાસસમિતિના સભ્યો પૈકી પ્રિ. વી. આર. રણદીવેએ સમિતિના સભ્ય તરીકે કાર્ય કરવા અશક્તિ દર્શાવી હોઈ તેમની જગ્યાએ અન્ય સભ્યની નિમણૂક કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે નોર્થ ગુજરાત એજ્યુકેશન સોસાયટી, મુંબઈ દ્વારા પાટણ ખાતે શરૂ કરાનાર કાયદાની કૉલેજ માટેની સ્થાનિક તપાસસમિતિ પર સભ્ય તરીકે કામ કરવાની આચાર્ય વી. આર. રણદીવેએ અશક્તિ દર્શાવિલી હોઈ તેમના સ્થાને આચાર્ય એન. એસ. પંડ્યાને નીમવા.

૬૮. પંચમહાલ શિક્ષણ પ્રચારક મંડળ, ગોધરા તરફથી જૂન ૧૯૭૩થી ગોધરા ખાતે કાયદાની નવી કૉલેજ શરૂ કરવા માટેની જોડાણઅરજી પર નિમાયેલ શ્રી. જી. સી. પટેલની જગ્યાએ અન્ય સભ્યની નિમણૂક કરવા અંગે વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે પંચમહાલ શિક્ષણ પ્રચારક મંડળ, ગોધરા તરફથી કાયદાની નવી કૉલેજ માટેની સ્થાનિક તપાસસમિતિ પર સભ્ય તરીકે કામ કરવા માટે નિમાયેલ શ્રી. વી. સી. પટેલની જગ્યાએ આચાર્ય પી. આર. દેસાઈને નીમવા.

૬૯. આર. આર. લાલન કૉલેજ, ભૂજની ત્રિવાર્ષિક તપાસસમિતિ પર સિન્ડિકેટે નીમેલી સમિતિના સભ્યો પૈકી પ્રિ. જે. જે. ત્રિવેદીએ સમિતિના સભ્ય તરીકે કામ કરવા અશક્તિ દર્શાવી હોઈ અન્ય સભ્યની નિમણૂક કરવા અંગે વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ ત્રિવાર્ષિક તપાસસમિતિ પર કામ કરવા માટે આચાર્ય જે. જે. ત્રવેદીએ અશક્તિ દર્શાવિલ હોઈ તેમના સ્થાને ડૉ. એલ. ડી. દવેને નીમવા.

૭૦. કચેરિયા મોજીલાલ ગોરધનદાસ જનરલ હોસ્પિટલ, બાલાસિનોરને ઑર્ડિ. ૨૭૨ અને ૨૭૨–એ મુજબ ફરજિયાત રોટેટિંગ હાઉસનર્મોશિપ માટે માન્યતા આપવા અંગે સિન્ડિકેટે તેની તા. ૧૦/૧૧–૭–૧૯૭૨ની સભામાં નીમેલી તપાસસમિતિની નીચેની ભલામણ પર વિચારણા કરવા બાબત :

"I recommend two interns to be posted for Medicine and Surgery each...."

આથી ઠરાવવામાં આવે છે કે કચેરિયા મોજીલાલ ગોરધનદાસ જનરલ હૉસ્પિટલ, બાલાસિનોર માટેની તપાસસમિતિની ભલામણ મુજબ મેડિસિન અને સર્જરી દરેકમાં બે ઈન્ટર્નીઝ રાખવાની ભલામણ સ્વીકારવી.

૭૧. ગુજરાત રાજ્યના નાણા ખાતાના ઠરાવ નં.વી.આઈ.બી. ૧૧૭૨-૭૮૯૦–જે, તા. ૧૦–૧૧–૧૯૭૨થી સરકારી કર્મચારીઓને અપાતા મોંઘવારી ભથ્થાના દરમાં તા. ૧–૧૦–૭૨થી વધારો આપવાનું ઠરાવ્યું હોવાથી આ મોંઘવારી ભથ્થાના દરમાં વધારાનો લાભ યુનિવર્સિટીના કર્મચારીઓને આપવા અંગેની બાબત પર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે ગુજરાત રાજ્યના નાણા ખાતાના ઠરાવ નં. વી. આઈ. બી. ૧૧૭૨–૭૮૯૦–જે, તા. ૧૦–૧૧–'૭૨થી સરકારી કર્મચારીઓને અપાતા મોંઘવારી ભથ્થાના દરમાં તા. ૧–૧૦-૧૯૭૨થી વધારો આપવાનું ઠરાવ્યું છે તે વધારાનો લાભ યુનિવર્સિટીના કર્મચારીઓને રાજ્ય સરકારના ઠરાવના અમલની તારીખથી, એટલે કે તા. ૧–૧૦–૧૯૭૨થી, આપવો.

વધુમાં ઠરાવવામાં આવે છે કે સંલગ્ન કૉલેજોના શિક્ષકોને પણ આ મોંઘવારી ભથ્થું આપવાનો સિન્ડિકેટ સૈદ્ધાંતિક સ્વીકાર કરે છે અને તા. ૧૩--૧૨—૧૯૭૨ના રોજ કુલપતિશ્રીએ મેનેજમેન્ટના પ્રતિનિધિઓને બોલાવ્યા છે તે પ્રસંગે આ લાભ આપવાનો નિર્ણય કરી લેવો.

[**નોંધ :** સાભાર નોંધ કરવાની કે તા. ૧૩—૧૨—૧૯૭૨ ના રોજ કુલપતિશ્રીએ બોલાવેલી કૉલેજ મૅનેજમેન્ટોના પ્રતિનિધિઓની સભામાં સંલગ્ન કૉલેજોના શિક્ષકોને આ તથા તા. ૧—૭—૧૯૭૨થી અપાયેલું મોંઘવારી ભથ્થું ચૂકવી દેવાનું મૅનેજમેન્ટોના પ્રતિનિધિઓએ સ્વીકાર્યું છે.]

૭૨. ગુજરાત પુસ્તકાલય મંડળ દ્વારા ચાલતા ગ્રંથાલયવિજ્ઞાન તાલીમ વર્ગોમાં ગ્રંથ વર્ગીકરણના વિષય માટે યુનિવર્સિટી ગ્રંથાલયના મદદનીશ ગ્રંથપાલ શ્રી. આર. એસ. ગાંધીને વર્ગના તાસો લેવાની તથા તે અંગેનો પુરસ્કાર સ્વીકારવાની મંજૂરી આપવા અંગેના સંચાલકશ્રીના તા. ૧--૧૨--૧૯૭૨ના પત્ર પર વિચારણા કરવા બાબત.

[**નોંધ.**—શ્રી. ગાંધીને અઠવાડિયામાં ૪ તાસ (પિરિયડ) લેવાના રહેશે અને તેઓને એક તાસ દીઠ રૂ. ૫ પુરસ્કાર મળશે.]

આથી ઠરાવવામાં આવે છે કે ગ્રંથાલય તાલીમ વર્ગોમાં કામ કરવા તથા તે અંગેનો ઉપર મુજબનો પુરસ્કાર સ્વીકારવા મદદનીશ ગ્રંથપાલ શ્રી. આર. એસ. ગાંધીને મંજૂરી આપવી.

૭૩. યુનિવર્સિટી કાર્યાલયમાં જુનિયર કલાર્ક તરીકે કામ કરતા શ્રી. પી. ટી. પટેલને સ્કૂટર ખરીદવા માટે રૂ. ૪,૦૦૦ની લોન આપવા અંગેની તેઓની તા. ૧—૧૨—૧૯૭૨ની અરજી પર વિચારણા કરવા બાબત.

(**નોંધ.**—સિન્ડિકેટે તેની તા. ૩૦—૧૧—૧૯૬૮ની સભામાં ઠરાવ્યા અનુસાર યુનિવર્સિટીએ વાહનની કિંમતના ૮૦ ટકાની લોન આપવાની રહેશે. લોન લેનારે આ લોન ૫૦ હપતામાં અને યુનિવર્સિટી નક્કી કરે તે દરના વ્યાજ સાથે પરત કરવાની રહેશે તથા સ્કૂટર યુનિવર્સિટીને ગીરો લખી આપવાનું રહેશે.)

આથી ઠરાવવામાં આવે છે કે યુનિવર્સિટી કાર્યાલયના જુનિયર કલાર્ક શ્રી. પી. ટી. પટેલને સ્કૂટર ખરીદવા અંગે રૂ. ૪,૦૦૦ની લોન યુનિવર્સિટીનાં ધારાધોરણ મુજબ આપવી.

વધુમાં ઠરાવવામાં આવે છે કે વાહનની ખરીદી માટે કર્મચારીઓને લોન આપવા અંગે સિન્ડિકેટે તેની તા. ૩૦--૧૧—૧૯૬૮ની સભામાં ઠરાવેલાં ધોરણો અનુસાર જો કર્મચારી અરજી આપે તો તે પર કુલપતિશ્રીએ સીધો નિર્ણય લઈ લેવો અને અપવાદનો કેસ હોય તો જ તે સિન્ડિકેટ સમક્ષ રજૂ કરવો.

૭૪. યુનિવર્સિટી કાર્યાલયમાં નીચેના સભ્યોને તેઓનાં નામ સામે બતાવેલ તારીખે અને પગારધોરણમાં કાર્યક્ષમતા અંતરાય (એફિશિયન્સી બાર) ઓળંગવા અંગેની પરવાનગી આપવા અંગે વિચારણા કરવા બાબત :

ક્રમાંક	**નામ તથા હોદ્દો**	**પગારધોરણ**	**મૂળ પગાર**	**કઈ તારીખથી**
૧.	શ્રી. એન. આર. પટેલ, જુ. કલાર્ક	૧૫૩-૫-૧૮૩-૧૦-૨૪૩ ઇ.બી. ૧૫-૪૦૪-૨૦-૪૪૮	૨૪૩	૧-૧-૧૯૭૩
૨.	શ્રી. એલ. એલ. પટેલ, જુ. કલાર્ક	ઉપર મુજબ	૨૪૩	૧-૧-૧૯૭૩
૩.	શ્રી. જી. જે. ઠાકોર, જુ. કલાર્ક	ઉપર મુજબ	૨૪૩	૧-૧-૧૯૭૩

સદરહુ સભ્યોની કામગીરી અંગેના ખાનગી અહેવાલો સભાગૃહ સમક્ષ રજૂ કરવામાં આવ્યા.

તે પછી ઠરાવવામાં આવ્યું કે સદરહુ સભ્યોને તેમનાં નામ સામે જણાવેલ તારીખથી કાર્યક્ષમતા અંતરાય ઓળંગવા માટે પરવાનગી આપવી.

૭૫. યુનિવર્સિટી કાર્યાલયમાં જુનિયર કલાર્ક તરીકે કામ કરતા શ્રી. બી. ડી. પટેલની સ્કૂટર ખરીદવા અંગેની રૂ. ૪,૦૦૦ની લોન આપવા અંગેની તેઓની તા. ૨–૧૨–૧૯૭૨ની અરજી ઉપર વિચારણા કરવા બાબત.

(**નોંધ.**— સિન્ડિકેટે તેની તા. ૩૦–૧૧–૧૯૬૮ની સભામાં ઠરાવ્યા અનુસાર યુનિવર્સિટીએ વાહનની કિંમતના ૮૦ ટકાની લોન આપવાની રહેશે. લોન લેનારે આ લોન ૫૦ હપતામાં અને યુનિવર્સિટી નક્કી કરે તે દરના વ્યાજ સાથે પરત કરવાની રહેશે તથા સ્કૂટર યુનિવર્સિટીને ગીરો લખી આપવાનું રહેશે.)

આથી ઠરાવવામાં આવે છે કે યુનિવર્સિટી કાર્યાલયમાં જુનિયર કલાર્ક શ્રી. બી. ડી. પટેલને સ્કૂટર ખરીદવા માટે રૂ. ૪,૦૦૦ની લોન યુનિવર્સિટીનાં ધારાધોરણ મુજબ આપવી.

૭૬. માર્ચ-એપ્રિલ ૧૯૭૩માં લેવાનાર જુદી જુદી પરીક્ષાઓની કાર્યાલયે સૂચવેલ તારીખો મંજૂર કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે માર્ચ--એપ્રિલ ૧૯૭૩માં લેવાનાર જુદી જુદી પરીક્ષાઓની કાર્યાલયે સૂચવેલ તારીખો મંજૂર કરવી.

(મંજૂર કરવામાં આવેલ તારીખોની યાદી **પરિશિષ્ટ "ચ"** તરીકે સામેલ છે.)

૭૭. વિદ્યાર્થીઓએ પરીક્ષા દરમ્યાન અજમાવેલ ગેરવાજબી ઇલાજો અંગેના કેસો ઉપર તેમ જ પ્રાધ્રિનક–પરીક્ષકો–નિરીક્ષકો અને કાર્યાલયના સભ્યોને હસ્તક થયેમ ભૂલો અંગેના કેસો ઉપર વિચારણા કરી સિન્ડિકેટ સમક્ષ ભલામણો રજૂ કરવા માટે ૧૯૭૩ના વર્ષ માટે પરીક્ષા શુદ્ધિ સમિતિની રચના કરવા બાબત.

(**નોંધ.**—જાન્યુઆરી ૧૯૭૨થી ડિસેમ્બર ૧૯૭૨ના સમયગાળા દરમિયાન સદરહુ સમિતિ પર નીચેના સભ્યો છે:

૧. કુલપતિશ્રી
૨. શ્રી. બટુભાઈ દેસાઈ
૩. શ્રી. આર. જી. શાસ્ત્રી
૪. પ્રિ. ડી. ડી. દેસાઈ
૫. પ્રો. કે. એલ. શાસ્ત્રી
૬. ડૉ. ડી. પી. ઠાકર).

આથી ઠરાવવામાં આવે છે કે પરીક્ષા દરમિયાન વિદ્યાર્થીઓએ અજમાવેલ ગેરવાજબી ઇલાજો અંગેના કેસો તેમ જ પ્રાધ્રિનકો, પરીક્ષકો, નિરીક્ષકો અને કાર્યાલયના સભ્યોને હસ્તે થયેલ ભૂલો અંગેના કેસો ઉપર વિચારણા કરી ભલામણો રજૂ કરવા માટે સને ૧૯૭૩ના વર્ષ માટે નીચે જણાવેલા સભ્યોની પરીક્ષા શુદ્ધિ સમિતિ પર નિમણૂક કરવી :

(૧) કુલપતિશ્રી
(૨) શ્રી. બટુભાઈ એચ. દેસાઈ

(૩) શ્રી. રણજિતરાય ગં. શાસ્ત્રી
(૪) આચાર્ય ડી. ડી. દેસાઈ
(૫) આચાર્ય એમ. સી. શાહ
(૬) પ્રો. કે. એસ. શાસ્ત્રી
(૭) ડૉ. એમ. એન. દેસાઈ.

૭૮. ચાલુ વર્ષ ૧૯૭૨-૭૩માં વિજ્ઞાન વિદ્યાભવનના રસાયણવિજ્ઞાન વિભાગમાં એમ.એસસી. ભાગ ૧ અને ૨ માં મળીને વધારાની બેંચમાં કુલ્લે ૧૦૦ વિદ્યાર્થીઓ વધુ હોવાથી રસાયણવિજ્ઞાન વિભાગની પ્રયોગશાળાના ખર્ચના બજેટમાં રૂ. ૩૦,૦૦૦ ની વધુ જોગવાઈ કરવા અંગે વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે યુનિવર્સિટીના રસાયણવિજ્ઞાન વિભાગમાં ૧૦૦ વિદ્યાર્થીઓ વધારે લેવામાં આવેલા હોવાથી રસાયણવિજ્ઞાન વિભાગની પ્રયોગશાળાના ખર્ચ ખાતે ચાલુ વર્ષના બજેટમાં રૂ. ૩૦,૦૦૦ની વધારાની જોગવાઈ કરવી.

૭૯. સમાજવિદ્યા ભવનમાં ઈતિહાસના પ્રાધ્યાપકની જગ્યાને સેનેટે રીડરની જગ્યામાં ફેરવી છે તેના સંદર્ભમાં તે જગ્યા માટે જાહેરખબર આપવા છતાં ફક્ત બે અરજીઓ આવેલી છે, જે પૈકી માત્ર ડૉ. આર. કે. ધારૈયા આ જગ્યા માટે જરૂરી લાયકાત ધરાવતા હોઈ અને વરણી સમિતિએ ઈતિહાસના પ્રાધ્યાપકની જગ્યા માટે તેની તા. ૨૮--૪--૧૯૭૨ની સભામાં નીચે મુજબ ભલામણ કરેલી હોઈ ઈતિહાસના રીડરની આ જગ્યા ભરવા અંગે વિચારણા કરવા બાબત:

"None of the candidates has been found suitable for the post of Professor of History. It is, however, recommended that if a Reader is appointed against the post of a Professor—

(1) Dr. V. K. Chavda be offered the Reader's post and given a starting salary of Rs. 1,100/- in the grade of Rs. 750–50–1,250; and that

(2) In the event of Dr. V. K. Chavda not accepting the Reader's post Dr. R. K. Dharaiya be appointed as a Reader against the post of a Professor of History."

આથી ઠરાવવામાં આવે છે કે સમાજવિદ્યા ભવનમાં ઈતિહાસના રીડરની જગ્યા ઉપર પસંદગી સમિતિએ કરેલી ક્રમાનુવર્તી ભલામણમાં પ્રથમ આવતા ડૉ. વી. કે. ચાવડાએ એ સ્થાન સ્વીકારવાની અશક્તિ દર્શાવી હોવાથી ડૉ. આર. કે. ધારૈયાને તા. ૧-૧-૧૯૭૩થી રૂ. ૯૦૦ના મૂળ માસિક પગારથી રૂ. ૭૫૦—૫૦—૧૨૫૦ના પગારધોરણમાં બે વર્ષના અજમાયશી ધોરણે સદરહુ રીડરની જગ્યા પર નીમવા, અને એમની આગામી ઈજાફાઓની તારીખ એ એમની આજ સુધીની બઢતીની તારીખ એટલે કે તા. ૧૫--૬--૧૯૭૩ રાખવી.

તે પછી બાબત નં. ૮૦ અને ૯૧ ની વિચારણા સાથે કરવામાં આવી.

૮૦. ભાષા-સાહિત્ય ભવનમાં ગુજરાતીના પ્રાધ્યાપક તરીકે કામ કરતા પ્રો. ઓ. એમ, રાવલની લંબાવવામાં આવેલી એક વર્ષની નિવૃત્તિ વયમર્યાદા તા. ૩૧–૧૨-૧૯૭૨ના રોજ પૂરી થતી હોઈ તેમાં વધારો કરી આપવા અંગે તેમની તા. ૩૦–૧૧-૧૯૭૨ની અરજી ઉપર વિચારણા કરવા બાબત.

(**નોંધ.**— સિન્ડિકેટે તેની તા. ૧૪–૧૨–૧૯૭૧ની સભામાં તેમની નિવૃત્તિ વયમર્યાદામાં એક વર્ષનો વધારો કર્યો છે. તેઓ તા. ૧–૧–૧૯૭૩ના રોજ ૬૧ વર્ષ પૂરાં કરે છે.)

અને

૮૫. વિજ્ઞાન વિદ્યાભવનના અધ્યક્ષ ડૉ. જે. જે. ચિનોય તા. ૧૭-૨–૧૯૭૩ ના રોજ ૬૪ વર્ષ પૂરાં કરે છે. તેમની સેવાઓ લંબાવવા અંગે તેઓના તા. ૬–૧૨–૧૯૭૨ના પત્રથી આવેલી વિનંતી ઉપર વિચારણા કરવા બાબત.

[**નોંધ.**—(૧) નિવૃત્તિવયમર્યાદા અંગે સિન્ડિકેટે તેની તા. ૪–૯–૧૯૬૫ની સભામાં બાબત નંબર ૨૨થી નીચે પ્રમાણે ઠરાવ્યું છે :

"આથી ઠરાવવામાં આવે કે યુનિવર્સિટીના વહીવટી અને શિક્ષકવર્ગના કર્મચારીઓની નિવૃત્તિ વયમર્યાદા ૬૦ વર્ષની રાખવી. પણ આ મર્યાદા સિન્ડિકેટને યોગ્ય લાગે તે કેસોમાં જરૂરી તબીબી તપાસ કરાવીને પ્રત્યેક વર્ષે એક વર્ષ સુધી એમ ૬૫ વર્ષ સુધી લંબાવી શકાશે. કોઈ પણ કર્મચારીને ૬૫ વર્ષ પૂરાં કર્યા પછી તેને કોઈ પણ સંજોગોમાં યુનિવર્સિટીની સેવાઓમાં રાખી શકાશે નહિ."

(૨) સિન્ડિકેટે તેની તા. ૪/૧૦–૩–૧૯૭૨ની સભામાં ડૉ. જે. જે. ચિનોયની નિવૃત્તિ વયમર્યાદા વધુ એક વર્ષ માટે, એટલે કે તા. ૧૭-૨–૧૯૭૩ સુધી, લંબાવવાનું ઠરાવ્યું હતું. પ્રો. ચિનોયને તા. ૧૭–૨–૧૯૭૩ના રોજ ૬૪ વર્ષ પૂરાં થાય છે.]

આથી ઠરાવવામાં આવે છે કે ભાષા-સાહિત્ય ભવનમાં ગુજરાતીના પ્રાધ્યાપક પ્રો. ઓ. એમ. રાવળ તથા વિજ્ઞાન વિદ્યાભવનના અધ્યક્ષ ડૉ. જે. જે. ચિનોયને પોતાની તબીબી તપાસ ડૉ. છોટુભાઈ નાયક પાસે કરાવવા માટે તેમનો સંપર્ક સાધવા માટે જણાવવું અને તબીબી તપાસનો રિપોર્ટ આવ્યેથી તેઓની સેવાઓ વધુ એક વર્ષ માટે લંબાવવા અને ડૉ. જે. જે. ચિનોયની સેવાઓ તા. ૧૪મી જૂન ૧૯૭૪ સુધી ચાલુ રાખવા માટે કુલપતિશ્રીને સત્તા આપવી.

વધુમાં ઠરાવવામાં આવે છે કે યુનિવર્સિટીના પ્રાધ્યાપકોની સેવા-મર્યાદા લંબાવવા માટે વ્યક્તિગત અરજીઓ માગવાને બદલે કાર્યાલય તરફથી પ્રસ્તાવ મૂકવાનો શિરસ્તો રાખવો.

૮૧. થર્ડ બી એસસી.ના ફિઝિકસ, કેમિસ્ટ્રી અને ગણિતશાસ્ત્રના વિષયનો નવો અભ્યાસક્રમ અમલમાં આવ્યો હોઈ જૂના અભ્યાસક્રમ મુજબની થર્ડ બી.એસસી. પરીક્ષામાં નાપાસ થયેલ વિદ્યાર્થીઓ માટે વધુ એક પરીક્ષા માર્ચ–એપ્રિલ ૧૯૭૩માં લેવા અંગે વિચારણા કરવા બાબત.

(**નોંધ**— ગયા વર્ષે સેકન્ડ બી.એસસી.ની જૂના અભ્યાસક્રમની પરીક્ષા લીધી હતી.)

આથી ઠરાવવામાં આવે છે કે થર્ડ બી.એસસી.ના ફિઝિકસ, કેમિસ્ટ્રી અને ગણિતશાસ્ત્રની જૂના અભ્યાસક્રમ મુજબની પરીક્ષામાં નાપાસ થયેલા વિદ્યાર્થીઓને માર્ચ-એપ્રિલ ૧૯૭૩માં એક વધુ પરીક્ષામાં બેસવાની તક આપવી.

૮૨. એમ.એસસી. બોટાની વિષયની જૂના અભ્યાસક્રમની માર્ચ-એપ્રિલ ૧૯૭૨ની પરીક્ષામાં નાપાસ થયેલા બે વિદ્યાર્થીઓની જૂના અભ્યાસક્રમ મુજબની પરીક્ષા માર્ચ ૧૯૭૩માં લેવા અંગે વિચારણા કરવા બાબત.

(નોંધ.—વિજ્ઞાન વિદ્યાશાખાના અધ્યક્ષ શ્રી. ચિનોયે અભ્યાસક્રમમાં ફેરફાર હોઈ તેમની વિનંતી માન્ય કરવા ભલામણ કરી છે.)

આથી ઠરાવવામાં આવે છે કે એમ.એસસી. બોટેનીના જૂના અભ્યાસક્રમ મુજબની પરીક્ષામાં નાપાસ થયેલા વિદ્યાર્થીઓ માટે એ અભ્યાસક્રમ મુજબની વધુ એક પરીક્ષા માર્ચ ૧૯૭૩માં લેવી.

૮૩. યુનિવર્સિટીના આરોગ્ય કેન્દ્રની વરણી સમિતિની તા. ૮--૯--૧૯૭૨ની ભલામણ પરથી સિન્ડિકેટે તેની તા. ૯-૯--૧૯૭૨ની સભામાં ડૉ. (કુ.) સુહાસબહેન પટેલની ખંડ સમયના ડૉકટરબહેન (લેડી ડૉકટર) તરીકે ઉચ્ચક રૂ. ૩૫૦--૦૦ના માસિક પગારથી બે વર્ષના અજમાયશી ધોરણે નિમણૂક કરી હતી, પરંતુ તેઓએ તા. ૧૩--૧૧--૧૯૭૨થી રાજીનામું આપેલ હોઈ વરણી સમિતિની તા. ૮--૯—૧૯૭૨ની ભલામણ અનુસાર ક્રમાનુવર્તી આવતા ડૉ. (શ્રીમતી) ભાવના એચ. વોરાની નિમણૂક કરવી કે જાહેરખબર આપી અરજીઓ મંગાવવી તે અંગે વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે ડૉ. સુહાસબહેન પટેલે એ સ્થાન સ્વીકાર્યા પછી તરત જ રાજીનામું આપેલ હોઈ સદરહુ વરણીસમિતિની ક્રમાનુવર્તી ભલામણ મુજબ ડૉ. (શ્રીમતી) ભાવના એચ. વોરાની યુનિવર્સિટીના આરોગ્ય કેન્દ્રમાં ખંડ સમયના લેડી ડૉકટર તરીકે રૂ. ૩૫૦ના ઉચ્ચક માસિક પગારથી બે વર્ષના અજમાયશી ધોરણે નિમણૂક કરવી.

૮૪. ગુજરાત સ્ટેટિસ્ટિકસ એસોસિયેશન, અમદાવાદની પહેલી વાર્ષિક પરિષદ માટે આર્થિક સહાય આપવા માટે વિનંતી કરતા એસોસિયેશનના પ્રમુખશ્રીના તા. ૩૦—૧૧--૧૯૭૨ના પત્રથી કરવામાં આવેલી વિનંતી પર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે ગુજરાત સ્ટેટિસ્ટિકસ એસોસિયેશન, અમદાવાદને વાર્ષિક પરિષદ પ્રસંગે પરિષદના ખર્ચ માટે રૂ. ૫૦૦નું અનુદાન આપવાનું મંજૂર કરવું.

૮૫. સિન્ડિકેટની તા. ૯—૯--૧૯૭૨ની સભામાં સ્વીકારવામાં આવેલ "સ્વ. પ્રો. એ. એમ. ત્રિવેદી સ્મૃતિ સુવર્ણચંદ્રક" પ્રી-યુનિ. વિજ્ઞાનની પરીક્ષા માટે એનાયત કરવા માટેના પ્રદાન અંગેના નિયમો મંજૂર કરવા અંગે વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સ્વ. પ્રો. એ. એમ. ત્રિવેદી સ્મૃતિ સુવર્ણચંદ્રક પ્રદાન અંગેના નિયમો મંજૂર કરવા.

(મંજૂર કરવામાં આવેલા નિયમોની નકલ પરિશિષ્ટ "છ" તરીકે સામેલ છે.)

૮૬. યુનિવર્સિટી એમ્પ્લોયમેન્ટ ઇન્ફર્મેશન-કમ-એડવાઇઝરી બ્યૂરો સ્થાપવા માટે યુનિવર્સિટી ગ્રાન્ટ્સ કમિશને તેમના તા. ૧૫--૬--૧૯૭૨ના પત્રાંક એફ. ૭૬. ૮—૭૧ (એસએ—૨)થી રૂ. ૧૦,૧૦૦ની આર્થિક સહાય મંજૂર કરી છે તેના સંદર્ભમાં નીચે જણાવેલ મુદ્દાઓ પરત્વે સ્પષ્ટતા કરવા બાબત :

(૧) રાજ્ય સરકારના એમ્પ્લોયમેન્ટ ઇન્ફર્મેશન બ્યૂરોનો વિકાસ સાધવો અથવા તો નવો ઇન્ફર્મેશન બ્યૂરો સ્થાપવો.

(૨) માર્ચ, ૧૯૭૪ પછી ખર્ચની જવાબદારી ઉપાડવા માટે બાંયધરી આપવા કાર્યાલયના તા. ૧–૩–૧૯૭૨ના પત્રાંક એકા./૨/૦૨૩૨૬૮થી રાજ્ય સરકારને લખવામાં આવ્યું છે અને સ્મૃતિપત્ર લખવામાં આવ્યો છે તેમના જવાબની રાહ જોવાય છે તેમ છતાં રાજ્ય સરકાર આ અંગે સંમત ના થાય તો યુનિવર્સિટીએ ખર્ચની જવાબદારી ઉપાડવાની રહેશે.

આથી ઠરાવવામાં આવે છે કે યુનિવર્સિટી એમ્પ્લોયમેન્ટ ઈન્ફર્મેશન કમ એડવાઈઝરી બ્યૂરો માટે યુનિવર્સિટી ગ્રાન્ટ્સ કમિશને જે આર્થિક સહાય મંજૂર કરી છે તે ચોથી પંચવર્ષીય યોજનાને અંતર્ગત હોવાથી એક વર્ષ અનુદાન મળે તેમ છે એટલે પાંચમી યોજનાના અંત સુધી એટલે કે માર્ચ ૧૯૭૯ સુધી એ સહાયને ચાલુ રાખવા માટે યુનિવર્સિટી ગ્રાન્ટ્સ કમિશનને વિનંતી કરવી. આ વિનંતીનો સ્વીકાર થયેથી બ્યૂરોની પુનર્રચના વિષેનો વિચાર કરવો.

૮૭. તોલાણી કૉલેજ ઑફ આર્ટ્સ અને સાયન્સ, આદિપુરે જૂન ૧૯૭૨થી જોડાણ મેળવવા માટેની અરજી પર સેનેટે મૂકેલી શરતોનું હજી સુધી યથાર્થ પરિપાલન કર્યું નથી તો તે અંગે વિચારણા કરવા બાબત.

[**નોંધ.**—(૧) કૉલેજે તૃતીય વર્ષ બી.એસસી.નો વર્ગ શરૂ કર્યો નથી, પરંતુ તેમ છતાં બી.એસસી. (સ્પે.)માં રસાયણવિજ્ઞાન માટે જોડાણ માગ્યું હોઈ (૧) રસાયણવિજ્ઞાનના પ્રાધ્યાપકની નિમણૂક આવશ્યક છે જે કરી નથી.

(૨) ગ્રંથાલય માટે પાછલી ઊણપ પેટે રૂ. ૬,૪૪૭ ૦૦નાં પુસ્તકો ખરીદવાનાં હતાં તે પૈકી રૂ. ૨,૦૦૦–૦૦નાં પુસ્તકો આવ્યાં છે અને બાકીના પ્રથમ સત્રના અંત સુધીમાં આવશે અને વિગતે અહેવાલ મોકલીશું તેમ જણાવેલું, પરંતુ વધુ વિગત હજી સુધી આવી નથી.

(૩) સદરહુ કૉલેજમાંથી છૂટા થયેલા શિક્ષક શ્રી. રામકૃષ્ણ શાસ્ત્રીને તેમની લેણી રકમ ચૂકવાઈ નથી.]

આથી ઠરાવવામાં આવે છે કે તોલાણી કૉલેજ ઑફ આર્ટ્સ અને સાયન્સ, આદિપુરમાં તૃતીય વર્ષ બી.એસસી.માં કોઈ વિદ્યાર્થી ભણતા નથી એટલે જોડાણની શરતો નં. ૨ અને ૩નું પાલન પરિપૂર્ણ થયું નથી છતાં વિદ્યાર્થીઓના હિતમાં આ વર્ષ પૂરતું એનું જોડાણ ચાલુ રાખવા રાજ્ય સરકારને ભલામણ કરવી.

૮૮. બાંધકામ સમિતિની તા. ૪–૧૨–૧૯૭૨ની સભાની ભલામણો પરત્વે વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ સમિતિની તા. ૪–૧૨–૧૯૭૨ની સભાની ભલામણો મંજૂર કરવી.

(સદરહુ સમિતિની તા. ૪–૧૨–૧૯૭૨ની સભાની કાર્યવાહીની નકલ **પરિશિષ્ટ "જ"** તરીકે સામેલ છે.)

૮૯. ધી ઇન્ડિયન ઍસોસિયેશન ફોર ધી એડવાન્સમેન્ટ ઑફ મેડિકલ એજ્યુકેશનનું બારમું વાર્ષિક અધિવેશન બી. જે. મેડિકલ કૉલેજ, અમદાવાદમાં તા. ૧૨ થી ૧૪ જાન્યુઆરી, ૧૯૭૩ દરમિયાન મળનાર છે તેના સહપુરસ્કર્તા તરીકે સામેલ થવા માટે તથા રૂ. ૫,૦૦૦–૦૦ની આર્થિક સહાય આપવા માટે વિનંતી કરતા સદરહુ મંડળના મંત્રીશ્રી તરફથી આવેલા તા. ૫–૧૨–૧૯૭૨ના પત્ર પર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે ઇન્ડિયન ઍસોસિયેશન ફોર ધી એડવાન્સમેન્ટ ઑફ મેડિકલ એજ્યુકેશનના બારમા અધિવેશનના સહપુરસ્કર્તા તરીકે યુનિવર્સિટીને સામેલ કરવાનું મંજૂર કરવું અને અધિવેશનના ખર્ચ પેટે રૂ. ૧,૦૦૦ની ગ્રાન્ટ મંજૂર કરવી.

૯૦. વિજ્ઞાન અને યંત્રવિદ્યાનો સર્વગ્રાહી જ્ઞાનકોષ તૈયાર કરવા માટે હરિ ૐ આશ્રમ, નડિયાદ તરફથી રૂપિયા પાંચ લાખની દેણગી આપવાના પ્રસ્તાવ ઉપર વિચારણા કરવા બાબત.

(**નોંધ.**—સદરહુ સંસ્થાએ જણાવ્યા મુજબ આ યોજનાનો ન્યૂનતમ ખર્ચ રૂપિયા દસ લાખ થવા સંભવ છે. અન્ય આવશ્યક મૂડી યુનિવર્સિટીએ અનુદાન કે દાન દ્વારા પ્રાપ્ત કરવાની રહેશે.)

આથી ઠરાવવામાં આવે છે કે વિજ્ઞાન અને યંત્રવિદ્યાનો સર્વગ્રાહી જ્ઞાનકોશ (Encyclopaedia) ગુજરાતીમાં તૈયાર કરવા માટે હરિ ૐ આશ્રમ, નડિયાદ તરફથી તા. ૨—૧૨—૧૯૭૨ના પત્રથી રૂપિયા પાંચ લાખની દેણગી આપવાનો પ્રસ્તાવ રજૂ કર્યો છે તેનો સાભાર સ્વીકાર કરવો. પૂજ્ય મોટાએ ગુજરાતી ભાષા અને વિજ્ઞાન તથા ટેકનોલોજીના વિકાસ અર્થેના આવા એક મહત્ત્વના જ્ઞાનવિષયક કાર્યમાં ગુજરાત યુનિવર્સિટીને યશભાગી બનવા નિમિત્ત બનાવી તે બદલ એમનો ખાસ આભાર માનવામાં આવે છે. આશા રાખીએ કે પૂ. મોટા આ યુનિવર્સિટીને ગુજરાતી ભાષામાં અનેકવિધ જ્ઞાનસાહિત્ય તૈયાર કરવાની એમની પ્રવૃત્તિઓના શ્રદ્ધાપાત્ર તરીકે યુનિવર્સિટીને ઉત્તરોત્તર વધુ સહાય કરતા રહેશે.

૯૧. ડિસેમ્બર ૨૭થી ૨૯, ૧૯૭૨ના સમય દરમિયાન હૈદરાબાદ મુકામે મળનાર "ફિઝિયોલોજિસ્ટ ઍન્ડ ફાર્માકોલોજિસ્ટ ઑફ ઈન્ડિયા"ના ૧૮ મા વાર્ષિક અધિવેશનમાં સિન્ડિકેટે તેની તા. ૧૧/૧૨-૧૧-૧૯૭૨ની સભામાં યુનિવર્સિટીના પ્રતિનિધિ તરીકે ડૉ. એચ. આર. દેશસરીને નીમ્યા હતા. પરંતુ તેઓએ આ અધિવેશનમાં જવાને અશક્તિ દર્શાવેલ હોઈ અન્ય પ્રતિનિધિની નિમણૂક કરવા અંગે વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે ડિસેંબર ૨૭થી ૨૯, ૧૯૭૨ સુધી હૈદરાબાદ મુકામે મળનાર ફિઝિયોલોજિસ્ટ્સ ઍન્ડ ફાર્માકોલોજિસ્ટ્સ ઑફ ઈન્ડિયાના આગામી અધિવેશનમાં આ યુનિવર્સિટીના પ્રતિનિધિ તરીકે જવા ડૉ. એચ. આર. દેશસરીએ અશક્તિ દર્શાવેલ હોવાથી તેમને સ્થાને બીજા પ્રતિનિધિને મોકલવાને માટે કુલપતિશ્રીને સત્તા આપવી.

૯૨. રેફરલ હૉસ્પિટલ, અંજારને ઑર્ડિ. ૨૭૨ અને ૨૭૨-એ મુજબ ફરજિયાત રોટેટિંગ હાઉસમૅનશિપ માટે માન્યતા આપવા અંગે નીમેલ સમિતિ પર કામ કરવા ડૉ. એસ. જે દામાણીએ અશક્તિ દર્શાવી હોઈ તેમની જગ્યાએ અન્ય સભ્યની નિયુક્તિ કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે રેફરલ હૉસ્પિટલ, અંજારને રોટેટિંગ હાઉસમેનશિપ માટે માન્યતા આપવા અંગેની સમિતિ પર કામ કરવાની ડૉ. એસ. જે. દામાણીએ અશક્તિ દર્શાવી હોવાથી તેમને સ્થાને ક્રમાનુવર્તી ધોરણે ડૉ. જે. એન. પટેલ અને ડૉ. એન. કે. બોડીવાલાને નીમવા.

૯૩. ઑ. ૨૭૨ અને ઑ. ૨૭૨-એ મુજબ "રેફરલ હૉસ્પિટલ, વાંકાનેર" ને ફરજિયાત રોટેટિંગ હાઉસમૅનશિપ માટે માન્યતા આપવા અંગે તપાસસમિતિની નીચેની ભલામણ પર વિચારણા કરવા બાબત :

"We are of the opinion that the place is not suitable for posting of the rotating housemanship till proper residential accommodation is guaranteed."

આથી ઠરાવવામાં આવે છે કે રેફરલ હૉસ્પિટલ, વાંકાનેરને રોટેટિંગ હાઉસમેનશિપ માટે માન્યતા આપવા અંગેની તપાસસમિતિની ભલામણનો સ્વીકાર કરવો અને સંતોષકારક પરિસ્થિતિ પેદા ન થાય ત્યાં સુધી માન્યતા આપવાની અશક્તિ દર્શાવવી.

૯૪. જૂન ૧૯૬૯થી અમલમાં આવેલી નવી તબીબી તપાસ યોજના અનુસાર સંલગ્ન કૉલેજોનાં આરોગ્ય કેન્દ્રો માટે તપાસ કરવા માટે સમિતિ નીમવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે જૂન ૧૯૬૯થી અમલમાં આવેલ નવી તબીબી તપાસ યોજના અનુસાર સંલગ્ન કૉલેજોનાં આરોગ્યકેન્દ્રોની તપાસ કરવા નીચેના સભ્યોની સમિતિ રચવી:

(૧) ડૉ. જે. બી. હરિભક્તિ

(૨) શ્રી. ઇન્દ્રવદન ઓ. મોદી

(૩) ડૉ. સી. આર. ત્રિવેદી.

૯૫. સદરહુ બાબતની વિચારણા આગળ બાબત નં. ૮૦ આવે કરવામાં આવેલી હોઇ તેની નોંધ તે ક્રમમાં દર્શાવવામાં આવી છે.

૯૬. યુનિવર્સિટી વિજ્ઞાન વિદ્યાભવનમાં જુનિયર કલાર્ક તરીકે કામ કરતા શ્રી. બી. એમ. ઠાકરની સ્કૂટર ખરીદવા અંગેની રૂ. ૪,૦૦૦-૦૦ (અંકે રૂપિયા ચાર હજાર પૂરા)ની લોન આપવા અંગેની તેઓની તા. ૨૭-૧૧-૧૯૭૨ની અરજી ઉપર વિચારણા કરવા બાબત.

(**નોંધ.**—સિન્ડિકેટે તેની તા. ૩૦-૧૧-૧૯૬૮ની સભામાં ઠરાવ્યા અનુસાર યુનિવર્સિટીએ વાહનની કિંમતના ૮૦ ટકાની લોન આપવાની રહેશે. લોન લેનારે આ લોન ૫૦ હપતામાં અને યુનિવર્સિટી નક્કી કરે તે દરના વ્યાજ સાથે પરત કરવાની રહેશે તથા સ્કૂટર યુનિવર્સિટીને ગીરો લખી આપવાનું રહેશે.)

આથી ઠરાવવામાં આવે છે કે વિજ્ઞાન વિદ્યાભવનના જુનિયર કલાર્ક શ્રી. બી. એમ. ઠાકરને સ્કૂટર ખરીદવા અંગે રૂ. ૪,૦૦૦ની લોન યુનિવર્સિટીનાં ધારાધોરણ મુજબ આપવી.

૯૭. ઇજનેરી વિદ્યાશાખાની તા. ૩૦-૩-૧૯૭૨ની નીચેની ભલામણ એકેડેમિક કાઉન્સિલની તા. ૬/૭-૪-૧૯૭૨ની સભાએ મંજૂર કરેલી હોઇ તે પર વિચારણા કરવા બાબત:

"આ સભા ઠરાવે છે કે આર. એન્જ. એસ. ૧૪માં નીચે પ્રમાણેની સ્પષ્ટતા કરતી નોંધ ઉમેરવી અને તેને જૂન ૧૯૭૨ના શૈક્ષણિક વર્ષથી અમલમાં લાવવી:

Notwithstanding anything contained above for the purpose of application of Reg. Engg. S. 14 the passing standard for each head of the subject for the purpose of carry forward should be 40%."

આથી ઠરાવવામાં આવે છે કે એકેડેમિક કાઉન્સિલની ભલામણ અનુસાર રે. એન્જ. એસ. ૧૪માં ઉપર પ્રમાણેની નોંધ ઉમેરવી અને તેને જૂન ૧૯૭૨થી અમલમાં મૂકવી.

૯૮. પીએચ.ડી. પદવી (ગુજરાતી વિષય) માટે નોંધાયેલા વિદ્યાર્થી શ્રી. એચ. એ. વ્યાસનો મહાનિબંધ તપાસવા માટે નિમાયેલા રેફરીઓના અભિપ્રાયના સંદર્ભમાં ઑર્ડિ. ૩૨૧ની કલમ ૧ મુજબ યોગ્ય નિર્ણય લેવા અંગે વિચારણા કરવા બાબત.

રેફરીઓનાં નામો	રેફરીઓના અભિપ્રાયો
૧. પ્રો. વિષ્ણુપ્રસાદ આર. ત્રિવેદી	... મહાનિબંધ સ્વીકારવા ભલામણ કરે છે.
૨. પ્રો. મનુભાઈ પંચોલી	... મહાનિબંધ સ્વીકારવા ભલામણ કરતા નથી.
૩. પ્રો. મનસુખલાલ ઝવેરી (ચોથા રેફરી)	... મહાનિબંધ સ્વીકારવા ભલામણ કરતા નથી.
૪. પ્રો. અનંતરાય રાવળ વિદ્યાર્થીના માર્ગદર્શક શિક્ષક	... શ્રી. મનુભાઈ પંચોલીના અભિપ્રાય સાથે સંમત નથી. જ્યારે શ્રી. મનસુખલાલ ઝવેરીના રિપોર્ટ પર "જોયું" એમ નોંધ કરી છે.

આથી ઠરાવવામાં આવે છે કે પીએચ.ડી. (ગુજરાતી) માટે શ્રી. એચ. એ વ્યાસે રજૂ કરેલ મહાનિબંધ ઉપરના રેફરીઓના અભિપ્રાયો લક્ષમાં લેતાં તે મહાનિબંધનો સ્વીકાર કરવો નહિ.

૯૯. સદરહુ બાબતની વિચારણા આગળ બાબત નં. ૫૧ સાથે કરવામાં આવેલી હોઈ તેની નોંધ તે ક્રમમાં દર્શાવવામાં આવી છે.

૧૦૦. પીએચ.ડી. પદવી માટે નીચેના વિદ્યાર્થીઓના મહાનિબંધ તેમનાં નામ સામે જણાવેલ વિષય માટે સ્વીકાર્યાના કુલપતિશ્રીના કાર્યની નોંધ લેવા બાબત :

ક્રમાંક	વિદ્યાર્થીનું નામ	વિદ્યાશાખા	વિષય
૧.	શ્રીમતી જાની વંદના મહેન્દ્રભાઈ	વિજ્ઞાન	વનસ્પતિવિજ્ઞાન
૨.	શ્રી. ત્રિવેદી પ્રમોદચંદ્ર અંબાલાલ	વિનયન	એજ્યુકેશન
૩.	શ્રી. ઓઝા રોહિત મહેન્દ્રરાય	વિજ્ઞાન	વનસ્પતિવિજ્ઞાન

આથી ઠરાવવામાં આવે છે કે કુલપતિશ્રીના સદરહુ કાર્યની નોંધ લેવી.

૧૦૧. વર્ષ ૧૯૭૨--૭૩ દરમ્યાન એમ.એસસી. પાર્ટ ૨ માં ભૌતિકવિજ્ઞાન વિષય સાથે અભ્યાસ કરતાં વિદ્યાર્થિની શ્રીમતી મહેતા જયશ્રી અજિતભાઈની પ્રસૂતિના કારણે ખૂટતી હાજરી માફ કરવા અંગે યોગ્ય વિચારણા કરવા બાબત.

[રાખેલી હાજરી નીચે મુજબ છે :

સત્ર	સત્ર દરમિયાન અપાયેલ વ્યાખ્યાનોની સંખ્યા	સત્રની હાજરી માટે જરૂરી વ્યાખ્યાનો	સત્રમાં ભરેલી હાજરી	કેટલી હાજરી ખૂટે ?
પ્રથમ	૮૦	૫૩	૨૬	૨૭]

આથી ઠરાવવામાં આવે છે કે એમ.એસસી. પાર્ટ ૨ માં ભૌતિકવિજ્ઞાનના વિષય સાથે અભ્યાસ કરતાં વિદ્યાર્થિની શ્રીમતી મહેતા જયશ્રી અજિતભાઈ પ્રસૂતિને કારણે પૂરતી હાજરી ભરી શકયાં નથી પણ એમ.એસસી. પાર્ટ ૧ની પરીક્ષામાં સમગ્ર કલાસમાં એ પહેલે નંબરે આવ્યાં હોઈ અને નૈસર્ગિક બંધનને લક્ષમાં લઈ અસાધારણ કેસ તરીકે એમની ખૂટતી હાજરી માફ કરવી.

૧૦૨. ગ્રંથાલય સમિતિની તા. ૨૭--૧૧--૧૯૭૨ની સભાના નીચેના ઠરાવની નોંધ લેવા બાબત:

"યુનિવર્સિટીની જરૂરિયાતો ધ્યાનમાં લઈને ૧૯૭૨--૭૩ના વર્ષ દરમિયાન નીચે જણાવેલ પુસ્તક-વિક્રેતાઓ પાસેથી તેમણે આપેલી તેમ જ માન્ય રાખેલી શરતોએ, અમેરિકન પ્રકાશનોમાં એક ડૉલરના રૂ. ૭--૨૦ સુધીના દરે, બ્રિટિશ પબ્લિકેશનમાં એક શિલિંગના રૂ. ૦--૯૦ પૈસા સુધીના દરે તથા ભારતીય અંગ્રેજી પ્રકાશનોમાં ૧૦ % કે તેથી વધુ વળતર આપનાર પાસેથી,

હિન્દી	,,	૧૫ %	કે	,,	,,	,,
ઉર્દૂ	,,	૧૨½%	કે	,,	,,	,,
પર્શિયન	,,	૬ %	કે	,,	,,	,,
સંસ્કૃત	,,	૧૦%	કે	,,	,,	,,
મરાઠી	,,	૧૦%	કે	,,	,,	,,
ગુજરાતી	,,	૧૦%	કે	,,	,,	,,

ખરીદવાનું ઠરાવવામાં આવે છે. S. D. Book માટે વધુમાં વધુ ૧૦% સુધીના "હેન્ડલિંગ ચાર્જીસ" સ્વીકારવા જે વિક્રેતાઓ તૈયાર હોય તેમના ભાવ સ્વીકારવાનું તથા અમેરિકન અને બ્રિટિશ પ્રકાશનો સિવાયના અન્ય વિદેશી પ્રકાશનો માટેની જે તે વિક્રેતાઓની શરતો મંજૂર રાખવાનું ઠરાવવામાં આવે છે:

૧. મે. એકેડેમિક બુક સેન્ટર, અમદાવાદ
૨. મે. આત્મારામ એન્ડ સન્સ, દિલ્હી
૩. મે. બાલગોવિંદ બુકસેલર્સ, અમદાવાદ
૪. મે. બુક સેન્ટર પ્રાઈવેટ લિ., મુંબઈ
૫. મે. કરન્ટર ટેકનિકલ લિટરેચર કંપની પ્રા. લિ, મુંબઈ
૬. મે. ગુજરાત યુનિવર્સિટી કન્ઝ્યુમર્સ કો-ઑ. સ્ટોર્સ, અમદાવાદ
૭. મે. એચ. ઈશ્વર, મુંબઈ
૮. મે. હિમાંશુ બુક કંપની, અમદાવાદ
૯. મે. ઇન્ટરનેશનલ બુક હાઉસ, મુંબઈ
૧૦. મે. કોઠારી બુક ડિપો, અમદાવાદ (મેડિકલ પુસ્તકો માટે)
૧૧. મે. ન્યૂ ગુજરાત લૉ હાઉસ, અમદાવાદ (કાયદાનાં પુસ્તકો માટે)
૧૨. મે. ન્યૂ ઑર્ડર બુક કંપની, અમદાવાદ
૧૩. મે. પાર્શ્વનાથ બુક સેલિંગ એજન્સી, અમદાવાદ
૧૪. મે. પોપ્યુલર બુક ડિપો, અમદાવાદ
૧૫. મે. સસ્તું કિતાબ ઘર, અમદાવાદ
૧૬. મે. ટૂ-ડે એન્ડ ટૂ-મોરોઝ બુક એજન્સી, ન્યૂ દિલ્હી
૧૭. મે. વેસ્ટર્ન ઇન્ડિયા બુક કૉર્પોરેશન, અમદાવાદ
૧૮. મે. અખિલ હિન્દ પ્રકાશન, અમદાવાદ (ગુજરાતી પુસ્તકો માટે)

૧૯. મે. અલવી બુક ડિપો, મુંબઈ (ઉર્દૂ પુસ્તકો માટે)
૨૦. મે. બાફના પ્રકાશન, જયપુર (તેમનાં પોતાનાં હિન્દી પ્રકાશનો માટે)
૨૧. મે. દારૂલ નિશાત, દિલ્લી (ઉર્દૂ, હિન્દી અને પર્શિયન પુસ્તકો માટે)
૨૨. મે. ચૌખંબા સંસ્કૃત સિરીઝ, વારાણસી (સંસ્કૃત પુસ્તકો માટે)
૨૩. મે. ગૂર્જર ગ્રંથરત્ન કાર્યાલય, અમદાવાદ (ગુજરાતી પુસ્તકો માટે)
૨૪. મે. રાજકમલ પ્રકાશન પ્રાઈવેટ લિ., દિલ્લી (હિન્દી પુસ્તકો માટે)
૨૫. મે. સરસ્વતી પુસ્તક ભંડાર, અમદાવાદ (સંસ્કૃત, હિન્દી તથા ગુજરાતી પુસ્તકો માટે)
૨૬. મે. આર. આર. શેઠની કું., અમદાવાદ (ગુજરાતી, મરાઠી પુસ્તકો માટે)
૨૭. મે. કાદરી બુક એજન્સી, અમદાવાદ (ઉર્દૂ, પર્શિયન પુસ્તકો માટે)
૨૮. મે. મકતબા જામિયા, મુંબઈ (ઉર્દૂ, પર્શિયન પુસ્તકો માટે)
૨૯. મે. ઓરિયેન્ટલ બુક સેન્ટર, અમદાવાદ (સંસ્કૃત પુસ્તકો માટે)
૩૦. મે. બી. એસ. શાહ, અમદાવાદ (ગુજરાતી પુસ્તકો માટે)
૩૧. મે. બાલગોવિંદ કુબેરદાસની કંપની, અમદાવાદ (હિન્દી તથા ગુજરાતી પુસ્તકો માટે).

આપણે આપેલા ઑર્ડરનાં પુસ્તકો ઉપરના કોઈ વિક્રેતા મુદત દરમિયાન પૂરાં ન પાડે અને તે બીજા કોઈ ગ્રંથ વિક્રેતા પાસે હાજર સ્ટૉકમાં હોય તો તેમની પાસેથી, ઉપરની શરતોએ ખરીદી લેવાં.

આ ઉપરાંત જે પુસ્તકો બીજા કોઈ વિક્રેતા પાસેથી હાજર સ્ટૉકમાં હોય અને તે લેવા માટે જે તે વિદ્યાશાખાના ડીન અથવા ભવનના અધ્યક્ષની ભલામણ આવે તો તે વિક્રેતા પાસેથી ઉપરના ભાવે ખરીદવાનું રાખવું.

અમદાવાદના પ્રકાશકોનાં પ્રકાશનો, જો પ્રકાશકોની પોતાની પાસેથી ખરીદવાથી ઉપરના કરતાં સસ્તાં પડે તો તે પુસ્તકો, તેના પ્રકાશકો પાસેથી ખરીદવાં."

આથી ઠરાવવામાં આવે છે કે ગ્રંથાલય સમિતિનો તા. ૨૭—૧૧—૧૯૭૨ની સભાનો ઉપર જણાવેલો ઠરાવ મંજૂર કરવો.

૧૦૩. હિન્દીની અભ્યાસસમિતિની તા. ૧૫--૯--૧૯૭૨ની સભાની નીચેની ભલામણ પર વિચારણા કરવા બાબત:

"ઍકેડેમિક કાઉન્સિલની તેની તા. ૨૭/૨૮--૬--૧૯૭૨ની પરીક્ષા સુધારણા સમિતિની ભલામણ નં. ૬ને અનુલક્ષીને અભ્યાસક્રમ અંગેનો ઢાંચો તૈયાર કરવા તથા શિક્ષણ સહિતની વિનયન વિદ્યાશાખાની તા. ૪--૯--૧૯૭૨ની સભાની પરીક્ષા સુધારણા અંગે આંતરિક વિકલ્પોની બાબતમાં નમૂનાનાં પ્રશ્નપત્રો તૈયાર કરવા અંગે ચર્ચાવિચારણા કરી ઠરાવવામાં આવ્યું કે સદરહુ ડી.ઓ. પત્રમાં જે વિગતો માંગેલ છે એ તથા નમૂનાનાં પ્રશ્નપત્રો તૈયાર કરવા એ ઘણી વિસ્તૃત ચર્ચાવિચારણા માંગી લે છે. આ અંગેની પૂરી સ્પષ્ટતા કરવા માટે જે કૉલેજોમાં હિન્દી મુખ્ય વિષય તરીકે શીખવવામાં આવતો હોય તે કૉલેજોના હિન્દી વિભાગના અધ્યક્ષ તથા હિન્દી બોર્ડના સભ્યો મળે અને મુક્ત ચર્ચા કરે એ હિતાવહ છે. આ કારણે ઉપર જણાવેલ વ્યક્તિઓની એક બેઠક શીઘ્ર બોલાવવા આ અભ્યાસસમિતિ ભારપૂર્વક ભલામણ કરે છે."

હિન્દીની અભ્યાસસમિતિની તા. ૧૫–૯–૧૯૭૨ની સભાએ અભ્યાસક્રમના ઢાંચા અંગે જે ભલામણ કરી છે તેનો વિચાર કરી ઠરાવવામાં આવ્યું કે બોર્ડ પોતે આ મેળે આ પ્રશ્નનો વિચાર કરી અભ્યાસક્રમની પુનરચના સૂચવે.

૧૦૪. ચંદીગઢ મુકામે યોજાનાર ઈન્ડિયન સાયન્સ કોંગ્રેસના આગામી અધિવેશનમાં પોતાને પ્રતિનિધિ તરીકે મોકલવા અંગેની ડૉ. જે. જે. ત્રિવેદીની વિનંતી પર વિચારણા કરવા બાબત.

[**નોંધ.**—આ અગાઉ સિન્ડિકેટે તેની તા. ૫/૬–૮–૧૯૭૨ની સભામાં નીચેના પ્રતિનિધિઓને નીમેલા છે :

૧. પ્રો. વી. સી. શાહ અથવા શ્રી. એમ. એસ. દુબળે

૨. પ્રો. સી. જી. ખત્રી અથવા ડૉ. એમ. સી. જયસ્વાલ

૩. ડૉ. એન. એમ. પંડયા અથવા ડૉ. વી. બી. ગોહેલ

૪. ડૉ. એ. એમ. વૈદ્ય

૫. ડૉ. એમ. એન. દેસાઈ અથવા ડૉ. આર. કે. શાહ

૬. ડૉ. સી. કે. શાહ]

આથી ઠરાવવામાં આવે છે કે ચંદીગઢ મુકામે યોજાનાર ઈન્ડિયન સાયન્સ કોંગ્રેસના આગામી અધિવેશનમાં પોતાને મોકલવા અંગેની આચાર્ય ડૉ. જે. જે. ત્રિવેદીની વિનંતી માન્ય કરવી.

૧૦૫. તા. ૯/૧૦–૧૦–૧૯૭૨ના રોજ મળેલ સેનેટની ખાસ સભામાં પસાર થયેલા નીચેના ઠરાવ પરત્વે આગળ ઘટતાં પગલાં લેવા અંગે વિચારણા કરવા બાબત (સેનેટ બાબત ક્રમાંક ૨૯) :

"અધિકારી હોય કે પટાવાળા હોય, કારકુન હોય કે કામદાર હોય, ધાર્મિક અને રાષ્ટ્રીય પર્વોનું મૂલ્ય પ્રત્યેકને માટે સરખું હોય છે. ગુજરાત યુનિવર્સિટીમાં તેના કાર્યાલય, તેનાં તમામ ભવનો, તેનું ગ્રંથાલય વગેરે વિવિધ વિભાગો કે એકમોમાં સેંકડોની સંખ્યા ધરાવતા શૈક્ષણિક અને બિનશૈક્ષણિક તમામ કર્મચારીઓને એકસમાન ધોરણે તહેવારોની રજાઓ આપવામાં આવે છે, જ્યારે યુનિવર્સિટીના એક અવિભાજ્ય અંગ સમાન એવા એકમાત્ર યુનિવર્સિટી પ્રેસના, પ્રમાણમાં તદ્દન અલ્પ સંખ્યાના કર્મચારીઓને તહેવારોની ગણીગાંઠી રજાઓ આપવામાં આવે છે; તો—

ગુજરાત રાજ્ય સરકાર પણ તેના પ્રેસના કર્મચારીઓને ધાર્મિક–રાષ્ટ્રીય તહેવારોની રજાઓ આપવા બાબતમાં કોઈ ભેદ રાખતી નથી તે હકીકતની નોંધ લઈને, તેમ જ માનવમાત્રમાં પ્રવર્તતા ધર્મ–અનુરાગ અને રાષ્ટ્રભાવનાની સાહજિકતા લક્ષમાં લઈને, યુનિવર્સિટી પ્રેસના તદ્દન અલ્પ સંખ્યાના કર્મચારીઓને ધાર્મિક–રાષ્ટ્રીય પર્વોની રજાઓ યુનિવર્સિટીના અન્ય કર્મચારીઓને અપાય છે તે ધોરણે આપી ધાર્મિક–રાષ્ટ્રીય પર્વોની રજાઓ આપવા બાબતમાં, ગુજરાત યુનિવર્સિટી જેવી ગુજરાતની પ્રમુખ ઉચ્ચ શૈક્ષણિક સંસ્થામાં પ્રવર્તતાં બેવડાં ધોરણો નાબૂદ કરવા સેનેટની આ સભા સિન્ડિકેટને વિનંતી અને અનુરોધ કરે છે."

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બાબતની વિચારણા મોકૂફ રાખવી.

૧૦૬. નીચે જણાવેલ કૉલેજો તરફથી તેની સામે જણાવેલ પરીક્ષાઓ માટે વધારાનાં કેન્દ્રો આપવા અંગે આવેલ અરજીઓ પર વિચારણા કરવા બાબત :

કેન્દ્રનું નામ	સંખ્યા		માગણી કરેલ પરીક્ષાઓનાં નામ
૧. બોડેલી	૫૯		ફર્સ્ટ બી.એ.
૨. બાલાસિનોર	૬૭		સેકન્ડ બી.એ., સેકન્ડ બી.કૉમ.
૩. મિયાગામ—કરજણ	૨૨	૬૪	,, ,,
	૨૬	૪૭	થર્ડ બી.એ., થર્ડ બી.કૉમ.
૪. સાબરમતી	૧૨૫		ફર્સ્ટ બી.એ. ફર્સ્ટ બી.કૉમ.
૫. પાટણ	૨૨		થર્ડ બી.કૉમ. થર્ડ બી.એ., બી.એસસી. છે.
૬. ગોધરા	૧૭		,, ,,
૭. ભૂજ	૯		,, ,,
૮. હિમતનગર	૧૩૦		થર્ડ બી.એ., થર્ડ બી.કૉમ.
૯. દેવગઢબારિયા	૧૧૦		સેકન્ડ બી.એ., સેકન્ડ બી.કૉમ.
	૧૦૫		થર્ડ બી.એ., થર્ડ બી.કૉમ.
૧૦. પાલનપુર	૧૦૨		થર્ડ બી.એ., થર્ડ બી.એસસી.

આથી ઠરાવવામાં આવે છે કે ઉપરની કૉલેજોમાં એફ.વાય. અને એસ.વાય.નાં જે ચાલુ કેન્દ્રો છે અને બીજા અને ત્રીજા વર્ષમાં એમાં બેસનાર વિદ્યાર્થીઓની સંખ્યા ૧૦૦ ઉપરાંતની છે તેમ જ ગ્રામવિસ્તારના ઊંડાણના ભાગમાં આવેલી હોવાથી તેમનાં નામ સામે જણાવેલ પરીક્ષાઓ માટેનાં કેન્દ્ર રાખવાં.

૧૦૭. માર્ચ—એપ્રિલ ૧૯૭૩થી લેવાનાર નીચે દર્શાવેલ પરીક્ષાઓની ફી નિયત કરવા અને ઑર્ડિ. ૧૨૯માં જરૂરી સુધારો કરવા અંગે વિચારણા કરવા બાબત :

	Name of the Exam.	*How many times held in a year*	*Date of commencement*	*Last date for application*	*Exam. Fees. Rs.*
1.	Diploma in Psychiatric Social Work (D.P.S.W.)	Twice	1st Monday in March & 1st Monday in October	10th Dec. 10th July	100/—
2.	Diploma in Psychiatric Occupational Therapy (D.P.O.T.)	Twice	—do—	—do—	100/—
3.	(*a*) First Year Diploma in Linguistics	—	2nd Monday in April	30th January	25/—
	(*b*) Second Year Diploma in Linguistics	—	—do—	—do—	25/—

4. Diploma in Mathematical Economics & Econometrics, Analysis & Policy.	One	—do—	—do—	25/—

આથી ઠરાવવામાં આવે છે કે માર્ચ--એપ્રિલ ૧૯૭૩માં લેવાનાર ઉપર દર્શવિલ પરીક્ષાઓની ફી નિયત કરવા માટે ઑર્ડિ. ૧૨૯માં જરૂરી સુધારો કરવાનું મંજૂર કરવું, અને તે મુજબ સુધારેલા ઑર્ડિ. ૧૨૯ને તાત્કાલિક અમલમાં મૂકવો.

૧૦૮. રાષ્ટ્રીય સેવા યોજનાની મ્યુનિસિપલ આર્ટ્સ એન્ડ કૉમર્સ કૉલેજના અધ્યાપક-ઈન-ચાર્જ તરીકે કામ કરતા શ્રી. એન. એચ. શાહ કૉલેજ છોડી જતા હોવાથી તેમની જગ્યાએ શ્રી. પી. આઈ. પટેલની એન.એસ.એસ.ના અધ્યાપક-ઈન-ચાર્જ તરીકેની ચાલુ શૈક્ષણિક વર્ષથી નિમણૂક કરવા અંગેની વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે રાષ્ટ્રીય સેવા યોજનાની મ્યુનિસિપલ આર્ટ્સ એન્ડ કૉમર્સ કૉલેજના અધ્યાપક-ઈન-ચાર્જ શ્રી. એન. એસ. શાહ છૂટા થયા હોવાથી તેમની જગ્યાએ શ્રી. પી. આઈ. પટેલની ચાલુ શૈક્ષણિક વર્ષથી નિમણૂક કરવી.

તે પછી પ્રમુખશ્રીની પરવાનગીથી નીચેની બાબતો સભાગૃહ સમક્ષ રજૂ કરવામાં આવી :

૧૦૯. સને ૧૯૭૩ના વર્ષ દરમ્યાન યુનિવર્સિટી કાર્યાલયમાં પાળવાની રજાઓ નિયત કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સને ૧૯૭૩ના વર્ષ દરમ્યાન યુનિવર્સિટી કાર્યાલયમાં પાળવાની રજાઓની યાદી મંજૂર કરવી તથા વર્ષ દરમ્યાન વધુ બે રજાઓ મંજર કરવા માટે કુલપતિશ્રીને સત્તા આપવી.

(મંજૂર કરવામાં આવેલ રજાઓની યાદી **પરિશિષ્ટ " ઝ "** તરીકે સામેલ છે.)

૧૧૦. મગધ યુનિવર્સિટીના ઉપક્રમે ઈન્ડિયન ઈકોનોમિક એસોસિયેશનનું ૫૫મું વાર્ષિક અધિવેશન ગયા (બિહાર) મુકામે તા. ૨૭થી ૨૯ ડિસેંબર ૧૯૭૨ દરમ્યાન મળનાર હોઈ તેમાં યુનિવર્સિટીના પ્રતિનિધિ મોકલવા અંગે માનદ મંત્રીશ્રીના તા. ૧૫--૧૧--૧૯૭૨ના આવેલ પત્ર પર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે ઈન્ડિયન ઈકોનોમિક એસોસિયેશનના આગામી વાર્ષિક અધિવેશનમાં આ યુનિવર્સિટીના પ્રતિનિધિ તરીકે પ્રો. મહેશભાઈ ભટ્ટને મોકલવા.

૧૧૧. ચાલુ વર્ષે નવા શરૂ કરાયેલા ડિપ્લોમા-ઈન-ઈકોનોમેટ્રિકસના વિદ્યાર્થીઓની ટયૂશન ફી અંગે પુનર્વિચારણા કરવા બાબત.

(**નોંધ**.—આ અભ્યાસક્રમમાં જોડાયેલા વિદ્યાર્થીઓ પૈકી મોટા ભાગના વિદ્યાર્થીઓ સંલગ્ન કૉલેજોમાં કામ કરતા અધ્યાપકો છે.)

આથી ઠરાવવામાં આવે છે કે ઈકોનોમિક્સના વર્ગોનો લાભ યુનિવર્સિટીના શિક્ષકો લેતા હોય તો તે નવા વિષયની શિક્ષણની દૃષ્ટિએ આવકાર્ય બાબત છે એટલે (યુનિવર્સિટીને સંલગ્ન કૉલેજોના શિક્ષકો પૂરતી) તે માટે વાર્ષિક ફી રૂ. ૧૫૦ (સત્ર દીઠ રૂ. ૭૫/-- લેખે) લેવાનું રાખવું.

(જે શિક્ષકોએ પ્રથમ સત્રમાં રૂ. ૧૨૫ આપ્યા છે તેમણે હવે બીજા રૂ. ૨૫ આપવાના રહેશે.)

૧૧૨. કૉલેજ ફાઇનાન્સ સમિતિ(ન્યાયમૂર્તિ શેલત સમિતિ)ની ભલામણોને અનુલક્ષીને સંલગ્ન કૉલેજોને આર્થિક સહાય આપવાની બાબતમાં રાજ્ય સરકારે તેના તા. ૨૩—૬—૧૯૭૨ ના જી.આર. એન. જી. સી. ૧૩૭૨(ખ)થી જે નીતિનિયમો ઘડેલા છે તે બાબતના સંદર્ભમાં કૉલેજોને માટે વધુ આર્થિક સહાય મેળવી આપવાની જરૂર જણાતી હોઈ તે અંગે વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બાબત અંગે સિન્ડિકેટે તેની તા. ૨૩--૧૦--૧૯૭૨ની સભામાં નીમેલી સમિતિનાં સલાહસૂચનો લક્ષમાં લઈને તે અંગે ઘટતી રજૂઆત કરવા કુલપતિશ્રીને વિનંતી કરવી.

૧૧૩. પ્રી-મેડિકલની પરીક્ષામાં અંગ્રેજીના વિષયમાં ઉત્તીર્ણતા માટેનું ૫૦ ટકા ગુણના ધોરણનો નિયમ કર્યો છે તે અંગે પુનર્વિચારણા કરવા માટે પ્રી-મેડિકલના વિદ્યાર્થીઓ તરફથી આવેલ પત્ર પર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે પ્રી-મેડિકલના વિદ્યાર્થીઓએ અંગ્રેજીના વિષયમાં પાસ થવા માટે ૫૦ ટકાનું ધોરણ છે તે વડોદરા યુનિવર્સિટીના પ્રી-મેડિકલના ૪૦ ટકાના ધોરણે સમકક્ષ રાખવાની જે વિનંતી મોકલી છે તે એકેડેમિક કાઉન્સિલની વિચારણા માટે મોકલી આપવી.

વધુમાં ઠરાવવામાં આવે છે કે પ્રી-મેડિકલના અંગ્રેજી વિષયના અભ્યાસક્રમની પુનર્વિચારણા કરવા માટે પણ એકેડેમિક કાઉન્સિલને જણાવવું.

૧૧૪. ગુજરાત યુનિવર્સિટી પ્રેસના કર્મચારીઓનાં પગારધોરણો અંગે સિન્ડિકેટે તેની તા. ૧૧/૧૨-૧૧-૧૯૭૨ની સભામાં કરેલા ઠરાવના સંદર્ભમાં બાકી રહેતા કર્મચારીઓનાં પગારધોરણોની સુધારણા અંગે વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે યુનિવર્સિટી પ્રેસના કર્મચારીઓનાં પગારધોરણો અંગે (સિન્ડિકેટની સભામાં સ્વીકારાયેલ ભલામણ અંગે) કેટલીક સ્પષ્ટતાઓ આવશ્યક છે એટલે એ બધી ભલામણોમાં વીગતવાર ઊતરી એ ભલામણો વિશે તથા બાબત નં. ૧૦૫ માં આવતા પ્રેસના કર્મચારીઓના બીજા પ્રશ્નો અંગે વિગતવાર ભલામણ કરવા માટે સદરહુ પ્રેસ સમિતિને જણાવવું.

૧૧૫. આચાર્ય વિનોબા ભાવેને ડી.લિટ.ની માનાર્હ પદવી આપવાનું ઠરાવેલું છે તેના સંદર્ભમાં તેઓશ્રીને પ્રમાણપત્ર આપવા માટે કુલાધિપતિશ્રીની સાથે આ યુનિવર્સિટી તરફથી સિન્ડિકેટની તા. ૧૧/૧૨–૧૧–૧૯૭૨નીં સભાના ઠરાવ અન્વયે જે પ્રતિનિધિમંડળ મોકલવાનું ઠરાવવામાં આવ્યું છે તેમાં વિનયન વિદ્યાશાખાના ડીન અને તે પદવીના અર્પણવિધિ વખતના કાર્યકારી કુલપતિશ્રી આચાર્ય વી. જે. ત્રિવેદીનું નામ ઉમેરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે પૂ. વિનોબાજીને ડિગ્રી એનાયત કરવા માટે સિન્ડિકેટે જે પ્રતિનિધિમંડળ મોકલવાનું ઠરાવેલું છે તેમાં, એ ડિગ્રી એનાયત કરવા માટે સેનેટે ઠરાવ કર્યો ત્યારના કાર્યકારી કુલપતિશ્રી આચાર્ય વી. જે. ત્રિવેદી (વિનયન વિદ્યાશાખાના અધ્યક્ષ)નો પણ સમાવેશ કરવો.

તે પછી સભાનું કામકાજ પૂરું થયું હતું.

નં. સિન્ડિ./૩૪૮૪૫/૧૯૭૩

ગુજરાત યુનિવર્સિટી કાર્યાલય,

નવરંગપુરા, અમદાવાદ–૯

તા. ૯–૧–૧૯૭૩

કં. ગં. પરીખ

કુલસચિવ.

પરિશિષ્ટ "ક"

કામકાજ ક્રમાંક ૨૭

ફાઇનાન્સ સમિતિની તા. ૨૯—૧૧—૧૯૭૨ની સભાની સિન્ડિકેટને ભલામણો

૧. આથી સિન્ડિકેટને ભલામણ કરવામાં આવે છે કે આ સાથેના **પરિશિષ્ટ "અ"***માં બતાવ્યા પ્રમાણેનાં વૈજ્ઞાનિક સાધનો વિજ્ઞાન વિદ્યાભવનના ભૌતિકશાસ્ત્ર વિભાગ માટે ટેન્ડરમાં જણાવેલ શરતોએ ખરીદવાં.

૨. આથી સિન્ડિકેટને ભલામણ કરવામાં આવે છે કે આ સાથેના **પરિશિષ્ટ "ક"***માં બતાવ્યા પ્રમાણેનાં વૈજ્ઞાનિક સાધનો વિજ્ઞાન વિદ્યાભવનના પ્રાણીશાસ્ત્ર વિભાગ માટે ટેન્ડરમાં જણાવેલ શરતોએ ખરીદવાં.

૩. આથી સિન્ડિકેટને ભલામણ કરવામાં આવે છે કે ટાટા પ્રેસ લિ., મુંબઈએ આ યુનિવર્સિટીનું ગયા વર્ષનું કામ સંતોષકારક કર્યું હોવાથી તેમની પાસેથી માર્ક્સ સ્ટેટમેન્ટ અને પી. પી. સી. ગયા વર્ષના ભાવે એટલે કે રૂ. ૧૧૦–૦૦ (૧,૦૦૦ શીટ)ના ભાવે ટેન્ડરની શરત મુજબ ૧,૦૫,૦૦૦ શીટ્સ ખરીદવાં. વધુમાં, ઑફિસ રજિસ્ટર પણ તેમની પાસેથી તેઓના ભાવ સૌથી ઓછા હોવાથી ૧૭૧૦૦ શીટ્સ રૂ. ૭,૭૧૦ની કિંમતે અને ટેન્ડરની શરત મુજબ ખરીદવાં.

૪. આથી સિન્ડિકેટને ભલામણ કરવામાં આવે છે કે મે. પ્રિન્ટર્સ એમ્પોરિયમને ૧૫૦૦ રીમ કાગળનો ઑર્ડર જે રૂ. ૨૬--૦૦ રીમના ભાવથી આપેલ છે તે ટેન્ડરમાં તેઓનો ભાવ રૂ. ૨૬—૮૦ હોવાથી રૂ. ૨૬--૮૦ પૈસાના ભાવથી ગણવો.

૫. આથી સિન્ડિકેટને ભલામણ કરવામાં આવે છે કે યુનિવર્સિટી કૅમ્પસમાં ઇન્ટર્નલ ટેલિફોન સિસ્ટમ ઊભી કરવા માટે ઇન્ડિયન ટેલિફોન ઇન્ડસ્ટ્રીઝ લિ., મુંબઈ--૧ના તા. ૨૬--૧૦--૧૯૭૨ અને તા. ૧--૧૧--૧૯૭૨માં જણાવેલ ભાવો અને શરતોએ નીચે મુજબ ખરીદવું :

વધુમાં ઠરાવવામાં આવે છે કે નીચે જણાવેલ જથ્થો અંદાજી છે જેમાં જરૂરિયાત મુજબ વધઘટ કરી શકાશે :

Item No.	*Description*	*Quantity*	*Rate* Rs. p.	*Unit*	*Value* Rs. p.
1.	50–7–A type small automatic Exchange equipped for 50 lines and 7–connecting links	One	17,240—00	each	17,240—00
2.	8 AMPS Battery Eliminator	One	2,050—00	each	2,050—00
3.	Auto-Desk Telephone	50	218—00	each	10,900—00
4.	Wiring with 20 pair P.V.C.	200 M	12—50	M	2,500—00

સિન્ડિકેટ (ડિસેંબર) : તા. ૮–૧૨–૧૯૭૨

Item No.	*Description*	*Quantity*	*Rate* Rs. P.	*Unit*	*Value* Rs. P.
5.	Wiring with 10 pair P.V.C.	500 M	9–00	M	4,500–00
6.	Wiring with 5 pair P.V.C.	300 M	7–00	M	2,100–00
7.	Wiring with P.V.C. Twin.	2,000 M	3–50	M	7,000–00
8.	Supplying and fixing of 2×20 Tag Block	15 Nos.	42–00	each	630–00
9.	Supplying and fixing of 4×20 Tag Block	3 Nos.	63–00	each	189–00
10.	Supplying and fixing of 4×25 Tag Blocks	2 Nos.	65–00	each	130–00
11.	Supply and fixing of Tag Blocks cover for the above	20 Nos.	17–00	each	340–00
12.	Supply and flxing of Mild Steel Casting	25 M	8–00	M	200–00
13.	Connection charges for the subscribers telephone	175 Nos.	13–00	each	975–00
14.	Installation testing and Commissioning of 50.7A SAX	1 No.	473–00	each	473–00
15.	Supply of 50.7A P.A.X. Stand	1 No.	130–00	each	130–00
16.	Transport and conveyance charge	(Actual will be billed)			
17.	Installation, testing & Commissioning of 25.4A Type P.A.X.	1 No.	368–00	each	368–00
18.	Providing of Tie Lines facilities of 25.4A type P.A.X.	2 Nos.	210–00	each	420–00
19.	Wiring with 50 pair armoured cable underground including cost of cable and labour charges but excluding excavation of trench	175 M	31–50	M	5,512–50
20.	Wiring with 50 pair PVC cable	10 M	38–50	M	385–00
21.	Supplying and fixing of joints for 50 pair armoured U/G cable.	2 Nos.	110–50	each	221–00

* પરિશિષ્ટો આ સાથે છાપેલ નથી.

પરિશિષ્ટ "૫"
કામકાજ ક્રમાંક ૨૮

A meeting of the Selection Committee for recommending names for appointment to the post of Reader in Physics in the University School of Sciences, Gujarat University, was held on Tuesday the 21st November, 1972 at 11-00 a.m. Shri P. D. Pathak, Professor of Physics, Gujarat University, presiding.

The following was the attendance of the members :

(1) Prof. P. D. Pathak	Present
(2) Dr. H. S. Hans	Absent
(3) Dr. A. N. Mitra	Present
(4) Dr. K. Venkateswarlu	Present
(5) Dr. A. S. Divatia	Present

The following candidates were called for interview :

(1) Dr. Raghunath Acharya	Absent
(2) Dr. B. S. Shah	Present
(3) Shri V. M. Trivedi	Present
(4) Shri N. M. Pandya	Present
(5) Dr. S. K. Desai	Absent
(6) Dr. B. G. Branmecha	Present
(7) Dr. B. I. Sheth	Absent
(8) Dr. C. M. Yagnik	Absent
(9) Dr. H. S. Shah	Present
(10) Dr. Om Prakash	Absent
(11) Dr. V. R. Dave	Absent
(12) Dr. P. S. Desai	Absent
(13) Dr. N. K. Sehgal	Absent
(14) Dr. G. A. Shah	Present

After interviewing the six candidates who remained present and after considering the applications of all the other candidates in absentia, the Committee resolved as follows :

'Resolved that the following candidates be recommended in order of priority for appointment to the post of a Reader in Physics in the University School of Sciences in the grade of Rs. 700–50–1250 :

Name	*On a starting basic salary of*
1. Shri Acharya Raghunath	Rs. 1150/–
2. Shri Shah Ghanshyam Ambalal	Rs. 850/–
3. Shri Trivedi Vinaykumar Mangubhai	According to normal course

Ahmedabad.
21st November, 1972

Prof. P. D. Pathak
Dr. A. N. Mitra
Dr. K. Venkateswarlu
Dr. A. S. Divatia

પરિશિષ્ટ "ગ"
કામકાજ ક્રમાંક ૩૧

સંલગ્ન કૉલેજોમાં થતી વિદ્યાર્થીમંડળની ચૂંટણી અંગે વિદ્યાર્થી સંસદની તા. ૨૬—૮—૧૯૭૨ની સભામાં કરેલ સૂચિત નિયમ નં. ૨, ૫ અને ૧૦

આથી ઠરાવવામાં આવે છે કે ચૂંટણીની રૂપરેખાનો નિયમ નં. ૨ નીચે પ્રમાણે વંચાય તે રીતે સુધારવો :

નિયમ નં. ૨ :

"(૧) જો કોઈ વિદ્યાર્થી અમુક શ્રેણીની પરીક્ષામાં નાપાસ થયો હોય તો તેને ફરીથી તે શ્રેણીમાં પ્રતિનિધિ તરીકે ચૂંટાવાનો અધિકાર રહેશે નહિ, પરંતુ કોઈ વિદ્યાર્થીને એ.ટી.કે.ટી. મળેલ હોય (ઉપલા વર્ગમાં સત્રો ભરવાની છૂટ આપવામાં આવી હોય), અને તેવો વિદ્યાર્થી સંબંધકર્તા ઉપલા વર્ગમાં દાખલ થાય તે વિદ્યાર્થી ઉપલા વર્ગમાં વર્ગપ્રતિનિધિ તરીકે ઉમેદવારી કરવા માટે પાત્ર ગણાશે.

(૨) જો કોઈ વિદ્યાર્થી એક જ શ્રેણીમાં પોતાના અભ્યાસની વિદ્યાશાખા બદલી બીજી શાખામાં પ્રવેશ મેળવે તો નવી વિદ્યાશાખાની તે જ શ્રેણીમાં વર્ગપ્રતિનિધિ તરીકે ઉમેદવારી કરવાનો અધિકાર રહેશે નહિ.

(૩) જો કોઈ વિદ્યાર્થીએ આ યુનિવર્સિટીમાં સત્રો ભર્યાં હોય પરંતુ પરીક્ષામાં ન બેઠો હોય અને બીજે વર્ષે તે જ શ્રેણીમાં તે ફરીથી દાખલ થાય અથવા વિદ્યાશાખા બદલે તોપણ તેને તે બીજે વર્ષે વર્ગપ્રતિનિધિ તરીકે ઉમેદવારી કરવાનો અધિકાર રહેશે નહિ."

આથી ઠરાવવામાં આવે છે કે ચૂંટણીપદ્ધતિની રૂપરેખાનો નિયમ નં. ૧ નીચે પ્રમાણે વંચાય તે રીતે સુધારવો :

નિયમ નં. ૫ :

"આ ઉપરાંત પ્રત્યેક શ્રેણી (ક્લાસ)માં જે વિદ્યાર્થીએ સૌથી વધુ ગુણ મેળવી પ્રવેશ મેળવ્યો હોય તેને વિદ્યાર્થી મંડળ પર હોદ્દાની રૂએ (ex-officio) સભ્ય તરીકે નિયુક્ત કરવા. આ પ્રમાણે નિયુક્ત થયેલ સભ્ય હોદ્દેદાર તરીકે ચૂંટણીમાં ઉમેદવારી કરવાને લાયક રહેશે.

(નોંધ.—સૌથી વધુ ગુણ ગણવા માટે યુનિવર્સિટીની જે તે પરીક્ષામાં ઇનામ કે એવોર્ડ વિજેતા માટે જે પદ્ધતિ પ્રમાણે ગુણની ગણતરી કરવામાં આવે તે જ પદ્ધતિ અહીં અખત્યાર કરવામાં આવે.)"

આથી ઠરાવવામાં આવે છે કે ચૂંટણીપદ્ધતિની રૂપરેખાના નિયમ નં. ૧૦ નીચે પ્રમાણે વંચાય તે રીતે સુધારવો :

નિયમ નં. ૧૦ :

"કાયદેસર રીતે ગુનેગાર થયેલ કોઈ વિદ્યાર્થી વિદ્યાર્થી-મંડળની ચૂંટણીમાં ઊભો રહી શકશે નહિ તથા યુનિવર્સિટીની પરીક્ષામાં કે આંતરિક મૂલ્યાંકન માટેની કૉલેજોની કસોટીમાં ગેરવાજબી ઈલાજો અજમાવ્યા બદલ ગુનેગાર ઠર્યો હોય તે વિદ્યાર્થી વર્ગપ્રતિનિધિ તરીકે ઉમેદવારી કરવા માટે પાત્ર ગણાશે નહિ."

પરિશિષ્ટ "ઘ"
કામકાજ ક્રમાંક ૬૪

"શ્રીમતી સુલોચના નરોત્તમ લાલભાઈ સુવર્ણચંદ્રક"
અને
"શ્રીમતી સુલોચના નરોત્તમ લાલભાઈ પારિતોષિક"

૧. દાતાનું નામ : ટ્રસ્ટીશ્રી, શ્રી. નરોત્તમ લાલભાઈ ટ્રસ્ટ, "શાલિમાર", શાહીબાગ, અમદાવાદ—૪

૨. પ્રદાનની રકમ : રૂ. ૧૦,૦૦૦--૦૦

૩. પ્રદાનનો પ્રકાર : પ્રતિવર્ષ આશરે રૂ. ૩૪૦--૦૦ની રકમનો એક સુવર્ણચંદ્રક તથા રૂ. ૧૬૦--૦૦ની રકમનું એક રોકડ પારિતોષિક.

૪. પ્રદાન સ્વીકારવાનું સિન્ડિકેટે તેની તા. ૨૩--૯--૧૯૭૨ની સભામાં મંજૂર કરેલ છે.

નિયમો

(૧) "શ્રીમતી સુલોચના નરોત્તમ લાલભાઈ સુવર્ણચંદ્રક"એ નામનો આશરે રૂ. ૩૪૦-૦૦ની કિમતનો એક સુવર્ણચંદ્રક દર વર્ષે આ યુનિવર્સિટીની માર્ચ–એપ્રિલની દંત વિદ્યાશાખાની સ્નાતક પદવી પરીક્ષામાં પ્રથમ પ્રયત્ને સૌથી વધુ ગુણાંક મેળવી ઉત્તીર્ણ થનાર વિદ્યાર્થીને આપવામાં આવશે.

જો પ્રથમ પ્રયત્ને સૌથી વધુ ગુણાંક મેળવનાર એક કરતાં વધુ વિદ્યાર્થીઓ હશે તો આવા કેસમાં ફર્સ્ટ, સેકન્ડ, થર્ડ અને ફોર્થ બી.ડી.એસ.ના મળીને ગુણાંક જે વિદ્યાર્થીના સૌથી વધારે હશે તેને સદરહુ સુવર્ણચંદ્રક એનાયત કરવામાં આવશે.

(૨) "શ્રીમતી સુલોચના નરોત્તમ લાલભાઈ પારિતોષિક" એ નામનું રૂ. ૧૬૦ની રકમનું એક પારિતોષિક દર વર્ષે આ યુનિવર્સિટીની માર્ચ–એપ્રિલની દંત વિદ્યાશાખાની સ્નાતક પદવી પરીક્ષામાં પ્રથમ પ્રયત્ને પરંતુ સૌથી વધુ ગુણાંકે આવનાર પરંતુ ઉપર નં. (૧)ના ચંદ્રક વિજેતા પછીનો ક્રમાંક મેળવનાર વિદ્યાર્થીને આપવામાં આવશે. આ પ્રમાણે ઉત્તીર્ણ થનાર એક કરતાં વધુ વિદ્યાર્થીઓ હશે તો પારિતોષિકની રકમ તેઓની વચ્ચે સરખા ભાગે વહેંચવામાં આવશે.

(૩) સદરહુ સુવર્ણચંદ્રક અને પારિતોષિક એનાયત કરવા અંગેની શરતોમાં ગુજરાત યુનિવર્સિટીની સિન્ડિકેટને વખતોવખત કોઈ શરત ઉમેરવાનું કે તેમાં ફેરફાર કરવાનું આવશ્યક જણાશે તો તેમ કરવાનો તેને અધિકાર રહેશે.

(૪) સુવર્ણચંદ્રક / પારિતોષિક આપવામાં વિજેતાની નાત, જાત કે વર્ગનો બાધ ગણવામાં આવશે નહિ.

(૫) સુવર્ણચંદ્રક / પારિતોષિક વિજેતાનું નામ શકય હશે તો જે તે પરીક્ષાના પરિણામ વખતે જાહેર કરવામાં આવશે.

(૬) આ પ્રદાનની વાર્ષિક આવકમાંથી પાંચ ટકા કપાત યુનિવર્સિટીના જનરલ ફંડમાં લઈ જવામાં આવશે.

પરિશિષ્ટ "ચ"

કામકાજ ક્રમાંક ૭૬

ક્રમાંક	પરીક્ષાનું નામ	ઑ. ૧૨૯ મુજબ આવતી પરીક્ષા શરૂ થવાની તારીખો	કાર્યાલયે સૂચવેલ પરીક્ષા શરૂ થવાની તારીખો
૧	૨	૩	૪
૧.	ડી.એડ., ભાગ ૧	૨૦–૩–૧૯૭૩	૧૬–૩–૧૯૭૩
૨.	ડી.એડ., ભાગ ૨	૫–૩–૧૯૭૩	૫–૩–૧૯૭૩
૩.	બી.એડ., ભાગ ૧	૨૦–૩–૧૯૭૩	૧૬–૩–૧૯૭૩
૪.	બી.એડ., ભાગ ૨	૫–૩–૧૯૭૩	૫–૩–૧૯૭૩
૫.	પ્રી-યુનિ. વિનયન	૧૨–૩–૧૯૭૩	૨૦–૩–૧૯૭૩
૬.	પ્રી-યુનિ. વિજ્ઞાન	,,	,,
૭.	પ્રી-યુનિ. વાણિજ્ય	,,	,,
૮.	ફર્સ્ટ બી.એ.	૨૬–૩–૧૯૭૩	૨૬–૩–૧૯૭૩
૯.	ફર્સ્ટ બી.એસસી.	,,	,,
૧૦.	ફર્સ્ટ બી.કૉમ. (ઑલ્ડ ઍન્ડ ન્યૂ)	,,	૨૭–૩–૧૯૭૩
૧૧.	સેકન્ડ બી.એ.	૧૨–૩–૧૯૭૩	૬–૪–૧૯૭૩
૧૨.	સેકન્ડ બી.એસસી.	,,	૨–૪–૧૯૭૩
૧૩.	સેકન્ડ બી.કૉમ.	,,	૪–૪–૧૯૭૩
૧૪.	થર્ડ બી.એ.	૨૬–૩–૧૯૭૩	૨૭–૩–૧૯૭૩
૧૫.	થર્ડ બી.એસસી. (સ્પે. ઍન્ડ જન.) (ઑલ્ડ ઍન્ડ ન્યૂ)	૨૬–૩–૧૯૭૩	૨૬–૩–૧૯૭૩
૧૬.	થર્ડ બી.કૉમ.	,,	૨૮–૩–૧૯૭૩

૧	૨	૩	૪
૧૭.	એફ.વાય. ડિપ્લોમા ફાર્મસી	૧૬–૪–૧૯૭૩	૨–૪–૧૯૭૩
૧૮.	ઈન્ટર ફાર્મસી (ડિપ્લોમા)	,,	,,
૧૯.	ફર્સ્ટ બી. ફાર્મ.	,,	,,
૨૦.	સેકન્ડ બી. ફાર્મ.	,,	,,
૨૧.	થર્ડ બી. ફાર્મ.	,,	,,
૨૨.	ફોર્થ બી. ફાર્મ. (ફાઇનલ બી. ફાર્મ. ન્યૂ)	,,	,,
૨૩.	બી. ફાર્મ. (ઑલ્ડ કોર્સ)	,,	,,
૨૪.	પહેલી એલએલ.બી. (મોન્સૂન સેમેસ્ટર)	૯–૪–૧૯૭૩	૯–૪–૧૯૭૩
૨૫.	પહેલી એલએલ.બી. (વિન્ટર સેમેસ્ટર)	,,	,,
૨૬.	પહેલી એલએલ.બી.	,,	,,
૨૭.	બીજી એલએલ.બી.	,,	,,
૨૮.	થર્ડ એલએલ.બી. (સ્પે.) (ફાઇનલ એલએલ.બી.) (ઑલ્ડ ઍન્ડ ન્યૂ)	,,	,,
૨૯.	પ્રી-મેડિકલ		૨૬–૩–૧૯૭૩
૩૦.	પહેલી એમ.બી.,બી.એસ.	૧૬–૪–૧૯૭૩	૬–૪–૧૯૭૩
૩૧.	બીજી એમ.બી.,બી.એસ.	,,	,,
૩૨.	ત્રીજી એમ.બી.,બી.એસ.	,,	,,
૩૩.	પહેલી બી.ડી.એસ.	,,	,,
૩૪.	બીજી બી.ડી.એસ.	,,	,,
૩૫.	ત્રીજી બી.ડી.એસ.	,,	,,
૩૬.	ફાઇનલ બી.ડી.એસ.	,,	,,
૩૭.	માસ્ટર ઑફ લેબર વેલ્ફેર	૧૬–૪–૧૯૭૩	૯–૪–૧૯૭૩
૩૮.	એમ.એસસી., ભાગ ૨ (અધર ધેન મેથ્સ.)	૧૨–૩–૧૯૭૩	૨૬–૩–૧૯૭૩
૩૯.	એમ.એસસી., ભાગ ૨ (મેથ્સ.)	,,	૨૦–૩–૧૯૭૩
૪૦.	એમ.એ, ભાગ ૨	,,	,,
૪૧.	એમ.કોમ., ભાગ ૨	,,	,,
૪૨.	એમ.એ., ભાગ ૧	,,	,,
૪૩.	એમ.એસસી., ભાગ ૧ (અધર ધેન મેથ્સ.)	,,	૨૯–૩–૧૯૭૩

૧	૨	૩	૪
૪૪.	એમ.એસસી., ભાગ ૧ (મેથ્સ.)	૧૨—૩—૧૯૭૩	૨૦—૩—૧૯૭૩
૪૫.	એમ.કૉમ., ભાગ ૧	૯—૪—૧૯૭૩	૨૦-૩—૧૯૭૩
૪૬.	પીએચ.ડી. ટ્રાન્સલેશન ટેસ્ટ	૧૬—૪—૧૯૭૩	૯—૪—૧૯૭૩
૪૭.	બી.એસસી. (મેડિકલ)	૫—૩—૧૯૭૩	૧૨—૩—૧૯૭૩
૪૮.	એમ.એસસી. (મેડિકલ)	,,	,,
૪૯.	એમ.ડી.એસ., ભાગ ૧	,,	,,
૫૦.	એમ.ડી.એસ., ભાગ ૨	,,	,,
૫૧.	એમ.ડી.	,,	,,
૫૨.	એમ.એસ.	,,	,,
૫૩.	ડિપ્લોમા ઇન એનેસ્થેસિયા	,,	,,
૫૪.	ડી.એમ.આર.ઈ., ભાગ ૧ અને ૨	,,	,,
૫૫.	ડી.જી.ઓ.	૫—૩—૧૯૭૩	૧૨—૩—૧૯૭૩
૫૬.	ડી.ઓ.	,,	,,
૫૭.	ડી.પેડ.	,,	,,
૫૮.	ડી. વી. ઍન્ડ ડી.	,,	,,
૫૯.	ટી.ડી.ડી.	,,	,,
૬૦.	ડી.પી.એમ., ભાગ ૧ અને ૨	,,	,,
૬૧.	ડી.એલ.ઓ.	,,	,,
૬૨.	સેમેસ્ટર—૧ : સિ., મિ., ઈ. અને કેમિ.	: બી.ઈ.—૧ ભા. ૧	૨—૪—૧૯૭૩	૩૧—૩—૧૯૭૩
૬૩.	સેમેસ્ટર—૨ : ,, ,, ,,	: બી.ઈ.—૧ ભા. ૨	,,	૯—૪—૧૯૭૩
૬૪.	સેમેસ્ટર—૩ : ,, ,, ,,	: બી.ઈ.—૨ ભા. ૧	,,	૩૧ - ૩—૧૯૭૩
૬૫.	સેમેસ્ટર—૪ : ,, ,, ,,	: બી.ઈ.—૨ ભા. ૨	,,	૯—૪—૧૯૭૩
૬૬.	સેમેસ્ટર—૫ : ,, ,, ,,	: બી.ઈ.—૩ ભા. ૧	,,	૨૦—૩—૧૯૭૩
૬૭.	સેમેસ્ટર—૬ : સિ., મિ., ઈ. કેમિ. અને	આઈ. સી. ઈ. સી. બી.ઈ.—૩ ભાગ ૨	,,	,,
૬૮.	સેમેસ્ટર—૭ : ,, ,, ,, ,,	,, ,, ,, ,, બી.ઈ.—૪ ભા. ૧	૧૬—૪—૧૯૭૩	૨૦—૩—૧૯૭૩
૬૯.	સેમેસ્ટર—૮ ,, ,, ,, ,,	,, ,, ,, ,, બી.ઈ.—૪ ભા. ૨	,,	૨૦—૩—૧૯૭૩

૧	૨	૩	૪
૭૦.	સેમેસ્ટર–૯ સિ., મિ., ઈ., કેમિ અને	બી.ઈ.–૫ ભા. ૧	૧૬–૪–૧૯૭૩	૩૧–૩–૧૯૭૩
૭૧.	સેમેસ્ટર–૧૦ ,, ,, ,, ,,	બી.ઈ.–૫ ભા. ૨	,,	૯–૪–૧૯૭૩
૭૨.	સેમેસ્ટર–૧ અને ૩ (સિ. અથવા મિ. ઈલે. પોસ્ટ-ડિપ્લોમા ડિગ્રી કોર્સ)		૨–૪–૧૯૭૩	૩૧–૩–૧૯૭૩
૭૩.	સેમેસ્ટર–૨ અને ૪ (સિ. અથવા મિ. અથવા ઈલે. પોસ્ટ-ડિપ્લોમા ડિગ્રી કોર્સ)		૨–૪–૧૯૭૩	૯–૪–૧૯૭૩
૭૪.	સેમેસ્ટર–૫ અને ૬ (સિ., મિ., ઈલે. પોસ્ટ-ડિપ્લોમા ડિગ્રી કોર્સ)		,,	૩૧–૩–૧૯૭૩
૭૫.	સેમેસ્ટર–૭ અને ૮ (સિ., મિ., ઈલે. પોસ્ટ-ડિપ્લોમા ડિગ્રી કોર્સ)		,,	૯–૪–૧૯૭૩
૭૬.	એમ. ફાર્મ.		૧૬–૪–૧૯૭૩	૨–૪–૧૯૭૩
૭૭.	એમ.ઈ. સેમેસ્ટર–૧		૭–૫–૧૯૭૩	૯–૪–૧૯૭૩
૭૮.	એમ.ઈ. સેમેસ્ટર–૨		,,	૧૮–૪–૧૯૭૩
૭૯.	એમ.ઈ. સેમેસ્ટર–૩ અને		,,	,,
૮૦.	એમ.ઈ. સેમેસ્ટર–૪			
૮૧.	એલએલ. એમ. જુનિયર		૪–૬–૧૯૭૩	૨૧–૫–૧૯૭૩
૮૨.	એલએલ. એમ. સીનિયર		,,	,,
૮૩.	એમ.એડ.		,,	,,
૮૪.	ડિપ્લોમા ઈન લેબર લૉઝ એન્ડ પ્રેક્ટિસ		૯–૪–૧૯૭૩	૯–૪–૧૯૭૩
૮૫.	ડિપ્લોમા ઈન ટેક્ષેશન લૉઝ એન્ડ પ્રેક્ટિસ		,,	,,
૮૬.	એફ્. વાય. ડિપ્લોમા ઈન ડ્રામા		૬–૩–૧૯૭૩	૯–૪–૧૯૭૩
૮૭.	એસ. વાય. ડિપ્લોમા ઈન ડ્રામા		,,	,,
૮૮.	બૅચેલર ઓફ્ લાઈબ્રેરી સાયન્સ		૧૬–૪–૧૯૭૭	,,
૮૯.	ફર્સ્ટ ઈયર બી.એસસી. (નર્સિંગ)		,,	૧–૩–૧૯૭૩
૯૦.	સેકન્ડ ઈયર બી.એસસી. (નર્સિંગ)		,,	,,
૯૧.	જુનિ. સર્ટિફિકેટ કોર્સ ઈન ઈંગ્લિશ		૧૬–૭–૧૯૭૩	૧૬–૭–૧૯૭૩
૯૨.	સીનિ. સર્ટિફિકેટ કોર્સ ઈન ઈંગ્લિશ		,,	,,
૯૩.	ડિપ્લોમા ઈન સાયકિયાટ્રિક ઓકયુપેશનલ થેરાપી		,,	૧૨–૩–૧૯૭૩
૯૪.	ડિપ્લોમા ઈન સાયકિયાટ્રિક સો.શિયલ વર્ક		,,	,,
૯૫.	ડિપ્લોમા ઈન લિંગ્વિસ્ટિકસ		,,	૨૦–૩–૧૯૭૩
૯૬.	ડિપ્લોમા ઈન મૅથેમેટિકલ ઈકોનોમિકસ એન્ડ ઈકોનોમેટ્રિકસ, ઈકોનોમિક એનાલિસિસ એન્ડ પોલિસી		,,	,,

પરિશિષ્ટ " છ "
કામકાજ ક્રમાંક ૮૫

" સ્વ. પ્રો. એ. એમ. ત્રિવેદી સ્મૃતિ સુવર્ણચંદ્રક "

૧. દાતાનું નામ : શ્રી. એમ. જે. પટ્ટણી,
ટ્રસ્ટી, સ્વ. પ્રો. એ. એમ. ત્રિવેદી મેમોરિયલ ફંડ,
દ્વારા : સી. યુ. શાહ સાયન્સ કૉલેજ, આશ્રમ રોડ, અમદાવાદ-૧૪

૨. પ્રદાનની રકમ : રૂ. ૭,૫૦૦ તથા માર્ચ—એપ્રિલ ૧૯૭૨ની પરીક્ષા માટે વધુ રૂ. ૨૫૦

૩. પ્રદાનનો પ્રકાર : એક સુવર્ણચંદ્રક

૪. પ્રદાનનો સ્વીકાર : સિન્ડિકેટે તેની તા. ૯-૯-૧૯૭૨ની સભામાં ક્રમાંક ૧૧૫થી પ્રદાનનો સ્વીકાર કર્યો છે.

નિયમો

૧. " સ્વ. પ્રો. એ. એમ. ત્રિવેદી સ્મૃતિ સુવર્ણચંદ્રક " નામનો આશરે રૂ. ૩૪૦ની કિંમતનો એક સુવર્ણચંદ્રક આ યુનિવર્સિટીની માર્ચ-એપ્રિલમાં લેવાતી પ્રી-યુનિ. વિજ્ઞાનની યુનિવર્સિટીની પરીક્ષામાં **પ્રથમ પ્રયત્ને પ્રથમ વર્ગમાં** સૌથી વધુ ગુણાંક મેળવી ઉત્તીર્ણ થનાર વિદ્યાર્થીને આપવામાં આવશે.

૨. સુવર્ણચંદ્રક વિજેતાનું નામ બને ત્યાં સુધી પરીક્ષાના પરિણામ સાથે જાહેર કરવામાં આવશે.

૩. સુવર્ણચંદ્રક શક્ય હશે ત્યાં સુધી યુનિવર્સિટીના વાર્ષિક પદવીદાન સમારંભમાં વિજેતાને અર્પણ કરવામાં આવશે.

૪. વિજેતાને સુવર્ણચંદ્રક આપવામાં તેની નાત, જાત કે વર્ગનો બાધ ગણવામાં આવશે નહિ.

૫. સદરહુ સુવર્ણચંદ્રક એનાયત કરવા અંગે યુનિવર્સિટીની સિન્ડિકેટને વખતોવખત જે શરતો ઉમેરવી આવશ્યક જણાશે તે ઉમેરવા માટે તેને અધિકાર રહેશે.

૬. આ સખાવતની વાર્ષિક આવકમાંથી પાંચ ટકા કપાત યુનિવર્સિટીના જનરલ ફંડમાં લઈ જવામાં આવશે.

૭. આ સખાવતની વાર્ષિક આવકની બચત મૂળ રકમમાં ઉમેરવામાં આવશે.

પરિશિષ્ટ "જ"

કામકાજ ક્રમાંક ૮૮

બાંધકામ સમિતિની એક સભા તા. ૪–૧૨--૧૯૭૨ ને સોમવારના રોજ બપોરના ૩--૦૦ વાગ્યે યુનિવર્સિટી કાર્યાલયમાં મળી હતી, જેમાં હાજરી નીચે મુજબ હતી :

૧. કુલપતિશ્રી	હાજર
૨. શ્રી. જી. એસ. દેસાઈ	ગેરહાજર
૩. શ્રી. એન. એસ. શોધન	હાજર
૪. શ્રી. કે. આર. ચંદ્રશેખરન	હાજર
૫. શ્રી. એમ. સી. શાહ	હાજર
૬. શ્રી. એલ. જે. ચૌહાણ	ગેરહાજર.

૧. બાંધકામ સમિતિની તા. ૨૫--૯--૧૯૭૨ની સભાની કાર્યવાહી મંજૂર કરવામાં આવી અને તે ઉપર કુલપતિશ્રીએ સહી કરી.

૨. યુનિવર્સિટી કેમ્પસમાં ટ્યૂબવેલ તૈયાર કરવાના કામ માટે આવેલાં ટેન્ડરો પરત્વે વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે યુનિવર્સિટી કેમ્પસમાં ટ્યૂબવેલ તૈયાર કરવા માટે એન. બી. ટ્યૂબવેલ્સ એન્ડ કું.ને કે જેઓએ યુનિવર્સિટીના બીજા બોર કરેલા છે અને તેઓનું કામ સંતોષકારક હતું તેથી આ સાથે સામેલ કરેલ **યાદી** "ક" પ્રમાણેના ભાવ મુજબ કામ આપવા સિન્ડિકેટને ભલામણ કરવી.

વધુમાં ઠરાવવામાં આવે છે કે બોર ૮"ની સાઈઝનો ૪૦૦ ફૂટ ઊંડો બોર કરવા તથા તે માટે કુલ રૂ. ૪૨,૦૦૦નું ખર્ચ તથા તે અંગેની બજેટ જોગવાઈ પ્રારંભિક તબક્કે કરવા સિન્ડિકેટને ભલામણ કરવી. કોઈ સંજોગોમાં મળેલી એટલી ઊંડાઈએ પાણી ન આવે તો એથી ઊંડા જવાની ગોઠવણ કરવી અને પ્રમાણસરનું વધારાનું ખર્ચ કરવું.

૩. વિદ્યાર્થિનીઓના છાત્રાલયના બાંધકામમાં જુદી જુદી આઈટેમના જથ્થામાં વધઘટ થાય છે, પરંતુ કુલ ખર્ચમાં વધારો થતો નથી. આથી આ બાંધકામની આઈટેમના જથ્થામાં વધઘટ અંગે નોંધ લેવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે વિદ્યાર્થિનીઓના છાત્રાલયના બાંધકામમાં જુદી જુદી આઈટમોના જથ્થામાં થયેલો વધારો મંજૂર કરવા સિન્ડિકેટને ભલામણ કરવી.

(વધારાની **યાદી** "ખ" આ સાથે સામેલ છે.)

૪. યુનિવર્સિટીના લેક્ચરર ક્વાર્ટર્સના બાંધકામમાં જુદી જુદી આઈટેમના જથ્થામાં વધઘટ થાય છે પરંતુ કુલ ખર્ચમાં વધારો થતો નથી. આથી આ બાંધકામની આઈટેમના જથ્થામાં વધઘટ અંગે નોંધ લેવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે લેક્ચરર ક્વાર્ટર્સના બાંધકામમાં જુદી જુદી આઈટમોના જથ્થામાં થયેલ વધારાને મંજૂર કરવા સિન્ડિકેટને ભલામણ કરવી.

(વધારાની યાદી પરિશિષ્ટ "ગ" તરીકે સામેલ છે.)

૫. મનોવિજ્ઞાન ભવનના બાંધકામમાં વધારાનાં કામકાજ અંગે વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે મનોવિજ્ઞાન ભવનના બાંધકામમાં વૉટર પ્રૂફિંગ સહિત થયેલાં વધારાનાં કામકાજને મંજૂર કરવા સિન્ડિકેટને ભલામણ કરવી.

(વધારાનાં કામકાજની યાદી **પરિશિષ્ટ** "ઘ" તરીકે સામેલ છે.)

૬. ભાષા-સાહિત્ય ભવનમાં બાંધકામમાં વધારાના બાંધકામના દર મંજૂર કરવા અંગે વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે ભાષા-સાહિત્ય ભવનમાં બાંધકામમાં વધારાના કામકાજના દરો આ સાથે સામેલ કરેલી યાદી "ચ" મુજબ મંજૂર કરવા સિન્ડિકેટને ભલામણ કરવી.

૭. યુનિવર્સિટીના સ્ટુડન્ટ હોમના સ્થપતિ શ્રી. ધનસુખ ભટ્ટની ફીનો દર નક્કી કરવા અંગે વિચારણા કરવા બાબત.

(અ) સ્ટુડન્ટ હોમના સ્થપતિ શ્રી ધનસુખ ભટ્ટની ફીના દરમાં વધારો કરવાની વિનંતી અંગે કુલપતિશ્રીએ તેમની સાથે કરેલી ચર્ચાની જાણ સભ્યોને કરી. એ સંબંધમાં હાલ કશું કરવાપાણું રહેતું નથી,

(બ) આથી ઠરાવવામાં આવે છે કે સ્ટુડન્ટ હોમના કામ માટે કન્સલ્ટિંગ એન્જિનિયર તરીકે શ્રી. દેવેન્દ્ર શાહની નિમણૂક કરવા તથા તે અંગે તેઓને આર.સી.સી. કામના ૩ ટકાના દરે મહેનતાણું આપવા માટે સિન્ડિકેટને ભલામણ કરવી.

૮. યુનિવર્સિટી કાર્યાલયમાં એક્સપાન્શન જોઈન્ટ મૂકવો છે તથા પથ્થરના પિલરના કામકાજ માટે ૬૦ ટકા એડવાન્સ આપવાની કુલપતિશ્રીએ મંજૂરી આપી તે કાર્યની નોંધ લેવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે યુનિવર્સિટી કાર્યાલયમાં એક્સપાન્શન જોઈન્ટ મૂકવો છે ત્યાં પથ્થરના પિલરના કામકાજ માટે ૬૦ ટકા એડવાન્સ આપ્યાના કુલપતિશ્રીના કાર્યની નોંધ લેવી.

૯. બોય્ઝ હોસ્ટેલનું કામ ઘણી જ ધીમી ગતિથી ચાલે છે તથા આર.સી.સી.નું જે ખરાબ કામ થયું છે તેના પર હજુ સુધી ગનાઈટિંગ કરવામાં આવ્યું નથી તે અંગે વિચારણા કરવા બાબત.

(અ) આથી ઠરાવવામાં આવે છે કે બોય્ઝ હોસ્ટેલનું કામ ઘણી જ ધીમી ગતિથી ચાલે છે તો તેમાં ઝડપ કરવા માટે કૉન્ટ્રાક્ટરને તાકીદ આપવી.

(બ) આથી ઠરાવવામાં આવે છે કે આર.સી.સી.નું જે કામ ખરાબ થયું છે તેના પર સત્વરે ગનાઈટિંગ કરાવવા માટે આગ્રહ રાખવો અને તે કામ ત્વરિત પૂરું કરી લેવા માટે કૉન્ટ્રાક્ટરને ફરીથી જણાવવું.

૧૦. લાઈબ્રેરીથી આરોગ્ય કેન્દ્ર સુધી ૧૫ ઇંચ વ્યાસની તથા ત્યાંથી રીડર્સ ક્વાર્ટર્સ સુધી ૧૨" વ્યાસની ડ્રેનેજ અમદાવાદ મ્યુનિસિપલ કૉર્પોરેશન તરફથી રૂ. ૮૬,૬૮૫નો અંદાજ, ૫૦ ટકાના ધોરણે કામ માટેનો મંજૂર કરવામાં આવ્યો છે તેની ૫૦ ટકાની રકમ રૂ. ૪૩,૩૪૨--૫૦નું પેમેન્ટ કરવા અંગે વિચારણા કરવા બાબત.

(અ) આથી ઠરાવવામાં આવે છે કે લાઈબ્રેરીથી આરોગ્યકેન્દ્ર સુધી ૧૫" તથા આરોગ્યકેન્દ્રથી રીડર્સ ક્વાર્ટર્સ સુધી ૧૨" વ્યાસની ડ્રેનેજ લાઈન અમદાવાદ મ્યુનિસિપલ કૉર્પોરેશન તરફથી રૂ. ૮૬,૬૮૫ના અંદાજના ૫૦ ટકાના ધોરણે રૂ. ૪૩,૩૪૨-૫૦ પૈસાનો અંદાજ મંજૂર કરવા તથા તે મુજબ એડવાન્સ પેમેન્ટ આપવા માટે સિન્ડિકેટને ભલામણ કરવી.

(બ) વધુમાં ઠરાવવામાં આવે છે કે આ સાથે સામેલ કરેલ યાદી (પરિશિષ્ટ "છ") મુજબ મુનિસિપલ કૉર્પોરેશન સાથે ડ્રેનેજ લાઈન સંબંધી કરવાના કરારનામાનો મુસદ્દો મંજૂર કરવા સિન્ડિકેટને ભલામણ કરવી.

(ક) ઉપરાંત ટી.પી. સ્કીમ લેઠળ કૅમ્પસમાં રસ્તા કરાવવા અંગે મ્યુનિસિપલ કૉર્પોરેશન સાથે વાટાઘાટો કરવી.

૧૧. લેડીઝ હોસ્ટેલમાં ટેન્ડરમાં દર્શાવ્યા મુજબ દરેક રૂમમાં ફિટ કરવા માટે મોઝેક પનિયારીને બદલે સ્થપતિ શ્રી. મધુકર ઠાકોરની સૂચના મુજબ પૉલિશ લાદીની પનિયારી તે જ ભાવે નાંખવા અંગે વિચારણા કરવા બાબત.

(**નોંધ.**— મોઝેક પનિયારીનો ભાવ રૂ. ૧૫ નંગ દીઠ છે અને તેના ભાવે પોલિશ લાદી ફિટ કરવા માટે કોન્ટ્રાક્ટરે સંમતિ આપી છે.)

આથી ઠરાવવામાં આવે છે કે લેડીઝ હોસ્ટેલના ટેન્ડરમાં દર્શાવ્યા મુજબ દરેક રૂમોમાં ફિટ કરવા માટે મોઝેક પનિયારીને બદલે સ્થપતિ શ્રી. મધુકર ઠાકોરની સૂચના મુજબ પોલિશ લાદીની પનિયારી તે જ ભાવે નાખવા અંગેનો પ્રસ્તાવ મંજૂર કરવા સિન્ડિકેટને ભલામણ કરવી.

૧૨. બોય્ઝ હૉસ્ટેલ સિંગલ સીટવાળી તથા લેડીઝ હૉસ્ટેલના પ્લાનમાં સુધારો કરવા અંગે યુનિવર્સિટી ગ્રાન્ટ્સ કમિશનના તા. ૨૬-૧૦-૧૯૭૨ના પત્ર પરત્વે વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે બોય્ઝ હોસ્ટેલ તથા લેડીઝ હૉસ્ટેલના પ્લાન સંબંધી યુનિ. ગ્રાન્ટ્સ કમિશન સમક્ષ યોગ્ય રજૂઆત કરવી અને યુ.જી.સી.ના આખરી નિર્ણય મુજબ જરૂર પડયે, એમાં ઘટતા સુધારાવધારા કરવા.

૧૩. યુનિવર્સિટીની સૂચના મુજબ જિમ્નેશિયમના બદલે સ્વિમિંગ પૂલ બાંધવા માટે ના પાડતા યુનિવર્સિટી ગ્રાન્ટ્સ કમિશનના તા. ૭-૧૧-૧૯૭૨ના પત્ર પરત્વે વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બાબતની વિચારણા મુલતવી રાખવી.

ત્યાર બાદ સભાગૃહનું કામકાજ પૂરું થયું હતું.

પી. ડી. ભિસ્તી
કુલસચિવ વતી

यादी "क"

Rate per Rft for 8″ bore	*Rs.*	*Total*
0 to 100	75 Rft	7500
101 to 200	80 ,,	8000
201 to 300	85 ,,	8500
301 to 400	90 ,,	9000
Slotting pipe for 8 strainers		2000
For cleaning and redeveloping the tubewell		6000
	Rs.	41,000
	Contingencies Rs.	1,000
	Rs.	42,000

यादी "ख"

Statement of revised quantity at Ladies Hostel

Tender Item No.	*Item in brief*	*Quantity As per tender*	*Quantity As per execution*
4	4½″ brick partition	6700 SFT	9000 SFT
5	Cement plaster to walls and ceiling	36500 ,,	45000 ,,
9	Wooden Windows	700 ,,	850 ,,
19A	Tor Steel	3 M.Tons	6 M.Tons
28A	Kota Stone Flooring	200 SFT	1000 SFT
51	Cement Vata in terrace	300 RFT	2400 RFT
35C	4″ C.I. Pipe	250 ,,	750 ,,
35B	3″ C.I. Pipe	100 ,,	600 ,,
6	Flooring of mosaic tiles	1500 SFT	10000 SFT.

यादी "ग"

Statement of revised quantity at Lecturers' quarters

Tender Item No.	*Item in brief*	*Quantity As per tender*	*Quantity As per execution*
19A	Partly lowered and Partly punnelled doors	160 SFT	550 SFT
10B	Main hole cover Heavy	1 No	10 Nos.

यादी "घ"

Extra Item rate in the work of School of Psychology

Sr. No.	*Item*	*Quantity*	*Rate*	*Per*
1	Extra teak wood over glass to be provided in windows	300 SFT	Rs. 3/-	SFT
2	Cinder filling only in lavatory blocks	400 CFT	Rs. 70/-	% CFT
3	Terrace concrete in 1:2:4 b.b.L.C. at terrace with in average adequate slope	9000 SFT	Rs. 45/-	% SFT
4	Water proofing over terrace	This work should be done directly by Gujarat University.		

यादी "च"

Extra Item rates in the work of School of Languages

Sr. No.	*Item*	*Quantity*	*Rate*	*Per*
(1)	Providing and Fixing t.w. architrave incl. 3 coats of enamel paint	1000 RFT	1–50	RFT
(2)	Extra for both side decorative Flushdoor	120 SFT	9–00	SFT
(3)	R. C. C. Spout	14 Nos.	100–00	Each
(4)	Sink for Pantry	1 No.	100–00	Each
(5)	$1\frac{1}{4}$" G. I. Pipe line	60 RFT	4–00	RFT
(6)	$1\frac{1}{2}$" ,, ,,	50 RFT	5–00	RFT
(7)	2" ,, ,,	50 RFT	7–00	RFT
(8)	4" C. I.	100 RFT	6–50	RFT
(9)	White glazed tiles in floor	100 SFT	6–50	SFT
(10)	do– do– on wall and skarting	250 SFT	7–25	SFT
(11)	Polished kotah stone	20 SFT	3–50	SFT
(12)	Teakwood ladder as per design incl. Oil Paint.	1 No.	500–00	Each
(13)	Terrace dusa of Stair	20 RFT	5–00	RFT

પરિશિષ્ટ "છ"

અમદાવાદ મ્યુનિસિપલ કૉર્પોરેશનના મે. મ્યુ. કમિશનર સાહેબ જોગ,

આથી અમો નીચે સહી કરનાર કુલપતિશ્રી, ગુજરાત યુનિવર્સિટી, નવરંગપુરા, અમદાવાદ-૯, આથી કબૂલાત લખી આપીએ છીએ કે **અમારા** ટી. પી. સ્કીમ ૩૧માં આવેલ ગુજરાત યુનિવર્સિટી કૅમ્પસ **પરના ખાનગી રસ્તાઓમાં ડ્રેનેજ લાઈન** નાખી આપવા અંગે સ્કીમમાં જોગવાઈ થયેલ નથી તેથી અમો **અમારા કૅમ્પસના ખાનગી રસ્તાઓમાં ડ્રેનેજ** લાઈન નાખવાના ખર્ચની અડધી રકમ, જ. બોર્ડ ઠરાવ નંબર **તા. ૧૪--૩--૧૯૫૫ અનુસાર** ભરીએ અને સદરહુ રસ્તાઓ ટાઉન-પ્લાનિંગ સ્કીમમાં સ્કીમ રસ્તાઓ તરીકે ગણવામાં આવે અને તે રસ્તાઓ ઉપર ડ્રેનેજ લાઈન નાખવાના ખર્ચનો સ્કીમ ખર્ચમાં સમાવેશ કરવામાં આવે અને તે અંગે ખર્ચ અંગે અમારે જો ઈન્ક્રીમેન્ટલ કૉન્ટ્રિબ્યુશન ભરવાનું થાય તો ઉપર ભરેલી રકમ આ કૉન્ટ્રિબ્યુશનમાં અમોને મજરે મળે અને વધ અગર ઘટને અંગે રકમની આપ-લે થાય પરંતુ સ્કીમમાં આ ડ્રેનેજ ખર્ચનો સમાવેશ ન કરવામાંઆવે તો આ અડધા ખર્ચની રકમ અમે ભોગવીશું અને તે અડધી રકમનું ભવિષ્યમાં ઈન્ક્રીમેન્ટલ કૉન્ટ્રિબ્યુશન લે તેમાંથી વળતર માગીશું નહીં. વળી આ ડ્રેનેજ લાઈન મ્યુ. કૉર્પોરેશનની સંપૂર્ણ માલિકીની રહેશે અને તેમાં આજુબાજુની કોઈ પણ મિલકતને કાયદેસરનું કનેક્શન આપવા મ્યુ. કૉર્પોરેશન મુખત્યાર રહેશે.

આ કબૂલાત ગુજરાત યુનિ.ની બિલ્ડિંગ કમિટીની તા. ૨૦-૧૧-૧૯૭૨ની કમિટીના ઠરાવ નં. ૧૦(બ)ની રૂએ **અમે રાજીખુશીથી** અને અક્કલ-હોશિયારીથી લખી આપીએ છીએ અને તે અમો તથા અમારા પછી **આવતા હોદ્દેદારો,** પ્લોટ હોલ્ડર્સ વગેરેને કબૂલ મંજૂર અને બંધનકર્તા છે.

સાક્ષીઓ :

૧. નામ

સરનામું

૨. નામ

સરનામું

પરિશિષ્ટ "ઝ"

કામકાજ ક્રમાંક ૧૦૯

ગુજરાત યુનિવર્સિટી કાર્યાલયમાં સને ૧૯૭૩ના વર્ષમાં પાળવાની રજાઓની યાદી

૧. બકરી-ઈદ (ઈદ-ઉલ-અઝા)	મંગળવાર	તા. ૧૬—૧—૧૯૭૩
૨. પ્રજાસત્તાક દિન	શુક્રવાર	તા. ૨૬—૧—૧૯૭૩
૩. મહોરમ	બુધવાર	તા. ૧૪—૨—૧૯૭૩
૪. મહાશિવરાત્રી	શનિવાર	તા. ૩—૩—૧૯૭૩
૫. હોળી (બીજો દિવસ)	સોમવાર	તા. ૧૯—૩—૧૯૭૩
૬. રામનવમી	બુધવાર	તા. ૧૧—૪—૧૯૭૩
૭. ઈદ-એ-મિલાદ	સોમવાર	તા. ૧૬—૪—૧૯૭૩
૮. ગૂડ ફ્રાઈડે	શુક્રવાર	તા. ૨૦—૪—૧૯૭૩
૯. રક્ષાબંધન (નારિયેળી પૂર્ણિમા)	સોમવાર	તા. ૧૩—૮—૧૯૭૩
૧૦. સ્વાતંત્ર્યદિન	બુધવાર	તા. ૧૫—૮—૧૯૭૩
૧૧. ગોકુલાષ્ટમી	મંગળવાર	તા. ૨૧—૮—૧૯૭૩
૧૨. ગણેશ ચતુર્થી અને સંવત્સરી	શુક્રવાર	તા. ૩૧—૮—૧૯૭૩
૧૩. મહાત્મા ગાંધી જન્મદિન	મંગળવાર	તા. ૨—૧૦—૧૯૭૩
૧૪. દશેરા	શનિવાર	તા. ૬—૧૦—૧૯૭૩
૧૫. દિવાળી	ગુરુવાર	તા. ૨૫—૧૦—૧૯૭૩
૧૬. દિવાળી (નૂતન વર્ષ દિન)	શુક્રવાર	તા. ૨૬—૧૦—૧૯૭૩
૧૭. ભાઈબીજ	શનિવાર	તા. ૨૭—૧૦—૧૯૭૩
૧૮. રમજાન-ઈદ (ઈદ-ઉલ-ફિત્ર)	સોમવાર	તા. ૨૯—૧૦—૧૯૭૩
૧૯. સરદાર વલ્લભભાઈ પટેલ જન્મદિન	બુધવાર	તા. ૩૧—૧૦—૧૯૭૩
૨૦. નાતાલ	મંગળવાર	તા. ૨૫—૧૨—૧૯૭૩

(**નોંધ.**—(અ) નીચેના તહેવારો રવિવારે આવતા હોવાથી તે રજાના દિવસો તરીકે જુદા દર્શાવવામાં આવેલ નથી :

૧. મકરસંક્રાંતિ ... તા. ૧૪—૧—૧૯૭૩

૨. મહાવીર જયંતી ... તા. ૧૫—૪—૧૯૭૩

૩. પારસી નૂતન વર્ષ ... તા. ૨૯—૭—૧૯૭૩

(બ) વધુ બે દિવસની રજાઓ **કુલપતિશ્રીની** મંજૂરીથી જાહેર કરવામાં આવશે.)

ગુજરાત યુનિવર્સિટી પ્રેસ, અમદાવાદ—૯.